
11600
8 JUN 1974



૨૨

# ગાંધીજીનો અક્ષરદેહ

આ પુસ્તકમાં આવરી લીધેલા ગાળામાં હિંદની સ્વાતંત્ર્ય માટેની અહિંસક લડતના સ્પષ્ટ પ્રવાહો નજરે પડે છે.

સરકાર સાથે ગોળમેજી પરિષદ ભરવાની શકયતાનો વિચાર કરવા પંડિત માલવિયાએ મુંબઈ-માં બોલાવેલી સર્વ-પક્ષ-પરિષદમાં ગાંધીજીએ હાજરી આપી. જ્યારે આ દરખાસ્ત સ્વીકારવાની સરકારે ના પાડી ત્યારે ગાંધીજીએ બારડોલીમાં સામુદાયિક સવિનયભંગ આદરવાનો નિર્ણય કર્યો.

એ પછી ચૌરીચૌરાની કરુણ ઘટના બની. ગાંધીજીએ એને એક દૈવી ચેતવણી ગણી અને બધા જ પ્રકારનો સવિનયભંગ મુલતવી રાખ્યો. આ પગલું ગાંધીજીની રાજદ્વારી નેતા-ગીરીની સંપૂર્ણ નિષ્ફળતા જેવું દેખાવા લાગ્યું. દેશ જ્યારે એક સફળ બળવાની છેલ્લી ઘડીએ પહોંચ્યો હતો ત્યારે લડત પાછી ખેંચવાનું એમનું પગલું ખાતરીપૂર્વક અને હમેશને માટે એ વાત પુરવાર કરતું હતું કે ગાંધીજીને માટે અહિંસા માત્ર નીતિ નહીં પણ ખરેખર એક ધાર્મિક નિષ્ઠા હતી.

પોતાના રાજદ્વારી કાર્યક્રમના પરાજયનો ગાંધીજીએ જે નમ્રભાવે સ્વીકાર કર્યો એનો અર્થ બેશક એવો નહોતો કે હિંદુસ્તાનમાંનો બ્રિટિશ અમલ સુધરે નહીં અથવા નાબૂદ થાય નહીં ત્યાં સુધી તેની સામે લડતા રહેવાનો તેમનો નિશ્ચય કોઈ રીતે ડગી ગયો હતો. એમણે જાહેર કર્યું કે ૧૯૨૦થી આરંભેલી આ લડત હવે આખરી લડત હતી.

Gandhi Heritage Portal

18 JUN 197

## તિથિપત્ર

1160

| | | | |
|---|---|---|---|
| | | | |

**ગાંધી સ્મારક સંગ્રહાલય**

ક્રા. સં. —

પરિ સં. 11600 વાંચવા માટે મુક્ત કર્યા તારીખ 18 JUN 1974

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૦૦.૦૩ પૈ. લેખે અતિદેય આપવું પડશે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

૨૨

[ડિસેમ્બર ૧૯૨૧ – માર્ચ ૧૯૨૨]


REFERENCE BOOK

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

11600

Gandhi Heritage Portal



અમદાવાદ કૉંગ્રેસમાં, ૧૯૨૧

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૨૨

[ડિસેમ્બર ૧૯૨૧ – માર્ચ ૧૯૨૨]

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

Gandhi Heritage Portal

11600

DCA 158
GTAN

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૧

પહેલી આવૃત્તિ, સપ્ટેમ્બર, ૧૯૭૧ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

25 JAN 1983

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

આ પુસ્તક ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૫મીથી ૧૯૨૨ના માર્ચની ૩જી સુધીનો ગાળો આવરી લે છે. આ ગાળામાં હિંદની સ્વાતંત્ર્ય માટેની અહિંસક લડતના સ્પષ્ટ પ્રવાહો નજરે પડે છે. એક સફળ બળવાની છેલ્લી ઘડીએ ગાંધીજીએ જ્યારે ચૌરીચૌરામાં ફાટી નીકળેલી ટોળાની હિંસાને કારણે સામુદાયિક સત્યાગ્રહ પડતો મૂકયો, ત્યારે તેમણે ખાતરીપૂર્વક અને હમેશ માટે પુરવાર કર્યું કે અહિંસા તેમને માટે માત્ર નીતિ નહીં પરંતુ ખરેખર એક ધાર્મિક નિષ્ઠા હતી. તેમણે જાહેર કર્યું: "ખરું જોતાં તીવ્રભંગના આખા કાર્યક્રમને આમ સદંતર ઊંધો વાળી દેવો એ રાજદ્વારી દૃષ્ટિએ ભલે અનુચિત હોય, ભલે અવહેવારુ હોય, પણ ધાર્મિક દૃષ્ટિએ તો તે સંગીન જ છે એમાં શક નથી. . ." (પા. ૩૭૭).

સરકાર ગિરફતાર કરી શકે એટલી ઝડપથી સ્ત્રીઓ અને પુરુષો પૂરાં પાડવાની ગાંધીજી દેશને હાકલ કરે છે ત્યારથી આ ગ્રંથનો આરંભ થાય છે, અને "તાત્કાલિક પગલાં ભરવા માટેના શોરબકોર પ્રત્યે ધ્યાન ન આપવા", તથા "આત્મશુદ્ધિ, આંતરખોજ અને શાંત સંગઠન" (પા. ૪૫૦) ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની તેઓ ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીના સભ્યોને અપીલ કરે છે ત્યાં તેની પૂર્ણાહુતિ થાય છે. આ પુસ્તકનાં લખાણો, નિર્ણય લેવામાં થયેલા ફેરફારોનો ક્રમ દર્શાવે છે તથા સવિનયભંગનો કાર્યક્રમ અચોક્કસ મુદત માટે મોકૂફ રાખવા પાછળની ગાંધીજીની આનાકાની અને સંશયોનું સ્પષ્ટીકરણ કરે છે.

નવેમ્બરની ૧૭મીનાં મુંબઈનાં તોફાનોને કારણે, અહિંસક સામુદાયિક સવિનયભંગ માટેની દેશની તૈયારી વિષેનો ગાંધીજીનો વિશ્વાસ જોકે ડગી ગયો હતો, છતાં, અસહકાર અને સવિનયભંગને કચડી નાખવાના હેતુથી સરકારે નેતાઓની જે વિવેકહીન ગિરફતારીઓ કરી અને બીજાં પગલાં ભર્યાં તેને કારણે, વ્યક્તિગત અને સામુદાયિક સવિનયભંગના કાર્યક્રમને સજીવન કરવા સિવાય તેમને માટે બીજો કોઈ વિકલ્પ રહ્યો નહોતો. સરકારનાં પગલાં પાછળ તેમને રાષ્ટ્રના સ્વમાનને ફેંકેલો પડકાર દેખાયો અને આ પડકાર ઝીલી લેવાની તેમણે દેશને હાકલ કરી. ૧૯૨૨ના ડિસેમ્બરની ૨૮મીએ અમદાવાદના કૉંગ્રેસ અધિવેશનમાં બોલતાં તેમણે જણાવ્યું: "એક મારો પ્રભુ જાણે છે કે શાંતિ મને કેટલી પ્રિય છે. પરંતુ હું ગમે તે ભોગે શાંતિ નથી માગતો. હું પથ્થરની શાંતિ નથી માગતો. હું કબ્રસ્તાનની શાંતિ નથી ઇચ્છતો. . ." (પા. ૧૦૨). જવાબદાર સ્વશાસન તરફ હિંદુસ્તાન બંધારણીય રીતે આગળ વધે એ વાતમાં પ્રામાણિક રસ ધરાવવાનો દાવો તો અંગ્રેજો કરે છે, પણ તેઓ દેશનો નવો મિજાજ ઓળખી ન શકયા કેમ કે હવે દેશ તેમનો આશ્રયદાતા તરીકેનો ઉપકાર સહી લેવા જરા પણ તૈયાર નહોતો. લૉર્ડ રીડિંગના એક ભાષણની ટીકા કરતાં ગાંધીજીએ તેમને "અસહકારીઓએ સરકારની સામે લડાઈ માંડી છે" (પા. ૩૦) એમ સમજવા કહ્યું પરંતુ તે સમય પૂરતી લોકો પાસે ગાંધીજીની એટલી જ માગણી હતી કે તેમણે વાણીસ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્યના મૂળભૂત અધિકાર મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું. આ મર્યાદિત લડતમાં તેઓ મૉડરેટોનો સાથ મેળવવા માટે આતુર હતા. તેમણે અસહ-કારીઓને તેમની જોડે શુભેચ્છાનો સંબંધ કેળવવા વારંવાર આગ્રહ કર્યો, અને સરકાર સાથે ગોળમેજી પરિષદ ભરવાની શકયતાનો વિચાર કરવા પંડિત માલવિયાએ મુંબઈમાં બોલાવેલી

Gandhi Heritage Portal

સર્વ-પક્ષ-પરિષદમાં પણ હાજરી આપી. ગાંધીજીએ આ પરિષદને સફળ પણ ગણાવી અને નિષ્ફળ પણ ગણાવી. "તેણે હાજર રહેનારાઓ તરફથી અત્યારની અશાંત પરિસ્થિતિના શાંતિભર્યા ઉકેલ માટે હાર્દિક ઇચ્છા દર્શાવી અને જુદા જુદા મત ધરાવનારાઓને એક છાપરા હેઠળ એકત્ર કર્યા એ રીતે તે સફળ થઈ" (પા. ૧૯૮), અને નિષ્ફળ એટલા માટે કે સાચા મુદ્દાની ગંભીરતા સૌના ખ્યાલમાં આવી હોય એવું લાગ્યું નહોતું. પરિષદે એક તડજોડ કરતો ઠરાવ પસાર કર્યો અને ગાંધીજીની સલાહથી કૉંગ્રેસની કારોબારી સમિતિએ તેની તરફેણમાં મત આપ્યો (પા. ૧૯૪-૫). પરંતુ સૂચવવામાં આવેલી ગોળમેજી પરિષદમાંથી કોઈ સારું પરિણામ આવે તેવી તેમને આશા નહોતી. તેઓ બ્રિટિશ મિજાજને પૂરેપૂરો ઓળખતા હતા અને તેમને ખાતરી હતી કે બરોબર દબાવ્યા સિવાય તેઓ મોં ખોલશે નહીં. "એ દૃષ્ટિએ", તેમણે જણાવ્યું, "પૂર્ણ સ્વરાજની યોજના તૈયાર કરવા માટેની પરિષદનો ખ્યાલ હું કસમયનો ગણું છું. હિંદુસ્તાને હજુ સુધી તેની તાકાતની અચૂક સાબિતી આપી નથી. તેણે ખરેખર ઘણી યાતના વેઠી છે પરંતુ આપણી સામેનું ધ્યેય હાંસલ કરવા માટે તે નહીં જેવી છે અને પૂરતા લાંબા સમયની નથી" (પા. ૨૦૧).

સરકારે ગોળમેજી પરિષદ ભરવા માટેની વિનંતી નકારી કાઢી એટલે ૧૯૨૧ના ડિસેમ્બરમાં અમદાવાદમાં મળેલા કૉંગ્રેસ અધિવેશનમાં પસાર કરવામાં આવેલા ઠરાવમાં કાળજીપૂર્વક વિચારવામાં આવ્યા પ્રમાણે, ગાંધીજીએ બારડોલીમાં સામુદાયિક સવિનયભંગની લડત આપવાનો નિર્ણય કર્યો. ફેબ્રુઆરીની પહેલીએ તેમણે પોતાના ઇરાદા વિષેની નોટિસ આપતો એક પત્ર વાઇસરૉય પર લખ્યો. આ ઉપરાંત આ પત્રમાં તેમણે તેમને "ગેરકાનૂની દમનનો" અંત લાવવાની છેલ્લી અપીલ કરી અને વચન આપ્યું કે સરકાર જો જરૂરી જાહેરાત કરશે તો હું દેશને એટલી સલાહ આપીશ કે તેણે "જાહેર મત, કોઈ તરફથી અંકુશ મુકાયા વિના, વધારે કેળવવામાં રોકાઈ જવું અને એવો વિશ્વાસ રાખવો કે દેશની નિશ્ચિત થયેલી માગણીઓનો સ્વીકાર તે વડે થઈ શકે" (પા. ૨૭૬). આ દરમ્યાન બારડોલીમાં સામુદાયિક સવિનયભંગ માટેની તૈયારીઓ ચાલી રહી હતી અને આવી લડત માટેની શરતોનું લોકોએ લગભગ પાલન કર્યું હતું તેથી ગાંધીજીને સંતોષ થયો હતો (પા. ૨૬૮). તેમણે જણાવ્યું કે સરકારે પણ ઘણો જ દૃષ્ટાંતરૂપ સંયમ જાળવ્યો હતો. "તેનો વર્તાવ મેં આશ્ચર્ય અને પ્રશંસાની નજરે નિહાળ્યો છે. આ લખાય છે ત્યાં સુધી બંને પક્ષોનો વર્તાવ જૂના સમયના શૂરવીર લડવૈયાઓને છાજે તેવો છે" (પા. ૨૭૦). લીડ કાઇન્ડલી લાઇટવાળું (પ્રેમલ જ્યોતિ તારો દાખવી) પોતાનું પ્રિય ભજન ટાંકીને તેમણે તેમના લેખની પૂર્ણાહુતિ કરી.

એ પછી એક કરુણ ઘટના બની, જેને ગાંધીજીએ "ઘરનો ઘા" નામ આપ્યું (પા. ૩૭૫). ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૪થીએ યુક્ત પ્રાંતના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામમાં નીકળેલા એક સરઘસે ભારે ઉશ્કેરણી હેઠળ એક પોલીસથાણાને આગ ચાંપી, ૨૧ પોલીસોની હત્યા કરી અને તેમનાં શબને બાળી મૂક્યાં (પા. ૩૫૧ અને ૩૭૫). ગાંધીજીએ આ બનાવને "ગેબી અવાજ" તરીકે વર્ણવ્યો (પા. ૩૮૩-૬) અને તરત જ પોતાનાં પગલાં પાછાં ખેંચ્યાં. તેમની સૂચના મુજબ કૉંગ્રેસની કારોબારી સમિતિએ ફેબ્રુઆરીની ૧૨મીએ સવિનયભંગના બધા જ પ્રકારો અચોક્કસ મુદત માટે મોકૂફ રાખતો અને અસહકારના કાર્યક્રમના રચનાત્મક મુદ્દા પર ધ્યાન લગાડવાની લોકોને સલાહ આપતો ઠરાવ પસાર કર્યો (પા. ૩૪૪-૭). બારડોલીના

Gandhi Heritage Portal

સામુદાયિક સવિનયભંગ માટે તૈયાર થઈ રહેલા વૃદ્ધ અને જુવાન કાર્યકરોના આખા સમૂહે ગાંધીજીને કહ્યું કે સરકારને પડકાર ફેંક્યા પછી તમે પાછાં પગલાં ભરશો તો દુનિયાની નજરે સમસ્ત દેશ ઇજ્જત ગુમાવશે (પા. ૩૪૪). અને આ પ્રમાણે કહેવામાં તેઓ દેશ વતી બોલ્યા હતા. દેશના મિજાજની ગાંધીજીને ખબર હતી. જેલમાં બેઠેલા જવાહરલાલ નેહરુ પરના પત્રમાં ગાંધીજીએ જણાવ્યું : "કારોબારી સમિતિના ઠરાવોથી તમને સૌને અપાર દુ:ખ થયું છે એમ હું જોઉં છું" (પા. ૩૯૧). આમ છતાં તોફાન હેઠળ પણ તેઓ અડગ રહ્યા અને "અડધી હિંસક અને અડધી અહિંસક હોય એવી લડતને પરિણામે કહેવાતું સ્વરાજ મળતું હોય તોપણ હું અંગત રીતે તેમાં ભાગ ન લઈ શકું" (પા. ૩૧૯), કેમ કે, આવી લડતના અંતે મળેલું સ્વરાજ તેમણે કલ્પ્યું હતું તેવું સાચું સ્વરાજ નહીં હોય.

ફેબ્રુઆરીની ૨૪મી અને ૨૫મીના દિવસો દરમ્યાન દિલ્હીમાં મળેલી ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીની સભામાં કારોબારી સમિતિના ઠરાવોની સામે "વિરોધના વંટોળ" (પા. ૪૫૦) જાગ્યા. "મેં મારા આગ્રહમપણા વિષે ચેતવ્યા છે. . . . આ દુનિયામાં કોઈ પણ જુલમગારને હું તાબે થતો હોઉં તો તે અંતરમાં ઊઠતા 'નાનકડા શાંત અવાજ'ને જ છે" (પા. ૪૪૯). ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીએ કોઈ મહત્ત્વનો ફેરફાર કર્યા વિના ઠરાવનો સ્વીકાર કર્યો. ગાંધીજીએ સભાને અંતે પોતાને "વધારે ગમગીન અને મને આશા છે કે વધારે ડાહ્યો માણસ" (પા. ૪૪૯) તરીકે ગણાવ્યા. થોડો સમય થયાં તેઓ જાણતા હતા કે સઘળા અસહકારીઓ નીતિ તરીકે પણ અહિંસાનો પ્રામાણિકપણે સ્વીકાર કરતા નહોતા. સવિનયભંગને પડતો મૂકવામાં આવ્યો ત્યાર પછી જવાહરલાલ નેહરુ પર પત્ર લખતાં તેમણે જણાવ્યું: "મારે તમને કહેવું જોઈએ કે મારે માટે એ છેલ્લો ફટકો હતો. વાઇસરૉય પરનો મારો પત્ર વિમાસણ વિના નહોતો લખવામાં આવ્યો. એની ભાષા પરથી એ વસ્તુ કોઈ પણ જોઈ શકે એમ છે. . . . આ બધી ખબરો મારી પાસે હતી અને દક્ષિણ ભારતમાંથી વધુ ખબરો મળી, એટલે ચૌરીચૌરાની ખબર દારૂખાનાને સળગાવનાર દીવાસળીરૂપ બની અને પરિણામે મોટો ભડકો થયો" (પા. ૩૯૨). છેલ્લા કેટલાયે મહિનાથી તેઓ દેશમાં અહિંસાનું વાતાવરણ જાળવવાની સંપૂર્ણ જરૂરિયાત અંગે લોકમત કેળવવાના તથા સ્વદેશી, હિંદુમુસ્લિમ એકતા અને અસ્પૃશ્યતાનિવારણ જેવા, અસહકારના કાર્યક્રમના રચનાત્મક મુદ્દાનો અમલ કરવાના કામે વળગ્યા હતા. તેમણે તેમનાં ભાષણોમાં અને યંગ ઇન્ડિયા અને નવજીવનમાંનાં લખાણોમાં સરકાર તરફથી ભયંકરમાં ભયંકર ઉશ્કેરણી થાય તેમ છતાં, ધીરજ અને આત્મસંયમ જાળવવાની તથા રાજદ્વારી વિરોધીઓ પ્રત્યે પણ ખૂબ જ સહિષ્ણુતા કેળવવાની જરૂર પર વારંવાર ભાર મૂક્યો હતો. ગાંધીજીનો ભય ખુદ લોકો વિષે નહોતો. હકીકતમાં, સંસ્કારિતાની લાંબી પરંપરાને કારણે હિંદુસ્તાનના લોકોના હાડમાં અહિંસા ઓતપ્રોત થઈ ગઈ હતી એવી તેમને શ્રદ્ધા હતી (પા. ૨૪૧). પરંતુ તેમને અસહકારી કાર્યકરોનો દોષ દેખાયો. "કાર્યકરો કોઈ ગંભીર રચનાનું કાર્ય કરવાના મિજાજના ન હતા તે વાત મને સાફ દેખાઈ. રચનાત્મક કાર્યક્રમ તરફ તેમને કોઈ આકર્ષણ નહોતું. . . . તેઓ તો 'અહિંસક' ફટકા લગાવવા માગતા હતા!" (પા. ૪૫૦).

અચોક્કસ મુદત સુધી સવિનયભંગ મુલતવી રાખવામાં આવ્યો એ વાત ગાંધીજીની રાજદ્વારી નેતાગીરીની સંપૂર્ણ નિષ્ફળતા જેવી દેખાવા લાગી. ટીકાકારોએ તેને "ગુલાંટ ખાધી?" કહી (પા. ૪૪૩). બાહ્ય નિષ્ફળતાની હીણપતને કારણે ગાંધીજીની શ્રદ્ધા આ કંઈ પહેલી જ વાર

Gandhi Heritage Portal

કસોટીએ ચડીને મજબૂત બની નહોતી. શરૂઆતથી જ તેમની સઘળી પ્રવૃત્તિમાં તેઓ ઈશ્વર પ્રત્યેની સંપૂર્ણ શ્રદ્ધા વડે જ ટકી શકયા હતા. આ પુસ્તકના પહેલા જ લેખમાં આ શ્રદ્ધા દેખાઈ આવે છે: "જો આપણે આપણું સર્વ મમત્વ છોડી ઈશ્વરનું જ શરણ ખોળીશું અને એને જ આપણે એકમાત્ર આધાર માનીશું તો સરકાર આપણી જે કંઈ કસોટી કરવા માગશે તે એકેએકમાંથી આપણે નિષ્કલંક બહાર નીકળીશું. . . . જાલિમની સામે ટટાર ઊભા રહેવાનો માર્ગ તેનો તિરસ્કાર કરવો કે તેને મારવો એ નથી, પણ નમ્ર બનીને આપણે ઈશ્વરને શરણે જવું અને આપણી પીડની ઘડીમાં એ દયાધનની કરુણા ભાખવી એ છે" (પા. ૫). અત્યારની અગ્નિપરીક્ષાનો ગાંધીજીએ આ ભાવનાથી સામનો કર્યો. એમને અંગત રીતે અપમાનિત થવું પડયું તે ભયંકર હતું "'પણ હમણાં જ હજુ વાઈસરૉય સાહેબને લાંબોલસરક વિષ્ટિપત્ર લખી મોકલ્યો અને તેના જવાબનો પણ જવાબ વાળ્યો તેનું શું?' આમ સેતાન કાન આગળ ગણગણ્યો. મારી ભોંઠપને સીમા ન દેખાઈ" (પા. ૩૭૬–૭). પરંતુ છેલ્લા થોડા મહિનાનો દગદગો પૂરો થયો અને ગાંધીજીને એમનો માર્ગ સાફ દેખાયો. "શત્રુ ભલે આપણી ભોંઠપ નીરખી નીરખીને હરખના કૂદકા ભરે, ભલે આપણી હાર થઈ માનીને આનંદઓચ્છવ કરે. . . . આપણા અંતરઆત્મા આગળ જૂઠા નીવડયા કરતાં દુનિયા આગળ જૂઠા દેખાવું એ કરોડગણું સારું છે. . . . મારે તો અંગત પ્રાયશ્ચિત્ત કરવું રહ્યું. મારે તો મારા નૈતિક વાતાવરણના રજેરજ ફેરફાર માપી લેવાની શક્તિ મેળવવી રહી. મારી પ્રાર્થનામાં ઘણું વધારે ગંભીર સત્ય અને નમ્રતા મારે સાધવાં રહ્યાં" (પા. ૩૭૯). આ વિચારસરણી મુજબ તેમણે ભૂતકાળમાં અનેક વાર કર્યું હતું તેમ તપશ્ચર્યારૂપ ઉપવાસ કરવાનું માથે લીધું. ફેબ્રુઆરીની ૧૨મીના પોતાના સૌથી નાના પુત્ર દેવદાસ પરના પત્રમાં ઉપવાસ પાછળ રહેલા હેતુ વિષે તેમણે જણાવ્યું: "જણનારીને પીડ ભોગવવી હોય છે. . . . મારે પણ અહિંસા ને સત્યધર્મને જન્મ આપવો છે, એટલે અપવાસાદિની પીડ તો મારે જ ભોગવવી હોય" (પા. ૩૫૯).

પોતાના રાજદ્વારી કાર્યક્રમના પરાજયનો ગાંધીજીએ જે નમ્રભાવે સ્વીકાર કર્યો તેનો અર્થ બેશક એમ નહોતો કે હિંદુસ્તાનમાંનો બ્રિટિશ અમલ સુધરે નહીં અથવા નાબૂદ થાય નહીં ત્યાં સુધી તેની સામે લડતા રહેવાનો તેમનો નિશ્ચય કોઈ રીતે ઢીલો પડયો હતો. હિંદુસ્તાન કદાપિ સ્વતંત્ર થશે એવી હિંદુસ્તાનના રાષ્ટ્રવાદીઓએ અપેક્ષા રાખવી નહીં એવું સાફ સાફ જણાવતાં, લૉર્ડ બર્કનહેડ અથવા મિ. મૉન્ટેગ્યુનાં નિવેદનોનો ગાંધીજીએ જે જવાબ આપ્યો તે જવાબના શબ્દો ૧૯૨૦ની તેમની મનોદશાની યાદ આપતા હતા. તે વખતે તેમણે બ્રિટિશ રાજ્યનાં અનિષ્ટો સામેના રોષથી ભભૂકીને વારંવાર તેને શેતાનીરાજ કહ્યું હતું. તેમણે જણાવ્યું: "સત્તાના કેફથી અને દુર્બળ પ્રજાઓને ચૂસીને મદાંધ બનેલી કોઈ સલ્તનત આજ સુધી દુનિયામાં લાંબો કાળ નભી નથી, અને જો દુનિયા ઉપર કોઈ ન્યાયી ઈશ્વર રાજ્ય કરી રહ્યો હોય તો આ 'બ્રિટિશ સલ્તનત'—જે દુનિયાભરની શરીરબળમાં નબળી પ્રજાઓને વ્યવસ્થાસર ચૂસવાના અને સદાસર્વદા પશુબળના જ જોર પર બધે જ પોતાનો દોર ચલાવવાના સિદ્ધાંત ઉપર ખડી થયેલી છે—તેને ધૂળમાં મળ્યા વગર આરો નથી. . . . હું જાણું છું કે દરિયાપારથી આવેલી આ ઉદ્ધત ધમકીને વિષે હું આકરી ભાષા વાપરી રહ્યો છું, પણ બ્રિટિશ પ્રજાએ પણ એક વાર છેલવેલ્લું જાણી લેવું જરૂરી છે કે ૧૯૨૦થી આરંભેલી આ હિંદુસ્તાનની લડત હવે આખરની લડત છે. . . ." (પા. ૪૧૨). આ પછી તરત જ ગાંધીજીને ગિરફતાર કરવામાં આવ્યા અને "શેકિંગ ધ મેઈન્સ"

Gandhi Heritage Portal

(હુંકાર) શીર્ષક હેઠળનો તેમનો લેખ, તેમની સામેના આરોપના આધારરૂપ ત્રણ લેખોમાંનો એક હતો.

અસહકારની લડતે કુટુંબોને જુદાં પાડયાં હતાં તેમ છતાં માલવિયા કુટુંબ અંગેની નોંધ પુરવાર કરે છે તેમ ગાંધીજીએ જોયું કે "પિતા અને પુત્ર વચ્ચે કશું અંતર પડયું નથી" (પા. ૧૫૫), અને જુવાનિયાઓ તેમના અંતઃકરણના અવાજને ખુલ્લી રીતે અને નિખાલસભાવે અનુસરતા હોવા છતાં તેમના ઉદાર દિલના વડીલોના આશીર્વાદ તેમણે ગુમાવ્યા નહોતા. આમ લડાઈની ગરમી અને ધમાલમાં પણ અંગત મૈત્રી અને કુટુંબનિષ્ઠાની અનિવાર્યતા તેઓ ઇચ્છતા હતા.

Gandhi Heritage Portal

# વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષો દૂર કરવામાં આવ્યા છે. અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધો તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઈપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઈપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને છાપ્યાં છે.

અંગ્રેજી અને હિંદી લખાણનો તરજુમો, અસલ લખાણને વફાદાર રહીને, સરળતાથી સમજી શકાય તે રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ, ઉપલબ્ધ હોય અથવા અનુમાનથી નક્કી કરેલી હોય ત્યાં પાનાને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે મોટા કૌંસમાં આપવામાં આવી છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ લખાણની પ્રસિદ્ધિની તારીખ છે. ગાંધીજીનાં જે લખાણો તારીખ વિનાનાં હોય અથવા જેની તારીખ ખાસ સંજોગો પ્રમાણે નક્કી થઈ શકી ન હોય તે પ્રગટ થયાની તારીખો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે.

મૂળ લખાણના ટૂંકાક્ષરી ઉલ્લેખોમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો; સી. ડબલ્યુ. એટલે "કલેકટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો અને એન. એ. આઈ. એટલે નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા પાસેથી મેળવેલા પત્રો.

સત્યના પ્રયોગો અથવા આત્મકથાનો ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટમાં આપવામાં આવી છે. લખાણોના આધારરૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંતભાગમાં આપવામાં આવી છે.

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક તથા સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય, નવજીવન ટ્રસ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હી; નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હી; આંધ્રપ્રદેશ સરકાર; શ્રી પરસરામ મેહરોત્રા, નવી દિલ્હી; તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ : *बापुनी प्रसादी, केटलाक जूना पत्रो, जेल डायरी, माय डियर चाइल्ड, सेवन मन्थ्स विथ महात्मा गांधी, सेवन मन्थ्स विथ महात्मा गांधी* પુસ્તક ૨, *ध स्टोरी ऑफ माय लाइफ.*

નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ : *आज, अमृतबझार पत्रिका, बॉम्बे क्रॉनिकल, गुजराती, हिन्दी नवजीवन, हिन्दु, लीडर, नवजीवन* અને *यंग इन्डिया.*

સંશોધન અને સંદર્ભગ્રંથોની સગવડો માટે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ ઍફેર્સ પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, નવી દિલ્હી અને શ્રી પ્યારેલાલ નય્યર; તેમ જ દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટો વિભાગ, નવી દિલ્હી; અમારા આભારને પાત્ર છે.

Gandhi Heritage Portal

## અનુક્રમણિકા


પ્રસ્તાવના ૫
વાચકોને સૂચના ૧૦
ઋણસ્વીકાર ૧૧
ચિત્રસૂચિ ૧૮
૧. નોંધ (૧૫–૧૨–’૨૧) ૧
૨. સ્ત્રીઓનો હિસ્સો (૧૫–૧૨–’૨૧) ૨૩
૩. લાલા લજપતરાય તરફથી (૧૫–૧૨–’૨૧) ૨૬
૪. ખ્રિસ્તીઓ અને સ્વરાજ (૧૫–૧૨–’૨૧) ૨૭
૫. રેંટિયા વિષે (૧૫–૧૨–’૨૧) ૨૯
૬. વાઈસરૉયની મૂંઝવણ અને તેનો ઉકેલ (૧૫–૧૨–’૨૧) ૩૦
૭. મ્યુનિસિપાલિટીઓ પર ધાડ (૧૫–૧૨–’૨૧) ૩૨
૮. મારી નોંધ (૧૫–૧૨–’૨૧) ૩૩
૯. દેવદાસ ગાંધીને પત્ર (૧૫–૧૨–’૨૧) ૩૪
૧૦. મહાદેવ દેસાઈને પત્ર (૧૫–૧૨–’૨૧) ૩૪
૧૧. તાર (૧૫–૧૨–’૨૧ આસપાસ) ૩૫
૧૨. રાજેન્દ્રપ્રસાદને તાર (૧૫–૧૨–’૨૧ કે તે પછી) ૩૫
૧૩. શ્રીપ્રકાશને તાર (૧૫–૧૨–’૨૧ કે તે પછી) ૩૬
૧૪. સી. રાજગોપાલાચારીને તાર (૧૫–૧૨–’૨૧ કે તે પછી) ૩૬
૧૫. મદનમોહન માલવિયાને મોકલવાના તારનો મુસદ્દો (૧૬–૧૨–’૨૧) ૩૬
૧૬. પરિપત્ર (૧૬–૧૨–’૨૧) ૩૭
૧૭. દેવદાસ ગાંધીને પત્ર (૧૬–૧૨–’૨૧) ૩૮
૧૮. જિયારામ સકસેનાને તાર (૧૬–૧૨–’૨૧ કે તે પછી) ૩૯
૧૯. મૌલાના અબદુલ બારીને તાર (૧૬–૧૨–’૨૧ કે તે પછી) ૩૯
૨૦. સી. વિજયરાઘવાચારિયરને તાર (૧૬–૧૨–’૨૧ કે તે પછી) ૪૦
૨૧. શ્યામસુંદર ચક્રવર્તીને તાર (૧૬–૧૨–’૨૧ કે તે પછી) ૪૦
૨૨. મરમના ઘા (૧૭–૧૨–’૨૧) ૪૦
૨૩. ગુજરાત શું કરશે? (૧૮–૧૨–’૨૧) ૪૩
૨૪. સભ્યતા (૧૮–૧૨–’૨૧) ૪૫
૨૫. મારી નોંધ (૧૮–૧૨–’૨૧) ૪૭
૨૬. મહાદેવ દેસાઈને પત્ર (૧૮–૧૨–’૨૧) ૫૨
૨૭. સી. વિજયરાઘવાચારિયરને તાર (૧૮–૧૨–’૨૧ કે તે પછી) ૫૨
૨૮. મદનમોહન માલવિયાને તાર (૧૯–૧૨–’૨૧) ૫૩
૨૯. સી. આર. દાસ અને અબુલ કલામ આઝાદને તાર (૧૯–૧૨–’૨૧) ૫૩


Gandhi Heritage Portal

૩૦. મથુરાદાસ ત્રિકમજીને લખેલા પત્રનો અંશ (૨૦–૧૨–'૨૧) ૫૪
૩૧. ગોળમેજી પરિષદ વિષે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત (૨૦–૧૨–'૨૧) ૫૪
૩૨. મદનમોહન માલવિયાને તાર (૨૦–૧૨–'૨૧ કે તે પછી) ૫૭
૩૩. મહાદેવ દેસાઈને તાર (૨૦–૧૨–'૨૧ કે તે પછી) ૫૭
૩૪. શ્યામસુંદર ચક્રવર્તીને તાર (૨૧–૧૨–'૨૧ કે તે પછી) ૫૮
૩૫. જમનાદાસ દ્વારકાદાસને તાર (૨૧–૧૨–'૨૧ કે તે પછી) ૫૮
૩૬. નોંધ (૨૨–૧૨–'૨૧) ૫૯
૩૭. મહાદેવ દેસાઈને પત્ર (૨૨–૧૨–'૨૧) ૮૧
૩૮. મહાદેવ દેસાઈને પત્ર (૨૩–૧૨–'૨૧ કે તે પહેલાં) ૮૨
૩૯. बॉम्बे क्रॉनिकलને મુલાકાત (૨૩–૧૨–'૨૧) ૮૩
૪૦. જમનાદાસ દ્વારકાદાસ અને
હૃદયનાથ કુંઝરુને તાર (૨૩–૧૨–'૨૧ કે તે પછી) ૮૩
૪૧. વાઇસરૉયના ભાષણ અંગે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત (૨૪–૧૨–'૨૧) ૮૪
૪૧(૧). ગુજરાતના નવજવાનોને (૨૪–૧૨–'૨૧) ૮૭
૪૨. દેવદાસ ગાંધીને તાર (૨૪–૧૨–'૨૧ કે તે પછી) ૯૧
૪૩. મારી નોંધ (૨૫–૧૨–'૨૧) ૯૧
૪૪. અમદાવાદમાં મળેલી વિષયવિચારિણી સમિતિમાં ભાષણ (૨૫–૧૨–'૨૧) ૯૩
૪૫. અમદાવાદમાં મળેલી વિષયવિચારિણી સમિતિમાં ભાષણો (૨૭–૧૨–'૨૧) ૯૫
૪૬. અમદાવાદમાં મળેલી વિષયવિચારિણી સમિતિમાં ભાષણ (૨૮–૧૨–'૨૧) ૯૬
૪૭. અમદાવાદના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ — ૧ (૨૮–૧૨–'૨૧) ૯૮
૪૮. અમદાવાદના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ — ૨ (૨૮–૧૨–'૨૧) ૧૦૨
૪૯. હસરત મોહાનીના ઠરાવ ઉપર ભાષણ — ૧ (૨૮–૧૨–'૨૧) ૧૦૪
૫૦. હસરત મોહાનીના ઠરાવ ઉપર ભાષણ — ૨ (૨૮–૧૨–'૨૧) ૧૦૫
૫૧. આદર્શ કેદી (૨૯–૧૨–'૨૧) ૧૦૬
૫૨. બંગાળના ડેલિગેટોની મુલાકાત (૨૯–૧૨–'૨૧) ૧૦૮
૫૩. દેવદાસ ગાંધીને પત્ર (૩૦–૧૨–'૨૧) ૧૧૫
૫૪. યુક્ત પ્રાંતના કૉંગ્રેસી નેતાઓ સાથે મુલાકાત (૩૦–૧૨–'૨૧) ૧૧૬
૫૫. ઉત્કલને સંદેશો (૩૦–૧૨–'૨૧) ૧૧૭
૫૬. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં ભાષણ (૩૧–૧૨–'૨૧) ૧૧૮
૫૭. મૌલાના અબદુલ બારીને તાર (૧–૧–'૨૨) ૧૧૮
૫૮. કૃષ્ણદાસને સૂચનાઓ (૨–૧–'૨૨) ૧૧૯
૫૯. દેવદાસ ગાંધીને પત્ર (૪-૧-'૨૨) ૧૧૯
૬૦. સ્વરાજ્યને મુલાકાત (૫–૧–'૨૨ પહેલાં) ૧૨૦
૬૧. નોંધ (૫–૧–'૨૨) ૧૨૧
૬૨. કૉંગ્રેસ અને પછી (૫–૧–'૨૨) ૧૨૬
૬૩. કાયદેસરની લૂંટ (૫–૧–'૨૨) ૧૩૨
૬૪. સ્વતંત્રતા (૫–૧–'૨૨) ૧૩૪

Gandhi Heritage Portal

| | |
|---|---|
| ૬૫. તાત્કાલિક મુદ્દો (૫–૧–'૨૨) | ૧૩૬ |
| ૬૬. દેવદાસ ગાંધીને તાર (૬–૧–'૨૨) | ૧૩૮ |
| ૬૭. શોભાવ્યું; શોભશે? (૮–૧–'૨૨) | ૧૩૮ |
| ૬૮. ખિલાફત પરિષદ (૮–૧–'૨૨) | ૧૪૦ |
| ૬૯. મારી નોંધ (૮–૧–'૨૨) | ૧૪૨ |
| ૭૦. એસ્થર મેનનને તાર (૧૧–૧–'૨૨) | ૧૪૬ |
| ૭૧. નોંધ (૧૨–૧–'૨૨) | ૧૪૭ |
| ૭૨. હવે પછી દારૂગોળો છે (૧૨–૧–'૨૨) | ૧૬૪ |
| ૭૩. દેશબંધુનું ભાષણ (૧૨–૧–'૨૨) | ૧૬૬ |
| ૭૪. વર્તમાનપત્રોની સ્વતંત્રતા (૧૨–૧–'૨૨) | ૧૬૬ |
| ૭૫. બૉમ્બે ક્રૉનિકલને મુલાકાત (૧૪–૧–'૨૨ પહેલાં) | ૧૬૮ |
| ૭૬. મુંબઈની નેતા-પરિષદમાં ભાષણ (૧૪–૧–'૨૨) | ૧૬૯ |
| ૭૭. ગુજરાતી બહેનોને (૧૫–૧–'૨૨) | ૧૭૦ |
| ૭૮. મારી નોંધ (૧૫–૧–'૨૨) | ૧૭૨ |
| ૭૯. એમ. આર. જયકરને લખેલા પત્રમાંથી ઉતારો (૧૫–૧–'૨૨) | ૧૮૧ |
| ૮૦. મુંબઈની નેતા-પરિષદમાં ભાષણ (૧૫–૧–'૨૨) | ૧૮૨ |
| ૮૧. તારનો સાર (૧૬–૧–'૨૨ પહેલાં) | ૧૮૫ |
| ૮૨. દોસ્તીનો ન્યાય (૧૬–૧–'૨૨) | ૧૮૬ |
| ૮૩. મારી નોંધ (૧૬–૧–'૨૨) | ૧૮૮ |
| ૮૪. બૉમ્બે ક્રૉનિકલને પત્ર (૧૬–૧–'૨૨) | ૧૯૩ |
| ૮૫. કારોબારી સમિતિનો ઠરાવ (૧૭–૧–'૨૨) | ૧૯૪ |
| ૮૬. કે. વેંકટપૈય્યાને પત્ર (૧૭–૧–'૨૨) | ૧૯૫ |
| ૮૭. બૉમ્બે ક્રૉનિકલને મુલાકાત (૧૭–૧–'૨૨) | ૧૯૬ |
| ૮૮. માલવિયા પરિષદ (૧૯–૧–'૨૨) | ૧૯૮ |
| ૮૯. લશ્કરી કાયદા કરતાં પણ ખરાબ (૧૯–૧–'૨૨) | ૨૦૩ |
| ૯૦. એક સુધારો (૧૯–૧–'૨૨) | ૨૦૫ |
| ૯૧. મદ્રાસમાં ગુંડાગીરી (૧૯–૧–'૨૨) | ૨૦૬ |
| ૯૨. નોંધ (૧૯–૧–'૨૨) | ૨૦૮ |
| ૯૩. જેલોમાં ફટકા (૧૯–૧–'૨૨) | ૨૧૦ |
| ૯૪. કે. વેંકટપૈય્યા અને બીજાઓને તાર (૨૦–૧–'૨૨ પહેલાં) | ૨૧૧ |
| ૯૫. એક મિત્રને પત્ર (૨૧–૧–'૨૨) | ૨૧૧ |
| ૯૬. સ્વરાજ ક્યાં છે? (૨૨–૧–'૨૨) | ૨૧૨ |
| ૯૭. સંયુક્ત સંમેલન (૨૨–૧–'૨૨) | ૨૧૪ |
| ૯૮. સુખમાં દુ:ખ (૨૨–૧–'૨૨) | ૨૧૭ |
| ૯૯. મારી નોંધ (૨૨–૧–'૨૨) | ૨૧૮ |
| ૧૦૦. દેવદાસ ગાંધીને પત્ર (૨૨–૧–'૨૨) | ૨૨૧ |
| ૧૦૧. જોસેફ જે. ઘોષને પત્ર (૨૪–૧–'૨૨) | ૨૨૨ |


Gandhi Heritage Portal

18 JUN 1974


૧૦૨. દેવદાસ ગાંધીને પત્ર (૨૪–૧–'૨૨) ૨૨૩
૧૦૩. નોંધ (૨૬–૧–'૨૨) ૨૨૩
૧૦૪. જોખમની વચ્ચે (૨૬–૧–'૨૨) ૨૩૪
૧૦૫. આપણા પોતાનાથી ચેતતા રહીએ (૨૬–૧–'૨૨) ૨૩૬
૧૦૬. ઉત્તરદક્ષિણ ધ્રુવ જેટલું અંતર (૨૬–૧–'૨૨) ૨૩૯
૧૦૭. ના-કર (૨૬–૧–'૨૨) ૨૪૨
૧૦૮. ગાંડુંતૂર બનેલું દમનરાજ (૨૬–૧–'૨૨) ૨૪૪
૧૦૯. હિંદુઓ અને મોપલાઓ (૨૬–૧–'૨૨) ૨૪૫
૧૧૦. આંધ્રમાં દમન (૨૬–૧–'૨૨) ૨૪૮
૧૧૧. અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં ભાષણ (૨૬–૧–'૨૨) ૨૪૯
૧૧૨. ઉત્તર-દક્ષિણ (૨૯–૧–'૨૨) ૨૫૦
૧૧૩. સ્વયંસેવકોની ભરતી (૨૯–૧–'૨૨) ૨૫૧
૧૧૪. સરકારી સભ્યતા (૨૯–૧–'૨૨) ૨૫૨
૧૧૫. ચાલતો ક્રમ (૨૯–૧–'૨૨) ૨૫૪
૧૧૬. મારી નોંધ (૨૯–૧–'૨૨) ૨૫૫
૧૧૭. આંધ્રમાં જાગૃતિ (૨૯–૧–'૨૨) ૨૫૮
૧૧૮. લડતનું મંડાણ (૨૯–૧–'૨૨) ૨૬૨
૧૧૯. બારડોલીનો નિર્ણય (૩૦–૧–'૨૨) ૨૬૮
૧૨૦. બારડોલી તાલુકાના પટેલોને (૩૦–૧–'૨૨) ૨૭૦
૧૨૧. સુરતની જાહેર સભામાં ભાષણ (૩૧–૧–'૨૨) ૨૭૧
૧૨૨. એમ. આર. જયકરને પત્ર (૩૧–૧–'૨૨) ૨૭૩
૧૨૩. વી. એ. સુંદરમ્‌ને પત્ર (૧–૨–'૨૨ પહેલાં) ૨૭૩
૧૨૪. ના. વાઈસરૉય જોગ (૧–૨–'૨૨) ૨૭૪
૧૨૫. વી. એ. સુંદરમ્‌ને પત્ર (૧–૨–'૨૨) ૨૭૭
૧૨૬. નોંધ (૨–૨–'૨૨) ૨૭૭
૧૨૭. ડૉ. રોયની પ્રસ્તાવના (૨–૨–'૨૨) ૨૮૭
૧૨૮. પરદેશ વસતા હિંદીઓ (૨–૨–'૨૨) ૨૮૮
૧૨૯. એક ખ્રિસ્તી મિશનરીનાં મોઘમ અનુમાનો (૨–૨–'૨૨) ૨૮૯
૧૩૦. વકીલાત કરતા વકીલો અને સ્વયંસેવકોનું કાર્ય (૨–૨–'૨૨) ૨૯૩
૧૩૧. ખોજા ભાઈબહેનોને (૨–૨–'૨૨) ૨૯૫
૧૩૨. સી. રાજગોપાલાચારીને લખેલા પત્રમાંથી ઉતારો (૩–૨–'૨૨) ૨૯૬
૧૩૩. વી. એ. સુંદરમ્‌ને પત્ર (૩–૨–'૨૨) ૨૯૭
૧૩૪. મહાદેવ દેસાઈને પત્ર (૩–૨–'૨૨) ૨૯૮
૧૩૫. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૪–૨–'૨૨) ૨૯૯
૧૩૬. અંગદવિષ્ટિ (૫–૨–'૨૨) ૩૦૦
૧૩૭. મારું સુરતમાં ભાષણ (૫–૨–'૨૨) ૩૦૨
૧૩૮. આપેલી આશા (૫–૨–'૨૨) ૩૦૩


Gandhi Heritage Portal

૧૩૯. બારડોલીના લોકોને અપીલ (૫–૨–'૨૨) ૩૦૬
૧૪૦. ઍસ્થર મેનનને પત્ર (૫–૨–'૨૨) ૩૦૭
૧૪૧. बॉम्बे क्रॉनिकलને મુલાકાત (૫–૨–'૨૨) ૩૦૭
૧૪૨. મૌનવારની નોંધ (૬–૨–'૨૨) ૩૧૧
૧૪૩. એમ. આર. જયકરને પત્ર (૬–૨–'૨૨) ૩૧૨
૧૪૪. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૬–૨–'૨૨) ૩૧૨
૧૪૫. પરસરામ મેહરોત્રાને પત્ર (૬–૨–'૨૨) ૩૧૩
૧૪૬. હિંદુસ્તાન સરકારને પ્રત્યુત્તર (૭–૨–'૨૨) ૩૧૩
૧૪૭. કારોબારી સમિતિના સભ્યોને પત્ર (૮–૨–'૨૨) ૩૧૮
૧૪૮. ડૉ. એમ. એસ. કેળકરને પત્ર (૮–૨–'૨૨) ૩૨૦
૧૪૯. નોંધ (૯–૨–'૨૨) ૩૨૦
૧૫૦. એકમાત્ર મુદ્દો (૯–૨–'૨૨) ૩૩૫
૧૫૧. ગૂંચવણમાં (૯–૨–'૨૨) ૩૩૬
૧૫૨. છાવણીમાં હિંસા (૯–૨–'૨૨) ૩૩૭
૧૫૩. સમિતિ સાથેની સમજૂતીની શરતો વિષે નોંધ (૯–૨–'૨૨) ૩૪૧
૧૫૪. મારી નોંધ (૯–૨–'૨૨) ૩૪૨
૧૫૫. દેવદાસ ગાંધીને તાર (૯–૨–'૨૨) ૩૪૨
૧૫૬. ગંતુરમાં સવિનયભંગ વિષે નોંધ (૧૦–૨–'૨૨ પહેલાં) ૩૪૩
૧૫૭. બારડોલીમાં કૉંગ્રેસ કાર્યકરો સમક્ષ ભાષણ (૧૦–૨–'૨૨) ૩૪૩
૧૫૮. બારડોલીના ઠરાવો (૧૨–૨–'૨૨) ૩૪૪
૧૫૯. સ્વરાજની શરતો (૧૨–૨–'૨૨) ૩૪૭
૧૬૦. સરકારી જવાબ (૧૨–૨–'૨૨) ૩૪૯
૧૬૧. ગોરખપુરનો ગુનો (૧૨–૨–'૨૨) ૩૫૧
૧૬૨. મારી નોંધ (૧૨–૨–'૨૨) ૩૫૨
૧૬૩. દેવદાસ ગાંધીને પત્ર (૧૨–૨–'૨૨) ૩૫૯
૧૬૪. ઝહૂર અહમદને તાર (૧૨–૨–'૨૨ પછી) ૩૬૦
૧૬૫. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૧૩–૨–'૨૨) ૩૬૦
૧૬૬. ચિમનદાસ ઈ. જગતિયાણીને પત્ર (૧૪–૨–'૨૨) ૩૬૧
૧૬૭. સૈયદ મહમૂદને તાર (૧૪–૨–'૨૨ કે તે પછી) ૩૬૧
૧૬૮. દેવદાસ ગાંધીને તાર (૧૫–૨–'૨૨) ૩૬૨
૧૬૯. સર ડેનિયલ હેમિલ્ટનને પત્ર (૧૫–૨–'૨૨) ૩૬૨
૧૭૦. સૌ. અ. બ્રેલ્વીને પત્ર (૧૫–૨–'૨૨) ૩૬૪
૧૭૧. મહાદેવ દેસાઈને પત્ર (૧૫–૨–'૨૨) ૩૬૪
૧૭૨. बॉम्बे क्रॉनिकलને મુલાકાત (૧૫–૨–'૨૨) ૩૬૫
૧૭૩. નોંધ (૧૬–૨–'૨૨) ૩૬૯
૧૭૪. ઘરનો ઘા (૧૬–૨–'૨૨) ૩૭૫
૧૭૫. દેવદાસ ગાંધીને તાર (૧૬–૨–'૨૨) ૩૮૨


Gandhi Heritage Portal

૧૭૬. દેવદાસ ગાંધીને પત્ર (૧૭–૨–’૨૨) ૩૮૨
૧૭૭. ગેબી અવાજ (૧૯–૨–’૨૨) ૩૮૩
૧૭૮. જેલીઓનું શું? (૧૯–૨–’૨૨) ૩૮૬
૧૭૯. મારી નોંધ (૧૯–૨–’૨૨) ૩૮૭
૧૮૦. જવાહરલાલ નેહરુને પત્ર (૧૯–૨–’૨૨) ૩૯૧
૧૮૧. વિજયાલક્ષ્મી પંડિતને પત્ર (૧૯–૨–’૨૨) ૩૯૪
૧૮૨. દેવદાસ ગાંધીને તાર (૨૦–૨–’૨૨) ૩૯૪
૧૮૩. અ. હિં. કૉં. સમિતિના પ્રમુખને પત્ર (૨૨–૨–’૨૨) ૩૯૫
૧૮૪. નોંધ (૨૩–૨–’૨૨) ૩૯૬
૧૮૫. મહાન નિવેદન (૨૩–૨–’૨૨) ૪૦૯
૧૮૬. મૌલાના અબુલ કલામ આઝાદ (૨૩–૨–’૨૨) ૪૧૦
૧૮૭. હુંકાર (૨૩–૨–’૨૨) ૪૧૧
૧૮૮. મિલનું કાપડ (૨૩–૨–’૨૨) ૪૧૩
૧૮૯. મારી દિલગીરીનો કોઈ અંત નથી (૨૩–૨–’૨૨) ૪૧૪
૧૯૦. આપણી શિથિલતા (૨૩–૨–’૨૨) ૪૧૭
૧૯૧. દિલ્હી જેલમાં કેદીઓ (૨૩–૨–’૨૨) ૪૧૯
૧૯૨. સરકારી ઇનકાર (૨૩–૨–’૨૨) ૪૨૦
૧૯૩. દિલ્હીનો ઠરાવ (૨૫–૨–’૨૨) ૪૨૧
૧૯૪. અમદાવાદ–સુરતની કસોટી (૨૬–૨–’૨૨) ૪૨૨
૧૯૫. મારી નોંધ (૨૬–૨–’૨૨) ૪૨૪
૧૯૬. છાપાંના પ્રતિનિધિઓને મુલાકાત (૨૬–૨–’૨૨) ૪૩૦
૧૯૭. નોંધ (૨–૩–’૨૨) ૪૩૫
૧૯૮. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ (૨–૩–’૨૨) ૪૪૮
૧૯૯. સરકારના રદિયા (૨–૩–’૨૨) ૪૫૩
૨૦૦. જૂઠું પોસ્ટર (૨–૩–’૨૨) ૪૫૭
૨૦૧. એમ. આર. જયકરને પત્ર (૨–૩–’૨૨) ૪૫૮



પરિશિષ્ટો

૧. સર શંકરન નાયરના પત્રમાંથી ઉતારા (૧૭–૧–’૨૨) ૪૫૯
૨. વાઇસરૉય પરના ગાંધીજીના પત્ર અંગે હિંદુસ્તાન સરકારની યાદી (૬–૨–’૨૨) ૪૬૧
આધારરૂપ સાહિત્ય ૪૬૪
તારીખવાર વૃત્તાંત ૪૬૫
સૂચિ ૪૭૧


11670

Gandhi Heritage Portal

# ચિત્રસૂચિ


અમદાવાદ કૉંગ્રેસમાં, ૧૯૨૧ — મુખપૃષ્ઠ


Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

## અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–’૩૩ — ગાંધીજી

Gandhi Heritage Portal

# ૧. નોંધ[1]

## દેશબંધુ દાસ[2]

વાઇસરૉય સાહેબે[3] પોતાનો શબ્દ સાચો કરી બતાવ્યો છે. કલકત્તામાં તેઓ નામદાર બોલેલા કે દેશના ચાહે તેવડા મોટા માણસને પણ પકડતાં સરકાર આંચકો ખાશે નહીં,[4] અને સાચે જ દેશબંધુ દાસ જેમને દેશ આખાયે એકે અવાજે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખપદને સારુ ચૂંટયા તેમને સુધ્ધાં પકડીને તેમણે તે પુરવાર કરી આપ્યું છે. એ સાચું કે થોડા દિવસ પર લૉર્ડ રોનાલ્ડશેએ[5] પ્રજાને એમ મનાવેલું કે દેશબંધુ મહાસભાની બેઠક સુધી નહીં પકડાય અને મહાસભા પછી પણ જો તેઓ રીતસર નહીં વર્તે તો જ તેમની ખબર લેવામાં આવશે; પણ ના. વાઇસરૉય સાહેબની ધમકી તો ત્યાર પછીની, એટલે સ્વાભાવિક રીતે જ લૉર્ડ રોનાલ્ડશેનો ઉપલો ગર્ભિત અભિપ્રાય રદ નીવડયો.

મહાસભાના પ્રમુખપદે બિરાજનાર પણ જો સ્વયંસેવકો નોંધવા નીકળે અને પત્રિકાઓ બહાર પાડે તો એને શા માટે છૂટો રહેવા દેવો? શાહજાદાના[6] આગમનને દિવસે હડતાળ પડાવવાની પ્રવૃત્તિ તો કેમે કર્યે અટકે નહીં, ત્યારે કરવું કેમ? મને લાગે છે આવી જ કંઈ મૂંઝવણને પરિણામે દેશબંધુ દાસને પકડવાના નિર્ણય ઉપર સરકારને આવવું પડયું હશે. વળી દેશબંધુની સાથે જ બીજા પણ અગ્રેસર કાર્યકર્તાઓને પકડવામાં આવ્યા છે. મૌલાના અબુલ-કલામ આઝાદ[7] મુસલમાનોના સૌથી વિદ્વાન આલિમોમાંના એક છે. સિવાય ખિલાફત કમિટીના મંત્રી મૌલવી અક્રામખાન, બંગાળ પ્રાંતિક સમિતિના મંત્રી સસમલ તથા મારવાડી કોમમાં સારું વજન ધરાવનારા શ્રી પદ્મરાજ જૈનને પણ પકડવામાં આવ્યા છે. આ બતાવી આપે છે કે હડતાળ પડતી અટકાવવા માટે જ આ બધાં પગલાં લેવાયાં હોવાં જોઈએ. આ ધરપકડો બતાવે છે કે લોકોને શાંતપણે સમજાવવાનું અને પોતાના મતના કરવાનું કામ પણ હવે સરકાર અસહ-કારીઓને કરવા દેવા તૈયાર નથી. સરકાર પરાણે દુકાનો ઉઘાડી રખાવવા માગે છે, પણ તેને સારુ કર્નલ જૉનસનની[8] પેઠે બળજોરીથી દુકાનો ઉઘાડી લશ્કરી સિપાઈઓના કબજામાં સોંપવાની

૧. "દેશબંધુ દાસ," "ધર્મમાર્ગ," આ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૫–૧૨–૧૯૨૧ના અંકમાંથી અને "હારવું શાને?," "સરકારનો અસહકાર," "ધીમું પણ ચોક્કસ," આ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૨–૧૨–૧૯૨૧ના અંકમાંથી આપ્યું છે.

૨. ચિત્તરંજન દાસ (૧૮૭૦–૧૯૨૫); ધારાશાસ્ત્રી, વક્તા અને ગ્રંથકર્તા; ૧૯૨૨માં મળેલા કૉંગ્રેસ અધિવેશનના અધ્યક્ષ; ૧૯૨૩માં સ્વરાજ્ય પક્ષના સ્થાપક.

૩. હિંદુસ્તાનના વાઇસરૉય, ૧૯૨૧–૬.

૪. ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૦મીએ કૉંગ્રેસના નિમાયેલા અધ્યક્ષ ચિત્તરંજન દાસની ગિરફતારીનો આ ઉલ્લેખ છે.

૫. તે સમયના બંગાળના ગવર્નર.

૬. પ્રિન્સ ઑફ વેલ્સ, જેઓ તે સમયે હિંદુસ્તાનનો પ્રવાસ કરી રહ્યા હતા.

૭. ૧૮૮૯–૧૯૫૮; રાષ્ટ્રવાદી મુસ્લિમ કૉંગ્રેસ આગેવાન; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના બે વાર અધ્યક્ષ ચૂંટાયા; હિંદુસ્તાનની સરકારના શિક્ષણમંત્રી.

૮. ૧૯૧૯ના એપ્રિલ અને મે દરમ્યાન લાહોર વિભાગના લશ્કરી કાયદાના અધિકારી.



Gandhi Heritage Portal

રીત અખત્યાર કરવા તે રાજી નથી. તે તો પ્રજાના આગેવાનોને પકડીને ગરીબ દુકાનદારોને ડરાવી મૂકી તેમની પાસે દુકાનો ઉઘાડી રખાવવા માગે છે.

કલકત્તાના દુકાનદારોને આ સુંદર તક મળી છે. તેમણે એકેએક આગેવાનને પકડી જાય તોપણ શાહજાદાના આગમનને દિવસે સંપૂર્ણ હડતાળ પાડીને પોતાનાં નિશ્ચય અને સ્વતંત્રતા દેખાડી આપવાં જોઈએ. કારણ કે હડતાળના કારણસર આગેવાનો પકડાયા પછી હવે તો ૨૪મી તારીખે કલકત્તાએ સંપૂર્ણ હડતાળ પાડયે જ છૂટકો. શાહજાદાના આગમનને દિવસે હડતાળ પાડીને શાહજાદાના સ્વાગત પ્રત્યે પ્રજાકીય વિરોધ દર્શાવવાનો હેતુ પણ હવે તો ગૌણ બની જાય છે. હવે તો મુખ્યત્વે પોતાના આગેવાનોની ઈજ્જતને ખાતર કલકત્તાની પ્રજાએ તે દિવસે સંપૂર્ણ હડતાળ પાડવી રહી. એવી હડતાળ પાડીને આગેવાનો ઉપરનો પોતાનો વિશ્વાસ અને પોતાની મરજીનો અમલ કરવાનો પોતાનો હક પ્રજાએ સાબિત કરી આપવા રહ્યા. મને ઉમેદ છે કે કલકત્તાની પ્રજા આવતી ૨૪મીએ આગેવાનો પ્રત્યેની પોતાની આ દેખીતી ફરજ પૂરી વફાદારીપૂર્વક અદા કરવામાં ફેર નહીં જ પડવા દે.

અને હવે તો જ્યારે આગેવાનોને પકડી જવામાં આવ્યા છે ત્યારે એકેએક અસહકારીએ શાંતિ જાળવવાના કામને સારુ તો પોતપોતાને જ આગેવાન માનવો રહ્યો. તેમનામાંના જેઓ સ્વયંસેવક તરીકે બહાર રહે અને પોતાની દુકાન ઉઘાડવા માગનાર કોઈ રડયાખડયા દુકાનદારની રક્ષા કરે તેવાઓ સિવાય બાકીનાઓએ ઘર ઝાલીને બેસી રહેવું. હું માની લઉં છું કે ખિલાફત તેમ જ મહાસભા સમિતિઓએ તો પોતાના નવા અમલદારો ક્યારના ચૂંટી લીધા હશે. આપણી ખરી કસોટી જ હવે છે. આજે આગેવાની અખત્યાર કરવી એ મરહૂમ આયરીશ શહીદ મૅકસ્વિનીની[1] પેઠે લૉર્ડ મેયરશીપ અખત્યાર કરવા જેવું છે. એમાં હોદ્દાની સાથે જ તત્કાળ કેદનો બોજો માથે લેવાનો છે.

અને જો પ્રજા સાચી જાગી હોય તો આવા અમલદારોનો અને તેમની પાછળ ચાલનારાં સ્ત્રીપુરુષોનો એકસરખો પ્રવાહ અત્યારે આપણી વચ્ચે ચાલુ જ રહેવો જોઈએ. આપણી જોગવાઈ હમેશાં સરકારના ઉપાડને બરાબર પહોંચી વળે એવડી રહેવી જોઈએ. એ ઉપાડને પહોંચી વળવામાં આપણને કદી જ વાંધો નથી આવતો એટલી સાખ આપણે જે દિવસે બેસાડશું તે જ દિવસે આપણી જીત છે.

## ધર્મમાર્ગ

આમ બધાએ જ સરકારની જેલોમાં જઈને બેસવાની જરૂર વિષે આપણે લગીરે શંકિત ન રહીએ. જો કદી આપણે સરકાર માગે તેટલો શિકાર આપવા અશક્ત જ હોઈએ તો એવું કબૂલ કરવાની મરદાઈ આપણે બતાવી આપવી ઘટે. આપણી સંખ્યા નાની છે. અને જો એમ હોય અને છતાં આપણને આપણા કાર્યક્રમને વિષે ખરી શ્રાદ્ધા હોય તો કેવળ મોઢે બોલીને નહીં પણ આપણા શબ્દેશબ્દ મુજબ વર્તન કરીને આપણે આપણી એ અલ્પ સંખ્યાને બહુમતીમાં ફેરવી નાખવી જોઈએ. એક ખાંડી મોઢાના ઉપદેશ કરતાં એક અધોળ વર્તન વધુ ફળદાયી છે એ સુવર્ણવાક્યને આપણે કદી ન ભૂલીએ. નવાં સાધન શોધવા નીકળવા કરતાં આપણી પાસે

૧. આયર્લૅન્ડના એક દેશભક્ત અને કૉર્ક નગરના મેયર, આયર્લૅન્ડની મુક્તિ માટે ૧૯૨૦માં ૯૫ દિવસના આમરણાંત ઉપવાસને અંતે મૃત્યુ પામ્યા.

Gandhi Heritage Portal

જે કંઈ સાધનસામગ્રી પડેલી હોય તેનો ઉપયોગ કરવો એ જ સાચી કરકસર છે. આપણે માનીએ કે હાજર સામગ્રીનો ઉપયોગ કરતાં કરતાં જ આપણને નવાં સાધનો મળતાં જશે.

છતાં પ્રજા તરફથી આપણને વધુ જવાબ ન મળે એમ ઘડીભર માની લઈએ તોપણ આપણે માનીએ કે જેઓ જેલ જવા રાજી નથી તેઓ પણ પોતાને ઘટતો કામ કરવાનો રસ્તો ખોળી જ લેશે. પછી એ રસ્તે તો તેઓ તનમનથી લાગશે. બાકી દેશના જે હિસ્સાને કુરબાનીને માર્ગે અસહકારનો ઈલાજ પસંદ છે તે તો પોતાથી બનતું બધું કરી છૂટયો હશે. હું તો કહું છું કે આપણે પચાસ વેળા જેલ જઈ આવીએ અને છતાં આપણી સંખ્યામાં એકનો પણ વધારો ન થાય તોપણ હું તો એમ જ કહેવાનો કે "આપણે તો એનો એ રસ્તો કાપ્યે અને અંતે આપણા માર્ગને વિષે આખા હિંદુસ્તાનની ખાતરી કરી આપ્યે જ છૂટકો છે." એ જ ધર્મમાર્ગ છે, બીજો નહીં. આપણે તો જેઓ સ્વતંત્રતાને ચાહનારા છે અને તેને માટે આપભોગ આપવા તૈયાર છે તેવાઓને સારુ સ્વરાજ મેળવવા માગીએ છીએ. એવા માણસોની મારફત જ આપણે ખિલાફતને[1] ટેકો આપવા માગીએ છીએ, કારણ તેઓ જ સાચા હિંદુ, સાચા મુસલમાન અને સાચા શીખો છે.

## હારવું શાને?

અસહકારના કાર્યક્રમની સાદાઈ જેને સમજાઈ છે તે આ લડતની ખરી ખૂબી સમજી ગયા છે. રેંટિયો ચલાવી સૂતર કાંતવું અને જેલ માગી લેવી અને જેલમાં પણ તેઓ કાંતવા દે તો કાંતવું. આમ આપણે કાંતતા હોઈએ કે જેલ જતા હોઈએ, ગમે તે સ્થિતિમાં પણ આપણે એક જ મનોવૃત્તિ — અહિંસા અને સર્વ ધર્મો પ્રત્યે મૈત્રીભાવના રાખવી જોઈએ. જો આપણે અંગ્રેજોનો, સહકારીઓનો અને આપણી જોડે મળતા ન થનારા બીજાઓનો દ્વેષ કરતા અટકીએ, જો આપણે એકબીજાનો અણવિશ્વાસ રાખતા અગર તો એકબીજાથી બીતા અટકીએ અને જો આપણે આખી પ્રજાના ગુજરાનને સારુ પરસેવો વાળવાનો અને ખપવાનો નિશ્ચય કરી રેંટિયો પકડીએ તો આપણી સામે ટકવાની, દુનિયાની કઈ સત્તાની ગુંજાશ છે? અને આપણામાં આવો આત્મવિશ્વાસ હોય તો પછી આપણે ખોબા જેટલા છીએ કે ઝાઝા અગર તો આપણે પકડાયા કે ગોળી ખાઈ મૂઆ એની શી ફિકર છે? અને આ હું ઉપર જણાવી ગયો તે કાર્યક્રમ તો કોઈ પૂરણ પુરુષોને સારુ નહીં પણ ભલા, સાચા અને બહાદુર એવા હરકોઈ દુનિયાદારી માણસોને સારુ છે. જો આપણાથી આટલા ભલા, સાચુલા અને બહાદુર પણ ન થવાય તેમ હોય તો પછી સ્વરાજ કે ધર્મ એ શબ્દો પણ આપણાં મોંમાં શી રીતે શોભશે? આપણે કયે મોઢે આપણને હિંદુ મુસલમાન ખ્રિસ્તી યહૂદી શીખ અગર પારસી કહેવડાવવાના? અને જો આપણે સાચા હિંદુ મુસલમાન શીખ પારસી ઈત્યાદિ ન હોઈએ તો ખિલાફત અને પંજાબની ભરપાઈની વાત પણ આપણે મોઢે શી?

## સરકારનો અસહકાર

તેથી જો આપણને આપણા કાર્યક્રમને વિષે શ્રદ્ધા હોય તો પછી સરકાર પોતે આપણી જોડે દરેકેદરેક વાતમાં અસહકાર આદરે તોપણ આપણે તેની ફિકર ન કરવી જોઈએ.

૧. તુર્કીની ખિલાફત. ખિલાફતનો આશય પહેલા વિશ્વયુદ્ધ અગાઉ તુર્કીના સુલતાન જે દરજ્જો ભોગવતા હતા તે દરજ્જો પાછો મેળવવાનો હતો.

Gandhi Heritage Portal

શ્રી રાજગોપાલાચારી[1] તરફથી તેમ જ આગા સફદર[2] સાહેબ તરફથી મેં સાંભળ્યું કે તેમના આખા તારો જવા દેવામાં આવતા નથી. મને તો એ જ નવાઈ લાગે છે કે સરકાર આપણો એક પણ તાર કેમ જવા દે છે અગર તો આપણને મુસાફરી કરવા કે એકબીજાને મળવા કેમ દે છે? મેં તો મારા મનને બૂરામાં બૂરી સ્થિતિને માટે પણ તૈયાર કરી રાખ્યું હોવાથી સરકાર આપણી પ્રવૃત્તિઓને અટકાવવાને અગર તો મોળી પાડવાને જે જે કંઈ કરે છે તેમાંના કશાથી હું ચકિત થતો નથી તેમ ગુસ્સે પણ થતો નથી. સરકાર પોતાની હસ્તીને માટે હવાતિયાં મારી રહી છે, અને મને થાય છે કે હું પોતે એની જગાએ હોત તોપણ એથી બીજું શું કરત? કદાચ એનાથી પણ બૂરું કરત.

આપણે શા માટે માનીએ કે સરકાર પોતાની પાસે જે કંઈ બળ છે તે બધું ન વાપરે? માત્ર આપણી બાજુએથી આપણે એની કશી મદદ વગર આપણો અસહકાર ચલાવ્યે જઈએ અને તેનો મર્મ આપણા જીવનમાં ઉતારી શકીએ એવો રસ્તો શોધી કાઢવો જોઈએ. સરકાર આપણો પ્રાંત પ્રાંત વચ્ચેનો વહેવાર અટકાવે તોપણ આપણે આપણો મિજાજ હાથ રાખવો જોઈએ. આપણો કાર્યક્રમ નક્કી થઈ ગયા પછી હવે તો દરેક પ્રાંતે પોતપોતાની પ્રવૃત્તિ ઉપાડી લઈ તે ધપાવ્યે જવા શક્તિમાન હોવું જોઈએ. ઊલટું એવી સ્થિતિ તો આપણને લાભદાયક જ નીવડવી જોઈએ. કારણ એમ એકબીજા પ્રાંતો વચ્ચેનો વહેવાર સરકાર તોડી નાખે તેને પરિણામે તો એક પ્રાંતમાં દૈવજોગે ગમે તેટલું પાછા પડવાનું થાય તોપણ બીજો પ્રાંત એની અસરથી બચી જવાનો. દાખલા તરીકે ગુજરાત હારી જાય અને તનમનથી સરકારને શરણે જાય અગર તો આસામ નરાતાળ બની જાય અને એકાએક તોફાન કરી બેસે તોપણ પંજાબ પર તેની અસર થાય નહીં. પણ વાચકે આવી કશી જ બીક મનમાં આણવાની નથી. કારણ આસામ ભારે પજવણી વચ્ચે સુધ્ધાં નમૂનેદાર સંયમ જાળવી રહ્યું છે અને ગુજરાત, મને ઉમેદ છે કે, થોડા જ દિવસની અંદર પોતાનું 'પાણી' બતાવી આપ્યા વગર રહેશે નહીં. મુંબઈની સરકાર પોતાનું કામ ખૂબ સમજતી જણાય છે. એ બીજા પ્રાંતોની સરકારોના કરતાં અલબત્ત વધુ સહિષ્ણુ અને વધુ ચકોર છે. એ અસહકારીઓને જેમ બને તેમ લાંબું દોરડું (ગળે ફાંસો ખાવા) આપવા રાજી છે. અને અસહકારીઓ પણ, પોતે મેળવવા મથી રહ્યા છે તે ન મળતું હોય તો સરકારને દોરડે લટકવા આતુર હોવાથી, તેઓ પણ સરકાર જેટલું દોરડું મૂકતી જાય છે તેટલું લઈ રહ્યા છે. પણ આ જુદી વાત થઈ. હિંદુસ્તાનની હવામાં હથેળી જેવડું વાદળું ઘડી વારમાં ભયાનક કદનું થઈ પડે છે એમ કહેવાય છે. મારા કહેવાનો મુદ્દો એટલો જ છે કે આપણે દરેક જાતના ગૂંચવાડાને માટે તૈયાર રહેવું જોઈએ અને કશાથી પણ હારવું ન જોઈએ અગર તો અણધાર્યું કંઈ આવી બને ત્યારે ચાહે તેમ થાય તોપણ દિઙ્મૂઢ ન જ બનવું જોઈએ.

### ધીમું પણ ચોક્કસ

જો તારોનું સુખ આપણી પાસેથી ખૂંચવી લેવામાં આવે તો આપણે ટપાલથી કામ ચલાવવું જોઈએ. જો ટપાલનો વહેવાર પણ આપણે માટે બંધ કરવામાં આવે તો આપણે

૧. ચક્રવર્તી રાજગોપાલાચારી (જન્મ ૧૮૭૯); એક રાજદ્વારી આગેવાન તથા પહેલા હિંદી ગવર્નર જનરલ.

૨. ૧૯૨૧ના ડિસેમ્બરની ત્રીજીએ લાલા લજપતરાય ગિરફતાર થઈ ગયા પછીના પંજાબ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ.

Gandhi Heritage Portal

ખેપિયાથી કામ લેવું જોઈએ. આપણને જોઈતી દિશામાં જતાઆવતા મિત્રો તો આપણને આમાં અલબત્ત મદદ કરવાના જ. જ્યારે રેલવેનો ઉપયોગ કરતા આપણને અટકાવવામાં આવે ત્યારે પણ આપણે બીજાં વાહનોથી કામ લેવાની તૈયારી રાખવી જોઈએ. એ રીતે આપણા કામમાં ગમે તેટલો વખત જશે તોપણ તે, જો આપણે અંદરથી સાબૂત હઈશું તો, આપણા કામમાં કશો અંતરાય આણી શકશે નહીં.

જો આપણે આપણું સર્વ મમત્વ છોડી ઈશ્વરનું જ શરણ ખોળીશું અને એને જ આપણે એકમાત્ર આધાર માનીશું તો સરકાર આપણી જે કંઈ કસોટી કરવા માગશે તે એકેએકમાંથી આપણે નિષ્કલંક બહાર નીકળીશું. જો એની ઇચ્છા સિવાય સૂકા ઝાડનું પાન પણ ખરતું નથી તો આજની આપણી આ પરીક્ષા પણ એ જ સર્વશક્તિમાન પરમેશ્વર આ સરકારને નિમિત્ત કરીને રહ્યો છે એમ આપણે શા સારુ ન માનીએ? આપણે એની જ પાસે એની ફરિયાદ કાં ન લઈ જઈએ અને આપણી આવી નિર્દય કસોટી કરવાને સારુ એની જ સામે ગુસ્સે કાં ન થઈએ?

અને જો આપણી શ્રદ્ધા સાચી હશે તો સાચે જ એ આપણને દિલાસો આપશે જ અને આપણને માફ કરશે. જાલિમની સામે ટટાર ઊભા રહેવાનો માર્ગ તેનો તિરસ્કાર કરવો કે તેને મારવો એ નથી, પણ નમ્ર બનીને આપણે ઈશ્વરને શરણે જવું અને આપણી પીડની ઘડીમાં એ દયાઘનની કરુણા ભાખવી એ છે.

## આગા સફદર તરફથી

બહાદુર પંજાબીઓના માર્ગમાં કેવી બાધાઓ નાખવામાં આવે છે, તેમની કેવી કસોટી થઈ રહી છે અને તેઓ કેવા સાચા સાબિત થઈ રહ્યા છે, સરકાર પોતાના એક વખતના ઉમદા મિત્રો અને સહાયક એવા શીખો સામે મૂર્ખાઈથી જે પોતાની બધી તાકાત અજમાવી રહી છે તેનો બહાદુર શીખો કેવી રીતે સામનો કરી રહ્યા છે, પંજાબના બધા નેતાઓ કેવી રીતે એકમનથી કામ કરી રહ્યા છે તથા અસાધારણ મુશ્કેલીમાં તેઓ કેવી રીતે શાંત મિજાજ રાખી રહ્યા છે તે જણાવતા આગા સફદરના બે સુંદર પત્રો[૧] અહીં આપું છું. પરંતુ આપણે આ મહાન અને ભલા આગા સાહેબને જ, તેમને પોતાને માટે અને તેમના ખૂબ જ કષ્ટાતા છતાં ગર્વિલા પંજાબ વિષે બોલવા દઈએ:

૧

. . . કેવા સંજોગોમાં ધરપકડો કરવામાં આવી તે આપે ઍસોસિયેટેડ પ્રેસ દ્વારા જાણ્યું હશે. આપની ઇચ્છા મુજબ વર્તવાની, અને ધરપકડ ન વહોરવાની લાલાજીની[૨] ઘણીય ઇચ્છા હતી, પરંતુ એમ કર્યા વિના છૂટકો નહોતો. અને પંજાબ પ્રાંતિક સમિતિના પ્રમુખ હોવાથી તેઓ સભાથી દૂર રહી શકે તેમ નહોતા. જાહેર સભાઓની મનાઈ ફરમાવતા અને સ્વયંસેવકદળોને વિખેરી નાખતા હુકમો કાઢવામાં આવતાંની સાથે તુરત જ

૧. આ પત્રોમાંથી અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કરવામાં આવ્યા છે.

૨. લાલા લજપતરાય (૧૮૬૫–૧૯૨૮); પંજાબના રાષ્ટ્રવાદી આગેવાન.

Gandhi Heritage Portal

સભા ભરવામાં આવી. . . .[1] જિલ્લા મૅજિસ્ટ્રેટે સભાને રાજદ્રોહી ઠરાવીને અટકાવી. પરંતુ આ હુકમ ગેરકાયદેસર હતો એટલે તેનું પાલન ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

લાલાજી, સંતાનમ[2], ગોપીચંદ[3] અને લાલખાન અત્યારે સૅન્ટ્રલ જેલમાં છે. તેઓ સુખી અને સંતુષ્ટ છે. તેમને બેડિંગ અને પુસ્તકો મોકલવામાં આવ્યાં છે પરંતુ બહારનો ખોરાક લેવાની તેમણે ના પાડી છે અને તેઓ જેલનો જ ખોરાક લે છે.

એ મુકદ્દમાની સુનાવણી ડિસેમ્બરની ૭મીએ થનાર છે અને હિંદી ફોજદારી ધારાની ૧૪૫મી કલમ અનુસાર મુકદ્દમો ચલાવવામાં આવશે એમ કહેવાય છે.

સમસ્ત પ્રાંત શાંત છે. અમે ખાદી અને વિદેશી કાપડના બહિષ્કાર પર ભાર મૂકી રહ્યા છીએ. . . .

અમારા ખાલસા[4] મિત્રો હજી અમૃતસરમાં સભાઓ ભરી રહ્યા છે પરંતુ વધુ ધરપકડો કરવામાં આવતી નથી. કુલ ૨૧ની ધરપકડ થઈ છે અને તેમાંના ૧૧ને સજા પણ થઈ ગઈ છે. આ જ પ્રકારની સભાઓ લાહોરમાં ભરવાનું શરૂ કરવામાં આવ્યું છે અને અત્યાર સુધી એક જણની ધરપકડ થઈ છે.

અમે સૌ વાતાવરણને અહિંસક રાખવા બનતો બધો જ પ્રયત્ન કરી છૂટીએ છીએ. અને લોકો ધીમે ધીમે આ ભાવના પચાવવા લાગ્યા છે અને ઉશ્કેરણીજનક સંજોગોમાં પણ તેઓ અંકુશ હેઠળ રહેતા હોવાથી આમાં સફળ થવાની અમને પૂરેપૂરી આશા છે. . . .

## ૨

આજે સવારે લખેલો મારો પત્ર આપને મળ્યો હશે એવી હું આશા રાખું છું. આજે સાંજે ચાર વાગ્યે, બ્રેડલો હૉલમાં એસ. પ્રેમસિંગ સોધબંસના પ્રમુખપદ હેઠળ એક સભા ભરવાની જાહેરાત કરવામાં આવી હતી. બપોરના બે વાગતાં સુધીમાં હૉલની ચારે બાજુએ અને તેને પહોંચવાના સઘળા માર્ગો પર લાઠી અને બંદૂકધારી મજબૂત પોલીસદળ ગોઠવાઈ ગયું અને સાંજે ચાર વાગ્યા પછી પણ ચોકી ચાલુ રહી. હૉલમાં કોઈને જવા દેવામાં આવતા ન હતા. . . . એસ. પ્રેમસિંગ સાંજના ૩–૩૦ વાગ્યે આવી પહોંચ્યા, પરંતુ પોલીસોએ તેમને રોકયા અને એક યુરોપિયન પોલીસ અમલદારે તેમને ચાલ્યા

૧. ૧૯૨૧ના નવેમ્બરની ૧૭મીએ થયેલાં મુંબઈનાં હદબહારનાં તોફાનો પછી પ્રાંતોની સરકારોને એવી ચેતવણી આપવામાં આવી હતી કે ઉશ્કેરણીજનક ભાષણોને અંકુશમાં લાવવા માટે રાજદ્રોહી સભાઓનું નિયંત્રણ કરતા કાયદાનો અમલ કરવામાં આવશે તો તેને મંજૂરી આપવામાં આવશે. . . . તથા . . . સ્વયંસેવકદળોનાં કવાયત, પિકેટિંગ અને ધાકધમકીભર્યાં કાર્યો દેશમાં શાંતિને ભય પહોંચાડી રહ્યાં હોવાથી તેમની ગેરકાયદે પ્રવૃત્તિનો સામનો કરવા માટે ૧૯૦૮ના સુધારેલા ફોજદારી કાયદાના ભાગ–૨નો જોરદાર ઉપયોગ કરવો જોઈએ. હિંસાની ઉશ્કેરણી, રાજદ્રોહ અને સવિનયભંગના અમલનો તાબડતોબ સામનો કરવાની હિંદુસ્તાન સરકારે . . . પ્રાંતિક વહીવટી તંત્રને સૂચના આપી હતી.

૨. કે. સંતાનમ; રાજદ્વારી આગેવાન અને ધારાશાસ્ત્રી; ૧૯૧૯નાં પંજાબનાં રમખાણોની તપાસ કરવા કોંગ્રેસે નીમેલી પેટાસમિતિના મંત્રી.

૩. ડૉ. ગોપીચંદ ભાર્ગવ (જન્મ ૧૮૯૦); લાલા લજપતરાયની આગેવાની હેઠળ રાજકારણમાં પ્રવેશ્યા; ૧૯૪૨–૪૩માં જેલ ગયા; પંજાબના માજી મુખ્ય મંત્રી.

૪. શીખોને આપવામાં આવેલું એક નામ.

Gandhi Heritage Portal

જવાનો હુકમ કર્યો. ટોળાની સાથે તેઓ પાછા ફર્યા, અને તેમણે થોડે દૂર જઈને સભા ભરી. સભાએ લાલાજી અને તેમના સાથીદારોને અભિનંદન આપતો એક ઠરાવ પસાર કર્યો અને ત્યાર બાદ વીખરાઈ. આખો મામલો શાંતિથી પતી ગયો. . . . આમ છતાં, હમણાં જ મારા સાંભળવામાં આવ્યું છે કે એક પોલીસે એક વિદ્યાર્થીને સખત માર માર્યો છે અને ઇસ્પિતાલમાં તેની હાલત ગંભીર છે. પંડિત રામભજદત્ત તેની ખબર કાઢવા હમણાં જ ગયા છે.

ગઈ કાલે લાલાજી અને બીજાઓની જેલમાં મુલાકાત લેવામાં આવી હતી. તેઓ બધા ખૂબ જ ઉત્સાહમાં છે. તેમની સાથેના વર્તાવમાં ખાસ નવીનતા નથી. તેમને બધાને જુદી જુદી કોટડીમાં રાખવામાં આવ્યા છે અને તેઓ જેલનો ખોરાક ખાય છે. . . .

ગિરધારીલાલ તરફથી મને સાંભળવા મળ્યું છે કે અમૃતસરમાં કંઈક અનિચ્છનીય બનાવ બન્યો છે. શીખો શાંતિથી તેમની સભા ભરી રહ્યા હતા ત્યારે એકાએક એ સ્થાન પર થોડા સાધુઓ આવી પહોંચ્યા અને તેમના લોખંડના ચીપિયાથી ફાવે તેમ મારઝૂડ કરવા લાગ્યા. શીખો અહિંસક રહ્યા અને તેમનામાંના કેટલાકને ઈજા થઈ. સાધુઓ આવ્યા તેની સાથે સાથે પોલીસ અને લશ્કરીદળ સાથે ડેપ્યુટી કમિશનર પણ તે સ્થળે આવી પહોંચ્યા. ડેપ્યુટી કમિશનરને અંદર આવવા દીધા પરંતુ શીખ આગેવાન, જ્ઞાની શેરસિંગે સરકારની દરમ્યાનગીરીની ના પાડી અને ડેપ્યુટી કમિશનરની કોઈ પણ પ્રકારની સહાય ન માગી. મામલો ઠીક ઠીક કાબૂ હેઠળ છે અને બીજો કોઈ હિંસક પ્રસંગ બન્યો નથી.

. . . હમણાં જ ખબર મળ્યા કે જેના પર પોલીસે ત્રાસ ગુજાર્યો હતો તે વિદ્યાર્થીની તબિયત સુધારા પર છે.

આગા સાહેબે જે સરળ બયાન આપ્યું છે તેની ખૂબીમાં વધારો કરે તેવું હું કંઈ જ ઉમેરી શકું તેમ નથી. આ બે પત્રોમાં મેં એક શબ્દ પણ બદલ્યો નથી. કાચા કેદીઓ હોવા છતાં જેલના ખોરાક સિવાયનો બીજો કોઈ ખોરાક લેવાની ના પાડનાર લાલાજી અને તેમના સાથીઓને હું આદરપૂર્વક વંદન કરું છું. પોલીસની ઉશ્કેરણીજનક હાજરી છતાં અને મૅજિસ્ટ્રેટના હુકમની અવગણના કરીને, આટલી શાંતિથી અને ગૌરવપૂર્ણ રીતે સભા ચલાવવા માટે હું સરદાર પ્રેમસિંગ સોધબંસને ધન્યવાદ આપું છું. જેનું માથું ફૂટ્યું છે તે જુવાન સ્વયંસેવકને અભિનંદન આપું છું. અમૃતસરમાં જે ગંભીર બખેડો થઈ ગયો તેની પૂરી વિગતો મળ્યા પછી તે વિષે અલગ છણાવટ કરીશું. શીખો બહાદુરી અને સંયમથી વર્ત્યા તે વિષે કાંઈ શંકા નથી. જન્મજાત લડવૈયાઓ અહિંસક બને છે ત્યારે તેઓ સૌથી ઉચ્ચ કોટિની હિંમત દાખવે છે. કેટલાયે શીખોએ આવી હિંમત બતાવ્યાના ઐતિહાસિક દાખલા મળે તેમ છે. અત્યારે તેઓ પોતાના ઇતિહાસનું પુનરાવર્તન કરી રહ્યા છે. છેવટ સુધી અહિંસક રહેવાની, પોતાના શોખો બાબતમાં સાદાઈ બતાવવાની અને માત્ર ખાદી જ પહેરવાની સરદાર ખડગસિંગની[૧] સૂચનાનું તેઓ પાલન કરે એવી હું આશા રાખું છું અને પ્રાર્થના કરું છું.

૧. પંજાબના એક કૉંગ્રેસી આગેવાન.

Gandhi Heritage Portal

## પ્રમુખ વિના શું કરીશું[1] ?

આપણા પ્રમુખ પકડાયા તેથી આપણે હડબડવું ન જ જોઈએ. આપણી મહાસભામાં તેમનો આત્મા બિરાજતો હશે. હિંદુસ્તાનને એમનો સંદેશો શો છે તે તો આપણે જાણીએ છીએ. તેઓ પોતે તે સંદેશાની સજીવ મૂર્તિ થયા છે.

મહાસભામાં આપણે મળીએ ત્યાં સુધીમાં આપણામાંના જે કોઈ જેલ બહાર રહ્યા હોઈએ તેમણે કોઈ એકને પ્રમુખનું કામ ચલાવવાને સારુ ચૂંટી કાઢવો રહ્યો. ખરેખર, આથી વધારે શુભ અને મંગળ આશરા હેઠળ આજ સુધી કોઈ મહાસભાની બેઠક નથી મળી. જે અસંભવિત મનાયું હતું તે સરકારના આ શુભ દમનસત્રને પરિણામે લગભગ સંભવિત જણાવા લાગ્યું છે. આપણામાંના ઘણાખરા અગ્રેસરો જેલમાં હોય એ જ સ્વરાજ છે.

અને આ બધી ખટપટ મૂકી જો સરકાર એકેએક અસહકારીને કાં તો તેના અસહકારને સારુ માફી માગવાને સારુ, નહીં તો ૨૬મી ડિસેમ્બર પહેલાં નજીકમાં નજીકની પોલીસ ચોકી પર જઈને પકડાવાને સારુ હાજર થવાનો એક જ એકસામટો હુકમ કાઢે તો તો વળી હું સંપૂર્ણ સ્વરાજ મળ્યું સમજું. એ શરતે તો હું શ્રી વલ્લભભાઈ[2] અને તેમની બહાદુર ટોળીએ આજે મહિનાઓથી રાતના દિવસ કરીને મહાસભાના પ્રતિનિધિઓ તેમ જ પ્રેક્ષકોને ગુજરાતના પાટનગરને છાજે તેવો આવકાર આપવાને ચાહે તેવડી જંગી તૈયારીઓ ભલે કરી હોય તોપણ, મહાસભાની બેઠકને રાજી થઈને જતી કરું. મારે હિસાબે તો સરકારનો એવો કોઈ પણ હુકમ હિંદુસ્તાન માટે સંપૂર્ણ સ્વરાજ છે. એ રીતે એકેએક અસહકારની બલાથી મુક્ત થવામાં સરકારને પણ સુખ છે અને અસહકારીઓને સારુ પણ એ ઘણા દિવસની ભૂખ ભાગનારું ભાવતું ભોજન છે. અસહકારીઓનું સૂત્રવાક્ય જ "સ્વરાજ યા જેલ" એ છે.

પણ આવતી નાતાલના નવા વરસની ભેટ તરીકે આવી ભારે બક્ષિસ આપવા સરકાર ન જ તૈયાર થાય તો તે જે કાંઈ નાનીમોટી મહેરબાનીઓથી અસહકારીઓને નવાજે તેટલી પણ અસહકારીઓએ આભાર સહિત સ્વીકારવી ઘટે. છેલ્લા થોડા જ દિવસમાં જેમણે સરકારની જેલ મેળવી પહેલી પાટલી શોભાવી છે તેવા મોટામાં મોટાઓની યાદી આજના અંકમાં બીજે આપું છું. આ યાદી સંપૂર્ણ નથી એ કહેવાની તો જરૂર નથી જ.

### જેલ ગયા

#### લાહોર

| | |
|---|---|
| લાલા લજપતરાય | ડૉ. સત્યપાલ |
| કે. સંતાનમ | ડૉ. ગુરબક્ષરાય |
| ડૉ. ગોપીચંદ | એસ. ઈ. સ્ટોક્સ |
| મલિક લાલખાન | |

૧. "પ્રમુખ વિના શું કરીશું ?" અને "જેલ ગયા," આ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૫-૧૨-૧૯૨૧ના અંકમાંથી આપ્યું છે.

૨. ૧૮૭૫-૧૯૫૦; ગુજરાતના કૉંગ્રેસી આગેવાન; સ્વતંત્ર હિંદુસ્તાનના પહેલા નાયબ વડા પ્રધાન.

Gandhi Heritage Portal

### અજમેર

મૌલાના મૈનુદ્દીન
મોલવી અબદુલ્લા
મિરઝા અબ્દુલ કાદર બેગ
સૈયદ અબ્બાસઅલી
હાફિઝ સુલતાન હસન
મોલવી નૂરુદ્દીન
મૌલવી અબદુલ કાદર બોઢારી

### અલ્લાહાબાદ

પંડિત મોતીલાલ નેહરુ
મૌલાના શેરાર
પંડિત જવાહરલાલ નેહરુ
શેરવાની
પંડિત શામલાલ નેહરુ
કમાલુ જાફરી
પંડિત મોહનલાલ નેહરુ
શ્રી રણેન્દ્રનાથ બસુ
શ્રી પુરુષોત્તમદાસ ટંડન
શ્રી જૉર્જ જોસેફ
પંડિત ગૌરીશંકર મિશ્રા
કે. બી. માથુર
પંડિત કપિલદેવ માલવિયા

### લખનૌ

હરકરણનાથ મિશ્રા
મૌલાના સલામતુલ્લાહ
ચૌધરી ખલિકુઝ્ઝમાન
મોહનલાલ સકસેના
શેખ મહમદ શૌકતઅલી
ડૉ. લક્ષ્મીસહાય
ડૉ. શિવનારાયણ સકસેના
હકીમ અબદુલવલી
પંડિત બાલમુકુન્દ બાજપેયી
લાલબહાદુર શ્રીપતિ

### બંગાળ

શ્રી ચિત્તરંજન દાસ
જિતેન્દ્રલાલ બેનરજી
શ્રી મૌલાના અબુલ કલામ આઝાદ
મૌલાના અબુલ કલામ આઝાદ
અકરમખાન
માસ્તર સી. આર. દાસ
સસમલ
પદ્મરાજ જૈન
શ્રી હરિલાલ ગાંધી
મૌલાના અબ્દુલ મુસાવીર (સિલહટ)

### દિલ્હી

શંકરલાલ
આસફઅલી

### આસામ

શ્રી ટી. આર. ફૂકન
કલાધર ચાલીહા
એન. સી. બારડોલાઈ
આર. કે. ચૌધરી
બિષ્નુરામ મેહદી
મહીબુદ્દીન

### મદ્રાસ

વેંકટસુબ્બય્યા
લક્ષ્મીનરસિંહમ

મારા સંસ્મરણમાં હતાં તે નામ મેં આપ્યાં છે. આ યાદી સંપૂર્ણ નથી અને તે પૂરી પ્રતિનિધિક પણ ન હોય એ હું જાણું છું. છતાં તે દેશની મનોવૃત્તિની પૂરતી નિદર્શક છે.

Gandhi Heritage Portal

જેઓ સહન કરવા માટે તૈયાર હોય તેઓ સ્વરાજ માટે સૌથી વધારે લાયક છે એવો મારો માપદંડ સ્વીકારવામાં આવે તો એથી દેશની સ્વરાજ માટેની લાયકાતનું મને સ્પષ્ટ દર્શન થાય.

### બંગાળની ફરજ

બંગાળની ફરજ સ્પષ્ટ છે. વરાયેલા પ્રમુખ અને બીજા માન્ય નેતાઓની ધરપકડનો તેણે યોગ્ય પ્રત્યુત્તર આપવો જ રહ્યો. વરાયેલા પ્રમુખની ધરપકડ જેટલો જ મૌલાના અબુલ કલામ આઝાદની ધરપકડનો પ્રસંગ અગત્યનો છે. તેઓ આખા દેશમાં અને ખાસ કરીને મુસલમાનોમાં ઊંચી પ્રતિષ્ઠા ધરાવે છે. રાંચીમાં વર્ષો સુધી અટકાયતમાં રહેલા હોવાથી તેઓ એક કસાયેલા સૈનિક છે. ઈસ્લામના ઉલેમાઓમાં તેઓ અગ્રસ્થાન ધરાવે છે. તેમની ધરપકડની હિંદના મુસલમાનોના દિલમાં ઊંડી અસર થવી જોઈએ. બંગાળના હિંદુઓ અને મુસલમાનો કેવો પ્રત્યુત્તર આપશે? એક કાર્યનો પ્રત્યુત્તર વળતા કાર્યથી જ આપી શકાય. એ પ્રત્યુત્તર શો હોવો જોઈએ તે આપણે જાણીએ છીએ. હજારો બંગાળી હિંદુઓ અને મુસલમાનો સ્વયંસેવકો તરીકે નામ નોંધાવશે અને પકડાશે? બંગાળીઓ ખાદી સિવાય બીજું કંઈ જ નહીં પહેરે? કૉંગ્રેસના પ્રમુખે તેમની દિલ-દ્રાવક હાકલમાં બંગાળના વિદ્યાર્થીઓ પાસેથી જે આશા રાખી છે તે તેઓ પૂરી કરશે?

### અહિંસાનો વિજય

હું સ્વીકારી લઉં છું કે બંગાળના અને ખાસ કરીને કલકત્તાના હિંદુઓ અને મુસલમાનો સંપૂર્ણ શાંતિ જાળવશે. અત્યારની શાંતિ ભવિષ્યની સૂચક હોય તો મુંબઈએ જે પાપ કર્યું છે[1] તે લગભગ પૂરેપૂરું ભૂંસાઈ ગયું છે. મુંબઈનો બોધપાઠ દિલમાં ઊતરી ગયો છે. તે હમેશ આપણી સામે રહેવો જોઈએ. જે કોઈ નેતા બાકી રહ્યા હોય તેમની આસપાસ યુવકોએ એકઠા થઈ જવું. તેમણે અધીરા ન થવું. તેમણે મગજ શાંત રાખવાં અને હાથને રેંટિયા પર રોકાયેલા રાખવા. એકેએક અસહકારી સ્ત્રીપુરુષે સ્વયંસેવક તરીકે નામ નોંધાવવાં અને સરકાર ઇચ્છે તેને પકડવાનું સહેલું થઈ પડે તે માટે તે રોજરોજ છાપામાં પ્રગટ કરવાં. આપણા રાષ્ટ્રીય ઇતિહાસના આ સૌથી સુંદર અવસરે બંગાળની ઉદાત્ત ભાવનાને ઉત્તમ કોટિની ઠંડી તાકાતમાં ફેરવી નાખવી જોઈએ. એમાં ન હોય કશી બડાશ, ધાંધલ કે ખોટું સાહસ. ધ્યેય પ્રત્યેનો ધાર્મિક ભક્તિભાવ અને કરેંગે યા મરેંગેનો દૃઢ નિરધાર હોય એટલે બસ.

### મહાસભાના કાર્યકર્તાઓને[2]

દરેક મહાસભા સમિતિના મંત્રીને મારી વિનંતી છે કે તેમણે પોતપોતાના ઇલાકામાં થયેલી ધરપકડો અને કેદની છેલ્લામાં છેલ્લી યાદીઓ અને તે સાથે જ પકડાયેલા લોકોની જગાએ નવા નિમાય તે મંત્રીઓ અને પ્રમુખોનાં નામ મને મોકલવાં અને જરૂર જણાય તો રોજની ડાયરી પણ મોકલવી. લખાણ બની શકે તેટલું ટૂંકાણમાં, મુદ્દાસર અને કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરોમાં લખી મોકલવું, કે તેમાંનું જે કાંઈ જરૂરી જણાય તે સહેલાઈથી હું છાપી પ્રગટ કરી શકું.

૧. આ ઉલ્લેખ દેખીતી રીતે જ ૧૯૨૧ના નવેમ્બરની ૧૭મીએ મુંબઈમાં પ્રિન્સ ઑફ વેલ્સ આવી પહોંચતાં થયેલાં તોફાનો અંગે છે.

૨. "મહાસભાના કાર્યકર્તાઓને," નવજીવન, ૧૮-૧૨-૧૯૨૧ના અંકમાંથી "આવતી મહાસમિતિ" નવજીવન, ૧૫-૧૨-૧૯૨૧ના અંકમાંથી અને "કારોબારી સમિતિ," "શિયાળો," આ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૮-૧૨-૧૯૨૧ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

## આવતી મહાસમિતિ

અખિલ ભારતવર્ષીય રાષ્ટ્રીય મહાસમિતિની આવતી તારીખ ૨૪મીએ મળનારી બેઠકનું મહત્ત્વ નિરાળું જ છે. આ બેઠકના નિર્ણય ઉપર ભવિષ્યના આખા કાર્યક્રમનો આધાર રહેશે. મને ઉમેદ છે કે મહાસમિતિનો એકેએક સભ્ય આ બેઠકમાં ખસૂસ હાજર રહેવા પ્રયત્ન કરશે. દરેક સભ્ય કશા પણ સંકોચ વગર પોતાનો સ્વતંત્ર અભિપ્રાય આપશે એવી આશા છે. અને અભિપ્રાય આપવો એટલે તે મુજબ અમલ કરવો. આપણા પ્રજાકીય ઇતિહાસની આ ઘડીએ નિર્જીવ યંત્ર જેવી બહુમતી કશી કિંમતની નથી. જો આપણે કોઈ ચોક્કસ કાર્યક્રમની તરફેણમાં મત આપીએ તો તેમાં આપણને શ્રદ્ધા હોવી જોઈએ અને પ્રાણ જતાં પણ તેનો અમલ કરવાની આપણી તૈયારી હોવી જોઈએ.

આપણે જેલના દરવાજાઓને આપણી ભીડથી પહોળા કરવા જોઈએ અને વરરાજા માહ્યરામાં જઈ બેસે તેટલા ઉલ્લાસપૂર્વક જેલોમાં દાખલ થવું જોઈએ. સ્વતંત્રતાનાં સંવનન ધારાસભાઓમાં, અદાલતોમાં કે શાળાકોલેજોના વર્ગોમાં નહીં પણ કેદખાનાની દીવાલોમાં અને કોઈ કોઈ વાર તો ફાંસીને લાકડે ચઢીને જ કરવાનાં હોય છે. સ્વતંત્રતા એ આ દુનિયામાં સૌથી વધારેમાં વધારે ચંચળ નખરાળી નાર છે. એ દુનિયાની સૌથી મોટી મોહિની છે. એને પ્રસન્ન કરવી એ કપરામાં કપરું કામ છે. એ કેદની કોટડીઓમાં અને આંખે અંધારાં આવે એટલી ઊંચાઈએ પોતાનાં મંદિર બાંધે છે અને આપણને જેલની દીવાલો ચડતાં અગર તો હિમાલય જેટલી ઊંચાઈએ આવેલા એ મંદિરે પહોંચવાની આશાએ અગણિત કંકરકાંટાઓથી ભરેલા ખીણટેકરાઓ વચ્ચે થઈને લોહીલોહાણ પગે રસ્તો કાપતા જોઈને ખડખડ હસે છે.

તેથી મહાસમિતિની બેઠકને સારુ આવનારા સભ્યોએ પોતાની જે કંઈ ધારણા હોય તે ચોક્કસ કરીને જ આવવું જોઈએ. જો જેલો અને કેદખાનાં માગી લેવામાં આપણને શ્રદ્ધા ન હોય તો છડેચોક આપણે એ વાતનો એકરાર કરીએ અને બીજા ઇલાજ સૂચવીએ. હું તો જો છેક અત્યારે પણ અગર તો કોઈ પણ વખતે કેદખાનાના માર્ગમાં શ્રદ્ધાવાળો ન હોઉં તો હું એકલો જ હોઉં તોપણ તેની તરફેણમાં મારો મત આપવાની ના જ પાડું. તે જ પ્રમાણે જો હું તેમાં માનનો હોઉં તો તેટલી જ દૃઢતાપૂર્વક તેની તરફેણમાં મારો મત આપું અને મને ટેકો આપનાર એક પણ ન નીકળે તેનું દુઃખ માનું નહીં.

જે કટોકટીની સ્થિતિ વચ્ચે થઈને અત્યારે આપણે પસાર થઈ રહ્યા છીએ તેને પહોંચી વળવાને ફુરસદે અમલ કરવાનો કોઈ કાર્યક્રમ ચાલી શકે એમ નથી. આપણે જેઓ જેલની બહાર છીએ તેઓ જેઓ એ જીવનદાયી દીવાલોની અંદર ગયેલા છે તેમના ટ્રસ્ટી બન્યા છીએ. અને આજે આપણા સિદ્ધાંતોનો મક્કમપણે અમલ કરી એ દીવાલોની અંદર પહોંચી જઈને અને આપણો બોજો આપણી પાછળનાઓની ઉપર નાખતા જઈને જ આપણે એમના એ વિશ્વાસને શોભાવી શકીશું.

## કારોબારી સમિતિ

આ સમિતિની છેલ્લી વારની બેઠક ચાલુ અઠવાડિયાની આખર પહેલાં જ મળવાની. સંજોગો સામું જોતાં આ બેઠક કસોટીની ગણાશે. સમિતિના પંદર સભાસદોમાંથી દેશબંધુ દાસ, લાલાજી,

Gandhi Heritage Portal

પંડિત મોતીલાલ નેહરુ[1] અને મૌલાના અબુલ કલામ આઝાદ, જેઓ હાલમાં જ મૌ. મહમદઅલીની[2] જગ્યાએ નિમાયા હતા, એ ચાર સભ્યો ના. શહેનશાહના મહેમાન થયા હોવાથી આપણી વચ્ચે નહીં હોય. આ સ્થિતિમાં મારી એવી સૂચના છે કે આ ચારે સભ્યોના પ્રાંતોએ પોતપોતાના પ્રાંતમાંથી એક એક પ્રતિનિધિ મોકલવો. આ પ્રતિનિધિઓ સમિતિની બેઠક અગાઉ એક દિવસ વહેલા આવે અને પોતે સમિતિમાં મત ન આપી શકે તોપણ પોતાની સલાહનો લાભ સમિતિને આપે. વળી જે પ્રાંતોના સભ્યો કારોબારી સમિતિમાં સીધા આવી શકયા નથી તે પ્રાંતો પણ પોતાનો એક એક પ્રતિનિધિ સમિતિમાં મોકલે, જે પોતાની સલાહથી સમિતિની ચર્ચાને મદદ કરે.

### શિયાળો

મહાસભાને સારુ આવનારા પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોનું અમદાવાદના શિયાળાને વિષે ધ્યાન ખેંચવાની મિત્રોએ મને સૂચના કરી છે. અમદાવાદનો શિયાળો મુંબઈના જેવો મોળો નથી. તેમ દિલ્હી કે અમૃતસરના જેવો આકરો પણ નથી. છતાં મહાસભાને સારુ આવનારાઓએ પહેરવાઓઢવાનું ઠીક ઠીક સાથે લાવવું જોઈએ. સભામંડપમાંથી ખુરશીઓને રજા મળેલી છે. તેથી પ્રતિનિધિઓને પોતપોતાના જોડા ઉતારી સંભાળવાને સારુ ખાદીની કોથળીઓ જૂજ કિંમતે પૂરી પાડવામાં આવશે. જેઓ ઘેરથી કોથળીઓ સાથે લેતા આવે તેઓ તેમ કરી શકશે.

પણ જોડા મંડપ બહાર રાખવા એ તો ઇચ્છવાજોગ નથી જ. આ બાબતમાં ખૂબ વિચાર કર્યા પછી જ સ્વાગત મંડળ મંડપ બહાર જોડા ઉતારવા માગનારના જોડા સાચવવાની કશી જોગવાઈ ન કરવાના નિર્ણય ઉપર આવ્યું છે. ખિલાફત પરિષદોમાં કાગળ કે ન્યૂસપેપરમાં વીંટાળીને અગર બીજી રીતે જોડા સાથે લઈ જવાનો રિવાજ પડયો છે. એની અવેજીમાં ખાદીની કોથળી ખૂબ સગવડભર્યો અને ઉપયોગી ફેરફાર છે. ઉપરાંત રોશની માટે પૂરતી વીજળીની, પાણી માટે નળોની અને પાયખાનાં વગેરેની સગવડો સ્વાગત મંડળ મોટા પાયા પર કરી રહેલ છે કે પ્રતિનિધિઓની તંદુરસ્તી અને સગવડો જેટલાં બની શકે તેટલાં સચવાય. પણ સ્વાગત મંડળ તરફથી પૂરી પાડવામાં આવનારી સુખસગવડો વિષે મારે અગાઉથી ભવિષ્ય ભાખવું ન જોઈએ.

### રાજીનામાં

બધાં જ ખાતાંના સરકારી કર્મચારીઓનાં રાજીનામાંના સમાચારો છાપાંમાં વાંચવામાં આવે છે. આવા એક રાજીનામાની નકલ બેલગામથી મારા પર મોકલી આપવામાં આવી છે. કર્ણાટકના નેતા ગંગાધરરાવ દેશપાંડેની[3] સજાના વિરોધમાં જાહેર આરોગ્ય ખાતાના મદદનીશ નિયામકની કચેરીના અવલકારકુને તેમની જગાનું રાજીનામું આપી દીધું છે. તેમણે તેમના રાજીનામામાં પોતાની અંગત ફરિયાદનું વર્ણન કર્યું છે પરંતુ સરકારી નોકરી છોડી દેવા માટે એ પૂરતું પ્રેરકબળ નહોતું. આસામમાં સ્થાનિક સરકારની દમનનીતિના વિરોધમાં સંખ્યાબંધ વકીલોએ તેમની વકીલાત બંધ કરી છે. આવાં રાજીનામાંના અને વકીલાત બંધ કરવાના બનાવો વધતા જ જશે એવો મને વિશ્વાસ છે.

૧. ૧૮૬૧–૧૯૩૧; ધારાશાસ્ત્રી અને રાજદ્વારી આગેવાન; હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના બે વાર અધ્યક્ષ બન્યા.

૨. ૧૮૭૮–૧૯૩૧; શૌકતઅલીના ભાઈ, ખિલાફત આંદોલનના એક અગ્રગણ્ય નેતા.

૩. "કર્ણાટક કેસરી"ના હુલામણા નામે ઓળખાતા એક અગ્રગણ્ય રાજદ્વારી નેતા.

Gandhi Heritage Portal

## સ્વરાજની ઉતાવળ[1]

બિહારથી એક ભાઈ લખે છે:

દેશકાર્યમાં અમારે ત્યાંના લોકોમાં હું એક ઉત્સાહી કામદાર ગણાતો. હું અસહકારની તરફેણમાં પણ હતો, કારણ મારી પૂર્ણ માન્યતા હતી કે દરેક મુસલમાનને માટે ધાર્મિક દૃષ્ટિએ અત્યારે અસહકાર એ ફરજિયાત વસ્તુ છે. હિંદુસ્તાનના પુનરુદ્ધારની બાબતમાં તો અસહકાર મારફત સફળતા પામવાની છેતરામણીમાં હું અગાઉ પણ પડ્યો નહોતો અને અત્યારે પણ મને તેવી કશી આશા નથી. ઊલટું મને એમ જ લાગતું કે આપણા ખરા હિતને ભોગે જ આપણે બ્રિટિશ સરકારની સામે અસહકાર માંડી શકીએ.

આથી હું એમ નથી કહેવા માગતો કે અસહકાર એ ઓછું અસરકારક હથિયાર છે. મારો મુદ્દો એટલો જ છે કે આપણા દેશી ભાઈઓ હજુ એ શસ્ત્રને પૂરી અહિંસા જાળવીને વાપરી શકે એટલી લાયકાત ધરાવતા થયા નથી. મેં તો અનેક પ્રસંગોમાંથી જોઈ લીધું કે આપના અનુયાયીઓ પોતે જે કાર્ય હાથમાં લીધું છે તેને આગળ ધપાવવાની મહેનત કરવાના કરતાં જ્યાં ત્યાં પોતાનું કામ આગળ કાઢવાની બળતરામાં જ વધુ ફસાયેલા છે. મારે હિસાબે તો દેશનું ચારિત્ર્ય હજુ એટલું નબળું છે કે આપણી આજની પેઢી પૂરી અહિંસા જાળવીને અસહકાર જેવું શસ્ત્ર ચલાવી શકે એ અસંભવિત વસ્તુ છે. અને આપના જેવો સમજુ આગેવાન આ આટલી સ્પષ્ટ અને હડહડતી અધમ અવસ્થા તરફ કેવળ આંખ મીંચી રહે એ શું આશ્ચર્ય નથી?

મેં તો તણાયું તેટલું મારું મગજ તાણી જોયું, પણ “સ્વરાજની આટલી ઉતાવળ શા સારુ?” એ સવાલનો જવાબ મને જડ્યો નહીં. અલબત્ત, જો સ્વરાજ આપણી હથેળીમાં હોત તો પછી તેમાં વિલંબ કરવો અક્ષમ્ય જ ગણાત, પણ આટઆટલી નિષ્ફળતાઓ મળ્યા છતાં હજુ સ્વરાજની વાત કરતાં આપ મહિનાની અને બે મહિનાની મુદતો મૂકતાં અચકાતા નથી, એ જોઈને હું તો હેરાન હેરાન થઈ જાઉં છું. જો આમ બોલવામાં આમપ્રજામાં એક પ્રકારની જાગૃતિ ફેલાવવાનો જ હેતુ હોય તો મને લાગે છે કે વિચારમાં થાપ ખવાઈ છે. હાલમાં છેલ્લા બનેલા બનાવો મારા આ કથનના સાક્ષી છે. પ્રજામાં અસંભવિત આશાઓ ફેલાવવી એ પ્રજાના જુસ્સાની જોડે ગેલ કરવા સિવાય બીજું કશું નથી.

તેથી હિંદુસ્તાનના અને હિંદુસ્તાનની પ્રજાના ભલાને ખાતર આપને આ બધામાં હવે તો “રુક જાઓ” એવી વિનવણી કરવાનું હું સાહસ કરું છું. પહેલાં આપણા દેશવાસીઓને સુધારીએ ને પછી જ લડાઈ પર કૂચ કરીએ. અત્યારે તો આપણે મુડદાલ સિપાઈઓ લઈને જંગ જીતવા નીકળ્યા છીએ. આવી સામગ્રીથી બચાવ કરવા ઊભા રહેવું તેના કરતાં હાર કબૂલ કરી બીજા હુમલાની તૈયારીમાં પરોવાવું એ જ બહેતર છે. ખુદાના કાનૂન ઈનસાફી છે અને તેથી કોઈ પણ કામ ઉપાડવા પહેલાં તેને માટેની શક્તિ તપાસી જોવાનું ઈસ્લામનું ફરમાન છે. મક્કા શરીફની યાત્રા એ ઈસ્લામનાં પાંચ પાયાનાં તત્ત્વોમાંનું એક છે, પણ તે હરકોઈ રસ્તે ચાલનારને સારુ નથી. સ્વરાજને સારુ એટલે કે પોતાના દેશની આઝાદીને સારુ કોશિશ કરવી એ માણસનું એક પ્રથમ કર્તવ્ય હોવું જોઈએ એ

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૨–૧૨–૧૯૨૧ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

સાચું, પણ અમારા ગજા બહાર અમારી કસોટી કરવી એ પણ શું ક્રૂરતા નથી? મને તો લાગે છે કે આ ઉતાવળ જ બધાં તોફાનનું મૂળ છે.

લખનાર એક જાણીતા બિહારી છે. એમણે જે કંઈ લખ્યું છે તે નિખાલસ દિલથી તેમને લાગ્યું તે લખ્યું છે, એ વિષે શંકા નથી. તેથી હું તેમના કાગળનો જાહેરમાં જવાબ આપું છું.

અસહકાર જોકે સૌ પહેલાં તો ખિલાફતના ઈલાજ તરીકે કલ્પાયો, તથાપિ બ્રિટિશ સરકાર સામે અસહકાર કરવામાં દેશના ખરા હિતનો ભોગ રહેલો છે એવું મને અગર તો મારા કોઈ સાથીને કદી પણ જણાયું નથી. ઊલટું અમને તો એમ જ લાગ્યું છે કે જો એ શસ્ત્રને બળે ખિલાફતની બાબતમાં હિંદી મુસલમાનોની વાજબી માગણીઓને વિષે આપણે સરકારને નમવાની ફરજ પાડી શકીએ તો પંજાબને વિષે અને પરિણામે સ્વરાજને વિષે પણ તેમ કરી શકીએ. વળી અહિંસા પણ આરંભથી જ અસહકારનું મુદ્દાનું અંગ ગણાતું આવ્યું છે, અને જો અહિંસાની બાબતમાં દેશને નિષ્ફળતા મળી હોય તો અસહકારની બાબતમાં પણ એની મેળે જ દેશ નિષ્ફળ નીવડ્યો ગણાય. પણ છેલ્લા બનાવોએ અહિંસાની નિષ્ફળતા પુરવાર કરવાને બદલે મારી દૃષ્ટિએ તો ઊલટી અહિંસાની અસર જ પુરવાર કરી છે. મારે હિસાબે તો એ બનાવો સંપૂર્ણ રીતે પુરવાર કરે છે કે મુંબઈનો ઉપદ્રવ એક્લદોક્લ અપવાદ હતો; તે દેશની સામાન્ય સ્થિતિનો સૂચક બિલકુલ નહોતો.

એક વરસ પહેલાં દેશના જુદા જુદા ભાગમાંથી પહેલી પંક્તિના આટલા આગેવાનોને આટલી સરળતાપૂર્વક અને લોકોને તેમની પાછળ આટલા શાંત અને સંયમી રાખીને સરકાર કદી પકડી શકત ખરી? સરકારની યાંત્રિક તોપોએ જ લોકોને શાંત રાખ્યા એમ માનવું એ ભૂલ છે. યાંત્રિક તોપોનો ડર લોકોને ઓછો રહ્યો હશે એ વાત સાચી, પણ એક વાત તો આજે રસ્તે ચાલનાર માણસ પણ કહી શકે તેમ છે, અને તે એ કે આ દેશમાં અત્યારે એવા સેંકડો બલકે હજારો લોકો નીકળ્યા છે, જેમને ડરાવવાનું યાંત્રિક તોપોમાં સામર્થ્ય નથી રહ્યું. તેમ પ્રજા ચારિત્ર્યમાં નબળી થઈ છે એ વાતમાં પણ હું મળતો થઈ શકું એમ નથી. ઊલટું, આ આત્મ-શુદ્ધિની પ્રવૃત્તિએ પ્રજાનું જીવન એટલું અદ્‌ભુત રીતે પલટાવી નાખ્યું છે તે દરેક પ્રાંત પુરવાર કરી આપે તેમ છે. હજુ થોડા જ દિવસ પર એક જાણીતા મુસલમાન મિત્રે મુસલમાન કોમના નવજવાનો જેઓ હમણાં હમણાં સુધી આળસુ અને વિલાસી જીવન ગાળનારા હતા તેઓ એકાએક કેવા ધાર્મિક સાદાઈવાળું અને ઉદ્યોગી જીવન ગાળનારા બની ગયા છે તેનું બયાન આપ્યું હતું.

હા, આપણને સ્વરાજની ઉતાવળ તો જરૂર થઈ છે. બીજું થાય જ શું? માલગાડીના બંધ લોખંડી વૅગનમાં ગૂંગળાઈ મૂઆ તે પેલા કમનસીબ મોપલાઓ પણ જ્યારે જીવલેણ ગૂંગળાટ વચ્ચે રહી રહીને પાવળું પાણીની અગર તો એક શ્વાસ ખુલ્લી હવાની ચીસો નાખી રહ્યા હતા ત્યારે તેમને પણ ઉતાવળ થઈ હતી શું?[1] જે પરદેશી રાજ્યસત્તાના જીવલેણ વૅગનમાં આજે આખું હિંદુસ્તાન નૈતિક ગૂંગળાટથી મરી રહ્યું છે તે તો મોપલાઓનો જીવ લેનારી વૅગનના કરતાં અગણિત દરજ્જે બદતર છે; અને નવાઈ તો એ છે કે આટઆટલાં વરસ વીત્યાં પણ

૧. મલબારમાં વસેલા મોપલા નામના મુસ્લિમોએ ૧૯૨૧ના ઑગસ્ટમાં બંડ પોકાર્યું હતું. હિંદુઓને લૂંટ્યા હતા અને ખુનામરકી અને આગ લગાડવાનાં કૃત્યો કર્યાં હતાં. નવેમ્બરની ૧૯મીએ તેમને બેલ્લારીથી ટ્રેન મારફતે જેલમાં લઈ જવામાં આવ્યા ત્યારે ૭૦ મોપલાઓ ગૂંગળાઈને મરણ પામ્યા હતા.

Gandhi Heritage Portal

હજુ હિંદુસ્તાનની પ્રજાને સ્વતંત્રતાના પ્રાણવાયુની જરૂર ભાસતી નથી! પણ એક વાર આ સ્થિતિ જાણ્યા પછી સ્વરાજરૂપી પ્રાણવાયુની બૂમ મારવી એ શું સ્વાભાવિક નથી? તેમ મુદત બાંધવાની બાબતમાં પણ હું કશો દોષ માથે લેવા તૈયાર નથી. એટલું જ નહીં, પણ જો બતાવેલી શરતો પ્રજા પૂરી કરે — અને તે પૂરી કરવી કંઈ મુશ્કેલ કામ નથી — તો બાર મહિનાની અંદર જ સ્વરાજ અલબત્ત મળી શકે એ જાણવા છતાં મેં મારી એ માન્યતા પ્રજા સમક્ષ ન મૂકી હોત તો જ હું દોષી ઠરત.

અને જો ખરેખર જ અહિંસાનું વાતાવરણ વ્યાપ્યું હશે તો હું હજુયે કહેવાની હિંમત ધરું છું કે આ વર્ષની અંદર જ સ્વરાજની પ્રાણપ્રતિષ્ઠા આપણામાં થઈ ચૂકી હશે. પછી તેનું ખોખું બનતાં ભલે થોડી વધુ મુદત લાગે. વરસની મુદત કંઈ લોકજાગૃતિના હેતુથી નહીં, પણ મહાસભાનાં અનુયાયી સ્ત્રીપુરુષોની તાત્કાલિક ફરજ તેમ જ એવા કર્તવ્યપાલનમાંથી નીપજનારા ભવ્ય પરિણામને વિષે તેમનું લક્ષ એકાગ્ર કરવા ખાતર પોકારવામાં આવી હતી. એમ મુદત બાંધ્યા વગર ન તો આપણે કરોડનો ફાળો કરી શક્યા હોત, ન દેશભર આટલા રેંટિયા ચાલુ કરી શક્યા હોત, કે ન હજારો વાર હાથકંતામણ અને હાથવણાટની ખાદી પેદા કરીને લાખો રૂપિયા દેશના ગરીબમાં ગરીબ કામદારોનાં ઘરોમાં દાખલ કરી શક્યા હોત.

લેખકે મુઠ્ઠીભર સિપાઈઓથી લડાઈએ નીકળવામાં ડહાપણ નથી એમ સૂચવ્યું છે. આજે બંગાળમાં, સંયુક્ત પ્રાંતોમાં અને પંજાબમાં સરકાર જેમ માગી રહી છે તેમ જેલીઓ મળી રહ્યા છે, એ શું મુઠ્ઠીભર સિપાહીગીરીનું સૂચક છે? અને જ્યારે બીજા પ્રાંતોમાં કદાચ એથીયે વધુ સખતાઈભરી દમનનીતિના હુકમો છૂટશે ત્યારે એ પ્રાંતો પણ પોતાનાં પરાક્રમથી ઉપલા ત્રણ સુભાગી પ્રાંતોના જેટલા જ ઝળકી ઊઠશે એ વિષે મને શંકા નથી.

### કેટલીક સાબિતીઓ

યુ. પી. પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના છૂટા રહેલા સેક્રેટરી શ્રી જિયારામ સક્સેના તરફથી આવેલો નીચેનો પત્ર[1] ખુદ એક સાબિતીરૂપ છે:

> યુ. પી. પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના સ્થાનિક હોદ્દેદારોમાં હું જ એક એવો કમનસીબ હોદ્દેદાર છું જે હજી પણ જેલ બહાર રહી ગયો છું. તેથી તાજેતરમાં અહીં શું બની ગયું તે આપને જણાવવાનું મારે માથે આવી પડ્યું.
>
> લગભગ મધરાતે પ્રાંતિક કૉંગ્રેસ સમિતિની ઑફિસ ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો. ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસે તપાસ હાથ ધરી હતી અને તેમણે યુ. પી. કૉંગ્રેસ સમિતિ, કારોબારી સભા અને બીજાં તાબા નીચેનાં મંડળોનાં રજિસ્ટર કબજે કર્યાં હતાં. ઉપરાંત ખિલાફત કમિટીની ઑફિસે અને કેદ થયેલી પ્રતિષ્ઠિત વ્યક્તિઓને ઘેર પણ જડતી લઈ જવામાં આવી હતી.
>
> અમે હવે અલ્લાહાબાદમાં સવિનયભંગની ચળવળ ખૂબ જ વ્યવસ્થિત રીતે શરૂ કરી દીધી છે. રાષ્ટ્રીય સ્વયંસેવકોની ઝડપથી ભરતી કરવામાં આવી રહી છે. . . . ગઈ કાલે ડઝન વૉલંટિયરોની એક ટુકડીને શહેરમાં ફરવા મોકલવામાં આવી હતી. તેમને હાથે રાષ્ટ્રીય બિલ્લા હતા અને તેઓ રાષ્ટ્રગીતો ગાતા ગાતા જતા હતા. . . . કોઈને પકડવામાં આવ્યા નહોતા. . . . આજે એ જ ટુકડી ડઝન વૉલંટિયરોની બીજી એક ટુકડી સાથે શહેરમાં ફરી હતી. . . . આજે કોઈ ધરપકડ થઈ નહોતી. . . .

૧. અહીં માત્ર ઉતારા જ આપ્યા છે.

Gandhi Heritage Portal

લાહોરના એક પત્રલેખક તરફથી આવેલો નીચેનો પત્ર પણ તેટલો જ કીમતી છે:[1]

એકંદરે વાતાવરણ સરસ છે. શહેરના જુદા જુદા વિભાગોમાં એક જ સમયે સભાઓ ગોઠવવા, એક જ જાતનું લખેલું ભાષણ વાંચવા, એક જ ગીત ગાવા અને દસપંદર મિનિટમાં વીખરાઈ જવા માટે જિલ્લા કૉંગ્રેસ સમિતિઓ વૉલંટિયરો મોકલે છે. ગઈ કાલે (૮મી તારીખે) વીસ કેન્દ્રોમાં એવી વીસ સભાઓ ગોઠવાઈ હતી. . . . પકડાવાનો કે જેલનો ભય હવે જતો રહ્યો છે. બેશક, આ એક એવી હકીકત છે કે જેને વિષે દેશ ગર્વ લેશે.

## રખે આપણે ભૂલીએ

લાહોરનો એ જ પત્રલેખક દિલગીરીપૂર્વક જણાવે છે કે ખાદીની ચળવળ કંઈક થંભી ગઈ છે અને લાહોરમાં થોડો સમય પહેલાં જેટલી ખાદીની વપરાશ હતી એટલી અત્યારે નથી. જો એમ જ હોય તો એ સારું ચિહ્ન નથી. કેવળ જેલો જ ઊભરાવવાથી આપણો આખોયે હેતુ સરશે નહીં. હિંદ સ્વદેશી તરફ નહીં વળે તો ગમે એટલા જેલ જશે તોપણ તે સ્વતંત્ર નહીં થાય. અને લાખો ભૂખ્યાંઓનાં પેટ પણ નહીં ભરાય. કેવળ કોઈ ખાસ વર્ગ માટે નહીં પણ સૌ માટેના કાર્યક્રમનાં ચાર મહત્ત્વનાં તત્ત્વો વગર આપણે સ્વરાજ નહીં મેળવી શકીએ. અને તે છે હિંદુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી અને યહૂદીની એકતા; સ્વદેશી, એટલે કે હાથે કાંતેલી વણેલી ખાદીનું ઉત્પાદન અને તેનો વપરાશ તથા તમામ પરદેશી કાપડનો બહિષ્કાર; હિંદુઓ દ્વારા અસ્પૃશ્યતાનિવારણ; અને અહિંસાનું સાર્વત્રિક પાલન. અને આ બાબતો હું વારંવાર ગણાવું તો વાચકને કંટાળો ન આવવો જોઈએ. આ બાબતો પલંગના ચાર પાયા જેવી છે. એમાંથી એકને પણ દૂર કરશો તો પલંગ સ્થિર રહી શકશે નહીં.

## ધોળી ટોપી સામે ઝુંબેશ[2]

રત્નાગિરિ જિલ્લામાં આવેલા દેવરૂખના સબજજ અને ત્યાંના એક વકીલ વચ્ચે ધોળી ટોપી વિષે થયેલી ચકમકની હકીકતનાં કાગળિયાં એક મિત્રે મને મોકલી આપ્યાં છે. સદરહુ વકીલ રા. વૈદ્યની સામે ઉપલા મુનસફ સાહેબે નીચેનો હુકમ કાઢયો :

રા. વૈદ્ય આજે ખાદીની ટોપી જે સામાન્ય રીતે "ગાંધી ટોપી" કહેવાય છે તે પહેરીને કોર્ટમાં આવ્યા છે. રત્નાગિરિ જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ જજ ઉપર હાઈકોર્ટના વડા ન્યાયાધીશ તરફથી આવેલા પત્રમાં આ બાબતમાં હાઈકોર્ટનો જે અભિપ્રાય દર્શાવવામાં આવ્યો છે, જે આ અદાલત પર જાણને માટે મોકલવામાં આવ્યો હતો અને જેના ખબર દેવરૂખના વકીલવર્ગને આપવામાં આવ્યા છે, તેને અનુસરીને મેં રા. વૈદ્યને જણાવ્યું કે તેમણે ખાદીની ટોપી પહેરીને કોર્ટમાં આવવું એ કોર્ટનું અપમાન કર્યા બરાબર છે. અને તેથી મેં તેમને તાબડતોબ કોર્ટમાંથી ચાલ્યા જવા અને જ્યાં સુધી ડિસ્ટ્રિક્ટ જજ અગર તો હાઈકોર્ટ પોતાનો હુકમ ન ફેરવે ત્યાં સુધી ફરી એવી ટોપી પહેરીને ન આવવા ફરમાવ્યું છે. મેં તેમને વધુ એવી પણ ચેતવણી આપી છે કે આ હુકમ પછી જો તેઓ ફરીથી આ ટોપી પહેરીને અદાલતમાં આવશે તો તેઓ કોર્ટનું અપમાન કર્યાની બધી

૧. અહીં માત્ર ઉતારા જ આપ્યા છે.

૨. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૨–૧૨–૧૯૨૧ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

11600

-૭૮ GAN

જોખમદારીને પાત્ર ઠરશે. રા. વૈદ્યના જવાબની અને આ હુકમની એક નકલ આ બાબતમાં ઘટતું કરવા મે. ડિસ્ટ્રિક્ટ જજ તરફ મોકલી આપવામાં આવશે.

વડા ન્યાયાધીશના પત્રમાંથી વકીલોને ખબર આપવાને લગતા ઉતારા નીચે મુજબ છે:

વકીલ લોકો કોર્ટમાં "ગાંધી ટોપી" પહેરે એ વાતની હાઈકોર્ટ બેશક વિરુદ્ધ છે. અને જે કોઈ વકીલ એ ટોપી પહેરીને કોર્ટમાં આવે તે જજનું અપમાન કરે છે એમ માને છે.

અમને આશા છે કે હાઈકોર્ટનો આ અભિપ્રાય જાણ્યા પછી વકીલો આ બાબતમાં સમજી જશે.

જે કોઈ વકીલ માથે પાઘડી સિવાય બીજું કંઈ પણ પહેરે છે તે તે પહેરીને કોર્ટમાં ન આવે.

આ વકીલોને ખબર કરજો કે હાઈકોર્ટ તેમની વર્તણૂકને સખત રીતે નાપસંદ કરે છે.

આને દેવરૂખના સબજજ સાહેબે નીચેની પૂર્તિ જોડી:

નીચે સહી કરનારા આશા રાખે છે કે આમાં જણાવેલા હાઈકોર્ટના અભિપ્રાયને વકીલવર્ગ માન આપશે અને નીચે સહી કરનારને તેનો ફરજિયાત અમલ કરવાનો વારો નહીં આવે.

અત્યારના બનાવોની ધમાચકડી વચ્ચે આ વાતની થોડી ચર્ચા કરી લેવાની તક હું નહીં ખોઉં. આ વાત થોડા વકીલોને જ લગતી છે, પણ ખાદીની સામે ઉઠાવવામાં આવેલી આ લડાઈના મૂળમાં રહેલો સિદ્ધાંત ભારે મહત્ત્વનો છે. આ હુકમ બતાવી આપે છે કે સાવ નિર્દોષ, નૈતિક અને આર્થિક પ્રવૃત્તિઓ સુધ્ધાં કચડી નાખવાના તેના વિરોધીઓ કેવા પ્રયત્ન કરે છે. જે માથાનો પોશાક આખા હિંદુસ્તાનમાં ભલભલાની દૃષ્ટિએ આજે સંપૂર્ણ ગૃહસ્થાઈભર્યો અને ખાનદાન છે તેની સામે હાઈકોર્ટના વડા જજ પોતાના દરજ્જાની બહારની વેળાએ વાંધો લેશે ખરા? અને જે વકીલો આ રાષ્ટ્રીય ટોપીને પોતાના પોશાક તરીકે સ્વીકારે છે તેઓ કોર્ટનું અપમાન કરવા ખાતર નહીં પણ પોતાના અને પોતાના દેશના માનને ખાતર તેમ કરે છે. તેઓ તેમ કરે છે કારણ તેઓ ખાદીની ટોપીમાં સમાયેલી પોતાની ધાર્મિક અગર રાજદ્વારી માન્યતા છુપાવવા નથી માગતા. જે માણસને સ્વમાન નથી તે ગોલા બબરચી જેવો છે. વકીલો તે હાઈ-કોર્ટના ગોલા બબરચી છે કે અમલદારો છે? તેઓ પ્રજાની સ્વતંત્રતાના રક્ષક કહેવાય છે. શું તેમણે તેમની પોતાની સ્વતંત્રતાને ખૂંચવાતી જોયા કરવી? હું સાંભળું છું કે રા. વૈદ્યે સ્વમાન સાચવીને ન ચલાવી શકાય તો વકીલાત છોડી દેવાનો નિશ્ચય કર્યો છે. તેથી તેમણે ઉપલા હુકમ સામે પોતાનો વાંધો નોંધાવ્યો છે અને સબજજ પોતાની તરફેણમાં ફેંસલો ન આપે ત્યાં સુધી કોર્ટમાં ન જવાનો નિર્ણય કર્યો છે. હું એમ પણ સાંભળું છું કે બીજા વકીલો પણ ભેગા મળીને પોશાકની બાબતમાં પોતાની સ્વતંત્રતા અને સ્વમાન કેમ સચવાય તે વિષે વિચાર ચલાવી રહ્યા છે. જો સરકારની અદાલતોમાં વકીલાત કરવી છોડી દેવાનું અગર તો તેની શાળાકૉલેજોમાંથી નીકળી જવાનું વકીલો કે વિદ્યાર્થીઓથી એક વર્ગ તરીકે ન બની શકતું હોય તોપણ ઓછામાં ઓછું જ્યાં જ્યાં તેમના અંગત હકો ઉપર આવી જાતની તરાપ આવે છે ત્યાં તો તેઓ પોતાનું સ્વમાન જાળવવાને સારુ વિઝાગાપટ્ટમના વિદ્યાર્થીઓની પેઠે જ બહાદુર બની લડત ચલાવશે એમ આપણે ઇચ્છીએ.


Gandhi Heritage Portal

## કૃપાલાની અને મંડળી

અધ્યાપક કૃપાલાની[1] અને તેમના આશ્રમના પંદર આશ્રમવાસીઓ પકડાયાના સમાચાર આપતો એક તાર મને બનારસથી મળ્યો છે. નિર્દોષોનું બલિદાન ઝડપથી આગળ વધી રહ્યું છે. અધ્યાપક કૃપાલાની શિક્ષણશાસ્ત્રી છે અને તેઓ પોતાના શિષ્યો સાથે ઓતપ્રોત થઈ ગયા છે. તેમના સંસર્ગથી જેમના જીવનનું પરિવર્તન થયું છે એવા અનેક નિષ્ઠાવાન શિષ્યો તેમની પાસે છે. આચાર્ય કૃપાલાનીએ ખૂબ મંથન કરીને અને ઊંડી વિચારણા બાદ અહિંસા અપનાવી છે અને તેમાં તેમને અડગ શ્રદ્ધા છે. તે પોતાની તથા પોતાના વિદ્યાર્થીઓની શક્તિ સ્વદેશીની રચનાત્મક બાજુનો વિકાસ કરવામાં વાપરી રહ્યા છે, અને બનારસમાં તેઓ એક આદર્શ સંસ્થા ચલાવે છે. ખપ-પૂરતી જ જરૂરિયાતો રાખી તેમણે તેમનું જીવન સાદું બનાવ્યું છે અને સંસ્થાની મુશ્કેલીઓમાં અને સગવડોમાં પોતાના વિદ્યાર્થીઓના સહભાગી બની તેઓ તેમની સાથે રહે છે. અને પોતાના વિદ્યાર્થી-ઓને પ્રેરણા આપતા એમના ખાસ સહવાસમાં જ આ ખાસ સગવડો મુખ્યત્વે સમાયેલી છે. તેમને તથા તેમના પંદર શિષ્યોને શા માટે પકડવામાં આવ્યા છે તે વિષે મને કંઈ સમાચાર મળ્યા નથી. તેમને સ્વયંસેવક તરીકે કામ કરવા માટે પકડવામાં આવ્યા હશે એમ કહેવાની હું હિંમત કરું છું. કારણ કે કૃપાલાની પોતે ભયમાંથી છટકી જાય એવા માણસ નથી. ગમે તેમ પણ તેમણે આવી બીજી સંસ્થાઓનું માર્ગદર્શન કર્યું છે. શુદ્ધમાં શુદ્ધ દિલવાળા માણસો સ્વયંસેવક બની ભલે જેલમાં જાય. આ બાબતમાં કારોબારી સમિતિની સૂચનાઓનું કડક પાલન થવું જોઈએ. બીજા કોઈ નહીં પણ કેવળ અત્યંત શુદ્ધ દિલવાળા જ સત્યાગ્રહી તરીકે જેલમાં જવા માટે લાયક છે. અત્યાર સુધી આપણે શિથિલ રહ્યા હોઈશું, પણ હવે તો આપણે પસંદગી કરવામાં તદ્દન ચોક્કસ રહેવું પડશે. જેમનાં મન નિર્મળ નથી અથવા જેઓ અહિંસા કે સ્વદેશી અથવા અસહકારના કોઈ પણ મહત્ત્વના અંગમાં વિશ્વાસ ધરાવતા નથી તેઓ અરજી નહીં કરે એવી હું ખરા દિલથી આશા રાખું છું. આમ અલગ રહીને તેઓ સેવા જ કરશે.

## ગુપ્તિઓ

સ્વયંસેવકોની પસંદગીના પ્રશ્નનો વિચાર કરતાં મને એ જાણીને દુ:ખ થયું કે કલકત્તામાં કેટલીક જગ્યાએ ગુપ્તિઓ અને એવાં બીજાં હથિયારો મળી આવ્યાં હતાં. અહિંસાના સૈનિકો પાસે લાકડીઓ કે તલવારો ન હોવી જોઈએ. અહિંસા એ આપણું હથિયાર હોવાથી હિંસાના એકેએક પ્રતીકનો આપણે ત્યાગ કરવો રહ્યો. છોટાણી મિયાં[2] એમના જાહેરનામામાં ખૂબ જ યોગ્ય રીતે જણાવે છે તેમ આપણે હિંસાનો વિચાર સુધ્ધાં ન કરવો જોઈએ.

## આયર્લૅંડનો યજ્ઞ[3]

ના. વાઈસરૉય સાહેબે આયર્લૅંડનો દાખલો આપણા મોં પર ફેંક્યો છે. એ વીર જાતિની સ્વાતંત્ર્યસાધના પર પણ આપણે જરા વાર વિચાર કરીએ. હું વાચકને મારી જોડે જ મનાવવા

૧. આચાર્ય જી. ભ. કૃપાલાની (જન્મ ૧૮૮૮); ચંપારણ અને અસહકારના આંદોલનોમાં ભાગ લીધો; બનારસ હિંદુ યુનિવર્સિટીના ૧૯૧૮–૨૦ દરમ્યાન અધ્યાપક; ૧૯૨૦માં ખાદી અને ગ્રામોદ્યોગ માટે ગાંધી આશ્રમની સ્થાપના કરી; ૧૯૨૨–૭ દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય; ૧૯૪૬માં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ.

૨. મુંબઈના એક રાષ્ટ્રવાદી મુસ્લિમ આગેવાન.

૩. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૨–૧૨–૧૯૨૧ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

ઇચ્છું છું કે અત્યારે આયર્લૅન્ડને જે સ્વતંત્રતા મળ્યાનું જણાય છે તે આયરિશ પ્રજાએ સામાનું જે લોહી રેડ્યું છે તેને પરિણામે નહીં, પણ તેણે પોતે પોતાનું જ ધોધબંધ લોહી સ્વતંત્રતાની કિંમત તરીકે રાજી થઈને આપ્યું તેને જ પ્રતાપે મળી છે. અને ઇંગ્લંડે પણ કચવાતા અંતઃકરણે આજે જે કંઈ આપવા કાઢ્યું છે તે પોતાના થોડાક વધુ માણસો ખોવા પડે એ બીકે નહીં, પણ સ્વતંત્રતાને બીજી કોઈ પણ વસ્તુ કરતાં પ્યારી સમજનારી એક વીર પ્રજા પર હવે વધુ વખત ત્રાસ અને કેર વર્તાવવામાં રહેલી શરમને લીધે જ છે, એ નિઃસંદેહ છે. આયરિશ પ્રજાની કુરબાની જ આ સમાધાનીમાં સર્વોપરી નીવડી છે.

બોઅર પ્રજાના મરહૂમ પ્રેસિડન્ટ ક્રૂગરે[1] જ્યારે પોતાના ખોબા જેટલા બિનતાલીમના દેશભાઈઓના બળ ઉપર બ્રિટિશ સલ્તનતને નોટિસ મોકલી ત્યારે તેમણે કહેલું કે "હું આખી દુનિયાને દંગ કરી મેલીશ." એની મતલબ એ હતી કે હું એકેએક બોઅર સ્ત્રી, પુરુષ અને બાળકની તમને ભેટ ચડાવીશ અને એક પણ બોઅર દિલને નમાવવાને સારુ રહેવા નહીં દઉં અને બોઅર શહીદોનાં લોહીથી થબથબતી એ ઉજ્જડ વેરાન દક્ષિણ આફ્રિકાની ભૂમિ અંગ્રેજોને મનમાન્યું રખડવાને સારુ મોકળી મૂકીશ.

અને જ્યારે ઇંગ્લંડ જુદા જુદા બોઅર પ્રદેશોને ચોમેરથી ઘેરા ઘાલી વચ્ચે ઘેરાયેલાં બોઅર સ્ત્રી-પુરુષ-બાળકોને પોતાના ભરડામાં લઈ માખીઓની પેરે મારી મારીને થાક્યું અને જ્યારે બોઅરોએ પોતાના લોહીની એટલી તો ઉજાણીઓ પર ઉજાણીઓ આપી કે ઇંગ્લંડનું ગળું આવી ગયું, ત્યારે તે નમ્યું.

અને એ જ રીતે આયર્લૅન્ડ પણ આજે વરસોનાં વરસ થયાં પોતાની કુરબાનીઓથી દુનિયાને દંગ કરી રહ્યું છે. અને આજે ઇંગ્લંડ નમ્યું છે તે પણ જ્યારે હજારો આયરીશ નસોમાંથી ઊડતી લોહીની છોળો તેનાથી દેખી ન ખમાઈ ત્યારે. મારી તો ખાતરી છે કે આપણને પણ કાયદાની બારીકીઓ, ન્યાયના સિદ્ધાંતોની ચર્ચાઓ અગર તો કાઉન્સિલો કે ધારાસભાઓના ઠરાવોથી કશું જ મળવાનું નથી. દક્ષિણ આફ્રિકાને અને આયર્લૅન્ડને કરવું પડ્યું તેમ આપણે પણ આપણાં બલિદાનથી અને કુરબાનીઓથી દુનિયાને દંગ કરી મેલવી પડશે. તફાવત એટલો જ છે કે અસહકારીઓ ઉપલી બે જાતિઓના જીવંત ઇતિહાસથી સામાનું લોહી રેડ્યા વગર માત્ર પોતીકું જ લોહી આપી દેવાની કળા શીખી રહ્યા છે. જો તેઓ આટલું કરી શકશે તો થોડા દિવસની અંદર અગર તો થોડા માસમાં તેઓ સ્વરાજ લઈને બેસી જશે.

પણ જો તેઓ ગુલામીભર્યું અનુકરણ કરીને દક્ષિણ આફ્રિકા કે આયર્લૅન્ડની નરી નકલ જ કરવા નીકળશે તો તો પછી માત્ર ઈશ્વર જ એક હિંદુસ્તાનનો તારણહાર છે! એ રસ્તે તો પછી આ પેઢી દરમિયાન સ્વરાજની આશાને વીંટી જ મૂકવી. અને હું એ પણ જાણું છું કે મૉન્ટેગ્યુ[2] સાહેબે આપવા કાઢેલું સ્વરાજ પણ — તેમના હેતુઓ ચાહે તેવા શુદ્ધ અને નિખાલસ હો — આવું જ માયાવી અને જાળ સમાન નીવડવાનું. ધારાસભાઓ કંઈ શૂરવીરો પકવવાનાં કારખાનાં નથી, અને જેની પાછળ રક્ષા કરનારા શૂરવીરો ઊભા નથી તે સ્વાતંત્ર્ય પણ ઝેરી હવા જેવું છે.

૧. ૧૮૨૫–૧૯૦૪; ટ્રાન્સવાલના પ્રમુખ, ૧૮૮૩–૧૯૦૦.

૨. ઈ. એસ. મૉન્ટેગ્યુ (૧૮૭૯–૧૯૨૪); હિંદી વજીર, ૧૯૧૭–૨૨ અને મૉન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાના એક ઘડવૈયા.

Gandhi Heritage Portal

## સ્વરાજ શું છે?

સ્વરાજ વિષે મારો કોઈ સ્પષ્ટ ખ્યાલ છે કે કેમ એવો સવાલ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પૂછે છે. એ લેખક યંગ ઇન્ડિયાના પાછલા અંકો જોઈ જશે તો આ સવાલનો પૂરો જવાબ તેને મળી રહેશે. છતાં અહીં ટૂંકમાં હું એટલું જ જણાવું કે સ્વરાજનો ઓછામાં ઓછો અર્થ એવો થાય કે લોકોએ પસંદ કરેલા પ્રતિનિધિઓની ઇચ્છા પ્રમાણે સરકાર સાથે સમાધાન થવું જોઈએ. તેથી કૉંગ્રેસના પ્રતિનિધિઓ જો કેદીઓની અખૂટ સંખ્યા પૂરી પાડી પોતાનો દાવો સાબિત કરી શકતા હોય તો જે કંઈ સમાધાન કરવામાં આવે તેમાં તેમનો નિર્ણયાત્મક અવાજ રહેશે. એટલે સ્વરાજનો અર્થ એવો થાય કે હિંદના લોકોની, પોતાની માગણીઓ મંજૂર કરવા ફરજ પાડવાની તાકાત. સ્વરાજ તલવારથી નહીં આવે તો તે બ્રિટિશ પાર્લમેન્ટ તરફથી જ આવવું જોઈએ એવા વાઇસરૉયના મત સાથે હું જરાયે સંમત થતો નથી. "તલવારે" જ્યારે લોકોની ઇચ્છા ઠેલી ન શકાય તેવી બળવાન બનાવી હશે ત્યારે બ્રિટિશ પાર્લમેન્ટ તેને માત્ર મંજૂરીની મહોર મારશે. અસહકારીઓ સ્ટીલની તલવારને બદલે આપભોગની તલવારનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. હિંદનો આત્મા બ્રિટિશ સ્ટીલનો સામનો કરી રહ્યો છે. પ્રજાનું સ્વરાજ શું છે એ જાણવા માટે આપણે ઝાઝું નહીં રોકાવું પડે.

## જેલમાં કામ કરવું કે નહીં?[1]

એક મિત્ર મને પૂછે છે કે હવે સરકારે સેંકડો લોકોને કેદની તક આપવા માંડી છે અને લોકો પણ હજારોની સંખ્યામાં તે ઝડપી લેવા લાગ્યા છે, ત્યારે હવે આ લોકોએ જેલમાં કોઈ પણ જાતનું કામ કરવાની ચોખ્ખી ના પાડવી એ શું સરસ નથી? મને ધાસ્તી છે કે આ સૂચના કરનાર ભાઈ આપણા જેલ જવામાં રહેલું નૈતિક રહસ્ય સમજ્યા નથી. આપણે જેલોને એક સંસ્થા તરીકે નાબૂદ કરવા નીકળ્યા નથી. તેથી આપણો કાયદાનો સવિનયભંગ પણ દેશના નીતિ-શૂન્ય કાયદાઓ ભાંગવાથી આગળ ન જ જવો જોઈએ. કાયદાનો ભંગ સવિનય ત્યારે જ કહેવાય કે જ્યારે તેવો ભંગ કરનાર તેમાં મળતી જેલ અગર સજાને આનંદથી માથે ચડાવી લે. કારણ કોઈ પણ નિયમના વિનયી ભંગમાં તેના તેવા ભંગને માટે મૂકેલી સજાનો સહર્ષ સ્વીકાર આવી જ જાય છે. અને માણસ કોઈ કાનૂન જોડે તેમ જ તેના ભંગને સારુ રાખેલી સજા જોડે સામટો લડવા બેસે છે તે જ ક્ષણે તેનો ભંગ સવિનય મટી અવિનયી બની જાય છે અને તે પોતે અંધાધૂંધી તેમ જ અનવસ્થાના વમળમાં ઘસડાઈ જાય છે. સવિનયભંગ કરનારો તો કહીએ તો એક જાતનો વિશ્વહિતકારી છે અને રાજ્યનો મિત્ર છે. એથી ઊલટો ક્રાંતિવાદી માણસ રાજ્યનો શત્રુ અને તેથી વિશ્વાસઘાતી છે.

મેં લડાઈની ભાષા વાપરી છે, કારણ કહેવાતી કાયદેસર પદ્ધતિ તદ્દન નિષ્પ્રાણ અને અફળ થઈ પડી છે. એથી ઊલટું મારો દૃઢ અભિપ્રાય છે કે કાયદાનો સવિનયભંગ એ કાયદેસર લડતનું શુદ્ધમાં શુદ્ધ સ્વરૂપ છે. અલબત્ત એમાં જો એ સવિનય એટલે કે અહિંસામય સ્વરૂપ કેવળ દંભ અને દેખાવ જ માત્ર હોય તો તે પાડનારો અને નામોશીભર્યો થઈ પડે છે. પણ જો અહિંસાના ખરાપણાને વિષે શક ન હોય તો તીવ્રમાં તીવ્ર સવિનયભંગને પણ તેમાંથી ખુનામરકી ચાલશે એ બહાને વખોડી શકાય નહીં. વળી કોઈ પણ મહાભારત તેમ જ જલદ પ્રવૃત્તિ મોટાં મોટાં

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૨-૧૨-૧૯૨૧ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

સાહસ ખેડયા વિના તો ચલાવી શકાય જ નહીં; અને જીવનમાં પણ જો જબરાં જોખમો ન હોત તો જીવનમાં શો સ્વાદ રહેત? દુનિયાનો ઇતિહાસ પણ આપણને શું એ જ નથી શીખવતો કે જોખમ અને તે ખેડવાના સાહસ વગર માણસના જીવનમાં કશી ભવ્યતા રહેત નહીં? જ્યાં ભલભલા વિચારી અને આગેવાન ભદ્ર પુરુષો ક્યાંક સહેજસાજ ભય અગર જોખમ જોતાં જ અગર તો સહેજ તોફાન કે ખળભળાટ થતાં જ ભયથી ત્રાસી જઈ રોષથી ગાભરા બની ઊઠે છે, ત્યાં એ સ્થિતિ તે સમાજનું વાતાવરણ સુધ્ધાં કેટલી અધોગતિએ પહોંચ્યું છે તે સૂચવે છે. આપણે મનુષ્યમાં રહેલા પશુને અલબત્ત હાંકી કાઢવા ઇચ્છીએ છીએ, પણ તેટલા સારુ તેને ખસ્સી કરવા અને નામર્દ બનાવવા નથી માગતા અને પશુવૃત્તિમાંથી માનવને એવો શુદ્ધ અને આત્મજયી બનાવવા જતાં માર્ગમાં પેલો પશુ વચમાં લાગ મળ્યે પોતાનું પાશવી આચરણ ઝળકાવવાનો જ. હું ઘણી વાર કહી ગયો છું તેમ હરવેળાએ અને હરકોઈ પ્રસંગને લઈને રેડાયેલું લોહી મારા હાંજા નથી ગડગડાવી દેતું. હું તો અસહકારીઓ પોતે અગર તો તેમની પ્રત્યે લાગણી રાખનારાઓ જ્યારે પોતે કરેલી પ્રતિજ્ઞાનો હડહડતો ભંગ કરીને લોહી વહેવડાવે છે અને ખુનામરકી કરે છે ત્યારે જ કમકમી ઊઠું છું અને પાણીમાં બેસી જાઉં છું. અને દરેક પ્રામાણિક અસહકારીને એવો આઘાત થવો જ જોઈએ.

તેથી મૂળ મુદ્દા ઉપર આવીએ, તો કાયદાનો સવિનયભંગ કરનારા તરીકે આપણે આમ દરેક જગાએ નિરંકુશ બનવાના વલણ સામે ભારે સાવચેત રહેવું જોઈએ. આપણે જેલના એકેએક ધારાધોરણને પૂરેપૂરા તાબે રહેવું જ જોઈએ, સિવાય કે જ્યાં જેલનો વહીવટ જ સડેલો અને અનીતિમય છે એવી આપણી ખાતરી થાય. બાકી સુખસગવડોનો અભાવ, જુદી જુદી જાતના અંકુશ અને એવી બીજી અગવડો કંઈ જેલના વહીવટને નાલાયક કે સડેલો પુરવાર કરનારી ન કહેવાય. પણ જો કેદીઓને ડગલે ને પગલે અપમાનિત કરવામાં આવે, તેમના ઉપર ઘાતકીપણું ગુજારવામાં આવે, દાખલા તરીકે તેમને ગંદકીભર્યાં ભોંયરાંઓમાં પૂરી રાખવામાં આવે અગર તો માણસને આપવા યોગ્ય ન રહ્યો હોય એવો ખરાબ ખોરાક આપવામાં આવે ત્યારે તે વહીવટ સડયો કહેવાય. મને તો પૂરી ઉમેદ છે કે અસહકારીઓ જેલોની અંદર તદ્દન સીધી રીતે સ્વમાન જાળવીને અને છતાં પૂરા આજ્ઞાંકિત રહીને વર્તશે. આપણે જેલરોને કે વૉર્ડરોને આપણા શત્રુ નહીં પણ આપણા જ જેવા મનુષ્ય અને માનવી લાગણીઓવાળા ગણીએ. આપણી ખાનદાન વર્તણૂક તેમનામાંથી સર્વ પ્રકારની શંકાને અગર તો કડવાશને કાઢી નાખ્યા વિના નહીં રહે.

હું જાણું છું કે એક બાજુએથી આવી નમૂનેદાર આજ્ઞાધારકતા અને બીજી બાજુએથી ભીષણ વિરોધનો આ માર્ગ દુર્ગમ છે, પણ સ્વરાજને માટે ફૂલોથી બિછાવેલો રાજમાર્ગ કોઈ નથી. દેશે પૂરો વિચાર કરીને આ સાંકડો પણ સીધો માર્ગ ગ્રહણ કર્યો છે. સીધી લીટીની પેઠે એ ટૂંકામાં ટૂંકો છે. પણ જેમ સીધી લીટી દોરવાને સારુ પણ હાથ ઠરેલ અને અનુભવીનો જોઈએ તે જ પ્રમાણે આ આપણે પસંદ કરેલા સાંકડા માર્ગ ઉપરથી પણ જો આપણે એક પણ ખોટું પગલું ભર્યા વગર ચાલી જવું હોય તો નિયમપાલનને વિષે આવી આજ્ઞાધારકતા અને હેતુ પ્રત્યેની દૃઢતા પણ આપણામાં તેટલાં જ જરૂરી છે.

સવિનયભંગ કરનારા સત્યાગ્રહીઓને માટે આ માર્ગ ફૂલની પથારી નથી નીવડવાનો એ વાતનું દુઃખદ ભાન મારામાં પૂરેપૂરું જાગ્રત છે. જ્યારે પંડિત મોતીલાલ નેહરુ અને દેશબંધુ દાસના જીવનને હું યાદ કરું છું, જ્યારે તેમના રાજમહેલોને શરમાવે તેવાં દીવાનખાનાંઓ,

Gandhi Heritage Portal

પડયો બોલ ઉઠાવવાને અહોરાત્ર ઊભા રહેતા નોકરચાકરો અને પૈસો ખરીદ કરી શકે તેવી એકેએક સુખસગવડ આંખ આગળ લાવું છું, અને બીજી બાજુએ જ્યારે જેલની લૂખી પણ આકર્ષક દીવાલોની અંદર જ્યાં એમને દીવાનખાનાના મધુર સંગીતની જગાએ કેદીઓની બેડીઓના ખણખણાટ અને પહેરેગીરોની ઉદાસ આલબેલોના અવાજ અહોરાત્ર સાંભળ્યા કરવાના —એ બધો ચિતાર હું મારી આંખ આગળ લાવું છું ત્યારે મારું મસ્તક ભમી જવા લાગે છે. પણ આવા જ બત્રીસલક્ષણાઓનાં બલિદાન હિંદુસ્તાનને સ્વરાજની પ્રાપ્તિ કરાવશે એ વિચારે હું મારા હૈયાને કઠણ કરું છું. દક્ષિણ આફ્રિકાના મોટામાં મોટા અંગ્રેજોને, ફ્રેંચોને, જર્મનોને સ્વાતંત્ર્યની જે કિંમત આપવી પડે છે તેની આગળ આજે આપણે આપવા નીકળ્યા છીએ તે કિંમત ઘણી નાની છે.

## આગા સાહેબ સફદર

આગા સાહેબ સિયાલકોટની ઊડતી મુલાકાતે ગયા હતા ત્યાંથી આ માસની ૧૦મીએ તેમને પકડવામાં આવ્યા છે એવો તાર નહીં પણ પત્ર મને હમણાં મળ્યો છે. તેમની પાછળ પાછળ મોટું ટોળું પણ ગયું હતું. વૉરંટથી અથવા બળજબરીથી પકડવામાં ન આવે ત્યાં સુધી આગા સાહેબે પકડાવાની ના પાડી. છેવટે મૅજિસ્ટ્રેટને, ત્યાં આવીને, તેમની ધરપકડનો હુકમ કરવો પડયો. તેમને શા માટે પકડવામાં આવે છે તે વાત મૅજિસ્ટ્રેટ જણાવી ન શકયા છતાં તેમણે તે હુકમને ખુશીથી માન આપ્યું. કેદખાનાના દરવાજા ખૂલતાંની સાથે ટોળાંમાંથી કેટલાક લોકો અંદર ધૂસી ગયા અને આગા સાહેબની સાથે પોતાને પણ ગિરફતાર કરવા જણાવ્યું. અંદર ધૂસેલાઓને સ્વાભાવિક રીતે જ બહાર હાંકી કાઢવામાં આવ્યા. મને પત્ર લખનાર એમ પણ જણાવે છે કે ટોળાએ મૅજિસ્ટ્રેટનું અપમાન કર્યું. આગા સાહેબને હું ધન્યવાદ આપું છું પણ આગા સાહેબની પાછળ જવાની જેને કાંઈ જ જરૂર ન હતી તે ટોળાને હું ધન્યવાદ આપી શકતો નથી. જેઓ જેલમાં ધૂસી ગયા તેઓ અહિંસાની પ્રતિજ્ઞાની દૃષ્ટિએ ગેરવર્તાવ માટે દોષપાત્ર ઠર્યા અને જેમણે મૅજિસ્ટ્રેટનું અપમાન કર્યું તેમણે, પોતે જે મહાન ધ્યેય માટે કાર્ય કરી રહ્યા હતા તેને હાનિ પહોંચાડી છે અને લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરવાનો જ નહીં પરંતુ કાયર બનવાનો પણ ગુનો કર્યો છે. મને ખબર મળી છે કે પોલીસ ટુકડી નાનકડી હતી. તેનો હવાલો સંભાળનાર અધિકારી વિનયપૂર્વક વર્ત્યા હતા તે પણ મેં જાણ્યું છે. કદાચ આપણી અહિંસા પર ભરોસો રાખીને, મૅજિસ્ટ્રેટના રક્ષણનો પૂરતો પ્રબંધ કરવામાં આવ્યો ન હતો. આપણી પ્રતિજ્ઞામાંથી જરા પણ ચળ્યા તો ઘોડાપૂરે આવતું દેખાતું સ્વરાજનું આગમન થંભી જશે એવી ચેતવણી હું અસહકારીઓને આપું છું.

એમ જાણવા મળ્યું છે કે આગા સાહેબે પોતાના સ્થાન માટે, અનુગામી[1] તરીકે લાલા દુનીચંદને પસંદ કર્યા છે. આગા સફદર સાહેબનું સદ્‌ભાગ્ય નવા પ્રમુખને પણ પ્રાપ્ત થાય એમ ઇચ્છું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–१२–१९२१

૧. પંજાબ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે.

Gandhi Heritage Portal

# ૨. સ્ત્રીઓનો હિસ્સો

કલકત્તાની મહિલાઓએ ખાદીનું વેચાણ કરવાનો પ્રયત્ન કરવામાં કલકત્તાના ગૃહસ્થોના માર્ગમાં અડચણ ઊભી કરી છે અને છાપાંના એક તારના જણાવ્યા પ્રમાણે તેમની ધરપકડ[1] થઈ છે. આ મંડળીમાં કૉંગ્રેસના વરાયેલા પ્રમુખનાં[2] ધર્મપત્ની, તેમનાં વિધવા બહેન અને ભત્રીજીનો[3] સમાવેશ થાય છે.[4] મને ઉમેદ છે કે લડતના આરંભ આરંભમાં તો સ્ત્રીઓને જેલ જવાનું ભાગ્ય નહીં પ્રાપ્ત થાય. સ્ત્રીઓએ કાયદાના સવિનયભંગને સારુ નીકળવાનું હજુ ઠર્યું નથી. પણ બંગાળની સરકારે સ્ત્રીપુરુષ વચ્ચે કશો જ વેરોવંચો ન કરવાના ઉત્સાહમાં કલકત્તાની સ્ત્રીઓને એ માનથી નવાજી છે. મને ઉમેદ છે કે આખો દેશ આ નવી શરૂઆતને વધાવી લેશે.

સ્વરાજપ્રાપ્તિની લડતમાં સ્ત્રીઓનો પણ પુરુષોના જેટલો જ હિસ્સો હોવો જોઈએ. અને આપણી આ શાંત અપ્રતિકારની લડતમાં તો સ્ત્રીઓ તો પુરુષોને ગાઉના ગાઉ પાછળ મૂકી દે એમ છે. તેમની ધર્મશ્રાદ્ધા જોડે તો પુરુષોની કદી સરખામણી થઈ શકે તેમ નથી. મહા-ધૈર્યથી દુ:ખ પર દુ:ખ ગળ્યે જવાં અને બહાર દુ:ખની છટા સરખી ન દેખાવા દેવી એ ખાનદાનીના આદર્શરૂપે જ જાણે તેઓ સરજાયેલી છે. અને હવે બંગાળ સરકારે એમને આમ લડાઈમાં ઉતાર્યા પછી તો મારી ખાતરી છે કે આખા હિંદુસ્તાનની સ્ત્રીઓ સરકારના આ આમંત્રણને ઉપાડી લેશે અને સ્વાતંત્ર્યપ્રાપ્તિની આ લડતમાં પોતાને છાજતો હિસ્સો આપવાને સજ્જ થઈ જશે. નહીં તોપણ જ્યારે મરદો પૂરતી સંખ્યામાં પકડાત ત્યારે તેમને પોતાની જાતિના માનની ખાતર પુરુષોની જગા લેવી જ પડત.

પણ હવે તો પુરુષની પડખે રહીને જ ભલે સ્ત્રીઓ પણ અત્યારથી જ જેલની જિંદગીમાં પુરુષોની ભાગીદાર બનતી. એમની લાજની રક્ષા કરનારો ઈશ્વર બેઠો છે. જ્યારે દ્રૌપદીની લાજની રક્ષા કરવા પાંચ પાંડવ અસમર્થ નીવડ્યા ત્યારે સતીનું સત ઈશ્વરને ત્યાં રજૂ થયું અને સતની લાજ રાખવા ભગવાન ગરુડે ચડીને ધાયા. અને કાળના અંત લગી એમ જ થવાનું. દુર્બળમાં દુર્બળ શરીરવાળી સ્ત્રીને પણ ઈશ્વરે પોતાની લાજ રક્ષવાનું બળ આપેલું છે. સ્ત્રીની રક્ષા એ પુરુષનો ઉચ્ચ અધિકાર ભલે હોય, પણ પોતાની સંભાળ લેવાને પુરુષ ન રહ્યા હોય અગર તો સ્ત્રીરક્ષાનો પવિત્ર ધર્મ બજાવવાને તે અસમર્થ હોય ત્યારે કોઈ હિંદી સ્ત્રી પોતાને નિરાધાર ન માને. જેને મરતાં આવડે છે તેને — પછી પોતે સ્ત્રી હોય કે પુરુષ — કશા જ સંકટની બીક રાખવાનું કારણ ન જ હોય.

અને હિંદુસ્તાનની સ્ત્રીઓને પણ મારી અવશ્ય એવી સૂચના છે કે તેમણે જેઓ લડાઈમાં મોખરે જવા તૈયાર હોય તે બહેનોનાં નામો એકઠાં કરવાનું કામ શાંતિપૂર્વક પણ વગરઢીલે શરૂ કરી દેવું. તેમણે પોતાની યાદી બંગાળની બહેનોને મોકલી આપવી અને તેમને બતાવી

૧. ૧૯૨૧ના ડિસેમ્બરની ૭મીએ, જાહેર માર્ગ પર અડચણ નાખવા માટે.
૨. ચિત્તરંજન દાસ.
૩. પાછળથી તેમને છોડી મૂકવામાં આવ્યાં હતાં.
૪. અહીં સુધીનું ભાષાંતર નવજીવન નું નથી.

Gandhi Heritage Portal

આપવું કે તેમની પાછળ જનારી બહેનો બીજા પ્રાંતોમાં પણ તૈયાર છે. જેલની જિંદગીનાં જોખમ અને તેની હાડમારીઓ ખેડવા ઘણી બહેનો બહાર ન પડે એ સંભવિત છે, તથાપિ પહેલા હપતામાં થોડી જ બહેનો આવો આત્મયજ્ઞ કરવા બહાર પડે તેમાં પણ પ્રજાને કશું જ નીચું જોવાપણું નહીં હોય.

પુરુષવર્ગની ફરજ તો ચોખ્ખી છે. સ્ત્રીઓને કેદ પકડાતી જોઈ આપણે મિજાજ ન જ ખોઈએ. મિજાજ ખોયે કે પાગલ બન્યે સ્ત્રીઓની રક્ષા થવાની નથી. આપણે તો સરકારને સામટું નોતરું દઈ ચૂકયા છીએ. આપણે આપણી સ્ત્રીઓને માટે, બાળકોને માટે, કોઈને જ માટે સરકારની દયા માગી નથી. અને માર્શલ લૉના દિવસોમાં પંજાબમાં સરકારે રાખેલી પણ કયાં?

મારે હિસાબે તો એકાદ બૉઝવર્થ સ્મિથ મનિયાનવાલાની[1] સ્ત્રીઓનાં મોં પર થૂંકે, તેમને અપશબ્દો બોલે અને બીજી રીતે તેમને અપમાનિત કરે તેને મુકાબલે કલકત્તાના અમલદારો આપણી બહેનોને કોઈ કાયદાનું બહાનું કરીને ગિરફતાર કરે એ અલબત્ત વધુ સભ્યતાભર્યું છે. આપણા સ્ત્રીવર્ગને આપણે આમ અપમાન પામવા લડતમાં નથી મોકલતા એ સાચું, પણ જાહેર સેવા કરતાં સરકાર જો તેમને પકડતી હોય તો તેવી રીતે કેદ થવા અને જેલ જવા આપણે આપણી સ્ત્રીઓને અવશ્ય મોકલીએ છીએ. આપણી સ્ત્રીઓ ઘેરઘેર સ્વદેશીનો પ્રચાર કરતી ફરે અને પરદેશી કાપડનો વેપાર બંધ પાડી એ રીતે હિંદુસ્તાનને ફોલી ખાવાની શક્તિરૂપી સરકારની હસ્તીના મૂળ ઉપર જ કુહાડી મારે, છતાં સરકાર એને ટગર ટગર જોયા કરે એમ આપણે શા સારુ માનીએ? તેથી જો આપણે આપણી સ્ત્રીઓને સ્વદેશીની પ્રવૃત્તિમાં ભાગ લેવા દઈએ તો આપણી સાથેસાથે જ એમને સુધ્ધાં પકડવાના સરકારના હકને પણ આપણે કબૂલ રાખીએ.

તેથી આપણી સ્ત્રીઓ પકડાય ત્યારે પણ આપણે ગુસ્સે ન થવું જોઈએ. આપણે આપણા સામાવાળિયાને પડકારીએ અને પછી તે સામો આવીને ઊભો રહે ત્યારે તેને દોષ દેવા લાગીએ તે તો નામર્દાઈ છે. સરકારની જેલોમાં આપણાં માણસો માવાં ન જોઈએ. આપણે સરકારને બતાવી આપવું જોઈએ કે જાગૃતિ થોડાઘણા લોકોમાં જ નથી આવી, પણ તે તો આમપ્રજામાં ફેલાઈ ગઈ છે. આપણે બતાવી આપવું જોઈએ કે અહિંસા ગણ્યાગાંઠ્યા લોકોના જ ગળે ઊતરી છે એવું નથી, પણ તે ઘણાખરાને હૈયે વસી ગઈ છે. આપણે આપણા વર્તનથી બતાવી આપવું જોઈએ કે મુંબઈનું તોફાન સામાન્ય રોગના ચિહ્નરૂપે નહીં પણ માત્ર અપવાદરૂપે હતું.

અને હવે જ્યારે ઉશ્કેરાવાને અને લોહી ઊકળવાને કદાચ આકરામાં આકરાં કારણ મળવા લાગ્યાં છે ત્યારે જ વધારેમાં વધારે સહિષ્ણુતા અને સંયમ બતાવી આપવાનો વખત છે. "કદાચ" હું વિચારપૂર્વક કહી રહ્યો છું, કારણ મને લાગે છે કે આપણા મિજાજની સૌથી આકરામાં આકરી પજવણી હજુ નથી થઈ. છેક જ અસહ્ય થઈ પડે એટલા લોહી ઉકાળનારા પ્રસંગો હું કલ્પી શકું છું. જો આપણે સ્વતંત્રતાના ઉમેદવાર છીએ, જો ખિલાફત અને પંજાબની આબરૂ આપણે નિર્મળ કરવી છે તો આપણે આ બધાના કરતાં ઘણી વધારે મોટી કિંમત આપવા તૈયાર થવું જોઈશે અને ચાહે તેટલી પજવણી થાય તોપણ મિજાજ ખોવો પાલવશે નહીં. આપણે બૂરામાં બૂરી હાલત કલ્પી રાખીએ અને સરકાર તરફથી ઓછામાં ઓછી આશા કરીને આખર સભ્યતા રાખ્યાને સારુ પણ સરકારનું ભલું જ વાંછીએ.

૧. જુઓ પુસ્તક ૧૭, પા. ૧૧૬ અને ૨૭૯.

Gandhi Heritage Portal

આપણે ખુલ્લા દિલથી કબૂલ કરીએ કે ઘણાખરા દાખલાઓમાં સરકાર વિનય અને સભ્યતા બતાવીને લડાઈના કાયદાઓને જ માન આપે છે. જો પીર બાદશાહ મિયાં કે ડૉ. સુરેશને તેણે હાથકડીઓ પહેરાવીને દોર્યા તો અલી બિરાદરોને, લાલાજીને, મૌ. મોહિઉદ્દીનને કે પં. મોતીલાલજીને તેણે ક્યાં હાથકડીઓ પહેરાવી? અને હું તો હાથકડી પહેરાવવાનો રિવાજ એકેએક અસહકારીની બાબતમાં અમલમાં મૂકે તોપણ તકરાર ન લઉં. કેદીને હાથકડી પહેરાવીને લાવવો લઈ જવો એ જેલનો નિયમ છે. અને પંડિત મોતીલાલજી તથા પંડિત જવાહરલાલને હાથકડી પહેરાવીને તેમને રાખવાને ઠેકાણે પગે ચલાવતા લઈ જવામાં આવે એવો ધન્ય દેખાવ જોવાને મારા જેવાને તો અલ્લાહાબાદ સુધી ઊડીને પહોંચી જવાનું મન થાય. પોતાની હાથકડીઓ સ્વરાજના શુભ ચોઘડિયાને ત્વરાથી વધુ વધુ નજીક ખેંચી લાવી રહેલ છે એ વિશ્વાસે તેમના ખુશનુમા ચહેરાઓ પર ઝળકતા હાસ્યને નિહાળવામાં મને તો શેર લોહી ચડે. પણ સરકારે આવી ઉજાણી આપી નહીં.

હું જેની અપેક્ષા નથી કરતો, હું માણસજાતના માનની ખાતર જે નથી ઇચ્છતો, તે તો છે પંજાબમાં થયાં તેવાં ક્ષુદ્ર હલકટ નામોશીભર્યાં અપમાનો અગર તો મોપલા વૅગનની અકલ્પ્ય નિર્દયતા. છતાં અસહકારીઓએ તો કશો જ કરાર નથી કર્યો કે તેમની સામે અમુક જ થાય અને અમુક હદ સુધી જ થાય. આપણે તો બૂરામાં બૂરા બનાવોને ગણતરીમાં રાખીને આ લડત માથે લીધી છે અને તેમાં રહેલી જોખમદારી પૂરેપૂરી સમજીને જ અહિંસાપરાયણ રહેવાનું પણ કર્યું છે. સ્વરાજ હવે હાથવેંતમાં છે. અત્યારે ગફલતમાં પડી ભાન ભૂલીને રખે તેને આપણે ખોઈ બેસીએ.

આગેવાનો ભલે જેલમાં હોય; ના. શાહજાદા જ્યાં જ્યાં જાય ત્યાં સંપૂર્ણ હડતાળો પાડવી જોઈએ. એ પાડવાને સારુ સભાઓ ભરવાની પણ જરૂર નથી. લોકોમાં પોતાની મેળે જ પ્રસંગ ઓળખવા પૂરતી સમજ આવી ગઈ છે. સરકાર ભલે જુએ કે હડતાળો જોરાવરીથી નહીં પણ લોકોના મરજિયાત સહકારથી જ પડે છે.

કોઈ પણ સ્થળે વગરવિચાર્યે અગર વગર મંજૂરી મેળવ્યે કાયદાનો સવિનયભંગ ન જ શરૂ થવો જોઈએ. પ્રત્યેક પગલું પૂરા વિચારપૂર્વક અને પૂરી શાંતિથી જ આપણે ભરીએ. લોકો પોતપોતાના ઘરમાં ભલે ખૂબ ચર્ચા કરે. વેપારીઓ વેપારને કામે હજાર વેળા એકઠા થાય છે. તેઓ અત્યારે કલાકે કલાકે બદલાતી સ્થિતિ પર વિચાર ચલાવે અને નિશ્ચયો કરે. પણ શાહજાદાની પાછળ દરેક જગાએ હડતાળો પડે એમ હું ચાહે તેટલો ઇચ્છું, તથાપિ તે ખુનામરકી કે તોફાનનું સહેજ પણ જોખમ ખેડીને નહીં જ. એ હડતાળોમાં જરા પણ જોરજબરાઈ કે ધમકી સરખીનો ઉપયોગ ન જ થવો જોઈએ. આપણે બધે હડતાળો નહીં પાડી શકીએ, તેમાં મોળા ગણાઈશું, તે ભલે, પણ ખુનામરકી કે તોફાન તો આપણને પાછા જ પાડે અને સ્વરાજમાં પણ કોણ જાણે કેટલીયે મુદતનો વિલંબ કરાવે.[1]

હું એવી પણ આશા રાખું છું કે ડેલિગેટ વર્ગની દરેક ખાલી જગ્યા પુરાઈ જશે અને કૉંગ્રેસમાં સભ્યોની પૂરેપૂરી હાજરી રહેશે. અને આ સભ્યોએ પોતાનું ધ્યેય શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત કરવું તેનો નિશ્ચય કરી જ લીધો હશે.

૧. આ પછીનું ભાષાંતર નવજીવન નું નથી.

Gandhi Heritage Portal

જ્યારે આ લખાણ છપાતું હતું ત્યારે એવી સૂચના મળી કે ત્રણ બહેનોને થોડાક કલાક અટકમાં રાખીને છોડી મૂકવામાં આવી. તેમ છતાં હું આ લખાણ જનતા સુધી જવા દેવા માગું છું. કેમ કે મેં જે કંઈ કહ્યું છે તે મોટે ભાગે બરોબર જ છે. હું એમ પણ કહું છું કે બહેનોને ચેતવણી આપીને છોડવામાં આવી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–१२–१९२१

ભાષાંતર : नवजीवन, २२–१२–१९२१

## ૩. લાલા લજપતરાય તરફથી

પ્રિય મહાત્માજી,

ઘણુંખરું સાંજ સુધીમાં હું પકડાઈ જાઉં એવો સંભવ હોવાથી હું આપને આ પત્ર આટલો વહેલો લખી રહ્યો છું. આપની ઇચ્છાને મેં અવગણી છે એવું મારે વિષે આપને દેખાય, તો તે માટે હું દિલગીર છું, પરંતુ સંજોગો એવા છે કે મારે માટે બીજો કોઈ વિકલ્પ જ નથી રહ્યો. આજે બપોરે બે વાગ્યે અમે પંજાબ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિની સભા બોલાવી છે. ડેપ્યુટી કમિશનર તેને જાહેર સભા કહે છે. . . . મોટા ભાગે તે આ સભા પર પ્રતિબંધ મૂકશે. વળી વૉર્ડ કૉંગ્રેસ સમિતિની મહોલ્લા સભાઓને પણ જાહેર સભાઓ ગણાવી તેમણે અમારા પર નોટિસ બજાવી છે. આનો અર્થ તો એવો થયો કે કામકાજ સદંતર બંધ કરી દેવું. તેમના હુકમો ગેરકાયદેસર છે. . . .

આ સંજોગોમાં સભામાં ન જવું મારે માટે અશક્ય છે. ન જાઉં તો તે નરી કાયરતા જ ગણાય. મારા પગલાને આપની સંમતિ મળે તેમ ન હોય તો મને કૃપા કરીને ક્ષમા આપશો. . . . આપની લડતને હું લાંછન નહીં લગાડું તેની ખાતરી રાખજો. ક્યારેય પણ હું ટીકાખોર અને અવિશ્વાસને પાત્ર જણાયો હોઉં તો મને માફ કરશો. મારા દેશ અને મારા લોકો પ્રત્યેની વફાદારી એ એક જ ઉદ્દેશ મારાં સઘળાં કૃત્યોમાં મોખરે રહ્યો છે. મેં ભૂલ કરી હોય તો તે ભૂલ પણ શુભ નિષ્ઠાથી થઈ હશે. મારા મૉડરેટ મિત્રોની ટીકા કરવામાં પણ મારો બીજો કોઈ આશય નથી. . . .

શીખ અસહકારીઓએ ઉમદા દાખલો બેસાડ્યો છે. . . . ઉશ્કેરણી છતાં શીખ કોમે પોતાના મિજાજને અત્યાર સુધી ખૂબ જ પ્રશંસાપાત્ર રીતે કાબૂમાં રાખ્યો છે. મોટા ભાગની ગિરફતારી સેંકડો અને હજારો લોકોની હાજરીમાં જ કરવામાં આવી છે. . . . સત્યને ખાતર સહન કરનાર બહાદુર અને ઉમદા લોકોની જે પ્રશંસા થવી ઘટે તે બધીને માટે આપણા શીખ મિત્રો પાત્ર બન્યા છે.

પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષસ્થાને મારા અનુગામી તરીકે અમે આગા સફદરને પસંદ કર્યા છે. અને ચર્ચાવિચારણા કરીને તાત્કાલિક અમલ કરવા માટેનો એક કાર્યક્રમ મેં તૈયાર કર્યો છે. . . .

Gandhi Heritage Portal

આજે સવારે મિ. સ્ટોક્સ[1] પકડાયા છે.

આપનો નિષ્ઠાવાન સાથી
**લજપતરાય**

ડિસેમ્બર ૩, ૧૯૨૧
સવારના ૭ વાગ્યે

મારા પર આવેલો ઉપરનો પત્ર[2] જોવાનું વાચકને જરૂર ગમશે. જેલ જવું પડશે એમ સમજી દરેક નેતાએ જે સંપૂર્ણ તૈયારી કરી છે તે અદ્ભુત છે. લાલાજી ખરેખર જે રીતે વર્ત્યા છે તેથી જુદી રીતે તે વર્તી જ શક્યા ન હોત. સ્વાભાવિક રીતે બની શકે તો તેઓ કૉંગ્રેસ[3] ભરાતાં સુધી ધરપકડ ન વહોરે એને માટે હું ઈંતેજાર હતો. પરંતુ તેમની સાથે ઊભા થયેલા સંજોગોમાં ધ્યેયને નુકસાન પહોંચાડ્યા વિના તેઓ સભામાં હાજરી આપવાનું ટાળી શકતા નહોતા. લડાઈ સામે આવી ખડી હોય ત્યારે અળિયાંગળિયાં કરનાર સેનાપતિ, સેનાપતિ મટી જાય છે. લાલાજીના દરેક કાર્યમાં મને પૂરી વિચારશીલતા અને અડગ હિંમતનું જ દર્શન થાય છે. લાલાજીએ શીખોને જે અંજલિ આપી છે તેનું હું સંપૂર્ણ સમર્થન કરું છું. તેમનો દૃઢનિશ્ચયી વર્તાવ, તેમની ધાર્મિક નિષ્ઠા, તેમની શાંતિ અને તેમનું કષ્ટસહન—એ બધાં પર હું અત્યંત મુગ્ધ છું. દેશમાં જે કંઈ બની રહ્યું છે તેમાં નવા જન્મની પીડા જોવા મળે છે. કોઈ ઉતાવળિયું પગલું, કોઈ જગ્યાએ એકાએક ફાટી નીકળતી હિંસા આપણા નિશ્ચિત ધ્યેય તરફની આપણી એકધારી પ્રગતિમાં કોઈ રુકાવટ ઊભી ન કરે એવી ઈશ્વરને મારી પ્રાર્થના છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–१२–१९२१

## ૪. ખ્રિસ્તીઓ અને સ્વરાજ

સંપાદક, यंग इन्डिया

સાહેબ,

હાલમાં સ્વરાજ અંગેના હિંદી ખ્રિસ્તીઓના વલણ વિષે ઘણા પ્રશ્નો પૂછવામાં આવે છે ત્યારે વિચારશીલ ખ્રિસ્તીઓના એક મોટા મંડળના પ્રતિનિધિ તરીકે, હું આપણા બહુ જ થોડા હિંદુ અને મુસ્લિમ દેશબંધુઓ જેનાથી પરિચિત છે તેવી કેટલીક અગત્યની હકીકતો આપના વાચકોના ધ્યાન પર લાવવા માગું છું.

પ્રારંભમાં જ મારે ચોખવટ કરી લેવી જોઈએ કે કહેવાતા હિંદી ખ્રિસ્તીઓ, મોટે ભાગે પશ્ચિમના લોકોએ ઊભી કરેલી એક કોમ છે. . . . હિંદમાં ખ્રિસ્તી સંપ્રદાયને અરાષ્ટ્રીય બનાવી દેવાનું કામ પૂરું કરનારાં બે સાધનો છે : (૧) પશ્ચિમનાં મિશનરી મંડળો અને (૨) આપણા પોતાના જ હિંદુમુસ્લિમ ભાઈઓ. અમે જુદો ધર્મ અંગીકાર

૧. જુઓ પુસ્તક ૨૧, પા. ૪૮૨.
૨. અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કરવામાં આવ્યા છે.
૩. ૧૯૨૧ના ડિસેમ્બરના અંતમાં અમદાવાદમાં ભરાનાર હતી તે.

Gandhi Heritage Portal

કર્યો તેથી અમારા હિંદુ અને મુસલમાન સગાંઓએ . . . અમને સમાજબહાર ગણ્યા અને અમારો બહિષ્કાર કર્યો. . . .

મિશનરીઓના વર્ચસ્વ હેઠળ આવવાને પરિણામે, હિંદી ખ્રિસ્તીઓએ પશ્ચિમનો પહેરવેશ અને જીવનપદ્ધતિ અપનાવ્યાં. અને તેને લીધે પોતે બીજા કરતાં ચડિયાતા છે એવી ભાવના જાગી અને તેમનામાં સ્વદેશાભિમાનનું તથા રાષ્ટ્ર માટેના ઉત્સાહનું નામનિશાન ન રહ્યું. . . . ઈશ્વરનો પાડ માનો કે અમને દબાયેલા રાખવા માટેના મિશનરીઓના પ્રયત્નો છતાં, આખરે, અમારી કોમમાં સાચી જાગૃતિ આવી છે અને શિક્ષણ તથા સમૃદ્ધિનાં સાધનો વધતાં, અમારી માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠાની સાચી ભાવના પણ ઝડપથી વિકાસ પામી રહી છે. . . . આપ જોશો કે કેટલાક હિંદી ખ્રિસ્તીઓ પોતાના વિચારોમાં અનેક યુરોપિયનો અને ઍંગ્લો-ઇન્ડિયનો કરતાં પણ ખરાબ ઍંગ્લો-ઇન્ડિયનો છે. પરંતુ તમે સાચા હિંદી હો તો આવાઓ પ્રત્યે કૃપા કરીને ધીરજ રાખો. . . . તેમને મિત્ર બનાવો અને પુરવાર કરી આપો કે બધા જ હિંદીઓ ભલે તેઓ હિંદુ, મુસલમાન, પારસી કે ખ્રિસ્તી હોય, એક જ માતાનાં સંતાન હોઈ સાચાં ભાઈબહેનો છે. . . . તમારા ખ્રિસ્તી ભાંડુઓને તમારા સાચા પ્રેમની ખાતરી કરાવી આપો અને તમે જોશો કે દેશપ્રેમની લગની લાગતાં ભારતવાસી ખ્રિસ્તીઓ દેશસેવામાં પોતાના પ્રાણ પાથરશે અને ઉમદા સ્વાતંત્ર્યસંગ્રામમાં પોતાનું રક્ત વહેવડાવશે.

હું છું, વગેરે

**હિંદમાતાનો એક ખ્રિસ્તી પુત્ર**

આ પત્રમાં[1], હિંદુ અને મુસલમાનોને અપીલ કરવામાં આવી હોવાથી તેમાંના વ્યક્તિગત ઉલ્લેખવાળા બે પૅરેગ્રાફ છોડી દઈને તે હું પ્રગટ કરું છું. યુરોપિયન મિશનરીઓ વિષેનો અછડતો ઉલ્લેખ મને ગમતો નથી. તેમને વિષે પત્રલેખક જે કંઈ કહે છે એમાંનું ઘણું સાચું હોવા છતાં, હિંદીવિરોધી, હિંદુવિરોધી કે મુસ્લિમવિરોધી ન હોય એવા ઘણાયે યુરોપિયન મિશનરીઓ આજે અસ્તિત્વ ધરાવે છે. રાષ્ટ્રવાદીઓ સામેનું કાર્ય તો સ્પષ્ટ છે. તેમણે અંગ્રેજો સહિત બધી લઘુમતીઓનાં દિલ સાચા પ્રેમ વડે જીતી લેવાનાં છે. હિંદી રાષ્ટ્રવાદીઓએ અહિંસક રહેવું હોય તો અતડા રહેવું તેમને ન પાલવે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५-१२-१९२१

૧. અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કરવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

# ૫. રેંટિયા વિષે

સંપાદક, યંગ ઇન્ડિયા

સાહેબ,

પ્રજામાં કેવો રેંટિયો દાખલ કરવો એની પસંદગી કરવામાં જેની સલાહ લઈ શકાય અને લેવી જોઈએ એવો નિષ્ણાત કાંતનાર જિલ્લા કૉંગ્રેસ સમિતિએ નીમ્યો નથી.

ઘણાખરા કાર્યકરોને હજી એ વાત સમજાઈ નથી કે વણી શકાય તેવું સારું સૂતર કાંતવા માટે રેંટિયાનો એક આંટો ફરે તેની સાથે પાતળી ત્રાકના ૧૫૦ ઉપરાંત આંટા ફરવા જોઈએ.

યંગ ઇન્ડિયામાં ભલામણ કરવામાં આવેલા રેંટિયાનો કેટલેક ઠેકાણે નમૂના તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે પરંતુ ત્રાકના (સામાન્ય રીતે તે ઓછામાં ઓછી અર્ધો ઇંચ વ્યાસવાળી હોય છે.) આંટા ૪૦ કરતાં ઓછા હોઈ અમુક લંબાઈનું સૂતર કાંત્યા પછી તેને યોગ્ય વળ આપવા માટે ચક્ર ફેરવવામાં વધારે સમય જાય છે. આને પરિણામે સૂતર કાચું અને અસમાન રહેતું હોવાથી વણકરો તે વણવાની ના પાડે છે એટલે ઘણા રેંટિયા ચાલતા બંધ થયા છે. . . . સમિતિ ટિળક સ્વરાજ ફંડનો મોટો ભાગ આ પેટે ખર્ચ-વાની હોય તો પૈસા આપતી વખતે એવી ચોખ્ખી શરત કરવી જોઈએ કે આ રીતે પૈસા મેળવનાર દરેક જિલ્લા સમિતિ પાસે એક નિષ્ણાત કાંતનાર હોવો જોઈએ.

તમારો વ.

(ડૉ.) એ. કે. નુળકર

ઉપપ્રમુખ, પૂર્વ ખાનદેશ જિલ્લા

કૉંગ્રેસ સમિતિ

નવેમ્બર ૨૧, ૧૯૨૧

અત્યારના રેંટિયામાં સુધારા કરવા બાબતમાં રસ જગાવવા માટે અને હાથકાંતણમાં શિક્ષિત લોકો કેટલો ઊંડો રસ લઈ રહ્યા છે તે દર્શાવવા માટે હું ઉપરનો પત્ર[1] ખુશીથી પ્રગટ કરું છું. ડૉ. નુળકરના દાખલાનું અનુકરણ કરવાની હું ભલામણ કરું છું.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૫–૧૨–૧૯૨૧

૧. અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કરવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

# ૬. વાઇસરૉયની મૂંઝવણ અને તેનો ઉકેલ[1]

ના. વાસઈરૉય મૂંઝાયા છે. કલકત્તાની "બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન" તથા "બંગાળ નેશનલ ચેમ્બર ઑફ કૉમર્સ"નાં માનપત્રોને જવાબ વાળતાં તેઓ સાહેબ બોલ્યા છે કે :

> હું આ દેશમાં આવ્યો તે જ દિવસથી, અહીંના પ્રશ્નોનો મેં પરિશ્રમપૂર્વક અભ્યાસ જારી રાખ્યો છે. છતાં પ્રજામાંના અમુક ભાગની પ્રવૃત્તિનો જ્યારે હું વિચાર કરવા બેસું છું ત્યારે સાચે જ મારી મતિ મૂંઝાઈ જાય છે. મને નથી સમજાતું કે સરકાર જોડે બથ્થંબથ્થા કરવા ખાતર કાયદાના આવા હડહડતા ભંગ કરવામાં અને કેદ પકડાવામાં શું હાંસલ હશે?

પંડિત મોતીલાલજીએ આનો એક જવાબ તો તેઓ પકડાયા[2] ત્યારે આપી દીધો છે કે "હું સ્વતંત્રતાને મંદિર જાઉં છું." અમે પકડાવા અને જેલ જવા એટલા જ સારુ માગી રહ્યા છીએ કે અત્યારની આ કહેવાતી સ્વતંત્રતા નરી ગુલામી વિના બીજું કંઈ જ નથી. અમે આ જોરાવર સરકારની તાકાતને પડકારી રહ્યા છીએ કારણ એની પ્રવૃત્તિને અમે કેવળ દુષ્ટ અને અમંગળ માનીએ છીએ. અમે આ સરકારને ઉથલાવી પાડવા માગીએ છીએ, તેને પ્રજાની ઇચ્છા આગળ નમવાની ફરજ પાડવા માગીએ છીએ, અમે બતાવી આપવા માગીએ છીએ કે સરકારની હસ્તી પ્રજાની સેવાને સારુ છે, પ્રજાની હસ્તી સરકારની સેવાને સારુ નથી. આ સરકારની હકૂમત હેઠળ માણસને છૂટા રહેવું આજે અસહ્ય થઈ પડ્યું છે, કારણ તેવા રહેવાને માટે આજે જે કિંમત આપવી પડે છે તે હદબહારની છે. આપણે અગણિત હોઈએ કે ભલે એક જ હોઈએ, પણ સ્વમાન ગુમાવીને અગર તો આપણા જીવજાન સિદ્ધાંતનું મૂલ આપીને એવી સ્વતંત્રતા લેવાની આપણે ચોખ્ખી ના જ પાડીએ. નાનાં બાળકોને સુધ્ધાં જ્યારે તેમના ચોક્કસ હેતુની કોઈ આડે આવે છે ત્યારે હઠીલાં કહેવાઈને પણ પોતાના હેતુને મક્કમપણે વળગી રહેતાં મેં જોયાં છે; પછી માબાપની નજરમાં વાત ભલે વિસાત વગરની હોય.

વાઈસરૉય સાહેબને દીવા જેવું દેખાવું જોઈએ કે અસહકારીઓએ સરકારની સામે લડાઈ માંડી છે. તેમને સમજાવું જોઈએ કે સરકારે જેટલે દરજ્જે મુસલમાનો જોડે વિશ્વાસઘાત કર્યો, પંજાબની બેઇજ્જતી કરી અને આજે પોતાની ઇચ્છા પ્રજાની ઉપર લાદવાનો દુરાગ્રહ ધરી પોતે કરેલા ઘાતની ભરપાઈ કરી આપવાની તેમ જ પંજાબને કરેલા જખમની તોબા કરવાની જે ના પાડી રહી છે તે સરકારની સામે અસહકારીઓએ બળવો પોકાર્યો છે.

પ્રજાની સામે બે માર્ગ ખુલ્લા હતા. એક તો તલવાર ખેંચી ખુનામરકીની લડાઈ માંડવાનો અને બીજો જાતે અહિંસામય રહી સરકારની સામે બેઠો બળવો પોકારવાનો. આ બેમાંથી અસહકારીઓએ કેટલાકોએ નબળાઈની લાગણીથી તો કેટલાકોએ બળને પરિણામે — શાંતિનો એટલે કે જાતે દુઃખસહન કરી આત્મયજ્ઞ કરવાનો — કુરબાનીનો માર્ગ — પકડ્યો છે.

૧. ૧૯૨૨ના માર્ચ મહિનામાં ગાંધીજી સામે જે લેખો માટે કામ ચલાવવામાં આવ્યું હતું તેમાંનો આ એક લેખ છે.

૨. ૧૯૨૧ના ડિસેમ્બરની ૬ઠ્ઠીએ.

Gandhi Heritage Portal

જો પ્રજા આ ઝુંબેશમાં અસહકારીઓની પાછળ હશે તો તો સરકારને નમ્યે છૂટકો છે, નહીં તો જમીનદોસ્ત થયે છૂટકો છે. જો પ્રજા અસહકારીઓની મદદગાર નહીં હોય તો તેમને ઓછામાં ઓછો પોતાની સ્વતંત્રતા ન વેચ્યાનો સંતોષ તો મળશે જ. તલવારની લડાઈમાં સામાનું વધુ લોહી રેડી શકનારની મોટે ભાગે જીત થાય છે. શાંતિનો અને આપભોગનો માર્ગ એ પ્રજામતને કેળવવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો છે ને તેથી તેની જીત એ દુનિયાની દૃષ્ટિએ સત્યની જ જીત છે. કાયદાની અદાલતોના વાતાવરણમાં મોટા થયેલા લૉર્ડ રીડિંગ સત્તાની સામેના આવા શાંત વિરોધની કદર કરી શકતા નથી. પણ તેઓ નામદાર આ ઝુંબેશ પૂરી થતાં સુધીમાં શીખશે કે ન્યાયની અદાલતોના કરતાં પણ એક વડી અદાલત હોય છે. એ અદાલત અંતરના અવાજની છે અને તે બીજી બધી અદાલતોની ઉપરની અદાલત છે.

વાઈસરૉય સાહેબ જેલ જનારા બધાને પાગલ અને પોતાનું હિત ન સમજી શકનારા માનવાને મુખત્યાર છે. તેથી તેવાઓને નુકસાનન માર્ગમાંથી ખસેડવાનો પણ તેમને હક છે. એ વ્યવસ્થા આ પાગલોને તદ્દન અનુકૂળ છે; અને સરકારને પણ જો તે અનુકૂળ હોય તો પછી પૂછવું જ શું? એના જેવી સુંદર સ્થિતિ તો બીજી એકે નથી. જો અસહકારીઓ હાથે કરીને જેલ માગી લીધા પછી કેદ થતાં કચવાતા હોય, ચિડાતા હોય, અગર તો લાલાજીએ કહ્યું તેમ સરકારની દયા કે રહેમની આજીજી કરવા બેસતા હોય તો અલબત્ત વાઈસરૉય સાહેબને ફરિયાદ કરવાપણું રહે. અસહકારનું બળ તો કશી ફરિયાદ ન કરતાં જેલ જવામાં રહેલું છે. ઈરાદાપૂર્વક જેલ માગી લીધા પછી માગેલું મળતાં જો તે કચવાટ કરવા બેસે તો તેનો આખો કેસ જ તૂટી પડે છે.

વાઈસરૉય સાહેબે પોતાના ભાષણમાં બીજી જે ધમકીઓ આપી છે તે શોભા વગરની છે. આ લડત અંત લગીની છે. પશુબળની આણ કે પ્રજામતની, એ પ્રશ્નોનો છેવટનો ફડચો કરી લેવાની આ ઝુંબેશ છે. અને જેઓ પશુબળ ઉપર પ્રજામતની આણ મનાવવાનું બીડું ઝડપીને આ લડતમાં ઊતર્યા છે તેઓ પોતાના મતને છોડવા કરતાં, સરકારે પોતાની સામે તેનું પશુ-બળ અજમાવી જોવાનો સંકલ્પ કર્યો હોય તો એ રસ્તે પણ એને દોડવું હોય તેટલું દોડી ધરાવા દેવાના નિશ્ચયવાળા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५-१२-१९२१

ભાષાંતર : नवजीवन, १५-१२-१९२१

Gandhi Heritage Portal

# ૭. મ્યુનિસિપાલિટીઓ પર ધાડ

અમદાવાદ, નડિયાદ અને સુરતની મ્યુનિસિપાલિટીઓ પર પાછી કેળવણી ખાતા બાબત ધાડ આવી પહોંચી છે.[1] કેળવણી ખાતાને તે ચલાવવાને સારુ નાલાયક ઠરાવી મ્યુનિસિપાલિટીના તે ખાતાનો કબજો સરકાર લેવા ધારે છે. તેથી તેણે એવી નોટિસ આપી છે કે, જો આ ત્રણે મ્યુનિસિપાલિટીઓ સરકારની મરજી પ્રમાણે ૧૭મી તારીખના પાંચ વાગ્યા સુધીમાં બંદોબસ્ત નહીં કરે તો સરકાર તે ખાતાનો કબજો લેશે. જ્યાં મ્યુનિસિપાલિટીને ચોખ્ખી બહુમતી છે ત્યાં સરકારને કબજો લેવો મુશ્કેલીનું કામ છે.

અસહકારી સભ્ય મ્યુનિસિપાલિટીમાં એક જ ઉદ્દેશથી અત્યારે રહી શકે છે. તે એ કે દરેક યોગ્ય રીતે લોકોનું બળ વધારવું, સરકારનો કાબૂ ઓછો કરવો. જ્યાં વધારે સહકારીઓ હોય એવું ન બની શકતું હોય ત્યાં કેવળ ધાંધલ કરવા અને ચાલતા કામમાં દખલ દેવા ખાતર અસહકારી ન જ રહે. તે સમજે કે તેમ કર્યાથી લોકબળ વધતું નથી પણ કેવળ કાળક્ષેપ છે. અનુભવ શીખવે છે કે કેવળ ધાંધલથી જેની પાસે બહુમતી છે તે પોતાની વાતને છોડતો નથી અને તેના સિદ્ધાંતનો ભેદ પડે ત્યાં તે પોતાની બહુમતીનો સંપૂર્ણ ઉપયોગ કરી લે છે. જ્યાં સિદ્ધાંતભેદ ન હોય ત્યાં બહુમતીનો કાયદો સુંદર પરિણામ લાવે છે. જ્યાં સિદ્ધાંતભેદ હોય ત્યાં બહુમતીને નમવાની રૂઢિ સમાજને નીચે ઉતારે છે. એટલે જે મ્યુનિસિપાલિટીમાં આપણે બહુમતી મેળવી શકીએ ત્યાં જ રહેવું ઈષ્ટ છે.

હવે આ દૃષ્ટિએ આવેલી સ્થિતિ તપાસીએ. કેળવણીનો કબજો સરકારને હાથ ન જવા દેવાનો ને સરકારની સાથે માથાફોડ ન કરવાનો એક રસ્તો એ છે કે કેળવણીનો વહીવટ તે જ ગામોની રાષ્ટ્રીય સંસ્થાને સોંપી દેવો, ને તેને ગ્રાંટ—મદદ આપવી. મ્યુનિસિપાલિટીને આવી મદદ આપવાનો હક છે. આમ કરી શકાય તો સરકાર કેળવણીનો કબજો લે છતાં તેનો કંઈ અર્થ ન થયો. ચાલુ વિદ્યાર્થીઓનો કબજો તેને ન મળે ને તેઓ તો સ્વાશ્રયી જ રહે. સરકારી અમલદારોને નવી નિશાળ કાઢવી હોય તો કાઢે. જો કાઢે તો તેને કોઈ શહેરી તો નહીં જ રોકે. પણ તે નિશાળમાં જનાર છોકરાં સરકારને ક્યાંથી મળે? આપણી માન્યતા તો એવી રહેલી છે કે નિશાળમાં જવા ઇચ્છનાર બધાં બાળકો મ્યુનિસિપાલિટીની શાળામાં આવે જ છે. વળી આ નવા ખાતાના પૈસા પણ લેવામાં સરકારને અડચણ આવવાની. મ્યુનિસિપાલિટી પોતાની ઇચ્છાએ તો પૈસા ન જ આપે. એટલે દરેક વેળા ટાંચ મૂકી પૈસા લેવા જોઈએ. એટલે તેમાં પણ સરકારને હારવું રહ્યું.

બીજો રસ્તો એ છે કે સરકારને પોતાનો અમલદાર મૂકવો હોય તો મૂકે, પણ નિશાળોમાં મ્યુનિસિપાલિટી ભલામણ આપી શકે છે કે તે અમલદારને મહેતાજીઓએ દાદ ન આપવી ને તેને જે પગલાં ભરવાં હોય તે ભરવા દેવાં. આમ બને તોપણ સરકાર થાકે.

૧. આ મ્યુનિસિપાલિટીઓએ તેમની શાળાઓમાં રાષ્ટ્રીય શિક્ષણ આપવાનો અને સરકારની ગ્રાંટ નહીં લેવાનો નિર્ણય કર્યો હતો; નડિયાદની મ્યુનિસિપાલિટીના નિર્ણય માટે જુઓ પુસ્તક ૧૯, પા. ૩૦૦–૧.

Gandhi Heritage Portal

ત્રીજો રસ્તો એ છે કે સરકાર કદાચ ચાલુ શાળાનો કબજો લેવામાં ફળીભૂત થાય તો મતદારોની વચ્ચે કામ કરવું. એટલે લોકોને એવી તાલીમ આપવી કે જેથી કોઈ પણ છોકરાં સરકારની નિશાળમાં ન જાય ને નવી નિશાળો કાઢી તેમાં તેઓને મોકલવાં.

આ ત્રણે રસ્તા સાથે નહીં ચાલે, પણ ત્રણમાંથી એક લઈ તેની ઉપર ખૂબ ધ્યાન દેવું જોઈએ. પ્રતિનિધિઓની ફરજ છે કે મતદારોમાં ખૂબ કેળવણી ફેલાવવી, કે જેથી દરેક યોગ્ય કામને સારુ તેઓ તૈયાર રહે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫–૧૨–૧૯૨૧

## ૮. મારી નોંધ

### માબાપોને

જે માબાપો પોતાનાં છોકરાંને શાળાઓમાં કે આશ્રમોમાં મોકલે છે તેઓએ કેટલીક ફરજ બજાવવાની હોય છે. તે ન બજાવે તો છોકરાંઓને, તે તે સંસ્થાઓને અને માબાપોને પોતાને નુકસાન થાય છે. જે સંસ્થામાં છોકરાંને મોકલવાં તેના નિયમો જાણી લેવા જોઈએ. છોકરાંની ટેવો અને હાજતો જાણવી જોઈએ અને કરેલા નિશ્ચયનું પાલન કરવું જોઈએ. છોકરાંનો આશ્રમમાં રહેવાનો કાળ હોય ત્યારે તેમને પોતાના સ્વાર્થને અંગે ન ઉઠાડાય, ચાકરીને સારુ ન ઉઠાડાય; પછી વિવાહમાં જવા તો કેમ જ ઉઠાડાય? એવા પ્રસંગોમાં છોકરાંઓને બોલાવાય પણ કેમ? જેમ માબાપો પોતાનાં બધાં વ્યવહારકાર્યોમાં છોકરાંઓને નથી ડોળતાં તેમ વિવાહ ઇત્યાદિ કાર્યોમાં પણ તેમને ન ડોળે. બાળકોનો શિક્ષણકાળ એવો હોય છે કે તે દરમ્યાન છોકરાંઓનું ધ્યાન તેમાંથી બીજા કોઈ વિષય ઉપર ખેંચાવું ન જોઈએ. વળી શિક્ષણકાળમાં બાળકો બ્રહ્મચારી રહેવાં જોઈએ. જો તેઓને વિવાહ વગેરે જોવાની વ્યાધિમાં નાખવામાં આવે તો વિઘ્ન આવવાનો સંભવ છે. તેથી બાળકોને તેવાં કાર્યોમાંથી ઇરાદાપૂર્વક અલગ રાખવાની આવશ્યકતા છે. વળી વિવાહ એ જ આ સમયે વિપરીત વાત લાગે છે. ત્યાં જે બાળક પોતે તેનાથી દૂર રહેવા માગે તેને પણ એમાં લલચાવવું એ તો તેના ઉપર અત્યાચાર જ કરવા જેવું છે. આ કાળમાં જ્યારે મન નબળાં પડી ગયાં છે, લાલચોની સામે થવાની શક્તિ ક્ષીણ થઈ ગઈ છે તેમાં, કોઈએ નિયમ પાળવાનો ઇરાદો કર્યો, કંઈક પણ ત્યાગ કરવા ઇચ્છ્યું, તો તે વૃત્તિને પોષવાની જરૂર છે. તેમ કરવાને બદલે જો નિયમોને આપણે જ તોડાવ્યા કરીએ તો આપણે નબળાઈને પોષીએ. જે વિવાહપ્રસંગને વિષે કહ્યું એ અનેક દાખલાઓમાં લાગુ પડે છે. વિચારપૂર્વક પોતાનાં બાળકોને ઉછેરનાર માબાપ એવા અનેક પ્રસંગો શોધી શકશે કે જ્યારે બાળકોને તેઓએ આગળ વધારવાને બદલે પાછળ પાડ્યાં છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫–૧૨–૧૯૨૧


Gandhi Heritage Portal

## ૯. દેવદાસ ગાંધીને પત્ર

ગુરુવાર [ડિસેમ્બર ૧૫, ૧૯૨૧][1]

ચિ॰ દેવદાસ,

તમારા બે કાગળો મળ્યા છે. વસ્તુ જેટલું સુંદર છે તેટલા અક્ષર ખરાબ જ છે. ખૂબ કરી. હું જાણું છું કે હમણાં તો ઉતાવળ છે. છતાં તે પ્રયત્ન તો કર્યે જ છૂટકો.

હરિલાલે બહુ સુંદર કામ કર્યું છે. હમણાં સાંભળ્યું કે તેને છ માસની સખત મજૂરી સાથેની જેલ મળી છે.

બાકી મહાદેવભાઈના[2] કાગળ મળ્યે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૭૭૫

## ૧૦. મહાદેવ દેસાઈને પત્ર

ગુરુવાર [ડિસેમ્બર ૧૫, ૧૯૨૧][3]

ચિ. મહાદેવ,

તમને મેં લગભગ હમેશાં કાગળ લખ્યા જ છે. સરૂપરાણીનો[4] કાગળ સુંદર છે એટલે તમારો કાગળ સુંદર છે એમ પણ કહેવાય ના? પણ આપણે ક્યાં કોઈના જમે કરવાના છે? સર્વ દેવને કરેલા નમસ્કાર તે કેશવ પ્રતિ ચાલ્યા જ જાય છે. સર્વ કાર્ય કૃષ્ણાર્પણ છે એટલે ચિંતા જેવું નથી.

દાસની પત્રિકાઓ બહુ તેજસ્વી છે. તેણે અહિંસામૃત ખૂબ પીધું જણાય છે, બંગાળ ખરેખર પહેલે દરજ્જે આવી ગયું છે. અત્યારે તો ગુજરાત છેલ્લું છે. તે મને પસંદ પણ પડે છે.

પ્યારેલાલ[5] બાકી વાતો કરશે. તેનો ઉપયોગ ખૂબ કરજો ને તમે તબિયત સંભાળજો. દેવદાસને જેલમાં મોકલી દો એમ ઇચ્છું છું. પ્યારેલાલને મોકલવામાં એ પણ કારણ છે.

૧. હરિલાલ ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૧મી ને રવિવારે ગિરફતાર થયા હતા.

૨. મહાદેવ દેસાઈ (૧૮૯૨-૧૯૪૨); ૨૫ વર્ષ સુધી ગાંધીજીના મંત્રી.

૩. ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૮મીએ ગુરુવાર હતો. મહાદેવ દેસાઈ પરના પત્રમાં ગાંધીજીએ એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે સરૂપરાણીએ તેમને પત્ર લખવો જોઈએ; ઉપરાંત તેમણે એવો પણ નિર્દેશ કર્યો હતો કે તેમને મદદ કરવા તેઓ પ્યારેલાલને ખુશીથી મોકલી આપશે. ત્યાર પછીના ગુરુવારે કદાચ આ પત્ર લખાયો હતો.

૪. મોતીલાલ નેહરુનાં પત્ની.

૫. પ્યારેલાલ નય્યર, ૧૯૨૦થી ગાંધીજીના મંત્રી; ગાંધીજીનું જીવનવૃત્તાંત લખનાર.

Gandhi Heritage Portal

ગોડબોલેને[૧] નોખો કાગળ નથી લખતો. બધું લઈને ભલે અહીં આવી જાય. એ આવશે એટલે કેટલુંક કામ વહેલું ઉકેલી શકાશે. હવે તેની ત્યાં કંઈ જરૂર લાગતી નથી.

બાપુના આશીર્વાદ

ગોડબોલેને વૉલંટિયરમાં નામ નોંધાવવાનું ન જ હોય.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૨૭

## ૧૧. તાર[૨]

[ડિસેમ્બર ૧૫, ૧૯૨૧ આસપાસ][૩]

અસહકારીઓ કેવળ સંરક્ષણાત્મક વ્યૂહમાં છે. સરકાર પસ્તાવો ન કરે અને જાહેર અભિપ્રાયની સર્વોપરિતા ન સ્વીકારે ત્યાં સુધી પરિષદથી કાંઈ લાભ થનાર નથી.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

સેવન મંથ્સ વિથ મહાત્મા ગાંધી, પા. ૧૭૩

## ૧૨. રાજેન્દ્રપ્રસાદને તાર[૪]

[ડિસેમ્બર ૧૫, ૧૯૨૧ કે તે પછી]

રાજેન્દ્રપ્રસાદ[૫]
છપરા

જરૂર નામ નોંધાવો. દસ વિશ્વાસપાત્ર યુવાનોને સૂચના આપતા જાઓ જેથી અહિંસાનો ભંગ ન થાય.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૨૬

૧. એમ. એસ. ગોડબોલે; ગૂજરાત વિદ્યાપીઠના માજી અધ્યાપક; અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના જોડિયા મંત્રી.

૨. જબલપુરના એક જમીનદારના તારના જવાબમાં. એ તાર નીચે મુજબ હતો : "પરિસ્થિતિ ખૂબ જ ગંભીર. બંને પક્ષો સરખા મક્કમ છે. અનિચ્છનીય બનાવો બનવાનું અસંભવિત નથી. આપની જવાબદારી ગંભીર છે. ગોળમેજી પરિષદ સલાહભરી છે. વાઇસરૉયને પણ સાંભળવાની વિનંતી કરવામાં આવી છે."

૩. મૂળના આધારે.

૪. ડિસેમ્બર ૧૫, ૧૯૨૧ના રાજેન્દ્રપ્રસાદના નીચેના તારના જવાબમાં : "સરકારે સ્વયંસેવકદળને ગેરકાયદે જાહેર કર્યું. આ જાહેરનામાની અવગણના કરવા માટે શફી, જનકધારી અને પચાસ સ્વયંસેવકોને પકડવામાં આવ્યા. હક, બ્રિજકિશોર, દીપનંદન અને હું સ્વયંસેવક તરીકે નોંધાઈએ એવી અમારી દરખાસ્ત છે. છપરાને સરનામે તારથી સૂચના પાઠવો."

૫. ૧૮૮૪–૧૯૬૩; રાજનીતિજ્ઞ અને વિદ્વાન; હિંદુસ્તાનની બંધારણ સભાના અધ્યક્ષ, ૧૯૪૬–૯; હિંદુસ્તાનના પહેલા રાષ્ટ્રપતિ.

Gandhi Heritage Portal

## ૧૩. શ્રીપ્રકાશને તાર[1]

[ડિસેમ્બર ૧૫, ૧૯૨૧ કે તે પછી]

શ્રીપ્રકાશ[2]
સેવાશ્રમ
બનારસ

હાર્દિક અભિનંદન. આવા સફળ પરિણામ માટે જરાયે આશા રાખી નહોતી.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૨૯

## ૧૪. સી. રાજગોપાલાચારીને તાર

[ડિસેમ્બર ૧૫, ૧૯૨૧ કે તે પછી][3]

સરસ. આશા છે કે તમને વધારેમાં વધારે સજા થશે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

સેવન મંથ્સ વિથ મહાત્મા ગાંધી, પા. ૧૭૨

## ૧૫. મદનમોહન માલવિયાને[4] મોકલવાના તારનો મુસદ્દો

[ડિસેમ્બર ૧૬, ૧૯૨૧][5]

આ આખર સુધી લડી લેવાની લડત છે એ વાત આપ સમજી લો એવું ઇચ્છું છું. અસહકારીઓ કેવળ સંરક્ષણાત્મક વ્યૂહ ખેલે છે. સ્વયંસેવકદળોને વિખેરી નાખવાના અને જાહેર સભાઓની મનાઈ ફરમાવતા ઉશ્કેરણીજનક હુકમો પાછા ખેંચી લેવામાં આવે તો અત્યારનો સવિનયભંગ આપમેળે જ બંધ પડી જાય. સરકાર જાહેર મતની અવગણના કરે ત્યાં સુધી

૧. શ્રીપ્રકાશના ડિસેમ્બર ૧૫, ૧૯૨૧ના નીચેના તારના જવાબમાં. એ તાર આ પ્રમાણે હતો : "ફોજદારી કાયદાની ૧૦૭મી કલમ હેઠળ પિતાશ્રી પકડાયા. સૌ સારાં છે."

૨. જન્મ ૧૮૯૦; બનારસના જાણીતા વિદ્વાન ભગવાનદાસના પુત્ર, કૉંગ્રેસના એક નેતા અને સ્વાતંત્ર્યસંગ્રામના એક લડવૈયા; પાકિસ્તાનમાં હિંદુસ્તાનના હાઈ કમિશનર; ત્યાર બાદ મુંબઈના ગવર્નર.

૩. રાજગોપાલાચારી ઉપર ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૫મીએ બપોરે ૧૨ વાગ્યે ફોજદારી કાયદાના સુધારેલા અધિનિયમ પ્રમાણે નોટિસ બજાવવામાં આવી હતી અને એ જ દિવસે બપોરે ૪ વાગ્યે તેમની સામે મુકદ્દમો ચલાવવામાં આવશે એવું પણ જણાવવામાં આવ્યું હતું. પરંતુ મુકદ્દમો મુલતવી રહ્યો હતો, અને મૂળ પરથી જણાય છે કે મુકદ્દમાના સમાચાર મળતાં ગાંધીજીએ ઉપરનો તાર કર્યો હતો.

૪. ૧૮૬૧–૧૯૪૬; બનારસ હિંદુ યુનિવર્સિટીના સ્થાપક; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના બે વાર અધ્યક્ષ.

૫. ગાંધીજીએ આ તાર તેમના સેક્રેટરી કૃષ્ણદાસને, ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૬મીએ મળેલો માલવિયાજીનો નીચેનો તાર મળતાંની સાથે લખાવ્યો હતો : "ગોળમેજી પરિષદ ભરવાની આવશ્યકતાનું

Gandhi Heritage Portal

સત્કાર સમારંભનો બહિષ્કાર ચાલુ રહેવો જ જોઈએ. સરકાર સાચી રીતે પસ્તાવો ન કરે, દુ:ખદાયક ફરિયાદો દૂર કરવા ઇચ્છા ન દર્શાવે અને લોકમતના બળ આગળ નમતું ન આપે તો પરિષદ નિષ્ફળ જ જશે. છતાં જમનાદાસ[1] અને કુંઝરુની[2] સાથે પરિસ્થિતિની ચર્ચા કરીશ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

સેવન મંથ્સ વિથ મહાત્મા ગાંધી, પુસ્તક ૨, પા. ૧૩૨

## ૧૬. પરિપત્ર[3]

સાબરમતી,
ડિસેમ્બર ૧૬, ૧૯૨૧

પ્રિય મિત્ર,

મહાસમિતિની સભામાં કોણ હાજર રહી શકશે તે હું જાણતો નથી. એટલે જે ઠરાવ પસાર કરવામાં આવે એમ હું ઇચ્છું છું તેનો મુસદ્દો તમને મોકલી આપું છું. તમે હાજર રહી શકો તેમ ન હો તો તમારી તે પરની ટીકા મને મોકલી આપશો? અને શાંતિ જાળવવા માટે તમારા પ્રાંતમાં ખરેખર તમારી હાજરીની જરૂર હોય તો તમે છૂટા હો તોપણ આવશો નહીં. આ મુસદ્દો બેશક પ્રસિદ્ધ કરવા માટે નથી.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૯૫૪૫

વાઇસરૉય પર દબાણ લાવવા માટે તા. ૨૧મીએ સાત સભ્યોનું એક પ્રતિનિધિમંડળ તેમની મુલાકાત લે તેવી હું ગોઠવણ કરું છું. તે માટે કલકત્તા જાઉં છું. પરિસ્થિતિની સ્પષ્ટતા કરવા માટે જમનાદાસ અને કુંઝરુ આવતી કાલે સાબરમતી આવી પહોંચે છે. પરિષદની સૂચનાનો સ્વીકાર કરવામાં આવે, સરકાર પગલાં લેવાનું બંધ રાખે, અને નેતાઓને છોડે તો પરિષદ પૂરી થતાં સુધી આપ શાહજાદાના સ્વાગત સમારંભોનો વિરોધ પાછો ખેંચી લેશો અને સવિનયભંગ પડતો મૂકશો એમ કહેવાનો અધિકાર આપો એમ ઇચ્છું છું. ૨૧મી સુધીનું કલકત્તાનું સરનામું નં. ૩૧ બરટિલ્લો સ્ટ્રીટ છે." કૃષ્ણદાસના કહેવા મુજબ આ મુસદ્દો મોકલવામાં આવ્યો ન હતો. જમનાદાસ અને કુંઝરુ ગાંધીજીને મળ્યા ત્યાર પછી જે ઉત્તર મોકલવામાં આવ્યો હતો તે માટે જુઓ "મદનમોહન માલવિયાને તાર", ૧૯-૧૨-૧૯૨૧.

૧. જમનાદાસ દ્વારકાદાસ; હોમ રૂલ લીગના એક અગ્રગણ્ય સભ્ય.

૨. હૃદયનાથ કુંઝરુ (જન્મ ૧૮૮૭); હિંદ સેવક સમાજના અધ્યક્ષ; મૉડરેટ રાજદ્વારી આગેવાન અને પાર્લમેન્ટના સભ્ય.

૩. જુદા જુદા પ્રાંતોના કૉંગ્રેસ કાર્યકરો પર આ પરિપત્ર મોકલવામાં આવ્યો હોવાનું અનુમાન છે.

Gandhi Heritage Portal

# ૧૭. દેવદાસ ગાંધીને પત્ર

આશ્રમ,
શુક્રવાર [ડિસેમ્બર ૧૬, ૧૯૨૧][1]

ચિ. દેવદાસ,

તમારો કાગળ મળ્યો છે. કેદીઓનો ચિતાર મધુર ભાષામાં ને કાબરચીતરા અક્ષરોમાં અપાયો છે એટલે માધુર્યનો લગભગ છેદ ઊડી જાય છે.

તમે જેલ ગયા, મહાદેવ પકડાયા, એવા તારની રાહ જોઈ રહ્યો છું.

મિસિસ નેહરુ વગેરે આવશે કે કેમ તે તારથી જણાવજો. આજે મહાદેવને નોખો કાગળ નથી લખતો.

તમારી બન્નેની તબિયત સારી રહેવી જ જોઈએ. પ્યારેલાલ ત્યાં પહોંચી જશે એટલે તમને તાણ તો ન જ પડવી જોઈએ.

આશ્રમમાં અન્ના[2] ને ગોમતીબહેન[3] તથા સરકારનાં ભાભી[4] આવી ગયાં છે. વસુમતી-બહેન પણ અહીં જ છે.

બાપુના આશીર્વાદ

કાલે ઍન્ડ્રૂઝ[5], જમનાદાસ તથા કુંઝરુ આવે છે.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૬૭૭

૧. તા. ક.માં દર્શાવ્યા પ્રમાણે જમનાદાસ દ્વારકાદાસ અને હૃદયનાથ કુંઝરુ ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૭મીએ આશ્રમમાં આવી પહોંચ્યા હતા.

૨. હરિહર શર્મા; અગાઉ તેઓ વડોદરા રાજ્યમાંના ગંગનાથ ભારતીય વિદ્યાલયના એક સક્રિય કાર્યકર હતા.

૩. કિશોરલાલ મશરૂવાળાનાં પત્ની.

૪. પટવર્ધન યાદવડકર; યંગ ઇન્ડિયાના કર્મચારી મંડળના એક માનદ કર્મચારી. ૧૯૨૦ના ડિસેમ્બરમાં નાગપુર કૉંગ્રેસ અધિવેશન દરમ્યાન અવસાન પામ્યા; જુઓ પુસ્તક ૧૯, પા. ૧૮૭.

૫. સી. એફ. ઍન્ડ્રૂઝ (૧૮૭૧–૧૯૪૦); બ્રિટિશ મિશનરી; ટાગોર અને ગાંધીજીના સહકાર્યકર; "દીનબંધુ"નું હુલામણું નામ પામ્યા.

Gandhi Heritage Portal

## ૧૮. જિયારામ સકસેનાને તાર[1]

[ડિસેમ્બર ૧૬, ૧૯૨૧ કે તે પછી]

જિયારામ[2]
કૉંગ્રેસ સમિતિ
અલ્લાહાબાદ

કારોબારી સમિતિ ત્રેવીસમીએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૨૩

## ૧૯. મૌલાના અબ્દુલ બારીને તાર[3]

[ડિસેમ્બર ૧૬, ૧૯૨૧ કે તે પછી][4]

આપણે માટે ખુદાની રહેમ બદલ તેના ગુણ ગાવાનાં અનેક કારણો છે. તમે મજામાં હશો એવી આશા રાખું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૨૪

૧. ડિસેમ્બર ૧૬, ૧૯૨૧ના જિયારામના તારના જવાબમાં. એ તાર નીચે મુજબ હતો : “પત્ર મળ્યો. કારોબારી સમિતિની બેઠક વિષે કૃપા કરી તારથી જણાવો.”

૨. યુક્ત પ્રાંત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી.

૩. ૧૮૩૮–૧૯૨૬; ખિલાફત આંદોલનમાં સક્રિય ભાગ લેનાર લખનૌના એક રાષ્ટ્રવાદી મુસ્લિમ ધર્મગુરુ.

૪. ડિસેમ્બર ૧૬, ૧૯૨૧ના મૌલાના અબ્દુલ બારીના નીચે પ્રમાણેના તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યો હતો : “આજે હૈદરાબાદથી પાછો ફર્યો છું. મૌલવી સલામતુલ્લા અને મારા બીજા અત્યંત વહાલા હિંદુમુસ્લિમ મિત્રોના યશસ્વી જુસ્સાથી ખૂબ જ ખુશી થયો. તેમની ગિરફતારી માટે આપને ધન્યવાદ આપું છું. લખનૌ અને અલ્લાહાબાદના નાગરિકોના ધીરજ, સહનશીલતા, વ્યવસ્થિતપણું સંગઠનશક્તિ અને કૉંગ્રેસના હુકમો પાળવાની તત્પરતા વગેરે ગુણો માટે અમે ગર્વ લઈએ છીએ. લખનૌ અને અલ્લાહાબાદ એમ બંને સ્થળોની હડતાળ વિષેનો સાચો રિપોર્ટ એવો છે કે તે સંપૂર્ણ હતી અને તેમાં પૂરેપૂરી અહિંસા જળવાઈ હતી. હમણાં જ પંડિત મોતીલાલજીની તથા તેમના સાથીદારો સાથે મૌલાના સલામતુલ્લાની જેલમાં મુલાકાત લીધી. બધા ખુશીઆનંદમાં છે. આપના પુત્રની ધરપકડ વિષે હમણાં જ સમાચાર મળ્યા. હાર્દિક અભિનંદન. એ આશાસ્પદ ચિહ્ન છે.”

Gandhi Heritage Portal

## ૨૦. સી. વિજયરાઘવાચારિયરને તાર[1]

[ડિસેમ્બર ૧૬, ૧૯૨૧ કે તે પછી]

આચાર્ય[2]
સાલેમ

ત્યાંની પરિસ્થિતિ બરાબર સમજીને તમારે આવવા વિષે નિર્ણય કરવો.[3]

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૨૮

## ૨૧. શ્યામસુંદર ચક્રવર્તીને તાર[4]

[ડિસેમ્બર ૧૬, ૧૯૨૧ કે તે પછી]

ખાલી પડેલી જગાઓ ભરી દેવી.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૩૧

## ૨૨. મરમના ઘા

ડિસેમ્બર ૧૭, ૧૯૨૧

સરકાર પોતાના નાના કે મોટા હુકમોનો ભંગ કરનારને કેદ કરે, સામાન્ય ચોર ભામટાઓ સાથે વર્તવામાં આવે તેવી જ તેમની સાથે પણ વર્તણૂક રાખે, જેલમાં મળી શકનારા વિશેષ હકોથી તેમને દૂર રાખે—આ બધી સમજમાં આવી શકે એવી વાતો છે. એને હું દુષ્ટતા નહીં

૧. ગાંધીજીને ૧૬મીએ મળેલા સી. વિજયરાઘવાચારિયરના ડિસેમ્બર ૧૫મીના નીચેના તારના જવાબમાં આ તાર મોકલી આપ્યો હતો: "મારી હાજરીની ખૂબ જ જરૂર હોય તો ૨૪મીએ આવી પહોંચું તો તે પૂરતું થઈ પડશે કે કેમ તે વિષે કૃપા કરી તારથી જણાવો. તેથી વહેલા આવવાનું ખૂબ જ અગવડભર્યું છે."

૨. સી. વિજયરાઘવાચારિયર (૧૮૫૨–૧૯૪૩); અગ્રગણ્ય ધારાશાસ્ત્રી, સક્રિય કોંગ્રેસી; કોંગ્રેસના ૧૯૨૦ના નાગપુર અધિવેશનના પ્રમુખ.

૩. ઘણું કરીને અમદાવાદના કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા માટે.

૪. કલકત્તાના *સર્વન્ટ* પત્રના સંપાદક; તેઓ સી. આર. દાસના અનુગામી તરીકે બંગાળ પ્રાંતિક કોંગ્રેસ સમિતિના પ્રમુખપદે આવ્યા.

ડિસેમ્બર ૧૬, ૧૯૨૧ના શ્રી ચક્રવર્તીના નીચેના તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યો હતો : "મહાસમિતિના જેલ ગયેલા સભ્યોની જગ્યાઓને ખાલી પડેલી જગ્યાઓ ગણી તે ભરી દેવી કે કેમ તે વિષે કૃપા કરીને તારથી આપનો અભિપ્રાય જણાવો."

Gandhi Heritage Portal

કર્યું. જે તમારી ઉપર છે અગર તો જે તુરતને સારુ પણ તમને પોતાની નીચે દબાવી બેઠો છે તેનો રોષ માથે લેવાની જો તમે હિંમત કરો, તો એના જે કોઈ હુકમો માનવાની તમે ના પાડો તેને સારુ તેના હાથની સજા ભોગવવાની પણ આશા રાખીને જ તમે તે પગલું ભરો છો.

પણ જો તમને અપમાનિત કરે, તમારાં બાળબચ્ચાં પાસે તમને અને તેમને પોતાને પણ ન ગમતાં હોય અને જે કરવાનો કાયદો ફરજ ન પાડતો હોય એવાં કામો કરાવે, તમને ધૂળથી પણ હલકા કરે, ત્યારે તે અસહ્ય થઈ પડે છે. મદ્રાસના કોકોનાડામાં એક મૅજિસ્ટ્રેટે સ્વરાજ અને ખિલાફતના વાવટા નીચે ઉતરાવી નાખ્યા, એક અઠવાડિયા સુધી એવા વાવટા વાપરવાની સામે મનાઈ હુકમ કાઢ્યો, નિશાળનાં બાળકો પાસે "યુનિયન જૅક"ને સલામો કરાવી! કલકત્તામાં એક નામાંકિત પ્રોફેસર પોતાનો યુનિવર્સિટીનો ઝભ્ભો પહેરીને ચાલ્યા જતા હતા ને નિરપરાધી માણસોની નાહકની સતામણી ચાલી રહેલી જોઈ તે અટકાવવા એક અમલદાર પાસે ગયા. જવાબમાં પેલાએ "તારે શી એ બધી પૂછપરછ જોડે મતલબ?" કરીને ઢોરની જેમ તેમના પર હુમલો કર્યો ને માર માર્યો. બીજા એક દાખલામાં એક બહાદુર ઊંચી કેળવણી પામેલા નવજવાનોની ટોળીને જેઓ ઘડી વારને માટે તેમના ચોકીદાર હતા તેમણે લાતો મારી. આવી વસ્તુઓ જ હૈયામાં સોંસરી ઊતરી જનારી હોય છે. એ મરમના ઘા છે, આ બધાં અપમાનો બતાવી આપે છે કે આપણા "માલિકો"ની રીતભાતમાં હજુ કશો ફેરફાર થવા પામ્યો નથી. એ બતાવે છે કે ઓડવાયરશાહી હજુ દફન નથી થઈ. ઈજા પામેલા પ્રોફેસર મહાશયને લૉર્ડ રોનાલ્ડશે તેડું મોકલે અને રૂબરૂ દિલાસો આપી ફરી એવું નહીં બને એવી ખાતરી આપે તેમાં શું વળ્યું? અને ફરી શું નહીં બનવા પામે? પ્રોફેસર મજકૂર પર ફરી હુમલો નહીં થાય એમ જ ને? અલબત્ત, હાલની ઝુંબેશ દરમ્યાન કોઈ એમની ફરી સતામણી નહીં કરે. પ્રોફેસર મહાશય પોતે ફરી વાર પોતાના ઝભ્ભાના જોર પર સરકારના અમલદારને ઝટઝટ પડકારવા જતાં પહેલાં વિચાર કરશે. પણ તેથી સરકારના અમલદારના મનમાં પ્રોફેસરને માટે કશું માન પેદા થયું શું? પ્રોફેસર કંઈ પોતાના રક્ષણને સારુ વિનંતી કરવા નહોતા ગયા. તેઓ તો માણસજાત પર નાહક જુલમ ગુજરતો જોઈ વહારે ધાયા હતા. લૉર્ડ રોનાલ્ડશે સાહેબની ખોળાધરીથી ભવિષ્યમાં આવા જુલમમાંથી હિંદી પ્રજાનું રક્ષણ થવાનું શું? અગર તો સરકારના અમલદારો હિંદી પ્રજા તરફ માનની નજરથી જોતા થવાના શું? સરકારના સિપાઈને રોજની કેળવણી કેવી અપાય છે એ જ મુદ્દો છે. અત્યારે એને અપાતી કેળવણીથી તો એને કુછંદી પશુ બનાવી મૂકવામાં આવે છે અને અમુક પ્રસંગોએ તેને નિર્દોષ લોકો પર છોડી મૂકવામાં આવે છે.

હિંદુસ્તાનના દાસો અને આઝાદો આજે જેલો વહાલી કરી રહ્યા છે તે આવા હીચકારા અને પશુવત્ બનાવો બનતા અટકાવવાને સારુ. તેમણે જેલો વધાવી લીધી છે તે બૂરામાં બૂરા ગુનેગારની પણ નાહકની છેડ ન થાય, તેનું પણ માનભંગ ન થાય એટલા સારુ. તેઓ કંઈ રાજતંત્રને કેવળ યાંત્રિક હાથબદલો થયેલો જોવા જેલ નથી ગયા. તેઓ જે ધરમૂળનો પલટો ઇચ્છે છે, જે રાજ્યપદ્ધતિના પલટાને સારુ લાલાજી જેવા વર્ષો થયાં ઝૂરે છે, જે પં. મોતીલાલજી જેવા રાજેશ્વરીઓને મન આજે પ્રાણવાયુ સમાન થઈ પડ્યો છે અને જેની પાછળ એમણે આજે ફકીરી લીધી છે, તે પલટો લૉર્ડ રોનાલ્ડશે ચાહે તેટલા નિખાલસ ભાવે ચાહે તેટલી માફી માગે અગર તો લૉર્ડ રીડિંગ ચાહે તેટલાં સુંવાળાં વિશેષણો વાપરે અગર પોતાના

Gandhi Heritage Portal

અમલદારો કાયદાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે એ વિષે ચાહે તેટલી જાતે સંભાળ લે, તોપણ એમ ને એમ કદાપિ થવાનો નથી. પ્રજાની કુરબાનીથી અને આત્મયજ્ઞથી જ એ પાયાનો ફેરફાર થવાનો છે અને ઈશ્વરનો આભાર માનીએ કે એવા યજ્ઞને સારુ પ્રજા આજે તૈયાર છે.

એક ચકોર મિત્ર મારા આશાવાદને મર્યાદામાં રાખવાના ઉદ્દેશથી મને ચેતવે છે કે પ્રજાકીય બલિદાનના યજ્ઞની તો હજુ શરૂઆત છે; અને હજી તો આપણે આપણી સ્વતંત્રતાની કેટલીયે વધુ કિંમત આપવી પડવાની છે. એ ખરેખર માને છે કે આપણે તો હજુ જલિયાંવાલાની પુનરાવૃત્તિના પ્રસંગો નોતરવા પડશે અને પેટે ચલાવેલા લોકોવાળી ગલીમાં ધ્રૂજતા અને નાખુશીથી જવાને બદલે હસતે ચહેરે અને સાબૂત કદમથી જવું પડશે અને પેટ ઘસવાની ના પાડવા માટે ચાબુકના માર ખાવા પડશે.[1] હું મારા મિત્રને ખાતરી આપું છું કે મારા આશાવાદમાં આ બધી વાતોને માટે અને એથી પણ આકરી વસ્તુઓને સારુ સ્થાન છે. પણ સાથે હું એ વાતની પણ ખાતરી આપું છું કે જો હિંદુસ્તાન આવું ને આવું શાંત અને દૃઢ રહે, જાલિમના જુલમનો મનથી પણ પ્રતિકાર ન કરે—હું કબૂલ કરું છું કે આ કામ અઘરું છે, તથાપિ હિંદુસ્તાનની અત્યારની ઉચ્ચ મનોભૂમિકાએ તે એટલું બધું અઘરું નથી—તો માત્ર આપણી તેટલી તૈયારી અને તેને પરિણામે પ્રતિકારનો અભાવ જ વિરોધીઓના સમસ્ત પશુબળને અપવાસી રાખી હત કરશે, અને વાઈસરૉય સાહેબ પણ આપણી આગળ બડી બડી વાતો કરવાને બદલે માણસાઈભરી ધીરજથી વાતો કરશે અને હિંદી વાતાવરણમાં નવી રાજનીતિને સારુ અવકાશ જોશે.

પણ જો આપણે ભાન ભૂલ્યા અને આપણી અહિંસાની પ્રતિજ્ઞાને વિસારી તો આપણે હજાર નવા જલિયાંવાલા બાગોને સારુ અને હિંદુસ્તાનને એક વિશાળ કતલખાનું બનેલું જોવાને સારુ તૈયાર રહેવું પડશે. દેશબંધુ દાસ આપણને આવા બલિદાનને સારુ તૈયાર રહેવા કહેતા ગયા છે. એમની ખાતરી થઈ ચૂકી છે કે જેલનો ડર આપણે મૂક્યો છે. અંગત હુમલાઓની કસોટીમાં થઈને પણ આપણે પસાર થઈ શકીશું એવો એમને કદાચ એમના પોતાના પુત્ર અને તેના સાથીઓના દાખલાઓ ઉપરથી ભરોસો છે. પણ તેઓ તો આપણને પ્રત્યક્ષ મરણનો ભય તજવા કહે છે. મને ઉમેદ કે છે જો હિંદી પ્રજાના ભાગ્યમાં એવો વખત આવવાનો હશે તો તે સામે ઊભા રહેવા હિંદુસ્તાનમાંથી પૂરતા અસહકારીઓ નીકળશે, જેમને વિષે લખાશે કે:

"તેમણે ગોળીઓ ખાધી પણ તેમનાં ભવાં સરખાં ન ચડયાં; અને પોતાને મારનાર અજ્ઞાનીઓના કલ્યાણની પ્રાર્થના કરતા કરતા જ તેઓ મૂઆ."

અને જો આવેલી ખબરો સાચી હોય તો બે આસામી સ્વયંસેવકોને ચાબુકના માર પડયા છે અને લાહોરના સ્વયંસેવકોએ પણ તેમની ઉપર થયેલો નિરંકુશ હુમલો ધૈર્યથી ગળી લીધો છે. આ લડત સાચે જ દિલ્લગી નથી. છેલ્લા બાર મહિના કે તેથી વધુ આપણે તાલીમ અને તૈયારી પાછળ ગાળ્યા છે. હવે તો આપણે પાર ઊતર્યે જ છૂટકો છે. એમાં પાછા ફરવાની વાત જ નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–१२–१९२१

ભાષાંતર : नवजीवन, २२–१२–१९२१

૧. અહીં દર્શાવવામાં આવેલા બનાવો વિષે જુઓ પુસ્તક ૧૭, પા. ૧૧૯ અને ૨૭૯.

Gandhi Heritage Portal

## ૨૩. ગુજરાત શું કરશે?

બંગાળના પાંચસેં યોદ્ધા છેલ્લા દસ દિવસમાં પકડાયા છે. સંયુક્ત પ્રાંતના બસેંથી ત્રણસેં પકડાયા હોવા જોઈએ. પંજાબમાં સોએક પકડાયા છે. જો તે તે જગ્યાઓમાં વધારે ન પકડાયા હોય તો તે કંઈ તે પ્રાંતના અસહકારીઓનો દોષ નથી. જે કાગળો મારા ઉપર આવ્યા છે તે ઉપરથી હું જોઉં છું કે એ ત્રણે પ્રાંતોમાં સરકારને માગે છે એટલા યોદ્ધા મળ્યે જાય છે. આટલા પકડાયા તે જો થોડા ગણાય તો તે સરકારની સુસ્તીને આભારી છે. દરેક પ્રાંતમાં જેલને સારુ સેંકડો યાત્રાળુઓ તૈયાર છે.

આવે સમયે ગુજરાત શાંત છે, મૂગું છે, ધીરજ ધારી બેઠું છે. મને આ શાંતિ, ધીરજ અને માન અતિશય પ્રિય છે, કેમ કે મને વિશ્વાસ છે કે સેંકડો ગુજરાતીઓ જેલ જવા તૈયાર જ બેઠા છે. ગુજરાતે જેલો ભરવામાં પહેલ કરવાની આશા રાખી હતી, પણ તે માન તો અત્યારે બંગાળ ખાટી રહ્યું છે. પણ આપણે ખરેખરા તૈયાર હોઈએ તો આમાં બંગાળની અદેખાઈ કરવાનું કારણ નથી. હું માની લઉં છું કે આપણો સમય આવશે ત્યારે આપણે બંગાળને ક્ષણવારમાં પહોંચી વળશું.

એ સમય નજીક આવતો જાય છે.

બારડોલી તૈયાર ન થાય, આણંદ તૈયાર ન થાય તો આપણે સામુદાયિક ભંગ નહીં કરી શકીએ. પણ વ્યક્તિગત ભંગ કરવામાં તો આપણને પ્રતિબંધ છે જ નહીં. સામુદાયિક ભંગથી તો આપણે ધાર્યું પરિણામ તુરત લાવી શકીએ; વ્યક્તિગત ભંગથી જરા ઢીલ થાય. મારી ઉમેદ તો એવી છે કે બારડોલી તો તૈયાર થશે જ અને તેથી આપણે સામુદાયિક તેમ જ જરૂર પડચે વ્યક્તિગત એમ બંને ભંગ કરવા તૈયાર થઈ જઈશું.

બારડોલી, આણંદ, નડિયાદ ભલે સામુદાયિક ભંગને સારુ તૈયારી કરે. બીજા બધા ભાગોમાં વ્યક્તિઓએ તૈયાર થઈ રહેવું જોઈએ. દરેક ગામમાં જેટલા માણસો તૈયાર હોય તેમણે પોતાની ગ્રામ્ય સમિતિમાં નામ નોંધાવી દેવાં જોઈએ. જો ગ્રામ્ય સમિતિ ન હોય અથવા કોઈ નામ નોંધવા તૈયાર ન હોય તો તાલુકા સમિતિમાં નોંધાવી દેવાં. ગ્રામ્ય સમિતિએ તાલુકા સમિતિમાં નોંધાવવાં. એ નામો બધાં છેવટે ગુજરાત પ્રાંતિક સમિતિમાં નોંધાઈ જવાં જોઈએ.

જેની શ્રદ્ધા શાંતિથી જ સ્વરાજ મળી શકે એવી ન હોય, જે હિંદુ હોય તો અસ્પૃશ્યતાનો ત્યાગ કરવા તૈયાર ન હોય, જે સારું કાંતી ન જાણતો હોય, જેણે પરદેશી કાપડનો સર્વથા ત્યાગ ન કર્યો હોય, જે હાથે કાંતેલ અને હાથે વણેલ ખાદીનો જ ઉપયોગ ન કરતો હોય, જે હિંદુ, મુસલમાન, શીખ, પારસી, ખ્રિસ્તી, યહૂદીની વચ્ચે મિત્રતાની આવશ્યકતા ન માનતો હોય, તેણે જેલ જવાનો વિચાર જ ન કરવો અને તેથી તેણે સ્વયંસેવકોમાં પોતાનું નામ નોંધાવવાનો વિચાર અવશ્ય છોડી દેવો.

જેઓએ આત્મશુદ્ધિ નથી કરી, જેઓએ શરાબ ઇત્યાદિ નથી છોડયાં તેઓ આ ધાર્મિક યુદ્ધમાં નહીં જોડાય તો તેથી તેઓ દેશસેવા કરશે, કેમ કે તેઓ પોતાની મર્યાદા સમજ્યા ગણાશે.

જેઓ સ્વયંસેવક થાય તેમણે પોતાના ભરણપોષણનો બંદોબસ્ત પોતાની મેળે કરી લેવો. સમિતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો વિચાર ન રાખવો. જેઓ દેશસેવા કરવા ધારે તેમને

Gandhi Heritage Portal

એવો એક પણ મિત્ર ન મળે, કે જે તેમની હાજતો આવે સમયે પૂરી પાડે, તેવા દેશસેવા કરવા યોગ્ય ન હોઈ શકે એમ મારી માન્યતા છે. એવા માણસનું ખર્ચ વધારે હોય નહીં ને હોય તેટલું કોઈને ભારે ન જ પડે.

જે મેં પુરુષોને માટે લખ્યું છે તે સ્ત્રીઓને પણ લાગુ પડે છે. જોકે સ્ત્રીઓને એકાએક જેલમાં જવા કાઢવાની જરૂર નથી. તોપણ તેઓમાંથી જેમણે સ્વદેશપ્રીતિપાન કર્યું છે તે તો તૈયાર થઈ જ રહે.

કાઠિયાવાડથી એક મિત્ર પૂછે છે કે દેશી રાજ્યોમાં રહીને શું કરવું? દેશી રાજ્યોમાં રહીને રૈયતવર્ગે ભરતી ન કરવી. પણ જેમનો જેલમાં જવા વિચાર હોય તે પોતે પોતાનું નામ પ્રાંતિક સમિતિ પાસે નોંધાવી શકે છે; ને જેઓ નામ નોંધાવવા તૈયાર ન હોય તે પણ સ્વયંસેવકના જે ગુણોનું હું વર્ણન કરી ગયો છું તે તો કેળવે જ.

આમ આપણે તૈયારીઓ કરી હજારોની સંખ્યામાં જેલ જવા તૈયાર થઈએ તો જ આપણાં ધીરજ, શાંતિ ને મૌન શોભી નીકળે ને ખરી બહાદુરીમાં ખપે. જો આપણે સમય આવ્યે એટલું જોર ન બતાવી શકીએ, એટલો આપભોગ આપી ન શકીએ તો આપણે નામર્દ અને નમાલામાં ખપીએ. પણ મારા મનમાં ગુજરાતની હિંમત વિષે શંકા નથી.

હું માત્ર એટલું જ ઇચ્છું છું કે એ હિંમતની સાથે જ્ઞાન પણ આવે. જે જ્ઞાનની જરૂર છે તે જ્ઞાન સ્વદેશીની આવશ્યકતા વિષે અને અસ્પૃશ્યતા દૂર કરવા વિષે. દરેક પુરુષે એ જ્ઞાન પોતાના કુટુંબને ને પરણેલાએ પોતાની સ્ત્રીને આપવા પ્રયત્ન કરવો જોઈએ. સ્ત્રીઓમાં હજુ જોઈએ તેટલો ખાદીનો પ્રેમ જામ્યો નથી, રંગબેરંગી ને ભડકામણી ભાતોવાળાં પરદેશી કપડાંનો મોહ ગયો નથી. તેઓએ હજુ અસ્પૃશ્યતાના પાપનો ત્યાગ કર્યો નથી. તેમને ધીરજથી ને પ્રેમથી સમજાવવાનું બાકી રહ્યું છે. આ કાર્ય સૌ પોતપોતાના કુટુંબમાં સહેલાઈથી કરી શકે છે. હમેશાં તેમાં સફળતા ન મળે એ સમજી શકાય તેમ છે, પણ આપણો પ્રયાસ કુટુંબથી જ શરૂ થવો જોઈએ. જેમ નવા ભોગોમાં આપણે કુટુંબને પહેલું ભેળવીએ તેમ જ નવા ત્યાગોમાં કે નવા સુધારામાં પણ તેને પ્રથમ ભાગીદાર બનાવવું જોઈએ.

આ માસમાં ગુજરાત મહાસભાના સ્વાગતમાં ગૂંથાયેલું રહી શકે છે, પણ જાન્યુઆરીમાં ગુજરાતે પરીક્ષાને સારુ તૈયાર થયે જ છૂટકો છે. તેથી હું આજથી ગુજરાતીઓને સાવધાન કરવા ઇચ્છું છું. પ્રાંતિક સમિતિનું નવા ખ્રિસ્તી વર્ષનું પહેલું કામ ગુજરાતીઓને આપભોગ સારુ તૈયાર કરવાનું હશે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १८-१२-१९२१

Gandhi Heritage Portal

# ૨૪. સભ્યતા

સભ્યતા, વિનય, નમ્રતા—આ ગુણોની ઉપર એટલો બધો ઓછો ભાર મુકાય છે કે કેમ જાણે તેની આપણા ચારિત્ર્ય ઉપર કંઈ અસર જ ન પડતી હોય. કોઈ માણસ સ્થૂલ બ્રહ્મચર્ય પાળે તો એ બાજીરાવ[1] બનીને સહુને વગોવે ને ધમકાવે, અને આપણે તેની સભ્યતાને દૂઝણી ગાયની પાટુની જેમ સાંખી લઈએ છીએ. તેમ જ જો કોઈ માણસ સાચાબોલો હોય તો તેને આખાબોલો થવાનો ઈજારો આપણે આપીએ છીએ; અને જે ખાદી પહેરતો થયો તે ખાદી ન પહેરવાની ઉપર કટકની માફક ચડી આવી શકે. તે જ રીતે જે સવિનયભંગ આદરે તે તેને પોતાની વર્તણૂકમાં અવિનય વાપરવાની રજા મળ્યા જેવું કરીને બેસે છે. આ અસભ્ય સેનાના નાયકો નથી બ્રહ્મચારી, નથી સત્યવાદી, નથી ખાદીવાદી કે નથી સવિનયભંગી. આ ચારે જણ પોતપોતાની પ્રતિજ્ઞાથી એટલા બધા વેગળા છે, જેટલી ઉત્તર દિશા દક્ષિણથી. જ્યાં વિનય નથી ત્યાં વિવેક નથી અને જ્યાં વિવેક નથી ત્યાં કંઈ જ નથી, એમ કહી શકાય. વિશ્વામિત્રની તપશ્ચર્યા જ્યાં સુધી તે વિનય ન શીખ્યા ત્યાં સુધી અધૂરી ગણાઈ.

વિનય ને નમ્રતા શાંતિની નિશાની છે. અવિનય ને ઉદ્ધતાઈ અશાંતિસૂચક છે. એટલે અસહકારીથી અવિનયી તો થવાય જ નહીં. છતાં અસહકારીની ઉપર મોટામાં મોટો આરોપ અવિનયનો ને ઉદ્ધતાઈનો મૂકવામાં આવે છે, અને તેમાં વજૂદ ઘણું છે. અસહકારી થયા એટલે આપણે કંઈક મહાભારત કાર્ય કર્યું હોય એમ આપણે માનીએ છીએ, કેમ જાણે જેણે પોતાનું કરજ પતાવ્યું હોય તેને માનપત્ર લેવાનો હક પ્રાપ્ત થયો હોય!

આવા અવિનયથી આપણી લડતમાં જીત મળતાં આપણને ઢીલ થાય છે, કેમ કે જેમ વિનય રોષને અને દ્વેષને રોકે છે તેમ જ અવિનય શત્રુતા વધારે છે. જો અસહકારી સહકારી તરફ વિનયવાન રહ્યા હોત, તેઓને ગાળો ન દીધી હોત ને તેઓના પ્રત્યે આદર વગેરે રાખ્યાં હોત તો અત્યારે જે ખટાશ બે પક્ષ વચ્ચે થઈ ગઈ છે તે ન થાત; તો મુંબઈમાં જે માઠું પરિણામ[2] આવ્યું તે ન આવત. જે વિદ્યાર્થીએ સરકારી નિશાળ છોડી છે તે ન છોડનારને પજવે નહીં, તેને ગાળો ન દે, પણ તેને પોતાના પ્રેમથી જીતે. પોતે તેની જેવી સેવા પૂર્વે કરતો હતો તેવી જ હજુયે કર્યે જાય. જે વકીલે વકીલાત છોડી તે ન છોડનારની સામે મોઢું ન મરડે, પણ તેની જોડે પ્રથમના જેવી જ મીઠાશ રાખે. જેણે સરકારની નોકરી છોડી છે તે ન છોડનારને ગાળો ન દે.

આમ જો આપણે આપણું કામ લઈ શકયા હોત તો સંભવ છે કે આજે તો આપણે આપણું કામ ઉકેલીને પણ બેસી ગયા હોત ને દેશ ચડયો છે તેના કરતાં ઘણો આગળ વધ્યો હોત. વિનીત પક્ષ આપણાથી અલગ રહી જ ન શકત.

વિનય વાપરવો એટલે ખોટી ખુશામત કરવી એવો અર્થ કોઈ નહીં કરે, એવી ઉમેદ રાખું છું. વિનય વાપરવો એટલે આપણે આપણો ધર્મ છુપાવવો એમ પણ નથી. વિનય વાપરવો એટલે આપણા પોતાના ધર્મ પર ચુસ્ત રહેતા છતાં બીજાના પ્રત્યે આદરભાવ રાખવો. હું તિલક

૧. મરાઠા રાજ્યના એક પેશ્વા અથવા પ્રધાનમંત્રી.
૨. ૧૯૨૧ના નવેમ્બરની ૧૭મીનાં તોફાન.

Gandhi Heritage Portal

કરું એટલે તિલક ન કરનારની મશ્કરી ન કરું. હું પૂર્વ ભણી ઊભી પ્રાર્થના કરું એટલે પશ્ચિમ ભણી નિમાજ પઢનાર મુસલમાન ભાઈનો તિરસ્કાર ન કરું. મને સંસ્કૃત ઉચ્ચાર આવડે તેથી અરબી ઉચ્ચારને વખોડી ન કાઢું. ખાદીવાદી પોતાની ખાદીની ટોપી પહેરતો છતો સોલા હૅટ પહેરનારની પ્રત્યે સહનશીલતા ને પ્રેમ બતાવી શકે છે. ખાદીથી લદાયેલો માણસ જો પરદેશી કપડાં પહેરનારને ગાળ ભાંડવા મંડી જાય તો તે પરદેશી કપડાંનો મોટો પ્રચાર કરનારો નીવડવાનો. મુંબઈના ઉપદ્રવથી ખાદીનો પ્રચાર વધ્યો નથી. કેટલાકને તો અત્યારે ખાદીમાંથી બદબો છૂટતી જણાય છે.

જો આપણે ખાદીવાદીઓ આખા હિંદુસ્તાનને ખાદી પહેરતું કરી મૂકવા ઇચ્છતા હોઈએ તો આપણે ધીરજથી પરદેશી કપડાં વાપરનારને સમજાવવા જોઈશે. પરદેશી કપડાંને ગમે તેટલાં વખોડીએ, પણ તે પહેરનારની સાથે તો મહોબતથી જ વરતીએ. મરકી ભૂંડી છે, પણ મરકીથી પીડાતાનો ત્યાગ કરીએ તો આપણને પણ મરકીનો ચેપ લાગવાનો સંભવ છે. આપણે રોગનો નાશ ઇચ્છીએ, રોગીનો કદી નહીં. પરદેશી કપડાં પહેરવાં એને આપણે રોગ માનીએ છીએ, તો તે રોગથી પીડાતાની આપણે સેવા કરીએ. પરદેશી કપડાં પહેરનાર આપણને કાં રોગી ન માને? ભલે માને. તેમ છતાં જો આપણે એકબીજાની સેવા જ કર્યા કરીશું તો કોઈ ને કોઈ દિવસે જેનું અજ્ઞાન હશે તે બહાર આવશે. એમ નહીં કરીએ તો ધર્મ અને અધર્મનો ભેદ આપણને કદી નહીં જણાય.

જેમ સહકારી પ્રત્યે વિવેક વાપરવાની જરૂર છે તેમ જ આપણે જેલમાં જનારે પણ વિનય જાળવવો પડશે. એક તરફથી જેલના નિયમોનું પાલન અને બીજી તરફથી સ્વમાનનું એ બંને વસ્તુ સાથે જાળવવી મુશ્કેલ છે. જેલના કેટલાક ધારા કુદરતથી જ હીણપત લગાડનારા હોય છે. જેલમાં આપણે કોટડીમાં પુરાયે જ છૂટકો. એમ જે ધારા બધા કેદીને લાગુ પડતા હોય તેને આપણે માન આપવું જ જોઈએ. અને તે સાથે જ જ્યાં આપણને હલકા પાડવા ખાતર જ કંઈ કરવામાં આવતું હોય ત્યાં દૃઢતાપૂર્વક તેની સામે પણ થવું જોઈએ. એક વાર વિનયની કેળવણી આપણે પામીએ તો કયે પ્રસંગે કેમ વર્તવું એ આપણને એની મેળે માલૂમ પડી જશે.

જ્યાં હુંપદ છે ત્યાં અવિનય ને ઉદ્ધતાઈ છે. જ્યાં હુંપદ નથી ત્યાં સભ્યતાની સાથે જ સ્વમાન છે. હુંપદવાળો શરીરનું અભિમાન રાખે છે. સ્વમાન જાળવનાર આત્માને ઓળખી તેની જ ચિંતા કરે છે, ને તે પાછળ શરીરને ગાળી નાખવાને તૈયાર રહે છે. સ્વમાનના પૂજારી આ જગતમાં બધાની સાથે મિત્રભાવથી વર્તે છે, કેમ કે તેને પોતાના માન જેટલું જ સહુનું માન પ્રિય લાગે છે. તે બધામાં પોતાને અને પોતામાં બધાને જુએ છે, બીજાની જોડે પોતાને મૂકે છે. અહંકારી બધાથી અતડો રહે છે ને પોતાને બધાનો ઉપરી માની જગતનો કાજી થવા જતાં જગતની પાસેથી પોતાની હલકાઈનું માપ કઢાવી લે છે.

તેથી શાંત અસહકારીએ વિનયને નોખો ગુણ ગણી તેને પણ કેળવવો જોઈશે. એમાં જ વ્યક્તિની કે પ્રજાની સભ્યતાનું માપ આવી જાય છે. અસભ્યતા પશુતા છે એમ નિશ્ચયપૂર્વક સમજી અસહકારી તેનો સમૂળો ત્યાગ કરે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૧૨–૧૯૨૧

Gandhi Heritage Portal

# ૨૫. મારી નોંધ

## ધન્ય એ સ્ત્રીને!

ખ્વાજા સાહેબ નેશનલ મુસ્લિમ યુનિવર્સિટીના મુખ્ય વ્યવસ્થાપક હતા. અતિ નિખાલસ મુસલમાનોમાંના એક હું તેમને ગણું છું. તે જેવા ધર્માભિમાની છે તેવા જ દેશાભિમાની છે. પોતે એક અમીર કુટુંબના છે. બારિસ્ટર તરીકે તેમનો વૈભવ ખૂબ હતો. આજે તેઓ ધર્મ અને દેશને ખાતર ફકીર બન્યા છે. તેમને પણ જેલમાં મોકલ્યાનો તાર હમણાં જ મને તેમનાં બેગમ તરફથી મળ્યો છે. તેમનું નામ ખુરશેદ બેગમ છે. તેઓ લખે છે: "તમે જાણીને ખુશી થશો કે મારા પતિને સરકારે કેદ કરેલ છે. યુનિવર્સિટીને હું ચલાવીશ." આ તાર જ્યારે મને મળ્યો ત્યારે મને સવા શેર લોહી ચડ્યું, કેમ કે એક તરફથી ખ્વાજા સાહેબની પાક કુરબાની ને બીજી તરફથી તેમનાં બેગમની ધીરજ ને બહાદુરી. આવું જ્યાં બન્યા કરે ત્યાં સ્વરાજને કોણ રોકી શકે? ખુરશેદ બેગમને પોતાનું કામ ચલાવતાં જરાયે મુશ્કેલી નથી પડવાની. યુનિવર્સિટીના બહાદુર નિખાલસ દિલના વિદ્યાર્થીઓ ખુરશેદ બેગમની આસપાસ વીંટળાઈ જશે ને સંભવ છે કે જે કામ તેઓ ખ્વાજા સાહેબને ખાતર નહોતા કરતા તે તેમનાં બેગમને ખાતર કરશે. ખુરશેદ બેગમ વળી એ વિદ્યાર્થીઓને કાંતવાની તાલીમ તો ખ્વાજા સાહેબ કરતાં જરૂર વધારે સારી જ આપશે.

આવી જ હિંમત હિંદુસ્તાનની ઘણી સ્ત્રીઓમાં આવે એટલે આપણો વિજય જ છે. આ મહાન જાગૃતિને સમયે બહેનોને મારી એટલી વિનંતી છે કે તેઓએ સંઘશક્તિ ખૂબ કેળવવી પડશે. તેઓએ પણ સાથે મળી કામ કરતાં થઈ જવું જોઈએ. અને એમ કરવાનો સરળ રસ્તો એ છે કે એકબીજાની ટીકા કરવાને બદલે તેઓએ પોતપોતાના કામમાં જ ગિરફતાર થઈ જવું. જે સેવામાં જ સર્વસ્વ સમજે છે તેને ટીકા કરવાનો સમય જ નથી રહેતો.

## પારસી બહેનો

મારી ઉપર એક પારસી બહેનનો કાગળ—અતિ દુ:ખ ઉપજાવનારો કાગળ—મુંબઈથી આવ્યો છે. એ બહેન એવી ફરિયાદ કરે છે કે તેનું મૂળ તપાસવામાં મને આખો ભવ ગાળવાની ઇચ્છા થાય. પણ તે બહેનના કાગળ પરથી કંઈ જ તપાસ થઈ શકે તેમ નથી. જો આ લખાણ તે બહેનના હાથમાં આવે તો મારી તેમને વિનંતી છે કે તે મને પોતાનું નામ-ઠામ મોકલે અથવા મને મળે. તે બહેનનું નામ તો હું જાહેર નહીં જ કરું, પણ જો તે બહેન બધી હકીકત આપશે તો હું જરૂર તપાસ કરીશ ને મારાથી જે મદદ થઈ શકે તે કરીશ. દરેક દુ:ખી સ્ત્રીપુરુષ જો નનામા કાગળ લખે તો ને કંઈ જ વિગત તપાસ કરી શકાય એવી ન આપે તો ઈલાજ ન લઈ શકાય એ સમજાય તેવું છે.

જે પારસી બહેનો મને જાણે છે એમને પણ હું વીનવવા ઇચ્છું છું કે તેમણે પણ પૂરી તપાસ કરવી ને જો તેમને જાણવામાં દુ:ખની ખબર હોય તો તેમણે મને ખબર આપવી.

ગમે તેવી સુરક્ષિત સંસ્થામાં પણ છેવટે એવો ભાગ તો રહી જ જવાનો કે જેમાં અત્યાચાર, અનેક ઉપાયો છતાં, અટકાવી નહીં શકાય. જે ગુના આજે લંડનમાં, ન્યૂયૉર્કમાં, શિકાગોમાં

Gandhi Heritage Portal

ને પારીસમાં થાય છે, જે અત્યાચારો ખાનગી રીતે આ ઉપલાં શહેરોમાં થાય છે તેની આપણને ખબર પણ નથી પડતી; તેની કોઈ તપાસ પણ નથી કરી શકતું. તે જગ્યાની ચકોર પોલીસ પણ તેને શોધી નથી શકતી. મારી એવી માન્યતા છે કે કેટલાક ગુના તે શહેરોમાં થાય છે તેની આપણને કલ્પના પણ ન આવી શકે. આપણાં પ્રત્યેક ભાઈબહેનનો એ ધર્મ છે કે આપણે જેટલાં દુ:ખોને પહોંચી વળી સેવા કરી નિવારણ કરી શકીએ તેટલાં દુ:ખોમાં સહાય દઈ આપણું કરજ ઉતારવું. અને જે દેશમાં પારકાનાં દુ:ખને ઘણાં માણસો પોતાનાં માની ઈલાજ લે તે દેશમાં સ્વરાજ છે.

## પોલીસ પર ઢોળવાની ટેવ

ગુલામીમાં રહેનારની, નામર્દની એક એવી ટેવ હોય છે કે તે પોતાની ભૂલ કબૂલ કરતાં ડરે અને તેથી હમેશાં પારકાની જ ભૂલ કાઢ્યા કરે. મુંબઈના દુ:ખી કિસ્સાને વિષે જે કાગળો મારી ઉપર આવ્યા છે તેમાં એક જાતના કાગળ એવા છે કે જેમાં બધું પોલીસ ઉપર જ ઢોળવામાં આવ્યું છે.

એ કાગળોમાં જણાવ્યું છે એવી જો પોલીસ સડેલ હોય તો તે વાંક પણ આપણો જ ગણાય. એવા અત્યાચારોને બરદાસ કરનારા પણ આપણે જ કે બીજા કોઈ હોય? પોલીસ પણ આપણા જ ભાઈઓ છે. અને જો પોલીસ માત્ર આપણા દુશ્મન ગણીએ, બદમાશ-માત્રને સારુ આપણે જવાબદાર ન હોઈએ તો આપણે રાજ્ય કઈ રીતે ચલાવવાના છીએ? એવી સડેલી પોલીસ ઉપર ને બદમાશ ઉપર સ્વરાજ્યમાં કોણ કાબૂ મેળવશે? અંગ્રેજો જે હોય તે તો સ્વરાજ્યની કલ્પનામાં પ્રજાના નોકર હોઈ, આપણા ભાઈઓ તરીકે રહેતા હોય. તે વેળા તેમની ઉપર તો નિર્દોષના બચાવની જવાબદારી નહીં ઢોળી શકાય. તો પછી એવા-ઓની ઉપર અંકુશ કોણ મેલશે?

એક પળભર પણ વિચાર કરવાથી આપણને માલૂમ પડશે કે આપણે પોલીસ ઉપર, જેમને આપણે મવાલી બદમાશ ગણીએ છીએ તેમની ઉપર, આપણી અસર નહીં પાડી શકીએ ત્યાં લગી આપણે સ્વરાજ મેળવી જ શકવાના નથી. તેઓને દબાવીને સરકાર રાજ્ય ચલાવી શકે છે. તેઓને પ્રેમથી આપણે વશ કરી શકીએ તો આપણે રાજ્ય ચલાવી શકીએ, અથવા તો આપણે તેઓના કરતાં વધારે બદમાશ અને અત્યાચારી બની રાજ્ય ચલાવી શકીએ. ત્રીજો રસ્તો તેઓને દંડ દઈને આપણે રાજ્ય ચલાવવાનો છે. આપણી ઈચ્છા હોય તોપણ તે શક્તિ આપણામાં નથી. એટલે આપણે કાં તો તેવી શક્તિ મેળવવા સારુ બસેં ચારસેં વર્ષ થોભવું ને પછી સ્વરાજનો વિચાર કરવો અથવા તો તેઓને આજે પ્રેમને વશ કરવા.

મવાલી વર્ગની હયાતી જ અધર્મ, પાખંડનું પ્રાધાન્ય સૂચવે છે. એ પાખંડને વધારીને તો આપણે સ્વરાજ ન જ મેળવીએ. એ અધર્મને ધર્મ વડે દૂર કરીને જ આપણે હિંદુસ્તાનમાં શાંતિ ભોગવી શકીએ. અંગ્રેજી સલ્તનતને આપણે નભાવી લઈએ છીએ તેનું કારણ જ એ છે કે તે સલ્તનત ઘણે ભાગે મવાલી વર્ગને દાબમાં રાખી નબળી પ્રજાને બચાવી લે છે. પણ હું તેની સામે થાઉં છું તેનું કારણ એ છે કે એવો બચાવ કરવાનું દામ તે પ્રજાની પાસેથી એટલું લે છે કે તે પોતે મવાલી રાજ જેવું થઈ પડયું છે. એટલે કે એવા રક્ષણની કિંમત તરીકે આપણને આપણું સ્વમાન આપી દેવું પડે છે. આ અત્યાચારમાંથી નીકળવાને સારુ આપણે જો મવાલીની સહાય મેળવવા જઈએ તોપણ મૂઆ પડયા છીએ; જો તેઓને તરછોડીએ

Gandhi Heritage Portal

તોપણ મૂઆ પડયા છીએ. તેઓની ખુશામત કર્યા વગર તેઓને પ્રેમથી આપણે જીતવા જોઈએ, તેઓનો ડર છોડવો જોઈએ. મતલબમાં તેઓને ધર્મી બનાવવા જોઈએ. તેઓમાંના થોડા એવા બને તો બીજાને બનતાં વાર ન લાગે. જે ન્યાય તેમને લાગુ પડે છે તે જ પોલીસને. પોલીસથી શાને ડરીએ? તે ધોળી ટોપી પહેરીને આવે તોપણ કોને છેતરે? આપ ભલા તો જગ ભલા. આપણે એવા નમાલા કેમ બનીએ કે આપણે છેતરાઈએ? ધારો કે પોલીસે ખાદીનો વેશ ધારણ કરી કોઈની ઉપર અત્યાચાર કર્યો. તેથી આપણે ઉશ્કેરાઈ શાને જઈએ? તેને આપણે વીનવીએ. તે ન માને તો તેને પડતો મૂકીએ. આપણામાં તેટલું બળ હોય તો તેને અત્યાચાર કરતો અટકાવવામાં આપણે મરી છૂટીએ. એટલે આપણે બહાદુર ઠર્યા. પોલીસ આપણી એ બહાદુરી જરૂર જોઈ જશે ને સારી થશે. નામર્દને મારીને પોલીસ બગડે છે. મર્દને મારીને તો ડરે જ. મારી ઉપર લાહોરથી કાગળ છે તેમાં એક મિત્ર જણાવે છે કે જુવાન મજબૂત માણસો પણ તેઓની સામે નથી થતા તેથી તે ડરી જાય છે. તેમને મારતાં તેની છાતી નથી ચાલતી. ન જ ચાલે. મને તો એવા જાતિઅનુભવો ઘણા છે. આ નીડરતા કોઈની શીખવી નથી આવતી, પોતે અભ્યાસથી જ મેળવી શકે છે. એટલે મને લખનારાઓએ સમજવું જોઈએ કે બદમાશો ઉપર કાબૂ મેળવવો એ તો આપણું કાર્ય રહેલું જ છે. પણ જો તેઓને પંપાળીને આપણે કાબૂ મેળવવા ઈચ્છીએ તો આપણે ઓલામાંથી નીકળી ચૂલામાં પડવાના છીએ. તે આપણા ભાઈ ખરા, પણ તેઓ દરદી છે. તેમની આપણે સારવાર કરીએ. તેમની સારવાર નીચે ન જ જઈએ. જે દિવસે આપણે પોલીસનો ડર છોડશું તે દિવસે પોલીસ આપણી મિત્ર બનશે. ડર મેલવો એટલે પોલીસને મારવી કે ગાળ દેવી નહીં, પણ આપણે તેના માર ખાવા, તેની ગાળ પણ ખાવી—જેમ શ્રી ચિત્તરંજન દાસના બહાદુર દીકરાએ માર ખાધા. તે પોલીસને મારી શકતા હતા. તેમના સાથી બધા મજબૂત જવાન હતા. પણ તેમણે સહન કર્યું. ગાળ ખાવી એ એક વાત છે. એ અસહકાર છે. પણ ગાળની સામે થઈ બે દેવી એ સહકાર છે, કેમ કે આપણે તેના દેનાર જેવા બન્યા. ગાળને વશ થવું એ એની ગુલામી છે. ગાળ ખાવી એટલે ગાળ દેનાર કહે તેમ કરવું એ અર્થ નથી. ગાળ ખાવી એટલે ગાળ દેનારની ઈચ્છાને વશ ન થવું એ છે. ગાળ દઈને તો કોઈ વિષ્ણુનો જપ જપાવે તોપણ ન જપીએ. ગાળ દેનાર આપણને પેટે ચાલવા કહે ત્યારે આપણે ટટાર ચાલીએ. ગાળ દેનાર બેસવાનું કહે ત્યારે ઊભા થઈએ ને તેની પિસ્તોલ ખાઈએ. એટલે તે સંપૂર્ણ હાર્યો, કારણ કે આપણને નમાવવાનો તેમનો મનોરથ પૂરો ન થયો. રાવણ સીતાને પોતાને ખભે બેસારીને તો લઈ ગયો. પણ સીતાએ તેનું કહ્યું ન માન્યું તેથી સીતાનું વાહન બન્યો. છતાં એવી અંબાભવાનીના સ્પર્શથી પવિત્ર ન થઈ શકયો ને વગોવાયો. સીતા અબળા છતાં જગદંબા બની. એટલે નિર્ભયપણે ગાળ ખાવી, માર ખાવા એ તો ખરી બહાદુરી છે. જે મારની બીકે ગાળ ખાઈ બેઠો રહે છે તે નથી માનવી કે નથી પશુ. હિંદુસ્તાન અત્યારે મર્દ બનવાનો પાઠ શીખી રહેલ છે. જો પૂરો શીખે તો સ્વરાજ લે.

### ત્રણ ભય

શ્રી દેશબંધુ દાસના જે લેખો તેમના જેલ જવા પહેલાં નીકળ્યા છે એ તેમની ઉન્મત્ત દશા બતાવનારા ને મનન કરવા યોગ્ય છે. "મનથી, વાણીથી ને કાયાથી શાંતિ જ રાખજો." "વિનીત પક્ષને પણ તમારા વિનયથી જીતજો." આ બધાં અમર વાક્યો છે અને આવે સમયે



Gandhi Heritage Portal

તેમને મુખેથી નીકળ્યાં એ વધારે શોભે છે. તેવાં જ ત્રણ ભયને વર્ણવનારાં વાક્યો છે. તેઓ કહે છે, જેલભયને આપણે જીત્યો. કેમ જાણે પોતાના દીકરાને જ ઉદ્દેશીને તેમણે ન કહ્યું હોય, કે બીજો ભય મારનો, તે પણ આપણે જીતવાની અણી પર છીએ. ત્રીજો ભય ગોળીનો, તે આપણે જ્યારે જીત્યા ત્યારે સ્વરાજ છે જ. સ્વરાજની ચાવી જ એમાં રહેલી છે. મારનો ને મરણનો ભય મેલી દઈએ તો ન સરકાર દબાવે ને ન મવાલી દબાવે. અને આ ત્રિવિધ ભયને જીતનારા મળે તો જ આપણે સ્વરાજ મેળવીએ, નહીં તો મળનારું જ નથી.

### વચનભંગ

એક સજ્જન લખે છે,[1] આ તો સીધો ન્યાય કહેવાય. માત્ર ભેદ એટલો છે કે મેં કંઈ મારી સત્તાને બળે વચન નહોતું આપ્યું. હું તો પ્રજાનો દાસ છું, એલચી ગુમાસ્તો છું. ગુમાસ્તો પોતાની વતી વચન આપી જ શકતો નથી. તેથી જો અલીબંધુને તેમના સાથીઓ ૩૧મી ડિસેમ્બરે નહીં છૂટે તો હું એ લખનાર સજ્જન ઉપર ને પ્રજા ઉપર આરોપ મૂકીશ. હું મુંબઈની પ્રજા પર આરોપ મૂકીશ. જે પ્રજાએ મારાં સેંકડો ભાષણો સાંભળ્યાં છે તે જ પ્રજાએ મને છેતર્યો છે. મેં તો ૧૭મી તારીખે જે મેદની જોઈ, જે ભડકો જોયો તેને સત્ય માની એવું કહ્યું કે, “આ સાંજે હું બારડોલી આણંદની પરીક્ષા લેવા જઈશ, ને મારી ઉમેદ છે કે ત્યાં આદરેલા સવિનયભંગથી ને તમારી શાંતિથી આપણે ડિસેમ્બરની અધવચમાં સ્વરાજ લઈશું ને જેલના દરવાજા ખોલી અલીભાઈઓ, ગંગાધરરાવ દેશપાંડે વગેરેને વધાવી લઈશું.” આ વાક્ય મેં તો મુંબઈ ઉપર ને હિંદુસ્તાન ઉપર વિશ્વાસ રાખીને કહેલું. જો અલીબંધુ વગેરે આ જ માસમાં ન છૂટે તો હિંદુસ્તાન આખું વિશ્વાસઘાતી ઠરશે. તેમાં ભલે મને પણ ગણવામાં આવે. ભલે વિશ્વાસ રાખવાને સારુ મને ભોળો ગણવામાં આવે. પણ એવો વિશ્વાસ તો હું સદાકાળને સારુ કરવાનો છું.

પણ મારી માન્યતા તો એવી છે કે જે થયું છે તેથી વચન પાળ્યા જેવું ગણાય. શું લાલાજી, દાસ, મોતીલાલજી, અબુલ કલામ આઝાદ, મોહીઉદ્દીન, સલામતુલ્લા, આગા સફદર, જવાહરલાલ વગેરે જેલમાં ગયા તે છોડાવ્યા બરોબર નથી? તેઓની સાથે જે સેંકડો ગયા છે તે જેલીઓને તેડવા ગયા છે. તેમને જોર દેવું તે આપણું કામ છે. જો હિંદુસ્તાન શાંતિ પૂરી જાળવશે તો, ને સાથે જેલમાં પણ જશે, માથાં પણ ફોડાવશે ને મરશે તો તેઓને જરૂર જેલ બહાર લાવશે. લખનારને હું ખાતરી આપું છું કે જે નેતાઓ જેલમાં પહોંચી ગયા છે તેઓની હૂંફ અલીભાઈઓને એટલી મળી છે કે જાણે તેઓની બેડી જ પીગળી ગઈ હોય નહીં! વચમાં સિયાલકોટના લોકોની બેખબરી જેવાં વિઘ્નો આવી નડે છે એ આપણી ખુવારી છે. આગા સફદર પકડાયા એટલે લોકો અર્ધઘેલા થયા. કોઈ જેલમાં ધૂસ્યા, કોઈએ મૅજિસ્ટ્રેટનું અપમાન કર્યું. જબરદસ્તી કરવી, અપમાન કરવું, ગાળો દેવી એ આપણે સારુ હરામ છે. તે છતાં લોકો ભૂલો કર્યા જ કરે તો ગરીબ બિચારો એલચી શું કરે? બહુ કોચવાય તો રાજીનામું આપી હિમાલયમાં ભાગી જાય.

૧. આ ઉતારો અહીં આપવામાં આવ્યો નથી. આ સંવાદદાતાએ એવું જણાવ્યું હતું કે, ગાંધીજીને વચન આપ્યા પ્રમાણે, ડિસેમ્બરની ૩૧ પહેલાં અલીભાઈઓની મુક્તિ મેળવી આપશે નહીં, તો લૉઈડ જૉર્જ પર તેમણે (ગાંધીજીએ) વચનભંગનો જે આક્ષેપ મૂક્યો હતો તેવો આક્ષેપ તે (સંવાદદાતા) તેમના પર (ગાંધીજી પર) મૂકશે.

Gandhi Heritage Portal

## નવજીવનમાં ભૂલો

એક બીજા સજ્જન નવજીવનમાં કેટલીક ભૂલો બતાવે છે. મારી તપાસ પ્રમાણે તો એ માને છે તે ભૂલ નથી થઈ. છતાં બીજા વાંચનારની પણ એવી ગેરસમજ હોય તો દૂર થાય તેથી મારે આટલું જણાવવું જોઈએ કે નવજીવનમાં બધાં લખાણો હું કરતો નથી. બધું હું તપાસી શકતો નથી અને યંગ ઇન્ડિયાનાં મારાં લખાણોનો તરજુમો પણ હું કરતો નથી. ભૂલો ન થાય તેને સારુ અત્યંત કાળજી રાખવામાં આવે છે. તરજુમો કરનાર મારા સાથી મારી મતિ પ્રમાણે મને સારામાં સારા હું ગોતી શકું તે મળ્યા છે. પણ જ્યાં સૌ પ્રામાણિકપણે પ્રયત્ન કર્યા કરે ત્યાં પણ ભૂલો કોઈ વાર રહી જાય. એક ભાષામાંથી બીજી ભાષામાં તરજુમો કરવો એ ધારવા કરતાં હમેશાં અઘરું હોય છે. તેને સારુ બન્ને ભાષા પર સરખો કાબૂ અને વિષયની માહિતી હોય તો જ અસલ અર્થ કંઈક સચવાય. તેથી જ તરજુમાની કિંમત હમેશાં અસલ કરતાં ઘણી ઓછી જ હોય છે. એટલે વાંચનારે જાણી જ લેવું કે ઇરાદાપૂર્વક ભૂલ તો નવજીવનમાં નહીં કરી હોય. અને જ્યારે વાંચનાર કોઈ ભૂલ સુધારવાલાયક બતાવશે ત્યારે માલૂમ પડયે તુરત સુધારવામાં આવશે.

## શંખધ્વનિ સાથે

દેશબંધુ દાસ પકડાયા તે વખતની હકીકત જાણવા જેવી છે. તેમને તેઓને ઘેર જ પકડવામાં આવેલા. સાંજના ચારેક વાગ્યે પોલીસ આવ્યા. સહુ ચા પીતા હતા. મંત્રી શ્રી સસમલ પોલીસને મળવા નીચે ઊતર્યા. તેમણે પોતાનું નામ આપ્યું એટલે તેમને પકડયા. દરમ્યાન દેશબંધુ દાસ પણ ઊતર્યા.

તમારે મને પકડવો છે?

જ. : હાજી.

ત્યારે હું તૈયાર જ છું.

એમ કહી દેશબંધુ પોતાનાં પત્નીને મળવા ઉપર ન ચડયા ને પોલીસની સાથે જ ગયા. જ્યારે તેમની ગાડી બહાર નીકળી ત્યારે બહાર લોકોએ હર્ષના પોકાર કર્યા ને ઉપર રહેલી સ્ત્રીઓએ શંખધ્વનિ કર્યો. બંગાળમાં જ્યારે કોઈને વધાવવા હોય અથવા શુભ પ્રસંગે વળાવવા હોય ત્યારે શંખ વગાડવામાં આવે છે. એ શુકનરૂપે ગણાય. સ્ત્રીઓ પોતાના ધણીના કે પુત્રના કે પિતાના કેદ જવાથી રોશે નહીં ને તેઓના કેદ જવાથી દેશનું અને ધર્મનું ભલું છે એમ જાણી હર્ષ પામશે ત્યારે ધર્મ ફેલાશે અને અધર્મનો અવશ્ય નાશ થશે. તેથી આ શંખધ્વનિમાં હું હિંદુસ્તાનનું વિજયચિહ્‌ન જ જોઈ રહ્યો છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૧૨–૧૯૨૧

Gandhi Heritage Portal

## ૨૬. મહાદેવ દેસાઈને પત્ર

રવિવાર [ડિસેમ્બર ૧૮, ૧૯૨૧][1]

ચિ. મહાદેવ,

ઇન્ડિપેન્ડન્ટ ઢંગ વિનાનું આવે છે તેનું કારણ તો સંચાની ખોટ હશે.

વૉલંટિયર બાબત કૉંગ્રેસમાં ઠરાવ કરવાનો જ છે. સારા માણસોને જ તેમાં દાખલ કરવાના છે. તમે ઠરાવ તો જોયો.

સરૂપરાણી અને બીજાં બૈરાં આવશે કે નહીં ને આવશે તો કયારે એ જણાવજો.[2]

સાથેનો કાગળ મિસિસ જોસેફને[3] આપજો.

ગોડબોલે પહોંચી ગયેલ છે. માલવિયાજી કૉન્ફરન્સની તજવીજ કરી રહ્યા છે.

તમારી ને દુર્ગાની તબિયતના ખબર આપજો.

બાપુના આશીર્વાદ

મિસિસ જોસેફ તો કલકત્તા ગયાં છે એટલે તેને કાગળ તેણે જણાવેલ ઠેકાણે મોકલું છું

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૨૫

## ૨૭. સી. વિજયરાઘવાચારિયરને તાર[4]

[ડિસેમ્બર ૧૮, ૧૯૨૧ કે તે પછી]

સાદો

આચાર્ય

સાલેમ

શ્રાદ્ધ માટે કોઈ મુશ્કેલી નથી.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૪૪

૧. ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૫મીના મહાદેવ દેસાઈ પરના પત્રમાં ગાંધીજીએ એવી ઇચ્છા દર્શાવી હતી કે ગોડબોલેએ અમદાવાદ જવું જોઈએ. આ પત્રમાં તેઓ "અહીં પહોંચી ગયા" એમ જણાવવામાં આવ્યું છે. એટલું સ્પષ્ટ છે કે આ પત્ર ડિસેમ્બરની ૧૫મી પછીના રવિવારે લખવામાં આવ્યો હતો.

૨. અમદાવાદના કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા માટે.

૩. જૉર્જ જોસેફનાં પત્ની.

૪. ડિસેમ્બર ૧૭, ૧૯૨૧ના વિજયરાઘવાચારિયરના તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યો હતો. વિજયરાઘવાચારિયરનો તાર જે ૧૮મીએ ગાંધીજીને મળ્યો હતો તેમાં જણાવવામાં આવ્યું હતું કે "સ્થાનિક પરિસ્થિતિઓને" કોંગ્રેસ પછી હાથ ધરવામાં આવે એ ઉત્તમ છે. શ્રાદ્ધ કરવા માટે આપ સગવડ કરી આપી શકશો? ઉપરાંત ખ્યાલ રાખજો કે કાયદેસર રીતે આપણે શ્રીયુત દાસની અવેજીમાં ફક્ત કામચલાઉ પ્રમુખ નીમી શકીએ. આખા વર્ષ દરમ્યાન કાયમી પ્રમુખ તરીકે તો તેઓ જ રહેવા જોઈએ."

Gandhi Heritage Portal

## ૨૮. મદનમોહન માલવિયાને તાર[1]

ડિસેમ્બર ૧૯, ૧૯૨૧

જમનાદાસ અને કુંઝરુને મળ્યો. દમન સંબંધે મહેરબાની કરીને ચિંતા ન કરો. જ્યાં સુધી સરકારને અંતરનો પસ્તાવો નથી અને ત્રણ ચીજો (પંજાબ, ખિલાફત અને સ્વરાજ)નો નિકાલ કરવાને તે આતુર નથી ત્યાં સુધી પરિષદ નિષ્ફળ થવાની.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૩૦

ભાષાંતર : નવજીવન, ૨૮–૬–૧૯૨૩

## ૨૯. સી. આર. દાસ અને અબુલ કલામ આઝાદને તાર[2]

સાબરમતી,
ડિસેમ્બર ૧૯, ૧૯૨૧

તાર પહોંચ્યો. પરિષદના સભ્યોનાં નામ અને તારીખ અગાઉથી ઠરાવવાં જોઈએ. છૂટા કરવાના કેદીઓમાં ફતવા[3] સંબંધે પકડેલા કેદીઓનો—કરાંચીવાળાઓ સહિત—સમાવેશ થવો જોઈએ. તમારી શરતો ઉપરાંત આટલી હોય તો મારે મતે હડતાળ બંધ કરી શકીએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૩૦

ભાષાંતર : નવજીવન, ૨૮–૬–૧૯૨૩

૧. ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૯મીએ માલવિયાજીના તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યો; જુઓ "મદનમોહન માલવિયાને મોકલવાના તારનો મુસદ્દો", ૧૯–૧૨–૧૯૨૧ની પાદટીપ.

૨. ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૯મીના દાસ અને મૌલાના આઝાદના તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યો. દાસ અને આઝાદના તારમાં જણાવવામાં આવ્યું હતું કે "નીચેની શરતોએ હડતાળ પડતી મૂકવાની અમારી ભલામણ છે: ૧. કોંગ્રેસે ઉપસ્થિત કરેલા બધા સવાલોનો વિચાર કરવા સરકાર તરતમાં જ પરિષદ બોલાવે. ૨. તાજેતરની સરકારની ચાદ્દી, અને પોલીસ તથા મૅજિસ્ટ્રેટના હુકમો પાછા ખેંચી લેવામાં આવે. ૩. આ નવા કાયદા હેઠળ સઘળા કેદીઓને બિનશરતે છોડી મૂકવામાં આવે. કલકત્તાની પ્રેસિડેન્સી જેલના સુપરિન્ટેન્ડેન્ટના સરનામા પર તારથી તરત જ જવાબ આપો."

૩. મુસ્લિમ ધર્મગુરુઓના હુકમો.

Gandhi Heritage Portal

## ૩૦. મથુરાદાસ ત્રિકમજીને લખેલા પત્રનો અંશ[1]

મંગળવાર, ડિસેમ્બર ૨૦, ૧૯૨૧

. . . હુ ૨૨મીથી ખાદીનગરમાં[2] જ રહીશ. તમે પણ ત્યાં જ રહેજો. મારી સાથે કે પડખે જ રાખીશ. જલદી પગ સારો અહીં થશે. એવા જખમને સારુ અહીંની હવા ઠીક અનુકૂળ છે.

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા. ૪૧

## ૩૧. ગોળમેજી પરિષદ વિષે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત

[ડિસેમ્બર ૨૦, ૧૯૨૧][3]

ગયા સોમવારે બંગાળની ધારાસભામાં લૉર્ડ રોનાલ્ડશેના ભાષણનો ઉલ્લેખ કરી શ્રી ગાંધીએ પોતાના આશ્રમમાં મોડી રાતે ઍસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિ સમક્ષ નીચેનું નિવેદન કર્યું હતું:

બંગાળની ધારાસભામાંનું લૉર્ડ રોનાલ્ડશેનું ભાષણ મેં વાંચ્યું છે. તેમાંના સમાધાનકારક સૂરની હું કદર કરું છું છતાં તે ઘણું જ ગેરરસ્તે દોરનારું છે એમ કહ્યા વિના હું રહી શકતો નથી. હું એ ભાષણના ટીકાપાત્ર ભાગોની ટીકા કરવા માગતો નથી. કેવળ એટલું જ કહેવા ઇચ્છું છું કે અત્યારની પરિસ્થિતિ સંપૂર્ણ રીતે તેમણે અને વાઇસરૉયે નિપજાવેલી છે. હિંદુસ્તાન સરકાર અને સ્થાનિક સરકારો લોકોની સાથે ઘર્ષણ ઊભું કરવા માગે છે એવી શંકા ન લાવવાની મારી ઘણી ઇચ્છા હોવા છતાં મેં અત્યાર સુધી જે કંઈ સાંભળ્યું ને વાંચ્યું તે પરથી મારી શંકા વાજબી છે એમ હું માનતો થયો છું. વ્યક્તિઓ તરફથી કોઈક જાતનું દબાણ લાવવામાં આવ્યું હોય કે ધાકધમકી પણ આપવામાં આવી હોય તેનો હું ઇનકાર કરવા માગતો નથી, છતાં કલકત્તામાં ૧૭ મી નવેમ્બરે જે અસાધારણ હડતાળ પડી હતી તેમાં સ્થાનિક કૉંગ્રેસ અથવા ખિલાફત સમિતિઓએ કોઈ ધાકધમકી આપી નહોતી કે તે માટે ઉશ્કેરણી કરી નહોતી એ વાત હું ભારપૂર્વક જણાવવા માગું છું. ઊલટું, મને ખાતરી છે કે આ સંસ્થાઓએ પોતાની લાગવગનો ઉપયોગ કોઈ પણ જાતની ધાકધમકી નિવારવાની દિશામાં કર્યો હતો. નૈતિક દબાણ જરૂર થયું હતું અને સઘળી મોટી હિલચાલોમાં તે હમેશાં થતું જ રહેવાનું. પરંતુ સામાન્ય સમજ ધરાવતો મનુષ્ય પણ એ વાત સમજી શકે છે કે ૧૭મી નવેમ્બરે કલકત્તાએ જોઈ તેવી સંપૂર્ણ હડતાળ કેવળ ધાકધમકીથી પડી જ ન શકે. છતાં ધારી લો કે એ ધાકધમકી હતી,

૧. ૧૮૯૪–૧૯૫૧; સમાજસેવક અને ગ્રંથકાર; ગાંધીજીના સહકાર્યકર; મુંબઈ કૉંગ્રેસ સમિતિના મંત્રી, ૧૯૨૨–૩.

૨. અમદાવાદમાં મળેલા અખિલ હિંદ કૉંગ્રેસના છત્રીસમા અધિવેશનનું સ્થળ.

૩. "અમદાવાદ, ડિસેમ્બર ૨૦" એ તારીખ હેઠળ *બૉમ્બે ક્રૉનિકલ*, ૨૧–૧૨–૧૯૨૧ના અંકમાં આ મુલાકાતનો ટૂંકો હેવાલ પ્રગટ થયો હતો.

Gandhi Heritage Portal

તોપણ સ્વયંસેવકદળોને વિખેરી નાખવા માટે, જાહેર સભાની મનાઈ ફરમાવવા માટે અને જે કાયદા રદ કરવાનું વચન આપવામાં આવ્યું હતું તેનો અમલ કરવા માટે કોઈ કારણ હતું ખરું? ધાકધમકીનો એક પણ દાખલો પુરવાર કરવા માટે શા માટે કોઈ પણ પ્રયત્ન કરવામાં આવ્યો નથી? મારે દુ:ખપૂર્વક જણાવવું પડે છે કે મોટી જાહેર સંસ્થાઓને બદનામ કરવા માટે બંગાળના ગવર્નરે કલકત્તામાં એક જગ્યાએ મળી આવેલી ગુપ્તીઓની વાત આગળ કરી છે. અલ્લાહાબાદમાં બધા જ આગેવાનો પકડાઈ ગયા પછી અને ત્યાંના દુકાનદારો અને ગાડીવાળાઓ પર સત્તાવાળાઓ તરફથી અયોગ્ય દબાણ મૂકવામાં આવ્યાના સમાચાર મળ્યા છે તેમ છતાં, ત્યાં સંપૂર્ણ હડતાળ પાડવા માટે લોકો પર ધાકધમકી કોણે અજમાવી હતી? વળી ના. ગવર્નર કહે છે:

> અમારે આ બનાવોનો અર્થ જો સ્થિતિ સુધારવા માટેની સાચી ઇચ્છા એવો કરવાનો હોય તો તેને માટે અનુકૂળ વાતાવરણ હોવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ પણ પરિષદ ભરવાની શક્યતા માટે યુદ્ધવિરામ એક મહત્ત્વની પ્રાથમિક જરૂરિયાત છે એ વાત સૌ કોઈ સ્વીકારશે. પરિસ્થિતિનો આ જ સાચો ખુલાસો છે એવી ચોક્કસ ખાતરી સાથે અસહકારના જવાબદાર નેતાઓ અત્યારે આગળ આવે તો સરકારને માટે પરિસ્થિતિની ફેરવિચારણા કરવાનું વાજબી ઠરાવે એવા સંજોગો ઊભા થયા છે એમ મારે કહેવું પડે; પરંતુ શબ્દોની પાછળ કાર્યનું પીઠબળ હોવું જોઈએ. પરિષદ ભરવા સૌ કોઈ ઇચ્છે છે અને જવાબદાર અસહકારી આગેવાનો સક્રિય બનવા તૈયાર છે એવી મને ખાતરી થાય તો પલટાયેલી પરિસ્થિતિ અનુસાર પગલાં ભરવા માટે મારી સરકારને ભલામણ કરવા મારે તૈયાર રહેવું જોઈએ.

એમની આ વાત ખૂબ જ ગેરરસ્તે દોરનારી છે. જ્યાં જ્યાં "અસહકારી આગેવાનો" એ શબ્દો આવે છે ત્યાં ત્યાં "સરકાર" એ શબ્દ મૂકવામાં આવે અને આ આખુંય નિવેદન જો અસહકારી તરફથી થયું હોય તો તે સાચી પરિસ્થિતિ રજૂ કરશે. અસહકારીઓએ કોઈ પણ વસ્તુ ઊભી કરી નથી એટલે તેમણે ખરેખર કશું જ કરવાનું રહેતું નથી. તેઓ તો વધારે-પડતા સાવચેત છે. મુંબઈનાં તોફાનોને[1] લીધે આક્રમણાત્મક સવિનયભંગ કરવાની તેમની તીવ્ર ઇચ્છા દબાઈ ગઈ, પરંતુ અત્યારના સંજોગોમાં "સવિનયભંગ" શબ્દપ્રયોગનો ખરેખર દુરુપયોગ થઈ રહ્યો છે. આજે અસહકારીઓ જે કંઈ કરી રહ્યા છે તે આવતી કાલે એવા જ સંજોગોમાં દરેક સહકારી કરશે એવો મારો દાવો છે. અમારું રાજકીય અસ્તિત્વ અથવા આંદોલન ગમે તેટલું શાંતિમય હોય છતાં હિંદુસ્તાનની સરકાર અથવા સ્થાનિક સરકારો તેને તદ્દન અશક્ય કરી મૂકવા પ્રયત્ન કરી રહી હોય ત્યારે, અમારી પાસે હોય તેવાં સઘળાં કાયદેસરનાં સાધનો વડે શું અમારે એ પ્રયત્નનો સામનો ન કરવો? અમારાં સ્વયંસેવકદળોને હિંસક બનવાની કોઈ પણ વૃત્તિમાંથી મુક્ત રાખી એ દળો ચાલુ રાખવાં તેમ જ જાહેર સભાઓ ભરતા રહેવું અને તેમાંથી નીપજતાં પરિણામો ભોગવી લેવાં, એનાથી વધારે કાયદેસરનું કે સ્વાભાવિક બીજું કંઈ પણ હોય તેવી હું કલ્પના કરી શકતો નથી. સરકારનાં અદાલતી પગલાંનો સામનો કરીને, સેંકડો જુવાનો અને વૃદ્ધોએ, કોઈ પણ પ્રકારનો બચાવ કે કંઈ પણ ફરિયાદ કર્યા વિના, પોતાના પ્રાથમિક અધિકારોનો ઉપયોગ કરવાની હિંમત બતાવવા માટે નમ્રપણે કારાવાસ સ્વીકારી

૧. ૧૯૨૧ના નવેમ્બરની ૧૭મીએ.

Gandhi Heritage Portal

લીધો તે શું તેમની કાયદાપાલક વૃત્તિની સાબિતી નથી? એટલે પરિષદ ગોઠવવાની અને છેવટનું સમાધાન કરવાની પોતાની સાચી ઇચ્છા સરકારે જ પુરવાર કરી આપવાની છે. જે ખતરનાક માર્ગે દમન ચાલી રહ્યું છે તે અટકાવવાનું કામ સરકારનું છે. અસહકારીઓ પાસેથી કોઈ પણ પરિષદમાં ભાગ લેવાની અપેક્ષા રાખતાં પહેલાં સરકારે તેમની આગળ પોતાની નિષ્ઠાની સાબિતી આપવી જોઈએ. સરકાર આ કરશે એટલે વાતાવરણ તદ્દન શાંત છે એવું તેને જણાશે. જો સરકાર હિંસા સિવાય બીજા કશાનો સામનો ન કરતી હોય, તો અસહકાર સાવ નિરુપદ્રવી રહે છે. સાચે જ અમારે માટે મુલતવી રાખવા જેવું કશું નથી. ખરેખરું સમાધાન ન થાય અથવા સમાધાનની ખાતરી ન મળે ત્યાં સુધી વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં જવાનું, વકીલોને વકીલાત ફરી શરૂ કરવાનું, જાહેર વ્યક્તિઓને ધારાસભાઓના ઉમેદવાર બનવાનું અથવા ખિતાબધારીઓને તેમના ખિતાબ પાછા માગવાનું અમે કહીએ એવી અપેક્ષા અમારી પાસેથી ન રાખી શકાય. એટલે આજની પરિસ્થિતિમાં અસહકારીઓએ કંઈ જ કરવાપણું રહેતું નથી એ વાત સ્પષ્ટ છે. અંગત રીતે બોલતાં હું જરૂર કહી શકું કે પરિષદ માટે સાચેસાચી ઇચ્છા હોય તો આક્રમક સવિનયભંગ કરવાની સલાહ હું નહીં આપું. અલબત્ત, અહિંસાનું રહસ્ય લોકો સમજ્યા છે તેવું સંપૂર્ણપણે મને લાગે કે તરત જ આવો સવિનયભંગ કરવાની સલાહ આપવાનો મારો ઇરાદો છે ખરો. અને મને એટલું કહેવા દો કે છેલ્લા દસ દિવસના બનાવોએ બતાવી આપ્યું છે કે લોકો તેના અપાર મૂલ્યને સ્પષ્ટ રીતે સમજ્યા છે. અસહકારીઓ મક્કમ છે અને પોતાનું ધ્યેય હાંસલ કરવા માટે પારાવાર યાતનાઓ સહન કરવા તૈયાર છે એવું સરકારને સમજાય, તો સરકાર બિનશરતે તેનાં પગલાં પાછાં ખેંચી લે, સ્વયંસેવકદળોને વિખેરી નાખવાના અને જાહેર સભાઓ ભરવા સામેની મનાઈના હુકમો રદ કરે, અને જુદા જુદા પ્રાંતોમાં જે લોકોને ગિરફતાર કરવામાં આવ્યા હોય અને કહેવાતા સવિનયભંગ માટે, અથવા ખરેખરી હિંસાના કે તેવા હેતુવાળાં કૃત્યો સિવાયના, અસહકારની વ્યાખ્યા હેઠળના કોઈ પણ હેતુ માટે જેમને શિક્ષા કરવામાં આવી હોય તે તમામને છોડી મૂકે. હિંસાના દરેક કૃત્ય સામે અથવા તે માટેની ઉશ્કેરણી સામે સરકાર ભલે સખત હાથે કામ લે, પરંતુ મુક્તપણે અમારા અભિપ્રાયો દર્શાવવાના અને હરકોઈ કાયદેસરના અને અહિંસક માર્ગે જાહેર મત કેળવવાના અમારા કાયમી અધિકારનો દાવો અમારે કરવો જ જોઈએ. એટલે, સરકારે જે ગંભીર અન્યાય કર્યો છે તે મિટાવવાનું કામ ખરેખર તો તેનું જ છે અને સાનુકૂળ વાતાવરણમાં તે ઇચ્છે તેવી પરિષદ તે ભરી શકશે. અહીં મને એ પણ કહેવા દો કે મને લાગેવળગે છે ત્યાં સુધી અસહકાર સાથે કામ લેવા માટે જરૂરી ઉપાય યોજનાનો વિચાર કરવા માટે મારે કોઈ પરિષદની જરૂર નથી. આજની ઘડીએ તો માત્ર ખિલાફત અને પંજાબના અન્યાયો તથા સ્વરાજ જેવાં આજનાં અસંતોષનાં કારણોનો નિવેડો લાવવા માટે બોલાવવામાં આવતી પરિષદ જ કારગત નીવડી શકે. વળી આજના તબક્કે, સરકારની ઇચ્છા મુજબનાં આમંત્રણોવાળી પરિષદ નહીં પણ ખરેખર પ્રતિનિધિરૂપ હોય એવી પરિષદ જ ઉપયોગી બની શકે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२-१२-१९२१

Gandhi Heritage Portal

## ૩૨. મદનમોહન માલવિયાને તાર[1]

[ ડિસેમ્બર ૨૦, ૧૯૨૧ કે તે પછી ]

ખૂબ દિલગીર છું કે માગેલી શરતો સ્વીકારવાને અસમર્થ છું. અસહકાર તો પરિષદનું પરિણામ સંતોષકારક આવ્યા પછી જ બંધ થઈ શકે. મહાસભા વતી નિર્ણય કરવાની મને કશી સત્તા નથી.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૩૦

ભાષાંતર : નવજીવન, ૨૮–૬–૧૯૨૩

## ૩૩. મહાદેવ દેસાઈને તાર[2]

[ડિસેમ્બર ૨૦, ૧૯૨૧ કે તે પછી]

મહાદેવ દેસાઈ,

આનંદ ભવન,

અલ્લાહાબાદ

સરસ કર્યું, નકલો કરવા માટે શક્ય એટલા વધુ સ્વયંસેવકો મેળવો. રોનિયો પર નકલો કાઢ્યા જ રાખો.[3] ટૂંકામાં ટૂંકા સમાચાર અને માહિતીપૂર્ણ લેખ આપો. સ્વયંસેવકો દરરોજ છાપું વેચે.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૪૮

૧. ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૦મીના માલવિયાના તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યો હતો. માલવિયાના તારમાં જણાવવામાં આવ્યું હતું કે "નીચેની મતલબનો તાર તરત જ કરવાની આપને વિનંતી છે: આપના પરના દાસના તારમાં નિર્દેશેલા મુદ્દાનો સ્વીકાર કરવામાં આવે અને પરિષદની રચના અને તારીખ પર સંમતિ સધાય તો આપ હડતાળ પાછી ખેંચી લેશો અને સૂચિત પરિષદના નિર્ણયો થાય ત્યાં સુધી, રાષ્ટ્રીયશિક્ષણ, સ્વદેશી અને માદક દ્રવ્યોની પિકેટિંગ વિનાની બંધી સાથે સંબંધ હોય તે સિવાયની અસહકારની બધી પ્રવૃત્તિઓ કોઈ પણ સંજોગોમાં મુલતવી રાખશો અને આપના પક્ષે સાચા યુદ્ધવિરામનું પાલન કરવામાં આવે તેવી કાળજી લેશો. આપણને સૌને પ્રિય એવા ધ્યેયના સર્વોત્તમ હિતમાં આવી ખાતરી જરૂરી છે."

૨. આ તાર ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૧મીના મહાદેવભાઈના નીચેના તારના જવાબમાં મોકલાયો હતો: "આજ સવારે જામીનગીરી જપ્ત કરવામાં આવી. બનવવામાં આવેલી નોટિસમાં જણાવવામાં આવ્યું કે "શ્રીમતી મોતીલાલ નેહરુનો સંદેશો" અને "આપણે પણ બરાબર જોઈ લઈએ" એ લેખોમાં કાયદો અને વ્યવસ્થાના વહીવટમાં દખલગીરી કરે તેવું વલણ ધરાવતા શબ્દો છે. બીજી નોટિસ તાર દ્વારા યંગ ઇન્ડિયા પર મોકલી છે. આવતી કાલથી હસ્તલિખિત છાપું કાઢવાનો ઇરાદો છે. ગમે તે ક્ષણે ધરપકડ થાય તેવી અપેક્ષા છે. છતાં તાર દ્વારા વિગતવાર સૂચના મોકલો."

૩. હસ્તલિખિત ઇન્ડિપેન્ડન્ટ પ્રગટ કરવા માટે; જુઓ "નોંધ", ૨૨–૧૨–૧૯૨૧નું પેટામથાળું "ઇન્ડિપેન્ડન્ટને દાબી દીધું."

Gandhi Heritage Portal

## ૩૪. શ્યામસુંદર ચક્રવર્તીને તાર[1]

[ડિસેમ્બર ૨૧, ૧૯૨૧ કે તે પછી]

મારો અભિપ્રાય, પરિષદ કાં તો અસહકાર મોકૂફ રાખ્યા વગર જ મળે, અથવા સંધિની જરૂર હોય જ તો પરિષદની શરતો, તેના સભ્યોનાં નામ, તેની તારીખ વગેરે અગાઉથી નક્કી થવું જોઈએ. આપણે આક્રમણાત્મક સવિનયભંગ નથી કરતા. જો સરકારની દાનત સાફ હોય તો તેણે જાહેર સભાઓ અને સ્વયંસેવકો વિષેનું જાહેરનામું બિનશરતે પાછું ખેંચી લઈ પોતાની ગતિ અટકાવવી જોઈએ, અને વગરવૉરંટે પકડેલા કેદીઓને છોડીને કંઈક અંશે નુકસાન ભરપાઈ પણ કરવી જોઈએ. જે કાયદા રદ કરવાનું વચન અપાઈ ચૂકેલું તેનો અમલ કરવો તે નીચતા-ભર્યું નહોતું શું? છૂપું, ખુલ્લું કે ઈરાદાપૂર્વકનું તોફાન તેઓ ભલે તોડી પાડે પરંતુ મતસ્વાતંત્ર્યનું આવું અવિચારી મદમસ્ત દમન ચાલે તેનો વિરોધ આપણે જીવને સાટે પણ કરવો જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એસ. ૭૭૩૦

ભાષાંતર : નવજીવન, ૨૮–૬–૧૯૨૩

## ૩૫. જમનાદાસ દ્વારકાદાસને તાર[2]

[ડિસેમ્બર ૨૧, ૧૯૨૧ કે તે પછી]

મેં તમને આપેલું વચન કાયમ છે. પોતાને માટે કોઈ પણ પરિષદમાં બિનશરતે હાજરી આપવાને તૈયાર છું. વાઈસરૉય તમને ખોટે રસ્તે ચડાવે છે. કંઈક માલવાળી શરતો હોય તો

૧. ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૦મીના ચક્રવર્તીના, ગાંધીજીને ૨૧મીએ મળેલા તારના જવાબમાં આ તાર મોકલ્યો. ચક્રવર્તીના તારમાં જણાવવામાં આવ્યું હતું કે “બંગાળનો જાહેર અભિપ્રાય, સૂચિત પરિષદ સાચા યુદ્ધવિરામની ખાતરી આપતી વાટાઘાટની તક આપે તેની તરફેણમાં છે; આપે સૂચવ્યા પ્રમાણેની જેલમુક્તિ, પરિષદ મળે તે પહેલાં થાય તેવી અપેક્ષા રાખવામાં આવે એ વિચાર વાજબી છે. તરત જ તાર દ્વારા સૂચના આપશો.”

૨. ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૧મીના જમનાદાસ દ્વારકાદાસના તારના જવાબમાં ઉપરનો તાર મોકલ્યો. જમનાદાસના તારમાં જણાવવામાં આવ્યું હતું કે “મારે માટે એ કેટલું બધું હૃદયદ્રાવક છે તેની આપ કલ્પના કરી શકો છો ખરા? શબ્દોમાં નિરાશા વ્યક્ત કરી શકતો નથી. આશાભર્યો આવ્યો પરંતુ જોયું કે ત્યાર પછીના પંડિતજી અને દાસ પરના આપના તારોએ, આપે મને જે જે કહ્યું હતું તેને રદબાતલ કર્યું છે. સમજી શકતો નથી. હજુય બહુ મોડું થઈ ગયું નથી એવું માનવાની ધૃષ્ટતા કરું છું. દેશના વિશાળ હિતમાં યુદ્ધવિરામની અપીલનો આપ અનુકૂળ જવાબ વાળો એવી નિખાલસભાવે આપને વિનંતી છે. સૌમાં ખાસ કરીને આપ તો ઉચ્ચ દૃષ્ટિબિંદુ સ્વીકારવામાં નિષ્ફળ ન જઈ શકો. આપ સંમત થાઓ તો હજુ પણ અમે પરિષદ બોલાવી શકીએ. આપના મોટા ભાગના અનુયાયીઓ સહિત લગભગ આખો દેશ એ પરિષદ ઇચ્છે છે. કૃપા કરીને તારથી પૂરો જવાબ આપો.”

Gandhi Heritage Portal

મને કહો. મરજિયાત હડતાળને તો દાસ પરના તારમાં[1] કહેલી શરતોનું પાલન ન થાય ત્યાં સુધી બંધ ન કરી શકું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૩૦

ભાષાંતર : નવજીવન, ૨૮-૬-૧૯૨૩

# ૩૯. નોંધ

ડિસેમ્બર ૧૯, ૧૯૨૧

## આનંદદાયક વાનગીઓ

આ અઠવાડિયા દરમ્યાન મને મળેલા ઢગલાબંધ પત્રો, તારો અને હેવાલોમાંથી કેટલીક પસંદ કરેલી વાનગીઓ આ રહી :

"સરકારને ટેકો આપનાર એક જમીનદારે જે બે મુસ્લિમ કાર્યકરોનાં માથાં ભાંગ્યાં છે તેઓ હમણાં જ પાછા ફર્યા છે." સિંધ.

"સ્વયંસેવકદળોને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યાં છે. આખાયે બિહારમાં પ્રાંતની, જિલ્લાની અને બીજી કૉંગ્રેસ કચેરીઓની ઝડતી લેવામાં આવી છે. અને ખતપત્રો, હિસાબના ચોપડા, સાઇક્લોસ્ટાઈલ કરેલા કાગળો, કૉંગ્રેસનાં સીલ અને સ્વરાજ ધ્વજો જપ્ત કરવામાં આવ્યાં છે. સ્વયંસેવકદળોમાં નામો નોંધાવવાનું કામ પ્રાંતિક સમિતિએ ચાલુ રાખ્યું છે. લોકો ઉત્સાહમાં ને આનંદમાં છે." બિહાર.

"આસામ મહાપુરુષિયા નામના એક ધાર્મિક સંપ્રદાયના શંકર હૉલનો કબજો સશસ્ત્ર પોલીસે આજે (ડિસેમ્બરની ૧૭મીએ) લીધો છે. તે હૉલના એક ભાગમાં બારપેટા કૉંગ્રેસ સમિતિએ તેની કચેરી રાખી હતી. આ પગલું શંકર હૉલના સત્તાવાળાઓને ખબર આપ્યા વિના જ લેવામાં આવ્યું હતું. હૉલમાં બીડી પીવાની સખત મનાઈ હોવા છતાં, ચોકી કરતા પોલીસો ત્યાં બીડી પીએ છે, અને તેમ કરીને લોકોની ધાર્મિક લાગણી દૂભવે છે. પોલીસો એ જગ્યાનો પોતાને રહેવા માટે ઉપયોગ કરતા હોવાથી કૉંગ્રેસનો માલ-સામાન તેમણે ફાવે તેમ ફેંકી દીધો છે. અને આ રીતે તેઓ લોકોને ધાર્મિક વિધિ કરતાં અટકાવે છે. લોકો હજુ પણ અહિંસાને વળગી રહ્યા છે. કામ ઝડપથી આગળ ધપી રહ્યું છે." બારપેટા, આસામ.

"પંડિત રામભજદત્ત ચોધરી, પ્રોફેસર રુચિરામ સહાની અને લાલા લજપતરાયનાં ઘર, કૉંગ્રેસ સમિતિની અને ખિલાફતની કચેરીઓ, સિરાજદીનનું ઘર અને સરલાદેવીનું[2] છાપખાનું વગેરેની ઝડતી લેવામાં આવી છે. લાહોર અને અમૃતસરમાં પોલીસોએ સ્વયંસેવકોને સખત રીતે માર્યા છે. લાહોરની સેન્ટ્રલ જેલમાં કેદીઓને સોટીનો માર માર્યાનો હેવાલ મળ્યો છે."

૧. ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૯મીનો.

૨. પંડિત રામભજદત્ત ચોધરીનાં પત્ની અને રવીન્દ્રનાથ ટાગોરનાં ભાણી સરલાદેવી ચોધરાણી. તેઓ તથા તેમના પતિ ૧૯૧૯માં ગાંધીજીનાં અનુયાયી બન્યાં હતાં.

Gandhi Heritage Portal

આ જાતનો વર્તાવ સહી લઈ આપણે તેમાંથી હેમખેમ પાર ઊતરીએ તો સ્વરાજ આપણા હાથમાં જ છે એ વાત દર્શાવવા મેં આ પસંદ કરેલી વાનગીઓ રજૂ કરી છે. પાર ઊતરવું એટલે મિજાજ ગુમાવ્યા વિના બહાદુરીથી સામનો કરવો. એક લય પામતા તંત્રના વહીવટદારો "અમે પ્રયત્ન તો કર્યો પણ ફાવ્યા નહીં" એટલું કહેવાનો આનંદ ભલે માણતા. કોઈ ફૂદું દીવાની આસપાસ જોરથી ઘૂમરી ખાતું હોય તો જાણી લેવું કે તે જરૂર મરી રહ્યું છે. એ જ પ્રમાણે આ સરકાર પણ તેની પોતાની હિંસાના ભારે બોજ હેઠળ ઝપાટાબંધ વેરવિખેર થઈ રહી છે. ખાનગી ઘરોમાં અને જાહેર કચેરીઓમાં કંઈ જ છુપાવવામાં આવ્યું નથી અને અસહકારીઓને કંઈ જ ગુપ્ત રાખવાનું નથી એવું સરકાર જાણતી હોવા છતાં તેમની ઝડતી લેવી એ કૃત્ય ગાંડપણ નહીં તો બીજું શું છે? પરંતુ આ ઝડતી લેવાનો આશય તો લોકોને બને એટલા બેચેન બનાવવાનો છે એમાં કશી શંકા નથી. એક પત્રલેખક મને જણાવે છે કે જેલોમાં ભીડ થવા લાગી છે. રોજ રોજ સજા કરવામાં આવે છે તેટલા લોકોને સમાવવાની જેલસત્તાવાળાઓની તૈયારી નથી. એટલા બધા માટે નથી જગ્યા કે નથી કામ, એટલે સ્વાભાવિક રીતે જ, ત્રાસ વર્તાવવાની બીજી રીતોનો આશરો લેવો પડે છે. પરિણામે આપણે વધારે પ્રમાણમાં હુમલા થવાની અપેક્ષા રાખવી જોઈએ. નેતર વડે ફટકારવાની જે વાત બહાર આવી છે તે અત્યાર સુધી પ્રકાશમાં આવેલી એક ખરાબમાં ખરાબ ઘટના છે. હજ્યે હું આ વાત ખોટી હોય એવી આશા રાખું છું. હિંદુસ્તાનને, જે જવાબદાર પત્રો પોતાનાં હોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે તેમાંના એક ટ્રિબ્યૂનમાંથી મેં આ માહિતી લીધી છે. લાહોરમાં લશ્કરી કાયદાના અમલ દરમ્યાન થયેલી ફટકાબાજીની એ યાદ આપે છે. આ કૃત્યનો શરૂઆતમાં ઇનકાર કરવામાં આવ્યો પણ પાછળથી તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. કેદની સજાની અસર ન થાય ત્યારે ગુનો થતો અટકાવવા માટે તથા શિક્ષા કરવાની એક ઝડપી રીત તરીકે ફટકાની સજાને કર્નલ જૉનસન વાજબી ઠરાવતા હતા તે વાત વાચકને યાદ હશે.[1] એ તો ઠીક, પણ આ હેવાલ સાચો હોય કે ન હોય તોપણ આપણે ખરાબમાં ખરાબ પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ. સ્વતંત્રતાની કિંમત તરીકે કોઈ પણ યાતના બહુ ભારે ન ગણાય. તેને માટે આપણે ભારે કિંમત ચૂકવી હશે તો તે ખૂબ જ પ્યારી લાગશે.

પરંતુ બારપેટામાં મંદિરનો કબજો લેવાની વાત કેટલીક બાબતમાં વધારે ખરાબ છે. એ ગંભીર અને વણમાગી ઉશ્કેરણી છે. પરંતુ આવી ગંભીર ઉશ્કેરણીમાં પણ મારે અહિંસાની હિમાયત કરવી જ જોઈએ. એટલું યાદ રાખવું સારું કે આપણી પ્રતિજ્ઞા બિનશરતી છે. કોઈ પણ ભોગે આપણે તે પાળવી રહી. બહારથી કોઈ વ્યક્તિ ઘૂસી જાય તેથી કાંઈ મંદિર અપવિત્ર થઈ જતું નથી. ભક્તો જ નાલાયક નીવડે તો તેને અપવિત્ર બનાવી શકે. મૌલાના આઝાદની ભાષામાં કહીએ તો આટલાં બધાં વર્ષોથી ગુલામીને તાબે થવાથી હિંદરૂપી મહાન મંદિર એથી પણ વધારે અપવિત્ર થઈ રહ્યું છે તેનો આપણે વિચાર કરીએ. અને આટલાં બધાં વર્ષો સુધી આપણે આ અપવિત્રતાને સાંખી લીધી તો સ્થાનિક મંદિરોમાં ગેરકાયદે ઘૂસી જઈને અને તેથી પણ વધારે તો તેનો દુરુપયોગ કરીને ઘૂસણખોરો તેને અપવિત્ર બનાવે તેથી ઉશ્કેરાઈને આપણે પાગલ ન થવું જોઈએ. અધિકારીઓ ખૂબ જ કપરી ફરજ બજાવવામાં રોકાયેલા છે એ બહાના હેઠળ લૉર્ડ રીડિંગ, શું આ કિસ્સાને પણ છાવરવાની દલીલ કરવા તૈયાર થયા છે?

૧. જુઓ પુસ્તક ૧૭, પા. ૧૧૬–૨૭૯.

Gandhi Heritage Portal

## ચિત્તાગોંગનો ભોગ

ચિત્તાગોંગની ઘટનાઓનું આબેહૂબ વર્ણન મને મળ્યું તે જ દિવસે મને આ અંગેનો પત્ર મોકલનાર બાબુ પ્રસન્નકુમાર સેનની[૧] પણ ધરપકડ થઈ એવી ખબર આપતો તાર પણ મળ્યો. ગિરફ્તાર કરવામાં આવેલા સ્વયંસેવકોની સંખ્યા ત્રણસો સુધી પહોંચી ગઈ હતી. બાબુ પ્રસન્નકુમાર સેનના પત્રમાંના નીચેના ઉતારા વાચકને રસપ્રદ થઈ પડશે :

> સત્યાગ્રહ શરૂ કરવાનું સર્વોત્તમ સાધન ક્યું છે તે શોધી કાઢવા અત્યાર સુધી અમે અમારી બુદ્ધિ કસી રહ્યા હતા. દિલ્હીની કારોબારી સમિતિના ઠરાવ અનુસાર લોકોને કડક અહિંસા માટે કેળવવાનું અમે કાળજીપૂર્વક શરૂ કર્યું. અમારા પ્રચારકો ડિસેમ્બરની ૮મી સુધીમાં પાછા ફરવાના હતા, પરંતુ આ તારીખ પહેલાં જ, ઍંગ્લો-ઈન્ડિયન ઉદ્દામવાદીઓની ઉશ્કેરણીથી બંગાળ સરકાર, ૧૭મી નવેમ્બરે કલકત્તામાં પડેલી હડતાળથી લગભગ ગાંડીતૂર બની, ભુલાયેલા કાયદા અને ત્યજી દીધેલી રીતરસમોનો લાભ લેવા તે ધસી ગઈ અને સ્વયંસેવકદળોને તેણે ગેરકાયદે જાહેર કર્યાં. આ રીતે તે અમારી મદદે આવી છે.
>
> છેલ્લા થોડા દિવસથી રાષ્ટ્રીય સ્વયંસેવકો, પાંચ કરતાં વધારે સંખ્યા ન થાય તેવી ટુકડીઓમાં, દૃઢ નિરધાર સાથે આનંદ અને ઉત્સુકતાથી જેલ જવા બહાર પડે છે. તેઓ ઉત્તમ શિસ્ત અને સંયમ દાખવી રહ્યા છે અને જો આપ મને અતિશયોક્તિ માટે દોષિત ન ગણો તો આ બાબતમાં તેઓ યુદ્ધભૂમિમાંના શિસ્તબદ્ધ સૈનિકોથી જરાયે ઊતરતા નથી એમ જાહેર કરતાં મારે સંકોચ ન રાખવો જોઈએ. છેલ્લા ત્રણ દિવસમાં કુલ ત્રેસઠ જણની ધરપકડ થઈ છે. ગામડાંમાંથી સ્વયંસેવકો આવતા જ જાય છે અને આ બહાદુર છોકરાઓનો સમાવેશ કરવા માટે સત્તાવાળાઓને ચિત્તાગોંગની જેલ ઘણી નાની લાગશે એમ માનવામાં આવે છે.

આવી રીતે સરકારે શાંતિને ગેરકાયદે ઠરાવી છે અને તેના રક્ષકોને ગુનેગાર જાહેર કર્યા છે. તે લોકો પાસે આપમેળે નહીં પરંતુ વખતોવખત શિસ્ત પળાવીને કેવળ અંકુશ વડે શાંતિનું પાલન કરાવે છે.

## મિશ્ર આશયો

એક મિત્ર મને કહે છે કે સ્વયંસેવક દળો હમેશાં શાંત રહેશે જ એવી ખાતરી ન હોવાથી સરકાર તેમને દબાવી રહી છે. પત્રલેખક ઉમેરે છે :

> તે માને છે કે આજે આપની આજ્ઞાથી તેઓ અહિંસક છે, પણ ગમે ત્યારે આપના કે આપના અનુગામીઓના હુકમ બદલાય અને સ્વયંસેવકોને લશ્કરી ઢબે શસ્ત્રસજ્જ થવાનું, તથા સરકારી લશ્કર સામે બળવાખોર ખડી સેના બનવાનું કહેવામાં આવે.

આ જ પત્રલેખક બીજી એક અટકળ કરે છે કે સરકાર સશસ્ત્ર બળવા કરતાં આ અહિંસાથી વધારે ડરે છે. જે લોકો સામો ઘા નથી કરતા તેમને હેરાન કરવાનો હુકમ મળતાં પોલીસ અધિકારીઓ થાકી જાય છે અને ગભરાઈ જાય છે. તેમાંના કેટલાક કબૂલ કરે છે કે,

> અહિંસાનો સામનો કરવો એ ભયંકર દુશ્મનનો સામનો કરવા જેવું છે. હિંસાને અમે સમજીએ છીએ અને તેની પરવા કરતા નથી. પણ જે માણસ સામનો ન કરે તેને મારવામાં તો નાનમ જ લાગે છે.

૧. વકીલ અને ચિત્તાગોંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી.

Gandhi Heritage Portal

હકીકતે આ બંને અટકળો સંગીન છે. સરકારને ભવિષ્યનો ડર છે અને લોકો સશસ્ત્ર સામનો કરવાની શક્તિ મેળવે તેની સામે તે સાવધ બનવા માગે છે, અને શાંતિભરી તાકાતના ઝડપી વિકાસનો પણ તેને ડર છે. ટૂંકમાં, તે આપણને પુરુષ કે સ્ત્રી રહેવા દેવા માગતી નથી. આપણે નપુંસક બની જઈએ એમ તે ઇચ્છે છે.

### નપુંસક બનાવવાની પ્રક્રિયા

હિંદુસ્તાનમાં લોકોને નપુંસક બનાવવાની જે પ્રક્રિયા ચાલી રહી છે તેનું જોરદાર દૃષ્ટાંત બેલગામ પૂરું પાડે છે. બેલગામમાંથી મળેલા હેવાલનો નીચે પ્રમાણેનો સાર એક મિત્રે મારે માટે તૈયાર કર્યો છે:

> અસહકારને દાબી દેવા માટે બેલગામના જિલ્લા અધિકારીઓએ એક મૌલિક રીત શોધી કાઢી છે. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, મિ. હેટરે, અસહકારને ફેલાતો અટકાવવા માટે સઘળા ફોજદારોને તેમની તાકાતનો ઉપયોગ કરવાની હાકલ કરતો એક પરિપત્ર કાઢ્યો છે. ફોજદારોએ તેમના તરફથી ગ્રામપોલીસોને એવી સૂચના મોકલી આપી છે કે "સઘળા અસહકારી વક્તાઓને બળજબરીથી દાબી દેવા, તેમને ગામડાંમાં પેસવા ન દેવા અને ત્યાંથી બહાર હાંકી કાઢવા તથા તેમને બોલવા ન દેવા. પોલીસ પટેલો આટલું સમજે એ બસ છે એમ ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ આશા રાખે છે. વડા અધિકારીઓ આ બાબતમાં યોગ્ય મદદ કરશે." પણ અસહકારીઓની છાવણીના માજી વકીલોએ જ્યારે આ બાબતમાં કાયદાનો પ્રશ્ન ઉઠાવ્યો ત્યારે જિ. પો. સુપરિન્ટેન્ડેન્ટે ૧૯૨૧નો ક્રમાંક ૬૩૫૯નો પરિપત્ર આગળ કરી જણાવ્યું કે ગુનો થતો અટકાવવા માટે પોલીસને સત્તા આપતી જિલ્લા પોલીસ કાનૂનની ૫૧(બ) કલમ તેનો હેતુ બર લાવવા માટે પૂરતી છે. જિ. પો. સુ. વધુમાં જણાવે છે કે "અસહકારીઓ જ્યારે જ્યારે જાહેરમાં બોલે છે ત્યારે ત્યારે હિંદી ફોજદારી કાયદાની ૧૨૪મી કલમ કે ૧૫૩ અ કલમ પ્રમાણે ગુનો કરે છે. એટલે એ ગુનો કરવાનું મુશ્કેલ બનાવવા માટે પોલીસ અધિકારીઓએ કાયદાની હદમાં રહી શકય હોય તેટલું કરી છૂટવું જોઈએ."

આ બધામાં રમૂજ થાય એવું તો એ હતું કે આ જાહેરાતોને જોરે, બેલગામના જિલ્લા કૉંગ્રેસ સમિતિના એક મંત્રી બેઈલહોંગલમાં તેમનું ભાષણ શરૂ કરવાની તૈયારીમાં હતા ત્યારે, બેઈલહોંગલ તાલુકાના ફોજદાર, ખરેખર, શારીરિક રીતે તેમનું મોં બંધ કરવા પહોંચી ગયા. આ વિષે એ મંત્રીને જ કહેવા દો:

> . . . . હું સભાને સંબોધવા ઊભો થયો ત્યારે ફોજદાર સામે આવીને ઊભા અને મને બોલવાની ના કહી. મેં લેખિત હુકમની માગણી કરી ત્યારે તે આપવાની તેમણે ના પાડી અને ઉપર જણાવ્યા પ્રમાણેનો ક્રમાંક ૬૩૫૯નો પરિપત્ર દેખાડયો. . . . વધુમાં તેમણે કહ્યું કે તમે બોલવાનો આગ્રહ રાખશો તો તમારા મોં પર હું મારો હાથ મૂકીને હું તમારું મોં શારીરિક રીતે બંધ કરીશ. . . . આ કાંઈક અંશે નવીન કાર્યવાહી હોવાથી . . . મેં આ હુકમનું પાલન કર્યું અને ન બોલ્યો. તે બધો વખત સ્થાનિક મૅજિસ્ટ્રેટ અને મામલતદાર ત્યાં હાજર હતા. . . .

અલ્લાહાબાદના બનાવોનો સાર ઉમેરીને આ ભયંકર ચિત્ર હું સમાપ્ત કરીશ:

> ગયા નવેમ્બરની ૨૫મી તારીખે, ૧૯૦૮નો સુધારેલો ફોજદારી કાયદો યુક્ત પ્રાંતને લાગુ કરતું અને ખિલાફત તથા કૉંગ્રેસનાં સ્વયંસેવકદળોને તેમ જ, પરદેશી કાપડનો

Gandhi Heritage Portal

બહિષ્કાર, પિકેટિંગ અથવા શાહજાદાની મુલાકાતનો બહિષ્કાર કરવાના હેતુવાળાં આ જાતનાં મંડળોને ગેરકાયદે મંડળો જાહેર કરતું એક અસાધારણ ગૅઝેટ સરકારે પ્રગટ કર્યું હતું.

અગાઉ જાહેર કર્યા પ્રમાણે, એ જ દિવસે પ્રાંતિક કૉંગ્રેસ સમિતિની એક સભા મળી અને તેણે કારોબારી સમિતિએ સૂચવેલા ધોરણે એક સ્વયંસેવકમંડળ રચવાનો નિર્ણય કર્યો. એક પ્રતિજ્ઞાપત્ર તૈયાર કરવામાં આવ્યું અને તે પર સભામાં હાજર રહેલા ૭૫ સભ્યોએ સ્વયંસેવક તરીકે સહી કરી. લક્ષ્મીપુરની સભામાં ભાષણ આપવા માટે ગયેલા લખનૌના પંડિત હરકરણનાથ મિશ્ર, સરકારના ગુસ્સાનો પહેલો ભોગ બન્યા. ત્યાર બાદ ડિસેમ્બરની ૬ઠ્ઠીની સવારે લખનૌમાં, મૌલાના ખલિકુઝ્ઝમાનની તથા કૉંગ્રેસ અને ખિલાફત સમિતિઓના બીજા સભ્યોની ધરપકડ કરવામાં આવી. એ જ દિવસે સાંજે પંડિત મોતીલાલ નેહરુ, પંડિત જવાહરલાલ નેહરુ,[1] પુરુષોત્તમદાસ ટંડન[2] અને બીજાઓને પકડવામાં આવ્યા. પછી એ સૌને સ્વયંસેવક તરીકે નામ નોંધાવવા માટે જુદી જુદી મુદતની સજા કરવામાં આવી. ત્યાર બાદ થોડો વિરામ રહ્યો પરંતુ આ માસની ૧૧મીએ મોટે ભાગે પ્રિન્સ ઑફ વેલ્સના સત્કારમાં ભાગ ન લેવાની લોકોને વિનંતી કરતું એક પોસ્ટર આનંદભવન[3] પર લખતી વખતે, ૬૭ સ્વયંસેવકોને ગિરફતાર કરીને આ વિરામનો ભંગ કરવામાં આવ્યો. આમ છતાં એ બધાની પરાકાષ્ટા તો આ માસની ૧૩મી તારીખે પ્રાંતિક સમિતિની બેઠક ચાલી રહી હતી તે જ વખતે પોલીસે તેના ઉપર ઘેરો ઘાલ્યો અને બે મંત્રીઓ અને બીજા બે સિવાય સમસ્ત સભાને ગિરફતાર કરી ત્યારે જ આવી. સમિતિની સભા બપોરે ૧ વાગ્યે શરૂ થઈ અને સાંજે ૯ વાગ્યા સુધી ચાલુ રહી. આશરે સાડા પાંચ વાગ્યે, કેદીઓને લઈ જવા માટે છ મોટરગાડીઓ લઈને સુપરિન્ટેન્ડેન્ટ મિ. ફર્ગ્યુસનની આગેવાની હેઠળ પોલીસ આવી પહોંચી. સમિતિના મકાનમાં તે પેઠી અને બધા માર્ગો રોકી લીધા. ૯ વાગ્યા સુધી તેમણે કચેરીની ઝડતી લીધી. સભા પૂરી થતાં સભ્યોએ જિ. પો. સુ.ને ખબર આપી કે તેઓ હવે જવા માગે છે. જિ. પો. સુ. સભામાં ગયા અને સભાની કાર્યવાહી બતાવવાની માગણી કરી. સઘળી જિલ્લા અને તાલુકા કૉંગ્રેસ સમિતિઓને સ્વયંસેવક દળ રચવાની ભલામણ કરતો એક ઠરાવ તેમાં જોતાં, તેમણે જાહેર કર્યું કે સુધારેલા ફોજદારી ધારા પ્રમાણે ગુનો થયો છે. ત્યાર બાદ તેમણે, સૌને વારાફરતી પૂછ્યું કે તમે સમિતિના સભ્ય છો અને આ ઠરાવને ટેકો આપ્યો છે? બધા સભ્યોએ હા પાડી એટલે તેમણે પ્રાંતના સઘળા અગ્રગણ્ય કાર્યકરોસહિત તેમાંના પંચાવન જણની ધરપકડ કરી.

ઝડતી દરમ્યાન સ્વરાજ પત્રના સંપાદક બી. શીતલસહાયને લાત મારવામાં આવી, મુક્કો લગાવવામાં આવ્યો તથા મિ. ફર્ગ્યુસને તેમના પર બીજી રીતે એવો તો હુમલો કર્યો કે ચામડીમાંથી લોહી નીકળ્યું. પરંતુ તેમણે આ બધું ધીરજથી સહન કરી લીધું. એ જ અધિકારીએ બીજાઓ સાથે પણ ખરાબ વર્તાવ કર્યો, તેમને ધક્કામુક્કીએ ચડાવ્યા અને

૧. ૧૮૮૯–૧૯૬૪; રાજદ્વારી આગેવાન અને લેખક, હિંદુસ્તાનના પહેલા વડા પ્રધાન, ૧૯૪૭–૬૪; ભારતરત્ન; ગ્લિમ્પ્સીસ ઑફ વર્લ્ડ હિસ્ટરી અને આત્મકથા વગેરેના લેખક.

૨. ૧૮૮૨–૧૯૬૨; યુક્તપ્રાંતના ધારાશાસ્ત્રી અને અગ્રગણ્ય આગેવાન; હિંદી સાહિત્ય સંમેલનના સ્થાપક; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ, ૧૯૫૦; ભારતરત્ન. તે સમયે તેઓ અલ્લાહાબાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા.

૩. પંડિત મોતીલાલ નેહરુનું નિવાસસ્થાન.

Gandhi Heritage Portal

તેમના પર હુમલો કર્યો. ઝડતી કે ગિરફતારી માટેનું કોઈ વૉરંટ દેખાડવામાં આવ્યું નહીં, કે ઝડતી શરૂ કરતાં પહેલાં અધિકારીઓએ પોતાના શરીરની તલાશ પણ ન કરાવી. પ્રાંતિક કૉંગ્રેસ સમિતિનાં બધાં કાગળિયાં, પત્રકો અને સીલ પોલીસે કબજે લીધાં અને સીલબંધ તાળાં હેઠળ મૂકી દીધાં.

કાયદો અને સભ્યતાની આ નરી અવગણના કંઈ કોઈ વ્યક્તિગત કાર્ય નથી, પરંતુ બધી જ જાતના સ્વસ્થ જાહેર જીવનને કચડી નાખવાની, લોકોની હિંસાને ઉશ્કેરવાની અને પછી જલિયાંવાલાની ઘણી વિસ્તૃત આવૃત્તિ બહાર પાડવાની વિચારપૂર્વક કરેલી યોજનાનો ભાગ છે એવું મને સ્પષ્ટ દેખાય છે. ઉપર વર્ણવેલાં પગલાંની હારમાળાને ઉદાર દૃષ્ટિબિંદુથી નિહાળવાનો સંપૂર્ણ ઇરાદો હોવા છતાં હું આ સિવાય બીજા કોઈ નિર્ણય ઉપર આવી શકતો નથી.

## વાઇસરૉયનો હિસ્સો

હિંદુસ્તાનને સદાને માટે નામર્દ બનાવવાના કાવતરામાં લૉર્ડ રીડિંગ સામેલ થયેલા છે એવી શંકા કરતાં મને દિલગીરી થાય છે. એક મિત્રે એક વિકલ્પ સૂચવ્યો છે. તે કહે છે કે લૉર્ડ રીડિંગે તાજેતરમાં ઉચ્ચારેલા ઉદ્‌ગારોમાં જે ધમકીનો ઉપયોગ કર્યો છે તે માટે તેમને જરૂર જવાબદાર ગણવા જોઈએ. પરંતુ તાબાના અધિકારીનાં ગેરકાનૂની કૃત્યો વિષે તેઓ કંઈ જાણતા ન હોવાથી અથવા હાથ નીચેના અમલદારોએ કાયદાની મર્યાદામાં ચુસ્તપણે રહેવાની તેમની ઇચ્છાની અવગણના કરી હોવાથી તેઓ નિરુપાય બની ગયા હશે. મારે આ બંને ખુલાસાઓનો અસ્વીકાર જ કરવો જોઈએ. ગેરકાનૂની પ્રવૃત્તિને દાબી દેવાનો લૉર્ડ રીડિંગ વાજબી રીતે પ્રયત્ન કરતા હોય તો પોતે જેને દમન પણ નહીં કહેવા દે તેવી તેમની ઝુંબેશની પ્રગતિનો તેમણે અભ્યાસ કરવો જોઈએ અને તેનું નિયંત્રણ કરવું જોઈએ. તેમના તાબાના અધિકારીઓ આમાં હિત ધરાવનારા પક્ષકારો બન્યા હોવાથી અંકુશમાં ન રહ્યા હોય તો તેમણે તાબડતોબ રાજીનામું આપી દેવું જોઈએ, અથવા તો કંઈ નહીં તો આવાં ગેરકાનૂની કૃત્યો અને હુમલાઓ સાથે પોતાને કંઈ જ લેવાદેવા નથી એવું છડેચોક જાણાવવું જોઈએ અને તેને વખોડી કાઢવાં જોઈએ, અને "કપરા કાળ"નું બહાનું કાઢી તેને દરગુજર કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. મેં પોતે એક અમલમાં મૂકી શકાય એવો ખુલાસો સૂચવ્યો છે. તેઓ નામદાર અમારી મહત્ત્વાકાંક્ષા પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે અને તેમના પોતાના દેશવાસીઓને ઓળખતા હોવાથી તેઓ સમજે છે કે કોઈ સમાધાન પર આવવાનો વિચાર કરતાં પહેલાં અમારી કપરી કસોટી થવી જ જોઈએ. એટલે, અમે કેટલી હદ સુધી દમન સહન કરવા સમર્થ છીએ અને એ રીતે સ્વતંત્રતાની અમારી આકાંક્ષા કેટલી સાચી છે તે જોવા માટે તેઓ દમનનો અખતરો કરી રહ્યા છે અને તેને દોરવણી આપી રહ્યા છે, અને પછી તેમના અસીલોનો એટલે આપણો કેસ સમજી લઈને, તેઓ સમાધાન માટે ફરજ પાડવા ઇચ્છે છે. એમ છતાં મને ભય છે કે હું જે રજૂઆત કરી રહ્યો છું તેની અવગણના જ થવાની છે. માનવસ્વભાવ કાંઈ તદ્દન આપણે ધારીએ એ રીતે કામ કરતો નથી. લૉર્ડ રીડિંગ એટલા પૂર્ણપણે નિ:સ્વાર્થ નથી અને તેઓ જો નિ:સ્વાર્થ હોય, તો પોતાના અત્યારના બંધારણ પ્રમાણે જે સરકાર લોકોને કશી રાહત આપી શકતી નથી તેનો હવાલો સંભાળી ન શકે. એટલે અત્યંત સંકોચ સાથે મારે એવા અનુમાન પર આવવું પડે છે કે, લૉર્ડ રીડિંગ, બળજબરીથી વાણીસ્વાતંત્ર્ય અને લોકસંગઠનને અશક્ય બનાવીને હિંદુસ્તાનને નપુંસક બનાવવાનો પ્રયત્ન

Gandhi Heritage Portal

કરી રહ્યા છે. હું એટલું માનવા તૈયાર છું કે આ બધામાં તેમનો ખ્યાલ એવો છે કે તેઓ આપણું ભલું કરી રહ્યા છે અને હજુ આપણે સ્ત્રીઓ અને પુરુષો કહેવડાવવાને લાયક નથી. તેમની આંખો ઝટ ખૂલી જવાની છે. એમના ખ્યાલ સાથે આપણે ઝઘડો ન કરવો જોઈએ. તેમ તે વિષે આપણે ચિંતા પણ ન કરવી જોઈએ. સ્ત્રીઓ અને પુરુષોને શોભે એ રીતે આપણે આપણી ફરજ બજાવીએ એટલે દરેક વસ્તુ અને દરેક વ્યક્તિ આપણને અનુકૂળ બને છે એવું આપણને જણાશે.

## વિષ્ટિની વાતો[1]

આપણા રાજ્યકર્તાઓ આપણે માટે શું ધારે છે એની ચર્ચામાં હું બહુ રોકાતો નથી કારણ હાથનું કામ મેલી આપણે એવી ચર્ચામાં હજુ અત્યારથી કાળક્ષેપ કરવા બેસવું એ હાનિકર્તા છે. આમ થતાં થોડા દિવસ થયા છાપાંઓમાં સરકાર અને આગેવાનોની એક “બેઠક” કરી અત્યારના મામલાનો કંઈક તોડ કાઢવાની જે વાત ચાલી છે અને જુદાં જુદાં છાપાં પોત-પોતાને જે કંઈ યોગ્ય જણાય તે સૂચવી રહેલ છે તે જોતાં આ મામલામાં અત્યારે જે વડા હાકેમ હાલની આખી રાજતંત્રનીતિને સારુ જવાબદાર છે તેમનું વલણ તપાસી જોવું અનુચિત નથી.

અસહકાર એ થોડાક અવળે રસ્તે ચડેલા પાગલ લોકોમાં જ ફેલાયેલો છે એવું ભૂત જ્યાં સુધી વાઈસરૉય સાહેબના મનમાં ભરાઈ બેઠું છે અને એ જ્યાં સુધી નીકળ્યું નથી ત્યાં સુધી મારી દૃષ્ટિએ તો આવી કોઈ પણ વિષ્ટિનો પ્રયત્ન નિરર્થક છે. જો એઓ સાહેબ સહકાર અને સંતોષનું વાતાવરણ પ્રવર્તાવવા ઉત્સુક હોય તો તેમણે જોવું રહ્યું કે અસહકાર જાતે રોગ નથી, પણ પ્રજાના આંતરિક દરદની બાહ્ય નિશાની છે. એ દરદ ખિલાફત, પંજાબ અને સ્વરાજની હાનિરૂપે પ્રજાને અહોરાત્ર રિબાવનારા ત્રિવિધ તાપમાં સમાયેલું છે.

અને જ્યાં સુધી આ દરદના મૂળમાં હાથ ઘાલી તેને નાબૂદ કરવાનો પ્રયત્ન નથી થયો ત્યાં સુધી બહારની મલમપટ્ટીથી કશું વળવાનું નથી. પ્રજાના પસંદ કરેલા પ્રતિનિધિઓ ઘડીને તૈયાર કરે એવી ખિલાફત અને પંજાબના અન્યાયોની દુરસ્તી અને સ્વરાજ સોંપવા સિવાય સમાધાનીનો સહેલામાં સહેલો અને ટૂંકામાં ટૂંકો બીજો રસ્તો તો દમનનીતિ આમ ને આમ ચાલુ રાખવી એ એક જ છે. સ્થિતિને તણાય તે દિશાએ તણાવા દેવી એ તો કોઈ જ વાઈસરૉયથી ન જ બને એ વાત કબૂલ કરવામાં મને લગીરે અડચણ નથી. તેનો તો હથિયારબંધ બળવો ઊઠે ને દબાવવો પડે તે જ રીતે, જો પોતે જે મહારોગની સામે આજે અસહકાર મંડાયેલો છે તેનો ઈલાજ કરવા રાજી ન હોય તો કાયદાના સવિનયભંગરૂપી બેઠા બળવાને પણ દબાવી જ દેવો રહ્યો. જે સત્ય માણસના પ્રત્યક્ષ જીવનમાં મૂર્તિમંત થઈ શકતું નથી અને જે સિદ્ધ કરી આપવા પાછળ તેના અનુયાયીઓ પ્રાણ આપવા તૈયાર નથી તે માત્ર મોઢાનું વેદાંત છે અને તેની કાણી કોડીની કિંમત નથી.

આપણાં દરદો અને આપણી ઉપર થતા અન્યાય ટકે છે કારણ આપણે તેની સામે માત્ર નામના જ ઝૂઝવા નીકળીએ છીએ. જો આપણે સાચા હોવાનો દાવો કરતા હોઈએ તો આપણા કાર્ય પાછળની આપણી કુરબાનીઓથી જ એ દાવો આપણે સિદ્ધ કરી શકીએ. આપણી એવી લાયકાત સિદ્ધ કરવામાં આપણે ઠીક ઠીક તૈયારી બતાવી રહ્યા છીએ. છતાં

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૨-૧૨-૧૯૨૧ના અંકમાંથી આપ્યું છે.



Gandhi Heritage Portal

આપણે એની પૂરેપૂરી સાબિતી આપી દીધી છે એમ ન કહી શકીએ. જ્યારે કેદ થવામાં હાડમારીઓને સુમાર નહીં રહ્યો હોય, જ્યારે તેમાં ફટકાઓ મળવાના અને ચાબુકો પડવાના સંભવ હશે ત્યારે આપણે નહીં થાકીએ, જ્યારે ફાંસીએ ચડવાનું અને ગોળીઓ ખાવાનું આવશે ત્યારે પણ નહીં હારીએ, એની શી ખાતરી?

તેથી મારે હિસાબે તો જ્યારે સરકાર અસહકારીઓની પેટ ભરીને અજમાયશ કરી લે અને તાવી ગાળી વીંધીને તેમની તાકાતનો પૂરો આંક કાઢી લે ત્યારે જ રાજ્યકર્તા અને પ્રજાના પ્રતિનિધિઓની બેઠક કર્યાનું કંઈ પણ ફળ છે.

પણ અસહકાર એ પ્રજામત કેળવવાની એક પદ્ધતિ છે એ દૃષ્ટિએ જોતાં અત્યારે સહકારીઓ અને અસહકારીઓની બેઠકને હું જરૂર ઉપયોગી ગણું. હું જાણું છું કે સહકારીઓને પણ ખિલાફત તેમ જ પંજાબની ભરપાઈ જોઈએ છે. દેશને સારુ સ્વતંત્રતા પણ એમને અસહકારીઓના જેટલી જ જોઈએ છે. સરકારની અત્યારની દમનનીતિને લગભગ એકેએક વિનીત પત્ર વખોડી રહેલ છે તે જોઈ મને જેવોતેવો આનંદ નથી થયો. એમના તરફથી મેં આથી ઓછાની આશા રાખી જ નહોતી.

અને મને વિશ્વાસ છે કે જો અસહકારીઓ બરાબર સંયમ જાળવશે, અહિંસાપરાયણ રહેશે અને પોતાના વિરોધીઓની નિંદામાં નહીં રહે, તો જોતજોતામાં તેઓ પ્રત્યેક વિનીતને અસહકારી બનેલો જોશે. એટલું જ નહીં પણ અંગ્રેજ લોક સુધ્ધાં અસહકારીઓનો પક્ષ લેવા લાગશે અને અંતે સરકાર પણ નમશે. એવું જ અસહકારનું માહાત્મ્ય છે. આ કાર્યપદ્ધતિ પ્રતિકારને નરમમાં નરમ કરી નાખે છે. અને જો આજે ઘડીભર એથી ઊલટું પરિણામ જોવામાં આવતું હોય તો તેનું કારણ એટલું જ છે કે અહિંસાનું ખરું રહસ્ય અસહકારીઓને છેક હજુ હમણાં જ હૈયે બેસવા લાગ્યું છે. તેમને હજુ હવે જ ખબર પડતી જાય છે કે એકલા કાર્યમાં જ ઠીક ઠીક અહિંસામય રહી બતાવવું એટલું બસ નથી. મનસાવાચાકર્મણા સર્વત્ર અને સર્વકાળ અહિંસાપરાયણ રહેવાનું છે. અસહકારથી પોતાના શત્રુઓનું બૂરું ઇચ્છાય પણ નહીં.

આપણા વિરોધીઓની સૌથી મોટામાં મોટી બીક જ એ છે કે અહિંસાની ઢાલ હેઠળ નિરંકુશ હિંસાનું રાજ્ય ફેલાશે. તેમના મનમાં આપણામાંના ઘણાખરાઓની સચ્ચાઈને વિષે શંકા છે. તેઓની આંખને તો આપણા પ્રયત્નને પરિણામે અંધાધૂંધી અને પ્રલય સિવાય બીજું કશું જ દેખાતું નથી.

આ દૃષ્ટિએ જોતાં આજની આ દમનનીતિ અસહકારીઓને સારુ તો એક આશીર્વાદરૂપ જ ગણાય. એ તે લોકોને તેમ આપણને બેઉને બતાવી રહી છે કે પજવણી વચ્ચે સુધ્ધાં લોકોને હાથ રાખવા જેટલું વજન પ્રજા ઉપર અસહકારીઓએ મેળવી લીધું છે. આપણો આ કાબૂ કાયમનો ગણાય એટલી કસોટી હજુ આપણે નથી પસાર કરી એ સાચું. આપણે હજુ અંદેશામાં છીએ. દાખલા તરીકે હમણાં જ આગા સફદર સાહેબ પકડાયા તે વેળા સિયાલકોટના લોકો ભલે જરાતરા પણ પોતાના માર્ગથી ચાતર્યા. આવાં આવાં છમકલાં આપણે એટલાં બધાં નિહાળીએ છીએ કે ત્રાહિતના મનમાં આપણી પ્રવૃત્તિને વિષે શ્રદ્ધા પેદા થાય એવી હજી આપણાં મનને ખાતરી નથી થતી.

તેથી અત્યારે સહકારીઓની જોડે તદ્દન ત્રાહિતપણે અગર તો અસહકારીઓના પ્રયત્નથી સચ્ચાઈ બતાવી આપવાની તક આપનારી બેઠક કરવાની હરકોઈ સૂચનાને માત્ર હું અલબત્ત વધાવી લઉં. સરકારે તો અસહકાર નામે જેટલી વસ્તુ, તેટલીને દબાવી દેવાનો ખુલ્લો ઇરાદો જાહેર

Gandhi Heritage Portal

કરીને પોતાનું પોત પૂરેપૂરું પ્રકાશી દીધું છે. જ્યાં સુધી ખુનામરકીને અગર તો તેની ઉશ્કેરણી કે સંમતિને દબાવી દેવાની વાત એના મોઢામાં હતી ત્યાં સુધી એને ઊભવાને જમીન હતી.

તેથી મારી તો ખાતરી છે કે એકેએક સહકારી અંતે સરકારના આ અત્યારના ગાંડપણ સામે —પ્રજાકીય દુ:ખોની દાદને સારુ ચલાવેલી પ્રવૃત્તિ અગર તો તેને લગતા પોતાના અભિપ્રાય જાહેર કરવાના હકને દાબી દેવાના આ અટ્ટહાસ સામે ઊઠયા વિના રહેનાર નથી. પણ જ્યાં સુધી સરકારને પશ્ચાત્તાપ નથી થયો અને જ્યાં સુધી પ્રજાકીય બાજુ વિચારમાં લેવાની એને વૃત્તિ નથી ત્યાં સુધી સરકારની જોડે વિષ્ટિ કરવાના વિચાર સામે તો હું મિત્રોને અવશ્ય ચેતવું જ. શાહજાદાના સ્વાગતના બહિષ્કારના, જાહેરસભાઓ ભરવાના, અગર તો જેમને કોઈ પણ જાતનો હિંસક હેતુ નથી એવી સ્વયંસેવકોની કે એવી જ બીજી સમિતિઓ બનાવવાના હક વિષે તો વિષ્ટિ શી હોઈ જ શકે? પ્રજાકીય ઇચ્છાઓનો તુચ્છકાર જ્યાં સુધી ચાલુ છે ત્યાં સુધી શાહજાદાના સ્વાગતનો બહિષ્કાર થવાનો જ અને થવો જ જોઈએ. તેમ જાહેર-સભાઓ અને સમિતિઓ કરવાનો હક પણ કોઈ પ્રજાને સારુ કેવળ આરંભિક હક છે. એને સારુ વિષ્ટિ કેવી? એને ખાતર તો આપણે લડવા જ જવું જોઈએ.

વળી એ લક્ષમાં રાખવું જરૂરી છે કે અત્યારે અસહકારીઓ જે કાયદાનો ભંગ કરી રહેલ છે તે તેમણે મૂળ કરવા ધારેલો સવિનયભંગ નથી. જાહેરસભા ભરવાના કે તેમાં હાજરી આપ-વાના હકને સારુ અગર તો શાંતિમય સ્વયંસેવકોની સમિતિઓ બનાવવાના હક સારુ લડવાના અસહકારીઓના આજના આગ્રહને સવિનયભંગનો કે સત્યાગ્રહનો દરજ્જો આપવો અનુચિત છે. અત્યારે તો અસહકારીઓ માત્ર બચાવની લડાઈ કરી રહ્યા છે. હુમલાની લડાઈ તો સહકારીઓ શાંતિ અને અહિંસાનું વાતાવરણ જાળવવાને વિષે તેમના મનને પૂરતી ખાતરી થશે તેની સાથે જ હજુ હવે આદરશે અને તે અવશ્ય આદરશે. એવું વાતાવરણ જાળવવાને સારુ જોઈતી શક્તિ આપણામાં આવી છે કે નહીં તે તપાસી જોવાય એવી પરીક્ષામાં આજે આપણને ઉતારીને સરકારે આપણી ઉપર ખરેખર અહેસાન જ કર્યો છે.

## પિકેટિંગનો અધિકાર

મુંબઈમાં દારૂનાં પીઠાં પરનું પિકેટિંગ બંધ કરવામાં આવ્યું છે એટલે બીજાં બધાં સ્થળો પર પણ ખાસ તેનું અનુકરણ થશે એવું સરકારે માની લીધું હશે. આ અધિકાર પૂરતાં કારણ વિના છોડી દેવાય એવો નથી એ વાત પૂનાએ દેખાડી આપી છે. પિકેટિંગની મનાઈ ફરમાવતા હુકમો કાઢવામાં આવતાં જ શ્રી કેળકર[૧] જણાવે છે:

> આ હુકમોનો ભંગ કરવાનો અમે નિશ્ચય કર્યો અને નિર્દિષ્ટ કરેલાં સ્થળ અને સમયે અમે આજે પણ પિકેટિંગ કરવા જવાના છીએ એવી નોટિસ આજે સવારે જિલ્લા મૅજિસ્ટ્રેટને મોકલી આપી છે. પહેલી ટુકડીમાં મારો, મારા પુત્રનો, સર્વશ્રી ભોપટકર, ગોખલે, પરાંજપે અને બીજા આશરે ૧૬ જણનો સમાવેશ થશે. પાછળ રહી જનારાઓ આ પરંપરા ચાલુ રાખશે એવી મને ખાતરી છે. હવે આ બાબતમાં પૂના પોતાનું કર્તવ્ય કેટલે અંશે બજાવે છે તે આપણે જોઈએ.

આ ટુકડી બહાર પડી. તેના સભ્યોને પકડી લેવામાં આવ્યા. તેમનાં નામ નોંધી લીધાં અને તેમને છોડી મૂકયા. ત્યાર બાદ નવી નવી ટુકડીઓ નિયમિત રીતે જાય છે અને તેનું પરિણામ

૧. ન. ચિ. કેળકર (૧૮૭૨–૧૯૪૭); મહારાષ્ટ્રના રાજદ્વારી આગેવાન; ગ્રંથકાર અને પત્રકાર.

Gandhi Heritage Portal

પણ તેવું જ આવે છે. અલબત્ત, મહારાષ્ટ્ર કદી યાતના સહન કરવામાં પાછળ રહેશે નહીં. હિંદુસ્તાનમાં સૌથી વધારે ખડતલ કાર્યકરો તેની પાસે છે. દરેક પ્રાંતમાં આગલી હરોળના નેતાઓએ સૌથી હિંમતભર્યાં જોખમો ખેડયાં છે એ વાત નોંધપાત્ર છે. પરંતુ શ્રી કેળકર અને તેમની મંડળીને ભલે જેલ જવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત ન થયું છતાં અજમેરના લોકો આમાં બડભાગી બન્યા છે. મનાઈહુકમો બહાર પડતાં જ પિકેટિંગને "ધાર્મિક અધિકાર" સમજનારા કાર્યકરોએ આ પડકાર ઝીલી લીધો. પંડિત ચાંદકરણ સારડા જણાવે છે :

> સ્વરાજસેનાના સ્વયંસેવકોને દારૂનાં બધાં જ પીઠાં પર ગોઠવી દેવામાં આવ્યા હતા. સરકારે પણ પિકેટિંગ કરનારાઓને પકડી લેવાના હુકમો આપીને દરેક પીઠા પર પોલીસ દળ અને ઘોડેસવારોને ગોઠવી દીધા હતા. એક ટુકડી પકડાતાં અનામત રાખેલા સ્વયંસેવકોએ તેમનું સ્થાન લીધું. પોલીસે માત્ર ૧૭ સ્વયંસેવકોને પકડયા, અને તેમના પર ઝડપી કામ ચલાવી ૪ મહિના અને ૩ અઠવાડિયાંની સખત કેદની સજા ફરમાવી.

તેમણે કોઈ બચાવ ન કર્યો. અજમેરમાં વધુ ધરપકડ કરવામાં આવી હોય એમ જણાતું નથી. દારૂ વેચનાર અથવા દારૂ પીનાર સામે હિંસા કે કડવાશ વિના પિકેટિંગ કરી શકાતું હોય ત્યાં તે કરવું એ નૈતિક ફરજ છે. દારૂબંધીના કાર્યને બીજા કશાથી ન મળ્યો એટલો વેગ આનાથી મળ્યો છે એની કોઈ ના પાડી શકે તેમ નથી. હજુ હમણાં જ થોડા દિવસ પર કરમસદમાં[1] ખ્રિસ્તીઓ અને હિંદુ ઢેડ લોકોએ કૃતજ્ઞતાપૂર્વક મને જણાવ્યું હતું કે પિકેટિંગને પરિણામે તેમણે દારૂને દેશવટો આપ્યો છે. ૧૭મી નવેમ્બરના દુર્ભાગી દિવસે તથા ત્યાર પછીના બે દિવસો દરમ્યાન, પારસીઓની દારૂની દુકાનોનો બેજવાબદાર રીતે અને દ્વેષભાવે નાશ કરીને તથા પારસીઓ અને ખ્રિસ્તીઓ તરફ શરમજનક વર્તાવ દાખવીને મુંબઈએ કાંઈ નહીં તો હાલ પૂરતો પોતાનો પિકેટિંગનો અધિકાર ગુમાવ્યો છે. છતાં મને આશા છે કે જ્યાં જ્યાં પિકેટિંગ કરવામાં આવે ત્યાં ત્યાં, તે અંગેનું કાર્ય અણિશુદ્ધ ચારિત્ર્યવાળાં સ્ત્રીપુરુષોને સોંપાશે અને તે પૂરેપૂરી મિત્રાચારીની ભાવનાથી કરવામાં આવશે. આપણે લોકોને બળાત્કારે સદ્ગુણી બનાવવા માગતા નથી.

### મહારાષ્ટ્રની મંડળીની બદનક્ષી

શ્રી કેળકરના પત્ર અંગે, મારે એ દર્શાવવાનું ચૂકવું ન જોઈએ કે અકોલા ગયેલા નેતાઓ સામે કરવામાં આવેલી ટીકા સાવ અયોગ્ય હતી. શ્રી કેળકરના જે પત્રમાંથી મેં ઉતારો આપ્યો છે તેમાં તેઓ આ પ્રમાણે જણાવે છે :

> સમાપન કરતાં પહેલાં, મારી સામે અને અકોલા પરિષદ સામે કરવામાં આવેલા ખૂબ જ નિષ્ઠુર આક્ષેપોનો હું ભારપૂર્વક ઇનકાર કરવા માગું છું. અંગત રીતે તો હું કેવળ એક પ્રેક્ષક અને ચર્ચાનું નિયંત્રણ કરનાર જ હતો. જે કોઈ ઠરાવ પસાર કરવામાં કે ઉડાવી દેવામાં આવ્યા હતા, તેમની ભાષા જોતાં, તેમાંના એકેને મારી પૂર્ણ સંમતિ ન હતી. હું તડજોડ થાય એવા સુધારા માટે વાટાઘાટ ચલાવી રહ્યો હતો, અકોલાની પરિષદ માટે કોઈ ગમે તે કહે પરંતુ હું ઇચ્છું છું કે આપ એ વાત માનો કે ગયા જુલાઈ કે ઑગસ્ટમાં પરિષદ ભરવા વિષે નિર્ણય લેવાઈ ગયો હતો એટલે તે પરિષદ રાબેતા મુજબ જ ભરવામાં આવી હતી અને આપ એ પણ માનો એમ ઇચ્છું કે દમનને કારણે

૧. ડિસેમ્બરની ૧૭મીએ ગાંધીજી કરમસદમાં હતા.

Gandhi Heritage Portal

આગેવાનોની સંખ્યા ઘટવા લાગી હોવાથી અમારા અભિપ્રાય વ્યક્ત કરવાની આ સારી તક છે એમ અમે વિચાર્યું હતું અથવા તેથીય ખરાબ તો અમે અમારી જાતને બચાવવા માટે પરિષદમાં ગયા હતા એમ કહેવું ઘાતકી છે.

શ્રી કેળકર જે કંઈ કહે છે તેના એકેએક શબ્દને હું હાર્દિક ટેકો આપું છું. તેઓ પકડાઈ જવાની અપેક્ષા રાખતા હતા, તે જ વખતે આ પત્ર લખવામાં આવ્યો હતો એટલું યાદ રહેવું જોઈએ.

## ખાદીવેચાણ ફેરી

ઘેર ઘેર જઈ ખાદી વેચીને તથા રસ્તાઓ પર તેની ફેરી કરીને શ્રીમતી વાસંતીદેવી[1] અને શ્રીમતી ઊર્મિલાદેવીએ[2] આપેલી દોરવણીને દેશના બીજા ભાગોએ તરત જ ઉપાડી લીધી છે. શ્રીમતી સરલાદેવી લખે છે :

> ૨૦ શેરીઓમાં ખાદી વેચવા માટે, બબ્બે સ્વયંસેવકોવાળી ૨૦ ટુકડીઓમાં ૪૦ મહિલાઓ મોકલવાની ગોઠવણ કરવા માટે મારે તરત જ શહેરમાં જવાનું છે.

મદ્રાસમાં પણ એ જ પ્રમાણે ગોઠવણ થઈ રહી છે. ખાસ કરીને બહેનો માટે હાથકાંતણની સાથેસાથે જાતે ખાદીની ફેરી કરવા કરતાં બીજો કોઈ વધારે સારો વ્યવસાય હું કલ્પી શકતો નથી. ખોટો ગર્વ અથવા ખોટી શરમ ફગાવી દેવા માટે તે એક સરસ તાલીમ છે. અને તેમનામાં હિંમત હોય તો પોલીસો માટે તેમને ગિરફતાર કરવાનો આ એક તદ્દન નિર્દોષ પડકાર છે. પરંતુ જો આ કાર્યક્રમ હમેશનો બનવાનો હોય તો તેનું નિયમન મોભાદાર પીઢ બહેનોએ કોઈ પણ જાતની બડાશ વિના કરવું જોઈએ. ખાદી ખરીદવા માટે લોકો પર અયોગ્ય દબાણ ન લાવવું જોઈએ, એ કહેવાની જરૂર નથી. તેઓ કંટાળી જાય એવું કશું ન કરવું. આપણું કામ તો આવા અત્યંત ઉપયોગી રાષ્ટ્રીય માલને માત્ર તેમના દરવાજા સુધી લઈ જવાનું અને ખરીદવા ન ખરીદવાનું તેમના પર છોડવાનું છે.

## લાયક પત્ની

> આજે સવારે પતિ ગિરફતાર થયાના ખુશખબર આપું છું. પોતે આનંદમગ્ન થઈ જેલ ગયા છે એવો તાર આપને મોકલવા મને તેમણે કહ્યું હતું. મારી પૂરેપૂરી શક્તિથી તેમનું કામ ચાલુ રાખવાની મને આશા છે. અલીગઢ શાંત છતાં પૂરી શક્તિ ધરાવે છે. – ખુરશેદ ખ્વાજા

પોતાના પતિ જેલ જઈ રહ્યા હતા તે જ સમયે આવો ઉમદા સંદેશો મોકલવા માટે હું ખુરશેદ બેગમને મારાં અભિનંદન પાઠવું છું. ખ્વાજા સાહેબ[3] મોજશોખમાં ઊછરેલા બૅરિસ્ટર છે. તેમની ઓળખાણ મને, પોતાના સુંદર રૂપ માટે ગર્વ લેતા અને બજારમાંથી મળતાં સુંદરમાં સુંદર બંધબેસતાં યુરોપિયન ઢબનાં કપડાંમાં સજ્જ બનેલા ફાંકડા માણસ તરીકે થઈ છે અને આજે હું તેમને લગભગ એક ફકીર તરીકે જાણું છું. તેઓ અત્યંત બહાદુર અને નેક મુસલમાન છે. તેઓ ઇસ્લામના જેટલા ચાહક છે તેટલા જ હિંદના પણ ચાહક છે. મૌલાના મહમદઅલી રાષ્ટ્રીય મુસ્લિમ યુનિવર્સિટીમાં કાયમ રહી ન શક્યા ત્યારે તેમણે ખ્વાજા

૧. સી. આર. દાસનાં પત્ની.
૨. વાસંતીદેવીનાં બહેન.
૩. તે સમયના અલીગઢ યુનિવર્સિટીના ઉપ-કુલપતિ, ખ્વાજા અબ્દુલ મજીદ.

Gandhi Heritage Portal

સાહેબને શોધી કાઢ્યા. ખ્વાજા સાહેબે યુનિવર્સિટીની સેવા કરવા માટે પટણાની ધીકતી વકીલાતનો ત્યાગ કર્યો. તેઓ અહિંસામાં પૂરેપૂરી શ્રદ્ધા ધરાવે છે એ હું જાણું છું, પણ સાથે સાથે તેઓ મૃત્યુને પડકારતી બહાદુરીમાં શ્રદ્ધા ધરાવે છે અને મરવાની કળા જાણે છે. રૉલેટ કાયદાનો જન્મ થયો નહોતો, અને કેટલાક મુસલમાન મિત્રો સાથે અલીભાઈઓની મુક્તિ મેળવવાને દબાણ લાવવા સત્યાગ્રહ કરવાની હું વિચારણા કરી રહ્યો હતો ત્યારે આમાં કેટલા મુસલમાનો સામેલ થશે અને સામાને માર્યા વિના મરવા તૈયાર થશે એમ મેં ખ્વાજા સાહેબને પૂછ્યું. તેમણે તરત જ કહ્યું:

શ્વેબ કુરેશી જરૂર આમાંના એક છે. તેઓ અમારા નીડર અને નિર્વૈર વીર પુરુષ છે. મારામાં તો ઘણું કરીને શ્વેબના અર્ધા ગુણ પણ નથી. વધારે નામો હું આપી શકતો નથી, એટલે દિલગીર છું. આ વાર્તાલાપ ૧૯૧૭માં કે ૧૯૧૬માં થયો હતો અને આ થોડાં વાક્યો તે બોલતા હતા ત્યારે તેમના પેલા ઉમદા મોં પર જે નિખાલસતા, સચ્ચાઈ અને નમ્રતા અંકિત થયાં હતાં તે હું ભૂલી ગયો નથી. મને જરાયે શંકા નથી કે ખ્વાજા એક સાબૂત માણસ છે અને ખ્વાજા સાહેબે અપેક્ષા રાખી હતી તેમ ઘણા મુસલમાનોએ પોતાની બહાદુરી પુરવાર કરી છે. "મારી પૂરેપૂરી શક્તિ અનુસાર તેમનું કામ ચાલુ રાખવાની મારી ઉમેદ છે" એમ કહેતાં તેમનાં બેગમ ખચકાતાં નથી તેથી કંઈ આશ્ચર્ય થતું નથી. આ વાત વાચક હસી ન કાઢે. અલીગઢના છોકરાઓને હું ઓળખું છું. કદાચ ખ્વાજા અંગે તેમણે ન કર્યું હોય પણ ખુરશેદ બેગમની આસપાસ તો તેઓ વીંટળાઈ જ વળશે. કોઈ પવિત્ર સ્ત્રીમાં તેની પવિત્રતા સાથે બહાદુરી અને માતૃભાવ ભળે છે ત્યારે તેનું આકર્ષણ કોઈ પણ પુરુષના આકર્ષણ કરતાં ચડી જાય છે. ડૉ. મહમદ આલમ છોકરાઓની બુદ્ધિની દેખભાળ કરશે પણ ખુરશેદ બાનુ તો તેમનાં હૃદય જીતી લઈ તેમને કુંદન બનાવી દેશે અને બીજી વાત એ કે વિદ્યાર્થીઓએ કાંતણકળામાં નિપુણ થવાનું હોવાથી તેમને તે કળા શીખવવામાં ખુરશેદ બાનુ તેમના પતિને તથા ડૉ. મહમદ આલમને ક્યાંય ટપી જશે. બેગમ મહમદઅલીએ પૈસા એકઠા કર્યા છે, જ્યારે તેમના પતિ એ કામમાં નિષ્ફળ ગયા હોત. મૌલાના કરતાં તે વધારે સારાં વક્તા છે એવો મારો અભિપ્રાય મેં ક્યારનોયે આપી દીધો છે. વાચકને હું એક ગુપ્ત વાત જણાવી દઉં કે બંગાળને શ્રીમતી વાસંતીદેવી અને ઊર્મિલાદેવીએ સળગાવી મૂક્યું છે. બંગાળની કલ્પનાને દેશબંધુ દાસના મહાબલિદાને જેટલી ઉત્તેજિત કરી નહોતી તેટલી એ ત્રણ મહિલાઓની મુસાફરી અને ધરપકડે કરી છે. એ દર્શાવતો એક પત્ર મારી સામે પડ્યો છે. એ સિવાય બીજું થઈ પણ ન શકે. કારણ કે સ્ત્રી તો બલિદાનની મૂર્તિ છે. તે ખરા દિલથી કામ કરે ત્યારે મેરુ પણ ચળી જાય છે. આપણે આપણી સ્ત્રીઓનો દુરુપયોગ કર્યો છે. આપણે તેમની અવગણના કરી છે. પરંતુ ઈશ્વરનો પાડ માનો કે રેંટિયો તેમનામાં પરિવર્તન કરી રહ્યો છે. અને સરકારની કૃપા પામનારા અને તેની યાદીમાં નોંધાયેલા સઘળા આગેવાનો અને બીજાઓને કારાવાસનું માન મળ્યું હશે ત્યારે હિંદુસ્તાનની સ્ત્રીઓ, પુરુષોએ બાકી મૂકેલું કામ પાર પાડશે અને તે પણ પુરુષો કરતાં ઘણી વધારે ઉમદા રીતે.

## બાબુ ભગવાનદાસ[1]

પ્રોફેસર કૃપાલાની અને તેમના શિષ્યો પકડાયા ત્યારે મેં મિત્રોને કહ્યું, "બાબુ ભગવાનદાસ પકડાઈ જાય તો કેવું સરસ! છેવટે તો પ્રોફેસર બનારસના વતની નથી. પરંતુ બાબુ ભગવાનદાસ

૧. વિદ્વાન અને જાહેર કાર્યકર; એમણે વારાણસીની રાષ્ટ્રીય શિક્ષણસંસ્થા, કાશી વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આગળપડતો ભાગ લીધો હતો.

Gandhi Heritage Portal

પકડાવાના નથી." પ્રોફેસર કૃપાલાની જે પત્રિકા વહેંચતા હતા તેના લેખક બાબુ ભગવાનદાસ હતા એવી ત્યારે મને ખબર નહોતી. બીજે દિવસે તેમના પુત્રે શુભ સમાચાર[1] મોકલ્યા કે બાબુજી પકડાઈ ગયા છે અને ધરપકડથી ખુશી થયા છે. બાબુ ભગવાનદાસ મન, વચન અને કર્મમાં હમેશાં અહિંસક રહેલા અસહકારી છે. તેઓ સંસ્કૃત ભાષાના વિદ્વાન છે. તેઓ ખૂબ જ ધર્મનિષ્ઠ છે. તેઓ એક જમીનદાર છે. મિસિસ બેસંટ[2] સેન્ટ્રલ હિંદુ કૉલેજનાં સર્જક હતાં તો બાબુ ભગવાનદાસ તેના ઘડવૈયા હતા. એટલે તેમની ધરપકડ ઈશ્વરને સંપૂર્ણ રીતે ગમતું એક બલિદાન છે. અને આ પવિત્ર તીર્થક્ષેત્ર કદાચ આનાથી વધારે સારું બલિદાન આપી શક્યું ન હોત. વર્તમાનપત્રોના વાચકો જાણે છે કે કૉંગ્રેસ સ્વરાજની યોજના ઘડે તે માટે બાબુ ભગવાનદાસ પ્રયત્ન કરી રહ્યા હતા. તેને માટે તેઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા હતા. તેમણે મારા પર સૂચક પ્રશ્નોની એક લાંબી યાદી મોકલી આપી છે. તાજેતરના બનાવોને લીધે હું તેને હાથ પર લઈ શક્યો નથી. તેમની એક ફિકર હિંસાને નિવારવાની હતી. જો તેમની ધરપકડ હિંસાને નોતરવાની સરકારની ઇંતેજારી ખુલ્લી ન પાડતી હોય તો બીજું કંઈ તો ભાગ્યે જ એમ કરી શકે. સદ્ભાગ્યે ઘણી વાર ઈશ્વર માણસની યોજનાઓને ઊંધી વાળે છે અને જે કંઈ બનાવો બની રહ્યા છે તે વધુ ને વધુ ચોક્કસપણે બતાવી આપે છે કે ઈશ્વર સરકારની યોજનાઓને નિષ્ફળ બનાવી રહ્યો છે. તેમ છતાં લોકો શાંત છે.

## નોંધપાત્ર સાબિતી

આ હકીકતની નોંધપાત્ર સાબિતી અમૃતસરથી લાલા ગિરધારીલાલે[3] નીચે પ્રમાણે મોકલી આપી છે:[4]

> ગઈ કાલે ૧૪મીએ પંજાબના ૨૧ રાષ્ટ્રીય સ્વયંસેવકો ચોક ફરિદથી નીકળી હૉલ બજાર થઈ, ખાદીના ઉપયોગ વિષે પ્રચાર કરતા સરઘસમાં પસાર થયા હતા. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. બીટી અને ફોજદાર મિ. ફકીર હુસેને, સ્વયંસેવકોને વિખેરાઈ જવા કહ્યું. સ્વયંસેવકો ગિરફતાર થવા તૈયાર થયા પરંતુ વિખેરાઈ જવાની તેમણે ના પાડી. આથી મિ. બીટી અને મિ. ફકીર હુસેને સ્વયંસેવકોને સોટી અને ચાબુકનો નિર્દય રીતે માર મારવા માંડ્યો. . . . સ્વયંસેવકોનાં મોં અને શરીર પર આ સખત ફટકાનાં ચિહ્નો અંકાયેલાં છે. ફોજદારે ખિલાફતના સ્વયંસેવકોને ગંદી ગાળો ભાંડી અને લોકોએ આ હિચકારો હુમલો ચુપચાપ અને શાંતિથી વેઠી લીધો. સ્વયંસેવકોએ માત્ર એટલું જ કહ્યું કે પોલીસ બહાદુર હોય તો અમને કાં તો ગિરફતાર કરે અથવા ગોળીએ વીંધે . . . . આ હિંમતબાજ અને લોહી નીંગળતા સ્વયંસેવકોએ સહેજ આગળ જઈને સ્વદેશીનો પ્રચાર ફરી શરૂ કર્યો. . . . આ ગંભીર ઉશ્કેરણી છતાં બધું શાંત છે.

એક પત્રમાં[5] તેઓ આ વિગતો વિસ્તારથી જણાવે છે. તેમાંથી હું નીચેનો ભાગ અહીં ઉતારું છું:

૧. જુઓ પાદટીપ "શ્રીપ્રકાશને તાર", ૧૫-૧૨-૧૯૨૧ કે તે પછી.

૨. ઍની બેસંટ (૧૮૪૭-૧૯૩૩); થિયૉસૉફિકલ સોસાયટીનાં પ્રમુખ; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનાં અધ્યક્ષ, ૧૯૧૭.

૩. અમૃતસરની જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ.

૪. અને ૫. અહીં માત્ર થોડા ઉતારા જ આપવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

દૃશ્ય ઘણું જ ઉશ્કેરણીજનક હતું. સ્વયંસેવકોનાં શરીર માર અને ફટકાના ઘાથી ખૂબ વેદના અનુભવી રહ્યાં હોવા છતાં સ્વયંસેવકોએ હસતે મોંએ નિર્ભય રીતે ફરી પોતાનું સરઘસ ચાલુ કર્યું એ વાતની હું ખૂબ જ તારીફ કરું છું. ઘણાને આજે પણ વેદના થાય છે અને કેટલાક દિવસ સુધી તે ચાલુ રહે એવો સંભવ છે.

મેં જિલ્લા કલેક્ટરને ફોન કર્યો અને કોના હુકમથી અને કયા કાયદા પ્રમાણે આટલી શરમજનક રીતે સ્વયંસેવકોને માર મારવામાં આવ્યો છે એ પૂછ્યું. આ માર વિષે પોતે કંઈ જ જાણતા નથી એમ તેમણે જણાવ્યું. જિ. કલેક્ટરે કહ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવકદળને પણ સરકારે ગેરકાયદે જાહેર કર્યું હોવાથી સ્વયંસેવકોના સરઘસને વિખેરી નાખવાના હુકમો મેં આપ્યા હતા. વળી તેમણે જણાવ્યું કે મારા હુકમો ઓછામાં ઓછું બળ વાપરવા માટે હતા. મેં તેમને જ્યારે કહ્યું કે ઓછામાં ઓછું નહીં પણ વધારેમાં વધારે બળ વાપરવામાં આવ્યું હતું ત્યારે જવાબમાં તેમણે કહ્યું કે હું તેની તપાસ કરીશ. મેં જાણવા માગ્યું કે કાયદાનો અમલ કરીને સ્વયંસેવકોને શા માટે પકડયા નહીં? તેમણે જવાબ આપ્યો કે આ અંગે મારા હુકમો તેથી ઊલટા હતા. અમે સામાન્ય સ્વયંસેવકોને પકડવા માગતા નથી.

૧૩મીએ લાહોરમાં સ્વયંસેવકો પ્રત્યે એવો જ વર્તાવ રાખવામાં આવ્યો હતો . . . . પોલીસના દંડૂકાથી તેમની પીઠ પર માર મારવામાં આવ્યો હતો. પાછળથી રાતે બે વાગ્યે શહેરથી એકબે માઈલ છેટે સ્વયંસેવકોને છોડી મૂકવામાં આવ્યા હતા. તેમના કોટ ઉતારી લેવામાં આવ્યા હતા. પંજાબના આ કડકડતા શિયાળામાં આનાથી વધારે અમાનુષી બીજું કંઈ પણ હોઈ ન શકે. . . . મને ખબર મળી છે કે પંજાબ સરકારે બધા જિલ્લા અધિકારીઓને પરિપત્રો મોકલીને સ્વયંસેવકોનાં સરઘસોને ગિરફતાર કરવાની નહીં પણ બળથી વિખેરી નાખવાની સૂચના કરી છે. કેવળ હલકા પાડવા માટે તેમ જ હિંસા ઉશ્કેરવાના હેતુથી જ એમ કરવામાં આવ્યું છે. હજુ સુધી લોકોએ શાંતિ જાળવી રાખી છે.

અત્યંત બહાદુરીપૂર્વક યાતનાઓ વેઠી રહેલા પંજાબીઓની ધીરજનો બદલો ઈશ્વર જલદીથી વાળશે. જેલ જનારાઓ આ રીતે આવ્યા જ કરે અને આટલા બધા કેદીઓ માટે સરકારની જેલોમાં જગા ન રહે તો પંજાબમાં જે બની રહ્યું છે તે હિંદુસ્તાનભરમાં બને એવી આપણે અપેક્ષા રાખીએ. પડે તેવા દેવાની લડાઈમાં પણ, આપણે ઘણા જાનનો ભોગ આપવો પડત. પણ જ્યાં આપણે ફક્ત જીવ આપવાનો હોય છે ત્યાં પડે તેવા દેવાની લડાઈમાં જેટલું ભારે બલિદાન આપવું પડે તેટલું ભારે બલિદાન આપવાનું ન હોય, અને ન હોઈ શકે. પવિત્ર કાર્ય તરફ જોવાની આ એક વેપારી દૃષ્ટિ છે. પણ એ સાચી દૃષ્ટિ છે અને વેર વાળવાની ભાવનાથી દૂર રહીને આપણે આપણી જાતને ઓછામાં ઓછી માનવયાતના માટે જવાબદાર બનાવીએ છીએ એ વાત સ્પષ્ટપણે સમજી લેવામાં કંઈ નુકસાન નથી.

## નિષ્કલંક બલિદાન

હમણાં જ મને પોલીસે ૧૨૪ અ કલમ પ્રમાણે પકડયો છે. માતૃભૂમિની નમ્ર સેવા માટે મને આ લહાવો મળ્યો તે માટે સર્વશક્તિમાન પરમાત્માનો આભાર માનું છું. દ્વેષભાવથી નહીં પણ હિંદુસ્તાનની મુક્તિ માટે સાચી રીતે અને દૃઢતાથી કર્તવ્ય બજાવવાની લાગણીથી હું જેલમાં જાઉં છું. જેલની દીવાલો બહાર દેશની જે ઉપયોગી સેવા આનંદપૂર્વક

Gandhi Heritage Portal

બજાવવાનો હું પ્રયત્ન કરતો હતો તેટલી જ સેવા હું જેલની દીવાલોમાં રહીને કરીશ એવું મને લાગે છે.

જયરામદાસનો[1] આવો તાર છે. એ જ દિવસે મળેલા તેમના પત્રમાં શ્રી વેસુમલ તેજુમલ, મૌલવી ફત્તેહ મહમદ અને મૌલવી સૈયદ અબ્બાસ એ ત્રણેય અગ્રગણ્ય કાર્યકરોની ધરપકડ વિષે જણાવવામાં આવ્યું છે. આ બનાવો પછી સિંધમાં ગિરફતારીનો આંકડો ૯૫ સુધી પહોંચે છે. જયરામદાસના બલિદાનને હું એક નિષ્કલંક બલિદાન ગણું છું. હું જાણું છું કે તેમણે કદી વિચારમાં પણ દ્વેષભાવ સેવ્યો નહોતો. આવો દાવો બહુ થોડા લોકો માટે જ કરી શકાય. તે હમેશાં ઝીણી ઝીણી વિગતોમાં પણ સત્યમય રહેનારા અને પોતાની જાતને ભૂલી જનારા છે. જયરામદાસ કદી પણ હિંસાને પ્રોત્સાહન આપે કે તેનો વિચાર સરખો પણ કરે તેવા નથી એ વાત સરકારે જાણવી જોઈએ. રાજ્યના કાયદાઓનું સ્વેચ્છાપૂર્વક પાલન કરવાની તેમણે હમેશાં કાળજી રાખી છે. એટલે સવિનયભંગનો અર્થ તે સમજે છે. પણ સરકાર માટે તો જયરામદાસનો એકમાત્ર ઉપયોગ તેમને જેલમાં પૂરવાનો જ છે. સ્વરાજ શબ્દના ધાર્મિક અર્થમાં આવા કારાવાસ જ તેના આગમનને ઝડપી બનાવશે.

## દિલ્હીની કારવાઈ

દિલ્હી જે ભોગ આપી રહ્યું છે તે પણ શાંતિના હિતમાં છે. શાંતિનું વાતાવરણ જાળવવા માટે દિલ્હી કેવાં અસાધારણ પગલાં લઈ રહ્યું છે તે દર્શાવવા માટે હું ડૉ. અનસારીનો[2] નીચેનો પત્ર[3] પ્રગટ કરું છું :

> ૧૪મીએ કોઈ સ્વયંસેવકોને મોકલવામાં આવ્યા નહોતા. ૧૫મીએ સવારે ૪૩ જણ પકડાવા બહાર પડ્યા. . . .
>
> ૧૬મીએ ૪૦ અને ૪૬ સ્વયંસેવકોની બે ટુકડીઓ દરિયાગંજ પોલીસ થાણે અને સબજી મંડી પર કૂચ કરતી ગઈ પરંતુ તેમણે વારંવાર વિનંતી કરી છતાં તેમને પકડવામાં ન આવ્યા.
>
> ૧૬મીએ સત્તાવાળાઓએ અસાધારણ બળ વાપર્યું. ઘોડેસવાર પોલીસ, સંખ્યાબંધ સાર્જન્ટો, જિલ્લા કલેક્ટર, એસ.પી., ડી.એસ.પી., એક મૅજિસ્ટ્રેટ અને બીજા અનેક હિંદી પોલીસ અધિકારીઓને કોટવાલી પર મૂકવામાં આવ્યા હતા. બધી બૅંકો પર પોલીસ ગોઠવી દેવામાં આવી હતી અને જુદાં જુદાં સ્થાન પર પોલીસ ચોકિયાતો મૂકી દેવામાં આવ્યા હતા. બળના આવા પ્રદર્શન વખતે હમેશ બને છે તેમ કોટવાલી આગળ એક ટોળું એકઠું થયું હતું, પરંતુ સાદા વેશમાં ત્યાં રહેલા આપણા લોકો તેને વિખેરતા રહ્યા હતા અને એ રીતે એને સંપૂર્ણ રીતે શાંત રાખ્યું હતું. પરંતુ . . . ટોળું વિખેરવા માટે કેટલાક સાર્જન્ટો ધસી આવ્યા અને નિરુપદ્રવી લોકોને મારવામાં તેમના ચાબુકનો ઉપયોગ

૧. જયરામદાસ દોલતરામ (જન્મ ૧૮૯૨); સિંધના કૉંગ્રેસી આગેવાન; ૧૯૨૦માં કૉંગ્રેસ આંદોલનમાં જોડાયા; હિંદુસ્તાનની સરકારના અન્ન અને કૃષિ મંત્રી. તે વખતે તેઓ સિંધ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી હતા.

૨. ડૉ. એમ. એ. અનસારી (૧૮૮૦–૧૯૩૭); તબીબ અને રાજદ્વારી આગેવાન; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ, ૧૯૨૭.

૩. અહીં માત્ર થોડા ઉતારા જ આપવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

કર્યો. . . . હિંદી પોલીસોએ અદ્‌ભુત સંયમ જાળવ્યો પણ સાર્જન્ટોએ કરેલા આ હુમલાથી લોકોને ઘણી ગંભીર ઈજા પહોંચી.

આ હિંસા થવા છતાં લોકોએ સ્વસ્થતાભરી હિંમત બતાવી અને સામો બદલો ન લીધો. . . .

અજમલખાન સાહેબ[1] ૧૬મીએ એક હજાર સ્વયંસેવકો લઈને જનાર હતા એવી ખોટી અફવાને લીધે આ બધા બળનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું એમ અમને ચોક્કસપણે જાણવા મળ્યું.

ભવિષ્યને માટે અમે અમારી યોજનામાં ફેરફાર કર્યો છે. અમે સ્વયંસેવકોને તેમની સાધારણ ફરજ તરીકે, ચરખાની વહેંચણી કરવાના, જુદાં જુદાં સ્થાનો પરથી સૂતર એકઠું કરવાના અને ખાદીના ઉત્પાદન અને વેચાણના કામમાં લગાડવા માગીએ છીએ.

સરકારે સ્વયંસેવકોને પકડવાનું બંધ કર્યું છે એ આપણી નૈતિક જીતની ચોખ્ખી સાબિતી છે. પરંતુ અમે આટલેથી અમારી આ જીત પર મુસ્તાક બની આરામ ભોગવવા માગતા નથી. પુખ્ત વયના એકેએક માણસને રા. સ્વ. દ.માં[2] નોંધવા માટે અમે શહેરમાં એક જોરદાર આંદોલન શરૂ કર્યું છે. અમે આશા રાખીએ છીએ કે થોડા જ સમયમાં એકેએક દુકાનદાર અને તેના મદદનીશો, દરેક ટાંગાવાળો, પ્રત્યેક મજૂર અને ગાડાવાળો, વાસ્તવમાં દિલ્હીની હરેક વ્યક્તિ પોતાનું રોજિંદું કામ કરતી વખતે પણ રા. સ્વ. દ.ના સ્વદેશી ગણવેશમાં સજ્જ થયેલી જોવામાં આવશે. . . .

સત્તાવાળાઓની ગુંડાગીરી સામે ઝુંબેશ ચલાવવાની રીત પાછળની ધાર્મિક ભાવનાનું આ પત્રમાં દર્શન થાય છે. લાહોર અને અમૃતસરનો ચેપ ફેલાઈ રહ્યો છે એ દેખીતી વાત છે. ઉત્તરમાં અમૃતસર, લાહોર અને હમણાં દિલ્હીમાંથી વ્યવસ્થાના સંરક્ષકો તરફથી કશી ઉશ્કેરણી વિના થયેલા ઓચિંતા હુમલાઓના અને પૂર્વમાં કલકત્તામાંથી તેમના એટલા જ મનસ્વી વર્તાવના જે હેવાલો મળે છે તે શાંત લોકમાનસમાં અસહ્ય તંગદિલી ઊભી કરે છે. હિંદુસ્તાનના લોકોમાં જે શાંતિ જળવાઈ રહી છે તેને માટે ઊંચા પ્રકારની ધાર્મિક ભાવના સિવાય બીજું કોઈ કારણ હોઈ શકે ખરું?

## નોંધપાત્ર પ્રતિજ્ઞા

દિલ્હીમાં કાયમી શાંતિ માટે ખરા દિલથી જે કામ હાલમાં ચાલી રહ્યું છે તેનું ચોક્કસપણું દર્શાવવા માટે શ્રી અસફઅલી[3] અને બીજા બાવન જણ પકડાવા માટે બહાર પડયા તે વખતે તેમણે લખેલા પત્રમાંથી એક નોંધપાત્ર પ્રતિજ્ઞાનો પૅરેગ્રાફ હું અહીં પ્રગટ કરું છું :

ઈશ્વરની સર્વવ્યાપકતા અને સર્વજ્ઞતામાં પૂરી શ્રદ્ધા સાથે હું જાહેર કરું છું કે, (૧) શાંતિપૂર્ણ સાધનો દ્વારા સ્વરાજ મેળવવાનું, (૨) હિંદુસ્તાનની વિવિધ કોમો અને ધર્મોના સભ્યો અને અનુયાયીઓમાં એકતા જાળવવાનું તથા તેને પોષવાનું, (૩) કોઈ પણ વર્ગ કે કોમને તિરસ્કૃત કે અસ્પૃશ્ય ન ગણવાનું, (૪) મારા દેશની ઇજ્જત અને હિતને ખાતર

૧. ૧૮૬૫–૧૯૨૭; તબીબ અને રાજદ્વારી આગેવાન; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ, ૧૯૨૧.

૨. રાષ્ટ્રીય સ્વયંસેવકદળ.

૩. ૧૮૮૮–૧૯૫૩; બૅરિસ્ટર અને રાષ્ટ્રવાદી મુસ્લિમ રાજદ્વારી આગેવાન; ખિલાફતના આંદોલનમાં આગળપડતો ભાગ લીધો; અમેરિકામાં હિંદુસ્તાનના એલચી.

Gandhi Heritage Portal

જાનમાલનો ભોગ આપવાનું, (૫) દેશમાં જ હાથે કાંતેલા અને હાથે વણેલા કાપડમાંથી બનાવેલાં કપડાં પહેરવાનું, (૬) અધિકારીઓના હુકમોનું આનાકાની વિના પાલન કરવાનું, (૭) દળમાંથી મને મુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી મારે પોતે અહિંસાનું પાલન કરવાનું અને બીજાઓને પાલન કરાવવા માટે (જ્યાં સુધી કૉંગ્રેસ આ નીતિ ચાલુ રાખતી હોય ત્યાં સુધી) સમજાવવાનું મારું ગંભીર કર્તવ્ય થઈ પડશે અને (૮) છેવટે, રાષ્ટ્રીય સ્વયં-સેવક દળ સાથે મારો સંબંધ ચાલુ રહેશે તે દરમ્યાન મારે જે હાડમારી અને મુશ્કેલીનો સામનો કરવો પડશે તેને હું ખુશીથી બરદાસ્ત કરીશ અને હું કે મારાં કોઈ પણ આશ્રિતો કે સગાંસંબંધીઓ કોઈ વળતરની અપેક્ષા નહીં રાખીએ.

## દ્રવિડ ભૂમિનો ભોગ

મદ્રાસ અને આંધ્ર ધીમે ધીમે છતાં ચોક્કસપણે આગળ વધી રહ્યા છે અને બંગાળ ખાતે ૧૫૦૦ જણ જેલ ગયા છે તેની કક્ષાએ દ્રાવિડો આવી પહોંચે તો મને નવાઈ નહીં લાગે. દારૂબંધી અંગે એકલા ઈરોડે જ બહાદુરીથી કામ કર્યું છે અને તે માટે રામસ્વામી નાઈકરને[૧] એક મહિનાની સાદી કેદની સજાનું ઇનામ આપવામાં આવ્યું છે. આ નાનકડા સ્થાનમાં જ છેલ્લા પખવાડિયા દરમ્યાન સાડત્રીસ જણને સજા થઈ ચૂકી છે અને હવે શ્રીમતી નાઈકર અને શ્રી નાઈકરનાં બહેન પિકેટિંગનું કામ ઉપાડી લેનાર છે. ત્યાં હમણાં જ સુધારેલા ફોજ-દારી કાયદાનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. લૉર્ડ વિલિંગ્ડને[૨] તેમની નીતિ જણાવી દીધી છે. સર હારકોર્ટ બટલરની[૩] માફક તે પણ કાયદો અને વ્યવસ્થાનું ગૌરવ જાળવી રાખવા માગે છે. એટલે અત્યારે જ્યાં મંદ પવનની કેવળ લહરીઓ જ વાતી જણાય છે ત્યાં ધરપકડોનો ભારે વંટોળ ગમે ત્યારે ઊઠે એવી સંભાવના રહે છે. સત્તાવાળાઓ શ્રી રાજગોપાલાચારી અને શ્રી સુબ્રહ્મણ્યમ શાસ્ત્રી ઉપર સમન્સ બજાવીને મુકદ્દમો ચલાવી રહ્યા છે. મુકદ્દમો લગભગ પૂરો થયો છે. રાજગોપાલાચારીએ વધારેમાં વધારે સજાની માગણી કરી છે. મૅજિસ્ટ્રેટ તેમના પર ઉપકાર કરશે, અને તેમના સહકાર્યકરો જેની ચિંતા કરે છે તેવા તેમના માંદા શરીરને તેઓ મિત્રોની દેખભાળમાંથી જેલરની સંભાળ હેઠળ મૂકશે. પંડિત મોતીલાલજીની માફક તે પણ, અસહકારની શરૂઆતથી પોતાના શરીરને ઘસી રહ્યા છે. ડૉ. અનસારી હવે બાકી રહેલા એકમાત્ર કૉંગ્રેસ-મંત્રી છે પણ તેમની પ્રશંસનીય સેવાનો બદલો મળતાં વાર નહીં લાગે એ વિષે મને જરાયે શંકા નથી. કૉંગ્રેસ અને ખિલાફત સમિતિઓ ગેરકાયદે મંડળો છે એવી આખરી જાહેરાત માટે સરકાર દેશને તૈયાર કરી રહી છે, અને એમ થતાં, એ મંડળો સાથે સંબંધ ધરાવનાર દરેક જણે પોતાની ધરપકડ કરાવવા તૈયાર રહેવું પડશે. વળી આ જાતની જાહેરાત કોઈ આશ્ચર્યકારક કાર્યવાહી નહીં હોય. કૉંગ્રેસને જો તેની શાંત કારકિર્દી ચાલુ રાખવા દેવામાં આવે તો તેણે અત્યારની સરકારની જગ્યા લેવી જોઈએ, અને એ સ્થિતિનો સરકાર સ્વસ્થતાપૂર્વક વિચાર સુધ્ધાં ન કરી શકે. કૉંગ્રેસ જો તેના અસ્તિત્વને લાયક હોય તો તે પોતાના માર્ગમાંથી સહેજ પણ ચળી ન શકે અને અત્યારની કસોટીમાંથી તે જો સહીસલામતીથી પાર ઊતરે તો તે સરકારની

૧. ઈ. વી. રામસ્વામી નાઈકર, એક કૉંગ્રેસી; તેમણે પાછળથી કૉંગ્રેસનો ત્યાગ કર્યો અને દ્રાવિડ કઝગમની સ્થાપના કરી.

૨. મદ્રાસના ગવર્નર, ૧૯૧૯–૨૪; હિંદુસ્તાનના વાઇસરૉય, ૧૯૩૧–૬.

૩. યુક્ત પ્રાંતના ગવર્નર.

Gandhi Heritage Portal

કોઈ કૃપાને લીધે નહીં હોય પરંતુ લોકો પરના તેના પોતાના અજોડ વર્ચસ્વના જોરે હશે. આ દૃષ્ટિએ જોતાં, સરકારના પડકાર પછી પણ કૉંગ્રેસનું અસ્તિત્વ રહે તેને જ સ્વરાજ સમજવું.

### હાજરી એ ગુનો

લાહોર પબ્લિસિટી બોર્ડનો એક તાર જણાવે છે કે હજારા જિલ્લાના ડેપ્યુટી કમિશનરે કૉંગ્રેસ માટે ચૂંટાયેલા ડેલિગેટોને ચેતવણી આપી છે કે "જો તેઓ કૉંગ્રેસમાં હાજરી આપશે તો સરહદ પ્રદેશ ગુના નિયમન (ફ્રન્ટિયર ક્રાઈમ રેગ્યુલેશન)ની ૩૬મી કલમ પ્રમાણે જિલ્લાની બહાર કાઢી મુકાવાને પાત્ર બનશે." મને આશા છે કે હજારાના કૉંગ્રેસી ડેલિગેટો આ પડકાર ઝીલી લેશે અને પૂરી સંખ્યામાં કૉંગ્રેસમાં હાજર રહેવામાં માન સમજશે. હજારાના કમિશનરનું પગલું બંગાળ, યુક્ત પ્રાંત અને આસામની કૉંગ્રેસ પરના દરોડા સાથે બંધબેસતું છે. કાર્યપદ્ધતિની એકવાક્યતા ઉપરથી હેતુની એકવાક્યતા દેખાઈ આવે છે અને તેથી એ પણ દેખાઈ આવે છે કે કૉંગ્રેસ અને ખિલાફત સમિતિઓને કચડી નાખીને લડતને નિષ્ફળ બનાવવાની યોજના પહેલેથી ઘડાઈ છે.

### બિહારનો જવાબ

પટણાનો તાર[1] આ પ્રમાણે છે :

બીજો તાર જણાવે છે :

> સ્વયંસેવકોની અઢાર ટુકડીઓએ સોમવારે ૧૦ થી ૪ સુધી શહેરમાં ખાસ કરીને કાયદાની અદાલતો આગળ કૂચ કરી હતી. તેઓ અદાલતમાં લડનારાઓને તેમના કેસ પંચાયત પર મોકલવાની વિનંતી કરતા હતા. એક અગ્રગણ્ય વકીલને દાખલાનું અનુકરણ કરવાની વિનંતી થઈ રહી હતી ત્યારે બીજા વકીલોએ ગાળો ભાંડી અને હબીબ અને અબદુલ મજિદ નામના બે સ્વયંસેવકોને તમાચા માર્યા. પણ તેઓ અહિંસક રહ્યા અને મક્કમતાથી તેમનું કામ ચાલુ રાખ્યું. લોકો અહિંસાનું સત્ય સમજવા લાગ્યા છે. ખાદીનો વપરાશ વ્યાપક બનવા લાગ્યો છે. વધારાના સવિનયભંગ માટે તૈયારી કરી રહ્યા છીએ.

જનક અને સીતાની ભૂમિ અને કદાચ હિંદુસ્તાનમાં સૌથી વધુ પીડાતા અને ગરીબડા લોકોની ભૂમિ બિહાર, એક દુખિયારી ભૂમિ છે. બિહાર એક એવો પ્રાંત છે જે ખૂબ જ અહિંસક રહ્યો છે. અસહકારના ઘણાખરા મુદ્દા અંગે તેણે અદ્‌ભુત પરિણામો દેખાડ્યાં છે. અઢાર મહિના ઉપર બિહારમાં રેંટિયા અને ખાદીનો ઉપયોગ કોઈ જાણતું ન હતું, ત્યાંનાં ગામડાંમાં હવે હજારો રેંટિયા ચાલે છે અને હજારો સ્ત્રીપુરુષો નિયમિત રીતે ખાદી પહેરે છે. તેમાં, કદાચ હિંદુસ્તાન-ભરમાં ન હોય એવા અત્યંત નિ:સ્વાર્થ હિંદુ અને મુસલમાન કાર્યકરો છે અને તેઓ મૂગા મૂગા અને બડાશ માર્યા વિના કાર્ય કરે છે. એના આગેવાનોની નિખાલસતા વિરુદ્ધ કોઈએ એક હરફ પણ ઉચ્ચાર્યો નથી. આમ છતાં પણ બિહારની શાંત પ્રવૃત્તિમાં નિર્દય દરમ્યાનગીરી થવાનો વારો આવ્યો છે.

પરંતુ એ બધું દેશના ભલા માટે જ છે. બિહારીઓ કારાવાસને, લાતોને અને લપડાકોને ખુશીથી, બહાદુરીથી અને દ્વેષભાવ વિના બરદાસ્ત કરશે તો તેથી પોતે વધારે શક્તિશાળી બન્યા

૧. આ તાર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી; તેમાં ૧૫૦ સ્વયંસેવકો ઉપરાંત એક ડઝન અગ્રગણ્ય માણસોની ધરપકડનો હેવાલ હતો.

Gandhi Heritage Portal

છે એવું તેમને લાગશે. અહિંસા, ખાદી, દારૂબંધી, કોરટબાજીનો ત્યાગ, આત્મસંયમ અને આત્મશુદ્ધિ વિષેની શ્રદ્ધા બાબતમાં લોકોની કસોટી ભલે થાય. વળી તે સ્વરાજ માટેની આપણી યોગ્યતા જ થઈ પડશે.

### ઇન્ડિપેન્ડન્ટનું પ્રકાશન બંધ કર્યું

જૉર્જ જોસેફ પકડાયા પછી તરત જ શ્રી મહદેવ દેસાઈએ પ્રકાશક અને મુદ્રક તરીકે નવું ડેકલેરેશન નોંધાવ્યું ત્યારે રૂપિયા ૨,૦૦૦ની જામીનગીરી માગવામાં આવી હતી તે યાદ હશે. પંડિતજીની સલાહથી માગવામાં આવેલી જામીનગીરી આપવામાં આવી અને પત્ર એક દિવસની મોકૂફી બાદ ફરી પ્રગટ થયું. જામીનગીરી આ માસની ૭મીએ ભરવામાં આવી. ૨૦મીએ તે જપ્ત કરવામાં આવી. કશો ફેરફાર કરવાનો નહોતો એટલે તેના સૂર કે નીતિમાં ફરક પડયો નહોતો. ઇન્ડિપેન્ડન્ટનું સંપાદન એક બૅરિસ્ટર કરતા હતા અને તે હમેશાં સંયમથી અને મોભો સાચવીને લખતા. મિ. જોસેફના કારાવાસ પછી તેનું સંપાદન શ્રી મહાદેવ દેસાઈએ સંભાળી લીધું. તેમની શૈલીથી તો યંગ ઇન્ડિયાના વાચકો અપરિચિત નથી. “ચાલો આપણે પણ તેને બરાબર જોઈ લઈએ” (લેટ અસ ઑલ્સો સી ઇટ થ્રૂ) અને “શ્રીમતી નેહરુનો સંદેશો” (મિસિસ નેહરુઝ મૅસેજ) એ લેખોને લીધે જામીનગીરી જપ્ત કરવામાં આવી. પહેલામાં સ્વયંસેવકોની યાદી આપી છે અને બીજામાં પરિસ્થિતિનું સમતોલ અવલોકન કર્યું છે. છતાં સ્થાનિક સરકારની દલીલ એ છે કે આ લેખોમાં “કાયદાના વહીવટમાં અને કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં દરમ્યાનગીરી કરવાના વલણવાળી વાત રહેલી છે. આપણે જાણીએ છીએ કે કાયદો એટલે સ્વયંસેવકદળોને વિખેરી નાખવાનું જાહેરનામું, અને વ્યવસ્થા એટલે જાહેર સભાઓ ભરવાનો મનાઈહુકમ. અને સમગ્ર રાષ્ટ્રીય વર્તમાનપત્રોની માફક ઇન્ડિપેન્ડન્ટે પણ આવા કાયદા અને વ્યવસ્થામાં દખલગીરી કરવાનો પ્રયત્ન જરૂર કર્યો છે.

પરંતુ સરકારને પોતાની ભૂલ તરત જ સમજાઈ જશે. ઇન્ડિપેન્ડન્ટ ભલે નાશ પામે પરંતુ એણે લોકોમાં જે જુસ્સો પેદા કર્યો છે તેનો નાશ ન થઈ શકે. ઇન્ડિપેન્ડન્ટ છાપી ન શકાય પણ તે હાથે તો લખી જ શકાય. સંપાદક તેના માલિકોને બદલે ટ્રસ્ટીને સ્થાને હોય તોપણ તેણે તેનું પોતાનું વ્યક્તિત્વ જાળવવું જોઈએ. મહાદેવ દેસાઈમાં રહેલો મુદ્રક ઘડીભર ઊંઘી જાય પણ સંપાદક તરીકે તો તે જીવે જ છે. અને મને આશા છે કે હવે તે તેમનું પત્ર છાપવાને બદલે હાથે લખશે. ફરજિયાત રીતે સંક્ષિપ્ત બનેલા સમાચાર અને સંપાદકીય નોંધથી વાચકોને લાભ થશે. વધારે નકલો કાઢવા માટે રોનિયો, સાઈક્લોસ્ટાઈલ કે ક્રોમોગ્રાફનો ઉપયોગ કરવાની હું સૂચના કરું છું અને કાયદો કે કાયદાનો મનફાવતો અર્થ કરી સાઈક્લોસ્ટાઈલ કે રોનિયોને પણ જપ્ત કરવાની સરકાર છૂટ લે તોપણ ખુદ શ્રી દેસાઈને જપ્ત કરી અલ્લાહાબાદની સૅન્ટ્રલ જેલમાં મોકલી આપવામાં ન આવે ત્યાં સુધી તેમની કલમ દેશની સેવા કરી શકે. રાષ્ટ્રવાદી પત્રોના માલિકો સાવચેત બને. ધ્યેય ખાતર, છેલ્લી પાઈ ખર્ચાઈ જાય ત્યાં સુધી તેઓ પોતાનું કાર્ય ન છોડે.

### એક “આશાજનક ચિહ્ન”

આ બધા દમને હિંદુસ્તાનભરના વકીલો અને વિદ્યાર્થીઓને ખળભળાવી મૂકયા છે એમાં કોઈ શંકા નથી. કલકત્તાના ઘણા વકીલોને વાઈસરૉય માટેના સ્વાગત સાથે કાંઈ જ લેવાદેવા નહીં હોય. હાવરાના ઘણા વકીલોએ તેમની વકીલાત પડતી મૂકી છે. લાલા લજપતરાય અને

Gandhi Heritage Portal

બીજાઓનો મુકદ્દમો જેલમાં ચલાવવામાં આવ્યો તેની સામે અને આ મુકદ્દમા દરમ્યાન લાલાજીનાં થોડાં કુટુંબીજનો સિવાય બીજાં કોઈને હાજર ન રહેવા દેવા માટે પંજાબના વકીલમંડળે જોરદાર વિરોધ નોંધાવ્યો છે. બિહાર અને આસામના બીજા વધુ વકીલોએ વકીલાત પડતી મૂકવાની જાહેરાત કરી છે. દિલ્હીથી ડૉ. અનસારી લખે છે :

> વકીલો અને સારી સ્થિતિના લોકો પર આપણા કાર્યની સારી અસર પડી છે, એ હકીકત એક સૌથી વધુ આશાજનક ચિહ્ન છે. જેલમાં ગયેલાઓનાં સગાંસંબંધીઓને મદદ કરવા માટે તેમણે એક સંઘની રચના કરી છે. તેમનામાંથી ઘણાએ પોતાની આવકમાંથી ઉદારતાપૂર્વક ફાળો આપ્યો છે. આ હેતુ માટે, અત્યાર સુધી તેમણે માસિક રૂપિયા ૨,૦૦૦ ઉપરાંતની રકમની ગોઠવણ કરી છે. અમારે પક્ષે કોઈ વિનંતી કે ઇચ્છા વિના જ કેવળ માનવતાની દૃષ્ટિએ તેમણે આ કર્યું છે.

## વિદ્યાર્થીઓનો વિરોધ

જેવું વકીલો વિષે છે તેવું જ વિદ્યાર્થીઓ વિષે સમજવું. બંગાળની ઘણી કૉલેજો લગભગ ખાલી છે. કેટલાક વિદ્યાર્થીઓએ થોડા સમય માટે અને બીજાઓએ અચોક્કસ સમય માટે હડતાળ પાડી છે. દયાળસિંગ કૉલેજના વિદ્યાર્થીઓએ આ માસની ૧૬મીથી કેવળ ખાદીનો પોશાક વાપરવાનો અને પ્રિન્સ ઑફ વેલ્સના સ્વાગતનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો છે. જેલની સજા ભોગવી રહેલા નેતાઓને અભિનંદન આપતા ઠરાવો પણ તેમણે પસાર કર્યા છે. દયાલસિંગ કૉલેજના વિદ્યાર્થીઓએ લીધેલું પગલું સાચી દિશાનું છે. કૉલેજોનો ત્યાગ કરવાની શ્રીમતી વાસંતીદેવીએ કરેલી હૃદયસ્પર્શી હાકલનો વિદ્યાર્થીવર્ગને સ્પર્શ થયો ન હોય, તોપણ જે શક્તિશાળી આંદોલન રોજેરોજ પ્રબળ બની રહ્યું છે તેની તેઓ નોંધ લે અને તેમાં તેઓ પોતાનો યોગ્ય હિસ્સો આપે એવી તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. કલકત્તાનાં છાપાંમાંથી કોઈ ચોક્કસ ઉદ્દેશ કે યોજના વિના લીધેલા આ સમાચાર પર તેઓ વિચાર કરે :

> સરકારી નોકરી અંગેનો ફતવો વાંચવા માટે, ૯ વર્ષની ઉંમરના રામજીપ્રસાદ અને ૧૦ વર્ષની ઉંમરના હરિવંશ મિસીર નામના બે છોકરાઓને જિલ્લા મૅજિસ્ટ્રેટના હુકમથી તેમની હાજરીમાં તેમના નોકરે નેતરથી નિર્દય રીતે ફટકાર્યા. પરંતુ આ બહાદુર છોકરાઓએ, તેમની કમરનાં હાડકાં ભાંગી જાય તેટલી હદે જઈ તેમનાથી થાય તે જુલમ કરવા મૅજિસ્ટ્રેટને જણાવ્યું અને કહ્યું કે આમ કરવામાં આવશે તોપણ અમે ફતવાનું વાચન છોડી દેવાના નથી.

## હૃદયની ભાષા

યાતનાઓના આ અગ્નિમાંથી સુંદર ભાષામાં કેટલાક ઉમદા વિચારો પ્રગટયા છે. અત્યાર સુધીમાં આપણા કાનને ખુશ કર્યા હોય કે આપણી બુદ્ધિને આનંદ આપ્યો હોય એવાં બધાં જ વિચારપ્રેરક ભાષણો અને વ્યાખ્યાનોમાં આની તોલે આવે એવું મેં કશું જ જોયું નથી એ મારે કબૂલ કરવું જોઈએ. લાલાજીનું જાહેરનામું જોઈએ, પંડિત મોતીલાલજીનો કે અબુલ કલામ આઝાદનો સંદેશો જોઈએ તો તેની સુંદરતા તરફ કોઈનું પણ ધ્યાન ગયા વિના રહી શકે નહીં. પરંતુ તેમનામાંની એક પણ વ્યક્તિ વરાયેલા પ્રમુખના જેટલી હૃદયસ્પર્શી, જુસ્સાદાર અને ફળદ્રુપ ભેજાની નથી. તેમણે હૃદયમાંથી સીધા જ આવતા, ટૂંકા ને તેજસ્વી સંદેશાઓનો પ્રવાહ વહેવડાવ્યો છે. હું ઇચ્છું કે કોઈ સાહસિક પ્રકાશક આ સઘળા સંદેશાઓ એકત્ર કરે અને પુસ્તકાકારે પ્રગટ

Gandhi Heritage Portal

કરે. પ્રોફેસર જિતેન્દ્રલાલ બેનરજીને બે વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી ત્યારે તેમણે વિદ્યાર્થીઓને પાઠવેલા સંદેશામાંથી બે પૅરેગ્રાફ વીણી કાઢવાની લાલચને હું રોકી શકતો નથી. એમાંનો પહેલો પૅરેગ્રાફ જિતેનબાબુએ પોતે અદાલત સમક્ષ કરેલા જોરદાર નિવેદનમાંથી છે તે અહીં આપ્યો છે :

મારા દેશ માટે આત્માની ઊભરાતી અને આવેશપૂર્ણ ધગશથી સ્વતંત્રતા માગવામાં મેં જો પાપ કર્યું હોય, તો મેં મહામોટું પાપ કર્યું છે, ક્ષમા અને પ્રાયશ્ચિત્તની મર્યાદા બહારનું પાપ કર્યું છે અને એ રીતે પાપ કરવા બદલ મને આનંદ થાય છે. અમારી માનવતાને ઉતારી પાડે અને તેને વામણી બનાવે તેવી પરદેશની ગુલામીની શૃંખલા ફગાવી દેવાનું મારા લોકોને કહેવામાં ગુનો થતો હોય, તો સૌથી પાપી જીવાત્માઓમાંનો હું એક છું અને આવો ગુનો કરવા માટે ઈશ્વરે મને હિંમત અને દૃઢતા બક્ષી તેની મને ખુશી ઊપજે છે. મારા હૃદયમાં જે સત્ય રહેલું છે તેને વાચા આપવાની જે દયાળુ પરમાત્માએ મને ભૂતકાળમાં હિંમત અને શક્તિ આપી હતી તે જ પરમાત્મા મને માનવીના અન્યાયી જુલમોની યાતનામાંથી પાર ઊતરવાની સહનશક્તિ ભવિષ્યમાં પણ આપશે એવી હું આશા રાખું છું.

અને દેશબંધુની હાકલના અંતિમ પૅરેગ્રાફ આ રહ્યા :

જિતેન્દ્રલાલ બેનરજી કોણ છે? તેમના જીવનનું સત્ય સમજવા કલકત્તાના વિદ્યાર્થીઓને હું વિનંતી કરુ છું. શબ્દોમાં તે વર્ણવી શકાય તેમ નથી. તેમણે જે કામ કર્યું છે, તેઓ જે જીવન જીવ્યા છે, બુદ્ધિ અને હૃદયના જે ગુણો તેમણે બતાવ્યા છે એ બધું જ તેમણે જે ભવ્ય બલિદાન આપ્યું છે તેમાં પરાકાષ્ઠાએ પહોંચ્યું છે, અને આ બધું, હું ઉચ્ચારી શકું તે શબ્દો કરતાં વધારે છટાદાર છે.

હું ફરીથી પૂછું છું કે જિતેન્દ્રલાલ બેનરજી કોણ છે? આ સવાલનો જવાબ કેવી રીતે આપવો એ કલકત્તાના વિદ્યાર્થીઓને ખબર હોય એવી મારી અંત:કરણપૂર્વકની ઝંખના છે. પોતાના પ્રિય નિષ્ઠાવાન વિદ્યાર્થીઓના કલ્યાણ માટે તેમણે પોતાનું જીવન અર્પણ કર્યું છે. રોષભર્યા શબ્દો ઉચ્ચારીને નહીં, કે નિરર્થક આંસુ વહાવીને પણ નહીં, પરંતુ, તેમના ખૂબ જ પ્યારા કાર્યને ઉપાડી લઈને, અને પોતાના બલિદાન દ્વારા એ કાર્યને સંગીન બનાવીને, તેમના બલિદાનનો અર્થ આપણને સમજાવે એવા હવે કોઈ નથી.

જેમતેમ અસ્તિત્વ ટકાવી રાખવું એ કંઈ જીવન નથી. જિતેન્દ્રલાલ બેનરજી જીવ્યા, તે રીતે કલકત્તાના વિદ્યાર્થીઓ માણસને છાજે તેવું જીવન જીવી રહ્યા છે એમ હું કહી શકું એવી મારી ઉમેદ છે. હવે એમના દેહને જ્યારે કેદખાનામાં નાખવામાં આવ્યો છે ત્યારે એમના આત્માની હાકલ ઝીલી શકે એવા હૈયાવાળો કલકત્તાના વિદ્યાર્થીઓમાં શું એકે વિદ્યાર્થી નથી?

કોઈ આ હાકલના મહત્ત્વને કેવળ લાગણીવેડા ગણીને ઘટાડી ન દે. હવે પછી બંગાળની લાગણીને કોઈ નજીવી ન ગણે કે તેની હાંસી ન ઉડાવે. બંગાળમાં મારી પૂરી શ્રદ્ધા હોવા છતાં મેં પણ જે રીતની અપેક્ષા નહોતી રાખી તે રીતે બંગાળ માતૃભૂમિની હાકલનો જવાબ વાળવા બહાર પડ્યું છે. જે જવાબ મળી રહ્યો છે તે કેવળ કલકત્તા કે ચિત્તાગૉંગ પૂરતો જ મર્યાદિત નથી પરંતુ દમન પહોંચ્યું છે એવાં એકેએક સ્થળેથી પ્રત્યુત્તર મળી રહ્યો છે. આ કેવળ ઊભરો

Gandhi Heritage Portal

નથી. પોલી હાકલોથી કે પોલા લાગણીવેડાથી માણસ યાતના સહન કરતો નથી. બંગાળે પોતાની લાગણીની નક્કરતા પુરવાર કરી છે.

### આગ્રહભર્યો સંદેશો

મૅક્સમૂલરે ક્યાંક લખ્યું છે કે ઈશ્વરનો આપણને સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી, જેમ ઈશ્વરનું નામ પોકળ રીતે નહીં પણ સમજપૂર્વક રટવાનું આપણને સૌને ફરમાન થયેલું છે તેમ હૃદયમાં સોંસરું ઊતરી ન જાય ત્યાં સુધી આપણે સત્યનું રટણ કર્યા કરવું જોઈએ. શીખ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ પાસે પ્રચાર માટે ખૂબ જ કાર્યક્ષમ વ્યવસ્થા હોય એમ લાગે છે. તેણે જેલમાંથી આવેલો સરદાર ખડગસિંગનો બીજો સંદેશો મોકલી આપ્યો છે. તે લગભગ પહેલા સંદેશાની શબ્દશઃ પુનરાવૃત્તિ છે. સરદાર સાહેબ ખાલસાને કહે છે કે એકેએક શીખે ખાદી પહેરવી જોઈએ અને સાદો ખોરાક લેવો જોઈએ. અહિંસા સફળતાની ચાવી છે. વળી તેઓ એવી આશા રાખે છે કે ખાસ કરીને અકાલી જૂથના બધા સભ્યો અને સામાન્ય રીતે શીખ જનતા તુરત જ ચા પીવાનું છોડી દેશે. સરદાર સાહેબ કહે છે એ તદ્દન સાચું છે. સાદા જીવન વિના ઉચ્ચ વિચારો આવી શકતા નથી. જો લોકો સાથે એકરૂપ થવું હોય તો તંદુરસ્તી જળવાય એવું સાદું જીવન ગાળવું જોઈએ. આપણે માટે ખાદી સિવાય બીજું કોઈ કાપડ ન હોઈ શકે. સાદું જીવન અહિંસામાં પરિણમે છે. ચા ન પીવાના સરદારના આગ્રહને હું સમજી શકતો નથી. બીજા કોઈ પીણા કરતાં શીખોમાં ચા વધારે ફેલાઈ છે કે શું તે હું જાણતો નથી. મારી અપેક્ષા તો બધી જ જાતના માદક પદાર્થોનો ત્યાગ કરવાની હાકલ કરવામાં આવે એવી જ હોય. પણ ચા છોડી દેવા ઉપર મૂકવામાં આવેલા ભાર વિષે કદાચ કોઈ શીખ મિત્રો સ્પષ્ટતા કરશે.

### મદ્રાસ ધારાસભામાં રેંટિયો

સરકારે સુધારેલા રેંટિયા દાખલ કરવાની શરૂઆત કરવી જોઈએ અને હાથકાંતણ અને હાથવણાટને પ્રોત્સાહન આપવું જોઈએ એવી ભલામણ કરતો ઠરાવ મદ્રાસની ધારાસભામાં એક સભ્યે રજૂ કર્યો ત્યારે રેંટિયો એક ચર્ચાનો વિષય થઈ પડ્યો. પૂરી ચર્ચા બાદ ઠરાવ ઉડાવી દેવામાં આવ્યો. ૨૩ સભ્યોએ તેની તરફેણમાં મત આપ્યો હતો. ઠરાવની વિરુદ્ધ એવી દલીલ કરવામાં આવી હતી કે "ખાદી કોઈ રીતે ગૂણપાટ કરતાં સારી નથી અને સામાન્ય સમજ ધરાવતો કોઈ પણ માણસ મિલના સસ્તા કાપડને બદલે એને પસંદ નહીં કરે. વળી "આ યંત્રયુગમાં હાથકાંતણ તરફ પાછું વળવું ગુનાહિત થશે." "હાથે કાંતેલું સૂતર કાચું હોય છે" અને છેવટે "રેંટિયો આર્થિક રીતે કાચો નીવડ્યો છે એટલે તેની પાછળ લોકોનાં નાણાં ન ખર્ચવાં જોઈએ." રેંટિયાના હિમાયતીઓ આ બધી દલીલોને ધારાસભામાં સારી પેઠે પહોંચી વળ્યા હતા. પરંતુ રસ પડે તેવો મુદ્દો તો એ છે કે લાગતાવળગતા ખાતાના જે મંત્રીએ રેંટિયો આર્થિક રીતે કાચો છે તેવા સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું તેમનો મદ્રાસ સરકારના અર્થશાસ્ત્રના નિષ્ણાત, ડૉ. સ્લેટરે વિરોધ કર્યો અને એ મંત્રીને આ બાબતમાં "ખુલ્લું મન રાખવા" વિનંતી કરી. હિંદના ખેડૂતો વધુ ને વધુ ગરીબ બની રહ્યા છે અને તેમને કાંતણ જેવા પૂરક વ્યવસાયની જરૂર છે એ હકીકત ડૉ. સ્લેટર સમજ્યા છે. પરંતુ જેમને હકીકતોનો અભ્યાસ કરવાની પડી નથી અને મદ્રાસ ઇલાકામાં આજે પણ હાથે કાંતેલા સૂતરમાંથી ઘણી સરસ ખાદી તૈયાર થાય છે એ વાત જેઓ જાણતા નથી એવા બહુમતી ધરાવતા પૂર્વગ્રહવાળા ધારાસભ્યોએ નિષ્ણાતના અભિપ્રાયની અવગણના

Gandhi Heritage Portal

કરી. સમસ્ત જીવન સૂક્ષ્મ સંશોધનોમાં અને મોટી કંપનીઓ ઊભી કરવામાં ગાળનાર ડૉ. રાય[1] જેવા વૈજ્ઞાનિક પણ રેંટિયાના હિમાયતી બન્યા છે એ વાત જાણવા જેટલી તસ્દી પણ તેમણે ન લીધી. રેંટિયાનો સંદેશો સમજનારાં મોભાદાર સ્ત્રીપુરુષોને લાગે કે ખાદીને લોકપ્રિય બનાવવા માટે ખાદીફેરી જરૂરી છે, તો એમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું છે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२-१२-१९२१

## ૩૭. મહાદેવ દેસાઈને પત્ર

[ડિસેમ્બર ૨૨, ૧૯૨૧][2]

ચિ. મહાદેવ,

તમને હમેશાં લખ્યા કરવાનો પ્રયત્ન તો કરીશ જ. ખ્વાજા પકડાયા તેની ઓરત લખે છે કે તે કામ કરશે.[3]

જે ઠરાવ મને સૂઝે છે તેનો મુસદ્દો મોકલું છું. તે તપાસી કંઈ સૂચના દેવા જેવું જણાય તો દેજો. તાર કરવો તો ફોકટ જ માનજો. કેમ કે કોઈ દેતુંલેતું નથી. કોઈ કોઈ તાર આપી જાય છે ખરા.

દેવદાસને તુરત જેલમાં મોકલો એ ઇચ્છું છું. એનું રહસ્ય તમે સમજી શકો છો.

સરૂપરાણીના સંદેશાનું અંગ્રેજી મને ઉત્તમ લાગ્યું.

તબિયત સંભાળજો. ક્રિસ્ટોદાસ[4] મોકલે છે એ જોઈ જાઉં છું. મેં સુધાર્યું હોય તેને વગર-તપાસ્યે છાપી નાખશો તોયે હરકત નથી.

આજનું यंग इन्डिया પણ તમારું અરધું इन्डिपेन्डन्ट ભરે એમ છે. બે દિવસ થયાં इन्डि-पेन्डन्ट આવતું નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૨૬

૧. ડૉ. (સર) પ્રફુલ્લચંદ્ર રાય (૧૮૬૧–૧૯૪૪); વૈજ્ઞાનિક અને દેશભક્ત.

૨. ગાંધીજીએ ખ્વાજાનાં પત્નીના જે કાગળનો ઉલ્લેખ કર્યો છે તેનો ઉતારો, તેમણે ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૨મીના यंग इन्डियामां આપ્યો છે. ઉપરના પત્રના છેલ્લા પૅરેગ્રાફમાં આ અંકનો ઉલ્લેખ "આજનું यंग इन्डिया" તરીકે થયેલો છે.

૩. જુઓ "નોંધ", ૨૨-૧૨-૧૯૨૧નું પેટામથાળું "લાયક પત્ની".

૪. કૃષ્ણદાસ, ગાંધીજીના મંત્રી.



Gandhi Heritage Portal

# ૩૮. મહાદેવ દેસાઈને પત્ર[1]

શુક્રવાર [ડિસેમ્બર ૨૩, ૧૯૨૧ કે તે પહેલાં]

ભાઈશ્રી ૫ મહાદેવ,

તમારો કાગળ વાંચ્યો. તમારાં "દુ:ખ"નો પાર નથી ને સુખનોયે પાર નથી. જે દૃષ્ટિએ વિચારીએ તે દૃષ્ટિએ વિચારી શકાય. —તમારો નિશ્ચય કાયમ રહો.

તમારે જ્યાં સુધી ત્યાં કે . . . રહેવાની જરૂર જણાય ત્યાં લગી રહેજો. તમારે કુટુંબનાં ઘણાં ઋણો છે એ પણ પૂર્યે જ છૂટકો છે.

બહેનોના વિવાહને સારુ તમારે સાચવવું કે નહીં એ મને સ્પષ્ટ નથી. તમારી જગાએ હું તો પિતાની સાથે ચોખવટ કરી લઉં અથવા તો જો પરણાવવાનું મારા અખત્યારમાં જ હોય તો પછી નરસિંહ મહેતાને[2] જેણે મામેરું પૂરી આપ્યું હતું તેનો વિશ્વાસ રાખું. બહેનને કેવળ સૂતરનો હાર આપી સાસરે મોકલું. મારી સલાહ આવી છે. તમારું દુર્ગાની[3] સાથે મસલત . . . તે દુ:ખમાં હોય તો . . . પિતાની સાથે તો વાત . . . તેની સલાહ લેવી ને પછી તમારો આત્મા જે કહે તે કરવું. તમે બધું આપી દો તોયે હરકત નહીં ને તમે કંઈ ન આપો તોયે તમારો બચાવ હું જગતની આગળ કરું. મારું કાલનું કથન મારા આત્માનો પ્રવાહ હતો. તેમાં મારે જ તણાવાનું હોય. બીજાને તેમાં તણાવાનું ન હોય. તે પ્રવાહ જોઈ બીજાને પણ તેવો જ પ્રવાહ ચાલી નીકળે તો તેમાં તે તે તણાય. એ વસ્તુ જ બીજાને પૂછીને ન કરાય. મથુરાદાસે જે જવાબ આપ્યો એ ખરો હતો. જેને બધું આપી દેવું તે સ્વત: આપી દેશે.

હા, તમે મને પૂછો એ યોગ્ય જ છે. હું તમને મેં આપી છે એ જ સલાહ આપું. આપણે વધારે ને વધારે શ્રદ્ધાવાન થતાંયે શીખવું જ પડશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૮૭૬૩

૧. શ્રી મહાદેવ દેસાઈ ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૪મીએ ગિરફતાર થયા તે પહેલાં આ પત્ર લખવામાં આવ્યો હશે એમ માનવામાં આવે છે, કેમ કે તેમના પિતાશ્રીનું અવસાન ૧૯૨૩માં થયું હતું અને તેમનાં એક બહેનનું લગ્ન ૧૯૨૨માં થયું હતું. મૂળ પત્રને ઘણી જગાએ નુકસાન પહોંચ્યું છે.

૨. ૧૪૧૪–૭૯; ગુજરાતના સંત કવિ અને કૃષ્ણના એક પરમ ભક્ત.

૩. શ્રી મહાદેવ દેસાઈનાં પત્ની.

Gandhi Heritage Portal

## ૩૯. बॉम्बे क्रॉनिकलને મુલાકાત

[ડિસેમ્બર ૨૩, ૧૯૨૧][1]

કારોબારી સમિતિની બેઠક આજે સવારે અને સાંજે એમ બંને વખત મળી અને કૉંગ્રેસના કાર્યક્રમ અને ભાવિ કાર્ય વિષેના મુખ્ય ઠરાવની પૂરી ચર્ચા કરી. વિચારાયેલી બીજી બાબતોમાં, શ્રી દાસની જગાએ કામ કરવા માટે અધ્યક્ષની વરણીનો સવાલ પણ હતો અને આ પહેલાં સૂચવ્યા પ્રમાણે, આ સ્થાન માટે હકીમ અજમલખાનની પસંદગી કરવામાં આવી. તેમનું નામ, આવતી કાલે મળનારી મહાસમિતિ સમક્ષ મંજૂરી માટે મૂકવામાં આવશે.

સભા પૂરી થયા બાદ बॉम्बे क्रॉनिकलના પ્રતિનિધિએ મહાત્મા ગાંધીની મુલાકાત લીધી હતી. તેમાં તેમણે જણાવ્યું કે સભામાં સંપૂર્ણ સુમેળ હતો અને તેમાં ભાગ લેનારા પૂરેપૂરા એકમત હતા. સમિતિના સભ્યો ઉપરાંત પ્રાંતોના અગ્રગણ્ય પ્રતિનિધિઓ અને બીજા ખાસ આમંત્રિતો પણ હાજર રહ્યા હતા. હિંદુસ્તાનની પરિસ્થિતિ વિષે બહારની દુનિયા સમક્ષ નિષ્પક્ષ માહિતી રજૂ કરી શકાય તે માટે ગયે વર્ષે[2] પડતું મુકાયેલું પરદેશનું પ્રચારકાર્ય તદ્દન નવી જ રીતે ચલાવવા અંગે કર્ણાટક, મહારાષ્ટ્ર અને બીજા એકબે પ્રાંતોમાં ઠીકઠીક લાગણી પ્રવર્તી રહી છે. આ બાબતમાં એક ઠરાવ વિષયવિચારિણી સભા સમક્ષ લાવવામાં આવશે એમ જણાય છે. ગાંધીજી આવા પ્રચારની તરફેણમાં નથી એમ લાગે છે, છતાં ચર્ચાના પરિણામની આતુરતાપૂર્વક રાહ જોવાય છે. આવા પરિણામની તેમણે અગાઉથી જ ધારણા રાખી હોવાથી વાઇસરૉયના ભાષણ[3] વિષે ગાંધીજી નિરાશ થયા જણાતા નથી. પ્રતિનિધિમંડળની નિરર્થકતા વિષેના તેમના વિચારોને આ ભાષણે વાજબી ઠરાવ્યા છે. ગાંધીજીએ કહ્યું કે લૉર્ડ રોનાલ્ડશેના ભાષણનો હેવાલ મેં ઓચિંતો જ જોયો હતો અને મને લાગ્યું કે મારે તેનો જવાબ આપવો જોઈએ. મેં તેનો જવાબ[4] ક્યારનોય આપી દીધો છે અને પરિણામે વાજબી ઠર્યું ન હોય એવું કંઈ જ મેં કહ્યું નથી.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૨૪–૧૨–૧૯૨૧

## ૪૦. જમનાદાસ દ્વારકાદાસ અને હૃદયનાથ કુંઝરુને તાર[5]

[ડિસેમ્બર ૨૩, ૧૯૨૧ કે તે પછી]

કોઈ પણ પરિષદમાં બિનશરતે હાજર રહેવા હજુ પણ તૈયાર છું. અણગમતી જાહેરાતો પાછી ખેંચી લેવામાં આવે અને કેદીઓને છોડી મૂકવામાં આવે ત્યાર પછી, બંધ કરવા માટે કોઈ પ્રવૃત્તિ બાકી રહેતી નથી, એ તમે જોઈ શકતા નથી? તમે એક પણ બતાવી શકો છો? આક્રમક જાહેરાતો પાછી ખેંચવામાં ન આવે અને અસહકારીઓ સંરક્ષણાત્મક રહે તોપણ

૧. જુઓ "જિયારામ સકસેનાને તાર," ૧૯–૧૨–૧૯૨૧ કે તે પછી.

૨. જુઓ પુસ્તક ૧૯, પા. ૧૬૧.

૩. માલવિયાની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળના જવાબમાં કલકત્તામાં ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૧મીએ આપેલું ભાષણ.

૪. જુઓ "ગોળમેજી પરિષદ વિષે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત," ૨૦–૧૨–૧૯૨૧.

૫. કલકત્તાથી શ્રી જમનાદાસ અને શ્રી કુંઝરુએ ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૨મીએ કરેલા અને ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૩મીએ ગાંધીજીને મળેલા તારના જવાબમાં ઉપરનો તાર કરવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

વ્યક્તિગત રીતે હાજર રહેવા હું ખુશી છું. પ્રતિનિધિમંડળને ખોટા પાટે ચડાવી દેવામાં આવશે એ વાત તમે સમજો એમ હું ઇચ્છું છું.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૩૦

## ૪૧. વાઇસરૉયના ભાષણ અંગે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત

અમદાવાદ,
ડિસેમ્બર ૨૪, ૧૯૨૧

પંડિત મદનમોહન માલવિયાની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળના જવાબમાં, કલકત્તામાં, નામ. વાઇસરૉય લૉર્ડ રીડિંગે આપેલા ભાષણ[1] અંગે ઍસોસિયેટેડ પ્રેસના ખબરપત્રીએ ગાંધીજીની મુલાકાત લેતાં, તેમણે નીચેનું નિવેદન કર્યું હતું :

વાઇસરૉયના ઉદ્‌ગારો મેં ઊંડા દુ:ખ સાથે વાંચ્યા છે તે મારે કબૂલ કરવું જોઈએ. નામદાર પ્રિન્સ ઑફ વેલ્સની મુલાકાત અંગે કૉંગ્રેસ અને ખિલાફતની સંસ્થાના વલણ વિષે તેમણે જે રજૂઆત કરી છે તે નુકસાનકારક અને ખોટી છે એમ મારે માનપૂર્વક જણાવવું જોઈએ. આની મેં આશા નહોતી રાખી. એ બંને સંસ્થાઓએ પસાર કરેલા એકેએક ઠરાવે તથા દરેક વક્તાએ

ગાંધીજી પરના તારના કેટલાક ઉતારા આ રહ્યા : "પંડિત મદનમોહન માલવિયા પરનો આપનો તાર વાંચી ખૂબ જ દિલગીરી થઈ. તારે માનભર્યા સમાધાનની બધી આશાઓના ચૂરા કર્યા. . . . પરિષદમાં હાજર રહેવા કોઈ પૂર્વશરતો નહીં મૂકો તેવી આપે આપેલી ખાતરીથી અમારામાં વિશ્વાસ જાગ્યો કે પરિષદ દરમ્યાન બંને પક્ષ તરફની પ્રવૃત્તિ બંધ કરવામાં આવે તેવી દરખાસ્તને આપ ફગાવી નહીં દો. . . . વાઇસરૉયના ભાષણની સાથે પૂરી રીતે કોઈ સંમત ન થાય તોપણ, તેનો સૂર અને વલણ સમાધાનકારક હતાં. તેમણે માત્ર કામચલાઉ યુદ્ધવિરામની માગણી કરી હતી. . . . સામો પક્ષ પોતે દોષિત છે એવું સ્વીકારવાની પૂર્વશરત મૂકવાનો બંને પક્ષ આગ્રહ ન રાખે તો પરિષદ હજુ પણ મળી શકે. આપ આ બાબત પર ફેરવિચાર કરો એવી આપને હાર્દિક વિનંતી છે. . . . અમને લાગે છે કે બંગાળ આવો માર્ગ અપનાવવાની તરફેણમાં છે. મહેરબાની કરીને આપનો નિર્ણય ફેરવો અને દેશમાં શાંતિ સ્થાપો. અનિવાર્ય પૂર્વશરત સ્વીકારવામાં આવે તો કાર્યપ્રદેશ અને રચના વગેરે પ્રશ્નો તો સહેલાઈથી ઊકલી જાય એમ અમને લાગે છે. . . . સુધારેલો ફોજદારી કાયદો અને રાજદ્રોહી સભાઓનો ધારો પાછો ખેંચી લેવાનું સરકારે વચન આપ્યું હતું તેનો ઉપયોગ કરવામાં સરકારે અન્યાય કર્યો છે એમ આપ માનો છો. હકીકતે અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ધારાસભાની આવતી બેઠક સુધીમાં દેશમાં વધારે સારું વાતાવરણ પ્રવર્તે છે કે નહીં, તે જોવા સરકારે, સુધારેલા ફોજદારી કાયદાનો બીજો ભાગ પાછો ખેંચવાનો ઇનકાર કર્યો હતો અને રાજદ્રોહી સભાઓના ધારાને પાછો ખેંચી લેવાનો નિર્ણય મોકૂફ રાખ્યો હતો.

૧. ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૧મીએ આ ભાષણ આપવામાં આવ્યું હતું. તેમાં *इन्डिया इन १९२१-२२*ના જણાવ્યા મુજબ લૉર્ડ રીડિંગે, "શા કારણે સરકારને ખાસ કાયદા લાગુ કરવા પડ્યા તે સમજાવ્યું હતું, અને કાયદાને માનનાર પ્રજાનું રક્ષણ કરવાના પોતાના નિશ્ચય પર ભાર મૂક્યો હતો; અને તે ઉપરાંત, નામદાર પ્રિન્સ ઑફ વેલ્સની આગામી મુલાકાતને ધ્યાનમાં લઈને ગાદીવારસનું અપમાન કરવાથી યુનાઇટેડ કિંગડમની, પ્રજા તથા પાર્લમેન્ટ પર શી અસર પડશે તે વિષે ગંભીર ચેતવણી આપી હતી. પરિષદની કોઈ પણ યોજનાની ચર્ચા કરવાની પૂર્વશરત તરીકે અસહકાર ચલાવનાર પક્ષની ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ કરવી જ રહી એવો તેઓ નામદારે આગ્રહ કર્યો હતો."

Gandhi Heritage Portal

એ હકીકત ઉપર ખાસ આગ્રહ દર્શાવ્યો છે કે શાહજાદા સામે જરાયે વેરભાવ બતાવવાનો કે તેમનું અપમાન કરવાનો કોઈ પ્રશ્ન જ નથી. બહિષ્કાર એ તો કેવળ સિદ્ધાંતનો સવાલ હતો અને તે, અમે જેને નોકરશાહીની અનૈતિક રીતરસમો ગણીએ છીએ તેની સામે હતો. જેણે હિંદને સાવ ભિખારી તથા રાજકીય ગુલામ બનાવી દીધું છે તેવા સનદી નોકરમંડળની પકડ મજબૂત બનાવવા શાહજાદાને હિંદ લાવવામાં આવ્યા છે એમ હું હમેશાં માનતો હતો અને આજે પણ માનું છું. આ મુલાકાતની પાછળ આવો દુષ્ટ હેતુ રહ્યો છે એવી મારી માન્યતા ખોટી છે એમ પુરવાર થશે તો હું ખુશીથી માફી માગીશ.

સત્કારનો બહિષ્કાર એટલે બ્રિટિશ પ્રજાનું અપમાન એમ વાઈસરૉય કહે તે પણ એટલું જ કમનસીબ છે. તેમના પોતાના લોકોને હિંદુસ્તાનના બ્રિટિશ વહીવટકર્તાઓ સાથે ભેળવી દઈને પોતાના જ લોકો પ્રત્યે પોતે કેવો ગંભીર અન્યાય કરી રહ્યા છે તે તેઓ નામદાર સમજતા નથી. અહીંના બ્રિટિશ વહીવટકર્તાઓ બ્રિટિશ પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવે છે અને તેમની રીતરસમની સામે જે આંદોલન ચલાવવામાં આવે છે તે બ્રિટિશ પ્રજાની સામેનું આંદોલન છે એવું અનુમાન હિંદુસ્તાને કરવું એવું તેઓ ઇચ્છે છે? વાઈસરૉયની આવી જ માન્યતા હોય અને નોકરશાહીની રીતરસમો સામે ઉગ્ર અને અસરકારક આંદોલન ચલાવવું અને તેમને તેમના સાચા સ્વરૂપમાં ચીતરવા એ બ્રિટિશ પ્રજાનું અપમાન કરવા બરાબર હોય, તો મને ભય છે કે મારે જ દોષ સ્વીકારવો જોઈએ. પરંતુ, મારે સંપૂર્ણ નમ્રતાપૂર્વક એમ પણ કહેવું જોઈએ કે હિંદુસ્તાનમાં જે મહાન રાષ્ટ્રીય જાગૃતિ આવી રહી છે તેને વાઈસરૉય બિલકુલ ખોટી રીતે સમજ્યા છે. મારે હજારમી વાર ફરી ફરીને કહેવું જોઈએ કે એ જાગૃતિ કોઈ રાષ્ટ્ર કે પ્રજાના વિરોધમાં નહીં, પરંતુ જે તંત્ર દ્વારા હિંદસ્તાનની સરકારનું અત્યારે સંચાલન કરવામાં આવે છે તે તંત્રની સામે વિચારપૂર્વક તાકવામાં આવી છે, અને હું વચન આપું છું કે વાઇસરૉય કે ગમે તે લોકો તરફની કોઈ પણ પ્રકારની ધમકી કે તેનો અમલ આ આંદોલનને ગૂંગળાવી શકશે નહીં કે તેને અટકાવી શકશે નહીં.

લૉર્ડ રોનાલ્ડશેના ભાષણના જવાબમાં[1] મેં જણાવ્યું છે કે અમે આક્રમણાત્મક પગલું લીધું નથી. અમે આક્રમણકાર નથી. અમારે એક પણ પ્રવૃત્તિને બંધ કરવાપણું નથી. હિંસા સામેની નહીં, પરંતુ કાયદેસરના, શિસ્તબદ્ધ, અને મક્કમ છતાં અહિંસક આંદોલન સામેની સરકારની વધી રહેલી આક્રમણાત્મક પ્રવૃત્તિને સરકારે જ અટકાવવાની જરૂર છે. હિંદુસ્તાનની સરકારને શાંતિપૂર્ણ વાતાવરણ સ્થાપવાની ઇચ્છા હોય તો તે પ્રમાણે કરવાનું બીજા કોઈનું નહીં પણ તેનું પોતાનું કર્તવ્ય છે. તેના પોતાના કૃત્યથી જે સામગ્રી સળગી ઊઠે તેવી બની છે તેમાં તેણે બૉમ્બગોળો ફેંક્યો છે અને આ સામગ્રી હજુ પણ ધડાકો થવા જેટલી સ્ફોટક નથી તેથી તેને નવાઈ લાગે છે.

અત્યારે તાત્કાલિક મુદ્દો ત્રિવિધ અન્યાય[2] મિટાવવાનો નથી, પણ તાત્કાલિક મુદ્દો જાહેર સભાઓ ભરવાનો અધિકાર અને શાંતિભર્યા હેતુઓ માટે મંડળો રચવાનો અધિકાર છે. અને આ અધિકાર વાજબી ઠરાવવા ખાતર અમે આ લડત માત્ર અસહકારીઓ તરફથી જ લડી રહ્યા

૧. જુઓ "ગોળમેજી પરિષદ વિષે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત", ૨૦-૧૨-૧૯૨૧.

૨. આ મુદ્દા ખિલાફત, પંજાબ અને સ્વરાજના ઇનકારને લગતા છે; જુઓ "નોંધ", ૨૨-૧૨-૧૯૨૧નું પેટામથાળું "વિષ્ટિની વાતો."

Gandhi Heritage Portal

નથી, પરંતુ ખેડૂતથી માંડીને રાજા સુધી, આખા હિંદુસ્તાન માટે, અને સર્વ પ્રકારના રાજકીય મતમતાંતરો માટે લડી રહ્યા છીએ. કોઈ પણ પ્રકારના જીવંત વિકાસ માટેની એ એકમાત્ર શરત છે અને વાઈસરૉયની જાહેરાતમાં હું, એથી ઊલટા સિદ્ધાંતને વશ વર્તવાનો આગ્રહ જોઉં છું. જેઓ રખેવાળ હોવાનું માનવામાં આવે છે તેમના તરફથી જ જે વાતાવરણમાં કાયદો અને વ્યવસ્થા પ્રત્યે મુદ્દલે માન આપવામાં આવતું નથી તે વાતાવરણમાં, એક વારના સ્વાતંત્ર્યના કાનૂનનો પક્ષ કરનાર પોતાને જ મુકાયેલા જોઈને, આ ઊલટા સિદ્ધાંતનું પ્રતિપાદન કરવાનું તેને ઠીક લાગ્યું છે. મારે તો, એકલદોકલ કિસ્સાઓમાં થયેલા કે એક જ સ્થળે થયેલા નહીં પરંતુ બંગાળમાં, પંજાબમાં, દિલ્હીમાં અને યુક્ત પ્રાંતમાં ઉશ્કેરણી વિના જે હુમલા થઈ રહ્યા છે તે તરફ આંગળી ચીંધવી પડે છે. જેમ જેમ આ દમનનો ગાંડીતૂર રીતનો દોર ચાલુ રહેશે તેમ તેમ આ દુ:ખી દેશમાં ત્રાસનું સામ્રાજ્ય જામશે તે વિષે મને મુદ્દલે શંકા નથી. પરંતુ આ ઝુંબેશનું સંચાલન સંસ્કારી કે અસંસ્કારી ગમે તે રીતે ચલાવવામાં આવે તોપણ હું જોઈ શકું છું કે અસહકારીઓ માટે, અને ખરેખર મારું માનવું છે કે હિંદુસ્તાનના લોકો માટે પણ, માત્ર એક જ માર્ગ ખુલ્લો છે. જાહેર સભાઓ ભરવામાં અને મંડળોની રચના કરવામાં કશી બાંધછોડ કરવાની છે જ નહીં. અમે અમારું સર્વસ્વ હોડમાં મૂક્યું છે અને મનુષ્યના પ્રાથમિક અધિકારની અમે સફળતાપૂર્વક રક્ષા કરી ન શકીએ ત્યાં સુધી અમારે આગેકૂચ કરવી જ રહી.

મારી પોતાની સ્થિતિની હું ચોખવટ કરી લઉં. સમાધાન માટે હું ખૂબ જ આતુર છું. મને ગોળમેજી પરિષદ જોઈએ છે. અમારી પરિસ્થિતિ જે કોઈ સમજવા માગે તે પ્રત્યેકને તે સાફ સાફ રીતે સમજાય એમ હું ઇચ્છું છું. હું કોઈ શરતો લાદતો નથી પરંતુ કોઈ પણ પરિષદ ભરતાં પહેલાં મારા પર શરતો લાદવામાં આવતી હોય ત્યારે મને તે તપાસી લેવા દેવામાં આવે, અને તે આત્મઘાતક લાગે તો તેનો હું સ્વીકાર ન કરું તો મને માફ કરવામાં આવે. જે તંગ વાતાવરણ ઊભું થયું છે તેનું નિયમન કેવળ ભારત સરકાર જ કરી શકે, કેમ કે, એ સરકારે જ હુમલાની શરૂઆત કરી છે.

[મૂળ અંગ્રેજી]

લીડર, ૨૬–૧૨–૧૯૨૧

Gandhi Heritage Portal

# ૪૧(૧). ગુજરાતના નવજવાનોને[1]

મહાસભાના સ્વયંસેવકો આગળ ગાંધીજીએ ગઈ કાલે રાત્રે નવ વાગ્યે મુસ્લિમનગર સામે આવેલા સ્વયંસેવકોના મંડપમાં સ્વયંસેવકોને નીચેનો અત્યંત મનનીય ઉપદેશ આપ્યો :

હું તમારી આગળ મારા મનમાંના કેટલાક ઉદ્‌ગારો આપી દેવા ઇચ્છું છું. એક વાત દરેક સ્વયંસેવક બરાબર યાદ રાખે એવું માગી લઉં છું; તે એ કે આખા હિંદુસ્તાનમાં સ્વયંસેવકો પોતાનો બધો વખત આપીને પોતાનું કામ સારી રીતે કરી શકે તો સ્વરાજને સારુ બીજી મદદની થોડી જ જરૂર રહેશે. અમદાવાદમાં ૧,૮૦૦ સ્વયંસેવકો છે. દરેક ઠેકાણે સ્વયંસેવકોની ટુકડીઓ હું જોયા જ કરું છું. એવી ટુકડીઓ પુષ્કળ છે. કલકત્તામાં જ મને લાગે છે ૫,૦૦૦ સ્વયંસેવકો છે, અને હજુ વધતા જાય છે. બધા સ્વયંસેવકોનો સરવાળો કરીએ તો આખા હિંદુસ્તાનમાં ઓછામાં ઓછા ૫૦ હજાર થાય. ૫૦ હજાર સ્વરાજવાદી લડવૈયા સ્વરાજની શરતો જાણી તેનું પાલન કરે તો બીજી મદદની બિલકુલ જરૂર ન રહે. ત્રીસે કરોડે લડાઈમાં જોડાવું જ જોઈએ એવું નથી. ત્રીસે કરોડ આપણી લડતમાં સંમત રહે એટલું પણ બસ છે. લડાઈમાં રોકાનારા તો દુનિયામાં હમેશાં થોડા જ હોય છે. હું સમજ્યો છું તે પ્રમાણે તો અહીં હાજર થયેલા સ્વયંસેવકો હમેશના નથી, ફક્ત મહાસભાને પૂરતા જ છે; આગલી મહાસભાઓમાં તો નિશાળિયા-કૉલેજિયનો સ્વયંસેવકો રહેતા. તેઓ રજાનો વખત ૧૫ દિવસ, બહુ તો મહિનો, આ કામમાં આપતા. એવા સ્વયંસેવકો મારફતે આપણે સ્વરાજ લઈ શકવાના નથી, એવાની તો મદદ જ લઈએ. ૩૫ વર્ષ સુધી એવા એવા પણ ન હોત તો મહાસભાનાં કામ શોભી ગયાં તે ન શોભત, આપણને જોર આવ્યું તે ન આવત.

હું તો જાથુના સ્વયંસેવકોની વાત કરું છું. જાથુને સારુ એટલે ઓછામાં ઓછું સ્વરાજ મળે ત્યાં સુધીને માટે. એવા ૫૦ હજાર હોય તો તેમની મારફત આપણે આપણું કાર્ય જરૂર પાર પાડી શકીએ.

એવા સ્વયંસેવકો માટેની શરતો કઈ? પહેલી શરત તો એ કે શાંતિનું પાલન પોતે કરવું ને બીજા પાસે કરાવવું. સ્વયંસેવક હાથ ન ઉગામે એટલું જ નહીં, પણ તે કોઈની સામે આંખ સરખી લાલ ન કરે. આંખ લાલ કરે તો તે સ્વયંસેવક થવાને લાયક નથી. સ્વયંસેવક ન હોય એવા માણસ આંખ લાલ કરે તો તેથી હિંદુસ્તાનને નુકસાન નહીં થાય, પણ સ્વયંસેવક થયેલો આંખ લાલ કરશે તો તેથી હિંદુસ્તાનને ખસૂસ નુકસાન થશે. સ્વયંસેવક તો આંખ લાલ ન કરે એટલું જ નહીં, પણ તુંકારોસરખો ન કરે, ગાળ ન દે, મલિન વિચાર પણ મનમાં ન પેસવા દે.

આ વિષે ડૉ. અનસારીએ મને કહેલ દાખલો આપું છું. દિલ્હીમાં ડૉ. અસફઅલીની સાથે ૫૩ સ્વયંસેવકો પકડાયા છે. બીજા પણ ઘણા જેલ ગયા છે. તેઓને માટે શરતો કડકમાં કડક રાખી હતી. શાંતિનું પાલન કરે, પગથી તે માથા સુધી ખાદી જ ધારણ કરે, હિંદુમુસલમાન વચ્ચેનું ઐક્ય જાળવે અને અસ્પૃશ્યતાનો ત્યાગ કરે, એટલી પ્રતિજ્ઞાનું પાલન કરવા ઉત્સુક હોય એવાને જ જેલ જવાનો અધિકાર મળે એવું હકીમજીએ અને ડૉ. અનસારીએ કર્યું. શાંતિનું

૧. આ લેખ વધારાનો છે અને તે શ્રી મામાસાહેબ ફડકેની સૂચનાથી અહીં લેવામાં આવ્યો છે.

Gandhi Heritage Portal

પાલન કરવા તત્પર નહોતા એવા કેટલાક માણસો સ્વયંસેવક થવા આવ્યા તેમને દાખલ ન કર્યા. છસાત દિવસ દરમિયાન તેમણે તલવાર નહીં ઉગામવાનો, લાકડી નહીં ઝાલવાનો, ગાળ પણ નહીં દેવાનો નિશ્ચય કર્યો, પ્રતિજ્ઞા લીધી, ત્યારે તેમને લીધા. તે પછી એમનામાં એવું પરિવર્તન થઈ ગયું છે કે, ડૉ. અનસારી કહે છે કે જે માણસો કંઈ કામના નહીં તેવા પણ રત્ન સમાન થઈ પડ્યા છે. હું ઇચ્છું છું કે તમારે પણ એ પ્રતિજ્ઞાઓને ઘોળી ઘોળીને અંતરમાં ઉતારવી જોઈએ.

એવા ૫૦ હજાર માણસો પાસે હોય તો હિંદુસ્તાન જે ધારે તે કરી શકે. મન વચન અને કાયાથી હમેશને સારુ શાંતિ પાળવાનો પાઠ તમારે શીખી જ લેવો જોઈએ. હમેશને સારુ તમે શાંતિ પાળો તો તમારા, મારા ને હિંદુસ્તાનના જેવું કોઈ નસીબદાર નહીં. હમેશને સારુ ન માનો, તો સ્વરાજ મળતાં સુધી સ્વરાજ મેળવવા સારુ તો જરૂર પાળો જ પાળો.

હિંદુ, મુસલમાન, પારસી, યહૂદી, ખ્રિસ્તી વગેરેની એકતા જાળવવા માટે શાંતિ વિના બીજો ઉપાય છે જ નહીં. નાની કોમો સાથે વિશેષ એકતાની જરૂર છે. હિંદુમુસલમાનની સાથે એકતા રાખે છે તે સ્વાર્થની દૃષ્ટિએ રાખે છે. મુસલમાનની સાથે એકતા ન રાખે તો તે ગાયને ન બચાવી શકે. મુસલમાન હિંદુની સાથે એકતા રાખે તેમાં પણ તેને સ્વાર્થ હોય છે. પણ હિંદુ અને મુસલમાન, પારસી, ખ્રિસ્તી અને યહૂદી સાથે એકતા રાખે તેનું પરિણામ તો સુંદર જ આવે. નબળાને ખવડાવીને ખાવું, સુવાડીને સૂવું, ચાકરી કરીને આનંદ માણવો એ પાઠ નહીં શીખીએ ત્યાં સુધી સ્વરાજ્ય નહીં મળે. બીજા મુલકમાં ભલે મળતું હોય, હિંદુસ્તાનમાં તો નહીં જ મળે. ત્રીજી શરત સ્વદેશીની છે. સ્વદેશીમાં તમે જ અધકચરા હો તે કેમ ચાલી શકે? જો તમે પોતે જ રેંટિયો ન લો, સ્વદેશીનું પાલન ન કરતા હો તો લોકોને ખાદી પહેરવાનું, રેંટિયા ફેરવવાનું અને શાંતિ રાખવાનું શી રીતે કહી શકશો? ઢેડભંગીને અડવામાં પાપ છે એમ જો તમે માનતા હો તો તમારે માટે મહાસભામાં જવું એ પણ પાપ છે. મહાસભામાં આવવાનો એમને પણ હક છે, તેઓ આવે જ છે. આંધ્રથી, વર્ધાથી અને મુંબઈથી ઢેડભંગી પ્રતિનિધિઓ આવ્યા છે ને આવશે. જેટલા ભાવથી તમે મારી સેવા કરો તેટલા જ ભાવથી ભંગી પ્રતિનિધિની સેવા કરવા તત્પર ન હો તો તેવા માણસો ત્રણ મહિના માટે પણ સ્વયંસેવક થવાને નાલાયક છે.

પણ મહાસભા વેળાનો તમારો વિશેષ ધર્મ હવે કહું છું. એ સંબંધમાં હું તમને ૧૯૦૧ની કલકત્તાની મહાસભાની વાત કરવા માગું છું. હું ત્યાં ડેલિગેટ તરીકે ગયેલો. હું તો રહ્યો સ્વયં-સેવક ડેલિગેટ. વાસીદું વાળવામાં તો મને મગરૂરી ચડે છે. પાયખાનાં સાફ કરવામાં મને છીટ નથી. એ કામ મને ગમે છે. પાયખાનાં મેં ઘણાંય વાળ્યાં છે. પાયખાનાં રસોડા જેટલાં સાફ ન હોય તો મને ગમતાં નથી. મારી મહેમાનગીરી કરનારને બકરીના દૂધની જેટલી ચીવટ રાખવી પડે તેટલી જ ચીવટ પાયખાનું સાફ રાખવાની પણ રાખવી પડે. કલકત્તાનો પુરાતન દાખલો હું તમને આપું છું. મહાસભાનો મારો એ પહેલો અનુભવ હતો. રિપન કૉલેજમાં હું અને ટિળક મહારાજ એક જ ઓરડામાં ઊતર્યા હતા. ટિળક મહારાજની સાથે ઊતરવા જેટલો હું ભાગ્યશાળી હતો એનું મને તે વેળા ભાન ન હતું. દક્ષિણ આફ્રિકામાં કામ કરનાર એક ગુજરાતી વાણિયા તરીકે તે વખતે લોકો મને ઓળખતા. પરસાળમાં દસપંદર પથારીઓ હતી. સવારમાં મોતીબાબુ ટિળક મહારાજ પાસે આવી ખાટલા પર બેઠા. હું એમની વાતો સાંભળતો બેઠો. પણ હું તમને એ વાત નથી કરવા માગતો. હું તમને પાયખાના વિષે વાત કરવા ઇચ્છું છું. પાયખાનામાં હું ગયો ત્યાં તો મારાથી જોવાય જ નહીં. હું પાયખાનું સાફ કરીને બેઠો. પણ હું

Gandhi Heritage Portal

તે સાફ ક્યાં સુધી કરું? મેં સ્વયંસેવકોને ભેગા કર્યા. એક સ્વયંસેવક બીજાને કહે, બીજો ત્રીજાને કહે, ત્રીજો, ચોથો ક્યાં ગયો એમ પૂછે. મારી પાસે તો ઠીક પણ ટિળક મહારાજની તહેનાતમાં રહેનારા સ્વયંસેવકો પણ એકબીજા પર હુકમ કર્યા કરે. મેં સ્વયંસેવકોને ભાઈબંધ બનાવ્યા, તેમની સાથે વિનોદ કર્યો અને કડકાઈ પણ વાપરી અને બોધ દેવો શરૂ કર્યો. હિંદુસ્તાનમાં આપણે રોજ નહાનારા છીએ છતાં ગંદા પણ છીએ. રિપન કૉલેજના કઠેડામાં કોઈ પાયખાનું કરી જતું હતું. કેટલાક બુઢ્ઢા માણસો હતા તે રાત્રે ડિસેમ્બરની ટાઢમાં નીચે ન ઊતરી શકે તેથી કઠેડાને જ પાયખાનું બનાવતા હતા એ બગડેલું કોણ સાફ કરે? સ્વયંસેવકોને કહ્યું. તેઓ કહે અમારું કામ નહીં. ફરી પાછો ભંગી બન્યો. આ બધું હું મગરૂરી ખાતર નથી કહેતો. પણ સાફ રહેવા ઇચ્છતો હોય તેણે શું કરવું? સ્વયંસેવક તો સાફ ન કરે, પણ મારાથી, જીવતો જોતો છતાં એ નરકમાં કેમ સુવાય? મારાં વાસણો પણ મેં સાફ કર્યાં.

ત્યારથી સ્વયંસેવકો વિષે મનમાં હું વિચાર ગોઠવતો રહ્યો. દક્ષિણ આફ્રિકામાં મેં સ્વયંસેવકો પર ખૂબ પ્રહારો કર્યા. કલકત્તાની મહાસભા પછી મેં મહાસભાના મંત્રી સર દીનશા વાચ્છા (તે વેળા સર નહોતા)ને એક લાંબો કાગળ લખ્યો કે મહાસભામાં આપણે પહેલો પાઠ તંદુરસ્તીનો શીખવવાનો છે અને તેથી તે પર ધ્યાન આપવું જોઈએ. એના પર ધ્યાન ન અપાયું. તે વખતે મારી પ્રતિષ્ઠા શી? અને એ અઘરો વિષય હાથમાં કેમ લઈ શકાય, જેને આજે પણ આપણે નથી પાર ઉતારી શકતા? ત્યાર પછી મહાસભાની ઘણી બેઠકો થઈ. હું ગયો તેમાં મેં ગોજું અને ગંદું ખૂબ જોયું. છેલ્લું નાગપુરમાં જોયું. ત્યાં મેલા પાણીની નદીઓ વહેતી હતી. ઠામ ઠામ પાણી તો ભરાઈ જ રહે. હું તો એવી જગ્યાએ જવા જ ન ઇચ્છું. ચાલીને પગ તો ધોવા જ પડે. હું વૈષ્ણવ કુટુંબમાં ઊછરેલો અને તંદુરસ્તીના નિયમનું પાલન કરવાની ચીવટ રાખનારો, તે આ ગંદકી કેમ સહન કરી શકું? મને તો મોટર મળે, પણ બીજા પ્રતિનિધિઓને જવાનું કેમ? સ્વયંસેવકોનું એ કામ હતું કે નીક કરી પાણીને કાઢી નાખે. પાયખાનામાં તો હું નહોતો જતો પણ મારી પત્ની જતી. તેણે આવીને મને કહ્યું કે જો તમે હો તો તો આ મેલાં પાયખાનાં જોઈને કજિયો જ કરો. પાયખાનાં સાફ ન થતાં એમ નહીં; ભંગીઓ તો રાખેલા જ હતા, પણ સ્વયંસેવકોની ફરજ બરાબર અદા નહોતી થતી.

હવે આપણે અહીંયાં સ્વચ્છતા પૂરેપૂરી જાળવાવવી જોઈએ. સ્વયંસેવકો માને કે તેમને તંદુરસ્તીની ટેવો શીખી લેવાની આ સુંદરમાં સુંદર તક મળી છે. પાયખાનાનું મેલું જોતાં સૂગ શાને આવે? જે નરક શરીરમાં છે તે ન જોવાય? નરકને જોતાં શીખશે તે નરકમાંથી છૂટશે. ડૉક્ટર મેલું ન જુએ તો ચિકિત્સા કેમ કરે? પાયખાનાં સાફ કરવાનું તો આપણે પોતે જ કરીએ, ઢેડભંગી મારફત ન કરાવીએ. આશ્રમમાં શરૂઆતમાં તો આશ્રમવાસીઓ જ પાયખાનાં સાફ કરતા. પછી વખત ન મળે એટલે ભંગીને તે કામ સોંપાયું. એમાંથી કંટાળ્યા એટલે પછી પાછું હાથોહાથ સાફ કરવાનું શરૂ થયું. ધનવાનોનાં રોજ ધોવાનારાં પાયખાનાં ન ગણીએ ને ગરીબ માણસોનાં પાયખાનાં જોઈએ તો આશ્રમનાં પાયખાનાં ચોખ્ખામાં ચોખ્ખાં અને નમૂનારૂપ ગણાય એવાં છે. એમાં ઝાઝી મહેનત નથી પડતી. એમ પાયખાનાં સાફ કરવાં એને શાસ્ત્ર ગણીને કામ કરીએ છીએ એટલું જ.

સ્વરાજ લેવા જેટલી જ આ વાત મહત્ત્વની છે. કાલે સવારે દીવાન માસ્તરને એકલાને પાવડા વતી ધૂળ નાખવી ન પડે પણ સાથે બધા સ્વયંસેવકો પણ ધૂળ નાખતા થઈ જાય. જ્યાં

Gandhi Heritage Portal

જ્યાં ગંદું લાગે ત્યાં ત્યાંથી તે દૂર કરવું એ આપણી ફરજ છે. આગ લાગે ત્યારે તે બુઝાવવી એ બધાયની ફરજ છે. સ્વચ્છતાનો સામાન્ય નિયમ હું એ મૂકવા ઇચ્છું છું કે ક્યાંય ભીનું ન હોવું જોઈએ. ક્યાંય કચરો ન હોય, ક્યાંય કાગળની કકડીસરખી ન પડેલી હોય. કોઈ પ્રતિનિધિએ નિયમનો ભંગ કર્યો હોય તો તેમને વિનયપૂર્વક કહી દેવું.

હિંદુસ્તાનમાં હું જ્યાં ગયો છું ત્યાં સ્વયંસેવકોનો પ્રેમ મારા જેટલો કોઈએ ભોગવ્યો નથી. મેં તેમને વારંવાર કડવાં વચનો પણ સંભળાવ્યાં છે. મારી સેવામાં તેમણે કંઈ પણ મણા રાખી નથી. એનો બદલો હું કઈ રીતે વાળું? તમે ઠાવકા છો એમ કહીને? ના, મિત્રભાવે, મુરબ્બીભાવે, સખાભાવે તમારામાં જે જે ત્રુટિઓ જણાય તે બતાવી દેવી એ તમારી સેવાનો યત્કિંચિત્ બદલો આપ્યો ગણાય; એ બદલો આપી દેવા હું તમારી પાસે આવ્યો છું.

હું જે મહત્ત્વની બાબતો કહેવા બેઠો હતો તેને મુકાબલે બીડી પીવાની બાબતને તો હું નાની ગણું છું. મેં એ વિષે કંઈ નથી કહ્યું. હું નાનો હતો ત્યારે મારા બાપકાકાએ નાખી દીધેલાં બીડીનાં ઠૂંઠાં મેં પીધેલાં. બીડીનો સ્વાદ પણ કેવો હોય એ હું જાણતો નથી. સ્વયંસેવક બીડી ન જ પીએ એમ તો હું ઇચ્છું, પણ એ વ્યસન પડ્યું હોય તોયે જેની સામે અદબ રાખતા હોય તેમના દેખતાં તો ન જ પિવાય. ન રહેવાય તો એકાંતમાં જઈને પી આવવી. એમ કરતાં કરતાં આખરે બીડીનું વ્યસન પણ નીકળી જશે.

આપણા પોતાના જ પ્રમુખ શ્રી દાસને બીડી એટલી બધી જોઈતી કે જેનો સુમાર જ નહીં. પણ અસહકાર સ્વીકાર્યા પછી તેમણે બીડી છોડી દીધી. તેઓ મને વિનોદમાં કહેતા કે "હું દારૂનિષેધનો ઉપદેશ કરું, સાથે બીજાઓ બીડી છોડવાની વાત કરે અને હું સંમત થાઉં પછી મારાથી બીડી પી જ કેમ શકાય? મારે કાં તો બીડી અને દારૂ છોડવાં જોઈએ કાં તો અસહકાર છોડવો જોઈએ."

શ્રી દાસને દારૂ પીવાની પણ ટેવ હતી. તેમણે દારૂ છોડવા માંડ્યો. ડૉક્ટરોએ કહ્યું તમારું મગજ નહીં ચાલે. શ્રી દાસે કહ્યું હું દીવાનો થઈ જઈશ પણ દારૂ તો નહીં જ પીઉં. અસહકારીથી કંઈ દારૂ પિવાય? શ્રી દાસે બીડી છોડી ત્યારે કેટલાક દિવસ સુધી તો તેમનું મોઢું ખરાબ રહેતું. તેમણે તે સહન કર્યું અને બીડી છોડી જ. પછી તો તેમણે માંસાહાર પણ છોડ્યો. જો એશઆરામમાં રહેલા એ ૫૦ વરસના માણસ એ બધાં વ્યસનો છોડી શક્યા તો તમારા જેવા જુવાનિયાઓને એ વ્યસન છોડવું એમાં શી મુશ્કેલી?

[મૂળ ગુજરાતી]

नवजीवन, २४–१२–१९२१

Gandhi Heritage Portal

## ૪૨. દેવદાસ ગાંધીને તાર

[ડિસેમ્બર ૨૪, ૧૯૨૧ કે તે પછી][1]

મહાદેવ વિષે અત્યંત ખુશી થયો. દુર્ગા તંદુરસ્ત અને સશક્ત હશે એવી આશા રાખું છું. તેની ઇચ્છા હોય તો તે પાછી ફરે. તું પકડાઈ જાય અને તારું સ્થાન બીજાઓ લેવા તૈયાર થાય ત્યાં સુધી તું આ પત્ર ચાલુ રાખીશ એવી આશા છે.

બાપુ

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ३–१–१९२२

## ૪૩. મારી નોંધ

### ધર્મ કરતાં ધાડ

તંત્રીપણું ડોળવું એ સહેલી વાત નથી એમ હું બહોળા અનુભવ પરથી જોઈ રહ્યો છું. તંત્રીએ પ્રથમ તો પોતાની કચાશને સારુ જવાબદાર રહેવું પડે. પછી મદદગાર લખે તેનોયે તે જવાબદાર, ખબરપત્રી કે બહારના લેખકોની ભૂલને સારુ પણ એ જવાબદાર. બીબાં ગોઠવનાર ભૂલ કરે તોપણ તંત્રી જવાબદાર, પ્રૂફ સુધારનાર ભૂલો કરે તોપણ તંત્રી મૂઓ પડયો છે. યંત્ર તૂટે ને વખત ચૂકે કે બરોબર અક્ષર ન ઊઠે તોય તંત્રી જવાબદાર. તે કેવળ લખીને છૂટી શકતો નથી. આ બધાંના દાખલા મારી પાસે મોજૂદ છે. પણ તાજો દાખલો વાંચીને વાંચનાર હસશે. તે ભૂલથી એક ભાઈની તો ભારે ગેરસમજ થયેલી છે. તા. ૧૧મી ડિસેમ્બરના **નવજીવન**માં પારસી ભાઈબહેનો બાબતની નોંધમાં[2] નીચેનું વાકય છે: "પારસી ભાઈબહેનોને એટલી તો ખાતરી આપું છું કે તેમના સારુ તેમ જ ખ્રિસ્તી "વિનાની" કોમોને સારુ પ્રાણ આપવા સેંકડો હિંદુમુસલમાન તૈયાર છે." મૂળ શબ્દ "વિ. નાની" હતો. કહેવાનો આશય એ હતો કે પારસી, ખ્રિસ્તી વગેરે નાની કોમોનું રક્ષણ કરવા સેંકડો હિંદુમુસલમાન તૈયાર છે. આમાં "વિ"ની પછી મીંડું ઊડી જવાથી "અજમેર ગયા"નું "આજ મરી ગયા" જેવું થયું છે! ને તેથી એક ખ્રિસ્તી ભાઈએ ઊલટો અર્થ કાઢી મને ઠપકો આપ્યો છે. મારાં આ બાબતમાં જ લખાયેલાં લખાણો, વાકયરચના વગેરે ઉપરથી ઊલટા અર્થને અવકાશ નથી. છતાં એટલો જ ભાગ **નવજીવન**ને ન ઓળખનાર વાંચે ને ઉપર પ્રમાણે ઊલટો અર્થ કાઢે કે સમજે તેમાં નવાઈ નહીં. આ પૅરેગ્રાફ લખવાનો એક હેતુ મજકૂર ખ્રિસ્તી ભાઈ તથા બીજા જેઓ ઊંધું સમજ્યા હોય તેમની માફી માગવાનો છે. ને બીજા વાચકવર્ગ માત્રને આ દોષ પરથી ધડો લેવાનું સૂચવવાનો છે કે

૧. ઇન્ડિપેન્ડન્ટની હસ્તલિખિત આવૃત્તિ પ્રસિદ્ધ કરવા માટે ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૪મીએ મહાદેવ દેસાઈને સુધારેલા ફોજદારી કાયદા હેઠળ સજા કરવામાં આવ્યા પછી તરત જ આ તાર મોકલવામાં આવ્યો હતો એ સ્પષ્ટ છે.

૨. જુઓ પુસ્તક ૨૧, પા. ૫૧૨–૩.

Gandhi Heritage Portal

જ્યાં અનર્થ નીકળી શકતો હોય ત્યાં એ સવળા અર્થને અવકાશ હોય તો સવળો જ કાઢવો. અને ત્રીજો હેતુ તંત્રીને સારુ દયાની ભિક્ષા માગવાનો છે. તંત્રી બધી બાબતને ન જ પહોંચી વળે એમ જાણી તેના નામે ચાલતા છાપામાં અનિવાર્ય દોષો હોય તે દરગુજર કરવા ઘટે. પણ આ બધું કંઈ હું દોષ કરવાનો ઇજારો રાખી લેવા ખાતર લખતો નથી. તંત્રીની ફરજ તો આવેલી જવાબદારી રીતસર ઉપાડવાની છે ને તે ન ઉપાડે તો પોતાનો હોદ્દો છોડવાની છે. તંત્રીપણું કંઈ તે બળાત્કારે લેતો નથી. છાપનારા, ગોઠવનારા, પ્રૂફ વાંચનારા બધા કુશળ ન હોય તો વાંક તો તેનો જ ગણાય. તેવા સંજોગોમાં તંત્રીપણું શાને લે? પણ એ તો ધ્યેય. ધ્યેયને આજે જ ન પહોંચાય તો હઠવું જ નહીં એવું કરી બેસે તે કદી પહોંચે જ નહીં. તેથી વાંચનારે તંત્રી ઉપર ચાબુકરૂપે રહેવું તો જોઈએ જ. માત્ર ચાબુક ચલાવવામાં થોડી કળા રાખવી જોઈએ. એક ચાબુક મારનાર ડાયર જેવા હોય ને બીજા ઉદાર રાજા જેવા ચાબુકને શોભાનો રાખી મૂકીને કોઈ જ દહાડો નઠારા ઘોડા ઉપર જ્યારે એનો વાંક દેખીતો સિદ્ધ થાય ત્યારે બતાવી આપે કે ચાબુક કેવળ શોભાનો નથી.

## નેહરુજીની જેલમાં મુલાકાત

લખનૌ જેલમાં પંડિત મોતીલાલ નેહરુની મુલાકાત કરી આવેલ એક આશ્રમવાસીનો કાગળ ઘણોખરો બધો સરસ હોવાથી નીચે આપું છું :[1]

## રાજકોટવાસી

રાજકોટ ઉપર કોઈ આક્ષેપ મૂકે ત્યારે મને દરદ થયા વિના કેમ રહે? એક બહેને મને થોડા દિવસ પહેલાં એમ કહ્યું કે હવે હું રાજકોટ જાઉં તો ખાદી જ ખાદી જોઉં. પરદેશી કપડાં તો થોડાં જ માણસો પહેરતાં હોય. એ બહેન હાલ રાજકોટમાં વસે છે ને પોતે બહાર નીકળે ત્યારે તો મુખ્ય ભાગે ખાદી પહેરે છે. તેથી તેણે માની લીધું જણાય છે કે રાજકોટમાં તો બધા ઉપરથી તો ખાદી જ પહેરતા હશે. પણ એક સંપૂર્ણ સ્વદેશીનું વ્રત પાળનાર રાજકોટનો વતની અણફરેલ નૌજવાન રાજકોટને ઉદ્દેશીને લખે છે :[2]

આ ટીકા સખત છે, તેનું અનાયાસે સમર્થન એક બીજા કાઠિયાવાડી જે ખાસ અવલોકન કરનાર છે તેમણે કર્યું. ઉપરની ટીકામાં કાંઈ અતિશયોક્તિ હોય તે બાદ કરીએ તો એ ટીકા વાસ્તવિક હોવાનો સંભવ છે. કાઠિયાવાડે ટિળક સ્વરાજ ફંડમાં ઠીક ભર્યું. અમરેલીમાં ખાદીની સુંદર વ્યવસ્થા છે. કાઠિયાવાડમાં ખાદીની પેદાશ સારી છે એ બધું હું જાણું છું. મોટાં શહેરોમાં રહેતા કાઠિયાવાડી પોતાનાં પરદેશી કપડાંના મોહને છોડી શક્યા નથી એ દુ:ખદાયક છે. કાઠિયાવાડને સુધારાનો થોડો સ્પર્શ હોવો જોઈએ. કાઠિયાવાડની સૂકી ભૂમિમાં તો કઠણ, સાદા, શૂરા, ભોળા ને ઉદાર માણસો પાકવા જોઈએ. તેને બદલે જો કાઠિયાવાડનાં શહેરોમાં મોજશોખ વધતા જ જાય તો કાઠિયાવાડ તરફથી જે મોટી આશાઓ બંધાયેલી છે તેનું શું થાય? સ્વરાજ્યયજ્ઞમાં કાઠિયાવાડ પોતાનો ફાળો પૂરો ન આપે તો મને તો એમ જ લાગે કે કાઠિયાવાડે હિંદુસ્તાનથી અલગ થઈ જવું જોઈએ. મારી તો એવી ઉમેદ છે કે જ્યારે જેલ જવાનો સમય આવશે ત્યારે કાઠિયાવાડીઓ પોતાનો સંપૂર્ણ ફાળો આપશે. પણ જો ખાદી પહેરવા જેટલી સાદાઈ પણ

૧. આ પત્ર અહીં આપ્યો નથી.

૨. આ ઉતારો અહીં આપવામાં આવ્યો નથી. પત્રલેખકે કહ્યું હતું કે સ્વદેશીના ક્ષેત્રમાં રાજકોટે કાંઈ પ્રગતિ કરી ન હતી.

Gandhi Heritage Portal

આપણામાં નહીં આવી હોય તો આપણે જેલની સાદાઈની બરદાસ કઈ રીતે કરવાના? દેશબંધુ દાસ ખાદી પહેરે, તે રેંટિયો ચલાવે, મૌલાના શૌકતઅલી, જેને ખાદી પહેરવી ઘણી કઠિન હતી તે ખાદી પહેરતા થયા, તે જેલમાં રેંટિયો ચલાવી રહ્યા છે, ને કાઠિયાવાડનાં શહેરીઓ ખાદીનો ત્યાગ કરે? હવે હું સમજી શકું છું કે કેમ મારી પાસે એવી ફરિયાદ આવેલી કે કાઠિયાવાડમાં ખાદી ઘણી વધારે વણાય પણ તેની ખપત ઓછી! શું એવોયે વારો આવે કે કાઠિયાવાડની ધીંગી ઓરતો બાજરાનો રોટલો તો બનાવે ને સવારના પહોરમાં છાશ વલોવી સુંદર માખણ તો કાઢે ખરી, પણ બાજરાના રોટલા કૂતરાને આપે, માખણ પચવા જેટલી હોજરી રહી ન હોય તેથી બિસ્કિટની સાથે થોડી ચા પીએ, કાઠિયાવાડના ઘઉં ભારે પડે તેથી ને રાતા હોય તેથી મુંબઈથી સાંચાનો આટો મંગાવી તેના ફૂલકા ખાય? જો કોઈ રાજાઓની લડાઈનો ઇતિહાસ છોડી પ્રજાની ચડતીપડતીનો ઇતિહાસ ગ્રીનની માફક લખવા બેસી જાય તો તે જરૂર સાબિત કરે કે જેમ હિંદુસ્તાનમાં નાજુક સુંવાળાં લાગતાં કપડાં દાખલ થયાં તેમ પ્રજાનો બાંધો પણ નાજુક થતો ગયો ને પ્રજા નિર્માલ્ય થતી ગઈ. કાઠિયાવાડની છ ફૂટ ઊંચી રબારણને જાપાની મલમલની "ભાતીગળ" સાડી કોઈ આપે તો એ પહેરે કે? ને પહેરીને ઢોર ચારે? આપણે ભીંત જ ભૂલ્યા છીએ. અંતરના શણગારને છોડી આપણે બહારના શણગાર ઉપર મોહ્યા ને પરિણામે દેશ ખોયો, વેશ ખોયો, દેહ ગુમાવ્યો ને આત્માને તો સુવાડી મૂક્યો.

કાઠિયાવાડના નૌજવાનો વાતો છોડી વણતા થઈ જશે કે? કાઠિયાવાડની ઓરતો શ્રીમતી વાસંતીદેવીની જેમ ખાદી લઈ વેચવા નીકળી પડશે કે? કાઠિયાવાડની પ્રજા ઢેડભંગી ભાઈઓનો પોકાર સાંભળશે કે? તેઓના સ્પર્શથી અભડાનારા જેલમાં જવાના નથી, તેઓ જેલ જવાને લાયક નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫–૧૨–૧૯૨૧

## ૪૪. અમદાવાદમાં મળેલી વિષયવિચારિણી સમિતિમાં ભાષણ

ડિસેમ્બર ૨૫, ૧૯૨૧

આજે સવારે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠક મળી. સ્વયંસેવકદળોનું સંગઠન અને સવિનયભંગના ક્ષેત્રવિસ્તાર વિષે તથા કટોકટીને પ્રસંગે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિને નામે પગલાં ભરવાનો ગાંધીજી અથવા તેમના અનુગામીઓને પૂરો અધિકાર આપવા વિષેના ગાંધીજીએ રજૂ કરેલા મુખ્ય ઠરાવ પર આખો દિવસ લંબાણથી ચર્ચા ચાલી. . . .

ચર્ચા શરૂ થતાં પહેલાં પ્રમુખ હકીમ અજમલખાન પર ચોમેરથી સુધારાઓનો વરસાદ વરસ્યો. અહિંસા નિષ્ફળ નીવડે તો હિંસાનો આશરો લેવાની પોતાના ધર્મે છૂટ આપી હોવાથી પ્રતિજ્ઞા ચાલુ છે ત્યાં સુધી હિંસાનો આશરો લેવાની સંભાવના અથવા તો તેનો વિચાર પણ ન થાય એવા જે શબ્દો ઠરાવમાં છે તે કાઢી નાખવાની માગણી કરતા વિરોધ પક્ષને અખિલ હિંદ મુસ્લિમ લીગના વરાયેલા પ્રમુખ હસરત મોહાનીએ[1] આગ્રહપૂર્વક દોરવણી આપી.

આ મુદ્દા વિષે ખુદ મુસ્લિમ સભ્યોમાં પણ મતભેદ છે એવું ચર્ચા પરથી જણાયું. મૌલાના હસરત મોહાનીના સુધારાઓનો સ્વીકાર કરવામાં આવે તો ખુદ કૉંગ્રેસની નીતિમાં જ ફેરફાર થઈ જાય એમ કેટલાકે જણાવ્યું.

૧. ૧૮૭૫–૧૯૫૧; રાષ્ટ્રવાદી મુસ્લિમ આગેવાન.

Gandhi Heritage Portal

સવારે પોતાનો ઠરાવ રજૂ કરતી વખતે શ્રી ગાંધીએ લાંબું પ્રવચન કર્યું અને જણાવ્યું કે અસહકારના કાર્યક્રમને પૂરી વિગતો સાથે નિષ્ઠાપૂર્વક અપનાવ્યા છતાં જેમણે તેના કેટલાક મુદ્દા વિષે પોતાનો અસંતોષ છુપાવ્યો નથી, એવા મહારાષ્ટ્ર મંડળીના આગેવાનો સાથે આગલી સાંજે મારે થયેલી ચર્ચાને પરિણામે હું મૂળ ઠરાવમાં થોડા સુધારાવધારા કરવા સંમત થયો છું. આ સુધારામાં મુખ્ય સિદ્ધાંતમાં સહેજ પણ બાંધછોડ કરવામાં આવી નથી, છતાં મહારાષ્ટ્રની મંડળી તરફના હૃદયપૂર્વકના, સ્વૈચ્છિક અને શ્રદ્ધાપૂર્વકના સહકાર વિષે તમે નિઃશંક રહી શકો છો એવી હું સૌને ખાતરી આપું છું. મહારાષ્ટ્રની આ મંડળી તાકાત અને આપભોગમાં અજોડ છે. તેની પાછળ મહાન સેવાની પરંપરા રહેલી છે અને તેણે લોકશાહીની અદમ્ય ભાવના વડે આખા હિંદને ઓતપ્રોત કર્યું છે. આ મંડળીના જે મહાન નેતા સમસ્ત હિંદુસ્તાનના નેતા બન્યા છે અને જેમણે પોતાના લાખો દેશબાંધવોના હૃદયમાં સ્થાન મેળવ્યું છે, તે લોકશાહીની એ ભાવના ખીલવતાં ખીલવતાં મૃત્યુને ભેટયા છે.

આગળ બોલતાં શ્રી ગાંધીએ સ્પષ્ટતા કરી કે, બીજા કોઈ પણ અસહકારીઓ જેટલા દેશભક્ત અને પ્રામાણિક હોવાનો દાવો કરે એટલા જ દેશભક્ત અને પ્રામાણિક હોવા છતાં, જેઓ કૉંગ્રેસે માગ્યા પ્રમાણે ભોગ આપી શકયા ન હોય તેવા જે વકીલો, શિક્ષકો અને બીજાઓનું ખરાબ રીતે અપમાન કરવામાં આવે છે તેમને, એ અપમાન સામે રક્ષણ આપવાની જોગવાઈ ઠરાવમાં દાખલ કરવા આ મંડળીએ ઇચ્છા દર્શાવી છે. પરંતુ આવી જોગવાઈ સામેલ કરવાની વાતનો કદાચ નુકસાનકારક અર્થ કરવામાં આવે એટલા ખાતર હું તેનો વિરોધ કરું છું. છતાં હું ભારપૂર્વક જણાવું છું કે અસહકારીઓની દૃષ્ટિએ આવા બધા લોકો નબળા જણાતા હોય તોપણ તેઓ સંપૂર્ણ દેશભક્ત છે અને તે સૌને તમારે પૂરેપૂરું માન આપવું જોઈએ. જ્યારે બીજા સૌ ભયથી થરથરતા હતા ત્યારે વકીલોએ જ દેશની અદ્વિતીય સેવા બજાવી હતી એટલે હું વકીલોની નિંદાભાવે ટીકા ન કરું.

વળી તેમણે કહ્યું :

મૉડરેટો, વકીલો, શિક્ષકો, સરકારી નોકરો અને છૂપી પોલીસ પ્રત્યે તમે સૌ શુભ ભાવનાથી વર્તો એવી હું તમને વિનંતી કરું છું. મૉડરેટો આપણા જ દેશબંધુઓ છે. આજે તેઓ આપણી આસપાસ એકત્ર થયા છે અને દેશની સ્વતંત્રતા ખરેખર જોખમમાં છે એવું તેમને જણાયું ત્યારે તેઓ તેમના વિચારો સ્પષ્ટપણે વ્યક્ત કરી રહ્યા છે. લીડર અને બેંગોલીના અગ્રલેખો, વાંચનારના આત્માનું જરૂર કલ્યાણ કરે છે અને આખરે, શું આપણે સર સુરેન્દ્રનાથ બેનરજી[૧]ની સેવાઓને ભૂંસી નાખવા માગીએ છીએ? એમને વિષે અપમાનજનક રીતે કંઈ પણ બોલવામાં આવે છે ત્યારે હું આંસુ પાડયા વિના રહી શકતો નથી. આપણી સાથે જેઓ સંમત ન હોય તેમની સાથે સહિષ્ણુ બનવાની મહારાષ્ટ્રની મંડળીએ જે પ્રશંસનીય ભાવનાથી હિમાયત કરી છે તે સમજવાની હું સમિતિને વિનંતી કરું છું. બલિદાન આપવાનો વખત આવશે ત્યારે મહારાષ્ટ્ર બંગાળથી પાછળ નહીં રહી જાય, એટલું જ નહીં પણ તે સૌને મોખરે હશે એમ મને લાગે છે.

એ પછી શ્રી ગાંધીએ કહ્યું કે મેં કરેલી સ્પષ્ટતા પછી મહારાષ્ટ્રની મંડળીએ સૂચવેલી કલમ વિષે આગ્રહ રાખવામાં નહીં આવે એવી હું આશા રાખું છું કારણ કે જે ભાવનામાંથી તે ઘડાઈ હતી તેને સૌ અસહકારીઓ પૂરેપૂરી પચાવશે એવું હું ઇચ્છું છું.

છેવટે શ્રી ગાંધીએ કાર્યક્રમ ઉપર ભાર મૂકતાં જણાવ્યું :

આપણે કાં તો આ કાર્યક્રમમાં પૂરી શ્રદ્ધા સાથે નવા વર્ષમાં પ્રવેશ કરી તેને વિદ્યુતવેગે પૂરો કરીએ અથવા અહિંસાની નીતિનો ઠરાવ ફગાવી દઈએ. એટલે આપણી પોતાની વિશિષ્ટ

૧. ૧૮૪૮–૧૯૨૫; ૧૮૯૫ અને ૧૯૦૨માં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ; પાછળથી મૉડરેટ પક્ષના એક અગ્રણી.

Gandhi Heritage Portal

રીતે, સરકાર સાથે છેવટ સુધી લડી લેવાની આ લડત છે. અહિંસામાં મને એટલી ભારે શ્રદ્ધા છે કે દેશ જો સાચી અહિંસાના પાલન માટે જરૂરી હોય એવા જ માનસિક વલણને પચાવી શકે તો આ મહિનો પૂરો થતાં પહેલાં પણ આપણને જોઈએ છે તેવા સ્વરૂપનું સાચું સ્વરાજ હાંસલ કરવાનું આપણે વચન આપી શકીએ.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૬–૧૨–૧૯૨૧

## ૪૫. અમદાવાદમાં મળેલી વિષયવિચારિણી સમિતિમાં ભાષણો

ડિસેમ્બર ૨૭, ૧૯૨૧

આજે સવારે ચાર કલાકની બેઠક પછી, અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ ખૂબ જ મહત્ત્વના મુદ્દાઓ અંગે ચોક્કસ નિર્ણયો પર આવી. શ્રી ગાંધીના મુખ્ય ઠરાવ[1]નો તેણે બહુ ભારે બહુમતીથી સ્વીકાર કર્યો એટલું જ નહીં પરંતુ કૉંગ્રેસનું ધ્યેય બ્રિટિશ સામ્રાજ્ય બહાર સ્વરાજ પ્રાપ્ત કરવાનું છે એમ ચોક્કસપણે ઠરાવવા કૉંગ્રેસની નીતિમાં ફેરફાર કરાવવા માટે લડતા હસરત મોહાનીની આગેવાની હેઠળના બાવન સભ્યોના એક મોટા વિરોધી જૂથને પણ હાર આપી.

સભાનો પ્રારંભ થતાં અધ્યક્ષ શ્રી અજમલખાને જાહેર કર્યું કે શ્રી ગાંધીના ઠરાવ પર સુધારા રજૂ કરવાની નોટિસો મને મળી છે. આ સુધારા, સાચા અર્થમાં ખુદ કૉંગ્રેસની નીતિ સાથે ઘર્ષણમાં આવતા હોવાથી હું તેમને નિયમ વિરુદ્ધ ગણી નકારી કાઢું છું. છતાં સૂચવું છું કે સુધારા મૂકનારાઓ ઇચ્છે તો તેઓ તેમને સ્વતંત્ર ઠરાવરૂપે રજૂ કરી શકે છે.

પરિસ્થિતિ કંઈક ગૂંચવણભરી લાગવાથી શ્રી ગાંધીએ ટૂંકું ભાષણ કર્યું. તેમાં તેમણે વિરોધી મુદ્દાઓનું પૃથક્કરણ કર્યું અને સભા સમક્ષ એ મુદ્દાઓની સ્પષ્ટ રજૂઆત કરી. તેમણે કહ્યું કે હસરત મોહાની અને બીજાઓ ઇચ્છતા હોય તો તેઓ કૉંગ્રેસની નીતિમાં ફેરફારની માગણી કરતો સ્વતંત્ર ઠરાવ રજૂ કરી શકે છે. પરંતુ અત્યારે મારો ઠરાવ સભાગૃહ સમક્ષ છે. તેમણે એમ પણ કહ્યું કે તેનો મૂળ પાયો અત્યારની નીતિ જેમની તેમ રહેવી જોઈએ અને અંત સુધી લડત ચલાવવા અહિંસા જ એકમાત્ર હથિયાર રહેવું જોઈએ એવો હોવાથી, હું ઇચ્છું છું કે હસરત મોહાનીની માફક જેઓ વિચારતા હોય તેમણે મારા ઠરાવની તરફેણમાં મત ન આપવો જોઈએ એટલું સૌ યાદ રાખે. બીજી બાજુ હસરત મોહાની અને તેમનું જૂથ સંપૂર્ણ સ્વતંત્રતાનો અને શક્ય એવાં બધાં સાધનોથી લડત આપવાનો પક્ષ કરે છે. મુદ્દો સરળ છે અને હું ઇચ્છું કે જેઓ હાલની નીતિમાં ફેરફાર ઇચ્છતા નથી તેઓ કંઈ નહીં તો મારા ઠરાવ પાછળ રહેલી ભાવના માટે મત આપે અને સાથે સાથે એટલું યાદ રાખે કે તેઓ જો પાછળથી હસરત મોહાનીના ઠરાવની તરફેણમાં મત આપશે તો મારો ઠરાવ નકામો થઈ પડશે.

ભાષણ પૂરું થયા પછી શ્રી ગાંધીના ઠરાવ પર મત લેવાયા અને ભારે હર્ષનાદો વચ્ચે તે પસાર થયો. માત્ર ૧૦ જ મત તેની વિરુદ્ધમાં પડયા.

પછી હસરત મોહાનીએ નીતિમાં ફેરફાર સૂચવતો પોતાનો પહેલો સુધારો રજૂ કર્યો. તેમાં શાંતિભર્યાં અને વાજબી સાધનોને બદલે બધાં શક્ય અને યોગ્ય સાધનો દ્વારા સ્વરાજ હાંસલ કરવાનું સૂચવવામાં આવ્યું હતું.

આ સુધારાને પૂરતો ટેકો ન મળવાથી રજૂ કરનારે તે પાછો ખેંચી લીધો.

૧. જુઓ "અમદાવાદના કોંગ્રેસ અધિવેશનમાં ભાષણ", ૨૮–૧૨–૧૯૨૧.

Gandhi Heritage Portal

બ્રિટિશ સામ્રાજ્યની બહાર સ્વરાજ જાહેર કરતો તેમનો ત્યાર પછીનો સુધારો ચર્ચાનો મુખ્ય વિષય પુરવાર થયો.

તેમને એક ડઝન સભ્યોનો ટેકો મળ્યો. . . .

એટલી જ સંખ્યામાં વક્તાઓએ સુધારાનો વિરોધ કર્યો.

પછી શ્રી ગાંધીએ એક ટૂંકું ભાષણ કર્યું. તેમણે કહ્યું કે હું એ વાત સ્પષ્ટ કરવા માગું છું કે બ્રિટિશ સરકાર પાસેથી પંજાબ અને ખિલાફતના અન્યાયોનું નિવારણ કરાવવાની મારી આશા ૧૫ મહિના પહેલાં જેટલી હતી તેના કરતાં આજે ઘણી વધારે છે. કૉંગ્રેસની નીતિની મર્યાદામાં બ્રિટિશ સામ્રાજ્યની અંદર કે બહાર સ્વરાજ મેળવવા ઇચ્છનાર બંને પક્ષો માટે હજુ પણ અવકાશ છે, પરંતુ કૉંગ્રેસમાં દાખલ થનારે અહિંસાને નીતિ તરીકે સ્વીકારવાની પ્રતિજ્ઞા પર તરત જ સહી કરવી પડતી હોવાથી જેઓ હિંસાનો આશરો લેવા માગે છે તેમને માટે કોઈ સ્થાન રહી ન શકે. મારે ભારપૂર્વક જણાવવું જોઈએ કે સ્વરાજ મળતાં જ સામ્રાજ્યશાહી ખતમ થઈ જશે. ગમેતેમ પણ હિંદુસ્તાન જરૂર સ્વતંત્ર થશે. છેવટે તેમણે જણાવ્યું કે મૉડરેટો અને બીજા જે કોઈ તેમની સાથે સહાનુભૂતિ રાખે છે તેમને, અત્યારનું સરળ કાર્ય ભારે મુશ્કેલીભર્યું બને તેવું પગલું લઈને, પરાયા ગણવા સામે મારે સૌને ચેતવવા રહ્યા.

મોહાનીના સુધારા પર મત લેતાં પહેલાં સૌ પ્રેક્ષકોને બહાર ચાલ્યા જવાની વિનંતી કરવામાં આવી. સુધારો બહુ ભારે બહુમતીથી ઉડાવી દેવામાં આવ્યો, તેની તરફેણમાં માત્ર બાવન મત પડ્યા. . . .

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૮–૧૨–૧૯૨૧

## ૪૬. અમદાવાદમાં મળેલી વિષયવિચારિણી સમિતિમાં ભાષણ

ડિસેમ્બર ૨૮, ૧૯૨૧

વિષયવિચારિણી સમિતિની છેવટની બેઠક આજે મળી હતી અને તે બરખાસ્ત થતાં પહેલાં, વાજબી શરતોએ ગોળમેજી પરિષદ માટે પોતાની ઇચ્છા જાહેર કરવાની અને ગઈકાલના મુખ્ય ઠરાવમાંથી આક્રમણાત્મક સવિનયભંગનો આગ્રહ કરતો ભાગ રદ કરવાનો કૉંગ્રેસને આગ્રહ કરતી પંડિત માલવિયાની દરખાસ્તને તેણે બહુ ભારે બહુમતીથી ઉડાવી દીધી.

સમિતિ સવારે આઠ વાગે મળી. . . . હકીમ અઝમલખાન ન આવી શક્યા. . . .

આથી શ્રી ગાંધીને અધ્યક્ષસ્થાન આપવામાં આવ્યું.

સભાની કાર્યવાહી શરૂ કરતાં શ્રી ગાંધીએ સભાગૃહને એવા સમાચાર આપ્યા કે, વાઇસરૉયના કલકત્તાના ભાષણના જવાબમાં, હિંદુસ્તાનનું ભાવિ બ્રિટિશ પાર્લમેન્ટના હાથમાં નહીં પરંતુ કૉંગ્રેસના હાથમાં છે અને બ્રિટિશ પાર્લમેન્ટ માત્ર હિંદુસ્તાનના લોકોની ઇચ્છાને જ મંજૂરીની મહોર મારી શકે એ મતલબનો એક ઠરાવ કૉંગ્રેસ પસાર કરે તે માટે સર્વશ્રી વિજયરાઘવાચારિયર, કસ્તૂરી રંગા આયંગર[1] અને સત્યમૂર્તિ સહિત મદ્રાસના સભ્યો મારા પર દબાણ લાવી રહ્યા છે. બીજી બાજુ પંડિત માલવિયા અને શ્રી ઝીણા ગોળમેજી પરિષદના સૂચન અંગે કૉંગ્રેસે પોતાની પરિસ્થિતિની ચોખવટ કરવી જોઈએ એવું દબાણ લાવી રહ્યા છે.

બંનેની ઇચ્છાને પહોંચી વળાય તેવા ઠરાવનો મુસદ્દો પોતે તૈયાર કરી શક્યા ન હોવાથી એ બે પક્ષોની સૂચના મુજબના ઠરાવો ઘડવાનું કામ શ્રી ગાંધીએ સમિતિ પર છોડી દીધું. તેમણે

૧. મદ્રાસના પત્રકાર અને કૉંગ્રેસી નેતા.

Gandhi Heritage Portal

કહ્યું કે, ગોળમેજી પરિષદના સવાલ અંગે મારી અને પંડિત માલવિયા, શ્રી દાસ, મૌલાના અબુલ કલામ આઝાદ અને શ્રી શ્યામસુંદર ચક્રવર્તી વચ્ચે તારવ્યવહાર થયો છે. સ્વયંસેવકદળોને વિખેરી નાખવાનો હુકમ કરતું અને જાહેર સભાઓની મનાઈ ફરમાવતું ફરમાન પાછું ખેંચી લેવામાં આવે અને એ ફરમાનોને પરિણામે જેલની સજા ભોગવી રહેલા કેદીઓને મુક્ત કરવામાં આવે, તો આ મહિનાની ૨૪મીની હડતાળ મોકૂફ રાખવાની સર્વશ્રી દાસ અને ચક્રવર્તીની સૂચના મેં માન્ય રાખી છે. શ્રી ગાંધીએ કહ્યું કે મારી માગણીમાં હું એક ડગલું આગળ ગયો છું. અને કરાંચીના મુકદ્દમા પછી સરકાર પાગલ બની હોવાથી કરાંચીના કેદીઓ સહિત ફતવા-કેદીઓની પણ મેં મુક્તિ માગી છે. વળી તેમણે કહ્યું કે હિંસા કરી હોય તેમને માટે હું કોઈ રક્ષણ માગતો નથી. કલકત્તાના નેતાઓ અમુક શરતોએ ગોળમેજી પરિષદની તરફેણ કરે છે એવા શ્રી ચક્રવર્તીના બીજા તારનો મેં એવો જવાબ આપ્યો હતો કે, સરકાર તેને ગમે તે કરે અને અસહકારીઓ પોતે ઇચ્છે તે કરે છતાં કાં તો બિનશરતે પરિષદ મળવી જોઈએ, અથવા જો લડાઈ મોકૂફ રાખવી આવશ્યક હોય તો પરિષદની શરતો અને નામાવલિ અગાઉથી જ નક્કી કરી આપવી જોઈએ, અને કરાંચીના કેદીઓ સહિત સૌ કેદીઓને છોડી મૂકવા જોઈએ અને વાંધાભરી સરકારી જાહેરાતો બિનશરતે પાછી ખેંચી લેવી જોઈએ.

વધુમાં શ્રી ગાંધીએ જણાવ્યું કે હું મારી પરિસ્થિતિ તદ્દન સ્પષ્ટ કરવા માગું છું.

મેં પોતે પરિષદના સવાલને સહેજ પણ મહત્ત્વ આપ્યું નથી. વાઇસરૉયની જાહેરાતમાં કૉંગ્રેસે જવાબ આપવાનો હોય એવું કાંઈ પણ ન હોવાથી પરિષદ વિષે કોઈ પણ જાતનો ઠરાવ કરવાની વાત કૉંગ્રેસના ગૌરવને છાજે તેમ નથી એવું મારું માનવું છે. બીજી બાજુ, મહાસભાના મંડપમાં જે મુખ્ય ઠરાવ આજે તમે સર્વાનુમતે પસાર કરશો એવી મને આશા છે, તેમાં ગોળમેજી પરિષદ ઇચ્છનાર વાઇસરૉય કે બીજા કોઈ પણ સામે બારણાં બંધ કરી દે એવું કશું નથી. પરંતુ એ ઠરાવમાં સંપૂર્ણ રીતે ગૌરવભર્યું હોય એવું કંઈક છે, અને તે એ કે તેમને ગોળમેજી પરિષદ જોઈતી હોય તો તે માત્ર એ જ શરતે મળી શકે કે પરિષદમાંથી આપણને ખરેખર સફળ પરિણામ સાંપડે એવા હૃદયપલટાનાં ચિહ્નો જોવા મળે. જો આપણે પરિષદમાં જઈએ અને તેમાંથી સાવ ખાલી હાથે જ પાછા ફરીએ તો તે આપણને ભારે થઈ પડશે. પરંતુ તમને હું ખાતરી આપું છું કે વાઇસરૉયની જાહેરાતમાં મારામાં વિશ્વાસ પ્રેરે એવું મને કશું જ દેખાતું નથી.

આગળ બોલતાં શ્રી ગાંધીએ જણાવ્યું કે પંજાબ અને ખિલાફત અંગે વાઇસરૉયે પોતાની લાચારી દર્શાવી છે અને આપણી સન્મુખ સુધારા લાવીને મૂક્યા છે. અલબત્ત, વ્યવસાયી માણસો ભેળા મળીને ચર્ચાવિચારણા કરે ત્યારે તેઓ સાવ ખાલી હાથે પાછા ફરનાર નથી એ માન્યતામાં ઘણું તથ્ય છે.

પરંતુ હું એટલું કહી દઉં કે તણખલાને જ પકડવાની આશામાં અને માત્ર નજીવા કારણસર આવી કોઈ જાહેરાત કરવાનું કામ કૉંગ્રેસનું નથી. અને ડૂબવાની અણી પર હોય તેના સિવાય કયો માણસ તણખલું પકડે? અને આજે ચેતનથી ધબકતી કૉંગ્રેસ તો એમ ન જ કરે. (લાંબા સમય સુધી હર્ષનાદ.)

સમાપન કરતાં શ્રી ગાંધીએ હર્ષનાદ વચ્ચે પંડિત માલવિયાને ઉમદામાં ઉમદા હિંદી તરીકે બિરદાવ્યા અને તેમને પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા વિનંતી કરી.

[મૂળ અંગ્રેજી]

લીડર, ૩૦–૧૨–૧૯૨૧



Gandhi Heritage Portal

# ૪૭. અમદાવાદના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ – ૧

ડિસેમ્બર ૨૮, ૧૯૨૧

તેમનો હમેશનો કચ્છ પહેરીને જેવા મહાત્મા ગાંધી વ્યાસપીઠ તરફ જવા માટે પ્લૅટફૉર્મ ઉપરથી ઊતર્યા કે તરત શ્રોતાઓએ ભક્તિભાવથી ઊભરાતો ભારે હર્ષનાદ કર્યો. વ્યાસપીઠ ઉપર બેઠક લઈ તેઓ નીચે પ્રમાણે હિંદીમાં બોલ્યા :

અધ્યક્ષશ્રી, બહેનો અને ભાઈઓ,

હકીમ સાહેબે[1] મને ૩૦ મિનિટ આપી છે અને તેમના હુકમ મુજબ હું ચાલીશ, પરંતુ તેઓ સાહેબ એક વાત કહેતાં ભૂલ્યા છે. ઠરાવ હિંદુસ્તાની અને અંગ્રેજીમાં વાંચતાં વખત જશે તેથી તે મને મજરે આપવો જોઈએ. તમારામાંથી જેઓ અંગ્રેજી જાણતા નથી તેઓ કૃપા કરીને મને ક્ષમા કરે. પછીથી હું હિંદીમાં તેનો સાર આપીશ.

ગાંધીજીએ ઠરાવનો એક પછી એક હિસ્સો લઈને વાંચી સંભળાવ્યો અને તેની મતલબ હિંદુસ્તાનીમાં સમજાવી.

> છેલ્લી મહાસભાની બેઠક બાદ હિંદુસ્તાનના લોકોએ સ્વાનુભવ ઉપરથી જોયું છે કે અહિંસાત્મક અસહકાર અખત્યાર કરવાને લીધે દેશે નિર્ભયતા, આપભોગ અને આત્મમાનમાં ભારે પ્રગતિ કરી છે. તેથી, તથા એ પ્રવૃત્તિથી સરકારની પ્રતિષ્ઠાને ભારે ધક્કો પહોંચ્યો છે તેથી, તથા દેશ આખો સ્વરાજ્યની દિશામાં ઝપાટાભેર પ્રગતિ કરી રહ્યો છે તેથી, આ મહાસભા કલકત્તાની મહાસભાની ખાસ બેઠકમાં પસાર થયેલો અને નાગપુરમાં ફરી મંજૂર થયેલો ઠરાવ કાયમ રાખે છે અને જ્યાં સુધી ખિલાફતનાં તથા પંજાબનાં દુઃખોનું નિવારણ ન થાય તથા સ્વરાજ્ય ન સ્થપાય અને હિંદુસ્તાનના રાજવહીવટનો કબજો બિનજવાબદાર સરકારના હાથમાંથી હિંદુસ્તાનના લોકોના હાથમાં ન આવે ત્યાં સુધી અત્યાર કરતાં વધુ જોસથી અહિંસાત્મક અસહકારનો કાર્યક્રમ દરેક પ્રાંત પોતાને માટે જે રીતે ચલાવવાનું ઠરાવે તે રીતે ચાલુ રાખવાનો પોતાનો મક્કમ નિશ્ચય જાહેર કરે છે.
>
> અને વાઈસરૉય સાહેબે તાજેતરનાં પોતાનાં ભાષણોમાં જે બધી ધમકીઓ આપી છે તેથી, તથા તેને પરિણામે હિંદની સરકારે જુદા જુદા પ્રાંતોમાં સ્વયંસેવકનાં દળો વિખેરી નાખીને, ગેરકાયદે અને આપખુદ રીતે જાહેર સભાઓની તથા સમિતિ સભાઓની પણ જબરદસ્તીથી બંધી કરીને, અને કેટલાક પ્રાંતોમાં મહાસભાના કાર્યકર્તાઓને પકડીને દમનનીતિ અખત્યાર કરી છે તેથી, તથા આ દમનનીતિનો સ્પષ્ટ ઉદ્દેશ મહાસભા અને ખિલાફતની પ્રવૃત્તિને ગૂંગળાવી દેવાનો તથા લોકોને તેમની મદદ મળતી બંધ કરવાનો છે તેથી, આ મહાસભા ઠરાવ કરે છે કે મહાસભાની તમામ પ્રવૃત્તિઓ જેટલે દરજ્જે જરૂરી હોય તેટલે દરજ્જે મુલતવી રાખવી, અને સહુ કોઈને મહાસભા અપીલ કરે છે કે તેમણે ગઈ ૨૩મી નવેમ્બરે મહાસભાની કાર્યવાહક સભાએ મુંબઈમાં નક્કી કરેલા ઠરાવમાં જણાવેલી શરતો પ્રમાણે આખા દેશભરમાં જે સ્વયંસેવક સૈન્યો તૈયાર કરવામાં આવે તેમાં જોડાઈને

૧. હકીમ અજમલખાન.

Gandhi Heritage Portal

શાંતિપૂર્વક તથા કશી પણ હો-હા કર્યા વિના પકડાવા માટે પોતાની જાતને અર્પણ કરવી. વળી નીચે જણાવેલા પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી ન કરે તેને સ્વયંસેવક તરીકે સ્વીકારવો નહીં :

ઈશ્વર સાક્ષી રાખીને હું પ્રતિજ્ઞા કરું છું કે :

(૧) હું રાષ્ટ્રીય સ્વયંસેવક સૈન્યનો સૈનિક થવા ઈચ્છું છું.

(૨) જ્યાં સુધી હું તે સૈન્યમાં રહીશ ત્યાં સુધી હું વાચા અને કર્મણા અહિંસાપરાયણ રહીશ તથા મનસા પણ તેવા જ રહેવાનો ખરા દિલથી પ્રયત્ન કરીશ, કારણ હું માનું છું કે હિંદુસ્તાનના અત્યારના સંજોગોમાં કેવળ અહિંસા જ ખિલાફત તથા પંજાબને મદદ કરી શકે અને સ્વરાજ્યની સ્થાપના કરી શકે તથા હિંદુસ્તાનની તમામ કોમો તથા જાતો, હિંદુ, મુસલમાન, શીખ, પારસી, ખ્રિસ્તી તથા યહૂદી તેમાં એકતા જમાવી શકે.

(૩) હું આવી એકતામાં માનું છું અને તેવી એકતા વધે તે માટે સતત પ્રયત્ન કરીશ.

(૪) હિંદુસ્તાનના આર્થિક, રાજકીય તથા નૈતિક ઉદ્ધારને અર્થે સ્વદેશી ખાસ આવશ્યક છે એમ હું માનું છું અને હું બીજાં તમામ કપડાંનો ત્યાગ કરી હાથે કાંતેલી તથા હાથે વણેલી ખાદીનો ઉપયોગ કરીશ.

(૫) હિંદુ તરીકે હું અસ્પૃશ્યતાનું કલંક દૂર કરવું જરૂરી તથા ન્યાયયુક્ત છે એમ માનું છું. જ્યારે જ્યારે બની શકે તેમ હોય ત્યારે ત્યારે તેમના અંગત સંબંધમાં આવવાના પ્રસંગો હું શોધીશ તથા અંત્યજ જાતિઓની સેવા કરવાનો પ્રયત્ન કરીશ.

(૬) હું મારા ઉપરી અમલદારોની સૂચનાઓનું તથા સ્વયંસેવક સમિતિ અથવા કારોબારી સમિતિ અથવા તો મહાસભાએ સ્થાપેલી બીજી કોઈ સંસ્થા આ પ્રતિજ્ઞાના તત્ત્વથી વિરોધી ન હોય તેવા જે નિયમો રચશે તે તમામનું પાલન કરીશ.

(૭) મારા ધર્મ તથા દેશને ખાતર ગુસ્સો કર્યા વિના હું જેલ, મારપીટ તથા મોતને પણ બરદાસ્ત કરી લેવા તૈયાર છું.

(૮) હું જેલમાં જાઉં ત્યારે મહાસભા પાસેથી મારા કુટુંબ માટે અથવા મારા ઉપર આધાર રાખનારાઓ માટે કોઈ પણ જાતની મદદ હું માગીશ નહીં.

આ મહાસભાનો વિશ્વાસ છે કે ૧૮ વર્ષનો અને તેની ઉપરનો દરેક શખસ સ્વયંસેવક સૈન્યમાં તરત જોડાઈ જશે.

જાહેરસભાઓ ભરવાની બંધીનું જાહેરનામું નીકળ્યું હોવા છતાં અને સમિતિઓની સભાઓને પણ જાહેરસભાઓ ગણવાનો પ્રયત્ન થયેલો હોવાથી, આ મહાસભા, સમિતિઓ તથા જાહેરસભાઓ ભરવાની સલાહ આપે છે. જાહેરસભાઓ બંધ જગામાં ટિકિટો રાખીને તથા અગાઉથી જાહેર કરીને ભરાય, તેમાં બનતા સુધી પહેલેથી જેમનાં નામો જાહેર કર્યાં હોય એવા વક્તાઓ પોતાનાં લખેલાં ભાષણો કરે તથા ઉશ્કેરણી અને તેને પરિણામે લોકો તરફથી તોફાન થવાનો સંભવ એ બંને ટાળવાની પૂરેપૂરી કાળજી રાખવામાં આવે.

આ મહાસભાનો એવો અભિપ્રાય છે કે કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થા તરફથી પોતાની સત્તાનો આપખુદી, જુલમી અને મર્દાની હરી લેનારો ઉપયોગ થતો અટકાવવા સારુ બીજા બધા ઉપાયો અજમાવી લીધા પછી હથિયારબંધ બળવાની અવેજીમાં કાયદાનો સવિનયભંગ કરવો એ જ એકમાત્ર સુધરેલો અને અસરકારક ઉપાય છે. તેથી આ મહાસભા દરેક કાર્યકર્તાઓ તથા બીજાઓ જેમની શાંતિમય સાધનોમાં શ્રદ્ધા હોય અને જેઓની ખાતરી થઈ ગઈ હોય કે ચાલુ સરકારને હિંદુસ્તાનના લોકો પ્રત્યેના કેવળ બિનજવાબદાર

Gandhi Heritage Portal

સ્થાનેથી ઉતારી પાડવાનો કોઈ ને કોઈ પ્રકારના આપભોગ સિવાય બીજો ઉપાય નથી, તેઓને સલાહ આપે છે કે તેમણે વ્યક્તિગત સવિનયભંગ આદરવો અને જ્યારે તેમને લાગે કે લોકસમૂહ અહિંસાનું તથા દિલ્હીમાં મળેલી છેલ્લી મહાસમિતિએ જણાવેલી તેને લગતી બીજી શરતોનું પાલન કરવા પૂરતો કેળવાયો છે ત્યારે સામુદાયિક સવિનયભંગ પણ આદરવો.

આ મહાસભાનો એવો અભિપ્રાય છે કે વ્યક્તિગત અથવા સામુદાયિક સવિનયભંગ (તે હુમલાના સ્વરૂપનો હોય કે બચાવના સ્વરૂપનો હોય) યોગ્ય સાવચેતી રાખીને તથા કારોબારી સમિતિ અથવા પોતાની પ્રાંતિક સમિતિ વખતોવખત જે સૂચનાઓ કાઢે તેને અનુસરીને ઉપાડવામાં આવે. તેમાં તમામ શક્તિ એકાગ્ર કરી શકાય એટલા માટે મહાસભાની બીજી તમામ પ્રવૃત્તિઓ જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરૂર જણાય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તેટલે દરજ્જે મોકૂફ રાખવામાં આવે.

આ મહાસભા ૧૮ વર્ષના તથા તે ઉપરના તમામ વિદ્યાર્થીઓને અને તેમાંય ખાસ કરીને રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાઓમાં ભણતા હોય તેમને તથા તેવી સંસ્થાઓના અધ્યાપકોને ઉપર જણાવેલા પ્રતિજ્ઞાપત્ર ઉપર તુરતાતુરત સહી કરવાનું અને રાષ્ટ્રીય સ્વયંસેવક સૈન્યમાં જોડાઈ જવાનું નિમંત્રણ કરે છે.

મહાસભાના કાર્ય કરનારાઓના મોટા ભાગનું પકડાઈ જવાનું હાથવેંતમાં હોવાથી આ મહાસભા પોતાનું સામાન્ય તંત્ર જ્યારે જ્યારે બની શકે ત્યારે તેનો હમેશની રીતે ઉપયોગ કરવાને માટે અકબંધ રહેવા દઈને મહાત્મા ગાંધીને બીજી સૂચનાઓ નીકળે ત્યાં સુધી મહાસભાના સરમુખત્યાર નીમે છે અને મહાસમિતિની તમામ સત્તા તેમને સોંપે છે. તે સત્તામાં મહાસભાની ખાસ બેઠક બોલાવવાની, મહાસમિતિની અથવા કારોબારી સમિતિની સભાઓ બોલાવવાની સત્તાનો સમાવેશ થાય છે. આવી સત્તા મહાસમિતિની કોઈ પણ બે બેઠકો થાય તેના વચલા ગાળામાં તેમને અખત્યાર કરવાનો હક રહેશે. વળી અણધાર્યે પ્રસંગે પોતાની પછીના સરમુખત્યાર નીમવાનો પણ તેમને અધિકાર છે.

એવા ઉત્તરાધિકારી સરમુખત્યાર અથવા તેમના પછી ઉત્તરાધિકારીઓ જે જે બીજા સરમુખત્યારો નીમે તે બધા સરમુખત્યારોને આ મહાસભા ઉપર વર્ણવેલી સત્તા આપે છે.

તેમાં એક શરત એવી છે કે આ ઠરાવમાં જણાવેલી કોઈ બાબતથી મહાત્મા ગાંધીને કે ઉપર જણાવ્યા એવા તેમના કોઈ ઉત્તરાધિકારીને હિંદની સરકાર અથવા બ્રિટિશ સરકાર સાથે મહાસમિતિની મંજૂરી લીધા વિના તથા તે મંજૂરી તેને માટે બોલાવેલી ખાસ મહાસભા પાસે પસાર કરાવ્યા વિના સુલેહની શરતો નક્કી કરવાનો અધિકાર નથી. વળી બીજી શરત એ પણ છે કે મહાત્મા ગાંધી અથવા તેમના ઉત્તરાધિકારીને મહાસભાની પ્રથમ પરવાનગી મેળવ્યા વિના મહાસભાના ધ્યેયોમાં કોઈ પણ સંજોગોમાં કશો ફેરફાર કરવાની સત્તા નથી.

આ મહાસભા જે દેશભક્તો પોતાના અંતરાત્માના અવાજને ખાતર અથવા દેશને ખાતર જેલ ભોગવી રહ્યા છે તેમને મુબારકબાદી આપે છે અને માને છે કે તેમના આપભોગથી સ્વરાજ્યનું આગમન બહુ ત્વરિત થયું છે.[1]

૧. આ પૅરેગ્રાફો હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના છત્રીસમા અધિવેશનના હેવાલમાંથી લેવામાં આવ્યા છે. આ પછીના પૅરેગ્રાફો યંગ ઇન્ડિયા, ૧૯–૧–૧૯૨૨ના અંકમાંથી લેવામાં આવ્યા છે. આ પૅરેગ્રાફોના આમુખમાં જણાવવામાં આવ્યું છે કે "કેન્દ્રવર્તી ઠરાવ રજૂ કરતી વખતે મહાત્મા ગાંધીએ આપેલા ભાષણની, તેમણે સુધાર્યા પ્રમાણેની પ્રત આ પ્રમાણે છે."

Gandhi Heritage Portal

## ગાંધીજીનું ભાષણ

મને ૩૦ મિનિટ મળી છે, પણ તેટલીયે નહીં લઉં એવી મને ઉમેદ છે. મને લાગે છે કે ઠરાવમાં જ તેની બધી સમજૂતી આવી જાય છે. પંદર માસની નિરંતર મહેનત પછી પણ જો તમે પ્રતિનિધિઓ તમારા પોતાના વિચાર ન બાંધી શક્યા હો તો મને લાગે છે કે બે કલાકના મારા ભાષણથી પણ હું તમને ખાતરી નહીં કરાવી શકું. અને આજના મારા ભાષણથી જ જો હું તમારી ખાતરી કરાવવા ધારું તો મને લાગે છે કે તમારા ઉપરથી મારો વિશ્વાસ ઊઠી જાય, કારણ તેથી એમ જ સાબિત થાય કે આંખ આગળની ચીજને પણ તમે જોઈ શકતા નથી.

આ ઠરાવમાં કંઈ નવું નથી કે જે અત્યાર સુધી આપણે વિચાર્યું નથી, જે આપણે કરતા આવ્યા નથી. એમાં કશું ચોંકાવનારું નથી. જેઓએ મહિને મહિને મળતી કારોબારી સમિતિના તથા બબ્બે મહિને મળતી મહાસમિતિના કામકાજનો અભ્યાસ કર્યો છે તેઓ સહેજે સમજી જશે કે આ ઠરાવ એ આપણી પ્રવૃત્તિઓનું સ્વાભાવિક પરિણામ જ છે. અત્યારની સરકારની દમન-નીતિ જોયા પછી તો તમે એ જ નિર્ણય ઉપર આવશો કે મસલત સમિતિએ કરેલો ઠરાવ એ જ કોઈ પણ સ્વમાન જાળવનારા રાષ્ટ્રનો વાઇસરૉયને અને તેની દમનનીતિને જવાબ હોઈ શકે.

સ્વયંસેવકોની પ્રતિજ્ઞામાં રહેલી ધાર્મિક સૂક્ષ્મતામાં હું મારા અંગ્રેજી ભાષણમાં ઊતરવા નથી માગતો. આ ઠરાવનો મુદ્દો હું આ મજલિસને સમજાવવા ઇચ્છું છું. આ ઠરાવ સૂચવે છે કે આપણે નિરાધાર અને આશ્રિત દશામાંથી નીકળી ગયા છીએ. પ્રજાએ એક ઈશ્વર વિના બીજા કોઈની પણ મદદ સિવાય પોતાના ધ્યેયને પહોંચવાનો સંકલ્પ કર્યો છે.

પોતાના હક સ્થાપિત કરવાનો અને દુનિયામાં છાતી કાઢીને ચાલવાનો પ્રજાનો દૃઢ નિશ્ચય અને અડગ ધૈર્ય આ ઠરાવમાં જોવામાં આવે છે. આ ઠરાવ સરકારને કહે છે કે તમારાથી થાય તેટલો સિતમ ગુજારો, તેથી કંઈ વળવાનું નથી. એક દિવસ એવો આવશે જ્યારે તમારે પરાણે પશ્ચાત્તાપ કરતા આવવું પડશે. વેળાસર ચેતો ને હિંદુસ્તાનના ૩૦ કરોડ વતનીઓને તમારા કાયમના કટ્ટા દુશ્મન બનાવી ન બેસો.

આ ઠરાવમાં સરકારને માટે આપણાં દ્વાર મોકળાં છે. વિનીત મિત્રોને પણ ખિલાફતના અને પંજાબના અને તેથી હિંદુસ્તાનની સ્વતંત્રતાના ઝંડા તળે સામેલ થવું હોય, સરકારની દાનત જો ઇન્સાફ પર હોય, જો લૉર્ડ રીડિંગ ન્યાય આપવા માગતા હોય, જો તેમની આ બધું કરવાની દાનત હોય, તો હું તેમને ઈશ્વરને સાક્ષી રાખીને અને ખરા દિલથી જણાવું છું કે તેમને માટે આ ઠરાવનાં દ્વાર ખુલ્લાં છે. પણ જો તેમની દાનત સાફ ન હોય તો બારણાં બંધ છે. ભેગા મળીને મસલત કરી શકાય તેવું છે ને તેમાં હું સામેલ થાઉં; પણ તે મસલત સાચી હોય તો; તેમાં સરખાપણાના હકથી બેસવાનું હોય તો; એ બેઠકમાં આપણે ભીખ માગતા જવાનું ન હોય તો જ. આપણને મહેરબાનીની રાહે કશું જ ન જોઈએ. ભલે આપણામાંથી ઘણાને મરવું પડે. પણ તેઓની દાનત જો સાચી હોય તો હું પ્રજા તરફથી તમને ખાતરી આપું છું કે આ ઠરાવમાં તેમને માટે દ્વાર ખુલ્લું છે.

આ ઠરાવમાં આપણે ઉદ્ધત બનીને યુદ્ધ માગી લેતા નથી, પરંતુ જે સત્તા ઉદ્ધતાઈ ઉપર આરૂઢ થયેલી છે તેને આપણે જરૂર કહેણ આપીએ છીએ. જે સત્તા પોતાનું રક્ષણ કરવા ખાતર વિચારનું અને મંડળો બાંધવાનું સ્વાતંત્ર્ય કચડી નાખવા ઇચ્છે છે — પ્રજાનાં આ બે ફેફસાંને જ દબાવી દઈને તેને પ્રાણવાયુથી વંચિત કરે છે, તેવી સત્તાને હું તમારી તરફથી નમ્ર છતાં

Gandhi Heritage Portal

અમોઘ કહેણ આપું છું. જો એવી કોઈ સત્તા આ દેશમાં હોય તો તેને હું તમારી તરફથી કહેવા ઇચ્છું છું કે એ સત્તા કાં તો જમીનદોસ્ત થઈ જશે, અગર તો આ મહાન કાર્ય બજાવતાં હિંદુસ્તાનનાં હરેક નરનારી આ પૃથ્વીના પડ પરથી નાબૂદ થઈ જશે ત્યાં સુધી જંપીને બેસશે નહીં.

આ ઠરાવમાં દૃઢતા, નમ્રતા અને નિશ્ચય એ ત્રણે રહેલાં છે. જો મસલતમાં ભાગ લેવાની સલાહ આપી શકત તો તમને હું જરૂર સલાહ આપત.

એક મારો પ્રભુ જાણે છે કે શાંતિ મને કેટલી પ્રિય છે. પરંતુ હું ગમે તે ભોગે શાંતિ નથી માગતો. હું પથ્થરની શાંતિ નથી માગતો. હું કબ્રસ્તાનની શાંતિ નથી ઇચ્છતો. આખી દુનિયાના બાણના વરસાદની સામે ખુલ્લી છાતીએ એકમાત્ર ઈશ્વરને આશરે ફરનારા મનુષ્યના હૈયામાં વસતી શાંતિ મારે જોઈએ છે.[1]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९-१-१९२२; तथा रिपोर्ट ऑफ द थर्टी-सिक्स्थ इन्डियन नेशनल कॉंग्रेस
ભાષાંતર : नवजीवन, १-१-१९२२

## ૪૮. અમદાવાદના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ – ૨

[ડિસેમ્બર ૨૮, ૧૯૨૧][2]

ભાઈઓ અને બહેનો,

મેં જે કંઈ અંગ્રેજીમાં કહ્યું છે તે હું તમને ફરીથી નથી કહેતો. જે વાત હું તમને કહું છું તે તમે જાણો છો તેમ જ સમજો પણ છો. આપણો પ્રશ્ન એ છે કે આપણે શીખ ભાઈઓ વિષે શું કરવું. સ્વરાજ્ય મળતાં સુધી તમે હાલમાં જે કંઈ કરી રહ્યા છો તે શાંતિથી કરતા રહો એમ હું તમને કહું છું. તમે સૌ તમારા હેતુઓ વિષે તેમ જ તમારી માન્યતા વિષે પણ શાંતિ કેળવો. તમારા કામકાજમાં તો તમે હમેશ શાંતિ જાળવો છો, પરંતુ ભાષા પણ શુદ્ધ રાખવી જોઈએ. અત્યાર સુધી આપણી વાણી શુદ્ધ નથી રહી. શાંતિપૂર્વક કામ કરનારની વાણી પણ શુદ્ધ રહેવી જોઈએ. આપણા દિલમાં જે ગુસ્સો છે તેને જો આપણે સંઘરી રાખવા માગતા હોઈએ તો મારે કહેવું જોઈએ કે તમારે માટે વાણી અને કર્મની શાંતિ રાખવી અસંભવિત છે. દરેક સ્ત્રીપુરુષે કાંઈ પણ કામ કરવું હોય તો હું કહીશ કે આપણે શાંતિના નિયમનું પાલન કરવું જોઈએ. તેમણે શાંતિના શપથ લઈને, એટલે કે મનમાંથી ગુસ્સો કાઢી નાખીને કામ કરવું. હું તમને એ કહેવા માગું છું કે જો તમે હિંદુસ્તાનને આઝાદીના ધ્યેય સુધી પહોંચાડવા માગતા હો તો આ શપથ જરૂર લેજો. જો તમે આ વાત નહીં માનો તો આ કામને નુકસાન પહોંચાડશો. એથી હિંદુ તેમ જ મુસલમાન બંનેને નુકસાન પહોંચશે.

પાગલ હિંદુ કહેશે કે મુસલમાનોએ સોમનાથનું મંદિર તોડયું તો એ જ રીતે પાગલ મુસ્લિમ બીજી જ વાત કરશે. તે અફઘાનિસ્તાનની તાકાતને સંભારશે. જો તમે શાંતિ છોડી

૧. આ પછી ગાંધીજીએ હિંદીમાં ભાષણ આપ્યું; આ ભાષણ માટે જુઓ આ પછીનો લેખ.
૨. ૩૬મી હિંદી રાષ્ટ્રીય મહાસભાના હેવાલ પરથી.

Gandhi Heritage Portal

દેશો તો શાંતિ જળવાશે નહીં. શાંતિ રાખવાથી જ શાંતિ જળવાઈ રહેશે. આજે હિંદુસ્તાનની જે પરિસ્થિતિ છે તેનો પણ વિચાર કરવો જોઈએ. હિંદુસ્તાનમાં આપણે પારસી, હિંદુ તથા મુસલમાન પરસ્પર પ્રેમથી રહીએ એવું જો તમે ઇચ્છતા હો તો આ શપથ લેવા જ રહ્યા. અને જો તલવાર ખેંચીશું તો કામ પાર નહીં પડે. જે લોકો એવા છે તેઓ અંગ્રેજો પાસે ચાલ્યા જશે. બીજી પણ એક વાત છે, અને તે એ કે આપણે જેલ જવા તૈયાર છીએ. મારપીટ સહન કરવા તૈયાર છીએ. મોતને પણ ભેટવા તૈયાર છીએ. આપણે એ પ્રમાણે કરવું જોઈએ એમ આપણો ધર્મ કહે છે. હવે બીજી શરત કઈ છે? બીજી શરત એ છે કે આપણે ગુસ્સો કાબૂમાં રાખી તેને સહન કરીએ. જો ગુસ્સા ઉપર કાબૂ નહીં રાખીએ તો આ સહન કરવાની વાત નામની જ રહેશે. હજરત અલી ઉપર એક માણસ થૂંક્યો ત્યારે તેમણે ગુસ્સો ન કર્યો. એમણે ગુસ્સો કર્યો હોત તો ઇસ્લામ આજ સુધી ટકી ન શકત. આ તો આપણી પુરાણી રીત છે. એ "ગુરુ ગ્રંથસાહેબ"માં પણ નથી કે "કુરાન"માં પણ નથી. આપણો ધર્મ શીખવે છે કે જો આપણે સબૂરીથી કામ લઈશું તો ઈશ્વર કહેશે સારું કર્યું. તલવાર ચલાવવી ઠીક નથી. જો આપણે આ રીતે કામ કરવા માગતા હોઈએ તો સારી વાત છે. જો તમે તમારો પ્રાણ આપવા તૈયાર હો તો જરૂર આપો. દેશને માટે મૃત્યુને ભેટવું એ આત્મહત્યા નથી. આત્મહત્યા હિંદુ અને મુસલમાન બંને માટે ખરાબ વસ્તુ છે. જો તમે કોઈ સ્ત્રીની લાજ લૂંટવા માગતા હો તો તેના કરતાં ડૂબી મરવું સારું. આત્મહત્યા સારી વસ્તુ નથી પણ આ જાતની આત્મહત્યામાં કંઈ જ ખોટું નથી.[1] તમે પંદર મહિનાથી કામ કર્યું છે એવું જ કામ કરવું જોઈએ. શાંતિ રાખવાથી કંઈક લાભ થયો છે કે નહીં, અસહકારમાં કંઈ કસ છે કે નહીં? સ્વરાજ્ય તો સંયમ રાખવામાં છે. સ્વરાજ્ય ઢીલા મનના માણસો માટે નથી. શૌકતઅલી હોત તો કહેત કે સ્વરાજ્ય માટે જાન આપવા પડશે. સ્વરાજ્ય માટે એ કોઈ મોટી વાત નથી. જો તમે કામ કરવા માગતા હો તો હું તમને મારી પોતાની વાણીમાં કહેવા માગું છું. હું ઈશ્વરને પ્રાર્થના કરીને તમને કહું છું કે કોઈ માણસ તમને કંઈક વાત કહે તો એકાંતમાં એક ઓરડામાં જઈને ઈશ્વરની મદદ માગજો. જો તેમ ન કરી શકો તો તમારા મનને પૂછી જુઓ કે જે વાત હું તમને કહી રહ્યો છું તે મહત્ત્વની છે કે નહીં. જો જવાબ નકારમાં મળે તો તમે આ પ્રસ્તાવ ફેંકી દેજો. જો મારી વાત મહત્ત્વની લાગે તો એની કદર કરજો. અને કદર કરવા માગો તો ઠરાવમાં લખેલી વાત સ્વીકારજો. હવે મેં ઉપર કહ્યો તેવો કોઈ પણ માણસ આનો શો જવાબ આપશે? જો કોઈ આની વિરુદ્ધ વર્તશે તો ભારે મુશ્કેલી થશે. તમે એ રીતે કામ કરશો તો સ્વરાજ્ય અને પંજાબનો પ્રશ્ન શાંતિપૂર્વક ઉકેલી ખિલાફત પણ હાંસલ કરશો.

[મૂળ હિંદી]

आज, २–१–१९२२

૧. આજનો હેવાલ અહીં સ્પષ્ટ નથી. છેલ્લાં ત્રણ વાક્યો હિંદી રાષ્ટ્રીય મહાસભાના છત્રીસમા અધિવેશનના હેવાલમાંથી લેવામાં આવ્યાં છે. મૂળ લખાણમાં આ પછીનાં બે વાક્યો અસ્પષ્ટ હોવાથી છોડી દીધાં છે.

Gandhi Heritage Portal

# ૪૯. હસરત મોહાનીના ઠરાવ ઉપર ભાષણ – ૧[1]

અમદાવાદ,
૨૮ ડિસેમ્બર, ૧૯૨૧

અધ્યક્ષ મહોદય, ભાઈઓ તથા બહેનો,

મને દુઃખ થાય છે કે આપણી વચ્ચે આજે એવા પ્રતિનિધિઓ પણ બેઠા છે કે જેઓ વગરવિચાર્યે અમારે આ જોઈએ છે અને અમારે તે જોઈએ છે એવી માગણી કરે છે. એ પરથી એવું સ્પષ્ટ દેખાય છે કે આપણે કેવા સમયને આરે આવીને ઊભા છીએ તેનો આપણને ખ્યાલ નથી. સાથે સાથે મને એ વાતનો આનંદ છે કે આપણામાં એવા પણ માણસો છે જેઓ કંઈ પણ કહેતાં ડરતા નથી. આજે પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે જ્યાં પહેલાં આપણે સ્વરાજ્યનું નામ લેતાં ડરતા હતા ત્યાં આપણે એમ કહી શકીએ છીએ કે અમારાથી બ્રિટિશ સલ્તનત સાથે નહીં રહેવાય, અમારે પૂરી આઝાદી જોઈએ. આથી પણ મોટી વાત કહેતાં આપણે ડરતા નથી તેની મને ખાતરી છે.

તમે સાંભળ્યું કે હસરત મોહાનીએ આપણી સામે કેવો બૉમ્બગોળો મૂકયો છે. એમણે એક જ વાત મૂકી છે કે આપણને પૂર્ણ સ્વરાજ જોઈએ છે. આ ઠરાવ પાછલા ઠરાવનો વિરોધી છે, અને "કૉંગ્રેસ નીતિ"નો પણ વિરોધી છે. હસરત સાહેબના ઠરાવનો અર્થ એ જ થાય છે કે આપણે નાની વાતનો અમલ કરી શકતા નથી, અને મોટી વાતનો વિચાર કરવા માગીએ છીએ. એમના ઠરાવમાં જે કાંઈ સારું છે તે બધું કૉંગ્રેસના પ્રસ્તાવમાં તો છે જ. હસરત સાહેબના ઠરાવથી ઘણા લોકો ભીરુ બની જશે. હજી સુધી આપણે હિંદુમુસ્લિમ એકતા પણ સારી રીતે સાધી શકયા નથી. એ પહેલાં આપણે મોટી વાતો કરવા માગીએ છીએ. એથી આપણું કામ બગડે છે. તમે હસરત સાહેબનો ઠરાવ નાપસંદ કરશો એવી હું આશા રાખું છું.

[મૂળ હિંદી]

भारतीय राष्ट्रीय कॉंग्रेसना छत्रीसमा अधिवेशननो हेवाल

૧. કૉંગ્રેસ અધિવેશનમાં, હસરત મોહાનીના ઠરાવ અંગે કરેલું ભાષણ. એ ઠરાવ આ પ્રમાણે હતો: "હિંદી રાષ્ટ્રીય મહાસભાનું ધ્યેય ભારતની જનતા દ્વારા તમામ કાયદેસરનાં અને શાંતિપૂર્ણ સાધનોના જોરે બધી જાતનાં વિદેશી નિયંત્રણોથી સદંતર મુક્ત હોય એવું સ્વરાજ્ય અથવા પૂર્ણ સ્વતંત્રતા મેળવવાનું છે." ગાંધીજીએ પહેલાં હિંદીમાં અને ત્યાર બાદ અંગ્રેજીમાં ભાષણ કર્યું. અંગ્રેજી ભાષણ માટે જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

# ૫૦. હસરત મોહાનીના ઠરાવ ઉપર ભાષણ – ૨

ડિસેમ્બર ૨૮, ૧૯૨૧

સ્વતંત્રતા બાબતની હસરત મોહાનીની દરખાસ્ત પરનું ગાંધીજીનું સુધારેલું ભાષણ નીચે પ્રમાણે છે :

મિત્રો,

શ્રી હસરત મોહાનીની દરખાસ્ત અંગે મેં માત્ર થોડી વાત (હિંદીમાં) જણાવી છે. હું તમને અંગ્રેજીમાં જે જણાવવા માગું છું તે એટલું જ છે કે, તમારામાંથી કેટલાકે આ દરખાસ્ત પ્રત્યે જે ઉદાસીનતા બતાવી છે તેથી મને દુ:ખ થયું છે. તેમાં જવાબદારીનો અભાવ જણાતાં મને દુ:ખ થયું છે. જવાબદાર સ્ત્રીપુરુષો તરીકે આપણે નાગપુર અને કલકત્તાના દિવસોનો ખ્યાલ કરવો જોઈએ. અને માત્ર એક કલાક અગાઉ આપણે જે કંઈ કર્યું તે યાદ કરવું જોઈએ. ખિલાફત અને પંજાબના અન્યાયોના છેવટના નિકાલનો તથા અમુક ચોક્કસ સાધનો વડે નોકરશાહીના હાથમાંથી લોકોના હાથમાં સત્તાની ફેરબદલીનો વાસ્તવિક હેતુ ધરાવતો ઠરાવ આપણે એક કલાક પહેલાં પસાર કર્યો છે. એક ખોટો મુદ્દો ઊભો કરીને અને હિંદુસ્તાનના વાતાવરણમાં બૉમ્બગોળો ફેંકીને તમે શું તમારા મનમાંથી એ આખી પરિસ્થિતિને ભૂંસી નાખવા માગો છો? તમારામાંથી જેમણે આગલા ઠરાવને ટેકો આપ્યો છે તેઓ આ ઠરાવ હાથ પર લેતાં પહેલાં અને તેના પર મત આપતાં પહેલાં પચાસ વાર વિચાર કરશે એવી હું આશા રાખું છું. આપણે ખરેખર ક્યાં છીએ તેનું આપણને ભાન નથી એવો આરોપ દુનિયાનો વિચારશીલ વર્ગ આપણા પર મૂકશે. આપણે આપણી મર્યાદાઓ પણ સમજી લઈએ. હિંદુઓ અને મુસલમાનો પોતાની વચ્ચે સંપૂર્ણ અને અતૂટ એકતા નિર્માણ કરે. "હા, હિંદુમુસ્લિમ એકતા હિંદુસ્તાનની રાષ્ટ્રીયતાનું એક અવિભાજ્ય અંગ બની છે" એટલું આજે વિશ્વાસપૂર્વક કહી શકે એવું કોઈ અહીં છે ખરું? પારસીઓ, શીખો, ખ્રિસ્તીઓ અને યહૂદીઓ તથા આજે સાંજે જેમને વિષે તમે સાંભળ્યું તે અસ્પૃશ્યો — એ બધા લોકો આવા કોઈ વિચાર સામે ખડા નહીં થાય એમ મને કહી શકે એવું અહીં કોઈ છે ખરું? એટલે જે પગલાંથી તમારી પ્રતિષ્ઠા વધવાની નથી, તમને કોઈ લાભ થવાનો નથી, પણ જેનાથી તમને ભરપાઈ ન થઈ શકે એવું નુકસાન થવા સંભવ છે તેવું કોઈ પણ પગલું ભરતાં પહેલાં તમે પચાસ વાર વિચાર કરજો. આપણે સૌ પ્રથમ તો આપણી તાકાત એકઠી કરીએ. સૌ પ્રથમ આપણે આપણા ઊંડાણનો તાગ કાઢી લઈએ. જેનું ઊંડાણ આપણે જાણતા નથી તેવા પાણીમાં આપણે નહીં ઊતરીએ, અને શ્રી હસરત મોહાનીનો આ ઠરાવ તમને અગાધ ઊંડાણમાં ઊતારી દે છે. માત્ર એક જ કલાક પહેલાં તમે પસાર કરેલા ઠરાવમાં તમને શ્રદ્ધા હોય તો હું તમને પૂરી શ્રદ્ધાથી આગ્રહ કરું છું કે તમે એ ઠરાવ ઉડાવી દેજો. તમારી સામેનો આ ઠરાવ માત્ર એક ક્ષણ પહેલાં જ તમે પસાર કરેલા ઠરાવની સઘળી અસર ભૂંસી નાખે છે. સિદ્ધાંત શું માણસ ફાવે ત્યારે કપડાં બદલી શકે એના જેવી મામૂલી ચીજ છે? સિદ્ધાંતને ખાતર માણસ યુગયુગાંતરથી મરતો આવ્યો છે અને જીવતો આવ્યો છે. પૂરી વિચારણા કરીને અને ભારે ચર્ચા કર્યા પછી તમે નાગપુરમાં જે નીતિ અપનાવી હતી તે શું તમે ફેરવી નાખશો? એ નીતિ તમે સ્વીકારી ત્યારે એક વર્ષની મર્યાદા

Gandhi Heritage Portal

આંકવામાં નહોતી આવી. એ તો વ્યાપક નીતિ છે. તે પોતાની અંદર સૌને, નબળામાં નબળાને અને સબળામાં સબળાને સમાવી લે છે. અને મૌલાના હસરત મોહાનીની નીતિ તમારા નબળામાં નબળા બંધુઓને આવરી લેતી ન હોવાથી તે સંકુચિત નીતિ તમે અપનાવશો તો તમારામાંના નબળામાં નબળાને રક્ષણ આપવાનો તમારો અધિકાર તમે ખોઈ બેસશો. તેથી સંપૂર્ણ વિશ્વાસથી હું તમને તેમનો આ ઠરાવ ઉડાવી દેવા માટે હાકલ કરું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९-१-१९२२

## ૫૧. આદર્શ કેદી

જેલમાં સામાન્ય કેદીઓને હિંસા કરવા ઉશ્કેરે એ રીતે જેલની શિસ્તની વિરુદ્ધ જઈ અસહકારીઓએ વંદે માતરમ્‌ના પોકાર કરવા જોઈએ? ખોરાકમાં સુધારો કરાવવા અથવા બીજી સગવડો મેળવવા અસહકારીઓએ ભૂખહડતાળ પર ઊતરવું જોઈએ? હડતાળના અને બીજા દિવસોએ જેલમાં કામ કરવાની હડતાળ તેમણે પાળવી જોઈએ? શું અસહકારીઓને પોતાના અંતઃકરણને અસર ન કરતા હોય એવા જેલના નિયમોનો ભંગ કરવાનો અધિકાર છે?

કલકત્તાના એક અસહકારી મિત્ર તરફથી મળેલો આ તાર છે. હિંદુસ્તાનના બીજા એક ભાગમાંથી વળી એક અસહકારી મિત્રે અસહકારી કેદીઓની ગેરશિસ્ત વિષે સાંભળ્યું ત્યારે તેમણે મને જેલની શિસ્ત જાળવવા અંગે કંઈક લખવા જણાવ્યું. આથી ઊલટું, પોતાના પર લાદવામાં આવેલી સઘળી શિસ્તનું યોગ્ય રીતે પાલન કરતા હોય એવા કેદીઓને પણ હું જાણું છું.

હજારો લોકો જેલ જતા હોય ત્યારે, પોતાની અહિંસાની પ્રતિજ્ઞા સાથે સુસંગત રહીને અસહકારી કેદીએ કેવી રીતે વર્તવું તે બરાબર સમજી લેવું ક્યારેક જરૂરી છે. અસહકારની મર્યાદાઓ સમજી લેવામાં નથી આવતી ત્યારે તે કર્તવ્ય બનવાને બદલે સ્વચ્છંદ બની જાય છે અને તેથી ગુનો બની જાય છે. સારા અને નરસા વચ્ચેનો ભેદ ઘણી વાર એટલો બધો સૂક્ષ્મ હોય છે કે તે પારખી શકાતો નથી. પરંતુ એ ભેદ દૂર કરી શકાય તેવો અને સ્પષ્ટ હોય છે.

તો પછી, જેઓ સારા કામ માટે જેલ ગયા હોય અને જેઓ ખરાબ કામ માટે જેલ ગયા હોય એ બેમાં ફરક શો? મોટે ભાગે બંને એક જ જાતનો પોશાક પહેરે છે, એકસરખો ખોરાક ખાય છે અને બહારથી એક જ જાતની શિસ્તને આધીન હોય છે. પરંતુ બીજા પ્રકારના લોકો કમને શિસ્તને આધીન થાય છે અને છાનામાના અને બને તો ખુલ્લંખુલ્લા પણ તેનો ભંગ કરે છે, પણ પહેલા પ્રકારના લોકો સ્વેચ્છાએ અને પૂરી તાકાતથી જેલની શિસ્તનું પાલન કરશે અને પોતે બહાર હોય તેના કરતાં પણ પોતાના ધ્યેયને વધારે લાયક અને ઉપયોગી નીવડશે. કેદીઓમાંના શ્રેષ્ઠ માણસો બહારના કરતાં પણ જેલમાં વધારે સેવા બજાવે છે એ આપણે જોયું છે. જેલની શિસ્તનું પાલન જેટલા પ્રમાણમાં વધારે કડકાઈથી કરવામાં આવે તેટલા પ્રમાણમાં સેવાની માત્રા વધવાની.

આપણે જેલોનો જેલો તરીકે નાશ કરી દેવા માગતા નથી એ યાદ રાખવું ઘટે. સ્વરાજની અંદર પણ આપણે જેલોને નભાવવી પડશે. સ્વરાજ સ્થપાશે ત્યારે ખરેખરા ગુનેગારોને છોડી

Gandhi Heritage Portal

મૂકવામાં આવશે અથવા તેમની પ્રત્યે અત્યાર કરતાં ઘણો વધારે સારો વર્તાવ રાખવામાં આવશે એવું તેમને લાગવા દઈશું તો એ વાત આપણને ભારે પડશે. સ્વરાજમાં જેલમાત્ર કેદીને સુધારવાની સંસ્થા બને એમ હું ઇચ્છું છું. તેમાં પણ શિસ્તનું પાલન તો કરાવામાં આવશે જ. એટલે જો આપણે ગેરશિસ્તને ઉત્તેજન આપીશું તો ખરેખર સ્વરાજ આવતું રોકી દઈશું. આપણે સંસ્કારી પ્રજા છીએ અને તેથી ટૂંક સમયમાં ઊંચા પ્રકારની શિસ્ત કેળવી શકીએ તેમ છીએ, એ ધારણાને આધારે ખરેખર સ્વરાજના ઝડપી કાર્યક્રમની કલ્પના કરવામાં આવી છે.

તો, જે રાજ્યને કોઈ ઉથલાવી પાડવા માગતું હોય તેના અન્યાયી અને અનૈતિક કાયદાનો અનાદર કરવાની, સવિનયભંગ જરૂર છૂટ આપે છે પણ તેની સાથેસાથે તેને પરિણામે આવી પડતી શિક્ષાને વિનયપૂર્વક અને સ્વેચ્છાથી તાબે થવાનું અને તેથી જેલની શિસ્ત અને તેને લગતી હાડમારીઓ ખુશીથી સ્વીકારી લેવાનું પણ તેમાં જરૂરી છે.

એટલે હવે એટલું તો સ્પષ્ટ થઈ જાય છે કે સવિનયભંગ કરનાર જેલમાં જાય છે એટલે તેનું વિરોધ કરવાનું કામ સમાપ્ત થાય છે અને તેની કાયદાપાલનની ફરજ શરૂ થાય છે. તેણે કરેલો કાયદાભંગ સવિનય હોવાથી જેલમાં તે કોઈ વિશેષાધિકારનો દાવો કરતો નથી. જેલની અંદર પોતાની આદર્શ વર્તણૂકથી તે પોતાની આસપાસના ગુનેગારોને પણ સુધારે છે. જેલર અને બીજા અધિકારીઓનાં દિલને પણ તે નરમ બનાવે છે. બળ અને જ્ઞાનમાંથી પ્રગટ થતી આવી નમ્ર વર્તણૂક છેવટે જુલમગારના જુલમને પિગળાવી દે છે. તેથી મારો એવો દાવો છે કે સ્વેચ્છાએ દુઃખ સહન કરવું એ જ દુરાચાર અને અન્યાયને દૂર કરવાનો સૌથી ઝડપી અને ઉત્તમ ઉપાય છે.

એટલે હવે એટલું તો સ્પષ્ટ થયું કે અસહકારી માટે જેલની શિસ્તનો ભંગ કરીને વંદે માતરમ્ કે બીજા પોકાર કરવા એ કાયદેસર નથી. જેલના નિયમોનો ચોરીછૂપીથી ભંગ કરવો એ પણ એને માટે એટલું જ ગેરકાનૂની છે. અસહકારી પોતાની સાથેના કેદીઓ અનૈતિક બને એવું પણ કંઈ નહીં કરે. તેને અપમાનિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે અથવા ઘણી વાર થાય છે તેમ દરોગા કેદીઓની સગવડ અંગેના નિયમોનો ભંગ કરે અથવા ઘણી વાર બને છે તેમ માણસથી ખાઈ ન શકાય તેવો ખોરાક આપવામાં આવે, ત્યારે જ ફક્ત જેલના નિયમોનો ઉઘાડેચોક ભંગ કરવાનો અથવા ભૂખહડતાળ પર ઊતરવાનો પ્રસંગ તેને માટે આવી પડે છે. કર્તવ્યરૂપ ગણેલા ધર્મપાલનમાં દરમ્યાનગીરી કરવામાં આવે ત્યારે પણ સવિનયભંગ કરવાનો પ્રસંગ ઊભો થાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इण्डिया, २९-१२-१९२१

Gandhi Heritage Portal

# ૫૨. બંગાળના ડેલિગેટોની મુલાકાત[1]

અમદાવાદ,
ડિસેમ્બર ૨૯, ૧૯૨૧

**મહાત્માજી** : મારી એવી સૂચના છે કે તમને ગમે તે તમે મને પૂછો.

એક ડેલિગેટ : પ્રશ્ન મુશ્કેલ છે. અમારે કેવી રીતે કામ કરવું તે અમે જાણવા માગીએ છીએ.

**મહાત્માજી** : આપણે જે ઠરાવો પસાર કર્યા તેનો સાર ખરેખર એ રીતે આપી શકાય કે સ્વયંસેવકોને વિખેરી નાખવા અંગે અને જાહેર સભાઓની મનાઈ ફરમાવવા અંગેનાં ફરમાનોમાં સરકારે જે દમનની વાત કરી છે તેનો આપણે સામનો કરવા માગીએ છીએ. એટલે સ્ત્રીપુરુષોને સ્વયંસેવકો તરીકે નોંધીને અને જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે અને જરૂર ન હોય ત્યારે પણ જાહેરસભાઓ અને સમિતિની બેઠકો ભરીને જાહેરસભાઓની મનાઈ ફરમાવતાં ફરમાનોનો આપણે સામનો કરીએ. પણ એના બે માર્ગો છે. જરૂર ન હોય ત્યારે પણ જાહેરસભા ભરીને આપણી સામે પગલું ભરવા માટે સરકારને આપણે ઉશ્કેરીએ તે એક માર્ગ છે. પણ મારી સલાહ છે કે એમ ન કરશો. એ પગલું ચીડવનારું બનશે, એના શબ્દાર્થ પ્રમાણે ચીડવનારું નહીં, પણ સંરક્ષણાત્મકથી બરોબર ઊલટું આક્રમણાત્મક, એ અર્થમાં. સંરક્ષણાત્મક પગલાં ખૂટી ન જાય ત્યાં સુધી આપણે આક્રમણાત્મક પગલું ન લેવું જોઈએ; એટલે જ્યાં સુધી તમે સ્વયંસેવકો નોંધીને અને તેમની પાસેથી સામાન્ય રીતે લેવાતું હોય તે રીતે કામ લઈને ચલાવી શકો અને જ્યાં સુધી તમે તમારા હેતુ માટે એટલે તમારા પ્રચાર માટે અને લોકોને કેળવવા માટે જાહેર-સભાથી ચલાવી લઈ શકો તેમ હો ત્યાં સુધી તમે અટકયા વગર આગળ ધપ્યે જાઓ. ખુદ એમાંથી જોખમો ઊભાં થયા વિના રહેશે નહીં. તમે તમારી ફરજ બજાવતા હો ત્યાં સુધી ચિંતા કરશો નહીં. કેદીઓનું શું થાય છે તેની ચિંતા કરશો નહીં. અનેક માર્ગો ખુલ્લા છે. સ્વાભાવિક રીતે જ કેદીઓને છોડાવવાનો એક માર્ગ જેલ જવાનો છે. પરંતુ આપણું ધ્યેય કેદીઓની મુક્તિ મેળવવાનું નહીં પણ સ્વરાજ મેળવી જેલની ચાવી કબજે કરવાનું છે. એ જ આપણું ધ્યેય છે. એટલે તમે કરતા આવ્યા છો તે રીતે, પરંતુ પ્રામાણિક ભાવનાથી, અવિરતપણે, એક ક્ષણ પણ રાહ જોયા વિના, સઘળું રાષ્ટ્રીય કાર્ય કરીને આ ધ્યેયને પહોંચી શકો તો, જેલની બહાર રહેવા કરતાં જેલની અંદર રહેવું, સ્વાર્થની દૃષ્ટિએ જોતાં પણ વધારે આશીર્વાદરૂપ છે એમ હું કહું છું. તમે સૌ સાચા અને પ્રામાણિક માણસો છો એમ હું માની લઉં છું અને મને ખાતરી છે કે તમે સૌ સાચા અને પ્રામાણિક માણસો છો જ; અને તમે સૌ તેવા ન હો તો તેવા થાઓ એમ હું ઇચ્છું છું. તો પછી તમે એ વાતની ખાતરી રાખજો કે જેલ જવા ખાતર જેલ જવા એકે માણસ તૈયાર ન થાય તોપણ આપણે સ્વરાજ હાંસલ કરીશું.

અને તેથી તમારે માટે વધારે કડક શરતો રાખી છે. તમારે સ્ત્રીપુરુષોને સ્વયંસેવકો તરીકે નોંધવાનાં છે. આપણે સૌએ પેલી સાત કે આઠ પ્રતિજ્ઞાઓ પાળવાની છે. અને તેનું પાલન

૧. મહાત્મા ગાંધી અને બંગાળના ડેલિગેટો વચ્ચે "ડિસેમ્બરની ૨૯મીએ અમદાવાદમાં મળેલી પરિષદના હેવાલનો પૂરો પાઠ" એ રીતે આ મુલાકાત મૂળ લખાણમાં પ્રગટ થઈ હતી.

Gandhi Heritage Portal

એક તદ્દન સાચા એવા સ્વરાજની આપમેળેની સિદ્ધિ છે. બધા જ હિંદીઓ જો એ પ્રતિજ્ઞા પર સહી કરે અને જે ભાવનાથી તે લખવામાં આવી છે તે ભાવનાથી તેનું શબ્દશ: પાલન કરે, તો તમારે બીજું કંઈ પણ વધારે કરવાની જરૂર નથી.

બંગાળમાં ખૂબ જ વ્યાપક રીતે અહિંસાનું પાલન થવા છતાં તમારાં મન અહિંસક છે કે કેમ તે વિષે હજુયે મને શંકા છે. આમ છતાં તમે શ્રી દાસે કહેલી વાત યાદ કરો એમ હું ઇચ્છું છું. તેમણે તમને પોતાની સાથે જેલમાં જવાનું નહોતું કહ્યું પણ વિચાર, વાણી અને વર્તનમાં અહિંસક રહેવા જણાવ્યું હતું. આપણામાંથી વિચાર, વાણી અને વર્તનમાં કેટલા લોકો અહિંસક છે? પણ આજે આપણે જેલ જઈએ એવી અપેક્ષા જો તેઓ રાખતા હોય, અને તેઓ ભલે કહે કે ન કહે છતાં તેઓ એવી અપેક્ષા રાખે જ છે, તો એ વિષે કોઈ શંકા નથી કે તેઓ આપણે બધાયે જેલ જઈએ એવી જ અપેક્ષા રાખે છે. પરંતુ આપણે વિચાર, વાણી અને વર્તનમાં અહિંસક બન્યા છીએ એ આપણા જેલ મેળવવાના પ્રયત્નની પૂર્વશરત છે. સાચે જ આપણે કરવાની પ્રથમ વસ્તુ એ છે.

આક્રમણાત્મક ન બનો પણ પ્રતિજ્ઞામાં શું છે તે જાણીને, તેનું મહત્ત્વ સમજીને તેના પર સહી કરીને રક્ષણાત્મક બનો, અથવા પ્રતિજ્ઞા પર બિલકુલ સહી જ ન કરો. પ્રતિજ્ઞાનું પૂરું મહત્ત્વ સમજ્યા વિના તમે સહી કરી હોય તો તમારું નામ પાછું ખેંચી લો. એ પ્રતિજ્ઞામાં તમારી શ્રદ્ધા જરાયે ઢચુપચુ હોય તો કોઈ પણ હિસાબે તમે સામુદાયિક સવિનયભંગ શરૂ નહીં કરો એમ હું ઇચ્છું છું. તે માટે તમારે મારી રાહ જોવી રહી. સવિનયભંગની કલ્પના સંપૂર્ણપણે મારી છે, અને તમને હું કહું છું કે તે મેં ક્યાંયથી ઉછીની લીધી નથી. સવિનયભંગની આખી કલ્પના તમારી સામે મૂકવામાં આવી છે. એનો શબ્દપ્રયોગ મારો નથી. એ માટે હું ખૂબ જ આતુર છું કે આખી દુનિયા માટે મહત્ત્વ ધરાવતા આ અખતરાની અજમાયશ અયોગ્ય કે અશાસ્ત્રીય રીતે ન થવી જોઈએ. તે નિષ્ફળ ન નીવડે અને આપણે નિષ્ફળ ન નીવડીએ એની હું ખાસ તકેદારી રાખવા માગું છું. હું પોતે નિષ્ફળ જાઉં એ જુદી વાત છે. પણ તમે જો કોઈ ભયંકર ભૂલ કરી બેઠા તો જરૂર તમારો દોષ કાઢવામાં આવશે, અને પછી કદાચ તમે ખુદ સવિનય કાનૂનભંગનો જ દોષ કાઢવા માંડશો. એટલે હું કહું છું કે સામુદાયિક સવિનયભંગ બિલકુલ ઉપાડશો નહીં. તમે રક્ષણાત્મક ઢબનો વ્યક્તિગત સવિનયભંગ કરવા પૂરતી જ તમારી મર્યાદા આંકજો. એક નાનું બાળક પણ તે ઉપાડી શકે. આપણે જે કાંઈ કરવાનું છે તે કાર્યક્રમના એક ભાગ પૂરતી આટલી વાત બસ થશે.

હું જાણું છું કે આજે બંગાળમાં અધીરાઈ મોટા પ્રમાણમાં છે અને પરિણામે અસહિષ્ણુતા પણ છે. મને એ પણ કહેવા દો કે મેં બંગાળમાં જોઈ છે એટલી અંદરઅંદરની કડવાશ અને તેને લીધે થતી આવી અસહિષ્ણુતા હિંદુસ્તાનભરમાં બીજે ક્યાંય જોઈ નથી. આ હું તમને કહું તો તમે ગેરસમજ નહીં કરો એની મને ખાતરી છે. મદ્રાસનાં બે જૂથો લો. અસહકારીઓના મૉડરેટ વિભાગનું પ્રતિનિધિત્વ ખરેખર શ્રી કસ્તૂરીરંગા આયંગર ધરાવે છે. ડૉ. રાજન[1] બીજા જૂથના નેતા છે. પરંતુ તેમની વચ્ચેના સંબંધો મીઠા છે. એ પછી સહકારીઓ અને અસહકારીઓનો દાખલો લો. તેમની વચ્ચેના સંબંધો કોઈ પણ હિસાબે બંગાળમાં જેટલા બગડ્યા છે તેટલા બગડ્યા નથી. એ ટીકા કરવાનો પ્રસંગ મને બારીસાલમાં મળ્યો હતો. મેં સૂચવેલો એ વિચાર કદી પ્રગટ

૧. ડૉ. ટી. એસ. એસ. રાજન; અગ્રગણ્ય કૉંગ્રેસી; પાછળથી મદ્રાસમાં પ્રધાન.

Gandhi Heritage Portal

થયો હતો કે નહીં તેની મને ખબર નથી. પણ ત્યારે મેં જે કહ્યું હતું તેનો શબ્દેશબ્દ આજે પણ પૂરેપૂરો સાચો ઠરે છે. આપણી અધીરાઈમાં આપણે માન્યું છે કે આપણે પોતે જ સંપૂર્ણતાના નમૂના છીએ અને આપણાથી જેઓ જુદો મત ધરાવે છે તેઓ દેશના શુભેચ્છકો નથી એટલું જ નહીં પણ તેના દુશ્મનો છે. અને તેથી આપણે માનીએ છીએ કે આપણા શ્રેષ્ઠ નેતાઓ, શ્રી સુરેન્દ્રનાથ બેનરજીનો જ દાખલો લઈએ તો તે પણ દેશના દુશ્મન છે. છાપામાં તેમને વિષે જે લખવામાં આવ્યું છે તે મેં જોયું છે. ખાનગી વાતચીતમાં તેમને વિષે જે કહેવામાં આવે છે તે મેં સાંભળ્યું છે. તેઓ એવા હોય એવું હું માનતો નથી. હું તમને કહું છું કે તેઓ દેશના દુશ્મન નથી. મદ્રાસ જઈને હું કહું કે શ્રી કસ્તૂરીરંગા આયંગર દેશના દુશ્મન છે, તો લોકો મારી વાતનો વિરોધ કરશે, અને તે સહન નહીં કરે; પરંતુ હું જાણું છું કે શ્રી સુરેન્દ્રનાથ બેનરજી દેશના દુશ્મન છે એમ હું કહું તો બંગાળમાં તમે મારી વાત સહન કરી લેશો. અંતિમ વિચાર ધરાવનાર પક્ષની વાત કરીએ. શ્રી ત્યાગરાજ ચેટ્ટી[1] હમણાં જ જાહેર જીવનમાં બહાર આવ્યા છે. તેમનું જીવન જરાયે આશાસ્પદ નથી છતાં તેમને હું દેશના દુશ્મન કહેવા તૈયાર નથી.

**એક ડેલિગેટ :** પરંતુ સર સુરેન્દ્રનાથ બેનરજીનું જીવન કદી આશાસ્પદ નહોતું.

**મહાત્માજી :** મને ખબર છે ત્યાં સુધી તમારે એમ કહેવું પડે છે. એટલે તમારે તમારાં અસહકારને અને અહિંસાને વફાદાર રહેવું હોય તો હું તમને ચેતવું છું કે તમારે આટલા બધા દોષદર્શી થવું ન ઘટે અને આપણા પોતાના દેશબંધુઓ વિષે ભૂંડું ઇચ્છવું ન જોઈએ. અને આખરે એમાં આપણી પોતાની જ નિંદા નથી? કોઈકે મને કહ્યું હતું કે ગયા મહાયુદ્ધ દરમ્યાન એક પણ અંગ્રેજ પારકો જાસૂસ નહોતો બન્યો એમ અંગ્રેજો કહી શકતા હતા એ તેમને માટે ગર્વ લેવાની વાત હતી. પણ આપણે તો આપણા પોતાના સિવાય બીજા બધાને દેશના દુશ્મન ગણીએ છીએ. અલબત્ત, આ વિચાર નિરાશાવાદી જૂથના છે. આપણે પોતાને માટે આવો અતિશય સંકુચિત ખ્યાલ રાખતા હોઈએ ત્યારે આપણે રાષ્ટ્રીય આપઘાત કરી રહ્યા છીએ એમ સમજવું.

અહીં આવેલા એકેએક બંગાળી મિત્રને હું સાવધાન કરવા માગું છું કે તેઓ જો આ કેદીઓને આશાથી ઊભરાતા અને આપણી પોતાની શક્તિથી મુક્ત કરવા માગતા હોઈએ તો તેમને મુક્ત કરવાના અનેક માર્ગો છે. તેમની મુદત પહેલાં તેમને મુક્ત કરવાનો ખૂબ જ સ્વાભાવિક માર્ગ તો તેમને આપણી પોતાની શક્તિ વડે મુક્ત કરવાનો છે. સમયના વહેણની સાથે તેઓ મુક્ત થાય એ બીજો માર્ગ છે. અને તેમની મુદત પૂરી થતાં તેઓ મુક્ત થાય તે ત્રીજો માર્ગ તો સાવ નિર્બળ બનાવી દેનારો માર્ગ છે. પરંતુ તેઓ જેલમાંથી બહાર આવશે ત્યારે તેમને જે નવું હિંદુસ્તાન જોવા મળશે તે તેમની આશાઓ મુજબનું નહીં હોય, પરંતુ જેમાં તેઓ એકીસાથે બે દિવસ પણ ન રહી શકે તેવું હિંદુસ્તાન હશે. પરંતુ આ છેલ્લી સ્થિતિ આવશે એવી કલ્પના હું કરી શકતો નથી. પરંતુ આ અસહિષ્ણુતાની ભાવના જો આપણને ઘેરતી જ રહેશે તો આ સ્થિતિ ઊભી થવાનો ગંભીર સંભવ રહે છે. એ ભાવના ખુદ અસહકારની ભાવનાની વિરુદ્ધની છે. અસહકાર એ કંઈ હતાશાનો સિદ્ધાંત નથી. અસહકાર એ તિરસ્કાર અને નિરાશાનો સિદ્ધાંત નથી. એ પ્રેમનો સિદ્ધાંત છે. પરંતુ આપણે જેની સામે અસહકાર કરી રહ્યા છીએ તે સરકાર

૧. મદ્રાસમાં જસ્ટિસ પક્ષના સ્થાપક.

Gandhi Heritage Portal

વિષે તમે અત્યારે જ વિચાર કરો એમ હું ઇચ્છતો નથી. તમે પોતાના દેશબાંધવો પ્રત્યે ઉદાર બનો એટલું જ હું માગું છું. ભલે તેઓ મૉડરેટ હોય, સરકારી નોકર હોય, પોલીસમાં હોય કે સી. આઈ. ડી.માં હોય, તેઓ ભલે ગમે તે હોય તોપણ તેમના પ્રત્યે તમે ઉદાર બનો એવું હું ઇચ્છું છું. અને તમે આટલું કરી શકશો તો આપણી શક્તિ આજના કરતાં ઘણી જ વધી જશે. આ એક જ બાબત વિષે હું તમને જેટલો આગ્રહ કરું તેટલો ઓછો છે.

મોતીબાબુ સાથે મારે થયેલી વાતચીત હું અહીં આપી શક્યો હોત તો મને ખુશી થાત. હું તેમને છેલ્લો કલકત્તામાં મળ્યો ત્યારે તેમની સાથે મારે જે વકીલો વિષે વાતચીત[1] થઈ અને તેમના પ્રત્યે કઠોર ન થવા તેમણે મને જે રીતે જણાવ્યું તેનું હું વિગતે વર્ણન કરી શકું તેમ નથી. હું જાણું છું કે પુરવાર થઈ શકે એવી ઘણીય અણગમતી વાતો મેં કહી હતી. અને તે યોગ્ય હતી, અને તે પણ કોઈ અનુદાર ભાવનાથી નહીં અને તેમને આપણાથી અલગ કરવાના હેતુથી તો અલબત્ત નહીં જ. તેમને તેમની આગેવાનીમાંથી અથવા તેમની પાસેની એકહથ્થુ આગેવાનીમાંથી હઠાવવા જોઈએ એ માટે હું આતુર હતો.

પણ તેમને કલંકિત કરીને જાહેર જીવનમાંથી હાંકી કાઢવાનો મારો કદી સહેજ પણ ઇરાદો નહોતો. તેથી ઊલટું, હું દરેક વકીલને, વકીલાત કરનાર વકીલને સુધ્ધાં, રાષ્ટ્રીય સેવાકાર્યમાં જોડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પણ તે જો શરતોનું પાલન ન કરે તો અસહકારની સમિતિઓ વગેરે પર અધિકૃત રીતે કામ ન કરી શકે. પરંતુ એક એવો સવાલ જરૂર ઊભો થાય છે કે વકીલો તે પ્રમાણે ન કરે — અને આ સવાલ પર નાગપુરમાં ગરમાગરમ ચર્ચા થઈ હતી — તો બીજાઓ, દાખલા તરીકે વેપારીઓ જો શરતોનું પાલન ન કરે તો તેમને વિષે શું સમજવું? આ વાત શ્રી કેળકરે ભારપૂર્વક જણાવી હતી અને એક વાર તો તેમણે મને જાહેર સભામાં પડકાર પણ કર્યો હતો અને હું વેપારીઓ તરફ પક્ષપાત કરું છું એવો ઇશારો પણ કર્યો હતો, પણ એ વાત અલબત્ત ખોટી હતી. પરંતુ મારા ભાષણમાં મેં કહ્યું તેમ વકીલો આગેવાનો હતા એ કારણે આપણે તેમની પાસેથી વધારે આશા રાખી હતી. અને વેપારીઓએ કદી નેતા બનવાની મહત્ત્વાકાંક્ષા સેવી નહોતી એટલે તેમની પાસેથી આપણે ઓછી આશા રાખી હતી. આપણે તેમની પાસેથી પૈસા ઉપરાંત કશું લીધું નથી. એટલે વેપારીઓ પાસેથી ઘણી મોટી અપેક્ષા ન રાખી શકાય. વકીલો અને વેપારીઓ વચ્ચે કોઈ ઝઘડાનો પ્રશ્ન જ નથી. પણ એ એક વાત છે, અને શરતોનું પાલન ન કરતા હોય તેમને આપણે આપણી વચ્ચેથી દૂર કરતા ન હોઈએ છતાં વકીલોને આપણાં મંડળોમાંથી હાંકી કાઢવા જોઈએ એમ કહેવું એ તદ્દન જુદી વાત છે. જો શરતોનું પાલન ન કરતા હોય એવા વેપારીઓ આપણી વચ્ચે હોય તો વકીલો પ્રત્યે આપણે ઉદાર બનીએ, અને તેમના જ્ઞાન અને સેવાનો યોગ્ય અને ગૌરવભરી રીતે લાભ લઈએ. એટલે મેં સૂચવી તે રીતે, મર્યાદિત રીતે, તમે એકેએક વકીલની મદદ લઈ શકો છો કે નહીં તે જોવા હું તમને કહું છું. તમારી સમિતિઓના પ્રમુખ તરીકે તમે વકીલોને નીમો એમ હું ઇચ્છતો નથી. આજે તો બેપરવાઈની હદ સુધી પહોંચે એવી નિર્ભયતાની સૌથી વધારે જરૂર છે એટલે એમ કરવું ભયંકર નીવડશે એની મને જરાયે શંકા નથી. અને અહિંસાની પ્રતિજ્ઞા સાથે સુસંગત રહીને આપણે સંપૂર્ણ હિંમતભર્યું પગલું ભરવા તૈયાર ન થઈએ તો આપણી પાસે જે મર્યાદિત સમય છે તેમાં કદાચ આપણે આપણો કાર્યક્રમ પૂરો ન કરી શકીએ. તેથી નેતાગીરી સિવાયનાં

૧. જુઓ પુસ્તક ૧૮, પા. ૨૩૮-૪૦.

Gandhi Heritage Portal

બીજાં બધાં કામોમાં વકીલોની સેવા લેવા હું તમને વિનંતી કરું છું. અને કોઈ અંત્યજ પાસે લોખંડી હિંમત હોય, શૂરવીર દિલ હોય, અને પોતાની છેક જ નિકટનાં બાળકો અને સગાં-સંબંધીને સુધ્ધાં તથા પાસેમાં પાસેની ને પ્રિયમાં પ્રિય એવી પાર્થિવ વસ્તુઓને પણ હોમી દેવાની તેની તમન્ના હોય, આ બધું છોડીને આ માર્ગે જવા એ તૈયાર હોય તો બધી રીતે સંપૂર્ણ સદ્‌ગૃહસ્થ હોય એવા અને પોતાના ધંધામાં અપૂર્વ સફળતા ધરાવનાર તેજસ્વી વકીલ કરતાં કોઈ પણ વખતે એક અંત્યજ અત્યંત ચડિયાતો પ્રમુખ નીવડે એમ હું તો કહું. એટલે તમારા પ્રમુખો તરીકે પ્રામાણિક અને બહાદુરમાં બહાદુર માણસો સિવાય બીજા કોઈને પણ પસંદ ન કરવા હું તમને નિશ્ચયપૂર્વક જણાવું છું. પરંતુ એમ છતાં હું તમને તેમનો સહકાર શોધવા જણાવું છું. ચાલતે ચીલેથી ઊતરીને પણ વકીલોનો સહકાર મેળવો. પણ મેં તમને જણાવી છે તેના કરતાં આ બાબત વળી વધારે ગૌણ છે. સૌ પ્રત્યે ઉદાર બનજો. સ્વરાજના આપણા કાર્યક્રમમાં આપણે તેમને આપણી સાથે રાખવા માગીએ છીએ એ યાદ રાખજો. આપણા દેશબંધુઓને આપણે તેનાથી વિમુખ રાખવા માગતા નથી. અને જો આપણે તેમની સહાનુભૂતિ અને સહકાર ન મેળવી શકતા હોઈએ તો આપણામાં કંઈક ખામી હોવી જોઈએ. એ વાત તો ચોક્કસ છે કે અહિંસાની પ્રતિજ્ઞાનું આપણે શબ્દમાં અને તત્ત્વમાં પાલન નથી કર્યું. તેથી, ખરેખર હું તમને આ બધી બાબતો વિચારવા અને તે યાદ રાખવા કહું છું. મારે આનાથી કંઈ વધારે કહેવાનું હોય એવું મને લાગતું નથી.

ઠરાવ અનુસાર વકીલાત કરનાર વકીલ દેશની કેવી રીતે સેવા કરી શકે એમ પૂછવામાં આવતાં મહાત્માજીએ જણાવ્યું :

વકીલાત કરનાર વકીલ ખાદી જરૂર પહેરી શકે, પણ તે સ્વયંસેવક ન બની શકે.

સવાલ : ધારો કે કોઈ વકીલને કેવળ જરૂર હોવાથી જ વકીલાત ચાલુ રાખવી પડતી હોય તો તે સ્વયંસેવક ન બની શકે, તેને બહોળા કુટુંબનું ભરણપોષણ કરવાનું હોય તો તે જેલ-જવાનું જોખમ ન ઉઠાવી શકે.

**મહાત્માજી :** હું જાણું છું. આપણે હજારો લોકો માટે ગુજરાનનાં સાધનો મેળવી શકીએ તેવો સંભવ ન હોવાથી, આવા વકીલોએ અને આવા માણસોએ આજે બહાર જ રહેવું જોઈએ. અને હાલનો ઠરાવ, ગુણવત્તાને ભોગે વધારેમાં વધારે સંખ્યામાં ભરતી કરવા માટે નહીં, પરંતુ ગુણવત્તા માટેની ઊંચામાં ઊંચી આવશ્યકતાઓ સાથે સુસંગત રહીને વધારેમાં વધારે સંખ્યામાં ભરતી કરવા માટે ઘડવામાં આવ્યો છે. બીજી રીતે કહીએ તો સંખ્યા વધારવા માટે આપણે ગુણવત્તાનો ભોગ ન આપવો જોઈએ. સંખ્યાની શોધમાં આપણે જો ગુણવત્તાનો ભોગ આપીશું તો ખરેખર સ્વરાજ પાછું ઠેલાશે અને મારી એવી આગાહી છે કે અંતે આપણે લડાઈ હારી જઈશું. મને કહેવા દો કે અમદાવાદની મિલોના બધા જ મજૂરોને હું લાવી શકું તેમ છું—આજે તેમની સંખ્યા પચાસ હજારની છે—પરંતુ એમાંનો એક પણ સમજ્યા વિના પ્રતિજ્ઞા પર સહી કરે એમ હું ઇચ્છતો નથી. જેઓ વર્ષો થયાં લડતમાં હોય, પ્રતિજ્ઞાનું મૂલ્ય સમજતા હોય, માત્ર તેમને જ હું લેવા માગું છું. આવી જાતના મૂઠીભર માણસો વડે પણ સ્વરાજ મેળવવાનો માર્ગ મને દેખાય છે. અહિંસા શું છે એ ન સમજતા હોય અને હિંસા કરવાની પોતાની નિર્બળતાને લીધે કૉંગ્રેસના કાર્યક્રમનું પાલન કરતા હોય કે તે પાલન કરવાનો દેખાવ કરતા હોય, તેવા કરોડો સ્વયંસેવકોની મારે જરૂર નથી. એના કરતાં તો તેઓ સહકારી બને, સરકારને પક્ષે જાય અને મનમાં આવે તેમ કરે એમ હું ઇચ્છું.

Gandhi Heritage Portal

પ્ર. : એ રીતે તો માણસોને અભાવે કેટલેક ઠેકાણે કામ થંભી જશે.

**મહાત્માજી** : જેલમાં જવા ન માગતા હોય તેવા અનેક માણસો અને મંડળો તમારા કામ-કાજ માટે તમારી આજુબાજુ હોય એનો મને વાંધો નથી. અસ્પૃશ્યોમાં કામ કરવા માટે, મદ્યનિષેધ અંગે અથવા સ્વદેશી અંગે તેમની મદદ જરૂર લેજો, પરંતુ તેઓ સ્વયંસેવકદળોના[1] સભ્યો ન થઈ શકે. સરકારી ફરમાનનો ભંગ કરીને સ્વયંસેવકદળોની રચના કરવામાં આવે છે અને ચોખ્ખા મનના હોય તેઓ જ જેલ જવાને લાયક છે.

**શ્રીયુત અનંગ મોહન ઘોષ** : એ હું સ્વીકારું છું. પરંતુ, બુદ્ધિશક્તિ વિનાની કેવળ ત્યાગ-ભાવના નેતાગીરી માટે પૂરતી છે?

**મહાત્માજી** : ત્યાગભાવના અને પ્રામાણિકતા, એ બે બાબતો જરૂરી છે. મેં કહ્યું છે કે તમારી પાસે પ્રામાણિક અને બહાદુર માણસ હોય તો તે આજે નેતાગીરી કરી શકે.

**અનંગબાબુ** : તેની પાસે બુદ્ધિશક્તિ પણ હોવી જોઈએ.

**મહાત્માજી** : સમજપૂર્વક ભોગ આપતો હોય એવો કોઈ પણ માણસ દોરવણી આપવા જેટલો બુદ્ધિશાળી ન હોય એ વાત મારી કલ્પનામાં આવતી નથી. સાથે જ, મને લાગે છે કે આજે આવી દોરવણી આપનારાના કોડીબંધ દાખલા હું આપી શકું.

**અનંગબાબુ** : આવા માણસો મળી આવતા નથી એવો અમારો અનુભવ છે.

**મહાત્માજી** : કારણ કે અત્યાર સુધી આપણે આપણા બીજા દેશબંધુઓને તક આપી નથી. ખરેખર, આપણે તેમને અળગા રાખ્યા છે અને અંગ્રેજી જાણતા હોય તે જ દેશભક્ત બને એવો આગ્રહ આપણે અત્યાર સુધી રાખ્યો છે. આ આપણી કમનસીબી છે. બેશક, આવા માણસોની પણ જરૂર છે ખરી.

**અનંગબાબુ** : સમિતિઓનો હવાલો લઈ શકે અથવા પ્રમુખ બની શકે વગેરે કામો માટે જરૂરી લાયકાત ધરાવતા અસહકારીઓ આપણે મેળવી શકતા નથી.

**મહાત્માજી** : મુશ્કેલી છે તેની હું ના પાડતો નથી, પણ આજે આપણી પાસે જે સામગ્રી છે તેનાથી આપણું બધું જ કાર્ય આપણે કરી શકીએ. જરૂર માત્ર એ સામગ્રીને આપણને દોરી શકે એટલી કાર્યક્ષમ, ગતિમાન અને બહાદુર બનાવવાની છે.

**અનંગબાબુ** : સ્વયંસેવકો વિષે વળી બીજો એક પ્રશ્ન : એક એવી કલમ છે કે સ્વયં-સેવકો જેલ જાય તે પ્રસંગે તેઓ કશાયની અપેક્ષા ન રાખે, પરંતુ જ્યાં સુધી તેઓ સ્વયંસેવક તરીકે કામ કરતા હોય ત્યાં સુધી તેમને કંઈ પણ વળતર મળી શકે ખરું ?

**મહાત્માજી** : તેમને તે મળતું હોય તો ભલે મળે, પરંતુ અંગત રીતે હું આ સ્વયંસેવક-દળો માટે જેમને પૈસાની બિલકુલ જરૂર ન પડે એવા માણસો લેવાનો આગ્રહ રાખું. આપણે જે કાર્યક્રમનો વિચાર કરીએ છીએ તે એવો છે કે કોઈ પણ વ્યક્તિ સ્વયંસેવક તરીકે નોંધાય કે યોગ્ય વખતે થોડા દિવસોમાં તેની ધરપકડ કરવામાં આવે. પરંતુ સરકાર કંઈ જ ન કરે અને સાથે સાથે ફરમાન પણ પાછું ન ખેંચી લે, તો વળતર આપવાનો સવાલ ઊભો થાય. તો પછી જેમની સેવાની જરૂર હોય તેમને વળતર આપવું પડે, અને જેમનું માત્ર નામ નોંધવામાં આવ્યું હોય પરંતુ સક્રિય સ્વયંસેવકની કે લાભ મેળવનારાની યાદી પર જેઓ ન હોય તેમને વળતર આપવામાં ન આવે. ગામડે ગામડે જઈને ભાષણો આપે એવા સ્વયંસેવકોની ખરેખર હું

૧. પાછળથી ગાંધીજીએ આ કથનનો ઇનકાર કર્યો હતો; જુઓ "વકીલાત કરતા વકીલો અને સ્વયંસેવકો," ૨–૨–૧૯૨૨.



Gandhi Heritage Portal

દરકાર ન કરું. એવો સમય હવે રહ્યો નથી, પરંતુ જેઓ સ્વદેશી કે એવી કોઈ વસ્તુની વ્યવસ્થા કરી શકતા હોય, આપણે માટે પૈસા લાવી શકતા હોય અને આપણી અધમ ગરીબી દૂર કરવા માટે હિંદુસ્તાનનું સંગઠન સાધી શકતા હોય એવા સ્વયંસેવકોની આપણને જરૂર છે.

**શ્રીયુત ગુણદાચંદ્ર સેન** : કૉંગ્રેસના ઠરાવમાં બીજી બધી પ્રવૃત્તિઓ બંધ કરી દેવાનું જણાવવામાં આવ્યું છે, તો અમારે અમારી સ્વદેશી, રાષ્ટ્રીય શાળાઓ વગેરે પ્રવૃત્તિઓ ચલાવવી કે નહીં?

**મહાત્માજી** : જરૂરી હોય એટલી ચલાવવી. ઘણા સ્વયંસેવકોની સેવાની જરૂર પડે તેવાં નવાં કેન્દ્રો આપણે ન ખોલીએ. આપણે સૌ કોઈને જેલ જવા માટે નોંધવા માગીએ છીએ, અને સરકાર તેમને પકડી લે તો આપણે મળી શકે તેટલા માણસો પૂરા પાડવા જોઈએ એટલે આપણે એટલા બધા માણસો ફાજલ ન પાડી શકીએ. તેથી "જરૂર હોય એટલી ચલાવવી" આ શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્વદેશીના કામમાં રોકાયેલાઓની યાદી ખલાસ થઈ હોય તો રાષ્ટ્રીય શાળાઓમાં ઘણા માણસો કામ કરતા હોય તેમાંથી આપણે માણસો મેળવવા જોઈએ. આ સ્ટાફને છૂટો કરવો જોઈએ. બીજી બધી રાષ્ટ્રીય પ્રવૃત્તિ બંધ પડે એટલે સમજવું કે સ્ટાફ બહાર આવી ગયો છે.

**શ્રીયુત સુરેશચંદ્ર મજુમદાર** : આપે જાહેર સભાઓ વિષે તો વાત કરી છે. અત્યાર સુધી અમે કરતા આવ્યા છીએ તેમ કેવળ પકડાવાના ઉદ્દેશથી જ પકડાવા માટે અમારે સ્વયંસેવકોને રસ્તા પર મોકલવા?

**મહાત્માજી** : સરકાર પકડવાનું ચાલુ રાખે ત્યાં સુધી તમારે એમ કરવું. પરંતુ તે ન પકડે તો એ વિષે હું ફિકર ન કરું. પરંતુ તે પકડવાનું ચાલુ રાખે તો માત્ર બહાર પડીને પકડાવા સિવાય બીજું કોઈ કામ નથી.

**એક ડેલિગેટ** : ચોકીદારી વેરો આપવાનું અમે બંધ કરી શકીએ?

**મહાત્માજી** : હાલ નહીં. એમ કરીએ તો આક્રમણાત્મક સવિનયભંગ થયો કહેવાય.

અસ્પૃશ્યોનો શો અર્થ થાય એવો સવાલ પુછાતાં મહાત્માજીએ જણાવ્યું:

જેમના સ્પર્શથી આપણે અભડાઈ જઈએ એવું આપણે ઘમંડથી માનીએ તે બધા અસ્પૃશ્યો કહેવાય. એનો અર્થ એ કે આપણે તેમના શરીરનો કેવળ યંત્રવત્ સ્પર્શ ભલે ન કરીએ પણ તેમની સેવા તો કરીએ. તેમને જમાડ્યા પછી આપણે જમીએ એટલે કે તેઓ ભૂખે મરતા હોય તો તેમની આજીવિકાનાં સાધનો મેળવી આપીએ. તેઓ તરસ્યા હોય તો તેમને પાણી પાયા પછી આપણે પીએ. કોઈને તાવ આવ્યો હોય અથવા જો સર્પ કરડ્યો હોય તો જાણે મારા પોતાના દીકરાને સાપ કરડ્યો હોય ને હું ઘા ચૂસું તેમ તેનો ઘા ચૂસું. એકબીજા સાથે બેસીને ખાવાનો કે પાણી પીવાનો કે આંતરલગ્નો કરવાનો પ્રશ્ન જ નથી. એટલે એની મનાઈ નથી, પરંતુ એને માટે આગ્રહ રાખવામાં આવતો નથી.

કોઈ સ્વયંસેવક બને અને સીધો જ પરદેશી કપડાં પહેરીને જેલ જઈ શકે ખરો, એવા પ્રશ્નના ઉત્તરમાં મહાત્માજીએ કહ્યું :

એ વસ્તુ આપણા કાર્ય માટે માત્ર નુકસાનકારક જ નહીં પરંતુ હાનિકારક પણ છે. જે કોઈ આવે તે સૌએ ખાદી પહેરવી જ રહી. જેલ જવું એ તો એક લહાવો છે. જેલ જનાર કંઈ કોઈના ઉપર ઉપકાર કરતો નથી. તે પોતાના ઉપર જ ઉપકાર કરે છે.

એક પ્રતિનિધિએ કહ્યું કે બંગાળમાં પૂરતા પ્રમાણમાં હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી મળી શકતી નથી એટલે પૂરતી સંખ્યામાં સ્વયંસેવકો નહીં મળે.

Gandhi Heritage Portal

**મહાત્માજી** : બંગાળમાં જો પૂરતી સંખ્યામાં સ્વયંસેવકો મળતા ન હોય તો તેણે બંગાળના ઉપસાગરમાં તણાઈ જવું જોઈએ અને વધારે સારાં સ્ત્રીપુરુષો માટે જગા કરી આપવી જોઈએ એવો જ વિચાર હું તો કરું.

મિદનાપુરના એક ડેલિગેટે પૂછ્યું કે રાષ્ટ્રીય શાળાના બધા શિક્ષકો જેલમાં જાય તો શિક્ષકોનું કાર્ય કોણ ઉપાડી લે? એ પ્રશ્નના ઉત્તરમાં મહાત્માજીએ કહ્યું કે મિદનાપુરની બહેનો કાંતણ-કામમાં નિષ્ણાત છે, તે ઉપાડી લે.

**સવાલ** : લોકો પર હુમલો થાય ત્યારે સ્વયંસેવકોની ફરજ શી?

**મહાત્માજી** : તે અટકાવવા તેમણે વચ્ચે પડવું અને પોતાના પર ઘા ઝીલવા.

**બરા બજારના એક ડેલિગેટ** : ફેબ્રુઆરી અને માર્ચ મહિના સુધી પરદેશી કાપડનો ઑર્ડર ન આપવાની સહી કરી હોય અને બાંયધરી આપી હોય તેવા વેપારીઓ વિષે શું કરવું?

**મહાત્માજી** : આપણે તેમને ફરી સહી કરવા કહેવું.

ડેલિગેટોની સાથે બે કલાક ગાળી મહાત્માજી મુકામે પાછા ફર્યા.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૧૪-૧-૧૯૨૨

## ૫૩. દેવદાસ ગાંધીને પત્ર

શુક્રવાર [ડિસેમ્બર ૩૦, ૧૯૨૧][1]

ચિ. દેવદાસ,

આ સાથે મિસિસ જોસેફનો કાગળ છે. મેં તેને લખ્યું છે કે ત્યાંથી તમે પૈસા મોકલશો. ઇન્ડિપેન્ડન્ટના જે ડિરેક્ટરો છે તેઓને મળવું ને બંદોબસ્ત કરી લેવો અથવા જે બીજો ઉપાય સૂઝે તે લેવો. તમારું જેલ જવાનું થાય ત્યારે પણ તેને મૂંઝાવું ન પડે એ જોઈ લેવું.

ગોવિંદના[2] જેલ જવાથી મને તો ખૂબ સંતોષ થયો છે. તમને હજુ નથી પકડતા તે તો જાણીજોઈને જ છે. તેની ચિંતા ન કરવી. ન પકડે તો નવું સાહસ ઠેકાણે પડે છે. પકડે તો લોકોમાં જોશ ફેલાય.

પૉલ[3] હાલ અહીં વસે છે તેમની ભેટ કિશોરલાલ[4] સાથે કરાવી. કિશોરલાલ હમણાં તેને મળી ગયા તેથી મને પણ મળી ગયા. મિસ પિટરસન[5] આજે અહીં છે. કાલે આવ્યાં. આજે જશે. મિ. રિશાર રવિવારે જશે. મિસિસ સંતાનમ હજુ અહીં છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૬૮૩

૧. આ પત્રના છેલ્લા પૅરેગ્રાફમાં જેમનો ઉલ્લેખ થયો છે તે પૉલ રિશાર ૧૯૨૧ના ડિસેમ્બરમાં અમદાવાદમાં હતા. તેઓ ગાંધીજી સાથે ૧૯૨૧ના ડિસેમ્બરની ૩૧મીએ ગૂજરાત મહાવિદ્યાલયની મુલાકાતે આવ્યા હતા.

૨. મદનમોહન માલવિયાના દીકરા. પિકેટિંગ માટે તેમની ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૦મીએ ધરપકડ કરવામાં આવી હતી પરંતુ પાછળથી તેમને છોડી દેવામાં આવ્યા હતા.

૩. એક ફ્રેંચ લેખક.

૪. મશરૂવાળા.

૫. એની મેરી પિટરસન, જેઓ, એક ડેનિશ મિશનરી એસ્થરની સાથે દક્ષિણ હિંદુસ્તાનમાં કાર્ય કરતાં હતાં અને થોડો સમય સાબરમતીમાં રહ્યાં હતાં.

Gandhi Heritage Portal

# ૫૪. યુક્ત પ્રાંતના કૉંગ્રેસી નેતાઓ સાથે મુલાકાત

અમદાવાદ,
ડિસેમ્બર ૩૦, ૧૯૨૧

સવિનય કાનૂનભંગ હમણાં જ શરૂ કરવાની જરૂર નથી. હાલમાં તો ધરપકડ થાય કે ન થાય તોપણ સ્વયંસેવક થવા માટે નામ નોંધાવી, પોતાને સોંપવામાં આવેલું જવાબદારીનું કામ ચાલુ રાખવું, એટલું પૂરતું છે.

સ્વરાજ્ય મેળવવાની મારી રીતો, મૌલાના હસરત મોહાનીએ હિમાયત કરી છે એ રીતો કરતાં બિલકુલ જુદી છે. જો હું આપણને એને માટે લાયક સમજતો હોત તો મેં તે જ ક્ષણે પૂર્ણ સ્વરાજ્યની ઘોષણા કરી દીધી હોત. કારણ કે એવી ઘોષણા કર્યા બાદ રેલવે, તારટપાલ અને એ પ્રકારની બીજી સગવડોનો ઉપયોગ કરવો પાપમય જ બનશે. જો મોટાભાગના લોકો આપણા પક્ષમાં આવી જાય તો માત્ર ત્રણ જ મહિનામાં પૂર્ણ સ્વરાજ હાંસલ કરી શકાય.

જો બધા જ દેશબંધુઓ મારો સાથ છોડી દે, એટલે સુધી કે મારી પત્ની સુધ્ધાં મારી સાથે ન રહે, તોપણ હું એકલો પણ કામ કરવા તૈયાર છું.

યુક્ત પ્રાંતના ગવર્નર સર હરકોર્ટ બટલરની એવી ઇચ્છા છે કે સન ૧૮૫૭ની જેમ ફરી પાછો બળવો થાય અને લોકો સરકારની મદદ મેળવવા પોકાર પાડે.

અલ્લાહાબાદમાં રાષ્ટ્રીય હેડક્વાર્ટર સ્થાપવાનું કામ અત્યારે સ્થગિત કર્યું હોત તો ઠીક થાત. પરંતુ હવે એ કામ શરૂ થઈ ગયું છે એટલે એને ચાલુ રાખવું યોગ્ય લેખાશે.

યુક્ત પ્રાંતમાં સ્વદેશીના પ્રચારનું કામ અત્યાર સુધીમાં જેટલું થવું જોઈતું હતું એટલું થયું નથી એ વાતનું મને દુ:ખ છે. એનાથી મને સંતોષ થયો નથી.

કૉંગ્રેસની ઑફિસોમાં સ્વયંસેવકોની ભરતીનું કામ ચાલુ રહેવું જોઈએ.

પંડિત મોતીલાલ નેહરુ ઇચ્છે છે કે इन्डिपेन्डन्ट પત્ર હિંદી તેમ જ ઉર્દૂ ભાષામાં પ્રગટ કરવામાં આવે. સ્વયંસેવકોએ એના પ્રકાશનમાં પૂરી મદદ કરવી જોઈએ.

આપણે ચોર તેમ જ ડાકુઓ વિષે પણ ક્યારેય મનમાં હિંસાનો ભાવ લાવવો જોઈએ નહીં. અહિંસા જ આપણું એકમાત્ર વ્રત હોવું જોઈએ.

જ્યાં સુધી આપણે જેલમાં જવા તૈયાર ન હોઈએ, જ્યાં સુધી આપણે મરવું પડે તો મરવાની તૈયારી ન કરી હોય અને આપણે ગુસ્સા પર કાબૂ ન મેળવ્યો હોય, ત્યાં સુધી પંજાબના અત્યાચારોની તેમ જ ખિલાફતની સમસ્યાઓનો ઉકેલ ન લાવી શકાય.

સ્વરાજ્યનો અર્થ એ છે કે લશ્કર ઉપર આપણો પૂરો અધિકાર હોય.

સ્વયંસેવકોની યાદી સમાચારપત્રોમાં પ્રગટ કરવામાં આવે અને પછી રાષ્ટ્રીય હેડક્વાર્ટર ઉપર એ મોકલી આપવી.

સ્વયંસેવકોએ ફરતા રહીને ખાદી વેચવી જોઈએ. એમનો પોશાક એક ટૂંકા પગારના પટાવાળા જેવો હોવો જોઈએ. વિદેશી કાપડની દુકાન આગળ પિકેટિંગ કરવું બિનજરૂરી છે, પણ દારૂની દુકાનોનું પિકેટિંગ ચાલુ રાખવું જોઈએ.

Gandhi Heritage Portal

રાષ્ટ્રીય શાળાઓને સૂતર કાંતવાનાં તેમ જ ખાદી વણવાનાં કારખાનાંઓમાં ફેરવી નાખવી જોઈએ. એમાં અઢાર વર્ષથી નીચેની ઉંમરના વિદ્યાર્થીઓ કામ કરે અને સ્ત્રીઓ તેમના પર દેખરેખ રાખે.

અઢાર વર્ષથી ઉપરની ઉંમરના વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકો જો સ્વયંસેવક બનવાનો ઇનકાર કરે તો તેમને શાળામાંથી કાઢી મૂકવા.

અલ્લાહાબાદથી પ્રગટ થતું स्वराज्य નામનું હિંદી પત્ર હાથે લખીને પ્રગટ કરવામાં આવે.

જેમની મિલકત જપ્ત થઈ હોય તેમણે તેનો ખુશીથી ત્યાગ કરવો, કારણ કે આવી અત્યાચારી સરકારના રાજ્યમાં મિલકત રાખવી એ પણ એક પાપ થાય છે. સ્વરાજ્ય મળતાંની સાથે એ મિલકત તેના માલિકોને પાછી આપી દેવામાં આવશે.

[મૂળ હિંદી]

आज, ૧-૧-૧૯૨૨

11600

## ૫૫. ઉત્કલને[૧] સંદેશો

ડિસેમ્બર ૩૦, ૧૯૨૧

સર્વશ્રી ભાગીરથી મોહપાત્રો, ગોપબંધુ ચોધરી, નિરંજન પટનાયક અને નવકૃષ્ણ ચોધરીએ ૧૯૨૧ના ડિસેમ્બરની ૩૦મીએ મહાત્માજીની મુલાકાત લીધી ત્યારે, તેમણે નીચેનો સંદેશો આપ્યો હતો :

ઉત્કલ પ્રાંત મારા મન પરથી ખસતો નથી. મેં જોયેલું દૃશ્ય સાવ આઘાતજનક છે. આ ભૂમિમાંથી કંગાલિયતને દૂર કરો. ઘેરેઘેર રેંટિયાનો સંદેશો પહોંચાડો. બાકીના હિંદુસ્તાન માટે ઉત્કલને ખાદીનો ભંડાર બનાવો. ભૂખ્યાં સ્ત્રીપુરુષોને ખવડાવો. તમારા લોકોને તમે આપી શકો એવી ઉત્તમ રાજકીય કેળવણી આ જ છે. આક્રમણાત્મક સામુદાયિક સવિનયભંગના પ્રશ્નની તમે ચિંતા ન કરતા. સરકાર પડકાર ફેંકે તો સ્વયંસેવકોની ભરતી કરવા માંડજો. ઓછામાં ઓછા પચાસ હજાર ઉત્કલવાસીઓ જેલો ભરી દેશે એવી મને આશા છે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૧૪–૧–૧૯૨૨

ગાંધી સ્મારક સંગ્રહાલય ગ્રંથાલય અમદાવાદ

૧. ઓરિસ્સાનું જૂનું નામ. મૂળમાં સર્વન્ટમાંથી આ સંદેશો ઉતાર્યો છે.

Gandhi Heritage Portal

## ૫૬. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં ભાષણ

ડિસેમ્બર ૩૧, ૧૯૨૧

મિ. પૉલ રિશારે શનિવારે સવારે, અમદાવાદની, ગૂજરાત વિદ્યાપીઠમાં "ભારતનો સંદેશો" એ વિષય પર પ્રવચન કર્યું. મહાત્મા ગાંધી પ્રમુખસ્થાને હતા. મિ. રિશાર ફ્રેન્ચમાં બોલ્યા અને શ્રીમતી સરોજિની નાયડુએ તેનો તરજુમો વાંચી સંભળાવ્યો.

મહાત્મા ગાંધીએ કહ્યું કે આ ભાષણમાં હાજર રહેવામાં હું મોટું માન સમજું છું. છેલ્લા બે દિવસથી કૉંગ્રેસના ડેલિગેટોની મુલાકાતમાં રોકાયેલો હોવાથી હું સમય ફાજલ પાડી શકતો નહોતો, છતાં મિ. રિશારનું ભાષણ સાંભળવા માટે હું અહીં આવ્યો છું. મિ. રિશારમાં જે કંઈ સારું તત્ત્વ હોય તે ગ્રહણ કરી તેનું અનુસરણ કરવા હું શ્રોતાઓને જણાવું છું.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २–१–१९२२

## ૫૭. મૌલાના અબ્દુલ બારીને તાર[1]

જાન્યુઆરી ૧, ૧૯૨૨

કારોબારી સમિતિની બેઠક બોલાવી શકાતી હોય ત્યાં સુધી સરમુખત્યારીને સ્થાન નથી. કારોબારી સમિતિ બોલાવી શકાતી ન હોય ત્યારે, સરમુખત્યારને તેની બધી સત્તા મળે. કારાવાસ, હુમલો, મૃત્યુ, તેમને પોતાને ખાતર નહીં પરંતુ ધર્મ અથવા દેશને ખાતર બરદાસ્ત કરવાં.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૭૭૯

૧. ૧૯૨૧ના ડિસેમ્બરની ૩૧મીએ મુંબઈથી આવેલા અબ્દુલ બારીના નીચે પ્રમાણેના તારનો આ જવાબ છે: "ધાર્મિક દૃષ્ટિએ ઉપસ્થિત થતી શંકાઓ દૂર કરી શકું તે માટે નીચેની બાબતો વિષે તારથી કૃપા કરીને જવાબ આપો: સરમુખત્યાર તરીકેની આપની સત્તા કારોબારી સમિતિ પાસે હતી તેટલી જ કે તેથી વધુ છે? કારોબારી સમિતિ સરમુખત્યારની સત્તા આંચકી લઈ શકે? દેશસેવા કરતાં કરતાં કારાવાસ, હુમલો અને મૃત્યુ પણ સહન કરી લેવામાં સ્વયંસેવકદળનો ઉદ્દેશ શો હશે? અથવા તો તે બધાં માત્ર સહન કરવા ખાતર જ સહન કરવાં?"

Gandhi Heritage Portal

## ૫૮. કૃષ્ણદાસને સૂચનાઓ[1]

[મૌનવાર, સોમવાર, જાન્યુઆરી ૨, ૧૯૨૨][2]

ક્રિસ્ટોદાસને સૂચનાઓ

ખાદીનગરમાં મળેલા અને જુદા ન પાડેલા બધા પત્રો ક્યાં છે?

હેવાલોમાંથી સજાઓ અને રસપ્રદ પૅરેગ્રાફોનો સાર તમે તૈયાર કરજો.

[મૂળ અંગ્રેજી]

सेवन मन्थ्स विथ महात्मा गांधी, પુસ્તક ૨, પા. ૨૫૦

## ૫૯. દેવદાસ ગાંધીને પત્ર

બુધવાર [જાન્યુઆરી ૪, ૧૯૨૨][3]

ચિ. દેવદાસ,

તમારું છાપું[4] આવ્યા કરે છે. તમારા કાગળ નથી. આ બધી મહેનતમાંયે અક્ષર સુધારવાનું ન ભૂલજો. આ વખતે यं. इ.માં इन्डिपेन्डन्टનું તમે ખૂબ જોશો. તમારા બધા અંકોનું તારણ આપવા ધાર્યું છે એટલે તેનું સાપ્તાહિક તો તમને સહેજે મળી જશે. તમે Mute silenceનો પ્રયત્ન કર્યો છે. મૂગું મૌન કેવું હશે?

હજુ વંચાય એવા અક્ષર નથી ઊઠતા. ટાઈપ કરવાનું છોડી જ દો એ મને તો વધારે ઠીક લાગે છે. જે માણસ તમારે સારુ લખે છે તેના અક્ષર તો સારા છે.

તમારું ત્રીજું પાનું સારું નથી. તેમાં ટાઈપ ઘણું છૂટું કર્યું છે. બંગાળના ગવર્નરને ખબર કોણ આપે? માલવિયાજી કાનૂનભંગ કરે છે એ લખનારને શૂળીએ ચડાવવો જોઈએ. તે તો મદ્રાસ ગયા પણ નથી.

બીજે પાને રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ મથાળું બે વાર આવે છે.

આજે નેહરુ કુટુંબના લોકો લખનૌ જવા ઊપડી ગયા. તેઓ બધા ત્રીજા વર્ગમાં ગયા છે એ જ નોંધ તમે લઈ શકો છો. ઊર્મિલાદેવી પણ તેમ જ મુસાફરી કરે છે.

૧૪મીએ હું મુંબઈ હોઈશ. તે દહાડે મૉડરેટ કૉન્ફરન્સ છે. ૨૫મીએ પણ ત્યાં રહેવું પડે. સુંદરમ્ હાલ અહીં જ રહેશે.

૧. આબેહૂબ નકલ પરથી.

૨. મૂળ લખાણ પરથી.

૩. ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૮મીએ અમદાવાદમાં કૉંગ્રેસના અધિવેશનની પૂર્ણાહુતિ થયા પછી નેહરુ કુટુંબ અમદાવાદથી રવાના થયું. અને ગોવિંદ માલવિયાને ૧૯૨૨ના જાન્યુઆરીની ૮મીએ શિક્ષા થઈ.

૪. શ્રી મહાદેવ દેસાઈની ધરપકડ અને સજા પછી દેવદાસ હસ્તલિખિત इन्डिपेन्डन्ट પ્રગટ કરતા હતા.

Gandhi Heritage Portal

તમારા છાપાની દરેક લીટી તમારે જોઈ જવી જોઈએ. હજુ ઓછું કરો પણ નક્કર કરો ને તે પણ શણગારો.

બાપુના આશીર્વાદ

સ્વદેશીની ખબર તો આપવી જ જોઈએ. જેઓ નવરા બેસે તેમણે સ્વદેશી ચલાવવું. કાંતે, પીંજે, વણે, વેચે.

ગોવિંદ ફરી પકડાયાનો તાર મળ્યો. આ વેળા શા સારુ પકડાયો છે એ ખબર નથી પડતી. હવે પછી ખબર તમારા તરફથી મળશે.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૭૨૦

## ૯૦. સ્વરાજ્યને[૧] મુલાકાત

[જાન્યુઆરી ૫, ૧૯૨૨ પહેલાં]

સ્વરાજ્યનો ખાસ ખબરપત્રી અમદાવાદથી લખે છે:

અત્યારની પરિસ્થિતિને અનુલક્ષીને, સૂચવાયેલા[૨] યુદ્ધવિરામ સંબંધમાં મેં મહાત્માજીની મુલાકાત લીધી.

પ્રશ્ન : લાલા લજપતરાય અને મોતીલાલ નેહરુનો શો અભિપ્રાય છે?

જવાબ : મોતીલાલજી બાબતમાં તો તેમનો અભિપ્રાય યંગ ઇન્ડિયાના છેલ્લા અંકમાં પ્રગટ થયો છે[૩]. લાલાજીએ મને જણાવ્યું છે કે જેઓ જેલમાં છે તેમને વિષે ચિંતા કરશો નહીં.

ધારો કે બીજા પ્રાંતોમાં સ્વયંસેવકદળોને ગેરકાયદે જાહેર કરવામાં ન આવે, અને જાહેર સભાઓની મનાઈ ફરમાવવામાં ન આવે તો સ્વયંસેવકો અને કોંગ્રેસ કાર્યકરોએ જેલમાં જવા માટે શું કરવું?

તેમની બાબતમાં તો સવિનયભંગ આક્રમણાત્મક પ્રકારનો જ હોઈ શકે. એને માટે તો હું તે શરૂ કરું ત્યાં સુધી તેમણે થોભવું રહ્યું. તે દરમ્યાન તેમણે સ્વયંસેવકોનું સંગઠન સાધવું જોઈએ, રોજ ઓછામાં ઓછું ચાર કલાક કાંતવું જોઈએ અને કલાકે ઓછામાં ઓછું એક તોલો ૧૦થી ૧૨ આંકનું એકસરખું, વળદાર સૂતર ઉત્પન્ન કરવું જોઈએ.

સ્વયંસેવકોએ પરદેશી કાપડની દુકાનો પર અને દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવું જોઈએ?

પોતાની જવાબદારી સમજતા હોય અને શાંતિ જાળવે એવા લોકો એના પર પિકેટિંગ કરી શકે.

નવા વર્ષમાં આપ ક્યાં સુધી લડત ચાલવાની અપેક્ષા રાખો છો?

એ હું જાણતો નથી. અત્યારની પરિસ્થિતિમાં તે બે મહિના કરતાં વધારે ન ચાલે. હિંદુસ્તાનના બધા ભાગોમાં સરકાર ઊંધું ઘાલીને ફટકાબાજી અને ગોળીબાર કરે તે માટે આપણે

૧. મૂળ લખાણ સ્વરાજ્યમાંથી ઉદ્ધૃત કર્યું છે.

૨. માલવિયા જેને વિષે વાટાઘાટો ચલાવી રહ્યા હતા.

૩. "જેલમાંથી બીજો પત્ર" એ મથાળા હેઠળ ૨૯-૧૨-૧૯૨૧ના અંકમાં મોતીલાલે લખ્યું હતું: "ત્રિવિધ માગણીઓમાં કાપ નહીં" એ જ કોઈ પણ વાટાઘાટનો પાયો હોવો જોઈએ.

Gandhi Heritage Portal

તૈયાર રહેવું જોઈએ. એમ થાય ત્યારે પણ આપણે ડગવું ન જોઈએ. અત્યારની લડત ખાસ પંજાબ અને ખિલાફતના અન્યાય મિટાવવા માટે નથી, અને સ્વરાજ માટે તો નથી જ. અત્યારે આપણે વાણીસ્વાતંત્ર્યના અને મંડળો રચવાના સ્વાતંત્ર્યના પ્રાથમિક અધિકાર માટે લડી રહ્યા છીએ. અને આ પ્રશ્ન બાબતમાં મૉડરેટો અને બીજાઓ આપણી સાથે રહે એવી આપણે અપેક્ષા રાખીએ છીએ. આ વચગાળાની ઝપાઝપી પૂરી થતાં આપણો માર્ગ સાફ થશે.

મહાત્માજીએ એ ઉપરાંત જણાવ્યું કે સ્વરાજની કોઈ પણ યોજનામાં લશ્કર અને પોલીસ ઉપરના અંકુશનો સમાવેશ થવો જ જોઈએ.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ५–१–१९२२

# ૬૧. નોંધ

## જેલમાં વર્તાવ

ભૂખમરો અથવા તો કૂતરાં ખાય તેવો ખોરાક, દિલ્હીની કડકડતી ઠંડીની સામે રક્ષણ મેળવવા માટે નામનું કે તેથીય ઓછું ઓઢવાનું; જંતુવાળાં, જૂથી ભરપૂર, લોહીના ડાઘવાળાં, સામાન્ય ગુનેગાર કેદીનાં ફાટયાંતૂટયાં ચીંથરેહાલ કપડાં, અને છેવટે આ બધાથી ચડે એવી ભયંકર પરાકાષ્ઠા એટલે, નિર્બળતાને લીધે પ્રલોભનને વશ થઈ જતા કોઈ રડયાખડયા સત્યાગ્રહી પ્રત્યે ખાસ વર્તાવ રાખી તેને છોડી મૂકવાની સતત ભલામણ અને તેનો અમલ.

આવો છે દિલ્હી જેલમાંથી મિયાનવાલી લઈ જવામાં આવતા દિલ્હીના લાલા શંકરલાલે મોકલેલો હેવાલ. એ હેવાલ મને મોકલી આપનાર મિત્ર જણાવે છે:

> આપણે મોપલાના બંધ મૃત્યુ-ડબા વિષે સાંભળ્યું છે, પરંતુ આપણા શ્રેષ્ઠ અને ઉમદામાં ઉમદા કાર્યકરોને જે જેલમાં પૂરવામાં આવ્યા છે તે દિલ્હીની આ જેલ, અસહકારીઓ માટે યુક્તિપ્રયુક્તિથી એવા ખુલ્લા વિસ્તારમાં ફેરવવામાં આવી છે, જ્યાં મૃત્યુ અને શેતાન તેમનો દરબાર ભરે છે. આ લખતાં મારું ગળું લાગણીથી ઘૂંટાઈ રહ્યું છે. શું એવું હશે કે આપણા સુંદર અને વહાલા દેશમાં જે હાથે અનેક શંકરલાલોનાં મોં બંધ કરી દીધાં છે તે જ હાથ મારા મંદ અવાજને પણ ગૂંગળાવી રહ્યો છે? ફટકા મારનારનો હાથ ફટકા લગાવતાં લગાવતાં થાકી જાય ત્યાં સુધી અસહકારીઓને ફટકા મારવા, સત્યાગ્રહીઓનાં શરીરને ઢાંકતાં સઘળાં વસ્ત્રોના અવશેષોને ઉતારી નાખી, તેઓ ઝેર અને ચેપથી ધીમા મૃત્યુને વશ બને તેવી અવસ્થામાં તેમને મૂકવા, આવી બધી દુ:ખદ વાતો મારા કાન પર આવી છે.

આ પત્ર લખનાર ખૂબ જ ઉચ્ચ સંસ્કારવાળો સંવેદનશીલ યુવાન છે. એ પત્રમાંથી કેટલાક વર્ણનાત્મક ફકરા મેં કાઢી નાખ્યા છે. યાતનાથી તે ટેવાયેલો ન હોવાથી, દિલ્હીની જેલમાં અસહકારીઓ પ્રત્યે ચલાવવામાં આવતા ખરાબ વર્તાવના સમાચારથી તેને ઊંડો આઘાત પહોંચ્યો છે. પરંતુ આરોપ પાછળનું તાત્પર્ય સાચું છે. કેમ કે, એકબીજા સાથે સંબંધ ન હોય તેવાં ઘણાં સાધનો દ્વારા તેને ટેકો મળ્યો છે. અસહકારીઓને નમાવવામાં અને કેવળ જેલમાં

Gandhi Heritage Portal

પૂરીને તેમની પાસેથી માફી મંગાવવામાં સરકાર નિષ્ફળ નીવડી હોવાથી, સત્યાગ્રહીને શારીરિક યાતનાઓ પહોંચાડવાનો હુકમ કરવામાં આવ્યો છે એ વિષે કોઈ શંકા જણાતી નથી. પૂરેપૂરી ઇચ્છા હોવા છતાં એક સમય એવો જરૂર આવે છે કે જ્યારે શરીર વધુ યાતના સહન કરવાની ના પાડે છે અને ન ઇચ્છવા છતાં જીવાત્માને તેના ગુલામ બની જવું પડે છે. સત્યાગ્રહીઓના સ્વાભિમાની આત્માને નમાવવા માટે રાજ્યકર્તાઓ તેમના આ ખુલ્લી હકીકતના જ્ઞાનનો ખોટી રીતે લાભ ઉઠાવી રહ્યા છે. અને તેમાંના કેટલાક, વ્યવસ્થિત રીતે ગુજારવામાં આવતો અમાનુષી ત્રાસ સહન ન કરી શકાતાં, અસહ્ય શારીરિક પીડામાંથી છૂટવા માટે માફી માગે તો તેથી મને આશ્ચર્ય ન થાય.

કેટલીક વાર અમુક હદ પછી, આત્મા શરીરને વશ બની જાય તેવો નિર્બળ જણાયો છે, તો તીવ્રમાં તીવ્ર વેદના સામે પણ તે સર્વોપરી જણાયો છે. જો પહેલેથી પૂરતા પ્રમાણમાં માનસિક તૈયારી રાખવામાં આવે તો અત્યંત કષ્ટથી પણ વેદના થતી નથી. આત્મા ખુશી હોય તો સ્વખુશીને લીધે ઉત્પન્ન થયેલો આનંદ દુ:ખની લાગણીને ભુલાવી દે છે. પોતાના દેશ કે ધર્મની સેવા કરવાનો આનંદ એ સેવામાં રહેલા દુ:ખ કરતાં ચડિયાતો હોય છે.

એટલે, શરીરની બધી જ યાતનાઓને સહી લેવાની દરેક સત્યાગ્રહીની ફરજ છે. પરંતુ ગંદવાડ કે અપમાનનો સામનો કરવાની પણ તેની એટલી જ ફરજ છે. તે હસતા મોંએ ફટકા વેઠી લેશે પણ પેટે નહીં ચાલે. તે ખુશીથી ખુલ્લા શરીરે રહેશે અને ઠંડીથી ધ્રૂજતો ધ્રૂજતો મરી જશે. પરંતુ જંતુથી ભરપૂર ગંદો કામળો કે કુરતું લેવાની તો તે મક્કમતાથી ના જ પાડશે. તે ખોરાક વિના ચલાવી લેશે પરંતુ કાંકરાવાળા રોટલા કે દાળ ખાવાનો ઇનકાર કરશે. નાહ્યા વિના તે ચલાવી લેશે પરંતુ ગંદા પાણીમાં નાહવાની તે ના પાડશે. હુકમનું પાલન નામર્દાઈભર્યું હોય ત્યાં પ્રતિકાર કરવો એક કર્તવ્ય થઈ પડે છે.

સત્યાગ્રહીઓને સ્વેચ્છાએ યાતના ભોગવવાનો અધિકાર મળ્યો છે એ સારું છે. એ ઉમદામાં ઉમદા સેવા છે. તેઓ જેલોને પવિત્ર બનાવી રહ્યા છે. મહાઅપરાધી કેદીઓ પણ સ્વચ્છંદી ગણાતા વર્તાવના અધિકારી છે. સત્તાવાળાઓ સાદામાં સાદો ખોરાક અને સાદામાં સાદાં કપડાં ભલે આપે પરંતુ આ બંને સ્વચ્છ અને પૂરતાં હોવાં જોઈએ.

ગમે ત્યાં થયેલા અને ગમે તેણે કરેલા અમાનુષી વર્તાવના હેવાલો પ્રગટ કરવા એ મારે માટે આનંદનો વિષય નથી. માણસો વિષે કહેવામાં આવતી અનેક વાતો પુરવાર કરતી હોય તોપણ માણસ આટલો બધો પાશવી બની શકે એ વાત માનવા હું માગતો નથી. આ લડત ખેલદિલીની ભાવનાથી લડવામાં આવે તે માટે હું અત્યંત ઉત્સુક છું. માણસ જેવા માણસ થઈને તેઓ ખેલદિલીથી વર્તતા નથી એ જોઈ મારું કાળજું કપાઈ જાય છે.

પરંતુ સામા પક્ષે તે રમત ગંદી રહેવાની હોય તો ભલે રહે. અસહકારીઓએ કોઈ શરત મૂકી નથી. જેમ જેમ સંજોગો ઊભા થતા જાય તેમ તેમ તે સ્વીકારી લઈને એકેએક મુશ્કેલી-માંથી પોતાનો માર્ગ કાઢવા સિવાય તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી. જાપાનીઓ વિષે શું એવું કહેવામાં નથી આવ્યું કે, પોતાનું લશ્કર ઓળંગી ન શકે એવી ખાઈ આગળ આવી પહોંચતાં તેમણે માણસનાં શબ વડે તે ખાઈ ભરી દીધી હતી? આપણે મારવાની નહીં પરંતુ જાતે મરવાની પ્રતિજ્ઞા લીધી છે એટલે આપણે શું તેમના કરતાં ઓછું કરીશું? આપણી પ્રતિજ્ઞા, આપણી પાસેથી જાપાનના સૈનિક કરતાં પણ વધારે કરવાની અપેક્ષા રાખે છે. કારણ કે યુદ્ધનાં ઢોલનગારાંના અવાજની પ્રેરણા વિના જ આપણે અગ્નિમાંથી પસાર થવાનું છે.

Gandhi Heritage Portal

મારા પત્રલેખકે મૂકેલો આરોપ ગંભીર છે. તેનું સમર્થન કરતો પુરાવો હું રજૂ કરું છું. ઇન્ડિપેન્ડન્ટના સંપાદક મહાદેવ દેસાઈ પ્રત્યેના વર્તાવનું વિગતવાર અને આબેહૂબ બયાન આ રહ્યું. યંગ ઇન્ડિયાના વાચકો આ પત્ર સાથેનો તેમનો સંબંધ[૧]..જાણે છે. તેઓ એક અત્યંત નમ્ર કાર્યકર છે. તેમનું મન ખૂબ જ લાગણીપ્રધાન છે. શ્રીમતી દેસાઈ જોડે એક મિત્રે તેમની મુલાકાત લીધી હતી. લેખક જણાવે છે :

> આપણે સખત દમન માટે તૈયારી કરીએ છીએ. મહાદેવભાઈના કારાવાસ વિષે મેં આપને તાર કર્યો છે. તેમને મુકદ્દમા માટે અદાલતમાં હાજર થવા સમન્સ મળ્યો હતો. જેલ ગયા ત્યારે તે તદ્દન આનંદમાં હતા. ગઈ કાલે અમે તેમને મળવા ગયાં પણ જેલરે અમને મળવા ન દીધાં. હું મારી સાથે ખાવાનું, કપડાં અને પુસ્તકો લઈ ગયો હતો પરંતુ જેલરે તે લીધું નહીં. આજે સવારે અમે તેમને મળી શક્યાં. તેમને સાધારણ ગુનેગારોની સાથે મૂકવામાં આવ્યા છે અને તેમના પર જેલના સઘળા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. તેમણે જેલનાં કપડાં પહેર્યાં હતાં. તેમણે કોણી સુધી પહોંચતી બાંયોવાળું કાળું પહેરણ અને ચડ્ડી પહેર્યાં હતાં. કપડાં ગંદાં, ગંધ મારતાં અને જૂવાળાં હતાં. તેમને જે બે કામળા મળ્યા છે તે મહિનાઓ થયાં ધોવાયા નહીં હોય અને તે જૂથી ભરેલા હતા. તેમની પાસે કાટથી ખવાયેલો લોખંડનો, પાણી માટેનો ચંબુ છે. તેના પર એટલો બધો કાટ ચડેલો છે કે થોડી મિનિટમાં જ તેમાંનું પાણી પીવા માટે નકામું થઈ જાય. એ કારણે પાણી રાતે પી શકાતું નથી. સવારે તો તે પૂરેપૂરો પીળો પડી જાય છે. ત્યાં એક ગંદો હોજ છે. તેમાંથી પીવા માટે પાણી લેવામાં આવે છે. અને તેનો નાહવા માટે પણ ઉપયોગ થાય છે. બાલદીઓ આપવામાં આવે છે કે નહીં તે હું જાણતો નથી. નાહવા માટે એક લંગોટ આપવામાં આવે છે. શરીર લૂછવા માટે ટુવાલ આપવામાં આવતો નથી. તડકામાં શરીર સુકાઈ જાય પછી એનાં એ જ ગંદાં કપડાં ફરી પહેરવાં પડે છે. આ સ્થાનની ઠંડી આબોહવામાં, મહાદેવભાઈના નબળા શરીર માટે, આ કપડાં ધોવાનું અને તે સુકાય ત્યાં સુધી ખુલ્લે શરીરે રહેવાનું અશક્ય છે. તેમને માત્ર જેલનો જ ખોરાક મળે છે. ગઈ રાતે તેમણે કંઈ જ ખાધું નહોતું. આજે સવારે તેમને કાંજી જેવું કંઈક મળ્યું. તેમાં કાંકરી અને બીજો કચરો હતો. કુદરતી હાજત માટે કેદીઓએ બહાર જવું પડે છે અને પાણી પીવાના વાસણમાં જ શૌચ માટેનું પાણી લઈ જવું પડે છે. રાતના ઉપયોગ માટે એક ખુલ્લું વાસણ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં માત્ર બેડી પહેરાવવાનું જ બાકી રહ્યું છે.
>
> બીજી એક જગ્યાએથી મને સાંભળવા મળે છે કે, મહાદેવ દેસાઈએ જાણીજોઈને હુકમનો અનાદર કર્યો હોવાથી તેમના પ્રત્યે ખરાબ રીતે વર્તવાની ખાસ સૂચના આપવામાં આવી છે. ઇન્ડિપેન્ડન્ટ પત્ર છાપ્યા વિના પ્રગટ થયું અને ત્યાર પછી તેની જે જાહેરાત થઈ તે વાત સત્તાવાળાઓને ભારે થઈ પડી છે.

જેલની દીવાલોની અંદર પણ મહાદેવ દેસાઈ શારીરિક અત્યાચારોની સામે પોતાની સ્વતંત્રતા જાળવીને પોતાની સંપાદક તરીકેની કુશળતા પુરવાર કરશે એ વિષે મને શંકા નથી. મહાદેવ દેસાઈ પાસે સ્નેહાળ હૃદય છે અને તેમાં તેમના સિતમગરને પણ સ્થાન છે અને તેમની પાસે પવિત્ર ભજનોના ભંડારરૂપી સંમોહન કરનારું એવું આધ્યાત્મિક ઓસડ છે કે જેનું રટણ કરતાં

૧. શ્રી મહાદેવ દેસાઈ યંગ ઇન્ડિયાના પ્રકાશક હતા.

Gandhi Heritage Portal

કરતાં વેદનાની સઘળી લાગણીને તે વિસારે પાડશે, એવું હું વાચકને આશ્વાસન આપું છું. મીરાંબાઈને[1] તેમના પતિની સૂચનાથી તેમના પર ગુજારવામાં આવેલા ત્રાસની કદીયે અસર નહોતી થઈ એ વાત હું અક્ષરશઃ સાચી માનું છું. તેમનો પ્રભુપ્રેમ અને એ અમૂલ્ય નામનું સમજપૂર્વકનું રટણ તેમને હમેશાં આનંદમગ્ન રાખતાં. ભગવાનનું નામ રટતી, જૌહરની ચિતામાં કૂદી પડતાં આનંદ અનુભવતી, પ્રાચીન રાજપૂતાણીઓનું ચિત્ર મારી સામે ખડું થાય છે. લૅટિમરે[2] શાનદાર રીતે પોતાનો હાથ અગ્નિમાં લંબાવી દીધો ત્યારે તેને પીડા તો નહોતી જ થઈ. ઈશ્વર પરની તેની શ્રદ્ધાએ અને તેની સચ્ચાઈએ તેની રક્ષા કરી હતી. ચમત્કારોનો યુગ ચાલ્યો ગયો નથી. પણ ઈશ્વરમાં અને તેની રક્ષણ કરવાની શક્તિમાં થોડી સરખી શ્રદ્ધા હોય તો આપણે અસહ્ય યાતનાઓમાં પણ સુરક્ષિત રહી શકીશું. અણીને વખતે ઈશ્વર એની રક્ષા કરશે જ એ બાબતમાં, પોતાના ધ્યેયમાં શ્રદ્ધા ધરાવનાર કોઈ પણ સત્યાગ્રહી શંકા ન રાખે.

મહાદેવ દેસાઈ, તેમના નમ્ર છતાં ગૌરવપૂર્ણ વર્તનથી, તેમના જુલમગારોનાં પથ્થર જેવાં હૃદય પણ નહીં પિગળાવે તો મને નવાઈ લાગશે.

પરંતુ ઉપરની હકીકતનું સમર્થન કરતી કથા આપણે આગળ ચલાવીએ. આપણે લખનૌ તરફ નજર કરીએ. ત્યાં બધું એકદમ સમુંસુતરું ચાલતું લાગતું હતું. પંડિત નેહરુ અને તેમની સાથેના કેદીઓને જરૂરી સગવડો આપવામાં આવી. અને આવું એટલે સુધી ચાલ્યું કે યુક્ત પ્રાંતની સરકાર જોકે તેના જાહેરનામાની અવગણના કરનારાઓને કેદમાં પૂરવાની ચાલુ નીતિને અનુસરી રહી હતી, છતાં રાજદ્વારી કેદીઓ પ્રત્યે વિનય અને વિવેકભર્યો વર્તાવ દાખવવા જેટલી તે સંસ્કારી છે એમ હું માનવા લાગ્યો હતો. પણ લખનૌમાં પણ એમાં પરિવર્તન થયું લાગે છે. શેખ ખલિકુઝ્ઝમાન અને બીજા દસ જણાને જિલ્લા જેલમાંથી સેન્ટ્રલ જેલમાં ખસેડયા છે અને તેમને આપવામાં આવતી સગવડ પાછી ખેંચી લેવામાં આવનાર છે અને કદાચ મુલાકાતો આપવામાં નહીં આવે એવા સમાચાર મને હમણાં જ મળ્યા છે. પંડિત નેહરુ અને બાકીના કેદીઓએ આવા અન્યાયી ભેદભાવ સામે જબરો વિરોધ નોંધાવ્યો છે અને બધી બાબતોમાં એમની સાથે બીજા રાજકીય કેદીઓ જેવો જ વર્તાવ રાખવામાં આવે એવી માગણી કરી છે. ભારતના કેટલાક સર્વશ્રેષ્ઠ માણસો અત્યારે પોતાની જાતને સામાન્ય માણસની કક્ષાએ મૂકી રહ્યા છે અને પોતાને માટે વિશેષ અધિકાર માગતા નથી, એ દરેક હિંદી માટે અભિમાન લેવા જેવું છે.

૧લી જાન્યુઆરી

ઉપરની નોંધ લખ્યા પછી મને એવું જણાવતો તાર મળ્યો છે કે શ્રી દેસાઈની ફરી મુલાકાત લેવામાં આવી છે અને તે ખુશીઆનંદમાં છે અને તેમના તરફ વધારે સારો વર્તાવ રાખવામાં આવે છે. આ વધારે સારા વર્તાવ માટે મને સત્તાવાળાઓ પ્રત્યે ખુશી થઈ છે. પરંતુ ઉપર વર્ણવી છે તેવી આરોગ્યને હાનિકારક સ્થિતિ શરૂઆતથી જ નહોતી હોવી જોઈતી. મહાદેવ દેસાઈ જેવા એક માણસે સારો વર્તાવ દાખવવાની ફરજ પાડી એ વાતનું કશું મહત્ત્વ નથી.

૧. રાજસ્થાનનાં મધ્યકાલીન સંત-કવયિત્રી, મેવાડનાં રાણી; પતિની નાખુશી વહોરીને શ્રીકૃષ્ણની ભક્તિમાં તે તલ્લીન રહેતાં.

૨. (ઈ. સ. ૧૪૯૫–૧૫૫૫); એક અંગ્રેજ સુધારક; તેમને નાસ્તિક ગણી જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા.

Gandhi Heritage Portal

સવાલ વધારે ઉદાત્ત માનવતાનો છે. સાધારણ કેદીઓની કેવી હાલત હશે? તેમના કોઈ અધિકારો છે ખરા? એ દૃષ્ટિએ વિચારતાં, સંસ્કારી માણસોનો આ કારાવાસ ઈશ્વરપ્રેરિત છે. અને આને પરિણામે, રાજદ્વારી કેદીઓ માનવ અધિકારોના આ સવાલનો ઉકેલ લાવશે.

### નવું ઇન્ડિપેન્ડન્ટ

ઇન્ડિપેન્ડન્ટની રૂપિયા ૨,૦૦૦/-ની જામીનગીરી જપ્ત કરવામાં આવતાં મહાદેવ દેસાઈએ શરૂ કરેલા આ હસ્તલિખિત પત્રે પોતાની મુશ્કેલ કારકિર્દી ચાલુ જ રાખી છે. તે નવા સ્વરૂપમાં નિયમિત રીતે પ્રગટ થાય છે. અત્યારના સંપાદક ગિરફતાર થઈ જાય તો તેમના અનુગામીઓની ગોઠવણ કરવામાં આવી છે. ટૂંક સમય દરમ્યાન ગિરફતાર થયેલા તેના સંપાદકો અને સહાયક સંપાદકોનાં નામથી તેના મુખપૃષ્ઠને ગર્વભેર શણગારવામાં આવ્યું છે. તેઓ છે: સર્વશ્રી રંગા આયર, જૉર્જ જોસેફ, કબાડી અને મહાદેવ દેસાઈ. લાહોરના ઝમીનદાર સિવાય આવો ગર્વભર્યો ઇતિહાસ બીજા કોઈ પત્રનો હોય એમ હું માનતો નથી. મારી પાસેના સાત અંકોમાંની વીણેલી સામગ્રી હું બીજી કટારોમાં પ્રગટ કરું છું. તેનો પહેલો અંક મેં ક્યારનોયે પૂરેપૂરો પ્રગટ કર્યો છે. જે કાળજીથી સમાચારો એકઠા કરવામાં આવે છે, ચકાસી જોવામાં આવે છે અને તેમનો સાર કાઢવામાં આવે છે તથા સંપાદકીય નોંધમાં જે સંક્ષિપ્ત વિચારો આપવામાં આવે છે તેના તરફ વાચકનું ધ્યાન ગયા વિના રહેવાનું નથી. અલ્લાહાબાદની જનતા આ અખતરાને સહાનુભૂતિથી જોશે અને તેના જુવાન સંપાદકે કરેલી અપીલને ટેકો આપશે એવી હું જરૂર આશા રાખું છું. આ સાહસમાંથી ભારે પરિણામો આવવાની શક્યતા છે. સરકાર કંઈ પણ પગલાં લેતાં અચકાય નહીં અને એકેએક સંપાદકને ગિરફતાર પણ કરે. આ નવા પ્રયોગનો ઉદ્દેશ તો એ બતાવવાનો છે કે જો શિક્ષા સામે ખડા રહી શકે એવા માણસો પૂરતા પ્રમાણમાં હોય તો કોઈ પણ સરકાર લોકો ઉપર પોતાની ઇચ્છા લાદી ન શકે. આપણે સ્વતંત્રતાનો અનુભવ કરીએ અને સ્વતંત્ર બનીએ તે પહેલાં આપણે સરકારની બધી મહેરબાનીનો ત્યાગ કરવા સમર્થ બનવું જોઈએ. અસહકાર કરવા છતાં આપણે સરકારની મહેરબાનીથી અનેક વસ્તુઓ ભોગવીએ છીએ તે વાતનો આપણે સ્વીકાર કરવો જોઈએ. તે ધારે તો આપણને સૌને વિખૂટા પાડી દઈ શકે અને રેલવે, તાર અને ટપાલની સગવડ બંધ કરી દઈ શકે. પણ એક વસ્તુ તો નક્કી કે આપણી મરજી વગર તે આપણા આત્મા પર અંકુશ ન મૂકી શકે. અને હિંદનો આત્મા મુક્ત હોય અને રહે તે માટે, સરકાર આપણા માર્ગમાં જે કંઈ અડચણો મૂકે તે દરેકનો સામનો કરવા, તેને પાર કરવા અને તેના પર જીત મેળવવા આપણે તૈયાર રહેવું જોઈએ.

ખરેખર, સંપાદક જો સારા લહિયાઓની સેવા મેળવી શકે તો તે હજાર નકલો તો વગર મુશ્કેલીએ કરી શકે. હું તો હજુયે વધુ કરકસરથી શબ્દોનો ઉપયોગ કરવાની તેમને સલાહ આપું. થોડા અભ્યાસથી તે એક ફૂલ્સકૅપ કાગળની બે બાજુમાં પોતાને જે કહેવું હોય તે કહી શકશે. રોજેરોજ છાપેલાં પાનાં વાચકો ઉપર જે રીતનો જુલમ લાંબા સમય સુધી ગુજારે છે તેના પ્રમાણમાં, સંક્ષિપ્ત વર્તમાનપત્ર, વાંચવામાં ઘણું વધારે સુગમ થઈ પડશે એવી હું ખાતરી આપું છું. સામાન્ય દૈનિક પત્રમાંથી નકામી ખબરો, શબ્દાડંબર, ચોંકાવનારાં મથાળાં અને જાહેરાતો દૂર કરવામાં આવે તો બાકીનું બધું એક ફૂલ્સકૅપ પાના પર ખુશીથી સમાઈ શકે એમ કોઈને પણ જણાશે. બીજાઓ ન આપતા હોય એવા સમાચાર અને વિચારો આપવા સંપાદક પ્રયત્ન કરી જુએ એટલે તેને જણાશે કે તેની નકલની સંખ્યામાં વિનાપ્રયાસે હજારગણો વધારો થયો. સાથે સાથે તે એ પણ યાદ રાખે કે હસ્તલિખિત દૈનિક માટે જુદા જ પ્રકારની વ્યવસ્થાની

Gandhi Heritage Portal

જરૂર હોય છે. તેના એજન્ટો છાપું વહેંચનારા તો હોય જ પણ તેથી વિશેષ તેઓ તેની નકલ કરનારા પણ હોય. હસ્તલિખિત દૈનિકના વ્યવસ્થાપકે એજન્ટો અને તેમના ગ્રાહકોની યાદી રાખવી જોઈએ. આ એજન્ટો પણ એવા સ્થાનિક નકલ કરનારા રાખે જેઓ પોતપોતાના વિસ્તારો માટે પૂરતી સંખ્યામાં નકલો બનાવે. આમ, હસ્તલિખિત દૈનિકના કર્મચારીઓ અને તેના વાચકો વચ્ચે વધારે નિકટનો અને જીવંત સંબંધ સ્થાપી શકાય. એથી વિશેષ તો, આ વિચારનો યોગ્ય અમલ થતાં એવું જોવામાં આવશે કે ચિંતા દૂર થશે, સમય, શક્તિ અને પૈસાનો વ્યય ઘટી જશે અને વધારે કાયમી અને ઝડપી પરિણામો આવશે.

### એક બૅરિસ્ટરને નોટિસ

શ્રી ટી. એ. કે. શેરવાણીને, અલીગઢમાં થયેલાં તોફાન પછી તરત જ પકડવામાં આવ્યા, ત્યારે તેઓ રાષ્ટ્રીય મુસ્લિમ યુનિવર્સિટીનો હવાલો સંભાળતા હતા એટલું યાદ હશે. શ્રી શેરવાણી અલ્લાહાબાદમાં નૈનીની સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહ્યા છે. હિંદી ફોજદારી ધારાની કલમ ૧૫૩અ હેઠળ તેમને ગુનેગાર ઠરાવ્યા હોવાથી તેમનું નામ ધારાશાસ્ત્રીઓની યાદીમાંથી શા માટે રદ ન કરવું અને તેમની વકીલાત કેમ બંધ ન કરવી તે જણાવવા હમણાં હાઈકોર્ટ તરફથી તેમના પર નોટિસ બજાવવામાં આવી છે. તેમણે આ મહિનાની ૨૩મી તારીખે તેનું કારણ દર્શાવવાનું છે. બે વર્ષ ઉપર આવી નોટિસ મળતાં મોટા મોટા વકીલો પણ થથરી ગયા હોત. એ નોટિસને સર્વનાશ લાવનારી લેખવામાં આવી હોત. સદ્‌ભાગ્યે આજે પરિસ્થિતિ બદલાઈ છે. હું જાણું છું કે આ નોટિસે શ્રી શેરવાણીની એક રાતની ઊંઘ પણ બગાડી નથી. એક અસહકારી તરીકે તેમણે ક્યારનીયે વકીલાત મુલતવી રાખી છે. સ્વરાજની સ્થાપના થશે, જે ટૂંક સમયમાં થવાની જ છે, ત્યારે, હાઈકોર્ટે ૨૩મીએ રદ કરેલું તેમનું નામ માનપૂર્વક પાછું દાખલ થવાનું જ છે એ વિષે તેમને પોતાનામાં અને પોતાના દેશમાં પૂરતી શ્રદ્ધા છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ५-१-१९२२

## ૯૨. કૉંગ્રેસ અને પછી

### સાર

કૉંગ્રેસ સપ્તાહ એક આનંદ અને ઉત્સવનું સપ્તાહ હતું. સ્વરાજ મળ્યું નથી એવું કોઈ વિચારતું જ નહોતું. વધતી જતી રાષ્ટ્રીય તાકાતનું સૌ કોઈને ભાન હોય એમ લાગતું હતું. દરેકના ચહેરા પર વિશ્વાસ અને આશા અંકાયાં હતાં. કૉંગ્રેસ મંડપમાં એક લાખ પ્રેક્ષકો સમાવવા માટે સ્વાગત સમિતિએ ગોઠવણ કરી હતી. પરંતુ ઓછામાં ઓછી ગણતરી પ્રમાણે આ આંકડો બે લાખનો થવા જાય છે. ધસારો એટલો બધો ભારે હતો કે સિઝન ટિકિટ કે માત્ર પ્રવેશ માટેની ટિકિટો આપવાનું અશક્ય બન્યું હતું. અને લોકોને ગભરાવી મૂકવા માટે ખોટી અફવાઓ ફેલાવવામાં આવી ન હોત તો આ અસાધારણ હાજરી તેથીયે વધી ગઈ હોત. આગેવાનો અને કાર્યકરોની ધરપકડે અને તેમની બહાદુરીએ, લોકોમાં નવી આશા અને નવા ઉમંગનો સંચાર કર્યો છે. યાતનાઓ સહી લેવામાં જ લોકોએ સ્વતંત્રતા મેળવવાનો અને તેમની સામે ખડી કરવામાં આવેલી જબરામાં જબરી તાકાતને તોડી નાખવા માટેનો ચોક્કસ ઈલાજ શોધી કાઢ્યો છે એવી લાગણી વાતાવરણમાં પ્રસરેલી હતી.

Gandhi Heritage Portal

બંધારણ એક વર્ષથી અમલમાં આવ્યું છે અને મારા નમ્ર મત પ્રમાણે તે પૂરેપૂરું સફળ પુરવાર થયું છે. વિષયવિચારિણી સમિતિમાં ચર્ચાવિચારણા માટે પૂરતો સમય હતો અને તેમાં વાતાવરણ ગંભીર કામકાજનું જ હતું. એ સમિતિ ફાવે તેમ પસંદ કરવામાં આવી નહોતી પરંતુ પોતે શું કરી રહ્યા છે તે જાણનારા મતદારોએ એ વિચારપૂર્વક ચૂંટેલી હતી. કૉંગ્રેસે પોતે પણ છાપ પાડે તેવું દૃશ્ય ખડું કર્યું હતું. દેશબંધુ ચિત્તરંજન દાસને સ્થાને હકીમજી[1] એક આદર્શ અને ધીરજવાળા અધ્યક્ષ નીવડ્યા હતા. મત આપતાં પહેલાં ડેલિગેટો પોતાની શંકાનું નિવારણ થાય તેવો આગ્રહ રાખતા હતા. જે કંઈ ચાલી રહ્યું હતું તેને સમજવાનો તેમનો આગ્રહ હતો.

સ્વાગતસમિતિના પ્રમુખ શ્રી વલ્લભભાઈ પટેલે તેમનું હિંદી ભાષણ વાંચવામાં પંદર મિનિટ કરતાં વધારે સમય ન લીધો. પ્રમુખશ્રી માટેની દરખાસ્ત કે અનુમોદન માટે કોઈ ભાષણો કરવામાં આવ્યાં ન હતાં. આ આખી વિધિ મહાસમિતિએ પાર પાડી હતી. તેથી બાર હજાર ડેલિગેટો અને પ્રેક્ષકોના ઓછામાં ઓછા બે કલાક બચ્યા હતા. પ્રમુખના પ્રવચનમાં ૨૦ મિનિટ કરતાં વધારે સમય ગયો નહોતો. એકેએક ભાષણ મુદ્દાસરનું હતું અને નિરર્થક વાતોમાં એક મિનિટ પણ બગડવા દેવામાં આવી નહોતી.

પરિસ્થિતિ જોતાં એ સિવાય બીજું કંઈ થઈ શકે તેમ પણ નહોતું. ઠરાવો રાષ્ટ્રને ઉદ્દેશીને કરવામાં આવ્યા હતા. દેશે દુનિયામાં પોતાનું સ્થાન મેળવવા માટે ખરા દિલથી જે કામ કરવાનું છે તેનો કાર્યક્રમ તેમાં રજૂ કરવામાં આવ્યો હતો.

એટલે મત લેવાતાં પહેલાં ઠરાવો સારી રીતે સમજાય તે વિષે વિષયવિચારિણી સમિતિ તેમ જ કૉંગ્રેસમાં અસાધારણ કાળજી લેવામાં આવી હતી.

આટલું કામકાજ અંગે.

## પ્રદર્શન

બહારનો દેખાવ પણ કંઈ ઓછો અસરકારક નહોતો. ખુદ મંડપ પણ ભવ્ય હતો અને ચારે બાજુથી ખાદીથી મઢેલો હતો. કમાનો પણ ખાદીની હતી અને વિષયવિચારિણી સમિતિનો મંડપ પણ ખાદીનો હતો. મંડપનો આગળનો ભાગ ચારે બાજુ હરિયાળીવાળા એક સુંદર ફુવારાથી શોભી રહ્યો હતો. પાછળના ભાગમાં વધારાના શ્રોતાઓ માટે એક મોટો મંડપ બાંધવામાં આવ્યો હતો. ત્યાં કૉંગ્રેસ પ્રત્યે પ્રેમ અગર પૈસો હોવા છતાં પ્રવેશ ન મેળવી શકનાર હજારો સ્ત્રીપુરુષ પ્રેક્ષકોને, કૉંગ્રેસના મંડપમાં જે કંઈ બની ગયું હોય તે બધું સમજાવવામાં આવતું.

રાતે આ આખી ભૂમિ પ્રકાશથી ઝગમગી ઊઠતી અને તે નદીને કિનારે હોવાથી તથા એલિસબ્રિજને બીજે છેડે હોવાથી સામે કિનારેથી જોનાર હજારો પ્રશંસક પ્રેક્ષકો માટે પૂરા આઠ દિવસ સુધી એક ભવ્ય દૃશ્ય પૂરું પાડતી.

પ્રદર્શન તદ્દન પાસે જ હતું. ટોળાંનાં ટોળાં તે તરફ આકર્ષાતાં હતાં. તે સંપૂર્ણ સફળ નીવડ્યું હતું. ધાર્યા કરતાં વધારે લોકો તે જોવા ગયા હતા. દરરોજ ઓછામાં ઓછા ચાલીસ હજાર પ્રેક્ષકો તેની મુલાકાત લેતા. હિંદુસ્તાન શું પેદા કરી શકે તેમ છે તેનું તે અસાધારણ પ્રદર્શન કરતું હતું. તેનું મુખ્ય આકર્ષણ ચિકાકોલથી આવેલું મંડળ હતું. તે ૧૦૦ આંક સુધીનું સૂતર

૧. હકીમ અજમલખાન.

Gandhi Heritage Portal

કાંતવા સુધીની રૂની બધી જ ક્રિયાઓ કરી બતાવતું હતું. આંધ્રની બહેનો હાડકાંના સાદા દાંતિયાથી તેમના નાજુક હાથ વડે જે બરફ જેવી સફેદ પૂણીઓ બનાવતી તેવી તો કોઈ યંત્ર પણ ન બનાવી શકે. આંધ્રની બહેનોની નાજુક આંગળીઓ જે સુંદર સૂતર કાંતતી તેવું તો કોઈ યંત્ર પણ ન કાંતી શકે. ધીમે અવાજે ફરતી ત્રાકના સંગીતનું અનુકરણ કરવું અશક્ય છે. વર્ષ દરમ્યાન થયેલી પ્રગતિ દર્શાવતી બધી જ જાતની ખાદી એક કમરામાં એકઠી કરવામાં આવી હતી. ત્યાં તેનો અભ્યાસ થઈ શકતો હતો. શાંતિનિકેતન તથા બીજે સ્થળેથી આવેલાં ચિત્રો અને સુંદર કોતરકામ, ઝીણવટભર્યો અભ્યાસ કરનારને તેમ જ સાધારણ પ્રેક્ષકને પણ બોધપ્રદ થાય એવાં હતાં. હિંદુસ્તાનના બધા ભાગમાંથી આવેલા સંગીતજ્ઞોના સંગીતસમારંભો હજારો પ્રેક્ષકો માટે અનિવાર્ય આકર્ષણ બન્યા હતા. વિષ્ણુ દિગંબર શાસ્ત્રીએ[1] યોજેલી અખિલ હિંદ સંગીત પરિષદની બેઠકથી તેની પૂર્ણાહુતિ થઈ. આ પરિષદનું ધ્યેય રાષ્ટ્રીય સભાઓમાં સંગીતને લોકપ્રિય બનાવવાનું અને ભજનમંડળીઓ રચવાનું છે.

### ખાદી જ ખાદી

ખાદીનગર, બાજુમાં મુસ્લિમનગર અને તેની બાજુમાં ખિલાફત મંડપ : આ બધું હિંદુ-મુસ્લિમ એકતાના સફળ પ્રદર્શનરૂપ બન્યું હતું, અને તેનાથી લોકો પરના ખાદીના પ્રભાવનું સ્પષ્ટ દર્શન થતું હતું. સ્વાગતસમિતિએ માત્ર ગુજરાતમાં જ બનેલી સાડાત્રણ લાખની કિંમતની ખાદીનો ઉપયોગ કર્યો હતો. સમિતિએ ખાદીના ઉપયોગ માટે ૫૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા. મોટું રસોડું અને ભંડાર સહિત બધા તંબૂઓ પર ખાદીનું આચ્છાદન હતું. ખાદીનગર તેમ જ મુસ્લિમનગર એમ બંને જગ્યાએ હિંદુ અને મુસલમાન બંને તથા થોડા પારસી અને ખ્રિસ્તી મળી આશરે બે હજાર સ્વયંસેવકોએ મહેમાનોની સરભરા કરી હતી.

સફાઈની વ્યવસ્થા ખાસ ધ્યાન ખેંચતી હતી. તે માટે ખાઈઓ ખોદવામાં આવી હતી. ખાદીના પડદાથી પૂરેપૂરી મર્યાદા સચવાતી હતી. પાયખાનાનો ઉપયોગ કર્યા પછી દરેક વખતે મળ ઉપર ચોખ્ખી માટી નાખવામાં આવતી. એટલે ખાઈનો જ્યારે જ્યારે ઉપયોગ કરવામાં આવતો ત્યારે તે સ્વચ્છ હાલતમાં જોવામાં આવતી. ખાઈઓની દેખરેખ રાખવાનું કામ પગારદાર ભંગીઓ નહીં પણ દરેક જ્ઞાતિના અને દરેક ધર્મના બિનપગારદાર સ્વયંસેવકો સંભાળતા હતા. આ આવશ્યક કામની જેમને સૂગ ન હોય તેમને જ તે માટે પસંદ કરવામાં આવ્યા હતા. વાચકને કદાચ ખબર નહીં હોય કે આ કાર્ય એટલું તો સ્વચ્છ અને ઝડપી છે કે સાફ કરનારને ન તો મળ કે ન તો માટીનો સ્પર્શ કરવો પડે. તેણે માત્ર થોડા પાવડા સ્વચ્છ માટી લઈને કાળજીથી મળને ઢાંકી દેવાનો રહેતો. આ સામાન્ય કાળજી રાખવાથી છાવણી સ્વચ્છ, સુંદર અને માખોના ત્રાસથી મુક્ત રહી. બધી છાવણીઓમાં વીજળીના પ્રકાશની ગોઠવણ કરવામાં આવી હતી.

### મહિલા પરિષદ

અલીભાઈઓનાં બહાદુર માતુશ્રી બી – અમ્માના પ્રમુખપદે મળેલી મહિલા પરિષદનો ઉલ્લેખ કરવાનું હું ટાળી શકતો નથી. એ દૃશ્ય હૃદયને હચમચાવી મૂકે તેવું હતું. આખોય વિશાળ મંડપ ઓછામાં ઓછી પચાસ હજાર સ્ત્રીઓથી ભરાઈ ગયો હતો. જે ચાલી રહ્યું હતું તે બધું સઘળી

૧. પંડિત વિષ્ણુ દિગંબર પલુસકર, ભારતીય શાસ્ત્રીય સંગીતના એક અગ્રગણ્ય પુરસ્કર્તા.

Gandhi Heritage Portal

બહેનો સમજતી હતી એવું હું નથી કહેતો. પરંતુ એ બધું શું છે તે તેઓ સહજભાવે જાણતી હતી એમ હું જરૂર કહું. તેમની પરિષદ હિંદુસ્તાનના ધ્યેયને આગળ ધપાવવા માટે હતી અને પુરુષોની સાથે સાથે તેમની પાસે પણ પોતાનો ભાગ ભજવવાની અપેક્ષા રાખવામાં આવતી હતી, એ વાત તે સૌ જાણતી હતી.

આ બધી ધમાલમાં મને ખ્યાલ છે ત્યાં સુધી કોઈ અકસ્માત બન્યો નહોતો. પોલીસે કોઈ પણ કામમાં કે કોઈ પણ વ્યક્તિ અંગે દરમ્યાનગીરી કરી ન હતી તે માટે તેને યશ આપવો ઘટે. પુલની જે બાજુએ કૉંગ્રેસ ભરાઈ હતી ત્યાંની બધી વ્યવસ્થા કૉંગ્રેસ અને ખિલાફતના સ્વયંસેવકો પર છોડી દેવામાં આવી હતી.

## કાળી બાજુ

અત્યાર સુધી મેં ચિત્રની ઊજળી બાજુ રજૂ કરી. પરંતુ દરેક ચિત્રની માફક કૉંગ્રેસના ચિત્રને પણ તેની કાળી બાજુ છે. ખૂબ જ ઉત્સાહમાં આવી જતાં કોઈ વાર પ્રેક્ષકો બેકાબૂ બની જતા. અધીરા બની જતાં તેમણે મંડપ તરફ ધસારો કર્યો હતો અને એકબે વાર બળાત્કારે અંદર ઘૂસી જવાનો પ્રયત્ન કર્યો હતો. આ બધું ઉત્સાહને લીધે થયું હતું. પરંતુ તે ભારે આપત્તિ-રૂપ પણ નીવડી શકયું હોત. આવા સમારંભોનું વ્યવસ્થિત રીતે નિયમન કરવા આપણે સમર્થ બનવું જોઈએ, અને જનસમુદાય પોતાના માણસોની સૂચનાનો સ્વાભાવિક રીતે અને સ્વેચ્છાપૂર્વક અમલ કરે ત્યારે જ તે બની શકે. આત્મસંયમ એ સ્વરાજ અને સ્વશાસનની ચાવી છે. ડેલિગેટો પણ સૂચનાનું પાલન કરવાની કાળજી રાખતા નહોતા. તેમાંના કેટલાક તો તેમને માટે અલાયદા રાખવામાં આવેલા બ્લૉકમાં બેસતા પણ નહોતા. અને કેટલાક તો અમે સવિનય(?)ભંગ માટે આવ્યા છીએ એટલે મરજી ફાવે ત્યાં બેસીશું એવું કહેતાં પણ અચકાતા નહોતા. મહાસમિતિના કેટલાક સભ્યો પણ આવા અવિનયી નિયમભંગથી મુક્ત નહોતા. કેટલાક ડેલિગેટો તેમના રહેવા-જમવાનું ખર્ચ પણ ચૂકવતા નહોતા. અને મને જણાવતાં દિલગીરી થાય છે કે કાંઈ નહીં તો એક ગુજરાતીએ તો ટિકિટ પર પોતાના મિત્રનું નામ હોવા છતાં અને તેનો ઉપયોગ બીજા કોઈથી કરી ન શકાય એમ જાણતો હોવા છતાં પ્રેક્ષક માટેની તેની ટિકિટનો ઉપયોગ કરી નિયમભંગ કર્યો હતો. વધારે દુ:ખની વાત એ છે કે એ ભાઈ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના જાણીતા સભ્ય છે.

## અને પછી

એટલે ચિત્રની કાળી બાજુનો હું વિચાર કરું છું ત્યારે મારું હૃદય વલોવાઈ જાય છે. આપણો આદર્શ સિદ્ધ કરવામાં વિલંબ કેમ થાય છે તે હું જાણું છું. પરંતુ જ્યારે ઊજળી બાજુનો હું વિચાર કરું છું ત્યારે ચિત્ર એટલું બધું આકર્ષક લાગે છે કે તેની કાળી બાજુ તેના સૌંદર્યને હાનિ પહોંચાડી શકતી નથી. પણ સાથે સાથે આપણે બધું ભૂલી જઈએ અને તકેદારી ઢીલી કરીએ એ આપણને પાલવે એમ નથી. કેવળ આપણી નૈતિક શક્તિના વિકાસ પર જ આ આંદોલનની સફળતાનો આધાર રહેલો છે. જેમ એકાદ ખોટો સૂર પણ સમગ્ર સંગીતને બેસૂરું બનાવી દે છે તેમ આપણી ચળવળના જેવી મહાન ચળવળને નષ્ટ કરવા માટે એકાદ વ્યક્તિ પણ પૂરતી છે. સત્ય અને અહિંસા પર આપણે આપણું સર્વસ્વ હોડમાં મૂકયું છે એ આપણે યાદ રાખીએ. આવી કોઈ પ્રતિજ્ઞાનું જેમને બંધન નથી તેઓ ગમે તે કરી શકે, પરંતુ આપણે આપણી પ્રતિજ્ઞાથી બંધાયેલા છીએ અને તેથી વિચારપૂર્વક લીધેલી પ્રતિજ્ઞાનો જો આપણે ભંગ કર્યો તો આપણા ભાંગીને ભુક્કા ઊડી જશે. તેથી આ પાનાં પર મેં અનેક વાર કહ્યું છે



Gandhi Heritage Portal

તેમ કૉંગ્રેસના બંધારણનો સંપૂર્ણ અમલ આપમેળે જ આપણને સ્વરાજની સ્થાપનાને રસ્તે લઈ જાય છે. જોઈએ, શું થાય છે.

**નાણાકીય**

મહાસમિતિ પાસે હજુ પણ ઠીકઠીક પુરાંત છે, છતાં પ્રાંતોએ તેમની પાસેના પૈસાનો ઉપયોગ જરૂર કરી નાખ્યો હશે. તેમની પાસે આપોઆપ એકઠી થતી આવકનું સાધન છે. કૉંગ્રેસના દરેક સભ્યે પોતાનો મતાધિકાર જાળવી રાખવા માટે દર વર્ષે ચાર આના આપવા પડે છે. એટલે દરેક પ્રાંત પાસે પોતાના હિસ્સાના સભ્યો હોય તો તેના પત્રક પર ઓછામાં ઓછા બે લાખ સભ્યો થાય એમ ગણતાં, તે ૫૦,૦૦૦ રૂપિયા એકઠા કરી શકે. મને કહેવામાં આવ્યું છે કે આ તો કેવળ મૃગજળ જેવું છે, કેમ કે આ રકમ એકઠી કરવામાં તેની કિંમત કરતાં પણ વધારે ખર્ચ કરવું પડે છે. જે સરકાર તેની આવક કરતાં વધારે ખર્ચ કરે છે તે આપખુદ કે સડેલી સરકાર ગણાય. કૉંગ્રેસ એક મરજિયાત સંસ્થા છે એવો દાવો કરવામાં આવે છે. અને આપણે નામનું જ ખર્ચ કરીને આપણાં લવાજમ એકઠાં ન કરી શકતા હોઈએ તો આપણને સંસ્થા તરીકે ટકી રહેવાનો કોઈ અધિકાર નથી. સ્વરાજમાં આપણે ૨$\frac{1}{2}$ ટકા કરતાં ઓછા ખર્ચે આપણી આવક ઉઘરાવવાની અપેક્ષા રાખીએ છીએ, અને તે પણ લોકો પર બળજબરી કરીને નહીં પરંતુ તેમને રાજી રાખીને કરવાનું હોય. તેથી આપણને ઓછામાં ઓછી એટલી અપેક્ષા રાખવાનો હક છે કે દરેક પ્રાંત પોતાના ખર્ચ માટેનાં નાણાં એકઠાં કરી શકતો હોવો જ જોઈએ. વળી ઓછામાં ઓછા એક કરોડ સભ્યો નોંધવાનું એટલે હિંદભરમાં સભ્યપદના પચીસ લાખ રૂપિયા મેળવવાનું મુશ્કેલ ન બનવું જોઈએ. ખરેખર, આપણે જો વિકાસશીલ લોકસંસ્થા હોઈએ, કહો કે સરકાર હોઈએ તો આપણી સભ્યસંખ્યાને બમણી કરવાની આપણી શક્તિ હોવી જોઈએ. આ પૈસા ઉઘરાવવા સિવાય બીજું કંઈ પણ કામ ન કરનારા બિનવેતની ને પ્રામાણિક સ્વયંસેવકો પૂરતા પ્રમાણમાં મેળવવાની આપણી શક્તિ હોવી જોઈએ. જો આવા સ્વયંસેવકો ન મળે તો આપણે આપણું દેવાળું જાહેર કરવું રહ્યું. આપણે જો તંદુરસ્ત અને સ્વાભાવિક વિકાસ સાધી રહ્યા હોઈએ તો આપણે આ માત્ર નામનો વ્યક્તિગત વાર્ષિક કર એકઠો કરવા જેટલા સમર્થ થવું જ જોઈએ. અને જે વાત કૉંગ્રેસનાં સંગઠનો વિષે છે તે જ વાત એની અનેક સંસ્થાઓ, કૉલેજો, શાળાઓ, વણાટશાળાઓ વગેરે વિષે સમજવાની છે. જે કોઈ સંસ્થા પોતાની નૈતિક તાકાત વડે સ્થાનિક ટેકો મેળવી ન શકે તે ટકાવી રાખવા યોગ્ય નથી. જે સંસ્થાને પોતાના જિલ્લાના રહીશોનો ટેકો હોય તે જ સંસ્થા એ જિલ્લામાં જરૂરી છે એમ સમજવું. અમેરિકા અથવા ઇંગ્લંડમાંથી નાણાં મેળવતી સૌથી મોટી મિશનરી સંસ્થાઓ, સત્તાવાળાઓ તરફથી લાદવામાં આવી હોય છે અને કોઈ પણ જગ્યાએ તેમને લોકોએ અપનાવી હોતી નથી. મિશનરીઓએ જો શરૂઆતથી જ કેવળ લોકોની શુભેચ્છા અને ટેકા પર આધાર રાખ્યો હોત તો તેમણે હિંદુસ્તાનની ખૂબ જ વધારે સેવા કરી હોત. એ જ પ્રમાણે કૉંગ્રેસની સંસ્થાઓ અને સંગઠનો જો મધ્યસ્થ સંસ્થા તરફથી નભાવાતાં હોય તો સંભવ છે કે તે પારકા ઉછેરો બને અને ભાગ્યે જ લોકોનું કલ્યાણ કરનારાં નીવડે. એવો સામાન્ય નિયમ કરવો જોઈએ કે સ્થાનિક મદદથી નભાવવામાં ન આવતી હોય તેવી સ્થાનિક સંસ્થાઓ હોવી જ ન જોઈએ. સ્વાશ્રય એ સ્વશાસન માટેની શક્તિની સૌથી ખાતરીલાયક કસોટી છે. પોતાને વિષે હજુ સુધી સજાગ ન બન્યાં હોય એવાં સ્થળો અને પ્રાંતો આપણે ત્યાં મોજૂદ હોવાનો સંભવ છે. શરૂઆતના તબક્કે તેમને વિકસાવવાં પડશે અને તેમને મદદ આપવી પડશે. આપણે લડતની

Gandhi Heritage Portal

જે કંઈ યોજના ઘડીએ તેમાં તેમની ગણતરી આજે ન થઈ શકે. આ ઝડપી લડતમાં તો, જેમણે રાજકીય ભાવના વિકસાવી હોય એવાં સ્થળો પર જ આપણે આધાર રાખવો ઘટે. તેથી સ્થાનિક પ્રયાસને કેન્દ્ર તરફથી નાણાસહાય આપવાની અપેક્ષા તો જૂજ દાખલાઓમાં જ રખાવી જોઈએ.

### અસ્પૃશ્યતા

એ જ પ્રમાણે અસ્પૃશ્યતાના સવાલનો નિવેડો લાવવા માટે આપણે ભગીરથ પ્રયત્નો કરવા જોઈએ. હિંદુધર્મમાં થયેલા સુધારાને જ્યાં સુધી અસ્પૃશ્યો પ્રમાણપત્ર ન આપે ત્યાં સુધી આ બાબતમાં આપણે કંઈ પણ કર્યું હોવાનો દાવો ન કરી શકીએ. આ સવાલ વિષે તો આંધ્ર જેવા ખૂબ જ આગળ વધેલા અને જાગ્રત પ્રાંતોમાં પણ ગેરસમજ પ્રવર્તે છે તે જોઈને મને આશ્ચર્ય થયું છે. અસ્પૃશ્યતાનું નિવારણ એટલે પાંચમી જ્ઞાતિની નાબૂદી. તેથી ગામના સાર્વજનિક કૂવામાંથી પંચમ કોમનો કોઈ છોકરો પાણી ખેંચે કે ત્યાંની સાર્વજનિક શાળામાં જાય તેની સામે કોઈ વાંધો હોવો ન જોઈએ. બ્રાહ્મણેતરના સઘળા અધિકારોનો તે છૂટથી ઉપયોગ કરતો હોવો જોઈએ. આપણે હિંદુઓએ ધર્મને નામે બાહ્યાચારને ખોટી રીતે ઊંચું સ્થાન આપ્યું છે અને ધર્મને કેવળ ખાવાપીવાનો પ્રશ્ન બનાવીને તેની અધોગતિ કરી છે. બ્રાહ્મણધર્મનું અજોડ સ્થાન તેના આત્મવિલોપન, આંતરિક પવિત્રતા, અને કડક સંયમને આભારી છે. હિંદુઓ ભોજનની અને માનવસંસર્ગની આધ્યાત્મિક અસરને વધારેપડતી અગત્ય આપશે તો તેમનો નાશ થવાનો છે. આપણે આંતરિક કસોટીઓ અને પ્રલોભનો વચ્ચે મુકાયા છીએ અને બધી જ જાતના અત્યંત ઘૃણાજનક અને હીન વિચારપ્રવાહોથી અભડાઈને ભ્રષ્ટ થયા છીએ, એ જોતાં આપણે આપણી તુમાખીમાં, જે લોકોને આપણા અજ્ઞાનને લીધે અને મોટેભાગે તુમાખીથી આપણા કરતાં ઊતરતા ગણીએ છીએ, તેમના સંસર્ગની અસરની આપણે અતિશયોક્તિ કરવી ન ઘટે. સર્વશક્તિમાન પરમાત્માના સિંહાસનની સન્મુખ, આપણે શું ખાધું કે આપણને કોણ અડકયું એ જોઈને નહીં, પરંતુ આપણે કોની અને કેવી રીતે સેવા કરી એ જોઈને આપણો ન્યાય તોળાશે. એકાદ દુ:ખી માણસની જેટલે અંશે આપણે સેવા કરીશું તેટલા પ્રમાણમાં આપણે ઈશ્વરની કૃપાદૃષ્ટિ પામીશું. જેમ આપણે બૂરા સંગનો ત્યાગ કરવો જોઈએ તેમ ખરાબ અને ઉત્તેજક ભોજનનો પણ આપણે ત્યાગ કરવો જોઈએ. પરંતુ આ બધા બાહ્યાચારને તેમના મહત્ત્વના પ્રમાણમાં આપણે વધારેપડતું સ્થાન ન આપવું જોઈએ. આપણે અમુક ખોરાકના ત્યાગની વાતનો છળ, કપટ, દંભ અને હીનમાં હીન દુર્ગુણોને છુપાવવા માટેના પડદા તરીકે ઉપયોગ ન કરવો જોઈએ. આપણા પતિત કે અસ્વચ્છ બંધુના સંસર્ગથી આપણા આધ્યાત્મિક વિકાસને હાનિ ન પહોંચતી હોય તો તેની સેવા કરવાનો ઇનકાર કરવાની ધૃષ્ટતા આપણે ન કરવી જોઈએ.

### હિંદુમુસ્લિમ એકતા

હિંદુમુસ્લિમ એકતા વિષે ઇચ્છવાજોગ હોય એવું હજી ઘણું બાકી રહે છે. આ એકતા નાની કોમોના મુક્ત અસ્તિત્વ અને વિકાસ માટે ભયરૂપ છે એવી દહેશત હજુ પણ સેવવામાં આવે છે. મૉડરેટ અથવા સ્વતંત્ર પક્ષના ભાઈઓ પ્રત્યેના આપણા ભૂતકાળના વલણ અંગેની ભૂલોનું આપણે પુનરાવર્તન ન કરીએ. આપણી વચ્ચે તેમને બિનસલામતી ન લાગવી જોઈએ પણ આપણી સહિષ્ણુતા વડે આપણે આપણા આદર્શોને લગતી ન હોય એવી તેમની શંકા અને વિરોધનું નિવારણ કરીએ.

Gandhi Heritage Portal

**સવિનયભંગ**

આપણે કેવળ સવિનયભંગમાં જ આપણી શ્રદ્ધા પરોવી દેવાની દુષ્ટતા ન કરીએ. એ તો એક એવી છરીના ઉપયોગ જેવો છે, જે વાપરવી જ પડે તો જવલ્લે જ વાપરવાની હોય. જે કોઈ માણસ અટક્યા વિના છરી ચલાવ્યો જાય છે તે ઠેઠ મૂળ સુધી ઘા કરે છે અને ઉપરના સખત પડને કાપી નાખીને તે જે સત્ત્વ મેળવવા માગતો હતો તે મેળવી શકતો નથી. સમગ્ર વિકાસના નિયમોનું આપણે બધી રીતે પાલન કરીશું તો જ સવિનયભંગનો ઉપયોગ સ્વસ્થ, અનિવાર્ય અને અસરકારક બનશે. તેથી આપણે "ભંગ" કરતાં પણ "સવિનય" વિશેષણનું પૂરું અને વધારે ભારે મૂલ્ય આંકવું જોઈએ. વિનય, શિસ્ત, વિવેક અને અહિંસા વિનાનો કાનૂનભંગ ચોક્કસ એક વિનાશ જ છે. પ્રેમપૂર્વકનો કાનૂનભંગ જીવનનું પ્રાણદાયી જળ છે. સવિનયભંગ એ મૃત્યુ નિપજાવતો વિસંવાદ નહીં પણ વિકાસનું મહત્ત્વ દર્શાવતો સુંદર શબ્દ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૫-૧-૧૯૨૨

## ૯૩. કાયદેસરની લૂંટ

હજારો અસહકારીઓની ધરપકડ અને તેમની અનિવાર્ય હાડમારીઓથી મને આનંદ ઊપજે છે પરંતુ જે બનાવો હું અહીં વર્ણવવા માગું છું તે સ્વરાજ્યને નજીક લાવતા હોવા છતાં મારે માટે તો જરૂર દુઃખદાયી છે. સરકારનાં કૃત્યોને લીધે હાલમાં મારે તેને વિષે જેટલો ખરાબ અભિપ્રાય ધરાવવો પડે છે તેટલો ખરાબ અભિપ્રાય હું તેને વિષે ખુશીથી કદી નહીં ધરાવું.

અલ્લાહાબાદની હડતાળની માફક કલકત્તાની હડતાળ[1] દેખીતી રીતે જ સંપૂર્ણ હતી. કલકત્તામાં લોકો શાંતિનો ભંગ કરશે એવો વધારેમાં વધારે ભય હોવા છતાં, ૧૭મી નવેમ્બરે મુંબઈમાં કેટલાક લોકો પાગલ બન્યા હતા તેમ ત્યાં નહોતા બન્યા. તેમની શાંતિ નમૂનારૂપ હતી. એવું લાગે છે કે તેમના મંત્રી બાબુ શતકોડીપતિ રાય, સરદાર લછમનસિંગ અને સ્વામી વિશ્વાનંદને શાંતિ જાળવવાનો પ્રયત્ન કરવા સિવાયના બીજા કોઈ પણ વાંકગુના વિના જ ગિરફતાર કરવામાં આવ્યા હતા. છતાં લોકો શાંત રહ્યા. આપણા લોકો નેતાઓ વિના કામ કરી શકે છે અથવા કહો કે બધા જ નેતાઓ છે એવું ટૂંક સમયમાં જ તેમને વિષે કહી શકાશે.

હડતાળને તોડવાના ભગીરથ પ્રયત્નો છતાં આમ સ્વયંભૂ હડતાળ પડી અને ઉશ્કેરણી છતાં લોકોએ શાંતિ જાળવી તેથી "નાગરિક" રક્ષકદળના માણસો અને યુરોપિયનો એકંદરે ગુસ્સે થયા. આને માટે વાઇસરૉય સાચે જ દોષપાત્ર છે. શાહજાદાને નહોતા લાવવા જોઈતા ત્યારે જ તે તેમને લાવ્યા. લાવ્યા પછી શાહજાદા જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં લોકો પાસે પરાણે સ્વાગત કરાવવાનો તેઓ પ્રયત્ન કરે છે અને તેમ કરવામાં નિષ્ફળ નીવડતાં નામદાર સાહેબે આ બહિષ્કારને શાહ-જાદા અને બ્રિટિશ રાષ્ટ્ર પ્રત્યેના એક અપમાન તરીકે ગણાવ્યો છે અને એ રીતે તેમણે સ્થાનિક બ્રિટિશ લોકોની લાગણીઓ ઉશ્કેરી મૂકી છે. અને ધાર્યા પ્રમાણે થયું પણ છે. પોલીસ અને નાગરિક રક્ષકદળના માણસોએ સરકારની અનેકવિધ જાહેરાતોને પોતાને માટે ફાવે તેમ વર્તવાના

૧. ૧૯૨૧ના ડિસેમ્બર ૨૪મીની.

Gandhi Heritage Portal

એક પરવાના જેવી ગણી છે. તેમણે દુકાનો લૂંટી છે. સર્વન્ટના હેવાલો સાચા હોય તો તેઓ પગરખાં સાથે મસ્જિદોમાં ગયા છે અને તેમણે ચોરી પણ કરી છે. નિર્દોષ માણસોને રંજાડયા છે. કેટલાકને મારી પણ નાખ્યા છે. કલકત્તાના લોકોએ આ કાયદેસર બનાવાયેલી અરાજકતા ખૂબ જ ખામોશીથી સહન કરી છે, અને એ તેમણે યોગ્ય જ કર્યું છે. ધર્મનો તિરસ્કાર કરનારનાં પગરખાંથી કંઈ તે મસ્જિદ ભ્રષ્ટ નથી થઈ એમ મને લાગે છે. મસ્જિદમાં જનારાઓની અદ્‌ભુત સહનશીલતાએ તેને વધારે પવિત્ર બનાવી છે અને લડતના ધાર્મિક સ્વરૂપનો પરચો કરાવ્યો છે.

બિહારના કેટલાક ભાગોમાં સત્તાવાળાઓ આથી વધારે સારી રીતે વર્ત્યા નથી. સોનપુરની થાણા કૉંગ્રેસ સમિતિના મંત્રી આ પ્રમાણે લખે છે :

> ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૧મીએ લગભગ બપોરે ૩ વાગ્યે, કેટલાક કાર્યકરો અને ૧૦ સ્વયંસેવકો, રસ્તા પર ફરી રહ્યા હતા અને લોકોને સમજાવતા હતા કે ચાલુ માસની ૨૨મી તારીખે શાહજાદાની મુલાકાત વખતે દુકાનદારોએ સંપૂર્ણ હડતાળ પાડવી. તેઓ સોનપુર પોલીસથાણા આગળ પહોંચ્યા ત્યારે, નામદાર શાહજાદાની મુલાકાત અંગે ત્યાં મૂકવામાં આવેલા એસ. પી. (મિ. પાર્કિન), આશરે ૧૦૦ પોલીસો સાથે બહાર આવ્યા અને સ્વયંસેવકો પાસેથી વાવટા, બિલ્લા અને તેમણે પહેરેલાં ખાદીનાં કપડાં સુધ્ધાં છીનવી લીધાં અને બધાંના ટુકડેટુકડા કરી નાખ્યા.
>
> આ પછી તરત જ, સાદાં કપડાં પહેરેલી અને હાથમાં લાઠીવાળી પોલીસટુકડી સાથે એસ. પી. કૉંગ્રેસ કચેરી સુધી કૂચ કરી ગયા. કચેરીએ પહોંચી એસ. પી.એ પોલીસોને લૂંટફાટ કરવાનો હુકમ કર્યો. "मारो और लूंटो": શબ્દો તેમણે વાપર્યા હતા). પરિણામે પોલીસોએ દરવાજો ખોલી નાખ્યો અને સ્વયંસેવકોને બંને બાજુએ હડસેલી તેમના પર હુમલો કરી કચેરીના ખંડમાં પેઠા. પછી મિ. પાર્કિને કચેરીની પૂરી જડતી લીધી અને રોકડ પૈસા રાખવાની કૅશબૉક્સ તથા પત્રકો, ચોપડા વગેરે રાખવાની આલમારી તોડી નાખી અને પછી ત્યાંના બધા જ દફતરી કાગળો, ખાદીના તાકા, રાષ્ટ્રીય કૅલેન્ડરો, ચિત્રો, બિલ્લા, ખાદીની ટોપીઓ અને રામાયણ તથા ગીતા જેવાં ધાર્મિક પુસ્તકો—એ બધું બહાર કાઢયું અને કચેરીની સામે બાળી નાખ્યું. વળી પૂરગ્રસ્ત લોકોમાં વહેંચવા માટે અને રાષ્ટ્રીય શાળાને આપવા માટે જિલ્લા કૉંગ્રેસ સમિતિએ મેળવેલા રૂપિયા ૧૨૦ પણ તેઓ લઈ ગયા.

કાયદો અને વ્યવસ્થાને નામે વર્તવાનો દાવો કરતી ખુદ સરકારે, ધોળે દિવસે ચલાવેલી લૂંટના ભયાનક ચિત્રને બનારસથી મળેલો નીચેનો હેવાલ સંપૂર્ણ બનાવે છે :

> છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન સ્વયંસેવકોએ પકડાવા માટે રસ્તા પર કૂચ કરી નહોતી. બધા મળીને આશરે ૫૦૦ જણને પકડવામાં આવ્યા હતા. મોટાભાગનાને ૨૪ કલાક પછી છોડી દીધા હતા અથવા ૧૦ રૂપિયા દંડ કર્યો હતો. દંડ ન ભરતાં પોલીસોએ તેમના કામળા, કોટ, ટોપી, પગરખાં, ઘડિયાળ વગેરે લઈ લીધાં હતાં.

ગુંડાઓ આવું બધું કરે એવું આપણે સાંભળીએ છીએ. કાયદામાં પ્રજાના જાનમાલને એવાં તો પવિત્ર ગણવામાં આવે છે કે કાયદેસર કામ ચલાવ્યા વિના તેને અડકી પણ ન શકાય. પોતાના પર પૈસા ચૂકવી દેવાનું હુકમનામું થયેલું હોવા છતાં જાકીટમાં સોનાની સાંકળી લટકતી રાખીને કોર્ટમાંથી લહેરથી ચાલ્યા જતા દેવાદારોને મેં જોયા છે. દંડની શિક્ષા થઈ હોવા છતાં તે દંડની રકમ જેટલી કિંમતની હીરાની વીંટી પહેરીને ચાલ્યા જતા આરોપીઓ મેં જોયા છે. આવા બધા કિસ્સાઓમાં જાહેર જપ્તી અને જાહેર હરાજીનું વૉરંટ બજાવ્યા પછી જ વસૂલાત

Gandhi Heritage Portal

કરવામાં આવે છે. પરંતુ આજે અસહકારીઓ સામે જેનો અમલ થઈ રહ્યો છે તે કાયદો તો નિરંકુશ છે. કોઈ એક અધિકારીના મનનો તરંગ હિંદમાં પૂરો કાયદો બની બેસે છે. જે કેટલીક બાબતો બન્યાનું જણાવવામાં આવ્યું છે તે બધી લશ્કરી કાયદા હેઠળ બની હોય તોપણ શિક્ષાપાત્ર ઠરે એમ મને લાગે છે. હિંદ સરકાર જે હલકટ રમત રમી રહી છે તે રમવા માટે માણસો મળી રહે છે અને તેમનો ઉપયોગ થાય છે એ વસ્તુ દયાજનક છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५-१-१९२२

## ૬૪. સ્વતંત્રતા

મૌલાના હસરત મોહાનીએ કોંગ્રેસના મંચ ઉપરથી અને ત્યાર બાદ મુસ્લિમ લીગના પ્રમુખ તરીકે, સ્વતંત્રતા માટે હિંમતભરી લડત આપી અને સદ્ભાગ્યે દરેક વખતે તેઓ હાર્યા છે.[1] મૌલાનાના આશય વિષે ભૂલ થવાનો કોઈ સંભવ નથી. ખિલાફતના સવાલનો સંતોષકારક નિવેડો આવે તોપણ બ્રિટિશ પ્રજા સાથેના ભાગીદાર તરીકેના અને સમોવડિયા તરીકેના બધા સંબંધો પણ તેઓ તોડી નાખવા માગે છે. સંપૂર્ણ સ્વતંત્રતા વિના ખિલાફતના સવાલનો કદી પણ નિવેડો આવી ન શકે એવો આગ્રહ રાખવાથી કામ નહીં સરે. આપણે માત્ર સિદ્ધાંતની ચર્ચા કરીએ છીએ. સંપૂર્ણ સ્વતંત્રતા વિના જો ખિલાફતના સવાલનો નિવેડો ન આવી શકે, અર્થાત્ ઈસ્લામી જગતની મહત્ત્વાકાંક્ષા પ્રત્યે બ્રિટિશ પ્રજા વિરોધી વલણ જાળવી રાખે તો સંપૂર્ણ સ્વતંત્રતા માટે આગ્રહ રાખવા સિવાય આપણે માટે બીજો કોઈ ઉપાય રહેતો નથી, એ વાત તો સૌ કોઈ સ્વીકારે છે. ઈસ્લામી જગત પ્રત્યે મિત્રાચારી દાખવવા જો બ્રિટનને આકર્ષી ન શકાય તો તેને પોતાનો નૈતિક ટેકો આપવાનું પણ હિંદુસ્તાનને પાલવી ન શકે અને તેણે બ્રિટનના નૈતિક અને ભૌતિક ટેકા વિના ચલાવી લેવું જ પડે.

પરંતુ માની લો કે ગ્રેટબ્રિટન પોતાનું વલણ બદલે, અને હિંદુસ્તાન શક્તિશાળી બનતાં તે બદલવાનું જ છે એ હું જાણું છું, તો સંપૂર્ણ સ્વતંત્રતા માટે આગ્રહ રાખવો આપણે માટે ધાર્મિક દૃષ્ટિએ પણ અયોગ્ય ગણાશે. કેમ કે એમ કરવું વેરભાવભર્યું અને બાલિશ થઈ પડશે. બ્રિટિશ લોકો માણસમાં રહેલા ઈશ્વરનું સન્માન કરી શકે એવા નથી એવી માન્યતાને આધારે આ ઈનકાર થયેલો હોવાથી એ ઈશ્વરની અવગણના કર્યા બરાબર થશે. શ્રદ્ધાળુ મુસલમાન તેમ જ શ્રદ્ધાળુ હિંદુ, એમ બંને આ સ્થિતિ કબૂલ કરી શકે નહીં.

અંગ્રેજોને વહેલામાં વહેલી તકે હિંદ બહાર હાંકી કાઢવા યોગ્ય કટ્ટા દુશ્મનો ગણવામાં નહીં પણ તેમને દુનિયાનાં વધારે નિર્બળ અને અવિકસિત રાષ્ટ્રો અને જાતિઓના શોષણ પર મંડાયેલા અને છેવટે બળ ઉપર નભતા સામ્રાજ્યની જગ્યાએ સ્થપાયેલા નવા રાષ્ટ્રસંઘના ભાગીદાર અને મિત્રો બનાવવામાં જ હિંદનું મોટામાં મોટું ગૌરવ રહેલું છે.

બ્રિટિશ સંબંધ સાથેના સ્વરાજનો સ્પષ્ટ અર્થ શો થાય તે આપણે જોઈએ. એનો અર્થ બેશક એવો થાય કે ઈચ્છા હોય તો હિંદુસ્તાન પોતાની સ્વતંત્રતા જાહેર કરી શકે. એટલે સ્વરાજ

૧. ડિસેમ્બર ૧૯૨૧માં, અમદાવાદમાં મળેલાં કોંગ્રેસ અને મુસ્લિમ લીગનાં અધિવેશનો દરમ્યાન.

Gandhi Heritage Portal

કંઈ બ્રિટિશ પાર્લમેન્ટની મફત બક્ષિસ નહીં હોય. એ હિંદના સંપૂર્ણ આત્મનિવેદનની માત્ર ઘોષણા હશે. પાર્લમેન્ટના કાયદા દ્વારા એની જાહેરાત થાય એ વાત સાચી. પણ દક્ષિણ આફ્રિકાના સંઘ વિષે બન્યું હતું તેમ એ હિંદી પ્રજાએ પ્રગટ કરેલી ઇચ્છાની જ માત્ર વિવેકભરી સંમતિ હશે. આમની સભા સંઘની યોજનાનું એક બિનજરૂરી ક્રિયાવિશેષણ પણ નહોતી બદલી શકી. આપણા દાખલામાં તો એ સંમતિ, બ્રિટન જેમાં એક પક્ષકાર હશે તેવા કોલકરારના રૂપમાં થશે.

આવું સ્વરાજ આ જ વર્ષે ન પણ આવે. આપણી પેઢી દરમ્યાન પણ ન આવે. પરંતુ મેં એનાથી જરા પણ ઓછાનો વિચાર કર્યો નથી. સમાધાન થશે ત્યારે બ્રિટિશ પાર્લમેન્ટ, નોકરશાહી દ્વારા નહીં, પરંતુ હિંદુસ્તાનના લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા વ્યક્ત થયેલી તેમની ઇચ્છાને સંમતિ આપશે.

સ્વરાજ કદી પણ એક રાષ્ટ્રની બીજા રાષ્ટ્રને મફત બક્ષિસ ન હોઈ શકે. એ તો રાષ્ટ્રના ઉત્તમ રક્તનાં મૂલ્ય ચૂકવીને ખરીદવાનો કીમતી ખજાનો છે. એનું મોંઘું મૂલ્ય આપણે ચૂકવ્યું હશે ત્યારે એ મફત બક્ષિસરૂપે નહીં રહે. સ્વરાજ તલવાર વડે ન આવ્યું હોય તો તે પાર્લમેન્ટ મારફતે આવવું જોઈશે એવું જ્યારે વાઇસરૉયે કહ્યું ત્યારે તેઓ ગૂંચવાઈ ગયા હતા. યાતનાઓ સહન કરવાના નૈતિક દબાણને સાંભળવા ઇંગ્લંડ સમર્થ નથી એવા અનુમાન પર એમના શ્રોતાઓને લાવીને તેમણે પોતાના દેશની કંઈ પ્રશંસા કરી ન કહેવાય. અને હિંદુસ્તાનની ઇચ્છા અને આતુરતા હોય કે ન હોય છતાં બ્રિટિશ પાર્લમેન્ટ ધારે ત્યારે તેને સ્વરાજ આપશે એવું તેમના શ્રોતાઓને તેમણે સમજાવવા ધાર્યું હોય તો એ શ્રોતાઓની બુદ્ધિનું તેમણે અપમાન કર્યું છે. હકીકત તો એવી છે કે સ્વરાજ તો અવિરત જહેમત અને હદબહારની યાતનાના ફળરૂપ હશે.

પરંતુ નામદાર તલવાર સિવાય બીજા કશાથી ટેવાયેલા ન હોવાથી તેઓ કદાચ એમ માનતા હશે કે ધારાસભાઓમાં આપણી વક્તૃત્વકળા અજમાવીને સ્વરાજ એનાયત કરવાની જરૂરિયાત વિષે આપણે બ્રિટિશ પાર્લમેન્ટ પર છાપ પાડી શકીશું. તલવાર કરતાં સત્યાગ્રહ વધારે સારું અને અસરકારક સાધન છે એ વાત તેઓ હવે ઝટ જાણશે. હિંદુસ્તાન સ્વાધીન થાય તે પહેલાં સત્યાગ્રહ તેને યાતનાઓની તાવણીમાંથી પસાર થવાનો માર્ગ ખુલ્લો કરી આપશે એ વસ્તુ તો હવે રોજેરોજ વધુ ને વધુ સ્પષ્ટ થવા લાગી છે.

આપણે હજી એટલા સ્વાધીન બન્યા નથી. હિંદુઓ અને મુસલમાનોની વચ્ચે હજુય પરસ્પર અવિશ્વાસ છે. અસ્પૃશ્યોએ હજુ સુધી હિંદુઓના સ્પર્શના આનંદનો અનુભવ કર્યો નથી. હિંદના પારસીઓ અને ખ્રિસ્તીઓ સ્વરાજ હેઠળના તેમના ભાવિ વિષે હજુ કશું ચોક્કસપણે જાણી શક્યા નથી. આપણે હજુ પણ આપણા પોતાના જ કાનૂનોનું પાલન કરવાની કળા શીખ્યા નથી કે જરૂરિયાત સમજ્યા નથી. આપણા ઘરમાં રેંટિયાએ હજુ કાયમી સ્થાન મેળવ્યું નથી. ખાદી હજુ રાષ્ટ્રીય પોશાક બની નથી. બીજા શબ્દોમાં કહીએ તો હજુ સુધી આપણે આત્મસંરક્ષણની કળા કે શરતો સમજ્યા નથી.

માત્ર હિંસા જ આપણને સ્વરાજ લાવી આપશે, અને તેથી, અહિંસાની સાથોસાથ હિંસાને ચાલવા દેવી જોઈએ અર્થાત્ આપણી અહિંસાને હિંસા માટેની માત્ર પૂર્વતૈયારી ગણવી જોઈએ એવું માનનાર એક પક્ષ હજુ પણ છે. તે ઘટી રહ્યો છે છતાં હજી તેને નજીવો કહી શકાય તેમ નથી. આ વિચારો ધરાવનારાઓને, તેમનું વલણ દુનિયાને ઠગનારું છે એની બિલકુલ ખબર

Gandhi Heritage Portal

નથી. આપણી પ્રતિજ્ઞા અંગે એ આવશ્યક છે કે આપણે તે લીધી છે ત્યાં સુધી, આપણા ધ્યેયને ઝડપીમાં ઝડપી રીતે હાંસલ કરવા માટે આપણે અહિંસાની કાર્યસાધકતામાં શ્રદ્ધા રાખીએ. અહિંસા દ્વારા અથવા હિંસા વિના સ્વરાજ મેળવી શકાય તેમ નથી એવું આપણામાંથી કોઈને પણ લાગે કે તરત જ આ પ્રતિજ્ઞા રદ કરવાની તેની પવિત્ર ફરજ છે. પ્રતિજ્ઞા ચાલુ હોય ત્યાં સુધી અહિંસા એ નીતિ છે. એ એક અખતરો હોવાથી તે એક ઉપયોગી ઉપાય છે. પરંતુ આપણે પ્રતિજ્ઞાબદ્ધ હોઈએ ત્યાં સુધી આપણે માત્ર અહિંસામાં માનવાને તથા તેનું પાલન કરવાને જ બંધાયેલા નથી, પરંતુ બીજાને અહિંસક રહેવાનું સમજાવવાને તથા બીજા હિંસા કરે તેને વખોડી કાઢવાને પણ બંધાયેલા છીએ. કૉંગ્રેસની નીતિને અપનાવી હોવા છતાં આપણે વચન અને વર્તનમાં અહિંસક રહ્યા નથી, તેમ આપણે વિચારમાં કે હેતુમાં અહિંસક રહેવાનો પ્રયત્ન કર્યો નથી એ જ કારણે આપણે આપણું ધ્યેય હાંસલ કર્યું નથી એની મને પૂરી પ્રતીતિ થઈ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૯–૧–૧૯૨૨

## ૬૫. તાત્કાલિક મુદ્દો

સરકારે દેશની આગળ આજે જે મુદ્દા ઉપસ્થિત કર્યા છે તેની આગળ સ્વરાજ, ખિલાફત અને પંજાબની બાબતો ગૌણ સ્થાન ધરાવે છે. આપણે આપણા ધ્યેય તરફ સહેજ પણ પ્રગતિ કરીએ તે પહેલાં આપણે વાણીસ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્યના અધિકાર મેળવ્યે જ છૂટકો છે. એનું ચાલે તો, સરકાર એક બાજુથી હુમલો કરીને આપણને કચરી નાખે પણ ખરી. વાણી-સ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્ય અંગે પરાજય સ્વીકારી લેવો એનો અર્થ જ એ થાય કે સર્વનાશ નોતરવો. સરકારના અસ્તિત્વ માટે ગમે તેટલી ભયંકર હોય એવી દેશમાંની અહિંસક પ્રવૃત્તિઓનો સરકારને હાથે થતો નાશ ચલાવી લેવાય તો મૉડરેટોનું કામ પણ અટકી પડે. એટલે આ પ્રાથમિક અધિકારોનું તો સૌ કોઈના હિત માટે જાનના જોખમે પણ રક્ષણ કરવું જોઈએ. આપણી પાસે શાહજાદાનું સ્વાગત બળજબરીથી કરાવી શકાય નહીં. તે જ રીતે આપણી પાસે બળજબરીથી સ્વયંસેવકદળો વિખેરાવી શકાય નહીં કે આપણા વિકાસ માટેની જરૂરી પ્રવૃત્તિઓ છોડાવી શકાય નહીં.

આ અધિકારોની રક્ષા કરવાનો સૌથી સલામત અને ઝડપી માર્ગ, પ્રતિબંધની અવગણના કરવાનો છે. ગોળીઓના વરસાદ હેઠળ પણ આપણે સાચું જ બોલવું જોઈએ. સંગીનોની સામે પણ આપણે સંગઠિત થવું જોઈએ. આ મૂળભૂત અધિકારો પોતાના કરવા માટે ગમે તેટલી કિંમત પણ વધારેપડતી નથી. અને આ મુદ્દા પર કોઈ બાંધછોડ, કોઈ વાટાઘાટ, કોઈ પરિષદ ન હોઈ શકે. કોઈ પણ પરિષદ કે સમાધાન પહેલાં સ્વયંસેવકદળો વિખેરી નાખવાની જાહેરાતો અને મનાઈહુકમો પાછા ખેંચાઈ જવા જોઈએ અને અહિંસક પ્રવૃત્તિઓ માટે જેલમાં મોકલેલા સૌને છોડી દેવા જોઈએ. આપણે આઝાદ સ્ત્રીપુરુષ તરીકે ન જીવી શકતાં હોઈએ તો મરીને સંતોષ માનવો જોઈએ.

Gandhi Heritage Portal

સત્યાગ્રહ નાગરિકનો એક જન્મસિદ્ધ હક છે એમ હું દરેક જણને સમજાવી શકું તો કેવું સારું! એનો ત્યાગ કર્યો એટલે તે માણસ મટયો. સવિનયભંગની પાછળ અરાજકતા કદી પણ આવતી નથી. ગુનાહિત અનાદર તે તરફ લઈ જાય ખરો. દરેક રાજ્ય ગુનાહિત અનાદરને બળપૂર્વક દાબી દે છે. રાજ્ય જો એમ ન કરે તો તેનો નાશ થાય છે. પરંતુ સવિનયભંગ દાબી દેવો એટલે તો અંતરાત્માને કેદમાં પૂરવાનો પ્રયત્ન કરવો એમ ગણાય. સવિનયભંગ તો કેવળ શક્તિ અને શુદ્ધિ તરફ જ લઈ જઈ શકે. સવિનયભંગનો આશરો લેનાર માણસ કદી શસ્ત્રોનો ઉપયોગ કરતો નથી એટલે જે રાજ્ય લોકમતના અવાજને સાંભળવા જરા પણ ખુશી હોય તેને માટે તે નિરુપદ્રવી છે. જે મુદ્દા અંગે તે રાજ્યનો સામનો કરતો હોય તે મુદ્દા માટે લોકમતનો ઉપયોગ કરીને તે તેના પતન માટે પ્રયત્ન કરતો હોવાથી આપખુદ રાજ્ય માટે તે ભયંકર છે. રાજ્યમાં જ્યારે કાયદા જેવું કંઈ રહ્યું જ ન હોય એટલે કે તે સડી ગયું હોય ત્યારે સવિનયભંગ એક પવિત્ર ફરજ થઈ પડે છે. અને જે પ્રજાજન આવા રાજ્યની સાથે વહેવાર રાખે છે તે તેના સડામાં ને અરાજકતામાં ભાગીદાર બને છે.

એટલે અમુક ચોક્કસ કાર્ય કે કાનૂન અંગે સવિનયભંગ કરવાના ડહાપણ વિષે શંકા કરવાનું શકય છે. થોભી જવાની અને સાવધાન રહેવાની સલાહ આપી શકાય. પણ ખુદ એ અધિકાર વિષે તો શંકા ઉઠાવવા દેવાય જ નહીં. એ એવો જન્મસિદ્ધ હક છે જે સ્વમાનને ભોગે જ જતો કરી શકાય.

સવિનયભંગના અધિકારનો આગ્રહ રાખવાની સાથે સાથે, તેનો દુરુપયોગ અટકાવવા માટે જરૂરી હોય એવા બધા અંકુશો પણ આપણે સ્વીકારવા જ જોઈએ. હિંસા કે સાર્વત્રિક અરાજકતા ફાટી નીકળે તે સામે બની શકે તેટલા બધા ઉપાયો યોજવા જોઈએ. કોઈ પણ દાખલામાં, તેના કાર્યક્ષેત્ર તથા અધિકારક્ષેત્રને, ઓછામાં ઓછી જરૂરિયાત પૂરતાં જ મર્યાદિત રાખવાં. તેથી હાલના દાખલામાં આક્રમણાત્મક સવિનયભંગને વાણીસ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્યના અધિકારની જાળવણી પૂરતો મર્યાદિત રાખવો જોઈએ. બીજી રીતે કહીએ તો અસહકાર જ્યાં સુધી અહિંસક રહે ત્યાં સુધી તેને રોકટોક વગર ચાલવા દેવો. એ સ્થિતિએ પહોંચીએ ત્યાર પછી જ ખિલાફત, પંજાબ અને સ્વરાજનો નિવેડો લાવવા માટે પ્રતિનિધિત્વ ધરાવતી પરિષદ બોલાવવાનો સમય આવ્યો ગણાય.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૫-૧-૧૯૨૨

Gandhi Heritage Portal

## ૬૬. દેવદાસ ગાંધીને તાર

અમદાવાદ,
જાન્યુઆરી ૬, ૧૯૨૨

દેવદાસ ગાંધી
આનંદભવન
અલ્લાહાબાદ

કૃષ્ણકાન્ત[1], ખન્ના, સૈયદ મોહિઉદ્દીન અને ગોવિંદને[2] તેમના સદ્ભાગ્ય માટે ધન્યવાદ. સ્વયંસેવકોનો પ્રવાહ વણઅટક્યો ચાલુ રહેશે એવી આશા રાખું છું.

બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૭૭૯૦

## ૬૭. શોભાવ્યું; શોભશે?

ગુજરાતે શોભાવ્યું એમ કહી શકાય.[3] સાડાત્રણ લાખ રૂપિયાની ખાદીના તંબૂ તાણ્યા, મંડપો બનાવ્યા, વીજળીની બત્તીઓ કરી, સુંદર પ્રદર્શન ભર્યું, ભજનકીર્તન કર્યાં, હિંદુસ્તાનના સંગીતનો મહિમા બતાવ્યો. હિંદુમુસલમાનો સાથે જ ઘર કરી રહ્યા. કોઈએ એક શબ્દ ઊંચે સાદે એકબીજાને ન કહ્યો. ગુજરાતની બાળાઓ સ્વયંસેવિકાઓ બની, ગુજરાતના જુવાનોએ ભંગીનું પણ કામ કરીને પ્રતિનિધિઓની સેવા કરી; ઓરતોની જંગી સભા થઈ, વ્યાખ્યાનો થયાં; મહાસભાના મંડપમાં અર્થશાસ્ત્રના નિયમો જાળવી સૌ કોઈ જોઈતું જ બોલ્યા. લાંબાં ભાષણો કોઈએ ન કર્યાં ને સરકારને ચમકાવનારો, સરકારે શરૂ કરેલી દમનનીતિનો જવાબ આપનારો, સચોટ પણ મર્યાદિત ઠરાવ પસાર કર્યો.

આ બધું કરી ગુજરાતે પોતાને અને હિંદને શોભાવ્યું છે, એમાં તો કોઈને શક ન હોય. પણ હવે શોભશે?

દેખાવ કરવામાં તો મણા નથી રાખી. હિંમતનાં વચનો કહેવામાંયે બાકી નથી રાખ્યું. હિંમતનાં કામો કરશે? બંગાળની, યુક્ત પ્રાંતની, પંજાબની હરીફાઈમાં ઊતરી શકશે? કેદીઓને છોડાવવાનો, સ્વરાજ મેળવવાનો યશ લેશે? અથવા જેલ જશે? ગુસ્સો કર્યા વિના માર ખાશે, મરશે?

જો આપણે સમજીએ તો રમતવાત છે; ન સમજીએ તો પહાડ તોડવા જેવું અઘરું છે.

મનથી, વાચાથી, કાયાથી શાંત રહેવું. ભંગીને પણ સગો ભાઈ ગણવો. પારસી, યહૂદી, ખ્રિસ્તી, સહકારીની સાથે પણ વિવેકથી, માયાથી વર્તવું. અંગ્રેજ પડોશી હોય તેની સામે પણ

૧. મદનમોહન માલવિયાના ભત્રીજા અને અભ્યુદયના સંપાદક.
૨. જુઓ "મારી નોંધ," ૮–૧–૧૯૨૨નું પેટામથાળું "માલવિયાજીનો પુત્ર."
૩. ૧૯૨૧ના ડિસેમ્બરમાં અમદાવાદમાં મળેલા કૉંગ્રેસ અધિવેશન દરમ્યાન.

Gandhi Heritage Portal

ગુસ્સો ન કરવો. સ્વદેશીનું શુદ્ધ પાલન કરવું. ખાદીનાં જ કપડાં પહેરવાં, સાચને સારુ — સાચ કરતાં — જેલ જવું, માર ખાવા, મરવું એ કલામ છે.

એ સખત પ્રતિજ્ઞાનું પાલન કરતાં જે મરે તે જીવે ને દેશને જિવાડે. બીજા તો ઘણા મૂઆ, ઘણાયે માથાં ભંગાવ્યાં અને ઘણા જેલ ગયા. તેમણે હિંદને શોભાવ્યું નથી, તાર્યું નથી; સમૂળું વગોવ્યું છે. ગુનેગારના દુ:ખથી, તેનાં આંસુથી હિંદુસ્તાનનો રોગ મટે તેમ નથી. તેના રોગની દવા નિર્દોષનું બલિદાન છે.

સતી સીતાને રાવણ પકડી ગયો ને રાક્ષસી રાજ્યનો નાશ થયો. કોઈ વેશ્યાને પકડી ગયો હોત તો આજે જગત રાવણને તે વેશ્યાની પૂજા કરતું યાદ ન કરત. દુષ્ટને વધારેપડતો દંડ મળે તેથીયે જગત કાંપતું નથી. પણ નિર્દોષનો વાળ સરખોયે વાંકો થાય તેને જગત એક ક્ષણ પણ સાંખતું નથી.

પણ મેં શું જોયું?

એક સારામાં ખપતા ગુજરાતના પ્રતિનિધિએ મહાસમિતિમાં[1] આવવા સારુ ટિકિટની ચોરી કરી. તે ભાઈ પકડાયા, સ્વયંસેવક મારી પાસે લાવ્યા. હું શરમાયો. ગુજરાતમાંથી ભાગી જવું મને સારું લાગ્યું. સ્વરાજનો પ્રયાસ કરીને શું કરવું એવી નબળાઈ ઘડીભર આવી ગઈ. એ જ ભાઈ જેલમાં જાય તેમાં પ્રજાને શો લાભ? આ બનાવને મેં ત્યારે નજીવો ન માન્યો. હજુ પણ હું નજીવો નથી માનતો. આખા શરીરમાં એક નાનીસરખી ફોડકી હોય તે પણ જીવલેણ હોઈ શકે. પચાસ મણ દૂધમાં સોમલની કટકી પડે એટલે તે દૂધ નકામું થયું. શેડકઢા દૂધને મળનો સ્પર્શ થાય તો આપણે તેને ફેંકી દઈએ.

ગુજરાતીઓ, તમે સ્ત્રી હો કે પુરુષ, ચેતજો. કમાયેલું પળમાં ગુમાવી ન બેસશો. આ લડાઈ જૂઠાની નથી. આમાં પાખંડ નહીં ચાલે, આમાં દગો નહીં ચાલે. તમારી જવાબદારી બહુ મોટી છે. નમ્રતા, સભ્યતા, શૌર્ય, ઉદારતા, સદ્‌વિચાર, સદ્‌ભાષણ ને સદ્‌વર્તનથી જ આ લડત જિતાય તેમ છે.

જેનામાં મેલ છે તે ભલે દૂર રહે. મેલ તો દુનિયામાં એટલે ગુજરાતમાં પણ રહેશે જ. પણ મેલનો સ્વચ્છતાની સાથે મેળાપ નહીં ચાલે. જેઓનાથી સત્યનું પાલન ન થાય તે ભલે અળગા રહે. તેઓએ અળગા રહેવું જ જોઈએ. જેનાથી સાચું ન બોલાય તે ભલે મૂગા રહે. કાળે કરીને તેને ખોટા વિચારની ટેવ હશે તે પણ ચાલી જશે, કેમ કે પછી તેનું પ્રયોજન જ નહીં રહે. બીજાની ટિકિટ લઈને સમિતિમાં આવવાની જરૂર ક્યાં હતી? જોવાનું શું હતું?

શરતો કઠણ છે એવા ભણકારા મારે કાને આવ્યા જ કરે છે. એમ છતાં એમાં એક પણ નવી વસ્તુ નથી.

જે આપણે કલકત્તામાં, નાગપુરમાં ધાર્યું, ઠરાવ્યું ને હજારો સભામાં કહ્યું તે જ વાત પ્રતિજ્ઞામાં છે. હવે દરેકે ફોડ પાડીને પોતાનો નિશ્ચય જાહેર કરવાનો વખત આવ્યો એટલે શું આપણે ભડકી જઈશું? શું આટલા દહાડા આપણે દંભ જ કરતા હતા કે આપણે સાચથી, મિત્રતાથી, અસ્પૃશ્યતાનો મેલ કાઢીને અને આપભોગ દઈને જ સ્વરાજ મેળવવું છે? કે શું આપણે એમ માનતા હતા કે એ શરતો બીજાને પાળવા માટે હતી, આપણે માટે નહીં?

મારી ઉમેદ છે કે એક પણ સમજુ ગુજરાતી નર કે નારી આ ધર્મયજ્ઞમાં પોતાનું નામ નોંધાવ્યા વિના નહીં રહે. બારડોલી કે આણંદ તૈયાર ન થયું હોય તો ન થાય. તેનાથી તૈયાર

૧. એવું લાગે છે કે કોંગ્રેસના ખુલ્લા અધિવેશનનો એ પ્રતિનિધિ હતો પરંતુ અખિલ હિંદ કોંગ્રેસ સમિતિના સભ્ય તરીકે એ ચૂંટાયો નહોતો.

Gandhi Heritage Portal

થયા વિના રહેવાય જ નહીં. પણ વ્યક્તિગત સવિનયભંગ તો આપણે આજે જ કરી શકીએ છીએ. એવી વ્યક્તિઓ તો ગામેગામ ને શહેરેશહેર મળી આવવી જોઈએ. વ્યક્તિઓએ હવે જેલોને ભરવી જ જોઈએ.

હું પોતે તો ઇચ્છી રહ્યો છું કે ગુજરાતીઓ જેલ જાય નહીં ત્યાં લગી ન કંઈ સુલેહ થાઓ ને ન કોઈ અસહકારી કેદી છૂટો. પણ એવી નિર્દય ઉમેદની સાથે એવી માન્યતા રહેલી છે કે પોતાની ઇચ્છાએ રહેલા કેદી કાર્યસિદ્ધિ થયા વિના છૂટવા ન જ માગે અને કાર્યસિદ્ધિને સારુ હજુ આપણે દુઃખ સારી પેઠે ઉઠાવવાનું રહ્યું જ છે. એ દુઃખ ગુજરાત સહન ન કરે તો કોણ કરે? ઓછામાં ઓછું દુઃખ સહન કરવાનો રસ્તો એક જ છે કે સારામાં સારાં સ્ત્રીપુરુષોએ વધારેમાં વધારે દુઃખ સહેવું. તેથી ગુજરાતનાં દરેક સ્ત્રીપુરુષોને મારી વિનંતી છે કે તેઓ સ્વયં-સેવકને કરવાની પ્રતિજ્ઞા સમજે ને તેમાં સહી કરે, સહી કરીને જેલ જવાના અનેક શુદ્ધ પ્રસંગો પડેલા છે તેનો ઉપયોગ કરે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૧–૧૯૨૨

## ૬૮. ખિલાફત પરિષદ

મહાસભાની સાથે જ ખિલાફત પરિષદ અને મુસ્લિમ લીગની સભા થાય છે. એમાંથી હિંદુમુસલમાનને ઘણું શીખવાનું ને મિત્રતા વધારવાનું મળી રહે છે. ખિલાફત પરિષદના પ્રમુખ એ જ મહાસભાના પ્રમુખ પણ અનાયાસે બન્યા એમાં મારા જેવા શ્રદ્ધાળુ તો ઈશ્વરનો હાથ જ જુએ. દેશબંધુએ પકડાઈ જઈને મહાસભામાં આવ્યા કરતાં વધારે સેવા કરી અને હકીમજીએ છૂટા હોવાથી ખિલાફતનો બોજો માથે છતાં મહાસભાના પ્રમુખનો ઉપાડયો અને હિંદુમુસલમાનની એકતામાં વધારો કર્યો. ખિલાફત કૅમ્પ અને મહાસભા કૅમ્પનો સંબંધ એટલો બધો નિકટ થઈ ગયો છે કે બંને નોખાં છે એમ કોઈને ન જ લાગે.

આવાં જ કારણોને લઈને મૌલાના અબ્બાસ તૈયબજીએ સૂચના કરી કે મુસ્લિમ લીગની નોખી સંસ્થાનું હવે કંઈ કારણ નથી જ્યારે હિંદુમુસલમાનનાં દિલ એક થઈ રહ્યાં છે. જુદી રાજ્યપ્રકરણીય સંસ્થા શાને જોઈએ? જ્યારે બંને પોતપોતાના હકને સારુ એકબીજાની સામે લડી રહ્યા હતા ત્યારે બે સંસ્થાની જરૂર હતી. હવે તો ખિલાફત કમિટીથી જ બસ થવું જોઈએ. ખિલાફત કમિટી તો રહે જ, કેમ કે તેનો સંબંધ ધર્મની સાથે રહ્યો છે.

આમ મુસ્લિમ લીગને સંકેલવાના વિચારનું કારણ અતિ શુદ્ધ અને સબળ છે, તોપણ જ્યાં સુધી મુસલમાન મત એ બાબતમાં પૂરો દૃઢ ન થાય ત્યાં લગી મુસ્લિમ લીગને આટોપી લેવાનો વિચાર ન કરવો એ સહીસલામત ગણાશે.

ખિલાફત પરિષદમાં ને મુસ્લિમ લીગમાં બ્રિટિશ લોકો સાથેનો દરેક સ્થિતિમાં સંબંધ તોડવા બાબત જે ચર્ચા થઈ તેને વિષે હું લખી ચૂકયો છું.[1] એટલે અહીં વધારે કહેવાની કશી

૧. ડિસેમ્બરની ૨૭મીએ ગાંધીજીએ ખિલાફત પરિષદમાં હાજરી આપી હતી અને ડિસેમ્બરની ૩૦મીએ મુસ્લિમ લીગના અધિવેશનમાં હાજરી આપી હતી.

Gandhi Heritage Portal

આવશ્યકતા નથી. મને તો ખિલાફત પરિષદ અને મુસ્લિમ લીગમાં બે કોમ વચ્ચે દિનપ્રતિદિન વધતા જતા પ્રેમનો જે અનુભવ થયો તે વિષે લખવાની ઇચ્છા થાય છે. મહાસભાના ચોતરા પર એટલા મુસલમાનો અને ખિલાફત પરિષદ તથા મુસ્લિમ લીગના ચોતરા પર એટલા હિંદુઓ છૂટથી ભાગ લેતા હતા એ ભવ્ય દેખાવ સહુએ સંઘરવો જોઈએ.

જોકે હિંદુમુસલમાનનાં દિલ સાફ થતાં જાય છે તોપણ હજુ આપણે ભયરહિત નથી થયા. આપણા માર્ગમાં રણો પડયાં છે, ઝાડીઓ છે, ખીણો છે, ટેકરા છે, રસ્તો હજુ સાફ કરવાનો રહ્યો છે. તેમાં કાંકરી પૂરી તેની ઉપર રોલ ફેરવવાનું બાકી છે. એ એકતાના જેટલા ઉપાયો લેવાય તેટલા આપણે લેવાની હજુ બહુ જરૂર રહેલી છે. અને તે ઉપાયો આપણે હવે બરોબર જાણતા થઈ ગયા છીએ.

૧. આપણે એકબીજાનાં દુ:ખસુખમાં ભાગ લેવો.

૨. એકબીજાની લાગણીને પૂરું માન આપવું.

૩. એકબીજાએ એકબીજાનો ડર છોડવો.

૪. જેમાં બંનેનાં હિત એકસાથે સંકળાયેલાં દેખાય તેવી વસ્તુ સંઘરવી.

ખિલાફતે આપણને પહેલી શરત પાળવાનો માર્ગ બતાવ્યો છે.

હિંદુમુસલમાનની ધાર્મિક ક્રિયાઓમાં વચ્ચે પડવું છોડી દઈ એકબીજા પોતાની લાગણી બતાવી શકે છે.

હિંદુ વધારે છે તેથી થોડા મુસલમાન ન ડરે; મુસલમાની રાજ્યોની મદદ મેળવી મુસલમાન હિંદુને દબાવશે એવો ભય હિંદુએ છોડવો.

સ્વદેશી — રેંટિયો — બધાને સારુ સરખો સ્વાર્થ છે. તેની ખૂબી ને તેના લાભ હિંદુમુસલમાન સરખી રીતે સમજી જાય તો એકતામાં ખૂબ વધારો થાય.

પણ ઐક્ય વધારવાનો સહુથી સારો ઇલાજ એ છે કે હિંદુ અને મુસલમાન બંને નાની કોમોની રક્ષા કરતા થઈ જાય. બંને કોમ પારસીને, ખ્રિસ્તીને, યહૂદીને ચાહે, તેમને માન આપે, તેમની રક્ષા કરે, સ્વપ્ને પણ તેઓને પજવવાનો કે તેઓની ઉપર જબરદસ્તી કરવાનો વિચાર ન કરે. આમ કરતાં બંનેને એકબીજાની રક્ષા કરવાનો, સેવા કરવાનો મહાવરો પડી જશે. જેટલે દરજ્જે આપણામાં સેવાભાવ વધશે તેટલે જ દરજ્જે આપણે એકદિલ થઈશું.

માણસ જેટલે અંશે પોતાની ફરજ બજાવે છે તેટલે અંશે તે પ્રેમપાત્ર થાય છે. હકની જ શોધમાં ભમનારો ફરજ ચૂકે છે ને છેવટે હકનો જ વિચાર કરનાર જાલિમ કહેવાય છે. સરકારની સામે આપણે થઈએ છીએ, કેમ કે સરકાર પોતાના હકો જ જાણે છે, આપણા પ્રત્યેની પોતાની ફરજનો ખ્યાલ પણ નથી કરતી.

હિંદુમુસલમાન એકબીજાના મુરબ્બી કે મહેરબાન બનવા જાય તો જરૂર છેવટે દુશ્મન બને. પણ એકબીજાના સેવક બને તો દિવસે દિવસે સ્નેહગાંઠ મજબૂત થાય ને તે છેવટે તોડી તૂટે નહીં, બાળી બળે નહીં, પલાળી પલળે નહીં. એવી અજબ ગાંઠ જ્યારે હિંદુમુસલમાનમાં બંધાશે ત્યારે જ સ્વરાજનું ફૂલ પૂરું ખીલશે. ને ત્યારે આપણને ઇન્ડિપેન્ડન્સ — સંપૂર્ણ સ્વતંત્રતા — જોઈએ છે કે બ્રિટિશની સાથે પણ મૈત્રી ઇચ્છીએ છીએ, આપણે તલવારથી લડવું જોઈશે કે આપણે શાંતિથી આપણું સ્વ-રાજ્ય મેળવશું એ વિચાર કરવાપણું જ નહીં રહે. જ્યારે આવો શુભ અવસર આવશે ત્યારે આપણને માગ્યું મળવાનું છે. તેથી આપણે ભવિષ્યનો વિચાર

Gandhi Heritage Portal

છોડી વર્તમાનને સુધારવામાં જ મથીએ એ આપણો બધાનો—હિંદુમુસલમાનનો, ખ્રિસ્તીનો. પારસીનો, યહૂદીનો ધર્મ છે. ઈશ્વર આપણને બધાને તેનું પાલન કરવામાં સહાય કરો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮-૧-૧૯૨૨

## ૬૯. મારી નોંધ

### ખ્રિસ્તીઓમાં જાગૃતિ

ખ્રિસ્તીઓમાં પણ અસહકારે ભારે જાગૃતિ કરી મૂકી છે એમ જોઉં છું. અખિલ ભારતવર્ષની ખ્રિસ્તીઓની સભા થોડા દિવસ પહેલાં લાહોરમાં મળી હતી, તેમાં પ્રમુખ શ્રી મુકરજી હતા. તેમાં સ્વદેશી તેમ જ દારૂનિષેધને લગતા સરસ ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. તેના દરેક કામમાં સ્વરાજનો ધ્વનિ સંકળાઈ રહેલ છે. ભાષણકારોએ ખાદીની ઉપર ખૂબ જોર દીધું. ખાદી એ ગરીબોની જીવાદોરી છે, રેંટિયો ગરીબના ઘરની બરકત છે એ હવે સૌ સમજી ગયા છે, એટલે તે વાતને ખ્રિસ્તી હિંદીઓએ પણ ઉપાડી લીધી છે. આ પરિષદના પ્રમુખ જોકે અસહકારની વિરુદ્ધ બોલ્યા, છતાં સ્વરાજ તો તેમને પણ જોઈએ છે જ. તેમણે પોતાના ભાષણમાં સરકારની દમનનીતિને વખોડી કાઢી હતી.

### દેશી રાજ્યોમાં શાહજાદા

દેશી રાજ્યોમાં શાહજાદા જ્યારે જાય ત્યારે રૈયતવર્ગે શું કરવું એ પ્રશ્ન થયો છે. મને લાગે છે રૈયતવર્ગ પોતાનાં રાજ્યોની સાથે અસહકાર નથી કરતો તેથી દેશી રાજ્યોની સ્થિતિ કફોડી થાય એવું વર્તન ન કરી શકે. રાજ્યના મહેમાનને માન આપવા તે બંધાયેલ નથી, પણ માન આપવાની સામે હિલચાલ કરવાનો પણ તેને હક પ્રાપ્ત નથી થતો. તેથી દેશી રાજ્યમાં શાહજાદા આવવાના સમયે રૈયતવર્ગ હડતાળ ન પાળે, માન આપવાની સામે સભા ન કરે. પણ સમજુ રૈયતવર્ગને હિંદુસ્તાનના બીજા ભાગો સાથે નિકટ સંબંધ હોવો જ જોઈશે. તેથી તે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી માન આપવામાં ભાગ પણ ન લે. દેશી રાજ્યોમાં પ્રજાસત્તા જેવું તો ઓછું છે, અથવા કંઈ જ નથી. ત્યાં રાજાના દરેક કાર્યમાં પ્રજાને ભળવાપણું નથી રહેતું. પ્રજાને પસંદ પડે તેમાં અથવા તો જબરદસ્તીની ધાસ્તીથી ભળવું પડે તેમાં જ પ્રજા ભળે. આ બધી બાબતોમાં જો વિનયપૂર્વક વ્યક્તિસ્વાતંત્ર્યનો ઉપયોગ કરવામાં આવે તો તે શોભે છે. દેશી રાજ્યોમાં રાજાપ્રજા વચ્ચેનો સંબંધ કેવળ સ્વાર્થને વશ છે. રાજા ભલો તો ભલું કરે, ભૂંડો હોય તો પ્રજાની પાસે હથિયાર અથવા સત્યાગ્રહ સિવાય ત્રીજું સાધન નથી. એવો સંબંધ બ્રિટિશ હિંદુસ્તાનમાં થઈ ગયો જોવામાં આવે છે ને સરકાર પ્રજાના કલ્યાણથી વિરોધી વર્તન કરે છે તેથી સત્યાગ્રહ શરૂ થયો છે. દેશી રાજ્યોની સ્થિતિ અત્યારે એટલી વિકટ છે કે ત્યાંની રૈયતે તે રાજ્યો પ્રત્યે અત્યારે સત્યાગ્રહ કરવો એ ઘણું જ ગંભીર પગલું ગણાય ને તે તો જે રાજ્યમાં અસહ્ય અત્યાચાર ચાલતા હોય ને જ્યાં પ્રજામાં સામાજિક આત્મબળ આવ્યું હોય ત્યાં જ થઈ શકે.

Gandhi Heritage Portal

## થોડા પ્રશ્નો

મને સવાલો અનેક તરેહના પૂછવામાં આવે છે; તેના જવાબ આપવા બેસું તો મારો વખત જવાબો જ આપવામાં જાય. તેથી જ્યાં જ્યાં અગત્ય જણાય ત્યાં ત્યાં હું પ્રશ્નોના ઉત્તર આપું છું. એક નનામા કાગળમાં પ્રશ્નો છે એ તેની અગત્ય સારુ નથી ચર્ચતો, પણ માણસોમાં હજુ કેટલું અજ્ઞાન છે તે બતાવવા ચર્ચું છું. તેવાઓને પણ જ્ઞાન મળે એ હેતુ છે.

સ૦ તમે સ્વરાજ લઈ શું કરશો?

જ૦ મારે જે લેવું છે તેનો પ્રયાસ હું નોખો કરી રહ્યો છું. પણ સમાજને લેવું છે તે તો સમાજ જ લઈ શકશે.

સ૦ રૂપિયા એકઠા કર્યા છે તેનું શું કરશો?

જ૦ દરેક પ્રાંતિક સમિતિ તેનો ઉપયોગ કરી રહેલ છે. તેમાંની એક પાઈનો પણ ઉપયોગ કરવાનો અધિકાર મને નથી. તેનો હિસાબ પણ બહાર પડી ચૂકયો છે.

સ૦ તમારા મરણ પછી સ્વરાજ કોણ કરશે?

જ૦ સ્વરાજ એટલે પોતાનું રાજ, સહુએ સહુનું રાજ કરવાનું છે. જ્યારે બધા પોતાની ઉપર રાજ્ય કરતા થઈ જાય ત્યારે બધાનું—પ્રજાનું સ્વ-રાજ્ય થયું. તેની સાથે મારા જીવન-મરણને સંબંધ નથી. હું તો માત્ર વૈદ્ય છું.

સ૦ તમે અંગ્રેજી ભાષામાં કેમ લખો છો?

જ૦ કેમ કે મારી પાસે પડેલી મૂડી હું દેશને સારુ ખરચી નાખવા માગું છું.

સ૦ રેલગાડીમાં કેમ બેસો છો?

જ૦ સરકારની એટલી મહેરબાની વર્તે છે, તેનો ઉપયોગ કરી મારું કામ આટોપી લઉં છું.

સ૦ તમે ખાદી પહેરવા માગો છો, પણ તે તો મોંઘી છે?

જ૦ પરદેશી કપડું મફત મળે તોપણ મોંઘું છે. ખાદી મોંઘી મળે તોપણ સોંઘી છે. કેમ કે તેમાં નાખેલા બધા પૈસા હિંદુસ્તાનના ગરીબોના ઘરમાં જાય છે. વળી ખાદી વધારે ટકાઉ હોય છે ને ખાદીની સાથે રહેલી સાદાઈ આપણા જીવનના બીજા ભાગોમાં પ્રસરી તેની સુવાસ ફેલાવી પ્રજાજીવનને સરળ ને શુદ્ધ કરે છે.

સ૦ તમે લોકોના પ્રાણ શા માટે ખોવરાવો છો?

જ૦ હું નથી ખોવરાવતો. લોકોને મજા આવે છે તેથી દેશ ખાતર કે ધર્મ ખાતર પ્રાણ દેવા તૈયાર થાય છે.

સ૦ તમારા સાથીઓ હોલબૂટ અને અંગ્રેજી વસ્ત્રો કેમ પહેરે છે?

જ૦ એ મારી સહિષ્ણુતા દર્શાવે છે. ને તેવાઓનો સંગ કરીને પણ તેઓને હું પ્રેમપૂર્વક બતાવવા ઈચ્છું છું કે હિંદુસ્તાનમાં નથી હોલબૂટની જરૂર કે નથી અંગ્રેજી કપડાંની.

સ૦ તમે લોકોના ધર્મમાં કેમ હાથ ઘાલો છો?

જ૦ હું તો કોઈના ધર્મમાં હાથ ઘાલતો જ નથી. લોકો મને હાથ ઘાલવા દે એવા ભોળા પણ નથી. છતાં સર્વ ધર્મને સામાન્ય એવાં જે તત્ત્વો છે તે હું લોકોની આગળ મૂકી રહ્યો છું ને મૂકતો રહેવા ધારું છું.

Gandhi Heritage Portal

## હવામાં તણાઈ ન જાય!

કાયદાના સવિનયભંગની જલદ હવા તો મીઠી અને પુષ્ટિકારક લાગે છે, પણ તે હવામાં ખાદી તણાઈ ન જાય ને સૂતર ઊડી ન જાય એ આપણે ધ્યાનમાં રાખવું જોઈશે. ખાદીપ્રચારના કામમાં જેઓ રોકાયા છે તેઓએ સ્વયંસેવકોમાં તો જરૂર નામ નોંધાવવાનું છે પણ એમણે રેંટિયાને કે ખાદીને ભૂલવાનાં નથી. તેઓએ આગળ પડીને પકડાવાની જરૂર નથી. તેઓએ ચોકીદારની જેમ વર્તવાનું છે. રક્ષા કરવાનો વખત આવે ત્યારે નીકળી પડે, બાકી તો પોતાની પ્રવૃત્તિમાં ગુલતાન રહે. સ્વદેશીના કામમાં રોકાયેલા બધાને તો ખાદી વેચતાં કે રેંટિયો ચલાવતાં જ પકડાઈ જવાનું રહ્યું. જો બીજા કામમાં રોકાયેલા જેલ જનારા ખૂટે તો સ્વદેશીના કામવાળા મદદ કરવા નીકળે એ જુદી વાત છે. ખરો સિપાહી એ કે જે પોતાની જગ્યાએ જ રહેતો મરે છે. સ્વધર્મે નિધન શ્રેયસ્કર છે, પરધર્મ — પારકાની ફરજ ડોળવી ભયાવહ છે.[1]

## ખાદીની પ્રતિજ્ઞા

આશ્ચર્યની વાત છે કે સ્વયંસેવકોને કરવાની જે પ્રતિજ્ઞા મહાસભાએ મુકરર કરી છે તેમાંની ખાદી પહેરવાની પ્રતિજ્ઞા ઘણાને કઠણ લાગે છે. ખરું તો એ છે કે વિચારમાં પણ શાંત રહેવાની અથવા મારપીટ થાય ત્યારે પણ ગુસ્સો ન કરવાની પ્રતિજ્ઞા કઠણ લાગવી જોઈએ. છતાં ખાદી પહેરવાની વાત વિષમ લાગે છે તેનું કારણ એ જ હોઈ શકે કે એ પ્રતિજ્ઞાનો ભંગ આપણને અને બીજાને તુરત જણાઈ આવે ને તેથી આપણે તે વિષયમાં કોઈને કે પોતાને છેતરી ન શકીએ. મારી સલાહ છે કે જે સાવધાની ખાદીને વિષે રાખવાની આપણને ફરજ પડે છે તે જ સાવધાની આપણે બીજી પ્રતિજ્ઞાને વિષે જાળવીએ. ખાદીની પ્રતિજ્ઞાનો અર્થ કંઈક અનિશ્ચિત રહી ગયો છે. પણ તેનો અર્થ એક જ હોય. આપણાં પહેરવાનાં કપડાંને જ એ પ્રતિજ્ઞા લાગુ પડી શકે. ઘરમાં ગાદલાંગોદડાં વગેરેમાંયે પરદેશી કે મિલનું કપડું હોય તે આપણે જરૂર કાઢી નાખીએ. પણ તે બંધન પ્રતિજ્ઞામાં નથી આવતું. એટલે સુધી તાત્કાલિક શુદ્ધિ કરવામાં મુશ્કેલીઓ રહેલી છે. ઘણાં માણસોને એટલું ખર્ચ પણ ભારે પડે. પણ જ્યારે પહેરવેશ બદલાશે ત્યારે ઘરમાં વપરાશને સારુ કોઈ ખાદી છોડી સંચાનું કે પરદેશી કાપડ વાપરવા નહીં બેસે. પહેરવેશને સારુ ખાદીનો ઉપયોગ કરવો એમાં હવે મુશ્કેલી રહી જ નથી. બહુ ગરીબ હોય તે છેવટે લંગોટીથી જ ચલાવીને પણ ખાદી પહેરે.

આ બાબત પર એક બીજો પણ સવાલ કરવામાં આવ્યો છે. ખાદી માત્ર સ્વયંસેવકનું કામ કરતી વેળાએ જ પહેરવી કે દરેક વખતે? જ્યાં સુધી સ્વયંસેવક મંડળમાં પોતાનું નામ કાયમ છે ત્યાં સુધી તો દરેક ખાનગી કે જાહેર પ્રસંગે પ્રતિજ્ઞા લેનારે ખાદી જ પહેરવી જોઈએ.

## વીર માતા

મહાસભા સપ્તાહમાં મને રા. ગોવિંદજી વસનજી મીઠાઈવાળાનાં માતુશ્રી તરફથી કાગળો મળેલા, પણ તે જ વેળા હું તેનો ઉપયોગ નવજીવનમાં ન કરી શક્યો. આ કેસની હકીકત કેટલીક છાપામાં આવી ગઈ છે, તે પણ અહીં વિચારવા નથી ઇચ્છતો. રા. ગોવિંદજીનાં માતાજીએ કોર્ટમાં કેટલીક હકીકત કહી તેનો ઉત્તર એક ગૃહસ્થે આપ્યો છે તે ઉપર પણ હું કંઈ કહેવા નથી ઇચ્છતો. આ કેસમાં ગં. સ્વ. સાકરબાઈનું જે વીરત્વ ઝળકી ઊઠે છે તે ઉપર જ

૧. ભગવદ્ગીતા, અધ્યાય ૩, શ્લોક ૩૫.

Gandhi Heritage Portal

ધ્યાન ખેંચવા ઇચ્છું છું. સાકરબાઈ પોલીસ પાસે હિંમતથી ગયાં. કોર્ટમાં પણ પોતાના દીકરાના પીંજરાની આગળ ઊભાં રહ્યાં ને પોતાના દીકરાની, નબળાઈ ન આવવા માટે રક્ષા કરી. રા. ગોવિંદજી એશઆરામમાં ઊછર્યા છે. હજુ તેમનો ઘા તો રુઝાયો ન હતો. તેમણે જેલની અગવડો કદી ભોગવી નથી. મિત્રો જામીન ઉપર છોડાવવા પ્રયત્ન કરે, "ખાનગી કેસ છે, તેમાં પોલિટિકલ કશુંયે નથી" એમ કહી મિત્રો બચાવ કરવા પ્રેરે. આ બધા ભયોમાંથી બચાવવા અને સત્ય જાળવવા ખાતર સાકરબાઈ પોતાના પુત્રના પીંજરા આગળ તેને સુરક્ષિત કરવા ઊભાં રહ્યાં. પોતે જ જામીન ઉપર રા. ગોવિંદજીને છોડાવવાની ના પાડી. અસહકારની પ્રતિજ્ઞા લેનાર પોતાની ઉપર સાચો કે ખોટો, ખાનગી કે જાહેર કેસ આવી પડે તેનો બચાવ કરી જ ન શકે એ આ બહેન જાણતાં હતાં. તેથી તેમણે એ પ્રતિજ્ઞા સાચવવા ખાતર કોર્ટમાં જવાની હિંમત કરી. આવા દાખલા બીજી જગ્યાએથી પણ ચાલ્યા આવ્યા છે. માતા પુત્રને, બહેન ભાઈને, પત્ની પતિને અનેક રીતે મદદ કરી રહેલ છે, હિંમત આપી રહેલ છે. આવી દૃઢતામાં ને હિંમતમાં હું સ્વરાજ્યની ઝાંખી કરી રહ્યો છું. સ્ત્રીઓ કે પુરુષો અત્યારે પોતાના ભણતરથી નહીં પણ પોતાના સત્યથી ને નિર્ભયતાથી હિંદુસ્તાનને ઉજ્જ્વળ કરી રહ્યાં છે.

## બીજો દાખલો

શ્રી મહાદેવ દેસાઈનાં પત્ની અલ્લાહાબાદમાં પડયાં છે. ત્યાં પોતે પણ સ્વયંસેવિકા બનેલ છે, સેવા કરવા બહાર નીકળી પડે છે, બીજા સેવકોને રાંધી જમાડે છે ને બીજી મદદ પણ કરે છે, નિત્ય રેંટિયો ચલાવે છે. શ્રી મહાદેવ દેસાઈ પકડાયા પછી તુરત જ તેમણે કાગળ લખેલો તે વાંચી વાંચનાર રાજી થશે એમ જાણી આપું છું :[1]

મારો આશીર્વાદ તો છે જ. પણ હું આશીર્વાદ આપનારો કોણ? હિંદુસ્તાનની સ્ત્રીઓ પોતાના જ તપોબળથી હિંમત મેળવી રહી છે. કંઈ એકબે પુરુષો જેલ નથી ગયા. ઘણા ગયા છે ને ઘણાની ધર્મપત્નીઓ હિંમત રાખી રહેલી છે, ને ખુશીથી પોતાના પતિને કે બીજાં સગાંને જેલમાં મોકલે છે. ને પોતે જવા તૈયાર થાય છે. શ્રી દેસાઈની તરફ નિર્દયતા વાપરવામાં આવી તે દૂર થઈ છે એવો તાર આવી ગયો છે. જેલમાં દુ:ખો તો પડવાનાં જ. પણ ધીરજથી ને આપણી વિનયશીલ વર્તણૂકથી અયોગ્ય દુ:ખોનું નિવારણ થઈ જ રહેશે. પણ થાઓ કે ન થાઓ, જેલનાં દુ:ખો ગમે તેવાં આકરાં હશે તોપણ તે આપણે સહન કર્યે જ છૂટકો છે.

## માલવિયાજીનો પુત્ર

માલવિયાજીનો સૌથી નાનો પુત્ર ગોવિંદ અને તેમના ભત્રીજા કૃષ્ણકાંત માલવિયા એક વેળા પકડાયેલા, દંડ થયેલો ને છૂટી ગયેલા. ભાષણ કરવા સારુ તેમને ફરી પકડવામાં આવ્યા છે ને તેઓને હવે દોઢ વર્ષની સખત મજૂરીની જેલ મળી છે. આને હું હિંદુસ્તાનનાં સદ્‌ભાગ્ય સમજું છું. પંડિત માલવિયાજીનો પુત્ર અસહકારને સારુ જેલમાં જાય એ તો પ્રાચીન ધર્મનું ભાન કરાવે છે. ભાઈ ગોવિંદે પંડિતજીની પાસેથી રજા માગવામાં ન્યૂનતા નહીં રાખેલી. જ્યાં સુધી તેનાથી રહેવાયું ત્યાં સુધી તેણે પોતાના પૂજ્ય પિતાની ઇચ્છાને માન આપ્યું. પિતાએ પણ પુત્રને પૂરી સ્વતંત્રતા આપેલી. જ્યારે પંડિત જવાહરલાલ વગેરેના પકડાવાથી ગોવિંદ ન જ રહી શકયા ત્યારે તેણે અતિ વિનયવાળો કાગળ પિતા ઉપર લખી રણમાં ઝંપલાવ્યું. હું જાણું

૧. આ પત્ર અહીં આપ્યો નથી. ગાંધીજીને તેમણે ખાતરી આપી હતી કે તેમના પતિની ગિરફતારીએ તેમને દુ:ખી કર્યાં નથી.



Gandhi Heritage Portal

છું કે ગોવિંદની પિતૃભક્તિમાં લવલેશ ઊણપ નથી આવી. મારી દૃઢ માન્યતા છે કે પંડિતજીને ગોવિંદના કૃત્ય વિષે લેશ પણ રોષ નથી. પિતાપુત્ર વચ્ચેનો સંબંધ એવો જ મીઠો રહ્યો છે ને રહેશે. આમ સ્વરાજ્યયજ્ઞમાં સહુ પોતાના અંતરાત્માને માન આપતું થઈ ગયું છે ને આપણે પિતાપુત્રને જુદા જુદા મેદાનમાં ભાળીએ છીએ. આ બધાં ચિહ્‌ન ધર્મજાગૃતિનાં — સ્વરાજનાં જ છે.

### જેલમાં ભક્તો

ભાઈ ગોવિંદનો કિસ્સો વર્ણવ્યો તેમાંથી જે જ્ઞાન આપણને મળે છે તેનાથી જુદા પ્રકારનું પણ એટલું જ કલ્યાણકારી કાશીજીની જેલમાં રહેલા અધ્યાપક કૃપાલાની આપણને આપી રહેલ છે. તેમના ભત્રીજા લખે છે :[1]

### ગુજરાતને સુયોગ

નડિયાદ, સુરત તથા અમદાવાદને નિશાળોનો ઝઘડો જેલયાત્રાનો અવસર આપશે અને ગોધરાને ઘેરબેઠાં ગંગા આવ્યાં દીસે છે. ત્યાંની પ્રજાને સરઘસની મનાઈ બે માસ સુધીની છે. બે માસ સત્તરમી તારીખે પૂરા થાય છે, એટલે તે દરમિયાન શાંતિની શરતે ને બીજી પ્રતિજ્ઞાના પાલનની શરતે ગોધરાના લોકો જેલ ભરી મૂકી શકે છે. નીચે પ્રમાણે મૅજિસ્ટ્રેટ સાહેબની નોટિસ છે.[2]

આવી રીતે ભજનો અને નિર્દોષ રાષ્ટ્રગીતો પણ બંધ કરે એ કંઈ સહ્યું જાય તેમ નથી. હું ઉમેદ રાખું છું કે આવા કિસ્સામાં પ્રાંતિક સમિતિની રજા તે તે ગામોને કે તાલુકાને વ્યક્તિગત ભંગ કરવાની મળી રહેશે ને ગુજરાત પણ પોતાની બલિદાન દેવાની શક્તિનું દર્શન કરાવવું શરૂ કરશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૧–૧૯૨૨

## ૭૦. એસ્થર મેનનને તાર[3]

સાબરમતી,
જાન્યુઆરી ૧૧, ૧૯૨૨

ઈશ્વર તમને બંનેને આશીર્વાદ આપે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલા મૂળ પત્ર પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૭૪

૧. આ પત્ર અહીં આપવામાં આવ્યો નથી. જી. ભા. કૃપાલાની તરફથી ભત્રીજાને એવું જણાવતો પત્ર મળ્યો હતો કે, તેમણે આશ્રમના નિત્યકર્મનું જેલમાં પાલન કર્યું હતું.

૨. આ નોટિસ અહીં આપવામાં આવી નથી.

૩. એસ્થર ફેરિંગ, એક ડેનિશ મિશનરી; તેમને ગાંધીજીએ પોતાની દીકરી જેવાં ગણ્યાં હતાં. ૧૯૧૬માં તે હિંદુસ્તાન આવ્યાં અને પાછળથી સાબરમતી આશ્રમમાં જોડાયાં.

તેમનું ડૉ. મેનન સાથે લગ્ન થયું અને બંને ડેન્માર્કથી પાછાં ફર્યાં ત્યાર બાદ આ તાર મોકલવામાં આવ્યો જણાય છે. તે સમયે મેનન દંપતી મિસ પિટરસનને પૉર્ટોનોવોમાં તેમની શાળા અને આશ્રમમાં સહાય કરી રહ્યાં હતાં.

Gandhi Heritage Portal

# ૭૧. નોંધ

### ખૂબ જ આશાવાદી

સી. રાજગોપાલાચારી સત્યાગ્રહના ચોક્કસ અભ્યાસી છે. દક્ષિણ આફ્રિકામાં તે પહેલવહેલો શરૂ કરવામાં આવ્યો ત્યારથી તે તેને અનુસરવા લાગ્યા છે. કદાચ બીજું કોઈ પણ ન સમજી શકે તેટલું સત્યાગ્રહનું શાસ્ત્ર તેઓ સમજે છે એવું હું માનું છું. અને વર્ષો સુધી તેમણે તે મુજબ જીવવાનો પ્રયત્ન કર્યો છે. એટલે, જેલ જવાની તક આવી કે બીજો કંઈ પણ વિચાર કર્યા વિના તેમણે તે વધાવી લીધી. પોતાની સાદી રીતે મદ્રાસમાં તેઓ આ આંદોલનની દોરવણી આપી રહ્યા હતા છતાં, જેલમાં જઈને પોતે તેને વધારે સારી સેવા આપી શકશે અને તેને વધારે સારી રીતે દોરવણી આપી શકશે એવું તેમને લાગ્યું. એટલે ત્રણ મહિનાની સાદી કેદની સજા મળતાંની સાથે જ તેમણે લખેલા નીચેના પત્રમાં રહેલા આશાવાદની વાચક કદર કરશે:

> ત્રણ મહિનાની સાદી સજા તો ખૂબ જ ઓછી છે, પરંતુ તે પહેલાં આપે સ્વરાજ મેળવ્યું હોય તો એ મહત્ત્વની વાત નથી. મને આશા છે કે હું પાછો આવીશ ત્યારે આપે સ્વરાજનું કામ પૂરું કર્યું હશે અને ખોરાકના સંશોધનનો આપનો હમેશનો વ્યવસાય આપે પાછો હાથ ધર્યો હશે.

એક અર્થમાં (અને તે એક ખૂબ જ અગત્યનો અર્થ છે) સ્વરાજ ક્યારનુંય આવી ગયું છે એમ મને લાગે છે, છતાં જે અસાધારણ પરિસ્થિતિ ઊભી થઈ છે તે મને મારા પ્રિય "ખોરાક સંશોધનના હમેશના વ્યવસાય" તરફ પાછો નહીં વળવા દે. આ પત્ર મેં કહ્યું તેમ ગયા મહિનાની ૨૧મીએ સજા થયા બાદ તરત જ લખવામાં આવ્યો હતો. નીચેનો લાંબો પત્ર તે જ દિવસે પરંતુ સજા થયા પહેલાં લખવામાં આવ્યો હતો:

> ઠરાવોના મુસદ્દા સાથેની આપની નોંધ મને મળી છે. આપણે કેવળ બાહ્યરૂપે નહીં પણ ખરેખરું સ્વરાજ મેળવ્યું છે એવા દાવાનો ઠરાવમાં સમાવેશ કરવામાં આવે તેની તરફેણમાં હું નથી. આ દાવાનો અર્થ હું સમજું છું. પરંતુ મને લાગે છે કે તે કૉંગ્રેસના ઠરાવોનો ભાગ બને તેના કરતાં આપના લખાણમાં આવી જાય એ વધારે સારું છે.
>
> સામુદાયિક કે વ્યક્તિગત સવિનયભંગને સ્પષ્ટ શબ્દોમાં મંજૂર રાખતો કોઈ ચોક્કસ ઠરાવ હું જોતો નથી. આ વિષય પર કોઈ ચોખ્ખો ઠરાવ હોય એ જરૂરી અને ઇચ્છવાજોગ છે એમ મને લાગે છે. ઠરાવોના મુસદ્દા તૈયાર કરવામાં આવ્યા છે એ રીતે તો માત્ર એક જ પ્રકારના સવિનયભંગને, એટલે કે સ્વયંસેવકદળોની મનાઈના અનાદરને મંજૂર કરવામાં આવ્યો છે. આ મનાઈ દૂર કરવામાં આવે અથવા કાંઈ નહીં તો તેને હળવી કરવામાં આવે એવો મને ડર છે. અને એમ થાય તો, સહેલાઈથી જેનો ભંગ કરી શકાય એવા બીજા હુકમો છે, જેમ કે, ૧૪૪મી કલમ હેઠળના હુકમો. એટલે હું એમ સૂચવું છું કે સ્વયંસેવકદળો વિષેના ઠરાવ બાદ, કારોબારી સમિતિ કે આપ, વખતોવખત, જે કોઈ સ્વરૂપ અને મર્યાદા ઠરાવો તે અનુસારના સવિનયભંગને મંજૂર કરતો એક ઠરાવ આપણી પાસે હોવો જોઈએ.

Gandhi Heritage Portal

કૉંગ્રેસની કાર્યવાહી પર "બંધારણવાદી" પ્રેક્ષકોના દબાણનાં શાં પરિણામ આવશે તે વિષે મને કોઈ ખ્યાલ નથી. પરંતુ હમણાં અથવા સવિનયભંગની લડતમાં આપણે સહેજ-સાજ આગળ વધ્યા હોઈએ ત્યાં સુધી, કોઈ વાટાઘાટો હાથ ધરવામાં ન આવે એવા મારા મંતવ્ય વિષે હું આપના પર દબાણ કરું છું. અલીભાઈઓ, દાસ, લાલાજી અને પંડિતજી માત્ર વાટાઘાટોમાં જ નહીં પરંતુ સુલેહ કરવાનો સમય નક્કી કરવામાં પણ સામેલ હોવા જોઈએ. વળી, સરકાર અને કૉંગ્રેસ વચ્ચેની પરિષદ જ વાટાઘાટ માટેનું એકમાત્ર સાધન હોવું જોઈએ. બધા પક્ષોના બિનસરકારી આગેવાનોની નિમણૂક કૉંગ્રેસ કરે, સરકાર નહીં. પણ મૉડરેટ આગેવાનોની નિમણૂક તો કૉંગ્રેસ જ કરે. સરકારી નિમણૂકથી આપણે હમેશાં ભ્રષ્ટ થયા છીએ. કોઈ પણ પ્રકારની વાટાઘાટોનો ઉલ્લેખ કરતો કે તેની અપેક્ષા રાખતો કોઈ પણ ઠરાવ કૉંગ્રેસના આ અધિવેશનમાં ન આવવો જોઈએ એમ મારું ચોક્કસ માનવું છે. જરૂર પડયે પાછળથી આપણે એક ખાસ અધિવેશન બોલાવીએ.

હિંદુસ્તાન માટે, આપણા અધિકાર હેઠળની સરકારનું સ્વરૂપ અને બંધારણ કેવાં હોય તે અંગેના સવાલો પર હાલ આપણે ઝઘડીએ અને દેશનાં ધ્યાન અને શક્તિ એ તરફ વાળીએ એવા કેટલાક લોકોના વિચારો મને ગમતા નથી. પાછળથી ભલે આપણે આ સવાલ હાથ ધરીએ.

કેટલાક લોકો સમાંતર સરકારની વાતો કરે છે. મેં આપની સાથે આને અંગે કદી પણ ચર્ચા કરી નથી, અને તેથી, પૂરતી તપાસ કર્યા વિના અભિપ્રાય દર્શાવવાની હું ધૃષ્ટતા કરું છું. સમાંતર સરકાર રચવાનું પ્રત્યક્ષ રીતે શક્ય હોય એમ હું માનતો નથી. જ્યાં સુધી હિંસાના પાયા પર ચાલતી સરકાર અસ્તિત્વમાં હોય ત્યાં સુધી વળતી હિંસા કર્યા વિના આપણે સમાંતર સરકાર સ્થાપી ન શકીએ. અહિંસાના પાયા પર આપણે માત્ર અસહકાર અથવા સવિનયભંગ ચલાવી શકીએ. ચોક્કસ સ્વરૂપની સમાંતર સંસ્થાઓ આપણે ખૂબ જ મર્યાદિત પ્રમાણ કરતાં વધારે સંખ્યામાં ચલાવી ન શકીએ. જગતની હાલની પરિસ્થિતિમાં અહિંસક પદ્ધતિ કેવળ નકારાત્મક અને વિનાશક વલણ લઈ શકે અને નવી સરકાર વડે તેને આગળ ધપાવી શકે, પણ આયર્લૅન્ડના લોકોએ કર્યું હોવાનું કહેવાય છે તેમ આપણે કોઈ સમકાલીન સમાંતર સરકાર ન ચલાવી શકીએ. મેં મારો વિચાર સ્પષ્ટ રીતે વ્યક્ત કર્યો ન હોય તો તેની ચિંતા ન કરશો. આ વિષય પર કોઈ પણ વ્યક્તિ ઠરાવ લાવવાનું દબાણ કરી શકે એવું હું માનતો હોવાથી મેં આ વિષયનો ઉલ્લેખ કર્યો છે.

હવે પછી આપણે ક્યારે અથવા કેવા સંજોગોમાં ભેગા થઈશું એ હું જાણતો નથી. પરંતુ જેમ જેમ હું જેલની નજીક જઈ રહ્યો છું તેમ તેમ મારા જીવનનો હેતુ મને સ્પષ્ટ થતો લાગે છે.

નીચેનું ગયા મહિનાની ૨૦મીએ લખવામાં આવ્યું હતું :

દિનપ્રતિદિન મને, વધારે ને વધારે પ્રતીતિ થતી જાય છે કે સુલેહ અને વાટાઘાટો જરા ખૂબ જ વહેલાં ઠોકી બેસાડવામાં આવ્યાં છે. આપણે થોડા વધુ જંગ જીતીએ ત્યાં સુધી આપ તેને ટાળવાનો કોઈ માર્ગ શોધી કાઢો એમ હું ઇચ્છું છું. એકદમ વાટાઘાટ ચલાવવાનું સરકારને ખૂબ જ ગમે, કેમ કે, એક મહિના પછી હોય તેના કરતાં અત્યારે આપણી શરતો અવશ્ય ઘણી ઓછી જ હોય. અને આપણા મૉડરેટ મિત્રો પણ અત્યારે વાટાઘાટોમાં દાખલ થવા માટે ખૂબ જ આતુર છે. તેઓ જુએ છે કે આપણે

Gandhi Heritage Portal

ભયભીત બન્યા નથી અને જરૂર વિજય મેળવવાના છીએ, અને પોતાની રીઢી નિર્બળતાને લીધે, તેઓ સંઘર્ષ વધારે જોરદાર બને તે પહેલાં જ તેનો અંત લાવવા ઇચ્છે છે અને એક સારા વિચાર માટે તેમની વચ્ચે એટલી બધી સ્પર્ધા છે કે તે કદાચ કવેળાનો પણ થઈ પડે. સરકાર ખંધી છે. તેણે તેની ભૂલ જોઈ છે અને તેને સમજાયું છે કે આપણે દાદાગીરીને વશ થનાર નથી. એટલે તે ચુપચાપ પીછેહઠ કરે છે. મદ્રાસની સરકારે ચોક્કસપણે જાહેર કર્યું છે કે સંઘોને તે ગેરકાયદે જાહેર નહીં કરે અને બિહાર અને ઓરિસ્સાની સરકારોએ પણ એ જ પ્રમાણે કર્યું છે.

સરકાર હવે જુએ છે કે મૉડરેટો તેને છોડીને ચાલ્યા ગયા છે. પરિસ્થિતિ સહેજ વધારે પરિપક્વ થાય ત્યાં સુધી વાત ત્યાં અટકવી જોઈએ. શાહજાદાએ અવશ્ય પાછા ફરવું જોઈએ અને ત્યાર બાદ ફેબ્રુઆરીમાં, ગુજરાતે પોતાનો સરસ ભાગ ભજવી બતાવ્યો હશે એટલે આપણે સમાધાનનો વિચાર કરવો જોઈએ. નેહરુજી, દાસ અને લાલાજી જેલમાં હોય ત્યારે લોકો પરિષદોની વાતો કરે, એ કોઈ પણ રીતે મૂર્ખાઈભર્યું છે. સુલેહ માટેનો સમય તેમણે ઠરાવવો જોઈએ.

મોપલાઓ હવે કેવળ સળિયા નાખેલી બારીઓવાળા ત્રીજા વર્ગના ડબામાં જઈ રહ્યા છે. પોલીસોને પાણી આપતા અને કેટલાંક સ્ટેશનો પર તેને માટે દોડાદોડી કરતા અમે જોઈએ છીએ. સિત્તેરના વધ નિરર્થક ગયા નથી. ત્યાર પછી હજારો મોપલાઓ પ્રત્યે માનવતાભર્યો વર્તાવ દાખવવામાં આવે છે.

કેદખાને પડેલા કાર્યકરો તરફથી મળેલા પત્રો હું આપ્યા જ કરું છું, કેમ કે બીજા કોઈના કરતાં પણ એ પત્રો લડતનું ભયંકર સ્વરૂપ તેમ જ લોકોનો મક્કમ નિરધાર વધારે સારી રીતે દર્શાવે છે. વાચક જોશે કે ઠરાવો વિષેનાં રાજગોપાલાચારીનાં મંતવ્યો વિષે મોટાભાગે પહેલેથી જ કલ્પના કરવામાં આવી હતી. મુખ્ય ઠરાવમાં સમાધાન વિષે કંઈ જ ઉલ્લેખ ન કરવાની તેમની સલાહની તરફેણમાં ઘણું કહી શકાય તેમ છે. આપણે નિર્બળ રહ્યા છીએ અને અત્યારે પણ નિર્બળ છીએ, એટલે યાતનાના માર્ગ પરથી આપણે બીજે ધ્યાન ન ખસેડીએ એ જરૂરી છે. છતાં ઠરાવમાં જે રીતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અનિવાર્ય હતો એમ મને લાગે છે. આપણે આપણી નબળાઈ જાણવી જોઈએ અને સ્વીકારવી જોઈએ, અને શક્તિશાળી બનવાની અપેક્ષા રાખીને આપણે કાર્યશીલ પણ બનવું જોઈએ. આપણે અંત સુધી પહોંચીએ ત્યાં સુધીમાં અનેક યુદ્ધવિરામ અને સમાધાન કરવાં પડે અને અનેક નિષ્ફળતા પણ મળે તેથી મને આશ્ચર્ય નહીં થાય. સાચો સૈનિક તો જીવન અને વસ્તુઓ તરફ એક ફિલસૂફની નજરે જુએ છે. પરિણામો વિષે તે અનાસક્ત રહે છે. યાતના અને આરામને સમાન ગણી તેણે પોતાની સઘળી શક્તિથી કામ કરવાનું છે. અને આરામની જરૂર જણાય તો વધારે યાતના માટેની તૈયારી એ જ એનો આરામ છે. ઉત્તેજનાના વાતાવરણ સિવાય પણ યાતના સહન કરવાની શક્તિ આપણે ખીલવવી જોઈએ. સ્વેચ્છાએ યાતના સહન કરવાનો અખતરો નવો હોવાથી, એવી લાગણી પ્રવર્તે છે કે જે તે પ્રસંગની ઉત્તેજના શમી જતાં, દમનના નવા ઘાણ માટે આપણે તૈયાર ન પણ થઈએ, જ્યારે યાતના સહન કરવાની કાયમી તૈયારી સ્વરાજ માટેની એક આવશ્યક શરત છે. આક્રમણ સામે સુરક્ષિત રહેવા માટે ઇંગ્લંડ શું સ્થાયી લશ્કરની જોગવાઈ કરતું નથી? જોકે એ ગાંડપણ છે, આત્મઘાતક છે તથા ઈશ્વર અને તેના ન્યાયના ઇનકારરૂપ છે એ વાત ચોક્કસ છે. પરંતુ જ્યાં સુધી તેને બીજા દેશો પર પોતાનો વેપાર લાદવાનું અને તેમને શિકાર બનાવવાનું જરૂરી લાગે ત્યાં સુધી

Gandhi Heritage Portal

એ સિવાય તેનાથી બીજું કંઈ જ થઈ ન શકે. તે ઇચ્છે છે કે દુનિયાનાં બીજાં રાષ્ટ્રો તેનાથી ડરતાં રહે, અને એ માટે તેને ભારે મૂલ્ય ચૂકવવું પડે. હું આશા રાખું છું કે હિંદુસ્તાન એવું ઇચ્છે છે કે એ બધાં તેને ચાહે, અને તેથી પોતાની સ્વતંત્રતા માટે યાતના સહન કરવા તેણે કાયમ માટે તૈયાર રહેવું જોઈએ. આપણે ઇચ્છા વિના એટલા લાંબા સમયથી સહન કર્યું છે કે એના વિના આપણે ચલાવી શકીએ એવી કલ્પના કરવાનું પણ આપણે માટે મુશ્કેલ છે. અનિચ્છાના કષ્ટસહનને આપણે ઇચ્છાપૂર્વકના કષ્ટસહનમાં પલટાવી નાખીએ તો દુનિયાનાં બધાં રાષ્ટ્રોના સંગઠન સામે આપણું રક્ષણ થયું સમજો. કોઈ પણ રીતે હિંદુસ્તાને એ માર્ગ સ્વીકાર્યો છે અને યાતના સહન કરવાની આપણી શક્તિ હમેશની બની ગઈ છે એ હકીકત ચોક્કસ બની જતાં આપણે એક તદ્દન સ્વતંત્ર રાષ્ટ્ર બન્યા જ સમજો. આપણે એવી અવસ્થા પ્રાપ્ત કરી હશે ત્યારે આપણે અંદેશા વિના અને પૂરી સ્વસ્થતાથી પરિષદો અને સમાધાનોમાં ભાગ લઈ શકીશું.

મોપલા કેદીઓ પ્રત્યે હવે માનવતાભર્યો વર્તાવ રાખવામાં આવે છે એ વિષેનો રાજગોપાલાચારીનો ઉલ્લેખ આપણે માટે બોધપાઠરૂપ છે. આપણે લાંબા સમયથી જે રાજદ્વારી ગળાટૂંપો વેઠી રહ્યા છીએ તેમાંથી આપણે મુક્ત બનીએ તે પહેલાં અનેક લોકોએ મરવું પડશે. મોપલાઓના શારીરિક ગળાટૂંપાએ આપણી માનવદયાની લાગણીને એક આઘાત આપ્યો છે છતાં, આ રાજદ્વારી ગળાટૂંપો મોપલાઓના શારીરિક ગળાટૂંપા કરતાં વધારે ખરાબ છે. મોતના પેલા ડબામાં મૃત્યુ પામેલા મોપલાઓ જો નિર્દોષ કેદીઓ હશે, અને ઘણા નિર્દોષ હોવા જોઈએ, તો તેમણે ઈશ્વરના દરબારમાં નામરદાઈ માટે જવાબ નહીં દેવો પડે. આપણે જેઓ જાણીજોઈને અને મૂગે મોઢે રાજદ્વારી અધ:પતનને તાબે થઈએ છીએ તેમને માટે એવું ન કહી શકાય. મને વિશ્વાસ છે કે રાજગોપાલાચારીના પત્રો જોનાર મૉડરેટ મિત્રો, તેમના મૈત્રીભર્યા કટાક્ષોથી ખોટું નહીં લગાડે. એ પત્રો પ્રસિદ્ધિ માટે ન હતા. પ્રસિદ્ધિ માટે હોય ત્યારે સ્વાભાવિક રીતે જ લેખકને મર્યાદા બાંધવી પડે. પણ તેવી કંઈ પણ મર્યાદા રાખ્યા વિના જ તે પત્રો લખવામાં આવ્યા હતા. પરંતુ મૉડરેટ મિત્રો રાજગોપાલાચારી વિષે ગેરસમજ નહીં કરે એવી મેં આશા રાખી છે. સહકારી મૉડરેટો અને અસહકારી અંતિમવાદીઓ વચ્ચે આજે સ્વભાવનો ભેદ પ્રવર્તે છે એ હકીકતનો ઇનકાર થઈ શકે તેમ નથી. અંતિમવાદીઓ સહકાર કરનાર મૉડરેટો પર દેશ પ્રત્યેની બેવફાઈનું નહીં પણ ભીરુતાનું આરોપણ કરે છે. બંને, દેશના શુભેચ્છકો અને સેવકો છે. મૉડરેટો અંતિમવાદીઓને ઉછાંછળા જ નહીં પણ બેદરકાર પણ ગણી શકે છે. ઉશ્કેરાયા કે ખોટું લગાડ્યા વિના આપણે આવી પ્રામાણિક ટીકા સહી લેવાની શક્તિ કેળવવી જોઈએ.

### "ક્યારનાયે સ્વતંત્ર"

યંગ ઇન્ડિયાના વાચકો, મિ. ડબલ્યુ. ડબલ્યુ. પિયરસન[1]ના નામથી અપરિચિત નથી. ઘણાં વર્ષોથી તેઓ શાંતિનિકેતનમાં ડૉ. ટાગોરના કાર્ય સાથે સંકળાયેલા છે. હિંદુસ્તાન વિષે રાષ્ટ્રવાદતરફી પુસ્તક લખવા માટે તેમને દેશપાર કરવામાં આવ્યા હતા. હમણાં જ તેમને શાંતિનિકેતનમાંની તેમની પ્રવૃત્તિમાં જોડાવાની છૂટ મળી છે. ત્યાંથી તેમણે કૉંગ્રેસ સપ્તાહ દરમ્યાન મિ. ઍન્ડ્રૂઝ મારફતે નીચેનો સંદેશો મોકલ્યો છે. અંગત ઉલ્લેખ કર્યા બાદ તેમણે લખ્યું છે :[2]

૧. એક ખ્રિસ્તી મિશનરી અને હિંદીઓના સક્રિય ટેકેદાર.
૨. માત્ર થોડા ઉતારા જ અહીં પ્રગટ કર્યા છે.

Gandhi Heritage Portal

કંઈક વધારે જાહેર સ્વરૂપની વાત પણ હું ઉમેરવા માગું છું. કૉંગ્રેસમાં જાહેર રીતે તેનો ઉપયોગ કરવા ન કરવાનું હું આપના ઉપર છોડું છું. . . તે આ પ્રમાણે છે :

. . . આપનું કાર્ય સફળ થયું છે, કારણ કે હિંદુસ્તાન ક્યારનુંય મુક્ત છે. . . .

સંપૂર્ણ અને બિનશરતી સ્વરાજની ખાતરી થયેલી હોવા છતાં, સાથે સાથે સમાજસેવાનો કોઈક વ્યવહારુ રચનાત્મક કાર્યક્રમ અપનાવવા હું આગ્રહ કરું છું.

આયર્લૅન્ડનો કૃષિ સંગઠન સમાજ (આયરિશ ઍગ્રિકલ્ચરલ ઑર્ગેનાઈઝેશન સોસાયટી), આયર્લૅન્ડની સ્વતંત્રતાની ઇમારતનો મજબૂત પાયો બની શકે એવી મને ખાતરી થયેલી છે. મુક્ત અને સ્વતંત્ર રાજ્યની રચના કરી શકાય તે માટે હિંદને પણ આવા પાયાની જરૂર પડશે અને તેને માટે વ્યવહારુ સ્વરાજનો તાત્કાલિક કાર્યક્રમ એક અનિવાર્ય શરત છે.

મિ. પિયરસનની માફક હું પણ હિંદુસ્તાન "ક્યારનુંય સ્વતંત્ર" છે એવું માનું છું. લાલાજી, પંડિત નેહરુ, ચિત્તરંજન દાસ અને મૌલાના અબુલ કલામ આઝાદ પકડાયા ત્યારે જ તે સ્વતંત્ર બની ગયું. દમન નિષ્ફળ નીવડયું છે અને લોકો પર હુમલા કરવામાં આવ્યા અને તેમને ફટકા મારવામાં આવ્યા છતાં તેઓ મંડળો રચતાં કે જાહેર સભાઓ ભરતાં અટકયા નથી એ વાત સ્પષ્ટ થઈ ત્યારથી હિંદ સ્વતંત્ર બની ચૂકયું છે. સ્વતંત્રતાનું મૂલ્ય ચૂકવવા આપણે તૈયાર થયા ત્યારથી જ આપણે સ્વતંત્રતા મેળવી લીધી છે. વહીવટકર્તાઓ સાથેના આપણા મત-ભેદોનું નિરાકરણ એ સમયનો જ સવાલ છે. સ્વતંત્રતા માટે પ્રમાણપત્રની જરૂર પડે ત્યાં સુધી આપણે સ્વતંત્ર થયા છીએ એમ ન કહી શકાય. તંદુરસ્તી પુરવાર કરવા તંદુરસ્તીનું પ્રમાણપત્ર બતાવવું પડતું હોય તો માણસ તંદુરસ્ત ન કહેવાય. જે સ્ત્રી અને પુરુષે કૉંગ્રેસ મંડપની મુલાકાત લીધી હતી તે દરેકે પોતાનામાં સ્વતંત્રતાનો ચમકારો અનુભવ્યો હતો.

મિ. પિયરસને હિંદુસ્તાનના વાતાવરણમાં સ્વતંત્રતાની વીજળીનો ચમકારો જોયો છે, પરંતુ આ આંદોલનની રચનાત્મક બાજુ તે જોઈ શકયા નથી. સ્વતંત્રતાની ભાવના તો બધે પ્રસરી જતા મોણ જેવી છે. આ આંદોલનને સ્થિર કરનારાં રચનાત્મક કાર્યો કંઈ લાગણીનો વિષય ન બની શકે. હજારો ઘરોમાં શાંતિથી પણ ચોક્કસપણે ચાલી રહેલા એ કાર્યને તો જોઈને જ પ્રત્યક્ષ કરી શકાય. અને તે તેમને સ્વદેશીમાં, રેંટિયામાં જોવા મળશે. હાથકાંતણ જેટલે અંશે વ્યવસ્થિત થશે તેટલા પ્રમાણમાં હિંદુસ્તાન કાયમને માટે વ્યવસ્થિત બનશે. મુસલમાનોને પણ અસર કરનારી હિંદુસ્તાનની સંયુક્ત કુટુંબપ્રથા અને તેની બીજી ખાસિયતો, નવાં ખેતીવિષયક સંગઠનો ઝડપથી રચવાનું અશકય બનાવે છે. નાનાં ખેતરો દિવસે દિવસે વધારે ને વધારે નાનાં થતાં જાય છે, અને ખેતરોના નાના નાના ટુકડા પાડવાના રિવાજને લીધે, ગમે તેટલા સુધારા થવા છતાં એકલી ખેતી, દેશની ગરીબાઈ દૂર કરવા માટેનો કંગાળ ઉપાય નીવડવાની છે. પરંતુ ફરીથી એક વાર રેંટિયાને તેના અસલ સ્થાને સ્થિર કરવાથી વર્તાઈ રહેલી તંગી ઝટ દૂર થશે અને સ્વાભાવિક રીતે વધી રહેલાં કુટુંબો માટે આપોઆપ જોગવાઈ થશે. તે ચોમાસાની અસ્થિરતાની પરવા કરતો નથી. અનેક જોખમો સામે તે એક સામાન્ય વીમાનું કામ બજાવે છે. દેશને તે ઔદ્યોગિક પુરુષાર્થ માટે પ્રોત્સાહન આપે છે અને સફળતા માટે રાષ્ટ્રવ્યાપી સહકારને તદ્દન આવશ્યક બનાવે છે. ખાદીનું આંદોલન ગ્રામજીવનમાં ક્રાંતિ લાવી રહ્યું છે અને લાખો મનુષ્યોના હૈયામાં આશા પ્રગટાવી રહ્યું છે. એ કંઈ આશ્ચર્યની વાત નથી કે રેંટિયાના આંદોલનને વેગ આપવા માટે, કલકત્તાનાં પત્રોમાં જણાવ્યા પ્રમાણે, ડૉ. રૉય[૧] તેમના પોતાના ગામ કતિપાડામાં ગયા અને

૧. ડૉ. પ્ર. ચ. રૉય.

Gandhi Heritage Portal

રેંટિયો દેશને મુક્તિ અપાવશે એવું પોતે માનતા હોવાથી નવરાશના સમયમાં તે અપનાવવા તેમણે દરેકને હાકલ કરી. જો છ મહિનાની અંદર ગ્રામવાસીઓ પોતે કાંતેલાં અને વણેલાં કપડાં પહેરશે તો મારા દિલની ઇચ્છા પૂર્ણ થશે એમ તેમણે ખૂબ જ ભારપૂર્વક જણાવ્યું.

### કૉંગ્રેસી સાવધાન!

કૉંગ્રેસ સમિતિઓ અથવા ખિલાફત સમિતિઓ ખાદીનાં આંદોલન ચલાવતી હોય ત્યારે સ્વદેશી અંગેના પ્રયત્નોમાં શિથિલતા ન બતાવવા માટે તેમને સાવધાન કરવી જોઈએ. સવિનય-ભંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અર્થ સ્વદેશી માટે બેવડો ઉત્સાહ એમ જ થવો જોઈએ. સ્વદેશી વિનાનો સવિનયભંગ, નવનિર્માણની આશા વિનાનું મૃત્યુ છે. નવો પાક વાવવાની કશી આશાઅપેક્ષા વિના ખેતરને ખોદી નાખવા જેવું એ થાય. સવિનયભંગનો અર્થ જ એવો થવો જોઈએ કે ખાદીના આંદોલનમાં વધારે પ્રોત્સાહન આપવું. જેલમાં ન જનાર સૌ સ્ત્રીઓ, વૃદ્ધો અને બાળકોએ પોતાની ફાજલ શક્તિ અને નવરાશની એકેએક ક્ષણને સૂતર અને ખાદી પેદા કરવામાં અને બીજાઓમાં તેનો પ્રચાર કરવામાં ગાળવી જોઈએ. સંપૂર્ણ સ્વદેશી આપમેળે જ સ્વરાજ તરફ લઈ જાય છે એવી મારી શ્રદ્ધા જેવી ને તેવી ઉજ્જવળ છે. વ્યક્તિ માટે અંગત શુદ્ધિનું જે મહત્ત્વ છે તે રાષ્ટ્રને માટે સ્વદેશીનું છે.

### ટાઇમ્સનું પ્રમાણપત્ર

૧૦મી ડિસેમ્બરની તેની વ્યાપારપૂર્તિમાં, વ્યાપારી નોંધનો લેખક, રૂના વેપારની મંદી વિષે લખે છે :[૧]

> સુતરાઉ કાપડના વેપારની મંદી જરાયે હળવી થઈ નથી. . . લૅંકેશાયરની ધીરજ, હિંમત અને આત્મવિશ્વાસની દુઃખદ રીતે કસોટી થઈ રહી છે.
>
> સુતરાઉ કાપડના વેપાર અંગે અગત્યની ગણતરી એ છે કે આયાત કરેલું કાપડ ન ખરીદવાની કલકત્તાના વેપારીઓની અંદરોઅંદરની સમજૂતી પૂરી થવા આવી છે. ફેબ્રુઆરી સુધી અને ત્યાર પછી પણ બહિષ્કાર ચાલુ રાખવાની ઘણી વાતો થાય છે, છતાં, જે મુદતને આ કરાર લાગુ પડે છે તે મુદત, વર્ષ પૂરું થતાં પૂરી થાય છે અને તે તારીખ પછી પ્રતિબંધ ચાલુ રાખવામાં આવે તેવી કોઈ શકયતા દેખાતી નથી. . . ખબર મળી છે તે પ્રમાણે, કોઈ પણ સંજોગોમાં, પ્રતિબંધને તાજો કરવા માટે કલકત્તા પાસે કોઈ દરખાસ્ત નથી. ગાંધીના આંદોલનનું આ ખાસ અંગ દૂર થતાં, હિંદુસ્તાન સાથેનો વેપાર ફરી શરૂ થશે એમ લગભગ ચોક્કસ જણાય છે. . . અને હિંદુસ્તાન થોડો પણ માલ ખરીદશે તો બીજાં બજારો તેને અનુસરે એવો સંભવ છે.

આ લેખકે ભાવિનું જે ચિત્ર દોર્યું છે તે સાચું નીવડે એવી કાંઈક પણ આશા આપી શકાય તો કેવું સારું! સ્વદેશી એ કામચલાઉ કાર્યક્રમ નથી. તે સ્વરાજની સાથે કાયમને માટે જોડાયેલું છે. હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી ધાર્મિક વૃત્તિથી હિંદુસ્તાન માટેનો પોશાક બનવો જોઈએ. પરદેશી કાપડનો બહિષ્કાર, શિક્ષાત્મક નહીં પણ આત્મશુદ્ધિનું અને કાયમી રાહતનું પગલું છે. સ્વરાજ સાથે તેની અદલાબદલી ન થઈ શકે. બલકે સ્વરાજનો આધાર સ્વદેશી પર છે. સ્વદેશી વડે ઇંગ્લંડ પર દબાણ જરૂર થઈ રહ્યું છે. પરંતુ ઇંગ્લંડ ખાદીના આંદોલન

૧. અહીં માત્ર થોડા ઉતારા પ્રગટ કરવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

પ્રત્યે પૂરેપૂરું બેપરવા બને તોપણ તે ચાલુ રાખવું પડશે. લૅંકેશાયર તેના કાપડના વેપાર માટે હિંદુસ્તાનના બજાર પર જેટલે અંશે આધાર રાખે છે તેટલે અંશે તેણે તેના કાર્યક્રમમાં ફેરફાર કરવો પડશે. એવું કોઈ કારણ નથી કે જે હિંદુસ્તાનને લૅંકેશાયર કે બીજા કોઈ પણ હિતને ખાતર આળસુ અને ગરીબ રહેવા લલચાવી શકે. જો બધું સમુંસૂતરું ચાલે અને ઇંગ્લંડ અને હિંદુસ્તાન મિત્રો બને અને રહે અને રાજીખુશીથી ભાગીદાર બને, અને હું આશા પણ રાખું અને ઇચ્છું કે તેઓ બને, તો ઇંગ્લંડ પાસે, તે હિંદુસ્તાનને વેચી શકે અને તેની પાસેથી ખરીદતાં હિંદુસ્તાનને લાભ થાય તેવી અનેક વસ્તુઓ છે. પણ કાપડ તો મિત્ર કે દુશ્મન કોઈનીયે પાસેથી તે ન ખરીદે. અંગ્રેજો અને બીજા શોષકોની એડી નીચે કચડાતા હિંદુસ્તાન કરતાં, નવજીવન પામેલું, સમૃદ્ધ અને સ્વતંત્ર હિંદુસ્તાન ઇંગ્લંડ અને દુનિયા માટે વધારે સારું બજાર પૂરું પાડશે.

## ઈશ્વરના હાથમાં

બડોદાદાના[1] પત્રમાં અને એક અંગ્રેજ મિશનરીના પત્રમાં અંગત સંબંધની વાતો છે છતાં તે એટલા બધા અગત્યના છે કે, તેમને જનતા સમક્ષ મૂકવાની લાલચ હું રોકી શકતો નથી. બડોદાદાના પત્રોને હું હમેશાં મારે માટે આશીર્વાદરૂપ ગણું છું. જીવનના આ તબક્કે તેઓ લડતમાં આવો જીવંત રસ લે છે અને તેને પોતાના આશીર્વાદ આપે છે એ મારે માટે ભારે આશ્વાસનરૂપ છે. આ અંકમાં પ્રગટ થયેલો પત્ર[2] આ આંદોલનને આશીર્વાદ આપવા ઉપરાંત ઘણા ગંભીર સાધકોને ગૂંચવણમાં નાખતી એક આધ્યાત્મિક મુશ્કેલીનો ઉકેલ લાવે છે. જેવાં મળી આવે તેવાં સાધનો અને માણસો સાથે સુધારકને પાનું પાડવું પડે છે તેથી તેને જોખમો ખેડવાં જ પડે છે અને ઉપયોગિતાની દૃષ્ટિએ કરી નાખેલાં કામોનો પણ તેણે સ્વીકાર કરવો જ પડે છે. તેથી કાર્યો હમેશાં નૈતિક રીતે સંગીન હોય એ જરૂરી છે. પ્રામાણિકતાને ખાતર પ્રામાણિકતા જેમ ગ્રાહ્ય છે તેમ નીતિને ખાતર પણ તે ગ્રાહ્ય છે. પરંતુ ઉત્કૃષ્ટ હેતુથી આચરવામાં આવેલી અપ્રામાણિકતા પણ ત્યાજ્ય છે. સારો હેતુ સારા કાર્યના મૂલ્યમાં વધારો કરે છે. પરંતુ ખરાબ હેતુથી પણ કરેલું સત્કાર્ય તેનું બધું મૂલ્ય ગુમાવતું નથી. કંઈ નહીં તો જગતને માટે તો તે સારું જ હોય છે. એ કરવાનો હેતુ અનિષ્ટ હોવાથી તો તે પોતાના જ કાર્યના પુણ્યથી પોતાને વંચિત રાખે છે, એટલે ખોવાનું તો તેને એકલાને જ હોય છે. એટલે અહિંસાની બાબતમાં જો આપણે કશાથી પણ સુરક્ષિત રહેવાનું હોય તો તે હિંસાને છુપાવવા માટેના અહિંસાના ઢોંગ સામે જ છે.

“એક અંગ્રેજ મિશનરી” મિશનરીઓનાં મંડળોમાં એક જાણીતાં કાર્યકર્તા છે. તેમણે કૃપા કરીને પોતાનું નામ અને સરનામું મોકલી આપ્યાં છે. આ લેખિકાની પારદર્શક પ્રામાણિકતા અને તેમણે કરેલી દોષની નિખાલસ કબૂલાત, હિંદુસ્તાનના અંગ્રેજ રહેવાસીઓને શાંતિનો માર્ગ બતાવે છે.[3] ગમે તેટલી ઉશ્કેરણી થવા છતાં અસહકારીઓ, માત્ર પોતે લીધેલી અહિંસાની પ્રતિજ્ઞાને છેવટ સુધી પ્રામાણિકપણે વળગી રહે તો હિંદુસ્તાનમાંનાં દરેક અંગ્રેજ સ્ત્રીપુરુષ પૂરાં રાષ્ટ્રવાદી

૧. દ્વિજેન્દ્રનાથ ટાગોર; રવીન્દ્રનાથ ટાગોરના વડીલ બંધુ; બડોદાદાના હુલામણા નામે જાણીતા.

૨. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી.

૩. તેમનો આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. તેમાં તેમણે ગાંધીજીની પ્રશંસા કરી છે અને હિંદુસ્તાનના રાષ્ટ્રવાદ તરફ સહાનુભૂતિ દર્શાવી છે અને “મારા ઘણા લોકોની ગુનાહિત અંધતા અને ગેરસમજ” વિષે દિલગીરી દર્શાવી છે.

Gandhi Heritage Portal

બનશે એમાં મને શંકા નથી. અંગ્રેજોને હાથે થતા આપણા પોતાના તેજોવધ સાથેનો અસહકાર છેવટે તેમની સાથેના મૈત્રીભર્યા સહકારમાં પરિણમશે. હાલમાં જે બનાવો બની રહ્યા છે તે અત્યારની પરિસ્થિતિ કેવી અસહ્ય છે તે સ્પષ્ટપણે દર્શાવે છે.

પરંતુ દરેક લખનાર આ આંદોલનમાં ઈશ્વરનો હાથ હોવાનું પોતપોતાની દૃષ્ટિએ સ્વીકારે છે તેમાં જ આ બંને પત્રોની સુંદરતા રહેલી છે. ગયા યુદ્ધ દરમ્યાન અંગ્રેજો અને જર્મનો બંને, ઈશ્વર પોતાને પક્ષે હોવાનો દાવો કરતા હતા એ હકીકત જાણવાનું મને દુ:ખ રહ્યું છે. જર્મનોનો પરાજય, ઈશ્વરે તેમને તરછોડયા તેની કસોટીરૂપ છે, અથવા અંગ્રેજોનો વિજય ઈશ્વરની કૃપાના પ્રતીકરૂપ છે એ વસ્તુ હજુ સુધી હું જાણતો નથી. ઈશ્વરની કળા અકળ છે. તે જેના પર કૃપા કરે છે તેમને ઘણી વાર પરાજય આપીને અને તેમને અનેકવિધ સંકટોમાં મૂકીને તે તેમની કસોટી કરે છે. તેથી આ લડત ખરેખર, સાચા ઉદ્દેશ માટે અને કંઈ નહીં તો જાહેર કરાયા પ્રમાણે, અને ઘણા અસહકારીઓ માટે તો ચોક્કસપણે, અહિંસક સાધનોથી જ લડાતી હોવાથી તેમણે કરેલું મૂલ્યાંકન હું સ્વીકારી લઉં છું. અહિંસામાં ઈશ્વર ઉપર સંપૂર્ણ ભરોસો રાખવાની વાત માની લઈને ચાલવામાં આવે છે. હિંમત, પવિત્રતા અને સત્યના અદ્‌ભુત આવિષ્કારનો યશ હું પોતે લેવાનો ગેરવાજબી દાવો કરું તો જરૂર હું મારું મગજ ગુમાવી બેસું. પરંતુ ઈશ્વર આ આંદોલનને દોરી રહ્યો છે અને મારા જેવી એક ક્ષુલ્લક વ્યક્તિને તેના હાથનું સાધન બનાવી રહ્યો છે એવું આપણે માનીએ તો આ વાત સહેલાઈથી સમજાય એમ છે.

### પાછળ પડયા છે

અમુક અભિપ્રાય ધરાવવા માટે આવા "મહાન" બ્રિટિશ સામ્રાજ્યમાં, એક માણસની પાછળ કેવી રીતે પડી શકાય તે વિષેના શ્રી મણિલાલ ડૉકટરના[1] જે કિસ્સા તરફ શ્રી બનારસીદાસ ચતુર્વેદી[2] આ કટારોમાં ધ્યાન દોરે છે તે એક નોંધપાત્ર ઉદાહરણ છે. કાયદાની અદાલતમાં તેમની સામે કશું જ પુરવાર થતું ન હોવા છતાં ફીજીની સરકારે તેમની સામે રિપોર્ટ કર્યો હોવાથી તેમને ન્યૂઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, સિંગાપુર અને હવે સિલોનમાં રહેવા દેવાની અને વકીલાત કરવા દેવાની ના પાડવામાં આવી છે. લોકોને માહિતી છે ત્યાં સુધી તેમનો ગુનો એટલો જ છે કે શ્રી મણિલાલે તેમના દેશબંધુઓની સેવા કરી છે અને તેમના પર તેઓ સારી એવી લાગવગ ધરાવે છે. શ્રી મણિલાલે, તેમની સામેનો કેસ પુરવાર કરવા ફીજીની સરકારને પડકાર કર્યો છે પરંતુ તે એટલી બધી કાયર છે કે તે તેમ કરી શકતી નથી, અને તે એટલી બધી હલકટ છે કે તેમના ગુજરાનનું સાધન ઝૂંટવી લીધા પછી તે તેમનો નિભાવ પણ કરી શકતી નથી. માણસોની

૧. ગાંધીજીના એક જૂના સાથી ડૉ. પ્રાણજીવન મહેતાના જમાઈ અને બૅરિસ્ટર; ઘણાં વર્ષો સુધી તેમણે મોરિશિયસના હિંદીઓ માટે લડત ચલાવી હતી. ૧૯૧૨માં તેઓ ફીજી ગયા અને ત્યાંથી તેમને કામ ચલાવ્યા વિના ૧૯૨૦માં હદપાર કરવામાં આવ્યા. પાછળથી તેમને ન્યૂઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયામાં વકીલાત કરવાની પરવાનગી આપવાની ના પાડવામાં આવી. સિંગાપોરમાં તેમને રહેવાની મનાઈ કરવામાં આવી. ન્યૂઝીલૅન્ડથી પાછા ફરતાં સિલોનની સુપ્રીમ કોર્ટમાં વકીલાત કરવાની પરવાનગી આપવાની તેમને ના સંભળાવવામાં આવી અને ગવર્નર તરફથી જાન્યુઆરી ૯, ૧૯૨૧ સુધીમાં તેમને ચાલ્યા જવાનો હુકમ કરવામાં આવ્યો.

૨. (જન્મ ૧૮૯૨); પાર્લમેન્ટના એક સભ્ય, પત્રકાર અને હિંદી લેખક; ૧૯૨૦માં ઇંદોરની ચીફ્સ કૉલેજમાંથી રાજીનામું આપી સી. એફ. ઍન્ડ્રૂઝ સાથે શાંતિનિકેતનમાં દાખલ થયા; ચાર્લ્સ ફ્રીઅર એન્ડ્રૂઝ, એ બાયોગ્રાફીના સહલેખક.

Gandhi Heritage Portal

આ છૂપી બદનામી સામ્રાજ્યના તંત્રની તાકાત નહીં પરંતુ નિર્બળતા દર્શાવતું, તેનું ખરાબમાં ખરાબ લક્ષણ છે. જે સામ્રાજ્યને કોઈ એક માણસ પર, તેની સામેની કોઈ પણ બાબત પુરવાર કરવાની તેને તક આપ્યા વિના, આવો ગણતરીપૂર્વકનો અત્યાચાર કરવાની જરૂર પડતી હોય તે કેવળ ખતમ કરવાને જ લાયક છે. એ વાતનો ખ્યાલ રહેવો જોઈએ કે શ્રી મણિલાલ ડૉકટર ઘણાં વર્ષોની પ્રૅક્ટિસ ધરાવનાર એક બૅરિસ્ટર છે. લોકો એવું માનતા હોય છે કે વકીલો કંઈ નહીં તો જુલમ સામે પોતાનો બચાવ કરી શકે. વાત એ છે કે જે કોઈ સ્થળે શ્રી મણિલાલે વસવાટ કરવાનો પ્રયત્ન કર્યો છે ત્યાંના કોઈ પણ વકીલે પોતાની સાથે ધંધો કરતા ભાઈનો બચાવ સુધ્ધાં કરવાનો પ્રયત્ન કર્યો નથી. સાચું પૂછો તો ન્યૂઝીલૅન્ડની લૉ સોસાયટી અને અદાલતે શ્રી મણિલાલને વકીલાત ન કરવા દેવાનું ખરેખર કાવતરું કર્યું છે.

## માલવિયા કુટુંબ

નોંધપાત્ર અસહકારની લડતનું ખૂબ જ નોંધપાત્ર અંગ એ છે કે તેણે કુટુંબોમાં ભાગલા પાડ્યા છે. અને આ બધા દાખલામાં માલવિયા કુટુંબના ભાગલા જેવો બીજો કોઈ આશ્ચર્યકારક દાખલો નથી. હું માનું છું કે તે હિંદુસ્તાનને સહિષ્ણુતા અને સવિનયભંગના વિષયમાં બોધપાઠ પૂરો પાડે છે. પંડિત માલવિયાજીની સહિષ્ણુતા ખરેખર અજોડ છે. હું જાણું છું કે તેઓ જેલ શોધવા નીકળવાની વિરુદ્ધ છે. હું એમ પણ જાણું છું કે એમાં શ્રાદ્ધા ધરાવતા હોત તો જેલ જવાનું ટાળે એવા એ માણસ નથી. વેદનાનો અગ્નિ જ્યારે પૂર્ણ સ્વરૂપે ભભૂકી ઊઠ્યો હશે અને મારી માફક બ્રિટિશ ન્યાયમાંની તેમની શ્રાદ્ધા પણ સંપૂર્ણપણે ચાલી ગઈ હશે, ત્યારે કારાવાસ શોધવામાં તેઓ સૌથી મોખરે ઊભા હોય તો તેથી મને આશ્ચર્ય નહીં થાય. પરંતુ અત્યારે પોતે સવિનયભંગના માર્ગની વિરુદ્ધ હોવા છતાં, તેઓ પોતાની નજીકમાં નજીકનાની અને જેમના પર તેમને પ્રેમ અને મુરબ્બીપદને કારણે નિર્વિવાદ અધિકાર છે તેમની પસંદગીની આડે આવ્યા નથી. તેથી ઊલટું, તેમણે પોતાના દીકરાઓને પોતપોતાની મરજી પ્રમાણે વર્તવાની પૂરેપૂરી છૂટ આપી છે. મારે માટે તો ગોવિંદનો સવિનયભંગ ખૂબ જ કીમતી છે. પંડિતજીએ તેમની પોતાની સૌમ્ય અને મધુર રીતે એ બહાદુર છોકરાને તેનાથી દૂર રાખવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો. પોતે જેને પોતાના પિતાની ઇચ્છા સમજતો હતો તેનો અમલ કરવાનો ગોવિંદે છેલ્લી ક્ષણ સુધી ખૂબ જ પ્રયત્ન કર્યો. સાચો માર્ગ શોધવા તેણે પ્રાર્થના કરી. કર્તવ્યના સંઘર્ષમાં તે મૂંઝાઈ ગયો. નેહરુ કુટુંબના માણસોની ધરપકડો આ જુવાન માણસ માટે ભારે થઈ પડી. પોતાના મહાન અને મોટા મનના પિતાની આશિષ માટે વિનંતી કરી તેણે લડતમાં ઝંપલાવવાનો નિર્ણય કર્યો, અને હિંદુસ્તાનનાં કેદખાનાંમાં ગોવિંદ માલવિયા કરતાં વધારે આનંદી હૈયું ધરાવતું બીજું કોઈ નહીં હોય. હું એટલું કહેવાની હિંમત કરું છું કે સવિનયભંગ કરીને તેણે દેશ પ્રત્યે જેટલી ફરજ બજાવી છે તેટલી જ પોતાના પિતા પ્રત્યે પણ બજાવી છે. ગોવિંદનું કૃત્ય, બાળકો ફરજરૂપે સવિનયભંગ કેવી રીતે કરી શકે તેનો આપણા સમય માટેનો નમૂનો પૂરો પાડે છે. મને ખાતરી છે કે પિતા અને પુત્ર વચ્ચે કશું અંતર પડ્યું નથી. ગોવિંદે કારાવાસ નોતરવાનો નિર્ણય કર્યો તે પહેલાંના કરતાં પણ આજે માલવિયાજી તેને માટે કદાચ વધારે ગર્વ લેતા હશે. આવાં સત્યપરાયણ કૃત્યો જ મને આ લડતની ધાર્મિકતા સાબિત કરી આપે છે. અદાલત સમક્ષના ગોવિંદના નિવેદનને[૧] અહીં રજૂ કરવાની લાલચ હું રોકી શકતો નથી.

૧. આ નિવેદન અહીં પ્રગટ કરવામાં આવ્યું નથી.

Gandhi Heritage Portal

પિતા અને પુત્ર બંનેને ધન્યવાદ આપવામાં મને સાથ આપવા હું વાચકને આમંત્રું છું. દેશ બન્ને માટે ગર્વ લઈ શકે છે અને ગોવિંદે જે કામમાં હિંમત બતાવી છે તે કામમાં જ્યાં જુવાનો હિંમત બતાવે છે ત્યાં લડતનું પરિણામ નિશ્ચિત જ છે.

## લાલાજીનો પત્ર

છેવટે લાલા લજપતરાય, પંડિત સંતાનમ, મલેક લાલખાન અને ડૉ. ગોપીચંદનો મુકદ્દમો પૂરો થયો. લાલાજી અને સંતાનમને, દરેકને, અઢાર મહિના અને મલેક લાલખાન અને ડૉ. ગોપીચંદને, દરેકને, સોળ મહિનાની સજા થઈ.[1] આ માનનીય કેદીઓએ વિરોધ કર્યો તે છતાં, તેમના પર બચાવનો ધારાશાસ્ત્રી લાદવાનું ફારસ ભજવવામાં આવ્યું. તેમ છતાં જેલની સજા નિશ્ચિત જ હતી. લાલાજીની સજા જાહેર કરવામાં આવી તેના થોડા સમય પહેલાં જ તેઓ મને નીચેની ઉત્સાહભરી ચિઠ્ઠી[2] મોકલી શક્યા હતા :

> આપની સ્નેહભરી ચિઠ્ઠી તથા સંદેશા બદલ ઘણો ઘણો આભાર. . . . સુખસગવડ માટે કોઈ પણ પ્રકારનો ઊહાપોહ કરવાનો હું વિરોધી હોવાથી કદીય ભૂખમરાની હડતાળ પર હું ઊતર્યો નહોતો. રાષ્ટ્રીય શાળાઓ અને રાષ્ટ્રીય કૉલેજોના ઉપયોગ માટે, હિંદુ સમયના હિંદુસ્તાનનો ઈતિહાસ તૈયાર કરવાના કામમાં હું રોકાયેલો છું. સંતાનમ સંસ્કૃતનો અને ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરવામાં તેમના સમયનો સદુપયોગ કરી રહ્યા છે. ગોળમેજી પરિષદ વિષે અને અમદાવાદમાં જે કંઈ કરવામાં આવ્યું તેની મને માહિતી આપવામાં આવી હતી. સિદ્ધાંતોનો નિર્ણય કરતી વખતે અમારી "હાડમારીઓની" અસર પડવા દેશો નહીં. આપણે જે ઇચ્છીએ છીએ તે મેળવવા માટે, અમે ગમે તેટલા સમય માટે અને દરેક રીતે સહન કરવા તૈયાર છીએ તેની ખાતરી રાખજો. આપણે હવે ઝુકાવ્યું જ છે, તો છેવટ સુધી લડી લેવું જોઈએ.

આપણે આશા રાખીએ કે લાલાજી અને પંડિત સંતાનમને તેમનો અભ્યાસ ચાલુ રાખવા દેવામાં આવશે. સર્વશ્રી શૌકતઅલી અને રાજગોપાલાચારી અને તેમના સાથીદારોના દાખલાનું અનુસરણ કરવાની અને તેમના બૌદ્ધિક વ્યવસાયમાં રેંટિયાનો ઉમેરો કરવાની હું તેમને તથા તેમના સાથીઓને સૂચના કરવાની હિંમત કરું છું. વ્યવસાયમાં ફેર થવાને કારણે લાલાજીના ઈતિહાસને અને પંડિત સંતાનમના સંસ્કૃતના અભ્યાસને કોઈ રીતે આંચ નહીં આવે એવી હું ખાતરી આપું છું.

પોતાના વતનને ચાહવાનો અને અંતઃકરણના અવાજ પ્રમાણે ચાલવાનો ગુનો કરવા માટે જે કેદીઓ જેલમાં છે તેમને મુક્ત કરવાના હેતુથી સુંદર માનવલાગણીથી પ્રેરાઈને જે જાહેર પુરુષો સમાધાનને ઝડપી બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેમને, સૂચવવામાં આવેલી ગોળમેજી પરિષદ અંગેનો લાલાજીનો ઉલ્લેખ ધ્યાન પર લેવા મારી ભલામણ છે. માનભર્યા સમાધાનના માર્ગમાં આપણે કોઈ હરકત ઊભી ન કરીએ, પરંતુ કારાવાસ ભોગવતા આપણા દેશભક્તોની શારીરિક સુખસગવડ ખાતર આપણે અસંતોષકારક સમાધાન સ્વીકારવાની ઉતાવળ કરીશું તો તેમને અન્યાય કરી બેસીશું. સ્વેચ્છાએ વહોરેલી યાતનાઓ હળવી કરવા ખાતર આપણે અયોગ્ય રીતે સહેજ પણ નમી પડયા તો આપણે દેશનો મિજાજ સાચી રીતે ઓળખ્યો નહીં એમ જ કહેવાશે.

## એક સુધારો

કલકત્તાથી શ્રીમતી ઊર્મિલાદેવી નીચેનો સુધારો મોકલી આપે છે તે હું ખુશીથી પ્રગટ કરું છું :

૧. ૧૯૨૧ના જાન્યુઆરીની ૭મી તારીખે લજપતરાય અને સંતાનમને સજા થઈ હતી.
૨. અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કરવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

યંગ ઇન્ડિયામાં છપાયેલી મુલાકાત, ઉતાવળમાં આપવામાં આવી હતી અને પરિણામે આપનો પ્રતિનિધિ કેટલાક મુદ્દા ચૂકી ગયો હોવાથી તેમાં થોડી ભૂલો રહી ગયેલી મારા જોવામાં આવી છે. તેથી હું આપને યંગ ઇન્ડિયામાં નીચેનો સુધારો પ્રગટ કરવા વિનંતી કરું છું.

૧. અત્યારની બંગાળની સામાન્ય પરિસ્થિતિ વિષે હું શું ધારું છું તેવા પ્રશ્નના જવાબમાં મેં કહ્યું :

તે અદ્ભુત છે. હવે બંગાળ પોતાના અસલ સ્વરૂપમાં આવ્યું છે. દિલ્હીની છેલ્લી બેઠક વખતે બંગાળે સ્વદેશીના કાર્યક્રમને પૂરતો જવાબ વાળ્યો નથી અને પરિણામે, આ આંદોલનને તે દોરવણી નહીં આપી શકે એમ લાગવાથી અ. હિં. કોં. સમિતિની છેલ્લી બેઠક વખતે હું ગમગીન હતી. એકેએક આંદોલનને બંગાળ દોરવણી આપે એમ હું હમેશાં ઇચ્છું છું. બંગાળ હવે મોખરે છે એમ લાગવાથી હવે મને સહેજ પણ ભય રહ્યો નથી.

૨. બંગાળના અત્યારના તોફાનના કારણ વિષેના પ્રશ્નના જવાબમાં મેં જણાવ્યું :

સરકારનો ગેરકાનૂની હુકમ એ સામાન્ય કારણ છે. સ્ત્રીઓ અને આગેવાનોની ગિરફતારીએ બંગાળને ભારે પ્રોત્સાહન આપ્યું છે.

### માહિતીદર્શક કોઠો

સ્વાગતસમિતિના મંત્રીના સૌજન્યથી, કોંગ્રેસમાં હાજર રહેલા ડેલિગેટોની સંખ્યા અને પ્રાંતવાર ફાળવણી દર્શાવતો નીચેનો કોઠો હું આપી શકું છું :

### ડેલિગેટોની સંખ્યા

| ક્રમાંક | પ્રાંતનું નામ | બંધારણ મુજબ ડેલિગેટોની સંખ્યા | ખરેખર હાજર રહેનારની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | આંધ્ર | ૩૬૦ | ૩૮૩ [?] |
| ૨. | કેરળ | ૧૬૦ | ૩૩ |
| ૩. | મહારાષ્ટ્ર | ૨૯૨ | ૨૬૩ |
| ૪. | કર્ણાટક | ૩૨૦ | ૩૦૪ |
| ૫. | ગુજરાત | ૧૮૫ | ૧૮૫ |
| ૬. | મુંબઈ | ૧૮ | ૧૭ |
| ૭. | બ્રહ્મદેશ | ૧૦૦ | ૫૬ |
| ૮. | પંજાબ અને સરહદ પ્રાંત | ૫૪૦ | ૫૧૮ |
| ૯. | સિંધ | ૭૧ | ૬૩ |
| ૧૦. | દિલ્હી | ૧૦૦ | ૯૨ |
| ૧૧. | રાજપૂતાના | ૪૦૦ | ૩૯૯ |
| ૧૨. | ઉત્કલ | ૩૦૦ | ૧૦૮ |
| ૧૩. | મધ્યપ્રાંત (મરાઠી) | ૫૦ | ૪૪ |
| ૧૪. | આસામ | ૬૩ | ૧૭ |
| ૧૫. | વરાડ | ૬૧ | ૫૮ |
| ૧૬. | મદ્રાસ | ૪૧૦ | ૧૬૨ |
| ૧૭. | બંગાળ | ૯૮૬ | ૩૭૩ |
| ૧૮. | યુક્ત પ્રાંત | ૯૬૦ | ૮૮૮ |
| ૧૯. | મધ્યપ્રાંત (હિંદુસ્તાની) | ૨૦૯ | ૨૦૫ |
| ૨૦. | બિહાર | ૫૮૮ | ૫૫૮ |
| | | ૬,૧૭૩ | ૪,૭૨૬ |

Gandhi Heritage Portal

હાજરીનું પૃથક્કરણ

| ક્રમાંક | બહેનો | મુસલમાન | પારસી | શીખ | અંત્યજ | બાકીના |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૮ | ૧૦ | | | | ૩૬૫ |
| ૨. | | ૧ | | | | ૩૨ |
| ૩. | ૧ | ૯ | | | | ૨૫૩ |
| ૪. | ૯ | ૨૯ | | | | ૨૬૬ |
| ૫. | ૧૧ | ૨૨ | ૫ | | ૨ | ૧૪૫ |
| ૬. | ૩ | ૨ | | | | ૧૫ |
| ૭. | | ૨ | | | | ૫૧ |
| ૮. | ૧૭ | ૬૭ | | ૫૪ | | ૩૮૦ |
| ૯. | ૧ | ૧૧ | | | | ૫૧ |
| ૧૦. | ૭ | ૧૩ | | ૪ | | ૬૮ |
| ૧૧. | ૧૧ | ૧૩ | | | | ૩૭૫ |
| ૧૨. | | ૩ | | | | ૧૦૫ |
| ૧૩. | ૧ | ૫ | | | | ૩૮ |
| ૧૪. | | ૨ | | | | ૧૫ |
| ૧૫. | ૨ | ૫ | | | | ૫ |
| ૧૬. | ૨ | ૧૩ | | | | ૧૪૭ |
| ૧૭. | ૧૦ | ૩૬ | | ૪ | | ૩૨૩ |
| ૧૮. | ૧૦ | ૧૧૪ | | ૩ | | ૭૬૧ |
| ૧૯. | ૬ | ૨૯ | | | | ૧૭૦ |
| ૨૦. | ૭ | ૮૩ | | | | ૪૬૮ |
| | ૧૦૬ | ૪૬૯ | ૫ | ૬૫ | ૨ | ૪,૦૭૯ |

હાજર રહેવાને પાત્ર (૬,૧૭૩)માંથી ૪,૭૨૬ જેટલા જ ડેલિગેટો કૉંગ્રેસમાં હાજર રહ્યા હતા એ જોઈ શકાય છે. અત્યાર સુધી જૂના બંધારણ પ્રમાણે ઇચ્છા હોય તો માત્ર રૂપિયા ૧૦ ભરીને ડેલિગેટ બની શકાતું હતું. એટલે સ્થાનિક ડેલિગેટોથી સંખ્યા ઊભરાઈ ગઈ હતી. આ વખતે પંડિત માલવિયાજીને પણ તેઓ ચૂંટાયા ન હોવાથી, ડેલિગેટમાં ગણી ન શકાય. તેથી ૪,૭૨૬ની હાજરી ખરેખર નોંધપાત્ર છે. આટલી બધી ધરપકડો થઈ હોવા છતાં યુક્ત પ્રાંત અને બંગાળ, અનુક્રમે ૮૮૮ અને ૩૭૩ ડેલિગેટો અને દૂરના પ્રાંતો આસામ ૧૭ અને ઉત્કલ ૧૦૮ ડેલિગેટો મોકલી શકયા છે તે, આ રાષ્ટ્રીય સભામાં જે ભારે રસ લેવાઈ રહ્યો છે એ બતાવે છે. લગભગ બધા જ પ્રાંતોમાંથી ૧૦૬ જેટલી સ્ત્રી ડેલિગેટોની હાજરી કંઈ ઓછી નોંધપાત્ર નથી. ૬૫ શીખોની હાજરી પણ એકંદર નોંધપાત્ર ગણાવી જોઈએ. બે વર્ષ અગાઉ ભાગ્યે જ કોઈ શીખો હાજર રહેતા હતા. પરંતુ અત્યારે આ કોમ, બધાં જ રાષ્ટ્રીય આંદોલનોમાં મોખરે આવી રહી છે. મુસલમાન ડેલિગેટોની ૪૬૯ની સંખ્યા સારી ગણાય. પરંતુ તેમનો પૂરો હિસ્સો જે ૧,૨૦૦ કરતાં પણ વધારે છે તે પૂરો ન થાય ત્યાં સુધી આપણને સંતોષ ન થવો

Gandhi Heritage Portal

જોઈએ. "અસ્પૃશ્ય" ડેલિગેટોની સંખ્યા બે કરતાં વધારે હતી એની મને ખાતરી છે. પંજાબ અને આંધ્ર પ્રાંતો આવા કોઈ ડેલિગેટો ન મોકલી આપે તેની હું કલ્પના કરી શકતો નથી. પાંચ પારસી ડેલિગેટોની હાજરી તેમની વસ્તી મુજબનું પ્રમાણ જે બે જેટલું જ છે તેના કરતાં ઘણી વધારે હતી. મેં ઘણી વાર કહ્યું છે તેમ આપભોગમાં, હાજરીમાં, શક્તિમાં કે ઉદારતામાં, બધામાં જ, પારસીઓએ તેમની વસ્તીના પ્રમાણમાં, મોખરાનું સ્થાન ધરાવ્યું છે. હું જાણું છું કે હકીકતમાં ઓછામાં ઓછા બે ખ્રિસ્તીઓ તો હતા જ. અને અલબત્ત, મેસર્સ સ્ટોકસ અને જૉર્જ જોસેફ સ્વતંત્ર હોત તો તેઓ પણ હાજર રહ્યા હોત. પરંતુ ખ્રિસ્તી કોમ આ આંદોલનમાં વધારે વ્યાપક રસ લે તે માટે, હિંદુઓ અને મુસલમાનોએ થોડા નિયમ બહાર જઈને પણ તેમને લલચાવવા જોઈએ.

## પ્રેક્ષકો

ડેલિગેટોની હાજરી ખૂબ જ સંતોષકારક હતી તો પ્રેક્ષકોની હાજરી કંઈ એથી ઓછી સંતોષકારક ન હતી. દેશની અશાંત પરિસ્થિતિએ સૌથી વધુ પૈસાદાર લોકોને ભડકાવી મૂકયા હતા, અને રૂપિયા ૫,૦૦૦ની એક પણ ટિકિટ ઉપાડવામાં આવી નહોતી. આમ છતાં ૨૧ જણે દરેકે રૂપિયા ૧,૦૦૦, ૨૦ જણે દરેકે રૂપિયા ૫૦૦, ૧૬૨ જણે દરેકે રૂપિયા ૧૦૦ અને ૮૧ જણે દરેકે રૂપિયા ૫૦ અને ૧,૬૮૬ જણે દરેકે રૂપિયા ૨૫ આપ્યા હતા. આમ એકંદર રૂપિયા ૯૩,૪૦૦ની આવક થઈ. સ્વાગતસમિતિએ તેના હિસ્સા કરતાં વધારે આપ્યું. કુલ સંખ્યા ભરાઈ ગઈ, અને એમાં આવક રૂપિયા ૭૮,૬૨૫ની થઈ. કૉંગ્રેસ અધિવેશનમાં બધે જ હાજરી આપી શકાય તેવી રૂપિયા ૩)ની ૧૧,૨૬૧ સિઝન ટિકિટો કાઢવામાં આવી હતી. ૬૪,૪૬૯ ચાર આનાની ટિકિટો કાઢવામાં આવી હતી. મેં આ પહેલાં જણાવ્યું છે તેમ, ભારે ધસારાને લીધે સિઝન અને પ્રવેશ ટિકિટો આપવાનું બંધ કરવું પડયું હતું. જુદી જુદી ફી પેટે સ્વાગત સમિતિને બધી મળીને રૂપિયા ૨,૪૯,૫૨૭ની રકમ મળી.

## અખિલ હિંદ ખ્રિસ્તી પરિષદ

શ્રી મુકરજીના પ્રમુખપદે મળેલી આ પરિષદે દેશના રાજકીય જીવનમાં રસ લીધો તેથી તે અસરકારક બની. પ્રમુખથી માંડીને સામાન્ય ડેલિગેટ સુધી બધાએ, રાષ્ટ્રીય જાગૃતિમાં હિંદી ખ્રિસ્તીઓએ ભાગ લેવો જોઈએ એ આવશ્યકતા પર ભાર મૂકયો હતો.

> આપણે વાણી અને વર્તનથી બતાવી આપવું જોઈએ કે ખ્રિસ્તી ધર્મે આપણને અહિંદી કે અ-રાષ્ટ્રીય બનાવ્યા નથી. આપણી ધાર્મિક માન્યતાઓમાં ગમે તેટલા મતભેદો હોવા છતાં આપણે આપણા હિંદુ અને મુસલમાન ભાઈઓથી એક કોમ તરીકે અળગા થઈ જઈએ એ ક્ષણભર પણ કલ્પી શકાય એવું છે?

આવું પ્રો. એસ. સી. મુકરજી કહે છે. પરિષદે રાષ્ટ્રીય જીવનના એકેએક અંગને સ્પર્શતા સોળ ઠરાવ પસાર કર્યા. તેણે દમનકારી પગલાં વખોડી કાઢયાં, સરકારી જાહેરાતો પાછી ખેંચી લેવાનો અને કેદીઓને મુક્ત કરવાનો આગ્રહ કર્યો, અસહકારીઓને અસહકારની ઝુંબેશ પડતી મૂકવાની સલાહ આપી, ગોળમેજી પરિષદ માટે આગ્રહ કર્યો, સંપૂર્ણ દારૂબંધી મંજૂર કરી, અને દરિયાપાર વસતા હિંદીઓ તરફ સહાનુભૂતિ દર્શાવી. હિંદી ખ્રિસ્તીઓએ સ્વદેશીની ભાવનાને કેટલે અંશે અપનાવી છે તે દર્શાવતો સ્વદેશી પરનો ઠરાવ મારે અહીં આખો જ આપવો જોઈએ:

Gandhi Heritage Portal

આ પરિષદનો મક્કમ અભિપ્રાય છે કે સ્વદેશીની સાચી ભાવનાનો હિંદી ખ્રિસ્તીઓના જીવનના પ્રત્યેક અંગ પર પ્રભાવ પડવો જોઈએ; જેથી પરિણામે દેશનાં સઘળાં સ્થાનિક સાહસોને સાચું પ્રોત્સાહન મળે. સ્વદેશીની ભાવના દર્શાવવા માટે આપણે તરત જ હિંદમાં બનેલાં કપડાં પહેરવાનું શરૂ કરવું જોઈએ. હિંદી-ખ્રિસ્તી કોમમાં સ્વદેશીની ભાવનાનો અભાવ છે એવો સખત આક્ષેપ તેના પર ઘણી વાર મૂકવામાં આવે છે. એને લક્ષમાં રાખીને બધી જ પ્રાંતિક લીગો સ્થાનિક લીગો દ્વારા સ્વદેશીની ભાવનાને કેળવવા માટેના માર્ગો અને સાધનો શોધવા માટે ભારે જહેમત ઉઠાવે, અને આવો કાર્યક્રમ જરા પણ સમય ગુમાવ્યા વિના અમલમાં મૂકે એવી આ પરિષદ ભલામણ કરે છે.

આ બધું ખૂબ જ ઉત્સાહજનક છે. મને આશા છે કે ઠરાવને અનુરૂપ કાર્ય થશે અને હિંદુઓ તથા મુસલમાનોમાં રેંટિયો અને ખાદી જેટલાં લોકપ્રિય બન્યાં છે તેટલાં જ તે હિંદી ખ્રિસ્તીઓમાં પણ બનશે. આ પરિષદે બતાવેલા ઉત્સાહને પોષવાનું અને ખ્રિસ્તી દેશબંધુઓ સાથે મિત્રાચારીભર્યા સંબંધો કેળવવાની કાળજી લેવાનું કામ હિંદુઓ અને મુસલમાનોનું છે.

### વધુ નોંધપાત્ર ધરપકડો

બધી બાજુએથી ધરપકડોની ખબરો આવી રહી છે. સર્વન્ટની કટારોને શ્યામબાબુની[1] કલમ હવે નહીં શોભાવે. સાક્ષી તરીકે જુબાની આપીને અદાલતની સત્તાને માન્ય ન કરવા માટે તેમને કેદ કરવામાં આવ્યા છે. કૉંગ્રેસનો ઠરાવ કોઈને આટલી હદ સુધી જવાનું પણ કહેતો નથી કે તેને તેમ કરતાં અટકાવતો પણ નથી. શ્યામબાબુએ વધારે અણનમ વલણ લીધું છે. કલકત્તાની જેલમાં કાર્યકરો જોડે ભળવાની તક મળી હોવાથી એ તક તેઓ ગુમાવશે નહીં. મહાન મુસીબતો સામે પણ, સ્થાપના પછીનાં બે વર્ષોમાં સ્થિર પ્રતિષ્ઠા સંપાદન કરનાર સર્વન્ટના વાચકો, તેમના માર્ગદર્શનથી વંચિત રહેશે. પરંતુ શ્યામબાબુ જેલમાં રહીને દેશની વધારે સારી સેવા બજાવે છે એ વિષે મને શંકા નથી. તેમની શક્તિશાળી કલમ લખી શકે તેના કરતાં પણ કષ્ટસહનનું તેમનું દૃષ્ટાંત એક વધારે શક્તિશાળી અગ્રલેખ છે.

બેલગામમાં શ્રી દેશપાંડેનું સ્થાન લેનાર શ્રી મજલીના કારાવાસથી કર્ણાટકને માન મળ્યું છે. તેમણે તેમના વિદાયસંદેશામાં સદ્ગત મિ. હ્યુમના શબ્દોનો ઉલ્લેખ કર્યો છે, "તમારી દોલત, તમારું શિક્ષણ, પોકળ ખિતાબો, અને મેલા વેપારથી શો લાભ છે? સાચું સ્વરાજ આ બધાંના જેટલું કીમતી છે, રાષ્ટ્રો સ્વબળે જ ઘડાય છે." શ્રી મજલી પાસેથી સારી ચાલચલગતની જામીન-ગીરી માગવામાં આવી હતી. પોતે ખરાબ ચાલચલગત માટે દોષિત છે એવી તેમને ખબર ન હોવાથી તેમણે જામીનગીરી આપવાની ના પાડી અને સારી ચાલચલગતવાળાઓ માટેનું આજે જે સાચું આશ્રયસ્થાન છે ત્યાં જવાનું તેમણે પસંદ કર્યું. સ્વતંત્ર હિંદુસ્તાન જ પોતાને મુક્ત કરે એમ શ્રી મજલી ઇચ્છે છે અને સૌને, શુદ્ધ અને સ્વતંત્ર હિંદુસ્તાનના પ્રતીકરૂપ શુદ્ધ ખાદી પહેરવાની અને પરદેશી ધૂંસરીના પ્રતીક જેવા પરદેશી કાપડનો ત્યાગ કરવાની વિનંતી કરે છે.

શ્રી મજલીના જેવી જ કસૂર માટે, આંધ્ર પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી, ડૉ. બી. સુબ્રહ્મણ્યમને, કોકોનાડામાં એક વર્ષની સખત મજૂરીની સજા ફરમાવવામાં આવી છે.

### ગુરુદ્વારા આંદોલન

કમિશનરે ચોક્કસ શરતોએ અમૃતસરના સુવર્ણમંદિરની ચાવીઓ પરત કરવા જણાવ્યું છે એમ શીખ ગુરુદ્વારા પ્રબંધક સમિતિની છેલ્લામાં છેલ્લી યાદી જણાવે છે. આ મોડી પડેલી

૧. શ્યામસુંદર ચક્રવર્તી.

Gandhi Heritage Portal

ઑફરનો, સરદાર ભગત જશવંતસિંઘે નીચે પ્રમાણેનો જુસ્સાભર્યો જવાબ આપ્યો છે. સરકારી યાદીની પહોંચ સ્વીકારી તે જણાવે છે :

> ૧૯૨૧ના ડિસેમ્બરની છઠ્ઠીએ શી. ગુ. પ્ર. સમિતિએ પસાર કરેલા નીચે મુજબના ઠરાવ તરફ આપનું ધ્યાન દોરવાની હું રજા લઉં છું :
>
> એવું ઠરાવવામાં આવે છે કે ચાવીઓના મામલા અંગે ગિરફતાર થયેલા સઘળા શીખોનો બિનશરતી છુટકારો ન થાય ત્યાં સુધી, સુવર્ણમંદિરની ચાવીઓ ફરી પાછી સોંપવા અંગેની કોઈ પણ ગોઠવણ સાથે કોઈ પણ શીખે સંમત થવું નહીં.
>
> એટલે, આપને જણાવવાની મને આજ્ઞા છે કે ચાવીઓના મામલા અંગે ગિરફતાર કરવામાં આવેલા સઘળા શીખ કેદીઓની બિનશરતી મુક્તિ વિના ચાવીઓની કામચલાઉ અને શરતી સોંપણીનો લાભ સમિતિ લઈ શકે તેમ નથી.

ઉપરોક્ત જવાબ સાથે શીખ યાદી નીચે પ્રમાણેના મુદ્દાસરના અભિપ્રાય ઉમેરે છે :

> ઉપર જણાવેલા પત્રવ્યવહારથી સ્પષ્ટ થાય છે કે સુવર્ણમંદિર અંગેના દીવાની દાવાનો નિકાલ ન થાય ત્યાં સુધી સરકારને દરબાર સાહેબની ચાવીઓ શિરોમણિ સમિતિને સુપરત કરવામાં હવે કાંઈ વાંધો નથી. શરૂઆતથી જ શું સરકાર આવું વલણ દાખવી શકી ન હોત? ગુરુદ્વારા સમિતિ પાસે ચાવીઓ રહી શકી હોત અને સાથે સાથે સરકાર તેનો દીવાની દાવો ચાલુ રાખીને ખુશ રહી શકી હોત, અને અલબત્ત અત્યારની જેમ ગુરુદ્વારા સમિતિએ જરૂર તેમાં ભાગ ન લીધો હોત. બળજબરીથી ચાવીઓ ખૂંચવી લઈને અને સરકાર આજે જેની નિષ્ફળતાનો ગર્ભિત રીતે એકરાર કરે છે એવાં જોહુકમીનાં પગલાંનો વિરોધ કરવા માટે સેંકડો શીખોને ગિરફતાર કરીને આટલો બધો લોહીઉકાળો કરવાની શી જરૂર હતી?

### ક્ષમાયાચના

અલ્લાહાબાદથી હેવાલ મળે છે કે "સુધારેલા ફોજદારી કાયદા હેઠળ સજા પામેલા આઠ જણાને માફી માગવાને કારણે તથા ગેરકાયદે મંડળોમાં દાખલ થવા માટે અને ખરાબ અને અક્કલ વિનાની હિલચાલ ચલાવવા માટે દિલગીરી દર્શાવવાને કારણે છોડી મૂકવામાં આવ્યા છે. માત્ર થોડા જ મહિના પહેલાં મથુરામાં જે બનવા પામ્યું હતું તે હું જાણતો હોવાથી આ સંદેશાનો હું વિશ્વાસ કરતો નથી. મથુરામાં બનાવટી અસહકારીઓને પકડવામાં આવ્યા હતા અને તેમની પાસે માફી મંગાવવામાં આવી હતી અને ત્યાર બાદ સત્તાવાળાઓ તરફથી દાવો કરવામાં આવ્યો હતો કે અસહકારીઓએ માફી માગી છે. પરંતુ આ સંદેશાનો હું વિશ્વાસ નથી કરતો તેમ છતાં કાર્યકરો તેમાંથી બોધપાઠ લે એમ હું ઇચ્છું છું. રોજરોજ મોટા મોટા સમૂહોમાં જુવાન માણસો જેલ જતા હોય, અને ખાસ કરીને મહાદેવ દેસાઈ[૧] પ્રત્યે રાખવામાં આવ્યો હતો તેવો વર્તાવ કામચલાઉ રીતે પણ તેમના તરફ રાખવામાં આવતો હોય, તો આમાંના કેટલાક નબળા બને અને પીછેહઠ કરે તેથી આપણે નવાઈ પામવાની જરૂર નથી. ક્ષણના આવેગ હેઠળ પકડાવા માટે તૈયાર થઈને પડી ભાંગે તેવા નબળા લોકો આપણી પાસે હોય તેના કરતાં થોડા લોકોના જેલ જવાથી આપણે સંતોષ માનીએ એ વધારે સારું છે.

૧. જુઓ, "નોંધ," ૫-૧-૧૯૨૨નું પેટામથાળું "જેલમાં વર્તાવ."



Gandhi Heritage Portal

## વકીલો વિષે

નાગપુર ઠરાવ[1] અનુસાર વકીલાત પડતી મૂકનાર વકીલોને નભાવવા માટે ગયે વર્ષે આપવામાં આવેલો એક લાખ રૂપિયાનો જમનાલાલ બજાજ[2] ફાળો, ધારવા પ્રમાણે, લગભગ ખલાસ થવા આવ્યો છે. વકીલો ફરી પાછી વકીલાત શરૂ કરે તો બેહૂદું લાગે અને દેશ જ્યારે આત્મભોગનો આવો સુંદર દાખલો બેસાડી રહ્યો છે ત્યારે ફરીથી વકીલાત કરવાનો વિચાર સુધ્ધાં તેઓ સહન કરી ન શકે એવી મને ખાતરી છે. પરંતુ વકીલોને તેમનાં પોતાનાં સાધનો પર છોડી દેવાનું પણ ઠીક ન કહેવાય. એટલે હું પ્રાંતિક સમિતિઓને જરૂર સૂચના કરું કે તેઓ જરૂર પડયે કેન્દ્રના પૈસાની મદદ મળે તો આ ભાર ઉપાડી લે. રાષ્ટ્રીય કાર્યના એકધારા વેગમાં કોઈ વિક્ષેપ કે વિલંબ ન થાય એ રીતે નવી વ્યવસ્થા ઝડપથી કરવી ઘટે.

અત્યારની ક્ષણે વકીલવર્ગને ઘેરી વળેલી મુશ્કેલીઓમાં આ મુશ્કેલી તો નજીવી છે. રાષ્ટ્રીય જાગૃતિમાં ભાગ લેવા તેઓ આતુર છે. આત્મા આતુર છે, પણ શરીર દુર્બળ છે. હજુ પણ મને લાગે છે કે વકીલાત કરતા વકીલો નેતાગીરી ન કરી શકે. જે આંદોલન સંપૂર્ણ, લગભગ આંધળો ત્યાગ માગી લે છે તેને તેઓ કમજોર બનાવ્યા વિના નહીં રહે. છેક જ કટોકટીના સમયમાં ઉપલી કક્ષાના લોકો નબળા બને તો આખું ધ્યેય જ નષ્ટ થઈ જાય. પરંતુ કોંગ્રેસે તેમને માટે માનભર્યું દ્વાર હેતુપૂર્વક ખોલ્યું છે. બીજા કોઈ નહીં પણ માત્ર સંપૂર્ણ અસહકારીઓ જ સ્વયંસેવકની પ્રતિજ્ઞા પર સહી કરવાને અધિકારી છે એ મુદ્દા પર મૂળ મુસદ્દો કદાચ અસ્પષ્ટ હતો. તેમને માટેની શરતો મોટેભાગે માન્યતાની બાબતો હોવાથી પૂરી કરવામાં સહેલી છે. ખાદીનો ઉપયોગ શરૂઆતમાં થોડી અગવડ ઊભી કરે ખરો, પરંતુ મને ખાતરી છે કે પ્રતિજ્ઞાની બીજી આવશ્યકતાઓમાં તેઓ શ્રદ્ધા ધરાવતા હશે તો તેનો તેમને વાંધો નહીં આવે. અને જેમ કારાવાસ અસહકારીઓની અનેક ઊણપો ઢાંકી દે છે, તેમ વકીલાત કરતા જે વકીલો કારાવાસના અગ્નિમાંથી પસાર થશે તેઓએ આ એક હકીકત વડે, એમનું એક વારનું માનનું સ્થાન ફરી પ્રાપ્ત કર્યું હશે. એ ઉપરાંત કોઈ પણ પ્રકારના ત્યાગ કે મતભેદના અવકાશ વિનાની પ્રવૃત્તિ ઉપાડી લેવાનો, સંપૂર્ણ સહકારવાદીઓ સુધ્ધાં સૌને વિનંતી કરતો સામાન્ય ઠરાવ તો છે જ. તેથી મને આશા છે કે વકીલો, તેમની સામે પડેલા ઘણા માર્ગો દ્વારા દેશની હાકલનો તેમની ઉત્તમ શક્તિ અને તક અનુસાર જવાબ વાળશે. સૌની પાસેથી મદદની અપેક્ષા રાખવામાં આવતી હોય ત્યારે કોઈને પણ પાછું પડવું કે બેપરવા રહેવું ઘટતું નથી. અસહકારીઓએ, પોતાને પક્ષે, પોતે મેળવેલી સિદ્ધિઓનું ગુમાન કરવાને બદલે દેશના હિતમાં જે કંઈ સહાય મળી શકતી હોય તેનો સ્વીકાર કરવા જેટલા નમ્ર બનવું જોઈએ. અસહિષ્ણુતા અને એકહથ્થુપણાને સ્થાને સહિષ્ણુતાની ભાવના આવવી જોઈએ. કોઈ માણસ પાસે ભોગ આપવા માટે કંઈ જ ન હોય પરંતુ માત્ર ખાદી પહેરવાને કારણે તે એવો દાવો કરતો હોય કે પ્રામાણિકપણે અને પોતાની સમજણ પ્રમાણે અનેક રીતે દેશની સેવા કરનારા વકીલાત કરતા વકીલોની અને બીજાઓની ઠેકડી ઉડાવવાનો પોતાને અધિકાર છે તો તેથી આંદોલનને કશોય યશ નહીં મળે કે ધ્યેયનું મુદ્લ હિત નહીં સધાય. સેવાની વેદી પર માતૃભૂમિને ચરણે જે કંઈ સ્વેચ્છાએ સમર્પણ કરવામાં આવતું હોય તેનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર અવશ્ય કરવો જોઈએ.

૧. ૧૯૨૦માં નાગપુરના કોંગ્રેસ અધિવેશને સ્વીકારેલો.

૨. ૧૮૮૯–૧૯૪૨; વેપારી, શરાફ, સામાજિક કાર્યકર અને દાનવીર; ગાંધીજીના એકનિષ્ઠ અનુયાયી; ઘણાં વર્ષો સુધી કોંગ્રેસના કોશાધ્યક્ષ તરીકે કાર્ય કર્યું.

Gandhi Heritage Portal

## હુકમનામું

જે કિસ્સાઓમાં દંડ નાખવામાં આવ્યો હોય અને દંડ વસૂલ કરવા હુકમનામાં કાઢવામાં આવ્યાં હોય તેમાં શું કરવું એવી ઘણે સ્થળે પૂછપરછ કરવામાં આવે છે. કારાવાસ અને શારીરિક હુમલા બરદાસ્ત કરવાની તૈયારી જોવામાં આવે છે. પરંતુ માલમિલકત ગુમાવવાની તૈયારી જોવામાં આવતી નથી. આ વિસંગતતા પહેલી નજરે સમજાય એવી નથી. પણ ખરેખર તે સમજવી સહેલી છે. આપણે આપણી માલમિલકત અને માલિકીની બીજી ચીજવસ્તુઓ સાથે એટલા બધા બંધનમાં આવી ગયા છીએ કે કારાવાસ ભોગવવામાં હીણપત ન જણાતી હોય ત્યારે આપણે મિલકતના નાશને બદલે એ અગવડ વેઠવાનું પસંદ કરીએ છીએ. આપણે જે બાજી જીતી રહ્યા છીએ તે માટે જો આપણે આપણી શારીરિક સગવડ તેમ જ દુન્યવી મિલકતનો ભોગ આપવા તૈયાર નહીં થઈએ તો જિતાતી બાજી ગુમાવી દઈશું એ વાત આપણે સમજવી જોઈએ. અંધેર વહીવટવાળા રાજ્યમાં જાગ્રત અંતઃકરણ ધરાવનાર માણસ, તેની માલમિલકત, તેની બધી દોલત અને તેના પોતાના શરીરને હોડમાં મૂકે છે અને તેના અંતઃકરણને મુક્ત કરે છે. તેથી જે કોઈ વસ્તુ દ્વારા રાજ્ય આપણા પર તેની મરજીને તાબે થવા દબાણ લાવી શકતું હોય તે પ્રત્યેક વસ્તુ વિષે આપણે બેપરવા થઈશું તો જ આ લડત આપણને વિજય અપાવી શકશે. એટલે, આપણી પાસેથી આપણી માલમિલકત અને જમીન છીનવી લેવાય તે માટે આપણે તૈયાર થઈએ અને આજે જેમ કારાવાસ મળતાં આપણને આનંદ થાય છે તેમ માલમિલકત ગુમાવતી વખતે આપણને આનંદ થવો જોઈએ. આપણા શરીરનો હવાલો લેતાં અત્યારે સરકાર થાકવા લાગી છે. તે કરતાંય વિશેષ ઝડપથી તે, આપણી માલમિલકતને વેચતી વખતે થાકી જશે એ વિષે આપણને ખાતરી થઈ હોવી જોઈએ. અને ટૂંકા સમયમાં પૂર્ણ સ્વરાજ હાંસલ કરવાની આપણને ખાતરી હોય, જે હોવી જ જોઈએ, તો જે કંઈ જમીન આપણી પાસેથી છીનવી લેવામાં આવશે તે જમીન જેમની તેમ, અને આપણા પૈસાનો મોટો ભાગ સુધ્ધાં આપણને પાછો મળશે એ વાત સમજવા જેટલી આપણામાં શ્રદ્ધા હોવી જોઈએ. બેલ્જિયમ પર જર્મનો ફરી વળ્યા ત્યારે બેલ્જિયમવાસીઓ જાણતા હતા કે તેઓ તેમની મિલકત પરત મેળવવા માટે યાતના સહન કરવાની ઇચ્છાશક્તિ ધરાવતા હશે ત્યાં સુધી તેઓ પોતાની જમીન પર પાછા વળશે. સદ્ગત જનરલ બોથા[1] દક્ષિણ આફ્રિકાની તેમની સેંકડો એકર જમીન અને સુંદરમાં સુંદર ઢોર સહિત તેમની પુષ્કળ માલમિલકત ગુમાવી નિર્વાસિત થયા હતા. તેમણે નુકસાનીની પરવા ન કરી, સરસ લડત આપી અને દક્ષિણ આફ્રિકાના લગભગ તાજધારી રાજા બન્યા અને બધી જ માલમિલકત માનસહિત પાછી મેળવી શક્યા. ખાસ કરીને આપણી લડતમાં આપણે બધો જ ભોગ આપવાની અને કશું પણ ન મેળવવાની પ્રતિજ્ઞા લીધી છે. એટલે આપણે બોઅરો અને બેલ્જિયમવાસીઓ કરતાં કશું પણ ઓછું ન કરીએ. આપણી ભૂમિમાંથી દારિદ્ર્ય અને અસ્પૃશ્યતા દૂર કરવાં હોય તો આપણે તાત્પૂરતી છતાં સ્વેચ્છાએ ગરીબાઈ સ્વીકારવી રહી. આપણામાંથી થોડા લોકો પોતાના આરામનો જે ભોગ આપે તે આપણને મળનારા બદલાની એટલે આ પવિત્ર ભૂમિને એનું ગૌરવ અને સમૃદ્ધિ ફરી પ્રાપ્ત થાય તેની તુલનામાં કંઈ જ નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-१-१९२२

૧. ૧૮૬૨-૧૯૧૯; બોઅર સેનાપતિ અને રાજદ્વારી પુરુષ; ટ્રાન્સવાલના વડા પ્રધાન, ૧૯૦૭; અને દક્ષિણ આફ્રિકી સંઘના વડા પ્રધાન ૧૯૧૦-૯.

Gandhi Heritage Portal

# ૭૨. હવે પછી દારૂગોળો છે

હવે ઝડપથી પ્રચલિત બની રહેલા નવી જાતના દમનનો કેએ આપેલો સાર,[1] વાચક કાળજી-પૂર્વક જોઈ જશે. વિગતોમાં કદાચ અતિશયોક્તિ હશે પરંતુ અસહકારી મંડળો તરફથી અત્યાર સુધી મળેલા સઘળા હેવાલો એટલા બધા તો ચોક્કસ પુરવાર થયા છે અને તેની સામેના રદિયા એવા તો ખોટા નીવડ્યા છે કે, મને મળેલા પત્રવ્યવહાર અને વર્તમાનપત્રોમાંથી કેએ એકઠી કરેલી આબેહૂબ વિગતોની કિંમત ઓછી આંકવાને હું તૈયાર નથી.

પોલીસો મોટેભાગે આપણા જ દેશના વતની છે પરંતુ તેમના ઉપરી અધિકારીઓના દૃષ્ટાંતથી અને આજ્ઞાથી, બેકાનૂની બનવા માટે તેમની ઉશ્કેરણી થઈ રહી છે એ સાવ દેખીતું છે. ટોળું બેકાબૂ બને ત્યારે તેને સારાખોટાનું ભાન રહેતું નથી. પોલીસ જ્યારે બેકાબૂ બને ત્યારે તેમનું કૃત્ય હેતુપુરઃસરનું અને અક્ષમ્ય હોય છે. ટોળાના ગુસ્સાને અંકુશમાં લાવી શકાય. પોલીસનો ગુસ્સો ગફલતી લોકો માટે વિનાશકારક નીવડે છે. આટલાં બધાં વર્ષોથી આપણે તેની નીચે કચડાઈ રહ્યા છીએ. ઈશ્વરનો આભાર માનો કે હિંદુસ્તાન આજે સરકારની વ્યવસ્થિત ઉદ્દંડતાનો સામનો કરવા સજ્જ થયું છે.

કહેવાતા ઉશ્કેરણીખોરો સામેના ચાલુ કાયદાના કહેવાતા અમલના બુરખાને આપણે ચીરી નાખવો જોઈએ અને પ્રામાણિક લશ્કરી કાયદાને નોતરવો અને આવકારવો જોઈએ. ઓડવાયર-શાહી[2] અને ડાયરશાહી[3] ભલે પ્રામાણિક આદર્શો હોય છતાં તેનો કદી બચાવ થઈ શકે તેમ નથી. પણ હિંદુસ્તાનમાં આજે જે કંઈ બની રહ્યું છે તે એક અવર્ણનીય દંભ છે.

હુકમનામાની બજવણીના બહાના હેઠળ બનારસમાં પોલીસો આપણાં ઘરોમાં ઘૂસી ગયા હતા અને તેમાં રહેનારા પાસેથી પણ ઘરેણાં ઉઠાવી ગયા હતા તે જો સાચું હોય, બુલંદશહરમાં વ્યવસ્થા જાળવવાના બહાના હેઠળ તેઓ હુમલો કરવા માટે લોકોનાં ઘરોમાં ઘૂસી ગયા હતા તે જો સાચું હોય, અને હુકમનામું બજાવવા માટે તેમણે કેદીઓને લગભગ વસ્ત્ર વગરના કરી દીધા હતા તે જો સાચું હોય, તો આપણા પક્ષે પૂરેપૂરી અહિંસા જાળવીને સંપૂર્ણ આક્રમણાત્મક અને ભયંકરમાં ભયંકર સવિનયભંગ માટેનો આપણો દાવો સંપૂર્ણ બને છે. અસહાય લોકો પર દારૂ-ગોળાનો ઉપયોગ કરવામાં આવે તેની આપણે રાહ જોવી ન જોઈએ, તેમ જ માત્ર સંરક્ષણાત્મક રહીને અને સરકારના માણસોને હાથે આપણાં ઘરોને લૂંટાવા દઈને લોકોની ધીરજ પર ખોટો બોજો મૂકવો આપણને પાલવે એમ નથી. આપણે દારૂગોળાને આપણા પોતાના માથા પર નોતરવો જોઈએ અને તે પણ બને તેટલી વહેલામાં વહેલી તકે. આ અનાક્રમક લોકો જોકે સ્વયંસેવકો છે અને તેથી યાતના સહન કરવાનું તેમણે સ્વીકાર્યું છે, છતાં તેમના પર થતા આ રોષ ઉપજાવે એવા ગુનાહિત હુમલા, ફિલસૂફની શાંતિથી નિહાળવાનું મુખ્ય કાર્યકરો તરીકે આપણને પાલવે એમ નથી.

૧. આ અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી.

૨ અને ૩. ૧૯૧૯માં પંજાબના લેફ. ગવર્નર સર માઇકલ ઓડવાયર અને જનરલ ડાયરે ચલાવેલું દમન.

Gandhi Heritage Portal

ખાદીની ટોપી પહેરવાના કે વેચવાના (જે હોય તે) ગુના માટે એક મુસલમાન યુવાન પર એક યુરોપિયન જુવાનને હાથે (યુરોપિયન જુવાનો શસ્ત્રસજ્જ હોય છે?) ગોળી છોડવામાં આવે તે મૂગે મોંએ ચલાવી લઈ ન શકાય. જરૂર પડયે આપણા પોતાના માથા પર ગોળીબાર નોતરીને આપણે આ અન્યાયનો બદલો લેવો જોઈએ.

સરકાર આપણને ગોદા મારીને હિંસા તરફ કે શરમજનક શરણાગતિ તરફ ધકેલવા ઇચ્છે છે. આપણે બંનેમાંથી એકે ન કરવું જોઈએ. આનો જવાબ આપણે એવા સવિનયભંગથી વાળીએ કે જેને લઈને ગોળીબાર કરવાની ફરજ પડે.

તેને આંતરવિગ્રહ જોઈએ છે. આપણે તેના હાથમાં રમી જવું ન જોઈએ. જેને હું આંતરવિગ્રહ માટેનો ખુલ્લો પ્રચાર કહું છું તે અહીં જોવા મળે છે. અલીગઢ જિલ્લાના રઈસોને[1] નીચેનો પરિપત્ર[2] મોકલવા માટે અલીગઢના મૅજિસ્ટ્રેટ જવાબદાર છે:

> ખિલાફત અને કૉંગ્રેસના સ્વયંસેવકોને સ્થાનિક સરકારે ગેરકાયદે મંડળો જાહેર કર્યાં છે અને તેમને દાબી દેવા માટે મને હુકમો મળ્યા છે, એની તમને બેશક ખબર છે એટલે...
>
> મારી પાસે ઘણા જ થોડા પોલીસો છે અને લશ્કર માટે માગણી કરવાનો મને ઘણો જ સંકોચ છે. . . .
>
> એટલે હું જિલ્લાના અનેક આગેવાન રઈસો અને ગૃહસ્થોને મદદ આપવા માટે લખી રહ્યો છું. . . .
>
> ખાસ પોલીસ તરીકે ભરતી કરવા માટે જરૂર છે એવો સંદેશો મળતાં તમારા ચાકરો અને ગણોતિયામાંથી તમે મોકલી શકો એવા સશક્ત શરીરવાળા ૫૦ લોકોને મહેરબાની કરીને પસંદ કરશો.
>
> હાલમાં તો માત્ર માણસોની પસંદગી કરવાનું અને તેમનાં નામઠામની યાદી તૈયાર કરવાનું જ જરૂરી છે.

આપણે ભોળા રઈસોને પોતાની ઇચ્છા મુજબ વર્તવા દઈને સરકારના ફાંસામાં ફસાવાની ના પાડવી જોઈએ. નાગરિક રક્ષકો બનેલા કે સામાન્ય માણસો તરીકે રહેલા આપણા પોતાના લોકો સાથે અથડામણમાં ન આવવું પડે, માત્ર એ પ્રકારનો સવિનયભંગ જ આપણે અપનાવવો જોઈએ. અણનમ હિંમત હોય અને સંપૂર્ણ અહિંસા જાળવવામાં આવે તો એક જ મહિનામાં લડતનો અંત આપણી જીતમાં લાવી શકાય. ઈશ્વર હિંદુસ્તાનને સાચી દૃષ્ટિ અને હિંમત આપે.

મેં એવી આશા રાખી હતી કે મરણને ભેટવાની પ્રતિજ્ઞા હજી એક દૂરની ઘટના હશે. સ્પષ્ટ દેખાય છે કે ઈશ્વરની ઇચ્છા આપણી પૂરેપૂરી કસોટી કરવાની છે. તેને જ નામે લડત શરૂ કરવામાં આવી હતી. એમાંથી પાર ઊતરવાની શક્તિ પણ તેણે જ આપવી રહી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–१–१९२२

૧. અહીં માત્ર થોડા જ ઉતારા પ્રગટ કર્યા છે.

૨. મિલકતદારો.

Gandhi Heritage Portal

## ૭૩. દેશબંધુનું ભાષણ[1]

દેશબંધુ દાસનું અધ્યક્ષ તરીકેનું ભાષણ પ્રગટ કરવામાં થયેલા વિલંબ માટે મારે જનતાની ક્ષમા માગવી રહી. મને તો તે તૂટક હાલતમાં અને સુધારીને યોગ્ય સ્વરૂપમાં મૂકવાની સૂચના સાથે મળ્યું હતું. વાચકને જાણીને ખુશી થશે કે રદ કરવામાં આવેલું એક વાક્ય ફરીથી મૂકીને, એક વિચાર પૂરેપૂરો સમજાવવા એક વાક્ય ઉમેરીને અને માત્ર થોડા નજીવા શાબ્દિક ફેરફાર કરીને આ ભાષણ જેવું મળ્યું તેવું જ પ્રગટ કરવામાં આવે છે. મૂળમાંથી કાઢી નાખવામાં આવેલાં વાક્યો જોતાં મને લાગે છે કે દેશબંધુનો ઉદ્દેશ એક વર્ષના કામની સમાલોચના કરવાનો અને અસહકાર વિષે પોતાનો ચોક્કસ અભિપ્રાય વિગતવાર આપવાનો હતો. પરંતુ તેમનો અભિપ્રાય આપણે જાણી શકીએ તે માટે, છાપેલા ભાષણમાં પૂરતી સામગ્રી આપવામાં આવી છે. તેમનું મોં બંધ કરવામાં આવ્યું તે પહેલાં જ તેમણે દેશને આપેલા જુસ્સાદાર અને પ્રેરણાત્મક સંદેશાઓમાંથી પણ આપણે તે જાણીએ છીએ. તેમની ધરપકડ થઈ તેના થોડા જ વખત પહેલાં તેમણે આ ભાષણ તૈયાર કર્યું હતું એ હકીકત એમનું ભાષણ સમજવામાં વાચકને મદદરૂપ થઈ પડશે. ભાષણ તૈયાર કરતી વખતે તેમણે દાખવેલા ધ્યાનપાત્ર આત્મસંયમની તથા તેઓ અહિંસામાં અંતિમ નીતિ તરીકે શ્રદ્ધા ધરાવતા હતા એ હકીકતની નોંધ લેવાનું વાચક ચૂકશે નહીં. સરકારને મન આવા માણસ માટેનો એકમાત્ર ઉપયોગ તેને જેલમાં પૂરવાનો છે એ હકીકત સરકાર માટે પોતાને જ મોંએ કરેલી પોતાની લગભગ ભારેમાં ભારે નાલેશી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-१-१९२२

## ૭૪. વર્તમાનપત્રોની સ્વતંત્રતા

સુધારા[2] વધારે સ્વતંત્રતા આપે છે અને લોકલાગણીને વધારે છૂટછાટ આપે છે, એવા સરકારના પોકળ દાવાઓ સંજોગોના દબાણ હેઠળ એક પછી એક, ખરી પડવા લાગ્યા છે. આવા પોકળ દાવા ભારે ખેંચતાણની કસોટીમાંથી પાર ઊતરે તો જ વાજબી ઠરી શકે. વાણી, માઠું લગાડે એવી હોય તોપણ તેની સામે પ્રહાર કરવામાં ન આવે તો જ વાણીસ્વાતંત્ર્ય અપાયેલું ગણાય. વર્તમાનપત્ર કડકમાં કડક શબ્દોમાં ટીકા કરી શકતું હોય, હકીકતોની ખોટી રજૂઆત સુધ્ધાં કરી શકતું હોય, અને ખોટી રજૂઆત સામે કે હિંસા સામે સુરક્ષિતતા જાળવવાનું કામ ભાષણબંધીના વહીવટી હુકમ દ્વારા કે છાપાં બંધ કરીને નહીં, પરંતુ છાપાંને અંકુશમુક્ત રાખી, ખરેખરા દોષપાત્રને શિક્ષા કરીને જ થતું હોય, ત્યારે જ વર્તમાનપત્રોનું સ્વાતંત્ર્ય સાચી રીતે જાળવેલું ગણાય. લોકોનાં મંડળો ક્રાંતિકારી યોજનાઓની પણ ચર્ચા કરી શકે, તથા લોકમત અને તેના પ્રતિનિધિરૂપ

૧. ૧૯૨૧ના ડિસેમ્બરમાં અમદાવાદમાં મળેલા કૉંગ્રેસ અધિવેશનમાં સી. આર. દાસ, ગિરફતારીને કારણે પોતાનું ભાષણ આપી શક્યા નહોતા. પાછળથી તે ગાંધીજીની પ્રાસ્તાવિક નોંધ સાથે यंग इन्डियामां પ્રગટ કરવામાં આવ્યું હતું.

૨. ૧૯૧૯ના મૉન્ટફર્ડ સુધારા.

Gandhi Heritage Portal

રાજ્યને ચક્રાવે ચડાવી દેવાનો આશય ધરાવતી કોઈ ક્રાંતિ ખરેખર ફાટી નીકળે ત્યારે, અને સરકાર તેની પાસેના નિર્દય લશ્કરી બળ પર નહીં પરંતુ પ્રજામતના અને મુલકી પોલીસના બળ પર આધાર રાખે ત્યારે જ સંઘસ્વાતંત્ર્ય સાચી રીતે જળવાયેલું ગણાય.

પણ અત્યારે તો હિંદુસ્તાનની સરકાર, જાહેરમત દર્શાવવાનાં અને કેળવવાનાં ત્રણ શક્તિશાળી માધ્યમોને કચડી નાખવાનો પ્રયત્ન કરી રહી છે અને પોતે સાવ મનસ્વી અને આપખુદ છે એમ ફરી એક વાર અને સદ્ભાગ્યે છેલ્લી વાર પુરવાર કરી રહી છે. સ્વરાજ, ખિલાફત અને પંજાબ માટેની લડત એટલે બીજી બધી વસ્તુઓ બાજુ પર રાખીને આ ત્રિવિધ સ્વાતંત્ર્યની લડત.

ઇન્ડિપેન્ડન્ટ હવે છાપેલું પત્ર રહ્યું નથી. ડેમોક્રેટ બંધ થઈ ગયું છે. અને હવે લાહોરના प्रताप અને केसरी ઉપર તલવાર ઝીંકાઈ છે. લાલાજીના બાળક, वंदे मातरम्‌े, રૂ. ૨,૦૦૦ની જામીનગીરી ભરી દઈને આ પ્રહાર ટાળી દીધો છે. બીજાં બેએ આપેલી પહેલી જામીનગીરી જપ્ત થઈ છે અને હવે તેમને દરેકને રૂપિયા ૧૦,૦૦૦ની જામીનગીરી ભરી દેવા અથવા પ્રકાશન બંધ કરી દેવા દસ દિવસની મુદત આપવામાં આવી છે. રૂપિયા ૧૦,૦૦૦ની જામીનગીરી આપવાની ના પાડવામાં આવશે એવી હું આશા રાખું છું.

લોકો કોઈ પગલું ભરીને આ ચેપ ફેલાતો અટકાવશે નહીં તો હું ધારું છું કે આજે યુક્ત પ્રાંત અને પંજાબમાં જે બની રહ્યું છે તે વખત જતાં બીજા પ્રાંતોમાં પણ બનશે.

સંબંધ ધરાવતાં વર્તમાનપત્રોના સંપાદકોને સૌ પ્રથમ મારો એવો આગ્રહ છે કે તેઓ ઇન્ડિપેન્ડન્ટ પત્રે કર્યું તેમ પોતાના વિચાર લખીને પ્રગટ કરે. હું માનું છું કે કોઈ પણ સંપાદક પાસે કહેવા જેવું કંઈ પણ હોય અને તે પોતાના ગ્રાહકો પર અસર પાડી શકતો હોય, તો તેના શરીરને મુક્ત રાખવામાં આવ્યું હોય ત્યાં સુધી સરકાર તેને સહેલાઈથી શાંત પાડી ન શકે. તેને જેલમાં પૂરી દેવામાં આવે તે જ ક્ષણે તેણે પોતાનો સંપૂર્ણ સંદેશો આપી દીધો એમ સમજવું. લોકમાન્ય તેમના છાપેલા केसरीની કટારો કરતાં માંડલેના કિલ્લામાંથી વધારે બુલંદ રીતે બોલી શકતા હતા. તેમના કારાવાસથી તેમના વર્ચસ્વમાં હજારગણો વધારો થયો હતો અને સજા પહેલાંની વાણી અને કલમ કરતાં તેમની છૂટચા પછીની વાણી અને કલમે ખૂબ જ વધારે શક્તિ મેળવી હતી. તેમના જીવનનું સ્વપ્ન સાકાર કરવાના લોકોના પવિત્ર નિરધાર દ્વારા તેઓ મૃત્યુ વડે પણ કલમ અને વાણી વિના, પોતાના પત્રનું સંપાદન કરી રહ્યા છે. આજે તેઓ પાર્થિવ દેહે હાજર હોત અને પોતાના મંત્રનો ઉપદેશ આપતા હોત તો કદાચ આથી વિશેષ કંઈ પણ કરી શકચા ન હોત. મારા જેવા ટીકાકારો, હજુ પણ કદાચ તેમની આ કે તે વાતમાં દોષ જોતા હોત. આજે બધી જ ટીકા બંધ પડી છે અને તેમનો મંત્ર એકલો જ એવા લાખો લોકોના હૃદય પર પ્રભુત્વ ધરાવે છે, જેમણે એ મંત્રને પોતાના જીવનમાં ઉતારીને એક કાયમનું જીવંત સ્મારક ઊભું કરવાનો નિરધાર કર્યો છે.

તેથી આપણે પ્રથમ તો પ્રેસ મશીનરી અને સીસાના ટાઈપરૂપી મૂર્તિનું ખંડન કરીએ. કલમ આપણી ફાઉન્ડરી છે અને સેવાભાવી લહિયાઓના હાથ આપણું છાપખાનું છે. મૂર્તિ જો કોઈ એક આદર્શે પહોંચવામાં સહાયભૂત થતી હોય તો તેને હિંદુ ધર્મમાં સ્થાન છે. પરંતુ ખુદ મૂર્તિ જ જો આદર્શનું સ્થાન લેતી હોય તો તે પાપભરી જડ વસ્તુ જ બની જાય છે. આપણા વિચારો મુક્તપણે વ્યક્ત થઈ શકે ત્યાં સુધી આપણે યંત્રો અને બીબાંનો ઉપયોગ કરીએ. પરંતુ ટાઇપો ના એકેએક શબ્દ પર અને છાપખાનાના યંત્રના એકેએક હલનચલન પર નજર

Gandhi Heritage Portal

અને અંકુશ રાખતી "પાલક પિતા" સરકાર આપણી પાસેથી એ બધું છીનવી લે ત્યારે આપણે નિરુપાય થઈ ગયા એવું આપણને ન લાગવું જોઈએ.

પરંતુ હસ્તલિખિત વર્તમાનપત્ર, વીરતાભર્યા સમય માટેનો વીરતાભર્યો ઈલાજ છે એ હું સ્વીકારું છું. છાપખાનાના ઓરડા અને બીબાં ગોઠવનારની લાકડીની સહાય પ્રત્યે લાપરવાહી બતાવીને આપણે તેને કાયમને માટે જાળવવાની અથવા તેની પુનઃસ્થાપના કરવાની ખાતરી આપીએ છીએ.

આપણે એથી પણ કંઈક વિશેષ કરવું જોઈએ. આપણે જેને વધારે મોટી વાતો તરીકે ગણાવીએ છીએ તેનો વિચાર કરતાં પહેલાં એ હક પાછો મેળવવા આપણે સવિનયભંગ કરવો ઘટે. વાણીસ્વાતંત્ર્ય, સંઘસ્વાતંત્ર્ય અને વર્તમાનપત્રોનું સ્વાતંત્ર્ય એટલે લગભગ પૂરેપૂરું સ્વરાજ એમ આપણે સમજવું જોઈએ. તેથી ખિલાફત, પંજાબ અને સ્વરાજ કરતાં જેના પર સૌ કોઈ ખરા દિલથી એક થઈ શકે એવા આ અંતરાયો દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા, હું પંડિત માલવિયાજી અને હિંદુસ્તાનના બીજા સુપુત્રોએ આવતા શનિવારે[1] બોલાવેલી પરિષદને[2] વિનંતી કરું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-१-१९२२

## ૭૫. बॉम्बे क्रॉनिकलને મુલાકાત

[જાન્યુઆરી ૧૪, ૧૯૨૨ પહેલાં]

મહાત્મા ગાંધી, જેમણે પરિષદમાં હાજર રહેવાની તૈયારી બતાવી છે, તેમણે અમારા પ્રતિનિધિએ લીધેલી મુલાકાત દરમિયાન જણાવ્યું કે ગોળમેજી પરિષદ વિષે કૉંગ્રેસે જે વલણ અખત્યાર કર્યું છે તેમાંથી જરાયે પિછેહઠ થવાની નથી અને કૉંગ્રેસની વિષયવિચારિણી સમિતિમાં આવી કોઈ પણ પરિષદ વિષેની મેં રજૂ કરેલી શરતો,[3] પરિષદનો વિચાર કૉંગ્રેસ સ્વીકારે એવી અપેક્ષા રાખતાં પહેલાં, સરકારે સંતોષવી જ રહી. મહાત્માજીએ કહ્યું કે મને લાગેવળગે છે ત્યાં સુધી વાણીસ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્યનો જે મર્યાદિત મુદ્દો મેં यंग इन्डियाના વાચકો સમક્ષ ગયે અઠવાડિયે[4] મૂક્યો છે, તે મુદ્દા અંગે મારા મૉડરેટ મિત્રોને હું મારી સાથે ખેંચી શકું એ હેતુથી મેં આ આમંત્રણ સ્વીકાર્યું છે. મૉડરેટ મિત્રોને હું એ મુદ્દા પર કૉંગ્રેસ સાથે સંમત થવા માટે સમજાવવાની આશા રાખું છું.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १४-१-१९२२

૧. મુંબઈમાં, જાન્યુઆરીની ૧૪મીએ.
૨. સૌ પક્ષોના આગેવાનોની.
૩. જુઓ "અમદાવાદમાં મળેલી વિષયવિચારિણી સમિતિમાં ભાષણ," ૨૯-૧૨-૧૯૨૧.
૪. જુઓ "તાત્કાલિક મુદ્દો," ૫-૧-૧૯૨૨.

Gandhi Heritage Portal

# ૭૬. મુંબઈની નેતા-પરિષદમાં ભાષણ[1]

જાન્યુઆરી ૧૪, ૧૯૨૨

પંડિત મદનમોહન માલવિયાએ કાર્યવાહી શરૂ કરી. . . અને સર શંકરન નાયરને[2] અધ્યક્ષ-પદ સ્વીકારવાની વિનંતી કરી. પછી સર શંકરન નાયરે અધ્યક્ષપદ લીધું અને સભાસંચાલકો વતી શ્રી એમ. એ. ઝીણાને[3] પરિષદની વિચારણા માટે દરખાસ્તોનો મુસદ્દો મૂકવાની વિનંતી કરી. શ્રી ઝીણાએ એ પ્રમાણે કર્યા બાદ અધ્યક્ષશ્રીએ શ્રી ગાંધીને ચર્ચા શરૂ કરવાની વિનંતી કરી.

શ્રી ગાંધીએ, સઘળા પક્ષોને એક મંચ પર લાવવા માટે સભાસંચાલકોનો આભાર માનવાથી શરૂઆત કરીને જણાવ્યું કે, મારા મૉડરેટ મિત્રો સમક્ષ મારું હૃદય ખુલ્લું કરવાની તક મેળવવા હું ઝંખી રહ્યો હતો. મારે જણાવવું જોઈએ કે અંગત રીતે મને સંબંધ છે ત્યાં સુધી, કોઈ પણ પરિષદમાં હું બિનશરતે હાજર રહેવા સંપૂર્ણ રીતે ખુશી છું. પરંતુ કૉંગ્રેસ અને અસહકારીઓ અંગે પરિસ્થિતિ જુદી છે. અસહકારીઓ કોઈ પણ ગોળમેજી પરિષદની દરખાસ્ત માટે સંમત થાય તે પહેલાં સુધારેલા ફોજદારી કાયદા હેઠળ અને રાજદ્રોહી સભા અંગેના કાયદા હેઠળ ગિરફતાર કરવામાં આવેલા કેદીઓ ઉપરાંત બીજા રાજદ્વારી કેદીઓની મુક્તિ સહિત, મારા ભાષણમાં મેં આપેલી રૂપરેખા પ્રમાણેની કેટલીક શરતો સરકારે પૂરી કરવી જ જોઈએ. જનરલ ડાયર સુધ્ધાં કોઈની પણ નાલેશી કરવામાં આવે એવો મારો આગ્રહ નથી પરંતુ માત્ર એટલું જોવાની મારી આતુરતા છે કે, સરકારના કૃત્યથી જે હાનિ પહોંચી છે તે દૂર કરી પશ્ચાત્તાપની સાચી ભાવના સાથે સરકાર ગોળમેજી પરિષદમાં આવે.[4] જે બનાવોએ દેશમાં અસંતોષ ઊભો કર્યો છે તેની એક લાંબી યાદી રજૂ કરી આગળ બોલતાં તેમણે જણાવ્યું કે આ કારણો દૂર ન થાય અને થયેલી હાનિનું નિવારણ કરવામાં ન આવે ત્યાં સુધી શાંતિ અને સુમેળભર્યા યોગ્ય વાતાવરણમાં ગોળમેજી પરિષદ ભરી ન શકાય. પરિષદના આમંત્રણનો સ્વીકાર કરીને હું અને મારા અસહકારી સાથીઓ પરિષદના હેતુ પ્રત્યે અમારી સહાનુભૂતિ પુરવાર કરવા માગીએ છીએ, પરંતુ તે ઉપરાંત, મારો મત એવો છે કે જોકે પરિષદની ચર્ચાવિચારણામાં સહકાર આપવા અને યોગ્ય નિર્ણયો કરવામાં મારા પક્ષ વતી અને ખાસ કરીને કૉંગ્રેસની કારોબારી સમિતિ વતી મારો ટેકો આપવા હું વચન આપું છું, તેમ છતાં અસહકારીઓને પરિષદના ઠરાવોના ભાગીદાર બનાવવામાં ન આવે એ વસ્તુ અહીં ભેગા થયેલા બધા પક્ષો માટે યોગ્ય ગણાશે.

૧. બૉમ્બે ક્રૉનિકલ, ૧૮–૧–૧૯૨૨ના અંકમાં "કાર્યવાહીનો સત્તાવાર હેવાલ" એ પેટામથાળા હેઠળ આ ભાષણ પ્રગટ થયું. તે અગાઉનો એક હેવાલ બૉમ્બે ક્રૉનિકલ, ૧૬–૧–૧૯૨૨ના અંકમાં પ્રગટ થયો હતો. તેમાંના કેટલાક ઉતારા જરૂર હોય ત્યાં પાદટીપમાં આપવામાં આવ્યા છે.

૨. ૧૮૫૭–૧૯૩૪; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ, ૧૮૯૭; મદ્રાસ હાઈ કોર્ટના ન્યાયમૂર્તિ; ૧૯૧૫માં વાઇસરૉયની કારોબારીના એક સભ્ય તરીકે નિમાયા.

૩. ૧૮૭૬–૧૯૪૮; મુસ્લિમ આગેવાન; પાકિસ્તાનના સ્થાપક અને તેના પ્રથમ ગવર્નર–જનરલ.

૪. અહીં બૉમ્બે ક્રૉનિકલ, ૧૬–૧–૧૯૨૨ના અંકમાં આ પ્રમાણે છે: "લશ્કરી કાયદા હેઠળની પરિસ્થિતિ કરતાં પણ ખરાબ એવી આજની પરિસ્થિતિ જેને લીધે ઊભી થઈ છે, તે સરકારની ક્ષતિઓ અને કૃતિઓની એક લાંબી યાદીનો મહાત્માજીએ ઉલ્લેખ કર્યો. દૃષ્ટાંત તરીકે તેમણે બિહારમાં સીતામઢીના કિસ્સાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું: સીતામઢી પર શિક્ષાત્મક પોલીસ ઠોકી બેસાડવામાં આવી છે. શિક્ષાત્મક પોલીસ મૂકવાનો શો અર્થ થાય તેનો પરિષદને ખ્યાલ છે કે નહીં તે મારે તેને પૂછવું પડે છે. જ્યાં સુધી સરકારની સ્પષ્ટ મંજૂરીથી દેશમાં આવું બનતું રહેશે ત્યાં સુધી પરિષદની વાત નિરર્થક છે. મારે દુ:ખ સાથે કબૂલ કરવું જોઈએ કે કેટલાક અસહકારીઓ હિંસાને માટે દોષપાત્ર બન્યા છે અને આવા વર્તન માટે હું આપ સૌની ક્ષમા માગું છું. આવા બનાવો બહુ જ જૂજ છે. તેને બાદ કરતાં

Gandhi Heritage Portal

પછી અધ્યક્ષશ્રીએ સૌ કોઈને સામાન્ય ચર્ચા કરવા માટે આમંત્રણ આપ્યું, જેમાં સર્વશ્રી એસ. આર. બોમનજી, જે. એ. વાડિયા, જે. બી. પિટિટ, એસ. શ્રીનિવાસ આયંગર, શેશગિરિ આયર, સત્યમૂર્તિ, ગોકરણનાથ મિશ્ર અને કુંઝરુએ ભાગ લીધો.

જવાબ આપતાં શ્રી ગાંધીએ પરિષદના ઠરાવો સાથે અસહકારીઓ શા માટે એકરૂપ બનતા નહોતા અને એ પ્રમાણે કરવું તેમને માટે શા માટે ઇષ્ટ હતું તે સમજાવ્યું. સરકાર અને અસહકારીઓ વચ્ચે કડીરૂપ બનવાની તેમણે મૉડરેટો ને ઇન્ડિપેન્ડન્ટોને વિનંતી કરતાં જણાવ્યું કે પરિષદનું કામ સફળ બનાવવા માટે તેને દરેક પ્રકારની સહાય આપવા અસહકારીઓ ખુશી છે.

ચર્ચા દરમ્યાન શ્રી ગાંધીએ ફરી એક વાર અસહકારીઓના આગેવાન તરીકે પરિષદે સ્વીકારેલા ઠરાવો વિષે, તેમના વતી પોતાની પરિસ્થિતિની ચોખવટ કરી.[૧]

[મૂળ અંગ્રેજી]

*बॉम्बे क्रॉनिकल*, ૧૮-૧-૧૯૨૧

## ૭૭. ગુજરાતી બહેનોને

જ્યારે શ્રી વાસંતીદેવી દાસ, ઊર્મિલાદેવી સેન અને સુનીતિદેવી પકડાયાં[૨] ત્યારે અમદાવાદની કેટલીક બહેનોએ નિશ્ચય કર્યો કે તેમણે સ્વયંસેવકદળમાં ગોઠવાઈ જવું ને જેલયાત્રાનો માર્ગ શોધવો. આ નિશ્ચયને પરિણામે પ્રતિજ્ઞાપત્ર બહેનોની આગળ મૂકવામાં આવ્યાં. પ્રથમ વાત એવી હતી કે પચાસ નામ નોંધાય એટલે યાદી બહાર પાડવી. આ તો મહાસભાની બેઠક પહેલાંની વાત.

અસહકારના આંદોલને કરેલી પ્રગતિ ઘણી સંતોષકારક છે અને અત્યાર સુધી આવેલાં પરિણામથી મારે નાસીપાસ થવાનું કાંઈ કારણ નથી. પોતાના સહકાર્યકરોએ સ્વેચ્છાપૂર્વક અને હસતે મોંએ જે યાતનાઓ બરદાસ્ત કરી છે તે સંબંધી મહાત્માજીએ જણાવ્યું કે યાતના બરદાસ્ત કરનારમાંથી એક જણે પણ કદી ફરિયાદ કરી નથી. મૌલાના શૌકતઅલીનો દાખલો લો. કારાવાસ દરમ્યાન તેમણે ૩૦ રતલ વજન ગુમાવ્યું છે પરંતુ તેઓ વજન ઓછું કરવા માગતા હતા. ડૉ. કિચલુ વજન વધારવા માગતા હતા અને તેમનું વજન વધ્યું છે, જ્યારે પંડિત મોતીલાલ નેહરુ પોતે સ્વતંત્ર હતા ત્યારે જે આરામ મેળવવાનો નિષ્ફળ પ્રયત્ન કરતા હતા તે આરામ તેઓ કારાવાસમાંથી મેળવી શક્યા છે. લાલા લજપતરાય સંબંધમાં જણાવવાનું કે તેઓ રાષ્ટ્રીય શાળાઓ માટે એક પાઠ્યપુસ્તક લખવામાં તેમના સમયનો ઉપયોગ કરી રહ્યા છે, એટલે જેઓ મારા ભાષણના આ ભાગને યુક્તિપૂર્વક રમૂજમાં ફેરવવા માગે છે તેમને દિલગીર થવાનું કોઈ કારણ નથી.

આગળ બોલતાં મહાત્માજીએ જણાવ્યું કે પરિષદનું આમંત્રણ સ્વીકારીને અસહકારીઓ માત્ર સંચાલકો પ્રત્યે અને સંચાલકો માટે સહાનુભૂતિ પુરવાર કરવા માગતા હતા. પરંતુ તે ઉપરાંત તેઓ અત્યારની પરિષદ જે ઠરાવો પસાર કરે તેમાં ભાગીદાર થવાનો ઇરાદો રાખતા નહોતા. પરંતુ તેનો અર્થ એવો થતો નથી કે યોગ્ય વાતાવરણમાં માનભર્યું સમાધાન થાય તે માટેના પ્રયત્નોમાં તેઓ સામેલ થવા માગતા નહોતા. અસહકારીઓ અને બીજા પક્ષો વચ્ચે એક દીવાલ ઊભી છે. અસહકારીઓ તેમનો મહત્ત્વનો સિદ્ધાંત છોડે અથવા બીજા પક્ષો અસહકારમાં સામેલ થાય તે વિના આ દીવાલ તૂટી શકે તેમ નથી. પરિષદ તેમનું ધ્યેય નથી પણ સરકાર પોતાના તરફથી પશ્ચાત્તાપની યોગ્ય જાહેરાત ન કરે અને તેનાં પગલાં પાછાં ખેંચી ન લે ત્યાં સુધી કોઈ અનુકૂળ વાતાવરણ ઊભું ન થઈ શકે. . .

૧. *बॉम्बे क्रॉनिकल*, ૧૯-૧-૧૯૨૨ના અંકમાં આ પ્રમાણે છે : "સભામોકૂફી અગાઉ પરિષદે આજે [જાન્યુઆરી ૧૫] તેની સમક્ષ મૂકવામાં આવનારા ઠરાવોના મુદ્દાઓ છેવટને માટે નક્કી કરવા એક સમિતિ નીમી."

૨. જુઓ "સ્ત્રીઓનો હિસ્સો," ૧૫-૧૨-૧૯૨૧.

Gandhi Heritage Portal

દરમ્યાન બંગાળી બહેનો તો છૂટી. સરકારમાં તેઓને સંઘરવાની તાકાત ન હતી. તેથી અમદાવાદની યાદી બહાર પાડવાનું મુલતવી રહ્યું. છતાં સહીઓ તો જારી જ રહી. પરિણામે લગભગ ૧૪૦ સહીઓ થઈ છે. હજુ થયે જાય છે. આમાંની ત્રણ બહેનોને જેલયાત્રાનો ઠીક અનુભવ છે.

પણ સહી થયે શું થયું? એ સહીની પાછળ જે નિશ્ચય મનાયો છે તે અમૂલ્ય છે.

પણ જેમ સહીની કિંમત છે તેમ લેનારની જવાબદારી વધે છે. વળી એ વિચારને ઉત્પન્ન કરનારો હું છું તેથી મારી જવાબદારી વધારેમાં વધારે છે.

જો માત્ર સરકારને દૂર કરી બીજી સરકારને દાખલ કરવાની વાત હોત તો સ્ત્રીવર્ગને આગળ પાડવાની સલાહ હું ન જ આપત. તેવા કામમાં બહુ ગંદકી છે એમ હું જોઈ ચૂક્યો છું. પણ આ લડતને અંતે તો રામરાજ્યની આશા રહેલી છે. આ લડતને અંતે ગરીબોને આશ્રય મળવાની આશા છે. આ લડતને અંતે સ્ત્રીઓને સુરક્ષિત થવાની આશા છે. આ લડતને અંતે હિંદુસ્તાનમાં ભૂખે પીડાતાની ભૂખ ટાળવાની આશા રહેલી છે. આ લડતને અંતે રેંટિયાનો પુનરુદ્ધાર થવાની આશા છે. આ લડતને અંતે એકબીજી કોમો વચ્ચેનાં ઝેર ઓછાં થવાની આશા રહેલી છે. આ લડતને અંતે અસ્પૃશ્ય ગણાતી જાતિની અસ્પૃશ્યતા દૂર થઈ તેઓ પણ ભાઈ સમાન ગણાવાની આશા છે. આ લડતને અંતે શરાબખાનાં ને શરાબની ટેવ બંધ થવાની આશા છે. આ લડતને અંતે ખિલાફતની અને ગાયની રક્ષા થવાની આશા છે. આ લડતને અંતે પંજાબનો જખમ રુઝાવાની આશા છે. આ લડતને અંતે પ્રાચીન સભ્યતાને પોતાનું સ્થાન મળવાની ને દરેક ઘરમાં જેમ ચૂલો છે તેમ કામધેનુ રેંટિયો દાખલ થવાની આશા રહેલી છે.

આવી જેમાં શુભાશાઓ રહેલી છે તે પ્રવૃત્તિથી સ્ત્રીઓ કેમ વિમુખ રહી શકે? તેથી સ્ત્રીઓને આગળ પડી પોતાનો ભાગ આપવા હું વીનવી રહ્યો છું. તેવી આશાએ જ આખા હિંદુસ્તાનની સ્ત્રીઓમાં ઉત્સાહ આવ્યો જોઉં છું.

છતાં એ ઉત્સાહથી ભોળવાઈ મારે સ્ત્રીઓને જેલ જવાની પણ સલાહ આપવી? મને લાગ્યું કે મારાથી બીજું થઈ જ ન શકે; જો હું ઉત્તેજન ન આપું તો હિંદુસ્તાનની સ્ત્રીઓ ઉપર રહેલી મારી શ્રદ્ધાને ઝાંખપ લાગે. સ્ત્રીઓ વિના યજ્ઞ અધૂરો રહે. જેટલી પુરુષને તેટલી જ સ્ત્રીને નિર્ભયતાની જરૂર છે. એથી મેં વિચાર્યું કે ભલે સ્ત્રીઓ નામ નોંધાવી જેલની વાતની ને જેલના ખ્યાલની ટેવ પાડે. વળી મેં વિચાર્યું કે જો સ્ત્રીઓને જેલના વિચારથી અકળામણ નહીં થાય તો પુરુષનો જેલ જવાનો માર્ગ સીધો થઈ જશે.

પણ જેમ મારી જવાબદારી છે તેમ જ જે બહેનોએ પહેલ કરી છે તેમની છે. નામ નોંધાવ્યાં એટલે હવે બહેનોએ કામ કરતાં થઈ જવું જોઈશે. શરાબની દુકાનોની ચોકી બહેનો રાખી શકે છે. તેમની ચોકીથી શરાબ પીનારાં જરૂર શરમાશે. બહેનો તેવું કામ કરવા ઇચ્છે તો તેઓએ અબ્બાસ સાહેબની જેમ પાટિયાં પહેરવાં જોઈશે,[૧] તેઓએ શરાબ પીનારનાં ઘર શોધી તેમને વીનવવા જવું જોઈશે. બહેનોને મારી પ્રથમ સૂચના તો એ છે કે તેઓ શરાબની ચોકીને હમણાં મુલતવી રાખી ખાદી વેચવા નીકળી પડે. શુદ્ધ ખાદી બધી ખાદીની દુકાનોમાં મળતી નથી. વળી જેઓએ સ્વદેશીનો વિચાર નથી કર્યો તેઓ શુદ્ધ ખાદી લેવા દુકાનો પર જતા નથી. તેઓને તો ઘેર જઈને અપાય તો જ તેઓ પહેરે. બહેનોએ જો ખાદી પાસે રાખી હોય તો

૧. જુઓ આ પછીના લેખમાં “નડિયાદનો પ્રયત્ન.”

Gandhi Heritage Portal

તેઓ પરદેશી કપડાં કે મિલનાં પણ કપડાં પહેરેલાં હોય તેમને ખાદી દેખાડી લલચાવી શકે છે. તેઓએ ઘેર ઘેર ફરી ખાદી વેચવી જોઈએ. ખાદીની ટોપીઓ સાથે રાખે ને તે પણ વેચે. આમ કરતાં તેઓ નિર્ભય બનશે ને સરકાર તેમને પકડવા લલચાશે. જ્યાં સુધી તેઓના કામની અસર સરકારની મહેસૂલ પર નહીં પડે અથવા બીજી રીતે લોકોનું જોર વધવા તરફ નહીં પડે ત્યાં લગી સરકાર ઓરતોને પકડવાની નથી. અને ઓરતોમાં સંઘશક્તિ વગેરે આવી જાય ત્યાર પછી જ તેઓનું જેલમાં રહેવું વધારે શોભશે.

મારી એવી પણ ઉમેદ છે કે બહેનોએ જે પ્રતિજ્ઞા લીધી છે તેનું તેઓ પૂરું પાલન કરશે. તેઓ શાંતિ રાખશે એમ માનું છું. તેઓ હિંદુમુસલમાન સર્વની સાથે મહોબત રાખશે એ પણ માનું છું. પણ તેઓ ઘરમાંયે શુદ્ધ ખાદી જ પહેરશે? તેઓ ભંગીઢેડને ભાઈ ગણશે? તેઓને એઠો કે ગંદો ખોરાક આપવો બંધ કરશે? તેઓને અડતાં નહીં અભડાય? જે બહેનોએ સહી કરી છે તેમાં બધા વર્ણ આવી જાય છે. તેટલી બહેનો સમજપૂર્વક પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરશે તો ૧૪૦માંથી ૧,૪૦૦ થતાં ને તેમાંથી ૧૪,૦૦,૦૦૦ થતાં વખત નહીં લાગે.

હું તો એવી જ આશાએ ને એવી શ્રદ્ધાએ બહેનોનાં પવિત્ર નામ આપું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫-૧-૧૯૨૨

# ૭૮. મારી નોંધ

### નડિયાદનો પ્રયત્ન

નડિયાદમાં અબ્બાસ સાહેબ અને તેમની ટોળીએ જેલ જવાની મહેનત કરી તે ફોગટ ગઈ લાગે છે. ડોકે પાટિયાં તો ઘાલ્યાં. તે શોભ્યાંયે ખરાં, પણ કંઈ જેલ મળી? તેથી નાસીપાસ થયા! સત્યાગ્રહીઓ કોઈ દહાડો નિરાશ થાય નહીં. તે તો સદાય પ્રયત્ન કર્યા કરે ને ઈશ્વરની આશા રાખ્યા જ કરે. ફળ દેનારો તો તે છે. તેની ઇચ્છા પ્રમાણે દે. તેની ઇચ્છામાં સ્વેચ્છાચાર નથી હોતો. તે કદી ભૂલ કરે નહીં. તેની ઇચ્છામાં શુદ્ધ ન્યાય જ હોય છે. એટલે આપણા પ્રયત્નને જે છાજે તે એ ન્યાયાધીશ દીધા કરે છે.

એક ફળ તો મળ્યું. અબ્બાસ સાહેબ જાહેરખબરનાં પાટિયાં ગળે ઘાલી ફરે એ જ ફળ કંઈ નાનું ન કહેવાય. ક્યાં જજ જે બીજાને ધમકાવતા ને ક્યાં ગળે પાટિયાં ઘાલી સિપાહી ધક્કા મારે તો તે ધક્કા ખાવાનો નિશ્ચય કરીને નીકળેલા આ માજી જજ અને તેમના સાથીઓ!

વિદ્યાર્થીઓની ઉપર જે અસર પડે તે જુદી જ. જે વિદ્યાર્થી આટલેથીયે સમજે નહીં તે શરમાય. માબાપો પણ વિચારમાં પડે. જે સરકાર ધોળે દહાડે કોરટનો હુકમ લીધા વિના આપણાં ઘરનાં તાળાં તોડે તે સરકારની નિશાળમાં જવાય જ કેમ? એ તો ભણ્યા પણ ગણ્યા નહીં. ભણતરની એ ફી તો આકરી થઈ. આપણું માન જાય, આપણું સ્વત્વ હણાઈ જાય એવી કિંમત આપીને કોણ ભણે?

આપણે, જે પહેરા કરવા નીકળીએ છીએ, તે સભ્ય હોઈને તેવી સભ્ય ચોકી આપણને કંઈ ને કંઈ લાભ તો આપે જ. જે વસ્તુ આજને સારુ કે હમેશને સારુ ત્યાજ્ય છે તેની જ

Gandhi Heritage Portal

ચોકી કરીએ, એટલે તેમાં નીતિ અને યોગ્યતા રહેલાં છે. આપણી ચોકીમાં બળાત્કાર ન હોય ત્યાં લગી બધી નિંદ્ય વસ્તુને વિષે ચોકી કરવાનો આપણને અધિકાર છે. પણ બધી વસ્તુને વિષે આપણે તે અધિકારનો ઉપયોગ એકાએક ન કરીએ. જ્યાં મોટો મતભેદ હોય ત્યાં ચોકી કરવાથી એક પ્રકારનો બળાત્કાર ઊભો થાય છે. આપણને ગમે પણ બીજાને જે ન ગમે તે વિષે બીજો આપણી ચોકી કરે તો તે આપણને કેવું નઠારું લાગે? તેથી સામાન્ય દૃષ્ટિએ જોતાં ચોકી તો તેની જ કરીએ કે જેને વિષે લોકમત ઠીક ઘડાઈ ગયો હોય. નડિયાદમાં પ્રજામત સરકારી નિશાળોની સામે છે એમ મારી તો માન્યતા રહેલી છે. જ્યાં સરકારી નિશાળો ખાલી ન થાય ત્યાં માબાપ અનુકૂળ નથી એમ આપણે માનવું પડે ને જ્યાં માબાપ અનુકૂળ ન હોય ત્યાં અસહકારમાં પ્રજા એકમત છે એમ કેમ ગણાય?

ભણતરની જરૂર છે જ. અક્ષરજ્ઞાન જોઈએ, પણ અક્ષરજ્ઞાન એ કંઈ સર્વસ્વ નથી. એ સાધ્ય નથી; એ તો સાધન માત્ર છે. જેને સમજ છે તેને અક્ષરજ્ઞાન ન હોય તો શું? દુનિયાના મહાન શિક્ષકો — સુધારકો અક્ષરજ્ઞાની ન હતા. ઈશુ પેગંબરને, મહમદ પેગંબરને અક્ષરજ્ઞાન ક્યાં હતું? છતાં તેઓએ જે અક્કલ આપી ને સેવા કરી તેવી મહાન તત્ત્વવેત્તા કે અર્થશાસ્ત્રીઓએ નથી કરી, નથી કરવાના. બોઅરોના પ્રેસિડન્ટ ક્રૂગરને અક્ષરજ્ઞાન એટલું હતું કે મુશ્કેલીથી પોતાની સહી કરતા. અફઘાનિસ્તાનના માજી અમીરને પણ અક્ષરજ્ઞાન એવું જ હતું. પણ આ બંનેની સમજશક્તિ અપાર હતી.

પણ આ તો મેં અસામાન્ય પુરુષોની વાત કરી એમ કોઈ કહેશે. એ ખરું છે; પણ તેમાંથી મેં બતાવ્યું કે અક્ષરજ્ઞાન વિના ન જ ચાલે એવું નથી. આજ પણ દુનિયાનો મોટામાં મોટો ભાગ અક્ષરજ્ઞાની નથી, છતાં તે જડ નથી. તેના બળે આપણે જીવીએ છીએ. તેની સામાન્ય સમજથી સંસારચક્ર ચાલી શકે છે. આ બધું લખવાનું તાત્પર્ય એટલું જ છે કે આપણાં છોકરાં લડત ચાલતાં લગી ભણતર વિનાનાં રહે તેમાં તેઓને તેમ જ પ્રજાને લાભ છે. જે મકાનમાં ઝેરી હવા પેદા થઈ હોય તે તેટલી મુદતને સારુ આપણે છોડીએ તેમાં જેમ ડહાપણ છે તે જ પ્રમાણે આ ઝેર સમાન સરકારની નિશાળો છોડવામાં લાભ જ છે. જે માબાપ એટલું પણ ન સમજે તે સ્વરાજ લેવાને સારુ ઉતાવળાં નથી થયાં. સરકારે નડિયાદની મ્યુનિસિપલ નિશાળોનો બળાત્કારે કબજો લીધો છે. છતાં આપણે આપણાં છોકરાંને સરકારની નિશાળમાં મોકલ્યા કરીએ તો આપણે તેવી જ વર્તણૂકને લાયક ઠરીએ. તેથી અબ્બાસ સાહેબે ને તેમના સાથીઓએ પાટિયાં પહેર્યાં એ ઠીક જ થયું છે.

### લોકોનું પાણી

સુરત, અમદાવાદ ને નડિયાદના શહેરીઓનું પાણી મપાઈ રહ્યું છે. તે ત્રણે મ્યુનિસિપાલિટી-ઓએ કેળવણીની[1] બાબતમાં અસહકાર કર્યો છે. તે ત્રણેના લોકોએ પસંદ કરેલા પ્રતિનિધિઓએ વધુમતે મ્યુનિસિપાલિટી મારફત અપાતી કેળવણી રાષ્ટ્રીય કરી છે. તે કેળવણીનાં મકાનો સરકાર જપ્ત કરે તે સાંખ્યું જાય એમ નથી.

સરકારની લૂંટ નિરર્થક કરવી લોકોના જ હાથમાં છે. માબાપો પોતાનાં બાળકોને સરકારને નામે ચાલતી નિશાળોમાં ન મોકલે; મહેતાજીઓ તે નિશાળોમાં કામ કરવા ન જાય. એટલે

૧. જુઓ "મ્યુનિસિપાલિટીઓ પર ધાડ," ૧૫-૧૨-૧૯૨૧ અને "મારી નોંધ," ૮-૧-૧૯૨૨નું પેટામથાળું "ગુજરાતને સુયોગ."

Gandhi Heritage Portal

સરકારે તાળાં તોડી કબજો લીધેલાં મકાનો ખાલી રહે અને ગેરકાયદે લઈ ગયેલા પૈસા પાછા મળે. સરકારની આવી લૂંટથી આપણે હેબતાઈ ન જઈએ, પણ નિર્ભય રહી માનીએ કે એ જ મકાનોનો અને એ જ પૈસાનો કબજો આપણે પાછો મેળવવાના જ છીએ.

પણ તેટલો વખત બાળકોનું શું? પ્રજામાં જ્ઞાન હોય તો તો પ્રજાની વાડીઓ વગેરેનો ઉપયોગ આપણને મળે ને તેમાં બાળકોને શીખવીએ. પણ તે ન મળે તો આપણે બાળકોને મેદાનમાં તાલીમ આપીએ. તેઓની પાસે કંતાવીએ, તેમને ભજન ગવરાવીએ, તેમને કવાયત આપીએ. મહાસભાના ઠરાવ[1] પ્રમાણે ઘણા મહેતાજીઓએ તો જેલયાત્રાની તૈયારી કરવી રહી, એટલે હાલનું કેળવણીનું સ્વરૂપ એવું કરીએ કે જેથી ઓછામાં ઓછા મહેતાજીઓથી આપણે આપણું કામ ચલાવી શકીએ. પીઢ સ્ત્રીઓના હાથમાં આપણાં બાળકોને મૂકતાં મને તો લગારે આંચકો ન આવે. તેઓ રેંટિયો તો ચલાવતી જ હોય. તેઓ બાળકોની દેખરેખ રાખે. જો આપણાં છોકરાંને વિનય શીખવવામાં આવ્યો હોય તો તેઓ સ્ત્રીઓનું વધારે માન રાખી વધારે વિવેકી થાય ને સ્ત્રીઓ પણ સેવા કરતી થઈ જાય.

### સ્ત્રીઓનો ભાગ

આ લડતમાં સ્ત્રીઓનો ભાગ પૂરો હોવો જ જોઈએ. સ્ત્રીઓએ સ્વયંસેવિકાઓ થઈ મહાસભાને દીપાવી હતી. આ અખતરો મહાસભાની હયાતીમાં પહેલો જ હતો. ગુજરાતની બહેનોને આવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું એ ગુજરાતને હર્ષ પામવા જેવું છે. એ અખતરો તદ્દન સફળ થયો અને તેની અસર બધા ઉપર ઘણી સરસ પડી છે. પ્રત્યેક નિર્દોષ સેવામાં સ્ત્રીઓ પોતાનો હિસ્સો આપતી થઈ જાય એટલે આપણી કાર્ય કરવાની શક્તિ બેવડી થઈ.

વળી આપણે જાણીએ છીએ કે સ્ત્રીઓને સરકાર એકાએક નથી પકડવાની. પુરુષોને તો પકડાઈ જવાનું રહ્યું જ છે. એટલે સ્ત્રીઓએ પુરુષોનાં ઘણાં કામ તો પોતાને માથે ઉપાડી લેવાં જ રહ્યાં.

### નિર્ભયતાની આવશ્યકતા

આમાં માત્ર નિર્ભયતાની જરૂર છે. જ્યાં પવિત્રતા છે ત્યાં જ નિર્ભયતા સંભવે. આપણાં મન એટલાં મેલાં થઈ ગયાં છે કે આપણને સ્ત્રીઓની પવિત્રતાને વિષે ભય જ લાગ્યા કરે છે. આમાં આપણે દુનિયાને વગોવીએ છીએ.

સ્ત્રીઓને આપણે એટલી નમાલી સમજીએ છીએ કે તેઓ તો જાણે પોતાની પવિત્રતા જાળવવાને લાયક જ નથી ને પુરુષોને આપણે એવા પતિત માનીએ છીએ કે તેઓ પરસ્ત્રીઓને જાણે કેવળ પોતાની નિર્લજ્જ દૃષ્ટિએ જ જુએ છે. બંને માન્યતાઓ આપણને શરમાવનારી છે. અને જો આપણે સ્ત્રીપુરુષો એવાં જ હોઈએ તો આપણે સ્વરાજને સારુ તદ્દન નાલાયક જ છીએ એમ આપણે સ્વીકારવું જોઈએ. અંગ્રેજ સ્ત્રીપુરુષો મર્યાદા જાળવતાં જ નથી એવું માની લેવાનું આપણને મુદ્દલ કારણ નથી. અંગ્રેજ સ્ત્રીઓ સેવાનાં અનેક કાર્યોમાં રોકાયેલી હોય છે, જ્યારે આપણને એકાદ નર્સ જોઈએ તો તેટલી પણ મળવી ભારે થઈ પડે છે.

૧. ડિસેમ્બર ૧૯૨૧માં અમદાવાદમાં સ્વીકારવામાં આવ્યો; જુઓ "અમદાવાદના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ–૧," ૨૮–૧૨–૧૯૨૧.

Gandhi Heritage Portal

જો ખરે જ સ્વરાજ નજીક આવી રહ્યું હોય તો સ્ત્રીઓ પોતાની પવિત્રતા જાળવવા દિવસે દિવસે વધારે તૈયાર થતી જશે. તેમના મનમાંથી બીક જવી જોઈએ. સ્ત્રી પોતાની પવિત્રતા સાચવવા લાયક નથી એ માન્યતા ખોટી છે, અનુભવથી વિરુદ્ધ છે અને સ્ત્રીપુરુષ બંનેને લજ્જા પમાડનારી છે. એવા નરપશુ અવશ્ય દુનિયામાં પડયા છે કે જેઓ બળાત્કાર કરે છે, પણ જે સ્ત્રીને પોતાની પવિત્રતાનું ભાન છે તે સ્ત્રીની ઉપર બળાત્કાર કરનારો પુરુષ આજ લગી જન્મ્યો નથી, જન્મવાનો નથી. હા, એટલું ખરું છે કે દરેક સ્ત્રીમાં એટલું યોગબળ, એટલી પવિત્રતા નથી. તેથી તેનું કારણ પણ આપણે જ છીએ. બાળાઓને આપણે પ્રથમથી જ એવી તાલીમ આપીએ છીએ કે તે પોતાનું શિયળ જાળવવા સમર્થ ન રહે. છેવટે સ્ત્રી થયે એ શિક્ષણ અથવા કુશિક્ષણ તેના મનમાં ઠસી જાય છે ને તે એમ જ માને છે કે હરકોઈ પુરુષના હાથમાં સ્ત્રી તો કેવળ અપંગ છે. પણ જો સત્ય અને પવિત્રતા જેવી વસ્તુ દુનિયામાં હોય તો હું નિ:શંકપણે કહેવા ઈચ્છું છું કે સ્ત્રીમાં પોતાની રક્ષા કરવાની પૂરી શક્તિ પડેલી છે. જે સ્ત્રી દુ:ખને સમયે રામને સંભારશે તેની તે રક્ષા કરશે જ. જે મરવાને તૈયાર છે તે સ્ત્રીને કયો દુષ્ટ બોલાવી શકનાર છે? એની આંખમાં જ એટલું તેજ હશે કે સામેનો વ્યભિચારી પુરુષ થીજી જવાનો છે.

મરવાની શક્તિ બધામાં છે, બધામાં તે ઈચ્છા નથી હોતી. જ્યારે સ્ત્રીને કોઈ અપવિત્ર બનાવવાનો પ્રયત્ન કરે, જ્યારે પુરુષ પશુ બની વિષયાસક્ત થવા જાય તેવે સમયે બંનેને આપઘાત કરવાનો હક છે, એમ કરવું બંનેની ફરજ છે. જેનામાં બળ છે તે આપઘાત સહેલાઈથી કરી શકે છે. ગમે તેવા બળવાનના પંજામાં ફસાયેલી સ્ત્રી કે પુરુષ પોતાની જીભ કચરીને કે હાથ છૂટા હોય તો ગળાનો ટોટો પકડી પ્રાણત્યાગ કરી શકે છે. જે સ્ત્રી કે પુરુષ મરણિયાં થયાં છે તે ગમે તેટલી રીતે બંધાયેલાં હોય, ઝાડની સાથે બંધાયેલાં હોય, તોપણ હાડકાં તૂટી પડવાની દરકાર ન કરે તો પોતે તેમાંથી ખરી શકે છે. બળવાન દુર્બળને વશ કરે છે, કેમ કે દુર્બળને જીવ વહાલો હોય છે, તેથી તે મરી જવા જેટલું બળ નથી કરતો. ગોળ ઉપર ચડેલો મકોડો પોતાનો પગ તૂટવા દે છે પણ આપણા જોરને વશ નથી થતો. બચ્ચું બહુ બળ કરે છે ત્યારે માબાપ બચ્ચાના હાથ પોતાના પંજામાંથી જવા દે છે, કેમ કે જો ન જવા દે તો બાળકનો હાથ ખડી જવાનો સંભવ હોય છે. દરેક માણસમાં પોતાના એકેએક અંગનો ભંગ કરવા જેટલી તાકાત હોય જ છે, પણ તેથી થતું — પ્રાણ જતાં થતું — દુ:ખ સહન કરવા દરેક માણસ તૈયાર નથી હોતો. પણ એવી તૈયારી કરવી તે સ્વરાજવાદીનો — પ્રત્યેક સ્ત્રીપુરુષનો ધર્મ છે. જો એવી શક્તિની માગણી ઈશ્વર પાસે દરરોજ કરીએ તો તે અવશ્ય મળે છે. પ્રત્યેક બહેનને મારી પ્રાર્થના છે કે તે રોજ સવારે ઊઠીને આટલો નિશ્ચય કરે : "હે ઈશ્વર! તું મને પવિત્ર રાખજે; મારી પવિત્રતાનું રક્ષણ કરવા જેટલું બળ આપજે ને હું પ્રાણત્યાગ કરીને પણ મારી પવિત્રતા જાળવી શકું એટલી શક્તિ આપજે. તારા જેવા રખેવાળ છતાં મને ભય કોનો છે?" સદ્‌ભાવે કરેલી આવી પ્રાર્થના પ્રત્યેક સ્ત્રીનું રક્ષણ કરશે જ.

### પણ પુરુષનું શું?

ઉપલા વિચારોની ચર્ચા કરતાં પુરુષ હોઈ હું શરમાઉં છું. શું પુરુષ, જે પોતાની માતાના ઉદરમાંથી જન્મ પામ્યો છે, જેનો ભાર માતાએ નવ માસ ઊંચક્યો છે, જેને સારુ માતા દુ:ખી થઈ છે, જેને સુવાડીને માતા સૂતી છે, જેને ખવડાવીને માતાએ ખાધું છે, તે માતાની જ

Gandhi Heritage Portal

જાતિનો શું તે દ્રોહી જન્મ્યો છે, કે જેથી સ્ત્રીજાતિએ પુરુષથી ડરવું રહ્યું? સ્ત્રી કંઈ વ્યાઘ્રાદિના ડરથી નથી ભાગતી, પણ માત્ર પુરુષના વ્યભિચારથી ડરતી ભાગે છે. સ્ત્રીને તો પ્રયત્ન કરવા હું વીનવી ચૂકયો. પુરુષને પણ વીનવવા માગું છું. તે પોતે માતાની જાતિને નિર્ભય કરવા બંધાયેલો નથી? શું તે નિરંતર પ્રાર્થના ન કરે? "હું એક પણ પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરું તે પહેલાં તું મારો પ્રાણ હરજે. જ્યારે હું વ્યભિચારી બનું ત્યારે તું મને પ્રાણત્યાગ કરવાની શક્તિ આપજે. મારામાંથી દુષ્ટ વિકારમાત્રને કાઢજે કે જેથી એક પણ સ્ત્રી મારાથી ડરે નહીં, પણ મને પોતાનો ભાઈ સમજી સુરક્ષિત રહે." જ્યાં લગી હિંદુસ્તાનના પુરુષો સ્ત્રી સમાજની રક્ષા કરવા સમર્થ નથી થયા ત્યાં સુધી હે પ્રભુ! તું અમને ગુલામ જ રાખજે; એ મારી પ્રાર્થના છે. જે દેશના પુરુષો પોતે જ સ્ત્રીની રક્ષા કરતા નથી તે પુરુષ નથી ને તેમને સારુ તો ગુલામી જ છે.

### મારી આશા

મને સંપૂર્ણ આશા છે કે હિંદુસ્તાનનાં સ્ત્રીપુરુષો બંને પોતાની મર્યાદા સમજી ગયેલ છે; બંનેએ પવિત્રતાનો સ્વાદ ચાખ્યો છે. પેલી સ્વયંસેવિકા નિર્ભય હતી. એક બાળાને નિર્ભયપણે એલિસબ્રિજ આગળ ખાદીની ટોપી વેચતી ઊભેલી જોઈ ત્યારે મને શેર લોહી ચડયું. તેને કોની બીક હતી? તે જાણતી હતી કે બધા પુરુષો તેને ભાઈ સમાન છે. આપ ભલા તો જગ ભલા. મહાસભામંડપમાં આવેલી હજારો સ્ત્રીઓ તદ્દન નિર્ભયપણે આવી હતી તેથી જો સ્ત્રીઓ બધી નિર્દોષ પ્રવૃત્તિઓમાં ભાગ લેતી નહીં થાય તો તેનું કારણ પુરુષોનો સ્વાર્થ અથવા સ્ત્રીનાં આળસ કે અજ્ઞાન હોઈ શકે. સ્ત્રીને ઘરકામમાંથી નવરી જ ન થવા દે અથવા સ્ત્રી પોતાના શણગારમાંથી કે વાતોના રસમાંથી નવરી જ ન થાય તો તે દેશસેવા શું કરે?

### મરણની તૈયારી

નડિયાદમાં અબ્બાસ સાહેબને નથી પકડયા તેમાં ઈશ્વરનો એ પણ વિચાર હોઈ શકે કે જેણે પંજાબનાં દુ:ખોની પરીક્ષા કરી છે ને જે તે દુ:ખો વિચારતાં અનેક વાર રોયા છે તેમનો છુટકારો જેલથી ન હોઈ શકે. તેમને તો મરીને જ પરીક્ષામાં પાસ થવું રહ્યું. ગુજરાતીઓએ જ સૌ પહેલી પહેલ કરીને અસહકારનો ઠરાવ કર્યો. તેમને માટે એકલી જેલો કેમ બસ હોય? તેમને તો મરણનો અનુભવ જોઈએ. તેથી શું ઈશ્વર તેમને જેલમાં નથી મોકલતો?

ખરું જોઈએ તો હવે જેલનો ભય જ કયાં રહ્યો છે? જેલને દુ:ખ કોણ માને છે? જેલીઓના મત મારી ઉપર આવ્યા કરે છે તેમાં સહુ કોઈ એમ જ લખ્યા કરે છે: "અમારે ખાતર તમે નબળી સમાધાની ન કરજો. અમને કશી ઉતાવળ નથી!" જે જે ભયોને આપણે છોડયા હોય તે ભયોમાં પડવાનો માત્ર ડોળ કરી આપણે યશ નથી ખાટવાનો. આપણે તો આગળ જ વધ્યે છૂટકો. વચ્ચેનો રસ્તો — મારપીટની બરદાસ કરવાનો — પંજાબીઓ સાફ કરી રહ્યા છે અને કેમ જાણે પ્રજાએ આપણા હિસ્સાને સારુ મોત જ ન રાખ્યું હોય? હું તે માગું છું. જો હિંદુસ્તાને મોતના ભયને પણ જીતવો રહ્યો હોય તો તે ભાર ગુજરાતને ભાગે આવજો. ગુજરાતે બડાઈ બહુ ખાટી છે. મહાસભા ભરવાનું માન લીધું તેની કિંમત મોત કંઈ વધારે નથી. અને જે સ્વેચ્છાએ મોતની ભેટ કરે છે તે તો અમૃતનિદ્રા જ ભોગવે છે. મોત એ લાંબી નિદ્રા છે. મુસલમાન અને ખ્રિસ્તી ભાઈઓ કહે છે કે બધાએ કયામતને દિવસે ઊઠવાનું છે. હિંદુ ભાઈઓ કહે છે કે એક ખોળિયું છોડી બીજામાં જવાનું છે ને એમ કરતાં એક દહાડો જ્યાં નિદ્રા

Gandhi Heritage Portal

નથી તેવા ધામમાં પહોંચવાનું છે. ત્રણે માને છે કે મોત એટલે સર્વથા નાશ નથી જ. ધર્મની પરીક્ષા તો મોતને સમયે જ છે. જે વલોપાત કરતો મરે છે, જે મરવા નથી માગતો, તે મરીને અવગતે જાય છે. આવું મોત આપણને આવે તેના કરતાં આપણે જ એ પરમમિત્રની ભેટ કરવા કાં ન નીકળી પડીએ? આટલી વાત શુદ્ધ સત્ય છે કે જો ગુજરાતીઓ — હિંદુસ્તાનીઓ — મરણનો ભય મેલે તો ઓછામાં ઓછાએ મરણને મળવા જવું પડશે. આપણા ડરને લીધે આપણે ગુલામ છીએ. કેદનો, મારનો, મોતનો, માલ લૂંટાવાનો — એ ભયો છોડીએ તો આપણે એક પણ મનુષ્યને મારવાનો વિચાર ન કરીએ, ન મરીએ. એટલે મારવાનો વિચાર છોડવા સાથે જ મરવાની તૈયારી રહેલી છે; ને જેવી મરવાની તૈયારી કરી કે પછી આપણને મારવાની નવરાશ કોઈને નથી. તેથી જ સૃષ્ટિને મનુષ્યના મનનો તરંગ કહી છે. આપણે ડરાવીએ તો ડરવું બાકી રહે, મારીએ તો જ મરવાનું રહે છે. સર્પાદિ તેમને પણ આપણો ડર લાગે છે. તેથી જ આપણને ડંખે છે.

મરણનો ભય છોડવો જોઈએ એમ લખવું સહેલું છે, પણ એમ કરવું સહેલું નથી, તે તો હું જાણું જ છું. તેથી બધાં ગુજરાતી સ્ત્રીપુરુષો મરણભયને એક ક્ષણમાં છોડી દેશે એવું હું માનતો પણ નથી. છતાં મારી એવી આશા જરૂર છે કે ગુજરાતીમાં એવા રાગી સ્વરાજવાદી પડ્યા છે કે જેણે મરણભય છોડ્યો છે ને જે દેશને ખાતર ને ધર્મને ખાતર મરણની ભેટ કરવા એકપગે તૈયાર ને ઉત્સુક છે. તેમની સંખ્યા વધો ને આપણને પરીક્ષા આપવાનો સમય વહેલો આવો એ પ્રાર્થના.

### જાન જાય પણ માલ ન જાય

"જેલ જઈએ, માર ખાઈએ, મરીએ, પણ માલ ન દઈએ. માલનું કંઈ મહાસભાએ થોડું જ કહ્યું છે?" આમ કેટલાક શૂરવીર મરવા તૈયાર છે પણ પોતાની જમીન જવા દેવા કે ઢોર-ઢાંખર વેચવા દેવા તૈયાર નથી. મહાસભાની ઉપરનો આરોપ તો નકામો જ છે. જે શરીર આપે તે બધું આપે એમ માનીને માલનું લખાયું નથી. એમ છતાં સ્થાવરજંગમ મિલકતની તૃષ્ણા આપણને એટલી બધી હોય છે કે શરીર જતાંયે આપણે મિલકત છોડવા તૈયાર નથી રહેતા. તેથી આપણે આ વાત વિચારી લેવી જોઈશે.

સરકાર તો જે જે ભય વડે આપણને વશ કરી શકે તે ભયો વડે વશ કરવા મથશે. જો જેલ કરતાં દંડ આપવો આપણને કઠણ લાગે છે એમ જોશે તો જરૂર દંડ કરશે. કેટલેક ઠેકાણે હવે તો જેલ ને દંડ બંને ચાલુ થયાં છે.

આપણે સ્થાવરજંગમ મિલકત જવાનો ભય તદ્દન છોડવો પડશે. જુલમી રાજ્યમાં ધનવાનને જુલમમાં ભાગ લેવો પડે છે તેથી જુલમી રાજ્યમાં ગરીબી એ જ પુણ્યમાર્ગ છે. તેથી આપણે જાણવું જ જોઈએ કે જો આપણે અસહકારી રહેવા ઇચ્છીએ તો ધનનો લોભ છોડવો જ પડશે. જ્યારે આપણે ભૂખે મરવા તૈયાર થઈએ પણ જુલમની આણ કબૂલ ન કરીએ ત્યારે જ આપણો અસહકાર પૂરો થયો ગણાય.

એટલું પણ સમજી લેવા જેવું છે કે ઘણા માણસો જ્યારે દંડનો ડર મેલે છે ત્યારે સરકારને પૈસા વસૂલ કરવાનું કામ કઠણ પડે છે. હજાર માણસને જેલમાં મોકલવા કરતાં હજાર માણસની મિલકત વેચવી વધારે કઠણ છે. સજા હમેશાં થોડા જ માણસોને કરી શકાય છે. ઘણા માણસો અમુક કામ કરે તેને બંધ કરવું લગભગ અશક્ય થઈ પડે છે. મિલકત જપ્ત કરે પણ વેચે



Gandhi Heritage Portal

કોને? જમીનનો કબજો તો લેવાય, પણ તે ઊંચકીને બીજી જગાએ થોડી જ મુકાય છે? એકની જમીન હરાજીમાં બીજો કોણ લેવા નવરો હોય?

વળી જે સ્વરાજવાદી છે તેને પોતાની ધારણાને વિષે વિશ્વાસ તો હોય જ. તેથી સ્વરાજવાદીએ વિશ્વાસ રાખવો જોઈએ કે પોતાની મિલકતનો કબજો આજે સરકાર લે તે સ્વરાજ મળ્યે પાછી મળવાની છે જ. જનરલ બોથા પાસે હજારો વીઘાં જમીન હતી. જેવાં ઢોર તેની પાસે હતાં તેવાં કોઈને ત્યાં નહોતાં. તે બધાનો કબજો અંગ્રેજી લશ્કરે લીધો. તેથી કંઈ તે હાર્યો નહીં. ખૂબ ઝૂઝ્યો ને છેવટે પોતાની મિલકતનો કબજો મેળવ્યો, એટલું જ નહીં પણ પોતે આખા દક્ષિણ આફ્રિકાનો રાજા જેવો બન્યો. તેને વિશ્વાસ હતો કે જીવશે તો પોતાની મિલકત પાછી લેશે ને મરશે તો સ્વર્ગ લેશે. આપણે જે મારીને લડાઈ નથી કરવા માગતા તેમણે તો મિલકતને સારુ વધારે બેફિકર રહેવું જોઈએ. મિલકત સરકાર લઈ લે પછી ખાવું શું એ સવાલ ઊઠે છે. જ્યાં ભૂખે મરીએ તોપણ આપણે નમવાના નથી એવી પ્રતિજ્ઞા છે, ત્યાં પોતાની ને પોતાનાંની ભૂખનો વિચાર શો કરવો? હિંદુસ્તાન જેવા મુલકમાં કોઈ ને કોઈ તો આપણને ખાવા જેટલું આપી દેશે જ; અને હવે તો આપણી પાસે આપણો પ્યારો રેંટિયો છે, પછી શી ફિકર હોય? જ્યાં આખું કુટુંબ સુંદર રીતે કાંતીપીંજી જાણે ત્યાં છાંટાભાર પણ પેટની ચિંતા રાખવાની હોય નહીં.

જેટલા ભય આપણને રહે છે તે બધા આપણા અવિશ્વાસથી ઉત્પન્ન થાય છે. જો આપણે ઈશ્વર પર ભરોસો રાખીએ, એટલે તેની મરજી હશે તે થશે એમ માનીએ, તો આપણે કદી ચિંતા ન કરીએ. જે થનારું હશે તે થશે, તે પણ આપણે ત્યારે જ કહી શકીએ કે જ્યારે આપણો પોતાનો પ્રયત્ન આપણે પૂરો કર્યો હોય. મનુષ્યયત્નની પાછળ ઈશ્વરની સંપૂર્ણ કૃપા રહેલી જ છે. ઈશ્વરની ઉપરના વિશ્વાસનો અર્થ એ છે કે જ્યારે આપણી મિલકત લૂંટાય ત્યારે પણ આપણે તેને ધન્યવાદ દઈએ. જો મિલકત ન લૂંટાવાની શરતે ધન્યવાદ દઈએ તો તો એ સાટું કર્યું. ઈશ્વર સાટાંનો ભૂખ્યો નથી. તેને તો ભક્તિ જોઈએ. અને ભક્તની ભક્તિનો તે ભારે કસોટી કરે છે. તે જેટલો દયાવાન છે એટલો જ નિર્દય છે. ન્યાય તોળતી વેળા કોઈની પરવા નથી કરતો, કોઈનો પક્ષપાત નથી કરતો. ભક્ત-અભક્ત બધાને તેમનાં કર્મ પ્રમાણે ફળ આપે છે. ભક્ત સત્કર્મ કરે છે તેથી સારાં ફળ પામે છે; અભક્ત કુકર્મ કરી નઠારાં ફળ મેળવે છે.

આ લડતમાં દંભને, દ્વેષને સ્થાન નથી, અધીરાઈને સ્થાન નથી. ત્યારે જ તે ધાર્મિક લડત કહેવાય છે. એવો ધર્મ ગુજરાત સિદ્ધ કરો. અને કરશે એવી આશાએ હું જીવી રહ્યો છું.

### લેનાર તો મરવાનો જ!

હું સાંભળું છું કે ખેડા જિલ્લાની શુદ્ધતા તો નામની જ છે. તે સરકારના કોઈ માણસને નહીં મારે, પણ જો કોઈ પાટીદારના માલની હરાજી થાય ને બીજો કોઈ તેને ખરીદનાર મળે તો તે તો જીવતો ન જ જાય. તેની ઉપર તો લાગ આવ્યે પાટીદાર "બરચો" વેર લીધા વિના ન જ છોડે. આ અહિંસા કેવી હશે વારુ? કોઈ પણ આપણી મિલકત લે તો તે સરકારનો માણસ ઠર્યો. સરકારનાં માણસોને તો ન જ મારવાં એવો ઠરાવ કબૂલ કર્યા પછી પેલા ખરીદનારને કેમ મરાય? વળી આપણી પ્રતિજ્ઞામાં ક્યાંય એવા અપવાદ છે જ નહીં. અને જો પાટીદાર કે બીજા આમ પોતાના વિચારમાં સુધ્ધાં પોતાની પ્રતિજ્ઞાને મેલી બનાવશે તો સ્વરાજ

Gandhi Heritage Portal

નહીં જ મળે. સ્વરાજ ફાવે તેવા ભલાબૂરા માર્ગે મેળવવાની આપણી પ્રતિજ્ઞા નથી. સ્વરાજ શાંતિથી ને સત્યથી મેળવવું છે એવો મહાસભાનો સામાન્ય ધર્મ છે—એવો અસહકારીનો વિશેષ ધર્મ છે. મહાસભામાં દાખલ થનાર સર્વને સત્ય ને શાંતિ બંધનકારક છે એ ભૂલવું ન જ જોઈએ. અસહકારમાં ગુસ્સાને અને મારપીટને વધારે અવકાશ રહે છે. તેથી અસહકારની સાથે "શાંતિમય" શબ્દ વધારે સાવચેતી સારુ જોડી દીધો છે. એટલે મારી ઉમેદ છે કે ગુજરાતની લાજ રાખવાને ઉત્સુક પાટીદાર કે બીજા પોતાના મનમાંથી મેલમાત્રને અને ભયમાત્રને ઝટ કાઢશે.

### બારડોલી – આણંદ

આ બે તાલુકાની વિશેષ ફરજ છે. તેઓ જો હવે જલદી તૈયાર ન થાય તો તેમની અને ગુજરાતની લાજ જવાની છે. નિર્ભયતામાં—જેલ જવામાં, મારપીટની બરદાસ કરવામાં સંયુક્ત પ્રાંતના હિંદુમુસલમાન, બંગાળના હિંદુમુસલમાન, પંજાબના હિંદુ, પઠાણ, શીખ વગેરે પાસ થઈ ચૂક્યા. હવે બારડોલી-આણંદ જે ખૂબ ગવાયાં છે તે જલદી તૈયાર ન થાય તો આપણું નાક જવાનું છે. આપણે જેલ તો જવું જ છે, પણ આપણે લાયકાત ને શક્તિ તો મરવાને સારુ મેળવવાનાં છે. લાયકાત આવે તો શક્તિ આવે જ. બધા ખાદી પહેરતા થઈ જાય. સમિતિ પાસે ખાદીનગરની વપરાયેલી પવિત્ર ખાદી છે તેનો ઉપયોગ કરી લે અને હવે પછી પોતાના તાલુકામાં જ પેદા થયેલી ખાદી પહેરે. બૈરાંઓ પણ આજે સર્વનો સાધારણ ધર્મ છે તે પાળતાં થઈ જાય. ઘેર ઘેર લોકો ઉદ્યોગી બનો રેંટિયા ચલાવતા થઈ જાય ને સારું મજબૂત સૂતર કાંતે. ગામેગામ સુંદર પીંજણો ચાલે. ઢેડભંગીને સહુ ભાઈ સમજી તેમની સેવા કરે, તેમનાં બાળકોને રાષ્ટ્રીય શાળાઓમાં દાખલ કરે, તેમને બોલાવી લાવે, તેમની ઉપર માયા બતાવે. સહકારીઓ રહેતા હોય તેમને પણ નિર્ભય કરે. હિંદુમુસલમાન પારસી ખ્રિસ્તી સૌ આપસમાં મેળ કરે. આમાં અઘરું શું છે? મોંઘું શું છે? રેંટિયો ને ખાદી તે તો આપણને પૈસા આપે છે. બીજી વસ્તુઓ વિશાળ દોષો ટાળવાની છે તેમાં ભારે કશું ન લાગવું જોઈએ. હું માગી લઉં છું કે બારડોલીનિવાસીઓ રાતદહાડો સતત મહેનત કરી લાયક બની મોડામાં મોડા મને ૨૦મી તારીખે મંત્રીનાં કે પ્રમુખનાં પોતાની લાયકાત તથા તૈયારી વિષેનાં પ્રમાણપત્ર મોકલે અને તે જ પ્રમાણે તે તારીખે કે તે પહેલાં આણંદનિવાસીઓ અબ્બાસ સાહેબનું પ્રમાણપત્ર મોકલે.

### જો સાચા હોય તો

જો આ ભાઈઓ સાચા ને શૂરા હોય તો સરકારની મહેસૂલ આજથી જ ભરવાનું મુલતવી રાખશે. લડાઈ કરવી જ છે એવું જેણે મનમાં ધારી લીધું છે તે પોતે તો છેવટે મહેસૂલ ભરવાનું બંધ રાખે જ. તાલુકાના બધા માણસો મહેસૂલ ભરી દઈને એમ નહીં કહે કે હવે અમારે લડવું છે.

### બીજાઓનું શું?

મહેસૂલ ન ભરવા તો આખું ગુજરાત તૈયાર છે એમ મને કોઈ સંભળાવે છે. તેમને પણ હું મહેસૂલ ભરવાનો ઇનકાર કરવાની સલાહ ન આપું? મારાથી ન જ અપાય. જે વ્યક્તિ પોતાની ઇચ્છાએ ન ભરવા માગે તેને તો હું ફરજ ન પાડું. એવી ફરજ પાડનારો પણ હું કોણ? પણ આખી પ્રજાને મહેસૂલ રોકવાની સલાહ આપવાનું જોખમ હું ન ખેડું.

મહેસૂલ ન ભરવામાં આપણો અંગત સ્વાર્થ નથી. મહેસૂલ ન ભરવામાં વિનય બતાવવાનો રહ્યો છે. અને જો મહેસૂલના કાયદાનો સવિનયભંગ કરવા ધારતા હોઈએ તો આપણે શુદ્ધ

Gandhi Heritage Portal

બનવું જોઈએ. તેથી જેઓ પોતે હિંદુમુસલમાન ખ્રિસ્તીપારસી વચ્ચે એકદિલને ધર્મ માને છે, જેઓ શાંતિ રાખવાનું સમજ્યા છે, જેઓ ઢેડભંગીને ભાઈ સમાન ગણી તેમનો સ્પર્શ કરી પોતાને અભડાયા નથી માનતા, જેઓ પહેરવેશમાં ખાદીનો જ ઉપયોગ કરનારા છે ને જેઓમાં મરવાની અને પોતાની મિલકત જતી કરવાની હિંમત છે તેવાઓ મારી સલાહ મેળવ્યા વિના ભલે મહેસૂલ ન ભરે.

પણ આ વ્યક્તિગત વાત થઈ. જેને જરા પણ સમજાવવાની જરૂર રહેતી હોય એવી પ્રજાસમસ્તને તો હું મહેસૂલ રોકવાની સલાહ ન જ આપી શકું. તેનું મુખ્ય કારણ તો એ છે કે મને એવો વિશ્વાસ નથી કે ગુજરાતના બધા તાલુકામાં લોકો હજુ એવા તૈયાર થયા છે કે મહેસૂલ ભરવાનો ઇનકાર કરી પોતાનો માલ વેચવા દે ને છતાં ગુસ્સો ન કરે. તેથી સામાન્ય જનસમાજને સારુ ડહાપણ એ જ છે કે તેને મહેસૂલ ભરવાની જ સલાહ આપવી. તે છતાં જે નહીં ભરે તે ભલે ન ભરે. મહેસૂલ ભરનારથી બીજું જે થઈ શકે તે કરે. આખું હિંદુસ્તાન મહેસૂલ ભરશે તે કંઈ પડી ગયેલું નહીં ગણાય. તેની તરફથી અનેક પ્રકારની મદદ લઈશું. એટલે મારી બે સલાહ થઈ :

૧. બારડોલી — આણંદને જો સામુદાયિક સવિનયભંગ કરવો હોય તો તેઓ મહેસૂલ ન જ ભરે, પછી ભલે તેમની ઇનામી જમીન[૧] પણ ખાલસા થાય.

૨. તે સિવાયના બીજા તાલુકાની સમાજને મારી સલાહ એવી છે કે તેઓ મહેસૂલ ભરે.

પણ અસહકારમાં બીજી મદદ આપે. આવી સલાહ મળતાં છતાં જે પોતે બધી શરત પાળવામાં નિશ્ચયવાન હોય ને મહેસૂલ પોતાને જોખમે ન ભરે તો તેવાઓને જરૂર ધન્યવાદ ઘટશે. પણ તેમણે એવી મગરૂરી ન આણવી કે પોતે ભારે હિંમતવાન થયા ને બીજા બીકણ ગણાય. સહુ પોતપોતાની શક્તિ પ્રમાણે કરે છે એમ માની ભારે બલિદાન દેનાર પણ નમ્ર રહે ને વધારે દેવા તૈયાર થાય.

### શ્રી મહાદેવનો કાગળ

નીચેનો શ્રી મહાદેવ દેસાઈનો કાગળ[૨] મથાળું ને સહી છોડી અક્ષરશઃ છાપું છું. એ કાગળ જેલના કાયદાથી વિરુદ્ધ મોકલાયેલો ગણું છું. દક્ષિણ આફ્રિકામાં આવા કાગળોનો ઉપયોગ પણ કરવાની મેં ના પાડેલી; પણ અહીં જોઉં છું કે મહાદેવ દેસાઈએ કરેલા નિર્દોષ ભંગને ક્ષંતવ્ય ગણવો જોઈએ. જેલમાં ચાલતી ડાયરશાહી વખતસર ઉઘાડી પાડવાનો બીજો ઇલાજ નથી. એ ભંગને સારુ જો દુઃખ ભોગવવું પડે તો મહાદેવને જ પડે તેમ છે. ભલે તેને પણ લક્ષ્મીનારાયણની જેમ નેતરની સોટીની સોળો વાંસામાં ઊઠે. એવું જોખમ ખેડીને પણ મહાદેવે લખવું જોઈતું જ હતું. જો સરકાર કેદીઓને જરા પણ છૂટ આપવા ઇચ્છતી હોય તો તેનો આ કાગળમાં થયો છે તેવો સદુપયોગ તેઓ જરૂર કરે. આ કાગળમાં આપેલી બીનાઓ વિષે હું આ વખત વધારે લખવા ઇચ્છતો નથી. હું તો હિંદુસ્તાનની ધીરજ ને શાંતિ જોઈ સાનંદાશ્ચર્યના સમુદ્રમાં નાહી રહ્યો છું. આટલી આત્મશુદ્ધિની મેં આશા નહોતી રાખી. કેદીઓએ

૧. ખાસ અધિકાર ભોગવટા હેઠળની જમીનો.

૨. આ પત્ર, જે અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી તેમાં ફટકા મારવા સહિત રાજદ્વારી કેદીઓ તરફના ખરાબ વર્તાવનું બયાન આપવામાં આવ્યું હતું અને બે સ્વયંસેવકો, કૈલાસનાથ અને લક્ષ્મીનારાયણ, જેમને ફટકા મારવામાં આવ્યા હતા તેમનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

Gandhi Heritage Portal

જયઘોષ પોકાર્યા તે પણ ઉદ્ધતાઈથી નહીં પણ તે તો તેમનો હક છે એમ માનીને. અને જ્યારે મહાદેવે લક્ષ્મીનારાયણનું ધ્યાન એ ગફલત તરફ ખેંચ્યું ત્યારે તેણે કેટલી સરળતાથી તત્ક્ષણ ભૂલ કબૂલ કરી! ખરેખર ઈશ્વરનો હાથ જ આ લડતમાં છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫-૧-૧૯૨૨

## ૭૯. એમ. આર. જયકરને[1] લખેલા પત્રમાંથી ઉતારો

રવિવાર સવાર [જાન્યુઆરી ૧૫, ૧૯૨૨][2]

એક સભામાં હું ખૂબ રોકાયેલો હતો ત્યારે મને તમારી ચિઠ્ઠી મળી. તમારી ચિઠ્ઠીનો જવાબ લખવા અને ૧૦ વાગ્યાની સભા માટે ઠરાવો ઘડવા માટે હું વહેલો ઊઠયો છું.[3]

શ્રી પટેલે[4] તમારું જે અપમાન કર્યું તેને મેં અનેક પ્રસંગોએ તેમણે કરેલાં મારાં અપમાનો જેવું ગણ્યું છે. એ તો એમનો સ્વભાવ થઈ પડયો છે. હું તો ખરેખર એમ માનવા લાગ્યો હતો કે તમે અને તે, ગમે તેમ પણ ઉત્તમ મિત્રો બન્યા છો. તો તમે મને રજા આપો તો હું તમારો પત્ર શ્રી પટેલને તેમના પોતાના જ ભલા માટે દેખાડવા માગું છું. તેઓ અને હું દિલથી એકરાગ નથી એ વાત તમે જાણો છો. હું માની લઉં છું કે તેમનો રસ્તો એ મારો રસ્તો નથી. તેઓ જાણે છે કે અમે જુદી જુદી દિશામાં જનારા છીએ. આટલું શ્રી પટેલ માટે.

મારે સત્યના પક્ષ સિવાય બીજો કોઈ પક્ષ નથી. સત્ય સિવાય બીજી કોઈ પણ ચીજ માટે હું જીવવા માગતો નથી. માલવિયાજી થોડા વખત પૂરતા બીજા પક્ષમાં હોય તોપણ જેમ હું તેમનો ત્યાગ નથી કરી શકતો તેમ, તમે અસહકારની હરોળમાં રહો કે ન રહો, છતાં તમારો પણ હું ત્યાગ ન કરી શકું. કારણ કે હું તમને સત્યના પૂજારી ગણું છું. તમે મારા પર એવી છાપ પાડી છે કે ખોટાને ખોટું જાણ્યા પછી તમે તે નહીં કરો, એટલા તમે સંસ્કારી છો.

[મૂળ અંગ્રેજી]

ધ સ્ટોરી ઑફ માય લાઇફ, પુસ્તક ૧, પા. ૫૨૪

૧. એમ. આર. જયકર (૧૮૭૩-૧૯૫૯); વકીલ અને મૉડરેટ આગેવાન; ફેડરલ કોર્ટ ઑફ ઇન્ડિયાના ન્યાયમૂર્તિ; પૂના યુનિવર્સિટીના કુલપતિ.

શ્રી જયકરના જાન્યુઆરી ૧૪, ૧૯૨૨ના પત્રના જવાબમાં આ પત્ર મોકલવામાં આવ્યો હતો. શ્રી જયકરે તેમના પત્રમાં મુંબઈની નેતા પરિષદના પહેલા દિવસની બેઠકમાં વિઠ્ઠલભાઈ પટેલની ટીકા વિષે ફરિયાદ કરી હતી.

૨. મૂળમાંથી.

૩. કદાચ, નેતા-પરિષદે આગલે દિવસે નીમેલી સમિતિ માટે. પરિષદે પસાર કરેલા ઠરાવો સાથે પોતાને સંબંધ નથી એમ ગાંધીજીએ જણાવ્યું; જુઓ આ પછીનો લેખ.

૪. વિઠ્ઠલભાઈ પટેલ (૧૮૭૩-૧૯૩૩) વલ્લભભાઈ પટેલના મોટા ભાઈ; ૧૯૦૮માં બૅરિસ્ટર થયા; મુંબઈની ધારાસભાના એક સભ્ય; વડી ધારાસભાના પ્રથમ ચૂંટાયેલા અધ્યક્ષ, ૧૯૨૫-૩૦.

Gandhi Heritage Portal

# ૮૦. મુંબઈની નેતા-પરિષદમાં ભાષણ[1]

જાન્યુઆરી ૧૫, ૧૯૨૨

પ્રમુખશ્રી અને મિત્રો,

શ્રી એન. વી. ગોખલે ત્રણ કે ચાર સવાલો પૂછે એ તદ્દન યોગ્ય છે. તેમણે આ સવાલો પૂછ્યા છે અને આ ઠરાવો ઘડવાના કામમાં સમિતિને મદદ કરવામાં મેં શો ભાગ ભજવ્યો છે તેની મારે પૂરી સ્પષ્ટતા કરવી જોઈએ એમ મને લાગે છે. ગઈ કાલે તમને જે ઠરાવો વાંચી સંભળાવવામાં આવ્યા તેમાં મહત્ત્વના ઘણા ફેરફારો થયા નથી એ તમે જોઈ શકશો. હું આ પરિષદના ઠરાવોનો પક્ષકાર બનવા માગતો નથી અને મને સંબંધ છે ત્યાં સુધી અસહકારીઓ પણ પક્ષકાર નહીં બને એ વાત આ પરિષદે ખ્યાલમાં રાખવી જોઈએ. (વાહ, વાહ.) વળી તેઓ ચર્ચામાં પણ ભાગ નહીં લે. મારો નમ્ર મત એવો છે કે જેઓ અસહકારીઓ નથી તેમનો, આ ઠરાવોનો પૂરેપૂરો અર્થ સમજવાનો અને પોતાની ઇચ્છા પ્રમાણે તેમનો સ્વીકાર કે ઇનકાર કરવાનો ખાસ અધિકાર અને ફરજ છે. ગઈ કાલે મેં અસહકારીઓના કર્તવ્યની ચોખવટ કરી હતી અને ગઈ કાલે મેં જે કહ્યું હતું તે શબ્દેશબ્દ આજે ફરી કહી જાઉં છું. તેમનું કાર્ય માત્ર સલાહકારનું જ છે. પરંતુ આ ઠરાવો સાથે તેઓ એકરસ થતા નથી. એનો અર્થ એવો થતો નથી કે આ ઠરાવો વિષે તેઓ કશો અભિપ્રાય ધરાવતા નથી. તેઓ આ ઠરાવો વિષે અભિપ્રાય જરૂર ધરાવે છે. એવી કેટલીક વસ્તુઓ છે જે અમુક સંજોગોમાં અસહકારીઓએ ફરજરૂપે કરવાની હોય છે. આ ઠરાવો અસહકારી પર જે જવાબદારીઓ નાખવા માગે છે તે વિષે તેમનું શું વલણ હશે તેની હું અંગત રીતે આપને સમજૂતી આપું. પહેલા ઠરાવ અંગે મેં ગઈ કાલે જે કહ્યું હતું તેથી વિશેષ મારે કંઈ પણ કહેવાનું નથી. હું કહું છું કે તે જેમનો તેમ રહે છે.

બીજો ઠરાવ પણ જેમનો તેમ જ રહે છે. તે અંગે મારે આ પરિષદને એ કહેવાનું છે કે, [પરિષદની] સમિતિ સમક્ષ કરેલી વાત હું ફરીથી કહું છું કે જો પરિષદ આ ઠરાવને કારોબારી સમિતિ[2] પર સત્તાવાર રીતે મોકલી આપશે તો એ કારોબારી સમક્ષ મૂકવામાં આવશે અને કારોબારી સમિતિ તે પર વિચારણા કરશે અને પરિષદની સમિતિને મેં ખાતરી આપી છે, અને એ ખાતરીનું હું પુનરુચ્ચારણ કરુ છું કે, ગોળમેજી પરિષદ ભરવાની મંજૂરી આપવામાં આવશે એવી આશાએ આ સભાગૃહ નિયુક્ત કરે તે સમિતિ સરકાર સાથે વાટાઘાટો કરે ત્યાં સુધી, અમદાવાદની કૉંગ્રેસે વિચારેલો સામાન્ય સવિનયભંગ મોકૂફ રાખવાની, હું કારોબારી સમિતિને સલાહ આપીશ. પરંતુ આ માસની ૩૧મી પછી સામાન્ય સવિનયભંગ મોકૂફ રાખવાની દેશને

૧. હિન્દુ, ૧૭–૧–૧૯૨૨ના જણાવ્યા પ્રમાણે, જાન્યુઆરીની ૧૪મીએ પરિષદે નિયુક્ત કરેલી સમિતિની બેઠક પરિષદ ફરી શરૂ થાય તે અગાઉ જાન્યુઆરીની ૧૫મીએ મળી હતી અને તેમાં ગાંધીજી "એક સલાહકાર તરીકે અને બિનસત્તાવાર રીતે"હાજર રહ્યા હતા. પરિષદની બેઠક ફરી સાંજે ૬ વાગ્યે મળી અને હિન્દુ, ૧૮–૧–૧૯૨૨ના અંકમાંથી લેવામાં આવેલું આ ભાષણ 'મહાત્મા ગાંધીનું પૂરું ભાષણ" એ મથાળા હેઠળ પ્રગટ થયું હતું.

૨. કોંગ્રેસની.

Gandhi Heritage Portal

સલાહ આપવાનું મારાથી નહીં બની શકે. મારે તમને એ પણ કહેવું જોઈએ કે આ સમયમર્યાદા લંબાવવાનું મારા પર દબાણ લાવવામાં આવ્યું હતું પરંતુ એ પ્રમાણે હું કરી શકચો નથી તેનું મને દુ:ખ થાય છે. એમ ન કરવાની મારી અશક્તિનું કારણ હું બહુ જ ટૂંકમાં કહેવા ઇચ્છું છું. મારે માટે તો ૧૫ દિવસ પણ મહત્ત્વના છે. આજે દેશમાં જે કંઈ બની રહ્યું છે તે ધ્યાનમાં રાખીને મેં તમારી સમક્ષ બીજું એક કારણ રજૂ કર્યું હતું. અસહકારીઓએ ગમે તે ભૂલો કે દોષો કર્યા હોય છતાં દેશમાં ચાલી રહેલા સરકારી દમનનો મુદ્દલ બચાવ થઈ શકે તેમ નથી એમ હું માનું છું અને અસહકારીઓ તેનો એકમાત્ર જવાબ કેવળ સામાન્ય સવિનયભંગ આદરીને જ આપી શકે તેમ છે. પરંતુ મારા જે દેશબંધુઓ અસહકારીઓ નથી તેમનો ટેકો મેળવવા માટે અને અમારા પક્ષે તેમની સહાનુભૂતિ સંપાદન કરવા સારુ, મેં સંકોચપૂર્વક કહ્યું છે કે અમે એક પખવાડિયા માટે સામાન્ય સવિનયભંગ મોકૂફ રાખીશું. ("વાહ, વાહ".) આ બાબતમાં હું કારોબારી સમિતિને મારી તરફેણમાં રાખી શકીશ એવી મને આશા છે. આ વિષય પર ગઈ કાલે રાતે અમારી એટલે અસહકારીઓ વચ્ચે અવિધિસરની ચર્ચાવિચારણા થઈ હતી અને તેમના તરફથી જણાવવાની મને સત્તા આપવામાં આવી છે કે આ પરિષદે નિયુક્ત કરેલી સમિતિ વાઇસરૉયની સાથે વાટાઘાટમાં ઊતરી શકે તે માટે એક પખવાડિયા સુધી થોભી જવાનો તેમણે નિર્ણય કર્યો છે, એ વાત અમને વાઇસરૉયની નજરમાં વાજબી ઠરાવશે અને અમે સમજદાર માણસો છીએ એમ બતાવી આપશે. સફળતાની કંઈ પણ આશાથી ગોળમેજી પરિષદ બોલાવી શકાતી હોય તો અમને તે વિષે કંઈ જ વાંધો નથી. અને સૌથી વધારે મહત્ત્વનું તો એ છે કે અમારા જે દેશબંધુઓ અમારી સાથે એકમત થતા નથી તેમની સાથેના સંબંધો અમે સુધારી લેવા માગીએ છીએ. ફતવા કેદીઓને છોડી મૂકો અને જે કેદીઓને સજા કરવામાં આવી હોય અથવા સાધારણ કાયદા હેઠળ કે સુધારેલા ફોજદારી કાયદા હેઠળ અને રાજદ્રોહી સભાના કાયદા હેઠળ જેમની સામે મુકદ્દમા ચાલતા હોય તેમને છોડી મૂકો. અમે ગઈ કાલે આની જ માગણી કરી હતી અને એ શરતો માટે હું આગ્રહ કરી રહ્યો છું. હું મારા મૉડરેટ મિત્રોના લાડને તાબે થઈ રહ્યો છું એમ કહી મારા અસહકારી મિત્રો કદાચ રોષે ભરાશે. તેઓ મારા પર એવો આક્ષેપ કરે તો હું દોષિત તો છું. (હસાહસ.) સાધારણ કાનૂન પ્રમાણે સજા થઈ હોય કે મુકદ્દમો ચાલતો હોય તેવા રાજદ્વારી કેદીઓ વિષે મેં ગઈ કાલે તમને જણાવ્યું હતું કે આ પરિષદે કરેલી ભલામણોમાં આવા બધા કેદીઓને આવરી શકાય કે નહીં તે આ પરિષદે નીમવાની સમિતિએ નક્કી કરવાનું રહેશે. પણ હકીકતોના સચોટપણાથી અને મિત્રોના દબાણથી હું ખેંચાઈ ગયો હતો. એટલે મેં કહ્યું કે "તમે સરપંચ નીમવાની સત્તા સાથે એક માણસ તમારામાંથી અને બીજો સરકારમાંથી નીમવા ઇચ્છો તો હું એ દરખાસ્ત સ્વીકારી લઈશ." આ દરખાસ્તનો સ્વીકાર કરવા માટે મારા અસહકારી મિત્રો મારા પર ગુસ્સે નહીં થાય એવી હું આશા રાખું છું. દેશના સામાન્ય કાયદાનો તો દુરુપયોગ જ થયો છે અને તેનો ખોટી રીતે અમલ કરવામાં આવ્યો છે, પણ તેની હેઠળ જેમને કેદ કરવામાં આવ્યા હોય તે લોકોના કેસ આ નાની સમિતિ તપાસશે અને તેમને છોડી મૂકવા ભલામણ કરશે. જેલમાં ગયેલા આપણા દેશબંધુઓનું હિત એ સમિતિના હાથમાં તદ્દન સલામત રહેશે એમ માનતાં મને જરાયે સંકોચ થતો નથી. તમે જોશો કે ગઈ કાલના ઠરાવમાં એક શરત એવી હતી કે વિરોધાત્મક પ્રવૃત્તિ આજથી બંધ થઈ જશે. આ વિષે મેં એક શબ્દપ્રયોગ સમિતિ સમક્ષ મૂકચો અને મેં જોયું કે હું તો મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ ગયો છું. (હસાહસ.) આપને જાણીને આશ્ચર્ય થશે કે પંડિત કુંઝરુની

Gandhi Heritage Portal

તીક્ષ્ણ બુદ્ધિએ તેમાં રહેલી ક્ષતિ પારખી કાઢી અને એ ક્ષતિએ મને સાચા માર્ગે ચડાવી દીધો અને મેં "ના" કહી. સામાન્ય પ્રકારના કોઈ શબ્દપ્રયોગનો હું એક ક્ષણ માટે પણ ઉપયોગ કરવા માગતો નથી. અમારી લડત શુદ્ધમાં શુદ્ધ છે. દેશના લોકોથી કે વાઈસરૉયથી અમારે કશું પણ છુપાવવાનું નથી. મારે સંબંધ છે ત્યાં સુધી અમારા મનમાં શું છે તે તેમણે સૌએ બરાબર જાણવું જોઈએ. એમાં ગોળમેજી પરિષદ દરમ્યાન સામાન્ય વિરોધી પ્રવૃત્તિઓ મોકૂફ રાખવાનો સવાલ રહેલો છે. હું માત્ર ચોક્કસ વસ્તુનો સ્વીકાર કરવા સુધી જ જઈ શકું. અને સમાધાન કરવા માટે મેં ઈરોડ (મદ્રાસ)ની અનેક બહેનો તથા પૂનાના શ્રી લવાટેના હિતનો ભોગ આપ્યો છે. પરિષદ ચાલતી હશે તે દરમ્યાન દારૂનાં પીઠાં પરનું પિકેટિંગ પણ અમે મોકૂફ રાખીશું એવું મેં કહ્યું છે. વાઈસરૉય કે બીજું કોઈ પણ અમારા પર વિશ્વાસઘાતનો આરોપ ન મૂકી શકે એટલા માટે મેં આ ભોગ આપ્યો છે. સરકારે પૂરી કરવાની શરતો જો સરકાર સ્વીકારે તો અમે હડતાળ મોકૂફ રાખીશું, પિકેટિંગ પડતું મૂકીશું અને સવિનયભંગ પણ મોકૂફ રાખીશું. અલબત્ત, મને કહેતાં દુ:ખ થાય છે કે અમારે દારૂનાં પીઠાંનું કાયદેસરનું, શાંત અને નિષ્ઠાપૂર્વકનું પિકેટિંગ બંધ કરવું પડશે. પરંતુ મને આશા છે કે મારા અસહકારી મિત્રો આ કારણે મારા પર રોષે નહીં ભરાય. મારે જે મુખ્ય વાત કહેવાની છે તે એ છે કે અસહકારની બીજી કોઈ પ્રવૃત્તિ બંધ રાખવામાં નહીં આવે. શ્રી કુંઝરુએ મને પૂછ્યું કે આ કેદીઓને છોડી દેવામાં આવે અને આ સરકારી જાહેરનામું પાછું ખેંચી લેવામાં આવે તો તમે સ્વયંસેવકો નોંધવાનું કામ બંધ નહીં કરો? હું ભારપૂર્વક "ના" કહું છું. એક ક્ષણ માટે પણ સ્વયંસેવકોની ભરતીનું કામ હું બંધ નહીં કરું. . . . સવિનયભંગની તૈયારીરૂપ છે[1] . . . એ કારણે અમે એનો સ્વીકાર કરી શકીએ તેમ નથી. આ તૈયારીઓ આક્રમણાત્મક કે દુશ્મનાવટભરેલી નહીં હોય. સામાન્ય સવિનયભંગ કરવા અત્યારે જેઓ તૈયાર છે તેમના હિતમાં તે છે. ચોક્કસ ક્ષણે તેમણે સવિનયભંગ કરવો પડશે એટલા માટે તેમણે પોતાને માટે તૈયારીનું વાતાવરણ રાખવું પડશે. આમાં હું કંઈ દુશ્મનાવટભર્યું કરી રહ્યો હોઉં એમ હું માનતો નથી. આ પરિષદની પૂર્ણાહુતિ પછી આવતી કાલે મળનારી કારોબારી સમિતિ સાથે મંત્રણા કરીને જે બાંયધરી આપવાનું મેં સ્વીકાર્યું છે તેનો શો અર્થ થાય તે આ પરિષદ સમજે એમ હું ઇચ્છું છું. મેં મારું આખું કામ પૂરું કર્યું છે. વિષયવિચારિણી સમિતિને પણ મેં કહ્યું હતું કે આ બધી વસ્તુઓ વાંધા વિનાની છે. સરકાર આજે આ વસ્તુઓ મંજૂર રાખે કે ન રાખે પણ મારે માટે મુખ્ય વસ્તુ એ છે કે અમે ખિલાફતનો સવાલ છોડી દીધો છે એમ વાઈસરૉય કહી ન શકે. ખિલાફત વિષે મોકળું મન રાખવાનો સવાલ નથી. પંજાબ વિષે પણ મોકળા મનનો સવાલ નથી. દેશ સમક્ષ લાંબા સમયથી ઓછામાં ઓછી એવી માગણી પડી છે જે ઘટાડી જ ન શકાય. ખિલાફત વિષે અને પંજાબ વિષે જે શરતોની માગણી કરવામાં આવી છે તેનો અમલ કેવી રીતે થઈ શકે એટલાની જ ચર્ચા થઈ શકે. ("હર્ષનાદ".) સરકાર સામેની બધી મુશ્કેલીઓની હું જરૂર કદર કરવા માગું છું, પણ આ માગણીઓનો મહત્ત્વનો સિદ્ધાંત તો પૂર્ણ સાંસ્થાનિક સ્વરાજ છે. તેના સુધી કેવી રીતે પહોંચવાનું છે? ગોળમેજી પરિષદમાં પણ વાઈસરૉય સમક્ષની મારી ભારપૂર્વકની રજૂઆત, આ દેશના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ વિચારી કાઢેલી સાંસ્થાનિક સ્વરાજની આ માગણીની ભાવનાને અનુરૂપ હોય એવી યોજના માટે હશે. "યોગ્ય રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ" એ શબ્દોનો અર્થ મારા મત પ્રમાણે કૉંગ્રેસના બંધારણ પ્રમાણે ચૂંટાયેલા એટલે ચાર આનાના

૧. આ વાક્યમાં કેટલાક શબ્દો ખોવાયા છે.

Gandhi Heritage Portal

મતાધિકારથી ચૂંટાયેલા સઘળા પ્રતિનિધિઓ એવા થાય. એટલે જે કોઈ ચાર આના આપશે તેમને મતદાર તરીકે નોંધવામાં આવશે અને તેઓ પ્રતિનિધિઓ ચૂંટશે. આ પ્રતિનિધિઓ પૂર્ણ સાંસ્થાનિક સ્વરાજની યોજના વિચારી કાઢશે. આ એક મોટો સવાલ છે એ હું જાણું છું. એ વાત હું તમારાથી, દેશથી કે મારાથી છુપાવતો નથી. હું એ પણ જાણું છું અને મને એવું ખૂબ લાગી આવે છે કે, એ જાતની માગણી કરવા માટે આ દેશ ખરેખર તૈયાર નથી. ગોળમેજી પરિષદ સફળ થાય એ વિષે મને ઘણી આશંકાઓ છે. તમારાથી કે દેશથી હું આ વસ્તુઓ છૂપી રાખું તો હું મારા સિદ્ધાંતને, જે મિત્રોનો સાથ મેળવવાનો મને અધિકાર સાંપડયો છે તેમને અને વાઇસરૉયને અને મારી જાતને બેવફા નીવડું. વાઇસરૉયને તો હું બેવફા નીવડવા માગતો જ નથી. અસહકારીઓ કે દેશ મારી સલાહ માન્ય રાખશે તો તેમણે જરા પણ ઓછું ન સ્વીકારવું એવું દબાણ હું તેમને જરૂર કરીશ. આ બધી વસ્તુઓ આપણને મળે નહીં ત્યાં સુધી આજે દેશ જે દુ:ખોથી પીડાઈ રહ્યો છે તેમાંથી આપણે છૂટીશું નહીં. આપણે આપણી યાતનાઓમાં રાચીએ છીએ, તેમાં ગૌરવ અનુભવીએ છીએ. આ બધી યાતનાઓ આપણા ઉપર એકાએક તૂટી પડે એવું આપણે ઇચ્છતા નથી. લાલા લજપતરાયે કહ્યું હતું તેમ આ દેશને નિચોવી કાઢવામાં આવ્યો છે. મારા પોતના દેશબંધુઓએ પૂરતું સહન કર્યું ન હોવાથી તેમનાં હિતોમાં મને ઓછી શ્રદ્ધા છે. મારા પોતાના મનમાં કેટલીક શંકાઓ છે. મને લાગે છે કે જે સમિતિ નીમવામાં આવે તે અસહકારીઓને નામે મારો આ સંદેશો વાઇસરૉયને પહોંચાડશે કે તેઓ ગોળમેજી પરિષદ બોલાવવા માગતા હોય, તો મેં કહ્યું છે તે કરતાં ઓછાથી અસહકારીઓને સંતોષ નહીં થાય એવી અપેક્ષા રાખીને જ તેઓ આ પરિષદ બોલાવે. આપણે દેશનાં સઘળાં લશ્કરી થાણાંનો હવાલો સંભાળી લેવા પૂરા સમર્થ છીએ અને પરદેશો અંગેની બધી જ અટપટી બાબતોનો ઉકેલ કાઢવા પૂરા સમર્થ છીએ એવો હું આ સ્થાનેથી એકરાર કરું છું. અનિષ્ટમાં અનિષ્ટ તો એટલું જ બને કે આ પૃથ્વી પરથી આપણે ભૂંસાઈ જઈએ. હિંદના મુક્ત વાતાવરણમાં હું જીવી શકતો હોઉં તો પૃથ્વીના પડ પરથી ભૂંસાઈ જવા માટે પણ હું તૈયાર છું. ("હર્ષનાદ".)

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૮–૧–૧૯૨૨

## ૮૧. તારનો સાર

[જાન્યુઆરી ૧૬, ૧૯૨૨ પહેલાં]

[મદ્રાસ] શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી એમ. સિંગારવેળુ લખે છે :

મહાત્માજી અમને લખી જણાવે છે કે લગભગ સંપૂર્ણ હડતાળ પાડવામાં આવી તેથી એક બાજુથી મને ખુશી થઈ છે. તેમ છતાં કેટલાક લોકોએ શણગાર વગેરેને નુકસાન કર્યું હતું. આ તોફાની તત્ત્વોને હવે પછી કાબૂમાં રાખવાના હેતુથી શોધી કાઢવા માટે શકય એટલું બધું જ કરી છૂટવા હું તમને સલાહ આપું છું.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૬–૧–૧૯૨૨

Gandhi Heritage Portal

# ૮૨. દોસ્તીનો ન્યાય

મોપલા બાબતના હસરત મોહાનીના ભાષણથી ઘણા હિંદુઓને ક્ષોભ પહોંચ્યો છે.[1] મદ્રાસ તરફથી મહાસભાના માણસોએ મૌ. હસરત મોહાની વિરુદ્ધ કાગળો[2] પણ લખ્યા છે. એ બેમાંથી એકેનો વિચાર વાંચનાર ન કરે એ ઇચ્છવા જેવું છે. મૌલાનાની દૃષ્ટિ એક છે, મલબારી હિંદુઓની બીજી છે. મૌલાનાએ અમુક સ્થિતિ માની લઈને તેને લડાઈનો કાયદો લાગુ પાડયો છે; મલબારી હિંદુઓએ સ્થિતિ જેવી જાણી છે તેવી વર્ણવી મૌલાનાનો પ્રતિરોધ કર્યો છે. મૌલાનાએ માન્યું કે મોપલાઓએ જેહાદ કરી છે, ને જેહાદનો નિયમ એ છે કે જે દુશ્મનને મદદ કરે તે દુશ્મન બને. હિંદુઓએ સરકારી અમલદારને ખબર કરી તેથી તે દુશ્મન બન્યા, અને એવી સ્થિતિમાં હિંદુ તો શું, કોઈ મુસલમાન હોય તોપણ તેની સામે તે લડે. મલબારી હિંદુઓ કહે છે, "મોપલા બંડને લડાઈનું નામ ન અપાય; લડાઈ હોય તોપણ હિંદુ જે ગુલામ છે તેને દુશ્મન ન ગણાય; હિંદુએ પોતાનો જાન બચાવવા સારુ મોપલા કયાં સંતાય છે એ ખબર આપ્યા હોય તોપણ તેમને તેથી દુશ્મન ન ગણાય; કદાચ મોપલા દુશ્મન ગણે તોપણ તેમનાં બૈરાંછોકરાં, તેમનાં મંદિર વગેરે સહીસલામત રહેવાં જોઈએ; એક હિંદુ કંઈ કરે તેથી બધા હિંદુઓ દુશ્મન ન ગણી શકાય; મોપલાઓએ જે કર્યું છે તેમાં નથી પડોશીધર્મ સાચવ્યો કે નથી લડાઈનો કાયદો સાચવ્યો; મોપલાનો બચાવ કરવો એ યથાર્થ નથી ને તેથી હિંદુઓના મનમાં શક પેદા થવાનો સંભવ છે." હું તે દલીલ વાજબી માનું છું. પણ હું મૌલાનાને દોષ નથી દેતો. મૌલાના અંગ્રેજી સત્તાને દુશ્મનરૂપ જુએ છે. તેની સામે કોઈ પણ કંઈ કરે તેનો બચાવ તે કરવા ઇચ્છે છે. મોપલાને વિષે જે કંઈ કહેવામાં આવે છે તેમાં ઘણું જ ખોટું હોય છે એમ તેઓ માને છે ને તેથી મોપલાઓનો દોષ જોવા તેઓ તૈયાર નથી. આ બધી ટૂંકી નજર છે એમ હું માનું છું, પણ તેથી હિંદુઓએ દુ:ખ માનવાનું કારણ નથી. મૌલાના પોતાના મનમાં છે તે કહે છે. તે સાચા માણસ છે, હિંમતવાન છે. સહુ જાણે છે કે તેમના મનમાં હિંદુઓને વિષે દ્વેષ નથી. તે જે બોલે છે તે હિંદુ પ્રત્યેના દ્વેષથી નહીં પણ અંગ્રેજી રાજ્ય પ્રત્યેના રોષથી બોલે છે.

આ સ્થિતિમાં હિંદુએ શું કરવું? તેણે મલબારી હિંદુનો બચાવ કરવો, તેણે પોતાનો પક્ષ મુસલમાનો પાસે રજૂ કરવો, પણ મૌલાના પર કે બીજા મુસલમાનો પર રોષ ન કરવો. કેટલાક મોપલાઓએ અત્યાચાર કર્યા એમ હિંદુઓ માને છે તેથી તેમને ટીકા કરવાનો અધિકાર છે. જે મુસલમાન તેનો ઇનકાર કરે તે મોપલાનો બચાવ કરે. બેમાંથી એક પણ પક્ષ જોયેલી વાત નથી કરતો.

વળી એટલું પણ યાદ રાખવું જોઈએ કે બધા મુસલમાનો કંઈ મૌલાના બોલે છે એમ નથી બોલતા. ઘણા મુસલમાનોએ મોપલાનું કામ વખોડી કાઢયું છે. સરકારે તો મોપલાની ગાંડાઈનો ખૂબ લાભ લીધો છે. કેટલાક મોપલા ગાંડા બન્યા તેથી આખી કોમને સજા કરી છે;

૧. ૧૯૨૧ ઑગસ્ટનાં તોફાનો દરમ્યાન, મોપલાઓએ હિંદુઓ પર અત્યાચાર કર્યા હતા અને અમદાવાદમાં મળેલી મુસ્લિમ લીગના અધ્યક્ષપદેથી મૌલાના હસરત મોહાનીએ તેમની વર્તણૂકને વેરની યોગ્ય વસુલાત તરીકે વાજબી ઠરાવી હતી.

૨. આમાંના બે પત્રોમાંના ઉતારા માટે જુઓ "હિંદુઓ અને મોપલાઓ", ૨૯-૧-૧૯૨૨ની પાદટીપ.

Gandhi Heritage Portal

અતિશયોક્તિ કરી હિંદુઓને ઉશ્કેર્યા છે. મોપલાના જેવી મલબારની હિંદુ કોમ તોફાની છે, તેઓને મોપલાની સામે લડાવી માર્યા છે. સરકારે જે કંઈ કર્યું છે તે હિંદુઓના બચાવને સારુ નથી કર્યું. સરકારે પોતાની સત્તાનો બચાવ માત્ર કર્યો છે.

હિંદુમુસલમાન બંને નબળા રહ્યા. નબળો જ હમેશાં રોષ કરે છે ને દ્વેષ કરે છે. હાથી કીડીનો દ્વેષ નથી કરતો. કીડી કીડીનો દ્વેષ કરે છે. જે હિંદુ મોપલાઓનાં અપકૃત્યોથી કે મૌલાનાના બચાવથી ડરે છે ને જે મુસલમાન વગર જોયે તપાસ્યે મોપલાઓનો બચાવ કરે છે તે બંને હિંદુમુસ્લિમ એકતાની શરતને સમજતા નથી. થોડા મુસલમાનની ગેરવર્તણૂકથી કે મૌલાના જેવાની ગેરસમજથી હિંદુએ હતાશ ન થવું જોઈએ. મુસલમાને મૌલાનાના જેવો બચાવ કરવાની ટેવ છોડવી જોઈએ. પણ બંને પક્ષ જો એકીવખતે ડહાપણ વાપરનાર હોય તો તકરાર કે કડવાશ થાય જ શાને? તકરારને સારુ હમેશાં બે પક્ષની જરૂર રહે છે. એક જ્યારે ભૂલ કરે ત્યારે બીજાએ શાંત રહી જવું જોઈએ. તો જ હિંદુમુસ્લિમ મિત્રતા નભે. એકની ભલાઈની શરતે બીજો ભલો રહે તે કંઈ દોસ્તીનો ન્યાય ન થયો. તે તો ન દોસ્તીનો ન દુશ્મનીનો ન્યાય થયો. તે તો વ્યાપાર થયો ને સાટું થયું. દોસ્તીમાં વેપાર કે સાટાને અવકાશ નથી. દોસ્તી બહાદુર બહાદુર વચ્ચે જ થઈ શકે. સાટું નબળા વચ્ચે હોય. આપણે નબળા ને સબળા બંને છીએ, તેથી હિંદુ-મુસ્લિમ વચ્ચેના સંબંધ દોસ્તી પણ છે ને સાટું પણ છે. સાટું મટી દિવસે દિવસે દોસ્તી વધતી જાય છે એમ આપણે માનીએ. એક પક્ષ દહાડે દહાડે શુદ્ધ થતો જાય ને બહાદુર બનતો જાય તો એ મિત્રતા હમેશને સારુ નભે.

બહાદુરીનો અર્થ દાંડાઈ નથી. જે પોતાના બળથી બીજાને કચરે તે બહાદુર નથી. પણ બળ હોવા છતાં કોઈને ડરાવતો નથી ને નબળાનું રક્ષણ કરે છે તે બહાદુર છે. બહાદુર ડરે તો શાનો જ? મુસલમાન શરીરે બળિયા છે; તેમને તો આખી દુનિયાની મદદ હોય તે છતાં હિંદુઓ પોતે ન ડરે ને ઈશ્વર ઉપર પોતાનો આધાર રાખી ન્યાયમાર્ગને લેશ પણ ન છોડે. મુસલમાન માને કે ભલે હિંદુની સંખ્યા વધારે છે, છતાં તે તેનો વિશ્વાસ કરે ને બહારના મુસલમાનની મદદ હિંદુની સામે લેવામાં શરમ માને. પણ બેઉ પક્ષ આમ સભ્ય વર્તણૂક ન ચલાવે, છતાં એક પક્ષ પણ સભ્ય રહે તો હિંદુમુસ્લિમ મિત્રતાને કદી આંચ આવવાની નથી. એટલે કે એક પક્ષ પણ જો પોતાના ધર્મ પર કાયમ રહેશે તો દુશ્મની કદી નહીં થાય. પોતાના ધર્મ પર કાયમ તો એ જ ગણાય કે જે પોતાની સહીસલામતીનું કામ કેવળ ઈશ્વરને કે ખુદાને સોંપે ને પછી નિશ્ચિતપણે કેવળ નીતિને માર્ગે જ ચાલે. આ કાયદાને જો હિંદુ મોપલાના કિસ્સાને લાગુ પાડે તો તે મોપલાનો દોષ જોતો છતાં પોતે મુસલમાનને દોષ ન દે. જે હિંદુને નુકસાન પહોંચ્યું હોય તેને મદદ દે ને દરેક સ્વાશ્રયી બને તેવી તજવીજ કરે.

સ્વરાજનો અર્થ એ છે કે એક પણ અનેકની સામે ઝૂઝે ને તેનાથી ન ડરે. હિંદુએ મુસલમાનની ખાનદાની ઉપર જ નભવાનું નથી. મુસલમાન હિંદુની હલકાઈથી ત્રાસ ન પામે. બંને પોતપોતાના બળ ઉપર નભે ને એકબીજાને પોષે. મોપલાના અત્યાચારથી એક પણ હિંદુ કેમ ભાગ્યો? અંગ્રેજ લશ્કરથી ડર ખાઈ એક પણ હિંદુએ કેમ મોપલાની વિરુદ્ધ ખબર આપી? મોપલા ક્યાં સંતાયા છે તેની ખબર આપવા કંઈ એક પણ હિંદુ બંધાયો ન હતો. એક પણ હિંદુએ મોપલાથી ડરી કેમ મુસલમાન ધર્મની ક્રિયાઓ કરવાનો ડોળ કર્યો? જે ન્યાય અંગ્રેજી સત્તાની સામે આજે લગાડીએ છીએ તે જ ન્યાય — મરી જવાનો — બધા અત્યાચારના પ્રસંગે

Gandhi Heritage Portal

લગાડવો જોઈએ. અત્યાચારીને હાથે મરીએ પણ તે કહે તે ન કરીએ તો આપણે સિંહ કરતાં બળિયા થયા. જે અત્યાચારીને મારીને હઠાવશે તે કોઈ દિવસ પોતે પણ અત્યાચાર કરવા લલચાશે, કેમ કે તે ઈશ્વર પર પોતાનો આધાર રાખવાને બદલે પોતાના બાહુબળ ઉપર આધાર રાખતો થશે. પોતાને ઈશ્વર માનનારનો નાશ જ સંભવે છે. તે કદી સ્વતંત્ર ન બને, કેમ કે તેણે તો ઈશ્વરના જ પદ ઉપર તરાપ મારી છે ને તે પદભ્રષ્ટ થયો છે. પદભ્રષ્ટને તો સ્વત્વની શોધ કરવાની રહી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬-૧-૧૯૨૨

# ૮૩. મારી નોંધ

### ગુજરાતીનો પશ્ચાત્તાપ

ગુજરાતીને હું ન સંભળાવું તો કોણ સંભળાવે? જેમણે પારકી ટિકિટ લઈને મહાસભા સમિતિમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કર્યો હતો[1] તેમને હવે ભારે પશ્ચાત્તાપ થયો છે એમ મેં સાંભળ્યું છે. હું બહુ રાજી થયો છું. મને તેમનું ખૂબ દુઃખ થયું કેમ કે હું વિશ્વાસ રાખતો હતો. પશ્ચાત્તાપ થયા પછી શરમાવાની જરૂર જરાયે નથી. અબ્બાસ સાહેબે મને પોતાની વાત કહી ને તે ઘણી મગરૂરીથી. પોતે બાદશાહ જેવા હતા તે છતાં એક વાર રેલની ચોરી કરવાનું ઘડીભર મન થઈ ગયું—મશ્કરીમાં. છતાં ચોરી તો થઈ જ. બીજા વર્ગની ટિકિટથી પોતાની સગીને પહેલા વર્ગમાં બેસાડી. તૈયબજી કુટુંબને હવે જુવાની આવી છે તેથી ત્રીજા વર્ગની મોજ માણે છે. પૂર્વે તો બધાં પહેલા વર્ગમાં જ બેસનારાં હતાં. તેમને ઘેર પહોંચતાં શરમ થઈ. "બદરુદ્દીનનો ભત્રીજો હું. મેં આવી ચોરી કરી એ જગત સાંભળે ત્યારે શું કહેવાય? અને ન સાંભળે તો પણ બદરુદ્દીન પોતે શું કહે? હું પોતે મને કેમ માફ કરું?" આમ પશ્ચાત્તાપ કરતા સાહેબ પાછા સ્ટેશન પર ગયા. બાકીના પૈસા ભરવાની સગવડ કરી. તારો મોકલ્યા કે બીજા જ સ્ટેશને પૈસા ભરી ટિકિટ બદલાવે. જેટલા પૈસા ચોરીથી બચત તેના બમણાનો ખર્ચ કરી આખા સ્ટેશનને પોતાનો ગુનો જાહેર કરી પોતે તે જ ક્ષણે પશ્ચાત્તાપ કર્યો ને હવે તૈયબજી કુટુંબ કેવું ખાનદાન છે એમ ગુનો વર્ણવીને બતાવી શકે છે. તે જ પ્રમાણે જો પેલા ભાઈને શુદ્ધ પશ્ચાત્તાપ થયો હોય અને થયો છે એમ સહુ મિત્રો મને જણાવે છે તો તે મોટા ભયમાંથી ઊગરી ગયા છે. તેમને શરમાવાનું કંઈ કારણ રહ્યું નથી અને હવે ઘણી સાવધાનીથી પોતે દેશસેવા ને આત્મસેવા કરે છે. શુદ્ધતાનાં જુદાં જુદાં માપ નથી હોતાં. કાટખૂણા જેમ બધા સરખા જ હોય છે તેમ શુદ્ધતા પણ તેવી સરખી હોય છે. તેમાં જરા પણ અશુદ્ધિ હોય ત્યાં સુધી તે શુદ્ધતામાં નહીં જ ગણાય. તેથી આપણે આપણો પોતાનો ઇન્સાફ કરતાં તો જરાયે માફી ન આપીએ. પોતા પ્રત્યે નિર્દય થવાની, ગુસ્સો કરવાની આપણને પૂર્ણ મુખત્યારી છે. અને એ ધંધો શીખી જઈએ તો આપણા રાગદ્વેષાદિને બિચારાને પણ કંઈક છૂટ મળે છે ને આપણે આપવી જોઈએ.

૧. જુઓ "કોંગ્રેસ અને પછી", ૫-૧-૧૯૨૨.

Gandhi Heritage Portal

## લાલાજીનો પત્ર

લાલાજીને અઢાર માસની સજા થઈ, તેમના સાથી પંડિત સંતાનમને પણ તેટલી જ. બીજા બે મલીક લાલખાન તથા દાક્તર ગોપીચંદને સોળ સોળ માસની. આ સજા પહેલાં લાલાજીએ કાગળ લખ્યો છે તેમાં તેઓ જણાવે છે કે "અમારી ફિકર ન કરશો. અમારી અગવડને લીધે પ્રજાના કામને ધક્કો ન પહોંચવા દેશો. હવે આપણે શરૂ કર્યું છે તો પૂરું જ કરી લઈએ. મેં લાંઘણ શરૂ કરી જ નહોતી. ખાસ સગવડો મેળવવા ખાતર હું લાંઘણ શરૂ કરું તેમ નથી. હું તો રાષ્ટ્રીય શાળાઓને સારુ હિંદુસ્તાનનો ઇતિહાસ રચવામાં રોકાયેલો રહું છું. પંડિત સંતાનમ સંસ્કૃતનો અભ્યાસ કરવામાં ગૂંથાયેલા રહે છે." આમ જેલોમાં હવે ખરા ગુનેગારને બદલે નિર્દોષ વિદ્વાનોનો વાસ શરૂ થયો છે એ હિંદના ઇતિહાસને સારુ કંઈ જેવી તેવી વાત નથી. હિંદનો આધુનિક ઇતિહાસ તો હવે જ લખવો રહ્યો.

## કાવ્યરસ

જલિયાંવાલા બાગની કતલના સ્મરણની વાત હું કવિશ્રીની[1] સાથે એક વેળા કરતો હતો ને તેમાં રસ લેવા તેમને લલચાવી રહ્યો હતો ત્યારે તેમણે કહ્યું : "એમાં કાવ્ય ક્યાં છે કે હું એમાં રસ લઉં? મને — કવિને તો કાવ્ય હોય તેમાં જ રસ આવે. જલિયાંવાલામાં તો ન ચાલતાં ફસાઈ ગયેલા માણસોને ગોળીઓ ખાવી પડી હતી. એવી ઘટનામાંથી કંઈ પ્રજામાં પ્રાણસંચાર ન થાય. જલિયાંવાલા તો પ્રજાની અસહાય દીન દશા સૂચવે છે. એનું વળી સ્મારક શું? આ ટીકામાં રહસ્ય ખૂબ હતું. સ્મરણ કાયમ રાખવાની સૂચના થઈ હતી તેમાં કવિની દૃષ્ટિ ન હતી એ મેં તેમને સ્પષ્ટ કરીને બતાવ્યું. મેં કહ્યું કે પ્રજા જલિયાંવાલા બાગને ભૂલે તો કાવ્યરસ પેદા જ ન કરી શકે. એ સમજ્યા પછી તેમણે મુંબઈની સભાને સારુ કાગળ લખવાનું કબૂલ્યું ને મોકલ્યો. પણ સભામાં તેમને કાવ્યની ન્યૂનતા ભાસી તેને લીધે સભામાં આવવાની તેમની હિંમત ન ચાલી.

પણ હવે કવિને કાવ્યનો વિષય મળી રહ્યો છે. લાલાજી સરખા સિંહ કંઈ જેલમાં ન ચાલતાં નથી જતા; તે તો ઇરાદાપૂર્વક જાય છે. જઈને ત્યાં પોતાને સારુ ખાસ સગવડો નથી માગતા. પણ અગવડને સગવડ માની રહ્યા છે. સત્યાગ્રહીઓ જગે જગે લાચારીથી નહીં પણ યથાર્થે માર ખાઈ રહ્યા છે, પોતાનો માલ લૂંટાવા દે છે. હિંદુસ્તાનના કવિઓ લૂંટી શકે એટલો કાવ્યરસ એકઠો થઈ રહ્યો છે.

એક અંગ્રેજ ચિત્રકાર કવિએ કહેલું છે કે પ્રજાની કળા લડાઈઓને અંતે વિકાસ પામે છે. આમાં અર્ધસત્ય છે. જેટલે અંશે એક પ્રજા બીજાને મારે છે તેટલે અંશે કળા નથી વિકસતી, પણ પાખંડ વિકસે છે. જેટલે અંશે એ પ્રજા દુઃખ સહન કરે છે, મરે છે, તેટલે જ અંશે કળાનો વિકાસ થાય છે. અત્યારે મહાન યુદ્ધને અંતે ઇંગ્લંડ ને જર્મનીનો વિકાસ નથી થઈ રહ્યો, પણ બંનેમાં ઝેર ફેલાયાં છે. બંનેએ દુઃખ સહન કર્યાં છે ખરાં, પણ દુઃખ સહન કરવા કરતાં દુઃખ સહન કરવાનો હેતુ વધારે હતો. બેમાંથી એકેની મનઃશુદ્ધિ નથી થઈ. તેથી તેઓ હજુ લડવાની તૈયારી કરી રહ્યા છે.

આવી સ્વાર્થી લડાઈમાં હારેલો પક્ષ સુધરવાનો સંભવ વધારે રહે છે, એટલે જર્મની કદાચ ચડી શકે, પણ ઇંગ્લંડને સારુ તો કંઈ આશ્રય જોઈ જ શકાતો નથી. ઇંગ્લંડને આશ્રય એક

૧. રવીન્દ્રનાથ ટાગોર.

Gandhi Heritage Portal

સંભવે છે ને તે આપણો અસહકાર. જો આપણો અસહકાર એ ખરેખર આત્મશુદ્ધિ હોય તો આપણે અને ઇંગ્લંડ બંને ચડવાનાં. જ્યાં એક પણ મનુષ્ય તપશ્ચર્યા કરે છે ત્યાં વાતાવરણ શુદ્ધ થાય છે. મેલાં કપડાંને જેમ ક્ષાર આપો તેમ મેલ કપાય છે તેવી જ રીતે આત્મશુદ્ધિ એ ક્ષાર છે. આપણે ચડીએ ને ઇંગ્લંડ પડે એ અસહકારમાં અસંભવિત છે. આપણા અસહકારે ઇંગ્લંડને નમ્ર બનાવવાનો, પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આપ્યો છે. તે પ્રસંગ ઇંગ્લંડ લેશે તો તે ભવ્ય બનશે; નહીં લે ને આપણો અસહકાર અસહકાર નહીં હોય તો ઇંગ્લંડ તો પડેલું છે જ ને સાથે આપણે દબાયા છીએ તેના કરતાં વધારે દબાવાના છીએ. આપણે તો નપુંસક છીએ. ઇંગ્લંડની એડી તળે કચરાયેલા આપણને પૂરું ભાન પણ નથી કે ખરેખર આપણે કચરાયેલા છીએ, તેથી આપણા પોતાના કચરાવામાં સહાય દઈએ છીએ. પણ દબાવનાર પોતે પણ ઊતરે છે. કાદવમાં પગ મેલનારનો પગ ખરડાયા વિના ન રહે તેમ આપણને નીચે રાખનારને પણ નીચે ઊતર્યે જ છૂટકો.

તેથી મારો વિશ્વાસ છે કે આપણી લડતને અંગે ને તેને અંતે હિંદુસ્તાનના કવિઓ રસ સમુદ્રને ઉલેચતાં છતાં તેને ખુટાડી નહીં શકે.

## દેશબંધુની ગર્જના

લાલાજી જેમ પંજાબમાં નમૂનેદાર કેદી બની રહ્યા છે તેમ બંગાળમાં દેશબંધુ ચિત્તરંજન-દાસનું છે. તેમનો કેસ કોરટમાં ચાલ્યો ત્યારે તેમની ખાદીથી, તેમની સાદાઈથી આકર્ષાઈ વકીલો માત્રથી ઊભા થયા વિના ન રહેવાયું. થોડા જ માસ પહેલાં એ તો બંગાળના વકીલોમાં શિરોમણિ હતા. વકીલો કાં ઊભા ન થાય? તેમને બેસવાને ખુરશી આપી. તેમણે ખુરશીની વિનયપૂર્વક ના પાડી. “મારે ખુરશી ન જોઈએ.” આખો વખત તેઓ પીંજરામાં ઊભા રહ્યા. ખુરશી તેમની આગળ મુકાઈ પણ તેમણે ઉપયોગ ન કર્યો.

આમ ચોમેરથી શૌર્યનું, સહનશીલતાનું જ અમૃત ઝરી રહ્યું છે. તેમાં ગુજરાત પણ ગણાયેલું જોવા હું અધીરો થઈ રહ્યો છું.

## પૂનાની બહાદુરી

પૂના ઉપર હું મોહિત છું એમ કદાચ **નવજીવન**ના વાંચનાર નહીં જાણતા હોય. જ્યારે હું પંદરની સાલમાં[૧] ઇંગ્લંડથી ફર્યો ત્યારે જ મેં મારા ઉદ્ગારો કાઢેલા. પૂનાનું બલિદાન જ્ઞાનમય છે. પૂનામાં વિદ્વત્તા છે એટલી બીજે નથી. પૂનામાં સાદાઈ ને ગરીબાઈ છે તેટલી બીજે નથી. પૂનાથી સંસ્કૃત અભ્યાસનો સંચાર થયો. પૂનામાં લોકમાન્ય અને ગોખલે રહ્યા. પૂનાએ સહન કરવામાંયે બાકી નથી રાખ્યું. પૂના તો ઘણું કરી શકે. હજુ મારી માન્યતા છે કે પૂના કદાચ બલિદાનમાં સહુથી આગળ જશે. શ્રી નરસોપંત ચિંતામણ કેળકર પોતાનું કામ દક્ષતાપૂર્વક વધારી રહેલ છે. સરકાર પણ ચાલાકીથી તેમને અજમાવી રહેલ છે. શરાબની દુકાનોનો પહેરો ઘણું સુંદર સ્વરૂપ ધરી રહેલ છે. સારામાં સારા અસહકારીઓ પહેરો ભરવા નીકળી પડ્યા છે. તેમાં શ્રી કેળકરે પોતાનું આખું કુટુંબ કાઢ્યું છે. સરકાર દંડ જ કરે છે. જ્યારે સરકાર કોઈને પકડતી જ નથી ત્યારે પૂનાના અસહકારીઓ શું કરે? સ્ત્રીઓને હવે બહાર કાઢી છે. આનો મને દ્વેષ થાય છે ખરો. મારી ઉમેદ હતી કે ગુજરાતની સ્ત્રીઓ જ ખરી પહેલ કરશે. બંગાળે

૧. જુઓ પુસ્તક ૧૩, પા. ૨૧.

Gandhi Heritage Portal

તો શરૂ કર્યું પણ સરકારે બીડું ન ઝડપ્યું. પૂનાની સ્ત્રીઓએ તો એવું કામ આદર્યું જણાય છે કે તેઓને કાં તો સરકાર પકડે અથવા પોતાના કાયદાને ખેંચે એવી સ્થિતિ આવી પડી છે. શ્રીમતી કેળકર, શ્રીમતી ગોખલે, શ્રીયુત ગોખલેનાં બહેન, શ્રીમતી ઇંદુમતી નાયક, શ્રીમતી યશોદાબાઈ ફડકે અને બીજી ચાર બહેનો દારૂનાં પીઠાંની ચોકી કરવા નીકળી પડી. તેઓને થાણાં પર લઈ ગયા ને ત્યાંથી છોડી મૂકયાં. આ ચોકીમાં હવે બળાત્કારની ગંધ પણ ન હોઈ શકે ને આ ચોકીથી દારૂનું પીઠું બંધ પડયા વિના ન જ રહે એમાં શક નથી. પૂનાની સ્ત્રીઓ ચતુર અને દૃઢ મનવાળી છે. તેમણે આદરેલા યુદ્ધને વિષે મને શંકા નથી. આ યુદ્ધ જામ્યા વિના નહીં રહે ને તેમાં સરકારને હારવું જ પડશે. શાંતિમાર્ગને વ્યવહારન્યાય તરીકે મહારાષ્ટ્રના યોદ્ધાઓએ સ્વીકાર્યો છે, એટલે તેઓ શાંતિ જાળવીને કામ લેશે એ વિષે શંકા પણ નથી. ને જ્યાં શાંતિ, બલિદાન અને જ્ઞાનની ત્રિપુટી બને ત્યાં જય સિવાય બીજું પરિણામ ન જ આવે.

પૂનાની સ્ત્રીઓની સાથે ગુજરાતની સ્ત્રીઓએ હરીફાઈ કરવાની રહેલી છે. ગુજરાતના પુરુષો તો પૂનાના બલિદાનને કયારે પહોંચે? તેમની પાછળ પાછળ પણ રહી શકે તોયે સંતોષ થાય. ગુજરાતે આજ લગી ગરીબાઈ, સાદાઈ, શૌર્ય, ધૈર્ય, દેશસેવાને ઓળખ્યાં નથી. હવે ગુજરાતે ઉત્સાહ બતાવ્યો છે, પણ દુ:ખની કસોટીમાં તો હજી હવે પડવાનું છે. ઈશ્વર ગુજરાતની લાજ રાખો.

## બલિદાનનું ફળ

બલિદાનનો અર્થ એ છે કે બલિદાન કરનાર બીજાને ખાતર મરે છે કે બીજું દુ:ખ ભોગવે છે. જે પોતાને ખાતર દુ:ખ ભોગવે તે બલિદાન નથી કરતો. જે બલિદાન ન કરે તે માનવી ન કહેવાય. સ્વાર્થને ખાતર જીવનારને તો શાસ્ત્રે ચોર કહ્યો છે.[૧] શ્રી રાજગોપાલાચારીના કાગળ ઉપરથી જણાય છે કે હવે મોપલા કેદીઓને કશી હાડમારી નથી રહી. તેઓને હવાવાળી ગાડીઓમાં રાખવામાં આવે છે. રસ્તે પાણી વગેરે પણ મળે છે. આમ સિત્તોર મોપલાઓના બલિદાનથી બીજાઓને કંઈક સુખ મળ્યું. મોપલા કેદીઓ કંઈ મોત માગીને ન મર્યા. તે તો બિચારા વણમાગે મર્યા. તો પછી જ્યારે અસંખ્ય હિંદીઓ દેશની ખાતર ઈરાદાપૂર્વક દુ:ખ ભોગવતા થઈ જાય ત્યારે હિંદુસ્તાન સુખી થાય તેમાં શી નવાઈ? જે પુરુષ પવિત્ર થઈ જગતને ખાતર સર્વસ્વ અર્પે તે તો ચક્રવર્તીના કરતાં પણ વધારે સત્તા ભોગવે. એવી પવિત્રતા અને સાથે દુ:ખ વહોરવાની શક્તિ, ઓ ઈશ્વર! તું અમને કોઈને નહીં આપે? તારા ગુલામ થઈને અમે રહીશું, પણ અમને તો એ જ શક્તિ જોઈએ. અમને રાજપાટ ન જોઈએ, અમને તો દુ:ખિયાંનાં દુ:ખનું નિવારણ જોઈએ. જેમ મોપલા અનિચ્છાએ રૂંધાઈ મરી ગયા તેમ દેશને — જગતને — ખાતર ઇચ્છાપૂર્વક રૂંધાઈને મરવાની શક્તિ નહીં આપે? આપજે જ. તારો પાડ માનશું.

## સ્વતંત્રત તો થયા જ

પિયરસન જે શાંતિનિકેતનમાં કવિશ્રીની સાથે રહે છે તેઓ હમણાં જ પાંચ વર્ષ હિંદુસ્તાન બહાર રહ્યા પછી આવ્યા છે. તેમણે નહીં અનુભવેલી એવી હિંદુસ્તાનની દેશને ખાતર દુ:ખો ભોગવવાની શક્તિ જોઈને નીચે પ્રમાણે સંદેશો ઍન્ડ્રૂઝની મારફતે મોકલ્યો છે.

> સ્વતંત્રતાને સારુ જે ભવ્ય લડત લડી રહ્યા છો તેમાં હું તમારી સાથે જ છું. તમારી પ્રવૃત્તિનું ફળ મળી ચૂકયું છે, કેમ કે હિંદુસ્તાન સ્વતંત્ર થઇ ગયું છે. હિંદુસ્તાનનો આત્મા હવે ગુલામીમાં નથી. એક કવિએ કહ્યું છે :

૧. ભગવદ્‌ગીતા, અધ્યાય ૩, શ્લોક ૧૨.

Gandhi Heritage Portal

> અરે બંદીવાન! તારી આંખ ઉઘાડીને જો. તને બેડી ક્યાં છે? તારી બેડી કંઈ
> તારા મનથી જુદી નથી. તારું મન છૂટું તો તારા પગ પણ છૂટા સમજ.

આ હિંદુસ્તાનને આજે લાગુ પડે છે, કેમ કે આપણે જોઈ શકીએ છીએ કે હિંદુસ્તાનની આંખ ઊઘડી છે અને તેથી હિંદુસ્તાન સ્વતંત્ર થયું છે. આ વિષે મને તો તલભાર પણ શંકા નથી. અને હું તો પાંચ વર્ષ બહાર રહી આવ્યો છું તેથી સ્પષ્ટ જોઈ શકું છું.

આ વાતના સાક્ષી આજે સેંકડો કેદીઓ છે. હાથે વહોરી લીધેલી જેલે હિંદુસ્તાનને સ્વતંત્રતાદેવીની ઝાંખી કરાવી દીધી છે. શૌકતઅલી, મોતીલાલ નેહરુ, લાલાજી, ચિત્તરંજન દાસ, અબુલ કલામ આઝાદ જેલમાં પહોંચ્યા ત્યારથી હિંદની બેડી તૂટી પડી છે. હવે ભલે સમાધાની થવાની હોય ત્યારે થાય. સમાધાનીમાં સુખ છે કે ખૂબ લડવામાં — ખૂબ દુઃખ ભોગવવામાં, એ કોને ખબર છે? સમાધાની એ તો પ્રમાણપત્ર છે. ઠોઠ નિશાળિયાને પ્રમાણપત્ર જોઈએ. જેને પોતાના જ્ઞાન ઉપર વિશ્વાસ છે તેને શું? પ્રમાણપત્રથી કંઈ તેને સિદ્ધ કરશે? તંદુરસ્તને દાક્તરનું સર્ટિફિકેટ શા કામનું? હજારો જે મહાસભામાં આવ્યા હતા તે સ્વતંત્રતાની લહેર ભોગવતા હતા. જો તેઓ તે ન જોઈ શક્યા હોય તો પિયરસનનો કાગળ પણ નકામો છે.

પણ નવો યુગ શરૂ થયો એ જેમ પૉલ રિશારે અનુભવ્યું તેમ હજારોએ અનુભવ્યું છે. આપણને જો તે વિષે ખાતરી હોય તો સમાધાની વિષે આપણે બેફિકર રહીએ.

### એક ઋષિનો આશીર્વાદ

કવિશ્રીના પિતા મહર્ષિને નામે ઓળખાતા. હું જોઈ શક્યો છું તે પ્રમાણે તેમના મોટાભાઈ જેમની ઉંમર હાલ સિત્તેર વર્ષની ઉપર છે તે મહર્ષિની પદવીને લાયક છે. આજે પણ તેમની શક્તિ તેજસ્વી છે. હિંદુસ્તાનની ઉન્નતિમાં તેઓ જગતની ઉન્નતિ ભાળી રહ્યા છે; અસહકારને ધર્મયુદ્ધરૂપે જોઈ રહ્યા છે. તેમના પત્ર જ્યારે જ્યારે આવે છે ત્યારે તેને હું આશીર્વાદરૂપે વધાવી લઉં છું. તેમાંના આપવાલાયક પત્રો હું વાંચનાર પાસે કોઈ કોઈ વેળા મૂકું છું. મહાસભાને સમયે તેમણે તાર મોકલેલો તેટલેથી ન સંતોષાતાં હવે તેમણે કાગળ લખ્યો છે. તેનો સાર નીચે આપું છું :[1]

### શીખ બહાદુરી

શીખની બહાદુરીનો પારો દહાડે દહાડે ચડતો જાય છે. જેમ તેઓની બહાદુરી ચડતી જાય છે તેટલી જ તેઓની સહનશક્તિ એટલે શાંતિ વધતી જાય છે. અમૃતસરના સુવર્ણમંદિરની ચાવી સરકારે ખૂંચવી લીધી છે તે હવે ગુરુદ્વારા પ્રબંધક સમિતિને પાછી આપવા તૈયાર થઈ છે. પણ જ્યાં સુધી એકેએક શીખ આગેવાન જેઓ પકડાયા છે તેઓને છોડી મૂકવા સરકાર તૈયાર નથી થઈ ત્યાં સુધી તે ચાવી પાછી લેવાની પ્રબંધક સમિતિએ ના પાડી છે. એટલે સરકારને છછુંદર ગળ્યા જેવું થઈ પડયું છે. શીખ સરદારોને છોડે તો તેની હાંસી થાય ને શીખનું જોર બમણું થાય; જો ન છોડે તો શીખનું જોર દશગણું વધે છે. એટલે શીખનું જોર દશગણું થવા દેવું એ ડહાપણ કે છોડવાથી થતી હાંસી થવા દેવી ને બમણું જોર થાય એથી મળી શકતો સંતોષ મેળવવો એ હિસાબ સરકારે કરવો રહ્યો.

૧. સાર અહીં આપ્યો નથી. મૂળ પત્ર માટે જુઓ, યંગ ઇન્ડિયા, ૧૨–૧–૧૯૨૨.

Gandhi Heritage Portal

અંગ્રેજ બાઈની કબૂલાત

અસહકારની મીઠી અસર અંગ્રેજો ઉપર પણ વધતી જાય છે એમાં શક નથી. મારી પાસે ત્રણ કાગળ છે તેમાંના બે છાપવાના ન હોવાથી મેં નથી છાપ્યા. પણ એક અંગ્રેજ બાઈએ લખ્યો છે તે તો છાપવા જેવો જ છે. તે બાઈએ પોતાનાં નામઠામ મોકલ્યાં છે; પણ જોકે કાગળ છપાવવા માગે છે તોપણ પોતાનું નામ પ્રગટ કરવા નથી ઇચ્છતી. તેના કાગળની મતલબ નીચે પ્રમાણે છે[1] :

આ કાગળની દરેક લીટીમાં નિખાલસપણું ઝળકી ઊઠે છે. તે બાઈ મારાં બધાં કાર્યોમાં ઈશુ ખ્રિસ્તનો હાથ જુએ છે. ભાવિક હિંદુ રામકૃષ્ણનો જુએ, મુસલમાનો ખુદાનો અને તેના પેગંબરનો જુએ. મારે સારુ તેમાં સત્યનો હાથ હોય તો બસ છે. સત્યમાં ઈશ્વર તેના સહસ્ર નામથી સમાયેલો છે. અને મારી ખાતરી છે કે જો આપણે છેવટ સત્ય તથા શાંતિને વળગી રહીશું અને અસત્ય તથા અશાંતિને દૂર કરતા જઈશું તો આપણે દિવસે દિવસે ચડતા જઈશું ને છેવટે જે અંગ્રેજો આપણને શત્રુ સમાન લાગે છે તે જ આપણા મિત્ર અને રાષ્ટ્રવાદી બનશે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૧૬–૧–૧૯૨૨

# ૮૪. बॉम्बे क्रॉनिकलने पत्र

[જાન્યુઆરી ૧૬, ૧૯૨૨]

સાહેબ,

क्रॉनिकलना આજના[2] અંકમાં, તમારા ખબરપત્રીને મેં જાણે મુલાકાત આપી હોય એ ઢબનું લખાણ પ્રગટ થયું છે. મેં કદી તમારા ખબરપત્રીને કે બીજા કોઈને મુલાકાત આપી નથી. પ્રગટ થયેલી વાતચીત પ્રસિદ્ધિ માટે ન હતી. આ વાતચીત દરમ્યાન જે કંઈ રમૂજ કે હાવભાવ થયાં હોય તે પૂરાં પ્રસિદ્ધ કરી શકાય તો તેનો હું વાંધો ન લઉં. થયું છે એવું કે આખી મુલાકાત ઉદ્દેશ વિનાની વાતચીતનું એક ઠઠ્ઠાચિત્ર જ છે. આ મુલાકાતનો હેવાલ બરાબર જોઈ જઈ તેનાં કાનોમાત્રા સુધાર્યા વિના, તેણે ઊભી કરેલી અસર દૂર કરવાનું મારે માટે મુશ્કેલ હોવાથી, એ આખીયે મુલાકાત મનમાંથી કાઢી નાખવા મારે તમારા વાચકોને વિનંતી કરવી રહી. મને આશા છે કે સર શંકરન નાયર આ "મુલાકાત" તરફ ધ્યાન નહીં આપે. તેમ છતાં પણ તેઓ એમ કરે તો હું તેમને यंग इन्डियानो હવે પછીનો અંક[3] પણ જોવાની વિનંતી કરીશ.[4]

તમારો

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૧૭–૧–૧૯૨૨

૧. મતલબ અહીં આપી નથી. મૂળ પત્ર માટે જુઓ यंग इन्डिया, ૧૨–૧–૧૯૨૨.

૨. ૧૯૨૨ના જાન્યુઆરીની ૧૬મીનો અંક.

૩. જુઓ "માલવિયા પરિષદ", ૧૯–૧–૧૯૨૨.

૪. આ પત્ર સાથે મૂળમાં નીચેની નોંધ પણ પ્રગટ કરવામાં આવી હતી: "પરિષદ અને તેની સિદ્ધિઓ અંગે મહાત્મા ગાંધી સાથેની મારી વાતચીત અંગે તેમનું નિવેદન ધ્યાનમાં લેતાં હું સ્થિતિ



Gandhi Heritage Portal

# ૮૫. કારોબારી સમિતિનો ઠરાવ[1]

જાન્યુઆરી ૧૭, ૧૯૨૨

બીજી બાબતો સાથે સાથે માલવિયા પરિષદની ભલામણો પર વિચારણા ચલાવવા માટે કૉંગ્રેસની કારોબારીની એક સભા ૧૦મી જાન્યુઆરીએ મુંબઈમાં[2] મળી હતી. સમિતિએ પસાર કરેલો આ વિષય પરનો ઠરાવ નીચે આપવામાં આવ્યો છે :

કારોબારી સમિતિ, હાલની તંગ પરિસ્થિતિ ઉપર વિચારણા કરવા માટે, દેશના વિવિધ રાજકીય પક્ષોના માણસોની પરિષદ બોલાવવા માટે પંડિત માલવિયાજી અને તેમની સાથેના સંયોજકો પ્રત્યે આભાર પ્રદર્શિત કરે છે અને પરિષદના ઠરાવનો વિચાર કર્યા પછી આ સમિતિ ઠરાવ કરે છે કે, અમદાવાદમાં મળેલી કૉંગ્રેસે વિચારેલો આક્રમણાત્મક સવિનયભંગ, ૩૧મી જાન્યુઆરી ૧૯૨૨ સુધી અથવા માલવિયા પરિષદની સમિતિ ગોળમેજી પરિષદ માટે જે વાટાઘાટો શરૂ કરે તેનું પરિણામ ન આવે ત્યાં સુધી, આ બેમાં જે તારીખ વહેલી હોય ત્યાં સુધી શરૂ ન કરવો.

ગોળમેજી પરિષદ સફળ બનાવવા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે કારોબારી સમિતિને એ જરૂરી લાગે છે કે :

(क) કૉંગ્રેસ અથવા ખિલાફત કમિટીઓનાં સ્વયંસેવકદળો, જાહેર સભાઓ, પિકેટિંગ અને બીજી કૉંગ્રેસની સામાન્ય પ્રવૃત્તિને ગેરકાયદે ઠરાવતી અને તેમની મનાઈ ફરમાવતી સઘળી જાહેરાતો અને સઘળાં જાહેરનામાં પાછાં ખેંચી લેવામાં આવે અને આવી નોટિસો અંગે જે કોઈ કેદીઓ સામે કામ ચલાવવામાં આવતું હોય અથવા જેમને શિક્ષા કરવામાં આવી હોય તેમના મુકદ્દમા પાછા ખેંચી લેવામાં આવે અથવા તેમને છોડી મૂકવામાં આવે.

(ख) અલીભાઈઓ અને તેમના સાથીઓ સહિત બધા ફતવા કેદીઓને મુક્ત કરવામાં આવે.

(ग) અહિંસક કે બીજી નિર્દોષ પ્રવૃત્તિઓ માટે જે બીજા કેદીઓને સજા કરવામાં આવી હોય કે જેમની સામે કામ ચલાવવામાં આવનું હોય તેમની સાથે પરિષદના ત્રીજા ઠરાવમાં એને માટે ઠરાવવામાં આવેલી રીતે કામ પાડવામાં આવે અને તેમને છોડી મૂકવામાં આવે, અને

(घ) સંબંધ ધરાવતી સરકારો દ્વારા ઉપરોક્ત પગલાં લેવામાં આવે તેની સાથોસાથ, અને જો ગોળમેજી પરિષદ બોલાવવામાં આવે તો અને આવી પરિષદ ચાલુ હોય તે દરમ્યાન, બધી હડતાળો, પિકેટિંગ અને સવિનયભંગ બંધ રહેવાં જોઈએ.

કારોબારી સમિતિ, કૉંગ્રેસની માગણીઓ વિષેની કોઈ પણ ગેરસમજ ટાળવા માટે માલવિયા પરિષદે નીમેલી સમિતિનું ધ્યાન, કૉંગ્રેસના મંચ પરથી વખતોવખત જણાવવામાં આવેલા ખિલાફત, પંજાબ અને સ્વરાજના દાવા તરફ ખેંચવા ઇચ્છે છે અને જણાવવા માગે છે કે,

બરાબર સમજ્યો ન હોવાથી કમનસીબ ગેરસમજ થવા પામી તે માટે હું અત્યંત દિલગીર છું. આ સંજોગોમાં આ ભૂલનો સંપૂર્ણ દોષ હું ખુશીથી સ્વીકારી લઉં છું. મેં જાણીજોઈને ભૂલ કરી નહોતી અને થયેલી ગેરસમજને પણ માફ કરવામાં આવી છે એવી મહાત્માજીએ મને ઉદાર ભાવે ખાતરી આપી છે એ વાત પણ હું જણાવું છું.—આપનો ખાસ પ્રતિનિધિ"

૧. ઘણું કરીને આ મુસદ્દો ગાંધીજીએ તૈયાર કર્યો હતો.

૨. ન્યૂ ઇન્ડિયા, ૧૮-૧-૧૯૨૨ના હેવાલ મુજબ ગાંધીજીના નિવાસસ્થાન પર.

Gandhi Heritage Portal

એટલા માટે કૉંગ્રેસ અને ખિલાફતના પ્રતિનિધિઓ આ ત્રણ દાવાના સંપૂર્ણ નિકાલની માગણી કરવા બંધાયેલા હશે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૯-૧-૧૯૨૨

# ૮૯. કે. વેંકટપૈય્યાને પત્ર[1]

મુંબઈ

જાન્યુઆરી ૧૭, ૧૯૨૨

પ્રિય વેંકટપૈય્યા[2],

ત્યાં ચાલી રહેલી ના-કરની ઝુંબેશ પર મેં ઘણી કાળજીભરી વિચારણા ચલાવી છે.[3] કયારેક પણ ભરાતી ગોળમેજી પરિષદને લીધે સામુદાયિક સવિનયભંગ મોકૂફ રાખવાની શકયતાને બાજુ પર રાખવામાં આવે તોપણ મને લાગે છે કે તમે હજી ના-કરની લડત માટે તૈયાર નથી. મને ભય છે કે આ અખતરાવાળા વિસ્તારના ૫૦ ટકા લોકોએ હજુ પણ અસ્પૃશ્યતાનો ત્યાગ કર્યો નથી, અને એટલા જ ટકા લોકો અહિંસાની રીતરસમોથી કે તે તે વિસ્તારમાં તૈયાર થયેલી ખાદીથી ટેવાયા નથી. જુદી જુદી પ્રજાઓ અને જુદા જુદા સંપ્રદાય વચ્ચેની એકતા જેવા બીજા મુદ્દાઓને તો હું કાઢી જ નાખું છું. આ સંજોગોમાં, લોકો જરૂરી શિસ્ત અને આત્મશુદ્ધિમાંથી પસાર થાય ત્યાં સુધી સામુદાયિક સવિનયભંગથી દૂર રહેવાની આપણા સૌની નૈતિક ફરજ છે. બીજી કોઈ પણ રીતે, સામુદાયિક સવિનયભંગ સવિનય નહીં પરંતુ ગુનાહિત હશે, અને તેથી તે, આપણને એક વ્યવસ્થિત સંસ્કારી પ્રજા તરીકે પોતાનો કારભાર ચલાવવા માટે નાલાયક બનાવશે. આથી, તમે બધા જ જિલ્લાની રૈયતને કંઈ નહીં તો પહેલો હપ્તો ભરી દેવાની સલાહ આપો અને બધા કાર્યકરોને તેમનો સઘળો સમય તથા શક્તિ જરૂરી લાયકાત મેળવવામાં કામે લગાડવા કહો એવી મારી તમને આગ્રહપૂર્વક સૂચના છે. હું જાણું છું કે મારો આ અભિપ્રાય ઘણા ઉત્સાહી કાર્યકરોને નિરાશ કરશે. પરંતુ મને ખાતરી છે કે એ નિરાશામાં જ આપણી ફતેહ રહેલી છે. તેનું કારણ એ છે કે લોકો સ્વરાજ માટે ખરેખર આતુર હશે અને સવિનયભંગ માટે ઇંતેજાર હશે તો તેઓ એ પ્રબળ ઇચ્છાના દબાણ હેઠળ જરૂરી માનસિક પરિવર્તન કરશે. કલાત્મક રીતે કાંતવાની આંધ્રની સ્ત્રીઓની બેનમૂન કુશળતા અને કલાત્મક રીતે વણવાની આંધ્રના વણકરોની પ્રવીણતાને લીધે જે તે વિસ્તારોમાં ખાદી સહેલાઈથી ઉત્પન્ન થઈ શકશે. પરંતુ આ લાયકાતો હાંસલ કરવાનું મુશ્કેલ હોય કે સહેલું હોય, છતાં આપણે જો તેને ટાળવાની ધૃષ્ટતા કરીશું તો સેવેલા ધ્યેયને નુકસાન થયા વિના રહેવાનું નથી.

તમારો સહૃદયી

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૧-૧-૧૯૨૨

૧. આ પત્ર હિન્દુએ જન્મભૂમિમાંથી ઉતાર્યો છે.

૨. આંધ્ર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ.

૩. આંધ્રમાં.

Gandhi Heritage Portal

# ૮૭. બૉમ્બે ક્રૉનિકલને મુલાકાત

જાન્યુઆરી ૧૭, ૧૯૨૨

મુંબઈમાં તાજેતરમાં મળેલી ગોળમેજી પરિષદ અંગે સર શંકરન નાયરે ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને લખેલા પત્ર[૧] વિષે અમારા પ્રતિનિધિએ મહાત્મા ગાંધીની ગઈ કાલે મુલાકાત લીધી. અહીં એટલું યાદ રાખવું જોઈએ કે સર શંકરન, મતભેદને લીધે સમિતિની બેઠકમાંથી ચાલ્યા ગયા હતા.

મહાત્માએ કહ્યું :

સર શંકરન નાયરે ટાઇમ્સ ઑફ઼ ઇન્ડિયાને લખેલો પત્ર મેં ઊંડા દુ:ખ સાથે વાંચ્યો છે. ખુદ એ પત્રમાં તે ખૂબ ઉતાવળમાં અને રોષમાં લખાયો હોવાનાં ચિહ્નો જોવા મળે છે. એટલે, તેમાંની અનેક ગેરરજૂઆતોનો હું ક્રમવાર જવાબ આપવા ઇચ્છતો નથી, પરંતુ માત્ર મોટી મોટી હકીકતો જ આપવા માગું છું.

મતભેદો હોવા છતાં પરિષદ અને મારી વચ્ચે સંપૂર્ણ એકરાગ હતો. જે બાબતો ખૂબ જ મહત્ત્વની નહોતી તે વિષે મેં વિનાસંકોચે નમતું આપ્યું હતું એમ હું હિંમતથી કહું છું. ઠરાવો અરસપરસની ચર્ચાવિચારણાના ફળરૂપે છે. બેશક એ વાત સાચી છે કે સરકાર પશ્ચાત્તાપ કરે એવું હું ઇચ્છું છું, પરંતુ મારો હેતુ તેનું અપમાન કરવાનો નહીં પણ લોકો સાથે તેનો મેળ જમાવવાનો હતો. અને સરકાર પોતાની ભૂલો કબૂલ નહીં કરે અને પોતાનાં પગલાં પાછાં નહીં ખેંચે ત્યાં સુધી એ વાત નક્કી છે કે દેશમાં શાંતિ અને સમાધાનનું વાતાવરણ જામવાનું નથી. ઠરાવો ઘડવાનો ઉદ્દેશ એ હતો કે સરકાર આ બધું તેને છાજે તે રીતે કરી શકે. હિંસાને દાબી દેવાના સરકારના અધિકાર વિષે કોઈ વાંધો ઉઠાવતું નથી. શ્રી જહાંગીર પિટિટને જવાબ આપતાં મેં જે કહ્યું હતું તે સર શંકરન ભૂલી જાય છે. મેં તેમને એવું કહ્યું હતું કે લોકોના રક્ષણ માટે અને લોકમતને મંજૂર હોય એ રીતે લશ્કરી કાયદાનો અમલ કરવામાં આવ્યો હોય તો એવા વાજબી લશ્કરી કાયદાના અસ્તિત્વની કલ્પના હું કરી શકું છું. સરકારની અત્યારની કારવાઈમાં લશ્કરી કાયદાનાં બધાં જ લક્ષણો છે. ફ઼ક્ત એનું નામ જ પાડવામાં આવ્યું નથી. તેનો હેતુ લોકોની રક્ષા કરવાનો નથી તેમ તેને કોઈ પણ પ્રકારનું લોકોનું પીઠબળ પણ નથી. તેનો હેતુ, તદ્દન બિનજવાબદાર નોકરશાહીની સત્તાને સુદૃઢ બનાવવાનો છે. ખિલાફ઼તના દાવામાં, ફ઼્રેંચો સીરિયા ખાલી કરી જાય એ વાતનો જરૂર સમાવેશ થાય છે, પરંતુ સર શંકરને મેં જે કહ્યું હતું તે યાદ રાખવું જોઈએ. સીરિયા વિષેના મુસલમાનોના દાવાને ગ્રેટ બ્રિટન નિખાલસપણે ટેકો આપશે તો તેથી મને સંતોષ થશે એમ મેં બની શકે તેટલી સ્પષ્ટ ભાષામાં કહ્યું હતું. તુર્કી રાષ્ટ્રવાદીઓની મહત્ત્વાકાંક્ષા અને હિંદુસ્તાનના મુસલમાનોના ન્યાયી દાવા અંગેના ગ્રેટ બ્રિટનના ઇરાદા વિષે મને તેમ જ મુસલમાનોને બંનેને પૂરો અવિશ્વાસ છે. મુસલમાનોના દાવાને સંતોષવા માટે ગ્રેટ બ્રિટન પોતાથી બની શકે તે બધું કરી છૂટવા તૈયાર છે એવું ગોળમેજી પરિષદમાં અસહકારીઓને સંતોષ થાય તે રીતે બતાવી આપવાનું સરકાર માટે ખુલ્લું છે. સુલેહની શરત તરીકે હું ઇજિપ્તને ખાલી કરાવવા માગું છું એવું મેં કહ્યું

૧. આ પત્રમાંના ઉતારા માટે, જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

હોવાનું, સર શંકરન જણાવે છે ત્યારે તેઓ તેમને પોતાને કે મને ભાગ્યે જ ન્યાય કરે છે. ઇજિપ્ત વિષેના એક પ્રશ્નના જવાબમાં મેં કહ્યું હતું કે ખિલાફતની માગણીમાં ઇજિપ્તને ખાલી કરવાની માગણીનો સમાવેશ થયો નથી કે થશે નહીં, છતાં હિંદુસ્તાનને પૂર્ણ સ્વરાજ મળશે ત્યારે, બહાદુર ઇજિપ્તવાસીઓને પરદેશી ધૂંસરીને વશ થવાની ફરજ પાડવા માટે તે જરૂર એક પણ હિંદી સૈનિકને હિંદુસ્તાન બહાર જવા દઈ શકશે નહીં.

સર શંકરનનો અલીભાઈઓ પરનો પ્રહાર ભાગ્યે જ તેમને છાજે એવો છે. ધાર્મિક અને રાષ્ટ્રીય અધિકાર માટે હિંસાનો ઉપયોગ કરવાની શક્યતા અને આવશ્યકતામાં અલીભાઈઓ જરૂર માને છે. પરંતુ હું જાણું છું કે કૉંગ્રેસના કાર્યક્રમની સાથે તેઓ બિલકુલ એકરૂપ બન્યા છે, અને હિંદુસ્તાનના આજના સંજોગોમાં તેની સ્વતંત્રતા મેળવવા માટે અહિંસા જ એકમાત્ર ઇલાજ છે એવી તેમને પાકી ખાતરી થયેલી છે.

એક વર્ષમાં સ્વરાજનું વચન આપ્યાનો મારા પર આક્ષેપ કરવામાં સર શંકરનની ભૂલ થાય છે. આવું કોઈ વચન મેં આપ્યું હોત તો મારા ધડ પર મેં મારું માથું રહેવા દીધું ન હોત. મેં તો માત્ર એટલું જ કહ્યું હતું કે ૧૯૨૦માં કલકત્તામાં[1] જે શરતો સ્પષ્ટપણે જણાવવામાં આવી હતી અને જેનું નાગપુરમાં[2] પુનરુચ્ચારણ કરવામાં આવ્યું હતું તે શરતોનું હિંદુસ્તાન પાલન કરશે તો તે એક વર્ષમાં અને તેથી પણ ઓછા સમયમાં સ્વરાજ મેળવી શકશે.

છેવટે એટલું જણાવી મારે સર શંકરનની ભૂલ સુધારવી જોઈએ કે અલીભાઈઓનો કિસ્સો લવાદીમાં સોંપવાની કક્ષામાં આવતો નથી, પરંતુ તે ફતવાના મુકદ્દમાઓમાં આવી જતો હોવાથી તેનો તાજેતરની જાહેરાતોને કારણે થયેલી સજાઓની જ કક્ષામાં સમાવેશ થાય છે. અલીભાઈઓની હાજરી વિના ગોળમેજી પરિષદ ભરી શકાય એવી સર શંકરનની કલ્પનાથી મને આશ્ચર્ય થાય છે. સરકાર અલીભાઈઓ જેવા જબરદસ્ત વિરોધીઓને છોડવાનું યોગ્ય ન ગણે એ વાત હું સારી રીતે સમજી શકું છું. અને સરકાર જો હિંદના લોકમતને જીતી લેવા ઇચ્છતી હશે અને શસ્ત્રબળની જગ્યાએ લોકમતને મૂકવા ઇચ્છતી હશે તો જ તેમને છોડશે.

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે ક્રૉનિકલ, ૧૮–૧–૧૯૨૨

૧. સપ્ટેમ્બરમાં મળેલા કૉંગ્રેસ અધિવેશનમાં.
૨. ડિસેમ્બરમાં મળેલા કૉંગ્રેસ અધિવેશનમાં.

Gandhi Heritage Portal

# ૮૮. માલવિયા પરિષદ

પરિષદ સફળ પણ થઈ અને નિષ્ફળ પણ ગઈ. તેણે હાજર રહેનારાઓ તરફથી અત્યારની અશાંત પરિસ્થિતિના શાંતિભર્યા ઉકેલ માટે હાર્દિક ઇચ્છા દર્શાવી અને જુદા જુદા મત ધરાવનારાઓને એક છાપરા હેઠળ એકત્ર કર્યા એ રીતે તે સફળ થઈ. કેટલાક ઠરાવો સ્વીકારવામાં આવ્યા હોવા છતાં પરિષદે મારા મન ઉપર એવી છાપ ન પાડી કે ત્યાં એકત્ર થયેલા સૌ ખરેખરા મુદ્દાની ગંભીરતા સમજ્યા હતા. એટલા પ્રમાણમાં એ નિષ્ફળ નીવડી. પરિષદનું ધ્યાન ગોળમેજી પરિષદ કરતાંયે વિશેષ મહત્ત્વના એવા વાણીસ્વાતંત્ર્ય, સંઘસ્વાતંત્ર્ય અને અખબારી સ્વાતંત્ર્યના જનતાના અધિકારોનો આગ્રહ રાખવાને બદલે ગોળમેજી પરિષદ પર વધારે કેન્દ્રિત થયેલું જણાતું હતું. સ્વતંત્ર પક્ષના લોકો અસહકાર કરવાની પદ્ધતિ બાબતમાં ગમે તેટલા જુદા પડતા હોય તોપણ લોકોની સ્વતંત્રતા તો સૌનો સમાન વારસો છે અને તેની રક્ષા કરી એટલે પોણું સ્વરાજ મળી જ ગયું એવો મક્કમ નિર્ધાર તેઓ જાહેર કરશે, અને તેથી જરૂર પડ્યે સવિનયભંગ કરીને પણ તેઓ એ હકની રક્ષા કરશે એવી અપેક્ષા મેં તેમની પાસે રાખી હતી.

પરંતુ, પરિષદનું ધ્યાન આ મુદ્દા પર નહીં પણ ગોળમેજી પરિષદ પર ચોંટયું, એટલે આવી પરિષદની મહત્ત્વની બાબતો વિષે જ ચર્ચાઓ થઈ.

મારી પોતાની સ્થિતિ સ્પષ્ટ હતી. હું એક વ્યક્તિ તરીકે કોઈ પણ શરતો મૂકયા વિના ગમે તે પરિષદમાં હાજર રહું. એક સુધારક તરીકે મારો હેતુ, જે મતને હું સાચો ગણું છું તે તરફ લોકોને વાળવાનો છે અને તેથી જે કોઈ મારી વાત સાંભળવા ઇચ્છતું હોય તે દરેકને મળવાનો છે. પરંતુ એક સફળ પરિષદને અનુકૂળ થાય એવા વાતાવરણ માટેની જરૂરી શરતો વિષે મને પૂછવામાં આવ્યું ત્યારે મારે કેટલીક શરતો સમજાવવી પડી. અને ઠરાવો ઘડનારી સમિતિએ મારા દૃષ્ટિબિંદુ તરફ ખૂબ જ સહાનુભૂતિપૂર્વકનું વલણ રાખ્યું અને મને મદદ કરવાની પૂરી કાળજી બતાવી એ વસ્તુ મારે સ્વીકારવી જોઇએ. પરંતુ આની સાથે સાથે સરકારની મુશ્કેલીઓ સમજવાની તેની પ્રશંસનીય વૃત્તિ પણ મેં જોઈ. સરકાર પ્રત્યક્ષ અને સત્તાવાર રીતે પરિષદમાં પ્રતિનિધિત્વ પામી હોત તોપણ તેની બાજુ આના કરતાં વધારે સારી રીતે રજૂ કરી શકાઈ ન હોત.

પરિણામ સમાધાનમાં આવ્યું. જાહેરાતો પાછી ખેંચી લેવામાં આવે અને આ જાહેરાતો હેઠળ આવતા કેદીઓ અને ફતવા કેદીઓ, એટલે લશ્કરી સેવા અંગેના ફતવાની બાબત અંગે સજા પામેલા અલીભાઈઓ અને બીજાઓને છોડી મૂકવામાં આવે, એ સમાન હેતુ હતો. જપ્તીના હુકમો રદ કરવામાં આવે, વર્તમાનપત્રો વગેરેનો કરવામાં આવેલો દંડ પાછો આપવામાં આવે અને સામાન્ય કાયદા હેઠળ અહિંસક કે બીજી નિર્દોષ પ્રવૃત્તિઓ માટે સજા પામેલા કેદીઓને, તેમની અહિંસા વિષેનો પુરાવો સાંપડતાં મુક્ત કરવામાં આવે એવાં સૂચનો પાછળનું બળ સમિતિ પારખી શકી. આ હેતુ માટે પરિષદે નીમેલી સમિતિનું મેં સૂચન કર્યું હતું. આવી અનિયંત્રિત ભલામણનો સ્વીકાર કરવાનું સરકાર માટે મુશ્કેલ બનશે એવું જ્યારે ઠરાવો ઘડનારી સમિતિએ દર્શાવ્યું, ત્યારે મેં હાલમાં ઠરાવમાં દાખલ કરવામાં આવેલા લવાદીના સિદ્ધાંતને સંમતિ આપી. બીજી બાંધછોડ પિકેટિંગ સંબંધમાં છે. મારી એવી સૂચના હતી કે ગોળમેજી પરિષદ વિષે નિર્ણય

Gandhi Heritage Portal

લેવાતાં અસહકારની વિરોધાત્મક પ્રવૃત્તિઓ મોકૂફ રાખવામાં આવે અને પરિષદનું પરિણામ આવે ત્યાં સુધી નિષ્ઠાપૂર્વકના શાંતિભર્યા પિકેટિંગ સિવાયનું બધા જ પ્રકારનું પિકેટિંગ પણ મોકૂફ રાખવામાં આવે. વિરોધાત્મક પ્રવૃત્તિઓનો અર્થ મને એટલો બધો ભયંકર લાગ્યો કે તે હું સ્વીકારી ન શક્યો. એટલા માટે મેં મારા પોતાના જ શબ્દો તુરત જ પાછા ખેંચી લીધા અને મને દુ:ખ થયું છતાં નિષ્ઠાપૂર્વકનું શાંતિભર્યું પિકેટિંગ પણ મેં ખુશીથી જતું કર્યું. મને લાગ્યું કે નશાબંધીને ખાતર દારૂના પિકેટિંગમાં રસ લઈ રહેલા મિત્રો આ કામચલાઉ ત્યાગ નભાવી લેશે.

સમિતિ અને પરિષદ સરકાર સાથે વાટાઘાટો ચલાવી શકે તે માટે, હું કારોબારી સમિતિને એવી સલાહ આપવા સંમત થયો કે કૉંગ્રેસે વિચારેલો સામાન્ય સામુદાયિક સવિનયભંગ આ મહિનાની ૩૧મી સુધી મોકૂફ રાખવો. આપણી શુભ નિષ્ઠા દર્શાવવા માટે મને આ જરૂરી લાગ્યું. જવાબ-દાર માણસો કોઈ એક પરિષદ માટે વાટાઘાટો ચલાવતા હોય ત્યારે આપણે નવાં આક્રમણાત્મક પગલાં ન લઈ શકીએ. વિશેષમાં, સૂચિત પરિષદ બોલાવવામાં આવે તે સંજોગોમાં, પરિષદ દરમ્યાન બધી જ જાતની હડતાળો બંધ રાખવાની સમિતિને સલાહ આપવાનું મેં માથે લીધું. આ મને અનિવાર્ય લાગે છે. હડતાળો નોકરશાહી સામેના વિરોધી દેખાવો છે. આપણે તેમની સાથે શાંતિ માટે વાટાઘાટ ચલાવતા હોઈએ ત્યારે એ ચાલુ ન રાખી શકીએ. કાર્યકરો એટલું ધ્યાનમાં રાખે કે સામાન્ય સવિનયભંગ સિવાય કૉંગ્રેસની કોઈ પણ પ્રવૃત્તિ હજી બંધ પડતી નથી. ઊલટું, સ્વયંસેવકોની નોંધણીનું અને સ્વદેશીના પ્રચારનું કામ ઢીલ વિના ચાલતું રહેવું જ જોઈએ. દારૂની દુકાનોનું પિકેટિંગ જ્યાં તે સંપૂર્ણ રીતે શાંતિમય હોય ત્યાં ચાલુ રહી શકે. પિકેટિંગને નાહક મનાઈ કરતી નોટિસો બજાવવામાં આવી હોય ત્યાં તો તે જરૂરથી ચાલુ રહેવું જોઈએ. એ જ પ્રમાણે શાળાઓ કે પરદેશી કાપડની દુકાનો અંગેનું પિકેટિંગ પણ ભલે ચાલુ રહેતું. આપણી સઘળી પ્રવૃત્તિ ઉત્સાહપૂર્વક ચાલુ રાખવી જોઈએ પણ સાથે સાથે અત્યંત સંયમ જાળવવો જોઈએ અને સહેજ પણ હિંસા કે અવિનયથી દૂર રહેવું જોઈએ. તાકાતમાં સંયમ અને વિનય ઉમેરાય, ત્યારે તાકાતનો કોઈથી સામનો થઈ શકતો નથી. સવિનયભંગ તો કોઈથી પણ લઈ ન શકાય એવો અધિકાર હોવાથી, પરિષદ મળશે ત્યારે પણ તેની તૈયારીઓ ચાલુ રહેશે. અને સવિનયભંગની તૈયારીઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

૧. સ્વયંસેવકોની નોંધણી,

૨. સ્વદેશીનો પ્રચાર,

૩. અસ્પૃશ્યતાનિવારણ,

૪. વાણી, વર્તન અને વિચારમાં અહિંસાની તાલીમ,

૫. જુદા જુદા સંપ્રદાયો અને વર્ગો વચ્ચે એકતા.

મારા સાંભળવામાં આવ્યું છે કે હિંદુસ્તાનના ઘણા ભાગોમાં ખાદી ન પહેરતા હોય, સંપૂર્ણ અહિંસામાં ન માનતા હોય, અથવા હિંદુ હોય તો અસ્પૃશ્યતાને એક માનવતાવિરોધી ગુનો ન ગણતા હોય એવા ઘણા લોકો સ્વયંસેવક તરીકે નોંધાયા છે. આપણા પોતાના જ નિયમોમાંથી આપણે સહેજ પણ ચલિત થયા તો આપણી પ્રગતિ રૂંધાશે એ બાબતની ચેતવણી હું લોકોને વારંવાર ન આપી શકું. આપણા કામનો જથો નહીં, પરંતુ તેના ગુણ ઈશ્વરને ગમશે. એટલે કેવળ મોઢેથી ધર્મનું નામ લેનારા સૌ મુસલમાનો અને હિંદુઓ સ્વર્ગમાં પ્રવેશી શકવાના નથી. ઉત્તમમાં ઉત્તમ મુસલમાન કરતાં ઈસ્લામ વધારે બળવાન નથી. હજારો નામના જ હિંદુઓ

Gandhi Heritage Portal

તેમના ધર્મ પ્રમાણે ચાલતા નથી અને તેને બદનામ કરે છે. હિંદુ ધર્મનો એક સાચો અને સંપૂર્ણ અનુયાયી કોઈ પણ સમયે અને સમસ્ત દુનિયા સામે એ ધર્મની રક્ષા કરવા માટે પૂરતો છે. એ જ રીતે એક સાચો અને સંપૂર્ણ અસહકારી, લાખો નામના અસહકારીઓ કરતાં કોઈ પણ સમયે ચડિયાતો છે. સવિનયભંગની ઉત્તમ તૈયારી, વિનય કેળવવામાં એટલે આપણી અંદર-અંદર અને આપણી આસપાસ સત્ય અને અહિંસા કેળવવામાં રહેલી છે.

### માગણીઓ

કૉંગ્રેસની માગણીઓના પૂરા જ્ઞાન સાથે સૌ ગોળમેજી પરિષદમાં જાય તે માટે, મેં આપણી આખી બાજી ખુલ્લી કરી દીધી છે અને ખિલાફત, પંજાબ અને સ્વરાજ અંગેની માગણીઓનું પુનરુચ્ચારણ કર્યું છે. અહીં તે હું ફરીથી જણાવું છું :

૧. મારી સ્મરણશક્તિ પરથી લખું તો કૉન્સ્ટેન્ટીનોપલ, એડ્રિયાનોપલ, સ્મર્ના અને થ્રેસ સહિત ઍનેટોલિયા તુર્કોને પૂરેપૂરાં સોંપી દેવામાં આવે. અરબસ્તાન, મૅસોપોટેમિયા, પૅલેસ્ટાઈન અને સીરિયામાંથી બિનમુસ્લિમ લાગવગ પૂરેપૂરી દૂર કરવામાં આવે, એટલે એ પ્રદેશોમાંથી અંગ્રેજ કે હિંદી બ્રિટિશ સૈનિકોને ખસેડી લેવામાં આવે.

૨. કૉંગ્રેસની પેટાસમિતિના[1] હેવાલનો સંપૂર્ણ અમલ થાય તે માટે, સર માઈકલ ઓડવાયર, જનરલ ડાયર અને હેવાલમાં જેમની ગણતરી બરતરફી માટે કરવામાં આવી હોય તેવા બીજા અધિકારીઓનાં પૅન્શન બંધ કરવાં.

૩. ઉપરોક્ત માગણીઓ મંજૂર કરવામાં આવતાં સ્વરાજનો અર્થ, સંપૂર્ણ સાંસ્થાનિક સ્વરાજ થાય. આવા સ્વરાજની યોજના, કૉંગ્રેસ બંધારણ પ્રમાણે યોગ્ય રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ઘડવામાં આવે, એટલે કે ચાર આનાના મતાધિકાર મારફતે. ચાર આના આપનાર અને કૉંગ્રેસના ધ્યેય પર સહી કરનાર પુખ્ત વયનાં એકેએક હિંદી સ્ત્રીપુરુષને મતદારની યાદી પર સ્થાન મેળવવાનો હક રહેશે. આ મતદારો જે પ્રતિનિધિઓ ચૂંટશે તેઓ સ્વરાજનું બંધારણ ઘડશે. બ્રિટિશ પાર્લમેન્ટ, જરા પણ ફેરફાર કર્યા વિના આનો અમલ કરશે.

ટીકાકાર પૂછે છે : "કૉંગ્રેસનો કાર્યક્રમ આવો તદ્દન ચોક્કસ હોય તો પરિષદની શી જરૂર છે?" હું માનું છું કે એની જરૂર છે અને હમેશ રહેશે.

માગણીઓનો અમલ કરવાની રીતનો વિચાર કરવો પડશે. આ માગણીઓ વિષે સરકાર પાસે વાજબી અને ગળે ઊતરે એવો જવાબ હોઈ શકે. કૉંગ્રેસીઓએ પોતાની ઓછામાં ઓછી માગણીઓ નક્કી કરી છે, પરંતુ આમ નક્કી કરવું એનો અર્થ જ એ કે પોતાના હેતુના ન્યાયીપણામાં શ્રદ્ધા હોવી. વળી એનો એવો પણ અર્થ થાય કે સોદાબાજીને કોઈ અવકાશ નથી. એટલે અહીં પોતાની નિર્બળતા કે બિનકાબેલિયતને અપીલ કરવાપણું ન હોય. અપીલ તો માત્ર સમજદારીને જ કરાય. વાઈસરૉય પરિષદ બોલાવે તો તેનો અર્થ કાં તો એવો થાય કે તેઓ માગણી-ઓના ન્યાયીપણાને માન્ય રાખે છે અથવા બીજાઓ સાથે કૉંગ્રેસીઓને તેના ગેરવાજબીપણા વિષે સંતોષવાની આશા રાખે છે. આ માગણીઓને નકારવાની કે તેને ઘટાડવાની તેમની દરખાસ્તના ન્યાયીપણા વિષે તેમને ભરોસો હોવો જોઈએ. જેઓ તાકાત અજમાવવાના વિચારને દૂર રાખતા હોય અને પોતાનું વલણ અન્યાયી છે એમ સમજાતાંની સાથે તરત જ તેને બદલતા હોય એવા

૧. ૧૯૧૯ના એપ્રિલનાં પંજાબનાં તોફાનોની તપાસ કરવા નિમાયેલી. તેના હેવાલ માટે જુઓ પુસ્તક ૧૭, પા. ૧૧૬–૨૭૯.

Gandhi Heritage Portal

સરખેસરખા વચ્ચેના મિલનનો હું આવો અર્થ કરું છું. નામદાર વાઇસરૉયને અને સંબંધ ધરાવતા સૌ કોઈને હું ખાતરી આપવા માગું છું કે કૉંગ્રેસીઓ અથવા અસહકારીઓ દુનિયામાં અથવા હિંદુસ્તાનમાં મળી આવતા બીજા સમજદાર માણસો જેટલા જ સમજદાર છે. કોઈ પણ ન્યાયી માગણી નકારી કાઢવામાં આવે ત્યારે, યાતના સહન કરવાની તો તેમની ફરજ જ છે એટલે એવા સમજદાર બનવા માટે તેમને દરેક રીતનું પ્રોત્સાહન મળે છે.

ખિલાફત અંગે શાહી સરકાર કંઈ કરી શકે તેમ નથી એવું આગ્રહપૂર્વક કહેવાતું મેં સાંભળ્યું છે. આ વિષે મને ખાતરી કરાવવામાં આવે એમ હું ઇચ્છું છું. એમ જ હોય તો, અને જો શાહી સરકાર હિંદુસ્તાનના મુસલમાનો સાથે સમાન ધ્યેય બતાવે તો મને સંપૂર્ણ સંતોષ થાય અને શાહી સરકારની પ્રામાણિક મદદથી હું ખિલાફતની માગણીના ન્યાયીપણા વિષે બીજી સત્તાઓને સમજાવવાની તક લઉં. અને આ દાવાનો સ્વીકાર કરવામાં આવે તોપણ તેના અમલ વિષે ઘણી ચર્ચા કરવાની જરૂર રહે છે.

તેવું જ પંજાબ વિષે. સિદ્ધાંતનો સ્વીકાર થતાં વિગતો નક્કી કરવી પડે. બરતરફ કરાયેલા અધિકારીઓનાં પેન્શન બંધ કરવા અંગે કાનૂની મુશ્કેલીઓ આગળ ધરવામાં આવે છે. વાચકને કદાચ ખબર નહીં હોય કે મૌલાના શૌકતઅલીનું પેન્શન (મને લાગે છે કે તેઓ સર માઇકલ ઓડવાયર જેટલો જ દરજ્જો ધરાવતા હતા) કંઈ પણ તપાસ કર્યા વિના કે તેમને અગાઉથી ખબર આપ્યા વિના બંધ કરવામાં આવ્યું હતું. હું માનું છું કે ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી બતાવવા માટે અથવા નોકરી અંગે બિનવફાદાર સાબિત થતાં અધિકારીઓ અને અમલદારોને પેન્શનની યાદી પરથી દૂર કરવાની નોકરીના નિયમોમાં જોગવાઈ છે. ગમે તેમ પણ, આ અધિકારીઓની પાછલી સેવાના બહાનાને બાદ કરતાં, પંજાબની માગણીને નકારવા માટેનો પોતાનો કેસ સરકાર પુરવાર કરી બતાવે. સામ્રાજ્ય પ્રત્યેની સેવા અને હિંદુસ્તાન પ્રત્યેની કુસેવા સાથે સંભવી શકે એમ માની લેવામાં આવે તોપણ, હિંદુસ્તાન પ્રત્યેની કુસેવાના મુકાબલામાં સામ્રાજ્ય પ્રત્યેની તેમની સેવાને મહત્ત્વ આપવાનો મારે ઇનકાર જ કરવો જોઈએ.

સ્વરાજની યોજના તો બેશક એવી બાબત છે કે એને વિષે જેટલાં સ્ત્રીપુરુષો હોય એટલા અભિપ્રાય હોઈ શકે. અને એ બાબત પરિષદમાં ખૂબ જ ધ્યાનપૂર્વક ચર્ચા કરવા જેવી છે. પરંતુ અહીં પણ સાફ મન અને પૂર્વગ્રહનો અભાવ હોવાં જ જોઈએ. દરેકના મનમાં હિંદુસ્તાનની સ્વતંત્રતા એક સર્વોપરી હિત હોવું જોઈએ. બ્રિટિશ મતદારો ભારે કામમાં રોકાયેલા છે, અથવા આમની સભા બેપરવા છે અથવા ઉમરાવસભા વિરોધ કરે છે એ પ્રકારની કોઈ અડચણ ઊભી ન થવી જોઈએ. હિંદુસ્તાનનો કોઈ પણ ચાહક, આ ઉપલક બાબતો ધ્યાનમાં ન લઈ શકે. હિંદુસ્તાનને જે જોઈએ છે તે માટે તે તૈયાર છે કે નહીં, એ જ એક પ્રશ્ન વિચારવાનો હોય. અથવા કોઈ બાળકની માફક, પોતે પચાવી ન શકે એવો ખોરાક તે માગે છે? આનો નિર્ણય, બહારના કોઈ લોકો નહીં પરંતુ હિંદીઓ પોતે જ કરી શકે.

એ દૃષ્ટિએ, પૂર્ણ સ્વરાજની યોજના તૈયાર કરવા માટેની પરિષદનો ખ્યાલ હું કસમયનો ગણું છું. હિંદુસ્તાને હજુ સુધી તેની તાકાતની અચૂક સાબિતી આપી નથી. તેણે ખરેખર ઘણી યાતના વેઠી છે પરંતુ આપણી સામેનું ધ્યેય હાંસલ કરવા માટે તે નહીં જેવી છે અને પૂરતા લાંબા સમયની નથી. તેણે હજુ પણ વધારે શિસ્તમાંથી પસાર થવાનું છે. પરિષદના ઠરાવોમાં અસહકારીઓને સામેલ ન કરવામાં હું ખૂબ જ સાવધ હતો, કારણ કે આપણે હજુ પણ ઘણા નિર્બળ છીએ. હિંદુસ્તાને જ્યારે શિસ્તબદ્ધ તાકાત કેળવી હશે ત્યારે હું પોતે

Gandhi Heritage Portal

પરિષદ માટે વાઇસરૉયનાં બારણાં ખખડાવીશ અને હું જાણું છું કે વાઇસરૉય અગ્રગણ્ય ધારાશાસ્ત્રી હોય કે મશહૂર લશ્કરી અમલદાર હોય તોપણ, તેઓ આ તક ઝડપી લેશે. મને આપણી નિર્બળતાનું ભાન હોવાથી હું સીધો તેમની પાસે જતો નથી. પણ હું નમ્ર હોવાથી મૉડરેટો અથવા બીજા મિત્રો મારફતે સ્પષ્ટ કરું છું કે પ્રામાણિક પરિષદો અથવા ચર્ચાવિચારણા માટે હું એક પણ તક નહીં ગુમાવું. તેથી કૃતજ્ઞતાપૂર્વક ઇન્ડિપેન્ડન્ટોને મળવાની અને તેમને ઠીક લાગે તે રીતે ઉપયોગ કરવા માટે આપણી સેવાઓ તેમને હવાલે કરવાની, અસહકારીઓને સલાહ આપતાં મને સંકોચ થયો નથી. અને વાઇસરૉયને કે કોઈ પક્ષને પરિષદની ઇચ્છા હોય તો તેનો જવાબ ન વાળવો એ અસહકારીઓ માટે અક્કલવિહોણું ગણાય. પ્રજામત અને પ્રજાનો સાથ કેળવવામાં જ અસહકારીઓ માગે છે તેવી સફળતાનો આધાર રહેલો છે. તેમને બીજું કોઈ પીઠબળ નથી. તેઓ જો લોકમત ગુમાવે તો તેટલા સમયપૂરતો તેમણે ઈશ્વરનો આદેશ ગુમાવ્યો ગણાય.

યોજના તૈયાર કરવાની રીત બાબતમાં પણ, મને શકચ લાગે છે તેની મેં માત્ર સૂચના જ કરી છે. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ કે કારોબારી સમિતિએ તેનો વિચાર કર્યો નથી. કૉંગ્રેસનો મતાધિકાર સ્વીકારવાની સૂચના મારી પોતાની છે. પણ માર્ગદર્શક સિદ્ધાંત તરીકે મેં રજૂ કરેલી વાતનો ખરેખર વિરોધ થઈ શકે તેમ નથી. લોકોના પ્રતિનિધિઓ તૈયાર કરે તે યોજના જ સ્વરાજની યોજના હોય. તો પછી લોકો તરફથી ન ચૂંટાયા હોય એવા વહીવટના નિષ્ણાતોનું અને બીજાઓનું શું થાય? મારો અભિપ્રાય એવો છે કે તેમણે પણ હાજર રહેવું અને તેમને મતનો અધિકાર પણ હોય, પરંતુ તેઓ અવશ્ય લઘુમતીમાં જ રહેવા જોઈએ. તેમણે હકીકતોની સચ્ચાઈ વિષે એકધારી અપીલ કરીને બહુમતી પર પોતાનો પ્રભાવ પાડવાની અપેક્ષા રાખવી જોઈએ. પરસ્પર વિશ્વાસ અને આદર હોય, તો પરિષદ જરૂર સંતોષકારક અને માનભરી સુલેહમાં પરિણમ્યા વિના ન રહે.

### કમનસીબ બનાવ

સર શંકરન નાયર એકાએક ખસી ગયા એ એક કમનસીબ બનાવ હતો. મારા અભિપ્રાય પ્રમાણે તેમને મારા કે પાછળથી શ્રી ઝીણાના વિચારો સાથે કોઈ લેવાદેવા ન હતી. ખાસ કરીને પ્રમુખ તરીકે કોઈના પણ વિચારો સાથે ગર્ભિત રીતે કે ખુલ્લી રીતે સંમત થવામાંથી તેઓ મુક્ત હતા. સર શંકરને પ્રમુખ તરીકેના તેમના કર્તવ્ય અંગે કસૂર કરી છે એવું મને ચોક્કસપણે લાગે છે. પરંતુ જેમ જેમ આપણે લોકશાહી તરફ પ્રગતિ કરીશું તેમ તેમ આપણે સ્વતંત્રતાનો આવો ભૂલભર્યો ઉપયોગ થાય એને માટે પણ તૈયાર રહેવું પડશે. ખાનગી વાતચીતમાં જેને દુરાગ્રહી કહેતાં મને સંકોચ થયો નથી એવી પોતાની સ્વતંત્રતા હિંમતપૂર્વક અજમાવવા માટે સર શંકરન નાયરને હું ધન્યવાદ આપું છું અને માનસિક રીતે નિરાશ થયા વગર શાંતિથી સર વિશ્વેશ્વરૈયાને[1] પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં તથા નિવૃત્ત થતા પ્રમુખનો તેમની સેવાઓ માટે આભાર માનવામાં સમિતિએ બતાવેલી સ્વતંત્રતા બદલ હું તેને ધન્યવાદ આપું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–१–१९२२

૧. સર એમ. વિશ્વેશ્વરૈયા, પ્રખ્યાત એન્જિનિયર; મૈસૂરના ભૂતપૂર્વ દીવાન.

Gandhi Heritage Portal

# ૮૯. લશ્કરી કાયદા કરતાં પણ ખરાબ

આ જંગલી દમન ચાલુ રહે ત્યાં સુધી અને હિંદુસ્તાન ભારેમાં ભારે બલિદાન આપીને દમનનો અંત ન લાવે ત્યાં સુધી મારે દમનની પ્રમાણભૂત વાતોથી યંગ ઇન્ડિયાનાં પાનાં ભરવાં રહ્યાં. દમન જડ, નિરંકુશ, અસંસ્કારી અને ક્રૂર હોવાથી હું તેને જંગલી કહું છું. ધારી લો કે હડતાળ કે બીજી કોઈ પ્રવૃત્તિ અંગે કેટલાક અસહકારીઓએ ધમકી કે હિંસાનો પણ આશરો લીધો હોય. તો શું ગુનેગારને શોધી કાઢીને શિક્ષા કરવાનું મુશ્કેલ છે? સરકારને સાક્ષીઓ મળી શકતા ન હોય તો આ કહેવાતી ધાકધમકી પાછળ સમસ્ત પ્રજા ઊભી છે એવું દેખાઈ આવતું નથી? કોઈ કૃત્ય ગમે તેટલું ઘૃણાજનક હોય છતાં તે જ્યારે કોઈ એક આખી પ્રજાનું કૃત્ય બને છે ત્યારે, તે એ દેશના કાયદાથી કામ ચલાવી શકાય એવો ગુનો રહેતું નથી. તેથી કોઈ બિનજવાબદાર સરકાર દમન કરે ત્યારે તેનું તે કૃત્ય કદી લોકપ્રિય કે લોકોની સલામતી માટે કરવામાં આવેલું કૃત્ય બની શકતું નથી. પરંતુ અત્યારના દાખલામાં થતું દમન, સરકારનાં અપકૃત્યો સામે વધી રહેલા આંદોલનને દાબી દેવાના હેતુ માટે થતું હોવાથી તે બેવડી રીતે અક્ષમ્ય બને છે.

પરંતુ આ લેખનો હેતુ તેનું ગેરવાજબીપણું દર્શાવવાનો નથી. તેનો હેતુ તો તેનો પાશવી ગુણ અને લશ્કરી કાયદા કરતાં પણ તે વધારે નપાવટ છે એ બતાવવાનો છે.

પંજાબનો લશ્કરી કાયદો પ્રમાણમાં શિષ્ટ કાયદો હતો અને તેનું નામ પણ એવું જ અપાયું હતું એટલે કંઈ નહીં તો તેણે એક આઘાત કરવાનો હેતુ તો સાર્યો જ હતો. પરંતુ હાલમાં સાધારણ કાયદાના રક્ષણ હેઠળ, પરંતુ ખરેખર તો કોઈ જ કાયદા વિના જે કૃત્યો કરવામાં આવે છે તે સાવ અંકુશહીન છે. લશ્કરી કાયદાને તો તેની પોતાની નીતિનિયમની સંહિતા હોય છે, પરંતુ આ અરાજકતાને એવું કશું જ હોતું નથી.

ફરિદપુરનો ફટકા મારવાનો જ દાખલો લો. ડૉ. મૈત્ર કલકત્તાના એક જાણીતા ડૉક્ટર છે. તેઓ એક અપક્ષ ગૃહસ્થ છે. ફરિદપુર જેલની મુલાકાતનો તેમણે વિગતે હેવાલ આપ્યો છે. બે સંસ્કારી માણસો, જેમાંના એક મુખ્ય શિક્ષક હતા, તેમને ફટકા મારવાના માંચડા સાથે બાંધવામાં આવ્યા હતા અને સ્પષ્ટ રીતે જ જેલના અધિકારીઓને સલામ નહીં કરવાના દોષ માટે ફટકા મારવામાં આવ્યા હતા. ડૉ. મૈત્રે જેલની મુલાકાત લીધી ત્યારે આ શિક્ષાની ક્યાંય પણ નોંધ સુધ્ધાં કરવામાં આવી ન હતી. કાચા કેદીઓ સહિત અનેક કેદીઓને તેમણે આખી રાત હાથકડી પહેરાવેલા જોયા. એક કેદીને ત્રણ દિવસ સુધી ખડી હાથકડી પહેરાવવામાં આવી હતી.

> જેલના ખાસ ઓરડા કે ખોલીઓમાં કેદીઓને, મંજૂર કરેલી જોગવાઈ કરતાં બમણી સંખ્યામાં આ ઠંડીની મોસમમાં ખોરાક, કપડાં અને પથારીની પૂરતી વ્યવસ્થા કર્યા વિના ગોંધવામાં આવ્યા હતા.

બંગાળ સરકાર પાસે કહેવાની માત્ર એક જ વસ્તુ છે, અને તે એ કે આ કૃત્યોનો ઇનકાર ન કરતાં શિસ્તને નામે તેમને વાજબી ઠરાવવાં. સરકારી યાદી જણાવે છે : "શિક્ષાની ધારી અસર થઈ છે, અને ત્યારથી શિસ્ત જળવાઈ છે."

Gandhi Heritage Portal

હવે આપણે અલ્લાહાબાદ તરફ વળીએ. પોતાના તરફ હવે માનવતાભર્યો વર્તાવ રાખવામાં આવે છે એમ મહાદેવ દેસાઈ સાચી રીતે કહી શકે છે. તેવું યુક્ત પ્રાંતની સરકારે તેમની પાસેથી મળેલું ચારિત્ર્યનું પ્રમાણપત્ર રજૂ કર્યું છે. પરંતુ નૈની જેલમાં ફટકા મારવા સહિત કેદીઓ સાથે જે દુર્વર્તાવ કરવામાં આવ્યો છે તેની તેમણે આપેલી લોહી થીજવી નાખે તેવી કથની પર વાચકને વિચાર કરવા દો.

સીતામઢીથી ખબર આવે છે કે તેના રહેવાસીઓને રૂપિયા ૨૫,૦૦૦નો દંડ કરવામાં આવ્યો છે અને તેમના પર શિક્ષાત્મક પોલીસ લાદવામાં આવી છે. સીતામઢી બિહાર પ્રાંતનો એક પેટા-વિભાગ છે. દંડ અને શિક્ષાત્મક પોલીસ એટલે જ સીતામઢીનાં ઘરબારોની લૂંટ. સિહુલિયા, ચંદરપુર, ભરતવા ગામોની લૂંટનો હેવાલ[1] મધરલૅન્ડ આપે છે.

સિંધ કૉંગ્રેસ સમિતિ તરફથી આવેલો નીચેનો પત્ર[2] જણાવે છે તેમ સિંધની પરિસ્થિતિ કંઈ વધારે સારી નથી:

> હૈદરાબાદની સેન્ટ્રલ જેલમાં અત્યારે બીજા બે ગુનેગાર સાથીઓ સાથે પૂરવામાં આવેલા પંજાબના લશ્કરી કાયદા હેઠળના એક કેદી, રહમત રસૂલનો પત્ર હિન્દુ પ્રગટ કરે છે. તે લખે છે કે ગયા નવેમ્બરમાં આંદામાનથી અમને અહીં લાવવામાં આવ્યા ત્યારે અમને ફાંસીખોલીમાં પૂરી દેવામાં આવ્યા હતા અને તબીબી અધિકારીએ અમારી મુલાકાત લીધી અને અમને ખોરાક અપાવ્યો તે અગાઉ ત્રણ દિવસ સુધી અમને ભૂખ્યા રાખવામાં આવ્યા હતા. પાછળથી, જ્યારે જ્યારે સુપરિન્ટેન્ડેન્ટ અમારી પાસે આવતા ત્યારે ત્યારે અમારે નમાઝ વખતે મુસલમાનો કરે છે તેમ હાથ ઊંચા કરીને "સરકાર એક હૈ" એવું બોલી તેમને આવકાર આપવો પડતો. ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતમાં હસ્તક્ષેપ કરતો આ અનૈતિક હુકમ રહમત રસૂલે એમ કહીને માનવાની ના પાડી કે "મારે માટે માત્ર ખુદા જ એક છે અને ખુદાની બંદગી કરતી વખતે જ હું હાથ ઊંચા કરું છું." પરિણામે એની ધાર્મિક નિષ્ઠાના બદલા તરીકે તેને ત્રીસ ફટકા, છ માસ એકાંત-કેદ, છ માસ ગુણપાટનાં કપડાં, છ માસ આડાબેડી અને છ માસ સળિયાબેડીની પંચવિધ સજા મળી. . . . બધા રાજકીય કેદીઓ પ્રત્યે . . . તેઓ સાધારણ ગુનેગાર કેદીઓ કરતાં પણ ખરાબ હોય એ રીતનો વર્તાવ દાખવવામાં આવે છે.
>
> વાચકને યાદ હશે કે ગયા જુલાઈ માસમાં મતિયારીમાં નિર્દોષ લોકો પર પોલીસે ગોળીબાર કર્યો હતો અને તેમાં એક જણ માર્યો ગયો હતો અને ઘણા ઘાયલ થયા હતા. આ અંગેનો સરકારી કમિશનનો હેવાલ મુંબઈના સચિવાલયમાં અભરાઈ પર ચડાવી દેવામાં આવ્યો છે.
>
> તાજેતરમાં એ (ફોજદાર) દંડ વસૂલ કરવા માટે સજા પામેલા અને જેલ ભોગવતા એક અસહકારીના ઘરમાં ઘૂસ્યો અને ઘરમાં રહેતી પરદાનશીન સ્ત્રીઓ પાસેથી, તેનો માલ-સામાન બળાત્કારે પડાવી લીધો. એમાં કેદીની ભાભીના નાકમાંથી બળજબરીથી ખેંચી લીધેલી સોનાની નથણીનો પણ સમાવેશ થાય છે.

૧. અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી.
૨. માત્ર એમના ઉતારા જ અહીં પ્રગટ કરવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

માણસ કે માલમિલકત, સ્ત્રી કે પુરુષ કોઈ પણ સરકારની નજરમાંથી બચે એમ નથી. જેલોમાંનું જીવન પણ કષ્ટરહિત નથી. માત્ર શરીરના કબજાથી સરકારની જરૂરિયાત સંતોષાતી નથી. અત્યાચારો અને અપમાનો પણ તેમાં ઉમેરવામાં આવ્યાં છે.

આમ આપણને જલિયાંવાલા બાગ કાંડ રહિત લશ્કરી કાયદો મળ્યો છે. અને આ સ્થિતિ સૌથી ખરાબ છે. જલિયાંવાલા જોકે અમાનુષી હતો, છતાં એ સરકારના ઈરાદાઓનું ચોખ્ખામાં ચોખ્ખું સ્વરૂપ બતાવતો હોવાથી તેણે આપણને જરૂરી આઘાત આપ્યો હતો. એ ખુલ્લામાં કરેલો સોદો હતો. હાલમાં જે કંઈ ચાલી રહ્યું છે તે બધું જેલની ઠંડી દીવાલોની વચ્ચે અથવા અજાણ્યાં ગામોમાં ચાલતું હોવાથી તેનું કોઈ નાટકી મૂલ્ય નથી. એટલે આપણી સ્પષ્ટ ફરજ એ છે કે કોઈ "ઢંગધડા વગરની અર્થહીન વસ્તુ" નહીં, પણ લશ્કરી કાયદો જ નોતરવો અને સને ૧૯૧૯ની માફક પીઠમાં નહીં પરંતુ આપણી ખુલ્લી અને આગળ કરેલી છાતીમાં આનાકાની વિના બંદૂકની ગોળીઓ ઝીલવી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९-१-१९२२

## ૯૦. એક સુધારો

સંપાદક, यंग इन्डिया

સાહેબ,

આગા સફદરની ધરપકડ અંગેની આપની નોંધ[1] મેં હમણાં જ જોઈ. આપના પત્રલેખકે કેટલીક તદ્દન ખોટી વાતો જણાવી છે. આપને હું જણાવું કે (૧) ટોળાએ મૅજિસ્ટ્રેટનું અપમાન કર્યું ન હતું, (૨) ટોળું જેલમાં પ્રવેશ્યું નહોતું, (૩) પોલીસ અધિકારીનું વર્તન વિવેકી ન હતું. આ ત્રણ મહત્ત્વના મુદ્દાઓ વિષે આપે તદ્દન ખોટો હેવાલ આપ્યો છે. . . . ભવિષ્યમાં કોઈ પણ પત્રલેખકની સચ્ચાઈની કસોટી કર્યા પછી જ તેનું લખાણ આપ પ્રગટ કરશો.

આપનો સહૃદયી

સિયાલકોટ, ૨૦-૧૨-૧૯૨૧

મંત્રી

જિલ્લા કૉંગ્રેસ સમિતિ

આ પત્રલેખકનો સુધારો હું ખુશીથી પ્રગટ કરું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९-१-१९२२

૧. જુઓ "નોંધ", ૧૫-૧૨-૧૯૨૧નું પેટામથાળું "આગા સાહેબ સફદર".

Gandhi Heritage Portal

# ૯૧. મદ્રાસમાં ગુંડાગીરી

મદ્રાસમાં ૧૩મી તારીખે હડતાળ[1] પડી તે વખતે લખેલા એક પત્રમાં ડૉ. રાજન જણાવે છે[2] :

મદ્રાસની હડતાળ સંપૂર્ણ રીતે સફળ નીવડી છે. તે દિવસ પૂરતું આખું શહેર મૃત્યુને શરણ થયેલું જણાય છે. . . . પરંતુ એક મોટા શહેરમાંની હડતાળ પાછળ રહેલાં જોખમોનો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. શહેરના તોફાની વિસ્તારો અંકુશ હેઠળ લાવી શકાયા હતા એ માટે અમે ગર્વ લેતા હતા. . . . હું, રામનાથન અને આદિનારાયણન ચેટ્ટિયાર, ત્રણ કે ચાર ભયભરેલાં સ્થળો પર રહ્યા હતા અને તોફાનનો ભય ટાળ્યો હતો. કોઈ ચોક્કસ પક્ષ પર દોષ ઢોળવાનું મુશ્કેલ છે. લોકમતનો અનાદર કરનારાઓ પ્રત્યે ટોળું એકદમ ગુસ્સે ભરાય છે છતાં ગાંધી પક્ષના પ્રતિનિધિ તરફથી એકાદ માયાળુ શબ્દ, ઠપકાનો એકાદ નમ્ર બોલ તેમને શાંત પાડી દે છે. હથિયારધારી માણસોને જોતાં તેઓ ઉશ્કેરાઈ જાય છે. શહેરમાં એક નાના છોકરાના સાથળ પર સંગીન ઘોંચવામાં આવી. હજી સુધી અમે બીજા કોઈ બનાવ વિષે સાંભળ્યું નથી. હું આ લખી રહ્યો છું ત્યારે માઉન્ટ રોડ નજીક બે જણ પર ગોળી ચલાવ્યાના સમાચાર મને મળે છે.

ગવર્નર લૉર્ડ વિલિંગ્ડન અને પ્રધાનોના પક્ષના વડા સર પી. ત્યાગરાજ ચેટ્ટી શહેરનું કેન્દ્ર ગણાતા કોટવાલ બજારમાં જાતે ગયા. તેમણે લશ્કરી મદદનું વચન આપ્યું. . . .

પાછળથી હું પગે ચાલીને માઉન્ટ રોડ ગયો. "વેલિંગ્ટન" નામનું એક પારસી સિનેમાઘર કરુણ ઘટનાનું કેન્દ્ર બન્યું હતું. સિનેમા સામે એક ઉશ્કેરાયેલું ટોળું ઊભું હતું અને ત્યાં થોડી પથ્થરબાજી થઈ હતી. એક પારસીએ મેડા ઉપરથી ટોળાની વચ્ચે ગોળી છોડી. ટોળામાંનો એક માણસ ત્યાં ને ત્યાં જ મરી ગયો અને બીજા બે જણને ઈજા થઈ હોવાનું મને કહેવામાં આવ્યું. ટોળું ઉશ્કેરાઈ ગયું, થિયેટરમાં ધૂસી ગયું અને બારીબારણાં અને ફર્નિચરને નુકસાન પહોંચાડયું. થોડા સમય પછી તેમને કાબૂમાં લેવામાં આવ્યા અને આખો વિસ્તાર લશ્કરી રક્ષણ હેઠળ છે. ઘોડેસવારો અને બખ્તરિયા ગાડીઓનો પહેરો ચાલુ છે. આ રસ્તો શાહજાદાની અવરજવરનો માર્ગ છે. પણ શાહજાદાનો માર્ગ હવે દરિયા બાજુએ ફેરવવામાં આવ્યો છે.

મને હમણાં જ ખબર પડી કે સર ત્યાગરાજ ચેટ્ટીને તેમના જ ઘરમાં ટોળાએ ઘેરી લીધા છે. આજે શાહજાદા કાઉન્સિલમાં આવ્યા ત્યારે તેઓ તેમાં હાજર ન રહી શક્યા. . . . હું માનું છું કે તેમની જાતને કશું નુકસાન થયું નથી અને થાય તેવો સંભવ નથી.

મેં ડૉ. રાજનનો પત્ર મદ્રાસને સફળ હડતાળ માટે ધન્યવાદ આપવા નહીં પરંતુ હડતાળને દિવસે ફાટી નીકળેલી ગુંડાગીરી બદલ દુ:ખ વ્યક્ત કરવા માટે પ્રગટ કર્યો છે. હડતાળ ન પડી હોત અને ગુંડાગીરી ન થઈ હોત તો વધારે સારું હતું. મન ફાવે એમ ભાંગફોડ કરવી એ ગુંડાઓનું

૧. પ્રિન્સ ઑફ વેલ્સની મદ્રાસની મુલાકાતના બહિષ્કાર માટે પાડવામાં આવેલી હડતાળ.
૨. માત્ર થોડા ઉતારા જ અહીં પ્રગટ કર્યા છે.

Gandhi Heritage Portal

કૃત્ય હતું એમ કહીને છૂટી ન પડાય. કારણ કે એથી તો મદ્રાસમાં સ્વશાસન ચલાવવાની અસહકારીઓની ગેરલાયકાત સંપૂર્ણ રીતે પુરવાર થાય છે. જેઓ એવી શક્તિનો દાવા કરે છે તેઓ બધાં હિંસક બળોને નિયંત્રણમાં રાખવા સમર્થ હોવા જોઈએ. હડતાળ કંઈ શાંતિપૂર્ણ ન હતી, કારણ કે બિચારા સિનેમામાલિકની માફક જો બીજાઓએ પણ પોતાની દુકાનો ખુલ્લી રાખવાની હિંમત કરી હોત તો તેના હાલ થયા તે તેમના પણ થાત. સિનેમાવાળા માણસે ગોળીબાર ન કર્યો હોત તો તેના સિનેમાગૃહનો નાશ કરવામાં આવ્યો હોત. એટલે તેણે કરેલા ગોળીબારને હું વાજબી ગણું છું. ટોળાનો વધી ગયેલો રોષ, વાજબી શિક્ષા સામેના તુમાખીભર્યા મિજાજના પ્રદર્શનરૂપ હતો. સર ત્યાગરાજ ચેટ્ટિયારના ઘરનો ઘેરો વ્યક્તિસ્વાતંત્ર્યમાં કાયરતાભરી દખલ કરવા બરાબર હતો. જે ટોળાએ સર ત્યાગરાજને શાહજાદાને માન આપવા જતાં અટકાવ્યા તેણે પોતાની જ માનહાનિ કરી છે અને જે માન આપતાં સર ત્યાગરાજ ચેટ્ટિયારને અટકાવ્યા હતા તે માનનું મૂલ્ય વધારી દીધું છે. એ રસ્તો ટોળાનો હોઈ શકે પરંતુ એ અસહકારીઓની "કામકાજ કરવાની" રીત નહોતી.

ડૉ. રાજન અને તેમના સાથીદારોએ હડતાળ દરમિયાન શાંતિ જાળવવાની કોશિષ કરવામાં કંઈ મણા રાખી ન હતી. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ. પરંતુ મદ્રાસ પણ આપણને મુંબઈએ ભણાવ્યો હતો એવો બોધપાઠ ભણાવે છે. આપણે ખરેખર સ્વરાજનું વાતાવરણ જમાવી શકીએ તે પહેલાં આપણે હજુ ઘણું કામ કરવાનું છે. આપણે કાં તો સફળ અહિંસક ક્રાંતિમાં શ્રદ્ધા રાખીએ અથવા એવું માનીએ કે અહિંસા કેવળ હિંસા માટેની એક તૈયારી જ છે. બીજી વાત જ જો સાચી વસ્તુસ્થિતિ દર્શાવતી હોય તો આપણે આપણી માન્યતા બદલવી જોઈએ. પરંતુ હિંદુસ્તાને અહિંસાની ભાવના ખૂબ જ અસાધારણ રીતે પચાવી છે એટલું માનવા જેટલો હું આશાવાદી છું. અમૃતસર, લાહોર, અલીગઢ, અલ્લાહાબાદ, કલકત્તા, બારીસાલ અને બીજાં અગ્રગણ્ય અનેક સ્થળોએ જે નમૂનેદાર સંયમ જાળવવામાં આવ્યો હતો તે બતાવી આપે છે કે જ્યાં કેવળ પ્રતિજ્ઞાબદ્ધ અસહકારીઓ કામ કરે છે ત્યાં અહિંસાનું પાલન થઈ રહ્યું છે એવો વિશ્વાસ આપણે રાખી શકીએ. પરંતુ મદ્રાસમાં થયું તેમ જ્યાં શિસ્તહીન ટોળું ભેગું થાય ત્યાં અસહકારીઓનો કોઈ કાબૂ રહેતો નથી. મદ્રાસની ગુંડાગીરીનું પુનરાવર્તન થતું અટકે તે માટેનો ઈલાજ શોધવામાં આપણે નિરાશ ન થવું જોઈએ. હરદોઈમાં મિ. બેકર પર એટલો જ કમનસીબ હુમલો થયો અને સદ્‌ભાગ્યે તે મરતાં બચી ગયા. હુમલો કરનાર આવા રડ્યાખડ્યા પાગલોને શોધી કાઢવા અથવા તેમની સાથે કામ લેવું અત્યંત મુશ્કેલ છે. આ કાર્ય અસહકાર સાથે સંબંધ ન ધરાવતા કોઈ અજાણ્યા માણસનું છે એ વિષે મને કોઈ શંકા નથી. પરંતુ આપણે આવા બનાવો પણ હાથમાં લેવા જોઈએ. અહિંસક વાતાવરણમાં આવા બનાવો લગભગ અશક્ય થઈ જવા જોઈએ. પરંતુ જરૂરી વાતાવરણ હજુ ઊભું થયું નથી, એ વાત સ્વીકારવી જ રહી. આપણા વિચારમાંથી આપણે હિંસા નાબૂદ કરી દીધી હશે ત્યારે જ એ પ્રમાણે થશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–१–१९२२

Gandhi Heritage Portal

# ૯૨. નોંધ

## ના-કર

કર ભરવાનું બંધ કરીને સામુદાયિક સવિનયભંગ કરવાની ઈચ્છા હું કેટલીક જગ્યાએ જોઉં છું. પણ આ ભયંકર સાહસમાં ઊતરતાં પહેલાં ખૂબ જ સાવચેતી રાખવા પર મારે ભાર મૂકવો જોઈએ. હિંસા વિષે આપણે બેદરકાર રહેવું ન ઘટે. અને લોકોના પાક, અને ઢોરઢાંખરની જપ્તી થતી અથવા તો તેમના માલસામાનની હરાજી થતી જોવામાં આવે ત્યારે પણ તેઓ આત્મસંયમ જાળવે એ વિષે આપણે ખાતરી કરી લેવી જોઈએ. કર આપવાનું બંધ કરવું એ કોઈ પણ સરકારને ઉથલાવી પાડવાની સૌથી ઝડપી રીત છે એ હું જાણું છું. છતાં ના-કરની લડતોનું સફળ સંચાલન કરવા જેટલી શક્તિ અને શિસ્ત આપણે હજુ સુધી વિકસાવી નથી એની પણ મને એટલી જ ખાતરી છે. હિંદુસ્તાનનો એક પણ તાલુકો હજુ તૈયાર નથી. કદાચ બારડોલી અને તેના કરતાં ઓછા પ્રમાણમાં આણંદ એમાં અપવાદ હશે. આવા તાલુકાના ૫૦ ટકા ઉપરાંતની વસ્તીએ અસ્પૃશ્યતાના શાપનો ત્યાગ કરવાનો છે, તાલુકામાં જ તૈયાર કરવામાં આવેલી ખાદી પહેરવાની છે, વિચાર, વાણી અને વર્તનમાં અહિંસક રહેવાનું છે, અને સહકારી કે અસહકારી સૌની સાથે સંપૂર્ણ મિત્રાચારીથી રહેવાનું છે. જરૂરી શિસ્ત વિનાની ના-કરની લડત અક્ષમ્ય પાગલપણાનું કૃત્ય થઈ પડે એમ છે. આપણને સ્વરાજ તરફ લઈ જવાને બદલે તે અરાજકતા તરફ દોરી જાય એવો સંભવ રહે છે. મારી અંગત દેખરેખ વિના અને બેશક દિલ્હીમાં[1] સ્વીકારવામાં આવેલી શરતોનું અચૂક પાલન કર્યા વિના સામુદાયિક સવિનયભંગ કદી કરવો ન જોઈએ એવી વારંવાર આપેલી ચેતવણીનું હું અહીં પુનરાવર્તન કરું છું.

## "સરકાર સલામ"

હૈદરાબાદના[2] કેદીઓ પાસેથી શેની આશા રાખવામાં આવે છે તે દર્શાવવા સિંધથી આવેલો પત્ર મેં પ્રગટ કર્યો છે. અસહકારી કેદીઓએ "સરકાર સલામ" શબ્દો ઉચ્ચારવા કે નહીં તે વિષે પૂછપરછ કરતો તાર મને નોઆખલીથી મળ્યો છે. મારો મત એવો છે કે આ શબ્દો તેમ જ "સરકાર એક હૈ" શબ્દો અધઃપતન લાવનારા છે અને પાછલો શબ્દપ્રયોગ તો ધર્મવિરુદ્ધ પણ છે. કોઈ પણ ધર્મનિષ્ઠ માણસ સરકાર કેવળ એક છે એવું કહી કે માની ન શકે. એવું માત્ર ઈશ્વર વિષે, અને માત્ર તેને વિષે જ કહી શકાય. એટલે, જેટલે અંશે જેલના નિયમોનો આશય શિસ્ત જાળવવાનો હોય તેટલે અંશે તેનું પાલન કરવાની હું રાજદ્વારી કેદીઓને સલાહ આપું ખરો, પરંતુ શિસ્તને નામે જો તેમની પાસે બળાત્કારે અપમાનજનક આચરણ કરાવવામાં આવે, તો તેનો, તેમના જીવના ભોગે પણ તેમણે વિરોધ કરવો રહ્યો. અધિકારીઓ આગળ પોતાના હાથની હથેળીઓ લંબાવવી કે ઘૂંટણિયે પડી બેસી જવું એ આચરણો પણ "સરકાર સલામ" સૂત્ર આચરણ જેવું જ છે. ભયંકર ગુનેગાર કેદીઓ માટે આ બધી બાબતો જરૂરી હોઈ શકે, પરંતુ આવી નામર્દાઈનું પ્રદર્શન કરવાની અપેક્ષા કોઈ અસહકારી પાસે રાખવામાં આવતી નથી.

૧. જુઓ પુસ્તક ૨૧, પા. ૩૯૯–૭૨.
૨. જુઓ "લશ્કરી કાયદા કરતાં પણ ખરાબ", ૧૯–૧–૧૯૨૨.

Gandhi Heritage Portal

## નવો રેંટિયો

અમદાવાદના પ્રદર્શનમાં ઘણી ત્રાકવાળો એક સુધારેલો રેંટિયો મૂકવામાં આવ્યો હતો. બધા પ્રયાસોમાં એ કદાચ સૌથી સફળ હોય. પરંતુ ક્રાંતિકારી શોધોની રાહ ન જોવા હું જનતાને ચેતવું છું. હાલનો રેંટિયો ચાલુ રેંટિયાઓમાં સંપૂર્ણ છે. માનસિક પ્રયાસની અને દેશના સમયની કરકસરની દૃષ્ટિએ, સ્વદેશીના ચાહકોને મારો આગ્રહ છે કે તેઓ પ્રાચીન રેંટિયા કરતાં ઘણા વધારે સૂતરની આશા આપનારો સુધારેલો રેંટિયો ભૂલી જાય. પ્રાચીન રેંટિયો વધારે ટકાઉ, સસ્તો અને સહેલાઈથી ખસેડી શકાય તેવો હલકો બનાવવા પર બધી શક્તિ કામે લગાડવી જોઈએ.

## ખ્રિસ્તીઓમાં જાગૃતિ

મિ. ઍન્ડ્રૂઝ[૧] નીચે મુજબ લખે છે :

> થોડા સમય પહેલાં, સેન્ટ્રલ જેલમાં મિ. સ્ટોકસને મળવા હું લાહોર ગયો હતો ત્યારે પંદરથી વીસ હિંદી ખ્રિસ્તીઓની એક મંડળી મને ત્યાં મળવા આવી હતી. . . તેમણે મને ખાસ કરીને મારી તાજેતરની પૂર્વ આફ્રિકા અને યુગાન્ડાની મુલાકાત વિષે પૂછયું. તમારામાંથી થોડા લોકો પૈસા કમાવા માટે નહીં પરંતુ પ્રેમપૂર્વક આફ્રિકાવાસીઓને મદદ કરવા મધ્ય આફ્રિકામાં જાઓ તો કેવું સારું એમ મેં તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. . . તેમાંના બે જણ ફરીથી મારી પાસે આવ્યા અને બોલ્યા : "અમારા દરેક વતી આપને એટલું કહેવા માટે અમે પાછા આવ્યા છીએ કે અમે આપને મળ્યા ત્યાર પછી તરત જ અમે અનૌપચારિક રીતે ભેગા મળ્યા અને આપ મહાત્મા ગાંધીને અમારો પ્રેમ પાઠવો અને અમારાં હૃદય તેમની સાથે જ છે એવું તેમને કહો એવી આપને વિનંતી કરતો એક ઠરાવ અમે સર્વાનુમતે પસાર કર્યો છે."

## જુવાનોનો ત્યાગ

જેલ ગયેલા યુવક શ્રી બરુઆને નીચે પ્રમાણેનો એક લાંબો તાર[૨] મને મોકલવાનું યોગ્ય લાગ્યું છે. સાચી રીતે કામ કરવાની ઉત્સુકતા અને ઇચ્છાના એક નમૂના તરીકે એ તાર હું આપું છું.

## અમેરિકાથી

હિંદુસ્તાન બહાર રહેતા આપણા લોકો પર રાષ્ટ્રીય આંદોલન, ઊંડી છાપ પાડી રહ્યું છે. કેમ્બ્રિજ (મૅસેચ્યુસેટ્સ)થી અધ્યાપક કોસંબી લખે છે :[૩]

> આશરે સાત અઠવાડિયાં અગાઉ ટિ. સ્વ. ફા.[૪] માટેની એક અપીલ અહીં પ્રગટ કરવામાં આવી હતી. અને આજ દિન સુધી ૧૫૬ ડૉલર એટલે રૂપિયા ૫૭૦ એકઠા થયા તેનો ચેક આ સાથે હું મોકલી આપું છું. . . મોટા ભાગનો ફાળો આ દેશમાં મજૂરી કરીને કે શિષ્યવૃત્તિઓ પર નિભાવ કરતા હિંદી વિદ્યાર્થીઓ તરફથી આવ્યો છે.

૧. માત્ર થોડા ઉતારા જ અહીં પ્રગટ કર્યા છે.

૨. અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. શ્રી બરુઆએ એમ જણાવ્યું હતું કે તેમણે તેમના જન્મ-સ્થાન, ગોલાઘાટમાં અસહકારી મંડળની સ્થાપના કરી છે અને પોતે જેલ જનાર હોવાથી તેમના ભાઈ આ કાર્ય પૂરું કરશે.

૩. માત્ર થોડા ઉતારા જ અહીં પ્રગટ કર્યા છે.

૪. અખિલ હિંદ ટિળક સ્વરાજ ફાળો.



Gandhi Heritage Portal

બૉસ્ટનની ટી-પાર્ટી અને બંકર હિલની લડાઈના સમયથી માંડીને આયર્લૅન્ડના સિનફીન આંદોલન સુધી, દુનિયાના બધા દેશોએ ઘરઆંગણેના કે પરદેશી જુલમમાંથી મુક્તિ મેળવવા માટે બળનો જ એકમાત્ર હથિયાર તરીકે ઉપયોગ કર્યો હતો. પરંતુ આપના નેતૃત્વ હેઠળ સ્વતંત્રતાનું નવું સાધન શોધવાનું કામ હિંદુસ્તાનને માથે રહેવા દેવામાં આવ્યું હતું. નેશન (ન્યૂયૉર્ક) જણાવે છે તેમ એ “એક એવું રહસ્ય હતું જે સૈકાઓનાં યુદ્ધોમાંથી પણ સમજાયું નહોતું” અને આ દેશનાં ખૂબ જ ઉદ્દામથી માંડીને રૂઢિચુસ્ત પત્રો આપની અને હિંદુસ્તાનના રાષ્ટ્રીય આંદોલનની એકે અવાજે પ્રશંસા કરે છે. ખરેખર, આપણે માટેનો આ એક મોટો લાભ છે. . . .

અપીલનો આશય પત્રમાં આવી જતો હોવાથી હું અપીલ અહીં આપતો નથી. ફાળાના પૈસા દલિતવર્ગોના કામ માટે અલગ રાખવામાં આવ્યા છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૯-૧-૧૯૨૨

## ૯૩. જેલોમાં ફટકા

આગ્રા જેલમાં જતાં શ્રી મહાદેવ દેસાઈએ લખેલા એક પત્રનો[1] અનુવાદ નીચે આપ્યો છે. આ પત્ર ટપાલમાં નાખવામાં જેલની શિસ્તનો ભંગ થતો હોય એમ બને ખરું. શિસ્તના કોઈ પણ ભંગને હું ધિક્કારું છું. પણ આ દાખલામાં હું એમ કહી શકું તેમ નથી. ધર્મ સમજીને એ પત્રને ટપાલમાં નાખવાની જેમ શ્રી દેસાઈને ફરજ પડી છે તેમ એ પ્રસિદ્ધ કરવાની પણ મને ફરજ પડી છે. આ ગેરશિસ્ત માટે મહાદેવ દેસાઈને ફટકાની લહાણી મળે એની મને હરકત નથી. કારણ આમ જોવા જઈએ તો જૂવાળાં કપડાં પહેરવાની ના પાડવાથી અથવા નિર્દોષ જયઘોષ કરવાથી થતી ગેરશિસ્ત કરતાં આ ગેરશિસ્ત ખરેખર વધારે તોફાની છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૯-૧-૧૯૨૨

૧. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી; આમ છતાં જુઓ પાદટીપ “મારી નોંધ,” ૧૫-૧-૧૯૨૨નું પેટામથાળું “શ્રી મહાદેવ દેસાઈનો કાગળ.”

Gandhi Heritage Portal

## ૯૪. કે. વેંકટપૈય્યા અને બીજાઓને તાર[1]

[જાન્યુઆરી ૨૦, ૧૯૨૨ પહેલાં][2]

પરિસ્થિતિના તમે ઉત્તમ નિર્ણાયકો છો. દિલ્હીની શરતો સંતોષવામાં આવે અને તમને વિશ્વાસ બેસે, તો મને દરમ્યાનગીરી કરવાનો કશો અધિકાર નથી. ફતેહ કરો. બધા પ્રામાણિક અને નમ્ર પ્રયત્નોને ઈશ્વર આશીર્વાદ આપશે. મને દરરાજ જણાવતા રહેશો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૩-૧-૧૯૨૨

## ૯૫. એક મિત્રને પત્ર[3]

જાન્યુઆરી ૨૧, ૧૯૨૨

પ્રિય . . .,

કોઈ ઉતાવળિયું પગલું નહીં લઉં એની હું તમને ખાતરી આપું છું. હું સદ્બુદ્ધિ અને માર્ગદર્શન માટે સતત પ્રાર્થના કરી રહ્યો છું.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

सेवन मन्थ्स विथ महात्मा गांधी, પા. ૨૦૭

૧. વેંકટપૈય્યા અને બીજાઓના નીચે પ્રમાણેના તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યો હતો : "આપના [જાન્યુઆરી ૧૭, ૧૯૨૨ના] પત્રની ઊંડી અને માનપૂર્વકની વિચારણા કર્યા પછી . . . હું . . . ગંતુર અંગે નીચેની વાત રજૂ કરું છું . . . આંદોલન ઘણું આગળ વધ્યું છે. પંચમો અને ખ્રિસ્તી વેટ્ટિયનો સહિત ઘણા ગ્રામ અધિકારીઓ રાજીનામાં આપી રહ્યા છે . . . જુદાં જુદાં સ્થળો પર ધરપકડો વધી રહી છે . . . પંચમો અને ખ્રિસ્તીઓ નામ નોંધાવી રહ્યા છે. કૂવાઓ બાદ કરતાં અસ્પૃશ્યતા અદૃશ્ય થઈ રહી છે. જપ્તીઓ ખૂબ જ ઉશ્કેરણીજનક હોવા છતાં લોકો તેને શાંતિપૂર્વક ચલાવી લે છે. બ્રાહ્મણોના રસોડામાં પેસીને ખ્રિસ્તી અધિકારીઓ રસોઈ સાથેનાં પણ રાંધવાનાં વાસણો લઈ જાય છે પરંતુ આવાં કૃત્યોનો વિરોધ કરવામાં આવતો નથી. જે તાલુકા પ્રયોગમાં જોડાયા છે તે ખાદી અંગે સ્વાવલંબી થયા છે. ગામડાંમાં સ્ત્રીઓ સહિત ૯૦ ટકા કરતાં વધારે લોકો ખાદી પહેરે છે. અમે માનપૂર્વક સાદર જણાવીએ છીએ કે દિલ્હીની શરતોનું પાલન કરવામાં આવ્યું છે.

ગંતુરમાં બખ્તરિયા ગાડીઓ અને મોટરલારીઓ સાથે લશ્કર આવી પહોંચ્યું છે. આ સંજોગોમાં કર ભરી દેવાની સલાહ આપવાથી અમારો જિલ્લો લડતમાંથી કાયમને માટે ભૂંસાઈ જશે અને બીજા જિલ્લાઓને પણ ગંભીર નુકસાન પહોંચાડશે. આપના અનુકૂળ નિર્ણયની રાહ જોઈએ છીએ. જવાબ આપશો.

૨. વેંકટપૈય્યા વગેરેએ આ તાર ૧૯૨૨ના જાન્યુઆરીની ૨૦મીએ હિન્દુમાં પ્રસિદ્ધ કરવા માટે મોકલી આપ્યો હતો.

૩. પત્ર કોને મોકલવામાં આવ્યો તેની માહિતી નથી. મૂળ પ્રત પરથી જણાય છે કે ગાંધીજીને "કોઈ પણ અવિવેકી અથવા ઉતાવળિયા પગલા સામે સાવચેત રહેવા માટે" ઘણા પત્રો મળતા હતા, અને તેઓ બારડોલી રવાના થયા તેના થોડા સમય પહેલાં આ પત્ર તેમણે "તેમના અંગત મિત્રને" લખ્યો હતો.

Gandhi Heritage Portal

# ૯૬. સ્વરાજ ક્યાં છે?

પ્રભુ જાણે શું થયું, પણ લાલાજી, દાસ, નેહરુ, મૌલાના અબુલ કલામ પકડાયા ત્યારથી સ્વરાજ ક્યાં છે એ વાત જ પૂછતા લોકો બંધ થઈ ગયા. મારા મનમાં જે ચિંતા રહ્યા કરતી તે ચાલી ગઈ ને મને એમ જ લાગ્યું કે હવે કોઈ મને પૂછનાર નથી રહેલ. લોકો તો મને તાર મોકલતા થઈ ગયા કે "સ્વરાજ મળવા બાબત તમને મુબારકબાદી છે." પૉલ રિશારે આવીને ૩૧મી ડિસેમ્બરે એવું જ ભાષણ કર્યું કે નવો યુગ શરૂ થયો છે. પિયર્સને શાંતિનિકેતનથી કાગળ લખ્યો કે "હું તો પાંચ વર્ષ પછી આવીને જોઉં છું તો હિંદુસ્તાન સ્વતંત્ર થઈ ગયું છે."

સ્વરાજ એ મનોદશા છે. એ જ્યારે ઘર કરશે ત્યારે તેની પ્રતિમા ખડી થશે. પણ મનોદશા બદલાઈ ત્યારથી સ્વરાજ તો આવી ચૂક્યું.

જોકે હું સમાધાનીનો એક પણ અવસર ન ચૂકું, પણ હિંદુસ્તાનનું જોર જાણ્યા પછી સમાધાનીથી હું ડરું છું. આપણે પૂરા ઘડાયા પહેલાં સમાધાની થઈ જાય તો આપણા શા હાલ થાય? એ તો કાચું બચ્ચું અવતરી જેમ થોડા સમયમાં મરી જાય છે એવું થાય. પોર્ટુગલમાં ઘડીકમાં વિપ્લવ થયો ને રાજ્ય બદલાયું તેથી ત્યાં હવે વિપ્લવ જ થયા કરે છે, એક રાજ્યનીતિ ટકતી જ નથી. તુર્કીમાં જ્યારે ૧૯૦૮ની સાલમાં અચાનક રાજ્ય બદલાયું ત્યારે સહુએ મુબારકબાદી આપી. પણ એ તો ચાર દિવસનો ચટકો જ હતો. એ ફેરફાર સ્વપ્નવત્ થઈ ગયો. ત્યાર પછી તો તુર્કીને બહુ સહન કરવું પડ્યું ને કોણ જાણે તે બહાદુર પ્રજાને હજુ કેટલું વધારે સહન કરવું પડશે.

આવા અનુભવોને લીધે હું વિમાસણમાં જ ઘણી વાર પડ્યો રહું છું ને શું સારું છે તે ખબર નથી પડતી. આ કાળે તો હું અવશ્ય ધ્રૂજી જ રહેલો છું. સમાધાની થાય તો આપણે ક્યાં જઈએ?

હજુ લોકોને તદ્દન સ્પષ્ટ નથી દેખાયું કે એક અણઘડ ગામડીઓ સુથાર પણ ઘડી શકે અને જેને એક નિર્દોષ કુમળી કુમારિકા સહેજે ચલાવી શકે એવા યંત્ર વડે સ્વરાજપ્રાપ્તિ સંભવે છે. એમ છતાં મારી ખાતરી દહાડે દહાડે થતી જાય છે કે તે જ યંત્ર વડે હિંદુસ્તાન સ્વરાજ લેશે, તે વિના નહીં જ.

હજુ આપણા મનમાં ક્યાં ખાતરી છે કે ખરી પ્રજાકેળવણી અક્ષરજ્ઞાનમાં નથી પણ ચારિત્રમાં ને હાથપગના ઉદ્યોગમાં — શરીરમહેનતમાં છે. ગુજરાતનાં માબાપને પણ અક્ષરજ્ઞાનનો મોહ નથી મટ્યો. તેઓ પણ હજુ અક્ષરજ્ઞાનના સ્થાનને ઓળખતાં નથી થયાં. તેઓ પણ હજુ કબૂલ કરતાં નથી કે બાળકોને પહેલાં નીતિ શીખવવી, પછી તેઓનાં શરીર કસવાં ને તેઓને આજીવિકાના સાધનરૂપે કંઈક હુન્નર શીખવવો ને પછી તેમનાં મન ખીલવવાં, શણગાર તરીકે તેમને અક્ષરજ્ઞાનથી આભૂષિત કરવાં. અબ્બાસ સાહેબ મને સંભળાવે છે કે નડિયાદ સરકારી હાઈસ્કૂલમાંથી ઘણાં માબાપો પોતાનાં બાળકોને ઉઠાડી મૂકવા તૈયાર જ નથી. વિદ્યાર્થીઓની મનોદશા સુધારનારી રાષ્ટ્રીય શાળામાં મોકલવા ને તેમાં મળતી સ્વતંત્રતાની તાલીમની કિંમત સમજવા હજુ ગુજરાતનાં માબાપ બધાં તૈયાર નથી થયાં.

Gandhi Heritage Portal

વકીલોનું તો પૂછવું જ શું? કચેરીનો મોહ ક્યાં ગયો છે? ઘરમેળે કજિયા પતાવતા આપણે ક્યાં થયા છીએ? ન્યાય મોંઘો ન હોવો જોઈએ એ ક્યાં જાણ્યું છે? હજી તો મોટા ધર્મના સ્તંભરૂપે ગણાતા સાંપ્રદાયિક નેતાઓ ધાર્મિક ઝઘડાઓનો ફેંસલો પ્રિવી કાઉન્સિલ મારફતે મેળવવાની આશા રાખે છે. વકીલોની મોટી ફીનો મોહ હજુ છૂટ્યો નથી તેથી ન્યાય હજુ સોનામહોરોથી જોખાય છે. જો આજે સમાધાની થઈ જાય તો અદાલતોમાં આત્મા રેડવાનું રહી જાય ને સમાધાની થયા પછી કોણ કોનો ભાવ પૂછવાનું છે? અદાલતો જેવી આજે ચાલે છે તેવી જ ચાલવાની. પછી રામરાજ ક્યાં રહ્યું? રામરાજ્યમાં ન્યાય વેચાય જ નહીં.

હિંદુમુસલમાન વચ્ચે કંઈ હજુ પૂરો મેળ બંધાયો છે કે? એકબીજાની ઉપરનો શક ગયો છે કે? એકબીજાના દેશ વિષેના આદર્શ પણ એક થયા છે કે? બંનેને મિત્ર બનવાની આવશ્યકતા જણાય છે, પણ બંનેનાં હૃદય હજુ એક થયાં નથી; થતાં જાય છે. સમાધાની થયે એ ક્રિયા અટકી જવાની છે. એટલે જ્યાં લગી બંને એક થયા નથી ત્યાં લગી સ્વરાજની વાત જ નકામી છે.

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સરવ જૂઠી.[1]

આ વચન સ્વરાજને વિષે સર્વાંશે ખરું છે. "આત્મા"ને બદલે માત્ર "સ્વરાજ" શબ્દ ગાઓ એટલે અર્થ ચોખ્ખો મળી આવશે. સ્વરાજનાં તત્ત્વો હજુ આપણે જાણવાં રહ્યાં છે. હિંદુ-મુસલમાનની મિત્રતા એટલે પારસી, ખ્રિસ્તી, યહૂદીની દુશ્મની હોય તો પેલી મિત્રતા તો જગતનો નાશ કરનારી જ થઈ પડે. એટલે જ્યાં સુધી હિંદુમુસલમાનની મિત્રતાનો અર્થ આપણે પૂરો સમજતા નથી ત્યાં લગી સમાધાની ઇચ્છવી એ જ ભૂલ ગણાય.

અને આ બધી સમાધાનીનું ઔષધ શાંતિ તે આપણે ક્યાંથી મેળવી છે? અસહકાર શાંતિમય છે તે આપણું બળ સૂચવે છે એવું આપણે ક્યાં કબૂલીએ છીએ? આપણે તો શાંતિને દુર્બળનું જ શસ્ત્ર ગણીએ. શસ્ત્રની કિંમતને પારખતા નથી ને તેને લજવીએ છીએ. એ તો મહોરને કોઈ અધેલી ગણી વાપરી નાખે એવી મૂર્ખાઈ થઈ. શાંતિ એ બલિષ્ઠનું શસ્ત્ર છે ને તેના હાથમાં જ તે શોભે છે. શાંતિ એટલે ક્ષમા અને એ વીરનું ભૂષણ છે. જેને હોજરી નથી ને ખાતો નથી તેને કંઈ ઉપવાસનું પુણ્ય મળતું નથી. જે મારી શકતો નથી તેથી મારતો નથી તે કંઈ પુણ્ય નથી કરતો. પરાણે પુણ્ય હોય જ નહીં. બારડોલી આણંદના તૈયારી કરી રહેલા યોદ્ધા જ્યારે એક પણ પારસી, એક પણ અંગ્રેજ, એક પણ સહકારી હોય તેને સતાવે નહીં, તેની ઉપર વેરભાવ ન રાખે ત્યારે તેઓ શાંતિના લશ્કરમાં જોડાવાને લાયક બન્યા ગણાય. શાંતિના નામને અશાંતિ કામ કરવા સારુ વાપરનારા દેશદ્રોહી તો છે જ, પણ તેઓ જગતદ્રોહી પણ બને છે. કેમ કે આપણા શાંતિશાસ્ત્રના ઉપયોગને જગત તૃષાતુરની જેમ ટગર ટગર નીરખી રહ્યું છે. જ્યાં સુધી શાંતિને બળવાનના શસ્ત્રરૂપે વાપરતાં હિંદુસ્તાન ન શીખે ત્યાં લગી સમાધાનીને અસ્પૃશ્ય સમજી તેનાથી સો ગાઉ દૂર રહેવું જોઈએ.

અને હિંદુ વાંચનારને હું શું કહું? જ્યાં સુધી ઢેડભંગીને સહોદર ભાઈ તરીકે હિંદુ ન ગણે ત્યાં સુધી તે હિંદુ જ નથી એમ કહેવાની ધૃષ્ટતા હું, એક મને પોતાને ચુસ્ત હિંદુ ગણતો, કરું છું. ભંગીને જ્યારે હિંદુ પ્રેમે ભેટશે ત્યારે આકાશમાંથી સુમનવૃષ્ટિ થશે. અને ત્યારે જ ખરી ગૌરક્ષા થવાની છે. મનુષ્યતિરસ્કાર ને દયા એ બે વસ્તુ સાથે રહે જ નહીં. ઢેડભંગીનાં દૂષણોને

૧. નરસિંહ મહેતાના ભજનમાંથી.

Gandhi Heritage Portal

પ્રેમ વડે હરાય. આનંદશંકર ધ્રુવના શબ્દો મારા કાનમાં હમેશાં ભણકારા મારે છે. આપણા હૃદયમાં રહેલા ઢેડભંગી આપણા શત્રુ છે. તેઓ અસ્પૃશ્ય છે. જે દેહધારીઓને આપણે અસ્પૃશ્ય ગણવાનું પાપ કરીએ છીએ તે તો આપણા વહાલા છે. તેના સ્પર્શથી, તેની સેવાથી આપણે પુણ્ય સંપાદન કરીએ. ઢેડભંગીને કરડેલા સર્પના ઝેરને ચૂસનાર વૈષ્ણવ સ્નાન કર્યા વિના હવેલીએ જશે તો હવેલી પણ પવિત્ર ગણાશે. એ તો કૃષ્ણને ઘેર સુદામા કે વિદુર પહોંચ્યા જેવું થયું. જ્યાં સુધી અસ્પૃશ્યતારૂપી અશ્વત્થને આપણે જડમૂળથી કાઢયું નથી અથવા તો આનંદશંકર ધ્રુવની જેમ અસ્પૃશ્યતાનો ખરો અર્થ જાણ્યો નથી ત્યાં સુધી સમાધાનીનો ખ્યાલ સરખોયે ન કરવો જોઈએ.

આવાં મહાન કાર્યો, આવી આત્મશુદ્ધિ તો આપણે દુઃખ વેઠીને જ કરી શકવાનાં. પોતાના મોક્ષ સારુ જે મરી જાણે તે જ મોક્ષ મેળવે. વગર ઇચ્છાએ મરનારા અવગતે જાય છે. ઇચ્છાપૂર્વક મરનારો આમ મોક્ષને લાયક બન્યો છે. તેમ જ આપણે જ્યારે ઉપર જણાવેલાં સાધનોને વળગતાં મરવાનો ભય છોડીશું ત્યારે જ સ્વતંત્રતા — સ્વરાજ મેળવશું. દાસ, લાલાજી, મોતીલાલજી, અબુલ કલામ આઝાદ વગેરે આપણને મરવાનો મંત્ર શીખવી રહ્યા છે. આપણે શીખી ગયા જેવા લાગીએ છીએ તેથી સ્વરાજ ક્યાં છે એ કોઈ પૂછતું નથી. સહુ એમ જ કહે છે કે જ્યારે આપણામાં સ્વેચ્છાએ મરવાનું બળ આવ્યું ત્યારે સ્વરાજ જ છે. બાકી બધું ઝાંઝવાનાં પાણી સમાન છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૨૨–૧–૧૯૨૨

## ૯૭. સંયુક્ત સંમેલન

ભારતભૂષણ માલવિયાજીએ બધા પક્ષની બોલાવેલી પરિષદ સમાપ્ત થઈ છે. તેનું ફળ તપાસીએ.

જેઓ એમ માને કે આવા સંમેલનમાં અસહકારી જઈને શું કરે, તેઓ અસહકારના તત્ત્વને ઓળખતા નથી એમ કહી શકાય. અસહકારી સહકાર કરવાનું એક પણ સાધન ન જવા દે. માત્ર દરેક વેળા પોતાના સિદ્ધાંતને બળ મળે છે કે નહીં તેનો વિચાર કરી લે. પ્રત્યેક શાંતિમય પ્રવૃત્તિના અસ્તિત્વનો આધાર જાહેર મત ઉપર રહે છે. શાંતિથી જ પોતાના મતને ફેલાવનારની પાસે પોતાના ન્યાય ઉપરાંત બીજું બળ જ નથી હોતું, તેથી દરેક જણને પોતાનું સત્ય બતાવવા તે તત્પર રહે છે. તેથી જ્યારે અસહકારીઓને નોતરવામાં આવ્યા ત્યારે નોતરું સ્વીકારવાની તેમની ફરજ હતી.

પણ તેમાં જતાં છતાં પોતે સંમેલનના ન બન્યા. તેમાં મત આપવાથી વેગળા રહ્યા. તટસ્થ ગૃહસ્થોને બંને પક્ષ વચ્ચેના એલચી અથવા દલાલ તરીકે વાપરવા અસહકારી તૈયાર હતા. અને એ જ બરોબર ગણાય. અસહકારીઓએ પોતાનું કામ નિયમસર કરી મને એકને જ બોલવાને સારુ નિશ્ચિત કરી મહાસભાની કીર્તિ વધારી ને પ્રજાનો વખત બચાવ્યો. આવા સંમેલનમાં સંભળાવવા કરતાં અસહકારને સાંભળવાનું ઘણું હતું. આ પદ્ધતિથી વિવેક જળવાયા. અકબીજા વચ્ચે બોલાચાલી ન થઈ ને કામ પત્યું.

Gandhi Heritage Portal

સર શંકરન નાયર વિનાકારણ ગુસ્સે થયા. પ્રથમ મારા વર્તનથી.[1] મેં એક પછી એક શરતો કરી એ તેમને ન ગમી. તે પરથી જ ચાલ્યા જવાનો પોતાનો અભિપ્રાય જણાવ્યો. પણ જ્યારે માલવિયાજી, મિ. ઝીણા વગેરેએ તે ન સાંખ્યું એટલે તેઓ શાંત થયા. પણ જ્યારે ફતવા કેદીઓને છોડવાની વાત આવી ત્યારે તેમનાથી ન રહેવાયું ને તેઓ ચાલી ગયા.

તેમને "સ્પીકર" નીમવામાં આવ્યા હતા. પ્રમુખ તો પક્ષપાતી હોઈ શકે, પણ સ્પીકરને તો એવો અધિકાર જ નથી. સ્પીકર તો માત્ર સભાને નિયમ પ્રમાણે ચલાવવાને સારુ જ નિમાય છે. સ્પીકરને પોતાનો અભિપ્રાય આપવાનો હક જ નથી. તેથી સર શંકરન નાયરે તો ચૂપ રહેવું જોઈતું હતું. તેને બદલે તે તો વચમાં પડ્યા. ને છેવટે ખુરશી છોડી. આથી સહુને દુ:ખ લાગ્યું, પણ કંઈ કોઈ નિરાશ થઈ લાચાર ન બન્યા. તેઓ સાહેબ ગયા કે તુરત પંડિતજીએ સર વિશ્વેશ્વરૈયાની નિમણૂક કરવાની દરખાસ્ત કરી ને તેઓ ખુરશીએ બેઠા. એક વર્ષ પહેલાં સર શંકરન નાયર જેવાના પ્રમુખપદ છોડવાથી ભારે ખળભળાટ થાત ને ઘણાં મનામણાં થાત. પણ હવે તો પ્રજા સ્વતંત્ર બની છે, પોતાના હક ને પોતાની મર્યાદા સમજે છે, તેથી આવા પ્રસંગોને ધીરજથી ઉકેલી શકે છે.

જે ઠરાવો થયા છે તે બધા ઠીક છે એમ કહી શકાય. તેના કરતાં પણ વિસ્તારવાળા ઠરાવ કરી શકાત, તેના કરતાં જલદ પણ હોઈ શકત. પણ જે થયા છે તેનો અમલ સરકાર કરે તો સુલેહનો પાયો તો છેવટે રોપાય જ.

પણ સરકાર સંમેલનની ભલામણનો અમલ કરે એવો ભરોસો ઘણો ઓછો છે. અલીબંધુઓને છોડવા એ સરકારને વસમું લાગે તેમ છે. સ્વયંસેવક થવા દે, સભાઓ થવા દે ને જે સેંકડો પકડાયા છે તેમને છોડે, છાપખાનાંના પૈસા લીધા છે તે પાછા આપે તે પછી સરકારને ખિલાફત, પંજાબ, વગેરેની માગણી સ્વીકાર્યે જ છૂટકો. ન સ્વીકારે તો સ્વતંત્ર થયેલો પ્રજામત એટલો બધો પ્રબળ થઈ પડે કે તેની સામે કોઈ પણ સલ્તનત ટકી ન જ શકે.

ઉપરની શરત પ્રમાણે સરકાર પરિષદ બોલાવે તો તેમાંથી શુભ ફળ આવે એવો સંભવ ખરો. પણ એવી પરિષદ બોલાવે જ નહીં એ આપણે સમજી શકીએ. તો પછી માલવિયાજીના સંમેલનમાં જવાથી શો ફાયદો થયો? ફાયદો એટલો જ કે આપણી માગણીને વધારે જાહેરખબર મળી અને વિનીત પક્ષના લોકોને એવું કહેવાનો સમય ન રહ્યો કે આપણે કોઈને મળવા કે કોઈનું સાંભળવા ઇચ્છતા નથી. એ સંમેલનમાં જઈને આપણે આપણી નમ્રતા બતાવી. જે દૃઢ ને જોરાવર છે તે સેંકડો વખત પોતાના શત્રુને તથા ટીકાકારને મળશે ને તે છતાં જ્યાં લગી પોતાનો પક્ષ ખરો છે એમ માને છે ત્યાં લગી તેને વળગી રહેશે.

આ લખાઈ રહ્યું છે તેટલામાં જ હું દિલ્હીની વડી ધારાસભામાં આ બાબતની થયેલી ચર્ચા જોઉં છું. કેમ જાણે ત્યાં ઘણા સભાસદોને દેશના હાલની ખબર જ ન હોય તેવા પ્રકારની ચર્ચા થયેલી જણાય છે. એવી ધારાસભામાં જવાનો આપણને આગ્રહ કરવામાં આવતો હતો. પ્રજામતને આધીન થઈને ચાલનારી એ ધારાસભા નથી, પણ સત્તામતને અનુસરનારી છે, એમ આપણે જોઈ શકીએ છીએ. કોઈ એમ ન માને કે આજના જે સભાસદો તે ધારાસભામાં છે તેના કરતાં કોઈ બીજા — અસહકારી — જ હત તો વળી વધારે સારું પરિણામ આવત. તેઓના પણ એ જ હાલ થાત. કદાચ ધારો કે તેમાં બીજા બધા સભાસદોનો એકમત થાય, તો એ

૧. જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

સત્તા ધાર્યું જ કરત. સત્તાનો મદ જ્યાં લગી ગયો નથી ત્યાં લગી ધારાસભામાં પેઠેલા એક પણ સભાસદથી કંઈ જ ન થાય. ધારાસભા અને સત્તા બે નોખી વસ્તુ હોય ત્યાં લગી બીજું પરિણામ જ ન સંભવે.

લશ્કર અને પોલીસની ઉપર જ્યાં સુધી આપણો કાબૂ નથી ત્યાં લગી આપણે પરાધીન જ રહેવાનું રહ્યું. અને આપણામાંના ઘણા ભોળા એમ માને છે કે લશ્કર અને પોલીસની ઉપર કાબૂ મેળવવાને સારુ આપણે પોતે લશ્કરની કવાયત લેવી જોઈએ ને તે વડે તોફાન કરનારની ઉપર સત્તા મેળવવી જોઈએ. અસહકારની લડત સૂચવે છે કે લશ્કરનો આપણે ડર છોડીએ તો આપણને બંદૂકની કવાયત વિના કાબૂ મળે. તે કાબૂ મેળવવા સારુ આપણે શાંતિપાઠ શીખવો જોઈએ ને હિંદુમુસલમાનનાં દિલ સાફ થવાં જોઈએ. આપણી નીતિ વધવી જોઈએ, આપણો આત્મવિશ્વાસ વધવો જોઈએ.

એ વિશ્વાસ પૂરતો નથી આવ્યો. એ આપણી નબળાઈને લીધે મેં માલવિયાજીના સંમેલનમાં જણાવ્યું કે વાઈસરૉય પરિષદ બોલાવે તો હું જાઉં ખરો, પણ ધાર્યું લેવાની સામગ્રી આપણી પાસે નથી. હજુ તોફાની લોકો પર કે તોફાનની વૃત્તિ પર આપણો કાબૂ જામ્યો નથી. મદ્રાસમાં હડતાળ તો પડી, પણ તોફાનીઓએ તુરત પોતાની જાત જણાવી.[૧] એક ગરીબ સિનેમાવાળાને પજવ્યો ને સર ત્યાગરાજ ચેટ્ટીના ઘરને ઘેરો ઘાલ્યો. એ પણ અસહકારી દળના લોકો ગણાય. એ પણ હડતાળમાં સામેલ હતા. તેઓને સમજાવવા સ્વયંસેવકો અસમર્થ થયા. આ બનાવનો અર્થ એ થયો કે જ્યારે સરકાર પોતાની સત્તા મેલી દે ત્યારે આપણી સત્તા ન ચાલે પણ મવાલીઓની ચાલે. આમ જો અણીની વેળાએ મવાલીઓની જ સત્તા ચાલે તો અસહકારની જીત કેમ થાય? તેથી મવાલીઓ ઉપર આપણી અસર પૂરી પડી નથી ત્યાં સુધી આપણે સ્વરાજ મેળવવાની આશા જ છોડવી જોઈએ.

પણ આશા છોડાય જ કેમ? જ્યાં લોકો ફટકા ખાવાની શક્તિ મેળવી રહ્યા છે, ત્યાં લોકો જેલમાં દુઃખો વેઠવાથી શક્તિ મેળવી રહ્યા છે, ત્યાં લોકો બધી સત્તા મેળવવાના જ. માત્ર આપણે દુઃખ વેઠવાની શક્તિ વધારવાની રહી છે. આપણાં મન હજુ વધારે સાફ કરવાં રહ્યાં છે. કાયદાના સવિનયભંગના બંને પદ ઉપર પૂરો ભાર મેલવાનો છે. ભંગ કરવો છે ને વિનય રાખવો છે. વિનય વિનાના ભંગથી આપણો નાશ છે. વિનયયુક્ત ભંગથી આપણી સંપૂર્ણ રક્ષા છે.

સંમેલનની પ્રવૃત્તિને અંગે આપણે એટલું જ કરવાનું રહ્યું છે કે આપણો સામુદાયિક ભંગ વધારેમાં વધારે ૩૧મી જાન્યુઆરી લગી બંધ રાખીએ. તે સિવાયની આપણી એકે પ્રવૃત્તિ બંધ થતી જ નથી. સ્વયંસેવકોની ભરતી કર્યે જ જવાની છે. સ્વદેશીની પ્રવૃત્તિ એક ક્ષણ પણ અટકવી ન જોઈએ. અસ્પૃશ્યતાનો મેલ ધોઈ કાઢવાનું કામ ચાલ્યા જ કરે. શરાબ પીનારને વિનય કર્યા જ કરવાનો. આ બધાં કામોમાં આપણે જેટલો ઓછો ઉત્સાહ રાખીશું તેટલું સ્વરાજ મોડું મળવાનું છે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૨૨-૧-૧૯૨૨

૧. જુઓ "મદ્રાસમાં ગુંડાગીરી", ૧૯-૧-૧૯૨૨.

Gandhi Heritage Portal

# ૯૮. સુખમાં દુ:ખ

જેને વિવેક છે ને વિચાર છે તેને એકાએક શરીરસુખ નથી મળી શકતું. બીજાના દુ:ખથી તે તપ્યા કરે છે ને સુકાય છે. તેનાથી સમીપમાં રહેલું દુ:ખ ન જોઈ શકાય. આવી દયામણી સ્થિતિ મહાદેવ દેસાઈની થઈ પડી છે, કેમ કે તે પોતાના દરેક કાર્યનો કસ કાઢવા મથે છે. જ્યાં લગી શરીરદુ:ખ હતું ત્યાં લગી તેને સુખ હતું, કેમ કે દુ:ખ ભોગવવા ખાતર જેલમાં જવા તે તલપી રહેલ. પણ હવે જ્યારે જેલમાં પોતે સુખ ભોગવી શકે છે, જેલનો મુખી જ્યારે અનુકૂળ છે ત્યારે અંતર્દુ:ખ ઊભું થયું છે. જેવી મહાદેવ દેસાઈની સ્થિતિ તેવી જ વત્તાઓછા પ્રમાણમાં બીજાની. જે ચર્ચા[1] આગ્રા ડિસ્ટ્રિક્ટ જેલ, કે જ્યાં બધા અસહકારીઓને ભેગા કરવામાં આવ્યા છે, ત્યાં શરૂ થઈ છે તે ચર્ચા જ્યારે તે જ કેદીઓ દુ:ખ ભોગવી રહ્યા હતા, ફટકા પણ ખાઈ રહ્યા હતા, ત્યારે નહોતી થઈ શકતી. ત્યારે તો તેઓ દુ:ખના ડુંગરાની પાછળથી સ્વરાજના સૂરજને ડોકિયું કરી રહેલો ભાળી રહ્યા હતા ને તેની હૂંફથી દુ:ખ ભૂલી જતા હતા. પણ જ્યારે હવે જેલમાં સ્વરાજ મળ્યું, સ્વતંત્રતા મળી છે, ત્યારે જેમ લૂંટારાઓ લૂંટના ભાગને સારુ લડે તેમ સ્વરાજના લૂંટારા લડી રહ્યા છે. લડાઈનું વર્ણન તો વાંચનાર મહાદેવ દેસાઈની જ ભાષામાં ભલે વાંચે. તે કાગળ પહેલાંની જેમ જેવો મળ્યો તેવો જ મેં નથી આપ્યો, પણ કેટલાંક વાક્યો કાઢીને જરૂર જણાતો ભાગ જ આપ્યો છે. તે તા. ૧૫મીએ લખાયેલો હતો.[2]

11600

આ કાગળમાંથી આપણને ઘણું શીખવાનું મળી આવે છે. જે સભ્યતા, જે મર્યાદા આપણે લડાઈ સમયે જાળવી રહ્યા છીએ તે મર્યાદા આપણે સત્તા મળ્યે નથી જાળવી શકવાના, એવું મહાદેવ દેસાઈનો કાગળ સ્પષ્ટપણે બતાવે છે.

સત્તા ને સ્વરાજમાં બહુ તફાવત છે એ આપણે ઓળખી લઈએ. અત્યારે આપણામાંના ઘણા કેવળ સત્તાને સારુ જ ફાંફાં મારી રહ્યા છીએ. સત્તાની લૂંટમાં હું વિક્ષેપો ને વિઘ્નો જોઉં છું, તેમાં હું મારામારી જોઉં છું. સ્વરાજની લૂંટમાં તો શુદ્ધ હરીફાઈ જ હોઈ શકે. સ્વરાજ એટલે પોતાનું — પોતાની ઉપર રાજ. એ યુદ્ધમાં તો જે નમે — જે ખમે તે પહેલો. એમાં તો ભારે મર્યાદાને અવકાશ. સત્તાની લૂંટમાં તો સહુ પહેલા આવવા માગે, એટલે સહુ લડે. સત્તાના રાજમાં પહેલો એ જ પહેલો. સ્વરાજમાં છેલ્લો એ પહેલો. આમ બંને વચ્ચે હાથી ઘોડા જેટલો — અરે, પૂર્વ પશ્ચિમ જેટલો ભેદ છે. આપણે સ્વરાજની લડત ચલાવીએ છીએ એટલું યાદ રાખશું તો આપણે બધી મુશ્કેલીઓને ઓળંગી જશું.

આ ભેદ ઓળખીને મહાદેવ દેસાઈના સાથીઓ ચાલશે તો બધું સરળ થઈ જશે ને અસહકારી કેદીઓ કેદમાં શુદ્ધ સ્વરાજ મેળવી લેશે ને તેની સુવાસ આખા હિંદમાં ફેલાઈ જશે. જોકે મહાદેવ દેસાઈ ગભરાઈ રહેલ છે તોપણ મને વિશ્વાસ છે કે તે અને તેની સાથે રહેલા

૧. અસહકારના આંદોલન અંગે ગિરફતાર કરવામાં આવેલા રાજદ્વારી કેદીઓમાં જુદા જુદા વર્ગો પાડવા સામે ચળવળ ચલાવવી કે નહીં તે વિષયની ચર્ચા.

૨. આ પત્ર અહીં આપવામાં આવ્યો નથી.

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.
Gandhi Heritage Portal

અસહકારી કેદીઓ સરસ નિર્ણય[1] ઉપર આવી જેલમાં ચાર વાગ્યે ઊઠી પ્રાત:સ્મરણ કરી અલ્લાહ અને કૃષ્ણનાં કીર્તન કરી જેલને પવિત્ર કરશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨-૧-૧૯૨૨

## ૯૯. મારી નોંધ

### "સરકાર એક છે!"

સિંધથી એક કાગળ છે તેમાં એવી ખબર છે કે જેલોમાં કેદીઓની પાસે કહેવડાવે છે કે "સરકાર એક છે," અથવા જ્યારે કોઈ અમલદાર આવતો હોય ત્યારે "સરકાર એક છે" એવો પોકાર કરાવવામાં આવે છે અને ત્યારે કેદીને ઊભા થવું પડે છે. બીજી જગ્યાએથી "સરકાર સલામ"નો પોકાર કેદી પાસેથી કરાવે છે એવા ખબર આવ્યા છે. સિંધના જેરામદાસ જે સાબરમતીની જેલમાં છે, તેમને કોઈ અમલદાર આવે ત્યારે પોતાના હાથ ચત્તા કરી જોડીને ઊભા રહેવાનો હુકમ થયો. તેનો તેમણે અનાદર કર્યો, તેથી તેમને છાપાં વાંચવાની રજા આપવામાં આવી હતી તે બંધ કરવામાં આવી છે. કોઈ જગ્યાએ અમલદાર આવે ત્યારે કેદીને નીચું માથું કરી, હાથ નીચે રાખી ઉભડક બેસી રહેવાનું કહેવામાં આવે છે.

આવા હુકમોને અસહકારી કેદીએ તાબે થવું કે કેમ એ પૂછવામાં આવે છે. આદર્શ કેદી ઉપરના યંગ ઇન્ડિયામાં આવેલા લેખ[2] પરથી માણસોના મનમાં શંકાઓ ઉત્પન્ન થઈ છે. તેનો નિકાલ તો સીધો છે. જેમાં જરાયે હીણપત લાગે, જે ધારામાં મનુષ્યત્વને હીણપત પહોંચાડવાનો જ ઇરાદો રહેલો છે તે ધારાને માન ન જ અપાય, એ આપણું સૂત્ર છે. કેદમાં કેટલીક છૂટ ન જ હોય. સામાન્ય રીતે નીતિવિરુદ્ધ દોષો કરવાને સારુ અસભ્ય માણસો કેદમાં જાય છે. કેદોને સ્વતંત્રતાનું દ્વાર તો હવે જ કરવામાં આવેલું છે, એટલે તેમાંના કેટલાક ધારાને સ્વતંત્રતાના પૂજારી વશ ન જ થાય.

ખુદા — ઈશ્વર તો એક જ છે, એવું ઈશ્વરને જ લાગુ પડી શકે તે વચન સરકારને સારુ કહેવામાં આવે તેને તાબે કોઈ ધર્મ કે સ્વમાન સમજનારો કેદી ન જ થઈ શકે. એટલે આવી જાતના ધારાને નીડર થઈ તોડયે જ છૂટકો રહ્યો. તેને સારુ ભલે કેદમાં સખતી થાય, ભલે કાળી કોટડીમાં પુરાવું પડે, ભલે ગમે તે દુ:ખ વેઠવું પડે, ભલે ફટકા ખાવા પડે, ભલે ભૂખે મરવું પડે. એ બધું સહન કરતાં છતાં એવા ધારાનો સવિનયભંગ કર્યે જ છૂટકો છે.

હું તો આ અવસરને વધાવી લઉં છું. જેલમાં રહેલા કેટલાક સડાનો નિકાલ હવે તેની મેળે થઈ જવાનો. જેલમાં પણ દબાવીને કામ લેવાની નીતિ કેટલે દરજ્જે ચાલે છે તેનો અનુભવ આપણને મળી રહેલ છે. ત્રાસ ઉપર જ આ રાજ્યનો પાયો છે. કેટલાકની ખુશામત અને ઘણાની ઉપર ત્રાસ — આવો જ્યાં ન્યાય ચાલે ત્યાં રાક્ષસનીતિ હોય, એમ આપણે માનીએ છીએ.

૧. અમદાવાદના સત્યાગ્રહ આશ્રમની માફક શ્રી મહાદેવ દેસાઈએ જેલમાં સમૂહપ્રાર્થના શરૂ કરી હતી અને કેટલાક કેદીઓએ સંસ્કૃત શ્લોકો સામે વાંચી લીધા હતા.

૨. જુઓ "આદર્શ કેદી", ૨૯-૧૨-૧૯૨૧.

Gandhi Heritage Portal

પણ જેમ બહાર તેમ અંદર. આપણને જેલની અંદર પણ સભ્યબળની જરૂર છે. એક તરફથી સભ્યતા ને બીજી તરફથી સંપૂર્ણ બળ. દરેક કાર્યમાં વિવેક હોય ત્યારે જ આપણું કાર્ય આગળ વધે તેમ છે. જેલના અમલદારોની કફોડી સ્થિતિ પણ આપણે સમજવી જોઈશે. તેઓને ગુનેગારોની સાથેનો જ સહવાસ હોવાથી તેઓની રીતમાં અવિવેક હોય છે, તેઓમાં કઠોરતા આવી જાય છે. સભ્ય કેદીઓનો પ્રસંગ પડતાં દરોગા વગેરે એકદમ પોતાનું વર્તન ફેરવી નથી શકતા. જેલના કાયદા પડ્યા હોય ત્યાં લગી તેનો અમલ પણ તેઓને કરવો રહ્યો. આવાં કારણોને લઈને કેટલીક અગવડો ભોગવી લીધે જ છૂટકો છે. તેથી દરેક વિરોધમાં વિવેક અને વિચાર રાખવા જોઈએ. જેમ કે, "સરકાર સલામ" આવું વચન ન ઉચ્ચારીએ, પણ દરોગાને સલામ તો કરીએ જ, તેની અદબ રાખીએ, તે આવે ત્યારે ઊભા થઈએ. કેદી એ કેદી છે. જેલમાં જે વર્તન હોવું જોઈએ, જેલમાં જે મર્યાદા જાળવવી જોઈએ તેનો ખ્યાલ ન મેલીએ. છેવટે જેલના અમલદારને પણ આપણે પિગળાવી સરળ ભાવવાળા ને દયાળુ બનાવવાના રહ્યા છે.

### કાઠિયાવાડ

એક ભાઈ પૂછે છે, "કાઠિયાવાડમાં અમે સ્વયંસેવકની ભરતી કરીએ?" મારી સલાહ "ના"ની છે. જે કાઠિયાવાડી સ્વયંસેવક તરીકે પોતાનું નામ નોંધાવવા તૈયાર છે તેણે બ્રિટિશ હદમાં પોતે જ પ્રતિજ્ઞાપત્રમાં સહી કરી પોતાનું નામઠામ મોકલી દેવું જોઈએ. કાઠિયાવાડમાં તો સ્વદેશી, અસ્પૃશ્યતાવિનાશ, મદ્યનિષેધ, રાષ્ટ્રીય કેળવણી ઇત્યાદિ પોષક પ્રવૃત્તિ જ ચલાવવી જોઈએ. તે જ ભાઈ લખે છે, "અમે કેટલેક ઠેકાણે ખાદી બનાવતા તો થઈ ગયા છીએ પણ એવા નાજુક બન્યા છીએ કે ખાદી પહેરવી અમારામાંના ઘણાને પસંદ નથી. તેનું પરિણામ એ આવ્યું છે કે ઘણી જગ્યાએ ખાદીનો ભંડોળ છે છતાં આસપાસના લોકો તો મિલનાં કે પરદેશી કપડાં પહેરે છે." આ દુઃખદ ખબર છે. એ તો પોતાને ત્યાં બાજરો થતો હોય તેનો ત્યાગ કરી બીજેથી ડાંગર મંગાવવા જેવું થયું. અને આવી કુટેવથી જ આપણે ભિખારી તથા પરાધીન થતા આવ્યા છીએ ને જો આપણી કુટેવ ન સુધારીએ તો હજુ પણ વધારે ભિખારી થઈએ. જે કાઠિયાવાડમાં કપાસ થાય છે, રાતા ઘઉં થાય છે, બાજરો થાય છે તે કાઠિયાવાડને કપડાં કે અનાજ બહારથી મગાવવાં પડે તે તો કેમ આબાદ રહી શકે?

### "સ્વરાજ આશ્રમ"

આસામમાં આવેલી સિલ્ચરની જેલમાંથી શ્રી ફૂકને કાગળ લખ્યો છે, તેમાં તેમણે "સ્વરાજ આશ્રમ"નું નામ આપ્યું છે ને પોતાના કાગળમાં જણાવે છે કે "જેને સ્વરાજ જોઈએ તેને એ જેલરૂપી સ્વરાજ આશ્રમમાં દાખલ કરવામાં આવશે. તેઓ લખે છે કે જ્યાં લગી માન સહિત સુલેહ ન થાય ત્યાં સુધી અમે જેલીઓ સુલેહ ઇચ્છતા જ નથી. સ્વતંત્રતા શી ચીજ છે તેનો ચિતાર જેલમાં ઘણો સુંદર આવી શકે છે."

### કરનો ઇનકાર

મહેસૂલ ભરવા બાબત ગુજરાતમાં તેમ જ આખા હિંદુસ્તાનમાં ચર્ચા ચાલ્યા કરે છે. જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું તેમ તેમ મને સ્પષ્ટ લાગતું જાય છે કે આપણે કર નહીં આપવાને સારુ હજુ લાયક નથી જ થયા. જે માણસ પૈસા બચાવવાના ઇરાદાથી કર નહીં આપે તે તો

Gandhi Heritage Portal

ચોર છે અને ચોરોની મારફતે આપણે સ્વરાજ નહીં લઈએ. એ તો ચોરરાજ હશે. જેની મારફતે આપણે સ્વરાજ મેળવશું તેવું ને તેનું તે રાજ્ય થશે. ને તેથી જ હું પ્રજાને કહી રહ્યો છું કે મારી મારફતે પણ પ્રજા રાજ્ય ન મેળવે. ગાંધીરાજ પણ સ્વરાજ નહીં હોય. તેથી મારો તો એ જ લોભ રહે કે બધા મારા જેવા, એટલે જેટલે અંશે મારામાં સંયમ હોય તેટલે દરજ્જે તો ઓછામાં ઓછા સંયમી, સત્યવાદી, દૃઢ, આગ્રહી, શાંત ને નિર્ભય થાય. આ ઉપરથી આપણે જોઈ શકીએ કે આપણે મદદ લેતાં પણ વિચાર કરીએ. હું ઘણી વેળા સાથીઓને ચેતવું છું કે પોતાની ઉતાવળમાં તેઓ ગમે તેની મદદ ન મેળવે. પોતાનાં સાધનો શુદ્ધમાં શુદ્ધ રાખે. જે શસ્ત્રવૈદ્ય પોતાનાં શસ્ત્રો ચોખ્ખાં નથી રાખતો, ધારદાર નથી રાખતો, તે કોઈ વાર તો દરદીનો નાશ કરે છે, હમેશાં તેને નકામું દરદ આપે છે. એથી આપણે સમજવું જોઈએ કે જ્યાં સુધી ખેડૂતવર્ગ શાંતિના માર્ગે આપભોગ દેવામાં, દેશકાર્યમાં કેળવાયેલો નથી ત્યાં લગી તેને કર ન દેવાને રસ્તે વળગાડવો એ મહાપાપ છે ને તેનું પરિણામ આપણે ભોગવવું પડશે.

તેથી મારી સલાહ છે કે વ્યક્તિઓ સમજપૂર્વક ગમે તેમ કરે, પણ બારડોલી અને આણંદ સિવાયના બીજા બધા કર ભરે તેમાં જ મુલકને ફાયદો છે. કાયદાનો સવિનયભંગ સુખેથી કરવાનાં આપણી પાસે ઘણાં બીજાં સાધનો પડયાં છે. કર ન ભરનાર અસહકારીની શરતો પૂરેપૂરી પાળે ત્યારે જ કર ન આપવો તેને શોભે તેમ છે.

### પહેરાનું શું?

જાન્યુઆરીની ૩૧મી તારીખ સુધી સામુદાયિક ભંગ સિવાયની આપણી બધી પ્રવૃત્તિ ચાલુ રહે છે, તેથી જ્યાં આપણે શરાબનો કે નિશાળનો પહેરો કરતા હોઈએ ત્યાં તે ચાલુ રાખવાનો છે. આપણી સગવડને સારુ મૂકી દઈએ એ જુદી વાત છે. પહેરો, હડતાળ અને સવિનયભંગ તદ્દન મોકૂફ તો જ્યારે "રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ" થાય ત્યારે જ રહે. તે તો થાય ત્યારે ખરી. ને તે પ્રવૃત્તિઓ બંધ રાખીએ તેના પહેલાં આપણા સ્વરાજવાદી કેદીઓ છૂટેલા હોવા જોઈએ.

### અમેરિકાની મદદ

આપણા કેટલાક નેતાઓ હજુ માને છે કે આપણે ઇંગ્લંડ, અમેરિકા વગેરેમાં આપણી પ્રવૃત્તિ જાહેર કરવા સારુ એજન્સી — આડત રાખીએ. મારી તો ખાતરી છે કે તેમાં આપણને પૈસાનો નકામો વ્યય છે; એટલું જ નહીં પણ તેમાં આપણને બીજું નુકસાન છે. આપણે માણસોને રોકવા જોઈએ ને આજે જે સ્વાશ્રય આપણે ભોગવીએ છીએ તે ખોઈ બેસીએ. આજે તો આપણે માનીએ છીએ કે આપણા જ બળથી આપણે ઝૂઝવું છે, પરદેશમાંથી આપણને મદદ મળે તે પર નથી ઝૂઝવું.

વળી હું તો એમ માનું છું કે આપણું અહીંનું કાર્ય જેટલું દૃઢ ને સાચું હશે તેટલું તો તેની મેળે પ્રગટ થશે. થોડાને જે ઝાઝું બતાવવા ઇચ્છે છે તેને જાહેરખબરો નાખવી પડે છે; પણ જે નમ્ર છે તે, એટલે ઈશ્વર પર વિશ્વાસ રાખનાર તો ઝાઝાને થોડું બતાવે છે. પોતાના કાર્યની કિંમત હમેશાં મર્યાદિત રાખે છે. એટલી જાહેરખબર આપવાની શક્તિ કાર્યમાત્રમાં રહેલી છે, તેથી સત્ય પ્રગટ થયા વિના રહે જ નહીં એમ કહેવાય છે. પાપ પુણ્ય બંનેને એ વાત લાગુ પડે છે. ગુનો ગમે તેટલો છુપાવો છતાં તે પ્રગટ થશે. સૂરજ તો છાબડે ઢાંકયો ઢંકાય જ નહીં, અને હજારો સૂરજ એકઠા કરી તેના બેવડા કરો ને તેનું તેજ પડે, તેના કરતાં પણ

Gandhi Heritage Portal

સત્યનું તેજ તો વધારે છે જ. તો પછી આપણે આપણી સ્વયંપ્રકાશ સત્ય લડતને સારુ જાહેર-ખબર ક્યાં ખોળવા જઈએ?

આ સિદ્ધાંતના સત્યનો તાજો દાખલો અમેરિકાથી હાલ મળ્યો છે. ત્યાં રહેનારા એક હિંદીએ રૂ. ૫૭૦ એકઠા કરી મોકલ્યા છે, એટલું જ નહીં પણ તેઓ જણાવે છે કે અમેરિકાના લોકો આપણી લડતમાં ખૂબ રસ લેતા થયા છે. પ્રોફેસર કોસાંબી જેમણે આ પ્રયાસ કર્યો છે તે લખે છે:[1]

### હસ્તલિખિત છાપું

ઇન્ડિપેન્ડન્ટ તો હાથે લખેલું નીકળે જ છે. સ્વરાજ નામનું છાપું પણ પ્રયાગમાં[2] બંધ થયું છે, કેમ કે તેની જામીનગીરી જપ્ત કરવામાં આવી છે. તેથી હવે સ્વરાજ પણ હસ્તલિખિત કાઢવામાં આવ્યું છે. તેનો પહેલો અંક મારી પાસે પડયો છે. એ હિંદીમાં લખાયેલું છાપું છે. ચાર પૃષ્ઠ છે. તેમાં તો અધિપતિને જેટલું લખવું હોય તેટલું તે લખે છે ને જેટલા નિર્દોષ ગુના કરવા હોય તેટલા કરી શકે છે. નોકરશાહીની દૃષ્ટિએ તો હું તેમાં ગુના જ જોઈ રહ્યો છું. છતાં જ્યાં સુધી બધા લોકોને પકડી ન જાય ત્યાં લગી એ છાપું તો પ્રગટ થયા જ કરવાનું. જેમ જેમ તેને નકલ કરનારી મદદ મળશે તેમ તેમ તે વધતું જવાનું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨–૧–૧૯૨૨

## ૧૦૦. દેવદાસ ગાંધીને પત્ર

રવિવાર [જાન્યુઆરી ૨૨, ૧૯૨૨][3]

ચિ. દેવદાસ,

તમારો કાગળ આજે મળ્યો ખરો. ઇન્ડિપેન્ડન્ટની નકલો સાફ નથી આવતી. વાંચવામાં મુદ્દલ હરકત ન આવે એવી નકલ નીકળવી જોઈએ. ભલે થોડી થાય. તમારાં લખાણો પણ સાફ થવાં જોઈએ ના? આ પ્રમાણે છાપું કાઢવું એ પણ એક કળા તો છે જ. લીથો કેમ થાય છે એ શોધી લેવું જોઈએ. મૉડર્ન હાઈસ્કૂલ બાબત જે ફરિયાદ છે તેનો જવાબ પૂરો મોકલજો.

બાપુના આશીર્વાદ

માસ્ટર દેવદાસ ગાંધી
આનંદભવન
અલ્લાહાબાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૭૮૦૯

૧. આ પત્ર અહીં આપવામાં આવ્યો નથી.
૨. અલ્લાહાબાદનું જૂનું નામ.
૩. ગાંધીજીના હસ્તાક્ષરવાળા પોસ્ટકાર્ડની મહોર પરથી.

Gandhi Heritage Portal

## ૧૦૧. જોસેફ જે. ઘોષને પત્ર

[મંગળવાર, જાન્યુઆરી ૨૪, ૧૯૨૨][1]

પ્રિય શ્રી ઘોષ,[2]

તમારા પત્ર બદલ આભાર. મળતાંની સાથે એ પત્ર મેં મારા દીકરા ઉપર મોકલી આપ્યો છે. અને એના તરફથી નીચેનો તાર મને હમણાં જ મળ્યો છે :

> ઘોષનો પત્ર દંગ કરે એવો છે. આક્ષેપો ખોટા છે. અલ્લાહાબાદના સ્વયંસેવકોનું વર્તન ઉત્તમ છે.

તમને ખોટી માહિતી મળી હોવાનો સંભવ છે ખરો? સંભવ છે કે મારા દીકરાને ભુલાવામાં નાખવામાં આવ્યો હોય. તે મને છેતરે એવી તો હું કલ્પના પણ કરી ન શકું. તમારી મદદ વડે હું આ મતભેદનાં ઊંડાણમાં ઊતરવા માગું છું. હું એટલું ઉમેરું કે મારો દીકરો ઘણો કાળજીવાળો છે અને તેનો અભિપ્રાય અચૂક સંગીન હોય છે. વળી હું એ પણ માનું છું કે લડતની ભાવના તે બરાબર સમજે છે. તમે તેને મળીને આ બધી બાબતોની ચર્ચા ન કરો? હું તેને તમને મળવા જણાવું છું. બધી જ જાતનાં પિકેટિંગ બંધ કરી દેવાનો મારો ઇરાદો નથી. હું માનું છું કે જો પિકેટિંગ સંપૂર્ણ રીતે શાંતિમય હોય તો તે નૈતિક મૂલ્ય ધરાવે છે.

જે છોકરાઓ તમારી આજ્ઞા ન માને તેમને શિક્ષા કરવાનો તમને સંપૂર્ણ અધિકાર છે અને જે છોકરાઓ આજ્ઞા ન પાળે તેમણે બરતરફ થવાનું જોખમ વહોરવું જ જોઈએ.

તમે આ બધી મુશ્કેલીમાં આવી પડ્યા છો એ માટે દિલગીર છું.

તમારો

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૯૫૯

૧. ૧૯૨૨ના જાન્યુઆરીની ૩૧મીના ઘોષના જવાબ પરથી (એસ. એન. ૭૮૧૦).
૨. જોસેફ જે. ઘોષ, અલ્લાહાબાદની મૉડર્ન હાઈસ્કૂલના હેડ માસ્તર.

Gandhi Heritage Portal

## ૧૦૨. દેવદાસ ગાંધીને પત્ર

મંગળવાર [જાન્યુઆરી ૨૪, ૧૯૨૨][1]

ચિ. દેવદાસ,

તમારા તારો મળ્યા છે. શેરવાનીને બાતલ કર્યા એ તો ઠીક જ થયું છે. જ્યાં સુધી કારભાર આપણે હાથ ન આવે ત્યાં લગી ક્યાં તેમને વકીલાત કરવી છે?

મિ. ઘોષને તમારા તારની નકલ મોકલી છે. તમે તેની પાસે કાગળ લખીને જજો ને બધો ખુલાસો કરજો. તેને કાગળ લખ્યો છે તેની નકલ જ મોકલું છું.

આપણામાં ક્યાંય મેલ હોય તો જરાયે નથી છુપાવવો.

ગુરુવારે રાત્રે બારડોલી જવા ઊપડી જાઉં છું પછી તો ઘણે ભાગે ત્યાં જ રહેવાનું થશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૬૧૯

## ૧૦૩. નોંધ

### એક અંગ્રેજ સન્નારીના આશીર્વાદ

પોતાનાં નામઠામ આપી "એક અંગ્રેજ સન્નારી" કલકત્તાથી લખે છે :

શ્રી ગાંધી જે પ્રશંસનીય રીતે આપણને સત્યનું દર્શન કરાવે છે અને આપણી ઉમદા કહેવાતી સરકાર દરરોજ જે અત્યાચારી કૃત્યો આચરી રહી છે તે તરફ આપણી આંખો ખોલે છે તે જોઈ સૌ કોઈ ઉન્નત બને છે. એક "અંગ્રેજ મિશનરી" બહેને લખેલો પત્ર પ્રશંસાપાત્ર છે.[2] મને ભય છે કે તેમના જેવાં અનેક છે, પરંતુ તેઓ એટલાં બધાં ગર્વિષ્ઠ છે કે આગળ આવીને શ્રી ગાંધી જે ઉમદા કાર્ય કરી રહ્યા છે તેનો સ્વીકાર કરી શકતાં નથી. શ્રી ગાંધીની ધીરજ અને કાર્ય ખૂબ ઊંડે છુપાયેલા ઝરણા જેવાં છે. દુનિયા ભલે ગમે તે કહે, પરંતુ ઈશ્વર તેમને ધાર્યા કરતાં પણ વધારે બદલો આપશે. જેઓ શાંતિથી કામ કરે છે માત્ર તેમને જ બદલો મળે છે. લાખો તેમના પર મીટ માંડી રહ્યા છે. અને તેમનું પારખું કરી રહ્યા છે. પરંતુ સૌની ઉપર બેઠેલો એક પ્રભુ જ તેમના રોજિંદા જીવનની લડતને નીરખી રહ્યો છે અને તેની પરીક્ષા કરી રહ્યો છે, અને તેમનો પરિશ્રમ અને લડત પૂરાં થશે ત્યારે તેમનું કામ અને નામ અમર થઈ જશે. તેમની સખત મહેનતને પરિણામે સ્વતંત્રતા મેળવનાર લાખો લોકો તેમના નામની પૂજા કરશે. ઈશ્વર તેમને અને તેમનાં

૧. શેરવાનીને યાદીમાંથી દૂર કર્યાના સમાચાર દેવદાસે ગાંધીજીને ૨૩મી જાન્યુઆરીએ તારથી આપ્યા હતા. એ પછીનો મંગળવાર ૨૪મીએ આવતો હતો.

૨. જુઓ "નોંધ," ૧૨–૧–૧૯૨૨નું પેટામથાળું "ઈશ્વરના હાથમાં."

Gandhi Heritage Portal

વહાલાં પત્નીને આશીર્વાદ અને દીર્ઘાયુ આપે તથા થોડા જ વખતમાં પૂરી થનારી આ લડત ચાલે ત્યાં સુધી તેને ચલાવવા માટે તેમને સ્વાસ્થ્ય અને શક્તિ અર્પે.

હું વાચકને આ પત્રમાં ભાગીદાર બનાવું છું એમાં સંકોચ નથી એમ નથી. તટસ્થ રીતે લખાયો હોવા છતાં તે ખૂબ જ અંગત છે. મારામાં અહંકાર નથી એવી મને આશા છે. મારી નિર્બળતા હું પૂરેપૂરી સમજું છું એવું મને લાગે છે. પરંતુ ઈશ્વરમાં અને તેની શક્તિ તથા પ્રેમમાં મારી શ્રદ્ધા અવિચળ છે. હું તો કુંભારના હાથમાં માટી જેવો છું, એટલે ગીતાની ભાષામાં કહું તો આ બધી પ્રશંસા મેં તેને ચરણે ધરી છે. હું એટલું સ્વીકારું છું કે આ જાતના આશીર્વાદ શક્તિદાયક નીવડે છે. પરંતુ આ પત્ર પ્રગટ કરવાનો મારો હેતુ તો દરેક સાચા અસહકારીને, જે અહિંસાને માર્ગે તે પ્રયાણ કરી રહ્યો છે તેમાં પ્રોત્સાહન આપવાનો અને ખોટા અસહકારી-ઓને તેમની ભૂલોમાંથી રોકવાનો છે. આ એક તદ્દન સાચી લડત છે. તિરસ્કાર કરનારા માણસો એમાં હોવા છતાં એ તિરસ્કારની લડત નથી. એ શુદ્ધ અને નિર્ભેળ પ્રેમ પર મંડાયેલી લડત છે. અંગ્રેજો પ્રત્યે કે આ દૃષ્ટિહીન વહીવટદારો સાથે પોતાની દૃષ્ટિહીનતાને લીધે જોડાયેલા લોકો પ્રત્યે જો મને સહેજ પણ તિરસ્કાર થયો તો આ લડતમાંથી છૂટા થવાની મારામાં હિંમત છે. ઈશ્વરમાં અને તેની કરુણામાં એટલે કે તેના ન્યાયમાં જેને સહેજ પણ શ્રદ્ધા હોય તે મનુષ્યોનો તિરસ્કાર કરી શકતો નથી. છતાં સાથે સાથે તેણે મનુષ્યોની કુરીતિઓનો તિરસ્કાર તો કરવો જ જોઈએ. પરંતુ પોતાનામાં પાર વગરના દોષો રહેલા હોવાથી અને પોતે હમેશાં દયાનો ભૂખ્યો હોવાથી પોતાને દોષ દેખાય તેવાઓને તેણે ધિક્કારવા ન જોઈએ. એટલે આ લડતનો હેતુ અંગ્રેજો અને આખી દુનિયા સાથે મૈત્રી બાંધવાનો છે. ખોટી ખુશામત કરીને એ ન થઈ શકે, પણ હિંદુસ્તાનમાંના અંગ્રેજોને સ્પષ્ટ રીતે એટલું કહીને જ થઈ શકે કે તેમના માર્ગો હાનિકારક છે અને તેઓ તેને વળગી રહેશે ત્યાં સુધી તેમની સાથે અમે સહકાર કરવાના નથી. આ રીતના વિચારમાં આપણી ભૂલ થતી હશે તોપણ આપણે તેમનું કંઈ પણ ખરાબ ઇચ્છતા નથી અને તેમને હાથે સહન કરવા તૈયાર છીએ એટલે ઈશ્વર આપણને માફ કરશે. પરંતુ હું આ લખી રહ્યો છું એટલી જ ખાતરીથી જો આપણે સાચા હોઈશું તો આપણી યાતનાએ જેમ "એક અંગ્રેજ સન્નારી"ની આંખો ઉઘાડી નાખી તેમ તે તેમની આંખો પણ ઉઘાડી નાખશે. પણ આવું માનનાર માત્ર તેઓ એકલાં જ નથી. હું મારા પ્રવાસોમાં અંગ્રેજોને મળું છું. હું તેમને ઓળખતો હોતો નથી પણ તેઓ મને હાર્દિક આવકાર આપે છે અને સફળતા ઇચ્છી ચાલતા થાય છે. એ સાચું છે કે આવા આ કોડીબંધ આશીર્વાદ આપનારાઓ છે તો તેની સામે સેંકડો શાપ આપનારાઓ પણ છે. આ શાપ પણ હું ઈશ્વરને ચરણે ધરું છું. એ આપવાનું કારણ અજ્ઞાન હોય છે. ઘણા અંગ્રેજો અને કેટલાક હિંદીઓ પણ મને અને મારી પ્રવૃત્તિને જોખમકારક ગણે છે. અસહકારીઓએ આમને પણ સહન કરવા રહ્યા. તેઓ ગુસ્સે થાય અને બદલો લે તો લડત હારી જાય, પરંતુ જો સહન કરે તો તેઓ નક્કી વિનાવિલંબે જીત મેળવે. આપણી ઊણપોને લીધે જ વચ્ચે વિલંબ થઈ રહ્યો છે એની મને ખાતરી છે. આપણે હમેશાં અહિંસક રહ્યા નથી. આપણી પ્રતિજ્ઞાની વિરુદ્ધ જઈને આપણે બીજાઓનું બૂરું ઇચ્છયું છે. અંગ્રેજ વહીવટકર્તાઓ, તેમને સહકાર આપનારાઓ, તાલુકદારો અને રાજાઓ જેવા આપણા વિરોધી-ઓએ આપણો વિશ્વાસ કર્યો નથી અને આપણાથી ડર્યા છે. આપણી પ્રતિજ્ઞાથી તેમને પૂરેપૂરું રક્ષણ આપવા આપણે બંધાયેલા છીએ. ગરીબ અને દુર્બળનું શોષણ કરવામાં આપણે તેમને મદદ ન કરીએ, પરંતુ આપણે તેમને કશી હાનિ તો ન જ પહોંચાડવી જોઈએ. તેઓ કંગાળ

Gandhi Heritage Portal

લઘુમતીમાં હોવા છતાં, સંગીનો પાછળ તેમને જે સલામતી લાગે તેના કરતાં આપણી વચ્ચે રહેવામાં તેમને વધારે સલામતી લાગવી જોઈએ. આપણે જો કંગાળ લઘુમતીમાં હોત તો આપણી સ્થિતિ વધારે સહેલી હોત, તો આપણે ઘણા વખત પહેલાં આપણી શ્રદ્ધા પુરવાર કરી હોત. પણ આજની પરિસ્થિતિમાં તો આપણી સંખ્યા આપણને મૂંઝવે છે. અત્યારના રાજઅમલ સામેનો અસંતોષ તો આપણા સૌમાં એકસરખો છે, પરંતુ અહિંસામાં જ્વલંત શ્રદ્ધા એકસરખી નથી. મદ્રાસમાં બન્યા એવા શરમજનક બનાવો ફરી ન બને એવું ન કરી શકીએ ત્યાં સુધી આપણે સંતોષ ન પામીએ. અહિંસાનું નામ લઈને આપણે અદાલતના કામકાજમાં અંતરાય ન નાખીએ. આપણે કારાવાસ નોતરીએ કે ન પણ નોતરીએ. જો નોતરવા ઇચ્છતા હોઈએ તો પોતે ઇચ્છે એટલી ઝડપથી ભલે સરકાર આપણને લઈ જાય. અહિંસાનું રહસ્ય સમજવામાં જેટલે અંશે આપણે નિષ્ફળ જઈએ છીએ તેટલે અંશે લડત લંબાય છે.

### બોર્ડર તરીકે દાખલ કરાયા

લડતના સાચા આંતરિક મૂલ્ય વિષે જે કોઈને શંકા હોય તેની તે શંકા દૂર કરવામાં બાબુ પ્રસન્નકુમાર સેનનો નીચેનો પત્ર[1] મદદ કરશે. તેમને સજા કરવામાં આવી ત્યારે તેઓ ચિત્તા-ગોંગની જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી હતા :

> મને નામદાર શહેનશાહની હોટેલમાં અઢી વર્ષ માટે બોર્ડર તરીકે દાખલ કરવામાં આવ્યો છે. છેલ્લાં ચારપાંચ વર્ષ થયાં હું મારા વકીલાતના વ્યવસાયને છેલ્લા રામરામ કરી એક સંન્યાસી તરીકે હિમાલયમાં હૃષીકેશમાં મારા બાકીના દિવસો ધાર્મિક ચિંતનમાં ગાળવા હમેશ વિચારી રહ્યો હતો. જ્યાં સુધી હું એમ કરી ન શકું. . . .
>
> હવે પરમકૃપાળુ પરમાત્માએ સંસારની ધમાલમાંથી મને એકાએક ખેંચી લઈને, જેલની દીવાલોની અંદર પૂરો આરામ આપીને, મારા પર અપાર આશીર્વાદ વરસાવ્યા છે. . . .
>
> મારા વહાલા મહાત્માજી, મને હવે પ્રતીતિ થઈ છે કે આ કામચલાઉ આરામ મને માનવજીવનની પરમ સિદ્ધિ એટલે શાશ્વત નિર્વાણ મેળવવાને લાયક બનાવશે.

વાચકને હું ખાતરી આપું છું કે જેલમાં પરમ શાંતિ મેળવવાની પ્રસન્નબાબુની અભિલાષા એ કોઈ પાયા વિનાનું સ્વપ્ન નથી. હૃષીકેશથી હું પરિચિત છું. તેની ભૂમિમાં જેમ સંતો વસે છે તેમ દુનિયાના ગુંડા પણ વસે છે. જેલજીવનથી પણ હું પરિચિત છું. દક્ષિણ આફ્રિકાના મોટામાં મોટા ખૂની અને મારી વચ્ચે માત્ર એક કાળીમેશ દીવાલ જ હતી. અમને બંનેને જાણી-જોઈને એકાંત કોટડીમાં પૂરવામાં આવ્યા હતા, કેમ કે અમને બંનેને સમાજ માટે ભયંકર ગણવામાં આવ્યા હતા. એ કોટડીમાં મારે લગભગ બે મહિના સુધી ખૂબ સહન કરવું પડયું હતું. પણ વધારેમાં વધારે સહન કરતી વખતે હું શીખ્યો પણ વધારેમાં વધારે. ખૂબ જ ભારે સિદ્ધિ મેળવવાનો એ સમય હતો. યાતનાઓ ચાલુ હતી ત્યારે તો તે સહન કરવી મુશ્કેલ હતી. પરંતુ અત્યારે તો તે જીવનની સ્મૃતિનો એક સૌથી વધુ મૂલ્યવાન ખજાનો છે. આજે આપણે જેલોને સ્વાતંત્ર્યપ્રેમી મનુષ્યોનાં સ્વર્ગાશ્રમોમાં ફેરવી નાખી છે. તેમને નિર્વાણ મેળવવાનાં ધામોમાં સહેલાઈથી ફેરવી શકાય. જે જેલની કોટડીમાં સૉક્રેટીસે ઝેરનો પ્યાલો પીધો તે કોટડી બેશક કલ્યાણમાર્ગ બતાવનારી હતી. એ દૃશ્યની સ્મૃતિ દ્વારા સૉક્રેટીસ આજે પણ જીવે છે.

૧. પત્રમાંથી માત્ર થોડા ઉતારા જ અહીં પ્રગટ કર્યા છે.



Gandhi Heritage Portal

## "સ્વરાજ આશ્રમ"

પ્રસન્નબાબુ જેલને પરમ સિદ્ધિ પ્રાપ્ત કરવાના એક સાધન તરીકે ચીતરે છે. બાબુ તરુણરામ ફૂકન તેમની જેલનું "સ્વરાજ આશ્રમ" નામ આપે છે. શ્રી ફૂકન આસામના એક આગેવાન છે. વાચકને હું એટલું જણાવું કે તે એક પ્રથમ દરજ્જાના નિશાનબાજ અને સુંદર ખેલાડી છે. અને દુ:ખ સહન કરવાનું રહસ્ય તે શીખ્યા છે. સિલ્ચર જેલમાંથી તે લખે છે:

> મારી ધરપકડ અને મારો કારાવાસ સરકારની દૃષ્ટિએ વાજબી ઠરે એટલું તોફાન હું કરતો હતો એમ મને લાગે છે. અહીં મારે માટે શાંતિ અને સલામતી મેળવી આપવા માટે હું આપનો અને સંબંધ ધરાવતા અધિકારીઓનો પણ આભારી છું. જેઓ જેલની બહાર છે તેમને માટે પણ આપ શાંતિ અને સલામતી ઝટ મેળવી આપી શકશો એવો મને વિશ્વાસ છે. તેઓ ખૂબ જ નમ્ર બનીને આવશે ત્યારે તેમને અમે આવકારીશું, પણ મને આશા છે કે તેઓ અપમાનિત બનીને નહીં આવે. આપણે કામચલાઉ શાંતિ ન શોધવી જોઈએ, પરંતુ સમાનતા અને સહિયારા હિત માટે સૌ સાથે મળીને કામ કરે એ સિદ્ધાંત પર રચાયેલી કાયમી શાંતિ આપણે માગવી જોઈએ, કારણ કે હું માનું છું કે માત્ર એવી શાંતિ જ કાયમને માટે ટકી શકે. બીજી કોઈ શરતે મેળવેલી શાંતિની પાછળ પ્રજાવર્ગ કે રાજકર્તાઓ બેમાંથી કોઈનેય લાભકારક ન નીવડે તેવો ડંખ રહી જશે.
>
> આપણે મરદાનગીથી, ગૌરવથી અને દ્વેષભાવ કે કડવાશ વિના બાજી ખેલીશું તો મને લાગે છે કે આપણે જીતીએ કે હારીએ તેનું બહુ મહત્ત્વ નથી, કારણ કે નિ:સ્વાર્થભાવે સહન કરેલી કોઈ પણ યાતનાઓનો કાયમને માટે નાશ થતો નથી, તેમ કરી શકાતો પણ નથી.

આ પત્ર પર જેલના સુપરિન્ટેન્ડેન્ટની પણ સહી થયેલી છે. લખનૌની તેમની હોટલમાંથી મોતીલાલજી મને કવેળાની અને થાગડથીગડ સુલેહ કરવા સામે સાવધ કરે છે. તેઓ અચોક્કસ સમય સુધી જેલમાં રહેવા ખુશી છે. આપણી વચ્ચે ઘણા સ્વરાજ આશ્રમો ફૂટી નીકળવા લાગ્યા છે. પરંતુ જેલો જેવા સાચા સ્વરાજ આશ્રમો ક્યાંય નથી. તે પૈસા વડે નહીં પણ દૃઢનિશ્ચયી આત્માઓ વડે રચાયા છે.

## બ્રહ્મદેશમાં

રાષ્ટ્રાભિમાનનું મોજું આગળ વધી રહ્યું છે. બ્રહ્મદેશ વિષે મેં બે લેખો માટે જગ્યા કરી રાખી છે. સ્વામી શ્રદ્ધાનંદજી[1] અને શ્રી અબ્બાસ તૈયબજીએ મને હાથી અને અજાયબીઓની એ ભૂમિમાંની રાષ્ટ્રીય જાગૃતિનો જુસ્સાદાર હેવાલ આપ્યો છે. બ્રહ્મદેશની બ્રિટિશોએ કરેલી તારાજી તેના ખેદજનક ઇતિહાસમાં એક ખેદજનક પ્રકરણ છે. અને એ લૂંટમાં હિંદીઓએ ભાગ લેવામાં પાછી પાની કરી નથી એ હકીકત મારે માટે વધારે ખેદજનક છે. બ્રહ્મદેશને બ્રિટિશ હિંદુસ્તાનનો એક ભાગ બનાવવામાં આવ્યું એ હકીકતમાં હું કદાપિ ગર્વ લઈ શકયો નથી. તે કદી એનું હતું નહીં અને હોવું પણ ન જોઈએ. બ્રહ્મીઓને તેમની પોતાની સંસ્કૃતિ છે. યુરોપનો ખ્રિસ્તી ધર્મ જેમ ઈશુ ખ્રિસ્તના ખ્રિસ્તી ધર્મ કરતાં જુદો છે તેમ બ્રહ્મદેશનો બૌદ્ધ ધર્મ હિંદુસ્તાનના બૌદ્ધ ધર્મ કરતાં તદ્દન જુદો છે. બંનેમાંથી એકેયને ઉતારી પાડવા હું કંઈ જ કહેવા ઇચ્છતો નથી. ઈશુનો સંદેશો યુરોપીય માનસ માટે ખૂબ જલદ હતો. બુદ્ધનો સંદેશો

૧. મહાત્મા મુનશીરામ (૧૮૫૬–૧૯૨૬); પાછળથી શ્રદ્ધાનંદ તરીકે જાણીતા થયા; આર્ય સમાજના રાષ્ટ્રવાદી આગેવાન; દિલ્હી અને પંજાબની જાહેર પ્રવૃત્તિમાં આગળપડતો ભાગ ભજવ્યો.

Gandhi Heritage Portal

બર્મીઓના માનસ માટે ખૂબ જલદ હતો. બંને દેશોને પોતાની ગ્રહણશક્તિ પ્રમાણે મળેલા એ સંદેશાઓથી લાભ થયો છે. પણ યુરોપે જેમ હજુ ઈશુના સંદેશાનો અર્થ ને મર્મ સમજવાનો બાકી છે તેમ બર્મીઓએ બુદ્ધના સંદેશાનો અર્થ સમજવાનો બાકી છે એમાં કંઈ શંકા નથી. બર્મીઓને તેમની પોતાની રીતે આગળ વધવા દેવામાં આવે તો જ તેઓ તેમ કરી શકે. એટલે બ્રહ્મદેશમાં જે અદ્ભુત જાગૃતિ આવી છે તે મારે માટે ખૂબ જ આનંદની વાત છે. બર્મીઓ જો તેમના પુરુષાર્થમાં મંડયા રહે તો અનેક જાતની ગૂંચવણભરી સમસ્યાઓ ધરાવતા આપણા લોકો કરતાં, તેમના સરળ સવાલોનો ઉકેલ વધારે ઝડપથી લાવી શકે એ વિષે શંકા નથી.

### અંબાલામાં

પંજાબ ખરેખર ચમત્કાર કરી રહ્યું છે. અહિંસક વાતાવરણ ઊભું કરવા માટે શીખોએ યશ લેવો જ જોઈએ અને તે માટે તેઓ પૂરી યોગ્યતા ધરાવે છે. તેમનો દૃઢ નિશ્ચય, નાનકાના સાહેબમાં તેમનું વિસ્મયજનક બલિદાન,[1] તેમના ઉત્તમ નેતાઓનો કારાવાસ અને સરકારની સંપૂર્ણ શરણાગતિ એ બધાંને લીધે, પંજાબ ગર્વ અને આશાથી તથા બલિદાન અને અહિંસાની ભાવનાથી ઊભરાઈ રહ્યું છે. એટલે અંબાલાથી લાલા દુનીચંદ[2] તરફથી મળેલા નીચેના પત્રથી વાચકને નવાઈ નહીં લાગે.

લાલા દુનીચંદે વર્ષો સુધી અંબાલાની પરિચર્યા કરી છે. અસહકારના દિવસો પહેલાં તેમની વકીલાત ધીકતી ચાલતી હતી અને એ કમાણીનો મોટો ભાગ તેઓ તેમણે શરૂ કરેલાં જાહેર કામોમાં વાપરતા હતા. તેથી તેમને આપભોગ આપનાર જુવાન સહકાર્યકરોનું જૂથ ઊભું કરતાં કોઈ મુશ્કેલી નડી નથી. હવે તે તેમને સહેલાઈથી જેલમાં મોકલી રહ્યા છે. સ્વરાજ તો આત્મભોગને પરિણામે તુરત જ મળતું સ્પષ્ટ ફળ છે. એટલે અંબાલાના નાગરિકો સ્વરાજના આગમનનો અનુભવ કરી રહ્યા છે. બીજાં સ્થળોની માફક પંજાબમાં બહેનોમાં આવેલી જાગૃતિ એક એવો બનાવ છે જેનું મૂલ્યાંકન આપણે હાલમાં પૂરતા પ્રમાણમાં કરી શકીએ તેમ નથી. સાચી હકીકત તો એ છે કે લાલા દુનીચંદના બલિદાનનો માર્ગ શ્રીમતી દુનીચંદે મોકળો કરી આપ્યો છે. તેમણે જ એમને તે માટે તૈયાર કર્યા. અને શ્રીમતી દુનીચંદનું ઉદાહરણ કંઈ એકલદોકલ ઉદાહરણ નથી. પોતાના પતિની મહાનતા માટે નિમિત્તરૂપ બનેલી અનેક બહેનોની ઓળખાણનો લહાવો મને મળ્યો છે.

### રોહતકમાં

જેવું અંબાલાનું, તેવું જ રોહતકનું છે. યંગ ઇન્ડિયાનાં લખાણે લોકોને લાલા શામલાલના આપભોગથી પરિચિત કર્યા છે. માત્ર તેમનો આપભોગ પત્ની અને માબાપની ના છતાં અપાયો છે. તેમને પ્રચંડ મુશ્કેલીઓ સામે ઝઝૂમવાનું હતું. પરંતુ તેઓ એ બધીયે મુશ્કેલીઓ પાર કરી ગયા છે. હવે તેમને બીજા મિત્રોની સોબતમાં પકડાવાનું માન મળ્યું છે. આ બધા લોકો તેમના દેશ માટે ગૌરવરૂપ છે. તેઓ ઝનૂની નથી. તેઓ દેશ અને ધર્મની હાકલ પડતાં વેપારનો ત્યાગ કરનાર બાહોશ વેપારીઓ છે. તેઓ શાંતિનો ભંગ કરનારા નથી. તેઓ શાંતિના રક્ષક છે. અને

૧. ૧૯૨૧ના ફેબ્રુઆરીમાં; જુઓ પુસ્તક ૧૯, પા. ૩૭૪–૭.

૨. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. તેમાં અંબાલા જિલ્લાની અસહકારની પ્રવૃત્તિઓનું અને સ્વયંસેવકોની ધરપકડનું બયાન આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

આવા નાગરિકોને પૂરી દેવાની જે સરકારને જરૂર પડે છે તે સરકાર દેવાળું કાઢવાની અણી પર જ હોવી જોઈએ.

**અમૃતસરમાં**

જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ લાલા ગિરધારીલાલ, ખિલાફત સમિતિના પ્રમુખ મૌલાના મહમદ દાઉદ ગઝનવી, શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ માસ્તર સુનામ રાય, અને જિલ્લા શીખ લીગના પ્રમુખ સરદાર રાવેલસિંઘને રાજદ્રોહી સભાઓની બંધી કરતા જાહેરનામાને ન ગણકારી સભાઓ ભરવાની હિંમત દાખવવા માટે પકડવામાં આવ્યા હતા અને હવે સજા પણ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં અમૃતસરે સારી સંખ્યામાં ફાળો આપ્યો છે. હવે બધા પ્રમુખોને ઉપાડી લેવામાં આવ્યા છે. તેમને દરેકને બે વર્ષની સખત કેદની અને ૫૦૦ રૂપિયાના દંડની અને દંડ ન ભરે તો વધુ ત્રણ મહિનાની કેદની સજા ફરમાવવામાં આવી છે. તેમને સૌને મિયાનવાલી જેલમાં લઈ જવામાં આવ્યા છે. આની ખૂબી તો એ છે કે જ્યાં જુઓ ત્યાં બધે જ કૉંગ્રેસ સમિતિઓ હોદ્દેદારો વિનાની જોવા મળતી નથી. લોકો શીખ્યા છે કે વ્યક્તિગત હોદ્દેદારો મૃત્યુ પામે, જેલ જાય કે છોડીને ચાલતા થાય તોપણ સુવ્યવસ્થિત સંસ્થાઓમાં અધિકારીઓ કાયમ રહેતા હોય છે. માણસ અને તેની સંસ્થાની એકતા દર્શાવતી ખુદ આ કલ્પના ખરેખર ભવ્ય છે.

**લાહોરમાં**

પંજાબની રાજધાની કંઈ ઓછું કરી રહી નથી. આ માસની ૧૪મી તારીખના પત્રમાં લાહોરના લાલા દુનીચંદ જણાવે છે :[૧]

આવું કાર્ય જરૂર દેશનો કાયાપલટ કર્યા વિના નહીં રહે. એટલે સવિનયભંગનો સામનો કરવા માટે પંજાબ સરકારે "અત્યાર સુધી લીધાં હોય તે કરતાંયે વધારે વ્યવસ્થિત અને કડક પગલાં" લેવાની ધમકી આપી છે તેમાં કંઈ નવાઈ નથી. આ અંગેની નોટિસ જણાવે છે :

> કોઈ પણ જાતની ઉશ્કેરણીને નજર બહાર જવા દેવાનું અથવા સરકારી નોકરો કે પેન્શનરો આવી જાતના તોફાનમાં ભળે તે ચલાવી લેવાનું શકય બનશે નહીં. તેથી દુર્ભાગ્યે, વ્યવસ્થા જાળવવા માટે જરૂરી હોય તેટલા પ્રમાણમાં વધારાની પોલીસ અને કર્મચારીઓને નભાવવા માટે પ્રાંતનો બોજો ઠીક ઠીક વધારવાનું જરૂરી બનશે.

એ નોટિસમાં આ પ્રમાણે દલીલ કરવામાં આવી છે :

> તે (સવિનયભંગ) સફળ થાય તો પ્રજામાંના ગુનાહિત વૃત્તિવાળા માણસોને એવી પદ્ધતિઓનું શિક્ષણ મળશે કે જે તેઓ અત્યારની કે ભવિષ્યની, ગમે તે પ્રકારની સરકાર સામે સ્વાભાવિક રીતે અખત્યાર કરવા તૈયાર થશે. તે નિષ્ફળ નીવડશે તો કેવળ પ્રગતિના પ્રવાહને પાછો પાડી શકશે અને જેમણે માતૃભૂમિની નસોમાં[૨] આટલું બધું ભયંકર ઝેર વિચારપૂર્વક દાખલ કર્યું છે તેમની રાજદ્વારી પરિપકવતા વિષેની પાયાદાર શંકાઓને દૃઢ બનાવશે.

આ નોટિસ લખનારે સરકારપક્ષે વધારેપડતી દલીલો કરી છે અને એમ કરીને તે પોતાની મર્યાદા ઓળંગી ગયો છે. નોટિસનું પરિણામ લોકોની પીઠ મજબૂત કરવામાં જ આવ્યું છે.

૧. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. પત્રમાં જાહેરસભા ભરવા વિષે તથા ખાદીના પ્રચાર માટેની સ્ત્રીઓની પ્રવૃત્તિઓ વિષે વર્ણન આપવામાં આવ્યું છે.

૨. મૂળ લખાણમાં "વિચારો" શબ્દ છે.

Gandhi Heritage Portal

પહેલી વાત એ કે ગુનેગારવૃત્તિવાળા લોકોના મનમાં સવિનયભંગનો વિચાર દાખલ કરવામાં આવતો નથી, અને તેમ કરી શકાય પણ નહીં. શિક્ષિતવર્ગ, સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓ ભાગ્યે જ ગુનેગારવૃત્તિ ધરાવતાં હોય છે. અને ખેડૂતવર્ગને પણ "ગુનેગારવૃત્તિ"વાળા વર્ગમાં ન મૂકી શકાય. લોકો શાંત રહેવાનું શીખ્યા ન હોત તો લાહોરમાં, ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૩મી તારીખે પોલીસે કરેલા હુમલા[1] અંગેના આક્ષેપોની તપાસ કરવા નિમાયેલી સમિતિના ડૉ. ગોકુળચંદ નારંગ અને તેમની સાથેના સભ્યના જોરદાર અને ઝીણવટભરી દલીલવાળા હેવાલમાં વિગતવાર વર્ણવવામાં આવેલા હુમલા અને અપમાન તેમણે સહન કર્યાં ન હોત. બીજું, અત્યારની કે ભવિષ્યની, બધી સરકાર સામે સવિનયભંગ કરવાનો કોઈ ઉદ્દેશ નથી. આખીયે પ્રજાની ઇચ્છાનો ગુનાહિત રીતે અનાદર કરનાર અત્યારની સરકાર સામે જ આ સવિનયભંગ કરવાનો છે. ત્રીજું, જે સરકારે લોકોને પદ્ધતિસર નામર્દ બનાવ્યા હોય તેનો અનાદર કરવાનું લોકોને કહેવું એ તોફાની કે ઝેરીલું કઈ રીતે હોઈ શકે? બિનજવાબદાર નોકરશાહી લોકો પર જે અપમાન લાદે તે શું તેમણે સહ્યે જવાં?

પરંતુ આપણે ડૉ. ગોકુળચંદ નારંગનો હેવાલ જોઈએ. લોકો જો સ્વતંત્ર મનુષ્યો તરીકે જીવવા માગતા હોય તો એ હેવાલ શિસ્તબદ્ધ સવિનયભંગ માટેનાં વાજબી કારણો સારા પ્રમાણમાં પૂરાં પાડે છે એવો મારો અભિપ્રાય છે. સમિતિ એવા નિર્ણય પર આવી છે કે :

૧. સ્વયંસેવકો શાંતિપૂર્વક કાર્ય કરતા હતા.

૨. "પિત્તળની ખોળીવાળી લાંબી લાઠીઓવાળી" પોલીસ એકાએક સ્વયંસેવકો અને લોકો પર તૂટી પડી અને ચેતવણી આપ્યા વિના તેમને માર્યા.

૩. પોતાને ઈજા થઈ હોવાને લીધે વીખરાઈ જવાની ના પાડતાં, સ્વયંસેવકોને પકડવામાં આવ્યા, છોડી મૂકવામાં આવ્યા અને ફરી પાછા પકડીને થોડા કલાક અટકમાં રાખ્યા બાદ રાતે આશરે એક વાગ્યે, જાણીજોઈને તેમનાં ઘરથી ઘણે દૂર, જુદી જુદી જગ્યાઓએ તેમને છોડી દેવામાં આવ્યા.

૪. પહેરેગીરોએ સ્વયંસેવકોને ખરાબ ગાળો દીધી.

આવી કાયદેસર બનાવાયેલી ગુનાવૃત્તિ સાથે લોકોએ કેવી રીતે કામ લેવું? તેમણે ચુપચાપ તેને તાબે થવું કે સ્વમાન ધરાવતા માણસો તરીકે હુકમોનો અનાદર કરીને સત્તાની અવગણના કરવી? ડૉ. ગોકુળચંદ નારંગે વર્ણવી છે તેવી બાબતો લાહોર જેવા શહેરમાં બનતી હોય તો બિચારા ગ્રામવાસીઓની કેવી દશા હશે? વર્તમાનપત્રો વાંચનારા લોકો ગ્રામજીવનથી કેવળ અજ્ઞાત અને ગ્રામજનોની હાડમારીઓ પ્રત્યે બેદરકાર ન હોત, તો જે કાયદો અને વ્યવસ્થાને નામે અકથ્ય જુલમ ગુજારવામાં આવે છે તેનો જાદુ ક્યારનોયે નાશ પામ્યો હોત. જેના પાલનને લોકો પોતાનો એક ખાસ અધિકાર અને કર્તવ્ય સમજશે એવો સાચો કાયદો અને વ્યવસ્થા વિકસાવવાં એ જ સવિનયભંગની ઝુંબેશનો હેતુ છે.

### બંગાળમાં

બંગાળમાં વસ્તુસ્થિતિ કંઈ વધારે સારી નથી. "કાયદો અને વ્યવસ્થા"ને નામે સભાઓને બળજબરીથી વિખેરી નાખવામાં આવે છે. સ્વતંત્રના સંપાદક પંડિત અંબિકાપ્રસાદ બાજપેયી, અને

૧. જુઓ "નોંધ", ૨૨-૧૨-૧૯૨૧નું પેટામથાળું "નોંધપાત્ર સાબિતી."

Gandhi Heritage Portal

ભારતમિત્રના સંપાદક પંડિત એલ. એન. ગારદે માન મેળવનારની યાદીમાં સ્થાન પામનારી છેલ્લી વ્યક્તિઓ છે. દેશબંધુ ચિત્તરંજન દાસ અને મૌલાના અબુલ કલામ આઝાદનો મુકદ્દમો કંટાળો આવે એટલો બધો લાંબો ચાલ્યો છે. બારીસાલ જેલમાં કહેવાતા શિસ્તભંગ માટે છ રાજદ્વારી કેદીઓને એકાંત ખોલીમાં પૂરવામાં આવ્યા છે. તેમને બેડી પહેરાવવાનો હુકમ કરવામાં આવ્યાનું કહેવાય છે. પિરોજપુર પેટાવિભાગ સમિતિના પ્રમુખ નરેનબાબુએ કેદીઓને “કાન ખેંચીને ઘસડવામાં આવ્યા હતા” એવી ફરિયાદ કરી છે. કેદીઓની મુલાકાત લઈ આવનાર ખાન બહાદુર મૌલવી નિમાયત-ઉદ્-દીને, પત્રિકામાં જણાવ્યા પ્રમાણે એમ કહ્યું છે કે જો તેમને ખોલીઓમાંથી ખસેડવામાં નહીં આવે તો તેમનાં મગજ અસ્થિર થઈ જવાનો સંભવ છે. “કાયદો અને વ્યવસ્થા”ના હિતમાં, માનવતા વિનાના આ કૃત્યનો પણ બચાવ કરવામાં આવશે એમાં કંઈ શંકા નથી. આવાં “કાયદો અને વ્યવસ્થા”ને તો સર હોરમસજી વાડિયા પણ પોતાના ભાષણમાં સહેજે ધુતકારી કાઢી શકે.

બંગાળ કસોટીમાંથી પસાર થઈ રહ્યું હોવા છતાં, ઈશ્વરનો આભાર માનો કે બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અને ખિલાફત સમિતિના ઉપપ્રમુખ બાબુ હરદયાળ નાગ નીચેનું જાહેરનામું પ્રગટ કરી શકયા :

> ગઈ કાલે મળેલી જાહેર સભાઓમાં શાંત અને સ્વસ્થ વર્તાવ દાખવવા બદલ કલકત્તાના નાગરિકોને હું ફરીથી ધન્યવાદ આપું છું. સવિનયભંગ પ્રયોગાત્મક સ્થિતિમાં છે. તેની સફળતાનો સંપૂર્ણ આધાર અહિંસાની સફળતા પર રહેલો છે. સ્વાભાવિક રીતે જ કેટલાંક ટોળાં એકઠાં થયાં હતાં. પોલીસે દંડા મારવા માંડયા તોપણ ટોળાંએ બદલો લેવા જેવું વલણ દેખાડયું નહીં તેની નોંધ લેતાં ખૂબ જ સંતોષ થાય છે. પોલીસની દખલગીરી છતાં, આપણા રાષ્ટ્રીય કાર્યકરોએ શાંતિપૂર્વક અને નીડર બનીને સભાઓનું કામકાજ ચાલુ રાખ્યું. હકીકતે, કોઈ પણ પ્રકારની અશાંતિ થવા પામી ન હતી. અને કલકત્તાનાં જાહેર ચોગાનોમાં ફરી એક વાર અહિંસાનો વિજય થયો.

એક બંગાળી મિત્ર પત્ર લખીને પૂછે છે કે અરાજકતાવાદીઓના ઉગ્ર સંપ્રદાયને જન્મ આપનારું બંગાળ છેવટ સુધી અહિંસક રહેશે ખરું? ઉપર આપ્યાં છે એવાં જાહેરનામાં અને તેમાં દર્શાવવામાં આવેલો લોકોનો આત્મસંયમ ખરેખર, મારી આશાને ઊભરાવી દે છે. અરાજકતાવાદીઓ, આખરે પોતાના દેશના ચાહકો હતા. હજુ હમણાં સુધી આપણે એકેએક અન્યાય અને અપમાનને જે નામર્દ રીતે તાબે થતા હતા તેથી તેઓ અત્યંત ત્રાસી ગયા હતા. “ભિક્ષાવૃત્તિની નીતિ”થી તેઓ કંટાળી ગયા હતા. પરંતુ સ્ત્રીઓ અને પુરુષો, જુવાનો અને વૃદ્ધો આશ્ચર્યકારક રીતે જે બેનમૂન હિંમત બતાવી રહ્યાં છે એવી હિંમત પોતાની આસપાસ જોઈને, ભયંકરમાં ભયંકર અરાજકતાવાદીની છાતી પણ ગર્વથી ફૂલશે. “ભિક્ષાવૃત્તિ”નું સ્થાન ગૌરવભર્યા આત્મનિવેદને અને તુમાખીભર્યા દમન પાછળ સુરક્ષિત બનેલી સત્તા સામેના સવિનય પડકારે લીધું છે. દેશની પ્રગતિને બીજી કોઈ પણ રીતે એક તસુ જેટલી કે એક પળ જેટલી પણ ઝડપી નહીં બનાવી શકાય. આપણે લડત પૂરી કરી શકીએ એટલા માટે આપણને અહિંસાની ભાવનાની ખૂબ જ જરૂર છે. અને મને ખાતરી છે કે હિંદુસ્તાનની મુક્તિ માટે હિંસાની જરૂર છે એવું માનનાર હજુ પણ કોઈ હોય, તો બંગાળ આજે જે સ્વસ્થતાભરી હિંમત બતાવી રહ્યું છે તેમાંથી તે ગંભીર રીતે ડગ્યા વિના નહીં રહે.

Gandhi Heritage Portal

## મૂંઝવણભર્યો છુટકારો

બાબુ ભગવાનદાસને તેમની મુદત પૂરી થતાં પહેલાં એકાએક અને બિનશરતે છોડી મૂકવામાં આવ્યા છે. મારી તેમને હાર્દિક સહાનુભૂતિ છે. બાબુ ભગવાનદાસ તેમનું સાહિત્યવિષયક સંશોધન-કાર્ય કરી રહ્યા છે અને તેમના એકાંતમાં ખૂબ જ પ્રસન્ન રહે છે એવી માહિતી પ્રજાને આપ-વાની હું આશા રાખતો હતો. સ્વાભાવિક રીતે જ તેમને એવું લાગે છે કે દેખીતી રીતે તેમની તરફેણમાં થયેલો આ ભેદભાવ ખરેખર તો તેમની વિરુદ્ધમાં થયો છે. તેમણે જાહેર પત્રમાં જણાવ્યું છે તે પ્રમાણે, તેઓ છુટકારો મેળવવાને જો પાત્ર હતા તો એવી પાત્રતા બીજા લોકો પણ ધરાવે છે. બનારસમાં પકડવામાં આવેલા લોકોમાં બેશક તેઓ મુખ્ય ગુનેગાર હતા. હડ-તાળની જાહેરાતનો મુસદ્દો તેમણે તૈયાર કર્યો હતો, અને તેમણે જ તે છપાવી હતી. આ જાહેરાત વહેંચવા માટે પ્રોફે. કૃપાલાનીને તેમણે જ ઉત્તેજન આપ્યું હતું. આ બધાં તોફાન જગાવનારને એની સજાની મુદત પૂરી થતાં પહેલાં શા માટે છોડવા જોઈએ? બાબુ ભગવાનદાસ આવી જોરદાર દલીલો કરે છે. પરંતુ સત્તાવાળાઓનું ધ્યાન ખેંચવા માટે તેમને અનેક તકો મળશે એમાં મને શંકા નથી. બંગાળ, પંજાબ અને બીજાં સ્થળોએ જાહેરસભાઓને બળજબરીથી વિખેરી નાખવાનાં પગલાં, સત્તાવાળાઓનું માનસ સૂચવતાં હોય તો અત્યાર પહેલાં આપણે પસાર થયા એના કરતાં ઘણા વધારે તાપમાંથી આપણે પસાર થવાનું રહે છે. આપણા તરફ દાખવવામાં આવતો વર્તાવ તુર્કી સ્નાનાગારની ઢબનો છે. આપણે તે સહન કરી શકીએ એટલા ખાતર, સરકાર આપણને ઉત્તરોત્તર વધારે ગરમ ઓરડાઓમાં થઈને પસાર કરી રહી છે.

## પોલીસ પરિષદ

કલકત્તામાં થોડા સમય ઉપર મળેલી અખિલ હિંદ પોલીસ પરિષદના પ્રમુખ તરીકે, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ, બાબુ પૂર્ણચંદ્ર બિસ્વાસે આપેલા ભાષણે, એ જેટલું મહત્ત્વનું હતું તેના પ્રમાણમાં લોકોનું ધ્યાન ખેંચ્યું નથી. પૂર્ણબાબુએ પોલીસોનો આખો કેસ બહુ સરસ રીતે રજૂ કર્યો છે. હિંદુસ્તાનની પોલીસ લોકોમાં અપ્રિય બની છે એ વિષે શંકા નથી અને હાલનાં અત્યાચારભર્યાં દમનનાં કૃત્યોએ કદાચ તેની અપ્રિયતામાં ઉમેરો કર્યો છે. પરંતુ પોલીસો તો માત્ર સરકારના હાથનાં હથિયારો જ છે એ આપણે ભૂલવું ન જોઈએ. પ્રમુખ કહે છે :

> અહીં હિંદુસ્તાનમાં કાયદા સરકાર ઘડે છે અને લોકોનો અભિપ્રાય એવો છે કે આ કાયદા તેમના લાભ માટે નહીં પણ તેમના પર રાજ ચલાવવા માટે અને તેમની સ્વાભાવિક મહત્ત્વાકાંક્ષાઓ પર નિયંત્રણ મૂકવા માટે ઘડવામાં આવ્યા છે. અમે આ કાયદાની પ્રતિષ્ઠા જાળવીએ છીએ અને તેમનો અમલ કરીએ છીએ. આપણે લોકોમાં આટલા બધા અપ્રિય છીએ તેનું એક કારણ એ છે.

વળી —

> સુધારાની યોજના દાખલ થતાં લોકો સમજવા લાગ્યા છે કે પોલીસ નહીં પણ કાયદા જ અળખામણા છે અને અમારો દોષ માત્ર એટલો જ છે કે અમારે આ અળખામણા કાયદાનો અમલ કરવો પડે છે.

પ્રમુખના જણાવ્યા પ્રમાણે, લોકો પર રાજ ચલાવવાનો, તેમના પર પ્રભુત્વ જમાવવાનો, તેમની સ્વાભાવિક મહત્ત્વાકાંક્ષાઓ પર નિયંત્રણ મૂકવાનો ખ્યાલ હિંદુસ્તાનના સમગ્ર નોકરશાહી

Gandhi Heritage Portal

તંત્રમાં રહેલો છે. અને તે કાર્ય વધારે સીધી રીતે પોલીસોને હાથે થતું હોવાથી, એ સેવાના એક અગ્રગણ્ય સભ્યનો એ બાબતનો એકરાર વાંચવો રસપ્રદ થઈ પડશે :

> આપણી અપ્રિયતા વિષે હું બોલું છું ત્યારે કડવું લાગતું હોય છતાં મારાથી એટલું બોલ્યા સિવાય રહી શકાતું નથી કે, આપણા વર્તન અંગેના નિયમો અને ખાસ તો આપણા ઉપરી અધિકારીઓનું વલણ, લોકો સાથેની આપણા દિલની જુદાઈની માત્રામાં વધારો કરે છે. લોકો સાથેની જુદાઈ આપણે વધારી શકીએ નહીં. આપણે તેમની સાથે છૂટથી હળીમળી શકતા નથી, સ્વતંત્ર રીતે તેમના તરફથી હૃદયપૂર્વકનો સહકાર અને સહાનુભૂતિ મેળવી શકતા નથી. આપણી ફરજો બજાવવામાં એની ખૂબ જ જરૂર રહે છે. આપણે એ પ્રમાણે કરવા જઈએ તો નજીવા બહાના હેઠળ આપણા ઉપરી અધિકારીઓ આપણી પ્રત્યે શંકાની નજરે જુએ છે, એટલું જ નહીં પણ આપણને સજા સુધ્ધાં કરવામાં આવે છે અને આપણી બઢતી પણ અટકાવવામાં આવે છે. તો મિત્રો, હું પૂછું છું કે આને માટે જવાબદાર કોણ છે? હું તરત જ કહી શકું કે લોકોને અપ્રિય એવા આ ખાતા સાથે આપણે જોડાયેલા છીએ તે સિવાય આપણો કંઈ જ દોષ નથી અને આપણા ઉપરી અધિકારીઓ અને આપણા વર્તન અંગેના નિયમો આ અંતર વધારે છે.

પરંતુ હિંદુસ્તાનની પોલીસનો જોકે સરકાર આ રીતે ઉપયોગ કરે છે છતાં, એ કારણે શું તે તેમના તરફ વધારે સારો વર્તાવ રાખે છે? તેમની ફરિયાદોની લાંબી યાદી દર્શાવે છે તે પ્રમાણે લોકોના સામાન્ય સમૂહ પર હોય છે તેમ જાતીય હીનભાવનો શાપ તેમના પર સખત રીતે ઊતરેલો છે. આ શાપ એ ખાતામાં અસ્વસ્થતા પેદા કરે છે, અને એનાં જોઈએ એટલાં ચિહ્નો જોવા મળે છે. પ્રમુખ એ ચિહ્નો સાવધાનીપૂર્વક આ પ્રમાણે દર્શાવે છે :

> તોફાની ટોળાને વિખેરી નાખવાના કે તેના પર ગોળીબાર કરવાના ઉપરી અધિકારીના હુકમને તાબે થવાનો કોઈ નીચલી પાયરીનો પોલીસ ઇનકાર કરે તો તેનું શું પરિણામ આવે? આ વિચાર તરફ તમે હસશો. હું પણ જાણું છું કે આવી વસ્તુ અશક્ય છે અથવા કાંઈ નહીં તો ઇચ્છવા જેવી તો નથી જ. પરંતુ સંજોગો કેવી રીતે બદલાય છે તે કોઈ જાણતું નથી. દેશના લોકો હવે જેલથી ડરતા નથી અને આ ભાવના નીચલી પાયરીના પોલીસોએ પણ ગ્રહણ કરી છે, એ તમારે ભૂલવું ન જોઈએ.

પૂર્ણબાબુને આટલા આખાબોલા થવાનું મૂલ્ય ચૂકવવું પડયું હતું. સર હેન્રી વ્હીલર સમક્ષ તેમને બોલાવવામાં આવ્યા અને તાબડતોબ ફરજ પર હાજર થઈ જવાનો હુકમ ફરમાવવામાં આવ્યો. પરંતુ ડેલિગેટોએ આ હુકમ વિરુદ્ધ હળવો દેખાવ કર્યો અને પૂર્ણબાબુને એક વિજયીની અદાથી તેમની ટ્રેનમાંથી પાછા લાવવામાં આવ્યા અને કાર્યવાહી પૂરી કરવા માટે સરઘસાકારે પરિષદમાં લઈ જવામાં આવ્યા.

## સરકારી લીંપણ[1]

દિલ્હીના કમિશનર સાહેબે યંગ इन्डियामां જેલોમાં રાજદ્વારી કેદીઓ જોડે ચલાવવામાં આવતા વર્તનનો[2] ગોળ ગોળ બચાવ કરવા પ્રયત્ન કર્યો છે. દિલ્હી જેલમાં અમુક બીનાઓ બન્યાનો ઇનકાર કરી તેટલા ઉપરથી જેલોમાં ચલાવવામાં આવતા વર્તનનો સાર્વત્રિક બચાવ

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૯–૧–૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.
૨. જુઓ "નોંધ," ૫–૧–૧૯૨૨નું પેટામથાળું "જેલમાં વર્તાવ."

Gandhi Heritage Portal

કરવાનો તેઓ સાહેબે દેખાવ કર્યો છે. પણ નૈનીની જેલમાંની શ્રી મહાદેવ દેસાઈએ વર્ણવેલી બીનાઓનો બચાવ ક્યાં છે? દિલ્હીની જેલમાં રાજદ્વારી કેદીઓને ફટકા મારવામાં નહીં આવ્યા હોય — અને તેવો આરોપ પણ મૂક્યો નથી — પણ પંજાબ અને બંગાળામાં તેવા ફટકાઓ પડયાનું સરકારી રીતે કબૂલ કરવામાં આવ્યું છે તેનું શું? કાશીમાં કેદી નવજવાનોને લગભગ નવસ્ત્રા કરી કાઢી મૂકવામાં આવ્યા, લાહોરમાં ૧૩મી ડિસેમ્બરે પોલીસે શાંતિમય સ્વયંસેવકોને કડિયાળી લાઠીઓથી અચાનક હુમલો કરીને માર્યા, આ બધી હકીકતો સામે દિલ્હીના કમિશનર સાહેબના લીંપણને હિંદી પ્રજા સમક્ષ શું વજન છે?

માફીઓને વિષે પણ એવી જ કથની છે. હાથથી લખાતું ઇન્ડિપેન્ડન્ટ, કુમળા નવજવાનો પાસેથી કેવી કેવી કરામતોથી માફીઓ મંગાવવાના પ્રયત્નો કોઈ કોઈ દાખલાઓમાં સફળ થાય છે, એનાં ઘણી વેળા વર્ણન આપે છે. અને સરકારે પણ શું હજુ હમણાં જ જાહેર નથી કર્યું કે જે કેદીઓ માફી માગશે તેમને છોડી મેલવામાં આવશે?

દિલ્હીના કમિશનરે યંગ ઇન્ડિયામાં આવેલા આરોપોને "બેશુમાર અતિશયોક્તિભર્યા" કહીને કઢંગું ગોથું ખાધું છે. સરકારી અમલદારોએ પ્રજા જોડે મિત્રાચારી કરવી હશે તો પોતાનો દોર-દમામ અને અતડાપણું મેલી દઈ તેમણે આમવર્ગમાં ભળવું પડશે. "શરૂઆતમાં મુશ્કેલીઓ અનિવાર્ય છે પણ રાજદ્વારી કેદીઓને નોખા રાખી તેમને વધુ સારી રીતે રાખવાનો સરકાર પ્રયત્ન કરી રહેલ છે." આવું કંઈક કમિશનર સાહેબે લખ્યું હોત તો તે વધુ શોભત અને તે વધુ સત્ય પણ ગણાત. કારણ દિલ્હી જેલમાં ગમે તેમ હો, પણ દાખલા તરીકે આગ્રાની જેલમાં તો શ્રી મહાદેવ દેસાઈ છેલ્લા કાગળમાં જણાવે છે તેમ સ્થિતિ સુધરી ગઈ છે, અને જુદાં જુદાં સ્થળોએથી ત્યાં મોટી સંખ્યામાં કેદીઓને એકઠા રાખી તેમને સારી રીતે રાખવામાં આવે છે, એ આભારની લાગણી સાથે મારે કબૂલ કરવું જોઈએ.

પણ આટલેથી રાજી થયે ચાલે તેમ નથી. સામાન્ય કેદીઓ પણ સ્વચ્છ અને પૂરતાં કપડાં, સ્વચ્છ અને પેટપૂરા ખોરાક તેમ જ સ્વચ્છ અને મલાજાભરી શૌચાદિની સગવડોના હકદાર છે. સંયુક્ત પ્રાંતની સરકારે પોતાના બચાવમાં શ્રી મહાદેવ દેસાઈનું સર્ટિફિકેટ બહાર પાડીને તો તેમની ખાનદાનીનો ગેરઉપયોગ કર્યો છે. હું યંગ ઇન્ડિયામાં બહાર પડેલા જેલોને લગતા આક્ષેપોને અક્ષરેઅક્ષર વળગી રહું છું જેના ટેકામાં શ્રી મહાદેવ દેસાઈનો નૈની જેલમાંના વર્ણનવાળો કાગળ એક જ બસ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-१-१९२२

Gandhi Heritage Portal

# ૧૦૪. જોખમની વચ્ચે

રોહતક જિલ્લા કૉંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ લાલા દોલતરામ ગુપ્તા (મૂળ પત્ર હિંદીમાં છે) લખે છે :

ઝજ્જર આશરે ૧૧,૦૦૦ની વસ્તીવાળું રોહતક જિલ્લાનું વડું મથક છે. તેમાં ૪ નિયુક્ત અને ૮ ચૂંટાયેલા સભ્યોવાળી એક મ્યુનિસિપાલિટી છે. પ્રમુખ ચૂંટાયેલો છે. છતાં આ મ્યુનિસિપાલિટીને લોકપ્રિય પ્રવૃત્તિઓ પ્રત્યે સહાનુભૂતિ નહોતી. એટલે સ્થાનિક કૉંગ્રેસ કાર્યકરોએ જિલ્લા કૉંગ્રેસ સમિતિની કંઈ પણ પરવાનગી મેળવ્યા વિના, સાચી કે ખોટી રીતે, મ્યુનિસિપાલિટીને નોટિસ આપી કે, ૧૫થી ૨૨મી જાન્યુઆરીના ગાળામાં તે જો લોકપ્રિય નહીં બને તો કૉંગ્રેસ સમિતિ ટાઉનહૉલનો કબજો લેશે. મ્યુનિસિપાલિટીએ આ નોટિસની તદ્દન અવગણના કરી. બીજી બાજુ, સ્થાનિક અગ્રગણ્ય કાર્યકર પંડિત શ્રીરામ પર ૧૦૭મી કલમ હેઠળ કામ ચલાવવામાં આવ્યું અને ૧૫મી જાન્યુઆરીએ એટલે આપવામાં આવેલી સમયમર્યાદાના પહેલે જ દિવસે ડેપ્યુટી કમિશનરે તેમને એક વર્ષ માટે જેલ મોકલી આપ્યા. તે દિવસે પંડિતે ટાઉનહૉલમાં લોકમાન્યની[1] છબીનું અનાવરણ કર્યું હતું. એ માટે મ્યુનિસિપાલિટીની અરજીને આધારે ડેપ્યુટી કમિશનરે અગાઉથી પરવાનગી આપી હતી. પંડિત શ્રીરામને કેદ મળી ત્યાર પછી ૧૬મીને દિવસે સ્થાનિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અને સ્વયંસેવકોએ ટાઉનહૉલનો કબજો લીધો. સ્વયંસેવકોનો રીતસરનો પહેરો ગોઠવી દેવામાં આવ્યો. સ્વયંસેવકોએ નગરના ચાર દરવાજાનો પણ કબજો લીધો અને જકાતની વ્યવસ્થામાં ખલેલ પહોંચાડી. લાલા શ્યામલાલ કૉંગ્રેસ સમિતિની સભામાં હાજરી આપવા માટે ફિરોઝપુર-ઝરખા ગયા હોવાથી, આ સમાચાર રોહતક પહોંચતાં જ હું ઝજ્જર જવા રવાના થયો. લોકો હિંસા કરવાનો નિશ્ચય પણ કરી બેઠા છે. રાતે મેં તેમને અહિંસક રહેવાની સલાહ આપી તેની થોડી અસર થઈ છે. પરંતુ તેમના વિચારનું પરિવર્તન કરવા માટે અહિંસાનો ઉપદેશ આપે એવા વગદાર માણસની જરૂર છે. ૧૮મીએ રાતે ૮ વાગ્યે કેટલાક પ્રતિષ્ઠિત નાગરિકોએ કૉંગ્રેસ કાર્યકરો અને મ્યુનિસિપાલિટીના સભ્યોને ભેગા કર્યા અને આ બાબતનો સલાહસંપથી તોડ કાઢવાનો પ્રયત્ન કર્યો. પ્રમુખ ગેરહાજર હતા. તેમના સિવાયના બધા જ ચૂંટાયેલા અને બે નિયુક્ત સભ્યો રાજીનામાં આપવા કબૂલ થયા. અને ટાઉનહૉલ કૉંગ્રેસ સમિતિના અંકુશ હેઠળ રહેશે એવું પણ નક્કી કરવામાં આવ્યું. આમ છતાં આ બાબતનો છેવટનો નિકાલ આજ બપોરે આવશે. સ્વયંસેવકો હજુ પણ મકાનની ચોકી કરી રહ્યા છે. લોકોએ પંડિત શ્રીરામની વિરુદ્ધ સાક્ષી આપનાર છ સાક્ષીઓ, તહેસીલદાર, થાણદાર, લંબરદાર અને મ્યુનિસિપાલિટીના પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રીનો પંચાયત દ્વારા સામાજિક બહિષ્કાર જાહેર કર્યો છે. સદ્ગત મહારાણી વિક્ટોરિયાની સ્મૃતિમાં લોકોના ફાળાથી ટાઉનહૉલ બાંધવામાં આવ્યો હતો. પાંચ-છ વર્ષ સુધી તેની કોઈએ દરકાર લીધી નહોતી, પરંતુ છેલ્લાં દસેક વર્ષથી એના મકાનનો હવાલો મ્યુનિસિપાલિટીએ સંભાળ્યો છે. ૧૮મીએ રાતે થયેલી સમજૂતીનું પાલન કરવામાં નહીં આવે તો લોકોનો ઉશ્કેરાટ વધી જશે અને મને ભય

૧. બાળ ગંગાધર ટિળક.

Gandhi Heritage Portal

છે કે તેમાંથી કદાચ છેવટે હિંસા થઈ બેસશે. સ્થાનિક આગેવાનો અને સ્વયંસેવકો અણનમ છે. આ હું ૧૯મીએ સવારે ૧૦ વાગ્યે લખી રહ્યો છું. કૃપા કરીને રોહતકને સરનામે તાર દ્વારા અથવા પત્રથી, શું કરવું તે માટેનું માર્ગદર્શન આપશો.

ઝજ્જરના કૉંગ્રેસ કાર્યકરોનું કૃત્ય હિંમતભર્યું અને ઉત્સાહ આપનારું છે. પરંતુ તેમાં ખૂબ મોટો ભય રહેલો છે. તે હિંસા અને ગેરશિસ્તને આરે આવી ઊભું છે. તેમની પોતાની મિલકતનો કબજો મેળવવાની લોકોની ઉમદા ઈચ્છાની હું પૂરેપૂરી કદર કરી શકું છું. મ્યુનિસિપાલિટીઓ કદાચ, હિંદુસ્તાનને માથે મારવામાં આવેલી મોટામાં મોટી છેતરપિંડી છે. અત્યાર સુધી સરકારે પોતાની સત્તા સંગીન બનાવવા માટે તેનો ઉપયોગ કર્યો છે. પરંતુ જ્યાં નાગરિકો સંપીલા હોય છે ત્યાં તેઓ ક્ષણભરમાં જ મ્યુનિસિપલ સ્વરાજ્ય મેળવી શકે. મુંબઈ ઈલાકાની અમદાવાદ, સુરત અને નડિયાદની ત્રણ મોટી મ્યુનિસિપાલિટીઓમાં જે શાંત, વ્યવસ્થિત અને વિકાસલક્ષી ક્રાંતિ ચાલી રહી છે તેનું હજી સુધી મેં વર્ણન કર્યું નથી. એ વિષે વળી આગળ ઉપર જોઈશું. હજુ એનું ચિત્ર પૂરું દોરાયું નથી. પરંતુ ઝજ્જર મક્કમ અને સંપૂર્ણ રીતે અહિંસક રહેશે તો તે આ ત્રણેય મ્યુનિસિપાલિટીઓને ટપી જશે. એ સ્થળના નાગરિકો એકમત હોય, તો ખાસ ગરબડ વિના ટાઉનહૉલનો કબજો જાળવી શકાય. સાચો વિરોધ પક્ષ હોય તો એ કબજો જાળવી નહીં શકાય. લોકો તરફથી કોઈ પણ પ્રકારની હિંસા ફાટી નીકળી તો તે અનિયંત્રિત અને કશી પણ ઉશ્કેરણી વિના થયેલી હોવાથી પ્રથમ પંક્તિનો ગુનો બનશે. મૌલાના અબુલ કલામ આઝાદની ભાષામાં હિંદુસ્તાન મોટામાં મોટું ગુરુદ્વારા છે. તે મોટામાં મોટો ટાઉનહૉલ છે. અને એનો કબજો આપણે ન લઈ શકયા હોઈએ તો આપણે ઝજ્જરના ટાઉનહૉલનો કબજો લેવા માટે થોભી જવું રહ્યું. (૧) હિંસાની સહેજ પણ દહેશત હોય, (૨) ટાઉનહૉલનો કબજો રાખવાનો ચૂંટાયેલા સભ્યો વિરોધ કરતા હોય, (૩) રોહતકની સમિતિ અથવા તેને બદલે લાહોરની સમિતિ કબજો રાખવાનું નામંજૂર કરતી હોય, (૪) પોલીસ સંગીનની અણીએ તેની માગણી કરે ત્યારે તેનો કબજો ધરાવનારાઓ બદલો લીધા વિના, રોષ વિના, પોતાના સ્થાન પર જ મરવા તૈયાર ન હોય અને બીજા નાગરિકો રોષે ન ભરાય, ધીરજ ન ગુમાવે કે હિંસક ન બને એવો ભરોસો ન હોય તો કૉંગ્રેસ હોદ્દેદારોએ એ હૉલનો કબજો જરૂર સોંપી દેવો જોઈએ.

કબજો લેવાનું કૃત્ય મને ઉતાવળિયું લાગે છે. પરંતુ તેનો અહિંસક રીતે બચાવ થઈ શકતો હોય તો એ ઊણપનો ઈલાજ થઈ શકે.

કબજો સોંપી દેવામાં કશી હાનિ નથી. દરેક ખોટું કે ઉતાવળિયું પગલું પાછું ખેંચીને આપણે તાકાત જ મેળવીશું. જે કંઈ ખોટી રીતે મેળવ્યું હોય તે છોડી જ દેવું જોઈએ, અને તે વ્યવસ્થિત રીતે પાછું મેળવી શકાય. ઝજ્જરના કિસ્સામાં ટાઉનહૉલ પાછો સોંપવો પડે તેમ હોય તો બહુમતીમાં છે એવા ચૂંટાયેલા સભ્યો તેનો ફરી કબજો લઈ શકે અને ઠરાવ પસાર કરીને તેને કૉંગ્રેસ સમિતિને વાપરવા માટે આપી શકે. ચૂંટાયેલા સભ્યો એ પ્રમાણે ન કરે, તો અરજી કરીને મતદારો પોતાના વિચારોનો અમલ કરવા ચૂંટાયેલા સભ્યોને જણાવી શકે.

પંડિત શ્રીરામની વિરુદ્ધ જુબાની આપનાર સાક્ષીઓનો સામાજિક બહિષ્કાર કરવો, એ ચોખ્ખી ભૂલ જ છે અને તેથી એનો મૂળ હેતુ પાર નહીં પડે. આપણે વિરોધીઓના સામાજિક બહિષ્કારનો આશરો ન લેવો જોઈએ. એ બળજબરી કરવા બરાબર છે. સ્વતંત્ર વિચાર વ્યક્ત કરવાનો અને સ્વતંત્ર કાર્ય કરવાનો જે અધિકાર આપણે માગીએ છીએ તે અધિકાર આપણે બીજાને આપવો જોઈએ. બહુમતીનો અમલ જુલમ કરનારો બને છે ત્યારે તે નોકરશાહીના

Gandhi Heritage Portal

લઘુમતી અમલ જેટલો જ અસહ્ય હોય છે. નરમાશભરી સમજાવટ અને દલીલ વડે આપણે લઘુમતીને આપણા વિચાર તરફ ધીરજપૂર્વક વાળવી જોઈએ. માત્ર હુકમ અને શિક્ષાના ડર હેઠળ કામ કરવાની આપણને તાલીમ મળેલી હોવાથી, સંભવ એવો છે કે આપણે રોજેરોજ જે તાકાત મેળવી રહ્યા છીએ તેના અભિમાનમાં આપણા કરતાં નબળા સાથેના સંબંધમાં, આપણે આપણા રાજકર્તાની ભૂલોનું વધારે મોટા સ્વરૂપે પુનરાવર્તન કરીએ. એ સ્થિતિ તો વળી પહેલી સ્થિતિ કરતાં પણ વધારે ખરાબ નીવડશે.

લાલા દોલતરામ ગુપ્તાના પત્રની જાહેરમાં ચર્ચા કરીને હું ઝજ્જરના નાનકડા નાટકનાં પાત્રોને પણ ગેરરજૂઆતના અને નુકસાનના જોખમમાં મૂકું છું એની મને ખબર છે. સત્તાવાળાઓ અહીં દર્શાવવામાં આવેલી હકીકતોને સહેલાઈથી વિકૃત અને અતિશયોક્તિભરી બનાવી શકે છે. ઘણી વાર તેઓ આમ કરવાનું વલણ ધરાવતા પણ હોય છે. પરંતુ આ બાબત ખૂબ જ અગત્યની હોવાથી અને કાર્યકરોને મેં જોખમમાં મૂક્યા છે તેના કરતાં પણ તેમણે પોતે પોતાની જાતને વધારે મોટા જોખમમાં મૂકી છે, તેથી કબજો લેવાનું આ કૃત્ય જોખમભર્યું છતાં, બહાદુરી માટે પ્રશંસાપાત્ર હોવાથી તેના ગુણદોષની જાહેર રીતે ચર્ચા કરવાની હું મારી ફરજ સમજ્યો છું. અસહકારીઓએ તેમનું સર્વસ્વ હોમી દીધું છે. તેમની પાસે કશું છુપાવવા જેવું નથી. પરંતુ જે પત્રલેખકો મને ખાનગીમાં લખવા માગતા હોય તેઓ તે પ્રમાણે કરી શકે છે. તેમની ખાનગી વાત હું બહાર નહીં પાડું. પરંતુ મારું બધું કામકાજ ખુલ્લામાં થતું હોવાથી તથા મારી ટપાલ ઘણા મદદનીશોના હાથમાંથી પસાર થતી હોવાથી ખાનગી પત્રવ્યવહાર ઓછામાં ઓછો થાય એમ હું ઇચ્છું છું. સરકારે સામાન્ય રીતે મારા પત્રવ્યવહારમાં હસ્તક્ષેપ કર્યો નથી એટલો યશ મારે તેને આપવો જોઈએ. છતાં બીજા બધા પત્રવ્યવહારની માફક મારો પત્રવ્યવહાર પણ તેની દયા પર આધાર રાખે છે એ વાતની સૌ પત્રલેખકોએ નોંધ લેવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-१-१९२२

## ૧૦૫. આપણા પોતાનાથી ચેતતા રહીએ

મદ્રાસમાં તાજેતરમાં બનેલા બનાવો વિષે તે શહેરના એક પત્રલેખક તરફથી મળેલો એક પત્ર[1] હું દુઃખ વિના તો નહીં, છતાં ખુશીથી પ્રગટ કરું છું. ડૉ. રાજને[2] તેમના પર પહેલી પ્રથમ છાપ મુજબ કરેલા વર્ણન કરતાં, દેખીતી રીતે જ ગુંડાગીરી વધારે ગંભીર હતી. અસહકારીઓને દોષ દેવામાં રાજગોપાલન વાજબી છે.

૧. મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજના વી. આર. રાજગોપાલનનો આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. તેમાંના કેટલાક ઉતારા આ રહ્યા : " . . . મદ્રાસના અસહકારીઓ એવી રીતે વર્ત્યા જેથી સૌને આઘાત લાગ્યો. જેઓ શાહજાદાને જોવા જવા માગતા હતા તેમને તેમણે રોક્યા. ટ્રામો રોકી દેવામાં આવી હતી અને તેમાં બેઠેલાં પર પથ્થર ફેંકવામાં આવ્યા. . . . થોડીઘણી ટ્રામો દોડાવવાની હિંમત થઈ હતી. એ ટ્રામો પણ અટકાવી દેવામાં આવી હતી, તેના બારીના કાચ તોડી નાખવામાં આવ્યા હતા, તેનાં પગથિયાંના તોડીને ટુકડા કરવામાં આવ્યા હતા અને તેમાંની એકને તો આગ ચાંપવાની તૈયારી કરવામાં આવી હતી. . . . ટ્રામમાં જતી કેટલીક ગર્લ ગાઈડો અને વિદ્યાર્થિનીઓ પર થૂંકવામાં આવ્યું હતું, તેમને ગંદામાં ગંદી ભાષામાં ગાળો દેવામાં આવી હતી અને તેમની છેડતી કરવામાં આવી હતી. . . . સ્કાઉટોના ફોટા લઈ લેવામાં આવ્યા હતા અને તેમને પથ્થર પણ મારવામાં આવ્યા હતા. . . ."

૨. જુઓ "મદ્રાસમાં ગુંડાગીરી," ૧૯-૧-૧૯૨૨.

Gandhi Heritage Portal

મોટરો તોડી નાખવામાં, નિર્દોષ ઉતારુઓને ગાળો ભાંડવામાં અથવા સિનેમામાલિકને ધમકી આપવામાં સેંકડો અને હજારો માણસો ભાગ લેતા હોય ત્યાં મવાલીઓ અને અસહકારીઓને જુદા તારવવાનું મુશ્કેલ છે. અસહકારીઓ લોટ ફાકવાનું અને બોલવાનું બંને એકસાથે ન કરી શકે. પોતે લાખોની સંખ્યામાં હોવાનો તેમનો દાવો છે. સમસ્ત હિંદુસ્તાન તેમની પાછળ છે એવું પણ તેઓ જણાવે છે. આપણે કાં તો આપણી કારવાઈનું આપણી નીતિ અનુસાર નિયંત્રણ કરીએ અથવા આત્મવિલોપનનું જોખમ વહોરીને પણ આપણે બધી જ સામુદાયિક પ્રવૃત્તિથી સંપૂર્ણ રીતે અલગ થઈ જઈએ. હજુ તો આપણે ઘણી હડતાળો-માંથી પસાર થવાનું છે. દિલ્હી, નાગપુર અને બીજાં સ્થળો ભલે સાવધ થતાં. મુંબઈમાં જે શરમજનક બનાવો બન્યા અને મદ્રાસમાં તેની પુનરાવૃત્તિ થઈ તે જો તેઓ ખાતરીપૂર્વક ટાળી શકે તેમ ન હોય તો બિલકુલ હડતાળ ન પાડવાની હું તો તેમને સલાહ આપું. મને આશા છે કે મદ્રાસ કૉંગ્રેસ સમિતિ આ બાબતની ઝીણવટભરી તપાસ કરશે અને પોતાને પક્ષે જે દોષો થયા હોય તેનો સ્વીકાર કરશે. મુંબઈના ભીષણ અનુભવ પછી મદ્રાસે ટોળાની હિંસાના સઘળા જોખમ સામે પૂરેપૂરી તકેદારી રાખવી જોઈતી હતી. શ્રી રાજગોપાલનના પત્રને એક સક્રિય અસહકારીએ લખેલા બીજા એક પત્રનું સમર્થન મળે છે. નામો આપીને તે વિગતવાર આક્ષેપો કરે છે, એટલે હું થોડા ઉતારા આપીને સંતોષ માનું છું. લેખક કહે છે :

> તે દિવસનાં સંયમવિહોણાં ગાંડાંતૂર કૃત્યો મેં નજરે જોયાં હોવાથી હડતાળને કંગાળ રીતે નિષ્ફળ ગયેલી ગણી હું ખેદ ન દર્શાવું તો અહિંસાની મારી નિષ્ઠાને હું બેવફા નીવડું. પુલિયનથોપના દિવસોની કોમી કડવાશ ફરી જાગી છે. અબ્રાહ્મણોના મહામંડળમાં તેમના નેતાઓએ આપેલાં તીખાં ભાષણો આપે કદાચ વાંચ્યાં હશે. જે સમયે આપ મૉડરેટોને આપના અભિપ્રાય તરફ વાળવા આપનાથી બનતું બધું જ કરી રહ્યા છો તે જ સમયે મદ્રાસમાં, અમે એક તરફથી અમારી અને અબ્રાહ્મણો વચ્ચેનું અને બીજી તરફથી આદિ દ્રવિડો વચ્ચેનું અંતર વધારવામાં સફળ થયા છીએ. આ હાનિ ભરપાઈ કરવા માટે ઓછામાં ઓછું અમે કંઈ પણ કરી શકીએ એમ હોઈએ તો અમારે ખુલ્લા દિલથી અમારી નિર્બળતાનો એકરાર કરવો જોઈએ અને આંતર-કોમી એકતાને અને ખાસ કરીને પંચમો અને બીજાઓ વચ્ચેની એકતાને પ્રોત્સાહન આપવા માટે અત્યારથી જ ધાર્મિક નિષ્ઠાથી કામે લાગી જવું જોઈએ.

પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને બાકી ન મૂકવા માટે સરકારની ઝાટકણી કાઢતાં મને સંકોચ થતો નથી. પરંતુ સરકાર પાસે તેની વિવેકબુદ્ધિ પર નિયંત્રણ મૂકે તેવી અહિંસાની કોઈ નીતિ નથી. છેલ્લા ઉપાય તરીકે તેની નીતિ ત્રાસવાદની છે. પરંતુ અસહકારીઓએ તો શંકાથી પર રહેવાનું છે. મેં જે બે પત્રો તરફ ધ્યાન ખેંચ્યું છે તે જ સાચી વાત કહેતા હોય તો મદ્રાસે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. પત્રમાં જણાવેલી વાત મોટેભાગે સાચી છે એ વિષે મને બિલકુલ શંકા નથી. અસહકારીઓ અને તેમના મિત્રોએ તેમની મેલી મુરાદમાંથી સ્ત્રીઓ, પુરુષો અને બાળકોને છોડયાં નથી. શાહજાદાના સ્વાગતમાં તેમનો હિસ્સો ગમે તેટલો ઉશ્કેરણીજનક હોય તોપણ સ્ત્રીઓને દખલ કરવી, બિચારા સ્કાઉટોને હેરાન કરવા અને બીજી કોઈ પણ રીતે લોકોની સ્વતંત્રતા પર અણછાજતી તરાપ મારવી એ સ્વરાજના ભાવિના અશુભ શકુન છે.

આપણે સરકારની હિંસા કે ભૂલો કરતાં આપણી જાતથી વધારે ડરવાનું છે. સરકારની હિંસા અને ભૂલોનો યોગ્ય ઉપયોગ કરીએ તો તે આપણને અત્યાર સુધી થયું છે તેમ ફાયદો જ કરે.

Gandhi Heritage Portal

આપણી પોતાની હિંસા કે અસત્ય આપણે માટે ખરેખરું મૃત્યુ જ નીવડશે. આપણે પોતાનું ઘર ઠીક ન કરી શકીએ તો અચૂક આપણો પોતાનો સર્વનાશ જ કરીશું. અસહકારનું નામ લેતાં શાપ અને તિરસ્કાર વરસશે.

આ પ્રશ્ન અંગે, રંગૂન ડેલી ન્યૂસમાંથી મને આપવામાં આવેલી કાપલી તરફ ધ્યાન આપ્યા વિના હું રહી શકતો નથી. એમાં લખ્યું છે :

> શાહજાદાની મુલાકાત વખતે પૂર્વ રંગૂનના ભાડાની ગાડીના માલિક નિઝામુદ્દીને પોતાની ગાડીઓ કાઢીને તથા બીજાઓને ગાડી ચલાવવાનું સમજાવીને ફતવાનો અનાદર કર્યો તે માટે, તેની પત્નીએ ગયા ગુરુવારે તેની પાસેથી છૂટાછેડા મેળવ્યા એવી અમને ભરોસાપાત્ર માહિતી મળી છે.

હું હિંમતપૂર્વક કહું છું કે (આ કથન સાચું છે એમ માની લઈએ તો) જે કોઈએ આ છૂટાછેડા મંજૂર રાખ્યા હશે તેણે ઇસ્લામ અને સભ્યતાના કાનૂનનો ગંભીર દ્રોહ કર્યો છે. ઇસ્લામમાં આમ સહેલાઈથી છૂટાછેડા આપવામાં આવતા નથી. ઉપરના કથનમાં સૂચવ્યા છે તેવા ઉપાયો વડે હડતાળ પડાવાતી હોય તો તેનાથી જરા પણ ફાયદો થઈ શકે નહીં. તે ઉપાયો કંઈ મુક્ત લોકમત બતાવતા નથી. પરંતુ ઇસ્લામ અને અસહકારની આબરૂ કરતાં હડતાળનું મહત્ત્વ હું વધારે આંકતો નથી. અસહકારનો કાનૂન તો સામાવાળાના અભિપ્રાય અને કાર્ય માટે સંપૂર્ણ સહિષ્ણુતા અને આદર માગી લે છે. બિનમુસ્લિમ માણસ કહી શકે તેટલે અંશે ઇસ્લામનો કાનૂન પણ એટલી જ કડક સહિષ્ણુતા માગી લે છે. પેગંબર સાહેબ જ્યારે પોતાના ધાર્મિક ઉપદેશના શરૂઆતના દિવસોમાં તેમના નવા ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા ત્યારે મક્કાના લોકોએ એ પ્રત્યે જે અસહિષ્ણુતા બતાવી તેનાથી તેમને જેટલું દુ:ખ થયું હતું તેટલું બીજા કશાથી થઈ શક્યું ન હોત. તેથી તેઓ કદી પણ અસહિષ્ણુતાના પક્ષકાર બન્યા હોવાનો સંભવ નથી. એટલે નવા ધર્મનો ઉપદેશ કરતી વખતે જ્યારે તેમના કેટલાક નવા શિષ્યો શાણા બનવાને બદલે વધારેપડતા ઉત્સાહી બન્યા ત્યારે “ધર્મમાં કશી બળજબરીને સ્થાન ન હોય” એ આયત તેમના દિલમાં ઊતરી આવી હોવી જોઈએ.

આપણે હિંદુ હોઈએ, મુસલમાન હોઈએ કે ગમે તે હોઈએ એ વાતનું કંઈ મહત્ત્વ નથી; હિંદભરમાં આપણે લોકશાહીની જે ભાવના ફેલાવવા માગીએ છીએ તે વાચિક કે કાયિક, પ્રત્યક્ષ, પરોક્ષ કે ધમકીરૂપ હિંસાથી ન ફેલાવી શકીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–१–१९२२

Gandhi Heritage Portal

# ૧૦૬. ઉત્તરદક્ષિણ ધ્રુવ જેટલું અંતર

વડી ધારાસભા અને રાજસભામાંની ચર્ચા સરકાર વિષેના અને તેથી હાલની ક્ષણે કોઈ પણ જાતની ગોળમેજી પરિષદ વિષેના મારા અવિશ્વાસને ખૂબ જ સ્પષ્ટપણે વાજબી ઠરાવે છે.[૧] સરકારને ટેકો આપનારાઓ કૉંગ્રેસની માગણીઓને અશક્ય માને છે અને અસહકારને દાબી દેવા માટે દમનને એકમાત્ર સંભવિત ઉપાય ગણે છે. કૉંગ્રેસની માગણીઓને હું પણ અશક્ય માનતો હોઉં અને અશક્ય આદર્શો મેળવવાના વ્યવસાયને દાબી દેવા માટે બળનો ઉપયોગ વાજબી ગણતો હોઉં તો મારે પણ સરકારને પક્ષે મત આપવો જોઈએ. એટલે સરકાર અને તેના ટેકેદારોનું વલણ સમજવામાં અને તેની કદર પણ કરવામાં મને કોઈ મુશ્કેલી જણાતી નથી.

પણ સરકારની વૃત્તિ પૂરેપૂરી સમજતો હોવાથી હું સરકારનો વિરોધ કરું છું. અને તેનો પૂરેપૂરો અવિશ્વાસ કરું છું. સરકાર જે રસ્તે લઈ જાય તે રસ્તે જઈને હિંદુસ્તાન કદી પણ સ્વતંત્રતા મેળવી નહીં શકે.

આપણે આ બાબતમાં થોડો વિચાર કરીશું.

ખિલાફતની માગણી અશક્ય કેમ છે? કૉંગ્રેસ તો માત્ર એટલું જ માગે છે કે, હિંદી સરકાર અને શાહી સરકાર લોકોનો સહકાર જાળવી રાખવા માગતી હોય તો તેમની માગણીઓ સંતોષવા માટે તેમણે તેમની સાથે રહીને કામ કરવું જોઈએ. એટલે પોતાને ભાગે આવતા કામની જવાબદારી તેણે અદા કરવી જોઈએ અને બાકીના અંગે એ પોતાની જ ફરિયાદ છે એમ ગણી જોરશોરથી કામ પાર પાડવા પ્રયત્ન કરવો જોઈએ. ફ્રાંસ ઇંગ્લંડ પાસેથી ડોવર પડાવી લેવાનો પ્રયત્ન કરતું હોય અને હિંદુસ્તાન છૂપી રીતે તેને મદદ કરતું હોય અથવા ડોવર જાળવી રાખવાની ઇંગ્લંડની લડત પ્રત્યે ઉઘાડેછોગ બેપરવાઈ કે વિરોધ દર્શાવતું હોય તો શાહી સરકાર શું કરશે? ખિલાફતનો અંગવિચ્છેદ થતો હોય ત્યારે હિંદીઓ નિષ્ક્રિય બનીને બેસી રહે એવી અપેક્ષા તેમની પાસે રાખી શકાય?

પંજાબની માગણી બાબતમાં અશક્ય શું છે? એ પ્રશ્નના કાયદેસરપણાની વાત તેઓ શા માટે કરે છે? તેઓ જો નીતિમત્તાની કાળજી રાખશે તો કાયદેસરપણાનો સવાલ આપમેળે ઊકલી જશે. હું નાનો હતો ત્યારે કાયદો અને ન્યાય વચ્ચે સંઘર્ષ થાય ત્યારે જીત ન્યાયની થવી જોઈએ એવું કાયદાનું સૂત્ર શીખ્યો હતો. મારે માટે એ પોથીમાંનાં રીંગણ જેવું સૂત્ર નથી. પરંતુ, પેન્શન જે માત્ર મુલતવી રાખેલો પગાર છે તે બંધ કરવા જણાવવું અનૈતિક છે એવું મને કહેવામાં આવ્યું છે. સરદાર ગૌહરસિંગને તેમનો "મુલતવી રાખેલો પગાર" શા માટે આપવામાં આવ્યો નથી અને બીજા પેન્શનરો અત્યારની હિલચાલમાં ભાગ લે તો તેમને એ બંધ કરવાની ધમકી શા

૧. ઇન્ડિયા ઇન ૧૯૨૧–૨૨માંથી આ ચર્ચાના કેટલાક ઉતારા આ રહ્યા: " . . . હિંદી ધારાસભાની બેઠક જાન્યુઆરીની અધવચમાં શરૂ થઈ. . . . સરકારની કહેવાતી "દમન"નીતિ તુરત જ છોડી દેવાના શ્રી ઈશ્વરશરણના ઠરાવ પર ધારાસભામાં શરૂ થયેલી ચર્ચા, સત્રની સૌથી નાટકી ચર્ચાઓમાંની એક હતી. . . . સરકાર પક્ષે સર વિલિયમ વિન્સન્ટ અને ડૉ. સપ્રુએ જોરદાર અને પ્રભાવશાળી ભાષણો કર્યાં હતાં. . . . મૂળ ઠરાવ અને તે પરના વિવિધ સુધારા —એમ બંનેને નિર્ણયાત્મક રીતે ઉડાડી દેવામાં આવ્યા હતા. ગોળમેજી પરિષદનું ધોરણ ઠરાવવા માટે, બન્ને ગૃહોની બેઠક બોલાવવાનો પ્રસ્તાવ ઉડાવી દઈને રાજસભાએ કરોબારીની નીતિને વડી ધારાસભાએ આપેલી મંજૂરીને સંમતિ આપી હતી.

Gandhi Heritage Portal

માટે આપવામાં આવે છે? કોઈ નોકર તેના માલિકની નિંદા કરતો હોય તો તેને પગાર કે પેન્શન મળે છે? નિર્ણય લેવામાં પોતે ભૂલ કરી છે એમ સર માઈકલ ઓડવાયર અથવા જનરલ ડાયરે, કદી કબૂલ કર્યું છે? કોઈ પણ કસૂર વિના જલિયાંવાલા બાગમાં જેમનાં ખૂન થયાં અથવા જેમને નિર્દય રીતે ફટકા મારવામાં આવ્યા, કે પેટે ચલાવવામાં આવ્યા તેમનાં બાળકોએ આ જંગલી કૃત્યો માટે જેઓ જવાબદાર હતા તેમને પેન્શન શા માટે આપવાં જોઈએ? પસ્તાવો ન કરતા હોય તેવા નોકરોનાં પેન્શન ચાલુ રાખવાનું યોગ્ય ઠરાવવામાં, હું બળના સિદ્ધાંત સિવાય નીતિનો એક પણ સિદ્ધાંત જોતો નથી. બંને પક્ષનાં દૃષ્ટિબિંદુ એટલાં બધાં જુદાં છે કે જે એકને ન્યાયી અને નીતિમાન દેખાય છે તે બીજાને અન્યાયી અને અનીતિમાન દેખાય છે. પેન્શન બંધ કરવાનું કહેવામાં કૉંગ્રેસ કશી કિન્નાખોરીથી નહીં પણ ન્યાયથી જ વર્તી છે એવો દાવો કરવાની હું હિંમત કરું છું. દેશદ્રોહ માટે કામ ચલાવવાની વાત તે પડતી મૂકે છે. તે સજા આપવાની વાત જતી કરે છે. પેન્શન આપવાનું ચાલુ રાખી અન્યાયમાં વધુ ભાગ લેવાનો તે માત્ર ઈનકાર કરે છે. પરંતુ, સાચી વાત તો એ છે કે સરકાર આ બે ગુનેગારોને હજુ પણ તાજના માનવંતા નોકરો ગણે છે. પંજાબની પુનરાવૃત્તિ અશક્ય બને તે પહેલાં એ વલણ બદલવું જ રહ્યું.

જે વાત પંજાબ વિષે છે તે જ સ્વરાજ વિષે પણ છે. હિંદનું પોતાનું જે કંઈ છે તે તેને પાછું આપવું સરકારને અશક્ય લાગે છે. હપતે હપતે સુધારા આપવા એ તેનો મુદ્રાલેખ છે. છૂટકો જ ન હોય ત્યાં સુધી કશું જ ન આપવું એવી દાનત એમાં છુપાયેલી છે. બંને પક્ષના મતભેદો એટલા મોટા છે કે ખિલાફત અને પંજાબના અન્યાયોનું નિવારણ ન થાય ત્યાં સુધી સ્વરાજનો વિચાર કરતાં હું ડરું છું. નિવેદનમાં તો એ ખૂબ જ સરળ દેખાય છે. પરંતુ તેમના નિવારણનો અર્થ હિંદની ઈચ્છાની તાબેદારી એવો થતો હોવાથી તેમનું નિવારણ સ્વરાજ જેટલું જ મુશ્કેલ છે.

આ બધી તો ખાલી તાર્કિક વાતો છે. માગણીઓમાં કશું જ અશક્ય નથી. કદી પોતાની નહોતી હોવી જોઈતી એવી સત્તા છોડવાની સત્તાધારીઓની નામરજીમાં જ અશક્યતા રહેલી છે.

જો સરકાર માત્ર તેનું કર્તવ્ય બજાવતી હોય તો પછી જરા જેટલું પણ દમન શા માટે હોવું જોઈએ? સામુદાયિક સવિનયભંગ એકદમ શરૂ કરવામાં આવે તો માની લો કે હિંસા થયા વિના ન રહે. પરંતુ હિંસાના ભયને કારણે લોકો પાસેથી શું તેમના હક પડાવી લેવા? પોતે અન્યાયને ટેકો આપી રહ્યા છે અને સવિનયભંગ કરનારાઓ પર કટોકટી ઊભી કરવાનો આરોપ મૂકી તેમનું અપમાન કરી રહ્યા છે તે વાત સહકારીઓના ખ્યાલમાં આવતી નથી. સરકાર જાણી-જોઈને કટોકટીને આમંત્રી રહી છે. લોકો પર સહેજ પણ લાગવગ ધરાવતા અને તેમને અહિંસક રાખી શકે તેવા એકેએક જણને ખસેડી લઈને સરકારે હિંસાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો છે. ભૂખ્યા માણસને અન્ન આપવાની ના પાડનાર અને તે ભૂખ્યો માણસ સ્વાવલંબી થવા પ્રયત્ન કરે ત્યારે તેને ગોળીએ દેવાની ધમકી આપનારના કૃત્ય જેવું સરકારનું કૃત્ય છે એ વાત સહ-કારીઓ સમજતા નથી.

આપણે ત્યાંના જેવા નિર્વીર્ય બનાવી દેતા વાતાવરણમાં અસહકારીઓ સામેનું કર્તવ્ય સ્પષ્ટ છે. તેમણે અનુકરણીય ધીરજ રાખવી જોઈએ. તેમણે ઉશ્કેરણીને વશ થઈ ઉતાવળિયું પગલું ન લેવું જોઈએ. પૂરી તૈયારી પહેલાં તેમણે લડાઈમાં ઊતરવાની ના પાડવી જોઈએ. આપણને અહિંસક રાખવાનું કે અહિંસક રહેવામાં સહાયભૂત થવાનું સરકારનું કામ નથી. હિંસાને અંકુશમાં

Gandhi Heritage Portal

રાખવાની તેની રીત પણ ચીડવી મૂકે એટલી હિંસક છે. પરંતુ એક બાબતમાં આપણે તેનો ઉપકાર માનવો જોઈએ. કેમ કે તેમની ફરિયાદ અને ટીકા માત્ર એટલી જ હોય છે કે આપણે આપણી અહિંસાની નીતિનું કેવી રીતે પાલન કરવું તે જાણતા નથી અને આપણી ઇચ્છા હોવા છતાં આપણે સફળ રીતે હિંસક યુદ્ધ કરવાની કળાનું જ્ઞાન ધરાવતા નથી. આપણે આ બંને દલીલો સ્વીકારી લઈએ. આપણે આપણી નીતિને જરૂર વફાદાર રહેવું જોઈએ. તો પછી એ સમાન હેતુ છે કે આપણી સાથે સરકારે પણ હથિયાર હેઠાં મૂકી દેવાં જોઈએ. અને આ નીતિમાં જેઓ માનતા ન હોય તેઓ કંઈ નહીં તો એટલું સમજી લે કે, હિંદુસ્તાન હિંસાનો હિંસાથી જવાબ આપવા તૈયાર નથી તેમ ખુશી પણ નથી. હિંદુસ્તાનની સ્વતંત્રતા માટે હિંસાની આવશ્યકતામાં માનનારાઓ મારા દૃષ્ટિબિંદુ પાછળ રહેલું સત્ય સમજશે એમ હું ઇચ્છું છું. પોતે હિંસા કરવા તૈયાર અને ખુશી છે તેથી હિંદ પણ તેમ કરવા તૈયાર અને ખુશી છે એમ તેમણે ન માનવું જોઈએ. હિંદ અસહાય છે એટલા માટે નહીં પણ ઇચ્છતું નથી એટલા માટે તૈયાર નથી એવો મારો દાવો છે. તેથી અહિંસા અણધારી રીતે સફળ થઈ રહી છે, જ્યારે હિંસા, માનવસ્વભાવ વિષેની એવી બડાશભરી વાતો છતાં નિષ્ફળ નીવડી હોત. યુગોથી હિંદુસ્તાનને એટલે તેની જનતાને હિંસાનો ત્યાગ કરવાનું શિક્ષણ મળ્યું છે. હિંદુસ્તાનમાં માનવસ્વભાવે એટલી બધી પ્રગતિ કરી છે કે, સામાન્ય લોકોને મન હિંસા કરતાં અહિંસાનો સિદ્ધાંત વધારે સ્વાભાવિક બની ગયો છે. મુંબઈ અને મદ્રાસના અનુભવ મારા આ વિધાનને પુરવાર કરે છે. એ પણ આપણે યાદ રાખીએ. હિંદુસ્તાનના લોકો સ્વભાવે જ હિંસક હોત તો મુંબઈ અને મદ્રાસમાં ન બુઝાય તેવી હિંસાની આગ ફાટી નીકળવા માટે પૂરતી સામગ્રી હતી. મેલની માફક થોડી હિંસા પણ શાંત કે સ્વચ્છ સપાટીમાં વિક્ષેપ નાખવા કે તેને બગાડવા માટે પૂરતી છે. પરંતુ બંને બહારથી ભળેલાં હોવાથી, તેમને તરત જ દૂર કરી શકાય છે. હિંદુસ્તાનને હિંસાની તાલીમ આપવી અને એ રીતે હિંસાથી સ્વરાજ આંચકી લેવું એ તો યુગો સુધી પહોંચે તેવું કાર્ય છે. શક્તિનો અને રાષ્ટ્રીય જાગૃતિનો જે આ આશ્ચર્યકારક આવિષ્કાર થયો છે તે કેવળ અહિંસાના આગમનને આભારી છે એમ હું ચોક્કસપણે માનું છું. લોકોમાં આત્મવિશ્વાસ આવ્યો છે. કોઈ ઉતાવળિયું પગલું ભરી તેની પ્રગતિને રૂંધવી ન જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–१–१९२२



Gandhi Heritage Portal

## ૧૦૭. ના-કર

કર ન ભરવાનો વિચાર વાતાવરણમાં ફેલાયો છે. હિંદુસ્તાનના બીજા કોઈ ભાગ કરતાં આંધ્રના લોકોએ આપણને આ પોકારનો વધારે પરિચય કરાવ્યો છે. કૉંગ્રેસે પ્રત્યેક પ્રાંતને આ બાબતમાં પ્રાંતિક સ્વાયત્તતા આપી છે, તેમ છતાં, મારી પોતાની દેખરેખ હેઠળ કોઈ વિસ્તારમાં હું પોતે તેનો અખતરો કરી જોઉં ત્યાં સુધી ના-કરની લડત ઉપાડવા સામે પ્રાંતોને ચેતવવાની મેં હિંમત કરી છે.[૧] મારી ચેતવણીને હું વળગી રહું છું. આ માસની ૩૧મી સુધી અથવા એ વહેલું હોય તો માલવિયા પરિષદની સમિતિ એની વાટાઘાટોનું પરિણામ જાણી લે અને સૂચિત ગોળમેજી પરિષદ ભરાવાની નથી એ વસ્તુ જાણી લે ત્યાં સુધી આપણે આક્રમક સવિનયભંગ શરૂ કરવાનો નથી એ હકીકત તરફ પણ મારે સૌનું ધ્યાન દોરવું જોઈએ. તેથી એ સમિતિએ ચલાવેલી વાટાઘાટોનું પરિણામ આવે ત્યાં સુધી હમણાં તો કર ભરવાની મોકૂફી કેવળ થોડા વખત માટેની જ ગણાવી જોઈએ. પરંતુ ૩૧મી જાન્યુઆરી આપણી સમીપ ઝટ આવી પહોંચશે એટલે ના-કરના સવાલનો, તેનાં બધાં પાસાં ધ્યાનમાં રાખીને વિચાર કરવો જરૂરી છે.

રાષ્ટ્રીય આંદોલન પ્રત્યે ઊંડી સહાનુભૂતિ ધરાવનાર અને તેનો ઠીક ઊંડો અભ્યાસ કરનાર એક મિત્ર આ વિષય અંગે પોતાની દહેશતો આ પ્રમાણે વ્યક્ત કરે છે :

> અહિંસક અસહકારનું આંદોલન જ્યારે ના-કરના સ્વરૂપમાં સવિનયભંગ કરવા બહાર પડે છે ત્યારે તે કેટલે અંશે ધાર્મિક મર્યાદાઓ વટાવી જાય છે તેનો મેં ઘણી વાર વિચાર કર્યો છે. અહિંસક અસહકારને હું મુખ્યત્વે એક આધ્યાત્મિક આંદોલન ગણું છું. શ્રી ગાંધી પણ એને વિષે એવું જ માને છે એ હું જાણું છું. ના-કરનો કાર્યક્રમ ધાર્મિક મર્યાદા વટાવી નહીં જાય અને હિંસામાં નહીં પરિણમે? અને હજુ સુધી અહિંસાના સિદ્ધાંત સાથે ઓતપ્રોત ન થયા હોય એવા માણસોને આ આંદોલનમાં ખેંચી નહીં લાવે? શ્રી ગાંધી પોતાના આધ્યાત્મિક આંદોલન વડે સરકાર પર વિજય મેળવવા માગે છે. શું તેઓ અજાણતાં પણ એ આંદોલન માટે ભૌતિક પ્રલોભન આગળ ધરી રહ્યા નથી? તાજેતરના બનાવોએ બતાવી આપ્યું છે કે હિંસાનો મિજાજ અને હિંસા પરની શ્રદ્ધા, આપણા લોકસ્વભાવમાંથી દૂર થઈ નથી. અને તેથી ના-કરના સ્વરૂપે કરવામાં આવેલો, સવિનયભંગના કાર્યક્રમનો અમલ, ભયંકર પરિણામ લાવનારો અંધકારમાં મારેલો ભૂસકો બની જશે. એટલે શ્રી ગાંધી હજી પણ આ સ્વરૂપે સવિનયભંગ શરૂ ન કરે તે માટે હું ખૂબ જ ઇંતેજાર છું.

ના-કરની ઝુંબેશ આ આંદોલનમાં અહિંસાના સિદ્ધાંત સાથે ઓતપ્રોત થયા ન હોય એવા માણસોને ખેંચી લાવશે એ કથનમાં, આ આક્ષેપનું વાજબીપણું રહેલું છે, આ વાત તદ્દન સાચી છે. અને એ સાચી છે એ કારણે જરૂર ના-કર "ભૌતિક પ્રલોભન આગળ ધરે છે." એટલે આ ઉપરથી એવો અર્થ નીકળે કે લોકો તરફથી તરત જવાબ મળવાનો સંભવ હોય તેટલા ખાતર આપણે ના-કરનો આશરો ન લેવો જોઈએ. લોકોની તૈયારી એક ખતરનાક પ્રલોભન છે. આવો ના-કર સવિનય કે અહિંસક નહીં હોય પરંતુ તે ગુનાહિત અથવા હિંસાની ભારેમાં ભારે શકયતાથી

૧. જુઓ "કે. વેંકટપૈય્યાને પત્ર," ૧૭-૧-૧૯૨૨.

Gandhi Heritage Portal

ભરેલો હશે. ખેડૂતોએ અહિંસાની પ્રતિજ્ઞા લીધા પછી પંડિત નેહરુને કહ્યું કે જો તમે અમને હિંસા કરવાની સલાહ આપશો તો તે પ્રમાણે કરવા અમે જરૂર તૈયાર રહીશું. પંડિત જવાહરલાલ નેહરુના આ અનુભવને આપણે યાદ રાખીએ. ખેડૂતોને સવિનય ના-કરની લડતનાં કારણો અને સદ્‌ગુણ સમજવા જેટલી તાલીમ મળે નહીં અને તેમનાં ખેતરો જપ્ત કરવામાં આવે (જે માત્ર કામચલાઉ જ હોઈ શકે) તથા તેમનાં ઢોરઢાંખર અને બીજી મિલકતને ફરજિયાત રીતે વેચવામાં આવે એ વાતને તેઓ શાંત ચિત્ત નિર્વિકાર ભાવથી સહન કરી લેવા તૈયાર ન થાય ત્યાં સુધી તેમને કર ન આપવાની સલાહ ન આપવી જોઈએ. પવિત્ર પૅલેસ્ટાઈન તીર્થમાં શું બન્યું હતું તે તેમને કહેવું જોઈએ. જે આરબોનો દંડ કરવામાં આવ્યો હતો તેમને સૈનિકોએ ઘેરી લીધા હતા. માથે વિમાનો ઊડતાં હતાં અને આ ખડતલ માણસો પાસેથી તેમનાં ઢોર પડાવી લેવામાં આવ્યાં હતાં. ઢોરને ડબામાં પૂરવામાં આવ્યાં અને તેમને ઘાસ કે પાણી પણ આપવામાં આવ્યું નહોતું. મૂઢ અને નિરુપાય બની ગયેલા આરબો જ્યારે દંડની અને વધારાની શિક્ષાની રકમ લાવ્યા ત્યારે, જાણે તેમની મશ્કરી કરવા માટે ન હોય તેમ, તેમને તેમનાં મરણ પામેલાં કે મરણને આરે પહોંચેલાં ઢોર પાછાં સોંપાયાં. આથીયે વધારે ખરાબ વસ્તુઓ હિંદુસ્તાનમાં બની શકે અને અચૂક બનશે. હિંદુસ્તાનના ખેડૂતો તદ્દન અહિંસક રહીને તેમનાં ઢોરઢાંખરને ભૂખ અને તરસથી મરવા માટે લઈ જવાતાં જોવા તૈયાર છે? આંધ્ર પ્રાંતમાં આ પહેલાં આવી બાબતો બનવા પામી છે તે હું જાણું છું. આવા કસોટી થાય એવા સંજોગોમાં પણ એકંદર ખેડૂતવર્ગ જાણીબૂજીને અને પૂરો વિચાર કરીને શાંત રહે તો તેઓ ના-કર માટે લગભગ તૈયાર છે એમ કહી શકાય.

ના-કરની લડતનો આશય એવો છે કે નોકરશાહી પાસેથી સત્તા લઈને તે આપણા હાથમાં મૂકવી. તેથી હું "લગભગ તૈયાર" એમ કહું છું. એટલે ખેડૂતો અહિંસક રહે એટલું પૂરતું નથી. અહિંસા જરૂર લડતનો નવદશાંશ ભાગ છે, પરંતુ તેટલેથી કંઈ પતી જતું નથી. ખેડૂતો અહિંસક રહે પરંતુ અસ્પૃશ્યોને પોતાના ભાઈ ન ગણે, પ્રસંગ પ્રમાણે તેઓ હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, યહૂદી અને પારસીઓને પોતાના ભાઈ ન ગણે, તેઓ રેંટિયા અને ખાદીના આર્થિક અને નૈતિક મૂલ્યને સમજ્યા ન હોય, અને આ બધું તેમણે કર્યું ન હોય તો તેઓ સ્વરાજ મેળવી ન શકે. તેઓ અત્યારે આ બધું ન કરે તો સ્વરાજ પછી કરવાના નથી. આ રાષ્ટ્રીય ગુણોનું પાલન કરવું તેનો જ અર્થ સ્વરાજ એટલું સમજતાં તેમને શીખવવું જોઈએ.

આમ, સવિનય ના-કરની લડત એક એવો વિશેષ અધિકાર છે જે કડક તાલીમ પછી જ જારી કરી શકાય. રાજ્યના કાયદાનો ભંગ કરવાને ટેવાયેલા માણસ માટે જેમ સવિનયભંગ કરવાનું મુશ્કેલ છે તેમ નજીવું બહાનું બતાવીને કર ન આપવા ટેવાયેલા લોકો માટે સવિનય ના-કરની લડત આપવાનું મુશ્કેલ છે. સવિનય ના-કરની લડત ખરેખર અસહકારનું છેલ્લું પગથિયું છે. સવિનયભંગના બીજા પ્રકારો અજમાવી ન જોઈએ ત્યાં સુધી આપણે તેનો આશરો ન લેવો જોઈએ. અને શરૂઆતના તબક્કામાં મોટા અથવા અનેક વિસ્તારોમાં ના-કરનો અખતરો કરવો એ મૂર્ખાઈની પરાકાષ્ઠા થઈ પડશે.

જમીનદારોને ગણોત પણ ન આપવાની વાત હું સાંભળું છું. આપણે હિંદી કે વિદેશી જમીનદારો સાથે અસહકાર કરી રહ્યા નથી એ વાત આપણે ન ભૂલવી જોઈએ. આપણે તો આપણને અને ખુદ જમીનદારોને ગુલામ બનાવી મૂકનાર એક મોટા જમીનદાર, એટલે કે નોકરશાહી સામે લડત આપી રહ્યા છીએ. જમીનદારોને આપણી બાજુએ લાવવા પ્રયત્ન કરીને આપણે

Gandhi Heritage Portal

આ મોટા જમીનદારને અલગ પાડી દેવો જોઈએ. પણ જો તેઓ આપણે પક્ષે ન આવે તો આપણે તેમની સાથે ધીરજ રાખવી જોઈએ. આપણે તેમનો સામાજિક બહિષ્કાર પણ ન પોકારીએ. એટલે તેમને ધોબી, હજામ વગેરેની સામાજિક સેવા આપવાનો આપણે ઈનકાર ન કરીએ. તેથી કાયમી જમાબંધીવાળા વિસ્તારોમાં, સરકારને જે સીધા વેરા આપવા પડતા હોય તે સિવાય ના-કરની ઝુંબેશ હોઈ ન શકે. પરંતુ જમીનદારોનો ઉલ્લેખ, ના-કરની ઝુંબેશ ચલાવવામાં આપણી સામે ઊભી થતી મુશ્કેલીઓ જ માત્ર દર્શાવે છે. એટલે આ બધી બાબતોનો વિચાર કર્યા પછી મારો દૃઢ અભિપ્રાય છે કે કોંગ્રેસના હેતુઓ માટેના ના-કર આંદોલનને, તાત્પૂરતું મારા પર છોડવું જોઈએ. દરમ્યાન કાર્યકરો, તેમના પોતાના જિલ્લાનો વિકાસ રચનાત્મક ધોરણે સાધી શકે. તેઓ સામુદાયિક સવિનયભંગની બીજી વિવિધ રીતો શોધી કાઢી શકે અને પછી લોકો શુદ્ધ અને જાગ્રત બનતાં તેમને ના-કર તરફ દોરી શકે.

આંધ્રના લોકો વિષે તો હું એટલું જ કહું કે પહેલેથી જ ત્યાં મોટા પાયા પર તૈયારીઓ કરી દેવામાં આવી છે એટલે હું કાર્યકરોને નિરુત્સાહ કરવા માગતો નથી. પસંદ કરેલા વિસ્તારોના લોકો દિલ્હીમાં નક્કી કરેલી બધી જ કસોટીઓમાંથી પાર ઊતર્યા છે, અને બદલો લીધા વિના બધી જ યાતનાઓ સહન કરવા તેઓ તૈયાર છે એ વિષે તેમને સંતોષ થતો હોય તો મારે ફક્ત એટલું જ કહેવાનું છે કે "શૂરવીર આંધ્રવાસીઓ પર ઈશ્વરના આશીર્વાદ ઊતરો." કંઈ કમનસીબ ઘટના બનવા પામે તેની પૂરેપૂરી જવાબદારી તેમની જ ગણાશે એ તેમણે સમજી લેવું ઘટે. તેઓ ના-કરની લડત નહીં ઉપાડે તો કોઈ તેમને દોષ દેવાનું નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–१–१९२२

## ૧૦૮. ગાંડુંતૂર બનેલું દમનરાજ

જુદાં જુદાં સાધનો દ્વારા મળેલા દમનના હેવાલોનો[1] સાર હું નીચે આપું છું. દરેક કિસ્સામાં આ હેવાલો ખૂબ જ જવાબદાર ગણી શકાય એવા માણસો તરફથી મળ્યા છે. આમ છતાં મારા પત્રલેખકોએ વર્ણવેલાં કેટલાંક અસભ્ય જંગલીપણાનાં કૃત્યો, લગભગ ન માની શકાય તેવાં છે. પરંતુ દુ:ખદર્દની આ ભૂમિમાં જે ન બને તે ઓછું. આ યાતનાઓથી મારી માફક અવિચલિત રહેવાનો અને તેમાં આનંદ માણવાનો હું વાચકને અનુરોધ કરું છું. આપણે સહન ન કરી શકીએ તેટલી આપણી તાવણી ન કરવાનું પોતાનું વચન ભગવાન પાળશે અને આપણે માટે જે યાતનાઓ મોકલવાનું તે ઇચ્છે તે સહન કરવાની હિંમત અને ધીરજ પણ હમેશાં તે આપણને આપશે એવી મારી સાથે પ્રાર્થના કરવા દરેક વાચકને હું આમંત્રું છું. તેની ઇચ્છા વિના કંઈ જ થતું નથી. આપણે અહિંસાની પ્રતિજ્ઞા પાળીએ અને આપણા પર જુલમ કરનાર પર ગુસ્સો ન કરીએ કે તેનું બૂરું ન ઇચ્છીએ. વળી સત્તાવાળાઓને આપણે રોષે ભરાવા માટે બિનજરૂરી કારણ પણ ન આપીએ. સરકાર एक है પોકારવાની ના પાડવા જેવાં કે બળવાનમાં બળવાનની

૧. આ હેવાલો यंग इन्डियामां નીચેનાં મથાળાં હેઠળ પ્રગટ કરવામાં આવ્યા હતા: "આસામમાં ધર્મસ્થાનને ભ્રષ્ટ કરવાનું કૃત્ય," "બારીસાલમાં અમાનુષતા," "સુલતાનપુરમાં ફટકા," "મેરઠનું આક્રંદ," "ચિતોડમાં એકાનૂની કાયદો" અને "નરસિંગપુર પરિષદમાં ગંદકી."

Gandhi Heritage Portal

સામે પણ હીણપતભરી રીતે બે હાથ જોડવાની જયરામદાસની માફક ના પાડવા જેવા આપણા કાયદેસરના આચરણમાંથી ઊભાં થતાં રોષનાં કારણો આપણે મરણનો સામનો કરીને પણ જરૂર આપીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-१-१९२२

## ૧૦૯. હિંદુઓ અને મોપલાઓ

સર્વશ્રી કેશવ મેનન અને બીજાઓના, મોપલાની અશાંતિ અને મુસલમાનોના વલણ વિષેના પત્રો આ પહેલાં છાપામાં પ્રગટ થયા છે તોપણ, મારા શિરસ્તાની વિરુદ્ધ જઈને પણ અગત્યના હોવાથી હું બે પત્રો[1] પ્રગટ કરું છું. સંભવ છે કે यंग इन्डियानां પાનાં પર તે પ્રગટ થાય છે એ હકીકત, મોપલાઓના પાગલપણાએ હિંદુઓના હૃદય પર કરેલા ઘાને રૂઝવવામાં મલમરૂપ નીવડશે. લેખકોને તેમની દબાવી રાખેલી લાગણી વ્યક્ત કરવાનો અધિકાર હતો.

મૌલાના હસરત મોહાની આપણા અત્યંત બહાદુર માણસોમાંના એક છે. તેઓ મજબૂત અને અણનમ છે. નિખાલસતાનો તેમનો ગુણ દોષરૂપ બની બેસે એટલી હદે જાય છે. અંગ્રેજ સરકાર અને કદાચ બધા જ અંગ્રેજો પ્રત્યેના તેમના અક્કલ વિનાના તિરસ્કારમાં, મોપલાઓએ જે કંઈ કર્યું તેમાં એમને કંઈ જ ખરાબ જણાયું નથી. મૌલાના વિષે તો યુદ્ધ અને પ્રેમમાં બધું જ ખપે એવો ખેલ છે. મોપલાઓ તેમના ધર્મને માટે લડયા હતા એવું તેમણે દૃઢપણે માની

૧. આ પત્રો અહીં પ્રગટ કરવામાં આવ્યા નથી. તેમાંથી કેટલાક ઉતારા નીચે આપ્યા છે :

"અમદાવાદમાં ખિલાફત પરિષદે મલબારના મોપલાઓ સંબંધમાં પસાર કરેલો ઠરાવ અને કલકત્તાના સર્વેન્ટમાં ડિસેમ્બરની ૨૦મીના અંકમાં પ્રગટ થયેલો . . . મૌલાના અબ્દુલ બારી સાહેબનો તાર આ દુઃખી જિલ્લામાંના બનાવો વિષે મલબારની બહારના મુસલમાનોને અથવા હિંદુઓને પણ સાચું જ્ઞાન છે કે નહીં તે વિષે કોઈને પણ શંકા કરવાની ફરજ પાડે છે. . . . મોપલાના અત્યાચારોનો ભોગ બનેલા દુર્ભાગી હિંદુઓ માટે આપણા મુસલમાન મિત્રો તરફથી એક માયાળુ શબ્દની કોઈએ પણ આશા રાખી હોત. . . . મોપલાઓને, તેમના ધર્મને ખાતર તેમના જાનનું બલિદાન આપવા માટે ખિલાફત પરિષદ ધન્યવાદ આપે છે, પરંતુ હિંદુઓ પર તેમણે કરેલા અત્યાચારને વખોડી કાઢવા માટે તેણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. . . . એક સાચા સત્યાગ્રહી માટે, સત્ય ઉચ્ચારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. . . . હિંદુમુસ્લિમ એકતા કે સ્વરાજ કરતાં સત્ય અનંતગણું વધારે મહત્ત્વનું છે. . . . હિંદુઓ પર મોપલાઓએ ગુજારેલા અત્યાચારો કમનસીબે ખૂબ જ સાચા છે. . . . થોડા અગ્રગણ્ય મુસલમાન નેતાઓએ મોપલાઓના અત્યાચારોને વખોડયા છે એ સાચું, પરંતુ આમ મુસલમાનોએ મલબારના તેમના ધર્મબંધુઓએ કરેલા અન્યાયને નિવારવા કેટલો પ્રયત્ન કર્યો છે?"

". . . મૌલાના મોહાની, મોપલાઓ અને સરકાર વચ્ચેના યુદ્ધમાં, યુદ્ધ-કામગીરીરૂપે મોપલાઓએ કરેલી હિંદુઓની લૂંટને કાયદેસર ગણી વાજબી ઠરાવે છે. . . . કદાચ, મૌલાના જાણતા નથી કે . . . તે સમયે મોપલાઓનો એવો કોઈ દુશ્મન નહોતો જેને હિંદુઓ મદદ કરી શકે કે બોલાવી શકે. અને તેમના પરનો હુમલો અત્યંત બેફામ અને કારણ વિનાનો હતો. . . . જે હિંદુઓ ઉપર લશ્કરને બોલાવવાની અને તેને મદદ કરવાની શંકા ગઈ તેમના પર વેર લેવાની દૃષ્ટિએ બળવાખોરોએ બીજા અત્યાચારો કર્યા હતા એવું બહાનું કાઢી મૌલાના તેમને વાજબી ઠરાવે છે. તેમના તરફથી બહાર પડેલા આવા અભિપ્રાયો ભયંકર પરિણામો લાવ્યા વિના રહેવાના નથી એટલો ખ્યાલ પણ શું મૌલાનાને આવતો નથી?"

Gandhi Heritage Portal

લીધું છે. અને એ હકીકત (તેમના ખ્યાલ મુજબ) મોપલાઓને વ્યવહારુ દૃષ્ટિએ બધા દોષોમાંથી મુક્ત કરે છે. આ વાત ધર્મ અને નીતિની મશ્કરી કરવા જેવી છે એમાં શક નથી. પરંતુ ધર્મને ખાતર અધર્મ કરવો એ મૌલાના હસરત મોહાનીની ધર્મનીતિ છે. ઈસ્લામમાં એને કોઈ આધાર નથી એ હું જાણું છું. મેં ઘણા વિદ્વાન મુસલમાનો સાથે ચર્ચા કરી છે. તેઓ હસરત મોહાનીના વલણનો બચાવ કરતા નથી.

મૌલાનાની વાતને મહત્ત્વ ન આપવા મલબારના મારા મિત્રોને મારી સલાહ છે. ધર્મ વિષેના તેમના ખ્યાલો આશ્ચર્યકારક રીતે અપકવ હોવા છતાં, તેમના કરતાં મોટો રાષ્ટ્રવાદી કે હિંદુમુસ્લિમ એકતાનો મોટો ચાહક બીજો કોઈ નથી. તેમની બુદ્ધિ કરતાં તેમનું દિલ વધારે સાબૂત અને ઉમદા છે. મારા નમ્ર મત પ્રમાણે એમની બુદ્ધિ કંઈક ભ્રમિત થઈ ગઈ છે.

મોપલાઓએ કરેલા અનેક અત્યાચારોને એકંદરે મુસલમાનોએ વખોડયા નથી અથવા કોઈ પણ રીતે મંજૂર રાખ્યા છે એવું મલબારના મિત્રો ધારતા હોય તો તેઓ ભૂલ કરે છે. યુદ્ધમાં પણ સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોની કનડગત ન કરવાનું ઈસ્લામનું ફરમાન છે. અમુક ચોક્કસ શરતો હેઠળ ન હોય ત્યાં સુધી જેહાદને પણ ઈસ્લામ ન્યાયી ગણતો નથી. ઈસ્લામના કાનૂનના મારા જ્ઞાન પ્રમાણે તો મોપલાઓ પોતાની મરજીમાં આવે ત્યારે જેહાદ જાહેર ન કરી શકે. મૌલાના અબદુલ બારીએ તો મોપલાના અત્યાચારોને જરૂર વખોડી કાઢયા છે.

પણ મુસલમાનોએ તેમને વખોડયા ન હોય તેથી શું? હિંદુમુસ્લિમ મિત્રાચારી એ કંઈ સોદો નથી. ખુદ મિત્રાચારી શબ્દ જ આવા કોઈ ખ્યાલને બાતલ રાખે છે. આપણે રાષ્ટ્રીય વૃત્તિ કેળવી હોય તો એક હિંદુની માફક મોપલા પણ સંપૂર્ણપણે આ દેશના રહેવાસી છે. હિંદુઓ હિંદુના ધર્મઝનૂન કરતાં મોપલાના ધર્મઝનૂનને વધારે મહત્ત્વ ન આપે. મોપલાઓને બદલે મલબારમાં હિંદુઓએ જ હિંદુઓનાં ઘર લૂંટયાં હોત તો કોની સામે ફરિયાદ કરવામાં આવી હોત? હિંદુઓએ મુસલમાનોની પેઠે જ આવા બનાવોનો ઉપાય શોધી કાઢવો રહ્યો. જ્યારે કોઈ હિંદુ કે મુસલમાન અનિષ્ટ આચરણ કરે ત્યારે, એક હિંદીએ બીજા હિંદી પ્રત્યે અનિષ્ટ આચરેલું ગણાય, અને આપણામાંથી દરેક જણે પોતાને આ દોષના સરખા ભાગીદાર ગણી તે અનિષ્ટને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. એકતાનો આ સિવાય બીજો કોઈ અર્થ નથી. રાષ્ટ્રવાદમાં કાંઈ નહીં તો આટલું હોવું જોઈએ, નહીં તો તે વ્યર્થ છે. રાષ્ટ્રવાદ સંપ્રદાયવાદ કરતાં મોટો છે. અને એ દૃષ્ટિએ આપણે સૌ પ્રથમ હિંદી છીએ, અને ત્યાર પછી જ હિંદુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી છીએ.

એટલે મોપલાના સવાલ અંગેના મૌલાના હસરત મોહાનીના વલણ વિષે આપણને ખેદ થાય, પરંતુ આપણે બધા જ મુસલમાનોને દોષ ન દઈએ કે મૌલાનાને તેઓ મુસલમાન હોવાને કારણે દોષ ન દઈએ. આપણા બીજા હિંદી ભાઈઓએ કરેલા દેખીતા દોષને એક હિંદીભાઈ જોતો નથી તે હકીકત વિષે આપણે ખેદ કરવો જોઈએ. આપણે વસ્તુઓ તરફ કોમી દૃષ્ટિએ જ સતત રીતે જોવું પડતું હોય તો એકતા રહેવાની નથી.

ટીકા કરનારા કદાચ કહે : "આ બધી વાતોનો હકીકતો સાથે મેળ બેસતો નથી એટલે તે સાવ અર્થહીન છે. તે તરંગી છે." પરંતુ મારું કહેવું એ છે કે, અત્યારની હકીકતોને માફક આવે તેવી રીતે સિદ્ધાંતને ફેરવવાનો અશકય ખેલ ખેલવાને બદલે, આપણે નવી હકીકતોનો સિદ્ધાંત સાથે મેળ બેસાડીશું નહીં તો આપણે કદી પણ સંગઠન સાધી શકીશું નહીં. હિંદી તરીકે હિંદુઓ, મોપલાઓને હિંદી ગણીને તેમની આ ભૂલમાંથી છોડાવે તેમાં મને કશું અશકય લાગતું નથી.

Gandhi Heritage Portal

ફરજિયાત ધર્મપરિવર્તનનો સ્વીકાર કરવા કરતાં હું હિંદુઓને મરવા માટે હિંમત અને તાકાત કેળવવાનું કહું તેમાં હું કશું અશક્ય જોતો નથી. કેટલાક એવા હિંદુઓ પણ હતા જેમણે ફરજિયાત ધર્મપરિવર્તન કરતાં મોપલાની કુહાડીને જરૂર વધારે પસંદ કરી હતી એવું મને કહેવામાં આવતાં મને આનંદ થયો. તેઓ જો રોષ કે દ્વેષભાવ વિના મર્યા હોય તો તેઓ સાચામાં સાચા હિંદુ તરીકે મરણને ભેટ્યા છે, કેમ કે તેઓ સાચામાં સાચા હિંદીઓ અને સાચામાં સાચા મનુષ્યો હતા. અને તેમના જુલમગારો મુસલમાન હોવાને બદલે હિંદુઓ હોત તોપણ તેઓ આવા જ મૃત્યુને ભેટ્યા હોત. હિંદુમુસ્લિમ એકતાએ જો માત્ર અન્યોન્ય ભાવ પર આધાર રાખવો પડતો હોય તો તે ખૂબ જ સસ્તી અને છેલબટાઉ બાબત થઈ પડશે. પતિની વફાદારી શું પત્નીની વફાદારી પર આધાર રાખે છે અથવા પતિ સ્વચ્છંદી છે માટે પત્ની શું બેવફા બને? લગ્નમાં જોડાનાર વ્યક્તિઓ જ્યારે પોતાના ચારિત્ર્યને કેવળ આપ-લેની બાબત ગણશે ત્યારે લગ્ન એક તુચ્છ વસ્તુ બની જશે. એકતા લગ્ન જેવી છે. પત્ની પતનની તૈયારીમાં હોય ત્યારે પતિએ તેની વધારે નજીક આવવું જોઈએ. ત્યારે જ બેવડો પ્રેમ રેડવાનો સમય હશે. એટલા માટે જ મોપલા અને મુસલમાન હિંદુને હાનિ પહોંચાડે તેમ હોય અથવા તેમણે હાનિ પહોંચાડી દીધી હોય ત્યારે પણ હિંદુએ તે બંનેને, મુસલમાનને અને મોપલાને વધારે ચાહવા જોઈએ. સાચી એકતાએ તો તૂટ્યા વિના, કપરીમાં કપરી કસોટીનો સામનો કરવો રહ્યો. એ સંબંધ અતૂટ હોવો જોઈએ.

ઉપરોક્ત લીટીઓમાં મેં દેશ સામે એક સાદો સ્વાર્થી વિચાર મૂક્યો છે એવું હું માનું છું. હિંદુ શું તેના દેશ અને ધર્મને પોતાની જાત કરતાં વધારે ચાહે છે? જો તે ચાહતો હોય તો એ ફલિત થાય છે કે દેશ કે ધર્મને ન જાણનાર અજ્ઞાની મુસલમાન સાથે તેણે તકરાર ન કરવી જોઈએ. પોતાના બાળકના ટુકડા થવા દેવાને બદલે તેને એની અપરમાતાને આપી દેવા તૈયાર થયેલી પેલી જગતભરમાં પંકાયેલી માતાના કાર્ય જેવું આ કાર્ય છે. એટલું સ્પષ્ટ છે કે બાળકના ટુકડા કરવાની વાત પેલી અપરમાતાને તો માફક આવી જ ગઈ હોત.

આપણે ધારી લઈએ (જે હકીકતે સાચું નથી) કે મોપલાઓએ જે કંઈ કર્યું હતું તે મુસલમાનો ખરેખર મંજૂર રાખે છે. એટલા માટે શું એકતા તોડી નાખવી? અને એ તોડી નાખવામાં આવે તેને લીધે શું હિંદુઓની સ્થિતિ વધારે સારી થશે? મોપલાઓ અને તેમના ધર્મબંધુ મુસલમાનોનો નાશ કરવા માટે પરદેશી મદદ મેળવીને શું તે મોપલા ઉપરનું પોતાનું વેર લેશે અને કાયમને માટે ગુલામ બનીને સંતોષ માનશે?

અસહકાર સાર્વત્રિક સિદ્ધાંત છે, કેમ કે તે બીજા કોઈ સંબંધો જેટલો જ કુટુંબના સંબંધોને પણ લાગુ કરી શકાય તેમ છે. શક્તિ અને સ્વાશ્રય વિકસાવવાની એ પ્રક્રિયા છે. હિંદુઓ અને મુસલમાનો, બંનેએ તેઓ ખરેખર એક બને તે પહેલાં એકલા અને આખી દુનિયાની સામે ઊભા રહેતાં શીખવું જોઈએ. આ એકતા નિર્બળ પક્ષો વચ્ચેની નહીં પણ પોતાની તાકાતનું ભાન ધરાવનારા માણસો વચ્ચેની હશે. મુસલમાનો લઘુમતીમાં હોય ત્યાં જો તેમને ધર્મપાલન માટે હિંદુઓની શુભેચ્છા પર આધાર રાખવાનો હોય તો તે દિવસ તેમને માટે ખરાબ દિવસ હશે. એ જ વસ્તુ હિંદુ માટે પણ સાચી છે. અસહકાર આત્મસાક્ષાત્કારની પ્રક્રિયા છે.

શક્તિશાળી જો પશુ બને અને નબળાને કચડે તો આ આત્મસાક્ષાત્કાર થઈ ન શકે. પછી તો વધારે બળવાનને હાથે તેમણે કચડાવું રહ્યું. તેથી, હિંદુઓ અને મુસલમાનોએ જો ખરેખર ધર્મનિષ્ઠ માણસો તરીકે જીવવું હોય તો તેમણે આંતરિક તાકાત કેળવવી જોઈએ. તેમણે બંનેએ

Gandhi Heritage Portal

તાકાતવાન અને નમ્ર બનવું રહ્યું. હિંદુઓએ મોપલાના ધર્મઝનૂનનાં કારણો શોધી કાઢવાં જોઈએ. તેઓ જોશે કે તેઓ પોતે દોષરહિત નથી. અત્યાર સુધી તેમણે મોપલાની દરકાર લીધી નથી. તેમણે તેના પ્રત્યે કાં તો ગુલામ જેવું વર્તન કર્યું છે કે તેનાથી ડરતા રહ્યા છે. તેમણે તેના પ્રત્યે સુધારી શકાય અને આદરને પાત્ર બનાવી શકાય એવા મિત્ર કે પડોશી જેવો વર્તાવ રાખ્યો નથી. એટલા માટે અત્યારે મોપલાઓ કે મુસલમાન માત્ર પ્રત્યે રોષ કરવાનો કંઈ અર્થ નથી. હિંદુઓને મુસલમાનોની સહાય અને સહાનુભૂતિ મેળવવાનો અધિકાર જરૂર છે, પરંતુ સવાલ સ્વાશ્રયનો એટલે આંતરિક તાકાત કેળવવાનો છે. ખિલાફતની રક્ષા માટે હિંદુઓની મદદ પર આધાર રાખવો પડતો હોય તો ઈસ્લામ માટે ખરાબ દિવસ આવેલો જ ગણાય. પડોશી તરીકે મુસલમાનોને મદદ કરવાનું હિંદુઓનું કર્તવ્ય હોવાથી તેમની મદદ તો મુસલમાનોના હાથમાં જ છે. અને આમ વિનાસંકોચે આપેલી મદદ મુસલમાનો જરૂર સ્વીકારે પરંતુ તેમનો અંતિમ આધાર ઈશ્વર પર છે અને હોવો જોઈએ. નિરાધારનો એકમાત્ર અને અચૂક મદદગાર તે જ છે. અને એ જ વાત મલબારના હિંદુઓ વિષે પણ સાચી બનો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–१–१९२२

# ૧૧૦. આંધ્રમાં દમન

આ છપાતું હશે ત્યારે કદાચ બધા લોકોની નજર આંધ્ર પ્રાંત તરફ મંડાઈ હશે. તેના બહાદુર લોકો કેટલાક જિલ્લાઓમાં સામુદાયિક સવિનયભંગની તૈયારી કરી રહ્યા છે અને પરિણામે થોડા વખત માટે કર આપવાનું ઠેલી રહ્યા છે. મેં આંધ્ર સમિતિને સાવધાન કરી છે કે ગોળમેજી પરિષદ આવી પડશે તો જેઓ કર આપવાનું ઠેલી રહ્યા છે તેમણે બાકી હોય તે કર એકદમ ભરી દેવા પડશે અને લોકો સંપૂર્ણપણે અહિંસાની બાબતમાં શિસ્તબદ્ધ હોય અને બીજી રીતે દિલ્હીમાં[1] અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ દર્શાવેલી શરતોનું પાલન કરવા સમર્થ હોય તો જ તેમણે આ મુશ્કેલ લડાઈ માટે તૈયારી કરવી. શ્રી વેંકટપૈય્યા મને જણાવે છે કે લોકો શિસ્તબદ્ધ છે, તૈયાર છે અને નક્કી કરેલી શરતોનું સંપૂર્ણ પાલન કરી શકે તેમ છે. આ કરમોકૂફીથી મદ્રાસની સરકાર ગભરાઈ ઊઠી છે એમ સ્પષ્ટ દેખાઈ આવે છે. ગંતુરમાં વધારાની પોલીસ મોકલાઈ રહી છે અને દેખાવો કરવામાં આવે છે. કરવસૂલાતની સામાન્ય રીત પડતી મૂકીને તેણે ઝડપી કાર્યવાહી હાથ ધરવાની ધમકી આપી છે. તે અસાધારણ સત્તાઓ વડે પણ સજ્જ બની રહી છે એવો હેવાલ મળ્યો છે. આ સંજોગોમાં પ્રાંતિક સમિતિના મંત્રી તરફથી દમન અંગે મળેલો નીચેનો હેવાલ[2] यंग इन्डियाના વાચકો સમક્ષ રજૂ કરતાં હું ક્ષમાયાચનાની જરૂર જોતો નથી. હેવાલ ૩જી જાન્યુઆરીથી ૧૫મી જાન્યુઆરી સુધીના ગાળાનો છે. તે આ આંદોલનની આંતરિક બાજુ તથા આંધ્રના લોકો જે ભોગ આપવાની તૈયારી કરી રહ્યા છે તેનું પ્રમાણ સમજવામાં વાચકને સહાયભૂત

૧. જુઓ "કે. વેંકટપૈય્યાને પત્ર," ૧૭–૧–૧૯૨૨ અને "કે. વેંકટપૈય્યા અને બીજાઓને તાર," ૨૦–૧–૧૯૨૨ પહેલાં.

૨. આ હેવાલ અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી.

Gandhi Heritage Portal

થાય છે. ઈશ્વર તેમને યોગ્ય સમયે યોગ્ય વસ્તુ કરવાની હિંમત, સહનશક્તિ અને ડહાપણ આપે એવી મારી પ્રાર્થના છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-१-१९२२

## ૧૧૧. અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં ભાષણ[1]

જાન્યુઆરી ૨૬, ૧૯૨૨

સવિનયભંગ અને ના-કરનો કાર્યક્રમ સફળતાપૂર્વક ચલાવવાની તૈયારી કરવા માટે આજે હું બારડોલી જઈ રહ્યો છું. અહીં હું એક અઠવાડિયામાં, કદાચ એક મહિને અથવા એક વર્ષે પાછો ફરીશ, અથવા કદાચ સમૂળગો પાછો ન ફરું. પરંતુ એક વાત ચોક્કસ છે કે કાં તો આપણે હિંદુસ્તાન માટે સ્વરાજ મેળવીશું, અગર તો ખતમ થઈ જઈશું. હિંદુસ્તાન ધીમે ધીમે એક પવિત્ર ભૂમિ બની રહ્યું છે, અરે, એક પવિત્ર દેશ બની રહ્યું છે. સત્ય આપણા પક્ષે હોય તો કદી પરાજય થાય ખરો? મુક્તિ અથવા મોક્ષ આજે જ છે. સત્યને ખાતર તમારું જીવન સમર્પણ કરી દો. કોઈ મને પૂછે કે, "બ્રહ્મ ક્યાં છે, તે શેના જેવું છે?" તો હું આ સવાલ ફેરવીને કહીશ, "સત્ય ક્યાં છે, એ કોના જેવું છે?" સત્ય એ બ્રહ્મ છે. સવારે વહેલા ઊઠીને દરેકે કંઈ નહીં તો ઓછામાં ઓછી એક મિનિટ ઈશ્વરની પ્રાર્થના કરવી જોઈએ કે "હે સર્વશક્તિમાન ઈશ્વર ! તું મને મારા ધર્મને ખાતર, સમસ્ત દુનિયાને ખાતર મરવાની શક્તિ આપ." મરણ આવે ત્યારે મરવામાં મુક્તિ નથી, પણ સ્વેચ્છાએ અને આનંદથી મરવામાં મુક્તિ છે. ગીતાના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણે અર્જુનને સ્થિતપ્રજ્ઞ વિષે જે કંઈ કહ્યું હતું તે યાદ કરો. તે પ્રમાણે જીવવાનો પ્રયત્ન કરો. પારાવાર સંકટો અને જુલમને સ્વેચ્છાએ અને ખુશીથી બરદાસ્ત કરતાં કરતાં મૃત્યુને ભેટવાની જો ઈશ્વર આપણને શક્તિ આપે તો જ જીવવામાં આનંદ અને સુખ રહેલાં છે. મારા દેશ માટે અને મારા ધર્મ માટે મૃત્યુને ભેટવાની ઈશ્વરે મને શક્તિ આપી છે.

ત્યાગમાં એક પ્રકારનો સંતોષ રહેલો છે. કાલ રાતે હું પ્રોફેસર વાસવાણીનું[2] એક પુસ્તક વાંચી રહ્યો હતો. ત્યાગ વિષે લખતાં તેમણે રાણા પ્રતાપસિંહનું[3] દૃષ્ટાંત આપ્યું છે. તેમના વિચારો ઘણા જ સુંદર છે. પ્રતાપનો ત્યાગ ઘણો જ મહાન હતો. ચિતોડનું પતન થયા પછી જ્યારે તે પાછું મેળવવાનું તેમને અશક્ય લાગ્યું ત્યારે તેમણે તેમના વફાદાર સરદારો પાસેથી કયું વચન લીધું હતું? તેમણે આપેલું ત્યાગનું વચન આ પ્રમાણે હતું : "ચિતોડને તેની સ્વતંત્રતા નહીં મળે ત્યાં સુધી અમે કોઈ મોજશોખ ભોગવીશું નહીં, અમે ધરતીમાતાને ખોળે જ સૂઈ રહીશું, માત્ર કંદમૂળ જ ખાઈશું, દુનિયાદારીનાં બધાં સુખનો ત્યાગ કરીશું અને સંપૂર્ણ ત્યાગવૃત્તિનું પાલન

૧. આ હેવાલ પરની ગાંધીજીની ટીકા માટે જુઓ "નોંધ," ૯-૨-૧૯૨૨નું પેટામથાળું "પ્રસિદ્ધ ન થઈ શકે એવું અત્યંત પવિત્ર."

૨. ટી. એલ. વાસવાણી (૧૮૭૯-૧૯૬૬); સિંધના એક સંત, લેખક, અને પૂનાની મીરાં શિક્ષણ સંસ્થાઓના સ્થાપક.

૩. મેવાડના, હિંદુસ્તાનની મોગલ સત્તા સામે જેઓ વર્ષો સુધી બહાદુરીપૂર્વક ઝઝૂમ્યા અને કદી શરણે ન ગયા.

Gandhi Heritage Portal

કરીશું.” આવો હતો તેમનો દૃઢ નિરધાર. હું રાણા પ્રતાપસિંહને સ્થિતપ્રજ્ઞ કહું છું. દરેક જણ ત્યાગવૃત્તિનું પાલન કરે અને સ્થિતપ્રજ્ઞ બને.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨-૨-૧૯૨૨

## ૧૧૨. ઉત્તર-દક્ષિણ

વડી ધારાસભાનાં બંને મંડળોમાં જે ચર્ચા સમાધાનીની વિષ્ટિ બાબત ચાલી તે ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે સરકાર અને આપણી વચ્ચે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. તેથી જ મેં કહ્યું છે કે સરકારની સાથે વિષ્ટિ આ સમયે નિરર્થક છે. સરકારને હજુ સત્તાનો મદ છે. દારૂગોળાના મારાથી દબાવવાની હજુ તેને આશા છે. આપણા મતની કે આપણી બલિદાન દેવાની શક્તિ ઉપર તેને વિશ્વાસ નથી બેઠો. અને જ્યાં સુધી આપણને દબાવી શકવાની આશા રાખે ત્યાં લગી સરકાર આપણી સાથે સમાધાનીની વિષ્ટિ કરે તે પણ જેવી શેઠ નોકરની સાથે કરે તેવી જ હોય.

સરકારના હિમાયતીઓ કહે છે કે આપણી માગણી એવી બેહૂદી છે કે તેનો અમલ અશક્ય છે. અશક્ય કહેવાથી કંઈ વસ્તુનો અમલ અશક્ય નથી થતો.[1] અથવા એક અશક્ય ઇચ્છાને અભાવે હોય છે ને બીજી શક્તિને અભાવે.

ખિલાફતની માગણીમાં અશક્યતા શી છે એ આજ લગી સરકાર સમજાવી શકેલ નથી. તેની બધી અશક્યતા તેની બદદાનતમાં, તેની આપવાની અનિચ્છામાં રહેલી છે. બ્રિટિશો અરબસ્તાનને ખાલી કરે એમાં અશક્યતા શી છે? તુર્કીને તેનો પોતાનો મુલક પાછો આપવો તેમાં અશક્યતા કે અટકાયત શી હોય? જો બ્રિટિશ પ્રજા એ વાત સાંખી ન શકે તો તો હિંદને સારુ બ્રિટિશ સલ્તનત સાથેનો સઘળો જ સંબંધ તોડવાનો પ્રશ્ન ખડો થાય. એટલે ખિલાફત વિષેનો આણગમો તો દલીલમાં દાખલ થઈ જ ન શકે.

તેવું જ પંજાબનું. પંજાબને વિષે આપણી એવી કઈ માગણી છે કે જેનો સ્વીકાર કરવો સરકારને સારુ અશક્ય છે? મૌલાના શૌકતઅલી અને સર માઇકલ ઓડવાયર બંને પેન્શનની બાબતમાં એક જ પ્રકારના અમલદાર હતા. છતાં મૌલાના શૌકતઅલીનું પેન્શન રદ કરતાં સરકારે કોઈને પૂછ્યું નહીં, પણ સર માઇકલ ઓડવાયર અને જનરલ ડાયરનાં પેન્શન બંધ કરવાં સરકારને આજ ભારે પડે છે. કારણ સીધું છે. જેને સરકાર ભલા અને રાજ્યના ખેરખ્વાહ માને છે તેને આપણે દુશ્મન માનીએ છીએ. સરકાર સર માઇકલ અને જનરલ ડાયરની ભૂતકાળની નોકરી ભૂલી જવા નથી માગતી, જ્યારે આપણે મન તેઓની આગલી ચાકરીની કિંમત કંઈ જ નથી, અને પંજાબમાં સને ૧૯૧૯ની સાલમાં તેઓએ હિંદુસ્તાન પ્રત્યે કરેલી બેવફાદારી આપણને આજે પણ સાલે છે.

તેવું જ સ્વરાજનું. આપણે આજે સ્વરાજ જોઈએ છીએ, ત્યારે સરકાર કહે છે લાયક થયે.

૧. જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

આમ દરેક બાબતમાં મોટો ભેદ છે. એ ભેદ જ્યાં સુધી આપણી કસોટી પૂરેપૂરી નથી થઈ ત્યાં લગી જવાનો જ નથી. અને બંનેનાં દૃષ્ટિબિંદુ એક ન થાય ત્યાં સુધી સમાધાનીની પરિષદ થવાની હોય તો ભલે થાય, પણ તેમાંથી મીઠા ફળની આશા કોઈએ રાખવી નહીં.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૧–૧૯૨૨

## ૧૧૩. સ્વયંસેવકોની ભરતી

સ્વયંસેવકોની ભરતીનું કામ જેટલા જોરથી ચાલવું જોઈએ તેટલા જોરથી નથી ચાલતું એમ જોવામાં આવે છે. જેમ મહાસભાસપ્તાહમાં તેની ટિકિટઑફિસ ઉપર દરોડો પડ્યો હતો તેમ પ્રાંતિક સમિતિની ઑફિસ સ્વયંસેવક થનારા ઉમેદવારોથી ઊભરાઈ નથી જતી. વિષયવિચારિણી સમિતિની બેઠકમાં જવાને સારુ એટલી ટિકિટોની માગણી થતી હતી કે પ્રમુખ તેમ જ મંત્રી દીવાના જેવા બની ગયા હતા. કોને હા કહે અને કોને ના કહે? સ્વયંસેવકોની ભરતી પણ આવા જ જોરથી કાં ન ચાલે?

કોઈ કહે છે ખાદીની શરત છૂટે તો ભરતી જોસથી ચાલે. હું તો માનતો જ નથી. જેને સ્વયંસેવક બનવું છે તે ખાદીનો વાંક નહીં કાઢે. સ્વયંસેવક તો મરવાની તૈયારીની પ્રતિજ્ઞા લેવા ઇચ્છે છે, તે ખાદી પહેરતાં અચકાય અથવા તો પાંચદસ રૂપિયાની ખાદી લેવી પડે તે ન લે એવું ન જ બને. એટલા પૈસા ઊછીના લઈને પણ માણસ સ્વયંસેવક બને. પોતાના વ્યસનને પોષવા ખાતર કેટલા માણસો કરજ નથી કરતા? તો સ્વયંસેવક બનવાનું આપણને વ્યસન કાં ન લાગે?

કોઈ કહે છે અસ્પૃશ્યતાની પ્રતિજ્ઞા કાઢી નાખો તો ખૂબ માણસો ભરતીમાં આવે. આ પણ બરાબર નથી. મને લાગે છે આમાં ખરચ કે અગવડની વાત ઓછી જ છે, પણ હૃદયના ફેરફારની જ મુખ્યત્વે વાત છે. અસ્પૃશ્યવર્ગને મેલીને સ્વરાજરૂપી સ્વર્ગમાં દાખલ થવાય જ નહીં. પણ આવા વાંધા તે કેવળ “નાચવું નહીં તેને આંગણું વાંકું”વાળી વાત છે.

વળી શરતોમાંથી મુક્તિ આપવાની તાકાત નથી મારામાં કે નથી કારોબારી સમિતિમાં. એ તો મહાસભાએ કરેલો ઠરાવ છે. તેમાં તો મહાસભા જ ફેરફાર કરી શકે. અને ફેરફાર કરાવવાની વાતને જ હું તો કાયરતા માનું.

વળી એ પ્રતિજ્ઞામાં કેવળ સિદ્ધાંતો જ આપેલા છે. સિદ્ધાંતોમાં કોઈથી ફેરફાર કરાય જ કેમ? જે મુક્તિનો અવકાશ દિલ્હીની બેઠકમાં રાખવામાં આવ્યો છે તે તો તે જ જિલ્લાના હાથવણાટનું કપડું પહેરવાની શરત બાબત હતો. પંજાબમાં કોઈ એક જિલ્લો ઊનનાં કપડાં બનાવી ન શકે એવી જગ્યાએ કારોબારી સમિતિ બીજા જિલ્લામાંથી કે બીજા પ્રદેશમાંથી હાથની કાંતેલી ઊનનાં કપડાં લેવાની પરવાનગી આપી શકે. પણ અસ્પૃશ્યતાની બાબતમાં કે શાંતિની પ્રતિજ્ઞાની બાબતમાં અગર તો હિંદુ, મુસલમાન, પારસી, ઈસાઈ વગેરેની એકતાના વિષયમાં કોઈથી પણ મુક્તિ અપાય ખરી? જેઓને ખરેખર સ્વયંસેવકોની ભરતીમાં નામ નોંધાવવું જ છે, જેને જેલમાં જવાનો ઉત્સાહ છે તે બધી શરતોનું પાલન સુખે કરી શકે.

Gandhi Heritage Portal

તેથી ગુજરાતમાં જો થોડા જ સ્વયંસેવકોનાં નામ મળે તો હું એમ જ માનવાનો કે એથી વધારે લોકો પોતાનાં નામ નોંધાવવા માગતા જ નથી. અથવા તો જે રીતે લડત ચાલી રહી છે તે પ્રમાણે લડત ચલાવવી ઘણાંને પસંદ નથી.

પણ લોકો પ્રતિજ્ઞાની શરતો ઉપર આસ્થાના અભાવને કારણે નામ ન નોંધાવે એ પ્રતિજ્ઞાની શરતોને ન ગણકારીને નામ નોંધાવવા કરતાં ઘણે દરજ્જે સારું છે. ભલે થોડા જ પણ પ્રતિજ્ઞાની શરતોનું પૂરેપૂરું પાલન કરનારા જ પોતાનાં નામ નોંધાવે. એવા થોડા સાચામાંથી ઘણા થવાનો સંભવ છે. પણ જેમતેમ સ્વયંસેવક બનેલા ઘણાથી પણ અંતે આપણને કશો ફાયદો નથી થવાનો. કારીગરનું કામ છે કે ચણતર થતું હોય ત્યાં માપ લીધા કરે ને ધારેલું મકાન તૈયાર થશે કે નહીં એ તપાસ્યા કરે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯-૧-૧૯૨૨

## ૧૧૪. સરકારી સભ્યતા

શત્રુના પણ ગુણ જોવામાં લાભ છે. તેમાં નીતિ તો છે જ. પણ શત્રુમાં કંઈ જ ન હોય એમ માનનારો ગાફેલ પ્રાણી હારી બેસે છે.

બારડોલીમાં ખરું યુદ્ધ જામવાનો સંભવ છે એમ સરકાર જાણે છે. તેથી કલેક્ટર સાહેબે એક "સમજૂતી" કાઢી છે તે નોંધી લેવા લાયક છે. એને સમજૂતી જેવું સભ્ય નામ આપવાને બદલે સરકાર જાહેરનામું કહી શકતી હતી. પણ તેમ કરવાને બદલે સરકાર પ્રજાને હવે "સમજૂતી" આપે છે. "સમજૂતી"માંયે જે વિનય વાપર્યો છે તેના કરતાં વધારે વિનય પ્રાંતિક સમિતિની પત્રિકામાં ન હોઈ શકે. દલીલો પણ જે અસહકારી વાપરે તેવી જ વાપરવામાં આવી છે.

આમાં સહી "એચ. બી. શિવદાસાની"ની છે. એઓ તો આપણું જ લોહી કહેવાય. જો પોતાની જ સરમુખત્યારીથી એમણે એવી વિનયભરી સમજૂતી કાઢી હોય તો તેમાં બહુ નવાઈ નથી. સરકારી નોકરીમાં રહેતાં છતાં દેશી અમલદારો વિવેક વાપરતા થઈ જાય એ કંઈ વધારે-પડતું નહીં ગણાય.

પણ જો એ સમજૂતીની ભાષા અંગ્રેજ અમલદારે પણ જોઈ સમજીને પસંદ કરી હોય તો એને હું મોટો ફેરફાર ગણું છું ને આપણી લડતનો શુભ આરંભ ગણું છું. બંને પક્ષ પોતાના ક્ષેત્ર પર રહેવા છતાં વિનયપૂર્વક અને જંગલી બન્યા વિના લડી શકે એ કંઈ થોડી વાત નથી. એવું યુદ્ધ તો અનંતકાળ લગી ચાલે એમ આપણે ઇચ્છીએ છીએ. રામરાવણની લડાઈમાંયે આપણા કવિઓએ વર્ણન કરતાં પૂરી સભ્યતા જાળવી છે. મંદોદરીને તેઓએ સતી તરીકે ઓળખાવી છે. મેઘનાદના મૃત્યુ પછી સુલોચનાને રામચંદ્રે બધી સગવડો કરી આપી હતી. આદિ કવિ વાલ્મીકિએ તેમ જ ભક્ત કવિ તુલસીદાસે રાવણાદિની તપશ્ચર્યાની સંપૂર્ણ પ્રશંસા કરી છે.

એવું જ સભ્ય યુદ્ધ આપણે કરીએ એવી મારી મહત્ત્વાકાંક્ષા છે. અસહકારીને તો બીજું શોભે જ નહીં. અસભ્યતા એક પ્રકારની હિંસા છે. અને અહિંસાવ્રતના પાલનનો દાવો કરનાર આપણે જ્યાં સુધી એ વ્રતથી બંધાયેલા છીએ ત્યાં સુધી ભલે આપણે હિંદુ હોઈએ કે મુસલમાન

Gandhi Heritage Portal

પણ આપણે સભ્યતાનું પાલન કરવા બંધાયેલા જ છીએ. અને એક પક્ષ જો અંત લગી સભ્ય રહે તો તેની અસર પ્રતિપક્ષ ઉપર છેવટે થયા વિના ન જ રહે. તે સભ્યતાનો આરંભ આ સમજૂતીમાં જોવાનું મને મન થઈ જાય છે. સરકાર સભ્યતાપૂર્વક ભલે આપણાં ખેતરો લઈ લે. ભલે આપણને બંદૂકે મારે.

આટલી પ્રસ્તાવના પછી એ સમજૂતી હું નીચે આપું છું :[1]

આ સમજૂતીને વધાવવાની સાથે હું એટલું કહી જવા ઇચ્છું છું કે બારડોલી તાલુકાના એક પણ પાટીદારને અજાણપણામાં રાખવામાં આવ્યો નથી. દરેક સ્ત્રીપુરુષને કહેવામાં આવ્યું છે કે સરકાર

૧. પાક બધો વેચી શકે છે,

૨. લાખોનો પાક કોડીને દામે દઈ શકે છે,

૩. ઢોરઢાંખર, વાસણકૂસણ પણ લઈ જઈ શકે છે,

૪. ઈનામી જમીન પણ ખાલસા કરી શકે છે,

૫. લોકોને જેલમાં મોકલી શકે છે,

૬. લોકોનો રેલ, તાર, ટપાલ સાથેનો સંબંધ બંધ કરી, બારડોલી તાલુકાને ઘેરો ઘાલી લોકોને તેમાં પૂરીને થકવવાનો પ્રયત્ન કરી શકે છે.

આ બધો ઉપદ્રવ લોકો સહન કરી શકે તો જ લડે.

તેની સાથે લોકોને એમ પણ કહેવામાં આવ્યું છે કે બારડોલીની પ્રજા મુખ્ય ભાગે પોતાના નિશ્ચય ઉપર દૃઢ રહે, સત્યને જ વળગી રહે, શાંતિનું પૂરું પાલન કરે, ભય માત્ર છોડે, એક-બીજાની સાથે સંપીને રહે, અસહકાર પૂરો કરે, ઢેડભંગીની સાથે મિત્રાચારી રાખે, તેમને અસ્પૃશ્ય ન માને, સ્વદેશીનું પૂરું પાલન કરી કેવળ હાથે કાંતેલાં-વણેલાં કપડાં પહેરે ને પોતાને જોઈતું સૂતર કાપડ બારડોલીમાં જ કાંતેવણે, તો લોકોનો વાળસરખો પણ વાંકો થવાનો નથી ને જપ્ત થયેલી પોતાની જમીન તેઓ પાછી મેળવશે, એટલું જ નહીં પણ બીજાનાં દુઃખો ટાળી પોતે મુક્ત થઈ હિંદુસ્તાનને મુક્ત કરવામાં મોટો ફાળો ભરશે.

આ લડતમાં દંભ ન ચાલે, ડોળ ન ચાલે, જૂઠ ન ચાલે, છાનું કંઈ રહે નહીં. સહુ પોતાને બળે અથવા ઈશ્વરના બળે લડે. તેથી સૌ કોઈ જે કાંઈ કરે તે બધું સમજીને જ કરે. બારડોલી તાલુકાના ખેડૂતો સમજુ છે. તેઓ દેશ તથા ધર્મને સારુ સહન કરવા, પાયમાલ થવા તત્પર છે એવું સમજીને હું તેમનું નિત્ય સ્તવન કરું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૧–૧૯૨૨

૧. આ સમજૂતી અહીં પ્રગટ કરવામાં આવી નથી.

Gandhi Heritage Portal

## ૧૧૫. ચાલતો ક્રમ

### મહાસભાનું નવું વર્ષ

મહાસભાવાદીઓએ સમજવું જોઈએ કે જેઓ મહાસભાને જીવતી રાખવા ઈચ્છે છે તેઓએ મહાસભાનો વાર્ષિક કર આપવાનો રહેલો જ છે. જો દરેક જણ પણ ચાર આના ન ભરે તો આ વર્ષે મહાસભા ન જ મળી શકે. જેટલા માણસો ચાર આના આપશે તેટલા જ માણસોના હાથમાં સંસ્થા ચાલી જશે. મહાસભાનું બળ જેમ તેના સ્વયંસેવકો પર છે તેમ ચાર આના આપનાર ઉપર પણ છે. કિંમત ચાર આનાની નથી પણ નામની છે. મહાસભાને દફતરે ગયે વર્ષે કરોડ નામ નથી ચડયાં એમ મને ધાસ્તી છે. ચડયાં હોય કે ન ચડયાં હોય, પણ જો મહાસભા જીવતી સંસ્થા હોય, લોકોને એક વર્ષમાં તેને વિષે રસ આવ્યો હોય તો આ વખતે તો ગયા વર્ષ કરતાં વધારે સભાસદો તૈયાર થવા જ જોઈએ. જેમ સભાસદો વધારે તેમ મહાસભાનું બળ વધારે.

વળી આ વર્ષે મહાસભામાં ૧૮ વર્ષના જુવાનો પણ પોતાનું નામ નોંધાવી શકે છે. સ્ત્રીપુરુષ બંનેને સરખો હક છે. મારી ઉમેદ છે કે કોઈ સ્ત્રીપુરુષ જેને ૧૮ વર્ષ થયાં છે અને જેને સ્વરાજ વહાલું છે ને જે શાંતિ અને સચ્ચાઈથી સ્વરાજ મેળવવા માગે છે તે વગરનોતરે પોતાના તાલુકા કે ગામના મહાસભાના દફતરમાં પોતાનું નામ નોંધાવ્યા વિના નહીં રહે. જો લોકોમાં ખરો ઉત્સાહ હોય, મહાસભા પ્રત્યે લાગણી હોય તો આ કામને સારુ સ્વયંસેવકોને રોકવાની જરૂર જ ન પડવી જોઈએ. લોકોએ ફક્ત ચાર આના આપવા એ મહાસભામાં પોતાનો વિશ્વાસ જાહેર કર્યા બરોબર છે.

### મહાસભાની તિજોરી

ઉપર પ્રમાણે લોકો પોતાનાં નામ નોંધાવે તેમાંથી થોડા પૈસા તો મહાસભાને મળે છે. પણ આમ મળેલા પૈસાનો મુખ્ય ઉપયોગ તાલુકા સમિતિઓને મળે છે. મહાસભાને તો બીજા ખર્ચની જરૂર પડે જ. ગુજરાતનો જ દાખલો લઈએ. ગુજરાતમાં ગયે વર્ષે ઠીક રકમ થઈ ગણાય. જેટલા ઉઘરાવ્યા તેટલા આપણે ખરચ્યા. એમ જ કરવાની જરૂર હતી, એમ જ ધાર્યું હતું. નવા વર્ષનું નવું ઉઘરાણું હોવું જ જોઈએ. સ્વદેશી, અંત્યજ-ઉન્નતિ, કેળવણી વગેરે કામોમાં પૈસાની જરૂર તો છે જ. આ વર્ષે પૈસા એકઠા ફરી પાછા ન કરીએ તો આપણું કામ આગળ ન ચાલી શકે. તેથી મારી ઉમેદ છે કે જેઓ ગુજરાત પ્રાંતિક સમિતિના કાર્યને ઉત્તેજન આપવા ઈચ્છતા હોય તેઓ પોતાની મેળે જ પોતાનો ફાળો મોકલતા થઈ જાય. જેની મરજી હોય તે એ પૈસાને આંકી શકે છે, એટલે પોતાની મરજીમાં આવે તે ખાતાને સારુ મોકલી શકે છે. નવજીવનના વાંચનાર જેઓ પૈસા આપવા ઈચ્છતા હોય તેઓ જેટલું બને તેટલું મોકલશે એવી મારી ઉમેદ છે. નવજીવન દ્વારા મોકલશે તેને આ પત્ર દ્વારા પહોંચ મળશે. મારે સહુને યાદ દેવું જોઈએ કે ગુજરાત પ્રાંતિક સમિતિએ દરેક હિસાબ પ્રગટ કર્યો છે. ખર્ચ સમિતિની પેટા-સમિતિઓમાં મંજૂર થયેલું છે તે જ થયું છે. ખર્ચનો સારામાં સારો પુરાવો તો વિદ્યાપીઠ ને તેને લગતી શાળાઓ, સ્વદેશી ખાતું ને તેને લગતી શાખાઓ છે, જેમાં બધો પૈસો પથરાયેલો

Gandhi Heritage Portal

છે. પ્રજાનો પૈસો વિલાયતનાં છાપાંઓમાં કે એવાં કામોમાં જતો હતો એ દિવસો ગયા. વિદ્યાપીઠ અને સ્વદેશી એ બે મોટાં અંગોને પોષવાં હોય તો આપણે પૈસા એકઠા કર્યે જ છૂટકો છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૧–૧૯૨૨

# ૧૧૯. મારી નોંધ

## અમદાવાદ, નડિયાદ ને સુરત

આ મ્યુનિસિપાલિટીઓની લડત સુંદર રીતે ઘડાઈ રહી છે. એ ઘડતરમાંથી હિંદુસ્તાનને સરસ દાખલો મળી શકે છે. જો આ ત્રણે શહેરોના શહેરીઓ પોતાના પ્રતિનિધિઓને પૂરો ટેકો આપશે તો સ્થાનિક સ્વરાજ શું છે તેનો ધડો બેસાડી શકશે. સ્થાનિક સ્વરાજમાંથી રાષ્ટ્રીય સ્વરાજ સહેજે પેદા કરી શકાય તેમ છે. બંને મેળવવાનાં સાધન તો એક જ છે. બંનેની અસર પણ એક જ છે. સ્થાનિક સ્વરાજમાં સ્થાનવાસીઓએ આહુતિ આપવી રહી, રાષ્ટ્રીય સ્વરાજને સારુ રાષ્ટ્રવાસીઓએ. આ ત્રણે મ્યુનિસિપાલિટીઓને તદ્દન સ્વતંત્ર થતાં કોણ અટકાવી શકે? લોકો સરકારે રચેલી મ્યુનિસિપાલિટીને કર આપવાને બદલે પોતે સ્વતંત્રતાએ નીમેલા પ્રતિનિધિને જ કર આપે તો તેમાં નથી કંઈ ગેરકાયદેસર, નથી તેમાં કંઈ લડવાનું. લોકોના હાથમાં પોતાની મેળે જ સત્તા આવીને પડે તેમ છે. એના એ જ પ્રતિનિધિઓ, એનાં એ જ મકાનો, એના એ જ નોકર, ધારા પણ એના એ જ (રાખવા હોય તો); માત્ર સરકારની આણનો ઇનકાર કરવો રહ્યો. આનું નામ શાંત વિપ્લવ અથવા નવો જન્મ. માત્ર લોકોએ પોતાનાં હૃદયને જ તપાસવાં રહ્યાં. આજ લગી જે મ્યુનિસિપાલિટીઓ ચાલી છે તેનો અર્થ એ જ છે કે લોકોએ ખરું જોતાં તેમાં રસ જ નથી લીધો. લોકોને નામે ગમે તે માણસો નિમાઈ જઈ પોતાનું અથવા સરકારનું કામ કરતા હતા. આનો અર્થ હું એમ નથી કરતો કે એવી મ્યુનિસિપાલિટીઓમાંથી લોકોને કશો લાભ જ નહોતો મળતો. દીવાબત્તી મળ્યાં છે, પાયખાનાં સાફ થયાં છે, દવા પણ મળી છે. છતાં લોકોને એવી ભાવના પેદા નથી થઈ કે આ અમારું છે. અમદાવાદના લોકો જેમ મહાજનની મિલકતને પોતાની માને તેમ મ્યુનિસિપાલિટીને પોતાની ન માનતા. મ્યુનિસિપાલિટીની સભામાં લોકો ભાગ્યે જ રસ લેતા. હવે તો ત્રણે શહેરમાં લોકો જતા થઈ ગયા છે ને ખૂબ રસ લે છે. હજુ આત્મવિશ્વાસ પૂરો નથી આવ્યો, નહીં તો લોકો બધા કારભારના માલિક થઈ શકે છે. તફાવત માત્ર એટલો કે આજે લોકો મ્યુનિસિપાલિટીનો કર ન ભરે તો લોકોની ઉપર કામ ચાલી શકે છે. જ્યારે સરકારની આણ તેની ઉપરથી ઊઠે ત્યારે લોકો પોતાની ઇચ્છાએ જ કર ભરે. અને એમ ભરાયેલો કર એ જ ખરો મરજિયાત કર.

એવી પ્રથાથી કંઈ આપણે અજાણ્યા નથી. આપણી નાતોના લાગા આપણે આજ લગી સુખેથી ભર્યા છે. આપણા મહાજનોના કર આપણે સહુથી પહેલા આપીએ છીએ. માત્ર રાજ્યપ્રકરણી જાગૃતિ આજ લગી ન હતી; તેમાં લોકો રસ ન લેતા. તેમાં વ્યવહારુ માણસો અઢારે વર્ણ નહોતા પડયા. જ્યારે અઢારે વર્ણ તેમાં રસ લેતા થાય ત્યારે આંખસરખી ઊંચી કર્યા વિના અવશ્ય સ્વરાજ છે. જ્યારે થોડા માણસો ઝાઝા ઉપર સત્તા ભોગવવા ઇચ્છે ત્યારે જ બળાત્કાર

Gandhi Heritage Portal

થાય છે. આ સામાન્ય નિયમ છે. થોડાની ઉપર ઝાઝાને બળાત્કાર નથી કરવો પડતો, અથવા ઝાઝાપણામાં જ જે સૂક્ષ્મ બળાત્કાર રહ્યો છે તે બસ હોય છે. તેવો દેશ એક હિંદુસ્તાન જ છે કે જ્યાં ઝાઝા જાણતા થયા છે તે છતાં હજુ પોતાને અપંગ માને છે!

આ મ્યુનિસિપાલિટી શું ન કરી શકે? શું આપણે આપણાં શહેરોનાં દીવાબત્તી, તેના રસ્તા, પાયખાનાં, અપંગખાનાં વગેરેની દેખરેખ રાખવાને લાયક નથી? ખાદીનગરનાં જાજરૂ કોણે સાફ રાખ્યાં, એ કોણે બાંધ્યું, તેમાં રસ્તા કોણે રચ્યા, તેમાં ખાવાની સગવડ કોણે કરી, દરદીઓની સગવડ કોણે તૈયાર કરી હતી, રાત્રે ઝૂંપડાંઓની ચોકી કોણે કરી? એટલી ગાડીઓની અવરજવરનો બંદોબસ્ત કોણે ચલાવ્યો હતો? એનો ગુણાકાર વખત, કામ ને માણસોની સંખ્યાના આંકડાથી કરો એટલે સ્વરાજનો આંકડો મળી રહેશે. આપણે પોતે જ માની બેઠા છીએ કે આપણામાં શક્તિ નથી. તેનો ઈલાજ બીજો કોણ બતાવે?

મારી ઉમેદ છે કે ત્રણે શહેરોના શહેરીઓ મ્યુનિસિપાલિટીના કામમાં પૂરો રસ લઈ પ્રતિનિધિઓને ઉત્તેજન આપી ત્રણે શહેરોની સાથે જે નિરર્થક ઝઘડો સરકાર કરી રહેલ છે તેમાં જય મેળવશે ને પોતાનાં શહેરોની સ્વતંત્રતા સિદ્ધ કરશે.

### આપણું રક્ષણ

જ્યારે આપણે સરકારની સત્તાના રક્ષણમાંથી બચવા ઇચ્છીએ છીએ ત્યારે આપણને વિચાર કરવાનું આવી જ પડે છે કે આપણે આપણું રક્ષણ કઈ રીતે કરશું? આજ લગી તો સરકારી પોલીસે, સરકારી લશ્કરે, સરકારી તોપે, સરકારી તલવારે આપણું રક્ષણ કર્યું છે. સરકાર જતે કોણ કરશે? ચોર લૂંટારા વગેરેના ભયથી આપણને કોણ બચાવશે? આ સવાલો જ્યાં લગી પુછાયા કરે ત્યાં લગી આપણે નથી સ્વરાજને સારુ લાયક કે નથી મરદ કહેવડાવવાને સારુ લાયક.

શહેરોનું ને ગામોનું રક્ષણ આજે આપણે કેમ ન કરી શકીએ? આ સવાલ હિંદુસ્તાનનાં સાડાસાત લાખ ગામડાં નથી પૂછતાં. તેનું રક્ષણ સરકાર નથી કરતી. ગામડાં પોતે પોતાનું રક્ષણ કરી લે છે. ને જે નથી કરી શકતાં તે આજે પણ લૂંટાય છે. અંદર અંદરના ઉપદ્રવોથી તો સરકારે પણ ગામડાંનું રક્ષણ નથી કર્યું ને કોઈ ન જ કરી શકે. એ રક્ષણને સારુ ગામડાંઓએ તૈયાર રહેવું કે થવું જ જોઈએ.

દરેક શહેર ને ગામડામાંથી સ્વયંસેવકો નીકળવા જોઈએ કે જેમનું કામ લોકોનું રક્ષણ કરવાનું હોય, જેઓ રાત્રીનો પહેરો ભરે. આમાં પણ આપણી સામે કોઈ થઈ શકે તેમ નથી. આ કામને સારુ પ્રજા પોતે તૈયાર હોવી જોઈએ.

આ કામને સારુ હથિયારની જરૂર નથી, છાતીની જરૂર છે. જાગતાને લૂંટાવાનો ઓછો ભય છે. બધા રાતદિવસ ન જાગી શકે, તેથી કેટલાકે રાતની ચોકી કરવા તૈયાર થવું જોઈએ. બત્તી અને પહેરો એ બે વસ્તુ શહેરોને સુરક્ષિત કરવાને સારુ બસ છે.

આ ઉપરાંત પણ સુધારાના ઈલાજો તો લેવા જ જોઈએ. ચોરને શોધી તેમને સજા કરવા કરતાં સમજાવવાનું કામ કરવું જોઈએ. ચોર મળી ગયા પછી તે ચોરી કરવાની હિંમત ઓછી કરશે. જેમણે ચોરીને ધંધો જ માન્યો છે એમના તરફથી મુશ્કેલી પડે. પણ આ સાર્વજનિક શુદ્ધિની અસર તેઓની ઉપર પણ થાય જ. અને તેમાં વધારો કરવાનું કામ સાધુઓનું છે. સાધુઓમાં ખરી સાધુતા આવી જાય તો તેઓ આ કામને તો અવશ્ય પૂરું મહત્ત્વ આપે. જે ચોરી, લૂંટ વગેરેને પોતાનો ધંધો ગણે છે તે કામોમાં સાધુઓએ પ્રવેશ કરી તેમને તેઓની

Gandhi Heritage Portal

આદતમાંથી છોડાવવા જોઈએ. તેઓએ તેઓને બીજે ધંધે ચડાવવા જોઈએ. મતલબમાં તેઓને પણ શત્રુ ગણવાને બદલે ભાઈ સમજી તેઓની સેવા કરવી જોઈએ. ચોરી કરવાની ટેવ એ પણ એક જાતનું દરદ છે. અને એ માનસિક રોગ હોઈ વધારે મુશ્કેલ સમજી તેનાં નિદાન ચિકિત્સાનું કામ આપણે હાથ ધર્યું જ નથી. જે માણસને અપચો થાય, તાવ આવે, ઊલટી થાય તેની દવા કરીએ છીએ. જે ચોરી કરે, જે જૂઠું બોલે, જે છેતરે, તેને પણ રોગી ગણી તેની દવા કેમ ન કરીએ? તેને કેદમાં મોકલ્યા સિવાય બીજો ઇલાજ આપણે કાં ન શોધીએ? શરીરે માંદાને આપણે કેમ દવાને બદલે દંડ નથી દેતા? હું તો માનું છું કે બંને દયાપાત્ર છે અથવા બંને દંડને પાત્ર છે.

પણ આપણે વિચાર કરવાનું કામ આળસને વશ થઈ છોડી દીધું છે તેથી "એકને ગોળ અને બીજાને ખોર"નો કાયદો સનાતન છે એમ માની બેઠા છીએ. આપણે જ્યારે શાંતિમય અસહકારથી હિંદુસ્તાનનું સ્વરાજ લેવા નીકળી પડ્યા છીએ તો આપણે ચોરી ઇત્યાદિ ભયોની દવા પણ શાંતિને માર્ગે શોધવી પડશે અને તે છે જ.

સરકાર પણ એટલું તો શીખવે છે. તે દંડ દે છે તેથી મુક્તિફોજ જેવી સંસ્થાઓની મદદ લૂંટ ઇત્યાદિ કુકર્મો કરનારી કોમોને સુધારવાને સારુ વત્તાઓછા પ્રમાણમાં લે છે. આપણી પાસે તો સરકારના કરતાં આવાં કામોને સારુ ઘણાં બળવાન સાધનો છે, કેમ કે તેને સારુ સાધુઓનો ને ફકીરોનો સમાજ પડ્યો છે. એ સમાજ ખરી સાધુતા અથવા ફકીરી સંપાદન કરે તો આ કામમાં સંપૂર્ણ મદદ થઈ શકે છે. આને સારુ સંઘ-સંગઠનની જરૂરિયાત કોઈએ ન માનવી. દરેક ગામ કે શહેર કે જ્યાં રાષ્ટ્રીય જાગૃતિ થઈ છે ત્યાં બીજાની વાટ જોયા વિના લોકોએ પોતાની રક્ષાનો ને સુધારાનો પ્રબંધ કરી લેવો જોઈએ. બેચાર ઠેકાણે પણ એ કામ બરોબર થઈ જશે તો બીજાં ગામોમાં એ પ્રથા પોતાની મેળે દાખલ થઈ જશે.

## એક અંગ્રેજ બાઈનો આશીર્વાદ

કલકત્તેથી એક અંગ્રેજ બાઈ લખે છે :[1]

આ કાગળ છાપતાં મને સંકોચ તો થાય જ. તેમાં આત્મસ્તુતિ આવી જાય છે. પણ મારી ઉમેદ છે કે મારામાં અહંકાર નથી. મારી નબળાઈઓને હું પારખી શકું છું, પણ ઈશ્વર અને તેના સામર્થ્ય ને તેની રહેમ ઉપરની મારી શ્રદ્ધા અડગ છે. હું તો તે મહાન કુંભકારના હાથમાં માટીના પિંડારૂપ છું. તેથી મારો તો એ સ્તુતિને ઈશ્વરાર્પણ કરવાનો જ અધિકાર. મારે સારુ તો આ બાઈના આશીર્વાદમાંથી એટલો જ સાર છે કે હું તે મેળવીને વધારે દૃઢ બનું.

પણ આ કાગળ પ્રગટ કરવાની મારી મતલબ તો એ છે કે સાચા અસહકારી પોતાના શાંતિમાર્ગમાં દૃઢ બને અને ખોટાને તે અશાંતિને માર્ગે જતાં અટકાવે. આપણી શાંતિની જે અસર આ અંગ્રેજ બાઈઓ[2] ઉપર પડી છે તે બધા ઉપર પડે જ એમ હું માનું છું.

પણ આપણી લડતમાંથી તિરસ્કાર નીકળી જવો જોઈએ. આપણી લડતનું મૂળ પ્રેમ છે, દ્વેષ કે રોષ નથી. આપણે દુશ્મનને પણ મિત્ર બનાવવા માગીએ છીએ. અને મારી ખાતરી છે

૧. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી, તે માટે જુઓ "નોંધ", ૨૯–૧–૧૯૨૨નું પેટામથાળું "એક અંગ્રેજ સન્નારીના આશીર્વાદ."

૨. પત્રલેખિકા અને બીજી અંગ્રેજ મહિલા જેનો તેમણે તેમના પત્રમાં ઉલ્લેખ કર્યો હતો અને જેમણે અગાઉ એ જ પ્રમાણે લખ્યું હતું. તેમનો પત્ર યંગ इन्डिया, ૧૨–૧–૧૯૨૨ના અંકમાં પ્રગટ થયો હતો.



Gandhi Heritage Portal

કે જો આપણે આપણું કાર્ય દ્વેષરહિત થઈને કરીએ તો આપણી સહનશક્તિથી પથ્થર જેવાં હૃદય પણ પીગળે. જેટલી ઢીલ થાય છે તેનું કારણ આપણી ખામીઓ જ છે. આપણે જો શાંત ચિત્તે દુ:ખોની બરદાસ્ત કર્યા જ કરીએ તો આપણો સંપૂર્ણ વિજય ઘણા જ થોડા સમયમાં મેળવી લઈએ.

પણ આપણે મદ્રાસમાં ભૂલો કરી, મુંબઈમાં કરી, આપણા મનમાંથી રોષ નથી ગયો. આપણે હજુ આપણા જોરથી શાંત નથી, પણ આપણી શાંતિ આપણી નબળાઈની નિશાની છે. જો આપણે આપણું સંખ્યાબળ ઓળખી લઈએ તો તુરત સાવધાન થઈ જઈએ. મૌલાના મહમદઅલી કહે છે તે પ્રમાણે ત્રીસ કરોડ માણસને એક લાખનો ડર હોય જ નહીં. ત્રીસ કરોડ માણસ જો એક લાખથી ડરે છે તો તે પોતાને વાંકે. જ્યારે તેઓ ડર છોડે ત્યારે તેઓના હાથમાં જ સ્વરાજ રહેલું છે. અને ત્રીસ કરોડ માણસ જો એક લાખને ડરાવીને પોતાનું કાર્ય સાધવા માગે તો તેના જેવા પાપી પણ કોઈ ન ગણાય. એટલે આપણી મરદાનગી પણ આપણે તો કેવળ દુ:ખ સહન કરીને જ બતાવવી રહી.

જો આપણે કેવળ ખોબા જેટલા જ હિંદી જાગ્રત થયા હોઈએ ને બીજા નિદ્રામાં હોય તોયે આપણે મારફાડથી કામ ન લઈએ. તો તો આપણે સમજી જ જવું જોઈએ કે આપણે નિદ્રાવશને જગાડવાના છે.

તેથી ગમે તે રીતે આપણી સ્થિતિને તપાસીએ તોયે આપણે આપણું કાર્ય શાંતિ અને પ્રેમથી લેવાનું છે. એમ છતાં હજુ તો એક તરફથી આપણે જેલ જવા ઇચ્છીએ છીએ છતાં બીજી તરફથી કોર્ટ અને શોરબકોરથી ડરાવવા પણ ઇચ્છીએ છીએ. હજુ મારી આગળ એવી રાવ તો આવે જ છે કે લોકો કોઈ કોઈ જગ્યાએ જ્યારે અસહકારીનો કેસ ચાલતો હોય ત્યારે કચેરી ભરી મૂકે છે. પછી જો કોર્ટ જેલમાં લઈ જાય તો શી નવાઈ?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૧-૧૯૨૨

## ૧૧૭. આંધ્રમાં જાગૃતિ

જાન્યુઆરી ૨૯, ૧૯૨૨

આ લખું છું ત્યાં સુધીમાં પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી તરફથી યંગ ઇન્ડિયાના કાર્યાલયને નીચેના બે તાર[1] મળ્યા છે:

> ૧. ગઈ કાલે આંધ્રની પ્રાંતિક કૉંગ્રેસની કારોબારી સમિતિ ગંતુરમાં મળી. . . જિલ્લાના જુદા જુદા ભાગમાંથી ઘણા ખેડૂતો. . . પણ સભામાં હાજર રહ્યા હતા. . . પેદરન્દીપદુની આસપાસનાં ૫૦ ગામોમાંના દરેક ગામમાંથી ઘણી મોટી ઉંમરના વૃદ્ધો સહિત અનેક પુખ્ત વયના પુરુષો સ્વયંસેવક તરીકે નોંધાયા છે, અને ત્યાં મૂકવામાં આવેલા લશ્કર તરફથી કેટલીક વાર થતી ઉશ્કેરણી, તેમની જંગમ મિલકતની જપ્તી, અને જપ્તીનો દેખાવ સુધ્ધાં કર્યા વિના જોહુકમીથી તેમનાં ગાડાં અને બળદોનું હરણ કરાતું હોવા છતાં સંપૂર્ણ રીતે ખાદી પહેરેલો પ્રત્યેક જણ કેવી રીતે સેવા કરી રહ્યો છે અને કેવી રીતે અહિંસાનું કડક રીતે પાલન કરે છે તેનું આબેહૂબ વર્ણન કરવામાં આવ્યું હતું. તેમણે એમ

૧. તેમાંથી માત્ર થોડા ઉતારા જ અહીં પ્રગટ કરવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

પણ જણાવ્યું છે કે લગભગ બધાં ગામોમાં બધા જ ગ્રામઅધિકારીઓએ પોતાની જગ્યાનાં રાજીનામાં આપી દીધાં છે. બીજા વિસ્તારોના ગ્રામઅધિકારીઓએ રાજીનામાં આપી દીધાના હેવાલો પણ આપવામાં આવ્યા હતા. લંબાણથી ચર્ચા કર્યા પછી કારોબારી સમિતિએ ખાસ સાવધાનીનાં પગલાં તરીકે નીચેનો ઠરાવ કર્યો છે : "આ સમિતિનો એવો મત છે કે તેણે અગાઉ ઠરાવ્યા પ્રમાણે એકીસાથે ઘણા તાલુકામાં ના-કરની ઝુંબેશ ચલાવવાને બદલે, ગંતુર જિલ્લા કૉંગ્રેસ સમિતિએ તે ઝુંબેશને મર્યાદિત કરવી અને તે વિસ્તારમાં દિલ્હીની શરતો કેટલે અંશે સંતોષાઈ છે તેની તપાસ કરવા એક સમિતિ નીમવી અને એ સમિતિના અભિપ્રાય પ્રમાણે ના-કરની આખરી લડતના પ્રશ્ન વિષે નિર્ણય લેવો."

૨. અન્ય બાબતો ઉપરાંત ૨૫મીએ મળેલી પ્રાંતિક કૉંગ્રેસ સમિતિની કારોબારી સમિતિએ કરેલા ના-કરના ઠરાવ અંગે વિચારણા કરવા ગંતુર કૉંગ્રેસ સમિતિની બેઠક પરમ દિવસે મળી હતી. જિલ્લાના જુદા જુદા તાલુકાના અગ્રગણ્ય ખેડૂતો અને કેટલાક કૉંગ્રેસી કાર્યકરો પણ સભામાં હાજર રહ્યા હતા. પોતપોતાના તાલુકા અને ફિરકાઓમાંની પરિસ્થિતિની સમજણ આપવાનું જણાવવામાં આવતાં, પ્રતિનિધિ તરીકે આવેલા ખેડૂતોએ લોકોમાં આંદોલને કરેલી પ્રગતિનો હેવાલ આપ્યો. તેમનામાંના મોટાભાગના લોકોએ બધી મુશ્કેલીઓ છતાં, લડત ચલાવવાનો તેમનો નિરધાર દર્શાવ્યો, જ્યારે કેટલાકે એવો મત વ્યક્ત કર્યો કે તેમના ફિરકાઓમાં દિલ્હી ઠરાવની કેટલીક શરતોનું પૂરું પાલન કરવામાં આવ્યું નથી અને અસ્પૃશ્યતાની બાબતમાં અને એક કે બે [ફિરકાઓ]માં અહિંસાની બાબતમાં પણ વધુ તૈયારી કરવાની જરૂર છે. જિલ્લાના લોકોએ લીધેલા પગલાની જવાબદારી અંગે શ્રી પ્રકાશમે[1], લંબાણથી પ્રવચન કર્યું. ૨૬મીના[2] *બૉમ્બે ક્રૉનિકલ*માં ના-કર અંગે પ્રગટ થયેલો મહાત્માજીનો પત્ર તેમણે વાંચી સંભળાવ્યો અને તે અંગે સ્પષ્ટતા કરી. શ્રી વેંકટપૈય્યાએ જણાવ્યું કે મહાત્માજીએ તેમના પર લખેલા પત્રને લીધે તથા તે પછી તેમની સાથે થયેલા પત્રવ્યવહારને લીધે આ બધું જણાવવાની જરૂર ઊભી થઈ છે. જે વિસ્તારોમાં ભારે તૈયારીઓ કરવામાં આવી હતી તે વિસ્તારો વિષે દિલ્હી ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. . . .

સરકારની તૈયારીઓ વિષે ઍસોસિયેટેડ પ્રેસનો સંદેશો આ રહ્યો :

ગંતુરમાં સવિનયભંગ અને ના-કરની ઝુંબેશ તથા ગામડાના અધિકારીઓનાં રાજીનામાંનું કામકાજ ચાલી રહ્યું છે. ત્યાંની પરિસ્થિતિ જોતાં મદ્રાસની સરકાર મદ્રાસ રેવન્યૂ રિકવરી ઍક્ટ ( ૨ – ૧૮૬૪ )માં સુધારો કરવાની દિશામાં કટોકટીના સમય માટેનો ધારો હાથ ધરવા માગે છે. એ સુધારાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે અત્યારના કાયદામાં જપ્તીનો હુકમ અને મિલકતની જપ્તી વચ્ચેના વચગાળાના સમયની જે જોગવાઈ છે તે રદ કરવી અને જે ખેડૂત તેની બાકી આપવાની ના પાડે તેની મિલકતનું તરત જ વેચાણ થઈ શકે તે માટેની વ્યવસ્થા કરવી. વહીવટી ક્ષેત્રે પણ સરકાર બીજાં પગલાં ભરશે. દાખલા તરીકે એ આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા વિસ્તારોની જાહેરાત કરવી વગેરે. એ વિસ્તારોમાં સરકારના આદેશ

૧. ટી. પ્રકાશમ્ (૧૮૭૬–૧૯૫૭); *સ્વરાજ્ય*ના સંપાદક; આંધ્રકેસરી તરીકે જાણીતા થયા; મદ્રાસના મુખ્ય પ્રધાન.

૨. "૨૩મી"ના જોઈએ. આ દેખીતી ભૂલ છે. જુઓ *બૉમ્બે ક્રૉનિકલ*, ૨૩–૧–૧૯૨૨માં પ્રગટ થયેલો ૧૭–૧–૧૯૨૨નો "કે. વેંકટપૈય્યાને પત્ર."

Gandhi Heritage Portal

અનુસાર લોકોને છૂટ આપવામાં આવશે. અને આ છૂટ એવા લોકોને આપવામાં આવશે કે જેઓ ઠરાવવામાં આવે તે તારીખ સુધીમાં તેમની પાસેની માગતી નીકળતી રકમ સરકારી તિજોરીમાં કે કર અંગે સરકાર નિયુક્ત કરે તે અધિકારીને ભરી દેશે. હરાજી થતી રોકવા માટે લોકોએ સંપ કર્યો હશે તો સરકાર જે જમીન ખરીદી લેશે તે દલિતવર્ગોના લોકોને આપવાની જોગવાઈ કરવામાં આવશે. ગ્રામઅધિકારીઓનાં રાજીનામાં અંગે સરકાર જણાવે છે કે અત્યારના સંજોગોમાં એ રાજીનામાં સ્વીકારી ન શકાય અને એ અધિકારીઓ પોતાની ફરજો બજાવવાની ના પાડશે તો તેમને બરતરફ કરવામાં આવશે.

અહીં આગાહી કરી છે તેવાં સાવચેતીનાં પગલાં લેવાનો સરકારને અધિકાર છે એમ હું માનું છું. સંગઠિત બનીને તેનું મહેસૂલ ન ભરવાની તેને ધમકી આપવામાં આવી હોય ત્યારે સામાન્ય કાયદાને કોરે મૂકવાનો તેને અધિકાર છે. કોઈ પણ ડાહી સરકાર જાહેર અભિપ્રાયને કર ન આપવા માટે ઉશ્કેરે નહીં એ વાત અલબત્ત સાચી છે. પરંતુ જે સરકાર જાહેર અભિપ્રાયની અવગણના કરે છે તે વિનાપ્રયત્ને પોતાનું વિલોપન થવા દે એવી અપેક્ષા ન રાખી શકાય. એટલે તે કંઈ નહીં તો પોતાના મહેસૂલની વસૂલાતનું રક્ષણ જરૂર કરે. જપ્ત કરાયેલી મિલકતને દલિતવર્ગના લોકોના નામે ચડાવવામાં આવે તેની સામે પણ ખોટો વાંધો ન ઉઠાવી શકાય. આવી વ્યવસ્થા બંને પક્ષોને અનુકૂળ થવી જોઈએ. અસહકારીઓએ અહિંસક રહેવાનું, અને પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે સર્વસ્વ ગુમાવવાનું જોખમ વહોરવાનું સ્વીકાર્યું હોવાથી, તેમણે પોતાની માલમિલકત વેચાવા દેવી જોઈએ. બીજી બાજુ સરકાર, તેનાથી શક્ય હોય તો, ના-કરના આંદોલનને તોડવાનો પ્રયત્ન કરે અને વસૂલાત મેળવવા માટે પૂરતા વાજબી હોય એવા બધા જ ઈલાજ અજમાવે. દલિતવર્ગના લોકોને જપ્ત કરાયેલી જમીનોનાં હરાજીમાં ભાગ લેવા દેવો અને તે જમીન ખરીદવા દેવી એ એક આદર્શ દરખાસ્ત છે. જે લોકોને તેમની દલિત અવસ્થામાંથી આપણે ઊંચા લાવવા માગીએ છીએ તેઓ જપ્ત કરાયેલી જમીનોનો થોડા સમય માટે કબજો લે તેથી વધારે રૂડું બીજું શું હોઈ શકે?

હું "થોડા સમય માટે" શબ્દોનો ઉપયોગ કરું છું, કારણ કે તેના હાલના કબજેદારોને પોતાના ધર્મકાર્યમાં એટલી શ્રદ્ધા હોવી જોઈએ કે તેમને સ્વરાજ મળવું જ જોઈએ અને સ્વરાજ મળતાં તેમને તેમનો મૂળ દરજ્જો વધારાના માન સહિત પાછો મળવો જોઈએ. આ રમતમાં જે દલિત વર્ગોનો સરકાર પ્યાદાં તરીકે ઉપયોગ કરી રહી છે તેમની પાસેથી આ બધું લઈ લેવાથી તેમના પર વિપરીત અસર નહીં થાય, કારણ કે તેઓ સારી રીતે ગોઠવાઈ જાય, સુખી અને સંતોષી બને તે જોવાની મૂળભૂત કાળજી સ્વરાજ સરકારની રહેશે.

આટલી વાત સરકારનાં જરૂરી પગલાં અંગે છે. તેની રગેરગમાં વ્યાપેલો ગભરાટ તેના ગુનેગાર અંતઃકરણની સાક્ષી પૂરે છે. કરવસૂલાત માટે તે પોતાની લોકપ્રિયતા ઉપર આધાર રાખતી નથી. તેમ કરવા માટે તેને સંગીનોનો અને જુલમનો આશરો લેવો પડે છે. તે લોકપ્રિય નેતાઓને પકડી રહી છે અને "ખૂની" પગલાંને વાજબી ઠરાવવા લોકોને હિંસા કરવા ઉશ્કેરી રહી છે.

એમાં જ આંધ્રવાસીઓની કસોટી રહેલી છે. અત્યાર સુધી તેમણે પોતાની બહાદુરી અને આપભોગ પુરવાર કર્યાં છે. તેમના ચુનંદા આગેવાનો જેલ ગયા છે. તેમની પાસેથી તેમનાં ઢોર છીનવી લેવામાં આવ્યાં છતાં તેઓ શાંત રહ્યા છે. પરંતુ સૌથી ખરાબ દિવસો તો હવે પછી આવવાના છે. તેમના ઉપર સરકારનું લશ્કર છોડી મૂકવામાં આવશે ત્યારે તેઓ અનિચ્છાએ પીઠ પર નહીં પણ સ્વેચ્છાએ છાતી પર ગોળીઓ ઝીલશે અને છતાં વેરવૃત્તિ કે રોષ નહીં

Gandhi Heritage Portal

દાખવે. તેઓ, દ્રૌપદી કે પ્રહ્‌લાદની માફક ઈશ્વરની પ્રાર્થના કરતા હોય અને તેને વિષેની શ્રદ્ધા પુરવાર કરતા હોય ત્યારે તેમણે પોતાનાં વાસણો અને માલમિલકત લઈ જવા દેવાં જોઈએ.

કર ન ભરવો એ તો એક વિશેષ અધિકાર છે. એ સત્યાગ્રહીને માલદાર બનાવવા માટે નહીં પરંતુ તેમની સ્વેચ્છાપૂર્વકની ગરીબી વડે રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવા માટે છે. તેઓ પવિત્ર બન્યા હોય, તેઓ પરદેશી કાપડ છોડીને હાથે કાંતેલી ખાદી પહેરતા હોય, અને હિંદુ થઈને અસ્પૃશ્યતાનું કલંક ધોઈ નાખીને જો તેઓ સ્વચ્છ બન્યા હોય અને અસ્પૃશ્યને ખાસ અધિકાર ધરાવતા ભાઈ તરીકે ગણતા હોય તો જ તેઓ આ વિશેષાધિકાર ભોગવી શકે. તેમણે અસ્પૃશ્યનો કચવાતે મને સ્પર્શ ન કરવો જોઈએ, પણ પ્રેમથી ભેટીને તેની સેવા કરવી જોઈએ. જેમ સરકાર પાસેથી આપણે તેણે કરેલા અનેક અન્યાય માટે પશ્ચાત્તાપની અપેક્ષા રાખીએ છીએ, તેમ એ સ્પર્શ સાચા પશ્ચાત્તાપની નિશાનીરૂપે હોવો જોઈએ. કંજૂસની માફક જે કાંઈ અનિવાર્ય હોય તેનો જ આપણે સ્વીકાર કરીશું તો તે વાત ઈશ્વરને ગમવાની નથી. એ સંપૂર્ણ રીતનું હૃદયપરિવર્તન હોવું જોઈએ. આપણે તેમને આપણી શાળાઓમાં, જાહેર સ્થાનોમાં આપણી સાથે આવવા દેવા જોઈએ. માંદગીમાં આપણે તેમની સગા ભાઈની માફક ચાકરી કરવી જોઈએ. આપણે તેમના મુરબ્બી ન બનવું જોઈએ. ધર્મશાસ્ત્રોનો એમની વિરુદ્ધ મારીમચડીને ઉપયોગ ન કરવો જોઈએ. જે લખાણના મૂળ વિષે શંકા હોય અને જેનો અર્થ તેમના માનવઅધિકાર વિરુદ્ધ થઈ શકતો હોય તેવાં લખાણો આપણે રદ કરવાં જોઈએ. જે રૂઢિ બુદ્ધિ, ન્યાય અને હૃદયના ધર્મની વિરુદ્ધ હોય તેનો આપણે ખુશીથી ત્યાગ કરવો જોઈએ. આપણે અજ્ઞાનથી કે વહેમથી ખરાબ રૂઢિને વળગી રહેવું ન જોઈએ અને દબાણ અને જરૂરિયાતને વશ થઈ કૃપણ જેમ તેના ખરાબ રસ્તે મેળવેલા ખજાનાનો ત્યાગ કરે છે તેમ આપણને ફરજ પડે ત્યારે જ આપણે તેનો ત્યાગ ન કરવો જોઈએ.

અસ્પૃશ્યતા વિષેની કૉંગ્રેસની શરતના પાલન અંગેની બાંયધરીઓ સ્વીકારી લેવા સામે સાવધાન કરતા તાર અને પત્રો મને મળ્યા હોવાથી અસ્પૃશ્યતા વિષે મેં લંબાણથી ચર્ચા કરી છે. તેમાં મને જણાવવામાં આવ્યું છે કે આંધ્રવાસીઓ અસ્પૃશ્યતાનો ત્યાગ કરવા તૈયાર નથી. હું આગેવાનોને કડક નજર રાખવા વિનંતી કરું છું. સાચા માર્ગેથી સહેજ પણ ચલિત થતાં આપણા કાર્યને સુધારી ન શકાય તેવી હાનિ પહોંચશે. ઈશ્વર તો શુદ્ધમાં શુદ્ધ બલિદાન માગે છે. ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના જેટલો જ હિંદુ ધર્મ કસોટી પર ચડ્યો છે. હિંદુઓ સદ્‌ગુણી બનવા સિવાયના બીજા કોઈ અધિકારને માન્ય ન રાખતા અને હૃદય અને બુદ્ધિને મંજૂર ન હોય એવા કશાનો પણ સ્વીકાર ન કરતા ઉપનિષદ્-ધર્મના ખોટા પ્રતિનિધિ નીવડશે.

આંધ્રજનો તેમની પરંપરાઓમાં ગર્વ અનુભવતી એક વીર્યવાન પ્રજા છે. તેઓ આપભોગ આપી શકે તેવી ધર્મનિષ્ઠ પ્રજા છે. દેશ તેની પાસેથી ઘણી અપેક્ષા રાખે છે અને મને આશા છે કે તેમાં તે ઊણી નહીં ઊતરે. બધી શરતોનું બરાબર પાલન કરવા માટે તે તૈયાર ન હોય તો રાહ જુએ. તેથી તે કશું જ ગુમાવશે નહીં. પરંતુ પૂરી તૈયારી વિના તે લડાઈમાં ઝંપલાવશે તો સર્વસ્વ ગુમાવશે અને દેશની કુસેવા કરશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–२–१९२२

Gandhi Heritage Portal

# ૧૧૮. લડતનું મંડાણ[1]

જાન્યુઆરી ૨૯, ૧૯૨૨

પ્રમુખ સાહેબ, ભાઈઓ અને બહેનો,

બારડોલીમાં આ મારી ત્રીજી વારની મુલાકાત છે. પહેલી વાર હું અહીં આવેલો ત્યારે તો માત્ર તમે બારડોલી તાલુકાના ભાઈઓ અને બહેનોએ કેવી તૈયારી કરી રાખેલી છે એટલું જ હું જોઈ ગયો હતો. તે મુલાકાત વખતે મારી ઉપર કે તમારી ઉપર જવાબદારી આવી ન હતી. બીજી વખત હું આવ્યો[2] ત્યારે આપણા બંનેની ઉપર ભારે જવાબદારી આવી પડેલી હતી, કેમ કે મહાસમિતિએ સવિનયભંગને લગતો પોતાનો ઠરાવ કરી દીધેલો હતો અને તે ઠરાવની કસોટીએ બારડોલીની તૈયારીનો આંક કાઢવાનો હતો અને તે હિંદુસ્તાનની પાસે પ્રગટ કરવાનો હતો. છેલ્લી મુલાકાત ઉપરથી હું એવી છાપ લઈને ગયો હતો કે બારડોલી તૈયાર થઈ શકે; હું એમ તો કહી નહોતો જ શકેલો કે બારડોલી તૈયાર છે. હું તાલુકાનાં ગામડાંઓમાં ભટકયો હતો, મેં લોકોને સવાલો પૂછીને હકીકતો મેળવી હતી. તેને પરિણામે આ તાલુકાની સ્વદેશી અને અસ્પૃશ્યતા સંબંધી પ્રગતિ સંતોષકારક હતી એમ હું કહી શકયો નહોતો.

બીજે ઠેકાણે અસ્પૃશ્યવર્ગો માટે નોખી નિશાળો હોય તે ચાલે, પણ બારડોલીમાં તો અસ્પૃશ્યતા એ પાપ જ માનવું જોઈએ. અંત્યજો માટે નોખી નિશાળ કાઢીને તમારે સંતોષ માને નહીં ચાલે. તમારી તો એ ફરજ છે કે જે જે ગામે રાષ્ટ્રીય શાળા હોય ત્યાંના અંત્યજોને વીનવીને તેમનાં બાળકોને લઈ આવવાં જોઈએ અને તમારાં બાળકોની જોડે જ તેમને બેસાડવાં જોઈએ. આજનો ઠરાવ પસાર કરતાં પહેલાં તે ગામોએ આ કબૂલ કરવું જોઈએ. પણ અહીં આવ્યા પછી મને ખબર મળે છે કે એટલું હજી અહીં થયું નથી. મારી છેલ્લી મુલાકાત દરમ્યાન હું આ તાલુકાના વાંકાનેર ગામમાં ગયેલો તે વખતે ત્યાં અંત્યજનાં બાળકો રાષ્ટ્રીય શાળામાં આવતાં નહોતાં એમ મેં જોયું. એ ત્રુટી દુરસ્ત કરી લેવાનું તે વખતે ત્યાંના કાર્યકર્તાએ પોતાને માથે લીધેલું. પરંતુ આજે પ્રમુખ સાહેબે કહ્યું તેમ વાંકાનેરમાં અંત્યજનાં બાળકો હજુ રાષ્ટ્રીય શાળામાં આવતાં થયાં નથી. હું જાણું છું કે તેમાં અંત્યજો પ્રત્યેનો તિરસ્કાર રહેલો નથી પણ કાર્યકર્તાઓની ગફલત જ છે. આપણે જો સ્વરાજ લેવું હોય, ખિલાફત અને પંજાબની બાબતમાં ઈનસાફ મેળવવો હોય તો તિરસ્કાર ન રાખીએ એટલું જ બસ નથી, આપણે ગફલત પણ ન કરી શકીએ.

જેવી અસ્પૃશ્યતાની તેવી જ સ્વદેશીની વાત. સ્વદેશીની બાબતમાં પણ બારડોલી તાલુકાનાં ભાઈઓ અને બહેનોએ જેટલું કરવું જોઈએ તેટલું નથી કર્યું. તમારામાં હજી તમને પોતાને જોઈએ તેટલી ખાદી પેદા કરવાની શક્તિ નથી આવી. તમારી જરૂરિયાત જેટલી ખાદી વણી શકે તેટલી હાથસાળો પણ હજી તમારે ત્યાં નથી. બારડોલીની બધી બહેનોએ હજી પ્રતિજ્ઞા નથી લીધી કે રોજ ઓછામાં ઓછું બે, ત્રણ કે ચાર કલાક તો સારું, વણવાના ઉપયોગમાં

૧. બારડોલી તાલુકા પરિષદમાં સવિનયભંગનો ઠરાવ રજૂ કરતાં કરેલું ભાષણ.

૨. જુઓ પુસ્તક ૨૧, પા. ૪૭૧–૨.

Gandhi Heritage Portal

આવે એવું સૂતર કાંતીશું અને તેને વણાવી લઈશું. પંદર દિવસ કે મહિના પહેલાં જેટલા રેંટિયા બારડોલી તાલુકામાં ચાલતા તેના કરતાં આજે જરૂર વધારે ચાલે છે, સૂતર વધારે કંતાય છે એ ખરું, પણ તેટલું બસ નથી. જો તમે આખા હિંદુસ્તાનને સ્વતંત્રતા અપાવવાનો જશ ખાટવા માગતા હો, જો તમે બારડોલીનું નાક રાખવા માગતા હો તો અત્યારે કંતાય છે તેના કરતાં ઘણું વધારે સૂતર તમારા તાલુકામાં તમારે કાંતવું પડશે અને અત્યારના કરતાં ઘણું ઝીણું કાંતવું પડશે.

હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી બધા ભાઈઓ છે એ ભાવના તમારામાં છે એમ હું માનું છું, જોકે મને ખબર છે કે હિંદુના કે મુસલમાનના મનમાંથી હજુ પૂરો મેલ તો ગયો નથી. નાની કોમને હજી વિશ્વાસ પેદા નથી થયો. હિંદુમુસલમાનની મિત્રાચારીનો ભય પારસી, ઈસાઈ વગેરે નાની કોમોના દિલમાંથી ગયો નથી. સ્વરાજનો અર્થ જ એ છે કે બહુમતીની સત્તા ચાલે. પણ ઝાઝા સમુદાયની સત્તા વધે અને વધેલી સત્તાનો દુરુપયોગ થાય એ સ્વરાજ ન થયું; એ તો અત્યાચાર થયો, સ્વેચ્છાચાર થયો. અને તેવું થાય ત્યારે તો સ્વેચ્છાચારીઓનો નાશ જ સંભવે. હિંદુસ્તાનમાં આજે ચાલી રહી છે તે આથી ઊલટી જ વસ્તુ છે. મૂઠીભર માણસો કરોડોના ઉપર સ્વેચ્છાચાર ચલાવી રહ્યા છે. પણ તે અંગ્રેજોનો સ્વેચ્છાચાર કંઈકે સહ્ય છે. મૂઠીભર અંગ્રેજો જ્યારે સ્વેચ્છાચારથી વરતી કરોડો હિંદીઓના ઉપર અત્યાચાર કરે છે ત્યારે તેમાં કરોડોનો પણ ભાગ રહેલો હોય છે. આપણા હાથમાં જો સત્તા હોય તો મને નથી લાગતું કે અંગ્રેજોના જેવો જ સ્વેચ્છાચાર આપણે પણ નાની અને નિર્બળ કોમો પર ન કરીએ.

મૂઠીભરને જો કરોડો ઉપર રાજ્ય કરવું હોય તો કાં તો ત્રાસ દઈને, જુલમ વરતાવીને કરી શકે, અને નહીં તો તેઓ ફકીર થઈને રહે અને બની શકે તેટલો વહેવાર ખેડે. પણ તેવા ફકીર બનવા સારુ પરમાર્થ બુદ્ધિની, સ્વાર્થત્યાગની જરૂર છે. તે ન હોય તો તો આજે જેમ ચાલે છે તેમ બૂરાં કર્મો કરીને જ ઘણાઓની ઉપર પોતાનો અમલ ચલાવી શકાય.

અંગ્રેજી સલ્તનત અત્યારે લાલચ અને લોભને વશ પડેલી છે. લાલચથી જ તે અહીં આવી હતી. ઈસ્ટ ઇન્ડિયા કંપની લાલચને લીધે જ અહીં આવી. તેણે આવીને જોયું કે રાજ્ય વિના વેપાર ચાલે તેમ નથી. તેણે તો અહીં સોના અને રૂપાની ખાણો જોઈ. તે ખાણો તે આપણાં શરીર અને તે પરનાં વસ્ત્રો. એ સોનાંરૂપાં લૂંટવા સારુ એ સલ્તનતે આપણને નગ્ન કર્યા. તેણે લાલચોથી, અત્યાચારોથી, અનેક પ્રકારના જુલમોથી આપણાં કપડાં હરણ કરી લીધાં.

બંગાળમાં, ચંપારણમાં, આસામમાં હજારો વીઘાં જમીન લઈને તેઓ પાક[૧] કરે છે. પણ ત્યાં પણ મજૂરી જુઓ તો આપણી જ. બધો વેપાર કાં તો દબાવીને, કાં તો ફોસલાવીને કરવામાં આવે છે. આમ આ સલ્તનત સામ, દામ, ભેદ અને દંડ એવી જે ચાર નીતિઓ કહેલી છે તે બધીનો ઉપયોગ કરીને આપણા ઉપર રાજ્ય ચલાવી રહી છે. પરંતુ તેમાં તેનો દોષ કાઢવો એ તો નામર્દાઈની નિશાની છે.

તે જ સલ્તનતને પગલે ચાલીને જો બારડોલી તાલુકાની ૮૪ હજારની વસ્તીમાંથી ૮૧ હજાર હિંદુમુસલમાન જો ૩ હજાર પારસી, ખ્રિસ્તી વગેરે ભાઈઓ ઉપર અત્યાચાર કરે, જો તેમને રંજાડે તો જગત આપણે વિષે શું કહેશે? શ્રીકૃષ્ણે સ્વેચ્છાચારી યાદવોને જે શાપ આપ્યો હતો તે જ શાપ દુનિયા આપણને આપશે ને આપણો નાશ થશે.

૧. શણ, ગળી અને ચાના પાક.

Gandhi Heritage Portal

આપણી પોતાની તાકાતનો જો આપણને વિશ્વાસ આવી ગયો હોય તો રામરાજ્ય સ્થાપવાને માટે દારૂગોળાની કે તોપની જરૂર નથી, પણ જાગૃતિની, જ્ઞાનની જ જરૂર છે.

તમે એમ નહીં માનતા કે સરકાર તમારા ઉપર પોતાની બંદૂકના જોર પર રાજ્ય ચલાવે છે. ૮૫ હજારની વસ્તીમાં સલ્તનતની નિશાની તરીકે તો ગણ્યાગાંઠ્યા અમલદારો જ છે. તેઓ કેવળ તમારી સંમતિથી જ, તેમને ફોસલાવીને જ રાજ્ય ચલાવે છે. પણ જે ઘડીએ તેમને એમ થઈ જાય કે અમારે એ અમલદારોની નીચે નથી રહેવું, તેઓ રહેવા માગતા હોય તો નોકર થઈને સુખેથી રહે એવો જ્યારે તમારો વિચાર થશે ત્યારે તમે ૮૫ હજાર તો તમારી પોતાની સ્વતંત્રતા લઈને બેસી જઈ શકશો. એટલું તમે કરી શકશો એવી આશાએ તો હું અહીં આવેલો છું. સ્વતંત્રતા મેળવવા સારુ નથી તમારે એકે અમલદારને મારવાની જરૂર કે નથી એકેને ગાળ દેવાની જરૂર; ફક્ત તેમને ચોખ્ખી ના કહી દેવાની જરૂર છે કે અમે તમારી જોડે સહકાર કરવા નથી માગતા.

લૉર્ડ વિલિંગ્ડને એક વખતે એક માનપત્રના જવાબમાં કહ્યું હતું[1] કે હિંદુસ્તાનમાં ના પાડવી એ તો કોઈને આવડતું જ નથી. સૌ કોઈ "હા સાહેબ હજૂર" એટલું જ કહી જાણે છે. હવે જ્યારે તેમના જ કહેવા પ્રમાણે આપણે ના પાડતાં શીખ્યા છીએ અને કહીએ છીએ કે તમારી સાથે સહકાર અમારે ન જોઈએ ત્યારે તે સાહેબ ગુસ્સે થયા છે. તમારો અમારી સાથેનો નાતો નભાવવો હોય તો તે મિત્ર તરીકેનો ખાનદાનીનો સભ્ય વ્યવહાર ભલે રહે. પણ તમે અમારા સરદાર બનવા માગતા હો તો તમારી સાથે અમારે સહકાર નથી કરવો. એ સહકાર ન થયો, એ તો તમે અમારી ગુલામી ઇચ્છી.

આપણી લડતની કૂંચી આપણી એકતા છે. હિંદુમુસલમાન એકતાનો અર્થ જ એ છે કે પારસી ખ્રિસ્તીની રક્ષા, અને તેનો પદાર્થપાઠ એ છે કે કોઈ સરકારી અમલદાર ઉપર આપણે અત્યાચાર ન કરીએ પણ દરેકને મિત્ર ગણીને સંઘરીએ. સંઘરવાનો અર્થ એટલો જ છે કે તેનું અપમાન ન કરીએ, તિરસ્કાર ન કરીએ, તેને તુંકારો ન દઈએ, તેની આમન્યા રાખીએ, તેમને કહીએ કે અમારે કંઈ તમારી સાથે વેર નથી બાંધવું, પરંતુ તમારું રાજ્ય અમને ન જોઈએ; એ સિવાય તમારે ને અમારે કશો વાંધો નથી. તમે અસભ્યતાથી અમારા ગામમાં કોઈની ઉપર અમલ નહીં ચલાવી શકો. અમલદારને પણ મનમાં ખાતરી થઈ જવી જોઈએ કે પિસ્તોલ સાથે રાખ્યા વગર પણ પોતે ને પોતાનાં બાળકો આઠે પહોર નિર્ભયપણે તમારાં ગામોમાં થઈને જઈ આવી શકે.

આટલું તમે સમજ્યા છો એમ માનીને જ હું અહીં આવ્યો છું. જો આપણે ખરા દિલથી એવી અહિંસા પાળતા નહીં હોઈએ પણ પાખંડી જ હોઈશું, તો હું તમને ભવિષ્યવાણી સંભળાવું છું કે એક મહિનામાં જ આપણે બાજી ખોઈ બેસીશું. જો હિંદુમુસલમાનની એકતા એ પાખંડ હશે ને આપણામાં અંદરખાને અવિશ્વાસ ભરાઈ રહેલો હશે તો મુસલમાનને અફઘાનની મદદ લેવાનું સૂઝશે, હિંદને વળી જાપાન પાસે જવાનું મન થશે અથવા છેવટે અંગ્રેજોની જ પાસે જઈને કહેશે કે હવે તો તમે જ રાજ્ય ચલાવો. એ સ્થિતિ કરતાં તો મરણ બહેતર છે. એ સ્થિતિમાં મારા જેવાને તો હિજરત જ કરવી રહી. હિજરત એટલે દેશ છોડી જવું. મુસલમાની ધર્મમાં જ હિજરત છે એમ નથી. તુલસીદાસજી પણ કહી ગયા છે કે અસંતો વસતા હોય

૧. જુઓ પુસ્તક ૧૩, પા. ૨૪૧.

Gandhi Heritage Portal

ત્યાંથી નાસી છૂટવું. અસંતોની પણ વંદના તો ખરી જ, પણ તે સેંકડો ગાઉ દૂરથી. જ્યાં સુધી આપણે અહીં રહ્યા સ્વતંત્રતાનો મંત્ર જપી શકીએ ત્યાં સુધી આપણું કાર્ય શોભશે. પણ આપણને માલૂમ પડે કે મુલકમાં આપણો સાથી હવે કોઈ રહ્યો નથી ત્યારે મુલક છોડી જવાનો સૌને અધિકાર છે.

હિંદુસ્તાનની સ્થિતિ જોતાં આપણે માટે એકમાત્ર શાંતિનો માર્ગ જ તારણહાર છે.

આ બધી બાબતોની, ઠરાવ મૂકતાં પહેલાં, હું ચોખવટ એટલા માટે કરું છું કે અજાણ-પણામાં આપણામાંના કોઈ હાથ ઊંચો ન કરે. હાથ ઊંચો કર્યે કંઈ સ્વરાજ નથી મળી જવાનું. જાતે મરીને, માલમિલકત ખુવાર કરીને, વાસણકૂસણ, ઢોરઢાંખર ગુમાવી પાયમાલ થઈને જ સ્વરાજ ઘેર આણવાનું છે.

બધી સ્ત્રીઓ જ્યાં સુધી કાંતતી નથી થઈ ત્યાં સુધી બધા પુરુષો પણ જો કાંતવા નહીં લાગી જાય અને આળસમાં વખત ગુમાવશે તો આપણે મરવાના છીએ. આપણે મરવું તો છે જ, પણ જ્ઞાનપૂર્વક, પવિત્ર થઈને મરવું છે. તે માટે તો નિરંતર હાથમાં માળા જોઈએ; અને રેંટિયાની માળા એ જ સાચી માળા છે. આપણા હૃદયમાં નિરંતર એ જ જાપ ચાલે કે હિંદુસ્તાન નવસ્ત્રું છે તેને મારે ઢાંકવું છે. જેઓ અત્યારે કાંતે છે તેઓ ઈશ્વરનું કામ કરે છે. તમે બધા પુરુષો એક, બે કે ત્રણ કલાક રેંટિયામાં આપવાને તૈયાર હો, બારડોલી તાલુકાની જ ખાદી ન મળે તો લંગોટીભર રહેવા તૈયાર હો, તો જ તમે આ ઠરાવને ઝીલજો.

આજે સવારે શ્રી વિઠ્ઠલભાઈની જોડે અને કેટલાક પ્રતિનિધિઓ જોડે મારે વાત થઈ ત્યારે મને કહેવામાં આવેલું કે બારડોલી હજુ તૈયાર નથી. એ બતાવી આપે છે કે આપણે પરમેશ્વરને છેતરતા નથી, જે કદી છેતરાતો નથી. મનુષ્યને છેતરી શકાય છે છતાં આપણે તેને છેતરતા નથી તેમ આપણા પોતાના આત્માને પણ છેતરતા નથી. તેથી એ વખતે વિચાર કર્યો કે ૧૫ દિવસની મુદત પછી જ બારડોલીને તૈયાર થયેલું જાહેર કરવું. પણ મેં વિચાર કર્યો કે ઠરાવ તૈયાર કરતાં પહેલાં બધાં ગામોના પ્રતિનિધિઓને મળી લઉં, કે જેથી જેઓ તૈયાર હોય તેમને નિરાશા ન થાય. તૈયાર નથી એ જવાબ દેનારાઓ કામ કરનાર સ્વયંસેવકો હતા અને તે તેમની સાવચેતી સૂચવનારા હતા. પછી પ્રતિનિધિઓને મળ્યા ત્યારે હાજર રહેલા ગામના પ્રતિનિધિઓમાંથી ૨૫ ગામવાળાઓએ કહ્યું કે, અમે આજે જ પૂરેપૂરા તૈયાર છીએ. મેં તેમને કહ્યું કે આવતી કાલે જ અંત્યજનાં બાળકોને તમારી શાળાઓમાં લઈ આવવાં પડશે. મેં કહ્યું, ગીતાજીમાં પાંચ વર્ણ લખ્યા નથી.[૧] આ પાંચમા વર્ણને મૂળના ચારમાં સમાવી દેવા તૈયાર છો? એનો એટલો જ અર્થ થાય છે કે દૂબળા[૨] વગેરે પ્રત્યે જે જાતનું વર્તન રાખવું જોઈએ તે જ જાતનું અંત્યજો પ્રત્યે પણ રાખવું જોઈએ. (દૂબળા વગેરેને જે ત્રાસ આપતા હો એટલો ત્રાસ અંત્યજોને પણ આપીને એ સરખાપણું દેખાડવાનું નથી.) દૂબળાને જેમ નિશાળમાં, ઘરમાં આવવા દઈએ તેમ અંત્યજનાં બાળકોને પણ પેસવા દઈએ; દૂબળા જો આપણા કૂવામાંથી પાણી ભરે તો અંત્યજો પણ ભરે. જે વસ્તુને ધર્મ સમજીને પાલન કરીએ તેમાં પછી કંજૂસાઈ રાખવી ન જોઈએ; તેમાં તો ઉદારતા રાખવી ઘટે. અહીં હાજર રહેલા ભાઈઓમાંથી જો કોઈ એમ માનતું હોય કે ગાંધી જેવા ગાંડાનો ઉપયોગ કરી લેવા ખાતર અત્યારે ઢેડાને અડી લઈએ, તો હું કહું છું કે તે માણસ

૧. સમાજના પાંચ વિભાગ; ગીતામાં ચાર વર્ણ હોવાનો ઉલ્લેખ છે.
૨. દક્ષિણ ગુજરાતની એક પછાત કોમ.

Gandhi Heritage Portal

પરમેશ્વરને, મને અને તમને છેતરશે. તેવું પાખંડ મનમાં હશે તો તમે અંત્યજોને હાથે જ મરશો એ ખાતરીથી માનજો.

તમે એમ ન ગણી કાઢતા કે હું તો એક વટલેલો માણસ છું, સુધારાવાળો છું. હું ચુસ્ત હિંદુ તરીકે માનું છું કે હિંદુ શાસ્ત્રોમાં અત્યારના જેવી અસ્પૃશ્યતાને ક્યાંય અવકાશ નથી. હું કંઈ શાસ્ત્રાર્થ કરવા નથી માગતો. હું તો શાસ્ત્રોને જેવાં સમજ્યો છું તેવાંનું દોહન તમારી સામે મૂકી રહ્યો છું. આવી જાતનું અસ્પૃશ્યતાનું પાલન એ અધર્મ છે. તેવું પાલન કરશે તેને યમરાજા જરૂર પૂછશે અને તેને ફળ ભોગવવું પડશે. અજ્ઞાનનું બહાનું પણ ત્યાં ચાલશે નહીં. હિંદુ-શાસ્ત્રોમાં કે કોઈ પણ ધર્મશાસ્ત્રમાં એમ નથી કહ્યું કે અજ્ઞાનપણે પાપ કરનારને પાપનું ફળ ભોગવવું નથી પડતું. જાણીબૂજીને પાપ આચરનારના કરતાં તેને ઓછું ભોગવવું પડે એટલું જ. પણ અજ્ઞાનપણે આચરનારને પણ કર્મનાં ફળ તો ભોગવ્યે જ છૂટકો. કર્મની એવી ન્યારી ગતિ છે. વ્યાવહારિક દૃષ્ટિએ આજે અંત્યજોને અડી લેવું ઠીક છે, એમ નહીં માનશો. તમે એમાં ધર્મ નથી એમ ખરેખર માનતા હો તો તેમ કહી દેજો કે અમે આમાં ધર્મ ગણતા નથી. મને તેનું દુ:ખ નહીં થાય. હું વળી બીજે ભિક્ષા માગવા જઈશ અને પૂછીશ કે આ શરતે સવિનયભંગ કરવા કોણ તૈયાર છે? અને કોઈ જ તૈયાર નહીં હોય તો હું એકલો જ સવિનયભંગ કરીશ.

શાંતિ વિષે પણ ચોખવટ કરી લેવાની જરૂર છે. મુસલમાનો અને ગીતાના અભ્યાસી મને કહે છે કે એક પ્રસંગે તલવાર વાપરવી ધર્મ છે. શ્રીકૃષ્ણે પોતે અર્જુનને યુદ્ધમાં પ્રેર્યો. પરંતુ મારે માટે તો અહિંસા એ પરમ ધર્મ છે. તમારે માટે ભલે એ વ્યવહારધર્મ હો. બાકી અસ્પૃશ્યતા-નિવારણ એ તો સનાતન ધર્મ જ છે. અસ્પૃશ્યતાનો નાશ કરો એટલે અંત્યજોની સાથે ખાઓ, પીઓ અથવા બેટીવ્યવહાર કરો, તેમના જ પીધેલા લોટામાં સાફ કર્યા વગર પાણી પીઓ, એમ હું નથી કહેતો. એકબીજાનું એઠું વાસણ વાપરવાની હિંદુ ધર્મ કોઈને ફરજ નથી પાડતો. શૂદ્રો સાથે જેવો તમારો વ્યવહાર છે તેવો જ અંત્યજો સાથે રાખવાને તમે આ કરવાથી બંધાઓ છો. જો આટલું સમજ્યા હો તો જ હાથ ઊંચો કરજો.

તમારી ઉત્સુકતાને વિષે તો સવાલ જ નથી. ઉત્સુક છો તેથી તો બધાને બોલાવી રહ્યા છો. પણ અસ્પૃશ્યતાને દૂર કરો, સ્વદેશીવ્રતનું પાલન કરો તો હું માનું કે તમે ખરેખર જેલ જવા, જમીનો હરાજ થવા દેવા તૈયાર છો, દેશને સ્વતંત્ર કરવા ઇચ્છો છો. અને હિંદુસ્તાન જેવા મોટા દેશને સ્વતંત્ર કરવા નીકળનારે ભોગ પણ મોટા આપવા જ જોઈએ.

કોઈ એમ ન માનીને બેસે કે હું અહીં રહેવાનો છું એટલે હું તમને બચાવી લઈશ. હું જ્યાં જાઉં છું ત્યાં તો ઊલટા ઉપદ્રવ જ થાય છે, આપણે બધા વગોવાઈ જઈએ છીએ. હું તમારી અંદર શાંતિ કરવા નથી આવ્યો, પણ અશાંતિ ઉપજાવવા આવ્યો છું. અશાંતિ સિવાય શાંતિ નથી. પણ તે અશાંતિ આપણી પોતાની. આપણાં મન જ્યારે વલોવાઈ જશે, આપણે જ્યારે દુ:ખના અગ્નિમાં ખૂબ તપશું, ત્યારે જ ખરી શાંતિ પ્રાપ્ત કરી શકવાના છીએ.

તમે એમ માની બેઠા હો કે જેલ જશું એટલે બસ છે, પણ એકલી જેલથી જ નહીં ચાલે. સરકાર તમારો પાક લઈ જશે. જરૂર હું તમને શાહુકારી ચોરી કરતાં તો શીખવવાનો છું જ. સરકારને તો દસ માથાં ને વીસ ભુજા છે. તમે મહેસૂલ ભરવાની ના કહેશો તેને બીજે દિવસે સરકારનાં ઘોડાં આવીને ઊભાં રહેશે. તે વખતે આપણે સિપાઈઓ સાથે લડીશું નહીં. આપણો

Gandhi Heritage Portal

કપાસ, અનાજ, શાકભાજી, જે લઈ જઈ શકે તે ભલે લઈ જાય. પણ સરકાર એ ચીજો આપણી પાસે રહેવા દેશે તો આપણે જરૂર ઘેર લઈ જવાના. એમ પોતાનો માલ ઘેર લઈ જવો એ ચોરી કહેવાતી હોય તો ભલે સરકાર આપણને દંડે કે મારી નાખે. મોહનલાલ પંડ્યાએ[1] તેવી જ રીતે ડુંગળીની ચોરી મારી સલાહથી કરી હતી ને તે માટે તેમણે ડુંગળીચોરની ખ્યાતિ મેળવી છે. પણ તે ચોરી શાહુકારી હતી. સરકાર તમારાં ઢોર લઈ લેશે. લેવા આવનારને ગાળ ન દેશો, પણ તમારે હાથે છોડીને આપી દેજો. એમ જ્યારે વર્તશો ત્યારે જ તમે મહેસૂલ નહીં ભરવાને લાયક ગણાશો. એ બધા નુકસાનને માટે તૈયાર રહેવું પડશે. જો તમારો માલ પચી ગયો તો એનો અર્થ એ જ થવાનો કે બે લાખની મહેસૂલ ભરવાને બદલે દસ લાખનો માલ ફના થઈ જવા દેવો.

આટલી તમારી તૈયારી છે? જો હોય તો હું ઠરાવ રજૂ કરું. કોઈને કંઈ પૂછવું હોય કે ન સમજાયું હોય તો તેનો ખુલાસો માગી લેવો.

સ.—અમારી માલમિલકત લઈ જાય તે સહન થાય, પણ સરકારના માણસો અમારી વહુબેટીઓ ઉપર અત્યાચાર કરે તો?

જ.—આપણે પોતાની જાત ઉપર અને મનુષ્યજાત ઉપરનો આપણો વિશ્વાસ ખોયો છે. હું પોતે જોકે અત્યારે એવી હાલતમાં છું કે પંદર વર્ષનો બાળક પણ મને પાડી નાખી શકે, છતાં હું મારી સ્ત્રીની જોડે રહું છું તે એટલા માટે કે મારામાં તેનું રક્ષણ કરવાની શક્તિ છે. હું કોઈ પણ જુવાનિયાને કે કાબૂલીને પણ નોતરું છું કે તે મારી સ્ત્રીની લાજ લૂંટવા આવે. મારામાં મરી જવાની શક્તિ છે. અને જ્યાં સુધી મરવાની તાકાત હોય ત્યાં સુધી ડરવાની કશી જ જરૂર નથી. તમે પૂછશો, હાથપગ બાંધે તો? પિસ્તોલ તાકે તો? પિસ્તોલવાળા ઘણાની પિસ્તોલ સાબૂત છતાં તેમનાં ઘર લૂંટાયાં છે અને લાજ લૂંટાઈ છે. રક્ષણને સારુ પિસ્તોલની નહીં પણ છાતીની જ જરૂર છે.[2]

[વધારે સવાલોની થોડી વાર રાહ જોઈને ગાંધીજીએ સર્વ પ્રતિનિધિઓની તૈયારીનું માપ કાઢવા નીચેના પ્રશ્નો પૂછ્યા :]

૧. મેં સમજાવ્યું તેમ તમે હિંદુ, મુસલમાન, પારસી, ઈસાઈની મિત્રતાને ધર્મ સમજો છો?

૨. હિંદુસ્તાનની અત્યારની પરિસ્થિતિ જોતાં સ્વરાજ મેળવવાનો, ખિલાફત અને પંજાબનો ન્યાય મેળવવાનો, એક જ માર્ગ છે અને તે શાંતિનો, એમ માને તે હાથ ઊંચો કરે.

૩. જે એમ માને કે સ્વદેશી વિના હિંદુસ્તાનની સિદ્ધિ નથી, જે ભાઈઓ અને બહેનો પરદેશી કે મિલનાં કપડાંનો ત્યાગ કરવાનો અને ૫મી ફેબ્રુઆરી પછી બારડોલી તાલુકા બહારની ખાદી પોતાને ન જ ખપે એમ માનતા હોય તે હાથ ઊંચા કરે.

૪. અસ્પૃશ્યતા એ અધર્મ છે એમ માનો છો? અને અંત્યજનાં બાળકોને રાષ્ટ્રીય શાળાઓમાં તમારાં જ છોકરાં સાથે બેસાડવા તૈયાર છો?

૧. ખેડા સત્યાગ્રહના એક સક્રિય કાર્યકર; જુઓ પુસ્તક ૧૪.

૨. આ ક્ષણે ગાંધીજીએ વધારે પ્રશ્નો પુછાય તે માટે રાહ જોઈ. બાદ, પ્રતિનિધિઓની તૈયારીઓ સમજવા તેમણે પ્રશ્નો પૂછ્યા. ગુજરાતી સાપ્તાહિક, ૫ ફેબ્રુઆરી, ૧૯૨૨ અનુસાર દરેક સવાલના અંતે હાથ ઊંચા કરીને સભાજનોએ સંમતિ દર્શાવી.

Gandhi Heritage Portal

૫. તમારાં ખેતરપાદર, ઢોરઢાંખર, માલમિલકત લઈ જાય, તમે ભિખારી થાઓ, તેની પરવા ન કરતાં હિંદુસ્તાનની લજ્જા રાખવાને ખાતર બધું ખોવા, જેલ જવા — અને તે બધું ગુસ્સો કર્યા વગર — તૈયાર છો?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨–૨–૧૯૨૨

## ૧૧૯. બારડોલીનો નિર્ણય

જાન્યુઆરી ૩૦, ૧૯૨૨

બારડોલીએ ગંભીર નિર્ણય કર્યો છે. તેણે છેવટનો અને પીછેહઠ ન કરી શકાય એવો માર્ગ પસંદ કર્યો છે. પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલે તાલુકાના પ્રતિનિધિઓની પરિષદ[1] સમક્ષ ચેતવણીરૂપે અસરકારક ભાષણ આપ્યું. તેમણે વસ્તુસ્થિતિ સમજાવવામાં કશું બાકી ન રાખ્યું. ૪,૦૦૦ ખાદી-ધારી પ્રતિનિધિઓ હાજર હતા. ચારસો બહેનો પણ હતી અને તેમાંની મોટાભાગનીએ પણ ખાદી પહેરી હતી. તેમને રસ પડયો હતો અને તેઓ રસપૂર્વક સાંભળી રહી હતી. જોખમ ખેડનારાં ગંભીર અને જવાબદાર સ્ત્રીપુરુષોની એ સભા હતી.

વિઠ્ઠલભાઈ પછી હું બોલ્યો અને કૉંગ્રેસે સામુદાયિક સવિનયભંગ માટે નક્કી કરેલી એકેએક શરતની મેં છણાવટ કરી. દરેક શરત વિષે મેં સભાનો અભિપ્રાય અલગઅલગ જાણ્યો. તેઓ હિંદુ-મુસ્લિમ-પારસી-ખ્રિસ્તી એકતાનું રહસ્ય સમજ્યા. તેમણે અહિંસાનું મહત્ત્વ અને તેનું સત્ય પિછાન્યું. અસ્પૃશ્યતાનિવારણનો શો અર્થ થાય તે તેઓ સમજ્યા. અસ્પૃશ્ય બાળકોને માત્ર શાળામાં દાખલ કરવા માટે જ નહીં પણ પોતાની સાથે ભેળવવા પણ તેઓ તૈયાર હતા. અસ્પૃશ્યો ગામના કૂવામાંથી પાણી ખેંચે તેનો પણ તેમને કોઈ વાંધો ન હતો. પોતાના માંદા પડોશીઓની તેઓ સારવાર કરે તેમ તેમણે માંદા અસ્પૃશ્યોની પણ સારવાર કરવાની છે એ વાત તેઓ જાણતા હતા. મેં વર્ણવ્યા પ્રમાણે તેઓ શુદ્ધ ન થાય ત્યાં સુધી મહેસૂલ ન ભરવાનો અને બીજી કોઈ જાતનો સવિનયભંગ કરવાનો અધિકાર તેઓ ન મેળવી શકે એની પણ તેમને ખબર હતી. તેમણે ઉદ્યમી બનવું જોઈએ અને પોતાનું સૂતર જાતે કાંતવું જોઈએ અને પોતાની ખાદી જાતે વણવી જોઈએ એ પણ તેઓ જાણતા હતા. અને છેવટે, પોતાની જંગમ મિલકત, ઢોરઢાંખર અને જમીન તેમની પાસેથી ખૂંચવી લેવામાં આવે તે માટે પણ તેઓ તૈયાર હતા. તેઓ કેદ અને જરૂર પડયે મૃત્યુનો પણ સામનો કરવા તૈયાર હતા અને આ બધું તેઓ રોષ વિના કરવાના હતા.

અસ્પૃશ્યતાના સવાલ અંગે એક જણે જરીપુરાણો વિરોધી અવાજ ઉઠાવ્યો. તેણે કહ્યું કે આપ જે કહો છો તે સિદ્ધાંતની દૃષ્ટિએ સાચું છે, પરંતુ રૂઢિને એકાએક તોડવાનું વ્યવહારમાં મુશ્કેલ છે. મેં આ મુદ્દો સમજાવ્યો પરંતુ સભાએ તો પોતાનો નિર્ણય કરી લીધો હતો.

મોટી સભા પહેલાં આશરે પચાસ જેટલા નિષ્ઠાવાન કાર્યકરોને હું મળ્યો હતો. એ સભા પહેલાં વિઠ્ઠલભાઈ પટેલ, કેટલાક કાર્યકરો અને મેં ભેગા મળી ચર્ચાવિચારણા કરી અને અમને લાગ્યું કે, સ્વદેશીની તૈયારીને વધારે સંપૂર્ણ બનાવવા અને સાથેસાથ રાષ્ટ્રીય શાળાઓમાં અસ્પૃશ્ય

૧. ૧૯૨૨ના જાન્યુઆરીની ૨૯મીએ મળી હતી.

Gandhi Heritage Portal

બાળકોને ખરેખર લાવીને અસ્પૃશ્યતાનિવારણને વધારે ચોક્કસ બનાવવા નિર્ણયને એક પખવાડિયા માટે મુલતવી રાખતો ઠરાવ અમારે પસાર કરવો. બારડોલીના આ બહાદુર અને નિખાલસ કાર્યકરો મુલતવી રાખવાની વાત સાંભળવા માગતા જ ન હતા. તેમને ખાતરી હતી કે હિંદુ વસતીના ૫૦ ટકા કરતાં વધારે લોકો અસ્પૃશ્યતા માટે તદ્દન તૈયાર હતા અને ભવિષ્યની તેમની જરૂરિયાત પૂરતી ખાદી તેઓ તૈયાર કરી લેશે એવી તેમને ખાતરી હતી. સરકાર સાથે આખરી ફેંસલો કરવા તેઓ કૃતનિશ્ચયી હતા. વિઠ્ઠલભાઈ પટેલે ઊભા કરેલા એકેએક વાંધાને તેમણે ફગાવી દીધા અને સફેદ દાઢીવાળા અને હમેશાં સ્મિત કરતા અબ્બાસ તૈયબજી તેમને ચેતવવા ત્યાં હાજર હતા. પરંતુ તેઓ પોતાની સ્થિતિમાંથી એક તસુ પણ ચસવા તૈયાર ન હતા એટલે હું નીચે આપું છું તે ઠરાવ[૧] સર્વાનુમતે પસાર થયો:

સામુદાયિક સવિનયભંગને સારુ મહાસભાએ મુકરર કરેલી શરતો પૂરી રીતે સમજ્યા પછી બારડોલી તાલુકાની આ પરિષદ એવો ઠરાવ કરે છે કે, આ તાલુકો સામુદાયિક સવિનયભંગ માટે તૈયાર છે.

આ પરિષદ માને છે કે—

(૧) હિંદુસ્તાનનાં દુ:ખો દૂર કરવા સારુ હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરે કોમો વચ્ચે મિત્રતાની આવશ્યકતા છે.

(૨) મજકૂર દુ:ખોનું ઔષધ શાંતિ, સબૂરી અને સહનશીલતા જ છે.

(૩) હિંદુસ્તાનની સ્વતંત્રતાને સારુ પ્રત્યેક ઘરમાં રેંટિયાના ઉપયોગની અને બધાએ હાથે કાંતેલા અને હાથે વણેલા સૂતરનાં કપડાંનો ઉપયોગ કરવાની આવશ્યકતા છે.

(૪) હિંદુઓ જ્યાં સુધી અસ્પૃશ્યતાનો સર્વથા ત્યાગ ન કરે ત્યાં સુધી સ્વરાજ અશક્ય છે.

(૫) લોકોની ઉન્નતિ અને મુક્તિ માટે ગુસ્સો કર્યા વિના માલમિલકત ખોવા, કેદમાં જવા કે જરૂર પડયે જીવ આપવા લોકોએ તૈયાર થવું અનિવાર્ય છે.

આ પરિષદ ઉમેદ રાખે છે કે બારડોલી તાલુકાને પોતાનો ભોગ આપવાની પ્રથમ તક મળશે. આ પરિષદ કારોબારી સમિતિને સૂચવે છે કે જો કારોબારી સમિતિ બીજો કંઈ બંધનકારક ઠરાવ પસાર ન કરે તો અગર રાઉન્ડટેબલ કૉન્ફરન્સ ન ભરાય તો બારડોલી તુરત મહાત્મા ગાંધી અને પરિષદના પ્રમુખની સલાહ મુજબ સામુદાયિક સવિનયભંગ શરૂ કરશે.

આ પરિષદ ભલામણ કરે છે કે જેઓ મહાસભાએ ઠરાવેલી શરતોનું પાલન કરવા તૈયાર હોય તેવા બારડોલી તાલુકાના રહેવાસીઓ બીજો ઠરાવ થતાં સુધી સરકારનું મહેસૂલ ન ભરે.

ભવિષ્ય કોણ જાણે છે? બારડોલીનાં સ્ત્રીપુરુષો સરકારનું દમન સહન કરી શકશે કે નહીં તેની કોને ખબર છે? એક માત્ર ઈશ્વર જ જાણે છે. એને નામે આ લડાઈ ઉપાડી છે. જે તેણે જ પૂરી કરવી રહી.

સરકારનું અત્યાર સુધીનું વર્તન ખૂબ જ અનુકરણીય રહ્યું છે. તે પરિષદની બંધી કરી શકી હોત. પણ તેણે તેવું કર્યું નથી. તે કાર્યકરોને ઓળખે છે. તેમને તે ઘણા વખત પહેલાં જ દૂર કરી શકી હોત. પણ તેણે તેવું કર્યું નથી. લોકોની કોઈ પણ પ્રવૃત્તિમાં તેણે દખલગીરી કરી

૧. મૂળ ઠરાવ ગુજરાતીમાં ઘડવામાં આવ્યો હતો. તે નવજીવન ૨-૨-૧૯૨૨ના અંકમાંથી લીધો છે.

Gandhi Heritage Portal

નથી. તેણે તેમને બધી તૈયારીઓ કરવા દીધી છે. તેનો વર્તાવ મેં આશ્ચર્ય અને પ્રશંસાની નજરે નિહાળ્યો છે. આ લખાય છે ત્યાં સુધી બંને પક્ષોનો વર્તાવ જૂના સમયના શૂરવીર લડવૈયાઓને છાજે તેવો છે. શાંતિની આ લડાઈમાં બીજું કંઈ હોવું પણ ન જોઈએ. લડાઈ જો આ રીતે ચાલુ રહેશે તો એનો માત્ર એક જ રીતે અંત આવશે. બારડોલીનાં ૮૫,૦૦૦ સ્ત્રીપુરુષો જેની સાથે હશે તેનો વિજય થશે.

બારડોલીના નિર્ણયને કારોબારી સમિતિએ તેની બેઠકમાં પસાર કરવાનો છે. વાઇસરૉય પાસે હજી પસંદગીની એક તક છે અને હજુ પણ તેમને બીજી એક પસંદગીની તક આપવામાં આવશે. બારડોલીના લોકોની સામે ઉતાવળ કરવાનો, તૈયારી કે વિચારના અભાવનો, અવિવેકનો કોઈ પણ આરોપ મૂકી શકાશે નહીં.

તેથી

પ્રેમલ જ્યોતિ તારો દાખવી
મુજ જીવનપંથ ઉજાળ.
દૂર પડ્યો નિજ ધામથી હું ને ઘેરે ઘન અંધાર;
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ;
મારો જીવનપંથ ઉજાળ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २-२-१९२२

## ૧૨૦. બારડોલી તાલુકાના પટેલોને

બારડોલી,
જાન્યુઆરી ૩૦, ૧૯૨૨

ગઈ કાલે તાલુકા પરિષદે ગંભીર પગલું ભર્યું છે ને મોટી જવાબદારી ઉપાડી લીધી છે. અમે ઉમેદ રાખીએ છીએ કે આ ધર્મ અને દેશના કાર્યમાં પટેલો પોતાનો પૂરો હિસ્સો આપશે. કેટલાક પટેલોએ પોતાનાં રાજીનામાં આપવાનો વિચાર જાહેર કર્યો છે. અમારી ઉમેદ છે કે દરેક પટેલ હવે સરકારનો નહીં પણ કોમનો પટેલ બનશે. તેવાનાં રાજીનામાં જેટલી ઝડપથી બને તેટલી ઝડપથી અમારા હાથમાં આવવાની આશા અમે રાખીએ છીએ.

સરકારના શુદ્ધ થવાની આશા હજુ અમે તદ્દન નથી છોડી, તેથી રાજીનામાં તુરત સરકારને પહોંચાડવાનો ઈરાદો નથી; પણ જ્યારે સવિનયભંગનો આરંભ થઈ જશે ત્યારે અમે તે રાજીનામાં સરકારને મોકલી દેવા ઇચ્છીએ છીએ. દરમિયાન કેમ જાણે આજે જ આપણે સવિનયભંગ ન કરવો હોય એ પ્રમાણે આપણી તૈયારી કરવાની છે. તેથી વગરઢીલે દરેક પટેલ પોતાનું રાજીનામું અમને આપી દે એવી આશા અમે રાખીશું.

મોહનદાસ કરમચંદ ગાંધી
વિઠ્ઠલદાસ ઝવેરભાઈ પટેલ

[મૂળ ગુજરાતી]

नवजीवन, २-२-१९२२

Gandhi Heritage Portal

# ૧૨૧. સુરતની જાહેરસભામાં ભાષણ[1]

જાન્યુઆરી ૩૧, ૧૯૨૨

ડૉ. ચોઈથરામે[2] તમને કહ્યું કે મને દસેક દિવસમાં સરકાર જેલમાં મોકલે એવો સંભવ છે, અને તેથી તમે મને મળી લેવાની ઇચ્છા બતાવી. પણ મારે કહેવું જોઈએ કે મને હવે જેલમાં જવાની મુદ્દલ હોંશ રહી નથી. હું તો ગોળીથી મરવા ઇચ્છું છું, ફાંસીએ ચડવા ઇચ્છું છું. અને મારી એવી ઇચ્છા છે કે ઘણા ગુજરાતીઓ પણ એ જ માગે. કેટલોક કાળ થયાં ઈશ્વરની પાસેથી હું એ જ માગી રહ્યો છું કે મને આ સરકારને હાથે તું મોત આપજે.

હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં જે દુ:ખ ભારતવાસીઓ ભોગવી રહ્યા છે તે સાંભળવું અને સહન કરવું મુશ્કેલ થઈ પડ્યું છે. કોઈના માલ લૂંટાય છે તો કોઈને ફટકા પડે છે. મારપીટ કરીને સરકાર સભાઓને વિખેરી રહી છે. એ બધું કેમ સાંખી શકાય? તેનું નિવારણ જેલ નથી. તેનું નિવારણ તો જલિયાંવાલા બાગ છે, અને હું એમ ઇચ્છું છું કે જો સરકારનો આ ઉપદ્રવ તુરત બંધ ન થાય તો જલિયાંવાલા બાગની કેટલીક આવૃત્તિઓ આપણે ગુજરાતમાં કાઢીએ.

પણ તેમાં એક મોટો ભેદ હોવો જોઈએ. જલિયાંવાલા બાગમાં તો લોકો સહેલ કરવા ગયા હતા, ગોળી ખાવાનું તેમને ભાન પણ ન હતું. ગોળી ખાવાની તેમની ઇચ્છા ન હતી. ગોળી ખાવાની છે એમ ખબર હોત તો કદાચ કોઈ ત્યાં જાત પણ નહીં. પણ આપણે વિષે તો હું એમ ઇચ્છું છું કે આપણે ઇરાદાપૂર્વક ગોળી ખાઈએ. ભલે કોઈ જનરલ ડાયર તેના સિપાઈઓને લઈને આપણી સામો ખડો થઈ જાય. ભલે તે આપણને ચેતવ્યા વિના ગોળીના બાર શરૂ કરે. ઈશ્વર પ્રત્યે મારી એવી પ્રાર્થના છે કે એવું થાય તેવે સમયે હું જેમ અત્યારે પ્રફુલ્લિત મનથી બોલી રહ્યો છું તેમ જ તે સમયે પણ બોલતો હોઉં અને તમે બધા જેમ અત્યારે શાંત થઈને બેઠા છો તેમ જ એ ગોળીઓના વરસાદ તળે બેસી શકો. તે વેળાએ તમારા કાન મારી તરફ હોય, તમારી પીઠ મારી તરફ હોય, પણ તમારી છાતી અને તમારી આંખ તો એ ગોળી તરફ હોય અને તેને વધાવી લે એ ગુજરાતને ઇચ્છવાજોગ છે. ગુજરાતે વાતો પુષ્કળ કરી, ઠરાવો તેટલા જ કર્યા, પણ જ્યારે લગભગ આખું હિંદુસ્તાન દુ:ખ સહન કરી રહ્યું છે ત્યારે આપણને તો કંઈએ નથી. હું જાણું છું કે તેનો અર્થ એવો નથી કે આપણે આપણું કર્તવ્ય કરવામાં બીજાના કરતાં પાછળ રહ્યા છીએ. આપણે જેલમાં નથી, કેમ કે મુંબઈ સરકાર આપણને જેલમાં લઈ જતી નથી. મારી એવી ઉમેદ છે કે આવી ઘટનાનો અર્થ એ છે કે આપણે નસીબે માત્ર જેલ નથી, પણ આપણે નસીબે ગોળી છે.

જો આપણાં મન આ પ્રમાણે હમેશાં ન ઇચ્છે તો આપણે મિથ્યાભિમાની થઈ જવાનો ભય છે. વળી આપણી એવી ઇચ્છાની સાથે જ આપણી પવિત્રતા દિનપ્રતિદિન વધવી જોઈએ.

૧. ગાંધીજીએ જે સંજોગોમાં આ ભાષણ આપ્યું તે વિષેના તેમના હેવાલ માટે જુઓ "મારું સુરતમાં ભાષણ", ૫-૨-૧૯૨૨.

૨. ડૉ. ચોઈથરામ ગિદવાણી; સિંધના એક કૉંગ્રેસી આગેવાન; સિંધ પ્રાંતિક સમિતિના અધ્યક્ષ; પાછળથી સંસદ સભ્ય.

Gandhi Heritage Portal

આપણામાં હિંદુમુસલમાન વચ્ચેનો મેલ છે તે નીકળી જવો જોઈએ. હજુ એકબીજાનો ભય છે, એકબીજાનો અવિશ્વાસ છે, હજુ પારસીઓને, ખ્રિસ્તીઓને, હિંદુમુસલમાનના ભય છે. સુરતના શહેરીઓએ ઘણું કર્યું છે છતાં ઘણું વધારે કરવાનું છે. સુરતની સ્ત્રીઓને અને પુરુષોને પણ હજુ એશઆરામ જોઈએ છે. રેંટિયા ચલાવવાનું આળસ છે. રેશમી અથવા બારીક, પરદેશી અથવા મિલનાં કપડાં ઉપર હજુ ભાવ છે. કોઈ ખાદીનાં કુરતાં ટોપી પહેરવા તૈયાર છે તો ખાદીની ધોતી તેઓને ભારે પડે છે. જોકે અસ્પૃશ્યની તરફનો આપણો તિરસ્કાર ઓછો થતો જાય છે, તોપણ આપણે તેને સગા ભાઈની જેમ ભેટવા તૈયાર નથી થયા. તેને સર્પ કરડે તો પ્રેમપૂર્વક તેનું ઝેર ચૂસી લેવાને આપણામાંના કેટલા તૈયાર છે? તેને તાવ આવે તો જેમ આપણે ભાઈબહેન તથા માતાપિતાની સેવા કરીએ તેમ તેની સેવા કરવાને કેટલા તૈયાર છે?

સરકારને શી ગાળ દઈએ? જો દઈએ તો આપણને પોતાને જ દેવી જોઈએ કે ઘણી ઠોકરો ખાતાં છતાં આપણે હજુ સીધા થયા નથી અને હજુ આપણે જોઈતી આત્મશુદ્ધિ કરી નથી, જોઈતો સ્વાર્થત્યાગ નથી કર્યો, પૂરી કુરબાની નથી કરી. મને ઘણી વખત થયા જ કરે છે કે આપણે થોકબંધ મરવાની શક્તિ જ્યાં સુધી મરીને નથી બતાવી ત્યાં સુધી આપણામાં રહેલા અનેક પ્રકારના મેલ અને ભય નથી કાઢી શકવાના. આપણી ઉપર હજુ પૂરું દુ:ખ પડ્યું નથી તેથી મારે સારુ અને ગુજરાતને સારુ જે દુ:ખો બીજા પ્રાંતોમાં પડયાં છે તેના કરતાં ઘણું વધારે દુ:ખ હું માગી રહ્યો છું. એ દુ:ખોને અંતે જે નવીન ભારત પેદા થશે એ જ રહેવાલાયક હશે અને એવી શક્તિથી જ આપણે મુસલમાન ભાઈઓના દિલને જે જખમ થયો છે તેને રુઝાવી શકશું. તેથી જ આપણે પંજાબનો ઇનસાફ લઈ શકશું. તેમાં જ સ્વરાજ છે.

એટલે મને સરકાર પકડી જાય તો ભલે પકડે. તેથી દિલગીર થવાનું તો હોય જ નહીં. અશાંત થવાય જ નહીં. દિવાના બનાય જ નહીં. હું તો આશા રાખું છું કે એવું થાય ત્યારે હજુ રહેલી નબળાઈઓ છે તે પણ આપણામાંથી ચાલી જાય. સ્વયંસેવકોનો ચોપડો પણ તમારા ભાઈઓ અને બહેનોનાં નામોથી ભરાઈ જાય. તમે બધા હાથની કાંતેલી અને હાથેથી વણેલી ખાદી પહેરતા થઈ જાઓ અને તદ્દન નિર્ભય બની જાઓ.

સુરતની મ્યુનિસિપાલિટીએ સરસ હિંમત બતાવી છે. શહેરીઓને ઘટે છે કે તેઓએ પ્રતિનિધિઓને પૂરેપૂરું જોર આપવું. તમે કેળવણી સ્વતંત્ર કરી છે એટલું બસ નથી. આખી મ્યુનિસિપાલિટીને સ્વતંત્ર કરવી તેમાં તો જેલ વગેરેનો ભય પણ નથી. તેમાં તો માત્ર યુક્તિની, આત્મવિશ્વાસ અને એકબીજાના વિશ્વાસની જરૂર છે. આપણાં પાયખાનાં, આપણા રસ્તા આપણે સાફ રાખીએ. આપણા ગરીબોને આપણે સંભાળીએ, આપણાં માંદાંની આપણે સેવા કરીએ, તેને સારુ જોઈતા પૈસા આપણે એકઠા કરીએ અને તેનો શુદ્ધ વહીવટ રાખીએ.

આમાં સરકાર કે સરકારના કાયદાની જરૂર જ શી હોય? દુર્ભાગ્યે આપણા પોતાનામાંથી આત્મવિશ્વાસ ખસી ગયો હતો. મહાજન અપ્રામાણિક થઈ ગયાં હતાં. પ્રજા પણ ઢાંઢ થઈ ગઈ હતી અને તેમાં સરકાર ફાવી ગઈ. સુરતના શહેરીઓ સ્વેચ્છાએ તેમણે જ નિશ્ચય કરેલો હોય એવા કર મહાજનને આપે અને તેનો વહીવટ મહાજન પ્રામાણિકપણે પૂરો હિસાબ રાખીને મેં બતાવી તેવી વસ્તુઓમાં કરે તો એ તમારી સ્વતંત્ર મ્યુનિસિપાલિટી થઈ. મહાજનનું બદનામ એટલે આજની મ્યુનિસિપાલિટી. સ્વાધીનતા વેચીને પરાધીનતા વહોરી લેવી એટલે સરકારની મ્યુનિસિપાલિટી.

Gandhi Heritage Portal

મારી ઉમેદ છે કે સુરતના શહેરીઓ પોતાના નિશ્ચય ઉપર મક્કમ રહેશે અને કંઈ પણ કર્યું છે તેના કરતાં વિશેષ કરીને સુરતને, ગુજરાતને ને હિંદુસ્તાનને દીપાવશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫–૨–૧૯૨૨

## ૧૨૨. એમ. આર. જયકરને પત્ર[1]

મંગળવાર રાતના [જાન્યુઆરી ૩૧, ૧૯૨૨][2]

પ્રિય શ્રી જયકર,

વાઇસરૉય પરનો મારો પત્ર[3] તમે જોશો. તે આવતી કાલે તેમના પર રવાના થશે. હું જ્યાં સુધી તે પ્રસિદ્ધ કરવાનો નથી. તેથી તમારી જરૂરિયાત પણ સંતોષાશે. તેથી વિશેષ કંઈ કરી શકું એમ હું માનતો નથી.

મને આશા છે કે એ પત્ર તમને વાંધાભર્યો નહીં જણાય. વાઇસરૉયને કદાચ જરૂરી હોઈ શકે તેના કરતાં તે વધારે આપે છે. તેમણે ગોળમેજી પરિષદ બોલાવવાની જરૂર નથી. જેમ જેમ હું એને વિષે વિચાર કરું છું તેમ તેમ મને વધારે સ્પષ્ટ થતું જાય છે કે તેઓ પરિષદ બોલાવી ન શકે, પણ તેઓ ઇચ્છે તો મારી સૂચનાનો સહેલાઈથી સ્વીકાર કરી શકે.

આની એક નકલ હું માલવિયાજીને મોકલું છું.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૦–૨–૧૯૨૨

## ૧૨૩. વી. એ. સુંદરમ્‌ને પત્ર

[ફેબ્રુઆરી ૧, ૧૯૨૨ પહેલાં][4]

પ્રિય સુંદરમ્,

મારુ હૃદય તમારી સાથે જ છે. કઠોર શબ્દ બોલીને કે માયાળુ શબ્દ કઠોર રીતે ઉચ્ચારીને હું તમને દુ:ખ આપવા માગતો નથી. હું ઇચ્છું છું કે મૌનનું તમારું સપ્તાહ વિશેષ અધિકારનું

૧. જાન્યુઆરીની ૧૪મી અને ૧૫મીએ મુંબઈમાં મળેલી નેતા-પરિષદના મંત્રીઓ જયકર અને નટરાજને ૧૯૨૨ના જાન્યુઆરીની ૩૦મીએ મોકલેલા પત્રનો આ જવાબ છે. આ પત્રમાં તેમણે વાઇસરૉય સાથેના પત્રવ્યવહારની નકલો બીડી હતી. વાઇસરૉયે ગોળમેજી પરિષદ ભરવા માટેના આધાર તરીકેની તેમની દરખાસ્તો નકારી કાઢી હતી અને આશરે ત્રણ દિવસના ગાળામાં વધુ પત્રવ્યવહાર થાય ત્યાં સુધી બારડોલીનો કાર્યક્રમ મુલતવી રાખવા વિનંતી કરી હતી.

૨. જયકરના ધ સ્ટોરી ઑફ માય લાઇફ, પુસ્તક ૧, પા. ૫૫૪.

૩. જુઓ "ના. વાઇસરૉય જોગ", ૧–૨–૧૯૨૨.

૪. પત્રમાં દર્શાવવામાં આવેલું મૌન, સુંદરમે નક્કી કરેલા એક અઠવાડિયાના મૌનનો પહેલો પ્રસંગ લાગે છે. એ અઠવાડિયું ફેબ્રુઆરી ૧, ૧૯૨૨ને દિવસે કે તે પહેલાં પૂરું થયું. કેમ કે ફેબ્રુઆરીની પહેલીએ તેમનું બીજું મૌન શરૂ થયું. જુઓ "વી. એ. સુંદરમને પત્ર", ૧–૨–૧૯૨૨.



Gandhi Heritage Portal

સપ્તાહ બનો. આ સપ્તાહ દરમિયાન બાને મદદ કરવાનો વિચાર કરશો નહીં. પણ રેંટિયો ચલાવજો. એ સાચો સાથી છે. હિંદીનો અભ્યાસ કરજો અને ઊંડું મનન કરજો. ઠીક લાગે તે લખજો. હમણાં બહુ વાંચતા નહીં.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૩૨૦૧

## ૧૨૪. ના. વાઇસરૉય જોગ[૧]

[બારડોલી,
ફેબ્રુઆરી ૧, ૧૯૨૨][૨]

સાહેબ,

મુંબઈ ઈલાકામાં સુરત જિલ્લામાં બારડોલી એક નાનો તાલુકો છે. તેની વસ્તી બધી થઈને લગભગ ૮૭,૦૦૦ છે.

ગયા માસની ૨૯મી તારીખે શ્રી વિઠ્ઠલભાઈ પટેલના પ્રમુખપણા નીચે ત્યાં એક સભા ભરાઈ હતી અને તેણે સામુદાયિક સવિનયભંગ કરવાનો ઠરાવ[૩] કર્યો. મહાસમિતિએ ગયા નવેમ્બર માસના પહેલા અઠવાડિયામાં દિલ્હીમાં કરેલા ઠરાવમાં જણાવેલી શરતોનું પાલન કરવાની લાયકાત એ તાલુકાએ સિદ્ધ કરી છે. કદાચ બારડોલીના ઠરાવને સારુ મુખ્યત્વે કરીને હું જવાબદાર હોઈશ. તેથી જે સ્થિતિની નીચે એ ઠરાવ કરવામાં આવેલો છે તેનો ખુલાસો આપની અને પ્રજાની પાસે કરવાની મારી ફરજ છે.

મહાસમિતિના ઠરાવ પ્રમાણે સામુદાયિક સવિનયભંગ કરવા સારુ બારડોલીને પ્રથમ પદ આપવાનો ઈરાદો હતો. એમ સવિનયભંગ કરીને ખિલાફત, પંજાબ અને સ્વરાજ વિષેના હિંદુસ્તાનના નિશ્ચયને ન જ ગણકારવાની સરકારની પાકી હઠીલાઈથી પ્રજા સળગી ઊઠી છે એ બતાવવું હતું.

ત્યાર બાદ મુંબઈમાં ૧૭મી નવેમ્બરે હિંદુસ્તાનની કમનસીબીને લીધે દુ:ખદાયક હુલ્લડ થયું અને તેને પરિણામે બારડોલીએ ધારેલું પગલું લેવાનું મુલતવી રહ્યું.

દરમ્યાન, હિંદુસ્તાનની સરકારની સંમતિથી બંગાળ, આસામ, સંયુક્ત પ્રાંત, પંજાબ, દિલ્હી અને એક રીતે બિહાર, ઓરિસ્સા વગેરે જગાઓમાં ઘોર પ્રકારની દમનનીતિ ચાલુ થઈ. તે તે પ્રાંતોમાં સત્તાધીશોએ લીધેલા પગલાને "દમનનીતિ" કહેવામાં આવેલું છે એ આપે નાપસંદ કર્યું છે એ હું જાણું છું. મારો અભિપ્રાય તો એવો છે કે જ્યારે જ્યારે અમુક સ્થિતિને પહોંચી વળવાને સારુ જોઈએ તે કરતાં વધારે વેગવાળાં પગલાં ભરવામાં આવે ત્યારે તે અવશ્ય દમનનીતિ કહેવાય. લોકોનો માલ લૂંટવો, નિર્દોષ લોકો ઉપર હુમલા કરવા, કેદીઓની તરફ ઘાતકી

૧. આ પત્ર ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૪થીનાં વર્તમાનપત્રોમાં પ્રગટ થયો હતો. સરકારના જવાબ માટે જુઓ પરિશિષ્ટ ૨.

૨. इन्डिया इन ૧૯૨૧-૨૨માં.

૩. જુઓ પુસ્તક ૨૧, પા. ૩૬૯-૭૨.

Gandhi Heritage Portal

રીતે વર્તવું, એમને ફટકા મારવા, એ કોઈ પણ રીતે કાયદેસર, સભ્ય અથવા તો આવશ્યક ન જ ગણી શકાય. આ પ્રમાણે સત્તાવાળા જ જ્યારે મર્યાદાનો ભંગ કરે ત્યારે તેને નિરંકુશ દમન-નીતિ એ જ વિશેષણ આપી શકાય. અસહકારીઓ અને તેમના સાથીઓએ કેટલેક દરજ્જે હડતાળોના સંબંધમાં અને ચોકીઓના સંબંધમાં લોકોને દબાવવાની નીતિ ચલાવી છે એમ કબૂલ કરીએ, તોપણ તેથી કંઈ શાંત સ્વયંસેવકદળો અથવા તો તેવા જ શાંતિમય જલસાઓને તોડી પાડવાની પદ્ધતિનો બચાવ ન થઈ શકે. વળી, તેમ કરવાને સારુ જેમાં ઇરાદાપૂર્વક હિંસા કરવાને ચોખ્ખી રીતે સ્થાન હતું તેવી પ્રવૃત્તિને પહોંચી વળવા સારુ ઘડાયેલા અસાધારણ કાયદાનો દુરુપયોગ કરવામાં આવેલો છે. વળી, સાધારણ કાયદાનો ગેરકાયદેસર ઉપયોગ નિર્દોષ માણસોને દબાવવાને સારુ થયેલો છે એમ અમારામાંના ઘણાનું માનવું છે. એવા દુરુપયોગને સારુ "દમન-નીતિ" વિશેષણ ન વાપરીએ તો બીજું કયું વિશેષણ વપરાય? વળી જે કાયદો રદ કરવાનો ઇરાદો સરકારે જાહેર કરેલો છે તે કાયદાની રૂએ તેમ જ બિનઅદાલતી હુકમથી વર્તમાનપત્રોને બંધ કરવામાં આવ્યાં છે તે નીતિને પણ બીજા કયા વિશેષણથી ઓળખી શકાય?

તેથી પ્રજાની સામે તાત્કાલિક ફરજ આવી પડેલી છે તે તો એ છે કે ભાષણનો, સંઘો બનાવવાનો અને વર્તમાનપત્રો ચલાવવાનો પ્રજાનો હક છે તેનો નાશ થતો અટકાવવો.

સરકારની ચાલુ વૃત્તિ જોતાં અને ઉપદ્રવ કરનારી શક્તિઓ ઉપર કાબૂ મેળવવામાં પ્રજા હજુ પૂરી તૈયાર નથી થયેલી તેવી સ્થિતિમાં માલવિયાજીએ બોલાવેલી સભાની સાથે કંઈ પણ સંબંધ રાખવાની અસહકારીઓની ઇચ્છા ન હતી. સભાનો ઉદ્દેશ બધા પક્ષોનું એક સંમેલન બોલાવવાને આપને મનાવવાનો હતો. પણ જે દુઃખો ભોગવવાનું રોકી શકાય તે રોકવાને સારુ હું ઇંતેજાર હોવાથી માલવિયાજીની સભાની ભલામણો કબૂલ કરવાની સલાહ મહાસભાની કારોબારી સમિતિને આપતાં હું અચકાયો નહીં.[1] તેમ જ જોકે મારી મતિ પ્રમાણે તો આપના કલકત્તાના ભાષણથી તેમ જ બીજી રીતે હું આપની ઇચ્છાઓ જાણી શક્યો હતો, તેને અનુસરનારી તે સભાની શરતો હતી, તેમ છતાં આપે એ સભાની દરખાસ્તોનો કારણો આપ્યા વિના કેવળ ઇનકાર જ કર્યો છે.

આવી સ્થિતિમાં પ્રજાની માગણીઓ, તેમ જ જાહેર ભાષણના, સંઘના અને વર્તમાનપત્રોના સામાન્ય હકોના અમલ કરાવવા સારુ પ્રજાએ કોઈ પણ શાંતિમય ઉપાય શોધ્યા સિવાય છૂટકો જ ન રહ્યો. મારા નમ્ર વિચાર પ્રમાણે હાલ જે બધું સરકાર તરફથી ચાલી રહ્યું છે એ સૂચવે છે કે અલીભાઈઓએ પોતાની ઉદારતા અને બહાદુરી દર્શાવનારી વગરશરતની માફી[2] બહાર પાડી હતી તે વખતે જે સભ્ય નીતિ આપ નામદારે ગ્રહણ કરી હતી તેનો સ્પષ્ટ રીતે ત્યાગ થયો છે. તે વખતે હિંદની સરકારે અસહકારની પ્રવૃત્તિઓ જ્યાં લગી વાચામાં અને કાર્યમાં શાંતિમય રહે ત્યાં લગી તેને ન અટકાવવી એવો નિર્ણય જાહેર કર્યો હતો. જો સરકાર એ નિષ્પક્ષપાત નીતિને વળગી રહી હોત, પ્રજામતને પાકવા દીધો હોત અને તેની પૂરી અસર પડવા દીધી હોત તો ઉપદ્રવ કરનારી શક્તિઓ ઉપર મહાસભા પૂરો કાબૂ મેળવી લે અને તેના લાખો અનુયાયીઓ વધારે મર્યાદાશીલ બની રહે ત્યાં સુધી તીવ્ર સવિનયભંગ રોકવાનું બનવાજોગ હતું. પણ આ કમનસીબ દેશની તવારીખમાં એક રીતે જોતાં કદી નથી થયેલ એવી ચાલુ નિરંકુશ

૧. જુઓ "કારોબારી સમિતિના ઠરાવો", ૧૭–૧ ૧૯૨૨.
૨. જુઓ પુસ્તક ૨૦, પા. ૮૫.

Gandhi Heritage Portal

દમનનીતિએ સામુદાયિક સવિનયભંગ તુરત કરવાની ફરજ દેશની ઉપર મૂકી દીધી છે. મહાસભાની કારોબારી સમિતિએ તેની હદ બાંધી છે અને તે હદ બાંધવાનો અધિકાર મને સોંપેલો છે. અને તે પ્રમાણે હાલ તો બારડોલીમાં જ સામુદાયિક ભંગ ચાલશે. ઉપરાંત મને મળેલા અધિકારની રૂએ મદ્રાસ ઇલાકામાં આવેલા ગંતુર જિલ્લાનાં ૧૦૦ ગામડાંના એક ઝૂમખાને મારે કદાચ રજા આપવી પડે. તે ગામોએ શાંતિ, જાતિઓ વચ્ચેની એકતા, કાંતવાની અને ખાદી વણવા-પહેરવાની અને અસ્પૃશ્યતા વિષેની શરતોનું પૂરેપૂરું પાલન તો કરવું જ પડશે.

પણ બારડોલીમાં સવિનયભંગનું કાર્ય ચાલુ થાય તેના પહેલાં હિંદી સરકારના વડા સૂબા તરીકે આપને હું નમ્રતાપૂર્વક કહું છું કે આપની નીતિને છેવટને સારુ બદલો; જેઓને શાંતિમય પ્રવૃત્તિઓના સંબંધમાં પકડવામાં અથવા કેદ કરવામાં આવેલા છે તે બધા અસહકારી કેદીઓને છોડી દો; અને મુલકની અંદર જે જે શાંતિમય પ્રવૃત્તિઓ ચાલી રહેલી છે તેની વચમાં સરકાર જરા પણ નહીં આવે એવું ચોખ્ખી રીતે જાહેર કરો, પછી ભલે તે પ્રવૃત્તિઓ ખિલાફત, પંજાબ કે સ્વરાજ સંબંધી હોય અથવા બીજા કોઈ કામને સારુ હોય, અને ભલે તે શાંત પ્રવૃત્તિઓ ગુનાઓને લગતા પણ દમનનીતિવાળા કોઈ પણ કાયદાની અંદર આવી જતી હોય. તે જ પ્રમાણે વર્તમાનપત્રો ઉપરનો બિનઅદાલતી બધો અંકુશ નીકળી જવો જોઈએ અને જે દંડ અથવા તો જપ્તીઓ કરવામાં આવેલાં છે તે પાછાં મળવાં જોઈએ. આ પ્રમાણે માગણી કરવામાં, જ્યાં સભ્ય રાજ્યનીતિ ચાલે છે તેવા ગણાતા દેશોમાં જે પ્રથા ચાલે છે તેના કરતાં હું કંઈ વધારે માગણી કરતો નથી. જો આ જાહેર પત્ર પ્રગટ થયા પછી સાત દિવસની અંદર મારી માગણીનો સ્વીકાર કરવાનું આપ જાહેર કરશો તો જે સેવકો કેદમાં છે તેઓ છૂટીને આખી વસ્તુસ્થિતિનો નવેસર વિચાર કરી શકે ત્યાં સુધી તીવ્ર સવિનયભંગ મોકૂફ રાખવાની સલાહ આપવા હું તૈયાર છું. જો આ પ્રમાણે સરકાર મારી માગણીનો સ્વીકાર કરશે તો હું એમ માનીશ કે લોકમતને માન આપવાનો તેનો શુભ ઇરાદો છે અને તેથી લોકોને હું એટલી સલાહ આપીશ કે તેઓએ જાહેર મત, કોઈ તરફથી અંકુશ મુકાયા વિના, વધારે કેળવવામાં રોકાઈ જવું અને એવો વિશ્વાસ રાખવો કે દેશની નિશ્ચિત થયેલી માગણીઓનો સ્વીકાર તે વડે થઈ શકે; અને એમ થયા પછી સરકાર સંપૂર્ણ નિષ્પક્ષપાત નીતિનો ત્યાગ કરે અથવા હિંદુસ્તાનની પ્રજાના સ્પષ્ટ રીતે જણાઈ આવે તેવા બહુમતને માન ન આપે તો જ તીવ્ર સવિનયભંગ શરૂ કરવામાં આવે.

આપનો

વિશ્વાસપાત્ર નોકર અને મિત્ર

**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९–२–१९२२

ભાષાંતર : नवजीवन, ५–२–१९२२

Gandhi Heritage Portal

## ૧૨૫. વી. એ. સુંદરમ્‌ને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૧ [૧૯૨૨][1]

પ્રિય સુંદરમ્,

મૌન તમને માફક આવ્યું અને ફરી પાછું તમે મૌન ધારણ કર્યું તેથી ખુશી થયો.

તમારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૩૧૯૦

## ૧૨૬. નોંધ

### મોટાભાઈનો પત્ર[2]

નીચેનો કાગળ[3] જે મૌ. શૌકતઅલી તરફથી તેમના પુત્રને મળ્યો છે તે નવજીવનના વાચકોને અમે ભેટ કરીએ છીએ :

મને લાગે છે કે આ કાગળની પુરવણી તરીકે મારે ભાગ્યે જ કશું લખવાનું રહે છે. કાગળ સૂચનાઓ રજૂ કરવા ઉપરાંત બીજો પણ હેતુ સારે છે; અલીભાઈઓના વલણને લગતી બધી

૧. જુઓ વી. એ. સુંદરમ્‌ને પત્રો ફેબ્રુઆરી ૧, ૧૯૨૨ પહેલાં અને ૩–૨–૧૯૨૨ના.

૨. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૫–૨–૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

૩. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. કરાંચીની જેલમાંથી લખતાં, તેમણે જેલની પરિસ્થિતિનું બયાન આપ્યું છે અને જેલની અપમાનજનક પરિસ્થિતિનો સામનો કરવાનો પોતાનો નિરધાર જણાવી, જેલ જતા કાર્યકરોને કેટલીક સૂચનાઓ આપી છે. . . . "મારુ સૂચન છે કે બધા કાર્યકરોને નીચેની બાબતો અગાઉથી જણાવવામાં આવે :

(૧) તેમણે સૌ પ્રત્યે વિનયી વર્તાવ રાખવો જોઈએ; ખાસ કરીને તેમની સાથેના કેદીઓ પ્રત્યે તથા જેમની પાસે ગંદું કામ કરાવવામાં આવે છે એવા નિર્બળ અસહાય હિંદી વૉર્ડરો તરફ વિનયી વર્તાવ રાખવો જોઈએ. આપણે તેમને ઊંચા લાવવા જોઈએ અને સાચી હિંમત આપવી જોઈએ તથા દેશપ્રેમ અને શિસ્ત શીખવવાં જોઈએ. આની સાથે સાથે આપણને આપણા પોતાનામાં અને યાતના સહન કરવાની આપણી શક્તિમાં પૂરો વિશ્વાસ હોવો જોઈએ.

(૨) આપણે સ્વચ્છ ખોરાક, કપડાં અને પથારી માગવાં જોઈએ. પરંતુ મને લાગે છે કે આ નજીવી બાબત છે. વધારે અગત્યની બાબત તો પાછળથી આવે છે.

(૩) આપણી તંદુરસ્તીને નુકસાન પહોંચાડયા વિના સહેલાઈથી કરી શકીએ તેટલું કામ આપણે કરવું જોઈએ. શક્તિ અને સંજોગો કરતાં વધારે કામ કરવાની આપણને ફરજ પાડવામાં આવે તો આપણી પાસેના, કામ કરવાની ના પાડવાના એક માત્ર હથિયાર વડે તેનો સામનો કરવો જોઈએ. . . . જેલની બહાર અને જેલની અંદર એમ બંને ઠેકાણે આપણે આ સરકારને શીખવવું જોઈએ કે તે આપણી મરજી વિરુદ્ધ આપણને

Gandhi Heritage Portal

શંકાઓનું સંપૂર્ણ નિરસન આ પત્ર કરી નાખે છે. હું જાણું છું કે તેઓ જિદ્દી નથી. તેઓ પૂરેપૂરા સમજુ છે. અને છતાં ઈશ્વરકૃપાથી તેઓ તેટલા જ દૃઢ મનવાળા છે. તેઓ નબળાઈના કારણસર એક તસુ પણ હઠશે નહીં; સમજૂતીને ખાતર ચાહે તેટલું જતું કરવા તૈયાર થશે. ખુદાથી ડરનારા હોઈ તેઓ દુશ્મનની મુશ્કેલીઓ પણ જોઈ શકે એવા છે. દુશ્મનમાં દાનાઈ હોય અને ધર્મને આચરવાની તેમ જ અધર્મને કબૂલ કરી લેવાની તેનામાં તૈયારી હોય તો કોઈ પણ દુશ્મનને એમનો લેશ પણ ડર કે અવિશ્વાસ રાખવાપણું નથી. પણ અલીભાઈઓને સંતોખ્યા વિના મુસલમાનોને સંતોખવા નીકળવું એ હિંદુસ્તાનમાં આખા ઇસ્લામની સામે આંખ મીંચવા સમાન છે.

### મેરઠમાં અત્યાચાર

જિલ્લા ખિલાફત સમિતિના મંત્રી, કાઝી બશિરુદ્દીન અહમદ લખે છે :[1]

આ અને આ પછીનો પત્ર હું ઊંડા દુ:ખ સાથે પ્રગટ કરું છું. મનુષ્યસ્વભાવ આટલો બધો હીન બની શકે છે તે જાણીને મને હીણપત અને શરમ લાગે છે. મને પત્ર લખનારાઓના કથનની ચોકસાઈ વિષે શંકા લાવવાનું મારે કોઈ કારણ નથી.

આ સૌ બહાદુર સહકાર્યકરોને મારી સલાહ છે કે "અહિંસાની તમારી પ્રતિજ્ઞાને વળગી રહેજો. જુલમગારોને માફ કરજો. દેખીતી રીતે જ તેઓ પાગલ છે. પોતે શું કરી રહ્યા છે તે તેઓ જાણતા નથી. તેમની ગંદી ભાષા તરફ ધ્યાન આપશો નહીં. તે ન સાંભળવા માગનારને નહીં પણ બોલનારને જ ભ્રષ્ટ કરે છે. હુમલાથી આપણા શરીરને જરૂર ઈજા પહોંચે છે, પરંતુ આપણે તેને મરદની માફક અને રોષ વિના બરદાસ્ત કરી શકીએ તો તે આપણું કેવળ હિત જ કરી શકે." પોલીસ આજે નામર્દાઈભર્યો બેકાનૂની વર્તાવ કરે છે, તે મારે માટે તો આ તંત્ર સડી ગયું હોવાના એક વધુ પુરાવારૂપ છે. આ ગરીબ દેશ એક વાર માનવી અને ભૌતિક સમૃદ્ધિથી ભર્યોભાદર્યો હતો એવું હું વિશ્વાસપૂર્વક માનું છું. અને તેનું શોષણ કરવાનો અને તેને નિચોવી નાખવાનો એકમાત્ર ઇરાદો રાખનાર થોડા વેપારીઓના હિત ખાતર, બળાત્કારે છીનવી લેવામાં આવેલી સત્તા ટકાવી રાખવા પાશવી વૃત્તિ કેળવવામાં આવી છે અને માનવસ્વભાવને જાણીજોઈને હીન બનાવવામાં આવ્યો છે.

काम करवानी फरज नहीं पाडी शके. . . . કેટલીક ખૂબ જ અપમાનજનક પ્રથાઓ છે, તેનું પાલન કરવાની આપણે ના પાડી દેવી જોઈએ.

(क) રોજ સાંજે બધાં કપડાં કાઢી નાખવામાં આવે છે અને માત્ર એક નાનકડો ટુકડો રાખી આપણે બતાવીએ છીએ કે આપણે આપણા પેટ પર કશું જ છુપાવ્યું નથી.

(ख) જેલની કવાયત સમયે સ્વમાન ઘવાય એવું કરવાની ફરજ પાડવામાં આવે છે અને શિસ્તના નામે આપણને હલકા પાડવામાં આવે છે.

(ग) ઘણા માણસો તમારી આસપાસ હોય અને વૉર્ડર તમને જોતો હોય એ રીતે તમારે કુદરતી હાજતે જવું પડે છે, વગેરે.

(घ) [જેલના સત્તાવાળાઓ વાંધો લે કે ન લે તોપણ] નમાઝના સમયે દરેકે પાંચ વખત ખુલ્લામાં આઝાન પઢવી જોઈએ. . . ."

૧. તેમનો પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી; તેમાં મેરઠમાંની સવિનયભંગની પ્રવૃત્તિઓનું બયાન આપવામાં આવ્યું હતું તથા પોલીસના જંગલી વર્તાવનું પણ વર્ણન કરવામાં આવ્યું હતું.

Gandhi Heritage Portal

## બનારસમાં અમાનુષતા

બનારસથી મોકલવા ધારેલા પરંતુ તાર ઑફિસે વાંધાભર્યો ગણી પાછો મોકલાવેલા તારનો સાર આ પ્રમાણે છે :

> સત્તાવાળાઓ લોકોને માર મારે છે અને ઠંડીમાં મધરાતે નવસ્ત્રા કરી ઘેર મોકલે છે; સ્વયંસેવક છોકરાઓને ગાળો ભાંડે છે અને તેમની ગંદી મશ્કરી કરે છે. પરિષદની અથવા સમાધાનની વાતો કરતાં પહેલાં, દેશભક્તોએ આ દિશામાં રાહત કરી આપવી જોઈએ.

આવો અમાનુષી વર્તાવ દાખવવામાં આવતો હોય ત્યારે પરિષદો અને સમાધાનનો વિચાર કરતા "દેશભક્તો"ને આપવામાં આવેલા ઠપકામાં રહેલા ડંખની વાચક નોંધ લેશે. તારમાં ટૂંકાણમાં દર્શાવવામાં આવેલી હકીકતોને, તેની સાથે બીડવામાં આવેલા પત્રમાં વિસ્તારથી જણાવવામાં આવી છે, પણ હજુ તે પ્રગટ કરવાની મને છૂટ નથી. આ તાર કરવાની પ્રેરણા આપનાર પ્રોફેસર કૃપાલાની પોતે જેલમાં બેઠા બેઠા એવા ઉપાયો લઈ રહ્યા છે જે સંભવ છે કે તારમાં વર્ણવવામાં આવેલી અપમાનકારક ક્રૂરતાનો અંત લાવવામાં નિમિત્તરૂપ બને.

જેઓ જેલની બહાર છે તેમનો રસ્તો ચોખ્ખો છે. રોષ અને ઉશ્કેરાટથી આપણને કોઈ ફાયદો નહીં થાય. આ સવાલની ગંભીરતાનો સ્વીકાર આપણે કરવો જ જોઈએ. અશુદ્ધિ જેટલી વધારે, તેટલી આત્મશુદ્ધિ અને આપભોગની જરૂર પણ વધારે. પોલીસની નિંદા કરવાથી આપણને લાભ થવાનો નથી. તેઓ સંજોગોનાં હથિયારો છે. તેમના જાતિસ્વભાવમાં તેમની તાલીમે કોઈ સુધારો કર્યો નથી, કદાચ એથી તે વધારે બગડ્યો છે.

પોતાના ઉચ્ચ આશય ધરાવતા સંસ્કારી દેશબંધુઓ સાથે કામ પાડવાનો તેમનો આ પહેલો જ પ્રસંગ છે. પોલીસોમાં એકાએક પરિવર્તન થાય એવી અપેક્ષા આપણે ન રાખવી જોઈએ. ધીરજ અને નમ્રતા, તેમને બંધુભાવથી ભરેલા સજ્જનોમાં પલટી નાખશે. આપણામાંના ઉત્તમ માણસો જેલમાં જઈને બેઠા ત્યારથી જ મારે માટે સ્વરાજની શરૂઆત થઈ છે. ત્યારથી જ એકધારી શક્તિ પ્રાપ્ત થવા લાગી છે અને એકધારો સુધારો થઈ રહ્યો છે. સુધારો કંઈ સમાધાન પછી શરૂ થવાનો નથી, પરંતુ તે સાચા અને હમેશ પ્રગતિ કરતા સુધારાના પરિણામરૂપે હશે. પોલીસની પાશવતા માટે શું આપણે આપણી જાતને પણ દોષ નહીં દઈએ? આટલા બધા લાંબા સમય સુધી શું આપણે તેમની અવગણના કરી નથી, શું તેમનો ડર રાખ્યો નથી, તેમનું બૂરું ઇચ્છ્યું નથી અને તેમને સુધરી જ ન શકે એવા ગણ્યા નથી? આપણે જો મનનું આનું આ જ વલણ જાળવી રાખ્યું તો કશી આશા જ ન રાખી શકાય એવાં અનેક જૂથો આપણને જોવા મળશે અને પછી તો પૂર્ણતાના આદર્શ તરીકે અને સદ્‌ગુણના નમૂના તરીકે આપણે એકલા જ બાકી રહી જઈશું. બીજા શબ્દોમાં કહીએ તો સદ્‌ગુણનો આવો એકાંગી ઇજારો લઈને બેસવાથી સ્વરાજ મળવાનું નથી. તેથી પોલીસના દુર્ગુણો માટેના અને આપણી આજુબાજુના એકંદર વાતાવરણની નિર્બળતા માટેના દોષનો થોડો હિસ્સો આપણે પોતે માથે લઈએ. પરંતુ જો આપણે આરામ અને સુખસગવડ પ્રત્યેના પ્રેમની જગ્યાએ દુ:ખ અને યાતના પ્રત્યેના પ્રેમને સ્થાન આપીએ તો જ આપણી ધીરજ વાજબી ઠરશે. રોજ રોજ આપણને કંઈ ને કંઈ દુ:ખદાયક ખબર મળતા રહે છે તેમ છતાં, આ ધ્યેય માટે આપણાથી બને તેટલું થોડું પણ આપણે કર્યું હશે તો આપણે સુખી રહી શકીશું. છેવટે આપણે પરિણામ તો ઈશ્વરના હાથમાં જ છોડવું જોઈએ.

Gandhi Heritage Portal

## પંજાબનું બલિદાન[1]

જલંધર આજ સુધી માનની લહાણીથી વંચિત રહ્યું હતું, પણ હવે પંજાબની દાદાશાહી સરકારે તેને તે માન ખાટવાની તક આપી છે. તેણે જલંધરના મુખ્ય સેવક લાલા હંસરાજને પકડયા છે. લાલા હંસરાજ બૅરિસ્ટર છે અને પુરાણા ખાનદાનના ફરજન છે. તેમનું કુટુંબ સરકારની ઘણી સેવાઓ બજાવતું આવ્યું છે. લાલા હંસરાજનો અપરાધ એ કે તેમણે અંબાલાના લાલા દુનીચંદની માફક દારૂના ઈજારાના લીલામ ઉપર જાતે હાજર રહીને ચોકી કરી. એક બૅરિસ્ટર તેના ધંધાનાં કાળાંધોળાં કરવાં મેલી, દારૂનિષેધ જેવા નૈતિક સુધારણાના કામમાં લાગી જાય એને સાધારણ રીતે તો કોઈ પણ સ્તુતિપાત્ર જ ગણે. પણ હિંદુસ્તાનમાં સરકાર દરેક ચીજને જુદી જ દૃષ્ટિએ જુએ છે. લાલા હંસરાજને જેલના અનુભવથી કંઈ ગુમાવવાપણું તો છે જ નહીં. એક કમાઉ બૅરિસ્ટર બનીને તેઓ દેશની સેવા કરત તેના કરતાં દેશને ખાતર જેલમાં જઈને જે સેવા બજાવશે તેની કિંમત તેના દેશભાઈઓ કૃતજ્ઞભાવે અધિક જ આંકશે.

લાલા દુનીચંદ જેલમાં જતાં જતાં મારી ઉપર એક કાગળ લખી પોતાના પુત્રને સોંપતા ગયા છે. તેમાંથી હું નીચેનો ઉતારો કરું છું :[2]

લાલા દુનીચંદનાં ધર્મપત્નીનો એક નાનો પત્ર મને મળ્યો છે. એ બહાદુર બાઈ લખે છે કે "મારા પતિથી વિખૂટા પડતાં મને અતિશય હર્ષ થાય છે. તેમનું શરીર અશક્ત છે તેની પણ હું ચિંતા નથી કરતી, કારણ કે હું જાણું છું કે તેઓ દેશની સેવા બજાવી રહ્યા છે."

## ધર્મ ઉપર હાથ[3]

ધર્મને ખાતર જેલનાં સંકટો ખમવાં એ પંડિત અર્જુનલાલ શેઠીને કપાળે લખાયેલું જ હોય એમ દેખાય છે. જયપુરની જેલમાં તેમણે લાંબો નિવાસ કરેલો. ત્યાં ધાર્મિક ક્રિયાઓ ન કરવા દીધી એટલા સારુ તેમને અપવાસ કરવા પડયા હતા. હાલ તેઓ સાગરમાં જેલવાસી છે. અજમેરથી તેમના પુત્ર લખે છે :

> મારા પિતાશ્રીની સાથે અમાનુષી વર્તન કરવામાં આવે છે. તેમને સખત ન્યુમોનિયા થયો છે. એ બીમારીમાં પણ તેમની પાસે દળાવવામાં આવ્યું. આવા દમનને વશ થઈને જ તેમનાથી માફી મંગાઈ ગઈ, પણ ભાન આવતાં વાર તેમણે તે માફી પાછી ખેંચી લીધી. હમણાં તેમને ઈંડાં અને દારૂનો આહાર લેવાનું દબાણ કરવામાં આવે છે. તેમનું વજન બહુ ઊતરી ગયું છે.

આ ખબર કેટલે અંશે સાચા છે તે હું નથી જાણતો. પુત્ર પિતાને મળી નથી શકયા. તેમને મળેલી ખબર સાચી હોય તો એ તો ચોખ્ખો અત્યાચાર જ થયો. શેઠીજીની તબિયત એટલી બધી નબળી છે કે તેમને દળવાનું કામ અપાય જ નહીં, એ તો કોઈ પણ જોઈ શકે તેમ છે. કોઈ દરદીને ઈંડાં ને દારૂ પરાણે આપવાં એ ધર્મનો દ્રોહ છે. દક્ષિણ આફ્રિકાના એક સત્યાગ્રહીનો કિસ્સો હું જાણું છું. રેવાશંકર સોઢાને જબરાઈથી ઈંડાં પિવડાવી દેવામાં આવ્યાં હતાં. એ રસ

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૯-૨-૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

૨. અહીં પ્રગટ ન કરવામાં આવેલા ઉતારામાં અદાલતના આંગણામાં દારૂના કૉન્ટ્રેક્ટ આપવાની હરાજી દરમ્યાન પિકેટિંગ કરતાં દુનીચંદની ધરપકડ થઈ તેના તથા દારૂની દુકાનો પર પિકેટિંગ કરવા માટે બીજા સ્વયંસેવકોની ધરપકડ થઈ તેના ખબર હતા.

૩. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૫-૨-૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

ગળાની નીચે પહોંચ્યો કે તરત તેણે ઓકી કાઢ્યો ને એ રીતે તેણે જાલિમને હંફાવ્યા. આટલા દૃઢ નિશ્ચયની સામે એ જ ઘાતકી ક્રિયા ફરી વાર કરવાની જાલિમની છાતી ન થઈ. એ જુવાન ઈંડાં ન લેવા છતાં પણ સાજા થઈ ગયા અને આજે હૃષ્ટપુષ્ટ શરીરે ફરે છે. દાક્તરો બતાવે તેવો ખોરાક ન લેવો એમાં પણ ડહાપણ છે કે મૂર્ખાઈ એ વિષે જુદા જુદા મત હોઈ શકે છે, પણ અહીં કંઈ આપણે દાક્તરી નજરે તેની યોગ્યાયોગ્યતા જોવાની નથી. હું માનું છું કે માણસ જેને પોતાનો ધર્મ સમજે છે તેને ભોગે તે દેહને ટકાવવાનો મમત ન રાખે, ખાસ કરીને જ્યારે તે અટકાયતમાં હોય.

### છાપાં સામે ઝુંબેશ[1]

મોલવી મઝહરુલ હક્કના[2] મધરલૅન્ડ (માતૃભૂમિ)ની પાસેથી પણ જામીનગીરી માગવામાં આવી છે. બિહારના સત્તાવાળાઓની નમાવી ન નમે એવી સ્વતંત્રતા એ પત્રે બતાવી છે. તેણે તેઓનાં ભોપાળાંને દયા કે માન ન દેખાડતાં ઉઘાડાં પાડ્યાં છે. સહુ સાંભળે તેમ પોતાના મનના વિચાર બોલી બતાવવાની તેણે હિંમત કરી છે. સ્પષ્ટવક્તાની જીભે તાળું દીધા વિના જાલિમને કેમ પાલવે?

અધિપતિ જનાબ મઝહરુલ હક્ક પૂરા સ્વમાની છે. તેમણે જામીનગીરી આપવાની ચોખ્ખી ના પાડી છે અને હાથે લખીને પોતાનું પત્ર પ્રગટ કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. જે વિચારો તેઓ હમેશાં મૂકતા રહે તેની નકલો કરવા સારુ સંખ્યાબંધ સ્વયંસેવકોની સેવાની તેમને જરૂર પડશે. ટૂંકાવેલા સમાચારો અને નવા વિચારો વાચકો વધારે કીમતી ગણશે, કેમ કે બીજું કંઈ નહીં તોપણ અનેક સેવકોએ નકલો કરવામાં કરેલા શ્રમની પણ કંઈ ઓછી કિંમત નથી. સુંદર મરોડદાર અક્ષરમાં લખાયેલી ગીતાની પ્રતનું મૂલ્ય છાપેલી પ્રત કરતાં કોઈ પણ કાળે વધારે જ ગણાવાનું. *क्रॉनिकल*માં મેં જોયું કે *वंदे मातरम्* (લાલાજીનું પત્ર)ની રૂ. ૨,૦૦૦ની જામીનગીરી પણ જપ્ત કરવામાં આવી છે. હું ધારી લઉં છું કે આજકાલ જે હસ્તલિખિત પત્રોની સેના વધતી જાય છે તેમાં તેને પણ ભરતી થવું પડવાનું. કોઈ આજે, કોઈ કાલે, પણ એકેએક અસહકારી વર્તમાનપત્રને દાબી દેવામાં તો આવવાનું જ. પણ છપાઈ બંધ પાડી શકાય તોપણ લખાઈ બંધ પાડવી કઠણ છે.

પણ મારા જાણવામાં આવ્યું છે કે ઓરિસ્સાના અમલદારોએ ત્યાંના લોકનાયકો ઉપર નોટિસ કાઢી છે કે તેમણે સ્વયંસેવકોની ભરતીની અને એવી નોટિસ લખવી નહીં. હાથનું લખાણ બંધ કરવા સારુ તો સરકારે લખવાનો અપરાધ કરનારાઓનાં શરીરને જ બંદીખાનામાં પૂરવાં પડશે. અને ત્યારે જ વિચાર સંપૂર્ણપણે સ્વતંત્ર બનવાનો છે. વળી જેને લોકોએ પોતાનો માન્યો નથી કે જેને પ્રજા ઓળખતી નથી તેના હાથના લખેલા કે છાપેલા બોલ તો નિરર્થક જ છે, પણ જે સત્યનિષ્ઠ ને તપસ્વી છે તેનો તો મૂક શબ્દ પણ અર્થપૂર્ણ છે. છેલ્લા ત્રણ મહિનામાં ચાલેલી દમનનીતિ અને તેને પરિણામે થયેલી જાગૃતિ પરથી અસહકારીઓ તો શીખી જ લે અને અસહકારી વર્તમાનપત્રો બંધ કરી દેવામાં આવે તે જોઈને એક ક્ષણને માટે પણ ગભરાય નહીં.

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર *नवजीवन*, ૯–૨–૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

૨. ૧૮૬૬–૧૯૩૦; બિહારના રાષ્ટ્રવાદી આગેવાન; મુસ્લિમ લીગના એક સ્થાપક અને પાછળથી તેના અધ્યક્ષ બન્યા; ચંપારણના સત્યાગ્રહમાં ગાંધીજીને ટેકો આપ્યો. અસહકારની લડતમાં પણ ગાંધીજીને ટેકો આપ્યો.

Gandhi Heritage Portal

## વધુ હસ્તલિખિત વર્તમાનપત્રો[1]

અલ્લાહાબાદના સ્વરાજ પત્રની જામીનગીરી જપ્ત થઈ છે. અને તે હસ્તલિખિત પત્રને રૂપે નીકળવા લાગ્યું છે. તેના અધિપતિ બાબુ રામકૃષ્ણ લધાટે છે ને તે સુંદર અક્ષરે લખાય છે. લહિયાની કળા છાપખાનાં ને ટાઈપરાઈટિંગ નીકળતાં લોપ પામતી ચાલી છે. જો હાથે લખીને પત્રો કાઢવાની જરૂર ચાલુ રહેશે તો તેનાથી એ સુંદર કળાનો પુનરુદ્ધાર થયા વિના નહીં જ રહે. જૂના વખતના કેટલાક લેખો કોઈ પણ જમાનાને માટે સૌંદર્ય અને આનંદની વસ્તુ છે. ગૌહત્તીમાં પણ હસ્તલિખિત છાપું નીકળતું થયું છે. તે હિંદી અને આસામી બંને ભાષામાં લખાય છે અને અઠવાડિયામાં બે વાર પ્રગટ થાય છે. કિંમત દોઢ પૈસો રાખી છે. હજી સુધી સાંભળેલાં લિખિત પત્રોમાં ગૌહત્તીવાળું વાંચવામાં સૌથી સ્પષ્ટ છે. તેનું નામ કૉંગ્રેસ છે. લહિયાની કળા જોવી હોય તો સ્વરાજ સૌથી ચડે. ઇન્ડિપેન્ડન્ટની છાપ અસ્પષ્ટ છે. રોનિયો અથવા સાઈકલોસ્ટાઈલના કાગળ પર લખવામાં કંઈ ખામી હોવી જોઈએ. ત્રણે પત્રોએ ખાસ સ્વયંસેવકોને અથવા પગારદાર લહિયાઓને રોકી લઈને તૈયાર કરવા પડશે કે જેથી છાપેલું હોય તેટલી જ સહેલાઈથી વંચાય તેવી નકલો કાઢી શકાય. વળી તેવાં વર્તમાનપત્ર ચલાવનારાઓએ સંક્ષેપમાં કહેવાની કળા પણ ખીલવવી પડશે. મને લાગે છે કે જોકે આ ત્રણે પત્રોનાં લખાણ સંક્ષેપમાં તો છે જ, પણ રજૂ કરેલો વિચાર અસ્પષ્ટ ન થાય અને તેને છે તેથી વધારે સંક્ષિપ્ત કરાય તેને માટે હજી અવકાશ છે. જે વિચારો તથા હકીકતો બીજે ક્યાંય વાંચનારને ન મળી શકે તેવી આપવાનો તેમનો ઉદ્દેશ રહેવો જોઈએ. અને છાપખાનાવાળાઓની જેમ ન વાંચી શકાય તેવી ઝાંખી નકલોનો નાશ કરવો ઘટે. આ નમૂનેદાર વર્તમાનપત્રોના તંત્રીઓને હું સ્મરણ આપવા ઈચ્છું છું કે થોડો વખત ચાલીને બંધ થઈ ગયેલું સત્યાગ્રહી[2] પત્ર ફૂલ્સકૅપ કાગળની એક જ બાજુ પર નીકળતું.

## "જમે" રાખેલો પગાર[3]

પેન્શનને તો હવે "જમે" રાખેલો પગાર કહેવામાં આવે છે. અને ધારવાડના શ્રી વિનાયકરાવ જોશીનો પગાર તેમણે પોતાના દેશની સેવા કરવાનો પ્રયત્ન કર્યો તેટલા સારુ બંધ કરતાં સરકારને કંઈ આંચકો આવ્યો નહીં. અને છતાં સર માઈકલ ઓડવાયર અને જનરલ ડાયરનાં પેન્શન તો હજી ચાલુ જ છે. સર માઈકલ કેળવાયેલા હિંદીઓની નાલેશી કરતો રહે છે. તેની તુમાખી એટલી છે કે હિંદી પ્રજાને એ નાનાં બચ્ચાં સમજે છે. તેને સંભાળનાર કોઈ મોટું હમેશાં તેની ઉપર જોઈએ એમ માને છે અને પોતે તેમનો મોટેરો બનીને જ હમેશાં વાત કરે છે. જનરલ ડાયર હજુ એમ જ માને છે કે તેણે જલિયાંવાલા બાગમાં નિર્દોષ માણસોની કતલ કરી તે કેવળ પોતાની ફરજ બજાવી છે. આમ છતાં આ બંનેનાં પેન્શન ચાલુ જ છે. આપણને કહેવામાં આવે છે કે તેમનાં પેન્શન બંધ કરવામાં કાયદો આડો આવે છે અને કાયદામાંથી છટકબારી મળે તોપણ તેમનાં પેન્શન ખૂંચવી લેવાં અનીતિ ગણાય. ખરું એ છે કે હિંદી માટે

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૫-૨-૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

૨. રૉલેટ કાયદા સામેના આંદોલન દરમિયાન ૧૯૧૯ના એપ્રિલની ૭મીએ પ્રેસ ઍક્ટના વિરોધમાં ગાંધીજીએ પ્રગટ કરેલું રજિસ્ટ્રેશન વિનાનું સમાચાર સાપ્તાહિક. ગાંધીજીએ સવિનયભંગ પડતો મૂક્યો ત્યારે તેનું પ્રકાશન બંધ કરવામાં આવ્યું હતું. જુઓ પુસ્તક ૧૫.

૩. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૯-૨-૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

એક કાયદો છે ને અંગ્રેજ માટે બીજો કાયદો છે, દેશસેવક માટે એક કાયદો છે ને જુલમગાર માટે બીજો છે. એકની બાબતમાં નીતિવાળું તે જ બીજાની બાબતમાં અનીતિમાન મનાય છે. માતૃભૂમિની સેવા અને પેન્શન એ બે વચ્ચે પસંદગી કરવાનો વખત આવતાં શ્રી જોશીએ પોતાનું પેન્શન જતું કર્યું છે અને સરકારને જોરદાર જવાબ સંભળાવી દીધો છે. આવા દેશાભિમાન અને હિંમતને માટે હું શ્રી જોશીનું અભિનંદન કરું છું. તેમના ત્યાગથી ભારતવર્ષની બાજુ મજબૂત બની છે. શ્રી જોશીની આર્થિક હાનિ તે ભારતવર્ષને સારુ નૈતિક લાભ નીવડયો છે.

### પોલિટિકલ એજન્સીઓ

દમન ધીમે ધીમે બધી દિશામાં તેની જાળ બિછાવવા લાગ્યું છે, અને નામ. શાહજાદાની તાકાત જાણે કે લોકો સમક્ષ પુરવાર કરવા માટે ન હોય તેમ, શાહજાદા જ્યાં જ્યાં મુલાકાતે જાય છે ત્યાં ત્યાં તે અગાઉથી જ પહોંચી જાય છે. તેઓ નામદાર ઇંદોરમાં જાય એવી અપેક્ષા હોવાથી ગવર્નર-જનરલના એજન્ટે બાબુ બદરીલાલ આર્યદત્ત અને બાબુ છોટેલાલને ઇંદોર કૅમ્પમાંથી હદપાર કર્યા છે. રેસિડેન્સી વિસ્તારમાં જાહેર સભાઓની મનાઈ ફરમાવતા હુકમો પણ કાઢવામાં આવ્યા છે. બ્રિટિશ હિંદની માફક આ રેસિડેન્સી વિસ્તારોમાં જાહેર જીવન સારી રીતે સંગઠિત ન થયું હોય એમ બને. પણ થયું હોય તો કૅમ્પવિસ્તારના રહેવાસીઓની ફરજ વિષે મને કોઈ શંકા નથી. તેઓ જો અહિંસાની ભાવના જાળવી શકે અને સારી રીતે સંગઠિત હોય તો મનાઈહુકમો છતાં તેમણે જાહેર સભાઓ ભરવી અને હદપારી કે કારાવાસનું જોખમ વહોરી લેવું. જેમને હદપાર કરવામાં આવ્યા હોય તેઓ ગિરફતાર થવા માટે પાછા ફરે એવો મારો અભિપ્રાય છે.

એવી જ વાત કાઠિયાવાડથી આવે છે. નામ. ગવર્નરને માટે કાઠિયાવાડના રાજવીઓએ શિકારસમારંભો અને બીજાં રાજદ્વારી નહીં એવાં ખર્ચાળ મનોરંજનો ગોઠવ્યાં છે. આ રજવાડાંની પ્રજા, નામ. ગવર્નરની મુલાકાત સામે નહીં પરંતુ તેમના માનમાં યોજવામાં આવેલાં ખર્ચાળ મનોરંજન સામે રોષે ભરાઈ છે. કદાચ એ બધું ગવર્નરને ગમતું પણ ન હોય. આ બધા અધિકારીઓને હમેશાં મનોરંજન શા માટે જોઈતું હશે? તેમના વડા મથક પર તેઓ કામ કરતા હોય ત્યારે જાણે તેમને મનોરંજન મળતું જ ન હોય તેવું તો નથી. ખરેખર તો તેમાંના બધા નહીં તો કેટલાક માટે તો આ મનોરંજન બોજારૂપ જ થઈ પડતું હશે. આ દેખાવો દરમ્યાન એકેય પક્ષ સ્વાભાવિક સ્થિતિમાં નથી રહી શકતો. તેમણે ઊંચાં ધોરણનો બાહ્યાચાર રાખવો પડે છે અને એકમેકથી ઠીક ઠીક અતડા રહેવું પડે છે. તેઓ બિનસત્તાવાર રીતે મળતા હોય ત્યારે પણ તેમણે હમેશાં સત્તાવાર રીતે અને સાવધાનીથી એમ બેઉ રીતે વર્તવું પડે છે. આવા સંજોગોમાં, આવાં મનોરંજનો ઘટાડી નાખવામાં આવે અને આવી મુલાકાતોને સરકારી કામકાજ પૂરતી મર્યાદિત કરવામાં આવે તો તેથી સમય અને ખર્ચનો પુષ્કળ બચાવ થશે. વળી શિકારસમારંભો શાકાહારી કાઠિયાવાડના લોકોનાં દિલ દૂભવે છે, અને તેઓ કંઈ પણ બોલી બતાવતા ન હોય તોપણ વિનાકારણે થતા પ્રાણીસમૃદ્ધિના નાશ વિરુદ્ધ રોષ કર્યા વિના રહી શકતા નથી. શિકારનાં પ્રાણીઓને આકર્ષવા માટે દિવસો અગાઉથી બકરાંનો ભોગ આપવામાં આવે છે એવું મને જણાવવામાં આવ્યું છે. જે શિકારને માટે આટલું બધું નિર્દોષ લોહી વહેવડાવવામાં આવે છે અને જેમાં શિકારીના પોતાના જાનને કે શરીરને કોઈ જોખમ હોતું નથી, તેનું બધું આકર્ષણ હરાઈ જાય છે અને તે સરકાર અને હિંદુસ્તાનના લોકો વચ્ચે 'પ્રવર્તી રહેલા 'કાનૂનની હળવી નકલ

Gandhi Heritage Portal

બની જાય છે, અને તેને લીધે પ્રજા, બિલકુલ જોખમ ન ઉઠાવતી સરકારની રમતનું હમેશાં એક સાધન બને છે. એ કંઈ મુસાનો દાંતના બદલામાં દાંત લેવાનો કાનૂન નથી પરંતુ ઈંટનો બદલો ગોળીથી અને ઉઝરડાનો બદલો જાનથી લેવાનો કાનૂન છે. શિકારી કોઈ જોખમ ખેડતો નથી હોતો ત્યારે શિકાર સારી રમત મટીને નરી ક્રૂરતા બને છે. પરંતુ રાજવીઓના ઉડાઉ-પણા સામેનો જાહેર વિરોધ સુધ્ધાં ગવર્નરના એજન્ટ સહન કરી શકયા નહીં; અને તેથી એવું દેખાય છે કે તેમણે જાહેર સભાઓની મનાઈ ફરમાવી છે અને સર્વશ્રી મણિલાલ કોઠારી અને મનસુખલાલ રવજીભાઈ મહેતાને ગિરફતાર કર્યા છે.

એજન્સીઓમાંની આ બધી પ્રવૃત્તિ નવો જ ફણગો લાગે છે. જેઓ પકડાયા છે તેમને હું મુબારકબાદી આપું છું. ચોખ્ખા બ્રિટિશ વિસ્તારની માફક એજન્સી અને રજવાડાંમાં પણ અહિંસાનો નિયમ એટલો જ અનિવાર્ય છે. એ ઉપરાંત, સરકાર સામેની અસહકારની લડત અંગે અથવા એ લડતના હિતમાં રજવાડાંની પ્રજાએ બ્રિટિશ વિસ્તારોને મૂંઝવણમાં ન મૂકવા જોઈએ. તેઓ પોતાની સ્થાનિક ફરિયાદો અંગે ભલે લડી લે, તેમ છતાં, ખૂબ ગંભીર સંજોગ ઊભા થયા હોય અને લોકોનો અભિપ્રાય પોતાની તરફેણમાં હોય તે સિવાય તેમણે અસહકારની ઢબે જોરદાર લડત ન આપવી જોઈએ. રજવાડાંમાં, રાજવીઓ સામે પોતાનાં બધાં સાધનો અજમાવ્યાનો દાવો પ્રજા ન કરી શકે. તેમણે જાહેર અભિપ્રાય કેળવવો જોઈએ, ચળવળ ચલાવવી જોઈએ અને બીજી રીતે પોતાનું સંગઠન કરવું જોઈએ. હું ઘણી વાર સાંભળું છું કે કૉંગ્રેસે અસહકાર ચાલુ કર્યો ત્યાર પછી જ તે ઉપયોગી સંસ્થા બની છે. પરિસ્થિતિનો આ તદ્દન ખોટો ખ્યાલ છે. કૉંગ્રેસના આંદોલને અસહકારનો માર્ગ મોકળો કર્યો. અસહકાર કૉંગ્રેસની પહેલાંની પ્રવૃત્તિનું યોગ્ય પરિણામ છે. હિંદુસ્તાનમાં કૉંગ્રેસ હમેશાં લોકોની ફરિયાદ વ્યક્ત કરવાનું મોટામાં મોટું અસરકારક સાધન રહી છે. એ હમેશાં લોકોની શક્તિની અને નિર્બળતાની સાચી નોંધપોથી રહી છે. રજવાડાંની પ્રજા પાસે પણ, બ્રિટિશ હિંદુસ્તાનની કૉંગ્રેસથી તદ્દન ભિન્ન સ્વરૂપની અને કદાચ જુદી રીતના વહીવટવાળી કૉંગ્રેસો અને પરિષદો હોવી જોઈએ. માતૃસંસ્થાની ભૂલો પરથી તેઓ પાઠ ભલે શીખે. પરંતુ તેમણે એની શરૂઆતની શિસ્તમાંથી તો પસાર થવું જ જોઈએ. કોઈ અન્યાયને અતિશયોક્તિ કર્યા વિના જ ઉઘાડો પાડવામાં આવે એ કંઈ નાનીસૂની વાત નથી. દુર્ગુણની માફક અન્યાય પણ ગુપ્ત રહે ત્યારે ફૂલેફાલે છે. સૂર્યપ્રકાશમાં તેનો નાશ થાય છે. એટલે, તેમની સ્થાનિક બાબતોને રાષ્ટ્રીય કૉંગ્રેસની સાથે ભેળવી દીધા વિના કે તેને બગાડયા વિના રજવાડાંની પ્રજા ઝડપથી અને વ્યવસ્થિત રીતે સંગઠિત બને, અને આટલા બધા લોકો કરે છે તેમ એ પ્રજા પણ રજવાડાંના પ્રદેશની બહાર કૉંગ્રેસમાં અને કૉંગ્રેસ માટે કામ કરે.

### બંગાળમાંથી એક ચેતવણી[1]

એક મિત્ર જ્યારે જ્યારે બંગાળની ક્ષિતિજ ઉપર કંઈક વાદળ ચડી આવે છે ત્યારે ત્યારે મને અચૂક ચેતવતા રહે છે. પોતે દેશના એક જૂના અને કસાયેલા સેવક છે. આ વખતે તેઓ કર ન ભરવાની સામુદાયિક હિલચાલ કરવા સામે ચેતવણી આપે છે. તેઓ ધારે છે કે બંગાળમાં લગભગ બધા નેતાઓ જેલમાં હોવાથી કંઈક ઉગ્ર કામો થઈ પડવાનો સંભવ છે. હું ફરિયાદ તો ન જ કરી શકું, પણ એટલી નોંધ લીધા વિના તો ન જ રહી શકું કે નેતાઓ જેલમાં છે તે તો સરકારની ગુનાખોર હઠીલાઈને આભારી છે. સરકારે ખરા શાંતિસ્થાપકોની જોડે તેઓ

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૯-૨-૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

શાંતિનાશક હોય તેવું વર્તન ચલાવ્યું છે. સરકાર તો અશાંતિને નોતરી રહી છે. જાણે પોતાનો ઉદ્દેશ જ એ ઠરાવી મૂકયો હોય તેમ તે મુલકને અશાંતિને માટે તૈયાર કરી રહી છે. પણ એ સામે હું વાંધો ઉઠાવવા નથી માગતો. હું કબૂલ કરું છું કે આ અને આથીયે ઝાઝા દમનની આપણામાંના ઘણાએ પ્રથમથી જ આશા રાખી હતી, અને તેમ છતાં હિંમત ધરીને અડગ ડગલે આગળ ધસવું એવા નિર્ણય પર આપણે આવ્યા હતા. આજે આપણો આશરો એક ઈશ્વર છે અને તે દહાડે પણ ઈશ્વર જ આપણો આશરો હતો.

પરંતુ કંઈ અણધારી મુસીબતો આવી પડે તેને સંભાળી લેવા આપણે અલબત્ત દરેક બનતી ખબરદારી રાખીએ. તેથી જ હું હમેશાં સલાહ આપતો આવ્યો છું ને ફરી ફરી તે જ સલાહ આપું છું કે મેં જાતે મારી પોતાની દેખરેખ નીચે એક અખતરો ઉપાડચો છે તે હિંદુસ્તાનના બીજા ભાગોએ નિહાળવો અને મારા અખતરાનું શું પરિણામ આવે છે તે જોવું. બંગાળે ઘણું કરી બતાવ્યું છે, તેણે અલૌકિક કાર્ય કરી બતાવ્યું છે. બંગાળે ઘણું દુઃખ સહ્યું છે ને હજી પણ સહે છે અને છતાં હજી ભારે આત્મસંયમ જાળવી રહ્યું છે. બંગાળી નેતાઓને હું વીનવું છું કે તેઓ હાથમાં છે તેટલા જ કામને વળગી રહે, એક પણ નવું પગલું ન ભરે. બોલવાની છૂટના અને સભા ભરવાની છૂટના હકોને માટે તો તેઓ જરૂર લડી લે, પરંતુ તેમને માટે સામુદાયિક સવિનયભંગનો હજુ અવસર નથી. કર અટકાવવા એ પણ સામુદાયિક ભંગનો જ એક પ્રકાર છે અને તેનો પણ તેમને સારુ હજુ અવસર નથી. કાર્યકર્તાઓ લોકોને સમજાવે કે તેઓ ચાલુ હફતાની મહેસૂલ ભરી દે. એમ કરવાથી તેઓ પ્રજાને વધારે કીમતી તાલીમ આપી શકશે.

## આંધ્ર વિષે શું?

બીજો એક મિત્ર પૂછે છે : "તો, આપે ના-કરની તરફેણમાં આંધ્રને શા માટે સલાહ આપી? આ માસની ૩૧મી સુધી સામુદાયિક સત્યાગ્રહ ન કરવાના માલવિયા પરિષદને આપેલા વચનનો આપે ભંગ કર્યો નથી?" (આ નોંધ ૩૦મીએ લખાઈ રહી છે) વારુ, આંધ્રના લોકોને સામુદાયિક સત્યાગ્રહ શરૂ કરવાની મેં સલાહ આપી નથી. તેને માટે તૈયારી કરતાં હું તેમને રોકી શકચો નથી. તેમની મોકૂફી તો તેમના માર્ગની ચોકસાઈ કરવાના હેતુ માટે માત્ર નિયત તારીખ પહેલાંના સમય પૂરતી જ હતી. સરકારે મામલો નક્કી બિચકાવ્યો છે. પરંતુ આંધ્રના લોકો ચકોર છે અને હું આશા રાખું છું કે તેઓ નમ્રતાની કળા જાણે છે. સરકારની ઉશ્કેરણી છતાં, મને આશા છે કે પોતે સંપૂર્ણપણે તૈયાર છે અને કોંગ્રેસે મૂકેલી શરતો, જેમાં અહિંસા નાનકડી શરત નથી, તેનું તેઓ પાલન કરી શકે તેમ છે એવી તેમને ખાતરી ન થાય ત્યાં સુધી તેઓ સામુદાયિક સત્યાગ્રહનો કાર્યક્રમ ન ઉપાડવા જેટલા નમ્ર બનશે. મારા અખતરાનાં પરિણામો ચોક્કસપણે જાણવા ન મળે ત્યાં સુધી હિંદુસ્તાનનો આંધ્ર સહિતનો કોઈ પણ ભાગ, આ અખતરો નહીં કરે તો તેથી મને જરૂર વધારે ખુશી થશે.

## સામૂહિક હિલચાલનાં જોખમ[1]

જનસમુદાય જાગ્રત થયો છે એ સંતોષ પામવા જેવું તો છે જ, પણ એમાં જે ચોક્કસ જોખમો રહેલાં છે તે જાણીબૂજીને ન જોવાં એ મૂર્ખાઈભરેલું છે. છાપામાં મેં હમણાં જ એક ખબર વાંચી કે કોઈ છોકરી મારી દીકરી બનીને ફરી રહેલી છે અને તેથી લોકોમાં માનપાન

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૯-૨-૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

પામી રહી છે. શાણી ને સંયમી એવી હજારો છોકરીઓ મને પિતા ગણે એમાં મને કોઈ જાતનો વાંધો ન હોય, ઊલટો હું તો મગરૂર થાઉં. તેવી દીકરીઓથી હું અને દેશ શોભીએ. આવાં દત્તક નિરંતર લેવાતાં જાય ને કુટુંબની ભાવના દિનપ્રતિદિન વધુ ને વધુ વિસ્તાર પામતી જાય ત્યારે તેવાં કુટુંબને જગત એક કુટુંબ તરીકે કબૂલ રાખશે. હકીકત એવી છે ને કદાચ આ દસમી વાર હું તેનું પુનરુચ્ચારણ કરતો હોઈશ કે પુત્રીનો પિતા હોવાનું સદ્ભાગ્ય પરમેશ્વરે મને નથી આપ્યું. એક નાનકડી અંત્યજ બાળાને હું મારી દત્તક પુત્રી કહું છું. તે મને આનંદ આપનારી છે અને હું આશા રાખી રહ્યો છું કે જ્યારે તે મોટી થશે ત્યારે સત્યનિષ્ઠ અને વિનયશીલ બનીને તેના ભવિષ્યના સેવાકાર્યને ઉપાડી લેશે. આજે તો તે ખરી “કાળવીતરી” છે. રમતને જ તે સ્વધર્મ માને છે, કર્મને સ્વધર્મ નથી ગણતી. બાપને ઘેર હતી ત્યાં તો તેને આંખ દેખાડનાર હતા એટલે તે પાંસરી ચાલતી. તેવાં આંખ બતાવનારને અભાવે મારે ત્યાં એ કામાકૂટી થઈ ગઈ છે. એ સાત વર્ષની લાડકી કામાકૂટી બાળકી મને “બાપુજી”નું પદ આપે તેમાં મને જરાયે વાંધો નથી. ઘણી મોટી ઉંમરની બાળાઓ પણ હું તેમને મારી પુત્રીઓ ગણું એમાં રાજી છે, પણ તેઓ જે કોટિ પર મને ખેંચી લાવવા ઇચ્છે છે તે કોટિએ રહેવું મને પોતાને બહુ ભારે થઈ પડે છે. હું કઈ ઘડીએ દેવાળિયો બાપ બની તેમને ભારે પડીશ એ વિચારે તેઓને હમેશાં ધ્રૂજતું રહેવું પડે છે. પણ હિંદુસ્તાનની બધી છોકરીઓને મારે આથી જણાવી દેવું જોઈએ કે તેઓ જો પરાણે મારે ખોળે ચડી બેસીને મારી બદનામી કરવા માગતી હોય તો એવું બદનામીનું જોખમ વહોરવાને મારી સાફ ના છે. કેટલીક લાડકી છોકરીઓ મારી દીકરીઓ બની છે તેમનાં નામ પણ જગત આગળ મૂકવાની મારી હિંમત નથી ચાલતી. તેમના જેવી લાડકી બાળાઓને તો જેટલી હોય તેટલીને હું જરૂર દત્તક રાખવા માગું છું.

પણ કોઈ બાળા પરાણે મારી પુત્રી બનીને ફરે એ વાત તો ઘડીભર વિનોદની ગણી કહાય. પણ મેં તો વળી એવું સાંભળ્યું કે ઉદેપુરમાં મોતીલાલ પંચોળી નામના કોઈ સદ્ગૃહસ્થ પ્રગટ થયા છે. એ ભાઈ મારા શિષ્ય હોવાનો દાવો કરે છે અને રજપૂતાનાનાં ગામડાંઓમાં દારૂનિષેધ અને તેવા કંઈ કંઈ વિષયોના ઉપદેશ આપું છું એવો દાવો કરતા ફરે છે. ખબર એવી છે કે તે જ્યાં જાય છે ત્યાં તેમની આસપાસ હમેશાં હથિયારબંધ અનુયાયીઓનું ટોળું વીંટળાયેલું રહે છે અને જ્યાં જાય છે ત્યાં એ પોતાનું રાજ્ય, કે તેને જે કહે તે, સ્થાપન કરતા જાય છે. એ ભાઈસાહેબ ચમત્કારો બતાવવાની શક્તિનો પણ દાવો કરે છે. તેણે અથવા તો તેના અનુયાયી-ઓએ કંઈક વિઘાતક કામ પણ કર્યું છે એવી ખબર મળી છે. પ્રજાએ હમેશને માટે જાણી રાખવું ઘટે કે મેં એવા કોઈ ચેલા મૂંડ્યા નથી. હાલ તરતને માટે તો મહાસભા અને ખિલાફત કમિટી એ જ હું પોતે છું, તેનાથી સ્વતંત્ર મારી હસ્તી છે જ નહીં. હું જે કંઈ કરું છું તે બધું આ બે સંસ્થાઓને અંગે જ છે. મારે નામે કાર્ય કરવાનું મેં કોઈને સોંપ્યું નથી. મેં પોતે લખી આપ્યું હોય તે વગર મારા નામનો ઉપયોગ કરવાની કોઈને મેં સત્તા પણ આપી નથી. અને લેખી સત્તા પણ મહાસભા કે ખિલાફત સિવાયના બીજા કોઈ કાર્યને માટે કોઈને મેં આપેલી નથી. અને કોઈની પણ ઉપર શસ્ત્ર કે સોટી સરખી ચલાવવાની મેં કોઈને સત્તા આપેલી નથી જ.

હું સમજું છું કે આ બહાદુર પણ ભોળા ગામડિયાઓને ભરમાવવામાં આવ્યા છે અને પોતાના રાજ્યને ભરવાના કર ન ભરવા તેઓ તૈયાર થઈ ગયા છે. તેમને એમ પણ કહેવામાં આવ્યું છે કે શિરોહી રાજ્યના કર ભરનારાઓને દરેકે રૂ. ૧થી વધારે કર ન ભરવો એવી મેં

Gandhi Heritage Portal

સૂચના કરી છે! મને પોતાને તો આમાંની કશી ખબરસરખી નથી. એ બાબતમાં મારી સલાહ પણ કોઈએ પૂછી નથી. શિરોહી રાજ્યના મુખ્ય કારભારી પંડિત રમાકાંત માલવિયાએ મહેરબાનીની રાહે આ વાતથી મને વાકેફ કર્યો છે. તેઓ મને જણાવે છે કે મારે નામે મહા અનર્થ ચાલી રહ્યો છે. મારું આ લખાણ એ દેશબંધુઓને કાને પડે તો હું તેમને કહેવા ઇચ્છું છું કે તેમને જે કંઈ સંકટો હોય તે બધાં તેમણે તેમના રાજ્યના સત્તાવાળાઓની પાસે રજૂ કરવાં, પણ હથિયાર તો કદાપિ ન ઉઠાવવાં. તેમને રાજ્યનો કર ભારેપડતો લાગતો હોય અને ન ભરવાની તેમની મરજી હોય તો તે ન ભરવાનો તેમને હક છે. પણ એ હક રમત કરવા જેવો નથી. તેમણે જાહેર મત કેળવવો જોઈએ અને પોતાની બાજુ રજૂ કરવી જોઈએ. તેઓ જો આટલી સાવચેતી નહીં લે તો તેઓ જોશે કે સૌ કોઈ તેમની વિરુદ્ધ જવાનું અને આખરે તેઓ ભારે નુકસાનીમાં આવી પડવાના.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २–२-१९२२

# ૧૨૭. ડૉ. રૉયની પ્રસ્તાવના

રેંટિયાને લગતી એક બંગાળી પત્રિકાની બંગાળના નામાંકિત રસાયણશાસ્ત્રી ડૉ. પ્રફુલ્લચંદ્ર રૉયે પ્રસ્તાવના લખી છે. આ સચોટ દલીલોથી ભરેલી આખી પ્રસ્તાવનાનું[1] ભાષાંતર નીચે આપતાં મને ખરેખર આનંદ થાય છે. ડૉ. રોયની અદ્‌ભુત રાસાયણિક શોધો અને ઉદ્યોગહુન્નરને લગતી પ્રવૃત્તિઓ તો કીમતી નીવડી જ છે, પણ ઘરકંતામણના પ્રચારની તેમની આ પ્રવૃત્તિ એથી પણ વધારે કીમતી અને અદ્‌ભુત નીવડશે એમાં મને લગીરે શંકા નથી. એમની રાસાયણિક શોધોએ હિંદુસ્તાનને આંગણે કીર્તિ આણી છે; જે ઉદ્યોગોને તેમણે પોતાનું જીવન સમર્પ્યું છે તે વડે બંગાળને કેટલાક લાખ રૂપિયા મળ્યા છે અને બુદ્ધિશાળી બંગાળીઓને કામ મળ્યું છે; પણ ઘરકંતામણ દાખલ થવાને પરિણામે તો લાખો બંગાળી ઘરોમાંથી ભૂખમરો અથવા અડધો ભૂખમરો અને અધમતા ટળશે, દુકાળ અને એથી ઉત્પન્ન થતા વ્યાધિઓને દેશવટો મળશે અને તેને બદલે રિદ્ધિસિદ્ધિથી છલકાતાં સુખી કુટુંબોના કલ્લોલધ્વનિથી બંગાળનાં ગામડાંઓ ગુંજી રહેશે. પહેલી સ્વદેશીની ચળવળ વેળાએ માન્ચેસ્ટર કે જાપાનને બદલે મુંબઈ કે અમદાવાદનું કાપડ આણીને બંગાળે કશો પણ લાભ ઉઠાવ્યો નથી એવી જે ટીકા ડૉ. રૉયે કરી છે તેની સાથે હું પૂરેપૂરો સંમત થાઉં છું. સ્વદેશીની પૂરી અને તાત્કાલિક અસર આપણે ત્યારે જ જોઈ શકીશું કે જ્યારે આપણાં છૂટાં છૂટાં વેરાયેલાં લાખો ઘરોમાં આપણે સૂતર અને કાપડ પેદા કરતા હોઈશું. સ્વદેશીથી તેમનું જેટલું સંગઠન થશે તેટલું બીજા કશાથી થવાનું નથી.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २–२–१९२२
ભાષાંતર : નવજીવન, ૧૯–૨–૧૯૨૨

૧. આ પ્રસ્તાવના અહીં પ્રગટ કરવામાં આવી નથી.

Gandhi Heritage Portal

# ૧૨૮. પરદેશ વસતા હિંદીઓ

સંપાદક, યંગ ઇન્ડિયા

સાહેબ,

. . . કેનિયાના આપણા દેશબંધુઓને યુરોપિયન વસાહતીઓની એક મોટી હિલ-ચાલનો સામનો કરવો પડે છે, જ્યારે ફીજીમાં આપણા નિરાધાર ભાઈઓની હાલત રોજ રોજ બગડતી જાય છે. આ લોકોની હાડમારીઓ અને મુશ્કેલીઓ એટલી બધી છે કે તે અહીં વર્ણવી શકાય એમ નથી.

હાલમાં . . . હિંદના લોકો પરદેશમાં વસતા હિંદીઓના સવાલો પર વધારે ધ્યાન આપી શકે એવી અપેક્ષા રાખી શકાય એમ નથી, છતાં સંસ્થાનોમાં રહેતા આ કમભાગી દેશવાસીઓ માટે કંઈક કરી છૂટવું એ આપણું કર્તવ્ય છે. . . સંસ્થાનોમાં વસતા હિંદીઓ માટે સંગઠિત રીતે પ્રચાર કરવાનો અમે નિર્ણય કર્યો છે. સંસ્થાનોમાં વસતા આપણા દેશબંધુઓ તેમની મુશ્કેલીઓ અંગેના હેવાલ અમને નિયમિત રીતે મોકલી આપશે તો અમે તેમના આભારી થઈશું. આ હેવાલ અમે અંગ્રેજી અને દેશી ભાષામાં પ્રગટ થતાં પત્રોમાં મોકલી આપીશું. આ કાર્યની યોગ્ય વ્યવસ્થા અંગેની કોઈ પણ સૂચના માટે અમે આભારી થઈશું.

અમે છીએ
વગેરે

સત્યાગ્રહ આશ્રમ, તોતારામ સનાઢ્ય[1]
સાબરમતી બનારસીદાસ ચતુર્વેદી

આ સાચા કાર્યકરોને તેઓ માગે તે બધી સહાય મળશે એવી હું આશા રાખું છું. દરિયાપાર વસતા આપણા દેશબંધુઓની સ્થિતિ વિષે ખૂબ માહિતી ધરાવવા છતાં, તેમને માટે હું કંઈ ખાસ કરતો નથી એ વિચારતાં મને શરમ આવે છે. ચાર્લી ઍન્ડ્રૂઝ ઉપરાંત બે નિષ્ણાતો આ બાબતમાં રસ લઈ રહ્યા છે એ વિચારમાંથી હું આશ્વાસન મેળવું છું. મારે માટે તો સ્વરાજના કામમાં સામ્રાજ્યના અછૂતોની સેવાનો સમાવેશ થઈ જાય છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨–૨–૧૯૨૨

૧. આ ભાઈ ઘણાં વર્ષો સુધી ફીજીમાં રહ્યા છે ને તેમણે તેમના ત્યાંના વસવાટ વિષે એક પુસ્તક લખ્યું છે. પાછળથી ગાંધીજીના સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં આવીને રહ્યા હતા.

Gandhi Heritage Portal

# ૧૨૯. એક ખ્રિસ્તી મિશનરીનાં મોઘમ અનુમાનો

મિ. એમ. કે. ગાંધી

સાહેબ,

હિંદુસ્તાનમાંના આપના પ્રચારનો છેલ્લા થોડા દિવસ સુધી મને કોઈ અંગત અનુભવ ન હતો. પરંતુ નામ. પ્રિન્સ ઑફ વેલ્સ મદ્રાસમાં આવી પહોંચ્યા તે દિવસે ૧૩મી જાન્યુઆરીએ, હું જ્યારે જૉર્જટાઉનની શેરીઓમાં થઈને મોટર હંકારી જઈ રહ્યો હતો ત્યારે "ગાંધીજી કી જય"ના પોકારો સાથે તોફાનીઓએ મારા પર હલ્લો કર્યો, ઈંટ અને નળિયાં માર્યાં, મારા પર ધૂળ નાખી અને મને આગળ જતાં રોક્યો. વળી મારી ગાડીનો એક દીવો પણ તેના ચોકઠામાંથી કાઢીને ઉઠાવી લઈ જવામાં આવ્યો. . . . મને જે સહન કરવું પડયું તેવું બીજા ઘણાને સહન કરવું પડયું, માત્ર કેટલાકની ઈજા વધારે ગંભીર હતી. મારું સદ્ભાગ્ય છે કે હું શારીરિક ઈજાથી બચ્યો છું.

મારા અનુભવમાંથી કેટલીક બાબતોનું મને જ્ઞાન થયું છે. એ બધી હું આપને જણાવવા ઇચ્છું છું.

આપ હિંદુસ્તાનના ભલા માટે કામ કરી રહ્યા છો એવો દાવો કરો છો. બીજા ઘણા પણ એવો દાવો કરે છે. દાખલા તરીકે, જેમાંનો હું પણ એક છું તે ખ્રિસ્તી મિશનરીઓ અને બ્રિટિશ સરકાર પણ એવો જ દાવો કરે છે. આ દેશ અને તેના લોકો માટે મેળવેલા લાભોની પારાવાર સિદ્ધિથી ભરેલા ભૂતકાળ તરફ આ બંને પોતાની આંગળી ચીંધી શકે તેમ છે.

આ દેશમાં ચોક્કસ સુધારાની અને ખરેખરાં સારાં પરિણામની કઈ સિદ્ધિ આપે મેળવી છે તે હું આપને પૂછવા માગું છું. . . . અત્યાર સુધી તો આપ મુશ્કેલીઓ જ ઊભી કરી રહ્યા છો. પંજાબની મુશ્કેલીઓ બીજા કોઈએ નહીં પણ આપે જ ઊભી કરી છે અને આપે જ મુસલમાનોના મગજમાં ખિલાફતના અન્યાયના ખ્યાલો ભર્યા છે. ખિલાફતની બાબત સાચી હોય કે ખોટી, પણ તેની સાથે હિંદુસ્તાનને, તેના લોકોને અથવા સરકારને કંઈ જ લેવાદેવા નથી, કે તેઓ તેને વિષે કંઈ કરવા પણ ઇચ્છતા નથી. એ બાબત સંપૂર્ણ રીતે હિંદુસ્તાન બહારની છે. આપ સ્વરાજ લાવવાનો દાવો કરો છો તેમ છતાં, ખાદી અને રેંટિયા વિષેના બાલિશ અને અવ્યવહારુ ખ્યાલો, જે સમસ્ત મહાન દેશના ભલા માટેના છોકરવાદી વિચારો છે તે સિવાય સ્વરાજ કોના જેવું હશે તે વિષે આપે કોઈ રચનાત્મક વિચારો દર્શાવ્યા નથી. સ્વરાજને આપ કેવી રીતે સિદ્ધ કરવા માગો છો? આપ તેની જવાબદારીઓ માટે કોઈ પણ રીતે પોતાની જાતને કે બીજાને તૈયાર કરી રહ્યા છો ખરા? વ્યવહારુ વ્યવસ્થાનાં ખરેખર કયાં કાર્યો આપે હાથ પર લીધાં છે? કોઈક અસ્પષ્ટ રીતે પરિણામ પામનારી કંઈક વસ્તુ વિષે આપ વાતો કરો છો. આ બધો અર્થવિહીન અને અચોક્કસ શબ્દાડંબર છે.

આપે ઇતિહાસનો અભ્યાસ કર્યો છે અને પ્રજાઓની પ્રગતિ ધ્યાનમાં લીધી છે? ક્રાંતિ અને વિનાશથી નહીં પણ ઉછેર અને ક્રમિક વિકાસથી પ્રગતિ થાય છે એ વાત આપે ધ્યાનમાં લીધી છે? કુદરત દ્વારા ઈશ્વર કેવી રીતે કામ કરે છે, વનસ્પતિ અને પ્રાણીઓનું જીવન ક્રાંતિથી નહીં પણ ઉત્ક્રાંતિ દ્વારા, ધીમી પ્રગતિથી કેવી રીતે વૃદ્ધિ પામે છે, તે તરફ



Gandhi Heritage Portal

આપે કદી ધ્યાન આપ્યું છે? આપ કદી આકાશ તરફ નજર કરો છો અને તારાની ગતિ નિહાળો છો? જેને ઝડપથી ગતિ કરતા આપ જુઓ છો તે તો ખરતા તારા છે અને વિનાશ અને સર્વનાશ તરફ ધસી રહ્યા હોય છે. યુગોના યુગોથી અસ્તિત્વ ધરાવતાં સૂર્ય અને નક્ષત્રમંડળો ભાગ્યે જ ગતિમાન થતાં જોવામાં આવે છે. સવારે ઉષાને પ્રગટ થતી જોવા આપ થોભ્યા છો? દુકાનના શટરની માફક શું તે ઊઘડી જાય છે? પહાડ ચડવા માટે ચડનારે એક પછી એક ધીમાં અને મુશ્કેલ પગલાં ભરવાં પડે છે. ઝડપથી નીચે જવા માટે તેણે સીધા ખડક પરથી માત્ર એક જ પગલું મૂકવું પડે છે અને થોડી જ ક્ષણમાં તે તળિયે પહોંચી જાય છે. વિચાર કરો, મિ. ગાંધી, આનો વિચાર કરો.

હું માનું છું કે આપ પણ બીજાઓની માફક હિંદુસ્તાનનું ભલું ઈચ્છો છો, પરંતુ આપની અત્યારની રીતરસમ ખોટે માર્ગે ચડેલી છે. હિંદુસ્તાને સ્વરાજ માટે લાયક બનવું હોય તો તેણે તેને માટેની લાયકાત કેળવવી જોઈએ, તેને સંચામાં પેદા ન કરી શકાય. વિકાસની પ્રક્રિયા ચાલી જ રહી છે. બ્રિટિશ સરકાર અને પ્રજા તેના વિકાસમાં મદદ કરી રહ્યાં હતાં અને તેઓ આ સારું કામ કરવાનું ચાલુ રાખશે, અને છેવટે બધો બોજ અને જવાબદારી તેમના માથા પરથી ઊતરી જતાં તેઓ આનંદ માણશે. પરંતુ, — એ એક મોટો વિકલ્પ છે — સ્વરાજ મેળવવાનો પ્રયત્ન કરવાની આપની પદ્ધતિનાં અત્યાર સુધી જે પરિણામો જોવામાં આવ્યાં છે તેણે, આપ ખોટા માર્ગ પર છો એ બતાવી આપવું જોઈએ. પંજાબ, મુંબઈ, મલબાર અને બીજી જગ્યાએ આપે જગાડેલી અવ્યવસ્થા, તોફાન, ચોરી, લૂંટ, ક્રૂરતા, આગ, ખુનામરકી, એ બધાંએ મળીને આપ જે ભૂલભરેલી રીત અખત્યાર કરી રહ્યા છો તેના પ્રત્યે આપની આંખ ખોલી નાખવી જોઈએ. હજુ પણ આપ આટલા બધા અંધ કેમ છો? જે અનિષ્ટ બળોને આપ અંકુશમાં રાખી શકો તેમ નથી તેમને આપ જગાડી રહ્યા છો અને જે શુભ બળોને આપ અંકુશમાં રાખી શકો એમ છો અને આગેકૂચ માટે તેમનો ઉપયોગ કરી શકો એમ છો તેમની સાથે આપ હાથ મિલાવવાની ના પાડો છો. આપ સ્વતંત્રતાનો દાવો કરો છો પરંતુ તદ્દન સ્પષ્ટપણે બતાવી આપો છો કે આપ તેનો ઉપયોગ કરવા સમર્થ નથી. મહાત્મા, આપ પાછા વળો, આપ ખરેખર મહાન આત્મા હો તો પાછા વળો. આત્મસમર્પણ, કડક શિસ્ત અને સહકારી સાહસની સીધી અને સાંકડી કેડીમાં પ્રવેશો. કેવળ પોકારો પાડવાનું અને વાવટા ફરકાવવાનું બંધ કરી દો. આપ જાતે કંઈક ખરેખરું સારું કાર્ય કરો અને બીજાઓ, બેશક અપૂર્ણપણે છતાં પ્રામાણિક ભાવનાથી અને નિ:સ્વાર્થ હેતુથી કામ કરવાનો પ્રયત્ન કરતા હોય તેમની માત્ર ભૂલ કાઢનારું વાજિંત્ર ન બનો.

મદ્રાસ, આપનો સ્નેહાધીન
જાન્યુઆરી ૨૫, ૧૯૨૨ જી. એચ. મેકફરલેઈન

આ કટારોમાં તાજેતરમાં પ્રગટ કરેલા બે અંગ્રેજ મહિલાઓના બે પત્રો[૧] કરતાં આ પત્ર[૨] જુદા જ ભાવનો છે. તેઓ પણ ખ્રિસ્તી મિશનરીઓ છે. મિ. મેકફરલેઈન આ આંદોલનને

૧. જુઓ "નોંધ", ૧૨-૧-૧૯૨૨નું પેટામથાળું "ઈશ્વરના હાથમાં" અને "નોંધ", ૨૯-૧-૧૯૨૨નું પેટામથાળું "એક અંગ્રેજ સન્નારીના આશીર્વાદ".

૨. અહીં માત્ર થોડા ઉતારા પ્રગટ કર્યા છે.

Gandhi Heritage Portal

સમજ્યા નથી અથવા તેનો તેમણે અભ્યાસ કર્યો નથી એટલું સ્પષ્ટ છે. અમુક દાખલાઓ પરથી વ્યાપક અનુમાનો કરવાનું ખૂબ જ જોખમભરેલું છે એ વાત સૌ લોકો કરતાં એક મિશનરીએ વધારે સારી પેઠે સમજવી જોઈએ. મદ્રાસનાં ટોળાંએ મિ. મેકફરલેઈન ઉપર હુમલો કર્યો અને તેમનો દીવો ઉઠાવી ગયા એ કાયરતાનું કામ હતું એમાં શંકા નથી. આ ગાંડપણને દરેક સમજુ માણસે વખોડી કાઢ્યું છે. જેનો આધાર અહિંસા છે એવા અસહકાર પ્રત્યેની ખોટી સહાનુભૂતિને લીધે આ હિંસા કરવામાં આવી હોવાથી, તેણે ધ્યેયને હાનિ પહોંચાડી છે એ વાત દરેક સમજુ માણસ કબૂલ કરે છે. પણ મુંબઈ અને મદ્રાસમાં જે વસ્તુઓ બની તે શું દુનિયાના ઈતિહાસમાં નવા અનુભવો છે? તેવા બનાવો યુરોપમાં વારંવાર બન્યા નથી? ઈંગ્લંડ અને સ્કૉટલંડમાં તે અનેક વાર બન્યા નથી? મુંબઈ અને મદ્રાસનાં ટોળાંએ જે રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરી છે બરાબર તે જ રીતે શું રોષે ભરાયેલાં ટોળાં પોતાની લાગણી વ્યક્ત કરતાં નથી? મુંબઈ અને મદ્રાસનાં ટોળાં કરતાં પણ આયર્લૅન્ડનાં ટોળાંએ વધારે ખરાબ કૃત્યો કર્યાં નથી? અને તેમની ગુંડાગીરીને લીધે તેમને લગભગ સ્વરાજ કહી શકાય એવી ચીજ મળી નથી?

મુંબઈ અને મદ્રાસની ગુંડાગીરીને હું ધિક્કારું છું, પરંતુ તે જુદાં દૃષ્ટિબિંદુથી. આયર્લૅન્ડની ગુંડાગીરીને પણ હું ધિક્કારું છું. આયર્લૅન્ડની ગુંડાગીરી અને તેની મુંબઈ અને મદ્રાસની નકલ વચ્ચે તફાવત છે. આયર્લૅન્ડની ગુંડાગીરી વ્યવહારુ અને પ્રામાણિક હતી. તે આયર્લૅન્ડના વાતાવરણને પ્રતિકૂળ નહોતી એટલે વ્યવહારુ હતી. આયર્લૅન્ડના લોકોએ પોતાના સિદ્ધાંતો છુપાવ્યા નહોતા. તે પ્રામાણિક હતી. હિંદુસ્તાનની ગુંડાગીરી અવ્યવહારુ છે તેમ જ અપ્રામાણિક પણ છે. અવ્યવહારુ એટલા માટે કે હિંદના માનસની મને ખબર છે તે પ્રમાણે હિંદમાં ગુંડાગીરી ફાલી શકે તેમ નથી. એ માનસને તે અનુકૂળ નથી. એમાં સગવડની દૃષ્ટિ હોવા છતાં, હિંદનું આંદોલન સંપૂર્ણ રીતે અહિંસક હોવાનો દાવો કરતું હોવાથી ગુંડાગીરી કરવી અપ્રામાણિક છે. પોતે જેને અહિંસક ન રાખી શકતા હોય એવી વસ્તુમાં અસહકારીઓએ હાથ જ ન નાખવો જોઈએ.

પરંતુ મિ. મેકફરલેઈન મદ્રાસની ગુંડાગીરીથી એટલા તો ગભરાઈ ગયા છે કે તેઓ હિંદુસ્તાનને સ્વરાજ માટે નાલાયક ગણે છે. તેથી ઊલટું, હું તો એમ માનું છું કે અત્યારની અસ્વાભાવિક અને અપ્રામાણિક સ્થિતિ કરતાં તો ગુંડાગીરી પણ વધારે સારી દશા ગણાય. કોઈ પણ ભોગે તેનો અંત લાવવો જ જોઈએ. વાત એટલી જ છે કે અત્યારના નેતાઓ હિંસક આંદોલન હાથ ધરી શકે એમ નથી. તેમાંના મોટાભાગના તેવી ઈચ્છા ધરાવતા નથી કે તેને માટેની લાયકાત પણ ધરાવતા નથી. તેને અહિંસક રાખવા માટે તેઓ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે.

મિ. મેકફરલેઈનનો એવો દાવો છે કે અત્યારના સરકારી તંત્ર હેઠળ હિંદુસ્તાનને અપાર લાભ થયો છે. પણ મારો મત તો એવો છે કે એની એકંદર પ્રવૃત્તિથી હિંદુસ્તાનને નૈતિક, ભૌતિક અને રાજદ્વારી હાનિ પહોંચી છે. નૈતિક ધોરણ આજે પહેલાંના કરતાં નીચું ઊતર્યું છે. આજના યુગની અનીતિ સુધરેલી હોવાથી ભરમાવનારી અને તેથી વધારે ભયંકર છે. ભૌતિક રીતે જોઈએ તો, પહેલાંના કરતાં આજે ગરીબી વધારે ઊંડી ગઈ છે. રાજદ્વારી રીતે હિંદુસ્તાન એટલું બધું નામર્દ બન્યું છે કે તેના લોકોને પોતાના અધ:પતનનું ભાગ્યે જ ભાન છે.

લેખક આંદોલનની સિદ્ધિઓ જાણવા માગે છે. લોકોમાં તે વડે ભારે જાગૃતિ આવી છે. લોકોએ હાથકાંતણ સાવ છોડી દીધું હતું. આજે હજારો ઘર લાખો વાર સૂતર કાંતે છે. હાથે કાંતેલાં કપડાંનો ઉપયોગ બંધ પડી ગયો હતો. આજે હજારો સ્ત્રીપુરુષો ખાદી પહેરે છે અને

Gandhi Heritage Portal

તેને પરિણામે હજારો ઘરમાંથી ભૂખ નાબૂદ થઈ છે. સ્વરાજનો અર્થ નાણાં, કાયદો, પોલીસ અને લશ્કર પરનો તેમનો કાબૂ એમ લોકો સમજતા થયા છે. પંજાબના ઘા રુઝાય નહીં અને ખિલાફતના અન્યાય મિટાવવામાં ન આવે ત્યાં સુધી શાંતિ થઈ જ ન શકે એ તેઓ જાણે છે.

રાષ્ટ્રોએ ઉત્ક્રાંતિ અને ક્રાંતિ એમ બંને વડે પ્રગતિ સાધી છે. ઉત્ક્રાંતિ ક્રાંતિ જેટલી જ આવશ્યક છે. જેમ જન્મ અને ત્યાર પછીની અવસ્થા ધીમી અને સ્થિર ઉત્ક્રાંતિ છે, તે જ પ્રમાણે મૃત્યુ, જે શાશ્વત સત્ય છે તે ક્રાંતિ છે. માણસના વિકાસ માટે મૃત્યુ પણ ખુદ જીવન જેટલું જ આવશ્યક છે. જગતે કદી જાણ્યો હોય અથવા ભવિષ્યમાં જાણશે એવો મોટામાં મોટો ક્રાંતિકાર ઈશ્વર છે. તે પ્રલયો મોકલે છે. જ્યાં ક્ષણ પહેલાં શાંતિ હતી ત્યાં તે તોફાન મોકલે છે. અતિશય કાળજી અને અપાર ધીરજથી તેણે પોતે ઊભા કરેલા પર્વતોને જ તે જમીનદોસ્ત કરે છે. હું આકાશનું જરૂર નિરીક્ષણ કરું છું. તે મને તેના પ્રભાવથી અને અદ્ભુતતાથી તૃપ્ત કરે છે. હિંદ તેમ જ ઇંગ્લંડના નિર્મળ આકાશમાં મેં વાદળોને જામતાં અને પ્રચંડ આવેગથી વરસતાં જોયાં છે. અને તેમણે મને અવાક બનાવી દીધો છે. ઇતિહાસ તો કહેવાતી વ્યવસ્થિત પ્રગતિ કરતાં વિશેષરૂપે અદ્ભુત ક્રાંતિઓની નોંધ છે. અને બીજા કોઈ દેશના ઇતિહાસ કરતાં ઇંગ્લંડનો ઇતિહાસ તો વિશેષે કરીને એવો છે. અને આ પત્રલેખકને હું જણાવું કે, મેં લોકોને ધીમે પગલે પહાડ પર ચડતાં જોયા છે, તેમ જ હવામાં ખૂબ ઊંચે સુધી ભારે ગતિથી ઊડીને જતાં પણ જોયા છે.

સ્વરાજ્ય હિંદસ્તાનનો જન્મસિદ્ધ હક છે. બ્રિટિશ તંત્રે તેને આ અધિકારથી વંચિત રાખ્યું છે. હિંદુસ્તાન ગુમાવેલી સ્વતંત્રતા મેળવવા મથી રહ્યું છે, અને એમ કરવામાં તે ઇતિહાસનું પુનરાવર્તન નહીં પરંતુ તેનું નવઘડતર કરી રહ્યું છે. એ પ્રક્રિયા દરમ્યાન મુંબઈ, મદ્રાસ અને માલેગાંવમાં બન્યું છે તેમ તે ઇતિહાસનું પુનરાવર્તન કરવાની દુ:ખદાયક ઇચ્છાનાં ચિહ્નો પ્રગટ કરે છે. મલબારને આ આંદોલનની સાથે ભેળવી દેવાનું નથી. સ્વતંત્રતાનો અર્થ અવશ્ય ભૂલ કરવાની સ્વતંત્રતા થાય છે. છેવટે આ પત્રલેખકને અને તેમની માફક વિચાર કરનારા બીજાઓને હું ખાતરી આપું છું કે આ આંદોલન દ્વેષભાવનું નહીં પણ સૌ પ્રત્યે શુભેચ્છા દર્શાવવાનું આંદોલન છે. કેવળ સમય જ એ વાતની સચ્ચાઈ પુરવાર કરી શકે. વેદના આપણને એની નીચે ઢંકાયેલા નવા જન્મનાં દર્શન કરવા દેતી નથી. આપણે સાવધાન રહીએ, થોભી જઈએ અને પ્રાર્થના કરીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–२–१९२२

Gandhi Heritage Portal

## ૧૩૦. વકીલાત કરતા વકીલો અને સ્વયંસેવકોનું કાર્ય

સંપાદક, यंग इन्डिया

સાહેબ,

૧. વકીલાત કરતા વકીલોને સ્વયંસેવકો બનવાની છૂટ છે?

આ માસની બારમીના यंग इन्डियामां[1] વકીલો વિષે લખતાં આપ જણાવો છો: "પરંતુ કૉંગ્રેસે[2] તેમને માટે એક માનભર્યું દ્વાર હેતુપૂર્વક ખુલ્લું રાખ્યું છે. પૂરેપૂરા અસહકારીઓ સિવાય બીજાઓ સ્વયંસેવકની પ્રતિજ્ઞા પર સહી કરવાને અધિકારી છે કે નહીં તે વિષે મૂળ મુસદ્દો કદાચ અસ્પષ્ટ હતો. તેમને માટેની શરતો મોટેભાગે માન્યતાની બાબતો હોવાથી પાલન કરવામાં સહેલી છે."

બીજી બાજુએ અમદાવાદમાં થયેલી બંગાળના ડેલિગેટો સાથેની આપની મુલાકાતના ૨૦મી જાન્યુઆરી, ૧૯૨૨ના ટ્રિબ્યૂનમાં પ્રગટ થયેલા હેવાલમાં[3] નીચેનો ફકરો આપવામાં આવ્યો છે :

"ઠરાવ અનુસાર વકીલાત કરતો વકીલ દેશની સેવા કેવી રીતે કરી શકે તેવા પ્રશ્નનો જવાબ આપતાં મહાત્માજીએ જણાવ્યું :

વકીલાત કરતો વકીલ જરૂર ખાદી પહેરી શકે પણ સ્વયંસેવક ન બની શકે.

પ્ર૦ : કેટલેક ઠેકાણે માણસોને અભાવે કામ અટકી પડશે એવો મને ડર છે.

મહાત્માજી : . . . અસ્પૃશ્યો વચ્ચેના તમારા કામ અંગે, અથવા દારૂબંધીના કામમાં કે સ્વદેશી અંગે તમને તેમની મદદ જરૂર મળશે. પરંતુ તેઓ સ્વયંસેવકદળના સભ્યો ન બની શકે. સરકારની જાહેરાતના વિરોધમાં સ્વયંસેવકદળની રચના કરવામાં આવી રહી છે અને શુદ્ધ હૃદયના હોય તેઓ જ જેલ જવાને લાયક છે."

આ હેવાલ કોઈ રીતે વસ્તુત: ખોટો છે અથવા આ વિષય પરના આપના અભિપ્રાયમાં છેલ્લે કંઈ ફેરફાર થયો છે? વકીલાત કરનાર સાધારણ વકીલ માટે આ બાબત સાવ મુશ્કેલી વિનાની નથી. કારણ કે, કૉંગ્રેસનો ઠરાવ[4] સહકારીઓ અને અસહકારીઓ, વકીલો અને સાધારણ માણસોને એકસરખી રીતે સ્પર્શે તેવો વિસ્તૃત હોવા છતાં વકીલાત કરતા વકીલને માટે સ્વયંસેવક તરીકે નામ નોંધાવવાની વાત સાવ અસંગત અને દંભી દેખાય છે.

બાબત એ છે કે જે કોઈ વ્યક્તિ દેશની હાકલને માન આપવામાં નિષ્ફળ નીવડી હોય તે કોઈ પણ આગળપડતી જાહેર પ્રવૃત્તિમાં લોકો સામે આગળ આવે તે વાત, અસહકાર પરના કૉંગ્રેસના સઘળા ઠરાવોની અને આપે તેના કરેલા અર્થની ભાવનાની તદ્દન વિરુદ્ધ છે.

૨. પ્રતિજ્ઞાની[5] કલમ (૪) અનુસાર, દરેક સ્વયંસેવકે "બીજું કાપડ છોડી દઈને માત્ર હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી જ પહેરવી જોઈએ." અહીં ખાદી શબ્દનો

૧. જુઓ "નોંધ", ૧૨-૧-૧૯૨૨નું પેટામથાળું "વકીલો વિષે".

૨. ડિસેમ્બર ૧૯૨૧માં અમદાવાદમાં મળેલી.

૩. अमृत बझार पत्रिका, ૧૪-૧-૧૯૨૨ના અંકમાં પ્રગટ થયા મુજબના હેવાલ માટે જુઓ "બંગાળના ડેલિગેટોની મુલાકાત", ૨૯-૧૨-૧૯૨૧.

૪ અને ૫. જુઓ "અમદાવાદના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ-૧", ૨૮-૧૨-૧૯૨૧.

Gandhi Heritage Portal

સંકુચિત શાબ્દિક અર્થ કરવામાં આવ્યો છે ને તેમાં માત્ર હાથે વણેલા સુતરાઉ કાપડનો જ સમાવેશ થાય છે કે તેનો વધારે વ્યાપક અર્થમાં ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેમાં હાથે કાંતેલાં અને હાથે વણેલાં ઊન, સુતરાઉ, રેશમી વગેરે બધા જ પ્રકારનાં કપડાંનો સમાવેશ થાય છે?

હું છું, વગેરે,
**રામદાસ છોકરા**
બૅરિસ્ટર
લાયલપુર

ઉપરનું લખાણ પ્રગટ કરતી વખતે મેં સઘળો ટીકાત્મક ભાગ કાઢી નાખ્યો છે. કૉંગ્રેસના ઠરાવને જે રીતે હું સમજું છું તે પ્રમાણે તો વકીલો માટે સ્વયંસેવકદળનું દ્વાર એ જરૂર ખુલ્લું રાખે છે. અપૂર્ણ અસહકારીઓને સ્થાન મળે તે માટે વિષયવિચારિણી સભામાં હેતુપુરઃસર થોડો શાબ્દિક ફેરફાર કરવામાં આવ્યો હતો એ હું જાણું છું. ખાદીનગરમાં બંગાળી ડેલિગેટો સાથેની મારી વાતચીતનો હેવાલ મેં વાંચ્યો નથી. પરંતુ વકીલો કૉંગ્રેસના ઠરાવ પ્રમાણે સ્વયંસેવક ન બની શકે એવું કહ્યાનું મને યાદ નથી. લગભગ વાતચીત થઈ તે જ વખતે યંગ ઇન્ડિયાની મારી નોંધ લખાઈ હતી. વકીલો હોદ્દેદારો ન થઈ શકે એવું મેં કહ્યું હતું એ મને ચોક્કસ યાદ છે. તેઓ કારોબારી સમિતિઓના સભ્યો ન થઈ શકે. પરંતુ સ્વયંસેવકોની પ્રતિજ્ઞાના બીજા ઉદ્દેશો ઉપરાંત એક ઉદ્દેશ તો સરકારની દળો વિખેરી નાખવાની નોટિસોને નિરર્થક બનાવવાનો છે. જે વકીલ અંતઃકરણપૂર્વક પ્રતિજ્ઞા પર સહી કરે છે તે જેલ જવા માટે પૂરતો શુદ્ધ છે એમ હું માનું છું. અને તે જેલ જવા તૈયાર થાય તે હકીકત જ તેના કારાવાસના સમય પૂરતી તેની વકીલાત મુલતવી રહેવાની ખાતરી આપે છે. અસહકારના ઠરાવમાં સ્વરાજ મળતાં સુધી વકીલાત પડતી મૂકવાનું વિચારવામાં આવ્યું છે. કોઈ વકીલ કદાચ આમ ન પણ કરી શકે, છતાં પ્રતિજ્ઞા પર સહી કરીને તેને જેલ જવું પડે અને પરિણામે વકીલાત છોડવી પડે તેની તે કદાચ દરકાર ન કરે. એક પ્રસંગમાં વકીલાત ચોક્કસ મુલતવી રાખવી જ પડે અને બીજામાં જો મોટી સંખ્યામાં લોકો પ્રતિજ્ઞા લે તો વકીલાત મુલતવી રાખવાનો સંભવ ઘણો દૂરનો જ રહે. વકીલો પ્રતિજ્ઞા પર સહી કરે તેમાં મોટો લાભ છે. તેઓ કદાચ મર્યાદિત અર્થમાં ધ્યેય પ્રત્યે પોતાની ખુલ્લી સહાનુભૂતિ દર્શાવે છે અને ચોક્કસ રીતે અને પોતાની જાત દ્વારા સ્વદેશીના ધ્યેયને આગળ ધપાવે છે. વકીલો તેમનાં સાવ બિનજરૂરી પરદેશી કપડાંનો અને પરદેશી ઢબછબનો ત્યાગ કરવાની અને ખાદીનો પહેરવેશ અપનાવી એ રીતે લોકભાવનાના અદ્ભુત આવિષ્કારની સાથે એકરૂપ થવાની હિંમત દાખવે એ જોવા હું ઘણું નમતું આપું. હાથે કાંતેલું અને હાથે વણેલું ઊનનું, રેશમી કે સુતરાઉ બધું કાપડ ખાદી જ છે. પરંતુ આબોહવા કે બીજા કોઈ વિશિષ્ટ કારણે જરૂર પડે તે સિવાય કોઈ રેશમી કે ઊનનું કપડું નહીં અપનાવે એવી અપેક્ષા રાખવામાં આવી છે. ડૉ. રૉય કહે છે[૧] તેમ બરછટ ખાદી પહેરવાની ફૅશન હોવી જોઈએ. અગાઉ મેં કહ્યું હતું તે ફરીથી કહું કે બરછટ દેખાતી ખાદી ટસર રેશમ જેવી છે, સ્પર્શે તે સુંવાળી છે અને દેખાવમાં સુંવાળી ખાદી કરતાં તે ચામડીનું વધારે સારી રીતે રક્ષણ કરે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–२–१९२२

૧. સતીશચંદ્ર દાસગુપ્તાના ચરખા નામના પુસ્તકની તેમની પ્રસ્તાવનામાં.

Gandhi Heritage Portal

# ૧૩૧. ખોજા ભાઈબહેનોને

એક મુસલમાન ભાઈએ ખોજાઓમાં સ્વદેશીનો પ્રચાર થોડો જ થયો છે એ સંબંધી લાંબો કાગળ લખ્યો છે. તેમાંથી નીચેનો ભાગ ઉતારું છું :[૧]

ખોજાઓને મેં ખાસ સંદેશો આજ લગી નથી લખ્યો કેમ કે એવો પ્રસંગ નથી આવ્યો. અઢી લાખના તો શું પણ પાંચ માણસના સમુદાયને પણ આપણે આ સ્વદેશીની ને સ્વધર્મની લડતમાં ન ભૂલી શકીએ. જેટલા જેટલું આપે તેટલું લઈ વધારેને સારુ તેમને વીનવીએ. ત્યારે ખોજા કોમ તો પ્રખ્યાત કોમ છે. તેમની પાસે ધન છે, શક્તિ છે, કેટલાકની સમજ તો ઘણી બહોળી છે. તેઓમાં ઉદાર દિલના ગૃહસ્થો પડયા છે. કોઈ કોઈ વેળા સરળ ચિત્તનાં ભાઈબહેનો એ કોમમાંથી મને મળી પણ જાય છે. કેટલાક તો નવજીવનના ખાસ અભ્યાસી છે એમ હું જાણું છું. મારાથી બની શકે તો હું જરૂર દરેક ખોજા ભાઈબહેનને અસહકાર તરફ, તેટલું ન કરી શકે તો સ્વદેશી તરફ દોરું.

સ્વદેશી એ એક એવો સંપૂર્ણ ને સાદો બધાને પાળવાનો ધર્મ છે કે તે તો કોઈ હિંદીએ છોડવો જ ન જોઈએ. એક આઠ વર્ષની તેલગુ બાળા લખે છે : "રેંટિયાથી સ્વરાજ મળી શકે એવી શ્રદ્ધા મારામાં છે તેથી હું હમેશાં રેંટિયો ફેરવું છું ને સૂતર કાંતું છું ને માનું છું કે તેથી સ્વરાજ મળે."

આ બાળાને લખતાં મેં જણાવ્યું છે કે મારી શ્રદ્ધા રેંટિયાને વિષે હતી તેવી જ છે. હું જરૂર માનું છું કે જો હિંદુસ્તાન રેંટિયો નિરંતર ચલાવવાનો ધર્મ સ્વીકારે, પરદેશી કાપડનો ત્યાગ કરે, ખાદી પહેરે ને હમેશાં કાંતતાં ઈશ્વરની પાસેથી સહાય માગે તો એટલું જ કરવાથી આપણે સ્વરાજ લઈ લઈએ.

તેથી જેઓ અસહકારના દરેક અંગને ન સમજી શકે અથવા સમજતાં છતાં તેનું પાલન કરવાની જેનામાં શક્તિ ન હોય તેઓ સ્વદેશીધર્મનું તો પાલન તુરત કરે. ઘણી ખોજા બહેનોએ મને કહ્યું છે કે રેશમી કે બારીક કપડાંનો રિવાજ પડી જવાથી ગરીબ બહેનો ખોજાખાનામાં જઈ નથી શકતી. કેટલાક શરમના માર્યા પરદેશી કપડાંનો ત્યાગ નથી કરતા ને કેટલાકને રેશમી કપડાંનો અને બારીક મલમલનો એટલો બધો શોખ થઈ ગયો છે કે તેઓ ખાદીને જોઈને જ મોં મરડે છે. જેઓ પોતાના દેશની વસ્તુનો આવો તિરસ્કાર કરે એ દેશમાં જન્મ્યા છતાં પરદેશી થઈ જાય છે. તેમાંયે જેઓ સ્વદેશી વસ્ત્રનો—બહેનોએ કાંતેલા જાડાપાતળા સૂતરનાં વણાયેલાં કપડાંનો ત્યાગ કરે તેઓ તો દેશના દ્રોહી જ બન્યા ગણાય.

જો બધા હિંદુમુસલમાન એવું વર્તન કરે તો દેશની કંગાલિયત કેમ ટળે? તો ગરીબ ઓરતોની પાસે પથ્થર ફોડવા સિવાય બીજો ધંધો શો રહ્યો? દાક્તર પી. સી. રૉય જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી પણ સમજી ગયા છે કે તેમની રસાયણી શોધોથી નહીં પણ રેંટિયાથી તેઓ બંગાળમાંથી દુષ્કાળને કાઢશે. તેઓએ હમણાં જ ખુલના રેંટિયો તૈયાર કરાવ્યો છે ને પોતાનાં અનેક

૧. આ ઉતારો અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. પત્રલેખકે ગાંધીજીને અઢી લાખ ખોજાઓને ખાસ અપીલ કરીને તેમને ખાદી અને કાંતણ અપનાવવાનો આગ્રહ કરવા વિનંતી કરી હતી.

Gandhi Heritage Portal

કારખાનાંઓમાંથી તેઓ ખુલના રેંટિયો દુષ્કાળિયાંને પૂરો પાડે છે. હવે તેઓ દુષ્કાળિયાંને મફત ચાવલ નથી આપતા પણ તેઓને કહે છે, "કાંતો ને ચાવલ લો." આમ કરી ખુલનાનાં કંગાળ ગામોમાં રેંટિયા દાખલ કરી રહ્યા છે. તેમણે પ્રતિજ્ઞા લીધી છે કે જો ત્યાંનાં ચાર ગામડાં જેની સાથે તેમનો પરિચય ઘણો છે તે છ માસમાં પોતાને જોઈતું સૂતર કાંતતાં ન થઈ જાય તો તેઓ તે ગામડાંનો ત્યાગ કરશે. આ સાધુચરિત રસાયણશાસ્ત્રી અત્યારે ખાદી જ પહેરે છે ને તે પહેરી મગરૂરી માને છે. ખાદી સિવાય બીજું પહેરતાં શરમાય છે.

ખોજા ભાઈબહેનોએ આવા દાખલાઓનો વિચાર કરી તેનું અનુકરણ કરવું ઘટે છે. હું જાણું છું કે ખોજા જેવી નાની કોમમાં જ્યાં ખરી કંગાલિયત નથી ત્યાં સાદાઈનો એકદમ સ્વીકાર કરવો મુશ્કેલીની વાત છે. તેઓ તો ખેતરમાં પૈસા આપી ધર્મ કર્યો માની બેસે. તેઓને હું એટલું કહું કે તમે નાની કોમના છો એવું કેમ માની બેસો? તમે કયાં ત્રીસ કરોડથી અલગ છો? ત્રીસ કરોડના દુ:ખસુખમાં તમારો ભાગ રહ્યો જ છે. ત્રીસ કરોડની વસ્તીમાંથી એક પણ ભાઈને માત્ર હાડચામ જ હોય ને એક પણ બહેનને ધંધો ન મળવાથી પોતાની પવિત્રતા વેચવી પડતી હોય ત્યાં લગી તમારે મારે બધાયે શરમાવું રહ્યું છે. તેથી હું ઉમેદ રાખું છું કે ખોજા અને એવી બીજી બધી કોમો જેમાં સ્વદેશીની બૂજ હજુ જાણવામાં ન આવી હોય તેઓ તુરત જાણતા થઈ જશે ને તવંગર કે ગરીબ બધાં ખોજા ઘરોમાં રેંટિયો ને ખાદી દાખલ થઈ જશે ને કોઈ ખાદી પહેરતાં શરમાશે નહીં, એટલું જ નહીં પણ ખાદીને ખરો શણગાર માનશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨–૨–૧૯૨૨

## ૧૩૨. સી. રાજગોપાલાચારીને લખેલા પત્રમાંથી ઉતારો

બારડોલી,

ફેબ્રુઆરી ૩, ૧૯૨૨

તમારા રેંટિયાની અને રામાયણની મને ઈર્ષા થાય છે. તમારી પાસેનું રામાયણ વાલ્મીકિ રામાયણનો ખરાબ તરજુમો નહીં હોય પરંતુ તે પોપની[1] તામિલ હૅન્ડબુકમાં[2] જેને વિષે મેં ઘણું વાંચ્યું હતું તે કંબનનું[3] મૂળ રામાયણ હશે એવી હું આશા રાખું છું.

[મૂળ અંગ્રેજી]

જેલ ડાયરી

૧. જી. યુ. પોપ (૧૮૨૦–૧૯૦૮); દક્ષિણ હિંદમાં મિશનરીનું કામ કર્યું. फर्स्ट लेसन्स इन तामिल, ए हॅन्डबुक ऑफ ध ऑर्डिनरी डायलेक्ट ऑफ ध तामिल लॅंग्वेज અને બીજાં પુસ્તકોના કર્તા.

૨. જી. યુ. પોપે તેમના પુસ્તક हॅन्डबुकમાં (૧૯૧૧ની ૭મી આવૃત્તિ) ૧૭૯મા પાના પર કંબનનો "તામિલ ભાષાના મહાકવિ" તરીકે ઉલ્લેખ કર્યો છે.

૩. તામિલ ભાષામાં રામાયણના લેખક.

Gandhi Heritage Portal

## ૧૩૩. વી. એ. સુંદરમ્‌ને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૩ [૧૯૨૨][૧]

પ્રિય સુંદરમ્,

તમારી ચિઠ્ઠીઓ મળી. હું તમને વારંવાર લખું એવી અપેક્ષા તમે જરૂર મારી પાસેથી નહીં રાખતા હો. મૌન દરમ્યાનની તમારી પ્રગતિને હું ભક્તિભાવથી નિહાળી રહ્યો છું એનાથી તમને જરૂર ફાયદો થશે. એક ટંક જમીએ તેને અડધો ઉપવાસ કહી શકાય, પણ ઘણી વાર તે બિલકુલ જ ઉપવાસ હોતો નથી. પરંતુ તે શું કહેવાય તેનું કશું જ મહત્ત્વ નથી. તમે શિસ્ત પાળી રહ્યા છો એટલું પૂરતું છે.

કાંતવા પાછળ તમે નિયમિત રીતે ત્રણથી ચાર કલાક ન ગાળતા હો તો હવે તે પ્રમાણે કરવાની હું તમને આગ્રહપૂર્વક સલાહ આપું છું.

પોતે સંપૂર્ણ બનવું એ દેશની સંપૂર્ણ સેવા કરવા બરાબર છે એ વિષે હું તમારી સાથે પૂરેપૂરો સંમત છું. અને એ સમસ્ત માનવજાતની સેવા સાથે અસંગત ન હોય ત્યારે જ દેશની સંપૂર્ણ સેવા બને છે. પૂર્ણતાના અનેક માર્ગો છે. કેટલાક શાંત ચિત્તે ધ્યાન ધરીને અને બીજા કાર્યરત રહીને તે પ્રાપ્ત કરે છે. બંને પાછળનો આશય સેવાનો પ્રેમ જ હોવો જોઈએ.

એટલે તમે જે કંઈ કરી રહ્યા છો તે એ જ દિશામાં છે એવી તમને ખાતરી હોય ત્યાં સુધી બારડોલી વિષે તમારે ફિકર કરવાની જરૂર નથી.

તમારો સહૃદયી
**બાપુ**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૩૨૦૨

૧. મૂળ પત્રમાં "૧૯૨૧" છે પરંતુ ફેબ્રુઆરી ૩, ૧૯૨૧ને દિવસે ગાંધીજી બારડોલીમાં ન હતા, કે બારડોલીનો મુદ્દો પણ ચર્ચાતો નહોતો; દેખીતી રીતે જ ૧૯૨૧ના વર્ષનો ઉલ્લેખ ૧૯૨૨ને બદલે ભૂલથી કરવામાં આવ્યો છે.

Gandhi Heritage Portal

# ૧૩૪. મહાદેવ દેસાઈને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૩, ૧૯૨૨

ચિ. મહાદેવ,

તમારા કાગળનો જવાબ મેં મોકલ્યો છે તે મળી ગયો હશે. તમારા કાગળનો ઉપયોગ હું કર્યા કરું છું.

જ્યાં સુધી તમે જેલરની રજાથી કંઈ પણ કરો ત્યાં સુધી હું અડચણ જોતો નથી. વળી જ્યાં જેલના નિયમોનો ખુલ્લી રીતે ઈરાદાપૂર્વક ભંગ કરવો ઘટે ત્યારે પૂછવું જ શું? તેમ ભંગ ક્યારે થઈ શકે એ પણ લખી ચૂક્યો છું.

બારડોલીએ શરૂઆત કરવાનો નિશ્ચય તો થઈ ચૂક્યો એ તમે જોયું હશે. હવે નિયમ પ્રમાણે મેં વાઈસરૉયને વિષ્ટિપત્ર મોકલ્યો છે તેની મુદત અગિયારમીએ પૂરી થાય છે. એટલે અગિયારમીએ અમારે કંઈક કરી બતાવવું રહ્યું. મારો કાગળ વાઈસરૉયને તો આજે મળી જવો જોઈએ. તેમાંની માગણી સ્વીકારે તો હાલ સવિનયભંગ બંધ રહેશે. મારી માગણી એ છે કે વાઈસરૉય નોટિસ ખેંચે, કેદીઓને છોડે અને હવે પછી શાંત પ્રવૃત્તિઓની વચ્ચે ન પડવાનું જાહેર કરે. આમ કરે તો આપણે શાંતિથી પાછા ઑર્ગેનાઇઝ કરીએ. માગણીમાં છાપાંઓને સ્વતંત્રતાની વાત આવી જાય છે. આ માગણી તો વાઈસરૉય કદાચ કબૂલ નહીં કરે છતાં તેને કર્યે જ છૂટકો છે; જો બારડોલી બલિદાનશક્તિ બતાવે ને બીજા ભાગો શાંત રહે તો.

તમારે ત્યાં તો હવે તમે સ્વરાજતંત્ર ચલાવતા થઈ ગયા. તમારે પ્રમુખ વગેરેની પણ ચૂંટણી કરી એક એક મિનિટનો હિસાબ દરેક પાસેથી મળે એવો પ્રબંધ કરવો જોઈએ.

મારી સાથે રામદાસ ને કૃષ્ણદાસ છે. ગંગાબહેન પણ આવ્યાં છે. થોડા સમયમાં આશ્રમથી વણનાર–કાંતનાર વગેરે બોલાવવાનો છું. અહીં વણાટકામ ધીમું છે ખરું.

વિઠ્ઠલભાઈ ઘણેભાગે અહીં જ રહેશે.

તમારી તબિયત ઘણી સરસ રાખવી જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૮૯૬

Gandhi Heritage Portal

## ૧૩૫. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૪, ૧૯૨૨

વહાલા ચાર્લી,

તમારો તાર મળ્યો. પૂર્વ આફ્રિકા વિષે વધારે સારાં પરિણામની મેં આશા નહોતી રાખી, તેમ જ હું અત્યારે દક્ષિણ આફ્રિકા પાસેથી વધારેની અપેક્ષા રાખતો નથી. છતાં હિંદીઓ ગમે તેમ કરીને ટકી રહેવા જોઈએ. તમારાથી બની શકે એટલું બધું તમારે કરવું જોઈએ, તેમ છતાં હિંદુસ્તાનની પરિસ્થિતિમાં સારોસરખો સુધારો ન થાય ત્યાં સુધી સંસ્થાનોની પરિસ્થિતિમાં સુધારો થવાની આશા રાખવી ફોગટ છે, એવું તમે મારી માફક સમજો એમ હું ઇચ્છું. કાયદો અને વ્યવસ્થાને નામે હિંદમાં જે દુષ્કૃત્યો થઈ રહ્યાં છે તેનો તમને ખ્યાલ આવી ન શકે. ખરેખર, પંજાબમાંનાં કૃત્યો કરતાં પણ તે ભૂંડાં છે. પણ સદ્‌ભાગ્યે હવે લોકો તેને નબળાઈને લીધે નહીં પરંતુ તાકાતથી જાણીજોઈને તાબે થઈ રહ્યા છે. હું જાણું છું કે સુધારણાને હજુ પણ અવકાશ છે. તેથી જ બારડોલીનો નિર્ણય લીધો છે.

આપણે વાત કરવી જ પડે એવું કાંઈ હોય તો તમે બારડોલી આવી જશો. સુરતથી દોઢ કલાકની મુસાફરી છે. કોલાબાથી સાંજે ૯–૨૦ વાગ્યે રવાના થતી અને સુરત સવારે ૬ વાગ્યે આવી પહોંચતી ગાડી સારી છે. સવારે ૧૦ વાગ્યે તમે બારડોલી આવી પહોંચશો.

વાઇસરૉય પરનો મારો પત્ર[1] તમારે વાંચવો જોઈએ.

સપ્રેમ,

તમારો
**મોહન**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૨૬૦૯

૧. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧લી તારીખનો.

Gandhi Heritage Portal

# ૧૩૯. અંગદવિષ્ટિ

સભ્ય યુદ્ધનો નિયમ છે કે જ્યારે યોદ્ધામાં સંપૂર્ણ બળ ખીલે છે ત્યારે તે સંપૂર્ણતાએ નમ્ર બને છે. ત્યારે તો તે વિનયને છોડતો જ નથી. દરેક યુદ્ધને પ્રારંભે એ પ્રતિસ્પર્ધીને બરોબર ચેતવણી આપે છે, તેને સાવધાન કરે છે ને તેને પોતાની ભૂલ સુધારવા અથવા યુદ્ધનું કારણ દૂર કરવા વિનય કરે છે.

આવો વિનય રામે રાવણ સાથે કર્યો હતો. જ્યારે રામચંદ્ર સેતુબંધ રામેશ્વર પહોંચી ગયા ત્યારે પોતાની વાનરસેના એકઠી કરી વિચારવા બેઠા કે હવે રાવણને ચેતવણી આપવી, તે કોણ આપે? ઘણાંને તો આ પગલું અનાવશ્યક લાગ્યું. કેટલાકે તો તેમાં કમજોરી જોઈ. રાવણ જેવા અભિમાનીને વિનય કરવો એ તો તેના અભિમાનને ઉત્તેજન આપવા બરોબર થયું. રામે આ દલીલો ધ્યાનપૂર્વક સાંભળી અને સેનાને સમજાવ્યું કે રાવણ ઉપર વિષ્ટિની અસર થાય કે નહીં એની ફિકર રામના લશ્કરને કરવાની ન હોય. રામનું લશ્કર તો પોતાની સભ્યતા વિચારે. રાવણ તેથી વધારે ગર્વમાં આવશે તો વધારે ગાફેલ રહેશે. તેમાં રામને શું? રામ જ્યારે ચેતવણી આપે ત્યારે રામમાં એટલા ધર્માચરણથી વધારે બળ આવે જ. તેમણે બળવાન, ધીરજવાન, વિનયવાન અંગદને શોધ્યો ને અંગદવિષ્ટિ કરી. રાવણ તો છેડાયો. એ કંઈ મનાવ્યો માને? પણ એણે રાજ ખોયું, પાટ ખોયું.

તે જ સભ્યતાના પ્રાચીન નિયમને અનુસરીને આપણે વાઈસરૉય સાહેબને વિષ્ટિપત્ર મોકલ્યો છે. તે તો નહીં માને. તેનું આપણને શું? પણ નહીં માને તેથી આપણું બળ ખૂબ વધવાનું. જગત પણ આપણી તરફ વધારે વળશે. આપણું જગત તે આપણા ભાઈઓ, કે જે હજુ આપણને ભૂલેલા માની સરકારને મદદ દઈ રહ્યા છે.

આ વખતે મુદ્દો બદલાયો છે. ખિલાફતનો, પંજાબનો કે સ્વરાજનો ફડચો આપણે કરીએ તેના પહેલાં સરકાર સાથે ને સરકારના સાથીઓ સાથે એક હિસાબ આપણે પહેલો કરવો રહ્યો છે.

આ સરકારે પોતાનો કાબૂ હમેશાં લોકોનું ધ્યાન ચુકાવીને ટકાવ્યો છે. દરદ એક હોય ને બતાવે બીજું. બંગાળીઓને ભાગલાનું દરદ હતું. તે દરદને માટે તેઓનાથી ગોળા ફેંકાયા તો તે ગોળા ફેંકવાને દરદ કહી પહેલું દરદ ભુલાવી દેવાનો પ્રયત્ન કર્યો ને ગોળાને બહાને નિર્દોષને રંજાડવા ને લોકોને નપુંસક બનાવવાની યોજના રચી. તેવું જ દરદ રૉલેટ ઍક્ટનું. તે દરદની ધૂનમાં પંજાબને સન્નિપાત થયો. એ સન્નિપાતને મટાડવા સારુ હત્યાકાંડ રચ્યો ને મૂળ દરદને છુપાવવા પ્રયત્ન કર્યો. હવે ખિલાફત, પંજાબ ને સ્વરાજ એમ ત્રિવિધ તાપથી હિંદુસ્તાન પીડાય છે, પીડાથી સળગી ઊઠ્યું છે. અંતરઅગ્નિથી કોઈ વેળા ગાંડપણ આવી જાય છે. એ ગાંડપણને મૂળ દરદ ગણી સરકાર દમનનીતિ ચલાવે છે. આમ મૂળ દરદને ભુલાવવું, તેનાં પરિણામોને દરદ માનવું ને તે મટાડવા દમનનીતિ ચલાવવી, એ તો કાયદો થઈ પડ્યો છે.

હવે આપણે અનુભવે શીખ્યા કે સરકારને લોકોને ભમાવવાનો અવકાશ ન જ આપવો. મૂળ દરદને મટાડે કે નહીં એ તો બાજુ પર રહી શકે છે, પણ મૂળ દરદથી થતા ઉપદ્રવોને અસલ દરદ મનાવીને તેને દબાવવાનો પ્રયત્ન આપણે ન કરવા દઈએ. એવા પ્રયત્નથી જ આજ લગી સરકારે પોતાની સત્તા જમાવી છે. સરકારની ભૂલથી કે આપખુદીથી લોકોને દરદ થાય

Gandhi Heritage Portal

ને તેથી કદાચ લોકો ભાન પણ ભૂલે તો તેને દબાવવામાં પોતાની આપખુદી ભુલાવી દેવી એ આપણે ન ચાલવા દઈએ. એ હથિયાર હમેશાંને સારુ છીનવી લેવાય તો પછી સરકાર આપખુદ રહી જ ન શકે. જ્યાં દમનનીતિ બંધ થઈ ત્યાં આપખુદીને બદલે લોકમતનું રાજ્ય ચાલે.

સારે નસીબે સરકારે જ દમનનીતિ શરૂ કરી એ મુદ્દો ઊભો કર્યો છે. આપણે બીડું ઝડપી લેવું જોઈએ. સરકારની ઇચ્છા હોય તેટલું દુઃખ આપે, પણ આપણી ત્રિવિધ માગણીમાં એક ચોથી માગણી થઈ, ને તે સર્વોપરી જ હોવી જોઈએ. સરકાર દમનનીતિ ચલાવી ન જ શકે એવો સમય આપણે લાવી મૂકવો જોઈએ.

દમનનીતિ એટલે આપણું મોઢું બંધ કરવું, આપણા સંઘો વિખેરવા ને આપણાં વર્તમાનપત્રો તોડી પાડવાં. લાલાજીનું वंदे मातरम् બંધ કરે એ કંઈ સહન થાય? મઝહરુલ હક્ક સાહેબનું મધરલૅન્ડ બંધ કરે એ કંઈ જોયું જાય? જફરઅલીખાનનું ज़मीनदार બંધ, હબીખાનનું सियासत બંધ, રાધાકિશનનું प्रताप બંધ! इन्डिपेन्डन्ट તો બંધ છે જ! પ્રયાગનું स्वराज પણ બંધ છે જ! આ બધાનો ઇલાજ આપણા હાથમાં હોવો જ જોઈએ. આ દમનનીતિ ન જ ચાલવી જોઈએ.

પ્રજામતને વશ થવા ન ઇચ્છે તે સરકાર હમેશાં પ્રજાપોકારને રૂંધવા મથે છે. જ્યારે તે રૂંધી ન શકે ત્યારે હારી જાય છે. તેથી બારડોલી તરફથી જે વિષ્ટિ ગઈ છે તેમાં દમનનીતિ બંધ કરવાની માગણીને પ્રધાનપદ આપવામાં આવ્યું છે. જ્યારે આપણી વાચા ખૂલે, આપણાં વર્તમાનપત્ર છપાય ને આપણે સંઘો છૂટથી બનાવી શકીએ ત્યારે આપણે છૂટા જેવા જ છીએ; ત્યારે ત્રણ ચતુર્થાંશ સ્વરાજ સ્થપાઈ ચૂકયું. પ્રજાપોકાર જ સરકારને ફરજ પાડવા સારુ બસ થઈ જાય. સ્વરાજનો એ એક અર્થ છે જ કે આપણે ઇચ્છાનુસાર વરતી શકીએ, બોલીચાલી શકીએ. પછી અંકુશ માત્ર ખૂન ઉપર રહે છે. ખૂન કરવાનો હક તો આપણને સ્વરાજમાંયે નહીં મળે.

તે વિષ્ટિપત્રમાં સૂચવ્યું છે કે જો સરકાર શાંત કાર્યોને સારુ પકડાયેલા કેદીઓને છોડી મૂકે ને દમનનીતિ બંધ કરે તો આપણે સવિનયભંગ હાલતુરતને સારુ બંધ કરશું. તીવ્ર સવિનયભંગ એ કે જેમાં વ્યક્તિ કે સમુદાય જાણીજોઈને સત્તાનો અનાદર કરવા સારુ નિર્દોષ મનુષ્યકૃત કાયદાઓનો પણ મર્યાદાસર ભંગ કરે. જે સવિનયભંગ આપણે આજ આખા દેશમાં કરી રહ્યા છીએ એ અનિવાર્ય અને તેથી શીત ભંગ છે. તે વિના તો રહી જ ન શકાય. એટલે કે સરકાર આપણાં મોં બંધ કરે છતાં આપણે બોલીએ, સભાબંધી કરે છતાં સભા ભરીએ, છાપાં બંધ કરે છતાં તે લખી પ્રગટ કરીએ. આ બધો શીત સવિનયભંગ છે. તે આપણે કરી રહ્યા છીએ ને જ્યાં સુધી બેહૂદા હુકમો નીકળશે ત્યાં સુધી કર્યે જ જઈશું. પણ આ ઉપરાંતનો જે ભંગ બચાવરૂપે નથી પણ ખીજવવા અર્થે છે, જે બંડરૂપે છે તે જો સરકાર દમનનીતિ બંધ કરે તો આપણે બંધ કરીએ. મને લાગે છે કે એવી શરતે આપણે તે બંધ કરવો જોઈએ. કેમ કે જો સરકાર આપણી વાચા, આપણી કલમ ને આપણા સંઘને સ્વતંત્ર થવા દે તો સરકારે આપણી માગણીઓ થોડા કાળમાં સ્વીકાર્યે જ છૂટકો.

એટલે બારડોલી પર અત્યારે જે બોજો છે તે આપણા યોદ્ધાઓને છોડાવવાનો ને દમનનીતિ બંધ કરાવવાનો છે. એટલું બારડોલી કરી શકે તો બારડોલીએ પોતાનું કાર્ય સંપૂર્ણતાએ બજાવ્યું ગણાય.

પણ આટલુંયે જો વાઇસરૉય ન કરે તો પછી શું કરશે? અને પ્રજામત જાહેર કરવાનો હક પણ કબૂલ ન કરે તો પછી તીવ્ર સવિનયભંગ કર્યા વિના કેમ ચાલે? અમુક હદ લગી માણસ

Gandhi Heritage Portal

આડા હાથ જ આપે, પછી તો તે ચડાઈ પણ કરે છે. તીવ્ર ભંગ એ એક પ્રકારની શાંત ચડાઈ જ ગણાય.

આ બધી ચોખવટ વાઈસરૉય સાહેબ સાથે આપણે કરી ચૂકયા. આટલી વિષ્ટિ કરીને આપણે આપણી પૂરી સભ્યતા બતાવી છે, એનો અર્થ એ છે કે જો અગિયારમી તારીખ સુધી વાઈસરૉય સાહેબ બારડોલી મારફતની માગણીનો સ્વીકાર કરે તો બારડોલીનો સવિનયભંગ હાલ તો મુલતવી રહે. યોદ્ધાઓ છૂટે પછી જે પ્રમાણે યુદ્ધ ચલાવવાનો સૌ મળી વિચાર કરે તે પ્રમાણે આપણે ચલાવીએ. મારી માન્યતા તો એવી છે કે જો માગણીનો સ્વીકાર થાય તો આપણને સામુદાયિક ભંગ કરવાપણું થોડું જ રહેવાનો સંભવ છે. આપણી માગણીના સ્વીકારનો બીજો અર્થ ન જ થાય. તેથી હું માનું છું કે વાચા, કલમ ને સંઘની સ્વતંત્રતાની માગણીનો સ્વીકાર થવો લગભગ અસંભવિત છે.

બારડોલીએ એકસાથે પોતાની તૈયારી કરવી જ રહેલી છે. જે જે ન્યૂનતાઓ હજુ હોય તે કાઢવી અને દરેક સ્ત્રીપુરુષે ઈશ્વર પાસે માગવું કે તે આપણને જાનમાલનું નુકસાન સહન કરવાની પૂરી શક્તિ આપે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫-૨-૧૯૨૨

## ૧૩૭. મારું સુરતમાં ભાષણ

બીજાનાં અને મારાં ભાષણોનો સાર આપવાનું મને પસંદ છે અને એમ કરવાની મારી શક્તિ છે એમ હું જાણું છું, પણ એવો અવકાશ ભાગ્યે જ મળે છે. સુરતમાં ૩૧મી તારીખે મેં આપેલા ભાષણનો[૧] સાર આપવા જેટલો મને અવકાશ છે અને તે સાર આપવાની મારી ઈચ્છા પણ છે.

તે વખતે સુરતમાં કારોબારી સમિતિની સભા હતી. તેમાં હકીમજી અજમલખાન, મિયાં છોટાણી, દા. અનસારી, દા. ચોઈથરામ, શ્રી કૌજલગી, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ એટલા સભાસદો અને હું હાજર હતા. આ પ્રસંગનો લાભ લઈને સુરતના શહેરીઓની સભા ગોઠવવામાં આવી હતી. ઠરાવ એવો હતો કે મારે એ સભામાં ન જવું, તેથી હું મારા પોતાના કામમાં રોકાયેલો હતો. ભાઈ દયાળજીએ તે દરમ્યાન આવીને મને ખબર આપી કે સભા મારી હાજરીની માગણી કરે છે. તેનું કારણ એ હતું કે દા. ચોઈથરામે વગર જરૂરે સભાની પાસે એવો ઉદ્‌ગાર કાઢ્યો કે કદાચ દસેક દિવસની અંદર હું પકડાઈ જાઉં. “ત્યારે તો અમે એમને જોવાને ઈચ્છીએ છીએ” એવી સભાની માગણી થતાં ભાઈ દયાળજી મને આગ્રહ કરવા આવ્યા અને હું ગયો.

સામાન્ય રીતે મારે જે બોલવું હોય તેનો ગર્ભ મેં ગોઠવી રાખેલો હોય છે. પણ આ વખતે મેં કશોયે વિચાર નહોતો કર્યો. પણ જે વસ્તુ મારા મનમાં હાલ કેટલોક કાળ થયાં રમી રહેલી છે તે મારી માનસિક આંખની આગળ તરી આવી અને તેથી જેટલી સ્પષ્ટતાથી મેં તે

૧. ભાષણ માટે જુઓ “સુરતની જાહેર સભામાં ભાષણ”, ૩૧-૧-૧૯૨૨.

Gandhi Heritage Portal

જ વાત પહેલાં નથી કરી તેટલી સ્પષ્ટતાથી તે વાત મેં સુરતના શહેરીઓ પાસે મૂકી. એ દરેક ગુજરાતીને જાણવા યોગ્ય છે એમ હું માનું છું.

જે ઉદ્ગારો મેં કાઢ્યા તે બધાના હો એમ હું ઇચ્છું છું. તેથી સુરતના ભાષણને તેમને સારુ આપવાની ઇચ્છા મને થઈ આવી છે.

એવો એક સમય હતો કે જ્યારે મને એમ થતું કે હું જેલમાં જાઉં તો કેવું સારું? પણ હવે જેલમાં જવાની મારી ઇચ્છા તદ્દન મોળી થઈ ગઈ છે. હું માનું છું કે મારું જેલમાં જવું એ તો કેવળ આરામ અને સ્વેચ્છાચાર છે. મને જરાયે ભય નથી કે સરકાર મને જેલમાં લઈ જાય તો ત્યાં દુ:ખ આપે. બીજા જેલીઓને તો ઓછાવત્તા પ્રમાણમાં દુ:ખ મળી ચૂક્યું છે, અને તેથી તેમના જેલ જવામાં કંઈક તેટલે દરજ્જે સાર્થકતા હતી અને છે. અને તેથી મેં નીચે પ્રમાણે ઉદ્ગારો કાઢ્યા :[1]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫–૨–૧૯૨૨

## ૧૩૮. આપેલી આશા

બારડોલીએ ભારે આશા આપી છે. ઈશ્વર બારડોલીના લોકોને હિંમત અને સદ્બુદ્ધિ આપો. જેમ દક્ષિણ આફ્રિકામાં પ્રિટોરિયાની મસ્જિદમાં સોગન લેવાયા હતા,[2] જેમ ચંપારણમાં મુઝફ્ફરપુરમાં,[3] જેમ અમદાવાદના મજૂરોએ નદીકિનારે ઝાડ નીચે સોગન[4] લીધા હતા, જેમ ખેડાના પાટીદારોએ નડિયાદમાં પ્રતિજ્ઞા લીધી હતી,[5] તેમ બારડોલીના પાટીદારોના પ્રતિનિધિઓએ એક ઝાડ નીચે અને પછી પાછા સંમેલનના મંડપમાં તેઓએ અને બીજાઓએ પ્રતિજ્ઞા લીધી છે.

જેમ આગલી પ્રતિજ્ઞાઓ જેમતેમ પાળી તેમ આ પણ ઈશ્વર પાર નહીં પાડે? કોઈ પડશે, કોઈ નવા જાગશે; પણ છેવટે ધારેલું પાર નહીં ઊતરે? સત્યનો જય જ છે, ને જ્યાં સુધી સત્યને સારુ જ મરનાર એક પણ તૈયાર હોય ત્યાં સુધી સત્યની સામે કરોડોનું દળ હોય તોપણ સત્યનો જય છે, એવું ઈશ્વરવચન છે. તેને અપવાદ નથી.

પણ બારડોલીનો વિશ્વાસ કરવામાં મેં ભૂલ તો નથી કરી? હું તો ભૂલો કર્યા જ કરું છું ને ઈશ્વર સુધાર્યા જ કરે છે. હજારો વાર લોકો મને ભૂલથાપ ખવડાવે તોપણ મારાથી તેમનો અવિશ્વાસ કેમ થાય? જ્યાં સુધી વિશ્વાસ રાખવાનું જરા પણ કારણ જોઉં ત્યાં સુધી હું તો વિશ્વાસ જ રાખું; અવિશ્વાસનું ચોક્કસ કારણ મળ્યે વિશ્વાસ રાખવો એ મૂર્ખાઈ છે. વહેમથી જ અવિશ્વાસ કરવો એ ઉદ્ધતાઈ અને નાસ્તિકતા છે. વિશ્વાસે તો વહાણ તરે છે.

મને ખબર છે કે અમુક માણસો તો મને છેતરે જ છે તે છતાં હું વિશ્વાસ રાખું તો મારી મૂર્ખાઈનો પાર જ નહીં. મને તો બારડોલીના લોકોએ એટલી નિખાલસતાથી વાત કરી

૧. ભાષણ માટે જુઓ "સુરતની જાહેર સભામાં ભાષણ", ૩૧–૧–૧૯૨૨.
૨. જુઓ પુસ્તક ૫.
૩. જુઓ પુસ્તક ૧૩.
૪ અને ૫. જુઓ પુસ્તક ૧૪.

Gandhi Heritage Portal

છે કે તેમનો અવિશ્વાસ કરવો એ મને પાપ લાગ્યું. હું અવિશ્વાસથી તેઓના પ્રતિનિધિઓ સાથે વાત કરવા બેઠો ને તેઓએ જ મારામાં વિશ્વાસ પેદા કર્યો.

બારડોલીનાં માણસો સાદાં છે, ભોળાં છે, તેઓને કંઈ મોજશોખની દરકાર નથી. તેઓ તવંગર નથી, તેઓ ભિખારી નથી; તેઓ તોફાની નથી, તેઓ નમાલા નથી. તેઓ કજિયાખોર નથી પણ પ્રેમાળ છે. તેઓ વચ્ચે ભારે કજિયાકંકાસ નથી. તેઓએ અમલદારવર્ગની સાથે મીઠાશ જાળવી છે. તેઓને સ્થાનિક દુઃખ ન હોઈ તેઓની લડવાની માગણી કેવળ નિઃસ્વાર્થી છે. તેઓએ યોગ્ય થવા ખૂબ પ્રયાસ કર્યો છે, પોતાની શક્તિ ચોરી નથી. તેઓ સ્વદેશીમાં સંપૂર્ણ નથી થયા, પણ તેમાં સંપૂર્ણ થવા પ્રયત્ન ઠીક કરી રહ્યા છે. તેઓએ અસ્પૃશ્યતાને જેટલે દરજ્જે કાઢી છે તેટલી હિંદુસ્તાનના બીજા કોઈ પણ ભાગમાં તે નથી નીકળી. તેથી હું માનું છું કે જો કોઈ પણ તાલુકો લાયક છે એમ ગણાય તો બારડોલી છે જ.

કોઈને શંકા ઊઠે કે બારડોલીના લોકો મોળા ગણાય એટલે જેલ જવાથી કંટાળશે, મરવાથી ડરશે, પોતાની મિલકત જપ્ત થશે ત્યારે હારી જશે. મારો આજ લગીનો અનુભવ એમ સૂચવે છે કે મોળા માણસો જ શાંતપણે દુઃખ ભોગવે છે. તોફાની માણસોથી દુઃખ ભોગવાતું નથી. તેઓ તો દુઃખ દે છે.

અને આ લડાઈ જ મોળાને સારુ નથી? મોળા માણસોને તોફાની બનાવવાની નથી, પણ મોળાને બહાદુર ને તોફાનીને તેઓની બહાદુરી રાખી નમ્ર બનાવવાની આ લડત છે. જો તોફાનીના જેલ જવાથી જ લડાઈ જિતાય એવું હોય તો આપણે આજથી જ હાર્યા એમ ગણવું. કેમ કે તો તો તોફાનીની સત્તા ચાલશે. એટલે તો ઈશ્વર નબળાનો નહીં પણ તોફાનીનો બેલી ઠરશે. તો પછી યુરોપનો "બળિયાના બે ભાગ"નો કાયદો અહીં પણ લાગુ પડે. શું અલીભાઈઓ, દાસ, લાલાજી, મોતીલાલજી એટલા સારુ જેલમાં ગયા છે?

તોફાન, પાખંડ, ઉદ્ધતાઈ, દાંડાઈ, જૂઠ, પશુબળ વગેરેને દૂર રાખી આપણે તો શાંતિ, સરળતા, નમ્રતા, સાદાઈ, સત્ય ને આત્મબળનો વિજય કરવો છે. તેથી પ્રથમ ગુણ જ આપણે જેને "મોળાઈ" કહીએ છીએ તે શોધવો જોઈએ. તે મોળાઈને જ્યારે શૌર્યનો રંગ ચડે ત્યારે તે શોભે. એવું કાર્ય થવાની મેં બારડોલી પાસેથી આશા રાખી છે.

પણ બારડોલીએ કર્યું છે તેના કરતાં તો ઘણુંયે કરી બતાવવાનું બાકી છે. હજુ ઘણો વધારે ઉદ્યોગ બતાવવો પડશે. બારડોલીમાં નવા શબ્દો સાંભળ્યા — "ઊજળા લોક" ને "કાળી પરજ". ઊજળામાં પાટીદાર, વાણિયા, બ્રાહ્મણ ઇત્યાદિ. કાળી પરજમાં દૂબળા ઇત્યાદિ. આ લડતમાં રસ ને ભાગ ઊજળા વર્ણ અને તેમાં પણ પાટીદારોએ લીધો છે. કાળી પરજ પાછળ પાછળ ચાલ્યા કરશે એવો સંભવ પણ છે. છતાં એટલું બસ નથી. કાળી પરજને પણ દેશ-હિતનું ભાન થવું જ જોઈએ. કાળી પરજે પણ જાગૃતિમાં ભાગ લેતા થવું જોઈએ. તેઓ ભાગ નથી લેતા તેનો અર્થ એ કે તેઓ છેક ગુલામી દશામાં છે. ઊજળા ને કાળી પરજનો ભેદ જ જવો જોઈએ. એકબીજા પોતપોતાને ઊંચનીચ માને એ અસહ્ય છે. એક ઈશ્વર ઊંચો, આપણે બધા નીચા. ઈશ્વરના દરબારમાં દરજ્જા હશે તો તે કર્મ પ્રમાણે. જેણે વધારે સેવા કરી હશે તે ઊંચા, જેણે ઓછી કરી હશે તે નીચા. એટલે ત્યાં તો સેવક એ સરદાર બનશે. શૂદ્ર જ્ઞાની બને તો તેના જેવો બ્રાહ્મણ કોઈ નહીં. બ્રાહ્મણ તો એ જ કે જે પોતાના જ્ઞાનને કેવળ સેવામાં જ ઉતારે. સેવાધર્મમાં જો કોઈ પણ શૂદ્ર બ્રાહ્મણની હરીફાઈ કરી શકે તો બ્રાહ્મણ નામનો

Gandhi Heritage Portal

રહ્યો. બ્રાહ્મણમાં શૌર્ય, વ્યવહાર અને સેવાની તો પરાકાષ્ઠા હોવી જોઈએ, કેમ કે તેનામાં જ્ઞાન છે. પોતાના જ્ઞાન વડે એ પેલા ત્રણ ગુણને સહુથી વધારે દીપાવે. પણ જો બ્રાહ્મણ બીકણ, વ્યવહારશૂન્ય ને સેવા છોડી સરદારી કરતો થઈ જાય તો તે જ્ઞાની નથી પણ અહંકારી છે. તેથી બારડોલીના ઊજળાએ કાળી પરજ થવું પડશે ને કાળી પરજે ઊજળા થવું પડશે. અંત્યજ નામ જ બારડોલીમાં ન હોય ત્યારે શોભે.

એટલે હવે સ્વયંસેવકોએ કાળી પરજને પણ ધીમે ધીમે અંદર લાવવા જોઈએ, અને અંત્યજ બાળકોને આપણી નિશાળમાં મૂકયાં કે તેઓને આપણે કૂવે પાણી ભરવા દીધું એટલે બસ નથી. અંત્યજને જે કુટેવો પડી હોય તે પણ પ્રેમપૂર્વક છોડાવવી પડશે. તેઓને સ્નાનાદિના નિયમો બતાવવા, તેઓને માંસાહાર છોડવા સમજાવવું, તેઓ ગૌરક્ષાનો ધર્મ પાળે એ બતાવવું એ એટલું જ જરૂરનું છે, જેટલો તેઓનો સ્પર્શ.

તેમ જ સ્વદેશીનું. બારડોલીવાસીનો એક પણ કલાક નકામો જાય એ સહન નહીં થઈ શકે. જેટલો વખત પુરુષોનો, સ્ત્રીઓનો, બાળકોનો બચે તે બધો કાંતવામાં, પીંજવામાં, વણવામાં જ જવો જોઈએ. રેંટિયો તો ઘેરઘેર દાખલ થવો જોઈએ. વણકરોની પૂરી ખામી છે તે દૂર થવાની જરૂર છે. જેટલા જુવાનિયા વણાટનો ધંધો શીખી લે તેટલું સારું છે. બારડોલી દરેક રીતે આદર્શ તાલુકો ત્યારે જ બને કે જ્યારે ત્યાં સુંદર ખાદી ઠેકઠેકાણે વણાતી થઈ જાય.

બારડોલીનું એક પણ ગામ એવું ન હોવું જોઈએ કે જ્યાં મહાસભાની ધજા ન ફરકતી હોય. આ બધાં કામ કંઈ સ્વરાજ મળ્યા પછી નથી થવાનાં. એ કામો કરવાં તેનું નામ જ સ્વરાજ છે. જ્યારે લોકો એકબીજાની સાથે સંબંધ રાખતા થઈ જાય, એકબીજાનું માનતા થઈ જાય, પોતાના કાયદાને માન આપતા થઈ જાય ત્યારે સ્વરાજ છે.

શરાબનો સડો બારડોલીમાં છે જ. જેઓને શરાબની બૂરી આદત પડી છે તેઓની પાસેથી શરાબ છોડાવવો મુશ્કેલ ગણાય છે. મુશ્કેલી આપણી ઇચ્છામાં રહેલી છે. આપણે શરાબી ભાઈઓને સમજાવીએ, તેમને શરાબની હાનિનું ભાન કરાવીએ તો આપણું તેઓ જરૂર માને.

આ બધાં કામો ઘણા સ્વયંસેવકો મળે તો જ થઈ શકે.

એ બધું કરવું એ જેલની તૈયારી છે. સંભવ છે કે એમ કરતાં કરતાં જેલ જવાનું બંધ પડી જાય. આપણી જેલની તૈયારી આપણી પવિત્રતામાં રહેલી છે તેથી બારડોલીના રહેવાસીઓએ સતત પ્રયત્ન કરીને જેટલી ખામીઓ હજુ રહેલી છે તે દૂર કરવી રહી છે. તો જ બારડોલી આખા હિંદુસ્તાનનો ભાર ઉપાડવાલાયક થયું ગણાય.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ५-२-१९२२



Gandhi Heritage Portal

## ૧૩૯. બારડોલીના લોકોને અપીલ

### પત્રિકા નં. ૧

બારડોલી,

રવિવાર, મહા સુદ ૮ [ફેબ્રુઆરી ૫, ૧૯૨૨]

બારડોલીનાં ભાઈઓ અને બહેનો,

જેટલો નિયમ જાળવી શકાય તેટલા નિયમપૂર્વક હું તમને પત્રિકાઓ લખવા ધારું છું. તમે અને મેં કંઈ ઓછી જવાબદારી નથી વહોરી. આખા હિંદુસ્તાનનો બોજો તમે માથે ઊંચકી લીધો છે. તમે પરીક્ષામાં પહેલા આવવા માગો છો. તમે મોટામાં મોટું બલિદાન દેવા ઇચ્છો છો ને તેને સારુ પૂરી આત્મશુદ્ધિ કરવાની તૈયારી કરી રહ્યા છો. ઈશ્વર તમારો મનોરથ સફળ કરો.

પણ મનુષ્યયત્ન વિના ઈશ્વરકૃપા થતી જ નથી. હમણાં જ મેં સાંભળ્યું કે અઢાર રાષ્ટ્રીય શાળાઓમાં અંત્યજ બાળકો દાખલ થઈ ચૂકયાં છે. આ સાંભળી હું બહુ રાજી થયો છું. જ્યાં લગી એક પણ રાષ્ટ્રીય શાળા અંત્યજ બાળકો વિનાની છે, ત્યાં લગી પરિષદનો[1] નિશ્ચય પૂરો થયો ન ગણાય. તે જ પ્રમાણે દરેક ઘરમાં રેંટિયો દાખલ થવો જ જોઈએ. દરેક અસહકારી સ્ત્રી કે પુરુષથી હાથે કાંતેલી ખાદી વિના બીજાં કપડાં ન પહેરાય.

મારી ઉમેદ છે કે બારડોલી તાલુકાનો એક પણ સમજુ માણસ મહેસૂલ નહીં ભરે. ભલે સરકાર માલ લઈ જાય, ભલે ચોથાઈ[2] લે, ભલે ઢોર લઈ જાય, ભલે વાસણ લઈ જાય. આટલું તો ઓછામાં ઓછું આપણે સહન કરવાનું રહ્યું છે.

કોઈ કહે છે કે આપણી જમીનો પણ સરકાર ખાલસા કરી આપણને ઘરબાર વિનાના કરી મૂકે તો? જો સરકાર સભ્યતા જાળવીને ચાલશે તો જમીનો ખાલસા કરવા જેવું હું જોતો નથી. પણ સરકાર આમ કરવા ધારે તો તેની પાસે એ સત્તા છે એમાં શક નથી. આપણે ઘરબાર વિનાના થવાની પણ તૈયારી તો રાખવી જ જોઈએ. પણ સ્વરાજ્યવાદીને એ પણ વિશ્વાસ હોય જ કે તેની જમીન સ્વરાજ્ય મળ્યે પાછી મળવી જ જોઈએ. શસ્ત્રની લડાઈમાં પણ યોદ્ધા એટલા વિશ્વાસથી લડે છે કે પોતાની જમીન તો જીત મળ્યે પાછી લેવાના; તો આ શાંત યુદ્ધમાં બીજું પરિણામ કેમ આવે? પણ લડાઈ દરમ્યાન આપણી જમીનનો કબજો ખોવા પણ આપણી તૈયારી હોવી જોઈએ. આ લડત જ આત્મવિશ્વાસની એટલે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવાની છે. શ્રદ્ધા તમને બધાને આવો એમ હું ઇચ્છું છું.

તમારો સેવક અને હિતેચ્છુ

**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૨–૧૯૨૨

૧. ૧૯૨૨ના જાન્યુઆરીની ૨૯મીએ મળેલી બારડોલી તાલુકા પરિષદ.

૨. મહેસૂલ બાકી નહીં ભરવા માટે દંડ તરીકે મહેસૂલનો આપવો પડતો ચોથો ભાગ.

Gandhi Heritage Portal

## ૧૪૦. એસ્થર મેનનને પત્ર

ફેબ્રુઆરી ૫ [૧૯૨૨][1]

મારી વહાલી દીકરી,

તારો આવકારલાયક પત્ર મળ્યો. તારા વલણ અંગે તું ખરેખર સાચી હતી. સરકારને જે કંઈ કરવું હોય તે ભલે કરે. શું ચાલે છે તે વિષે મને જણાવતી રહેજે. આ તબક્કે હું એ ખબર પ્રગટ કરતો નથી. તું જાણે છે તેમ હું બારડોલીમાં સામુદાયિક સત્યાગ્રહની તૈયારી કરી રહ્યો છું. વાઇસરૉય પરનો મારો પત્ર તેં વાંચ્યો હશે.

સૌને મારા સ્નેહ સહિત,

તારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઈલ્ડ, પા. ૭૪

## ૧૪૧. બૉમ્બે ક્રૉનિકલને મુલાકાત

બારડોલી,

ફેબ્રુઆરી ૫, ૧૯૨૨

મેં રવિવારે[2] સવારે મહાત્માજીની મુલાકાત લીધી. તેઓ તદ્દન સાજાતાજા હતા અને તેમનું દૈનિક કાંતણકાર્ય શરૂ કરવાની તૈયારી કરતા હતા. તેમના દીકરા રામદાસે રેંટિયો લાવી આપ્યો અને મહાત્માજીએ રેંટિયો કાંતતાં કાંતતાં મારા પ્રશ્નોના જવાબ આપ્યા. . . .

પ્રશ્ન : નાગપુર કૉંગ્રેસના નિર્ણયને આમ ઉલટાવીને પરદેશના પ્રચારકાર્ય પર અત્યારે ભાર મૂકવા કારોબારી સમિતિને શું કારણ મળ્યું છે?

જવાબ : સવાલ ખોટી રીતે પુછાયો છે. નાગપુર કૉંગ્રેસે સમાચારો ફેલાવવાની દૃષ્ટિએ થતા પરદેશમાંના પ્રચારને વખોડી કાઢ્યો નથી. અને હવે કારોબારી સમિતિએ સમાચાર ફેલાવવા અંગેની એક યોજના તૈયાર કરવા મને આજ્ઞા કરી છે અને દેશ તેની યાતનાઓ સહન કરવા ઉપરાંત પરદેશોમાં સમાચાર ફેલાવવા માટે શું કરી શકે એમ છે તે તપાસી જોવા હું મારી બુદ્ધિને કસી રહ્યો છું.

પ્રચારકાર્યની ગોઠવણ આપ કઈ રીતે કરવા માગો છો?

પહેલા પ્રશ્નના જવાબમાં મેં આ સવાલનો જવાબ આપ્યો જ છે કે યાતના દ્વારા થતા પ્રચારમાં બીજી કોઈ રીતે પુરવણી થઈ શકે તેમ છે કે નહીં તે મારે વિચારવાનું છે. હું તો

૧. પત્રમાં દર્શાવવામાં આવેલો વાઇસરૉય પરનો પત્ર દેખીતી રીતે જ ૧૯૨૨ના ફેબ્રુઆરીની પહેલી તારીખનો લાગે છે.

૨. ફેબ્રુઆરી ૫.

Gandhi Heritage Portal

માનું છું કે યાતના સહન કરવામાં જ ઉત્તમ અને ખૂબ જ બુલંદ પ્રચાર રહેલો છે. છતાં કારોબારી સમિતિએ મારા પર આ બોજો મૂકયો હોવાથી આ અંગે કંઈ વધારે થઈ શકે તેમ છે કે નહીં તે જોવાનો હું પ્રામાણિકપણે પ્રયત્ન કરીશ.

લંડનનું નેશન જેવું ઉદ્દામવાદી પત્ર પણ હિંદુસ્તાનમાંની ખરી હકીકત વિકૃત રૂપે ગ્રહણ કરે અને આપને દેશનિકાલ કરવાની સૂચના કરે એ બતાવી આપતું નથી કે આપના આંદોલનના મહત્ત્વ અંગે ઇંગ્લંડમાં ભારે અજ્ઞાન પ્રવર્તે છે અને આ પરિસ્થિતિ માટે નાગપુર કૉંગ્રેસનો નિર્ણય મોટે ભાગે જવાબદાર હતો?

મને એવું લાગતું નથી. બ્રિટનના લોકો તેમ જ બીજા બહારના દેશો નાગપુર કૉંગ્રેસ પહેલાં જેટલા માહિતગાર હતા તેના કરતાં આજે વધારે માહિતગાર છે એમ હું માનું છું. પરંતુ વર્તમાનપત્રોએ દુનિયાભરના સમાચારો વિષે વિચાર કરવાનો હોવાથી નેશને પ્રદર્શિત કર્યું છે તેવું અજ્ઞાન તો હમેશાં રહેવાનું જ. અને મને લાગે છે કે આવું અજ્ઞાન અનિવાર્ય છે અને તેઓ જે કંઈ કહે તેની જરાયે પરવા ન કરતાં આપણે આપણા કાર્ય દ્વારા, અજ્ઞાન ફેલાવા જ ન પામે તે રીતે, આપણાથી થાય તે બધું કરી છૂટીએ તો જ આપણે એ અજ્ઞાનને હઠાવી શકીશું. મને દેશપાર કરવામાં આવે અથવા ફાંસીએ પણ લટકાવવામાં આવે ત્યારે અન્યાય કેટલો બધો ભયંકર છે તે તરફ દુનિયાની આંખો ખૂલી જશે, ત્યાં સુધી નહીં ખૂલે. આજે મારાં કાર્યો તેમ જ હેતુઓ વિષે અવિશ્વાસ કરવાનો બ્રિટિશ પત્રોને અધિકાર છે, પરંતુ મારાં ભાષણો દ્વારા અજ્ઞાનને પડકારવા માટે હું હયાત જ નહીં હોઉં ત્યારે આ લોકોને સુમાહિતગાર રહેવું જરૂરી થઈ પડશે એવો મારો અનુભવ છે. લોકો યાતના સહન કરવા લાગ્યા ત્યાં સુધી બ્રિટિશ હિંદીઓની હાલત અંગેના સવાલમાં હું દક્ષિણ આફ્રિકા અથવા હિંદુસ્તાન સુધ્ધાંનો રસ જાગ્રત કરી શકયો ન હતો. તેથી હું શીખ્યો છું કે જે લોકો સાંભળવા માગતા ન હોય તેમની આગળ વાત કરવાનો કંઈ જ અર્થ નથી. આપણી યાતનાઓ જ સાંભળવાની ઉત્સુકતાનું વાતાવરણ ઊભું કરશે.

અસહકારના પ્રચાર દ્વારા પશ્ચિમના દેશોના સામ્રાજ્યવાદ સામે લડવા માટે ઇજિપ્ત અને આયર્લૅન્ડ જેવા યાતના સહન કરતા પરાધીન દેશોના નેતાઓ સાથે વિચારની એકતા સાધવા વિષે થોડા સમય અગાઉ ક્રૉનિકલમાં કરવામાં આવેલી સૂચના વિષે આપ શું ધારો છો?

આવું સંગઠન મને ગમે, પરંતુ તે તો યોગ્ય વખતે જ આવશે. મારો નમ્ર મત એ છે કે આપણે ઉપયોગી સંગઠન સાધવાની દિશામાં પૂરતી પ્રગતિ કરી રહ્યા નથી. કાગળ પરનાં સંગઠનામાં હું માનતો નથી. આપણે તૈયાર હોઈશું ત્યારે સ્વાભાવિક રીતે જ એ આવશે.

દમનનીતિ પાછી ખેંચી લેવા તથા રાજદ્વારી કેદીઓને મુક્ત કરવા બાબતના ઠરાવ પર બંગાળ સરકાર હારી ગઈ તેથી સરકારને દમનનીતિનો ત્યાગ કરવાની ફરજ પડશે એવું આપ માનો છો અથવા તે ધારાસભાનો અનાદર કરશે એવી આપ અપેક્ષા રાખો છો? ધારાસભાઓનો અનાદર કરવામાં આવે તો આપને નથી લાગતું કે સુધારા ફરી એક વાર ફારસરૂપ જણાઈ આવશે અને એક ક્ષણ માટે પણ ધારાસભાઓમાં ચાલુ રહેવાની વાત સહકારીઓના સ્વમાન પર હેતુપૂર્વક ઘા મારવા બરાબર થશે?

ધારાસભાના ઠરાવને લીધે સરકાર બચાવ ન કરી શકાય તેવી પોતાની નીતિમાંથી પાછી વળે કે ન પણ વળે. અસહકાર ન હોત તો આવા ઠરાવની અવગણના જ કરવામાં આવી હોત. પરંતુ સરકાર જો હવે ધારાસભાનો અનાદર કરે તો તેની પાસે નગ્ન પાશવતા સિવાય બીજો કશો આશરો નહીં રહે અને તેનાં પગલાંનો હું આવો અર્થ કાઢી શકતો નથી. હું તો એમ માનું છું કે અત્યારે જે દમન ચલાવવામાં આવે છે તે હકીકત જ સુધારા ફારસરૂપ છે તેની ખાતરી

Gandhi Heritage Portal

કરાવી આપે છે. પરંતુ ધારાસભાના મતને ફગાવી દેવાની વાત તો ધારાસભ્યો માટે નક્કી તેમની પોતાની નપુંસકતાનું તાદૃશ પ્રદર્શન બની જશે.

લાલા લજપતરાયને છોડયા અને ફરી પકડયા તેનો આપ શો અર્થ ઘટાવો છો?

લાલા લજપતરાયને ફરી પકડવા જેવી ટૂંકી દૃષ્ટિની મૂર્ખાઈ જે સરકાર કરી શકે તેની મને કેવળ દયા જ આવે છે. એનાથી પંજાબીઓનું અને એકંદરે બધા હિંદીઓનું વલણ વધારે કડક જ બની શકે.

બારડોલી સામુદાયિક સત્યાગ્રહ શરૂ કરે તે જ ક્ષણે આપ પકડાઈ જવાની અપેક્ષા રાખો છો? અને બારડોલીમાં એક અઠવાડિયા ઉપરાંત રહ્યા પછી આપને એવી ખાતરી થઈ છે કે આપની ગેરહાજરીમાં લડત પડી નહીં ભાંગે?

સમયમર્યાદા પૂરી થતાં સરકાર મારું શું કરશે તે કહેવું ઘણું જ મુશ્કેલ છે. પરંતુ હું પકડાઈ જાઉં કે તરત જ બારડોલીના લોકો પડી ભાગશે એવી અપેક્ષા હું રાખતો નથી. પણ તેઓ પડી જ ભાંગે તો આવી કોઈ પણ નબળાઈ આવવાને કારણે મારી ધરપકડ કરવાનું સરકારનું પગલું વાજબી ઠરશે. હિંદુસ્તાન ખરેખર તૈયાર હોય તો પછી, બીજા બધા કાર્યકરોની ધરપકડની માફક મારી ધરપકડને પરિણામે પણ અસહકારની પ્રવૃત્તિ જોરદાર બનશે અને અહિંસાનું વાતાવરણ જળવાયેલું રહેશે. આ મુદ્દા પર અંગત રીતે મને જરાયે શંકા નથી, પરંતુ મારી ધરપકડ પછી શું બનશે તે વિષે ચોક્કસ રીતે કહેવું તો કોઈને માટે પણ મુશ્કેલ છે. મારી કહેવાતી માનવી અને દૈવી શકિતઓ વિષે એટલો બધો વહેમ પ્રવર્તે છે કે મારી ધરપકડ, દેશવટો અને દેહાંતદંડ તદ્દન વાજબી ઠરશે એવું મને કેટલીક વાર લાગે છે. હું દૈવી શક્તિઓ ધરાવું છું એવી માન્યતા ખરેખર રાષ્ટ્રના વિકાસમાં બાધારૂપ છે અને સરકાર મને લોકોની વચ્ચેથી દૂર કરે અને તે પછી જાતે પાગલ ન બનતાં ન્યાયપુરઃસર વર્તે અને ત્રાસની નીતિ નહીં અજમાવે તો તે સમજુ માણસોના અભિનંદનને પાત્ર ઠરશે. પરંતુ તાજેતરના બનાવો સરકાર વિષે મારામાં આવી કોઈ આશા પ્રગટાવતા નથી.

બારડોલી પરિષદના ઠરાવની[1] વાત બાજુએ રાખતાં, બારડોલી આવું પગલું લેવાને ખરેખર લાયક છે એ વિષે શું આપને ખાતરી છે? શુદ્ધ ખાદીના ઉત્પાદન અંગે બારડોલી સ્વાશ્રયી બન્યું છે?

હું સમજી શકું છું ત્યાં સુધી બારડોલી લાયક છે એમ હું ચોક્કસ માનું છું. બારડોલી જેટલો બીજો કોઈ તાલુકો અહિંસા બાબતમાં સલામત હોવાની ખાતરી નથી અને મારો નિર્ણય કરવામાં આ ખાતરી મેં જરૂર ધ્યાનમાં રાખી છે એમાં કંઈ શક નથી. હજુ એ સ્વાશ્રયી નથી, પરંતુ ટૂંક સમયમાં જ તે સ્વાશ્રયી બની જશે. લોકોની તૈયારી છે પણ વધુ સંગઠનની જરૂર છે.

હુમલા અને ફટકાના બનાવો બનવા છતાં હજુ પણ આપ માનો છો કે અત્યારની લડતમાં વિસ્તૃત પાયા પર વધારે યાતનાઓ સહન કરવી પડે એ જ ઓછામાં ઓછી યાતનાથી સ્વરાજ મેળવવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો છે?

એ વિષે મને મુદ્લ શંકા નથી, કારણ કે, યાતનાઓ પીડાકારી હોવા છતાં લોકો સામો બદલો લે તો તે એથીયે વધુ પીડાકારી બને. લોકો પૂરતા પ્રમાણમાં અહિંસક રહે તો સરકારના પ્રયાસો પ્રત્યાઘાતને અભાવે ખલાસ થઈ જાય. આ એક નિરપવાદ વૈજ્ઞાનિક સત્ય છે. એટલે

૧. ૧૯૨૨ના જાન્યુઆરીની ૨૯મીના.

Gandhi Heritage Portal

અત્યારે લોકોને ગમે તેટલી યાતનાઓ સહન કરવી પડતી હોય, તેમ છતાં જો તેઓ સરકારની હિંસાનો હિંસાથી જવાબ આપે તો તે સેંકડોગણી વધી જાય.

જેલમાં સેંકડો યુવકો ત્રાસ ભોગવી રહ્યા છે તેની અસરથી આપે સામુદાયિક સત્યાગ્રહનો નિર્ણય લીધો છે કે શું તે આપ મને જણાવશો? તેમણે જેને માટે લડત ચલાવી તે બધું મેળવી લીધું હોવાથી તેમને બની શકે એટલા જલદી અને માનપૂર્વક છોડવા જોઈએ એવું આપ માનતા નથી?

જરૂર, અને તેથી જ હાલ મેં તેમની મુક્તિને અને બધા જ પ્રકારની પાશવતા અટકાવવાને સામુદાયિક સત્યાગ્રહ માટેનો મુખ્ય મુદ્દો બનાવ્યો છે.

કાંઈ નહીં તો ઠીક ઠીક લાંબા સમય સુધી આપની સત્યાગ્રહની પ્રવૃત્તિ સામે આંખ આડા કાન કરીને સરકાર આપના પ્રયાસોને નાકામિયાબ બનાવશે એવી અપેક્ષા આપ નથી રાખતા? એકદમ નહીં ઇચ્છવાજોગ પરિસ્થિતિ ઊભી કરવાને બદલે તે તેનું જમીનમહેસૂલ જતું ન કરી શકે અથવા લાંબા સમય માટે મુલતવી ન રાખી શકે? એમ થાય તો આપ શાં પગલાં લેવા ધારો છો?

સરકાર જરૂર તેમ કરી શકે. તે જો એમ કરે તો તેના ડહાપણનો અને સંયમનો હું આદર કરીશ અને કોઈ પણ ઉશ્કેરણીજનક પગલાં લેતાં હું અટકી જઈશ. પરંતુ તેનો તો ખરેખર એવો અર્થ થાય કે બારડોલીએ પોતાની સ્વતંત્રતા મેળવી લીધી હોવાથી તેનો દાખલો ચેપી નીવડશે અને સરકાર જો લોકમતને તાબે થવા માગતી ન હોય તો તે સંગીનની અણીએ જમીનમહેસૂલ વસૂલ કરવાની વાતને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવશે.

ખિલાફતનો સવાલ મુસ્લિમોને સંતોષ થાય એ રીતે પતી ગયા પછી, તેઓ કૉંગ્રેસની ઘટાડી ન શકાય એવી ન્યૂનતમ માગણીઓને એટલા જ ઉત્સાહથી વળગી રહેશે એવું આપ માનો છો?

તે વિષે મારા મનમાં જરાયે શંકા નથી, અને તે માત્ર એટલા જ કારણે કે ખિલાફત અંગે જે કંઈ પ્રાપ્ત થયું હોય તે ડાઉનિંગ સ્ટ્રીટ તરફની કોઈ પણ જાતની જોહુકમીથી નહીં ગભરાતું, સ્વરાજ ભોગવતું હિંદુસ્તાન જ માત્ર જાળવી શકે.

બારડોલીના ખેડૂતોમાં આપને કોઈ ખાસ વિશેષતા જણાય છે?

આકર્ષે એવી સાદાઈ અને નિર્દોષતા સિવાય બારડોલીના ખેડૂતોમાં હું કોઈ ખાસ વિશેષતા જોતો નથી.

વાઈસરૉય પર તાજેતરમાં લખાયેલો પત્ર, માલવિયા પરિષદના કોઈ સભ્યની કોઈ પ્રકારની પ્રેરણાને લીધે હતો?

તે તદ્દન મારી જ કૃતિ છે. નવજીવન અને યંગ ઇન્ડિયામાં મેં પૂરતા પ્રમાણમાં ભૂમિકા તૈયાર કરી હોવા છતાં હકીકત એ છે કે કારોબારીના સભ્યો એને મોરચો બદલવાની વાત ગણી ક્ષણભર નવાઈ પામ્યા હતા. જાહેરનામામાં મોરચો બદલવાની વાત નથી, પરંતુ એ તો પરિસ્થિતિની જરૂરિયાત જોઈને તેને અનુકૂળ થવાની સાદી વાત છે. ધારો કે તમે કોઈ ચોક્કસ સ્થળે જઈ રહ્યા છો અને દુશ્મન તમારા માર્ગમાં ઓળંગી ન શકાય તેવી રુકાવટ નાખે છે. સ્વાભાવિક રીતે જ હવે તમારા હુમલાનું નિશાન બદલાઈ જશે અને તમે આગળ વધતાં પહેલાં તમારી સઘળી શક્તિ આ રુકાવટ દૂર કરવાના કામે લગાડશો. કારોબારી સમિતિની પૂરી મંજૂરી મેળવીને મેં બરાબર એટલું જ કર્યું છે.

આપની શરતો સંતોષવામાં વાઈસરૉય નિષ્ફળ નીવડે તો માલવિયા પરિષદમાં ભાગ લેનાર મૉડરેટો પાસેથી આપ શેની અપેક્ષા રાખો છો?

Gandhi Heritage Portal

વાણીસ્વાતંત્ર્ય, સંઘસ્વાતંત્ર્ય અને અખબારી સ્વાતંત્ર્યના વાવટા હેઠળ તેઓ એકત્ર થાય તેવી તેમની પાસેથી હું જરૂર અપેક્ષા રાખું અને મેં ઉઠાવેલા મુદ્દા અંગે ન્યાય મેળવવાની બીજી અને વધારે ઝડપી રીત તેમને ન દેખાતી હોય, તો કાંઈ નહીં તો છેવટ તેઓ એટલે અંશે અસહકારીઓને સાથ આપે એવી અપેક્ષા હું તેમની પાસે રાખું છું. હું સમજું છું ત્યાં સુધી દેશમાં કોઈ મતભેદ નથી.

વાઇસરૉય એ શરતોનો અમલ કરશે એવું આપ માનો છો?

તેમણે તે કરવો જ જોઈએ.

સામુદાયિક સવિનયભંગ બાબતમાં આપનું પહેલું પગલું કયું હશે તે આપને વાંધો ન હોય તો હું જાણી શકું?

સ્વાભાવિક રીતે જ ના-કરની લડતને સંગઠિત બનાવવી એ પહેલું પગલું હશે અને ત્યાર બાદ, બીજી કઈ કઈ દિશામાં હિંસાના જરાયે ભય વિના સવિનયભંગ કરી શકાય તે મારે જોવું પડશે. વિશ્વના નૈતિક સંચાલનના એક ભાગ તરીકે પણ જેનો સમાવેશ થતો હોય એવા નીતિ-નિયમો બાદ કરતાં, આખી ધારાપોથીમાંના બધા કાનૂનોનો હું ભંગ કરી શકું એમ છું એટલી વાત તમે યાદ રાખજો.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ७-२-१९२२

## ૧૪૨. મૌનવારની નોંધ

[ફેબ્રુઆરી ૬, ૧૯૨૨][૧]

દક્ષિણ આફ્રિકાના હિંદીઓ આપભોગ આપવા માટે તૈયાર હોય તેમ જ ત્યાં કષ્ટ પણ બહુ મોટું હોય એમ હું માનતો નથી.

* * *

પૂર્વ આફ્રિકાના હિંદીઓમાં પાણી હોય તો તેમણે તેઓ કરી શકે એવો એકેએક પ્રકારનો સત્યાગ્રહ કરવો જોઈએ. ઇન્ડિયા ઑફિસની સંમતિ મેળવ્યા વિના ચર્ચિલે એ ભાષણ કર્યું નહીં હોય. આ સવાલ[૨] પર વાઇસરૉય અને મૉન્ટેગ્યુ રાજીનામું આપે તે કરતાં બીજું કશું જ રૂડું ન ગણાય.

પરંતુ હિંદી સભ્યોમાં સ્વમાનની સહેજ પણ ભાવના હોય તો તેમણે પણ એ જ પ્રમાણે કરવું ઘટે. પરંતુ અત્યારે મને આવી સહેજ પણ આશા નથી એવું કહેતાં મને દિલગીરી થાય છે.

* * *

૧. આ નોંધમાં ચર્ચિલનાં જે ભાષણોનો ઉલ્લેખ કર્યો છે તે અંગેનો સી. એફ. ઍન્ડ્રૂઝનો એક લેખ ફેબ્રુઆરી ૧૬, ૧૯૨૨ના यंग इन्डिया માં પ્રગટ થયો હતો. ફેબ્રુઆરીની ૪થીએ ગાંધીજીએ ઍન્ડ્રૂઝને વાતચીત કરવા બારડોલી બોલાવ્યા હતા; જુઓ તે તારીખનો ઍન્ડ્રૂઝને પત્ર. ફેબ્રુઆરીની ૮મીએ ઍન્ડ્રૂઝે ગાંધીજીને એવું જણાવતો પત્ર લખ્યો (એસ. એન. ૭૮૯૬) કે ગાંધીજીના મૌનવાર "સોમવાર"ને દિવસે, હું ચર્ચા કરવા માગતો હતો તે બધી વાત ચર્ચી શક્યો ન હતો. એટલે આ નોંધો ફેબ્રુઆરી ૬ ને સોમવારે તૈયાર કરી હશે.

૨. ઉચ્ચ પ્રદેશો પર હિંદીઓને જમીન ધરાવતા અટકાવવાનો અને આ સ્થાનો પરની જમીનો માત્ર યુરોપિયનો માટે અનામત રાખવાનો સવાલ.

Gandhi Heritage Portal

અહીં પાણીના સવાલનો ઉકેલ આવ્યો છે. અસ્પૃશ્યો એ કૂવા પરથી પાણી લઈ શકશે.

વહાલા ચાર્લી,

કાંતવા અંગેની મારી નોંધ તમને બિલકુલ મંજૂર ન હોય તો મારા પર તે મોકલવાની જરૂર નથી. આપણે તેની ચર્ચા કરીશું.

મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૨૬૩૩

## ૧૪૩. એમ. આર. જયકરને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૬, ૧૯૨૨

પ્રિય જયકર,

તમારો પત્ર અને તાર પણ મને મળ્યાં. વાઇસરૉયને પત્ર લખવાનું મારું પગલું સમિતિને ગમ્યું નથી એમ હું જોઉં છું. હું દિલગીર છું. લગભગ એક પખવાડિયા સુધી સવિનયભંગ શરૂ ન કરું તો મેં પૂરતી કાળજી લીધી છે એમ મને લાગ્યું. વાઇસરૉયને લખવું એ પણ યોગ્ય નથી એ મને સમજાયું નહીં. તમારી ઇચ્છા મુજબ આ પત્ર પ્રસિદ્ધ કરવા અગાઉ હું ત્રણ દિવસ જાણી જોઈને થોભી ગયો હતો.

કેદીઓ પ્રત્યે અને લડતના હેતુઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓએ મારા અભિપ્રાય પ્રમાણે શું કરવું જોઈએ તે વિષે પણ મેં ખૂબ જ કાળજી લીધી હતી. કૃપા કરીને પરિષદના મંત્રીઓને આ વાત જણાવશો.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ધ સ્ટોરી ऑफ माय लाइफ, પુસ્તક ૧, પા. ૫૫૬

## ૧૪૪. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

સોમવાર, ફેબ્રુઆરી ૬, ૧૯૨૨

વળી તમો આવ્યા નથી. એમાં આળસ જ સમજું છું. નિશ્ચય કરેલા અમલમાં મૂકી જ દેવા જોઈએ.[૧]

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા. ૪૩

૧. મથુરાદાસ ત્રિકમજીએ શનિ-રવિ બારડોલીમાં ગાળવાની ગાંધીજીની સૂચના માન્ય રાખી હતી.

Gandhi Heritage Portal

## ૧૪૫. પરસરામ મેહરોત્રાને પત્ર

[ફેબ્રુઆરી ૬, ૧૯૨૨][1]

ચિ. પરસરામ,[2]

તમારો પત્ર મળ્યો. રેંટિયા અંગેનું કોઈ કામ અલ્લાહાબાદમાં થઈ રહ્યું છે?

બાપુના આશીર્વાદ

માસ્ટર પરસરામ
આનંદ ભવન
અલ્લાહાબાદ

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૯૯૪
શ્રી પરસરામ મેહરોત્રાના સૌજન્યથી

## ૧૪૬. હિંદુસ્તાન સરકારને પ્રત્યુત્તર

[બારડોલી,
ફેબ્રુઆરી ૭, ૧૯૨૨][3]

નામદાર વાઈસરૉય પરના મારા પત્રનો સરકારનો જવાબ મેં ખૂબ જ કાળજીપૂર્વક વાંચ્યો છે. જવાબમાં પ્રગટ થઈ છે તેવી પરિસ્થિતિની વાસ્તવિકતાઓની આવી અવગણના માટે હું જરાયે તૈયાર નહોતો એમ મારે કબૂલ કરવું જોઈએ. હું ઇનકારનો પહેલો જ મુદ્દો લઉં. એ જવાબમાં જણાવ્યું છે :

> તેણે [સરકારે] ગેરકાનૂની દમનની નીતિ આદરી છે એ વિધાનનો તથા સંઘસ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય અને અખબારી સ્વાતંત્ર્યના પ્રાથમિક અધિકારો મેળવવા માટે અસહકાર કરનાર પક્ષને સવિનયભંગની અત્યારની ઝુંબેશ શરૂ કરવાની ફરજ પડી છે એ સૂચનનો પણ તે [સરકાર] ભારપૂર્વક ઇનકાર કરે છે.

મારા પત્ર પર ઊડતી નજર નાખતાં પણ જણાશે કે, નવેમ્બરની ૪થીએ દિલ્હીમાં મળેલી અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ સવિનયભંગનો અધિકાર આપ્યો હતો, છતાં તે શરૂ કરવામાં આવ્યો નથી. મેં મારા પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે ૧૭મી નવેમ્બરના મુંબઈના દુ:ખદ બનાવોને

૧. ટપાલની છાપ ઉપરથી.

૨. પરસરામ મેહરોત્રા આ વખતે ઇન્ડિપેન્ડન્ટની ઑફિસમાં કામ કરતા હતા; પાછળથી તે ગાંધીજીના દફતરના સભ્ય અને આશ્રમના હિંદી શિક્ષક બન્યા.

૩. છાપાંમાં, ફેબ્રુઆરી ૬, ૧૯૨૨ની સરકારી યાદી જોયા પછી તરત જ ગાંધીજીએ બારડોલીમાં ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૭મીએ આ પ્રત્યુત્તર લખાવ્યો હતો, (જુઓ પરિશિષ્ટ ૨) અને તાર દ્વારા તે દિલ્હીમાં ઍસોસિયેટેડ પ્રેસ પર મોકલવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

લીધે, જારી કરવા ધારેલો સામુદાયિક સવિનયભંગ અચોક્કસ મુદત માટે મોકૂફ રાખવામાં આવ્યો છે. આ નિર્ણયની યોગ્ય પ્રસિદ્ધિ કરવામાં આવી હતી અને સરકાર તેમ જ પ્રજા જાણે છે તેમ લોકોમાં હજુ પણ રહી જવા પામેલી હિંસક વૃત્તિનો સામનો કરવાના ગંભીર પ્રયત્નો કરવામાં આવતા હતા. સરકાર તેમ જ પ્રજા એ પણ જાણે છે કે ખાતરીપૂર્વકનું ચારિત્ર્ય ધરાવનારાઓ સિવાયના સૌને વિચારપૂર્વક દૂર રાખવાના હેતુથી સ્વયંસેવકોની સહી માટે ખાસ પ્રકારનું પ્રતિજ્ઞાપત્ર તૈયાર કરવામાં આવ્યું હતું. આ સ્વયંસેવકદળનો પ્રાથમિક હેતુ લોકોને અહિંસાનો પાઠ ભણાવવાનો અને અસહકારના સઘળા કાર્યક્રમોમાં અહિંસા જાળવવાનો હતો. દુર્ભાગ્યે, મુંબઈના બનાવોને લીધે અને કદાચ ખાસ કરીને એ જ દિવસે કલકત્તામાં પડેલી સંપૂર્ણ હડતાળને લીધે હિંદુસ્તાન સરકારે પોતાનું મગજ પૂરેપૂરું ગુમાવ્યું. કલકત્તામાં થોડીક ધાકધમકી આપવામાં આવી હશે તેનો હું ઈનકાર કરવા માગતો નથી, પરંતુ હું જણાવવાની હિંમત કરું છું કે ધાકધમકીને લીધે નહીં, પરંતુ સંપૂર્ણ હડતાળ પડવાથી ઉત્પન્ન થયેલા ક્રોધને લીધે હિંદુસ્તાનની તેમ જ બંગાળની સરકાર પાગલ બની. તે સમય પહેલાં પણ દમન તો હતું જ, પરંતુ સ્વયંસેવક મંડળોની સાથે કામ લેવા માટે સુધરેલા ફોજદારી કાયદાની તથા અસહકારીઓ તરફથી ભરવામાં આવતી જાહેર સભાઓની સાથે કામ લેવા માટે રાજદ્રોહી સભાના કાયદાની જાહેરાત થવાને પરિણામે આવી પડેલું દમન અસહકારી સમૂહ પર એક બૉમ્બગોળાની માફક આવી પડ્યું. એટલે હું ફરીથી જણાવું કે આ જાહેરાતોએ તથા બંગાળમાં દેશબંધુ ચિત્તરંજન દાસ અને મૌલાના અબુલ કલામ આઝાદ, યુક્ત પ્રાંતમાં પંડિત મોતીલાલ નેહરુ અને તેમના સહકાર્યકરો અને પંજાબમાં લાલા લજપતરાય અને તેમની મંડળીની ધરપકડોએ, આક્રમણાત્મક અનાદર નહીં પણ માત્ર સંરક્ષણાત્મક સવિનયભંગ, અર્થાત્ બીજા શબ્દોમાં શાંત પ્રતિકાર હાથ ધરવાનું સંપૂર્ણપણે જરૂરી બનાવ્યું છે. સર હોરમસજી વાડિયાને પણ જાહેર કરવાની ફરજ પડી હતી કે બંગાળ, યુક્ત પ્રાંત અને પંજાબના ગવર્નરોએ પાડેલી પ્રણાલીને મુંબઈની સરકાર અનુસરશે તો આવી જાહેરાતોનો તેમને વિરોધ કરવો પડશે, એટલે કે સરકારના હુકમોનો વિરોધ કરીને સ્વયંસેવક તરીકે નોંધાવું પડશે અને જાહેર સભાઓમાં હાજરી આપવી પડશે. આ રીતે હિંદુસ્તાનનાં ઘણાં સ્થળોએ જાહેર સભાઓ, જાહેર સંગઠનો અને અસહકારી પત્રોને બંધ કરી દેવાની પોતાની નીતિ સરકાર ન બદલે તો આ વાત સ્પષ્ટ છે કે સવિનયભંગ કરવા માટેની બાજુ સંપૂર્ણ રીતે સિદ્ધ થયેલી છે.

સરકારે "બેકાનૂની નીતિ શરૂ કરી છે" એ વિધાન હવે તપાસીએ. કાયદો અને વ્યવસ્થાને નામે અધિકારીઓએ આચરેલાં પાશવી કૃત્યો બદલ પૂરેપૂરી દિલગીરી અને ક્ષમા વ્યક્ત કરવાને બદલે, કોઈ પણ પ્રકારનું "બેકાનૂની દમન" થયું જ નથી એવી વાત સરકારી જવાબમાં જોતાં મને દિલગીરી થાય છે. આ સંબંધમાં જાહેર પ્રજા અને સરકારને નીચેની હકીકતો કે જેના હાર્દને પડકારી શકાય તેમ નથી એને માટે કાળજીભર્યો વિચાર કરવા વિનંતી કરું છું.

૧. કલકત્તામાં એન્ટલી આગળ સત્તાવાળાઓએ કરેલો ગોળીબાર અને એક શબ પ્રત્યે પણ નિષ્ઠુર વર્તાવ;

૨. નાગરિક રક્ષકોનાં સ્વીકૃત પાશવી કૃત્યો;

૩. ઢાકામાં એક સભાનું બળજબરીથી વિસર્જન, અને કોઈ ગુનો કે કારણ વિના નિર્દોષ માણસોને પગ પકડીને ઢસડવામાં આવ્યા;

૪. અલીગઢમાં સ્વયંસેવકો સાથે એવો જ વર્તાવ;

Gandhi Heritage Portal

૫. લાહોરમાં સ્વયંસેવકો અને પ્રજા પર કરવામાં આવેલા પાશવી અને બિનજરૂરી હુમલા અંગે ડૉ. ગોકુળચંદ નારંગના પ્રમુખપદે મળેલી સમિતિનો (મારા અભિપ્રાય મુજબ) પ્રતીતિકર હેવાલ;

૬. જલંધરમાં સ્વયંસેવકો અને પ્રજા પ્રત્યેનો દુષ્ટ અને અમાનુષી વર્તાવ;

૭. દહેરાદૂનમાં એક છોકરા પર ગોળીબાર અને તે જ સ્થળે જાહેર સભાનું બળજબરીથી વિસર્જન;

૮. કોઈની કંઈ પણ પરવાનગી વિના પરંતુ અસહકારીઓના કહેવા પ્રમાણે એક બગીચામાલિકના બોલાવ્યાથી એક અમલદાર અને તેની મંડળી દ્વારા ગામોમાં ચલાવવામાં આવેલી લૂંટફાટ અને સ્વયંસેવકો પર હુમલા અને સોનપુરમાં કૉંગ્રેસની ખાદી અને કાગળોને આગ ચાંપવી. આ બધું થયાનું બિહારની સરકારે કબૂલ્યું છે.

૯. કૉંગ્રેસ અને ખિલાફતનાં કાર્યાલયોમાં મધરાતે ઝડતી અને ધરપકડો.

સરકારી ગેરકાનૂનીવેડા અને પાશવતા વિષેના ઘણા અચૂક પુરાવામાંથી મેં તો માત્ર થોડા નમૂના જ અહીં આપ્યા છે. દેશભરમાં જે કંઈ બની રહ્યું છે તેના દસમા ભાગનો પણ મેં ઉલ્લેખ કર્યો નથી, અને સફળતાથી પુરવાર થઈ શકે તે રીતે હું કહેવા માગું છું કે જે હદે આ અરાજકતા હિંદના અનેક પ્રાંતમાં થઈ રહી છે તેની આગળ પેટે ચલાવવાના હુકમો અને જલિયાંવાલા બાગની કતલને બાદ કરતાં પંજાબમાં આચરવામાં આવેલાં અમાનુષી કૃત્યો ઝાંખાં પડી જાય છે. મને ખાતરી થઈ છે કે ઉપર દર્શાવવામાં આવેલાં બૂરાં કૃત્યોને મુકાબલે જલિયાંવાલાની કતલ એક સ્વચ્છ કૃત્ય હતું અને એની કરુણતા તો એ છે કે લોકોને ગોળીએ વીંધવામાં આવતા નથી કે તેમની કતલ કરવામાં આવતી નથી, તેથી સેંકડો નિર્દોષ માણસોએ જે અત્યાચારમાંથી પસાર થવું પડે છે તે યાતનાઓ, સૌ કોઈ સરકાર તરફથી મોં ફેરવી લે એવો આઘાત ઊભો કરતી નથી. અને જાણે કે નિર્દોષ સામેનો આ જંગ પૂરતો ન હોય તેમ જેલમાં કડકાઈ આચરવામાં આવી રહી છે. આજે કરાંચી જેલમાં, અને એકાંત ભોગવી રહેલા એક કેદીનું સાબરમતી જેલમાં અને એક ટુકડીનું બનારસની જેલમાં શું થઈ રહ્યું છે તે વિષે આપણને કશી જ ખબર નથી.

હું પોતે જેવો નિર્દોષ હોવાનો દાવો કરું છું તેવા એ સૌ નિર્દોષ છે. રાષ્ટ્રીય સ્વમાન અને ગૌરવના તેઓ પોતે ટ્રસ્ટીઓ બન્યા એટલો જ તેમનો ગુનો છે. સત્તાના વાઘા હેઠળ જે તુમાખી દર્શાવાઈ રહી છે તેને આ ગર્વીલા અને આઝાદ લોકો તાબે નહીં થાય એવી મને આશા છે. આ મહાનુભાવો લગભગ નગ્નાવસ્થામાં તેમની સામે ખડા થાય અથવા બે હાથ જોડીને ગુલામની માફક તેમને સલામ કરે અથવા "સરકાર એક હૈ"નો પોકાર કરે એવી સત્તાધારીઓ આશા રાખતા હોય તો તે ફોગટ છે. બંગાળના એક શિક્ષક સાથે વર્તવાનો હેવાલ છે તે પ્રમાણે રાતદિવસ લાકડાના ચોકઠામાં બાંધી રાખવામાં આવે તોપણ ઈશ્વરથી ડરનાર કોઈ પણ માણસ "સરકાર એક હૈ"નો પોકાર નહીં કરે.

માનવસ્વભાવના ગૌરવ ખાતર હું એવો વિશ્વાસ રાખું છું કે લૉર્ડ રીડિંગ અને તેમના ખરડા ઘડનારાઓ મેં દર્શાવેલી હકીકતો જાણતા નથી, અથવા તેમના કર્મચારીઓ ભૂલ કરે જ નહીં એવી માન્યતામાં તેઓ એવા તો ઘસડાઈ ગયા છે કે પ્રજા જેને ઈશ્વરી સત્ય જેવાં ગણે છે તે વિધાનોને માનવાની તેઓ ના પાડે છે. મેં કરેલાં નિવેદનોમાં સહેજ પણ અતિશયોક્તિ હશે તો, જેવી જાહેર રીતે હું તે બહાર પાડું છું તેવી જ જાહેર રીતે તેને હું પાછાં ખેંચી

Gandhi Heritage Portal

લઈશ અને તે માટે ક્ષમા યાચીશ. પરંતુ હકીકતમાં આ દરેક આક્ષેપનો શબ્દેશબ્દ નહીં તોપણ તેના તત્ત્વને અને તેમાંના તેથી પણ વધારે ભાગને, હું સરકાર સાથે સંકળાયેલા ન હોય તેવાં સ્ત્રીપુરુષોના બનેલા કોઈ પણ નિષ્પક્ષ પંચ સમક્ષ સાબિત કરવાનું માથે લઉં છું. પંડિત માલવિયાજી અને બીજા જેઓ ગોળમેજી પરિષદ મેળવવાની અળખામણી કામગીરી બજાવી રહ્યા છે તેમને હું, જે આક્ષેપોને આધારે મારે તરવાનું કે ડૂબવાનું છે તેની તપાસ કરવા માટે એક પંચ નીમવા આમંત્રણ આપું છું.

માણસજાત પ્રત્યે આ જે શારીરિક અને પાશવી ગેરવર્તાવ કરવામાં આવ્યો છે, તેણે મારા ઘણા સહકાર્યકરોમાં અને મારામાં ખુદ જીવન પ્રત્યે અધીરાઈ જગાડી છે, અને આ પરિસ્થિતિમાં જેને હું દેશના સામાન્ય કાયદાનો દુરુપયોગ ગણું છું તેની વિગતોની છણાવટ કરીને લોકોનો સમય લેવા માગતો નથી, પરંતુ મુંબઈનાં તોફાનો અંગે જે ગેરસમજ થવાનો સંભવ છે તેને સુધાર્યા વિના હું રહી શકું તેમ નથી. આ તોફાનો શરમજનક અને ખેદજનક હતાં તેમ છતાં એટલું યાદ રાખવું જોઈએ કે જાન ગુમાવનાર ૫૩ વ્યક્તિઓમાંથી ૪૫ અસહકારીઓ કે તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનારા તોફાનીઓ હતા. અને ઘાયલ થયેલી ૪૦૦ વ્યક્તિઓમાં પણ ચોક્કસ અંદાજ કાઢીએ તો ૩૫૦ ઉપરાંત વ્યક્તિઓ એ જ વર્ગની હતી. હું કોઈ ફરિયાદ કરતો નથી. અસહકારીઓ અને તેમના પ્રત્યે મિત્રાચારી દાખવનારા તોફાનીઓને વાજબી બદલો મળી ગયો છે. તેમણે હિંસા શરૂ કરી અને તેનો સિરપાવ મેળવ્યો. મુંબઈ સરકાર પ્રત્યે પૂરા આદર સાથે કહીએ તો સ્વતંત્ર પક્ષના માણસો અને સહકારીઓની બાહોશીભરી મદદથી અસહકારીઓ જ કમનસીબ ૧૭મી પછીના બે દિવસની અરાજકતામાં શાંતિ લાવી શકયા હતા, એ વાત પણ ભુલાવી ન જોઈએ.

"સુધારેલો ફોજદારી કાયદો, એવાં મંડળો પૂરતો જ મર્યાદિત રાખવામાં આવ્યો હતો કે જેના મોટાભાગના સભ્યો હિંસા અને ધાકધમકીનાં કૃત્યો કરવા ટેવાયેલા હતા" એ કથન પણ મારે પૂરેપૂરું નકારી કાઢવું જોઈએ. આજે હિંદુસ્તાનની જેલોમાં કેટલાક ખૂબ જ નિરુપદ્રવી માણસો પડેલા છે. એમાં ભાગ્યે એવા માણસો હશે જેમણે હિંસા કરી હોય કે ધાકધમકી આપી હોય અને જેઓ આ કાનૂન હેઠળ દોષિત બન્યા હોય. આ વિધાનના ટેકામાં પૂરતો પુરાવો રજૂ કરી શકાય તેમ છે, તેમ જ, જ્યાં જ્યાં સભાઓ વિખેરી નાખવામાં આવી છે ત્યાં ત્યાં હિંસાનું કોઈ જ જોખમ ન હતું એ હકીકત પુરવાર કરવા માટે પણ પુરાવો રજૂ કરી શકાય તેમ છે.

અલીભાઈઓની ક્ષમાયાચના પરથી વાઇસરૉયે અસહકારીઓની અહિંસક પ્રવૃત્તિઓમાં દરમ્યાનગીરી ન કરવાની સંસ્કારી નીતિ અપનાવી હતી એ વાતનો હિંદુસ્તાનની સરકાર ઈનકાર કરે છે. આ ઈનકારથી મને ભારે દિલગીરી થઈ છે. જવાબમાં યાદીનો જે ભાગ પ્રગટ કરવામાં આવ્યો છે તે ભાગ જ, સરકાર આવી પ્રવૃત્તિમાં દરમ્યાનગીરી કરવા માગતી નથી એ વાતના પૂરતા પુરાવારૂપ છે એમ મને લાગે છે. "ઓછી હિંસાવાળાં અસંતોષ ફેલાવનારાં ભાષણો કાયદા વિરુદ્ધના ગુના બનતા નથી" એવું અનુમાન સરકાર કરવા દેવા માગતી નહોતી. કાયદાનો કોઈ પણ પ્રકારનો ભંગ સરકાર સામેનો ગુનો બનતો નહોતો એવું મેં કદી પણ કહ્યું નથી, પરંતુ મેં એવું કહ્યું હતું અને અત્યારે ફરીથી પણ કહું છું કે અહિંસક પ્રવૃત્તિઓ કાયદાના ઔપચારિક ભંગ જેવી હોય તોપણ તેને માટે તે વખતે કામ ચલાવવાનો સરકારનો ઈરાદો નહોતો.

પરિષદની શરતો અંગે સરકારના જવાબમાં મારા પત્રમાંના "કલકત્તાનું ભાષણ" શબ્દો પછી "અને બીજી રીતે" એ શબ્દોનો ઉલ્લેખ છોડી દેવામાં આવ્યો છે તે તો જણાઈ આવે છે.

Gandhi Heritage Portal

11600

હું ફરીથી જણાવું છું કે "કલકત્તાનું ભાષણ અને બીજી રીતે" જે શરતો મારી સમજમાં આવી હતી તે લગભગ માલવિયા પરિષદમાં દર્શાવવામાં આવેલી શરતો જેવી જ હતી. જેને અસહકારીઓના પક્ષની ગેરકાયદે પ્રવૃત્તિઓ ગણવામાં આવે છે તે સરકારની જાહેરાતોના જવાબમાં હતી એટલે આ જાહેરાતોને ખેંચી લેવામાં આવતાંની સાથે આપમેળે જ તે ગેરકાયદે પ્રવૃત્તિ મટી જશે, કેમ કે, આ અપમાનજનક જાહેરાતો પાછી ખેંચી લેવામાં આવતાં સ્વયંસેવકદળની રચના કરવી અને જાહેર સભાઓ ભરવી એ ગેરકાયદે પ્રવૃત્તિ નહીં રહે. કલકત્તામાં વાટાઘાટો ચાલતી હતી ત્યારે પણ ફતવા કેદીઓની મુક્તિની માગણી કરવામાં આવી હતી અને મેં બીજે કહ્યું છે તે માત્ર ફરીથી જણાવી શકું તો અત્યારના સરકારી તંત્ર હેઠળ લશ્કરી કે બીજી નોકરી કરવી એ ઈશ્વર અને માનવતા સામેનું પાપ છે એમ કહેવામાં બિનવફાદારી હોય તો મને લાગે છે કે આવી બિનવફાદારી ચાલુ રહેવી જોઈએ.

સૂચિત ગોળમેજી પરિષદને મારા "હુકમો" પર "માત્ર મહોર મારવા" માટે જ બોલાવવામાં આવે એવી ઈચ્છાનો મારા પર આક્ષેપ મૂકીને સરકારી યાદી મને ક્રૂર અન્યાય કરે છે. કોઈ પણ જાતની ગેરસમજ ન થાય તે સારુ મેં મારું કર્તવ્ય માનીને કૉંગ્રેસની માગણીઓ બની શકે એટલી સ્પષ્ટ ભાષામાં જણાવી હતી. પોતાની સ્થિતિની સ્પષ્ટતા કર્યા વિના કોઈ પણ કૉંગ્રેસી કોઈ પણ પરિષદમાં જઈ શકે નહીં, અને મને કે કોઈ પણ કૉંગ્રેસીને સમજબુદ્ધિ વગરના ગણવામાં ન આવે એટલા સામાન્ય વિવેકની મેં અપેક્ષા રાખી હતી. કૉંગ્રેસની ખિલાફત, પંજાબ અને સ્વરાજ અંગેની માગણીઓ ખોટી અથવા ગેરવાજબી છે તેવી ગમે તે માણસ મને ખાતરી કરાવી આપે તો હું મારાં પગલાં પાછાં ખેંચીશ અને મને લાગેવળગે છે ત્યાં સુધી મારી ભૂલ સુધારી લઈશ. હિંદુસ્તાનની સરકાર જાણે છે કે મારું વલણ હમેશાં આવું જ રહ્યું છે.

મારા જાહેરનામામાં[૧] દર્શાવેલી માગણીઓ કારોબારી સમિતિની માગણીઓ કરતાં પણ વધારે મોટી છે એમ સરકારી યાદી જણાવે છે તે વિચિત્ર છે. આક્રમણાત્મક સવિનયભંગ તદ્દન બંધ કરવા સામે બેફામ દમન અટકાવવાનું, તેની હેઠળ પકડવામાં આવેલા કેદીઓને મુક્ત કરવાનું અને નીતિની સ્પષ્ટ જાહેરાત કરવાનું હું માગતો હોવાથી કારોબારી સમિતિની માગણીઓ કરતાં તે ખૂબ જ ઓછી છે એવો હું દાવો કરું છું. કારોબારી સમિતિની માગણીઓમાં તો ગોળમેજી પરિષદનો સમાવેશ થતો હતો. મારા જાહેરનામામાં મેં ગોળમેજી પરિષદની માગણી બિલકુલ કરી નથી. ગોળમેજી પરિષદને જતી કરવામાં આવી છે તે કોઈ યુક્તિપ્રયુક્તિને કારણે નહીં પરંતુ અત્યારની નિર્બળતાના સ્વીકારને લીધે છે એ સાચું છે. હું મુક્તપણે સ્વીકારુ છું કે હિંદુસ્તાન જ્યાં સુધી અહિંસાની ભાવનાથી ઓતપ્રોત ન થાય અને અહિંસામાંથી જ આવતી શિસ્તબદ્ધ તાકાત પેદા ન કરે, ત્યાં સુધી તે તેની માગણીઓ માટે દબાણ કરી ન શકે અને એટલા જ માટે મને હવે લાગે છે કે, આ ગાંડુંતૂર દમન પાછું ખેંચી લેવાય તેવી પેરવી લોકોએ પ્રથમ કરવી જોઈએ અને ત્યાર પછી વધારે સંપૂર્ણ સંગઠન અને રચનાત્મક કામ પર ધ્યાન લગાડવું જોઈએ. એ ઉપરાંત કેદ કરાયેલા આગેવાનો મુક્ત થાય ત્યાર પછી તેઓ સમગ્ર પરિસ્થિતિની ફેરવિચારણા કરે નહીં ત્યાં સુધી આક્રમણાત્મક પ્રકારનો સવિનયભંગ મોકૂફ રાખવામાં આવશે એટલું જ જણાવીને તથા મારા પત્રમાંનાં નીચે પ્રમાણેનાં છેવટનાં વાકયો પોતાને અનુકૂળ થાય તે રીતે કાઢી નાખીને સરકારી યાદીએ મને અન્યાય કર્યો છે :

૧ જુઓ "ના. વાઇસરૉય જોગ", ૧-૨-૧૯૨૨.

Gandhi Heritage Portal

જો આ પ્રમાણે સરકાર મારી માગણીનો સ્વીકાર કરશે તો હું એમ માનીશ કે લોકમતને માન આપવાનો તેનો શુભ ઇરાદો છે અને તેથી લોકોને હું એટલી સલાહ આપીશ કે તેઓએ જાહેર મત, કોઈ તરફથી અંકુશ મુકાયા વિના, વધારે કેળવવામાં રોકાઈ જવું અને એવો વિશ્વાસ રાખવો કે દેશની નિશ્ચિત થયેલી માગણીઓનો સ્વીકાર તે વડે થઈ શકે; અને એમ થયા પછી સરકાર સંપૂર્ણ નિષ્પક્ષપાત નીતિનો ત્યાગ કરે અથવા હિંદુસ્તાનની પ્રજાના સ્પષ્ટ રીતે જણાઈ આવે તેવા બહુમતને માન ન આપે તો જ તીવ્ર સવિનયભંગ શરૂ કરવામાં આવે.

પરિસ્થિતિની ઉપર પ્રમાણેની રજૂઆત કરવામાં અત્યંત સમજદારી અને સંયમ દર્શાવવામાં આવ્યાં હોવાનો દાવો કરવાની હું હિંમત કરું છું.

તેથી યાદી અંતમાં જણાવે છે તે "પ્રમાણે એક તરફ બધાં જ ખતરનાક પરિણામો સાથેની અરાજકતા અને બીજી તરફ બધી જ સંસ્કારી સરકારોના પાયામાં રહેલા સિદ્ધાંતની જાળવણી વચ્ચે" લોકોને પસંદગી કરવાનું રહેતું નથી. તે ઉમેરે છે કે "સામુદાયિક સવિનયભંગમાં રાજ્યની સામે એવો ભય રહેલો છે કે તેનો દૃઢતા અને સખતાઈથી સામનો કરવો જ રહ્યો." લોકો સામેની પસંદગીની વાત લઈએ તો કયાં તો તેણે સઘળા નિર્વિવાદ જોખમોવાળો સામુદાયિક સવિનયભંગ ચાલુ કરવો જોઈએ અથવા લોકોની કાયદેસરની પ્રવૃત્તિની ગેરકાનૂની દમનનીતિ બરદાસ્ત કરવી જોઈએ. કાયદો અને વ્યવસ્થાને નામે દેશભરમાં માલમિલકતની લૂંટ અને નિર્દોષ માણસો પર હુમલા થઈ રહ્યા હોય ત્યારે, અજાણ્યાં જોખમોની બીકે શાંત બેસી રહેવું અને કોઈ પણ અસરકારક કાર્ય ન કરવું સ્વમાન ધરાવતા માણસોના કોઈ પણ સમૂહ માટે અશક્ય છે એવું હું માનું છું.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૮૮૫

## ૧૪૭. કારોબારી સમિતિના સભ્યોને પત્ર[1]

ખાનગી (પ્રસિદ્ધિ માટે નથી)

બારડોલી,

ફેબ્રુઆરી, ૮ ૧૯૨૨

પ્રિય મિત્ર,

સામુદાયિક સવિનયભંગ શરૂ કરવાના ઠીક અવસરે પહોંચ્યો હોઉં ત્યારે ભારે આઘાત લાગવાનો મારે માટે આ ત્રીજો પ્રસંગ છે. પહેલો પ્રસંગ ૧૯૧૯[2]ના એપ્રિલમાં બન્યો, બીજો ગયા નવેમ્બરમાં[3], અને અત્યારે વળી પાછો હું ગોરખપુર જિલ્લાના બનાવોથી ખૂબ જ વ્યગ્ર બન્યો

૧. મૂળમાંની પ્રાસ્તાવિક નોંધમાંના ઉતારા આ પ્રમાણે છે: "૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૨મીએ બારડોલીમાં સવિનયભંગ શરૂ કરવામાં આવનાર હતો, જ્યારે વાઇસરૉયને આપવામાં આવેલી સમયમર્યાદા પૂરી થતી હતી... પરંતુ મહાત્માજીએ ૮મીએ તેમના કાર્યક્રમની આખી યોજના ફેરવી નાખી અને આ ફેરફાર સૂચવવા કારોબારી સમિતિના સભ્યો પર ખાનગી પત્ર મોકલ્યો..."

૨, જુઓ પુસ્તક ૧૫.

૩. જુઓ પુસ્તક, ૨૧ પા. ૪૧૭–૨૦.

Gandhi Heritage Portal

છું. બરેલી અને સહરાનપુર, જ્યાં સ્વયંસેવકો ટાઉનહૉલનો કબજો લેવાનો પ્રયત્ન કરતા હતા ત્યાં જે કંઈ બન્યું છે તેણે મારી વ્યગ્રતામાં ઉમેરો કર્યો છે. દેશના બીજા ભાગોમાં ગુનામાં ખપે એવો કાયદાભંગ ચાલતો હોય ત્યારે બારડોલીનો સવિનયભંગ દેશ પર કશી અસર પાડી ન શકે કેમ કે બંનેનો હેતુ એક છે. સવિનયભંગ સંપૂર્ણપણે એના અહિંસક સ્વરૂપે ચાલે એ પાયા ઉપર જ એની આખી કલ્પના મંડાયેલી છે. હિંદુસ્તાન જેવા વિશાળ દેશમાં આવું વાતાવરણ ક્યારેક પણ પેદા કરી શકાય એવું માનવામાં હું માનવસ્વભાવનો ઠોઠ વિદ્યાર્થી હોઉં એ બનવાજોગ છે, પણ એ તો એ સ્થિતિમાં અચૂકપણે નિષ્ફળ નીવડે એવી લડત ચાલુ રાખવા માટેની નહીં પણ મારી બુદ્ધિ ચોક્કસ નિર્ણય લઈ શકતી નથી એ માટેની એક દલીલ થઈ. અડધી હિંસક અને અડધી અહિંસક હોય એવી લડતને પરિણામે કહેવાતું સ્વરાજ મળતું હોય તોપણ હું અંગત રીતે તેમાં ભાગ ન લઈ શકું, કારણ કે એ મારી કલ્પના મુજબનું સ્વરાજ નહીં હોય. તેથી આ મહિનાની ૧૧મી તારીખે બારડોલીમાં કારોબારી સમિતિની બેઠક બોલાવવામાં આવી છે. તેમાં પ્રથમ તો થોડો સમય સામુદાયિક સવિનયભંગ મોકૂફ રાખવો કે નહીં તેનો વિચાર થશે. બીજું, જો તે મોકૂફ રાખવામાં આવે તો દેશ રચનાત્મક કાર્યનું સંગઠન સાધી શકે અને નિ:શંક રીતે અહિંસક વાતાવરણ જમાવી શકે એટલા લાંબા સમય સુધી તે મોકૂફ રાખવો કે નહીં તેની વિચારણા થશે. બની શકે એટલા બધા મિત્રોનું માર્ગદર્શન મારે જોઈએ છે. તમે હાજર ન રહી શકો તોપણ, વેળાસર મળી જાય એમ હોય તો પત્ર દ્વારા, નહીં તો તાર કરીને તમારો અભિપ્રાય મને મોકલી આપો એમ હું ઇચ્છું છું.

આ પત્ર હું કેવળ કારોબારીના સભ્યો પર જ મોકલું છું. પરંતુ હું ઇચ્છું છું કે તમને મળતા બધા જ મિત્રો સાથે તમે ચર્ચા કરો, અને એમાંના કોઈ ચર્ચાવિચારણામાં ભાગ લેવા આવવા ઇચ્છતા હોય તેને કે તેમને સાથે લેતા આવો અથવા મોકલી આપો.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

सेवन मन्थ्स विथ महात्मा गांधी, પા. ૨૨૩–૪

Gandhi Heritage Portal

## ૧૪૮. ડૉ. એમ. એસ. કેળકરને પત્ર

બુધવાર, ફેબ્રુઆરી ૮, ૧૯૨૨

પ્રિય ડૉ. કેળકર,[૧]

હું ધારું છું કે સમિતિને માત્ર સ્વદેશી માટે જ પૈસા આપ્યા હતા. હું જરૂર ઇચ્છું છું કે તમે નિષ્ણાતની નિમણૂક કરાવશો અને તરત જ કામ કરતા થઈ જશો. કૃપા કરીને આ શ્રી દાસ્તાનેને[૨] બતાવજો. ઉપદેશક વિષે તમે જે કહો છો તેની હું નોંધ લઉં છું. એક દિવસ માટે હું મુંબઈ જઈ રહ્યો છું.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

ડૉ. કેળકર

ડૉ. નૂળકરને ત્યાં

જલગાંવ

પૂ. ખાનદેશ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૬૧૦૭

## ૧૪૯. નોંધ

### તેમની એકાંત ખોલીમાંથી

વેલોર જેલમાંથી ચક્રવર્તી રાજગોપાલાચારીએ મોકલેલા પત્રમાંથી થોડીક વાનગી આપું છું :

> . . . મહિનામાં એક પત્ર લખવાની અને એ જ રીતે એક પત્ર મેળવવાની મને છૂટ છે. બધાં જ રાજકારણથી, સમાચારથી અને વર્તમાનપત્રોથી મને વંચિત રાખવામાં આવ્યો છે.
>
> મારો દમ ચાલુ જ છે, છતાં મારા પેટને હલકું રાખીને આ દુશ્મન પર હું વિજય મેળવું છું. મારું વજન ૧૦૪ રતલ હતું તે ૯૮ રતલ થઈ ગયું છે. પણ તેની ફિકર નથી. . . .
>
> અહીં મારી એકાંત ખોલીમાં આપ મને કાંતતો જુઓ તો આપની આંખોમાં આનંદ ઊભરાઈ આવે.

આ સરકાર વિચિત્ર છે. આખા દેશમાં એક જ કાયદો પ્રવર્તે છે એવું માનવામાં આવે છે તેમ છતાં, બંગાળમાં જે વાત ગુનો ગણાય તે મદ્રાસમાં ગણાતી નથી. અને યુક્ત પ્રાંતની

૧. ડૉ. એમ. એસ. કેળકર; બરફનો ઉપયોગ કરી સઘળાં દર્દો મટાડવાનો દાવો કરતા હતા. "આઇસ ડૉક્ટર" તરીકે લોકોમાં જાણીતા હતા.

૨. મહારાષ્ટ્રમાં આવેલા ખાનદેશના એક કૉંગ્રેસી કાર્યકર.

Gandhi Heritage Portal

જેલમાં જેવો વર્તાવ થાય છે તેવો મદ્રાસની જેલમાં થતો નથી. આગ્રા જેલમાં જૉર્જ જોસેફને વર્તમાનપત્રો સુધ્ધાંની બધી જ સગવડ અને છૂટ છે. રાજગોપાલાચારીને વેલોર જેલમાં એકાંતમાં રહેવાનું અને છતાં વર્તમાનપત્રો ન મળે. વર્તમાનપત્રો ન મળે તેની રાજગોપાલાચારીને પરવા નથી. બિલકુલ વર્તમાનપત્રો વિના રહેવાનું હું એક લહાવો ગણી આવકારું, પરંતુ વર્તાવનો ભેદભાવ તો દેખીતો જ છે. રાજગોપાલાચારી વજન ગુમાવે એ વધારે ગંભીર બાબત છે. અલબત્ત, તે પોષક ખોરાકના અભાવે નહીં હોય, પરંતુ એકાંત ખોલી, હું જાણું છું તેવી હોય તો દમના દર્દીને માટે તે લગભગ મરણ જેવી થઈ પડે. તમને જ્યારે ખોલીમાં પૂરી દેવામાં આવે ત્યારે તો તમને જાણે જીવતા રાખવા પૂરતા હવાઉજાસ માટેનાં થોડાં બાકોરાંવાળી પેટીમાં જ પૂરી દીધા. અજવાળું નામનું જ અને આરપાર હવા પસાર થવા માટે વૅન્ટિલેશનની કોઈ વ્યવસ્થા પણ નહીં. થોડા જ સમયમાં તમારા પોતાના ઉચ્છ્વાસથી હવા ઘટ્ટ અને અશુદ્ધ થઈ જાય છે. અને તમારે તમારો પોતાનો ઉચ્છ્વાસ શ્વાસમાં લેવાની સજા ભોગવવી પડે છે. માનવતાનો કંઈ નહીં તો એટલો અધિકાર તો જરૂર છે કે ચક્રવર્તી રાજગોપાલાચારીને રાતદિવસ બને એટલી તાજી હવા મળતી ન હોય તો તે મળવી જોઈએ.

### દિલ્હી જેલમાંથી

દિલ્હી જેલમાંથી શ્રી આસફઅલી લાંબું વર્ણન આપતો પત્ર લખે છે. લોકોને રસ પડે તેવા કેટલાક ઉતારા હું અહીં આપું છું:

> . . . મારા કારાવાસ પછી મારી તબિયતમાં ઠીક ઠીક સુધારો થયો છે તે મારે માટે ઓછી નવાઈની વાત નથી. . . . જેલજીવનનાં દુઃખો, લડવૈયાનાં ઘાનાં નિશાન જેવી જીવનભર સાચવી રાખવા જેવી સ્મૃતિ બની જશે. પંડિત મોતીલાલજી અને જવાહરલાલને હું લખી શકતો નથી એટલે આપ તેમને લખો તો તેમને મારી યાદ પાઠવજો અને અક્કા, એટલે શ્રીમતી સરોજિની નાયડુને મારાં સ્નેહવંદન કહેશો.

શ્રી આસફઅલી અને બીજા બાવન સ્વયંસેવકોએ દિલ્હીમાં સવિનયભંગ શરૂ કર્યો હતો તે વાચકને યાદ હશે.

### શેરવાણીની વકીલાત રદ થઈ

અલ્લાહાબાદની હાઈકોર્ટ શ્રી શેરવાણીની વકીલાત રદ કરવાનું પગલું લે તેના ઘણા વખત પહેલાં જ તેમણે પોતાની સનદ રદ કરી હોવાથી તેમને વકીલાત કરતા બંધ કરીને એ કોર્ટે પોતાની પ્રતિષ્ઠામાં કોઈ વધારો કર્યો નથી. આવું પગલું ભરવાની કોઈએ અદાલતને ઉશ્કેરણી કરી હશે એ વાત ચોખ્ખી છે. જે કોઈએ આ પ્રમાણે કર્યું હશે તેણે અલ્લાહાબાદ હાઈકોર્ટની કુસેવા જ કરી છે. શ્રી શેરવાણી સામેની કારવાઈ એક પણ વકીલને ગભરાવી નહીં શકે. જે અદાલત કોઈ પણ માણસને તેની રાજકીય નીતિને કારણે શિક્ષા કરે છે તે અદાલતમાં વકીલાત કરતા કેટલાકને, આ કારવાઈએ શરમિંદા બનાવ્યા હશે. મારા મત પ્રમાણે, અસહકારની હકીકત તરફ અને તેથી શ્રી શેરવાણી તેમની નીતિને કારણે નીચલી અદાલતમાં પોતાનો બચાવ નહીં કરે એ હકીકત તરફ જાહેર રીતે ધ્યાન આપવા અદાલત બંધાયેલી હતી.

### લાલાજીની ફરી ધરપકડ

પંજાબની સરકાર પ્રાયશ્ચિત્તનું એક સાદું કૃત્ય પણ શોભે એ રીતે કરી શકી નથી. લાલાજી અને તેમના સાથીઓને જે ન્યાયાધીશે ગુનેગાર ઠરાવ્યા હતા તે ન્યાયાધીશ કાયદો જાણતો ન હતો



Gandhi Heritage Portal

એવી એ સરકારને સલાહ આપવામાં આવી હતી. એટલે તેમને છોડવા પડ્યા. સૌને એકસાથે છોડવાને બદલે છૂટક છૂટક છોડવામાં આવ્યા અને કેટલાકને મધરાતે છોડવામાં આવ્યા. પરંતુ માત્ર આ જ કંઈ તેમનાં કૃત્યનો સૌથી લજવનારો ભાગ નહોતો. લાલાજીની મુક્તિ બાદ તરત જ તેમને પકડવામાં આવ્યા. આ કૃત્યથી પંજાબ સરકારનો પસ્તાવો નહીં પણ વેરવૃત્તિ ઉઘાડી પડી છે. છોડ્યા વિના તેનો છૂટકો નહોતો, તેમ પોતાની ક્ષુદ્રતા દેખાડ્યા વિના પણ તે રહી શકે તેમ નહોતું. લાલાજીને એક ક્ષણ માટે પણ તે છૂટા રાખવા માગતી નહોતી અને તેથી તેણે તેમને ફરી પકડી લીધા. કાચા કેદી હોવા છતાં, તેમના દીકરા સહિત તેમનાં માણસોને તેમની મુલાકાત લેવા દેવામાં આવતી નથી. લાલાજી પર તે સમન્સ બજાવે તો તેથી કંઈ તેઓ "સજા"માંથી છટકી નહીં જાય એ તો તે જાણતી હતી. પરંતુ આવું સ્વાભાવિક અને વિવેકી પગલું પંજાબની સરકાર માટે એટલું બધું સીધુંસાદું હતું કે એ પગલું તે લઈ ન શકે. લાલાજીને હું તેમની ફરી વારની ધરપકડ માટે ધન્યવાદ આપું છું. અને પંડિત સંતાનમ, મલિક લાલખાન અને ડૉ. ગોપીચંદ પ્રત્યે તેમની વહેલી મુક્તિ માટે સહાનુભૂતિ દર્શાવું છું.

## પેન્શન અથવા મુલતવી રખાયેલા પગાર

જે નિયમ હેઠળ ધારવાડના શ્રી જોશીનું પેન્શન બંધ કરવામાં આવ્યું છે તે સામાન્ય પેન્શનને લગતા સામાન્ય નિયમોના ૧૫મા પ્રકરણના ૧લા વિભાગનો ૩૫૧મો પૅરેગ્રાફ મેં મેળવ્યો છે. આ નિયમ નીચે મુજબ છે :

> ભવિષ્યની સારી ચાલચલગત દરેક પેન્શન મંજૂર કરવાની એક આવશ્યક શરત છે. પેન્શનરને જો ગંભીર ગુના માટે સજા થઈ હોય, કે ગંભીર ગેરવર્તણૂક માટે તે ગુનેગાર ઠર્યો હોય તો સ્થાનિક સરકાર, હિંદ સરકાર કે હિંદી વજીર તેનું આખું પેન્શન કે તેનો કોઈ હિસ્સો અટકાવવા કે બંધ કરવાનો અધિકાર પોતાને સ્વાધીન રાખે છે.
>
> આ નિયમ પ્રમાણે આખું પેન્શન કે તેનો કોઈ હિસ્સો અટકાવી દેવાના કે બંધ કરવાના કોઈ પણ પ્રશ્ન ઉપર હિંદી વજીરનો નિર્ણય એ છેલ્લો અને નિશ્ચયાત્મક નિર્ણય ગણાશે.

તમે તેને પેન્શન, મુલતવી રખાયેલો પગાર કે ગમે તે નામે ઓળખો, સામાન્ય માણસ માટે તે એકસરખું જ છે. જે કર્મચારી તેના ફરજપાલનમાં બિનવફાદાર પુરવાર થયો હોય અથવા જે નોકરી પૂરી થયા પછી તેની ભવિષ્યની વર્તણૂકથી નાલાયક સાબિત થયો હોય તેને તે ન આપી શકાય. કોઈ પણ કર્મચારીએ પોતે નોકરી ઉપર ચાલુ હોય તેના કરતાં પેન્શન પર ઊતરી ગયા પછી પોતાની વર્તણૂક વિષે વધારે સજાગ રહેવું જોઈએ. તેનું સાદું ને સીધું કારણ એ કે જ્યારે તે નોકરી પર હોય છે ત્યારે તે કોઈકની દેખરેખ હેઠળ હોય છે. પરંતુ નોકરી પરથી નિવૃત્ત થયા પછી તે વિશ્વાસ પર હોય છે. આ ધોરણે વિચારતાં અને તેમને એક જાહેર સેવક ગણતાં શ્રી જોશીએ ઠપકો મળવા જેવું કશું કર્યું નથી, એટલું જ નહીં પણ કોઈ પણ સજ્જન કરે તેવું જ કાર્ય તેમણે કર્યું છે, એટલે કે પોતાની જીવનસંધ્યાએ કાયદા પ્રમાણે તો પોતાનો સમય આરામ અને નિવૃત્તિમાં ગાળવા હકદાર હોવા છતાં તેમણે પોતાની બુદ્ધિશક્તિ સંપૂર્ણપણે લોકોને ચરણે ધરી છે. લોકમતને અનુકૂળ સરકારને લોકોથી ભિન્ન ન ગણી શકાય. સરકારે લોકહિતને જ સૌથી મહત્ત્વની બાબત ગણવી જોઈએ, અને તેથી અત્યારની હકીકતો જોતાં શ્રી જોષી જો પોતાનો સમય લોકસેવામાં ગાળવા ઇચ્છતા હોય તો તે દેશના જેટલી જ સરકારની સેવા

Gandhi Heritage Portal

પણ કરે છે. સર માઇકલ એ જ જાહેર સેવાના નોકર હોય, અને શ્રી જોષી અથવા મૌલાના શૌકતઅલીની જ આચારસંહિતા તેમને પણ લાગુ પડતી હોય તો પોતાના જ મોઢે અપરાધી ઠરનાર અને પોતાનો પગાર ચૂકવનાર માલિકોને એકધારી અને ઝેરીલી ગાળો વડે બદનામ કરીને પોતાની જાતને સાવ નાલાયક સાબિત કરી આપનાર સર માઇકલ ઓડવાયરનું પેન્શન મેં ઉલ્લેખ કર્યો તે નિયમાનુસાર બંધ કરવું જ જોઈએ. સર માઇકલ ઓડવાયર પોતે કહે છે તે ખરેખર માનતા હોય અને શિક્ષિત હિંદીઓ મૂર્ખ છે અથવા દેશદ્રોહી છે અને અભણ લોકો ઢોર કરતાં વધારે સારો વર્તાવ પામવાને લાયક નથી એવો પ્રામાણિક અભિપ્રાય તેઓ ધરાવતા હોય એ એક અલગ વાત છે. માણસના આશયો કેવળ ભગવાન જ જાણે છે. પરંતુ માણસ તો બીજાને, માત્ર તેનાં કાર્યો દ્વારા જ સમજી શકે. અને જેમ અસહકારીઓને તેમની પ્રતિજ્ઞામાં દર્શાવવામાં આવેલા કે હજારો મંચ પરથી જાહેર કરવામાં આવેલા તેમના આશયોથી નહીં પરંતુ તેમનાં અને તેમના સાથીદારોનાં કૃત્યો વડે ખૂબ જ યોગ્ય અને કડક રીતે ઓળખવામાં આવે છે, તેમ પેન્શન પર ઊતરેલા કે બીજા જાહેર સેવકોની કસોટી તેઓ શું વિચારે છે અથવા કહે છે તે પરથી નહીં, પરંતુ શું કરે છે તે પરથી કરવી જોઈએ.

### અલીભાઈઓ[૧]

કરાંચીથી સત્તાવાળાઓએ મોકલવાની ના પાડવાથી ટપાલ મારફતે મળેલો તાર[૨] હું નીચે આપું છું:

> જેલમાં મૌ. મહમદઅલીનું વજન ૨૫ શેર ઘટયું છે. મૅજિસ્ટ્રેટ અને દાક્તરની ભલામણ છતાં તેમને રાત્રે દીવો આપવામાં આવતો નથી. સુપરિન્ટેન્ડેન્ટ દીવો આપવાની વિરુદ્ધ છે.
>
> મૌ. મહમદઅલીને મીઠી પેશાબનો વ્યાધિ હોવાથી દાક્તરે તેમને માટે મગફળી અથવા પનીરના ખોરાકની ભલામણ કરી હતી. સુપરિન્ટેન્ડેન્ટની મરજી તો ન હતી, છતાં આશરે રોજની એક આનાની મગફળી આપવી શરૂ કરી અને મૌલાના સાહેબના આગ્રહથી વધારીને બે આનાની કરી. આ એમનો સવારનો ખોરાક છે.
>
> હમેશનું ધોરણ છોડીને મૌલાના શૌકતઅલી, ડૉ. કીચલુ, મૌલવી નિસાર અહમદ અને પીર ગુલામ મુજાદીદને જેલમાં આરોપીઓ માટે ચાલતા સામાન્ય નિયમ પ્રમાણે તેમનાં શરીરની ઝડતી લેવા દેવાનું કહેવામાં આવ્યું. આ તપાસ માટે કેદીઓને એક ઢીલા લંગોટ સિવાય બાકી બધાં કપડાં ઉતરાવી તદ્દન નાગા કરવામાં આવે છે. એ સ્થિતિમાં તેમણે કોઈ ઠેકાણે કંઈ સંતાડી રાખેલું હોય તો તે જોવાને તેમના હાથ ઊંચા કરવાનું (બગલ તપાસવા સારુ) અને મોં ખોલવાનું કહેવામાં આવે છે. અત્યાર સુધી તો મૌલાના શૌકતઅલી અને તેમના સાથીઓ આ અપમાનમાંથી બચી ગયા હતા. તા. ૨૮મી ને શનિવારે તેમની ઝડતી લેવા દેવાનું કહેવામાં આવતાં તેમણે તેને તાબે થવા ના પાડી. ૩૦મી ને સોમવારે બળજોરીથી એમનાં શરીરની ઝડતી લેવામાં આવી અને આવી શરમ અને નામોશીને સ્વખુશીથી તાબે થવાની ના પાડયાને સારુ ઉપરના આગેવાનોને એક એક મહિનાની અંધારકોટડીની સજા આપવામાં આવી છે. આ અંધારકોટડીઓમાં કેદીઓને પૂરતું ઓઢવાપાથરવાનું આપવામાં

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૬–૨–૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

૨. અહીં એમાંથી માત્ર ઉતારા જ આપવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

આવતું નથી, અને આપવામાં આવે છે તે પણ ફક્ત રાત્રે. આમ મૌ. શૌકતઅલી અને તેમના સાથીઓને તેમનાં દીની ફરમાનોની વિરુદ્ધ અસ્વચ્છ જમીન પર નમાજ પઢવી પડે છે. મૌલવી નિસાર અહમદ નમાજ પઢતા હતા તે વેળાએ તેમના શરીરનો ઝાડો લેવામાં આવ્યો હતો.

આ વર્તનની સામે મૌ. મહમદઅલીએ વાંધો લીધો છે અને પોતાને પણ એવી જ રીતે રાખવામાં આવે એવી માગણી કરી છે.

જે નિયમોથી ધર્મહાનિ ન થતી હોય અથવા પોતાના સ્વમાનને કે હિંદી તરીકેના અગર તો મનુષ્ય તરીકેના પણ મોભાને વાંધો ન આવતો હોય એવા જેલના સર્વ નિયમોનું પાલન કરવાને આ આગેવાનો તૈયાર છે.

છેક છેલ્લી ઘડી સુધી આગેવાનોએ જેલના અમલદારોને આ બાબત સરકારને પૂછી જોવાનું કહ્યા કર્યું પણ તેમણે તેવું કરી જોવાની ના પાડી.

ઉપરની હકીકત પરથી હરકોઈ સમજી શકે એમ છે કે સારાસાર વિચારનું ધોરણ મેલી દઈ જેલનાં ધારાધોરણોના અક્ષરોનું લક્કડશાઈ પાલન કરાવવાનું ધોરણ પકડવાની સૂચનાઓ છૂટી છે. મૌલાના શૌકતઅલી કે તેમના કોઈ પણ માની સાથીઓને જેલરની સમક્ષ અને એકબીજાની હાજરીમાં લગભગ નાગા ઊભા રહેલા અને પોતાનાં શરીરોનો ઝાડો આપતા કલ્પો. જેલના સામાન્ય નિયમો ફક્ત ગુનામાં રીઢા બનેલા કેદીઓને માટે જ હોય છે, અને એવા કેદીની આવી તપાસ કરવાની જરૂર અને ઉપયોગિતા હું સમજી શકું છું. પણ જે પુરુષો તેમની રાજ્યપ્રકરણી પ્રવૃત્તિને છોડી દઈએ તો શાંત અને નમૂનેદાર શહેરીઓ ગણાય છે અને જેમાંના કેટલાક તો જાહેર જીવનમાં પંકાયેલા છે તેવાઓની પાસે આવા નિયમોનું બળાત્કારે પાલન કરાવવું એ નર્યા ગાંડપણ વિના બીજું શું છે? એવા કેદીઓ પર આવા નિયમોનો અમલ કરવો એ વસ્તુસ્થિતિની ભયાનક ઉપેક્ષા કરીને સંકટ વહોરી લેવા બરોબર છે. સારામાં સારા માણસો પણ જ્યારે જેલમાં હોય ત્યારે અને હાથે કરીને જેલ માગી લીધી હોય ત્યારે તો ખાસ કરીને વ્યવસ્થાના સામાન્ય નિયમોનું અલબત્ત પાલન કરે. જેલના જીવનની અગવડો ભોગવવાની તેમની તૈયારી હોવી જ જોઈએ અને એની સામે ફરિયાદ કરવાનો તેમને હક નથી. તેઓ સ્વેચ્છાપૂર્વક અને સભ્યતાથી જેલના અમલદારોની અદબ ન રાખે તો તે અદબ જાળવવાની તેમને ફરજ પાડવામાં આવે એ સામે પણ વાંધો ન લઈ શકાય. પણ વ્યવસ્થા જ્યારે સ્પષ્ટરૂપે અપમાનનું જ રૂપ લે, જ્યારે અગવડ એ નરી રિબામણ જ થઈ પડે અને માનઅદબને નામે પેટે ચલાવવાના જ હેતુ દીસી આવે ત્યારે એ સાવ નોખી વસ્તુ થઈ પડે. અને તેથી ચાહે બેડીઓ ઘાલવામાં આવે, ચાહે એકાંતવાસ આપવામાં આવે કે ચાહે તો બંદૂકની ગોળીથી ઠાર કરવામાં આવે તો તે સર્વ સહન કરીને પણ અસહકારી કેદીઓએ વ્યવસ્થાને નામે પણ જેલર આગળ નાગા ઊભા રહેવાની, અગવડને નામે ગંધાતાં કપડાં પહેરવાની અગર તો અસ્વચ્છ કે પચાવી ન શકાય એવો ખોરાક લેવાની અથવા તો અદબને નામે જેલના અમલદારો પસાર થતા હોય ત્યારે હથેળીઓ ચત્તી કરવાની કે પગે પડવાની યા તો "સરકાર એક હૈ" કે "સરકાર સલામ"ના પોકાર કરવાની સાફ ના પાડવી જ રહી.

અને જો સરકારે હવે આપણી અગ્નિપરીક્ષા જ આરંભી હોય, આપણને નમાવવા ખાતર આપણને તાવવાની જો આ સરકારની ધારણા હોય તો આપણે એ અપમાનને તાબે થવાનો સભ્યતાપૂર્વક ઇનકાર કરવો જોઈએ અને ઇરાદાપૂર્વક કરવામાં આવતાં એ અપમાનોની સામે

Gandhi Heritage Portal

અડગ રહેવાનું અને તેના બદલામાં શરીરને ચાહે તેવી રિબામણ મળે તોપણ તે બધું સહેવાનું બળ આપવા માટે ઈશ્વર પર આધાર રાખવો જોઈએ. અડગ ટેકીલા અલીભાઈઓ અને તેમના સાથીઓ કરાંચી જેલને વિશુદ્ધ બનાવે. ટેકીલા સિંધી પ્રોફેસર કૃપાલાની બનારસ જેલને પવિત્ર કરે, કેમ કે મને ખબર મળ્યા છે કે પ્રોફેસર કૃપાલાની અને તેમના જે વિદ્યાર્થીઓ બનારસમાં જેલ ભોગવી રહ્યા છે તેમનાથી જેલમાં આણવામાં આવેલા અસહકારીઓ પર જે કહ્યાં ન જાય તેવાં અપમાનોનો વરસાદ વરસાવવામાં આવે છે તે જોયો જતો નથી. સંયુક્ત પ્રાંતમાં જ્યાં રાજદ્વારી કેદીઓને સરસમાં સરસ ઢબે રાખવામાં આવતા કહેવાય છે ત્યાં જ્યારે એક બાજુ આગ્રા લખનૌમાં જેલવાળાઓનું વર્તન સંપૂર્ણ સંતોષકારક છે ત્યારે બીજી બાજુ બનારસમાં અને બીજે એથી ઊલટું જ વર્તન ચાલતું હોય એ સ્થિતિ કલ્પનામાં પણ નથી આવી શકતી. શું આનો એવો અર્થ છે કે સ્થાનિક અમલદારો કોઈનું કહ્યું કાન ધરતા નથી અને મનસ્વી થઈ પડ્યા છે? હિંદુસ્તાનની જેલોમાં ગુનેગારોને શાં શાં અવર્ણનીય દુ:ખો સહેવાં પડતાં હશે તેની કલ્પના આ બનાવો પરથી પ્રજાએ કરવાની છે. આવા જુલમ એકલા રાજદ્વારી કેદીઓ પર જ ગુજારવામાં આવે છે એમ હું માની શકતો નથી. એથી ઊલટું, હું તો એમ માનું છું કે ખરા ગુનેગારો તરફનું સત્તાવાળાઓનું વર્તન તો એથી પણ અનેકગણું બદતર હશે, કારણ કે એ ગુનેગારો જેલમાં સહેજે રાંક બની જાય છે અને બીનજવાબદાર જેલરો અને વૉર્ડરોને તેમના પર જાલિમપણું ગુજારવું મુશ્કેલ રહેતું નથી એટલે તેઓ ગુનેગારની સાથે અધમમાં અધમ વર્તન ચલાવે છે. આપણે અજ્ઞાનમાં કે સ્વાર્થથી અંધ બનીને આટલા દિવસ એક એવા રાજ્યતંત્રને ટેકો આપ્યો છે કે જેના આશ્રય હેઠળ એક મૂઠીભર માણસોએ લાખો મનુષ્યોને ગુલામ બનાવ્યા છે, અને તેથી એ તંત્રમાં કાયદા અને શાંતિના નામ હેઠળ પણ ખરેખર તો એ મૂઠીભર માણસોના સ્વાર્થને સારુ માનવજાતિની સામે જે અનેક કાળાં કૃત્યો કરવામાં આવ્યાં છે, જે કદી પણ પ્રકાશમાં આવવા પામ્યાં નથી અને અસહકરીઓના બલિદાન વિના જે આપણે કોઈ કાળે જાણવા ન પામ્યા હોત, તેને સારૂ આપણે સરજનહાર આગળ જવાબ દેવો પડશે.

કેદીઓનાં જે આ અપમાનો ઇરાદાપૂર્વક થઈ રહ્યાં છે તે જોતાં મૌ. મહમદઅલીને જેલના દાક્તરે ભલામણ કરેલો ખોરાક — જેની જરૂર મૌલાના સાહેબના વ્યાધિને લીધે પડી — પણ ન આપવામાં કરાંચીના અમલદારોએ બતાવેલી હલકાઈ સામે ટીકા કરવામાં કંઈ માલ નથી. હું તા એવી જ આશા રાખી રહ્યો છું કે મૌલાના સાહેબને પનીર કે પૂરતી મગફળી આપવાની ના પાડ્યાની વાત સાચી નહીં હોય અગર તો એને માટે કંઈક વધુ વજૂદવાળું કારણ હશે.

પણ જેલમાંનું વર્તન ગમે તેવું હોય, જેલની બહાર રહેલાઓનો માર્ગ તો સ્પષ્ટ છે. જેલમાં વર્તતા ત્રાસથી ચીડાઈ જઈ અવળું કે ઉતાવળું પગલું કદાપિ ન ભરીએ. જે તંત્ર ધરમૂળમાંથી સડી ગયું છે અને જેણે અંગ્રેજ કે હિંદી સૌ કોઈની માણસાઈ સરખે જ અંશે હરી લીધી છે તે તંત્રની સામે આપણે લડી રહ્યા છીએ. સાચે જ આપણે એક રોગને દફનાવવામાં લાગ્યા છીએ. અંગ્રેજો અથવા હિંદીઓ હેતુપૂર્વક આસુરી વૃત્તિને પોતાનામાં પોષે છે એમ માનવાની હું ના પાડું છું. એથી ઊલટું, મારો એ વિશ્વાસ છે કે પોતે શું કરી રહ્યા છે તેનું તે બિચારાઓને ભાન નથી. એટલું તો ચોક્કસ છે કે પોતે કશું ખોટું કરી રહ્યા છે એમ તેમને લાગતું જ નથી. ઊલટું, આપણામાંના ઘણા જેમ સામાન્ય વ્યવહારમાં અધીરાઈને લીધે એવાં કામો કરી બેસીએ છીએ કે જેનો બચાવ "જરૂરિયાત"ની લૂલી દલીલ વિના બીજી રીતે ન જ થઈ

Gandhi Heritage Portal

શકે, તેમ તેમનામાંના ઘણા પણ જુલમ અને ત્રાસ એ માનુષી વર્તનનો જ એક ભાગ છે એવું જ નિખાલસપણે માનતા હોય એવો પુષ્કળ સંભવ છે.

આ લખ્યા પછી મને વધારે ખબર મળ્યા છે કે અલીભાઈઓએ સ્વખુશીથી શારીરિક જડતીને તાબે થવા ના પાડી હતી તોપણ બળજોરીથી તેમનો ઝાડો લેવામાં આવ્યો અને એમને "એકાંત કોટડી"ની સજા થઈ. વધુ એવા પણ ખબર મળ્યા છે કે સત્તાવાળાઓનું તેમની પ્રત્યેનું વર્તન પણ અસભ્યતાભર્યું હતું. આ બધું સાચું હોય તો મને અત્યંત દુ:ખ થાય. દેશના નામાંકિત શહેરીઓ તરફ સરકાર જેલોમાં પૂરેપૂરી સભ્યતા જાળવશે અને એમની કોઈ પણ પ્રકારે માનહાનિ કરવામાં નહીં આવે એવી આશા રાખવાને કારણ હતું. અલીભાઈઓ પર પડતાં દુ:ખોની બહાર આવેલી વાત સાચી પુરવાર થાય તો પછી સરકાર સામેની પ્રજાકીય ચળવળ પ્રચંડ ઉગ્રતા ધારણ કરે એમાં શી નવાઈ? અને આવું થાય તો એ પરાક્રમનો જશ સરકારનો પોતાનો જ ગણાશે.

પ્રભુ અસહકારીઓની કસોટી પૂરેપૂરી કરવા માગે છે એ સ્પષ્ટ છે. હું જાણું છું કે આ ઉગ્ર અગ્નિપરીક્ષામાંથી પસાર થવા અને તેમાંથી અણીશુદ્ધ બહાર નીકળવા જેટલી નીડરતા અલીભાઈઓમાં છે. કરાંચીના કેદીઓ બધા જ કસાયેલા યોદ્ધાઓ છે અને પોતાની રાંભાળ પોતે લેવા સમર્થ છે. છતાં અલીભાઈઓ, ડૉ. કીચલુ, પીર ગુલામ મુજાદીદ અને તેમના સાથીઓ પર જે અપમાનો વરસી રહેલ છે તેથી પ્રજાને અલબત્ત ઘણું લાગી આવશે. આ બધી નાહકની પજવણી અને ઘોંચપરોણા સામે પણ આપણે સંયમ ટકાવી રાખવો જોઈએ. આપણી અંતિમ મુક્તિ આપણી પ્રતિજ્ઞાને દૃઢતાથી વળગી રહેવામાં રહેલી છે. આપણું અંતર વલોવાતું હોય તો આપણે હજુ પણ વધારે અહિંસામય બનવા મથીએ, સવિનયભંગ પર આપણે આપણી શક્તિઓને વધારે એકાગ્ર કરીએ. સવિનયભંગને જરૂરની શરતો પૂરી કરવામાં આપણે જરા પણ વખત ન ખોઈએ. હિંદુ, મુસલમાન અને બીજી કોમો વચ્ચેની એકતાની ગાંઠ વધારે મજબૂત કરીએ. આપણી પાસે હજુ પણ જે કંઈ પરદેશી કાપડ રહ્યુંસહ્યું હોય તે વાળીચોળીને કાઢી નાખીએ અને હાથે કાંતેલી ખાદી વધારે પ્રમાણમાં પેદા કરવા તત્પર થઈ જઈએ. આપણી પ્રગતિનો આધાર નાહક ધૂંવાંપૂવાં થવા પાછળ એક ક્ષણ પણ બરબાદ કરવામાં નહીં પણ આપણે પોતે જ દોરેલો આપણો કાર્યક્રમ શાંતિથી સંપૂર્ણ કરવા પર જ છે. જેલીઓને પડતાં દુ:ખોનો વલોપાત કરવાનું આપણે છોડી જ દેવું રહ્યું છે. સરકારે કંઈ આપણી સાથે કરાર નથી કર્યો કે જેલોમાં આપણી જોડે અમુક જ ઢબનું વર્તન ચલાવવામાં આવશે. આપણે તો બિનશરતે આપણાં શરીર એને આપવા કાઢ્યાં છે. પ્રભુ આપણને પૂરતું બળ આપે તો પછી તેઓ ભલે સહેજ પણ થથરાટ વગર આપણાં શરીરોને છૂંદીને તેના રાઈ રાઈ જેવડા ટુકડા કરી લે. કોઈ પણ હાલતમાં આપણે ઘેલા બની કે મિજાજ ખોઈ આપણી બાજી હારી ન બેસીએ.

## ખોટા આરોપ

દમનનીતિને ટેકો આપવાની ઉન્માદભરી આતુરતામાં, તે નીતિનો બચાવ કરી રહેલા અધિકારીઓને, આધાર વગરનાં નિવેદનો કરવામાં સંકોચ થતો નથી. મૌલાના અબદુલ બારી મને લખી જણાવે છે કે અસહકારના આંદોલન અંગે ચુસ્તપણે અહિંસાનું પાલન કરવાની રાષ્ટ્રીય પ્રતિજ્ઞા લીધા પછી મેં કદી પણ હિંસાનો વિચાર કર્યો નથી, હિંસાને મંજૂર કરી નથી કે તે માટે ઉશ્કેરણી કરી નથી. મેં અહિંસાની હિમાયત કરી છે અને તેનું પૂરેપૂરું અને અંત:કરણપૂર્વક પાલન કર્યું છે. રજિસ્ટર નહીં થયેલું ઇન્ડિપેન્ડન્ટ પત્ર જણાવે છે :

Gandhi Heritage Portal

મૌલાના અબદુલ બારી હિંસાના પૂજારી છે એવી ઠપકાની દરખાસ્ત દરમ્યાન સર વિલિયમ વિન્સન્ટે કરેલા વિધાનનો તેઓ (મૌલાના સાહેબ) હમદમ દૈનિકમાં લખતાં ઇનકાર કરે છે. છેલ્લા ચાર માસ દરમિયાન એક પણ ભાષણ કર્યું હોવાની પણ તે ના પાડે છે. મુસ્લિમોની એક સભામાં વાંચી સંભળાવવામાં આવેલા તેમના સૌથી છેલ્લા લેખિત ભાષણમાં, તેમણે ખિલાફતના અન્યાયના નિવારણ માટે, મુસ્લિમો માટેના એકમાત્ર ઉપાય તરીકે અહિંસક અસહકારની હિમાયત કરી છે. તેઓ કહે છે : ખિલાફત અને પંજાબના અન્યાય મિટાવવા માટે અને સ્વશાસન ભોગવતા દેશોના બ્રિટિશ રાષ્ટ્રસમૂહમાં હિંદુસ્તાનને સ્વતંત્ર ભાગીદાર બનાવવા માટે બ્રિટિશ સરકારને છેવટે કૉંગ્રેસ અને ખિલાફતનો અહિંસક કાર્યક્રમ જ ફરજ પાડશે એ વિષે મેં આશા ગુમાવી નથી.

પોતાની સામે મૂકવામાં આવેલા આરોપ વિષે પંડિત જવાહરલાલ નેહરુ નીચે મુજબ લખે છે :

૨૩મી જાન્યુઆરીએ યુક્ત પ્રાંતની ધારાસભામાં યુક્ત પ્રાંતની સરકારના નાણામંત્રી સર લ્યુડોવિક પોર્ટરે તેમના ભાષણમાં નીચેની ટીકા કરી હોવાના સમાચાર મળ્યા છે :

"હું શ્રી જવાહરલાલ નેહરુનો ઉલ્લેખ કરું છું. પ્રાંતના પશ્ચિમ ભાગમાં ક્યાંક તેમણે આપેલું ભાષણ એ તેમનો છેલ્લો પ્રયાસ હતો. આ ભાષણમાં તેમણે રાજદ્રોહની કલમનો અર્થાત્ કાયદેસર સ્થપાયેલી સરકારની સામે બેદિલી ફેલાવવાને લગતી કલમનો તથા નામ. સમ્રાટની રૈયતના વિવિધ વર્ગો વચ્ચે વૈમનસ્ય જગાવવાને લગતી કલમનો શબ્દેશબ્દ ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે મારા જીવનનો હેતુ રાજદ્રોહ અને બેદિલી ફેલાવવાનો છે."

આ ખોટું છે. કોઈ પણ પ્રસંગે કે કોઈ પણ ભાષણમાં મેં રાજદ્રોહની કલમનો કે ફોજદારી ધારાની બીજી કોઈ કલમનો શબ્દેશબ્દ કે બીજી કોઈ રીતે ઉલ્લેખ કર્યો નથી. હું મારી સાથે ફોજદારી ધારાની નકલ લઈને ફરતો નથી અને તેની કોઈ પણ કલમ ગોખી જવાનું મને ઉપયોગી લાગ્યું નથી. છતાં મેં એક કરતાં વધારે પ્રસંગો પર કહ્યું છે કે દરેક હિંદીની માફક મારો વ્યવસાય પણ હિંદુસ્તાનમાંની અત્યારની સરકાર સામે બેદિલી ફેલાવવાનો છે. આમ હું ફોજદારી ધારાની ૧૨૪અ કલમનો એકધારો ભંગ કરી રહ્યો હતો. "નામ. સમ્રાટની રૈયતના વિવિધ વર્ગો વચ્ચે વૈમનસ્ય ફેલાવવાની" મારી ઇચ્છા છે એવું લોકો માનતા થાય એવું મેં કદી પણ કહ્યું નથી એવો મને વિશ્વાસ છે. જ્યારે જ્યારે પ્રસંગ સાંપડ્યો છે ત્યારે ત્યારે મેં મારી પૂરેપૂરી શક્તિથી આનાથી તદ્દન ઊલટું જ કરવાનો પ્રયત્ન કર્યો છે. અને ખરેખર જો એમ ન હોય તો હું એક ખરાબ અસહકારી ઠરું અને જગતને પ્રેમ અને સત્યની અજેય શક્તિ નવેસરથી દેખાડવાનું જેમનું જીવન-ધ્યેય છે એવા મહાન નેતાનો નમ્ર અનુયાયી હોવાને તદ્દન નાલાયક નીવડું.

બે માનનીય જાહેર પુરુષોની બદનક્ષી કરનાર આ અધિકારીઓની સમજમાં કદી એટલી વાત પણ આવી નથી કે તેમણે હિંસાની હિમાયત કરી હોય કે તેને ટેકો આપ્યો હોય તો તેમની સામેના આરોપોને તેમણે વાંધો ન લઈ શકાય તેવા પુરાવા વડે પૂરેપૂરા સાબિત કરવા જોઈએ. સર વિલિયમ વિન્સન્ટ મૌલાના બારીની, અને સર લ્યુડોવિક પોર્ટર પંડિત જવાહરલાલની માફી માગશે?

Gandhi Heritage Portal

### રમૂજી ભૂલ

રોહતકના લાલા શ્યામલાલ સિવાયના બીજા કોઈ શ્યામલાલને હું જાણતો નથી. તેથી મેં એક ગંભીર ભૂલ કરી નાખી છે. હિસ્સારના એ જ નામધારી ગૃહસ્થ, કે જે વકીલ પણ છે તેમને બદલે મેં રોહતકના લાલા શ્યામલાલને કરેલાના ધન્યવાદ આપ્યા છે. હિસ્સારના લાલા શ્યામલાલની હું ક્ષમા માગું છું. અને રોહતકના લાલા શ્યામલાલે પોતાના પત્રમાં જે કહ્યું છે કે તેમને વિષે મેં જે પ્રશંસાના શબ્દો ઉચ્ચાર્યા હતા તે હિસ્સારના મિત્રને "તેથીય વધારે પ્રમાણમાં લાગુ" પડે છે એ વાત હિસ્સારના આ મિત્રને માટે હું સ્વીકારું છું. રોહતકના લાલા શ્યામલાલ જણાવે છે :

> તેમનું દૃષ્ટાંત પ્રેરણાત્મક છે. તેમની ધરપકડ બાદ તરત જ તેમનાં ઉમદા પત્નીએ કામમાં ઝંપલાવ્યું છે અને આથી હિસ્સાર જિલ્લામાં કૉંગ્રેસની પ્રવૃત્તિને ઘણો વેગ મળ્યો છે.

### સવિનયભંગ અંગે સાવધાની

પોતાના જ જિલ્લા વિષે લખતાં લાલા શ્યામલાલ જણાવે છે :

> શાંતિનો ભંગ થવાનો ભય ન જણાય ત્યાં સુધી અહીંના જિલ્લા મૅજિસ્ટ્રેટ ધરપકડ કરવામાં માનતા નથી. પરિણામે અમારા સ્વયંસેવકોને પોતપોતાની રીતે કામ કરવાની છૂટ મળી છે. કોઈ પરદેશી કાપડની આયાત કરવામાં આવી નથી. દારૂનો કોઈ કૉન્ટ્રૅક્ટ કરવામાં આવ્યો નથી.

પછી લાલા શ્યામલાલ પૂછે છે કે જે જિલ્લાઓમાં ધરપકડ કરવામાં આવી ન હોય ત્યાં લોકોએ ગમે તેવા રસ્તા લઈ ધરપકડ વહોરવી જોઈએ? મને લાગે છે કે આગલા અંકોમાં મેં આ અંગેની પરિસ્થિતિની પૂરી ચોખવટ કરી છે. આપણા સામાન્ય કર્તવ્યપાલન દરમ્યાન આપણે ગિરફતારી ટાળવા કશું જ ન કરીએ છતાં ધરપકડ કરવાની ફરજ પાડવા માટે આપણે આપણી સામાન્ય મર્યાદાની બહાર ન જવું જોઈએ. એમ કરીએ તો તે આક્રમણાત્મક અથવા ગુનાહિત સવિનયભંગ થયો કહેવાય. ગુનાહિત સવિનયભંગનો તો પ્રશ્ન જ નથી. જરૂર પડયે અને આપણે સંપૂર્ણ રીતે તૈયાર હોઈએ ત્યારે, આક્રમણાત્મક સવિનયભંગ અમલમાં મૂકવાનો આપણને અધિકાર છે અને આપણે તૈયાર હોઈએ અને સંજોગો અનુસાર જરૂરી હોય તો તેનો અમલ કરવો એ આપણું કર્તવ્ય પણ છે. પરંતુ સામુદાયિક હોય કે વ્યક્તિગત, આક્રમણાત્મક સવિનયભંગ બધાં શાંતિપૂર્ણ શસ્ત્રોમાં ખૂબ જ અસરકારક છે. અને તેમ છતાં તે એક સૌથી વધારે જોખમભરેલું શસ્ત્ર છે. એકંદરે દેશ આ પ્રકારની સ્વાધીનતાનો દાવો કરવા તૈયાર નથી એની મને ખાતરી થયેલી છે. આપણે હજુ વધુ ભારે અને કડક શિસ્તમાંથી પસાર થવાનું છે. કાયદા અને શિસ્તનું પાલન આપણને અણગમતું અને ધૃણાસ્પદ પણ લાગતું હોય તેમ છતાં તેના ચોક્કસ મૂલ્યને, હું તો લગભગ કહેવા જતો હતો કે આધ્યાત્મિક મૂલ્યને આપણે સમજી લેવાનું છે. આત્મનિર્ણય માટેનો સવિનયભંગ એક એવો અધિકાર છે જે, આપણે કઠિન તપસ્યામાંથી પસાર થઈએ ત્યાર પછી જ મળે છે, અને એવી કઠિન તપસ્યામાંથી હજુ સુધી આપણે પસાર થયા નથી તેથી આત્મનિર્ણય માટેનો આવો સવિનયભંગ જો સમય પહેલાં શરૂ કરવામાં આવે તો તે આપણે માટે એક અપેક્ષા બહારની બિનજરૂરી કટોકટી લાવે છે. તેને આપણે ધ્યાન બેસે એવા હરેક ઉપાયથી નિવારવી જોઈએ. એટલે હું પોતે જે અખતરો કરવા માગું છું તેનું પરિણામ આવે તેની કાંઈ નહીં તો આપણે રાહ તો જોવી જ જોઈએ. એ નવી વસ્તુ

Gandhi Heritage Portal

છે અને ખરેખર આપણે માટે એ પ્રયોગ નિહાળવામાં ભારે ડહાપણ રહેલું છે. જો હિંદુસ્તાનના બીજા કોઈ પણ ભાગમાં વ્યક્તિગત કે સામુદાયિક આક્રમણાત્મક સવિનયભંગ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે તો તે મારે માટે મૂંઝવણ ઊભી કરશે અને દેશના ધ્યેયને હાનિ પહોંચાડશે. હું બધા જ અસહકારીઓનું ધ્યાન કારોબારી સમિતિના એ ઠરાવ પ્રત્યે દોરું છું કે જે બધી કૉંગ્રેસ સંસ્થાઓને મારી સ્પષ્ટ સંમતિ વિના આક્રમણાત્મક સવિનયભંગથી દૂર રહેવાની ફરજ પાડે છે. અને મારા ધારવા પ્રમાણે હું કોઈને પણ માટે અપવાદ કરી શકું એમ હોઉં તો તે આંધ્રના ૧૦૦ ગામડાંની તરફેણમાં હશે. છતાં ત્યાં પણ શ્રી કોંડા વેંકટપૈય્યાને ખબર આપી છે કે આક્રમણાત્મક પગલું નિવારી શકાય એમ હોય અને તેમ કરવામાં આવશે તો તે મને ગમશે. અને આવું પગલું પાછું ખેંચાતાં નૈતિક જુસ્સા પર ખરાબ અસર પહોંચશે એમ લાગતું હોય અને માણસના હાથની વાત છે ત્યાં સુધી આંધ્રભરમાં અહિંસાનું પાલન કરવામાં આવશે અને કૉંગ્રેસે સૂચવેલી બીજી શરતોનો કડક રીતે અમલ થશે એવો પૂરો ભરોસો હોય તો જ તેમણે તેનો આશરો લેવો. હિંદુસ્તાનના ઘણા ભાગોમાં હાથે કાંતેલી ખાદી અંગેની શરતનું કડક પાલન કરવામાં આવતું નથી અને આપણે અસ્પૃશ્યતાના રોગથી બધી જગ્યાએ મુક્ત થયા નથી એવો મને વહેમ છે. હિંદુમુસ્લિમ-શીખ-પારસી-ખ્રિસ્તી એકતા, અસ્પૃશ્યતા અને હાથે કાંતેલી ખાદી અંગેની શરતોનું સંપૂર્ણપણે પાલન કરવાની શક્તિ અને તત્પરતાને મુકાબલે જેલ જવાની શક્તિનું મહત્ત્વ ઘણું ઓછું છે એવો મારો અભિપ્રાય છે. આપણે જોઈશું કે આ શરતોના યોગ્ય પાલન વિના જેલ જવાની વાત તો બડાશ હાંકવા જેવી અને નિરર્થક પ્રયાસ કરવા જેવી છે. કારાવાસ વહોરવાનું ખાસ કરીને તો આત્મશુદ્ધિ માટે છે. સરકારની મૂંઝવણ તો ગૌણ વાત છે. સંભવ છે કે કોઈ નિર્દોષ, અજાણી પણ પવિત્ર વ્યક્તિના કારાવાસથી કે દેહાંતદંડથી સરકાર કોઈ પણ રીતે મૂંઝવણમાં તો ન મુકાય, છતાં એવો કારાવાસ એ સરકારનો અંત લાવશે એવી મારી અચળ શ્રદ્ધા છે. એક દીવો પણ ગાઢ અંધકારને દૂર કરે છે. અસહકાર ઍલોપથીની નહીં પણ હોમિયોપથીની સારવાર છે. દરદીને આપવામાં આવતાં ટીપાંનો સ્વાદ તેને જણાતો નથી. કેટલીક વાર તેની શ્રદ્ધા મોળી પડી જાય છે. પરંતુ હોમિયોપથીના દાક્તરનો વિશ્વાસ કરવામાં આવે તો હોમિયોપથીનાં સ્વાદહીન ટીપાં કે નાનાકડી ગોળીઓ, ઍલોપથીની અધોળઅધોળ જેટલી દવા કે ગળે ચોંટે એટલી મોટી ગોળીઓ કરતાં વધારે શક્તિશાળી હોય છે. વાચકને હું ખાતરી આપું છું કે આત્મશુદ્ધિ કરનારા અસહકારની અસર હોમિયોપથીની દવા કરતાં વધારે ચોક્કસ છે. તેથી અસહકારીઓ સવિનયભંગની સઘળી શરતોના યોગ્ય પાલનનો આગ્રહ રાખે એમ હું જરૂર ઇચ્છું. કોઈ માણસ વકીલ, ખિતાબધારી, ધારાસભ્ય પણ હોય અને છતાં તે સવિનયભંગ માટે યોગ્ય લાયકાત ધરાવે છે. શરત એટલી કે તે વિચાર, વાણી અને વર્તનમાં નિખાલસભાવે અહિંસક હોય, પવિત્ર ફરજ તરીકે હાથે કાંતેલી ખાદી પહેરતો હોય, અસ્પૃશ્યતાને અસહ્ય અનિષ્ટ તરીકે ગણી તેથી દૂર રહેતો હોય અને સ્વરાજના હિતમાં અને તેને હાંસલ કરવા તેમ જ તેને ટકાવવા માટે હિંદુસ્તાનની સૌ જાતિઓ અને તેના સૌ વર્ગો વચ્ચેની એકતામાં શ્રદ્ધા ધરાવતો હોય.

### આક્રમણાત્મક વિ૦ સંરક્ષણાત્મક

આક્રમણાત્મક અને સંરક્ષણાત્મક સવિનયભંગ વચ્ચેનો ભેદ સમજવો હવે જરૂરી છે. આક્રમણાત્મક સવિનયભંગ ઉગ્ર અથવા સરકારને નુકસાન કરે એવો અહિંસક છે અને તે રાજ્યના એવા કાયદાઓનો હેતુપૂર્વકનો ભંગ છે જેમાં નૈતિક અધમતા સમાયેલી નથી અને જે રાજ્ય સામેના

Gandhi Heritage Portal

બંડના પ્રતીક તરીકે કરવામાં આવતો હોય છે. આમ, મહેસૂલને લગતા કે રાજ્યની સગવડ માટેના અંગત વર્તણૂકને લગતા કાયદાઓ કોઈ હાડમારી ઊભી કરતા નથી કે તેમાં ફેરફાર કરવાની કાંઈ જરૂર નથી, છતાં તે કાયદાનો ભંગ ઉગ્ર, આક્રમણાત્મક કે સરકારને નુકસાન કરે એવો સવિનયભંગ થઈ પડશે.

બીજી બાજુ, સંરક્ષણાત્મક સવિનયભંગ ફરજિયાત છે અથવા તે એવા કાયદાઓનો નછૂટકાનો સવિનયભંગ છે કે જે મૂળમાં જ ખરાબ છે અને જેમનું પાલન સ્વમાન અથવા માનવગૌરવ સાથે અસંગત છે. એ રીતે મનાઈહુકમો હોવા છતાં શાંત હેતુસર સ્વયંસેવકદળોની રચના કરવી, તેવા જ હેતુસર જાહેર સભાઓ ભરવી, હિંસાની વિચારણા કે ઉશ્કેરણી ન કરતા હોય તેવા લેખો પ્રગટ કરવા એ સંરક્ષણાત્મક સવિનયભંગ છે. ઉપર દર્શાવેલી શરતોનું પાલન આક્રમણાત્મક સવિનયભંગ માટે જેટલું જરૂરી છે તેટલું જ સંરક્ષણાત્મક ભંગ માટે પણ જરૂરી છે.

## યોગ્ય ઠપકો

તાંજોરના શ્રી પી. વી. હનુમંતરાવે માફી માગી છે અને છૂટવા માટે સરકારને વિનંતી કરી છે એવા સમાચાર મળ્યા છે. એક અસહકારીએ તેનામાં મૂકેલા વિશ્વાસનો ભંગ કર્યો હોવાથી મદ્રાસની સરકારે જામીનગીરીની માગણી કરી છે તે યોગ્ય જ છે. મદ્રાસ સરકાર કહે છે કે શ્રી સુબ્રહ્મણ્ય શિવ નામના જે એક કેદી બીમાર હતા અને જેમણે પોતાને છોડી મૂકવાની વિનંતી કરી હતી, તેમણે થોડો સમય રાજકારણમાં ભાગ નહીં લેવાનું સ્વીકાર્યું હતું, પરંતુ તે હવે ફરી બેઠા છે અને માફી માગી હોવાનો ઇનકાર કરે છે. શ્રી સુબ્રહ્મણ્ય શિવ એક જાણીતા કાર્યકર છે. મને આશા છે કે એક સંપૂર્ણ નિવેદન કરીને તેઓ પોતાને વિષે ચોખવટ કરશે અને નબળાઈની ક્ષણમાં માફી માગી હોય તો શ્રી યાકુબ હસનની માફક, એક મરદની માફક એકરાર કરવાની હિંમત બતાવશે. સૌ જાણે છે કે તેઓ એક ખરાબ બીમારી ભોગવી રહ્યા છે અને સંજોગવશાત્ તેમણે ક્ષમા માગી હશે તો પ્રજા તેમની નબળાઈ જરૂર દરગુજર કરશે. અને એક વર્ષ સુધી રાજકારણમાં ભાગ નહીં લેવાનું તેમણે વચન આપ્યું હોય તો આ વચનનું પણ તેમણે પાલન કરવું ઘટે. અસહકારીઓને નિર્બળ બનવું પાલવે નહીં. તેઓ પોતાની નબળાઈ છુપાવી ન શકે. સૌથી વિશેષ તો તેમણે અણીશુદ્ધ રીતે પ્રામાણિક બનવું જોઈએ. તેમણે તેમનાં તમામ વચનો, નબળાઈની ક્ષણમાં આપ્યાં હોય તોપણ, તેના પાલનમાં કોઈ અનીતિ ન થતી હોય તો પાળવાં જોઈએ.

## ખ્રિસ્તી મંડળોમાં

હિંદુસ્તાન શસ્ત્રોનો ઉપયોગ કરવા તૈયાર હોત તો મેં જરૂર શસ્ત્રોનો ઉપયોગ કરવાનો આશરો લીધો હોત અને તે માટે સલાહ આપી હોત, એવું મેં કોઈ ખાનગી વાતચીતમાં કહ્યું હોવાની વાતો ખ્રિસ્તીમંડળોમાં ચાલતી હોવાનું મારા સાંભળવામાં આવ્યું છે. મેં ભોળાભાવે એવી આશા રાખી હતી કે હિંદુસ્તાનમાં મારે વિષે આવી વસ્તુ કદી કહેવામાં કે માનવામાં નહીં આવે. મારા ખ્રિસ્તી તેમ જ બીજા વાચકોને હું ખાતરી આપું છું કે મેં કદી આવું કોઈ વિધાન કોઈની પણ સમક્ષ કર્યું નથી. તેથી ઊલટું, ચાળીસ વર્ષથીયે વધારે સમયથી અનિષ્ટનો પ્રતિકાર ન કરવાના અને સામો બદલો નહીં લેવાના સિદ્ધાંતમાં હું સમજપૂર્વક શ્રદ્ધા ધરાવી રહ્યો છું અને તેનું પાલન કરી રહ્યો છું. મારા જાહેર જીવનમાં એક કરતાં વધારે એવા દાખલાઓ બન્યા છે જ્યારે બદલો લેવાની શક્તિ હોવા છતાં, તેમ કરવાથી હું દૂર રહ્યો છું અને દૂર

Gandhi Heritage Portal

રહેવાની મેં મિત્રોને સલાહ આપી છે. આ સિદ્ધાંતના પ્રચાર માટે મેં મારું જીવન સમર્પી દીધું છે. જરથુષ્ટ્ર, મહાવીર, ડૅનિયલ, ઈશુ, મહમદ, નાનક અને દુનિયાના બીજા અનેક મહાનમાં મહાન ગુરુઓના ઉપદેશમાં મેં એ સિદ્ધાંત વાંચ્યો છે. ખરેખર, દાંતનો બદલો દાંતથી લેવાનું મુસાએ પોતાના અનુયાયીઓ માટે ફરજિયાત બનાવ્યું હતું એ અર્થમાં વેરના સિદ્ધાંતનું તેમના પર આરોપણ કરીને આપણે તેમને ન્યાય કરીએ છીએ એ વિષે મને શંકા છે. આવો વિચાર કરવા પાછળ મારી ઇચ્છા પણ ભાગ ભજવી રહી હોય. પરંતુ હું જરૂર માનું છું કે જે જમાનામાં લોકોની દુશ્મનના લોહી માટેની તરસ પર કોઈ અંકુશ નહોતો તે જમાનામાં, મુસાએ વેરનો બદલો વેરના જેટલો જ લેવાની, તેથી વિશેષ ન લેવાની વાડ બાંધી હતી. પરંતુ મારે વાચકને ધાર્મિક વિવાદમાં ન ખેંચવો જોઈએ. એક બાજુથી અહિંસા મારી આજની અને હમેશની નિષ્ઠા બની છે અને ઈશ્વર પાસે હું માગું છું કે બધા પ્રસંગોમાં એ મારી અંતિમ નિષ્ઠા બની રહે. આમ છતાં એવા હજારો અસહકારીઓ પણ છે, જેમને માટે અહિંસા એક યુક્તિ અથવા નીતિ છે અને તેનું બંધન તેમણે હમેશને માટે અને બધા સંજોગોમાં સ્વીકાર્યું નથી. તેઓ માને છે કે અત્યારે હિંદુસ્તાનની જે સ્થિતિ છે તેમાં, સ્વતંત્રતા પાછી મેળવવા માટે અહિંસા સિવાય બીજો કોઈ આરો નથી. તેની પાસે શસ્ત્રો નથી કે શસ્ત્રોની તાલીમ નથી એટલા ખાતર જ તેઓ આવું માને છે એવું નથી, પરંતુ અનેક સંપ્રદાયો અને જાતિઓવાળા આ દેશનાં સંતાનો હરેક પ્રસંગે યુદ્ધદેવતાનું આવાહન કરે તો તેની પાસે સતત આંતરકલહ વિના બીજું કંઈ જ બાકી ન રહે એ કારણે પણ તેઓ આમ માને છે. આપણે પહેલવહેલો અહિંસાનો સિદ્ધાંત અપનાવ્યો ત્યારે તેમાં આપણે જે કંઈ જોતા હતા તેના કરતાં અત્યારે આપણામાંના ઉત્તમ લોકો તેમાં કંઈક વધારે ખૂબી જોવા લાગ્યા છે.

આ અંગે જ્ઞાનોદયમાંના એક ફકરા તરફ મારું ધ્યાન દોરવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે સાધુ સુંદરસિંગે “શ્રી ગાંધીની રીત હિંદુસ્તાનને વિનાશ અને નિરર્થક યાતના તરફ લઈ જશે એવું તેમને સ્પષ્ટ શબ્દોમાં કહીને એ રીત પ્રત્યે પોતાનો ઊંડો વિરોધ દર્શાવ્યો છે.” આ વિવાદમાં સાધુના નામને ઘસડવામાં આવ્યું છે તેથી મને દિલગીરી થાય છે. પરંતુ તેમનું નામ લેવામાં આવ્યું જ છે તો એ સાધુને અને ધ્યેયને ન્યાય આપવા ખાતર મારે કહેવું જોઈએ કે મને સ્મરણ છે ત્યાં સુધી, સ્પષ્ટ શબ્દોમાં તેમણે મારી રીતને નામંજૂર નથી કરી એટલું જ નહીં પરંતુ તેને સંપૂર્ણપણે મંજૂર કરી છે અને એ વાત સ્વીકારી છે કે હિંદુસ્તાન સમક્ષ તે સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. અમારી વચ્ચે સંપૂર્ણ એકરાગ હતો. સાધુને કેટલીક બાબતો વિષે સીધી માહિતી ન હોવાથી તે સમજવા માટે તેઓ ખાસ આવ્યા હતા. દાખલા તરીકે, હિંદુમુસ્લિમ મિત્રાચારીનો શો અર્થ થાય, લઘુમતીઓનું સ્થાન ક્યાં અને લડત છેવટ સુધી અહિંસક રહેશે કે નહીં તે તેઓ જાણતા ન હતા. આ બધી ઉપરાંત બીજી બાબતો વિષે અમારે લંબાણથી ચર્ચાઓ થઈ અને તેમની જોડેની વાતચીતની મારા પર એવી છાપ પડી કે કોઈ પણ ધાર્મિક વ્યક્તિ માટે બીજો કોઈ માર્ગ રહ્યો નથી. લોકો છેવટ સુધી અહિંસા જાળવશે કે નહીં એ વિષે બેશક મોટામાં મોટી મુશ્કેલી છે. માણસો માટે કશું પણ શક્ય નથી, ઈશ્વર માટે કશું પણ અશક્ય નથી. અમારી વાતચીતનો કંઈ પણ ઉલ્લેખ મારે કરવો ન પડ્યો હોત તો મને ગમત. પરંતુ જે મિત્રોએ મારું આ બાબત તરફ ધ્યાન દોર્યું છે તેઓ કહે છે કે સાધુ સુંદરસિંગ નાજુક પરિસ્થિતિમાં છે અને જે ફકરાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો હિંદી ખ્રિસ્તીઓને લડતથી દૂર કરવા માટે ગેરલાભ ઉઠાવવામાં આવે છે. લડતે તો એના પોતાના ગુણદોષ પર ટકવાનું છે

Gandhi Heritage Portal

અથવા નિષ્ફળ જવાનું છે. તેની હિમાયત કરનારા તેમનામાં મૂકવામાં આવેલા વિશ્વાસનો ભંગ કરે તો તેને કોઈ પણ પ્રમાણપત્ર બચાવી ન શકે. તેની હિમાયત કરનારા છેવટ સુધી તેને વફાદાર રહે તો તેની ગમે તેટલી નિંદા કરવામાં આવે તોપણ તેને કંઈ પણ આંચ ન આવે. પરંતુ મને લાગ્યું કે સાધુ સુંદરસિંગના વિચારો વિષે હું જે કંઈ જાણતો હોઉં તે મારે લોકોથી છુપાવવું ન જોઈએ.

### નવા યુગનો અરુણોદય થઈ રહ્યો છે?

આ સવાલનો મિ. પિયર્સને પોતાના લેખમાં હકારમાં જવાબ આપ્યો છે, અને એનો પહેલો ભાગ હું આ અંકમાં પ્રગટ કરી રહ્યો છું. કેટલાક લોકો એ લેખને વધારેપડતો આશાજનક ગણે એવો સંભવ છે. નિરાશ થવા કરતાં આશાવાદી થવું વધારે સારું છે. નવી ભાવના અને નવી આશાના પ્રતીક સમા એશિયાના કવિનો[1] યુરોપ અને અમેરિકામાં જે સત્કાર થયો, તે જ નવા યુગના અરુણોદય થવાનો ઉત્તમ પુરાવો છે. તેમનો આદર તેમના કુળને લીધે કે વિદ્વત્તાને લીધે પણ નથી કરવામાં આવ્યો. તેઓ જે નવા સંદેશાનું સમર્થન કરે છે તેને લીધે તેમનો આદર કરવામાં આવ્યો છે. બ્રિટન જે દુષ્ટ ભાવનાવાળા સામ્રાજ્યવાદ માટે ખડું છે તે સામ્રાજ્ય સંપૂર્ણપણે તૂટી જાય તે પહેલાં આ અરુણોદય થશે એવી આશા રાખવી લગભગ વધારેપડતી દેખાય છે. નવો યુગ આવે તે અગાઉ બ્રિટને સામ્રાજ્ય તરીકે મટી જવું જોઈએ અને ખરેખરું "કૉમનવેલ્થ" બનવું જોઈએ અથવા નષ્ટ થવું જોઈએ. બ્રિટનના કેટલાક ઉત્તમ માણસો ખરા દિલથી જે એમ માને છે કે શાંતિ જાળવનાર તે એક જ સત્તા છે, માત્ર એ જ કારણે આજે તે દુનિયાની શાંતિ માટે ભારેમાં ભારે ભયરૂપ છે. શસ્ત્રબળથી કે ઉપરથી લાદેલી શાંતિ સાચી શાંતિ નથી એ વાત જોવાની તે ના પાડે છે. એટલા માટે ગમે તેમ પણ બ્રિટન તેની નીતિમાં અને તેથી તેના હૃદયમાં પલટો નહીં લાવે તો આ અરુણોદય થતાં પહેલાં ઍંગ્લો-જર્મન યુદ્ધ કરતાંય વધારે ભીષણ યુદ્ધ થશે. બ્રિટનના જરૂરી હૃદયપલટા માટે આપણે પ્રાર્થના કરીએ તેમ જ કાર્ય કરીએ.

### પ્રસિદ્ધ ન થઈ શકે એટલું બધું પવિત્ર

એવી કેટલીક વસ્તુઓ છે કે જે, ખાનગી હોવાને કારણે નહીં પણ ખૂબ જ પવિત્ર હોવાને કારણે પ્રસિદ્ધ ન કરવી જોઈએ. કેટલીક વાર પ્રસિદ્ધ થયેલી વસ્તુ હેવાલની ચોકસાઈ છતાં બોલવામાં આવી હોય તેના કરતાં જુદી જ છાપ પાડે છે. પૂરી મજાકમાં કે ભવાં ચડાવીને કોઈ નાના બાળકને હું શેતાન કહું ત્યારે, મેં શા માટે અને કેવી રીતે કોઈને શેતાન કહ્યો તેની લાંબી સમજૂતી આપ્યા વિના મેં કોઈને શેતાન કહ્યો એવો હેવાલ પ્રગટ કરવામાં આવે તે ન ચાલે. આ માસની બીજી તારીખના बॉम्बे क्रॉनिकलમાં પ્રગટ થયેલા, સત્યાગ્રહ આશ્રમની એક વાતચીત અને પ્રવચનના હેવાલ દ્વારા એક મિત્ર જેવા વૃત્તાન્તનિવેદકે કાંઈક આવી જ કુસેવા કરી છે.[2]

૧. રવીન્દ્રનાથ ટાગોર.

૨. हिन्दु, ૨-૨-૧૯૨૨ના અંકમાં પ્રગટ થયા મુજબ વાતચીત આ પ્રમાણે છે: "આગલી રાતે મહાત્માજીએ જૂના અંતેવાસીઓને પોતાની આજુબાજુ એકઠા કર્યા અને આશ્રમ વિષે તેમનો અભિપ્રાય પૂછ્યો. કેટલાકને આશ્રમના નિયમો કડક લાગ્યા, જ્યારે બીજાઓને લાગ્યું કે નિયમો વધારે કડક હોવા જોઈએ. બાદ ગૂજરાત મહાવિદ્યાલયના હિંદીના શિક્ષક જેઓ પહેલાં શાંતિનિકેતનમાં હતા તેમણે કહ્યું, અમને યુ. પી.વાળાઓને સાંજનો ખોરાક અને સવારના ચાર વાગ્યે ઊઠી જવાનું ગમતું નથી. ખરું પૂછો તો મારે માટે તો એ તદ્દન અશક્ય છે. બાપુજી હસ્યા અને બોલ્યા: 'ધ્યાનમાં રાખો કે તમારું શાંતિનિકેતન ભૌતિક પ્રગતિ માટે છે, જ્યારે આશ્રમનું અસ્તિત્વ કેવળ આધ્યાત્મિક પ્રગતિ માટે છે. તમે

Gandhi Heritage Portal

આવી બાબતોનો હેવાલ પ્રગટ થાય તે મને ગમતું નથી. ઝડપથી થતી વાતચીતમાં ઘણું માની લેવામાં આવે છે. પુષ્કળ પ્રમાણમાં પાદટીપ આપ્યા વિના આવી વાતચીતનો ચોક્કસ હેવાલ આપવો અશક્ય છે. દાખલા તરીકે શાંતિનિકેતન ભૌતિક પ્રગતિ માટે છે અને સત્યાગ્રહ આશ્રમનું અસ્તિત્વ એકમાત્ર આધ્યાત્મિક પ્રગતિ માટે છે એવું મેં કહ્યાનો હેવાલ પ્રગટ થયો છે. કવિવર આ જોશે ત્યારે હું શાંતિનિકેતન વિષે આવું કહી જ ન શકું, એવો મારો આશય હોઈ ન શકે એવો ખ્યાલ કરીને તેઓ કાં તો હસશે અથવા શાંતિનિકેતનની આધ્યાત્મિકતા ન જોવા જેટલો હું પણ સાવ ભોટ કે અરસિક છું એવું માનીને તેઓ ગુસ્સે થશે અને નિરાશ થશે. મને ખાતરી છે કે હેવાલમાં પ્રગટ થયેલી માન્યતા હું ધરાવી શકું એમ માની લઈને કવિવર મને અન્યાય નહીં કરે. મેં ખરેખર કહ્યું જ હતું તેમ હું કવિવરને કહી શકું ખરો કે શાંતિનિકેતનમાં શિસ્તનો અભાવ છે. આ વાત પર તેઓ હસી પડ્યા હતા અને મારી ટીકાનું સમર્થન પણ કર્યું હતું અને એમ કહીને તેને વાજબી ઠરાવી હતી કે "હું કવિ છું અને શાંતિનિકેતન મારી મોજ માટે છે. હું તો કેવળ ગાઈ શકું અને બીજાને ગવડાવી શકું. આપને ગમે તે બધી જ શિસ્ત દાખલ કરવાને આપ મુક્ત છો પરંતુ હું તો માત્ર એક કવિ છું." વાચક જાણી લે કે હું અનેક વાર શાંતિનિકેતનમાં રહ્યો છું. તેને મારું વિશ્રામસ્થાન ગણવાની મને છૂટ છે. હું ઈંગ્લંડમાં હતો[૧] ત્યારે મારા છોકરાઓને ત્યાં અને [કાંગડી] ગુરુકુળમાં આશ્રય મળ્યો હતો. હિંદી શિક્ષક સાથેની મારી વાતચીત અમે બંને શાંતિનિકેતનના ચાહક છીએ એ પાયા પર થઈ હતી. જ્યાં વિશુદ્ધ આધ્યાત્મિક કાવ્યના પ્રણેતાનું પ્રભાવશાળી વ્યક્તિત્વ હોય એ શાંતિનિકેતન આધ્યાત્મિક નહીં તો બીજું શું હોઈ શકે? જ્યાં દેવેન્દ્રનાથ ટાગોર[૨] રહ્યા તે સ્થાનમાં આધ્યાત્મિકતાનો અભાવ હોય એવું માનવા જેટલો હું ભોટ નથી. યંગ ઇન્ડિયાના વાચકો જાણે છે કે મારા પર સતત નજર રાખી રહેલા અને મારા કાર્યની સફળતા માટે પ્રાર્થના કરી રહેલા બડોદાદાએ મોકલેલી આધ્યાત્મિક પ્રેરણાની હવા હું વખતોવખત શાંતિનિકેતન-માંથી મેળવું છું. શાંતિનિકેતનના ઘણા શિક્ષકો અને અધ્યાપકોને હું ઘણા ઉચ્ચ કોટિના આધ્યાત્મિક અને સજ્જન માણસો ગણું છું. અને તેમની સાથેના સંબંધને મેં અમૂલો લહાવો ગણ્યો છે. આપણા બધા પ્રાંતોમાં બંગાળને હું સૌથી વધારે આધ્યાત્મિક ગણું છું એ વાત પણ મારે વાચકને જણાવવી જોઈએ. દુર્ભાગ્યે પ્રગટ કરવામાં આવેલી આખી વાતચીત રમૂજમાં થઈ હતી. મેં શાંતિનિકેતનના ચાહકોની વચ્ચે શાંતિનિકેતન કરતાં સત્યાગ્રહ આશ્રમ માટે વધારે આધ્યાત્મિકતાનો દાવો કર્યો છે. પરંતુ આવી સ્પર્ધા અને આવા દાવાનો અર્થ શ્રેષ્ઠતા ધારણ કરવી એવો ન કરવો જોઈએ. સત્યાગ્રહ આશ્રમ ને પ્રજા વચ્ચે પડદો રાખવાની મારી ખૂબ જ ઈચ્છા છે. ત્યાં અમે, અમારી પોતાની ક્ષતિઓ જાણનારા, એ ક્ષતિઓને વધારે ને વધારે સમજવાનો પ્રયત્ન કરનારા અને નિઃશંક રીતે સત્યની શોધ કરવાનો ઈરાદો સેવનારા અને તેને માટે જીવવા અને મરવા માગતા નમ્ર, અભણ કાર્યકરોનું એક જૂથ છીએ. એકબીજા

કહો છો કે શાંતિનિકેતનમાં વધારે વ્યક્તિસ્વાતંત્ર્ય છે. પરંતુ હું તેને સ્વાતંત્ર્ય નહીં પણ સ્વચ્છંદ કહું છું. વહેલા ઊઠવું મજાનું છે. દરરોજ સવારની પ્રાર્થના પછી હું નવજીવન અને યંગ ઇન્ડિયા માટે લખું છું. બીજા કોઈ પણ સમય કરતાં સવારે હું ખૂબ સરસ રીતે એકાગ્ર થઈ શકું છું. તમે વહેલા સૂઈ જાઓ તો વહેલા ઊઠવામાં કોઈ મુશ્કેલી નથી. તમે જાણો છો કે દસ વાગે એટલે મારો સૂવાનો સમય થાય છે."

૧. જુઓ પુસ્તક ૧૩, પા. ૧૭.

૨. રવીન્દ્રનાથ ટાગોરના પિતાશ્રી.

Gandhi Heritage Portal

સાથે સંબંધ ધરાવતી છતાં એકરૂપ ન હોય એવી સંસ્થાઓની એકબીજી સાથે સરખામણી કદી ન કરવી જોઈએ. પણ સત્યાગ્રહ આશ્રમમાં આશ્રમના વહેલા ઊઠવાના અને શિસ્તના નિયમો હોવા છતાં, તુલના કરવાની જ હોય તો હું ખરેખર અને પ્રામાણિક ભાવે શાંતિનિકેતનને વડીલબંધુનું સ્થાન આપું. વયમાં તે ઘણું મોટું છે અને હું જાણું છું કે જ્ઞાનમાં પણ તે મોટું છે. પરંતુ અહીં પેલું "પરંતુ" મોજૂદ જ છે. ગુજરાતમાં આવેલી નાનકડી જગ્યા દોડમાં ઊતરી છે તેનાથી શાંતિનિકેતનના આશ્રમવાસીઓએ અવશ્ય સાવચેત રહેવું જોઈએ.

એક ક્ષતિ સુધારવાની દૃષ્ટિએ શાંતિનિકેતન વિષે આટલું બધું કહ્યા પછી સવારના પ્રવચનનો[૧] મારો તરજુમો આપવા માટે નથી મારી પાસે સમય કે સ્થાન. તેમ એને માટે મારે કોઈ પ્રયત્ન પણ ન કરવો જોઈએ. મારા આત્માના છેક ઊંડાણમાંથી એ નીકળ્યું હતું. તે જ જુસ્સાથી હું પોતે તેનો હેવાલ ન આપી શકું. એક બહેનને એક જ વાકયમાં તે આપતી મેં સાંભળી. તે ખૂબ જ સાચો હતો. પેલા અજાણ્યા મિત્રે તેનો હેવાલ આપવાનો કદી વિચાર ન કર્યો હોત તો કેવું સારું! એમનો હેવાલ તેના ખરા રહસ્યનો બોધ કરાવતો નથી.

## પવિત્ર બનારસમાં

બનારસમાં જે કંઈ ચાલી રહ્યું છે તેનું આબેહૂબ વર્ણન નીચેના તારમાં છે :[૨]

> . . . સ્વયંસેવકોની ભરતી માટેની જાહેરાત વહેંચવા માટે વીસમીએ સ્વયંસેવકોને છ અઠવાડિયાંની સખત કેદની સજા કરવામાં આવી. અત્યાર સુધી સાદી કેદની સજા જેવો વર્તાવ રાખવામાં આવ્યો. બીજી તારીખે મજૂરી લાદવામાં આવી. ઈનકાર કર્યો. એકાંત ખોલીમાં પૂરવામાં આવ્યા, ઉપરાંત અસ્વચ્છ વાતાવરણ છે. ભૂખ્યાતરસ્યા છે. . . આજ ત્રીજીથી કૃપાલાની, બીજાઓ અને સાધારણ કેદીઓ સુધ્ધાં વિરોધી ભૂખહડતાળ પર. . . પરિસ્થિતિ ચિંતાજનક.

## આંધ્રમાં

આંધ્રમાં સવિનયભંગની તૈયારી વિષે શ્રી નરસિંહરાવે તૈયાર કરેલી નોંધ વાંચવી વાચકને માટે લાભદાયી થશે. તેમાં આ માસની બીજી તારીખે દેશભક્ત કોંડા વેંકટપૈય્યાએ લખેલો નીચેનો પત્ર[૩] હું ઉમેરું છું :

## પૂનામાં

શ્રી નૃ. ચિ. કેળકર અને તેમની બહાદુર મંડળી આગળ વધી રહી છે. સરકાર તેમને જેલમાં નહીં પૂરે. હવે તેણે શ્રી કેળકરને પિકેટિંગ કરવા માટે ૫૦ રૂપિયાના દંડની સજા કરી છે. અલબત્ત, આ દંડ આપવાની તેમણે ના પાડી છે. શ્રી કેળકર અને બીજાઓ દંડ થવા છતાં પિકેટિંગ કરવાનું ચાલુ રાખશે તો તેમની માલમિલકત જોખમમાં મુકાશે. હું આશા રાખું છું કે એ બધા આ કસોટીમાં ટકી નીકળશે. રાષ્ટ્રીય ઉદ્ધાર માટે જાન ગુમાવવા જેટલું જ મિલકત ગુમાવવાનું કષ્ટ સહેવું જરૂરી છે.

૧. જુઓ "અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં ભાષણ", ૨૯-૧-૧૯૨૨.

૨. અહીં માત્ર ઉતારા જ આપવામાં આવ્યા છે.

૩. આ પત્ર, જે અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી તેમાં ગંતુર અને નેલોરમાંની અસહકારીઓની પ્રવૃત્તિનું વર્ણન કરવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

### સાબરમતી જેલમાં

જેલનાં પગલાંની પાછળ જાણે કોઈ સંકેત ન હોય તેમ કરાંચી જેલનો પડઘો અત્યારે સાબરમતી જેલમાં પડતો સંભળાય છે. જયરામદાસ [દોલતરામ] અમલદારોએ ઠરાવેલી હીણપત-ભરી રીતે સલામ નહીં કરે અને ઝડતી પણ નહીં લેવા દે. તેથી તેમને એકાંત ખોલીમાં પૂરી દેવામાં આવ્યા છે. તેમનો દીવો અને ચંપલ લઈ લેવામાં આવ્યાં છે. નમતું નહીં આપે તો હજુ પણ તેમને વધુ સજા થશે એમ કહેવામાં આવે છે. તેમને ખડાબેડી પહેરાવી ત્રણ દિવસ ઊભા રાખવામાં આવશે. આ અગાઉ આપણા વડવાઓએ આવી સજા ભોગવી છે. આવી સજા બધા કાળમાં અને અનેક દેશોમાં લોકોએ ભોગવી છે. મને આશા છે કે સત્તાવાળાઓને પડકાર કરનાર કેદીઓને ઈશ્વર શક્તિ આપશે અને મરવું પડે તોપણ તેઓ નમશે નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९–२–१९२२

## ૧૫૦. એક માત્ર મુદ્દો

ઊંડો વિચાર અને પ્રાર્થના કર્યા વિના મેં કંઈ નામ. વાઈસરૉયને પત્ર લખ્યો નહોતો. એમાંના એકેએક શબ્દ પાછળ કાર્ય કરી બતાવવાનો ઈરાદો રહ્યો છે એટલે એ પત્ર ધમકી નથી. એ તો જુલમગારને અશુભમાંથી અટકાવવા માટેની અંતઃકરણની પ્રાર્થના છે. લૉર્ડ રીડિંગ કંઈ જુલમગાર નથી. જે તંત્રના તેઓ અજાણપણે અને લાચારીથી ભોગ બન્યા છે તે તંત્ર જ જુલમગાર ગણાય. પરંતુ દરેક તંત્ર એક વ્યક્તિમાં મૂર્તિમંત થાય છે. આ વિષે લૉર્ડ રીડિંગ ભલે ગમે તેટલા અજાણ્યા હોય છતાં આજે તે તેમનામાં મૂર્તિમંત થયું છે. પરિસ્થિતિનો ગંભીરપણે વિચાર કરવા અને સત્તાવાળાઓની અરાજકતા કોઈ પણ રીતે વાજબી ગણી શકાય કે કેમ એ વાત પોતાની જાતને પૂછવા મેં અત્યંત નમ્રતાપૂર્વક તેમને જણાવ્યું છે. જેને "ઠંડે કલેજે" એવું જૂનું મથાળું આપવામાં આવ્યું છે તે અઠવાડિક સમાલોચના[1] જોઈ જવાની મારી તેમને વિનંતી છે. બધા જ સાક્ષીઓ જૂઠા ન હોય તો તે આખું જ સાચું છે. આવું બધું થવું ઘટે?

પરંતુ સત્તા સામેના પડકાર વિષે શું? સત્તા સામેના (કાંઈ નહીં તો અહિંસક) પડકારનો સામનો શું એ સત્તાનો જંગલી અને દુષ્ટ ઉપયોગ કરીને થવો જોઈએ?

વાઈસરૉય જો આવો અત્યંત સાદો મુદ્દો ન જોઈ શકે કે ન જોવા માગે તો હિંદુસ્તાને શું હાથ જોડીને બેસી રહેવું? સંરક્ષણાત્મક સવિનયભંગ કોઈ પણ ભોગે ચાલુ રહેવો જોઈએ. સમસ્ત હિંદુસ્તાન પણ એમ કહેતું હોય કે પરવાનગી વિના શાંત જાહેરસભાઓ ન ભરવી, પરવાનગી વિના શાંત સ્વયંસેવકદળોની રચના ન કરવી અને પરવાનગી વિના વર્તમાનપત્રો પ્રગટ ન કરવાં તોપણ એવી બંધીનો સ્વીકાર ન કરી શકાય. કારણ કે શ્વાસ લેવા, ભોજન લેવા કે પાણી પીવા માટે બીજાની રજા લેવી જોઈએ એવી અપેક્ષા કોઈ માણસ પાસે રાખી ન શકાય. મેં ગણાવેલી ત્રણ બાબતો, જાહેર જીવનનાં શ્વાસ, ખોરાક અને પાણી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८–२–१९२२

૧. પોલીસે ગુજારેલા અત્યાચારો વિષે જુઓ यंग इन्डिया, ९–२–१९२२ના અંકમાં પ્રગટ થયેલા હેવાલોની સમાલોચના.

Gandhi Heritage Portal

# ૧૫૧. ગૂંચવણમાં

બંગાળ સરકારની અને તે રીતે હિંદુસ્તાન સરકારની પરિસ્થિતિનું વર્ણન કરવા માટે સર હેન્રી વ્હીલરે આપણને એક ચોક્કસ શબ્દપ્રયોગ આપ્યો છે. બધી દમનકારી નોટિસો રદ કરવા અને તે હેઠળ શિક્ષા પામેલા સૌ કેદીઓને છોડી મૂકવા સરકારને જણાવતા ઠરાવ પર બંગાળની ધારાસભામાં ચાલેલી ચર્ચાને તેમણે "નિરર્થક અવાસ્તવિકતા" ગણી છે. તેમના હાથ નીચેના માણસો તેમને કહેવા ઇચ્છે તે સિવાય બંગાળમાં શું બની રહ્યું છે તેની કદાચ તેમને કંઈ જ ખબર ન હોવાથી તેમને માટે આ ચર્ચા "નિરર્થક અવાસ્તવિકતા" હોઈ શકે. વાસ્તવિક પરિસ્થિતિથી જેઓ વાકેફ છે એવા પચાસ ધારાસભ્યોએ સર હેન્રીની વાક્છટાથી દોરવાઈ જવાનો ઇનકાર કર્યો. તેમને માટે તો બંગાળની સરકારે અપનાવેલું વલણ "નિરર્થક અવાસ્તવિકતા" બરાબર હતું. સર હેન્રી વ્હીલરે વર્ણવેલી દેશમાંની અરાજકતા માત્ર તેમના મગજમાં અસ્તિત્વ ધરાવતી હતી. બંગાળની સરકારે લીધેલાં કડક પગલાં તે ખરેખર બનેલા બનાવો માટે જરૂરી હતાં એવો તેમનો અભિપ્રાય નહોતો. ધારાસભ્યો જાણતા હતા કે બંગાળમાં જે કંઈ અરાજકતા હતી તે શિસ્તબદ્ધ, સવિનય, અહિંસક અને સત્તાવાળાઓનાં અવિચારી પગલાંને લીધે જરૂરી બનેલી અરાજકતા હતી. ચિત્તરંજન દાસ, મૌલાના અબુલ કલામ આઝાદ, શ્યામસુંદર ચક્રવર્તી અને હવે પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના વયોવૃદ્ધ પ્રમુખ બાબુ હરદયાળ નાગનો પણ કોઈ તોફાની આશય હતો એવી પ્રતીતિ સર હેન્રી વ્હીલર પોતાના શ્રોતાજનોને કરાવી શકયા નથી. લોકોના આ વિશ્વાસુ નેતાઓની તથા બીજા ઘણા નિર્દોષ કાર્યકરોની ગિરફતારી ધારાસભ્યોના મનમાં તાજી હતી એટલે સર હેન્રી વ્હીલરે કરેલું થથરાવી નાખનારું વર્ણન તેમને ખૂબ જ અવાસ્તવિક લાગ્યું અને ઠરાવને ઉડાડી દેવા માટે તેમને ગભરાવવામાં નિષ્ફળ નીવડયું. સર હેન્રી વ્હીલરે જે અરાજકતા વિષે ફરિયાદ કરી તે વાણીસ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્યના અધિકારોના ઉપયોગ સામેના મનાઈહુકમનો ભંગ કરવાનો આગ્રહ રાખવા ઉપરાંત વિશેષ ન હોવાથી મતસ્વાતંત્ર્ય માટે ધારાસભ્યોએ લીધેલા હિંમતભર્યા વલણ માટે તેમને ધન્યવાદ ઘટે છે.

જાહેર સભાઓને બળજબરીથી વિખેરી નાખવી, કૉંગ્રેસ અને ખિલાફતનાં કાગળિયાંની ઝડતી કરી તે જપ્ત કરવાં તથા લોકો પર હુમલા કરવા, આ બધું ધારાસભ્યો માટે એવી ભયંકર વાસ્તવિકતા હતી કે તેમને માટે ઠરાવને ટેકો આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નહોતો. સર હેન્રી વ્હીલરનો સુધારો કોઈ રીતે બિનસમાધાનકારક નહોતો એ વાતની નોંધ લેવી ઘટે. આ બાબતની તપાસ કરવા માટે તેમણે બિનસરકારી માણસોની સમિતિ નીમવા જણાવ્યું હતું, છતાં ધારાસભ્યોએ આ સમાધાન ન સ્વીકાર્યું તે યોગ્ય જ કર્યું છે. તેમણે પ્રત્યક્ષ અનુભવેલા પુરાવા વિષે કોઈ સમિતિ શંકા કરે એ માટે તેઓ તૈયાર નહોતા. બંગાળ સરકાર પોતે હવે ગૂંચવણનો અનુભવ કરતી જ હોવી જોઈએ. તે નિર્દોષ કેદીઓને મુક્ત કરે અને પોતાની કીમતી નોટિસો પાછી ખેંચી લે તો કૉંગ્રેસ અને ખિલાફતની સંસ્થાઓ જરૂર બેવડા જોરથી આગળ વધે. ઠરાવનો અમલ કરવાની તે ના પાડે તો ઘણે મોટે અંશે મૉડરેટોનો ટેકો ગુમાવે. આટલાં બધાં વર્ષો સુધી કર્યું છે તેમ અલબત્ત, તે તેમના ટેકા વિના ચલાવી શકે. પરંતુ તેણે જાણવું જોઈએ કે હિંદુસ્તાન પર નવા યુગનો અરુણોદય થયો છે. લોકો હવે દમનને વશ થાય તેવા રહ્યા નથી. તેમને પોતાની શક્તિનું વધુ ને વધુ ભાન થતું જાય છે. તેઓ યાતનાઓથી

Gandhi Heritage Portal

વધારે ને વધારે ટેવાવા લાગ્યા છે. જે પ્રજા તાકાતવાન હોય અને યાતના સહન કરવાને ખુશી હોય તેને દુનિયાની કોઈ પણ સરકાર દબાવીને વશ કરી ન શકે.

બંગાળ વિષે જે સાચું છે તે બિહાર વિષે પણ સાચું છે. બિહારની ધારાસભા પણ અસંદિગ્ધ શબ્દોમાં બોલી નથી. યુક્ત પ્રાંતની ધારાસભાએ સમાધાનનો સ્વીકાર કર્યો છે પરંતુ ત્યાં પણ ખરેખર સરકારની સ્થિતિ મજબૂત નથી. યંગ इन्डिया નું કદ બેવડું કર્યા છતાં હિંદુસ્તાનના લગભગ એકેએક ભાગમાંથી મળતા ભયંકર દમનના હેવાલો આપવાનું મારે માટે મુશ્કેલ થઈ પડયું છે. હવે કેવળ ધરપકડની વાત રહી નથી. દમનના સમાચારોની પણ શરમજનક અવગણના અને તેટલી જ શરમજનક ગેરરજૂઆત થઈ રહી છે.

સર હેન્રી વ્હીલરે આપણને વળી એક બીજો સરસ શબ્દપ્રયોગ આપ્યો છે. તે છે "શબ્દો અને શબ્દસમૂહોનો અત્યાચાર". "દમન" શબ્દથી તે ગભરાઈ જતા નથી. તેઓ કહે છે કે કાનૂનમાત્ર દમનકારી હોય છે અને લોકોએ આ શબ્દથી ગભરાઈ ન જતાં વાસ્તવિકતા તરફ જોવું જોઈએ. તો આપણે વાસ્તવિકતા તરફ જોઈએ અને "કાયદો અને વ્યવસ્થા" શબ્દો પાછળના અત્યાચાર તપાસી જઈએ. સર હોરમસજી વાડિયાએ માલવિયા પરિષદને બુલંદપણે યાદ કરાવ્યું હતું કે "કાયદો અને વ્યવસ્થા"ના પવિત્ર નામ હેઠળ ફ્રાંસમાં બુર્બોન રાજાઓના સમયમાં અને બીજી જગ્યાએ અનેક કાળાં કૃત્યો કરવામાં આવ્યાં હતાં. આ બે શબ્દોની મોહિનીમાંથી આપણે નીકળી જઈએ તો આપણને જણાશે કે હિંદુસ્તાનના લોકોના જાન અને માલમિલકત "કાયદો અને વ્યવસ્થા"નો વહીવટ કરનારાઓનાં પગલાંથી અસલામત બન્યાં છે. લોકો, ધારાસભ્યો પણ, "શબ્દો અને શબ્દસમૂહોના અત્યાચાર" હેઠળ જીવવાનો અને સરકારના બિલકુલ અવાસ્તવિક વલણથી છેતરાવાનો ઇનકાર કરે એ સમયનાં એંધાણ છે. અસહકાર એ જલદ રસાયણ છે અને આપણે ઝટ જોઈશું કે સરકાર અને લોકો બંનેને આશાજનક વાસ્તવિકતાનો મુકાબલો કરવો પડશે અને આજ સુધી જે નિરર્થક અવાસ્તવિકતાની ભુલભુલામણીમાં તેઓ જીવતાં આવ્યાં હતાં તેમાંથી બહાર આવવું પડશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૨–૧૯૨૨

# ૧૫૨. છાવણીમાં હિંસા

ડૉ. રાજન અને ડૉ. શાસ્ત્રી મદ્રાસના બે ઉત્તમ કાર્યકરો છે. અને હું જરૂર કહીશ કે રાજ્યમાં શરાબખોરી ચાલુ રહે તે માટે જ બીજા બે જણ સાથે તેમને પકડવામાં આવ્યા છે. સુધારેલા ફોજદારી કાયદાનો કે રાજદ્રોહી સભાઓના કાયદાનો આશરો લીધા વિના, કૉંગ્રેસ અને ખિલાફત સંસ્થાઓને તોડી નાખવાની એક પદ્ધતિ મદ્રાસ સરકારે શોધી કાઢી છે. બંગાળ અને યુક્તપ્રાંત કરતાં પણ તે વધારે કામયાબ નીવડશે. દેશમાં ટીકાપાત્ર બનેલા કાયદાનો અમલ કરવાથી થતી નિંદામાંથી તે બચી જશે. સર ત્યાગરાજ ચેટ્ટી બહાદુર પુરુષ છે. અને મને સાંભળવા મળે છે કે મદ્રાસમાં તો લૉર્ડ વિલિંગ્ડન કરતાંયે વિશેષ તો તેઓ જ કોઈ પણ રીતે આ સંસ્થાઓને તોડવાનો દૃઢ નિશ્ચય કરી બેઠા છે. અસહકારીઓ વ્યક્તિઓની નહીં પણ કૃત્યોની વિરુદ્ધ છે એટલે તેમને મન એ કૃત્ય કરનાર હિંદી હોય કે અંગ્રેજ હોય, સરખું જ છે. મને ચોક્કસ ખાતરી છે કે સ્વરાજ સરકારમાં નોકરી



Gandhi Heritage Portal

કરનાર અંગ્રેજો હિંદીઓના જેવા જ હશે. અત્યારના તંત્ર હેઠળ આપણા કેટલાક દેશબંધુઓ આ ઝેરી તંત્રના અંગ્રેજો જેટલા જ કાર્યદક્ષ વહીવટકર્તા બની શકે છે એ હકીકત આપણે દિલગીરી સાથે જોઈ રહ્યા છીએ. એટલે વ્યક્તિઓ ગમે તે હોય, આપણે તંત્ર સામે લડવાનું છે. અંગ્રેજો માટે એક અને આપણે માટે બીજો, એવા દ્વિમુખી કાયદાના આપણે ચાર પેઢીથી ભોગ બન્યા છીએ. એટલે આપણે પોતે એ તંત્ર માટે દોષિત ન બનવું જોઈએ. તેથી, સર ત્યાગરાજ ચેટ્ટીના અમલ હેઠળ પણ ભલે મદ્રાસની કસોટી થાય અને ભલે તે શુદ્ધ બને.

આપણે જો આપણી જાત પ્રત્યે સાચા હોઈશું તો, આપણા વિરોધીઓ ભલે આપણા દેશબાંધવો હોય કે અંગ્રેજો હોય, તમામને આપણે અસરકારક રીતે પહોંચી વળી શકીશું. આપણે આપણા વિરોધીઓ કરતાં આપણા પોતાનાથી વધારે સાવધ રહેવાનું છે એવી તાજેતરમાં બનેલા બનાવોએ આપણને આપેલી ચેતવણી ઉપર, ડૉ. રાજને, તેમની ધરપકડ થઈ તેના ચાર દિવસ પહેલાં લખેલા પત્રમાં ભાર મૂકયો છે. આ રહ્યો તેમનો એ પત્ર. તે પ્રસિદ્ધિ માટે લખાયો નથી કે ફાયદા માટે પણ લખાયો નથી. તેમાં ભૂલનો એકરાર અને ટીકા બંને છે. ડૉ. રાજન લખે છે :

> જી. વી. કૃપાનિધિ નામના આપના એક જુવાન મિત્રે આ માસની ૧૫મીના સ્વરાજ્યમાં "આપણી શરમ" એ શીર્ષક હેઠળ મદ્રાસની હડતાળની મુસીબતો સંબંધમાં એક અગ્રલેખ લખ્યો છે. શ્રી પ્રકાશમ્ હાજર નહોતા. તેઓ મુંબઈ ગયા હતા. હડતાળને આગલે દિવસે હું તેના વ્યવસ્થાપકોને એટલું સમજાવી શકયો કે સ્વયંસેવકો પાસે પોલીસની ફરજો લેવી જોઈએ અને જેઓ દુકાનો ખોલે અને શાહજાદાને જોવા જાય તેમની રક્ષા કરવી જોઈએ. પણ પાછળથી શ્રી પ્રકાશમે આગ્રહ કર્યો કે તેમણે ઘરમાં જ બેસી રહેવું જોઈએ. આ લેખ વિરુદ્ધ કડવી ટીકા થઈ અને એ અગ્રલેખને ટેકો આપવાનું મારું કર્તવ્ય છે એમ મને લાગ્યું. આ અગ્રલેખની એક નકલ હું આપને જોવા માટે મોકલું છું.
>
> બે જ દિવસ અગાઉ, મદ્રાસ જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી સિંગારવેળુ ચેટિયારે મદ્રાસને દરિયાકિનારે એક જાહેરસભા બોલાવી. પહેલા ઠરાવ દ્વારા મદ્રાસના નાગરિકોને, તેમણે પાડેલી સફળ હડતાળ માટે ધન્યવાદ આપવામાં આવ્યા અને બીજા ઠરાવ દ્વારા તે દિવસે થયેલા અત્યાચારોને વખોડી કાઢવામાં આવ્યા. આપના પર મેં મોકલેલા પત્રની આપે કરેલી ટીકા સાથે શ્રી પ્રકાશમ સંમત થયા નહીં અને ભાષણમાં તેમણે જણાવ્યું કે આપે તારવેલાં અનુમાનો માટે મારા પત્રે આપને પૂરતી સામગ્રી આપી નહોતી. આવી કઢંગી સભા ન ભરવા અંગે મેં શ્રી સિંગારવેળુને તારથી જણાવ્યું પરંતુ તે પર ધ્યાન આપવામાં આવ્યું હોય એમ જણાતું નથી. હડતાળ અંગે આપને આપવામાં આવેલા વચનનું મદ્રાસની પ્રજાએ પાલન કર્યું છે એ સફળતા પર આપણા અસહકારીઓ ખુશખુશાલ છે ખરા પરંતુ તેમને પોતાની ભૂલો જોતા કરી શકું એટલો હું શક્તિશાળી નથી એ સાચે જ ભારે દુ:ખની વાત છે. છતાં હિંસા અને અણઘટતા જોરજુલમે હડતાળને અહિંસક અસહકાર માટે નિષ્ફળ બનાવી છે એ ભીષણ હકીકત તો સાચી જ છે. પોતાના જ માણસોની હિંસા વિરુદ્ધ આપણે અહિંસાની આ લડત ચલાવવી પડતી હોય ત્યાં સુધી સવિનયભંગની દિશામાં એક પણ પગલું આગળ ભરતાં પહેલાં અટકીને ઊભા રહેવું આપણે માટે સારું જ છે. આપણા કેટલાક અસહકારીઓને અહિંસામાં પોતાને હોવી જોઈએ એટલી શ્રદ્ધા નથી, એ હકીકતમાં રહેલી આપણા પક્ષની નબળાઈ વિષે મેં ઘણી વાર સ્થાનિક પત્રોમાં લખ્યું છે.

Gandhi Heritage Portal

આ અઠવાડિયે સાલેમ, સ્થાનિક સરકારના હુમલાનું નિશાન બન્યું છે. મારા પર તથા રામસ્વામી નાયકર સહિત લગભગ તમામ કાર્યકરો, વક્તાઓ અને સ્વયંસેવકો પર ૧૪૪મી કલમ પ્રમાણે નોટિસ બજાવીને, જાહેર સભાઓ ન ભરવા અને મદ્યનિષેધની હિમાયત ન કરવા ફરમાવવામાં આવ્યું છે. સવિનયભંગ (વ્યક્તિગત) શરૂ કરવામાં આવ્યો છે અને ત્રણ અસહકારી વકીલો અને બીજા પંદર માણસો કાનૂનભંગ કરીને જેલ ગયા છે. ગઈ કાલે બીજા ત્રણ જણ કાનૂનભંગ કરીને પકડાયા છે. મ્યુનિસિપાલિટીના પ્રમુખ અને ચાર વકીલો ઉપર ૧૪૪મી કલમ હેઠળ જાહેર સભાઓમાં ભાષણો આપવાની મનાઈ ફરમાવતો હુકમ બજાવવામાં આવ્યો છે. આજે મદુરામાં ૧૭ સ્વયંસેવકોને પિકેટિંગ કરવા માટે પકડવામાં આવ્યા છે. અત્યાર સુધી ક્યાંય હિંસા થઈ નથી. હજુ સુધી મેં કાનૂનભંગ કર્યો નથી. પરંતુ આ સપ્તાહ દરમ્યાન અથવા ૧લી ફેબ્રુઆરી બાદ હું તેમ કરવાનો ઇરાદો રાખું છું.

૧૯૦૮ના ઇન્ડિયા હાઉસના ક્રાંતિકારીમાંથી ૧૯૨૨ના અહિંસક અસહકારીમાં મારું પરિવર્તન થયું એ વિષે મને પોતાને આશ્ચર્ય થાય છે. એ ખરેખર પરિવર્તન છે ખરું, પરંતુ આ હૃદયપરિવર્તન, યાતના બરદાસ્ત કરવામાં રહેલી શાંતિ, તેનો સામનો કરતી વખતે રહેતી મનની સંપૂર્ણ નિર્લેપતા એ બધું જીવંત દૃષ્ટાંતો વિના લગભગ અશક્ય જણાય છે. વર્ષો પહેલાં, કોઈ પણ મનાઈહુકમ સામે હું ધૂંવાંપૂવાં થયો હોત, નોટિસ બજાવનાર પોલીસ તેમજ કાનૂનવિરોધી અને ગાંડું ફરમાન કાઢનાર અધિકારી પર વેર લેવાની મેં પ્રતિજ્ઞા લીધી હોત, પરંતુ આજે તેમની સામે મારા દિલમાં કોઈ દ્વેષભાવ નથી; ઊલટું નરમ અને સારા માણસોને રાક્ષસ બનાવી મૂકનાર અત્યારના વહીવટી તંત્રના સત્ય અને ન્યાયની કેવળ ઉપેક્ષા કરવાના ઊડીને આંખે વળગે એવા દાખલાઓમાં ભલે નબળો તો નબળો, પણ એક વધારાનો પુરાવો આપવા બદલ મેં એ અધિકારીનો આભાર માન્યો હોત. એ ભૂલ કરતા અધિકારી માટે મારા દિલમાં દયા સિવાય બીજું કંઈ જ નથી. તેને ખાતર પણ આ ટાંકણે યાતના બરદાસ્ત કર્યા સિવાય આપણી પાસે બીજો કોઈ ઉપાય દેખાતો નથી.

સ્વરાજ અંગે "આપ ભારે મૂંઝવણ અનુભવી રહ્યા છો" એવું આપે નવજીવનમાં લખ્યું છે તેનો વિરોધી પત્રો લાભ ઉઠાવી રહ્યાં છે. એને લીધે ગેરસમજ ઊભી થઈ છે. ઍસોસિયેટેડ પ્રેસે લાભ થાય એ રીતે તેમાંથી થોડા ઉતારા જ લીધા હોય એવો સંભવ છે. આપ જાણે વધારેપડતા નિરાશાવાદી બન્યા હો એવું મને લાગે છે. અહિંસા અને અસ્પૃશ્યતા વિષે આપ સાવ નિરાશાની હદે પહોંચી ગયા હતા કે નહીં તે હું જાણતો નથી. અત્યારની આપણી પરિસ્થિતિમાં પ્રગતિ કેવળ મર્યાદામાં રહીને જ શક્ય છે અને જ્યાં સુધી નિયંત્રણ મૂકતી મર્યાદાઓને તોડી નાખવામાં ન આવે ત્યાં સુધી તંદુરસ્ત વિકાસ સંભવિત નથી. સ્વરાજ આપણી મર્યાદાઓને તોડી નાખશે અને આપણને પૂરતો પ્રકાશ આપશે. સ્વરાજ્યની કોઈ પણ યોજનાનું લક્ષ્ય પ્રગતિની આ રુકાવટોને તોડી નાખવાનું હોવું જોઈએ, અને પહેલો વારો કોનો આવે છે એ જ સવાલ છે. આપણા ઘણા દેશબંધુઓને યુરોપીય ઢબના બનવા દેવામાં આવે અને તેઓ મદ્રાસના અજબ જેવા પ્રધાનમંડળે કર્યું છે તેમ રેંટિયાની હાંસી ઉડાવે તેનો કંઈ અર્થ નથી. રાષ્ટ્રીય અધોગતિ અટકવી જ જોઈએ. નવજીવનમાંનો આખોય લેખ આપને જરૂરી લાગે તો ટીકા સાથે યંગ ઇન્ડિયામાં પ્રગટ કરશો તો વધારે સારું એમ મને લાગે છે. મેં આ પત્ર નાહક લંબાવ્યો. કૃપા કરીને તકલીફ માફ કરશો.

Gandhi Heritage Portal

આજકાલ લોકો જો લાગવગ પણ ધરાવતા હોય તો તેમની અહિંસાને ખાતર તેમને જેલમાં બેસાડવા માટે ખાસ પસંદ કરવામાં આવે છે, એ હકીકત વિષે મારે ટીકા કરવાની જરૂર નથી. આ પત્રને હું તેમાંની ચેતવણી માટે પ્રગટ કરું છું. પ્રતિજ્ઞાબદ્ધ હોવા છતાં અહિંસામાં સંપૂર્ણ શ્રદ્ધા ન ધરાવતા હોય એવા કેટલાક લોકો આપણી વચ્ચે મોજૂદ છે એ વિષે લેશ પણ શંકા નથી. એનો અર્થ એ થયો કે હિંસા કરનારની મદદ લેવામાં તેમને વાંધો હોતો નથી. હિંસા અહિંસાની સાથે સમાંતર રહીને ચાલી શકે અને બંને સાથે મળીને ધ્યેય તરફની દેશની ગતિ ઝડપી બનાવે છે એમ તેઓ માનતા જણાય છે. આવું વલણ દંભી તો છે જ, ઉપરાંત નક્કી તે દેશના હિતની વિરુદ્ધ પણ છે. बे विरोधी બળો સમાંતર દોડી શકે परंतु बंने एक ज दिशामां न जई शके ! અહિંસા હિંસાનો ઢાંકપિછોડો અથવા પૂર્વતૈયારી હોય તો તેનો આકસ્મિક કે ઇરાદાપૂર્વકનો વિસ્ફોટ કહેવાતી અહિંસા દરમ્યાન, અખતરા તરીકે પણ લાભદાયક બનવા સંભવ છે પરંતુ એ કંઈ હિંદુસ્તાનની ધાર્મિક લડત નથી. ઉપર બેઠેલો ઈશ્વર સાક્ષી છે અને પ્રત્યેક બેવડી રમતના કૃત્યની શિક્ષા કરવા જેટલો તે ન્યાયી છે. આપણી અત્યારની શ્રદ્ધા એવી છે કે હિંદુસ્તાન હિંસાની મદદથી કશું જ મેળવી ન શકે અને હિંસાની સહાય વિના એકલી અહિંસા વડે જ તેણે. તેનાં ત્રણ ધ્યેય હાંસલ કરવાં જોઈએ. એટલે આપણે જો ફતેહ મેળવવી હોય તો અસહકારીઓએ તેમના ધ્યેય પ્રત્યેની સહાનુભૂતિમાં કરવામાં આવેલા એકેએક હિંસક કૃત્યને મનથી અને વાણીથી જરાયે દ્વિઅર્થી બન્યા વિના આગ્રહપૂર્વક વખોડી કાઢવું જોઈએ. જેઓ અહિંસામાં ન માનતા હોય અથવા બંને સાથોસાથ રહી શકે તેવું માનતા હોય તેમને પોતાનો અલગ પક્ષ રચીને તેમના ધ્યેય માટે લડી લેવા દો. એથી અસહકારીનું કાર્ય મુશ્કેલ બનશે ખરું, પરંતુ પોતાની જ છાવણીમાં રહેલા દુશ્મન સામે તેને લડવું પડતું હોય તેના કરતાં તે વધારે મુશ્કેલ નહીં બને. તેનું તંત્ર સ્વચ્છ રખાવું જોઈએ. કોઈ પણ પ્રકારની આંતરિક અશુદ્ધિ શરીરના મુખ્ય અંગના રોગ જેવી બનશે અને પ્રાણઘાતક નીવડશે. કોઈ પણ બહારનો હુમલો કદી પ્રાણઘાતક નીવડી ન શકે. તેથી આપણે આપણી જાત પ્રત્યે સાચા રહીએ એ સફળતાની પહેલી અને ખરેખર એકમાત્ર શરત છે.

એટલે ડૉ. રાજને કરેલો એકરાર એક શક્તિદાયક પ્રક્રિયા છે. તે તેમને અને જે ધ્યેય માટે તેઓ ખડા છે તેને મજબૂત બનાવે છે. અસહકારનો અર્થ સંપૂર્ણ આત્મશુદ્ધિ ન થતો હોય તો તે અનિષ્ટ અને સડેલો સિદ્ધાંત છે અને સાથે સાથે એક "બેહૂદો" શબ્દ છે. આંતરિક સડા સામેનો મજબૂત અને અદમ્ય પ્રતિકાર સરકાર સામેનો પૂરતો પ્રતિકાર છે. આત્મશુદ્ધિની પ્રક્રિયા પૂરી થતાંની સાથે જેની સામે આપણે લડતા દેખાઈએ છીએ તે તંત્ર અદૃશ્ય થઈ જશે.

ડૉ. રાજને નવજીવનના મારા જે લેખનો ઉલ્લેખ કર્યો છે તેમાં કશું "લાભ" લેવા જેવું नथी. स्वराज्ये આ આખાય લેખનો ઠીકઠીક સારો અનુવાદ ક્યારનોય પ્રગટ કર્યો છે. આ લેખ ખૂબ જ કાળજીભરી વિચારણા કર્યા બાદ લખવામાં આવ્યો છે. તે આપમેળે જ સમજાય એવો છે.

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया, ९–२–१९२२**

Gandhi Heritage Portal

## ૧૫૩. સમિતિ[1] સાથેની સમજૂતીની શરતો વિષે નોંધ

[ફેબ્રુઆરી ૯, ૧૯૨૨]

૧. સામુદાયિક સવિનયભંગ અંગે,
૧૯૨૨ના ડિસેમ્બરની ૩૧મી તારીખ સુધી તે બંધ રાખવા શ્રી ગાંધી કારોબારી સમિતિને સલાહ આપવાનો ઈરાદો રાખે છે.

૨. બીજા મુદ્દાઓ અંગે,
શ્રી ગાંધી કારોબારી સમિતિને, ઉશ્કેરણી અને કાયદાનો અનાદર ન થાય તેવાં સાધનો પૂરતું, દારૂની તથા કાપડની દુકાનો પરનું પિકેટિંગ મર્યાદિત કરવાની સલાહ આપશે અને ખાસ કરીને

(૧) જ્યાં સંપૂર્ણ અહિંસાનું વાતાવરણ જાળવવામાં આવતું હોય તે સ્થળો પૂરતું તેને મર્યાદિત કરવું;
(૨) જવાબદાર અને ચોક્કસ પાકટ ઉંમરે પહોંચેલા માણસોને તેના એજન્ટ તરીકે રોકવા;
(૩) પિકેટિંગનો આશય ઉશ્કેરણી કે કાયદાનો અનાદર નહીં પરંતુ ખુદ આ સવાલની ગુણવત્તા વધારવી એવો રહેવો જોઈએ.

આ કંઈ અવશ્યપણે એ જ સમયમર્યાદા હેઠળ રહેવાનું નથી કારણ કે સામુદાયિક સવિનયભંગ અંગેના ઠરાવમાં તે આવી જશે.[2]

૩. સ્વયંસેવકોને,
સામુદાયિક સવિનયભંગ કે કાયદાભંગ માટે નહીં પરંતુ સામાજિક, નૈતિક અને આર્થિક સુધારાઓની પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે ભરતી કરવામાં આવે.

૪. ગોળમેજી પરિષદ દરમ્યાન આક્રમણાત્મક, વિરોધાત્મક કે ઉશ્કેરણીજનક સ્વરૂપની તૈયારી માટેની પ્રવૃત્તિઓ પડતી મૂકવામાં આવે.

૫. મુંબઈમાં મળેલી પ્રતિનિધિઓની પરિષદને આપવામાં આવેલી શરતો પર વિચાર થઈ શકશે.

ગાંધીજી કહે છે કે ૪ અને ૫ કલમો જરૂરી નથી, કારણ કે તેમનો ૧–૩માં સમાવેશ થઈ જાય છે, પરંતુ ગોળમેજી પરિષદ માટે એ કોઈ પણ વખતે ખાતરીરૂપે આપવી જરૂરી લાગે તો તે આપવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૯૦૯

૧. ૧૯૨૨ના જાન્યુઆરીની ૧૪ અને ૧૫મી દરમ્યાન મળેલી નેતા-પરિષદે નીમેલી સમિતિ. ધ સ્ટોરી ઑફ માય લાઇફ, પુસ્તક ૧, પા. ૫૫૫ પર જયકર ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૯મીએ પોતાની નોંધમાં લખે છે: "...તે [ગાંધીજી] અને સમિતિ જે શરતો પર એકમત થયા તેમાંની કેટલીક શરતો મેં નોંધી લીધી. આ શરતો મેં તેમને સુપરત કરી. હમેશ જેટલા જ તેઓ પ્રામાણિક છે અને તેનો તેમણે સ્વીકાર કર્યો..."

૨. આ વાક્ય ગાંધીજીના હસ્તાક્ષરમાં છે.

Gandhi Heritage Portal

## ૧૫૪. મારી નોંધ

**બલિયામાં ત્રાસ**

બલિયામાં જે ત્રાસ વર્તી રહેલો છે તેનો આબેહૂબ ચિતાર ચિ. દેવદાસ ગાંધીએ આપ્યો છે તે નીચે આપું છું.[1] બલિયા એક સંયુક્ત પ્રાંતના ગરીબ જિલ્લામાંનો છે. ત્યાંના લોકો ઉત્સાહી, સાદા ને ભોળા છે. તેઓ સ્વદેશપ્રેમી છે. ઘણી વાર ત્યાં જવાનો મેં પ્રયત્ન કરેલો, પણ મારાથી ત્યાં પહોંચી જ શકાયું નથી. બિહારની સરહદ ઉપર હોવાથી તેના લોકો બિહારીઓને વધારે મળતા છે. તેઓની ઉપરના ત્રાસનો ચિતાર મારી આંખ આગળ ખડો થઈ શકે છે તે યાદ કરું છું ત્યારે મારું મન રડે છે: હું ત્યાં ન જઈ શક્યો તેથી મને દુ:ખ થાય છે. જો આ દુ:ખને અંતે હું જીવતો રહ્યો તો બલિયાને યાત્રાસ્થળ ગણી ત્યાં જવાની હું ઉમેદ રાખું છું. એ આશા બલિયાના લોકોને શાંતિપ્રદ થાઓ. બલિયા જેવાં ગામોનાં બલિદાન આ દેશને જરૂર મુક્ત કરશે. તેમને હજુ વધારે સહનશક્તિ પ્રભુ આપો. બલિયાનું દૃષ્ટાંત ગુજરાતને દુ:ખ સહન કરવા વધારે ઉત્સુક બનાવો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯–૨–૧૯૨૨

## ૧૫૫. દેવદાસ ગાંધીને તાર

મુંબઈ,
ફેબ્રુઆરી ૯, ૧૯૨૨

દેવદાસ ગાંધી
કૉંગ્રેસ કાર્યાલય
ગોરખપુર

તારો તાર મળ્યો. પૂરેપૂરા ચોક્કસ હેવાલ[2] મોકલી આપ. લોકોને અહિંસક રાખ. બધી માહિતી મેળવ. કાર્યકરોને જણાવ કે મને ઊંડું દુ:ખ થયું છે. શાંતિ જાળવ. ઈશ્વર તને આશીર્વાદ આપશે. આજે રાતે બારડોલી પાછો ફરું છું.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૮૯૮

૧. ગાંધીજી પરના પત્રમાં, આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી.
૨. ચૌરીચૌરાના બનાવો વિષે.

Gandhi Heritage Portal

## ૧૫૬. ગંતુરમાં સવિનયભંગ વિષે નોંધ[1]

[ફેબ્રુઆરી ૧૦, ૧૯૨૨ પહેલાં]

આંધ્ર સવિનયભંગ બંધ રાખે તો મને આનંદ થશે. પરંતુ હિંસાનાં બળો પર પૂરો કાબૂ મેળવ્યો હોય અને બધી શરતો પૂરી કરી હોય એ શરતે તે બંધ ન રાખી શકે તો અલબત્ત, હું વાંધો લઈશ નહીં.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

આંધ્ર સરકારના દફ્તર પરથી

## ૧૫૭. બારડોલીમાં કૉંગ્રેસ કાર્યકરો સમક્ષ ભાષણ[2]

[ફેબ્રુઆરી ૧૦, ૧૯૨૨][3]

અહીં ભેગા થયેલા લોકોને હું દેશના કેટલાક ઉત્તમ કાર્યકરોમાંના ગણું છું. સાચે જ આ નાનકડી સભામાં હિંદુસ્તાનની અત્યારની પરિસ્થિતિનું પ્રતિબિંબ પડતું મને દેખાય છે. મેં અત્યારે જે કંઈ સાંભળ્યું તે પરથી અહીં હાજર રહેલામાંથી મોટા ભાગના અહિંસાનો સંદેશો સમજવામાં નિષ્ફળ નીવડ્યા છે એવી મારી માન્યતા દૃઢ થઈ છે. આથી મને ખાતરી થાય છે કે આખા દેશે અહિંસાના શિક્ષણને જરાયે અપનાવ્યું નથી. તેથી અવશ્ય મારે સવિનયભંગનું આંદોલન તુરત જ બંધ રાખવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

सेवन मन्थ्स विथ महात्मा गांधी, पा. २२६–७

૧. મૂળમાં નીચે આપેલા વર્ણન હેઠળ મળી આવી: "ગંતુર જિલ્લામાં ના-કરની લડત અંગે શ્રી બી. પટ્ટાભી સીતારામૈયા સાથે ગંતુર જિલ્લા કૉંગ્રેસ સમિતિ પર મહાત્મા ગાંધીએ મોકલેલી પેન્સિલમાં લખાયેલી નોંધ." આ હેવાલ ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૦મીનો છે.

૨. મૂળ લખાણમાં જણાવ્યું છે: ". . . મહાત્માજીએ . . . બધા જ કાર્યકરોને તથા આજે બારડોલીમાં જેઓ હાજર હતા તે સૌને ચૌરીચૌરાના ભયંકર બનાવો ધ્યાનમાં લઈને સવિનયભંગ શરૂ કરવાની યોગ્યાયોગ્યતાની ચર્ચા કરવા બોલાવ્યા હતા. તેમણે હાજર રહેલા દરેકનો અભિપ્રાય પૂછ્યો. . . . યુવાન અને વૃદ્ધ સૌએ જણાવ્યું કે . . . સરકારની યાદીનો જવાબ આપતાં મહાત્માજીએ લૉર્ડ રીડિંગને જે રીતે પડકાર ફેંક્યો છે તે જોતાં તેઓ જો પાછાં પગલાં ભરશે તો દુનિયા આગળ આખાયે દેશની આબરૂ જશે. આ અભિપ્રાય સાથે માત્ર ત્રણ જ વ્યક્તિઓ સંમત ન થઈ."

૩. મૂળ લખાણ પરથી.

Gandhi Heritage Portal

# ૧૫૮. બારડોલીના ઠરાવો[1]

[ફેબ્રુઆરી ૧૨, ૧૯૨૨]

કૉંગ્રેસની કારોબારી સમિતિ ૧૧મી અને ૧૨મી તારીખે બારડોલીમાં મળી હતી અને નીચેના ઠરાવ પસાર કર્યા હતા.

(મહાસમિતિએ કરેલા ફેરફાર સાથે)

(૧) ચૌરીચૌરામાં લોકોનાં ટોળાંએ પશુતાભરી રીતે પોલીસનાં ખૂન કરીને અને નિષ્ઠુરતાથી પોલીસચોકી બાળીને જે અમાનુષી વર્તન ચલાવ્યું છે તેને માટે કારોબારી સમિતિ ખેદ પ્રદર્શિત કરે છે અને માર્યા ગયેલાઓનાં કુટુંબો તરફ દિલસોજી બતાવે છે.

(૨) સામુદાયિક સવિનયભંગ શરૂ કરવાનો વખત આવતાં દરેક વેળાએ કુદરતે ફરી ફરીને ચેતવણી આપી છે; અને દરેક વેળાએ ક્યાંક ને ક્યાંક લોકો તોફાન કરી ઊઠ્યા છે તે પરથી જણાય છે કે દેશનું વાતાવરણ સામુદાયિક સવિનયભંગને સારુ પૂરતું શાંતિમય નથી. એનું સૌથી છેલ્લું દૃષ્ટાંત ગોરખપુર પાસેના ચૌરીચૌરાના ગોઝારા અને ત્રાસદાયક બનાવો છે. તેથી મહાસભાની કારોબારી સમિતિ ઠરાવ કરે છે કે બારડોલી અને બીજે ઠેકાણે શરૂ કરવા ધારેલો સામુદાયિક સવિનયભંગ મોકૂફ રાખવો. સરકારને આપવાના મહેસૂલ અને બીજા કર જે સામુદાયિક સવિનયભંગની આશાએ ભરવા મુલતવી રાખવામાં આવ્યા હોય તે ભરી દેવા ખેડૂતોને સલાહ આપવાની અને તીવ્ર ભંગની તૈયારી માટેની દરેક પ્રવૃત્તિ મોકૂફ રાખવાની કારોબારી સમિતિ સ્થાનિક મહાસભા સમિતિઓને સૂચના કરે છે.

(૩) ગોરખપુરમાં બન્યા એવા ટોળાંઓના અત્યાચારો અને મુંબઈ અને મદ્રાસમાં ૧૯૨૧ની ૧૭મી નવેમ્બર અને ગઈ ૧૩મી જાન્યુઆરીએ ચાલી એવી ગુંડાશાહી ફરીથી નહીં બનવા પામે એવી ખાતરી મળે એવું અહિંસામય વાતાવરણ પેદા થતાં સુધી સામુદાયિક સવિનયભંગ મુલતવી રાખવામાં આવશે.

(૪) શાંતિમય વાતાવરણ ઊભું કરવાના હેતુથી કારોબારી સમિતિ સૌ મહાસભા સમિતિઓને સલાહ આપે છે કે બીજી સૂચનાઓ મળતાં સુધી તેમણે મહાસભાની સામાન્ય પ્રવૃત્તિઓ (જ્યાં સંપૂર્ણ શાંતિમય વાતાવરણની ખાતરી મળી શકે ત્યાં ઐચ્છિક હડતાળ સુધ્ધાં) સિવાયની ખાસ પકડાઈને જેલ જવાના હેતુથી ઉપાડેલી પ્રવૃત્તિઓ બંધ રાખવી અને એમ કરવા માટે દારૂના પીઠામાં જનાર માણસોને મદ્યપાનનાં અનિષ્ટોથી દૂર રહેવાનું સમજાવવાના શુદ્ધ અને શાંત હેતુથી પહેરા ભરવા સિવાય બધા પહેરા બંધ કરવા અને દારૂનાં પીઠાં પરના પહેરા પણ જાણીતા શુદ્ધ ચારિત્રવાળા અને સ્થાનિક મહાસભા સમિતિઓએ ખાસ પસંદ કરેલા માણસો પાસે જ ભરાવવા.

૧. આ ઠરાવાના મુસદ્દા ઘણું કરીને ગાંધીજીએ તૈયાર કર્યા હતા. બારડોલીમાં ફેબ્રુઆરીની ૧૧મી અને ૧૨મીએ મળેલી કારોબારી સમિતિએ આ ઠરાવો પસાર કર્યા હતા અને તેમને, પાછળથી ફેબ્રુઆરીની ૨૫મીએ અખિલ હિંદ કોંગ્રેસ સમિતિએ મંજૂર કર્યા હતા; જુઓ “દિલ્હીમાં મળેલી અ. હિં. કોં. સમિતિના ઠરાવો”, ૨૫–૨–૧૯૨૨ અને યંગ ઇન્ડિયા, ૨–૩–૧૯૨૨.

Gandhi Heritage Portal

(૫) બીજી સૂચનાઓ મળતાં સુધી ફક્ત સભા સંબંધીના હુકમો તોડવાના હેતુથી જ સ્વયંસેવકનાં સરઘસો કાઢવાનું અને જાહેર સભાઓ ભરવાનું બંધ કરવાની કારોબારી સમિતિ સલાહ આપે છે; પણ મહાસભા અથવા બીજી સમિતિઓની ખાનગી સભાઓ અથવા મહાસભાની સામાન્ય પ્રવૃત્તિઓ ચલાવવાને સારુ જરૂરની એવી જાહેર સભાઓ ભરવામાં આ ઠરાવથી હરકત નહીં આવે.

(૬) રૈયતલોક જમીનદારોને સાથ નથી આપતા એવી ફરિયાદો કારોબારી સમિતિ પાસે આવી છે તેથી મહાસભાના કાર્યકર્તાઓને તથા મહાસભા સમિતિઓને કારોબારી સમિતિની સલાહ છે કે તેમણે રૈયત લોકોને સમજાવવું કે આવી રીતે સાથ ન આપવી એ મહાસભાના ઠરાવની વિરુદ્ધ છે અને દેશના હિતને નુકસાનકર્તા છે.

(૭) કારોબારી સમિતિ જમીનદારોને ખાતરી આપે છે કે જમીનદારોના કાયદેસર હક પર તરાપ મારવાનો મહાસભાની પ્રવૃત્તિનો જરા પણ ઉદ્દેશ નથી. કારોબારી સમિતિ તો એમ ઇચ્છે છે કે જ્યાં રૈયતોને દુ:ખ હોય ત્યાં પણ એનું નિવારણ અંદર અંદરની સલાહથી અને હમેશની જેમ લવાદ દ્વારા કરી લેવું.

(૮) કારોબારી સમિતિ પાસે ફરિયાદો કરવામાં આવી છે કે સ્વયંસેવકદળ બનાવવામાં સ્વયંસેવકની પસંદગી કરવામાં ખૂબ ઢીલાપણું ચાલે છે અને હાથે કાંતેલી-વણેલી ખાદીના સંપૂર્ણ વાપરનો અને હિંદુઓ પાસે અસ્પૃશ્યતાનાશના નિયમનું પાલન કરાવવાનો આગ્રહ રાખવામાં નથી આવતો, તેમ જ ઉમેદવારોને મહાસભાના ઠરાવ પ્રમાણે વિચાર, વાણી ને વર્તનમાં અહિંસા-પાલન પર શ્રદ્ધા છે કેમ કે તે નક્કી કરવાની કાળજી રાખવામાં નથી આવતી, તેથી કારોબારી સમિતિ સૌ મહાસભા સમિતિઓને સૂચવે છે કે તેમણે પોતાનાં પત્રકો નવેસર બનાવવાં અને જે સ્વયંસેવકો પ્રતિજ્ઞાની શરતોનું પાલન ન કરતા હોય તે બધાનાં નામ તેમાંથી બાતલ કરવાં.

(૯) કારોબારી સમિતિનો એવો અભિપ્રાય છે કે જ્યાં સુધી મહાસભાના સભ્યો મહાસભાના બંધારણને અને કારોબારી સમિતિ તરફથી વખતોવખત બહાર પડતા ઠરાવોને સંપૂર્ણપણે અમલમાં નહીં મૂકે ત્યાં સુધી મહાસભાના ધ્યેયની પ્રાપ્તિ બિલકુલ અથવા જરૂરપૂરતી પણ થવી અશક્ય છે.

(૧૦) મહાસભાની ખાસ બોલાવવામાં આવનારી સભા મળતાં સુધી અને પછી મહાસમિતિની મંજૂરી મળે તો આ ઠરાવ અમલમાં રહેશે. મહામંત્રીએ હકીમ અજમલખાનની સાથે મસલત ચલાવીને એ સભા બને તેટલી જલદી બોલાવવી.[1]

## નવો કાર્યક્રમ

ગોરખપુરનો ખેદકારક બનાવ એ વાતની સાબિતીરૂપ છે કે અહિંસા એ સામુદાયિક સવિનયભંગનું અત્યંત જરૂરી અને મૂળભૂત એવું મુખ્ય અંગ હોવાની આવશ્યકતા પ્રજાએ પૂરેપૂરી પિછાની નથી તેથી, તેમ જ મહાસભાની સૂચનાઓની વિરુદ્ધ જઈને ગમે તેવા માણસોને સ્વયંસેવક બનાવી દીધાની જે વાતો સાંભળવામાં આવી છે તે બતાવી આપે છે કે સત્યાગ્રહના પ્રાણરૂપ જે વસ્તુ છે તેની કિંમત લોકોએ હજુ જાણી નથી — તેથી, તેમ જ કારોબારી સમિતિને મતે પ્રજાકીય ઉદ્દેશ પાર પાડવામાં ઢીલ થાય છે તેનું કારણ એ જ છે કે મહાસભાના

૧. અ. હિં. કૉં. સમિતિએ પસાર કરેલા સુધારેલા પાઠમાં આ પૅરેગ્રાફનો ઠરાવ ૧ તરીકે અને ત્યાર પછીના પૅરેગ્રાફ ઠરાવ ૩ તરીકે છે અને તેમને ૧૨મી ફેબ્રુઆરી હેઠળ ગણવામાં આવ્યા છે, જુઓ યંગ ઇન્ડિયા, ૨-૩-૧૯૨૨.

Gandhi Heritage Portal

બંધારણનો ઢીલો અને અધૂરો જ અમલ થયેલો છે. તેથી તથા આંતરવ્યવસ્થાને સંપૂર્ણતાએ પહોંચાડવાની દૃષ્ટિએ—

કારોબારી સમિતિ મહાસભાની બધી સમિતિઓને નીચે લખેલી પ્રવૃત્તિઓમાં લાગી જવાની સલાહ આપે છે:

૧. મહાસભાના ઓછામાં ઓછા એક કરોડ સભાસદો નોંધવા.

સૂચના ૧—શાંતિ અને વાજબી ઉપાયો એ મહાસભાના ધ્યેયનો સાર છે તેથી, સ્વરાજ-પ્રાપ્તિને અર્થે આવા ઈલાજોની અત્યંત આવશ્યકતા ન માનતો હોય તેવા કોઈ માણસને નોંધવો ન જોઈએ. એટલા માટે જેને મહાસભામાં જોડાવાને સમજાવવામાં આવે તે દરેક જણને મહાસભાનું ધ્યેય શું છે તે સંભાળપૂર્વક ગળે ઉતારવું જોઈએ.

સૂચના ૨—સ્વયંસેવકો ધ્યાનમાં રાખે કે વાર્ષિક લવાજમ ન ભરનાર કોઈ મહાસભાનો યથાર્થ સભાસદ ન ગણી શકાય; તેથી સઘળા જૂના સભાસદોને પોતાનાં નામ ફરીથી નોંધાવવાને કહેવું જોઈએ.

૨. રેંટિયાને લોકપ્રિય કરવો અને હાથકંતામણની હાથવણાટની ખાદી તૈયાર કરવાની યોજના કરવી અને ઘેર ઘેર ફરીને તેની વપરાશ લોકપ્રિય કરવી.[૧]

સૂચના—આ હેતુ સાધવા ખાતર બધા સ્વયંસેવકો અને મહાસભાના અમલદારો ખાદીનો પોશાક પહેરે, અને એવી ભલામણ કરવામાં આવે છે કે બીજાઓને ઉત્તેજન આપવાની દૃષ્ટિએ તેમણે પોતે કાંતતાં શીખવું.

૩. રાષ્ટ્રીય શાળાઓ ચલાવવી.

સૂચના—સરકારી નિશાળો ઉપર પહેરો મૂકવાનો નથી; સરકારી અને સરકારની મદદથી ચાલતી શાળાઓમાંથી વિદ્યાર્થીઓને આકર્ષી લેવાને સારુ દરેક જરૂરી બાબતમાં[૨] રાષ્ટ્રીય શાળાઓની શ્રેષ્ઠતા ઉપર જ આધાર રાખવો.

૪. પછાત વર્ગોને ઉચ્ચ જીવન માટે કેળવવા, તેમની સામાજિક, માનસિક અને નૈતિક સ્થિતિ સુધારવી, તેમનાં છોકરાંને રાષ્ટ્રીય શાળાઓમાં મોકલવા તેમને સમજાવવા અને બીજા શહેરીઓ જે સાધારણ સગવડો ભોગવે છે તે તેને મેળવી આપવી.

સૂચના—આથી જ્યાં જ્યાં અસ્પૃશ્યો પ્રત્યેનો અણગમો હજુ સખત છે તેવાં સ્થળોમાં જુદી શાળાઓ અને જુદા કૂવાઓ મહાસભાને પૈસે નભાવવા. તેમનાં છોકરાંઓને રાષ્ટ્રીય શાળાઓમાં દાખલ કરવાના અને ગામના કૂવાઓ અસ્પૃશ્યોને વાપરવા દેવાની સમજૂતી લોકોને આપવાના દરેક પ્રયત્ન કરવા જોઈએ.

૫. મદ્યપાનનિષેધની ચળવળ એ બદીવાળા લોકોમાં ઘેર ઘેર ફરીને ચલાવવી અને ચોકીના કરતાં પીનારને ઘેર જઈ તેને વીનવવા પર વધારે ભરોંસો રાખવો.

૬. બધા કજિયાઓનો ખાનગી નિકાલ લાવવા માટે ગ્રામ્ય તથા શહેરી પંચાયતો સ્થાપવી, અને પંચાયતોના નિર્ણયોનું માન રાખવામાં જાહેર મતના જોર ઉપર તથા તે નિર્ણયોના પોતાના વાજબીપણા ઉપર જ ભરોંસો રાખવો.

૧. અહીં અ. હિં. કૉં. સમિતિના ઠરાવમાં ઉમેર્યું છે: "અને ઘેર ઘેર ફરીને તેના ઉપયોગને લોકપ્રિય બનાવવો."

૨. અહીં અ. હિં. કૉં. સમિતિનો ઠરાવ જણાવે છે: "સરકારી અને મદદ મેળવતી શાળાઓમાંથી વિદ્યાર્થીઓ બહાર લાવવા માટે".

Gandhi Heritage Portal

સૂચના—દબાણ જેવો ભાસ પણ થતો અટકાવવા ખાતર, જેઓ પંચાયતોના નિર્ણયોને માન ન આપે તેમની સામે સામાજિક બહિષ્કાર ન વાપરવો.

૭. બધી જાતિઓ તથા બધા વર્ગોની એકતા અને આસપાસમાં સદ્‌ભાવ, કે જેને સ્થાપિત કરવાનો અસહકારની પ્રવૃત્તિનો હેતુ છે, તેને વધારવા અને તેને મહત્ત્વ આપવા ખાતર એક એવું સમાજસેવાનું ખાતું કાઢવું કે જે માંદગી અને અકસ્માતની વેળાએ સૌને કોઈ જાતના ભેદ વગર મદદ પહોંચાડે.

સૂચના—પોતાના ધ્યેયને દૃઢતાપૂર્વક વળગી રહેતો છતો અસહકારી માંદગી કે અકસ્માતને પ્રસંગે અંગ્રેજ કે હિંદી ગમે તેની અંગત સેવા બજાવવી એ પોતાનો ખાસ હક સમજશે.

૮. ટિળક સ્વરાજ ફાળો[1] ચાલુ રાખવો અને મહાસભાના દરેક સભાસદ પાસે તેમ જ મહાસભા પ્રત્યે લાગણી ધરાવનાર દરેક સજ્જન પાસે ૧૯૨૧ની સાલની પોતાની વાર્ષિક આવકનો સોમો ભાગ ફાળામાં ભરવાની માગણી કરવી. દરેક પ્રાંત ટિળક સ્વરાજ ફાળામાં પોતાને ત્યાં આવેલી રકમનો ૨૫ ટકા હિસ્સો મહાસમિતિને દર મહિને પહોંચાડી દે.

(૯)[2] જરૂર પડશે તો ફેરસુધારણા માટે ઉપરના ઠરાવો અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના આગામી અધિવેશન સમક્ષ મૂકવામાં આવશે.

(૧૦) કારોબારી સમિતિના અભિપ્રાય પ્રમાણે સરકારી નોકરી છોડી દેનાર લોકોને કામ શોધી આપવાને એક યોજનાની જરૂર છે અને તે હેતુથી આવતી મહાસમિતિની ખાસ સભાના વિચાર માટે એક યોજના ઘડી કાઢવાને શેઠ મિયાં મહમદ હાજી જાનમહમદ છોટાણી, શ્રી જમનાલાલ બજાજ અને શ્રી વિઠ્ઠલભાઈ પટેલની સમિતિ નીમવામાં આવે છે.[3]

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૬–૨–૧૯૨૨

ભાષાંતર : નવજીવન, ૫–૩–૧૯૨૨

## ૧૫૯. સ્વરાજની શરતો

સ્વરાજની શરતોનો વિચાર તો આપણે ઘણી વેળા કરી ગયા છીએ. પણ જ્યાં સુધી આપણે તેને પાળતા નથી ત્યાં સુધી કર્યા જ કરવો જોઈએ, અને આપણે માનવું જોઈએ કે એ શરતોના પાલન વિના સ્વરાજનો સંભવ નથી. એવો વિચાર કરીએ તો આપણે ઘણા ભયોમાંથી ઊગરી જઈએ. આપણને ગુસ્સો આપણી ઉપર જ આવશે ને આપણે વિપરીત કાર્યો નહીં કરીએ.

મહાસભાએ એ શરતો ઘણી વેળા જુદી જુદી રીતે બતાવી આપી છે અને છેવટે સ્વયંસેવક થવાને સારુ અનિવાર્ય કરી મૂકી છે. એટલે હવે સ્વયંસેવક જોઈએ એટલી સંખ્યામાં મળતા નથી ને મળે છે તે પણ શરતોનું પૂરું પાલન કરતા નથી.

૧. જુઓ પુસ્તક ૧૯, પા. ૧૬૬–૭.

૨. આ બે પૅરેગ્રાફનું ભાષાંતર યંગ ઇન્ડિયા, ૧૬–૨–૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

૩. અ. હિં. કોં. સમિતિએ પસાર કરેલા સુધારેલા પાઠમાં છેલ્લા બે પૅરેગ્રાફ ઠરાવ ૨ તરીકે છે અને ઠરાવ ૧ની સાથે તેને ફેબ્રુઆરીની ૧૧મીનો ગણવામાં આવ્યો છે.

Gandhi Heritage Portal

જે દરદીને અમુક દવા અમુક રીતે લેવાનું વૈદ્યે કહ્યું હોય તે દરદી તે પ્રમાણે ન લે તો દોષ દરદીનો છે, વૈદ્યનો નથી. તેમ આપણે જો સ્વરાજની શરતોનું પાલન ન કરીએ તો દોષ આપણો જ છે.

પણ આપણે અત્યારે ગુણદોષનો વિચાર નથી કરવો. આપણે તો સ્વરાજ કેમ મળે એ જ વિચારવું છે. અને જેમ દરદી યોગ્ય દવા લીધા વિના સાજો ન થાય તેમ સ્વરાજ પણ તેની યોગ્ય શરતોના પાલન વિના મળવાનું જ નથી. સ્વયંસેવક થવાથી સ્વરાજ નહીં મળે. પણ પોતાને સારુ અંકાયેલી શરતોનું પાલન કરનારા સ્વયંસેવકોથી જ સ્વરાજ મળવાનું છે. પાંચ ફૂટના માણસોની ભરતી થતી હોય તેમાં ચાર ફૂટના વામન પેસી જાય તો તે લડાઈ જિતાવે નહીં પણ બોજારૂપ થઈ પડે ને કદાચ હરાવે પણ ખરા. તેમ જ શાંતિનું પાલન કરનારા સ્વયંસેવકોમાં અશાંતિ કરનારા દાખલ થઈ જાય તો તે નુકસાન જ કરે. અંદર બહાર ને બધે પ્રસંગે હાથની કાંતેલી ખાદી જ પહેરનારને ભરતીમાં આવવાની રજા હોય, છતાં મિલના તાણાની ખાદી પહેરીને આવનાર અથવા માત્ર ભરતીમાં ને સ્વયંસેવકના કામમાં જ શુદ્ધ ખાદી પહેરનાર સ્વરાજ કેમ મેળવી શકે? તેણે તો પ્રથમથી જ છેતરવાનો ધંધો આદર્યો. આ ખાદીની વાત જે સહેલી લાગવી જોઈએ તે અઘરી લાગતી જણાય છે. જેમાં ઓછામાં ઓછું ખર્ચ રહેલું છે તે બહુ ખર્ચવાળું ગણાતું માલૂમ પડે છે.

એ બનવાજોગ છે કે ખાદીથી સ્વરાજ મળે તેમાં લોકોને શ્રદ્ધા ન હોય તો મહાસભામાં, મહાસમિતિમાં ખાદીની તરફેણમાં હાથ ઊંચા નહોતા કરવા. આપણે કરવાના કાર્ય વિષે પણ આપણે બેદરકાર રહીએ તો આપણે એક ગાઉની મજલ પણ નથી કાપવાના. આપણી કરેલી મહેનત પણ વ્યર્થ જશે.

જો આપણે ગરીબમાં ગરીબ, પામરમાં પામર, દુષ્કાળિયા તેમ જ ભીખ માગતાઓને સારુ સ્વરાજ માગતા હોઈએ, જો આપણે હિંદુસ્તાનમાંથી ભૂખમરાનો નાશ કરવા ઇચ્છતા હોઈએ, તો હાથે કાંતેલી ખાદી વિના ચાલવાનું જ નથી, કેમ કે તે વિના બીજી કોઈ રીતે તેવાના ઘરમાં આપણે ધનધાન્ય દાખલ કરી શકવાના જ નથી.

તે જ પ્રમાણે અસ્પૃશ્યતાનું. અસ્પૃશ્યતામાં હિંદુ ધર્મ છે એવું માનનારાને અસહકારી થવાનો અધિકાર નથી. આ સલ્તનતે અસ્પૃશ્યતા ધર્મને તો શાસ્ત્ર બનાવ્યું છે. જ્યાં જાઓ ત્યાં આપણે અસ્પૃશ્ય જ છીએ. આપણે પાટુ ખાવાલાયક, ગાળો ખાવાલાયક છીએ. આપણે દૂર જ રહેવા-લાયક છીએ, આપણે જેલમાં જ શોભીએ તેવા છીએ. આ બધાં અસ્પૃશ્યતાનાં ચિહ્નો છે ને તે બધાં ઢેડભંગીઓ તરફની આપણી વર્તણૂકમાં આપણે જોઈએ છીએ તો પછી આપણને મહાસભાકલ્પિત સ્વરાજનો શો અધિકાર છે? તો પછી આપણે મહાસભાના સ્વયંસેવકની ભરતીમાં કેમ દાખલ થઈ શકીએ? જે હિંદુ અસ્પૃશ્યતાને ધર્મ માને છે તેને અસહકારી રહેવાનો અધિકાર જ નથી એમ એક પળમાં તેને જણાવું જોઈએ. અને જેઓ પોતાને હિંદુ માને છે તેઓ બધા જો અસ્પૃશ્યતાનો ત્યાગ ખરા દિલથી કરવા તૈયાર ન હોય તો હું એકલો પણ કહેવાનો જ કે તે પાપ દૂર કર્યા વિના સ્વરાજ નથી. તેના વિના હિંદુ ધર્મનો નાશ જ છે. અસ્પૃશ્યતાના અધર્મને ધર્મરૂપે સંઘરીને હિંદુ ધર્મને નિભાવવો, ગાયની રક્ષા કરવી, અહિંસાનું પાલન કરવું, સમતા રાખવી એ બધું હું અશક્ય સમજું છું. જેમ સૂર્યના તેજ વિના અનાજ પાકે નહીં તેમ અસ્પૃશ્યતારૂપી અંધકારનો નાશ થયા વિના સ્વરાજનો પાક મળવાનો જ નથી.

Gandhi Heritage Portal

નિર્ભયતા વિના સ્વરાજ હોય નહીં. છતાં હજુ હિંદુ મુસલમાનથી ને મુસલમાન હિંદુથી ડરે છે. બંનેથી પારસી-ખ્રિસ્તી ડરે છે. પછી સ્વરાજ કેમ મળે? જેણે ભયનો ત્યાગ પણ નથી કર્યો એટલે કે જે બધાં હિંદુસ્તાનીને પોતાનાં ભાઈબહેન સમાન નથી ગણતો તે સ્વરાજવાદી કેમ ગણાય? તે સ્વયંસેવકમંડળમાં કેમ ભળી શકે?

એટલે હું ગુજરાતીઓને તો જરૂર કહેવા ઇચ્છું છું કે જો તેઓ સ્વરાજપ્રાપ્તિ તુરત ઇચ્છતા હોય તો તેઓએ ઉપર જણાવેલા ધર્મનું પાલન તો કરવું જ જોઈએ. ભલે તે વકીલ હોય, ભલે તે ખિતાબ ધરાવનારા હોય, ભલે તે ધારાસભામાં હોય તોપણ ઉપલી શરતોનું પાલન કરે તો સ્વયંસેવક મંડળમાં દાખલ થઈ શકે. પણ ભલે કોઈએ વકીલાત છોડી હોય, ખિતાબ છોડયા હોય, સરકારી નિશાળ છોડી હોય, ધારાસભા છોડી હોય અને છતાંયે જો તે ઉપરની શરતોમાંની એકાદનું પણ પાલન ન કરે તો તે સ્વરાજવાદી નથી. તે સ્વયંસેવક મંડળમાં દાખલ ન થઈ શકે, તે જેલ જવા લાયક નથી. તેના જેલ જવાથી, મરવાથી સ્વરાજપ્રાપ્તિ નથી. તેના જેલ જવાથી આ સલ્તનત નાબૂદ થાય એ ભલે સંભવે, પણ તેમ થાય તો આ સલ્તનતથી પણ બૂરી સલ્તનત પેદા થવાની.

પણ આ સલ્તનત કરતાં બૂરી સલ્તનતની કલ્પના મારા મનમાં નથી આવી શકતી. તેથી હું માનું છું કે ઉપલી શરતો વિના જેલ જવાથી સ્વરાજ મળે નહીં. જેલ જવાથી, મારપીટની બરદાસ કરવાથી એક પ્રકારની નિર્ભયતા આવી જાય છે ખરી, પણ કેવળ નિર્ભયતાથી જ સ્વરાજ ન મળે. નિર્ભયતાની સાથે જ્ઞાનવિવેક હોય તો જ જેમ મોક્ષ મળે તેમ જ નિર્ભયતાની સાથે સ્વરાજની શરતોનું જ્ઞાન ને પાલન હોય તો સ્વરાજ મળે. લછમનસિંગ[૧] ને તેના સાથીઓને મારનાર મરણિયા હતા. પણ તેઓને કોઈ સ્વરાજવાદી નથી ગણતા. એવા મરણિયાને એકઠા કરવાથી આપણને સ્વરાજ નહીં મળે. અને જે મળી શકે એવું ઘડીભર કલ્પી શકાય તે તો તેમનું રાજ્ય હોય. એવા રાજ્યથી ખરો અસહકારી દૂર ભાગે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૨–૧૯૨૨

## ૧૬૦. સરકારી જવાબ

વિષ્ટિપત્રનો[૨] જવાબ[૩] સરકારે વાળ્યો છે તે દુ:ખ ઉપજાવનારો છે. ક્યાંય પશ્ચાત્તાપ નથી. ક્યાંય ભૂલની કબૂલાત નથી. પણ અથથી તે ઇતિ સુધી સરકારે નિર્દોષતાનો દાવો કર્યો છે ને અસહકારીને દોષિત પુરવાર કરવા પ્રયત્ન કર્યો છે.

એ ઉત્તર વાંચ્યા પછી મને બે વિચાર આવ્યા. કાં તો ઇરાદાપૂર્વક તેમાં જૂઠું લખવામાં આવ્યું છે અથવા તો ઉત્તર ઘડનારાઓને અમલદારો પર એટલો બધો વિશ્વાસ છે કે તેઓ ભૂલ કરે એવું તેઓ માનતા જ નથી. મનુષ્યજાતિના માનને ખાતર પણ પહેલો વિચાર મેં રદ કર્યો છે ને બીજો માનું છું.

૧. જુઓ પુસ્તક ૧૯, પા. ૩૭૪–૭.
૨. જુઓ "ના. વાઇસરૉય જોગ", ૧–૨–૧૯૨૨.
૩. જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

બંને ભયંકર છે. માણસ ઈરાદાપૂર્વક જૂઠું જ બોલે ને કરે, અથવા પોતાનો દોષ જોઈ જ ન શકે ને પોતે નિર્દોષ જ છે એવી મિથ્યા ભ્રમણામાં રહે, એ બંને દોષથી બચવું જોઈએ.

હું પાછલા પ્રકારનો દોષ માનું છું કેમ કે મને લાગે છે કે માણસ અજાણપણે ભૂલો વધારે કરે છે. અસહકારીને જેમ પોતાની ભૂલ જોવામાં નથી આવતી તે જ પ્રમાણે સરકારને વિષે પણ કેમ ન માનીએ? આપણો ધર્મ તો એ છે કે આપણા દોષો જોવા આપણે સૂક્ષ્મદર્શક યંત્ર વાપરીએ ને પારકાના દોષો જોવા આપણે દૂરબીન વાપરીએ ત્યારે જ માંડ દેખાય. આ ધોરણનો સ્વીકાર કરે તે નરનારી કે સમાજ સદાય સુખી રહે. પોતાના દોષો પહાડ જેવા માને તેને બીજાની ભૂલો કાઢવાનો સમય જ થોડો રહે છે. એટલે પછી મનુષ્યને પોતાને દોષે જ દુ:ખી થવું રહ્યું, ને સ્વભાવથી જ તે દુ:ખી થવા ઇચ્છતો નથી તેથી તે પોતાના પહાડ જેવા લાગતા દોષોને જલદી દૂર કરશે.

હું ઉપરના નિયમને જ અનુસરવા ઇચ્છું છું ને સરકારના દોષો જોવા સારુ આંખ આગળ દૂરબીન રાખવા ઇચ્છું છું. દૂરબીનનું એક લક્ષણ વાંચનારે યાદ રાખવું. દૂરબીન આપણને છેટે રહેલી જ વસ્તુઓ ને તે પણ ઝાંખી ને નાની જ બતાવે છે, એટલું જ નહીં પણ નજીકની તો બિલકુલ જોવા જ નથી દેતું. સરકારની નજીવી ભૂલો મેં સદાય જતી કરી છે એમ મને ખબર છે. પણ હવે તો સરકારે હદ કરી છે. આ ઉત્તરથી સરકારે કેટલીક ભૂલોને ગુણ તરીકે ગણાવી છે ને જે ભૂલોને ગુણ તરીકે ગણાવવાનું બની જ ન શકે, તેને વિષે આંખ આડા કાન કર્યા છે. જેમ કે સભાબંધીની ને વાચાબંધીની નોટિસો કાઢી છે તે બાબતમાં સરકાર એમ લખે છે કે અસહકારીની બદમાશીને લઈને જ તે બંધી કરવી પડી. જોકે સાચી હકીકત એ છે કે એવો એક પણ પુરાવો સરકાર તરફથી હજુ નથી મળ્યો કે જેને સારુ એવી બંધીની જરૂર પડે. પણ આ બંધી વિષે કંઈક પણ દલીલ તો થઈ શકે એમ હતું, તેથી તે દોષને ગુણ તરીકે ઓળખાવ્યો. પણ લૂંટનો, મારપીટનો, ખાદી બાળવાનો, રાતના મહાસભાની ઑફિસોમાં ધાડો પાડવાનો બચાવ તો કઈ રીતે થઈ શકે? લોકો તરફથી ગમે તે ગુનો થાય તોયે કંઈ સરકારી અમલદારોથી ગેરકાયદેસર લૂંટ કે મારપીટ થઈ શકે? તેથી એ વાતોને સરકારે ઉડાવી જ દીધી છે. એ જ પ્રમાણે ઉત્તરમાં અતિશયોક્તિ અથવા મૌનની નીતિ બીજી ગંભીર વાતો બાબત ધારણ કરવામાં આવી છે. તેના પૃથક્કરણમાં હું વાંચનારનો વખત રોકવા નથી ઇચ્છતો. જવાબ તો મળવાનો જ હતો, તેમાં કંઈ ભારે વસ્તુ નહીં હોય એમ પણ હું માનતો હતો. પણ જે બેશરમી તેમાં જોઉં છું તેને સારુ તો હું તૈયાર જ ન હતો. હું માનતો હતો કે તેમાં કંઈક તો શાંતિ વિનીત પક્ષને આપવામાં આવશે. પણ તેમને પણ કોરે જ મૂકવામાં આવ્યા છે ને અસહકારીઓને સારુ તો જેમ ચાલે તેમ છે જ. સમજુને સારુ તો સરકારની અસ્પૃશ્યતાને સારુ સરકારના આ ઉત્તર કરતાં બીજો કયો પુરાવો હોઈ શકે?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૨–૧૯૨૨

Gandhi Heritage Portal

# ૧૬૧. ગોરખપુરનો ગુનો

ગોરખપુર જિલ્લો ઘણું કરીને સહુથી મોટો જિલ્લો છે. તેમાં તેજી માણસો વસે છે. છાપામાં જે ખબરો આવેલ છે તે બતાવે છે કે ત્યાંના લોકોએ પોતાની તેજી ઊંધે રસ્તે બતાવી છે. તેઓએ એક પોલીસથાણું બાળ્યું;[1] એકવીસ નિર્દોષ સિપાઈઓને માર્યા, તેમનાં મુડદાં બાળ્યાં, તેમાં સબ-ઇન્સ્પેક્ટરનો એક જુવાન છોકરો પણ હણાયો. છાપામાં છપાયેલી હકીકત પ્રમાણે તેઓ એક ગુજરી ચાલી રહી હતી તે રોકવા ગયા હતા. પ્રથમ થોડા માણસો ગયા તેને કાઢી મૂકવામાં આવ્યા. એટલે એક મોટું ટોળું ગયું! આમાં સ્વયંસેવકો પણ હતા.

મારે સારુ ને પ્રત્યેક સમજુ અસહકારીને સારુ આ નીચું જોવડાવનારો બનાવ બન્યો છે. બીજા ખબરો પણ એવા છે કે શાંતિને વિષે તે આપણને શંકિત કરે છે.

બારડોલીના શુભ આરંભને સારુ આ અપશુકન છે. શાંતિના અને અશાંતિના એમ બે પ્રયોગ સાથે ન જ ચાલે. જો લોકોને અશાંતિના પ્રયોગ કરવા હોય તો શાંતિમય પ્રયોગ કરનારે જુદો માર્ગ લેવો પડશે. શાંતિના પૂજારીઓએ આ અશાંતિ પૂજતી સરકાર તેમ જ તેને પૂજનારી પ્રજા બંનેની સાથે અસહકાર કરવો જોઈશે.

જો આ ગોરખપુરના જિલ્લાના લોકોને લડતની સાથે સંબંધ ન હતો તો અસહકારીઓએ ધાર્યું હતું તેના કરતાં પોતાની અસર ઘણી ઓછી પહોંચાડી છે એમ આપણે કબૂલ કરવું પડશે. દરેક શુભ પ્રસંગે આવાં વિઘ્ન આવી જ પડે છે. આપણા માણસો મરે છે ત્યારે મારી છાતી થડકતી નથી અથવા થડકે છે તો હું તેને દબાવી શકું છું. પણ જ્યારે એક પણ સહકારીનું ખૂન થાય છે ત્યારે હું શરમાઉં છું ને આપણી ઉન્નતિને વિષે મને ભય પેદા થાય છે. શાંતિને જ માનનારા દરેકની એ જ સ્થિતિ થવી જોઈએ.

આ હું મુંબઈ જતાં લખી રહ્યો છું.[2] ભારતભૂષણ પંડિત માલવિયાજીનો બોલાવ્યો હું ત્યાં જાઉં છું. કારોબારી સમિતિની સભા બારડોલી બોલાવી છે તે શનિવારે[3] મળશે. વાંચનારને હાથ આ લખાણ રવિવારે આવશે. હું પોતે સામુદાયિક સવિનયભંગ મુલતવી રાખવાની જવાબદારી માથે લેવા નથી ઇચ્છતો તેથી સમિતિની સાથે મસલત કરવા ઇચ્છું છું.

મારો ધર્મ અડગ છે. તેની કસોટી આવે જ સમયે થઈ શકે. જ્યાં લગી હું શાંતિની વૃદ્ધિ જ જોયા કરું ત્યાં લગી તો હું અનેક જોખમો ઉઠાવવા તૈયાર છું. પણ જ્યારે હું એમ જોઉં કે મારી પ્રવૃત્તિનો ગેરઉપયોગ બીજા કરી લે છે ત્યારે મારાથી એક ડગલું પણ ન ચલાય.

ગોરખપુરથી વધારે ખબરની રાહ હું જોઈ રહ્યો છું. મારા ઉદ્‌ગારો હું વાંચનારની પાસે રજૂ કરું છું કેમ કે હું પ્રત્યેક વાંચનારની મદદ ઇચ્છું છું. આ સંગ્રામ નવા પ્રકારનો છે. જેઓ શાંતિને માનનારા છે તેમણે પોતાના આત્માને તપાસતા થઈ જવું પડશે. તેમણે કેવળ શાંતિનો ફેલાવો કરવો પડશે. આ લડત વેર વધારવાની નથી, પણ વેર મટાડવાની છે. આ લડત મનુષ્યને નોખા પાડવાની નથી પણ એકત્ર લાવવાની છે. આ લડત મિશ્રિત નથી પણ સારાસારને વિવેકપૂર્ણ જાણવાની છે ને તેને નોખા પાડવાની છે.

૧. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૪થીએ.
૨. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૮મીએ; જુઓ "ડૉ. એમ. એસ. કેળકરને પત્ર", ૮-૨-૧૯૨૨.
૩. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૧મી.

Gandhi Heritage Portal

ગોરખપુર જિલ્લાના લોકોના પાપને સારુ હું તો સૌથી મોટો જવાબદાર છું. પણ દરેક શુદ્ધ અસહકારી પણ જવાબદાર છે. તેનું સૂતક આપણે બધાએ પાળવું જોઈશે. પણ વધારે વિચાર તો વધારે ખબર પડચે જ થઈ શકે. ઈશ્વર હિંદુસ્તાનની ને અસહકારીઓની લાજ રાખો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૨–૧૯૨૨

## ૧૬૨. મારી નોંધ

### વિશ્વાસપાત્ર સેવક કેમ ?

એક સભ્ય લખે છે,

> તમે ના. વાઈસરૉયના પત્રમાં સહી કરતાં "વિશ્વાસપાત્ર સેવક અને મિત્ર" એમ લખ્યું છે. હું ઉમેદ રાખું છું કે "સેવક" શબ્દ ભૂલથી લખાયો હશે. તમે તો નહીં જ લખ્યો હોય.

મારી ઉમેદ છે કે આ સભ્ય જાણીને નારાજ તો નહીં થાય કે "સેવક" શબ્દ મેં ઈરાદાપૂર્વક લખ્યો છે. ના. વાઈસરૉયને હું એક મોટા હોદ્દાવાળા ઉમરાવ માનું છું ને તેમને લખવાની જે સભ્ય ભાષા હોય તેનો ત્યાગ કરવા હું નથી ઈચ્છતો. અસહકારનો અર્થ અસભ્યતા નથી. શાંતિમય અસહકાર એટલે તો સભ્ય અસહકાર થયો. અસભ્ય પુરુષને અસહકાર કરવાનો અધિકાર જ નથી. વળી જેની સાથે આપણે અસહકાર કરીએ તેની સાથે તો આપણે જાણીજોઈને વધારે વિનય વાપરીએ; એવા ભયથી કે રખેને તેને ઓછું લાગે ને તે એમ માની લે કે તેની જાત સામે આપણને કંઈ કિલ્મિષ છે. આ શાંતિમય અસહકારનું શાસ્ત્ર છે. તેથી અસહકારી તરીકે હું વાઈસરૉય સાહેબના પત્રમાં સભ્ય ભાષા વાપરવા બંધાયેલો હતો. "સેવક" શબ્દની સાથે "મિત્ર" શબ્દનો પ્રયોગ પણ જાણીજોઈને કર્યો. તેનો પ્રયોગ કરીને મેં સૂચવ્યું કે હું સેવક ખરો પણ ગુલામ નહીં. "સેવક" શબ્દનો પ્રયોગ કરતો છતો માણસ દુશ્મન હોઈ શકે. હું કોઈનો પણ દુશ્મન બનવા માગતો નથી એવો મારો ધર્મ મેં "મિત્ર" શબ્દ વાપરી પ્રગટ કર્યો. વળી "મિત્ર" શબ્દનો પ્રયોગ કરી મેં અંગ્રેજોથી નીચા રહેવાનો ઈનકાર કરી સરખાપણાની શરતે જ તેમની સાથે વ્યવહાર રાખવાનો મારો ઈરાદો જણાવ્યો. "વિશ્વાસપાત્ર" શબ્દનો ઉપયોગ કરી મેં મારો અહિંસાધર્મ સૂચવ્યો ને મારા તરફથી તેમને કે તેમની કોમને કદી દગો થવાનો સંભવ નથી એમ જણાવી તેમને અભયદાન કર્યું. આમ જોકે મારી સહીની સાથેનાં વિશેષણો સભ્યતાની રૂઢિને અનુસરનારાં છે છતાં તે બધાં ઈરાદાપૂર્વક સાર્થક છે.

### "નથી આવડતું"

એક જગ્યામાં શાહજાદાના સ્વાગતના બહિષ્કાર વિષે લખતાં એક મિત્ર લખે છે :[1]

આ આબેહૂબ ચિતાર છે. આ રીતે શાંતિ ન જ જળવાય. અત્યારે આપણી ઉન્નતિ ટકાવનાર આપણે પોતે જ છીએ. જેમ ઘણું જમનાર માણસ અપચો ન અટકાવી શકે તેમ ઘણું

૧. આ પત્ર અહીં આપવામાં આવ્યો નથી. સંવાદદાતાએ ફરિયાદ કરી હતી કે, શાંતિ જાળવવાની લોકોને હિમાયત કરનારા વક્તાઓ નિ:શંક રીતે સાચા દિલના હતા પરંતુ લોકોને એ પ્રમાણે કરવાનું સમજાવવા માટે યોગ્ય ભાષા જાણતા ન હતા.

Gandhi Heritage Portal

તીખું બોલનાર અશાંતિ ન અટકાવી શકે. ઘણું ખાનારને કંઈ અપચો ગમતો નથી તેમ તીખું બોલનારને પણ અશાંતિ ન ગમતી હોય ખરી. એમ છતાં બંને પોતપોતાની મર્યાદા ન સમજે અથવા ન જાળવે તો ધારેલું પરિણામ ન જ લાવી શકે. આપણામાં હજુ અશાંતિ કોઈ કોઈ જગ્યાએ ભરી છે તેનું કારણ એ છે કે આપણે હજુ તે અટકાવવાનો ઉપાય લીધો નથી. વિચારમાંથી વાચા ને વાચામાંથી કર્મ એમ એક પછી એક પરિણામ આવ્યા જ કરે છે. જો આપણે વિચારને ન અટકાવીએ, વાચાને ન રોકીએ તો પછી એ બંનેના પરિણામને રોકવાનો પ્રયાસ પણ મિથ્યા છે. તેથી જ મહાસભાના ઠરાવમાં આ વેળા સ્પષ્ટીકરણ કરવું પડે છે કે વિચારમાંથીયે આપણે અશાંતિને કાઢી નાખવી છે; જેમ મૌલાના બારીસાહેબ પોતાના એક કાગળમાં લખે છે કે પોતે વિચારમાં સુધ્ધાં અશાંતિને આવવા નથી દેતા. મહાસભાનો એવો હુકમ છે અથવા ગાંધી આમ કહે છે એ કહેવું બસ નથી. આપણો પોતાનો વિચાર પણ એવો હોય ત્યારે જ આપણને તે વસ્તુને પોષનારી દલીલો મળે.

વળી જેણે માન આપનારાઓને "ગધેડા" "વાંદરા"નાં ઉપનામો આપ્યાં તેણે તો ચોખ્ખી વાચાની અશાંતિ કરી, ગાળ દીધી, પોતાનો રોષ પ્રદર્શિત કર્યો; તેણે તો પોતાની પ્રતિજ્ઞાનો ભંગ જ કર્યો. તેણે સભ્યતા છોડી. આપણા પ્રતિસ્પર્ધીને, આપણા વિરોધીને, આપણે એવાં વિશેષણો કદી ન લગાડીએ. આપણી ભાષામાં શાંતિ હોવી જ જોઈએ. સરઘસમાં જાય તેના નીકા ફોક થાય એમ કહેવું એ તો સજા સૂચવ્યા બરોબર થયું. એ જ વાક્યને માનીને બધી ઓરતો જે મરદો સન્માન કરવા ગયા હોય તેમનો ત્યાગ કરે તો હિંદુસ્તાનની શી ગતિ થાય? એ તો ચોખ્ખો બળાત્કાર જ થયો.

આપણા વિચારો બદલાય કે તુરત તે જ વિચારો આપણા હમેશના સાથી કબૂલ ન કરે, તે ન સમજે, એટલે તેમનો ત્યાગ કરવો એ ન્યાય કેવળ જંગલી જ કહેવાય. એ પ્રમાણે તો સંસાર એક ક્ષણ પણ ન ચાલે. વિચારવિરોધ છતાં આપણે મિત્રતા રાખવી છે. એમ ન હોય તો હિંદુમુસ્લિમ એકતાનો અર્થ જ શો રહ્યો? હિંદુના વિચારોમાં ને મુસલમાનના વિચારોમાં કેટલો બધો તફાવત છે? એક ધર્મ સમજી પૂર્વ ભણી મોઢું કરી ભજે છે, બીજો પશ્ચિમ ભણી; એક શિખા રાખે છે તો બીજો દાઢી રાખે છે. તેમ છતાં બંને એકબીજાને માન આપે છે, એકબીજાનું સહન કરે છે; એકબીજાની ઉપર બળાત્કાર નથી કરતા. અને જો હિંદુમુસલમાને એ પ્રમાણે વર્તવાની ખરી પ્રતિજ્ઞા લીધી હોય તો આજકાલના અસહકારીઓ સહકારીઓની ઉપર કેમ બળાત્કાર કરી શકે? અથવા જો અસહકારીઓ સહકારીઓ પર બળાત્કાર કરે તો એટલું ચોક્કસ છે કે અસહકારી હિંદુ અસહકારી મુસલમાન સાથે જરૂર લડવાના. તેથી જ્યાં સુધી અસહકારી સહકારીને મિત્રભાવે જીતી લેવાનો નિશ્ચય નહીં કરે ત્યાં લગી હિંદુમુસલમાનના શુદ્ધ ઐક્યને હું અસંભવિત ગણું છું.

### નવજીવનનો વિરોધ

એક નવજીવનના શોખી વેરાવળથી લખે છે:[1]

નવજીવનનો, ખાદીની ટોપીનો કાઠિયાવાડમાં વિરોધ સમજવો મુશ્કેલ છે. પણ રા. અમૃતલાલ ઠક્કરને[2] વેરાવળમાં વીતેલી જેને યાદ છે તેને ઉપરના બનાવથી આશ્ચર્ય થવાનું નથી. કાઠિયાવાડમાં

૧. આ પત્ર અહીં આપ્યો નથી.

૨. ૧૮૬૯–૧૯૫૧; હિંદ સેવક સમાજના એક સભ્ય અને દલિત વર્ગો અને આદિવાસીઓના પ્રશ્નોમાં ખાસ રસ લેતા આગેવાન કાર્યકર્તા.



Gandhi Heritage Portal

નવજીવનનો ફેલાવો એ શુદ્ધ વિચારનો ફેલાવો હું તો સમજું છું. ખાદીની ટોપી, ખાદીનો પહેરવેશ કાઠિયાવાડની આબાદીની નિશાની છે. છવ્વીસ લાખની વસ્તી જો દર વર્ષે સરેરાશ અઢી રૂપિયાનું કાપડ પહેરે ને તેટલાની ખાદી કાઠિયાવાડમાં બનાવે તો કાઠિયાવાડમાં પાંસઠ લાખ રૂપિયા બચ્યા. કાઠિયાવાડી ઘરોમાં એટલા રૂપિયા દર વર્ષે રહેતા જાય તો કાઠિયાવાડની આર્થિક સ્થિતિ કેટલી આગળ વધે તેનો ખ્યાલ દરેક જણ પોતાને સારુ કરી શકે છે. આટલા હિસાબમાંથી બીજા આંકડાઓ પણ એવા જ સંતોષકારક ઘટાવી શકાય છે. દરેક કુટુંબના પાંચ માણસ ગણીએ તો તે કુટુંબની કમાણી દર વર્ષે સાડા બાર રૂપિયા વધી. સરેરાશ હિસાબ કાઢતાં આપણે જાણીએ છીએ કે દરેક માણસના કંઈ તેને ભાગે આવતા રૂપિયા નથી બચતા પણ તેટલો લાભ આખા સમુદાયને મળે છે. તેનો અર્થ તો એ થયો કે એ પાંસઠ લાખ રૂપિયાનો લાભ કાઠિયાવાડનાં ગરીબ કુટુંબો જેમને પૈસાની જરૂર છે, જેને સાંકડમાં રહેવું પડે છે, તેમને મળે; અથવા તેનો બીજો અર્થ એ રીતે કરાય કે પાંસઠ લાખ રૂપિયાનો ઢગલો કાઠિયાવાડિઓની પાસે નિરંકુશ પડયો છે તેમાંથી જેને જેટલું લૂંટવું હોય તેટલું લૂંટે. એમ છતાં એ લૂંટ તો સભ્ય લૂંટ બની. અને એ રૂપિયાની વહેંચણી રેંટિયા મારફતે કરવાની રહી, તેથી એ રૂપિયા કેવળ જેને જરૂર છે એવાં ગરીબ ઘરોમાં જ જાય. આવી શુભપરિણામી ખાદીનો, ને ખાદીનો, શાંતિનો, સત્યનો પ્રચાર કરનાર નવજીવનનો વિરોધ થાય એ કાળની બલિહારી છે. આવી અટકાયતનો ઉત્તર કાઠિયાવાડમાં એક જ હોવો જોઈએ. તે એ કે બધા કાઠિયાવાડી ખાદીનો જ ઉપયોગ કરતા થઈ જાય. તેમ થાય તો પૉર્ટ કમિશનર સાહેબને ખાદીનો અટકાવ કરવો ભારે પડે. અને નવજીવનની ઊપજ કેવળ સાર્વજનિક કામમાં જ વપરાય છે તેથી નિષ્પક્ષપાતે એમ પણ કહી શકું કે દરેક લખીવાંચી જાણનાર નવજીવન મંગાવતા થઈ જાય તો વેરાવળમાં થતો અટકાવ પણ અટકી જાય. જ્યાં અમુક વસ્તુ ઘણા માણસો કરતા થઈ જાય છે ત્યાં તેનો અટકાવ બંદૂકથી પણ કરવો તદ્દન નહીં તો અવશ્ય લગભગ અશકય થઈ પડે છે.

## રાષ્ટ્રીય શાળાઓ વિષે

રાષ્ટ્રીય શાળાઓ વિષે એક ગૃહસ્થ ચેતવણી આપે છે કે "પ્રાથમિક શાળાઓ તરફ ધ્યાન ઘણું ઓછું અપાય છે. જો આ શાળાઓને રાષ્ટ્રીય બનાવ્યા પછી કંઈ પણ પ્રયત્ન નહીં થાય, બાળકો રખડશે, તો માબાપો થાકીને છોકરાંને ખેંચી લેશે અને કદાચ સરકારના ખોળામાં પાછાં મૂકશે." આ વાતમાં ઠીક વજૂદ છે એમાં શક નથી. મોટા વિદ્યાર્થીઓ જે પોતાની જવાબદારી સમજનારા છે તેમાં ને કેવળ સાત દસ વર્ષનાં બાળકો વચ્ચે ઘણો મોટો ફરક છે. કુમળાં બાળકોની કેળવણીનો પ્રબંધ તો તુરત જ થવો જોઈએ. જે જગ્યાઓમાં સવિનયભંગ નથી ચાલતો ત્યાં તો લોકોએ આવી વસ્તુઓ તરફ ધ્યાન ન આપવાનું કશું કારણ પણ નથી. ત્યાં સવિનયભંગની તૈયારીનું જ આ તો અંગ છે કેમ કે સવિનયભંગની લાયકાત ધાંધલથી નહીં પણ કાર્યથી મળે છે. સવિનયભંગની તૈયારી એટલે ખાદીનો પ્રચાર, રેંટિયાનો પ્રચાર, સૂતરનું વજન ને તેના ગુણ વધારવા, વણકરો વધારવા, પૂણીઓમાં સુધારો કરવો, શરાબ નાબૂદ કરવો, રાષ્ટ્રીય શિક્ષણ પાકું કરવું, અસ્પૃશ્યોની સાથે સંબંધ જોડવો; આમ અનેક રચનાત્મક કે ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિઓ વધાર્યા કરવી. તેમાંથી જ સવિનયભંગની શક્તિ આવે છે. જ્યાં સવિનયભંગ નથી ચાલતો ત્યાં આવી પ્રવૃત્તિઓ ઘણા વધારે વેગથી ચાલવી જ જોઈએ. તે જ પ્રમાણે મહાસભાની સંસ્થાઓને મજબૂત કરવી જોઈએ. સભાસદો નોંધવાનું ને ચાર આના ઉઘરાવવાનું કામ તો ઘણા જ વેગપૂર્વક ચાલવું જોઈએ. ગામોગામ મહાસભાની ઑફિસ સ્થાપવી જોઈએ

Gandhi Heritage Portal

ને તેમાં પાંચ અમલદારો નિમાઈ જવા જોઈએ. આ બધું કામ ન થતું હોય તો આપણે કદી સર્વત્ર સવિનયભંગને સારુ તૈયાર થવાના જ નથી.

તેથી હું આશા રાખું છું કે પ્રાંતિક સમિતિ તરફથી પ્રત્યેક સ્વયંસેવકોને પોતાના કામની સૂચના મળી જશે.

## શરીરસંપત

જે ગૃહસ્થ પ્રાથમિક શાળાની ચેતવણી મોકલે છે તે જ શરીરરક્ષા વિષે પણ લખે છે. તેમના વિચાર પ્રમાણે બ્રહ્મચર્યનાં શારીરિક ફળો વિષે ને વ્યાયામ વિષે મેં ખરું નથી લખ્યું. લખનાર સુરતના છે. તે જણાવે છે કે સુરતના લોકોને હોંશ તો ઘણીયે થાય છે, પણ શરીરે નબળા હોવાથી તેઓ જેલ, દુ:ખ વગેરે સત્યાગ્રહીઓને પડતાં કષ્ટો બરદાસ કરવા તૈયાર ન થઈ શકે. તેઓ મારની શી બરદાસ કરવાના હતા?

આ સાવચેતી તો ખરી જ છે. પણ બ્રહ્મચર્યનો વિષય જ એવો છે કે તે બાબત વારંવાર લખવું મુશ્કેલ છે. વળી મારી માન્યતા છે કે બ્રહ્મચર્યનો ઉપયોગ કેવળ શરીર અર્થે ન જ થાય. એ તો રૂપિયાને પાઈને દામે વટાવી નાખવા જેવું થાય. મેં એમ માની જ લીધું છે કે જે સ્વરાજનાં બીજાં અંગને વધારવામાં રોકાશે તેને બ્રહ્મચર્યની આવશ્યકતા સહેજે જ જણાઈ આવશે.

એમ છતાં બ્રહ્મચર્યની ઉપર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે. બ્રહ્મચર્યનું પાલન નહીં કરનાર વ્યક્તિ મનુષ્ય મટે છે, એટલું જ નહીં પણ તે પશુયે નથી બનતો. પશુ તો સ્વભાવે બ્રહ્મચર્યનું પાલન કરે છે. તેને સ્વાદ નથી ને તેને ઇંદ્રિયોનો વિલાસ નથી. પશુ મર્યાદિત રહે છે. એટલે બ્રહ્મચર્યનું પાલન નહીં કરનારને ઘણી વેળા પશુની ઉપમા આપવામાં આવે છે એમાં પશુનું અપમાન રહેલું છે. બ્રહ્મચર્યનું ખંડન કરનાર પુરુષ છેવટે નપુંસક બને છે. ને તેથી જ આપણે છાપાંઓમાં આપણી શરમની નિશાનીરૂપે વીર્યવર્ધિની દવાઓની અંગ્રેજી ગુજરાતી બંને ભાષાઓમાં મોટી જાહેર ખબરો જોઈએ છીએ. એવડી મોટી જાહેર ખબરો પોષાય છે એ જ આપણું દુર્દૈવ સૂચવે છે. બ્રહ્મચર્ય એ મનુષ્યજાતિનો પણ સ્વભાવ જ હોવો જોઈએ. આત્માનો તો છે જ. બ્રહ્મચર્ય નહીં પાળનારનો આત્મા મૂર્છિત છે. જાગ્રત આત્માવાળો પોતાના શરીરનો અતિશય મેલો ને દુ:સહ પરિણામ લાવનારો ઉપયોગ કદી ન કરે.

ઉન્નત વિચારમાત્રથી બ્રહ્મચર્યનું પાલન તદ્દન શકય ને સહેલું છે. વાંચનાર ઘડીભર અંતરીક્ષમાં શાંત ચિત્તે વિચારે ને બ્રહ્મચર્યખંડનની મલિનતાનો પૂરો ચિતાર પોતાની આંખ આગળ ખડો કરે તો તેને ચીતરી નહીં ચડે? પણ જ્યારે મનુષ્યને મેલા વિચાર આવે છે ત્યારે તે ઘેલો બને છે; તે શરાબ પીધા વિના મૂર્છિત થાય છે ને બેભાન સ્થિતિમાં મેલી ક્રિયામાં સુખ માને છે, ને ક્ષણિક સુખ ભોગવ્યા પછીનો કડવો અનુભવ ભૂલી જઈ પાછો તેનો તે જ બને છે.

બ્રહ્મચારી દુર્બળ હોય જ નહીં. તેનું મન, તેનું શરીર, તેનો આત્મા ધાર્યું કામ આપે છે. બ્રહ્મચારીને પશુબળની આવશ્યકતા નથી. ઘણા એમ માનતા જણાય છે ખરા કે બ્રહ્મચારી એટલે પશુબળવાળો. બ્રહ્મચારીમાં શારીરિક કષ્ટની બરદાસ કરવાની અપરિમિત શક્તિ હોય છે. બ્રહ્મચારીનું શરીર થાકતું જ નથી એમ કહીએ તો ચાલે. એવા બ્રહ્મચારી જવલ્લે જ જોવામાં આવે છે.

બ્રહ્મચારીને વ્યાયામ સામાન્ય હોય છે. તેને ખુલ્લી હવાની પૂરી જરૂર છે. આપણને ખુલ્લી હવાનો શોખ જ નથી હોતો. મેલી હવાથી શરીર જેટલાં નબળાં થાય છે તેટલાં નબળાં ભાગ્યે

Gandhi Heritage Portal

બીજી બાહ્ય અસરોથી થતાં હશે. જેને શરીરને કસરત મળે એવો ધંધો નથી તેવા જુવાનોને અવશ્ય હમેશાં બે કલાક ફરવા જેટલી ઓછામાં ઓછી કસરત જોઈએ જ. સામાન્ય ચાલે, ટટાર શરીરે, દૃષ્ટિ ભોંય ભણી રાખીને શાંત ચિત્તે એકાંત સ્વચ્છ સ્થાનમાં ચાલતા જવું. તે દરમ્યાન જેમ ફેફસાં સ્વચ્છ હવાથી સાફ થતાં જાય તેમ સ્વચ્છ વિચારોથી હૃદયના અને મગજના મેલો જો મનુષ્ય કાઢતો જાય તો તે શરીરે ને મને બળવાન થાય જ. બ્રહ્મચારી મિતાહારી જ નહીં પણ અલ્પાહારી પણ હોવો જ જોઈએ. તેનું શરીર પ્રવૃત્ત રહેતું છતાં ઓછામાં ઓછું ક્ષીણ થાય છે, તેથી તેને ઓછામાં ઓછા ખોરાકની જરૂર પડે છે. ખોરાકમાં મસાલા અને મિષ્ટાન્નનો ત્યાગ આવશ્યક છે. જેને આપણે ભારે ખોરાક કહીએ છીએ તે ત્યાજ્ય છે. જેને માનસિક કામ ઘણું છે તેને કઠોળ વેરી છે. ઘઉં, દૂધ અને કાંઈક લીલોતરી ને બને તો લીલું ફળ એ ઉપરાંત ભાગ્યે જ બીજી વસ્તુની જરૂર હોય.

પણ હું જાણું છું કે મેં ધારેલી મર્યાદાની બહાર હું ચાલ્યો ગયો છું. બ્રહ્મચર્યને લગતા ઘણા વિષયો રહ્યા છે કે જે એ નોંધમાં ન સમાવાય. પણ જેઓ આ વૃત્તિને ધાર્મિક દૃષ્ટિએ જોઈ રહ્યા છે તેવાં ભાઈબહેનોને કંઈક મદદગાર થઈ પડે તેવા હેતુથી મેં પેલા સુરતના ગૃહસ્થની સૂચનાને અંગે ઉપરના વિચારો જણાવ્યા છે.

## કામદાર અને ફાજલ

મહાસભાએ સ્વયંસેવકના બે વિભાગ પાડયા છે. “ઍક્ટિવ” એટલે કામદાર અને “રિઝર્વ્ડ” એટલે ફાજલ. આના અર્થમાં કંઈક ગેરસમજૂતી જણાય છે. કોઈ એમ માનતા જણાય છે કે “ઍક્ટિવ” કામદાર એટલે ભાષણ કે ધાંધલ કરનાર, એકથી બીજે ગામ ફરનાર, અને “રિઝર્વ્ડ” એટલે રેંટિયો કાંતનાર.

આ તો અર્થનો અનર્થ થયો કહી શકાય. કામદારવર્ગનો અર્થ એ છે કે જે સ્વયંસેવક પોતાનો બધો વખત મહાસભાને આપી શકે ને આપે. ફાજલવર્ગ એ કે સ્વયંસેવક થવાને સરકાર ગુનો ગણે છે તેટલા સારુ જ જે ખસૂસ કરીને ભરતીમાં પોતાનું નામ નોંધાવે પણ ખરેખર કામ પર ચડવાની આશા ન રાખે, છતાં જ્યારે કેવળ જેલમાં જ જવાને સારુ પકડાવું હોય ત્યારે પકડાવાને સારુ નીકળી પડે. એટલે ફાજલવર્ગ પોતાની આજીવિકાનું કામ કર્યા કરે અને જરૂર પડયે જેલમાં જવા સારુ નીકળી પડે. કામદારવર્ગ તો જેલ જવાનું હોય યા ન હોય તોપણ મહાસભાના કામ સારુ પોતાને અર્પે કાં તો તેની પાસે પોતાના ભરણપોષણ જોગા પૈસા હોય અથવા મહાસભાને જરૂર જણાય તો તેને પૈસા આપીને રોકે. આ “ઍક્ટિવ” કામ કરનાર વર્ગ જરૂર જણાય ત્યારે ભાષણ વગેરેના કામને સારુ પણ નીકળે ખરો. પણ તેને કંઈ ખાસ કામ ન સોંપવામાં આવ્યું હોય ત્યાં લગી તે સૂતર કાંત્યા કરે, રૂ પીંજ્યા કરે કે ખાદી વણ્યા કરે. છેલ્લી બે ક્રિયાઓ કરે યા ન કરે પણ કાંતવાનું તો તેણે કરવું જ જોઈએ. દિલ્હીમાં થયેલા ઠરાવમાં[1] તે ફરજિયાત ગણવામાં આવ્યું છે. અને મહાસભાની રચનાત્મક પ્રવૃત્તિ તો મુખ્યત્વે કાંતવા-કંતાવવાની રહેલી છે. તેથી એ ક્રિયામાં જેટલી નિપુણતા મહાસભાસેવકો ને નાયકો મેળવે એટલો પ્રજાને લાભ જ છે. એ બે બાબતમાં ચાલાકી કરનારા સ્વયંસેવકોને વાંકે મહાસભાને બહુ ખમવું પડે છે. તેથી હજારો માણસોની રોજી અટકે છે. જો આપણને એ કામના માહિતગાર ઘણા માણસો મળી ગયા હોય તો જે સૂતર નીકળે છે તેની મજબૂતાઈ, તેની ઝીણપ,

૧. જુઓ પુસ્તક ૨૧, પા. ૩૬૯–૭૨.

Gandhi Heritage Portal

તેની એકતારતામાં સુધારો કરી શકાય. પણ એવા સ્વદેશીમાં એકતાન થયેલા માણસો, કાંતવાના શોખીન ને પ્રવીણ થયેલા સેવકો આપણી પાસે ઘણા જ થોડા છે એટલે મારી મતિ પ્રમાણે તો પ્રથમ કામ જ કામદાર સ્વયંસેવકે કાંતવાની પૂરી શક્તિ મેળવી લેવાનું ને તે શક્તિ મળ્યા પછી પોતાનો બધો બચતો વખત કાંતવાના કામમાં જ ગાળવાનું છે.

આપણામાં ગમે તેવી દુ:ખ સહન કરવાની શક્તિ આવે તે છતાં જો આપણે હિંદુસ્તાનની આર્થિક સ્વતંત્રતાની ચાવી નહીં પિછાની શક્યા હોઈએ ને તેનો ઉપયોગ નહીં કરીએ તો સ્વરાજના દરવાજા કદી ખૂલવાના નથી. જ્ઞાનપૂર્વક દુ:ખ સહન કરવાની શક્તિ આપણામાં આવવી જોઈએ. આપણે જેલ શા સારુ જવું છે એ જાણી લેવું જોઈએ. તેથી જ્યાં સુધી સ્વદેશીના કાર્યને વિષે આપણામાં પ્રામાણિકતા નથી આવી, તેનું મહત્ત્વ આપણે સમજતા નથી થયા ત્યાં લગી સ્વરાજની આશા જ ન રાખવી જોઈએ ને ત્યાં લગી આપણને સ્વરાજ લેવાનો હક નથી, તે ચલાવવાની આપણી શક્તિ નથી. કાંતવું-કંતાવવું એ આપણી મોટામાં મોટી પ્રવૃત્તિ છે એવો મારો દૃઢ વિશ્વાસ છે.

### અંત્યજો વિષે

જેમ ખાદી વિષે તેવું જ અંત્યજો વિષે. અસ્પૃશ્યતાનો નિકાલ ન આવે તો સ્વરાજ મળે જ કેમ? લેવાય કેમ? અંત્યજોની સરદારી ભોગવવાની જ્યાં સુધી આપણી ઇચ્છા છે ત્યાં સુધી આપણને આપણી તરફ ચાલતી વર્તણૂક બાબત ફરિયાદ કરવાનો અધિકાર નથી. ઈશ્વર તો આપણે જેવું કરીએ તેવું આપણને ભરી આપે છે. મનુષ્ય અશક્ત, અજ્ઞાની હોઈ ક્ષમા કરી ન્યાય કરે છે. ઈશ્વર સર્વશક્તિમાન ને સર્વજ્ઞ હોઈ ઘટતી સજા કરી ન્યાય કરે છે. જો એ બાબત આપણે પોતાને છેતરશું તો ઈશ્વર આપણને સ્વરાજરહિત રાખવાની યોજના જરૂર રચશે. તે વિષે એક નવયુવક ચેતવણી આપે છે, તેનો સાર તેની જ ભાષામાં નીચે આપું છું[1]:

### ગુજરાતના એક કવિ એશિયાના એક જ કવિને

કવિશ્રી નાનાલાલે[2] પોતાની નોકરી છોડી છે એ તો સહુ જાણતા થઈ ગયા છે. તેમણે નીચે પ્રમાણેનો કાગળ[3] કવિવર રવીન્દ્રનાથ ટાગોરને લખ્યો છે:

કવિશ્રી નાનાલાલે આ કાગળ કવિવરને ભલે લખ્યો. તેમણે નોકરી ભલે છોડી. તેઓ ભલે મધ્યસ્થ રહે. પણ આમ કાગળ લખ્યા પછી જ્યાં સુધી ઇચ્છિત ફળ નથી મળ્યું ત્યાં સુધી તેઓ નિરાંત ન વાળવાને, ન વળવા દેવાને બંધાયા છે કે નહીં એમ તેમને ગુજરાત તો પૂછશે જ. તેમનું પ્રથમ કાર્ય તો ગુજરાતના મધ્ય પક્ષને એકઠો કરવાનું છે.

### જાણવા જોગ પ્રશ્નો

"બારડોલીનો એક હિતચિંતક" એવું વિશેષણ પોતાની સહીને લગાડી પોતાનું નામ આપી એક ભાઈ પંદરેક પ્રશ્નો નિખાલસપણે પૂછે છે. સ્થળસંકોચને લીધે હું તે પ્રશ્નો નથી ટાંકતો. વાંચતાં પ્રશ્નો સહેલાઈથી સમજી શકાય તેવી રીતે ઉત્તર આપવા પ્રયત્ન કરીશ.

૧. સાર અહીં આપ્યો નથી.

૨. (૧૮૭૭–૧૯૪૯) ગુજરાતના એક અગ્રગણ્ય કવિ.

૩. આ કાગળ અહીં આપ્યો નથી. નાનાલાલ કવિએ એવું કહ્યું હતું કે સરકાર અને અસહકારીઓ વચ્ચેની લડાઈ અનિવાર્ય છે અને જેઓ આ લડાઈમાં તટસ્થ છે તેમની એ જોવાની ફરજ છે કે બંને પક્ષ સુધરેલી રીતે લડે.

Gandhi Heritage Portal

૧. હું જ્યારે પહેલો બારડોલી આવ્યો હતો ત્યારે મેં વધારે તૈયારીનું કહેલું. આ વેળા બે માસ પછી મેં તૈયારી સ્વીકારી લીધી, કેમ કે મેં બે માસ અગાઉ જોયેલું તે કરતાં વધારે કામ જોયું. અસ્પૃશ્યતાની બાબતમાં અહીં સહુથી વધારે તૈયારી જોઈ અને આ તાલુકામાં મને તોફાનનો ઓછામાં ઓછો ભય છે. વળી આ તાલુકાના કાર્યકર્તાઓ ઉપર હું મુગ્ધ છું.

૨. બીજા બધાના કરતાં આ તાલુકો બધી શરતોનું પાલન કરે છે એવી મારી ખાતરી છે. જે તાલુકાએ આમંત્રણ ન કર્યું હોય તેની તો વાત જ શા માટે કરવી?

૩. પ્રમાણમાં વધારેમાં વધારે લોકો હાથે કાંતેલાં કપડાં પહેરે છે.

૪. રેંટિયા એટલા પ્રમાણમાં ચાલે છે કે તાલુકાને હમેશાં જોઈતું સૂતર પૂરું પાડી શકે.

૫. પરદેશી કાપડ હવે તાલુકામાં ઘણું થોડું વેચાય છે. ઘરમાંનું લોકોએ કાઢી નથી નાખ્યું. હું દિલગીર છું કે તે સંઘરી રાખવામાં આવ્યું છે.

૬. ઢેડભંગીને અડકવામાં આ તાલુકાના થોડા જ માણસો હવે દોષ માનતા હશે.

૭. લોકો અસહકારનાં અંગોનું પાલન ઠીક કરે છે.

૮. દંભ, ડોળ, લુચ્ચાઈ, જૂઠ ઈત્યાદિ આ તાલુકામાં થોડાં છે એમ માનું છું. તેથી તો મેં તેને લડતને સારુ પસંદ કર્યો છે.

૯. સારામાં સારા કાર્યમાંયે કોઈને બળાત્કારે ખેંચવામાં મહાપાપ છે.

૧૦. મારી ઉમેદ છે કે થોડા જ માણસો મહેસૂલ ભરશે. તેમનો પણ તિરસ્કાર જો કોઈ અસહકારી કરે તો તે પાપ છે.

૧૧. બારડોલી નાનો તાલુકો છે, તેના લોકો અજાણ છે, રાજકીય વિષયો જાણતા નથી અને બકરીના જેવા રાંક છે એ જ એમનો ગુણ છે. આ લોકો વિવેકી છે. સારાસારને જાણે છે. સ્વાર્થપરમાર્થનો ભેદ સમજે છે. સમજુને મન આ લડાઈમાં કશો ભય નથી. બકરું કસાઈને ઘેર પોતાની મેળે નથી જતું; પણ બારડોલીનાં સ્ત્રીપુરુષો ભલે ભોળવાઈને કે શ્રાદ્ધાપૂર્વક પોતાની ઈચ્છાએ બળાત્કાર વિના જેલ જશે, માલ જપ્ત થવા દેશે, મરશે છતાં મનમાં ગુસ્સો નહીં આણે તો જગત તેઓને પૂજશે. તેઓ હિંદુસ્તાનને સારુ સ્વરાજ મેળવશે ને ઈતિહાસમાં અમર થશે.

૧૨. અમદાવાદ મારું મુખ્ય નિવાસસ્થાન તેમ જ ત્યાં ધન, ડહાપણ, ચતુરાઈ, વેપાર, સાહસ વગેરે ઘણું વધારે હોવા છતાં મેં બારડોલી જેવો તાલુકો પસંદ કર્યો છે તેમાં જ આ લડાઈની ખૂબી આવી જાય છે. જો બારડોલી જેવો નમ્ર અને રાંક તાલુકો ઠંડી હિંમત બતાવે તો જ સ્વરાજ મળે. આ લડત ગરીબોની છે, નિરપરાધીની છે. આ લડતમાં બકરી જેવા ગરીબ માણસને વાઘ જેવા બળિયા માણસોના ભયથી ઉગારવાનું છે. તે તો બારડોલી લડે ત્યારે જ થાય. અમદાવાદ કે મુંબઈની દોલત વગેરે છતાં ત્યાં હું નિર્ભયપણે ન લડી શકું. ત્યાં મને હમેશાં છેતરાવાનો ને તોફાનોનો ભય રહે. બારડોલીમાં હું નિર્ભય છું. બારડોલીથી હું છેતરાઉં તો મારું શું થાય તે તો ઈશ્વર જાણે.

૧૩. શ્રી વિઠ્ઠલભાઈએ સવિનયભંગ વિષે જે ભાષણ પૂર્વે આપેલું તે પોતાની અશ્રાદ્ધા નહીં પણ આશ્ચર્ય સૂચવવા આપેલું. તે ભાષણથી તેમણે આપણને સાવધાન કરેલા અને છેવટ

Gandhi Heritage Portal

લગી શાંતિ જાળવવા વિષે શંકા બતાવેલી, પણ હવે જ્યારે સવિનયભંગનો સમય આવી લાગ્યો છે ત્યારે તે ચલાવવામાં તેમને વાંધો શાને સારુ હોય?

૧૪. અસહકારને હું ભયંકર યુદ્ધ ગણતો નથી. તેમાં મોટાં શહેરોનાં માણસો લડી શકે તેના કરતાં ભોળા પણ શાંત ગામડિયા વધારે લડી શકે એમ મારી ખાતરી છે. જ્યારે દમનનીતિ શરૂ થાય ત્યારે લોકો બી જઈ નાસભાગ કરે તેમાં ભય કે હાંસી છે તેના કરતાં જેલથી નહીં નાસનારા પણ તોફાન કરનારા માણસોથી વધારે ભય ને ભય કરતાં પણ નામોશી વધારે છે. ભાગી જનારથી આપણે બાજી હારી નહીં જઈએ, પણ અશાંતિ કરનારથી તો આપણે ત્રાસ પામી છેવટે સ્વરાજની વાત જ ભૂલી જવાનો સંભવ હિંદુસ્તાનના વાતાવરણમાં રહેલો છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૨–૧૯૨૨

## ૧૬૩. દેવદાસ ગાંધીને પત્ર

મૌનવાર [ફેબ્રુઆરી ૧૨, ૧૯૨૨][૧]

ચિ. દેવદાસ,

તમારું ચિંતવન તો હમેશાં કરું છું, પણ તમને કાગળ લખવાની ફુરસદ નથી જ રહેતી.

તમારો તાર મળ્યો છે. મારો મુંબઈથી કરેલો મળ્યો હશે.

મેં આજથી અપવાસ શરૂ કર્યા છે તે શુક્રવારે સાંજે છૂટશે. એટલું કર્યા વિના કંઈ ચાલે? સરપના દરમાં હાથ નાખવો ને આ અવિનયમાં સવિનયભંગ કરવો એ બંને સરખું છે. મારા અપવાસથી તમે ન ગભરાશો. તમે તેની નકલ તો ન જ કરશો. જાણનારીને પીડ ભોગવવી હોય છે. બીજાઓ તો તેને મદદ જ કરે. મારે પણ અહિંસા ને સત્યધર્મને જન્મ આપવો છે, એટલે અપવાસાદિની પીડ તો મારે જ ભોગવવી હોય. તમે બધા તો તેને સારુ શુદ્ધિ કરો ને નિમાયેલું કામ કર્યા કરો. તમે તો કરો જ છો. આ પાપોમાં તમારો ભાગ તો છે જ નહીં.

ત્યાંથી મને ખબર બરોબર મોકલ્યા કરજો.

હરિલાલની સજા ઓછી નથી થઈ જાણી તમે રાજી થશો. મને એ નહોતું ગમ્યું.[૨] તે ત્યાં સુખી છે. માલવિયાજી કાલે મુંબઈ ગયા. વર્કિંગ કમિટીમાં હાજર હતા.

તમને નીચે પ્રમાણે તાર કરું છું:

"તમારો તાર મળ્યો. વર્કિંગ કમિટીએ સામુદાયિક સવિનયભંગ તેમ જ બીજી હુમલાની નાની પ્રવૃત્તિઓને અચોક્કસ મુદત સુધી મોકૂફ રાખી છે. શુક્રની સાંજ સુધી અપવાસ કરું છું—પ્રાયશ્ચિત્ત તરીકે અને મોં પર મારું નામ રાખી જેમણે પશુની પેરે સિપાઈઓને રેંસ્યા તેમને ચેતવણી તરીકે. અત્યાચારીઓને આગ્રહની સલાહ છે કે ગુનો કબૂલ કરી સત્તાવાળાઓને

૧. ચૌરીચૌરાની આફતના કારણે શરૂ કરેલા પાંચ દિવસના ઉપવાસ રવિવાર, ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૨મીથી શરૂ કરવામાં આવ્યા હતા.

૨. અગાઉ એવા સમાચાર મળ્યા હતા કે તેની સજા ઘટાડવામાં આવી હતી.

Gandhi Heritage Portal

સ્વાધીન થાય. તમે પોતે અપવાસ નહીં કરતા. ઉચાટ ન કરશો. કામ કરો ને ઈશ્વરની પ્રાર્થના કરો — બાપુ"

તમે નિયમસર તાર અને કાગળ લખ્યા કરજો. માલવિયાજી ત્યાં બે ચાર દિવસમાં પહોંચવા જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૭–૧૦–૧૯૨૩

## ૧૬૪. ઝહૂર અહમદને[1] તાર

[ફેબ્રુઆરી ૧૨, ૧૯૨૨ પછી][2]

તાર માટે આભાર. ગેરસમજ અનિવાર્ય. પણ ખુદા આપણી પડખે. લોકોના ટેકાને બદલે તેની પાસેથી તાકાત મેળવીએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

સેવન મન્થ્સ વિથ મહાત્મા ગાંધી, પા. ૨૩૫

## ૧૬૫. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

સોમવાર, ફેબ્રુઆરી ૧૩, ૧૯૨૨

રહેવાયું નહીં. શુક્રવારે સાંજે ઉપવાસ ખૂલશે. એથી ઓછું તો શક્ય જ ન લાગ્યું. આ ઓછામાં ઓછું છે. મને કંઈ કષ્ટ નથી પડવાનું. તમે બેફિકર રહેજો. તબિયતને ખૂબ સાચવજો. ઉપવાસમાં ન જ પડજો. પીડ ભોગવવાનું કેવળ પ્રસૂતાને જ હોય. બીજાઓએ તો મદદ કરવી રહી. આજે આ. (ઍસોસિયેટેડ) પ્રેસમાં તાર મોકલ્યો છે.

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા. ૪૫

૧. સેન્ટ્રલ ખિલાફત સમિતિના.

૨. સવિનયભંગ પડતો મૂકવાના ગાંધીજીના નિર્ણયની સામે "મુંબઈમાં સામાન્ય રીતે ચાલી રહેલી હિલચાલ" સંબંધી ગાંધીજીને ઝહૂર અહમદે મોકલેલા તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યાનું મૂળમાં જણાવવામાં આવ્યું છે. આ નિર્ણયને બારડોલીની ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૧મી અને ૧૨મીએ મળેલી કારોબારી સમિતિએ મંજૂર રાખ્યો હતો.

Gandhi Heritage Portal

## ૧૬૬. ચિમનદાસ ઈ. જગતિયાણીને પત્ર

બારડોલી,

ફેબ્રુઆરી ૧૪, ૧૯૨૨

પ્રિય ચિમનદાસ[૧]

તમારો પત્ર મળ્યો.

હિંદુસ્તાનના વાતાવરણ વિષે તમે કરેલી ટીકા અંગે હું તમારી સાથે પૂરેપૂરો સંમત થાઉં છું. તમે જોશો કે કારોબારી સમિતિએ સાચો નિર્ણય કર્યો છે. જુદી જુદી બધી સમિતિઓ હૃદયપૂર્વક સહકાર આપશે એટલી જ માત્ર આશા હું રાખું છું. તેઓ તેમ કરશે તો આપણને કશી જ મુશ્કેલી નહીં પડે. મગનલાલ[૨] અહીં છે, અને સિંધમાં તમારે માટેના એક વણકર અંગે હું તેમની સાથે વાત કરીશ. કામકાજની દોરવણી આપી શકે એવા માર્ગદર્શકની સેવા આપવા વિષે તેમણે ક્યારનું લખી દીધું છે એમ તેમણે મને કહ્યું છે. આવા માર્ગદર્શક પાસેથી બુદ્ધિશાળી લોકો જાતે શીખી શકે. શિક્ષક આવા માર્ગદર્શક કરતાં વિશેષ છે. તેનામાં જ્ઞાન આપવાની બક્ષિસ હોવી જોઈએ. આશ્રમમાં આવા શિક્ષકો બહુ ઓછા છે. પરંતુ સંપૂર્ણ રીતે બાહોશ એવા એક માર્ગદર્શકને સહેલાઈથી ફાજલ પાડી શકાય. તમે અને બીજા કેટલાક તેની પાસેથી આ કળા શીખી શકો.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

શ્રી ચિમનદાસ,
કૉંગ્રેસ વણાટ આશ્રમ
હૈદરાબાદ (સિંધ)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૫૭૩૬

## ૧૬૭. સૈયદ મહમૂદને તાર[૩]

[ફેબ્રુઆરી ૧૪, ૧૯૨૨ કે તે પછી]

ગુણવત્તા મુજબ ઠરાવો પસાર કરવામાં આવ્યા. કોઈ સુલેહ થઈ નથી. આશા છે બંગાળ કારોબારી સમિતિના ઠરાવોનો પૂરો અમલ કરશે અને ચોકીદારી અને બીજા વેરા ભરી દેવાની સલાહ આપશે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૯૧૩

૧. ડૉ. ચિમનદાસ ઈસરદાસ જગતિયાણી, સિંધના કૉંગ્રેસી આગેવાન.

૨. મગનલાલ ગાંધી (૧૮૮૩-૧૯૨૮); ગાંધીજીના પિતરાઈ ભાઈ; ખુશાલદાસ ગાંધીના પુત્ર, ફિનિક્સ આશ્રમના થોડો વખત વ્યવસ્થાપક અને પછી સાબરમતી આશ્રમના વ્યવસ્થાપક.

૩. ડૉ. સૈયદ મહમૂદ (જન્મ ૧૮૮૯); બિહારના કૉંગ્રેસી નેતા, સ્વાતંત્ર્યસંગ્રામ દરમ્યાન જેલ ગયા હતા. સેન્ટ્રલ ખિલાફત સમિતિના મંત્રી, સંસદસભ્ય. ૧૯૨૨ની ૧૪મી ફેબ્રુઆરીના ડૉ. મહમૂદના નીચેના

Gandhi Heritage Portal

## ૧૬૮. દેવદાસ ગાંધીને તાર

બારડોલી,
ફેબ્રુઆરી ૧૫, ૧૯૨૨

દેવદાસ
કૉંગ્રેસ સમિતિ
ગોરખપુર

પ્રેસની રજૂઆતોની ચિંતા ન કર. એ સુધારી લે અને ભૂલી જા. મને સવિસ્તર પત્ર મોકલ. તદ્દન મઝામાં છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૭૯૧૮

## ૧૬૯. સર ડેનિયલ હેમિલ્ટનને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૧૫, ૧૯૨૨

સાહેબ,

મિ. હૉજ[1] મને લખે છે કે મારી સાથે કલાકેક વાત કરવાની આપની ઇચ્છા છે. મિ. હૉજે મને એમ પણ સૂચના કરી છે કે પત્રવ્યવહારની શરૂઆત મારે જ કરવી. હું ખુશીથી તેમ કરું છું. રેંટિયા સિવાયની મારી બીજી કોઈ પણ પ્રવૃત્તિમાં આપને રસ પાડવાનો પ્રયત્ન કરી આપનો વખત હું નહીં લઉં. હું તો માનું જ છું કે મારી સર્વ બાહ્ય પ્રવૃત્તિઓમાં રેંટિયો એ સૌથી વધારે સ્થાયી અને કલ્યાણકારી છે. હિંદુસ્તાનનાં લાખો ઘરોના આર્થિક દારિદ્રના પ્રશ્નોનો ઉકેલ રેંટિયાથી આવશે અને રેંટિયો એ દુકાળની સામે અસરકારક વીમારૂપ છે એ મારાં કથનોનું સમર્થન કરવાને અત્યારે મારી પાસે પુષ્કળ સાબિતી છે.

હિંદના મહાન વિજ્ઞાનશાસ્ત્રી ડૉ. પ્રફુલ્લચંદ્ર રૉયને તમે ઓળખતા હશો, પણ તમને એ ખબર નહીં હોય કે તેઓ પણ રેંટિયાના ચુસ્ત હિમાયતી બન્યા છે.[2] હિંદુસ્તાનને "ઔદ્યોગિક"ના આજના અર્થમાં ઔદ્યોગિક દેશ બનાવવાની જરૂર નથી. હિંદુસ્તાનમાં ૧,૯૦૦ માઈલની લંબાઈ અને ૧,૫૦૦ માઈલની પહોળાઈવાળા વિશાળ ક્ષેત્ર પર પથરાયેલાં ૭,૫૦,૦૦૦ ગામડાં છે. લોકો જમીનને વળગીને રહેલા છે અને એમાંનો મોટો ભાગ તો મહામુસીબતે પોતાનું ગુજરાન ચલાવે છે.

મારા કથનની સામે ગમે તેટલું કહેવામાં આવે છતાં દેશને એક છેડેથી બીજે છેડે ઉઘાડી આંખે મેં મુસાફરી કરી છે, લાખો માણસો સાથે મળીને અનુભવ મેળવ્યો છે તેને આધારે હું કહુ છું કે ભૂખમરો વધતો જાય છે એમાં તલભાર પણ શંકા હોઈ શકે નહીં.

તારના જવાબમાં આ તાર મોકલવામાં આવ્યો હતો : "આજે પ્રગટ થયેલો કારોબારી સમિતિનો નિર્ણય ખૂબ જ આશ્ચર્યકારક છે. બંગાળ અને બિહારના લોકો નિરાશ થયા છે. ઘણી ચિંતા પ્રવર્તે છે. કદાચ બંગાળ નહીં માને. કોઈ પણ જાતની સુલેહ કરવામાં આવી હોય તો કૃપા કરીને તારથી જણાવો."

૧. ગાંધીજી અને સર ડેનિયલના મિત્ર.

૨. જુઓ "ડૉ. રૉયની પ્રસ્તાવના", ૨–૨–૧૯૨૨.

Gandhi Heritage Portal

એ પણ નિર્વિવાદ વાત છે કે લાખો માણસોને વરસમાં ઓછામાં ઓછા ચાર મહિના તો પરાણે નકામું બેસી રહેવું પડે છે. ખેતીમાં ધરમૂળથી ઊથલપાથલ થવાની જરૂર નથી. હિંદી ખેડૂતને ખેતીની સાથે કોઈ ગૌણ ઉદ્યોગ જોઈએ છે.

સૌથી સ્વાભાવિક ઉદ્યોગ રેંટિયાનો છે, હાથસાળનો નહીં. ઘેર ઘેર સાળ દાખલ નહીં કરી શકાય, જ્યારે રેંટિયો કરી શકાશે. અને એક સૈકા પહેલાં પણ હિંદુસ્તાનના ઘરેઘરમાં રેંટિયાને સ્થાન હતું. રેંટિયાને પદચ્યુત કરવા માટે આર્થિક દબાણનો નહીં પણ હેતુપૂર્વક પશુબળનો જ ઉપયોગ કરવામાં આવેલો, એ વાત સત્તાવાર લખાણો પરથી પુરવાર થયેલી છે. તેથી રેંટિયાના પુનરુદ્ધારથી હિંદુસ્તાનના આર્થિક પ્રશ્નનો એકસપાટે ઉકેલ આવી જશે.

આપ હિંદુસ્તાનને ચાહનારા છો અને મારા દેશની આર્થિક અને નૈતિક ઉન્નતિમાં ઊંડો રસ લો છો એ હું જાણું છું. આપની લાગવગ ભારે છે એની પણ મને ખબર છે. એ લાગવગનો લાભ રેંટિયાને મળે એમ હું ઇચ્છું છું. પરસ્પર સહકારી મંડળો ઊભાં કરી તેમને સફળ બનાવવામાં રેંટિયો એ ભારે અસરકારક શક્તિ છે. લાખોના પ્રામાણિક સહકાર વિના એ સાહસ કોઈ કાળે સફળ થવાનું નથી; વળી લાખો સ્ત્રીઓને પતિત જીવનમાંથી ઉગારી લેવાના સાધનરૂપ પણ તે બનતો જાય છે. આમ રેંટિયો જેટલો દરિદ્ર-દુઃખનાશક છે તેટલો જ ધર્મરક્ષક પણ છે.

મને આશા છે કે સાંચાકામ વિષેના મારા વિચિત્ર વિચારો વિષે આપે જે કંઈ સાંભળ્યું હોય તે કશાથી આપ આપના વિચારોને દોરવાઈ જવા ન દેશો. હિંદુસ્તાનમાં સાંચાકામ દ્વારા બીજા કોઈ પણ ઉદ્યોગની ખિલવણી કરવામાં આવે તે સામે મારે કશું કહેવાનું નથી, પણ, એટલું તો હું કહું જ છું કે હિંદુસ્તાનનાં મુખ્ય મુખ્ય શહેરોમાં ઊભાં થયેલાં ગંજાવર ભઠિયારાં મારફતે દેશને રોટલા સસ્તે ભાવે પૂરા પાડવા અને ઘરના ચૂલાનો નાશ કરવો એ જેટલી ભયંકર ભૂલ છે તેટલી જ વિનાશક ભૂલ દેશ બહાર અથવા દેશની અંદર રાક્ષસી મિલો દ્વારા ઉત્પન્ન થયેલા કપડાથી હિંદુસ્તાનને ઢાંકવામાં રહેલી છે.[૧]

સેવક

**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ६-४-१९२२

ભાષાંતર : નવજીવન, ૬-૪-૧૯૨૨

૧. સર ડેનિયલ હેમિલ્ટનના જવાબના ઉતારા નીચે મુજબ છે: "...ચરખા વિષેના આપના કથન અંગે હિંદુસ્તાનના ગ્રામજીવનના મારા અંગત અનુભવ પરથી હું એટલું કહી શકું છું કે વાજબી તક અપાય તો આધુનિક અર્થકારણની મદદથી માત્ર હાથકંતામણ જ નહીં પરંતુ હાથસાળ પણ વરાળની શક્તિ સાથે સ્પર્ધા કરી શકે કેમ કે ખેતીનું કામકાજ ન હોવાથી ચાર મહિનાની જે મજૂરી અત્યારે નિરર્થક જાય છે તેનું કશું દામ ન પડે. જે સૂતર કે કાપડની કિંમત માત્ર કાચા માલ જેટલી જ પડે, તેના કરતાં બીજું કોઈ કાપડ સસ્તું ન પડી શકે.

"...મોટાં મોટાં કારખાનાંની પદ્ધતિનાં અનિષ્ટો વિષેના તમારા મત સાથે હું સંમત છું....હિંદુસ્તાનમાં હું એવું સ્વરાજ સ્થપાયેલું જોવા માગું છું અને મને લાગે છે કે આપ પણ એવું જ જોવા માગો છો કે, તેની શક્તિનું માપ તંદુરસ્ત જીવનથી નીકળશે, બિનતંદુરસ્ત નાણાથી નહીં....દરમ્યાન આપ સરકાર સાથે બહુ સખત નહીં થાઓ એવી હું આશા રાખું છું....આપને હું જૂના રાજઅમલના નાશ કરનારા યમદૂત તરીકે નહીં પરંતુ નવા રાજઅમલના મહાન સર્જક તરીકે જોવા માગું છું..."

Gandhi Heritage Portal

## ૧૭૦. સૈ. અ. બ્રેલ્વીને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૧૫, ૧૯૨૨

તમારા તાર[1] પાછળ રહેલા તમારા પ્રેમની હું કદર કરું છું. આટલી ગંભીરતાથી આદરવામાં આવેલા ઉપવાસનો, હું વચમાંથી અંત ન લાવી શકું. પરંતુ તમને હું ખાતરી આપું છું કે મને તેનું દુઃખ નથી. હમેશની માફક મારી બધી પ્રવૃત્તિઓ નિયમિત રીતે ચાલે છે અને શ્રી બોમનજીએ[2] તો શૉર્ટહૅન્ડ લખનાર આપીને બિલકુલ યોગ્ય સમયે મારું કામ સરળ કર્યું છે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १७-२-१९२२

## ૧૭૧. મહાદેવ દેસાઈને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૧૫, ૧૯૨૨

પ્રિય મહાદેવ,

તમારા તરફથી તમારે વિષે કે તમારા જેલના બીજા સાથીઓ વિષે ઘણો લાંબો સમય થયાં કાંઈ પણ સાંભળવા કે જાણવા મળ્યું નથી. તમને લખવાની છૂટ છે કે નહીં તે મને જણાવો. ગુજરાતીમાં તમે લખી ન શકો માટે લખવાનું બંધ ન કરતા. જેલમાં તમને કેવા પ્રકારની છૂટ આપવામાં આવી છે તે હું જાણતો ન હોવાથી, ગોવિંદ હમેશ મારા મનમાં રહ્યા કરતો હોવા છતાં મેં તેને કંઈ પણ લખ્યું નથી. મને તેનો એક મજાનો પત્ર મળ્યો છે. માલવિયાજીએ ગોવિંદ અને કૃષ્ણકાંત પરના તેમના પત્રો પ્રગટ કરવાની મને રજા આપી છે. તે હું કોઈક વાર પ્રગટ કરીશ.

મને આશા છે કે સામુદાયિક સવિનયભંગની મોકૂફી તમને ગમી હશે. તમને યંગ ઇન્ડિયા મેળવવાની છૂટ હશે તો તેના આવતા અંકમાં[3] તે માટેનાં મારાં પૂરેપૂરાં કારણો તમે જોશો. મારા ઉપવાસની ચિંતા કરશો નહીં. આ તમને મળશે ત્યાં સુધીમાં તો આ નાનકડો ઉપવાસ પૂરો પણ થઈ ગયો હશે. ખરેખર, આનાથી ઘણો મોટો ઉપવાસ કરવાનો મારો ઇરાદો હતો પરંતુ, મને લાગ્યું કે મારે માટે તેમ જ જે ભૂલ કરનારા લોકોને ઉદ્દેશીને એ કરાયો છે તેમને માટે પણ આ પૂરતો થઈ પડશે.

ગયે શનિવારે માલવિયાજી, શ્રી જયકર અને શ્રી નટરાજન અહીં હતા. માલવિયાજી બે દિવસ રોકાયા અને બીજા બંને એક દિવસ. દેવદાસ હજુ પણ ગોરખપુરમાં છે. ત્યાં તે સારું

૧. ચૌરીચૌરાની કરુણ ઘટના પછી ગાંધીજીએ કરેલા ઉપવાસ અંગે ચિંતા દર્શાવતો बॉम्बे क्रॉनिकलના સંપાદક સૈ. અ. બ્રેલ્વીએ ગાંધીજીને તાર કર્યો હતો.

૨. એમ. આર. બોમનજી.

૩. ફેબ્રુઆરી ૧૬, ૧૯૨૨નો અંક.

Gandhi Heritage Portal

કામ કરી રહ્યો છે. પ્યારેલાલ અને પરસરામ અલ્લાહાબાદમાં છે. હું થોડો સમય બારડોલીમાં જ રહેવાનો છું. હાથસાળ અને રેંટિયાનું કામકાજ વિસ્તારવા માટે મગનલાલ અને આશ્રમમાંથી કેટલાક બીજા લોકો અહીં આવ્યા છે.

આજે મારા ઉપવાસનો ત્રીજો દિવસ છે. અત્યારે મળસકું છે ત્યારે હું આ કાગળ લખાવી રહ્યો છું. ઉપવાસની મારા પર કોઈ ખરાબ અસર થઈ નથી. એટલે શુક્રવારે મને કોઈ ભારે નબળાઈ લાગવાની આશા નથી.

તમારો
**બાપુ**

શ્રી મહાદેવ હ. દેસાઈ
કે./ઓ. સુપરિન્ટેન્ડેન્ટ
જિલ્લા જેલ
આગ્રા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૭૯૨૧

## ૧૭૨. બૉમ્બે ક્રૉનિકલને મુલાકાત

બારડોલી,
ફેબ્રુઆરી ૧૫, ૧૯૨૨

પ્રશ્ન : તરતમાં જ કે નજીકના ભવિષ્યમાં કરવાની આપની પોતાની કોઈ પ્રવૃત્તિના ચોક્કસ કાર્યક્રમ વિષે આપે નિર્ણય કર્યો છે?

જવાબ : તમારો સવાલ મારા પોતાના અંગત કાર્યક્રમ વિષે હોય, તો થોડો સમય હું બારડોલીમાં રહેવા માગું છું અને કારોબારી સમિતિએ લોકો સમક્ષ મૂકેલા અને અખિલ હિંદ કોંગ્રેસ સમિતિ જેને સ્વીકારી લેશે એવી મને આશા છે એવા રચનાત્મક કાર્યક્રમની એ સૌ લોકો પર કેવી અસર થશે તે જોવા માગું છું. દરેક સાચા કાર્યકર માટે પૂરતું કામ અને પૂરતી વિવિધતા છે, પરંતુ તમે જોશો કે એ બે બાબતોમાં વહેંચાઈ જાય છે. અને તે છે અહિંસાનો અને ખાદીનો ફેલાવો. એક ચોક્કસ આંતરિક પરિવર્તનની અને બીજી ચોક્કસ બાહ્ય પ્રગતિની નિશાની છે. હિંદુસ્તાન અહિંસા વિના દુનિયાની નજરે પોતાનું સત્ત્વ ન જાળવી શકે અને રેંટિયાને સાર્વત્રિક રીતે અપનાવ્યા વિના તે આર્થિક રીતે આઝાદ ન બની શકે.

નજીકના ભવિષ્યમાં આપ હિંદુસ્તાનનો કોઈ પ્રવાસ ખેડવાના છો?

હું જોઈ શકું છું ત્યાં સુધી અખિલ હિંદ કોંગ્રેસ સમિતિની બેઠકમાં હાજરી આપવા દિલ્હી જવું પડે તે સિવાય હું નજીકના ભવિષ્યમાં કોઈ પ્રવાસ ખેડનાર નથી.

લોકો કહે છે કે સંજોગો આપને સઘળી રાજદ્વારી પ્રવૃત્તિનો ત્યાગ કરવાની અને અસ્પૃશ્યતા, દારૂબંધી અને એવા સામાજિક સવાલોનો ઉકેલ લાવવા માટેના કાર્યમાં આપનું બાકીનું જીવન ગાળવાની ફરજ પાડશે. આવી કોઈ સંભાવના છે?

Gandhi Heritage Portal

દેશનો અત્યારનો મિજાજ જોતાં હજુ સુધી મને એવું કંઈ લાગતું નથી. મેં જણાવેલાં સ્ખલનો છતાં હિંદુસ્તાન નક્કર રીતે અહિંસક બન્યું છે. મને લાગે છે કે જ્યાં સુધી ઉપલા વર્ગના અને સામાન્ય વર્ગના લોકો તેમ જ કૉંગ્રેસીઓ, રજૂ થયેલા કાર્યક્રમને ટેકો આપતા રહે અને અહિંસા અને રેંટિયાના મંત્રનો ત્યાગ ન કરે ત્યાં સુધી હું મારો અત્યારનો વ્યવસાય છોડું તેવી કોઈ શકયતા નથી. મારે માટે રાજકારણ અને ધર્મમાં કોઈ ભેદ નથી. ધર્મના પીઠબળ વિના રાજકારણ પોકળ છે. અને આજે દેશના રાજકારણમાં હું પડયો હોઉં તો એનું કારણ એ છે કે રાજકારણ એટલે કે દેશની રાજકીય પરિસ્થિતિ, રાષ્ટ્રીય જીવનનો એક મહત્ત્વનો ભાગ છે. રાજકીય જીવનના એક યા બીજા અંગનો સ્પર્શ કર્યા વિના કશી પ્રગતિ થઈ શકે તેમ નથી.

હિંસાના જોખમની સંભાવના જોતાં, સામુદાયિક સવિનયભંગનો સમગ્ર ખ્યાલ છોડી દેવાનું તથા સુધારેલા ફોજદારી કાયદા હેઠળની જાહેરાતોનો અનાદર કરવા જેવાં, કલકત્તા જેવા ઓછામાં ઓછા એક શહેરમાંના સંગઠનને સંપૂર્ણ બનાવવા જેવાં અને જેલોને ભરી દેવા જેવાં ઓછા જોખમનાં કાર્યો પર ધ્યાન લગાવવું વધારે ઠીક નહીં થઈ પડે?

સામુદાયિક સવિનયભંગનો ખ્યાલ છોડી દેવાનું મને જરૂરી લાગતું નથી. એ ખ્યાલમાં કશું ખોટું પણ નથી. એ અનૈતિક વસ્તુ નથી એટલું જ નહીં પરંતુ એ, કદી ત્યાગ થઈ ન શકે એવો લોકોનો એક અધિકાર છે. લોકોને અહિંસક રીતે વર્તવાની તાલીમ આપવી જોઈએ, માત્ર એટલો જ એનો અર્થ થાય. આ આદર્શમાં ખોટું શું છે? હું કબૂલ કરું છું કે સામુદાયિક સવિનયભંગ હું ઉતાવળે ઉપાડવાનો નથી. બીજી વાર હું પોતે સામુદાયિક સવિનયભંગ ઉપાડું તે અગાઉ મને લગભગ સંપૂર્ણ બાંયધરીઓની જરૂર પડશે. દક્ષિણ આફ્રિકાનો સવિનયભંગ છેવટે તો સામુદાયિક સવિનયભંગ જ હતો. અને એ લડતમાં કોઈ અનિચ્છનીય બનાવો બન્યા નહોતા. ૧૯૧૮નો ખેડાનો સત્યાગ્રહ પણ સામુદાયિક સવિનયભંગ હતો અને તેમાં હિંસાનો એક પણ બનાવ બન્યો નહોતો. સમસ્ત હિંદુસ્તાન માટેનો અને સમસ્ત હિંદુસ્તાનને નામે તો સામુદાયિક સવિનયભંગ એક સફળ કાર્યક્રમનો માત્ર વિસ્તાર જ છે. હિંદુસ્તાનના બીજા ભાગોમાં બારડોલીના કાર્યક્રમની વગરવિચાર્યે નકલ થવાનો ભય ન હોત તો મેં જરૂર એ કાર્યક્રમ અટકાવી દીધો ન હોત. મને ખાતરી છે કે હિંદુસ્તાનના બીજા ભાગોમાં હિંસા ફાટી નીકળવા છતાં બારડોલીના લોકોએ સંપૂર્ણપણે અહિંસાનું પાલન કર્યું હોત, પણ તેથી રાષ્ટ્રીય હેતુ પાર પડયો ન હોત. બારડોલીએ જો સ્થાનિક ફરિયાદો માટે સામુદાયિક સવિનયભંગ હાથ ધરવાનો હોત તો મેં જરૂર તેને અટકાવ્યો ન હોત.

એક જગા પર આપ ભંગાણ પાડી શકો અથવા એક કડીને તોડી શકો તો તમે આખી સાંકળ તોડશો. એટલા માટે મ્યુનિસિપલ અધિકાર માટેની લડત પર ધ્યાન લગાડીને સરકારને નમાવવાનું સલાહભર્યું નથી?

તમે એકલદોકલ કાર્યક્રમ મારફતે તે નહીં કરી શકો. તે જરૂર મદદરૂપ થઈ પડશે, પરંતુ માત્ર મ્યુનિસિપલ સુધારા દ્વારા સ્વરાજ મેળવવાનો કાર્યક્રમ ધીમો નીવડશે. હું જરૂર આશા રાખી રહ્યો છું કે અમદાવાદ અને સુરત પોતાનો ભાગ બહુ સારી રીતે ભજવશે અને મુંબઈ સરકારે વગરવિચાર્યે જે બળજબરી કરવાનો પ્રયત્ન કર્યો છે તેની સંપૂર્ણ નિરર્થકતા દેખાડી આપશે, અને એક બાજુથી અમદાવાદ અને સુરત જો સફળ નીવડે તો તેમની સફળતા રાષ્ટ્રીય આંદોલનને જરૂર મદદરૂપ થશે, પણ તે સ્વરાજના સવાલનો ઉકેલ નહીં લાવે. સ્વરાજ્યની ચળવળ એટલે કે જનતાનું શિક્ષણ, જે થોડાં શહેરો સંપૂર્ણ બને કે સ્વતંત્ર સરકાર હાંસલ કરે તેથી

Gandhi Heritage Portal

સીધેસીધું આપી ન શકાય. અમદાવાદ, સુરત અને નડિયાદ ખરેખર જે શિસ્તબદ્ધ વિરોધ કરી રહ્યાં છે તે સામાન્ય જાગૃતિને લીધે જ છે જ્યારે આ અખતરો પૂરો થશે અને જો તે સફળ નીવડશે, તો આ ત્રણ સ્થળોના લોકોએ કેવી રીતે તેમની સહનશીલતા, રચનાત્મક શક્તિ, યાતના સહન કરવાની તાકાત અને એક દેશને મહાન બનવા જરૂરી બીજા બધા ઉમદા ગુણો બતાવી આપ્યા છે તે લોકો જોશે. પરંતુ એ અખતરો એકલો કાંઈ કૉંગ્રેસના કાર્યક્રમોમાં વિચારવામાં આવેલી સમયમર્યાદામાં હિંદુસ્તાનને સ્વરાજ્ય અપાવી નહીં શકે.

આપ અમદાવાદ અને સુરતમાં મ્યુનિસિપાલિટીઓની લડત ચલાવવાના છો?

હું ચલાવનાર નથી. પરંતુ મને આશા છે કે આ બંને શહેરોના નાગરિકોએ ગંભીર ભાવે જે લડત શરૂ કરી છે તેને તેઓ પડતી નહીં મૂકે.

લોકોનો એક એવો વર્ગ મોજૂદ છે જે માનવા લાગ્યો છે કે હિંદુસ્તાન અહિંસાની સ્થિતિએ પહોંચે એવો આપનો ખ્યાલ તરંગી છે, અને તે કહે છે કે આપના દેશબંધુઓને અહિંસાનો પાઠ ભણાવવાના બે વર્ષના આપના સતત પ્રયાસ બાદ દેશ શાંતિવાંચ્છુ બને અને આપ આપની સવિનયભંગની લડત શરૂ કરો; એટલે ગમે તે એકાદ પાગલ માણસ રાજકારણી સ્વરૂપનું હિંસાનું કૃત્ય કરીને સંવાદિતામાં વિક્ષેપ નાખી શકે. તેઓ ઉમેરે છે કે સૈકાઓના ઉપદેશ પછી પણ આપ બધા જ સાડીએકત્રીસ કરોડ હિંદીઓને અહિંસક બનાવવાની અપેક્ષા રાખી ન શકો. “બુદ્ધ, ચૈતન્ય, નાનક, કબીર જેમણે કેવળ પ્રેમ અને અહિંસાનો ઉપદેશ આપ્યો હતો તેઓ ૨,૫૦૦ વર્ષ બાદ પણ હિંદુસ્તાનને પૂરું અહિંસક બનાવવામાં સફળ નીવડયા નથી. સમસ્ત માનવજાત દેવદૂતો અને સંતોની કક્ષાએ ન પહોંચે ત્યાં સુધી હિંસા અચૂક રહેવાની છે. ભાવિમાં લાંબા અરસા સુધી દેશ શાંત રહે તોપણ, દમન કેટલીક વ્યક્તિઓમાં હિંસા નહીં જગાડે તેની શી બાંયધરી છે? લોકમાનસની હદ ઉપરાંત પજવણી કરવામાં આવે તો તે ઉશ્કેરાઈ ગયા વિના અને પાગલ બન્યા વિના ન રહે. થોડી વ્યક્તિઓના ગુનાને લીધે, શું સમસ્ત દેશે સ્વરાજની ઝંખના, ખિલાફતની સંતોષકારક પતાવટ અને પંજાબના અત્યાચારોના ન્યાયની વાત થંભાવી દેવી?”

આવી નક્કર હકીકતો સામે આવીને ઊભી હોય ત્યારે હિંસાને અનિવાર્ય ગણી સ્વીકારી લેવામાં અને હિંદુસ્તાનમાંથી તેને તદ્દન નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરવાને બદલે માત્ર તેને અંકુશમાં રાખવામાં ડહાપણ નથી? ઘણા કહે છે કે જોખમ તો હમેશ રહેવાનું અને આવાં જોખમ વિના સવિનયભંગ કદી અમલમાં આવી શકવાનો નથી. તેઓ આગ્રહપૂર્વક એવું કહે છે કે આપે પોતે જ કહ્યું હતું કે પસંદગી બેકાનૂની દમન અને સઘળા ભયો સાથેના સામુદાયિક સવિનય-ભંગ વચ્ચે કરવાની છે. આના જવાબમાં આપની પાસે શું કહેવાનું છે તે મને જણાવશો?

પ્રશ્નના રૂપમાં આ ઉપદેશ લડતના સ્વરૂપ વિષેનું તથા તેની સાથે સંકળાયેલી અહિંસા વિષેનું દુ:ખદ અજ્ઞાન દર્શાવે છે. તમે અજ્ઞાન છો એવો મારા કહેવાનો અર્થ નથી. તમે તો માત્ર નિરાશાવાદી લોકોનું વાજિંત્ર છો. જિસસ, બુદ્ધ અને મહમદ જે કંઈ સિદ્ધ કરવામાં નિષ્ફળ નીવડયા તે સિદ્ધ કરવાનો હું પ્રયત્ન કરું તો સફળતા વિષે મારે જરૂર નિરાશ થવું પડે. તેથી ઊલટું મારો પ્રયત્ન તો ખૂબ જ નમ્ર અથવા સાદો છે. હિંદુસ્તાન માટે સશસ્ત્ર સંઘર્ષ દ્વારા સ્વરાજ મેળવવાનો વિચાર કરવો એ અનેક પેઢીઓ સુધી અશકય સ્વપ્ન છે એ સાદું સત્ય સમજતાં તેને શીખવી ન શકાય એમ હું માનતો નથી. દુનિયાના પટ ઉપર સશસ્ત્ર સંઘર્ષ માટે અયોગ્ય હોય એવો હિંદુસ્તાન જેવો બીજો કોઈ દેશ નથી. બનવાજોગ છે કે અહિંસક સામુદાયિક સવિનયભંગની લડત ચલાવવા માટે હિંસાનાં બળોને પૂરતા પ્રમાણમાં અંકુશમાં ન રાખી શકાય. બધા જ નેતાઓ આવા નિર્ણય પર આવે તો એનો શું એવો અર્થ નથી થતો કે હિંદુસ્તાન અહિંસા દ્વારા તેની સ્વતંત્રતા મેળવી ન શકે? સત્યાગ્રહી માટે સવિનયભંગ કરવાના અનેક માર્ગ ખુલ્લા

Gandhi Heritage Portal

છે, પરંતુ સામુદાયિક સત્યાગ્રહ ટૂંકામાં ટૂંકો માર્ગ છે એમ હું કબૂલ કરું છું. તે જો અશક્ય પુરવાર થાય તો લોકોને આપભોગની તાલીમ આપવા માટે સવિનયભંગના વધારે હળવા કાર્યક્રમોનો વિચાર કરી શકાય એ વિષે મને શંકા નથી. લોકો આમાંથી કષ્ટસહનનો કાયદો, તેઓ જેમ કૌટુંબિક વ્યવહારમાં અજમાવે છે તેમ રાષ્ટ્ર માટે અજમાવતાં શીખશે. અગ્નિપરીક્ષા અને યાતનામાંથી પસાર થયા વિના સ્વરાજ ખરેખર મળવાનું નથી અને બદલો લીધા વિના લોકો દેશને માટે ન માનવામાં આવે એવી યાતનાઓ બરદાસ્ત કરી રહ્યા છે એવા રોજેરોજ મળતા હેવાલો વાંચીને મારું હૈયું નાચી ઊઠે છે.

એટલે આ મુદ્દા વિષે મારા દિલમાં જરા પણ ગેરસમજ થઈ નથી. હું અશક્ય વસ્તુ મેળવવા પ્રયત્ન કરી રહ્યો છું એવું કંઈ નથી. હિંસા તો હમેશ થતી જ રહેવાની, અને હિંસાના છૂટક બનાવોથી મારે ગભરાવું ન જોઈએ. ગોરખપુર આગળ થયેલી હિંસા વ્યક્તિગત નહોતી, તે ખાનગી અન્યાયને લગતી પણ નહોતી, પરંતુ રાજદ્વારી અન્યાયના તરંગી ખ્યાલથી તે આચરવામાં આવી હતી એટલે જ મેં સવિનયભંગ મોકૂફ રાખવાની સલાહ આપી છે. લોકહિંસામાં પરિણમેલા ચૌરીચૌરા જેવા પ્રસંગો પર સંયમ જાળવવાની આવશ્યકતા વિષે લોકો પાતાની જવાબદારી સમજશે એવી આશા હું કદી છોડી શકું તેમ નથી. જાહેર સભાઓને બળજબરીથી વિખેરી નાખવા જેવા, લગભગ સમસ્ત હિંદુસ્તાનમાં વર્ષ દરમ્યાન બનેલા વધારે ગંભીર ઉશ્કેરણીના પ્રસંગો પર પણ લોકો શાંત રહ્યા છે. આ બધા પ્રસંગો ટોળાનો રોષ ફાટી નીકળે એવા હતા છતાં લોકોએ દૃષ્ટાંતરૂપ સંયમ જાળવ્યો છે. હું માનું છું કે ધીમી છતાં ચોક્કસ ગતિએ અહિંસાની ભાવના પ્રસરી રહી છે. મને પૂછવામાં આવેલા પ્રશ્નોની હારમાળા સૂચવે છે તેટલી એ ખરેખર મુશ્કેલ કે અવ્યવહારુ નથી. કૉંગ્રેસ અને ખિલાફતનાં સંગઠનો સંપૂર્ણ હોત તો ચૌરીચૌરાનો બનાવ બની જ શક્યો ન હોત. આ આખો પ્રશ્ન કૉંગ્રેસ સંગઠનને સંપૂર્ણ બનાવવાનો છે. અને ઠીકઠીક મજબૂત સંગઠન ન હોય તો તમે કશું જ ન કરી શકો એ રાજકારણના શાસ્ત્રની બારાખડી છે. વ્યવસ્થિત હિંસા વડે સામનો કરી શકતી હોવાથી સરકાર સફળ નીવડે છે. કૉંગ્રેસ પણ અહિંસા પર રચાયેલા તેના સંગઠનને મજબૂત બનાવશે ત્યારે સફળ નીવડશે. કારોબારી સમિતિએ તૈયાર કરેલો રચનાત્મક કાર્યક્રમ આ દિશાનો એક પ્રયાસ છે. એ પણ યાદ રહેવું જોઈએ કે અહિંસા એક જીવંત પ્રક્રિયા હોવાથી તે હિંસા કરતાં ઓછા સમયમાં સંગઠિત થઈ શકે છે. છેલ્લા ૧૮ માસ દરમ્યાન અહિંસા અંગે હિંદુસ્તાને શું શું કર્યું છે તેનો વિચાર કરો અને હિંદુસ્તાનને હથિયારોનો ઉપયોગ શીખવી શકો તે પહેલાં કેટલી પેઢીઓ પસાર કરવી પડે તેની ગણતરી કરો!

વારંવાર નિરાશા સાંપડવાને લીધે કૉંગ્રેસ સંસ્થાનું તંત્ર ઢીલું થઈ જશે અને ઉત્સાહ ઓસરી જશે તેનો આપને કશો ડર નથી?

વાતાવરણમાં જે કંઈ ફેરફારો થાય તેને સતત રીતે અનુકૂળ થઈ જવાનું વલણ વિકાસની બધી જ જીવંત ક્રિયામાં હોવું જોઈએ એવું સાચા કાર્યકરોએ જેમ ક્યારનું સમજી લીધું છે તેમ અવશ્ય સમજવું જોઈએ. એ સાદા કારણને લીધે મને આવો જરાયે ભય નથી.

મહાત્માજી, મોકૂફીને પરિણામે લોકોનો આપના અહિંસાના સિદ્ધાંતમાં વિશ્વાસ ઊઠી જાય તેવો આપને કોઈ ભય નથી?

મુદ્દલ નહીં.

Gandhi Heritage Portal

સ્વરાજ જલદી મળશે એ આશાએ જેલ ગયેલા ઓછામાં ઓછા ૧૫,૦૦૦ કેદીઓનું શું? કંઈ નહીં તો તેમને મુક્ત કરાવવા માટે, માત્ર એ સવાલ આપને પ્રતિકારનું કોઈ સ્વરૂપ શોધી કાઢવાની ફરજ નહીં પાડે?

ગોરખપુરની કરુણ ઘટનાને લીધે મુદ્દો બદલાઈ ગયો છે. કૉંગ્રેસે તાત્પૂરતો તો કેદીઓનો ભોગ આપવો પડશે. તેમણે ગોરખપુરના લોકોનાં દુષ્કૃત્યો માટે સહન કરવું જ રહ્યું.

સામુદાયિક સવિનયભંગ અચોક્કસ સમય સુધી મોકૂફ રાખવાથી ઝનૂની વર્ગ બેકાબૂ નહીં બની જાય એવું આપ માનો છો?

એવું મને લાગતું નથી. ઝનૂની લોકો બેકાબૂ બની જશે તો તે કૉંગ્રેસના શિસ્તનો અભાવ બતાવી આપશે અને તેથી સામુદાયિક સવિનયભંગની મોકૂફી વાજબી ઠરશે.

મૉડરેટો હવે ઠીક ઠીક સંખ્યામાં કૉંગ્રેસમાં જોડાશે એવી આશા આપ રાખો છો?

ઘણા મૉડરેટો હવે કૉંગ્રેસના ઝંડા હેઠળ આવવાની જે તક મળી છે તે ઝડપી લેશે એવી આશા હું જરૂર રાખું છું.

સવિનયભંગ શરૂ કરવાની ઘડી આવતાં તે બારડોલીથી શરૂ કરવાની આપ આશા રાખો છો?

મારી એવી અપેક્ષા છે કે સામુદાયિક સવિનયભંગ જ્યારે પણ શરૂ કરવાનો હશે ત્યારે તેનું માન જરૂર બારડોલીને આપવામાં આવશે. પરંતુ મને એવી આશા છે કે ત્યાં સુધીમાં એકલું બારડોલી જ નહીં પણ બીજાં ઘણાં સ્થળો આપભોગ માટે તૈયાર થઈ જશે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १८-२-१९२२

# ૧૭૩. નોંધ

## અલીભાઈઓ

અલીભાઈઓ વિષે આ અઠવાડિયામાં ઘણી માહિતી મળી છે. સરકાર તરફથી બહાર પડેલો રદિયો પણ મારા જોવામાં આવ્યો છે. એ ઉપરાંત, બેમાંથી એક ભાઈનું મૃત્યુ થયા સુધીની અનેક જાતની વિચિત્ર અફવાઓ જેણે સાંભળી હતી, એવા અધીરા અને રોષે ભરાયેલા લોકોના એક ટોળા સામે અલીભાઈઓ અને ડૉ. કિચલુને જેલના ઝરૂખામાં લાવવામાં આવ્યા હતા. મૅજિસ્ટ્રેટે રજૂ કરેલી વાત બિલકુલ સાચી હોય તો કરાંચીથી આવેલા હેવાલો અતિશયોક્તિભર્યા છે. પરંતુ શ્રી મહાદેવ દેસાઈએ સારા વર્તાવનું સર્ટિફિકેટ આપ્યું તે પહેલાં એમણે ઘણું સહન કર્યું હતું એ સત્તાવાળાઓ જાણતા હોવા છતાં તેમણે તે આગળ ધર્યું, એ પછી તો મૅજિસ્ટ્રેટના અધકચરા ઇનકારની કિંમત મારે મન ઘટી ગઈ છે. સાથે સાથે એ પણ સાચું છે કે કરાંચીના હેવાલોમાં અચોક્કસતા રહેલી છે. આપણે હવે જોઈએ છીએ કે આ હેવાલો પરથી આપણે માનવા તૈયાર થઈએ એટલું લાગણીહીન વર્તન તેમના પ્રત્યે દાખવવામાં આવ્યું નથી. સત્તાવાળાઓ જો જેલના વર્તાવ અંગે નકામી ગુપ્તતા સેવતા હોય અને સગાંને મળવા ન દેતા હોય તો તેઓ પોતે દોષપાત્ર છે. ખરે જ જો તેઓને કંઈ છુપાવવાનું ન હોય તો જ્યારે કેદીનાં સગાં સત્તાવાળાઓ કબૂલવા તૈયાર હોય તેના કરતાં



Gandhi Heritage Portal

વધારે ખરાબ વર્તાવની શંકા કરતાં હોય ત્યારે હક તરીકે નહીં, કે કેદીઓને ખાતર પણ નહીં પરંતુ તેમને પોતાને ખાતર તેમણે સગાંઓને મળવા દેવામાં વિલંબ કરવો જોઈએ નહીં.

### સાબરમતીના કેદીઓ

સાબરમતીના કેદીઓનો દાખલો લો. ગયે અઠવાડિયે મેં આપેલી માહિતી[1] મને લાગે છે કે તદ્દન સાચી છે, અને ખરાબ વર્તાવ માત્ર શ્રી જયરામદાસ પ્રત્યે જ નહીં પરંતુ મૌલાના હસન અહમદ અને એ જ જેલમાં રાખવામાં આવેલા ધારવાડના બે કેદીઓ પ્રત્યે પણ થયો છે. મૌલાના અને ધારવાડના એક કેદી શ્રી દાભાડે, લગભગ સાઠ વર્ષની વયના વૃદ્ધ માણસો છે. ઝડતી સામે વાંધો લેવા બદલ તેમને જે જાતની સજા કરવામાં આવી છે તે અમાનુષી છે અને સરકાર જે "કાયદો અને વ્યવસ્થા" માટે આવી અસ્વસ્થતાભરી ચિંતા બતાવે છે તેના હિતમાં પણ વાજબી ઠરી શકે તેમ નથી. મને મળેલા પત્રમાંથી એક ઉતારો આ રહ્યો :

> શ્રી જયરામદાસ સુકાઈ ગયા છે. જેલોના ઇન્સ્પેક્ટર જનરલે તેમને ટાઇમ્સ ઑફ ઇન્ડિયા અને સિંધ ઑબ્ઝર્વર વાંચવાની પરવાનગી આપી હતી, પરંતુ મુંબઈ સરકારે એક હુકમ કરીને આ છાપાં બંધ કર્યાં છે. ઇન્સ્પેક્ટર જનરલે બહારથી પુસ્તકો મંગાવવાની અને રાતના ૧૦ વાગ્યા સુધી દીવાનો ઉપયોગ કરવાની છૂટ આપી છે પરંતુ વરિષ્ઠ અધિકારીઓએ આની પણ મનાઈ ફરમાવી છે. રાજદ્વારી કેદીઓને કોઈ છૂટછાટ આપવી નહીં અને તેમની બાબતમાં રોજની ઝડતીના નિયમનું પાલન કરવું એવા સરકારના છેલ્લા હુકમો છે. મૌલાના હસન અહમદ અને બીજા બે કેદીઓએ પણ ઝડતી લેવા દેવાનો ઇનકાર કર્યો છે. આથી એ બધાને રાતના હાથકડી પહેરાવવાની સજા કરવામાં આવી છે. આ ત્રણ રાત ચાલ્યું. તેઓ તાબે ન થાય તો એ પછી બીજી સજાઓ કરવામાં આવનાર હતી. ફટકા મારવાની સજા કરવામાં આવે તો નવાઈ જેવું નથી. હાથકડીને કારણે તેઓ રાતના બરોબર ઊંઘી શકતા નથી અને રાત દરમ્યાન કુદરતી હાજતે પણ જઈ શકતા નથી. દિવસે તેમને કામ આપવામાં આવે છે. મૌલાના હસન અહમદને સાંજના છથી સવારના છ સુધી હાથે બેડી પહેરાવવામાં આવે છે એટલે તેઓ નમાજ પઢી શકતા નથી. શ્રી જયરામદાસને શરૂઆતમાં પગરખાંની છૂટ આપવામાં આવી હતી. હવે ના પાડવામાં આવી છે.

હિંમત હોય તો સરકાર આ ગંભીર આક્ષેપોનો ઇનકાર કરે.

### કૉંગ્રેસની કચેરીઓને ગેરકાયદે જાહેર કરવામાં આવે છે

ફરીદપુરના કૉંગ્રેસ સમિતિના મંત્રી તરફથી મળેલા નીચેના પત્રમાંની વાત સ્પષ્ટ જ છે :[2]

વર્ણન કર્યું છે તેવો અત્યાચાર કોઈના પર ગુજારવામાં આવે ત્યારે તેણે શું કરવું એની શિખામણ આપવાનું કામ સહેલું નથી. લોકો હિંમત ન હારે એ જ મુખ્ય વાત છે. સંભવ છે કે મકાનમાલિકો ગભરાઈ જાય અને કચેરીઓ માટે તેમનાં ઘર આપણને ન આપે. આપણને છૂટા

૧. જુઓ "નોંધ", ૯-૨-૧૯૨૨નું પેટામથાળું "સાબરમતી જેલમાં".

૨. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. તેમાં કૉંગ્રેસ કચેરીઓમાં કેવી રીતે ભાંગફોડ કરવામાં આવી હતી, સ્વયંસેવકોને કેવી રીતે માર મારવામાં આવ્યો હતો અને ગેરકાયદે મંડળો અને કચેરીઓ માટે મકાનો ભાડે ન આપવા મકાનમાલિકોને કેવી રીતે ચેતવવામાં આવ્યા હતા તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

રાખવામાં આવ્યા હોય ત્યારે આપણે તે ખુલ્લામાં રાખવી જોઈએ. જો તે આપણને સૌને જેલમાં લઈ જાય અને સાથે રાખે તો ત્યાં આપણે ચર્ચાવિચારણા ચલાવવી અને આગ્રામાં થઈ રહ્યું છે તેમ કાંતીને, સમૂહપ્રાર્થનાઓ અને સમૂહભજનો યોજીને અને જેલના નિયમોને આધીન રહી સંગઠિત કામ કરીને જેલોમાં સ્વરાજ વિકસાવવું. તેઓ આપણને મારતાં થાકશે ત્યારે જરૂર આપણા પર ગોળીઓ ચલાવશે અને તેઓ આમ કરશે અને આપણે ડરીશું નહીં અને "સામને નજર"નો સૂર ગાઈ શકીશું ત્યારે આપણે સ્વરાજની સ્થાપના કરી દીધી હશે કેમ કે આપણે યાતના સહન કરવાની અપાર શક્તિ મેળવી લીધી હશે.

## છૂટેદોર[૧]

સરકારની છૂટેદોર દમનનીતિને વિષે મેં કરેલા અને ના. વાઇસરૉયે ઈનકારેલા આરોપોમાંના લગભગ એકેએક આરોપનો વડી ધારાસભાની હમણાં જ પૂરી થયેલી બેઠકમાં સર વિલિયમ વિન્સન્ટે જેટલી નિર્લજ્જતાપૂર્વક બચાવ કર્યો છે તે જોતાં સરકારની મનઃસ્થિતિ સુધરવાનો સંભવ ઓછામાં ઓછો દીસી આવે છે. આટલા દિવસ અગવડભરી હકીકતોનો દરબારી ભાષામાં સાફ ઈનકાર કરી દઈ છૂટા થઈ જવાનો સરકારનો શિરસ્તો હતો. હવે એવા દરબારી મુલાયજાને મેલી દેવાની ફરજ ભાસી છે. જે હિંમતથી પ્રજા હવે સરકારના દરેક અન્યાય કે દુષ્કૃત્યને અજવાળામાં આણતાં શીખી છે તેની સામે જૂની ઢબના ઈનકાર સરકારને સારુ અશક્ય થઈ પડ્યા હોવાથી સરકારે પણ હવે દરેક જુલમનો બચાવ કરવાની હિંમત અખત્યાર કરવા માંડી છે. ધારાસભાના સભ્યોને તો સર વિલિયમ નર્યા બબૂચક જ સમજે છે; કારણ પ્રાંતિક સરકારોનાં કૃત્યોની તપાસમાં ઊતરવાનું વડી ધારાસભાનું કામ નથી એમ કહી સરકાર સામે કરવામાં આવેલા આરોપોનો એકસામટો ઈનકાર સભ્યોને સુણાવી દઈને ગંભીરમાં ગંભીર આરોપોનો તેઓ સાહેબે નીચે મુજબ બચાવ કર્યો છે:

> પણ બે આરોપો એવા છે કે જે તરફ મારે આ સભાનું ધ્યાન ખેંચવું જોઈએ. એક આરોપ ગેરકાયદે ભરેલી સભાઓને બળજોરીથી વિખેરી નાખ્યાને લગતો છે. હું સ્પષ્ટ કરવા ઇચ્છું છું કે જ્યાં ગેરકાયદે સભાઓ વિખેરી નાખવાની જરૂર પડે છે અને જ્યાં એવી સભાઓ ઘટતા હાકેમો તરફથી હુકમ મળ્યા છતાં વિખેરાવા ના પાડે છે, ત્યાં સરકાર ઇચ્છે છે કે "બધા દેશોમાં થાય છે તેમ" આ દેશમાં પણ જરૂર પડે ત્યાં બળ વાપરીને તેમને વિખેરવી. આવા દાખલાઓમાં બળ વાપરવા સિવાય બીજો ઉપાય જ રહેતો નથી. બીજો આરોપ રા. ગાંધી તરફથી એ કરવામાં આવ્યો છે કે રાતની વેળાએ લોકોનાં ઘરોની ઝડતીઓ લેવાઈ તથા ગિરફતારીઓ કરવામાં આવી. આ આરોપની બાબતમાં પણ સરકારનો જવાબ એ છે કે રાત હો કે દિવસ, જે રીતની જરૂર ઊભી થાય તે મુજબ ઝડતીઓ કે ગિરફતારીઓ નહીં જ કરવામાં આવે એવી ખોળાધરી આપવા હિંદુસ્તાન સરકાર તૈયાર નથી.

ચોખ્ખેચોખ્ખી વાત કરી દીધી છે. કાયદાઓના સામાન્ય અમલ કરવાના બહાના નીચે નિઃશસ્ત્ર માણસો ઉપર બળ વાપરવામાં આવે અગર તો અધરાતમધરાત લોકોનાં ઘરોમાં ધૂસવામાં આવે તેમાં શું? કાયદાનો અમલ કંઈ થોભી શકે?

આ બધું એટલો જ આરોપ વધુ સચોટપણે પુરવાર કરે છે કે આ સરકાર તેના સામાન્ય સ્વરૂપમાં જ દુષ્ટ અને અસહ્ય છે. અને એ દુષ્ટતાનો આવો નિખાલસ એકરાર પણ અલબત્ત

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૬-૨-૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

જરૂરી હતો. કારણ જેલોનો ભય લોકોમાંથી ટળી જતાં શારીરિક સજાઓ અને છડેચોક લૂંટને કાયદેસર બનાવી દઈને જ સરકારે લોકોને બતાવી દેવું રહ્યું કે તેના હુકમોને માનવાની ના પાડવાનો અર્થ શો છે? તેથી આપણે તો એવી શારીરિક સજાઓ અને અધરાતમધરાતની ધાડોને ભવિષ્યમાં ઓછી થવાને બદલે વધેલી જ જોવાની આશા રાખવાની છે.

અને આ વસ્તુઓ જ્યારે આપણે હિસાબે રોજની થઈ પડશે ત્યારે ત્યાર પછીનું બીજું સ્વાભાવિક પગથિયું સરકારે રાતદિવસ ગમે ત્યારે ગોળીઓ દેવાનું આવવાનું. અને સ્વતંત્રતાના પૂજારીઓને સારુ ખાસ રાખી મૂકવામાં આવનારી એ છેલ્લી લહાણીને સારુ જ હું તો થોડુંક થયાં અસહકારીઓને તૈયાર કરી રહ્યો છું. સ્વેચ્છાનું મરણ એ જ મુક્તિ છે. હિંદુઓની માન્યતા મુજબ તો ઊંચામાં ઊંચી મોક્ષદશા એ જ છે કે માણસ સ્વેચ્છાપૂર્વક પોતાના શરીરને અર્પણ કરી દે અને શારીરિક સુખદુ:ખને વિષે તદ્દન ઉદાસીન બને. વ્યવસ્થિત સ્વરૂપની રાજદ્વારી મુક્તિ એ વધુ ઊંચી મોક્ષદશાનું પૂર્વ પગથિયું છે. તેથી રાજદ્વારી મુક્તિને પામવા ખાતર આપણે આપખુશીથી આપણાં માલમિલકત અને આપણા દેહ સિક્કે આપવા તૈયાર થઈએ એ દરેક રીતે યોગ્ય જ છે.

સર વિલિયમ લોકો પર થયેલા હુમલાઓનો અને લૂંટનો એમ કહીને બચાવ કરે છે કે તેવું "બધા દેશોમાં" થાય છે. હું એ વાતનો ઇનકાર કરું છું. શાંત સભા, તે ચાહે તેટલી ગેરકાયદે ગણવામાં આવી હોય તોપણ, બીજા કોઈ પણ દેશમાં અગર અત્યાર અગાઉ આ દેશમાં પણ બળ વાપરીને વિખેરી નાખવામાં આવી હોય એ માનવાની હું ના પાડું છું. આવી સભાઓ કે મંડળીઓ સાથે તેના બોલનારાઓને અગર તો જરૂર જણાય તો તેમાં હાજરી આપનારાઓને સુધ્ધાં બોલાવી મંગાવીને અને તેમને જેલમાં મોકલીને કામ લેવામાં આવ્યું છે. સર્વ પ્રકારની શારીરિક સજા નાબૂદ કરવી એ હરકોઈ સુધરેલી કહેવડાવનારી સરકારના તંત્રનો મૂળાક્ષર છે. અને પ્રજાએ એ પણ ભૂલવું નથી જોઈતું કે આ બધી જાહેર સભાઓ હિંસા કે મારફાડનો ઉપદેશ અગર અમલ કરવાને સારુ નહીં પણ એક કીમતી પ્રજાકીય હકની રક્ષાને ખાતર કસોટીને સારુ ભરવામાં આવે છે. વક્તાઓ અને શ્રોતાઓને પકડીને કેદ ભલે કરવામાં આવે, પણ તેમના ઉપર શારીરિક હુમલા કરવા અને તેમને જમીન પર ઘસડવા એ બધાનો અર્થ શો?

પોતાના નિર્લજ્જ એકરારની સર વિલિયમને કેમ જાણે ભોંઠપ લાગી હોય તેમ તેમણે પોતાના ઉદ્ધત બચાવના અંતમાં ગોરખપુરની ઘટનાને ખામોખા ખેંચી આણીને એવું સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે કે અહિંસાના પ્રતિજ્ઞાપત્ર ઉપર સહીઓ કરનારા બધા જ સ્વયંસેવકો કંઈ અહિંસાવાદી નથી હોતા. ચૌરીચૌરાના હત્યાકાંડનો તો બચાવ નથી જ. એમાં સ્વયંસેવકો ભળેલા હતા કે કેમ એની વિશ્વાસલાયક હકીકત હજુ બહાર આવી નથી. જે સ્વયંસેવકો હિંસામાં ભળતા હોય તેમને ભલે સજા કરવામાં આવે. પણ ટોળાંઓને હાથે એવું ચાહે તેટલું ગેરવર્તન થયું હોય તોપણ નિરપરાધી અને શાંત માણસોની સામે શરીરબળના ઉપયોગનો તો એમાં કોઈ રીતે બચાવ જ થઈ શકે એમ નથી

પણ અસહકારીઓએ તો સરકારની આવી મનસ્વી બેબંધશાહી સામે સુધ્ધાં મિજાજ ખોઈ બેસવાથી ચેતવું ઘટે. તેમણે તો ધીરજભરી સહનશીલતાથી અને મનથી પણ એની પ્રતિહિંસા ન કરતાં સરકારની આ બધી વૃત્તિનીતિને તરી ઊતરવું રહ્યું છે. દેશભરમાં ચાલી રહેલ સરકારની દમનનીતિની જે વિગતો યંગ इन्डियामां દર અઠવાડિયે હું આપ્યે જાઉં છું તેનો હેતુ એટલું જ ઠસાવવાનો છે કે આ સરકારની શરીરબળ વાપરવાની અથાગ શક્તિનું સૌ કોઈને બરાબર

Gandhi Heritage Portal

ભાન થાય. આપણે પણ જો પશુબળ ઉપર ખડી થયેલી આ સરકારને તોડી પાડીને તેની જગાએ પ્રજાકીય ઇચ્છાને અનુસરનારી સરકાર ઊભી કરવા માગતા હોઈએ તો દુ:ખ સહન કરવાની તેટલી જ અખૂટ શક્તિ કેળવવી રહી છે. એવી પ્રજાકીય સરકારના અમલ નીચે સુધ્ધાં બળનો ઉપયોગ તો થશે, પણ તે "બીજા બધા દેશોની પેઠે" માત્ર તેમની જ સામે થશે કે જેઓ પ્રજાકીય સંકલ્પને પશુબળ દ્વારા અટકાવવાનો પ્રયત્ન કરશે. યુરોપના દેશોની સરકારો બધી પશુબળ ઉપર જ ખડી થયેલી છે એમ કહીને મિ. મૉન્ટેગ્યુએ આપણા મૉડરેટ ભાઈઓની કેવળ દિશાભૂલ કરાવવાનો જ પ્રયત્ન કર્યો છે. લંડન અગર પારીસ જેવામાં કોઈ પણ શાંત ટોળાને તેઓ કોઈ ખાસ કાયદાનો ભંગ કરીને એકઠાં થયાં હોય તોપણ જ્યાં સુધી તેઓ બળ વાપરવાને અગર તો બળના ઉપયોગની હિમાયત કરવાને ભેગા ન થયા હોય ત્યાં સુધી બળજોરીથી વિખેરી નાખવાની કોઈ સરકાર હિંમત કરી શકશે નહીં.

### મોકૂફી

પરંતુ ચૌરીચૌરાએ અસહકારીઓ સામે એક નવું કર્તવ્ય ખડું કર્યું છે. અન્યત્ર પ્રગટ કરવામાં આવેલા કારોબારી સમિતિના ઠરાવો[1] અસહકારીઓને સામુદાયિક તેમ જ વ્યક્તિગત સવિનયભંગની બધી જ પ્રવૃત્તિઓને થોડો સમય પડતી મૂકવાની હાકલ કરે છે. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ, કારોબારી સમિતિના પગલાને બહાલ રાખશે. મારો મત એવો છે કે લાંબા સમય સુધી, ઓછામાં ઓછા આ વર્ષના અંત સુધી, સામુદાયિક સવિનયભંગ બંધ રાખવો જોઈએ. લોકો પર આપણે જરૂરી કાબૂ મેળવ્યો નથી એ વાત તો સ્પષ્ટ છે. આક્રમણાત્મક વ્યક્તિગત સવિનયભંગ પણ થોડો સમય બંધ કરવો જોઈએ. પરંતુ, મનાઈ ફરમાવવામાં આવી હોય તેમ છતાં આપણા હેતુ માટે જરૂરી હોય તેવી કૉંગ્રેસની સઘળી સામાન્ય પ્રવૃત્તિને કારોબારી સમિતિએ છૂટી રાખી છે. આમ આપણે પ્રતિજ્ઞાનું ચુસ્તપણે પાલન કરતા રહીને સ્વયંસેવકોની ભરતી કરવી જોઈએ. અને તે આપણે સરકારની જાહેરાતોનો ભંગ કરવા માટે નહીં પરંતુ કૉંગ્રેસના ખરેખરા કાર્ય માટે કરવી જોઈએ. એ જ પ્રમાણે આપણે ખાદીનો પ્રચાર ચાલુ રાખવો જોઈએ. કારોબારી સમિતિએ થોડા સમય માટે પરદેશી કાપડની દુકાનો પરના પિકેટિંગને ઓછું અગત્યનું ગણ્યું છે એટલું ધ્યાન પર રહે. માત્ર દારૂની દુકાનો પર અને તે પણ સારા વર્તન માટે જાણીતી વ્યક્તિઓ મારફતે પિકેટિંગ કરવાની છૂટ આપી છે. એટલે મને આશા છે કે બધા કાર્યકરો નિષ્ઠાપૂર્વક કારોબારીના ઠરાવનું પાલન કરશે અને તેમાં દર્શાવવામાં આવેલું રચનાત્મક કાર્ય ઉત્સાહપૂર્વક ઉપાડી લેશે. ખિલાફત, પંજાબ અને સ્વરાજનું સમાન ધ્યેય ધરાવતા સઘળા પક્ષોને રચનાત્મક કાર્યક્રમે ભેગા કરવા જોઈએ.

### મૂક કાર્યકર

આંધ્રપ્રદેશે તેનો એક સરસમાં સરસ મૂક કાર્યકર ગુમાવ્યો છે. આંધ્રપ્રદેશની ગર્વ લેવા જેવી મછલીપટ્ટમની મહાન શિક્ષણસંસ્થા[2] માટે શ્રી કે. હનુમંતરાવે ભારે જહેમત ઉઠાવી હતી. તેને માટે તેઓ જીવ્યા અને મૃત્યુને ભેટયા. ડૉ. પટ્ટાભિસીતારામૈય્યા[3] નીચે પ્રમાણે હૃદયસ્પર્શી પત્ર[4] લખે છે.

૧. જુઓ "બારડોલીના કારોબારી સમિતિના ઠરાવો", ૧૨–૨–૧૯૨૨.

૨. આંધ્ર જાતીય કળાશાળા.

૩. ૧૮૮૦–૧૯૫૯; વૈદકનો વ્યવસાય કરનાર ડૉક્ટર, રાજદ્વારી આગેવાન અને ગ્રંથકાર, જન્મભૂમિ પત્રના સંપાદક; ૧૯૪૯ના કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ, મધ્યપ્રદેશના રાજ્યપાલ.

૪. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. તેમાં હનુમંતરાવના મરણ વિષે વર્ણન કરવામાં આવ્યું છે અને જે સંસ્થા માટે તેમણે કાર્ય કર્યું હતું તેને માટે ફાળાની અપીલ કરી છે.

Gandhi Heritage Portal

સદ્‌ગતના સ્મારક માટે એક લાખ રૂપિયાની અપીલ કરવામાં તેમના મિત્રોએ સમય ગુમાવ્યો નથી. પૈસાનો ઉપયોગ આડંબરભર્યો દેખાવ કરવા પાછળ કરવાનો ઇરાદો નથી. સદ્‌ગતે દિવસ-રાત જોયા વિના જે સંસ્થા માટે જહેમત ઉઠાવી હતી તેની નાણાકીય સ્થિતિને સંગીન પાયા પર મૂકવાનો તેનો ઇરાદો છે. આંધ્રના પ્રત્યેક દેશભક્તને જ નહીં પરંતુ, જેઓ હનુમંતરાવને ઓળખતા હતા અથવા તેમની ઉમદા સંસ્થાની જેમણે મુલાકાત લીધી હતી તે સૌને હું આ વિનંતી બાબતમાં હૃદયપૂર્વક ભલામણ કરું છું.

### આગા મહમદ સફદર

લાલા લજપતરાયના અનુગામી, આગા મહમદ સફદરને ગિરફતાર કરી, તેમના પર મુકદ્દમો ચલાવી સિયાલકોટના મૅજિસ્ટ્રેટે છોડી મૂક્યા છે. છતાં, તેઓ કોઈ લાંબા સમય સુધી છૂટા રહેશે એવી અપેક્ષા રાખવામાં આવી નહોતી. હવે તેમને ફરી પકડવામાં આવ્યા છે અને તેમની સામે લાહોરમાં કામ ચલાવવામાં આવનાર છે. સિયાલકોટથી ૧૮ માઈલ પર આવેલા ધરતાલ નામના ગામડામાં એક સભા સમક્ષ તે ભાષણ આપવાની તૈયારીમાં હતા ત્યારે તેમને પકડવામાં આવ્યા હતા. સભામાં હજારેકની સંખ્યામાં ગ્રામજનો હાજર હતાં. કશી હિંસા થઈ નહાતી. જાણે કશું જ બન્યું ન હોય તેમ આગાસાહેબના સાથીઓએ સભાનું કામકાજ ચાલુ રાખ્યું હતું.

### શીખોનું ગૌરવ

શીખોની જાગૃતિ ખરેખર અદ્‌ભુત જણાય છે. અકાલી પક્ષ અસરકારક અહિંસાનો પક્ષ બન્યો છે એટલું જ નહીં પરંતુ તે એક ગૌરવભરી આચારસંહિતા પણ ઊભી કરી રહ્યો છે. ચાવીઓના મામલા[1] અંગે પકડાયેલા બિન-શીખ, પંડિત દીનાનાથની મુક્તિ માટે ગુરુદ્વારા સમિતિ આગ્રહ કરી રહી છે. આ સમિતિએ પ્રગટ કરેલી હિંમતભરી જાહેર વિનંતી[2] મારે પ્રગટ કરવી રહી.

### અમદાવાદ અને સુરત

અમદાવાદ અને સુરતની મ્યુનિસિપાલિટીઓ પાસેથી, તે કાર્યદક્ષ નહોતી એટલા માટે નહીં પણ તે વધારે કાર્યદક્ષ અને વધારે સ્વતંત્ર બની તેટલા માટે, તેની સત્તા લઈ લેવામાં આવી છે.[3] આ બે તથા નડિયાદની મ્યુનિસિપાલિટી, સરકારી દરમ્યાનગીરી અને અયોગ્ય નિયંત્રણ સામે બહાદુરીભરી, ગૌરવભરી અને વ્યવસ્થિત લડત આપી રહી હતી. તેમણે પ્રાથમિક શિક્ષણ સરકારી અંકુશમાંથી મુક્ત કર્યું તે તેમનો ગુનો હતો. તેમણે સરકારી ગ્રાંટ જતી કરી. પરંતુ નોંધવા જેવું તો એ છે કે બહુમતી ધરાવતા ચૂંટાયેલા મ્યુનિસિપલ સભ્યોએ હમેશાં કર ભરનારાઓ સાથે ચોક્કસ મસલતો કર્યા પછી જ કંઈ પણ પગલાં લીધાં છે. પરંતુ દેખીતી રીતે એ જ વાત સરકાર ઇચ્છતી નથી. એને લઈને તો પ્રજામત અસરકારક બને છે.

મ્યુનિસિપલ સભ્યો અને મતદારોનું કર્તવ્ય તદ્દન સરળ છે. તેમણે પ્રાથમિક શિક્ષણ પરનો અંકુશ હજુ પણ જાળવી રાખવો જોઈએ. સરકાર નાગરિકો ઉપર પોતે નીમેલી કમિટી લાદે

૧. જુઓ "નોંધ", ૧૨–૧–૧૯૨૨નું પેટામથાળું, "ગુરુદ્વારા આંદોલન".

૨. આ વિનંતી અહીં પ્રગટ કરવામાં આવી નથી.

૩. ફેબ્રુઆરીની શરૂઆતમાં અમદાવાદની મ્યુનિસિપાલિટીને સ્થગિત કરવામાં આવી હતી અને તેનો કારભાર કલેક્ટરે સંભાળી લીધો હતો.

Gandhi Heritage Portal

તો કર ભરનારાઓએ તેને કર આપવાની ના પાડી દેવી જોઈએ અને પોતાનાં બાળકોના રાષ્ટ્રીય શિક્ષણ માટે પૈસા આપવા જોઈએ. સભ્યોએ સંપ જાળવવો જોઈએ અને વ્યવહારુ જણાય તો રાષ્ટ્રીય મ્યુનિસિપાલિટી જેવી સંસ્થા સ્થાપવી જોઈએ. મારા અભિપ્રાય પ્રમાણે ભાગ્યે જ એવું કોઈ ખાતું હશે, જે જાગ્રત શહેરીઓ સરકારની મદદ વિના ચલાવી ન શકે. અમદાવાદીઓ, નડિયાદીઓ અને સુરતીઓ સરકારની મદદ વગર શા માટે પોતાની શેરીઓ સાફ ન કરી શકે અને તેમાં રોશની ન કરી શકે, પોતાનાં બાળકોને ભણાવી ન શકે, પોતાનાં માંદાંની સાર-સંભાળ ન રાખી શકે, લોકોને પાણી પૂરું ન પાડી શકે એ માટે કલ્પી શકાય એવું કોઈ કારણ નથી. તેઓ પોલીસ પર કાબૂ ધરાવતા નથી. કર વસૂલ કરવાની એક જ બાબત એવી છે, જેને માટે તેમને સરકારની મદદની કદાચ જરૂર પડે. સરકારી સત્તાને સ્થાને જાહેર મતની સત્તાને મૂકી દો એટલે કર ઉઘરાવવાનો ઉપાય મળી જ ગયો સમજો. અમદાવાદમાં ફરજિયાત કર કરતાં મરજિયાત ફાળાઓમાં વધુ પૈસા એકઠા કરવામાં આવે છે. જાગ્રત મતદાર-વિભાગોમાં લોકોને સરકાર નિયુક્ત સમિતિઓ અને લોકમતથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેનું દ્વંદ્વયુદ્ધ જોવા મળશે.

**પત્ર પ્રગટ ન કરી શકાયો**

આ પાનાંઓમાં આપવામાં આવેલી માહિતીનું સમર્થન કરતો, દિલ્હી જેલના વર્તાવ અંગેનો એક પત્ર, એના જેવી બીજી ખૂબ અગત્યની સામગ્રી સાથે જગાના અભાવે આ અઠવાડિયે પ્રગટ કરી શકાયો નથી.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १६–२–१९२२

## ૧૭૪. ઘરનો ઘા

ઈશ્વરની દયાનો પાર નથી. મારી પ્રત્યે તો તેનો નિરંતર અખૂટ ધોધ વહેતો મેં અનુભવ્યો છે. તેણે મને ત્રીજી વેળા ચેતવણી આપી છે કે જેને યથાર્થ રીતે સવિનયભંગ કહી શકાય, એટલે કે જે ભંગમાં વિનય, સત્યપરાયણતા, નમ્રતા અને જ્ઞાન રહેલાં છે, જેમાં આગ્રહ છતાં વિરોધી પ્રત્યે નિર્મળ નિખાલસ પ્રેમની જ લાગણી રહેલી છે અને જેમાં દ્વેષ કે ઝેરવેરને લેશમાત્ર અવકાશ નથી, એવા સવિનય કાયદાના ભંગને સારુ જે વાતાવરણ જરૂરી છે તેવું વાતાવરણ હજુ પણ હિંદુસ્તાનમાં નથી.

સને ૧૯૧૯ની કાળા કાયદા સામેની લડત વેળા તેણે મને ચેતવણી આપી. અમદાવાદ, ખેડા અને વીરમગામવાળા તે વેળા ભૂલ્યા, અમૃતસર અને કસુરવાળા ભૂલ્યા અને ઘેલા બની દીન અને દુનિયા સામે ગુના કર્યા. મેં મારું પગલું પાછું ફેરવ્યું, મારી ગણતરીને હિમાલય જેવડી ભૂલ કહી,[1] એ ભૂલને સારુ ઈશ્વર અને જગત સમક્ષ પ્રાયશ્ચિત્ત કર્યું અને સામુદાયિક સવિનય-ભંગ જ નહીં પણ મેં એકલાએ સરકારના મનાઈહુકમનો જે અનાદર કરવા ધારેલો તે પણ બંધ કર્યો; જોકે મારા એ અંગત સવિનયભંગમાં પૂરેપૂરી સભ્યતા અને અહિંસા જાળવવા વિષે મને ખાતરી હતી.

૧. જુઓ પુસ્તક ૧૫, પા. ૪૨૧–૭.

Gandhi Heritage Portal

બીજી વારની ગંભીર ચેતવણી એણે મને મુંબઈનાં છેલ્લાં તોફાન વેળાએ આપી. ૧૭મી નવેમ્બરે એણે મને મવાલીઓની ટોળાશાહી નજરોનજર દેખાડી. ટોળાંઓએ અસહકારીઓ પ્રત્યેનો પોતાનો સદ્‌ભાવ (!) દેખાડવાને સારુ એ બધું કરેલું! મેં બારડોલીમાં તુરતમાં જ શરૂ થનારો સવિનયભંગ મુલતવી રખાવવાનો મારો ઈરાદો જાહેર કર્યો. મારી ભોંઠપ ૧૯૧૯ની સાલના કરતાં અનેકગણી વધુ હતી. છતાં હું માનું છું કે એ પગલું અખત્યાર કરીને દેશ ચડયો છે, પડયો નથી. એ રીતે સવિનયભંગ મુલતવી રાખીને હિંદુસ્તાને સત્ય અને અહિંસા પ્રત્યેની પોતાની વફાદારી બતાવી આપી.

પણ કડવામાં કડવી ભોંઠપ મારે માટે હજુ બાકી જ હતી. મદ્રાસની ટોળાશાહીએ મને વળી ચેતવ્યો, પણ મેં તે ચેતવણી ગણકારી નહીં. અંતે ઈશ્વરે ચૌરીચૌરા મારફતે પાકે પાયે મારા કાન ઉઘાડયા. જે હકીકતો મળી છે તે પરથી જણાય છે કે જે પોલીસના માણસોને ચૌરીચૌરામાં વિકરાળપણે ફાડીચૂંથી નાખવામાં આવ્યા તેમણે લોકોની ઘણી પજવણી કરેલી. તેમના ફોજદારે પોતાનાં માણસો લોકોને હેરાન નહીં કરે એવું વચન આપેલું તેનો તેમણે ભંગ કર્યો, સરઘસ પાછળ રહેલા લોકોને તેમણે હેરાન કર્યા અને ગાળો દીધી. લોકોએ બૂમો પાડી અને આગળ નીકળી ગયેલું ટોળું પાછું ફર્યું. પોલીસોએ ગોળી ચલાવી, થોડી વારમાં તેમની પાસેની કારતૂસો ખૂટી અને સલામતીને ખાતર પાછા વળી થાણામાં ભરાયા. મારો ખબરપત્રી જણાવે છે કે આથી ટોળાએ થાણું સળગાવ્યું. અંદર ભરાયેલા પોલીસ સિપાઈઓ જાન બચાવવા ખાતર બહાર આવ્યા અને બહાર આવતાંવેંત જ વિકરાળ ટોળાએ તેમને ફાડીપીંખી નાખ્યા અને તેમની છિન્નભિન્ન લાશોને ભભૂકતી આગમાં હોમી દીધી!

એવો દાવો કરવામાં આવ્યો છે કે આ વિકરાળ પશુતામાં કાંઈ અસહકારી સ્વયંસેવકોનો હાથ ન હતો. વળી ટોળાની માત્ર તે ઘડીએ પજવણી થઈ હતી એટલું જ નહીં પણ એ જિલ્લામાં પોલીસનો જે જુલમ અને ત્રાસ ચાલુ હતો તેની જાણથી લોકો ધૂંધવાયેલા હતા. પણ ચાહે તેવી પજવણી થઈ હોય તોપણ નિરાધાર થઈ પડેલા અને લોકોના ટોળાની કેવળ દયા ઉપર જ પડેલા પોલીસ સિપાઈઓની આવી વિકરાળ હત્યાઓનો કોઈ પણ રીતે બચાવ કરી શકાય જ નહીં. તેમાંય જ્યારે હિંદુસ્તાન અહિંસાપરાયણ હોવાનો દાવો કરતું હોય અને કેવળ નિર્મળ સાધનો વડે જ સ્વતંત્રતાના સિંહાસન ઉપર આરૂઢ થવાનું ઉમેદવાર હોય ત્યારે તો ચાહે તેટલી ગંભીર પજવણીની સામે પણ ટોળાશાહી ચલાવીને ખુનામરકી કરવી એ ખરેખર અશુભ જ આરંભ કહેવાય. ધારો કે બારડોલીનો અહિંસામય સવિનયભંગ ઈશ્વરે સફળ થવા દીધો અને સરકાર બારડોલીના વિજેતાઓની તરફેણમાં પદચ્યુત થઈ, તો પછી પજવણીનો જવાબ વિકરાળ ખુનામરકીથી આપનારા ગુંડા લોકોને કોણ લગામમાં રાખશે? અહિંસાને માર્ગે સ્વરાજ સ્થાપવાની વાતમાં દેશમાંનાં તોફાની તત્ત્વો ઉપર અહિંસામય કાબૂ રાખી શકવાની વાત આવી જ જાય છે અને અહિંસાવ્રતી અસહકારીઓ પણ જ્યારે હિંદુસ્તાનના મવાલીઓ ઉપર પોતાનો પૂરો કાબૂ જમાવશે ત્યારે જીતશે — મતલબ કે જ્યારે મવાલી વર્ગોને પણ એટલી વાત હૈયે ઠસી જશે કે વધુ નહીં તોપણ જ્યારે અહિંસામય અસહકારની લડત દેશમાં ચાલી રહી હોય ત્યારે તો પોતે દેશની ખાતર અગર તો ધર્મ સમજીને પણ કોઈ પણ પ્રકારનાં દંગાતોફાન કે રમખાણ ન જ મચાવવાં જોઈએ. આમ ચૌરીચૌરાના વિકરાળ હત્યાકાંડે મને પૂરેપૂરો જાગ્રત કર્યો.

"પણ હમણાં જ હજુ વાઈસરૉય સાહેબને લાંબોલસરક વિષ્ટિપત્ર લખી મોકલ્યો અને તેના જવાબનો પણ જવાબ વાળ્યો તેનું શું?" આમ સેતાન કાન આગળ ગણગણ્યો. મારી ભોંઠપને

Gandhi Heritage Portal

સીમા ન દેખાઈ. "મોટા ડોળા કરીને સરકારને મોટી મોટી ધમકીઓ આપી, બારડોલીના લોકોને બડીબડી આશાઓ આપી, અને બીજે જ દિવસે આમ પાછી પાની! કેવડી ભારે મરદાનગી!" આમ શેતાન મારી પાસે સત્યનો અને તેથી ધર્મનો અને ઈશ્વરનો ઇનકાર કરાવવા મથી રહ્યો હતો. મેં મારી શંકાઓ અને મારું દુઃખ કારોબારી સમિતિ આગળ તેમ જ જે સાથીઓને મેં મારી પાસે દીઠા તેમની આગળ રજૂ કર્યું. પહેલાં તો તેમનામાંના બધાને કંઈ મારું કહેવું હૈયે બેઠું નહીં. કેટલાકને કદાચ હજુ પણ મારું કહેવું ગળે ઊતર્યું નથી. પણ ઈશ્વરે મને જેટલા સમજુ અને દરિયાવ દિલના સાથીઓ અને જોડીદારો આપ્યા છે તેવા કદાચ ભાગ્યે જ કોઈને આપ્યા હશે. તેઓ મારી મુશ્કેલીઓ સમજ્યા અને ધીરજથી મારું બધું કહેવું સાંભળ્યું.

પરિણામ પ્રજાની સામે કારોબારી સમિતિના ઠરાવરૂપે મોજૂદ છે.[૧] ખરું જોતાં તીવ્રભંગના આખા કાર્યક્રમને આમ સદંતર ઊંધો વાળી દેવો એ રાજદ્વારી દૃષ્ટિએ ભલે અનુચિત હોય, ભલે અવહેવારુ હોય, પણ ધાર્મિક દૃષ્ટિએ તો તે સંગીન જ છે એમાં શક નથી, અને શંકા કરનારાઓને હું ખાતરી આપવાની હિંમત કરું છું કે મારી ભોંઠપથી ને મારા ભૂલ કબૂલ કરી લેવાથી દેશને તો લાભ જ થવાનો છે.

હું માત્ર એક જ ગુણનો દાવો કરવા ઇચ્છું છું: સત્ય અને અહિંસાનો. દૈવીશક્તિ ધરાવવાનો મારો દાવો નથી. તેવી શક્તિ મારે જોઈતી પણ નથી. શૂદ્રમાં શૂદ્ર માણસને જેવું માંસરુધિરનું ખોળિયું મળેલું છે તેવું જ ઘડીમાં સડીકોહી જાય એવું ખોળિયું મને મળેલું છે અને તેથી ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીના જેટલો જ હું પણ દોષને પાત્ર છું. મારી સેવામાં પુષ્કળ ત્રુટિઓ છે પણ એ બધી અપૂર્ણતા છતાં પરમેશ્વરે આટલા દિવસ મારી સેવાને અમીદૃષ્ટિએ જ નિહાળેલી છે.

કારણ કે ભૂલ કબૂલ કરવી એ સાવરણી જેવું છે. સાવરણીની પેઠે તે કચરો ઝાડી કાઢે છે અને મેલી જમીનને સાફ કરે છે. ભૂલના એકરારથી મારું બળ વધ્યું હોય એવો હું અનુભવ કરું છું. અને આમ પાછા ફર્યાથી આપણી પ્રવૃત્તિનું કલ્યાણ જ થવાનું છે. સીધો માર્ગ હોય તેને છોડીને આડે માર્ગે ચાલવાની હઠ લેનાર કદાપિ ધારેલે સ્થાને પહોંચી નથી શકતો.

એવી દલીલ કરવામાં આવી કે ચૌરીચૌરાના લોકો તપી ઊઠે તેમાં બારડોલીને કઈ રીતે ધક્કો પહોંચે? હા, બારડોલીના પોતાના લોકો જો કદી ચૌરીચૌરાનું જોઈને તોફાન કરી ઊઠે તો ભય ખરો. પણ બારડોલીને વિષે તો મને એવો કશો ભય છે જ નહીં. બારડોલી તાલુકાના લોક મારા અભિપ્રાય મુજબ આખા હિંદુસ્તાનમાં સૌથી શાંત છે. પણ હકીકત તો એ છે કે આખા હિંદુસ્તાનની વસ્તી સામું જોતાં બારડોલી તો "દરિયામેં ખસખસ" સમાન છે. એના પ્રયત્નને બાકીના બધા હિંદુસ્તાન તરફથી સંપૂર્ણ પીઠબળ ન મળે તો એ પ્રયત્નને કશું જ ફળ ન આવે. અને બારડોલીનો કાનૂનભંગ પણ ત્યારે જ સવિનય ગણાય જ્યારે બાકીનું આખું હિંદુસ્તાન તદ્દન શાંત રહે. જેમ ભરી દૂધની કઢાઈમાં સોમલનું એક બુંદ પડે તોપણ બધું દૂધ ઝેર બની જઈ નિરુપયોગી થઈ પડે છે તે જ પ્રમાણે ચૌરીચૌરાના ઝેરથી બારડોલીનો વિનય પણ બેકાર બની જાય છે. કારણ જેટલે દરજ્જે બારડોલી હિંદુસ્તાનનું પ્રતિનિધિ છે તેટલે જ દરજ્જે ચૌરીચૌરા પણ છે.

અને ચૌરીચૌરાનો બનાવ પણ રોગના એક બહાર ફાટી આવેલા ચિહ્નરૂપે જ નથી શું? મેં કદી એવું નથી માની લીધું કે જ્યાં દમનનીતિ ચાલી રહેલ છે ત્યાં બધે કોઈ જ જગ્યાએ

૧. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૧ અને ૧૨મીએ બારડોલીમાં મળેલી બેઠકે પસાર કરેલા ઠરાવો.

Gandhi Heritage Portal

માનસિક અગર પ્રત્યક્ષ મારફાડ થઈ જ નથી. મેં એટલું જ માન્યું છે, હજુ માનું છું અને યંગ ઇન્ડિયાનાં પૃષ્ઠોમાં એનો ઢગલાબંધ પુરાવો મળશે કે દમનનીતિવાળા પ્રદેશોમાં ક્યાંક ક્યાંક થઈ આવતાં છમકલાં અને તે સામે સરકાર તરફથી વર્તાવવામાં આવતા જુલમ અને દમન એ બે વચ્ચે કશું જ પ્રમાણ કે હદમર્યાદા નથી. સભાબંધી કરેલાં સ્થળોમાં ઈરાદાપૂર્વક સભાઓ ભરવી એને હું હિંસામાં ગણતો નથી. રોડાં કે પથરા ફેંકવા, ધમકી આપવી અગર બીજા દાખલાઓમાં જ્યાં ક્યાંક ક્યાંક અસહકારી કહેવડાવનારાઓ તરફથી પરાણે જે કેટલાંક કામો કરાવવામાં આવે છે તેને અલબત્ત, હું હિંસા કહું છું. ખરું જોતાં તો સવિનયભંગની લડતમાં ઉશ્કેરણી બિલકુલ ન હોય. સવિનયભંગ એ તો મૂંગે મોઢે દુ:ખ સહેવાની તૈયારી છે. એની અસર અદૃશ્ય અને મુલાયમ છતાં ગજબની હોય છે. છતાં અત્યારની સ્થિતિમાં જરાતરા ઉશ્કેરણી અને જરાતરા વગર ઈરાદાની બળજોરી અનિવાર્ય છે અને ક્ષમ્ય પણ છે એમ કંઈક મને ભાસેલું. એટલે કે આવી કંઈક અપૂર્ણતાઓવાળી સ્થિતિ વચ્ચે સવિનયભંગ મને છેક અસંભવિત ન જણાયો. આદર્શ સ્થિતિમાં તો સવિનયભંગ કળાતો પણ નથી. પણ અત્યારની ઝુંબેશ તો દેખીતી રીતે જ વિરુદ્ધ પરિસ્થિતિ વચ્ચે એક જોખમી અખતરો છે.

ચૌરીચૌરાનો હત્યાકાંડ આપણે માટે દીવાદાંડીરૂપ છે. જો કડકમાં કડક ચોકી ન કરવામાં આવે તો હિંદુસ્તાન કઈ દિશાએ સહેજે વળી જઈ શકે એમ છે તે એ બતાવે છે. જો આપણે અહિંસાના સંઘમાંથી હિંસાને કાઢી ન શકીએ તો જેમ બને તેમ જલદી પાછા ફરીને શાંતિનું વાતાવરણ સ્થાપીએ અને આપણો કાર્યક્રમ નવેસર ગોઠવી ફરી સવિનયભંગ થાય અને તે વેળાએ સરકાર ચાહે તેટલી પજવણી કરે તોપણ ખુનામરકી ન થવા વિષે તેમ જ અધિકાર વગરના સંઘો સામુદાયિક ભંગ શરૂ નહીં કરી દે એવી આપણા મનની ખાતરી ન થાય ત્યાં સુધી સામુદાયિક સવિનયભંગનો વિચારસરખો છોડી દીધે જ આપણો આરો છે.

અત્યારે તો હજુ આપણું મહાસભાનું બંધારણ પણ સંપૂર્ણતાએ પહોંચ્યું નથી અને તેની સૂચનાઓ અને આજ્ઞાઓ અર્ધદગ્ધ રીતે પળાતી જોવામાં આવે છે. હજુ નાનામોટા એકેએક ગામેગામ મહાસભા સમિતિઓ પણ આપણે સ્થાપી વળ્યા નથી. જ્યાં સ્થપાઈ છે ત્યાં પણ હજુ તેઓ તેમને મળતી સૂચનાઓનો રીતસર અમલ કરતી થઈ નથી. મહાસભાના સભ્યોની સંખ્યા પણ હજુ કદાચ કરોડની ઉપર નથી ગઈ. અત્યારે ફેબ્રુઆરી પણ અરધો વીત્યો, પણ હજુ માથાદીક ચાર આનાનું આપણું ચાલુ વરસનું લવાજમ પણ ઘણાખરાઓએ ભર્યું નથી. સ્વયંસેવકોની ભરતી પણ એટલી જ ઢંગધડા વગરની ઢબે ચાલતી જોવામાં આવે છે. તેઓ પ્રતિજ્ઞાપત્રની બધી શરતો પાળતા નથી. ઘણી વાર તો હાથકંતામણ અને હાથવણાટની ખાદી પણ તેમના ડિલ પર દેખાતી નથી. બધા હિંદુ સ્વયંસેવકોએ અસ્પૃશ્યતાનો મેલ હજુ કાઢ્યો નથી. બધામાંથી હિંસાવૃત્તિ હજુ પૂરેપૂરી નીકળી નથી. આવાઓના જેલ જવાથી આપણે નથી સ્વરાજ ઘેર આણવાના, નથી ખિલાફત રાખી શકવાના, કે નથી બેઈમાન નોકરોનાં પેન્શનો બંધ કરવાનું સામર્થ્ય કેળવી શકવાના. આપણામાંના કોઈ કોઈ પોતાને રોકવાનો પ્રયત્ન કરવા છતાં એ ભૂલે છે એ સાચું, પણ બીજા કેટલાક તો આપણી વચ્ચે રહીને જ ઈરાદાપૂર્વક પાપ કરે છે તેનું શું? અહિંસાપરાયણ નથી અને રહેવા માગતા પણ નથી એ જાણતાં છતાં તેઓ સ્વયંસેવક સૈન્યમાં ભરતી થાય છે. આમ જેમ આપણે સરકારને પાખંડી અને જૂઠથી ભરેલી કહીએ છીએ તે જ રીતે આપણે પોતે પણ પાખંડી બનીએ છીએ. પણ આપણે યાદ રાખવું

Gandhi Heritage Portal

ઘટે છે કે સત્ય અને અહિંસાને નમન કર્યાના કેવળ દંભ કરીને આપણે કદી પણ સ્વતંત્રતાના રાજ્યમાં પ્રવેશ કરી શકવાના નથી.

આમ સામુદાયિક સવિનયભંગની મોકૂફી અને ઉશ્કેરણીનું શમન એ પ્રગતિને સારુ આવશ્યક છે, એટલું જ નહીં પણ તે સિવાય આપણે જરૂર વધુ પડવાના છીએ. તેથી હું ઉમેદ રાખું છું કે મહાસભાના એકેએક અનુયાયી સ્ત્રીપુરુષ સવિનયભંગની લડત મુલતવી રહ્યાના કારણે નાસીપાસ થવાને બદલે પાખંડ અને પ્રજાકીય પાપના બોજામાંથી સદ્ભાગ્યે બચી ગયાની લાગણીને પરિણામે મનની શાંતિ જ અનુભવશે.

શત્રુ ભલે આપણી ભોંઠપ નીરખી નીરખીને હરખના કૂદકા ભરે, ભલે આપણી હાર થઈ માનીને આનંદઓચ્છવ કરે. કરેલી પ્રતિજ્ઞાના ભંગ કર્યાનું અને ઈશ્વરને બેવફા બન્યાનું પાપ માથે લેવા કરતાં ડરપોક અને નબળા નીવડયાનું તહોમત માથે લેવું હજાર દરજ્જે બહેતર છે. આપણા અંતરઆત્મા આગળ જૂઠા નીવડયા કરતાં દુનિયા આગળ જૂઠા દેખાવું એ કરોડગણું સારું છે.

પણ તેથી મારે પોતાને માટે તો સામુદાયિક ભંગ તેમ જ લોકોમાં ખળભળાટ જાગ્રત રાખનારી બીજી વસ્તુઓ મુલતવી રાખવી એટલું જ પ્રાયશ્ચિત્ત બસ નથી. હું તો ચૌરીચૌરાના વિકરાળ કાંડનો ગમે તેટલો અનિચ્છુક છતાં નિમિત્ત રહ્યો. મારે તો અંગત પ્રાયશ્ચિત્ત કરવું રહ્યું. મારે તો મારા નૈતિક વાતાવરણના રજેરજ ફેરફાર માપી લેવાની શક્તિ મેળવવી રહી. મારી પ્રાર્થનામાં ઘણું વધારે ગંભીર સત્ય અને નમ્રતા મારે સાધવાં રહ્યાં.

અને મેં જોયું છે કે મારે માટે તો એવા પ્રાયશ્ચિત્ત તરીકે ઉપવાસ અને પ્રાર્થના જેવું સુફળદાયી સાધન બીજું એકે નથી. મનની વૃત્તિ તો માણસનું સર્વસ્વ છે. નહીં તો જેમ પ્રાર્થના પણ પક્ષીના બોલની પેઠે યંત્રવત્ બની જઈ શકે છે તે જ પ્રમાણે ઉપવાસ પણ દેહનું નર્યું નિરર્થક દમન થઈ પડે છે. આવા યંત્રવત્ ઉપાયો તેના મૂળ હેતુને નિષ્ફળ કરે છે. આમ છતાં જેમ યંત્રવત્ આલાપ પણ કંઠને ઘૂંટીને સૂરીલો બનાવે છે તેમ યંત્રવત્ ઉપવાસ પણ શરીરશુદ્ધિ કરવા પૂરતો ઉપયોગી નીવડે ખરો. અલબત્ત, કંઠના આલાપની પેઠે એવો ઉપવાસ પણ આત્માની ઉપર કશી અસર ઉપજાવી શકશે નહીં.

પણ વધુ સંપૂર્ણતાભર્યા આત્મકથનને માટે, પાર્થિવ શરીર ઉપર આત્માની આણ સ્થાપવા માટે કરેલો ઉપવાસ એ માણસની ઉન્નતિમાં જબરો સહાયક છે એ વિષે મને શંકા નથી. તેથી ઊંડો વિચાર કરીને પાંચ દિવસનો ઉપવાસ કરવાનો અને તે દરમ્યાન પાણી સિવાય બીજું કશું જ ન લેવાનો મેં મારે માટે નિર્ણય કર્યો છે. રવિવારે[1] સાંજથી મેં શરૂ કર્યો છે અને શુક્રવારે સાંજે છોડીશ. મને લાગ્યું કે આટલું પ્રાયશ્ચિત્ત તો મારે ઓછામાં ઓછું કરવું જોઈએ.

મહાસમિતિની ટૂંકમાં જ મળનારી બેઠક[2] હું ભૂલ્યો નથી; આટલો પાંચ દિવસનો ઉપવાસ પણ અનેક મિત્રોના મનમાં કેવી ચિંતા કરાવશે એ પણ બધું મારી કલ્પનામાં મેં વિચારી લીધું; પણ આ પ્રાયશ્ચિત્ત મારાથી મુલતવી ન જ રાખી શકાય તેમ તેને એટલેથી ઘટાડી પણ ન શકાય એમ જ મને લાગ્યું છે.

સાથીઓને મારી નમ્ર વિનંતી છે કે તેમણે મારી નકલ કરી ઉપવાસ કરવા નહીં. એવા ઉપવાસથી એમને લાભ થવા સંભવ નથી, કારણ મારા દાખલામાં ઉપવાસને સારુ જે કારણ છે

૧. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૨મી.
૨. દિલ્હીમાં ફેબ્રુઆરી ૨૪મી અને ૨૫મીએ મળી.

Gandhi Heritage Portal

તે તેમના દાખલામાં નહીં હોય. તેઓ કંઈ સવિનયભંગના પ્રેરક નથી. હું જ શસ્ત્રવૈદની સ્થિતિમાં છું અને દેખીતા જ જોખમભર્યા દર્દીને શસ્ત્રક્રિયા કરવાના કામમાં નાપાસ નીવડ્યો છું. મારે જ કાં તો ધંધો છોડી દેવો રહ્યો, નહીં તો તેમાં વધુ પ્રવીણતા મેળવવી રહી. તેથી મારે સારુ તો આ અંગત પ્રાયશ્ચિત્ત જરૂરી જ નહીં પણ ફરજિયાત છે, જ્યારે બાકીના સૌને માટે કારોબારી સમિતિએ જે નમૂનેદાર સંયમ દરેક અસહકારીને સારુ સૂચવ્યો છે તેટલો બસ છે. સમજે અને ખરા દિલથી અમલમાં મૂકે તેને સારુ એટલું પ્રાયશ્ચિત્ત કંઈ ઓછું નથી. એ તો ઉપવાસ કરતાં કેટલુંયે વધુ ફળદાયી નીવડે. સાચે જ, કાયા વાચા મનથી અહિંસાનું પાલન અને અહિંસા-વૃત્તિનો સાર્વત્રિક પ્રચાર થાય એના કરતાં વધુ કીમતી અને વધુ ફળદાયી બીજું શું હોઈ શકે? મારા બધા સાથીઓ મૂંગે મોઢે અને નકામા વાદવિવાદ છોડી કારોબારી સમિતિએ દોરી આપેલો કાર્યક્રમ પાર પાડવામાં પરોવાઈ ગયા છે એ વિચાર મારા ઉપવાસના અઠવાડિયા દરમ્યાન મને કેટલો શક્તિદાયક નીવડે એ સહેજે કલ્પી શકાય તેમ છે. દરેક અસહકારી પુરુષ અગર સ્ત્રી લોકોને મહાસભાનું ધ્યેય તેમ જ સ્વરાજપ્રાપ્તિને સારુ સત્ય અને અહિંસાનું મહત્ત્વ સમજાવી મહાસભાના સભ્યો નોંધે, દરેકને ચોક્કસ કલાક કાંતવાનું મહત્ત્વ સમજાવે, હિંદુસ્તાનની બરકત અને આર્થિક સ્વતંત્રતાની મૂર્તિરૂપ રેંટિયો ઘેર ઘેર દાખલ કરે, અંત્યજોના વાસ તપાસી તેમની જરૂરિયાતો જાણે, રાષ્ટ્રીય શાળાઓમાં તેમનાં બાળકોને દાખલ કરાવે, ખાસ કરીને જુદા જુદા મતનાં સ્ત્રીપુરુષોને એકત્ર કરવાના હેતુથી ચોક્કસ સમાજસેવાનાં કામો ઉપાડે, દારૂની બદીને પરિણામે ગારદ થતાં કુટુંબોને ઉદ્ધારે, ગામેગામ ખરી અને ઉપયોગી ગ્રામપંચાયતો સ્થાપે તેમ જ રાષ્ટ્રીય શાળાઓને ઘટતા પાયા પર મૂકે, આ બધાં કામો અસહકારી કાર્યકર્તાઓને સારુ ઉપવાસ કરતાં પણ વધુ ઉપયોગી અને ફળદાયી છે. તેથી મને ઉમેદ છે કે મારા પ્રત્યેની સહાનુભૂતિના ભ્રામક ખ્યાલથી અગર તો ઉપવાસની આધ્યાત્મિક કિંમતની અજ્ઞાનભરી કલ્પનાને પરિણામે કોઈ ઉપવાસ કરવામાં મારું અનુકરણ નહીં કરે.

ઉપવાસ, પ્રાયશ્ચિત્ત વગેરે બનતા લગી એકાંતે કરવાની વસ્તુઓ છે; પણ મારો ઉપવાસ તો પ્રાયશ્ચિત્ત તેમ જ સજા બંને છે. અને સજા તો જાહેરપણે જ ભોગવવી જોઈએ. આ ઉપવાસ મારે સારુ પ્રાયશ્ચિત્ત છે; અને સજા તેમને સારુ છે જેમની હું સેવા કરવા ઇચ્છું છું, જેમને માટે મને જીવવામાં રસ છે, અને જેમને માટે મરવામાં પણ મને તેટલો જ રસ છે. ભલે અજ્ઞાનમાં હોય તોપણ અસહકારીઓ પ્રત્યેના પ્રેમને નામે અને કેટલાકોએ તો કદાચ મહાસભાને ચોપડે પોતાનાં નામો છતાં ને મારા નામના પોકારો કરીને પોતાના જ દેશભાઈઓ અને પોતાના જ જેવાં પોલીસનાં માણસોના રાક્ષસી રીતે જાન લીધા. પ્રેમ કઈ રીતે સજા કરે? જાતે જ દુ:ખ ખમીને. ખરે જ, મારું અંતર તો તેઓને કોઈ પકડે અને સજા કરે એટલુંયે ન ઇચ્છે. હું તો તેમને એમ ઠસાવવા ઇચ્છું કે મહાસભાના ધ્યેયના તેમણે કરેલા આ ભંગને સારુ હું સજા ખમવા માગું છું. જેમને પોતાનો ગુનો કરડી રહ્યો છે અને જેમનું અંત:કરણ પશ્ચાત્તાપથી બળી રહ્યું છે તેમને હું એવી સલાહ આપું કે તેઓ પોતાની મેળે સરકારને તાબે થાય અને પોતાના ગુનાનો સ્વચ્છ એકરાર કરી તેની સજા માગી લે. મને આશા છે કે ગોરખપુરના કાર્યકર્તાઓ આ દુષ્કૃત્યો કરનારાઓને શોધી કાઢવા દરેક પ્રયત્ન કરશે અને તેમને પોતાની મેળે સરકારને સ્વાધીન થઈ જઈ સજા માગી લેવા વીનવશે.

પણ ગુનેગારો મારી આ સલાહ માને કે ન માને, હું તેમને એટલું ઠસાવવા માગું છું કે તેમણે હિંદુસ્તાનનું સ્વરાજ મેળવવાના માર્ગમાં ભારે વિઘ્ન નાખ્યું છે. તેમણે બારડોલીની લડતની

Gandhi Heritage Portal

આડા પડીને જેને કદાચ તેમણે મદદ કરવા ધારેલું તેને જ ધક્કો પહોંચાડયો છે. હું તેમને એ પણ સમજાવવા ઇચ્છું છું કે આ પ્રવૃત્તિ કંઈ ખુનામરકી કે હિંસાનો ઢાંકપિછોડો અગર તો તેમને માટેનું પગથિયું નથી; ઊલટું તેમાં એવી રીતે હિંસા ધૂસવા ન દેવા સારુ અગર તો તેને હિંસાની તૈયારીની પ્રવૃત્તિ ન બનવા દેવાને સારુ હું ગમે તેટલી નામોશી, ગમે તેટલી ભોંઠપ, કષ્ટ, બહિષ્કાર અગર પ્રત્યક્ષ મૃત્યુ પણ સહન કરીશ.

મારું પ્રાયશ્ચિત્ત હું જાહેર રીતે બીજા એ કારણસર પણ લઉં છું કે કેદમાં પડેલા આપણા ભાઈઓના ભાગ્યમાં ભાગીદાર થવાની તક હું હવે ખોઈ રહ્યો છું. એરણ ઉપર વળેલું લોઢું વળી એક વાર ખસી ગયું છે. પ્રજાને લડવા મળેલો એકમાત્ર સર્વોપરી પ્રશ્ન વળી બાજુએ પડયો છે. આપણે ઠેરકેર નીકળતા સભાઓ અને સ્વયંસેવકોને લગતા મનાઈહુકમો ખેંચી લેવાને અગર તો કેદીઓને છોડાવવાનું દબાણ સરકાર પર લાવી શકીએ એવું રહ્યું નથી. જેમ આપણે તે જ પ્રમાણે આપણા જેલી ભાઈઓએ પણ ચૌરીચૌરાના ગુનાને સારુ સોસવું રહ્યું. આપણે માનીએ કે ન માનીએ પણ આ ઘટના અજબ રીતે માણસજાતની એકતા પુરવાર કરે છે. રાજ્ય-કર્મચારીઓ સમેત સૌ કોઈએ આ ચૌરીચૌરાના પાપના છાંટાથી અભડાવું રહ્યું છે. ચૌરીચૌરાના દોષથી સરકાર વધુ અક્કડ બનશે; પોલીસ વધુ પાપી (રુશવતખોર) બનશે અને વેર વાળવા તેમ જ વલે કરવાના હેતુથી રાજકર્મચારીઓ જે જે જુલમો ગુજારશે તેને પરિણામે લોકો વધારે પતિત અને નીતિભ્રષ્ટ બનશે. સવિનયભંગ મુલતવી રાખીને અને પ્રાયશ્ચિત્ત કરીને આપણે આ હત્યાકાંડની અગાઉ જ્યાં હતા ત્યાં જઈએ છીએ. કડક નિયમપાલન કરીને અને પ્રાયશ્ચિત્ત દ્વારા આત્મશુદ્ધિ કરીને આપણે મનાઈહુકમો ખેંચી લેવા અને રાજદ્વારી કેદીઓને છોડી મૂકવાની માગણી કરવાને જોઈતો નૈતિક વિશ્વાસ પાછો મેળવી લઈએ છીએ.

જો આપણે આ હત્યાકાંડમાંથી પૂરેપૂરો ધડો લઈએ તો જે શાપ સમાન છે તેને જ આશીર્વાદના રૂપમાં ફેરવી નાખી શકીએ. કર્મમાં તેમ જ વૃત્તિમાં સંપૂર્ણતાએ સત્યપરાયણ અને અહિંસાપરાયણ બનીને અને સ્વદેશીની પ્રવૃત્તિને એટલે ખાદીના કાર્યક્રમને પાર ઉતારીને એક પણ વ્યક્તિને સવિનયભંગ કરવાની જરૂર પડયા વગર જ આપણે સંપૂર્ણ સ્વરાજ સ્થાપી શકીએ, ખિલાફતને બચાવી લઈએ અને પંજાબની ભરપાઈ મેળવીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–२–१९२२

ભાષાંતર : नवजीवन, १६–२–१९२२

Gandhi Heritage Portal

## ૧૭૫. દેવદાસ ગાંધીને તાર

બારડોલી,
ફેબ્રુઆરી ૧૬, ૧૯૨૨

દેવદાસ
કૉંગ્રેસ સમિતિ
ગોરખપુર

તબિયત ઘણી જ સારી છે. મને પણ તારો તાર ન સમજાયો. એમાંથી તેં દર્શાવેલી ભયંકરતાનો ખ્યાલ કરી ન શક્યો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૯૨૪

## ૧૭૬. દેવદાસ ગાંધીને પત્ર

શુક્રવાર [ફેબ્રુઆરી ૧૭, ૧૯૨૨][1]

ચિ. દેવદાસ,

તમારા કાગળ નથી એ દુઃખની વાત છે. તમને કામ રહે એ હું સમજું પણ આવે સમયે તમારી પાસેથી પૂરા રિપોર્ટની આશા તો હું રાખું જ. તે હોય તો મને સમજ પડે ને હું કંઈ વધારે વિચારો પણ કરી શકું. બધાં કામોમાં જનરલને રિપોર્ટ આપવાનું સિપાહીનું કામ હોય જ.

અપવાસ આજે હવે કલાકમાં પૂરો થશે. મને નબળાઈ સિવાય કંઈ દુઃખ નથી જણાયું. यंग इन्डिया ને नवजीवन તો મળતાં જ હશે.

૨૪મીએ હું દિલ્હી હોઈશ. ૨૨મીએ સાંજે અહીંથી ચાલીશ. ૨૪–૨૫ દિલ્હીના ગણી લેવા. પછી કદાચ કલકત્તે જવાનું થાય. નક્કી કંઈ જ નથી. બા અહીં જ છે.

તમારી તબિયત સારી હશે.

બાપુના આશીર્વાદ

ટાઇમ્સમાં આ આવ્યું છે તેનો જવાબ દેવા જેવું હોય તો દેજો. મને મોકલજો. કટિંગ પણ પાછું મોકલજો.

બાપુ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૯૮૨

૧. ચૌરીચૌરાની ઘટનાને કારણે કરવામાં આવેલા પાંચ દિવસના ઉપવાસના છેલ્લા દિવસે આ પત્ર લખવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૧૭૭. ગેબી અવાજ

માણસ એક વાર ભૂલ કરે તો માફ થાય, બે વાર કરે તોયે ઉદાર જન માફી આપે. પણ ત્રણ વાર કરે તો? તેને તો બરતરફી વિના બીજું શું હોય?

એક વાર છેતરાય તેને આપણે સાદો ગણીએ. બે વાર છેતરાય તેને ભોળો ગણીએ. ત્રણ વાર છેતરાય તેને મૂરખ ન કહીએ તો કયું ઉપનામ આપીએ?

બારડોલીનો સવિનયભંગ સ્વપ્ના જેવો થઈ ગયો. જે મુહૂર્ત ચલાવવાનું હતું તે જ મુહૂર્ત બંધ કરવાનું ઈશ્વરે નિર્મેલું, એમાં તો નવાઈ નથી. રામ જેવાની રાજ્યાભિષેકની ઘડી વનવાસની બની તો બારડોલી જેવાનું શું? એમ આજે ખરી લાગતી ચીજો ઘણી વેળા સ્વપ્ના જેવી લાગશે ત્યારે જ સ્વરાજનો ખરો અર્થ આપણને મળશે. અત્યારે તો મને એક જ અર્થ ખરો લાગે છે. સ્વરાજ મેળવવાનો સાચો પ્રયત્ન એ સ્વરાજ છે. સ્વરાજ તો જેમ દોડશું તેમ છેટું જ લાગશે.

બધા આદર્શોનું એમ જ છે. માણસ જેમ સાચો બનતો જાય છે તેમ સત્ય તેનાથી ભાગે છે, કેમ કે તે સમજે છે કે જેને તે ઝટ સત્ય માની લેતો હતો તે તો અસત્ય હતું.

તેથી સત્યાચરણી—સદાચરણી હમેશાં નમ્ર હોય છે, પોતાની ખામીઓ દિવસે દિવસે વધારે સમજતો જાય છે. બ્રહ્મચારીથી બ્રહ્મચર્ય દૂર જ નાસતું જાય છે. કેમ કે પ્રયત્નવાન બ્રહ્મચારી જોતો જાય છે કે તેનામાં ઊંડે ઊંડે ઘણી વિષયલાલસા રહેલી હોય છે. પોતાના સ્થૂળ બ્રહ્મચર્યથી તેને સંતોષ જ નથી થતો. મોક્ષાર્થીથી પણ મોક્ષ દૂર જતું જાય છે. તેથી મહાન "નેતિ" શબ્દ શોધાયો. ઘણા પ્રાચીન મહર્ષિઓ મોક્ષને—આત્માને શોધવા નીકળ્યા. ઘણી ખીણોમાં ઊતર્યા, ઘણા પહાડો ચડ્યા, ઘણી કાંટાની વાડો ઠેક્યા ને છેવટે તેમને માલૂમ પડ્યું—"આ ન હોય." કોણ જાણે તેમાંના કેટલાએ મોક્ષની ઝાંખી કરી. છતાં તેઓ એવા પારેખ હતા, એવા ચતુર હતા કે છેતરાય નહીં, એટલું આપણે જાણીએ છીએ.

તેથી આપણું સ્વરાજ આપણા પ્રયત્નમાં જ રહ્યું છે એમ હું તો હમેશાં વધારે ને વધારે શીખતો જાઉં છું.

સન ૧૯૧૯માં અમદાવાદે ને વીરમગામે, અમૃતસરે ને કસુરે મારી ભૂલ બતાવી. સત્યાગ્રહ મોકૂફ રહ્યો.[૧] ગયા નવેમ્બરમાં મુંબઈમાં મેં મનુષ્યના જંગલીપણાનો સાક્ષાત્કાર કર્યો. વળી સામુદાયિક સવિનયભંગ મોકૂફ રાખ્યો.[૨] તોયે પૂરું ન શીખ્યો. હવે ચૌરીચૌરાએ શિક્ષા આપી. મારે નસીબે કોણ જાણે હજુ એવી કેટલી ઠોકરો લખાયેલી હશે! હવે મને લોકો બરતરફ કરે, મૂરખ ગણે તો કંઈ તેમનો દોષ ન ગણાય.

મનુષ્યસ્વભાવને હું ન જાણું તો આવાં કામોમાં હાથ જ કેમ નાખું?

૧. જુઓ પુસ્તક ૧૫, પા. ૨૩૪–૬.

૨. જુઓ પુસ્તક ૨૧, પા. ૪૧૭–૨૦.

Gandhi Heritage Portal

મારાથી તો રહેવાય જ નહીં. જ્યારે ભૂલ થાય ત્યારે કબૂલ કર્યા વિના પણ ન ચાલે. મને બરતરફ થવું ગમે, મૂરખમાં ખપવું તો બહુ ગમે, પણ દોષનો મેલ શરીરમાં રાખીને આત્માને મલિન તો ન જ કરું.

"રાણા રૂઠે નગરી રખ્ખે,
હર રૂઠે કહાઁ જાઊં?"

એવું મીરાંએ ગાયું હોય કે નહીં તેની ખબર નથી, પણ તેણે એવું કરી બતાવ્યું. જગતની ગાળ સાંખીએ, પણ ઈશ્વરના દોષમાં ન આવીએ; તેની ચેતવણી માનીએ.

જો બારડોલીનો સવિનયભંગ ગોરખપુરથી ગેબી અવાજ આવ્યો તે છતાં કાયમ રાખ્યો હોત તો આપણે હાથ ઘસવા પડત, પ્રજાને ભારે નુકસાન થાત ને સત્ય અને શાંતિ આપણાથી લજવાત. આપણે નમાલા કહેવાઈએ છીએ તે ઉપરાંત જૂઠામાંયે ખપત. હિંદુસ્તાન બીજે શાંત રહે ત્યારે જ બારડોલી સવિનયભંગ કરે, એ વાક્ય હતું, એ શરત હતી. તે શરતના ભંગ છતાં બારડોલી સવિનયભંગ કરત તો બારડોલી પણ પાપી બનત.

એવી શાંતિ હિંદુસ્તાનમાં ન જ જળવાય એમ કોઈ કહે તો આપણે તે સાંભળીએ. પણ એ દલીલ તો સત્યાગ્રહનો ને વિનયનો પંથ છોડવાની છે. વિનયમાર્ગ છોડીને હિંદુસ્તાન ગમે તે કરે; સત્યને નામે અસત્ય ન કરે, શાંતિને નામે શાંતિભંગ ન કરે એ જ આપણે જોવાનું રહ્યું. બારડોલીએ એ બરાબર જાળવ્યાં, મેં એ બરોબર સાચવ્યાં. એમાં બંનેએ પ્રજાની સેવા કરી છે. મેં તો એમ કરી સેવકની લાયકાત સિદ્ધ કરી છે એમ માનું છું. ભૂલની કબૂલાતથી પ્રજા ચડશે જ, પડવાની નથી.

ખરે, ઈશ્વરે જ આપણી લાજ રાખી છે. મારે તો મદ્રાસના બનાવોથી ચેતવું જોઈતું હતું. બીજા કાગળો વિરોધીઓના ને અસહકારીઓના આવે છે તેથી પણ ચેતવું જોઈતું હતું. હું ન ચેત્યો, પણ જેની ઉપર ઈશ્વર મહેરબાન છે તેને તો તે ઈશારાથી ન ચેતે તો નોબત વગાડી ચેતવે છે ને નોબતથીયે ન ચેતે તો ગાજવીજ કરી વાદળ વરસાવી ચેતવે છે. સહેજ ધર્મનું પાલન કરી આપણે મોટા ભયોમાંથી ઊગરી ગયા છીએ.

આપણને નમવું પડયું—હઠવું પડયું—તે વધવા સારુ. રસ્તો છોડે તેને પ્રથમ પ્રથમ તો ફરી તે જ સ્થળે પાછું આવ્યે છૂટકો. જ્યારે પાછો ફરે ત્યારે તે વળી ચડવા માંડે. એટલે કારોબારી સમિતિએ ઠરાવ કર્યા ત્યારથી આપણે ઊતરતા હતા તે ચડવા લાગ્યા.

પણ એટલું જ કંઈ મારે સારુ બસ ન હતું. તેથી મારે વધારે પ્રાયશ્ચિત્તની જરૂર હતી. ગોરખપુરના તાર આવ્યા ત્યારથી જ માનસિક પીડ તો શરૂ થઈ. પણ દેહદમનની આવશ્યકતા હતી. મારી ભૂલનું માપ લેતાં મારા પાંચ દહાડાના ઉપવાસથી મારે સંતુષ્ટ નહોતું જ રહેવું. મારી ઇચ્છા ચૌદ દિવસના ઉપવાસની હતી. પણ મેં પાંચથી માંડવાળ કરી છે. ઓછું પ્રાયશ્ચિત્ત હશે તો મારે નસીબે વધારે બાકી રહ્યું જ હશે ને મારે ચક્રવૃદ્ધિ વ્યાજ સુધ્ધાં આપ્યે છૂટકો થશે. જે માણસ પોતાનું કરજ સોયે ટકા વખતસર આપે છે તે મોટા ઋણમાંથી બચે છે.

પ્રાયશ્ચિત્તનાં ઢોલ ન પિટાય. છતાં મેં તો જાહેર કર્યું છે તેનું કારણ છે. મારો ઉપવાસ મારે સારુ પ્રાયશ્ચિત્ત છે, પણ ચૌરીચૌરાના દોષિત લોકોને સારુ એ દંડ છે. પ્રેમના દંડ એવા જ હોય. પ્રેમી દુભાય ત્યારે પ્રિયને દંડતો નથી, પણ પોતે પીડ ભોગવે છે, પોતે ભૂખે પીડાય છે, પોતે માથું કૂટે છે. પ્રિયજન સમજે કે ન સમજે તેને વિષે તે નિશ્ચિત રહે છે.

Gandhi Heritage Portal

પણ મારો ઉપવાસ મેં જાહેર કર્યો છે તેથી બીજાઓને પણ ચેતવણી છે. મારી પાસે બીજો પાસો જ નથી. અસહકારી મને છેતરે — અને હું તો લગભગ આખા હિંદુસ્તાનને અસહકારી ગણું છું — તો મારો દેહ લે. મને એવો મોહ છે કે હિંદુસ્તાન મારા દેહની હસ્તી હજુ ઇચ્છે છે. એ ખરું હોય તો દેહદમન કરી હું હિંદુસ્તાનને સૂચવું છું કે તે મને ન છેતરે. જોઈએ તો "શાંતિ" પદનો ત્યાગ કરી ભલે મારો ત્યાગ કરે. પણ જ્યાં સુધી મારી સેવાને તે સ્વીકારે ત્યાં લગી શાંતિ તથા સત્યનો સ્વીકાર કર્યે જ છૂટકો છે.

આજ તો પાંચ દિવસના ઉપવાસથી પત્યું. પણ જો લોક નહીં જ ચેતે તો પાંચના પંદર થાય ને છેવટે પંદરના પચાસ થઈ પ્રાણ પણ જાય.

આ લેખ હું ઉપવાસને ત્રીજે દિવસે લખી રહ્યો છું.[૧] મારો આત્મા સાક્ષી પૂરે છે કે હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી બધા સત્ય અને શાંતિને માર્ગે જ સ્વરાજ લઈ શકશે, તે જ માર્ગે ખિલાફતની સેવા કરી શકશે ને પંજાબનો ઇનસાફ લેશે. તે જ માર્ગ મહાસભામાં, ખિલાફત મંડળોમાં કબૂલ્યો. છતાં તેને છોડીએ તો આપણે ધર્મને સારુ નહીં, ઈશ્વરને સારુ નહીં, પણ અધર્મને અને સેતાનને સારુ લડીએ છીએ.

આપણે બીજાનો વાદ ન કરીએ. ગાઝી મુસ્તફા કમાલ પાશાનો પણ ન કરીએ. "લાંબાની પાછળ ટૂંકો જાય તો મરે નહીં તો માંદો થાય" એ કહેવત ખરી છે. જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે છે. જગત પોતાના સ્વભાવ પ્રમાણે ચાલે છે. ત્યાં બળાત્કારે શો અર્થ સરે? હું સત્ય કહું છું કે શરીરબળથી હિંદુસ્તાન સામ્રાજ્ય નહીં ભોગવે. તેની પાસે શરીરબળથી કંઈ લેવાની આશા રાખવી એ બળાત્કાર છે. હિંદુસ્તાનનો સ્વભાવ શાંતિનો છે. તેથી જ જાણ્યેઅજાણ્યે હિંદુસ્તાન શાંતિ ને સત્યમય અસહકાર ઉપર ઘેલું થયું છે. અમદાવાદના ને વીરમગામના ઘેલાઓનો કોઈએ વાદ નથી કર્યો. ચૌરીચૌરાના પાગલ લોકોનો વાદ કોઈ નહીં કરે. એ હિંદુસ્તાનનો સ્વભાવ નથી, એ તો રોગ છે. પણ મુસ્તફા કમાલ પાશાની તલવાર ચાલી છે, કેમ કે દરેક તુર્કની રગે રગે શરીરબળ રહ્યું છે. તુર્કો સેંકડો વર્ષ થયાં લડતા આવ્યા છે. હિંદુસ્તાનની પ્રજા હજારો વર્ષ થયાં શાંત રહી છે. કઈ પ્રજાએ વધારે ઠીક કર્યું એનું પૃથક્કરણ અત્યારે ન કરીએ. હિંસા અને અહિંસા બંનેને જગતમાં સ્થાન તો છે જ. આત્મા અને શરીર બંને ચાલે છે. પણ અંતે વિજય આત્માનો છે કે શરીરનો એ વિચારવાનો આ સમય નથી. એ વિચારવું હોય તો ભલે સ્વરાજ લીધા પછી વિચારીએ. અત્યારે તો સહેલામાં સહેલા ઉપાયથી સ્વરાજ લઈએ. એક ક્ષણમાં હિંદુસ્તાનનો સ્વભાવ નહીં બદલાય. તલવારથી હિંદુસ્તાનને સ્વતંત્ર કરનારને જુગો જોઈએ એવી મારી દૃઢ માન્યતા છે.

હિંદુસ્તાનના મુસલમાન પણ મુસ્તફા કમાલ પાશાની ચાલ ચાલવા જાય તે ઈસ્લામને બટ્ટો લગાડે. ઈસ્લામમાં શાંતિને મોટું સ્થાન છે. સબરનું મહત્ત્વ ગુસ્સા કરતાં — તલવાર કરતાં — ઘણું મોટું છે. હિંદુસ્તાનની પ્રજા શાંતિ અને સત્યને ઘણો કાળ થયાં સાચવતી આવી છે. તેનો પુનરુદ્ધાર કરી સ્વરાજ ભલે આજે મેળવે, તેનો ત્યાગ કરી હિંદુસ્તાન ભલે ગુલામ રહે. માણસ એક જ ક્ષણે પૂર્વ-પશ્ચિમ ન થઈ શકે. પશ્ચિમનો માર્ગ અશાંતિનો, નાસ્તિકનો છે એમ અત્યારે તો જણાય છે. પૂર્વનો માર્ગ શાંતિનો ને ધર્મનો, ઈશ્વરવાદીનો છે એમ ઘણા કાળથી સિદ્ધ થયું છે. પશ્ચિમનું મધ્યબિંદુ અત્યારે ઇંગ્લંડ છે. પૂર્વનું મધ્યબિંદુ અનાદિકાળથી હિંદુસ્તાન રહેલું છે.

૧. ફેબ્રુઆરીની ૧૨મીએ.



Gandhi Heritage Portal

જગતને લાગે છે કે ઇંગ્લંડ સામ્રાજ્ય ભોગવે છે ને ભરતભૂમિ તેની મોટી દાસી છે. આજનો પ્રયાસ આ દાસત્વમાંથી છૂટવાનો છે. ભરતભૂમિ દાસત્વમાંથી છૂટવા માગે તો તે પોતાનાં પ્રાચીન શસ્ત્ર શાંતિ અને સત્યથી જ છૂટે.

પૃથ્વીની સપાટી ઉપર અત્યારે એક પણ દેશ નથી કે જે શરીરબળમાં હિંદુસ્તાન કરતાં ઊતરે. નાનકડું અફઘાનિસ્તાન પણ હિંદુસ્તાનને ધુરકાવી શકે છે.

હિંદુસ્તાન કોની મદદથી ઇંગ્લંડ સામે ઝૂઝવા ઇચ્છે છે? જાપાનની? કાબુલની કે જે કોઈની મદદથી એ ઝૂઝશે તેનું દાસત્વ તેને સ્વીકારવું પડશે. એટલે હિંદુસ્તાન જો આ જમાનામાં છૂટવા માગે તો તેની પાસે ઈશ્વરની મદદ વિના બીજી મદદ જ નથી. અને ઈશ્વર તો કેવળ સત્યનો ને શાંતિનો બેલી છે તેથી ગોરખપુરથી આવેલો ગેબી અવાજ આપણને એ જ શીખવે છે કે જો આપણે આપણા મનોરથો સિદ્ધ કરવા માગતા હોઈએ તો આપણે શાંતિ કેળવવી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૯–૨–૧૯૨૨

## ૧૭૮. જેલીઓનું શું?

એક ગૃહસ્થે લાંબો કાગળ લખ્યો છે તેમાંથી નીચેનો ભાગ લઉં છું:[૧]

આવા જ વિચારોવાળો એક બીજો કાગળ પણ છે. હું જાણું છું કે આવી શંકા બીજાઓને પણ થઈ જ હશે. થાય તેમાં શી નવાઈ? પણ આવી શંકાઓ બતાવે છે કે હજુ લડતનું રહસ્ય કે તેની ખૂબી આવા સંશયવાન લોકો સમજતા નથી થયા. પંડિત માલવિયાજી ઉપર જે આક્ષેપ છે તે તો કેવળ અજ્ઞાનથી જ થયો છે. સવિનયભંગ બંધ કરાવવામાં પંડિતજીનો હાથ જ નથી. એ નિશ્ચય મારા મનમાં તો જ્યારે મેં ગોરખપુરનો મામલો બારડોલીમાં સાંભળ્યો ત્યારે જ થયેલો. તે પ્રમાણે કાગળો પણ મેં બારડોલીથી લખ્યા. સાથીઓની સાથે મસલત કરી, કારોબારી સમિતિ બોલાવવાનો ઠરાવ કર્યો. ત્યાર બાદ મુંબઈ ગયો. પંડિતજી એ જ માગણી કરે એમાં કંઈ આશ્ચર્ય નથી. પણ જે ઠરાવ થયો છે તે મારો ને કારોબારી સમિતિનો સ્વતંત્ર છે.

હવે ગુણદોષ ઉપર આવીએ. શું આપણી પ્રતિજ્ઞાનો ભંગ કરીને પણ કેદીઓને છોડાવવાનો આપણો ધર્મ છે? સત્યાગ્રહ એનું નામ છે કે રાજ જાય, પાટ જાય, કુટુંબ જાય, જાન જાય તોપણ સત્ય ન છોડીએ. સત્ય છોડીને જો આપણે તેઓને છોડાવીએ તો તેઓ જ શરમાય. તેઓ તો સ્વરાજ મળ્યે છૂટવા માગે છે. તેઓ માનપૂર્વક છૂટવા માગે છે. તેઓ દુઃખ ભોગવવા જેલ ગયા છે. તેઓ દુઃખને સુખ માને છે, બહાર રહી જે સુખ મળે તેને દુઃખ માને છે. એટલે તેમને ખાતર પણ આપણે ભરેલું પગલું બીજી રીતે બરોબર હોય તો છોડી શકતા નથી.

વળી સવિનયભંગ ચાલુ રાખીને કંઈ આપણે તેઓને છોડાવી શકત? તેઓને છોડાવવાની આપણી શક્તિ આપણી શાંતિમાં હતી. બારડોલીનું બળ બીજે શાંતિ જળવાય તો જ બતાવાય તેમ હતું. શાંતિઅશાંતિ ભેળાં ન જ ચાલી શકે. રાત્રિ ને દિવસ સાથે નથી નભી શકતાં.

૧. આ ઉતારો અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. ઘણા નેતાઓ અને હજારો અસહકારવાદીઓ જેલમાં હતા તેની માલવિયાજીને ફિકર થતી હતી કે નહીં અને તેઓ જેલમાં હતા ત્યારે માલવિયાજી શા માટે સમાધાન માટે પ્રયત્ન કરી રહ્યા હતા એવા સવાલ સંવાદદાતાએ પૂછ્યા હતા.

Gandhi Heritage Portal

એટલે જે રીતે વિચારો તે રીતે આપણને એક જ જવાબ મળે છે કે સવિનયભંગ બંધ કર્યે જ છૂટકો હતો.

તેનો અર્થ એમ નથી કે હવે આપણને કંઈ કરવાપણું નથી. ક્ષત્રિય એક રીતે ન ફાવે તો બીજો સીધો માર્ગ શોધે છે. જે જગ્યાએ ભૂલો પડે ત્યાંથી પાછો મૂળ જગ્યાએ આવી પોતાનું બળ અજમાવે છે તેમ જ આપણે કરવાનું રહ્યું છે. કેદીઓને કોઈ ભૂલનાર નથી.

પંડિતજીનો આત્મા કેટલો ચીમળાઈ રહ્યો છે એ હું જાણું છું. તે આપણા જેટલા જ તેઓને છોડાવવા ઉત્સુક છે. તેઓ પણ હિંદુસ્તાનનું મોં ઉજ્જવળ રાખીને કેદીઓને છોડાવવા ઇચ્છે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૯–૨–૧૯૨૨

# ૧૭૯. મારી નોંધ

## બારડોલીની પ્રજા પ્રત્યે

તમે તો ખૂબ કર્યું. તમારે વાંકે સવિનયભંગ નથી રોકાયો; રોકાયો ગોરખપુરને વાંકે. પણ આપણે તો ભારતવર્ષના છીએ એટલે ગોરખપુરના વાંકની અસર આપણી ઉપર પડે છે.

સિપાહીને તો લડવું ન લડવું સરખું જ હોય. કરો એટલે કરે, રહો એટલે રોકાય. કારોબારી સમિતિએ થોભવાનું કહ્યું એટલે બારડોલી થોભે અને તુરત મહેસૂલ ભરી પોતાની સિપાહીગીરી સિદ્ધ કરે.

સવિનયભંગ મુલતવી રહે. સત્યાગ્રહ તો કદી મુલતવી રહેતો જ નથી. સત્યાગ્રહ એ તો આપણો પ્રાણ હોવો જોઈએ. તેથી સત્યને જ અનન્યભાવે વરેલા રહેવાને સારુ ને તેની નિશાની દાખલ કારોબારી સમિતિએ જે ઠરાવો કર્યા છે તેને માન આપીએ.

જોકે બારડોલીનિવાસીઓ સવિનયભંગ કરવા તલસી રહ્યા હતા છતાં તેમનામાં ત્રુટીઓ તો હતી જ. તે બધી ત્રુટીઓ ઝટ કાઢી તમે સવિનયભંગને સારુ વધારે લાયક બનો એમ માગું છું.

બારડોલીમાં રહી હું જોઈ ગયો કે કાળીપરજ બારડોલીમાં લગભગ ગુલામની સ્થિતિમાં છે. તેઓને અજ્ઞાનમાંથી છોડાવવા એ ઊજળા વર્ગનું કામ છે. તેમાં જ તેઓનું ઊજળાપણું છે. કાળીપરજના ઘરમાં રેંટિયાએ પ્રવેશ કરવો જોઈએ. તેઓનાં બધાં છોકરાં રાષ્ટ્રીય નિશાળોમાં આવવાં જોઈએ ને તેઓને પણ સામાન્ય જ્ઞાન મળવું જોઈએ.

બારડોલીની પ્રજા મહાસભાની બધી શરતોનું સંપૂર્ણ પાલન કરી વધારે લાયક બને એ હું માગું છું.

દારૂ તો કાળીપરજ જ પીએ છે. તેઓના ઘરમાં જઈ તેમને પ્રેમપૂર્વક વાતો કરી દારૂની આદત છોડાવવી જોઈએ. એને સારુ તેમને દૂધ, છાશ કે સાકરનું પાણી વગેરે આપવાં જોઈએ.

તમે આજ પણ પંચાયતો સ્થાપી તમારા કજિયાઓનો ચુકાદો કરી શકો છો. તમારી નિશાળોને ખીલવી તેમાં બધાં બાળકોને સંપૂર્ણ તાલીમ આપી શકો છો. બધાં ઘરમાં રેંટિયા દાખલ કરીને દરેક ગામમાં વણકર ને પીંજનારા તૈયાર કરી તમારી આવક વધારી આર્થિક

Gandhi Heritage Portal

સ્વતંત્રતા મેળવી શકો છો ને તેમાંથી જે લાભ થાય તેમાંથી જ તમારી અદાલતોનું, તમારી નિશાળોનું ને દારૂનિષેધનું તથા સ્વદેશીનું કામ ચલાવી શકો છો.

તેનો માર્ગ પણ તમને મહાસભાએ બતાવ્યો છે. દરેક સ્ત્રીપુરુષ મહાસભાનાં સભાસદ થાય એ એક સાધન, ને બીજું ટિળક સ્વરાજ ફાળામાં તમારી ગયા વર્ષની કમાણીનો સોમો ભાગ આપવો એ.

આમાં તમને ઘણી સ્વતંત્રતા રહી છે ને એટલી તમે સુવ્યવસ્થિત રીતે મેળવી શકો ત્યારે જ હવે તો તમે સવિનયભંગને સારુ લાયક થયા ગણાઓ.

## ગુજરાતીમાત્રને

જે બારડોલીનિવાસીને તે ગુજરાતીમાત્રને લાગુ પડે છે. સવિનયભંગ બંધ રહેવાનું તાત્પર્ય એ છે કે આપણે તેને સારુ વધારે લાયકાત મેળવીએ. તેથી મહાસભાએ ઘડેલા રચનાત્મક કામને પૂરું ઉપાડી લઈએ.

હું જાણું છું કે અબ્બાસ સાહેબનો ખેડા જિલ્લો જે ભારે ઉત્સાહ બતાવી રહ્યો હતો તેને ખૂબ નિરાશા થશે. જેઓ વ્યક્તિગત સવિનયભંગ કરવા તૈયાર થઈ રહ્યા હતા તેઓને હવે કર ભરવો આકરો લાગશે. પણ તેઓ એમ ન સમજતાં કરો આપી રચનાત્મક કામમાં તલ્લીન થઈ જાય એમાં જ તેઓની સિપાહીગીરી રહેલી છે. હવે આપણે જોઈ શકીએ છીએ કે દરેકને મહાસભાનો સભાસદ બનાવવો, તેની વાર્ષિક કમાણીનો સોમો ભાગ મેળવવો એ તેની પાસેથી જેલ જવાની કબૂલાત લેવા કરતાં ઘણું વધારે મુશ્કેલ છે. એ બધાં કાર્યો આપણે પૂરાં કરીએ ત્યારે માત્ર બારડોલી જ સવિનયભંગ શરૂ ન કરે પણ આખું ગુજરાત કરે.

## અમદાવાદ અને સુરતના શહેરીઓને

રાષ્ટ્રીય સવિનયભંગ બંધ થયો, પણ તમારી પાસે તો સોનેરી તક પડેલી છે. તમને સ્થાનિક દુઃખ છે. તમે તમારું સ્થાનિક ઝવેરાત ખૂબ સિદ્ધ કરી શકો છો. તમારી ઉપરવટ થઈને સરકારે પોતાની કમિટી નીમી છે.[૧] તેમાં તમારા જ શહેરવાસીઓ કામ કરવા તૈયાર થયા છે એ જોઈ મને તો ખૂબ દિલગીરી થઈ છે. પણ તેથી કંઈ નિરાશ થવાનું નથી. શહેરીઓની સહાય વગર તેઓ કારભાર નહીં જ ચલાવી શકે. તે કમિટીની નિશાળોમાં એક પણ બાળક તમારા મોકલ્યા વિના તો ન જ જાય. તમારી ઇચ્છા વિના તમે કર પણ નહીં આપો. ભલે એક તરફથી બળાત્કારે નિમાયેલી સરકારની કમિટી ચાલે ને બીજી તરફથી તમારું શહેરી મહાજન ચાલે. તેમાંથી જણાઈ રહેશે કે પ્રજા કોની સાથે છે.

આ કાર્ય ઘણા વિનયથી ને ઘણીમાં ઘણી શાંતિથી તમે ચલાવી શકો છો. કમિટીની સાથે મસલત કરી તમારાથી ભાર ઊંચકાય તેટલો તમે ઊંચકી લો ને જેને સારુ તમારી શક્તિ ન હોય તે તમે પડતો મેલો. બંનેની વચ્ચે સભ્ય યુદ્ધ જોવા હું ઉત્સુક છું. એક પક્ષ પણ મર્યાદા ન મૂકે તો બીજાને મર્યાદા જાળવ્યા વિના ન જ ચાલે એમાં શક નથી. એટલે શહેરીઓ જરા પણ કટુ વચન કહ્યા વિના પોતાનું કામ ચલાવે તો તેઓ જ જીતશે. બંને શહેરોના શહેરીઓની ફરજ તો એ છે કે રાષ્ટ્રીય શાળા એક પણ તેઓના કબજામાંથી ન જાય. તેને સારુ તો કેવળ

૧. સરકારને જે સંજોગો હેઠળ પગલું લેવું પડ્યું, તે માટે જુઓ "મ્યુનિસિપાલિટીઓ પર ધાડ", ૧૫-૧૨-૧૯૨૧.

Gandhi Heritage Portal

ઉત્સાહી કામ કરનારાઓની અને ધનની જરૂર છે. આ બે જો આપણે પેદા ન કરી શકીએ તો આપણે હાર્યા જ છીએ.

### ઢસાના દરબારનો સત્યાગ્રહ

દેસાઈ ગોપાળદાસ કાઠિયાવાડમાં આવેલા ઢસા ગામના દરબાર છે. ત્યાંના લોકો અતિશય સરળ ને સુખી જીવન ગુજારનાર છે. દરબાર અને પ્રજા વચ્ચે પિતા પુત્ર જેવો રૂડો સંબંધ છે. ઢસામાં સ્વદેશી, અસ્પૃશ્યતાનાશ વગેરે હિલચાલો પુરજોરમાં ચાલી રહેલી છે. પણ પોતે પાટીદાર હોવાથી જ્યારે અબ્બાસ સાહેબે ખેડા જિલ્લાનો કબજો લીધો ત્યારે દેસાઈજી થોભી ન શક્યા અને પોતાનાં ધર્મપત્નીના હાથમાં ઢસાનો વહીવટ છોડી ખેડા જિલ્લામાં પોતે ઝંપલાવ્યું. તેમની વચ્ચે અને પ્રાંતના સાહેબની વચ્ચે થયેલો પત્રવ્યવહાર સૌએ જોયો છે. દેસાઈજીએ લખેલા દરેક પત્રમાં તેમનો સત્યાગ્રહ તરી આવે છે. પ્રજા એવા ત્યાગોથી જ ચડશે. જાપાનના ઉમરાવોએ જ્યારે પોતાની જાગીરો અને પોતાનું સર્વસ્વ પ્રજાને અર્પણ કર્યું ત્યારે જાપાનનું વાતાવરણ જોતજોતામાં બદલાયું. ગરીબ લોકો પણ એ ત્યાગનું મહત્ત્વ સમજી ગયા અને સૌ રાષ્ટ્રના કામમાં મશગૂલ થયા. એ પ્રમાણે ઘણા દરબારો જાગીરદારો પ્રજાને સારુ જ્યારે હિંદુસ્તાનમાં ત્યાગ કરતા થઈ જશે ત્યારે જગતને જોવાલાયક સંગમ ગરીબ અને તવંગર વચ્ચે થશે. અત્યારે તો મુખ્ય ભાગે અસહકારની લડત ગરીબો અને મધ્યમ વર્ગના લોકો કરી રહ્યા છે. તેમાં મુલકને સારુ થોડો ભય પણ રહ્યો છે. જો ધનિક વર્ગ પણ તેમાં પૂરો ભાગ લે તો અત્યારે કેટલીક કફોડી સ્થિતિ આવી પડે છે તે પણ દૂર થાય. તેને સારુ સાહસની, ક્ષત્રિયતાની જરૂર છે. દેસાઈજીએ તે બતાવેલી છે. હું ઉમેદ રાખું છું કે બીજાઓ તેમના દાખલા ઉપરથી ધડો લેશે.

### ગોવિંદજી વસનજીનો કેસ

મુંબઈના પ્રખ્યાત મીઠાઈવાળા ગોવિંદજી વસનજી જેલમાં બિરાજી રહેલ છે. આ કેસની ટીકા મારે વહેલી કરવી હતી, પણ મારી પાસે કેસનાં કાગળિયાં ન હતાં તેથી ન કરી શક્યો. તે મને હમણાં જ મળ્યાં છે.

રા. ગોવિંદજીને છ મહિના જેલમાં આરામ લેવાનો છે. સખત મજૂરીની જેલ છે એ હું વધારે આવકારલાયક ગણું છું. આસાન જેલવાળા જેલ ભોગવતા નથી એ મારો અનુભવ છે. મજૂરીવાળા જ જેલ ભોગવી શકે. આસાન કેદવાળાને કંટાળો ઉપજવાનો સંભવ રહે છે. મજૂરીવાળાના દહાડા આનંદથી વહી જાય છે. મન જેલને મહેલ બનાવી શકે છે અને જો સદાય બંદીખાનાનો વિચાર જ કર્યા કરે તો કષ્ટદાયક પણ બનાવી શકે છે. અસહકારીને જો જેલ કષ્ટદાયી લાગે તો એ અસહકારી કહેવાય જ નહીં. મીરાંબાઈને ઝેરનો પ્યાલો અમૃત સમાન લાગ્યો. સૉક્રેટીસે પોતાના હાથમાં ઝેરનો પ્યાલો રાખીને આત્માના અમરપણા વિષે પોતાના પ્રિય શિષ્યને દુનિયામાં હમેશને સારુ નભી રહેશે એવું વ્યાખ્યાન સંભળાવ્યું. પ્યાલો આપનાર દરોગા પ્રત્યે અથવા ઝેર પીવાની સજા કરનાર ન્યાયાધીશ પ્રત્યે તેના હૃદયમાં ક્યાંય દ્વેષ કે રોષ ન હતાં એ તેની મધુર ભાષા જ સિદ્ધ કરી આપે છે. આવા કેટલાયે દાખલા દુનિયાના ઈતિહાસમાં મળી આવે છે.

અસહકારીએ અદાલતનો ત્યાગ કરવાનો છે. તે કંઈ રાજ્યપ્રકરણી ગુનાઓને સારુ જ નહીં. ભલેને પોતાની ઉપર કોઈએ ગંદો આરોપ મૂક્યો હોય તોપણ તેનાથી ત્યાજ્ય અદાલતમાં બચાવ ન થઈ શકે. દુ:ખ ગુનો કરવામાં છે, જગત આપણને ગુનેગાર માને તેમાં નથી. પોતાના

Gandhi Heritage Portal

પાપને છુપાવીને રહેનારા અનેક પાપીઓ ધર્મધુરંધર ગણાઈ પૃથ્વી ઉપર ભારરૂપ થઈ ફર્યા કરે છે એ કંઈ જીતી જતા નથી. એમને આપણે જગતના ઠગ ગણીએ છીએ.

અદાલતોમાં જેઓની ઉપર સજા થાય છે એ બધાને આપણે ગુનેગાર નથી ગણતા; પણ પ્રત્યેક અનુભવીને ખબર છે કે ઘણા નિર્દોષ માણસો અદાલતોમાં સજાને પાત્ર થાય છે અને દોષિત છૂટી જાય છે. એક વકીલ તરીકે પણ મેં આવા અનેક દાખલા જોયેલા છે. અદાલતમાં જવું એ ચોપાટની બાજી ખેલવા જેવું છે. કોઈનો દાવ સીધો પડે અને કોઈનો આડો. જેનો દાવ સીધો પડે તે જ કંઈ લાયક ગણાય એમ માનવાનું કારણ નથી. જેનો હમેશાં ખોટો પડતો હોય તેણે ભરચક દાવ પાડવાનો ભારે પ્રયત્ન કર્યો હોય છતાં તે નિષ્ફળ જાય છે એવા દાખલાઓ દરેક ચોપાટ રમનારની આંખ આગળ તરી આવશે. દુર્યોધન જીત્યો અને પાંડવ હાર્યા તે કાંઈ પાંડવોને જૂગટું નહોતું આવડતું તેથી નહીં. બિચારા યુધિષ્ઠિરે મહેનત કરવામાં મણા ન રાખી. પણ પાંડવોને અમર થવું હતું. ધર્મની સાથે હમેશાં દુઃખ રહેલું છે એ ફરીથી સિદ્ધ કરવું હતું. તેથી પાંડવો હાર્યા.

રા. ગોવિંદજીનું જગત તેમના મિત્રો છે. તેમના મિત્રો તેમને વિષે શું ધારે છે? હું હજી તેમના એક પણ મિત્રને મળ્યો નથી કે જે તેમને ગુનેગાર માનતા હોય. મારી પાસે તો તેમનો આંસુથી ભીનો ચહેરો હજુ પણ ખડો છે. તેમની ઉપર કેસ ચાલશે કે શું થશે એની મને ખબર પણ ન હતી, તે વેળાએ મારો શક દૂર કરવાને તે જોકે માંદગીના બિછાનામાં હતા તોપણ આવેલા અને રુદન કરતાં કરતાં મને સંભળાવ્યું કે તેમણે જરા પણ કોઈને ઉશ્કેરવામાં ભાગ નથી લીધો. "પારસીઓની બેઠકમાં બેસનાર, પારસીઓની ઘરાકીથી ધનિક થનાર હું પારસીઓની સામે એક પણ માણસને ઉશ્કેરું તો જગતનો અને ઈશ્વરનો ગુનેગાર બનું, તેટલું ભાન તો મને હોય જ એમ તમે માનશો." આવા શબ્દો ગદ્ગદ કંઠે મને ગોવિંદજીએ તે દિવસે સંભળાવેલા. આવી બીજી અનેક વાતોથી મને તેમણે પોતાના નિર્દોષપણાની ખાતરી કરી આપી.

જો તેમણે પોતાનો બચાવ કર્યો હોત તો તે અવશ્ય છૂટી જાત એમ હું માનું છું. સારા વકીલોએ તેમની વકીલાત કરવા કહેણ મોકલેલું પણ તેમની બહાદુર માતાએ ઇનકાર કર્યો. "મારો દીકરો સત્યાગ્રહી છે. હું જાણું છું કે તે નિર્દોષ છે. બચાવ ન કરવાથી જેલમાં જશે એવો સંભવ છે, પણ કરેલી પ્રતિજ્ઞા તોડે તો મને અને મારા કુળને લજવે. તેનો બચાવ મને નહીં જોઈએ." એમ કહી એ વીર માતાએ પોતાના દીકરાને ઉગારી લીધો. માતાનું બળ અને માતાનો આશીર્વાદ ન હોત તો રા. ગોવિંદજી કદાચ લલચાત. પણ તેમણે જેલનો સ્વીકાર કરીને પોતાની પ્રતિજ્ઞા પાળી છે. આવાં દૃષ્ટાંતો ઘણાં નથી બન્યાં કે જેમાં પોતાને નામોશી પહોંચાડે એવા ગુનાનો આરોપ છતાં ઘણા અસહકારીઓએ કંઈ બચાવ ન કર્યો હોય. રા. ગોવિંદજી વસનજીને ધન્યવાદ ઘટે છે. તેમનું દૃષ્ટાંત હું અનુકરણીય સમજું છું.

કોઈ એમ ન માને કે જો રા. ગોવિંદજી બચાવ કરીને છૂટી જાત એમ હું કહું છું તો અદાલતનો ત્યાગ શાને કરીએ? બીજા ગુનાઓમાં બચાવ કરવાની છૂટ શાને ન રાખીએ? આવી જાતની લાલચોથી જ જગતમાં અસત્ય, છળકપટ આદિ ફાવી શકયાં છે. બ્રિટિશ અદાલતોમાં કોઈ દહાડો ન્યાય જ નથી મળતો એવું તો કોઈએ કહ્યું જ નથી. પણ એ અદાલતોમાં જરા પણ રાજ્યપ્રકરણી વિષય આવી પડે છે ત્યાં તો ન્યાય મેળવવો લગભગ અસંભવિત છે એવું કયો હિંદી નથી જાણતો? ટિળક મહારાજે ભારે બચાવ કરેલો. તે વખતે એમાં આપણે દોષ નહોતા માનતા. તે વખતે તો બચાવ કરવો એ જ ધર્મ હતો. પણ તે કંઈ બચ્યા નહીં. લાલા

Gandhi Heritage Portal

હરકિશનલાલ ઇત્યાદિએ પંજાબમાં પાણીની જેમ વકીલોમાં પૈસા વેર્યા તે કંઈ બચ્યા? અને આપણે જાણીએ છીએ કે લાલા લજપતરાય, ચિત્તરંજન દાસ, મૌલાના અબુલ કલામ આઝાદ વગેરે તદ્દન નિર્દોષ છે. આપણે એ પણ જાણીએ છીએ કે તેઓએ મોટા વકીલો રાખ્યા હોત છતાં તેઓ બચત નહીં. તેથી જ જ્યાં રાજ્યસત્તા મદાંધ બને છે ત્યાં તેની તરફથી મળતા જૂજ ફાયદાઓનો પણ ત્યાગ કરવો એ ધર્મ મનાયો છે. અદાલતો એ રાજ્યસત્તાનો એક જબરદસ્ત સ્તંભ છે. એ સ્તંભની મદદ પણ સામાન્ય સ્થિતિમાં લોકો લે છે એ સંભવે, પણ સમજુ એવી મદદોથી ન લલચાય.

### ભાટિયા ભાઈબહેનોને

નીચે પ્રમાણે કાગળ એક ભાટિયા ગૃહસ્થ લખે છે :[1]

ભાટિયાઓએ દેશસેવા કરવામાં ઊણપ નથી રાખી. તેઓ ધનિક હોઈ તેઓએ પૈસો ખૂબ આપ્યો છે. કેટલીક ભાટિયા બહેનો પોતાનો વખત રોકી ખૂબ દેશસેવા કરી રહેલી છે, પણ ધનિક વર્ગને સારુ હજુ ખાદી મુશ્કેલ જોવામાં આવે છે. તેનું કંઈ કારણ નથી. દેશસેવાનો જેને રંગ લાગ્યો છે તે જે સેવા આવશ્યક હોય તે કરી છૂટે છે. સ્વદેશીના જેવી એટલે રેંટિયો ચલાવવા જેવી ને ખાદી પહેરવા જેવી સેવા બીજી એકે નથી. આ સહજ અને જખમરહિત ધર્મ છે, છતાં તેનાં પરિણામ ઘણાં મહત્ત્વનાં છે. જો હિંદુસ્તાનના ધનિક લોકો ખાદી પહેરવાનો ધર્મ સ્વીકારે તો તેમાં કંઈ વિચિત્રતા નહીં મનાય. અંગ્રેજોના ઇતિહાસમાં તે પ્રજાએ બહારથી આવતી લેસો વગેરેનો ત્યાગ કરી કેવળ ઇંગ્લંડમાં જ બનતા જાડા મોટા કાપડથી વર્ષોનાં વર્ષો સુધી નિર્વાહ કર્યો હતો. તેમાં ઉમરાવો પણ આવી જતા હતા. જેને સમજ પડી જાય કે ખાદીથી જ હિંદનો ભૂખમરો નાશ પામે, ખાદીથી જ હિંદની ગરીબ સ્ત્રીઓની પવિત્રતા જાળવી શકાય, ખાદીથી જ દુષ્કાળનું નિવારણ થઈ શકે તે કંઈ પરદેશી કે મિલનું કપડું પહેરે? મારી ઉમેદ છે કે ભાટિયા ભાઈબહેનો પોતાની શિથિલતા છોડી ખાદી તથા રેંટિયાના ધર્મને સંપૂર્ણતાએ સ્વીકારશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૯–૨–૧૯૨૨

## ૧૮૦. જવાહરલાલ નેહરુને પત્ર[2]

બારડોલી,
ફેબ્રુઆરી ૧૯, ૧૯૨૧

પ્રિય જવાહરલાલ,

કારોબારી સમિતિના ઠરાવોથી[3] તમને સૌને અપાર દુઃખ થયું છે એમ હું જોઉં છું. તમારા તરફ મારી પૂરી સહાનુભૂતિ છે, અને પિતાશ્રી[4] માટે મારું હૃદય વલોવાઈ જાય છે. તેમણે કેટલી બધી માનસિક વેદના સહી હશે, એની કલ્પના હું કરી શકું છું. પરંતુ મને એમ

૧. આ પત્ર અહીં આપ્યો નથી.

૨. જવાહરલાલ પર તેમનાં બહેન દ્વારા મોકલેલો પત્ર, જવાહરલાલ ત્યારે જેલમાં હતા; જુઓ આ પછીનો લેખ.

૩. ફેબ્રુઆરીની ૧૧મી અને ૧૨મીના.

૪. પંડિત મોતીલાલ નેહરુ.

Gandhi Heritage Portal

પણ લાગે છે કે આ પત્ર બિનજરૂરી છે, કારણ કે, હું જાણું છું કે પહેલા આઘાત પછી પરિસ્થિતિ સાચા સ્વરૂપમાં તેમને સમજાઈ હશે. દેવદાસના છોકરવાદપણાથી આપણે અકળાઈએ નહીં. એ બિચારો છોકરો ઉશ્કેરાઈ જઈને પોતાના મનનું સમતોલપણું ગુમાવી બેઠો હોય એવો પૂરો સંભવ છે પરંતુ અસહકારને વિષે સહાનુભૂતિ રાખનારાઓના બનેલા ટોળાએ ઉશ્કેરાઈ જઈને પોલીસોનાં ઘાતકી રીતે ખૂન કર્યાં, એનો ઇનકાર કરી શકાય એમ નથી. વળી, એ રાજકીય માનસ ધરાવનાર ટોળું હતું એનો પણ ઇનકાર થઈ શકે એમ નથી. આવી સાફ સાફ ચેતવણી કાને ન ધરવી એ ગુનાહિત થઈ પડત.

મારે તમને કહેવું જોઈએ કે મારે માટે એ છેલ્લો ફટકો હતો. વાઇસરૉય પરનો મારો પત્ર[1] વિમાસણ વિના નહોતો લખવામાં આવ્યો. એની ભાષા ઉપરથી એ વસ્તુ કોઈ પણ જોઈ શકે એમ છે. મદ્રાસની ઘટનાઓથી હું સારી પેઠે અસ્વસ્થ થયો હતો. પણ એ સાવચેતીનો સૂર મેં દબાવી દીધો. મને કલકત્તા, અલ્લાહાબાદ તથા પંજાબમાંથી હિંદુઓ તેમ જ મુસલમાનો તરફથી પત્રો મળ્યા હતા. એ બધા પત્રો ગોરખપુર જિલ્લાના બનાવ અગાઉ મળ્યા હતા. એમાં મને લખવામાં આવ્યું હતું કે, બધો દોષ સરકારને પક્ષે જ નથી, આપણા લોકો આક્રમણકારી, જોખમ-રૂપ અને ધાકધમકી આપનારા થતા જાય છે, અને તેઓ બેકાબૂ બનતા જાય છે તથા વર્તનમાં અહિંસક નથી. ફિરોજપુર જિરકાનો બનાવ[2] સરકારને માટે નામોશીરૂપ છે એ ખરું, પરંતુ આપણે સાવ નિર્દોષ નથી. હકીમજી બરેલીને વિષે ફરિયાદ કરતા હતા. જજ્જર વિષે મારી પાસે કડવી ફરિયાદો છે. સહરાનપુરમાં પણ ટાઉનહૉલનો બળજબરીથી કબજો લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. કનોજથી પણ કૉંગ્રેસના મંત્રીનો તાર છે કે સ્વયંસેવક છોકરાઓ તોફાની બન્યા છે. તેઓ હાઈસ્કૂલ આગળ પિકેટિંગ કરી રહ્યા છે અને સોળ વરસની નીચેના છોકરાઓને શાળામાં જતા અટકાવે છે. ગોરખપુરમાં ૩૬,૦૦૦ સ્વયંસેવકો નોંધાયા હતા. તે પૈકીના ૧૦૦ સ્વયંસેવકો પણ કૉંગ્રેસની પ્રતિજ્ઞાનું પાલન કરનારા નથી. જમનાલાલ મને જણાવે છે કે કલકત્તામાં બિલકુલ અવ્યવસ્થા છે. સ્વયંસેવકો વિદેશી કપડાં પહેરે છે અને તેઓ અહિંસાને વરેલા ખસૂસ નથી. આ બધી ખબરો મારી પાસે હતી અને દક્ષિણ ભારતમાંથી વધુ ખબરો મળી, એટલે ચૌરીચૌરાની ખબર દારૂખાનાને સળગાવનાર દીવાસળીરૂપ બની અને પરિણામે મોટો ભડકો થયો. સવિનયભંગ મોકૂફ રાખવામાં ન આવ્યો હોત તો આપણે અહિંસક લડત નહીં પણ તત્ત્વત: હિંસક લડત ચલાવનારા બનત એ ખાતરીપૂર્વક માનજો. અહિંસાની સુવાસ ગુલાબના અત્તરની પેઠે દેશના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાઈ ગઈ છે એ બેશક સાચું છે, પરંતુ હિંસાની દુર્ગંધ હજી ઘણી જ ઉગ્ર છે અને તેની અવગણના કરવી અથવા તેને મામૂલી લેખવી એ ગેરડહાપણભર્યું થઈ પડે. આ પીછેહઠથી ધ્યેયને ઘણો ફાયદો થશે. ચળવળ અજાણપણે ખોટે માર્ગે વળી ગઈ છે. હવે આપણે આપણા મૂળ સ્થાને પાછા ફર્યા છીએ અને ફરીથી સીધા આગળ વધી શકીશું. બનાવોને યોગ્ય સ્વરૂપમાં સમજવા માટે હું જેટલી અનુકૂળ સ્થિતિમાં છું તેટલી જ પ્રતિકૂળ સ્થિતિમાં તમે છો.

હું દક્ષિણ આફ્રિકાનો મારો પોતાનો અનુભવ તમને કહું? દક્ષિણ આફ્રિકામાં અમારી જેલોમાં અમને ભાતભાતની ખબરો મળતી હતી. મારા પહેલા અનુભવ દરમ્યાન બે કે ત્રણ દિવસ

૧. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧લી.
૨. ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૩મીનો ગોળીબાર.

Gandhi Heritage Portal

તો એવી ખબરો જાણીને હું રાજી થતો હતો. પરંતુ આ ગેરકાયદેસર રીતે મળતી ખબરોમાં રસ લેવાની નરદમ વ્યર્થતા હું તરત જ સમજી ગયો. હું કશું જ કરી શકતો નહોતો, હું લાભકારક થાય એવો કશો સંદેશો મોકલી શકતો નહોતો અને નકામો હું મારા દિલને સંતાપ્યા કરતો હતો. મને લાગ્યું કે જેલમાંથી લડતને દોરવણી આપવી એ મારે માટે અશક્ય છે. એટલા માટે, જેઓ બહાર હતા તેમને મળીને તેમની સાથે છૂટથી વાત કરી શકું ત્યાં સુધી હું થોભી જ ગયો અને ત્યારે પણ મેં કેવળ એક અભ્યાસીના જેવો જ રસ લીધો, કારણ કે મને લાગ્યું કે કોઈ પણ બાબત વિષે નિર્ણય બાંધવાનું મારું કામ નથી. અને મેં જોયું કે મારું એ વલણ સર્વથા સાચું હતું. મારી આ વાત તમે માનો એમ હું ઇચ્છું છું. હું જેલમાં હતો ત્યારે દરેક પ્રસંગ અંગે મારા જે વિચારો હતા તેમાં હું જેલમાંથી છૂટયો અને મેં જાતમાહિતી મેળવી ત્યાર પછી કેટલો બધો ફેરફાર થવા પામ્યો એ મને બરાબર યાદ છે. કોણ જાણે કેમ, જેલનું વાતાવરણ આપણને બધી વસ્તુઓ ખ્યાલમાં લેવા દેતું જ નથી. એટલા માટે બહારની દુનિયાની હસ્તી જ તમે સર્વથા તમારા મનમાંથી કાઢી નાખો અને તેની અવગણના કરો એમ હું ઇચ્છું છું. એ બહુ કપરું કામ છે એ હું જાણું છું, પણ કંઈક ગંભીર અભ્યાસ શરૂ કરવાથી અથવા કંઈક ગંભીર શારીરિક કામ હાથમાં લેવાથી તમે એ કરી શકશો. અને તમે ચાહે તે કરો, પણ રેંટિયાથી કંટાળશો નહીં. અનેક વસ્તુઓ કરવા માટે તથા અનેક વસ્તુઓ માનવા માટે તમને કે મને આપણી પોતાની જાત પર કંટાળો આવે એ હું સમજી શકું છું, પરંતુ રેંટિયા પર આપણી શ્રદ્ધા કેન્દ્રિત કરવા માટે અથવા માતૃભૂમિને ખાતર દરરોજ અમુક પ્રમાણમાં સારું સૂતર કાંતવા માટે આપણને કદી પણ જરાયે પસ્તાવું નહીં પડે. ઍડવિન આર્નોલ્ડે સૉંગ સેલેશિયલ નામથી કરેલો ભગવદ્ગીતાનો અનુવાદ તમારી પાસે છે. હું ઍડવિન આર્નોલ્ડના જેવો અજોડ અનુવાદ તો ન કરી શકું પરંતુ ગીતાના એક સંસ્કૃત શ્લોકનો અનુવાદ આ પ્રમાણે છે: "આ નિષ્ઠાથી થયેલા આરંભનો નાશ નથી, એમાં વિપરીત પરિણામ પણ આવતું નથી. આ ધર્મનું યત્કિંચિત્ પાલન પણ મહાભયમાંથી ઉગારી લે છે." આ ધર્મ શબ્દ મૂળમાં કર્મયોગને અનુલક્ષીને વાપરવામાં આવ્યો છે, અને આપણા યુગનો કર્મયોગ રેંટિયો છે. પ્યારેલાલ મારફતે તમે મને ઠંડોગાર કરી મૂકે એવો ડોઝ આપ્યો, પણ હવે હું તમારા તરફથી પ્રોત્સાહક પત્રની આશા રાખું છું.

તમારો

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ए बन्च ऑफ ओल्ड लेटर्स, પા. ૨૩–૫

ભાષાંતર : केटलाक जूना पत्रो, પા. ૨૪–૬

Gandhi Heritage Portal

## ૧૮૧. વિજયાલક્ષ્મી પંડિતને પત્ર

[બારડોલી,
ફેબ્રુઆરી ૧૯, ૧૯૨૧]

પ્રિય સરૂપ,[1]

ઉપરનો પત્ર[2] લખનૌના કેદીઓને કંઈકે સાંત્વન આપી શકશે એમ તમને લાગે તો હવે પછી તમારે જવાહરલાલને મળવાનું થાય ત્યારે એ તમે તેમને વાંચી સંભળાવજો. ત્યાં આગળ બીજી રીતે કેવી પરિસ્થિતિ પ્રવર્તે છે તે મને અવશ્ય જણાવજો. તમારા પૈકી કોઈક દિલ્હી આવનાર છે એમ હું ધારું છું. રણજિતે પિતાશ્રીનો તમારા પરનો એક પત્ર વાંચવા માટે મને મોકલ્યો હતો.

બાપુ

પ્યારેલાલ મને કહે છે કે તમારે સરનામે મોકલેલા પત્રો પહોંચવામાં વિલંબ થવા સંભવ છે; એટલે આ દુર્ગા મારફતે મોકલું છું.

[મૂળ અંગ્રેજી]

ए बन्च ऑफ ओल्ड लेटर्स, પા. ૨૩–૫

ભાષાંતર : केटलाक जूना पत्रो, પા. ૨૭

## ૧૮૨. દેવદાસ ગાંધીને તાર

બારડોલી,
ફેબ્રુઆરી ૨૦, ૧૯૨૨

દેવદાસ ગાંધી
કૉંગ્રેસ સમિતિ
ગોરખપુર

બની શકે તો જરૂર દિલ્હી આવ.[3]

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૯૪૫

૧. શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત, જવાહરલાલ નેહરુનાં બહેન.

૨. આ પહેલાંનો લેખ.

૩. ગાંધીજી તેમના પાંચ દિવસના ઉપવાસ પછી, અ. હિં. કૉં. સમિતિની બેઠકમાં હાજરી આપવા દિલ્હી જવા રવાના થવાની તૈયારીમાં હતા. આ બેઠક ફેબ્રુઆરીની ૨૪મી અને ૨૫મીએ ભરાવાની હતી.

Gandhi Heritage Portal

## ૧૮૩. અ. હિં. કૉં. સમિતિના પ્રમુખને પત્ર

બારડોલી,
ફેબ્રુઆરી ૨૨, ૧૯૨૨

પ્રમુખશ્રી,
અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની
કારોબારી સમિતિ, દિલ્હી.

સાહેબ,

ગયા જાન્યુઆરીની ૩૧મીએ, સુરતમાં મળેલી કારોબારી સમિતિએ નીચેનો ઠરાવ પસાર કર્યો હતો :

હિંદુસ્તાનની રાજકીય પરિસ્થિતિ વિષેના સાચા સમાચારનો પરદેશોમાં ફેલાવો કરવો અત્યંત આવશ્યક[1] છે એવી પોતાની દૃઢ માન્યતાની કારોબારી સમિતિ નોંધ લે છે અને કાર્યકારી મંત્રીની પાસે અત્યારે પરદેશોના પ્રચારના વિષય અંગે જે કંઈ પત્રવ્યવહાર હોય તે સઘળો મહાત્મા ગાંધીને એવી વિનંતી સાથે સુપરદ કરે છે કે કારોબારીની આવતી બેઠક વિચારણા કરી શકે તે રીતે, વહેલી તકે, તેઓ એક ચોક્કસ યોજના તૈયાર કરે.

આ ઠરાવ પર અને મંત્રીએ મારા પર મોકલેલાં કાગળિયાં પર વિચારણા કર્યા પછી હું નીચે પ્રમાણે હેવાલ રજૂ કરું છું:

પ્રચાર કરવા માટે આજને તબક્કે કોઈ પણ બહારના દેશોમાં નીચેનાં કારણોસર કોઈ પણ એજન્સીની સ્થાપના કરવી ઈષ્ટ નથી, એટલું જ નહીં પણ તે હાનિકારક પુરવાર થવાનો સંભવ છે :

પહેલું કારણ એ કે, તેથી લોકોનું ધ્યાન બીજે દોરવાઈ જશે, અને તેઓ પોતાની તાકાત પર જ આધાર રાખવો જોઈએ, એવું માનવાને બદલે, તેમનાં કાર્યોની પરદેશોમાં કેવી અસર પડશે અને એ દેશો રાષ્ટ્રના ધ્યેયને કેટલો ટેકો આપી શકશે, તેનો જ વિચાર કરતા થઈ જશે. એનો અર્થ એવો નથી કે આપણને દુનિયાના ટેકાની દરકાર નથી. પરંતુ એ ટેકો મેળવવાનો માર્ગ આપણા એકેએક કાર્યની સચ્ચાઈ વિષે આગ્રહ રાખવામાં અને સત્યની આપમેળે ફેલાઈ જવાની શક્તિ ઉપર આધાર રાખવામાં રહેલો છે.

બીજું, મારો એવો અનુભવ છે કે જ્યારે કોઈ ખાસ હેતુ માટે એજન્સીની સ્થાપના કરવામાં આવે છે ત્યારે અમુક અંશે સ્વતંત્ર રીતે રસ લેવાનું બંધ પડી જાય છે અને આ એજન્સી જે કંઈ સાહિત્ય વહેંચે છે તેને હિત ધરાવતાં મંડળોમાંથી આવતું માનીને તેની પહેલેથી જ ઓછી કિંમત આંકવામાં આવે છે.

ત્રીજું એ કે એવી એજન્સીઓ પર કૉંગ્રેસ અસરકારક અંકુશ રાખી ન શકે તેથી લડત વિષે સત્તાવાર રીતે ખોટી માહિતી અને ખોટા ખ્યાલો ફેલાવાનો ભારે ભય રહે છે.

૧. ૧૯૨૦ના ડિસેમ્બરમાં પરદેશોનો પ્રચાર પડતો મૂકવાનું અને બ્રિટિશ કૉંગ્રેસ સમિતિને અને લંડનથી પ્રગટ થતા તેના સામયિક *ઇન્ડિયા*ને સમેટી લેવાનું ઠરાવવામાં આવ્યું હતું; જુઓ પુસ્તક ૧૯, પા. ૧૬૧.

Gandhi Heritage Portal

ચોથું, પરદેશોમાં સમાચારનો ફેલાવો કરવાના એકમાત્ર હેતુસર કોઈ મહત્ત્વના માણસને હાલની ઘડીએ હિંદ બહાર મોકલી શકાય તેમ નથી કારણ કે દેશની અંદરના કામકાજ માટે આવા માણસોની ભારે તંગી છે.

તેથી હું તો એવું માનું છું કે જરૂર હોય તો ખાસ સંપાદક રોકીને કૉંગ્રેસ બુલેટિનની વ્યવસ્થામાં સુધારો કરવો અને દુનિયાની મુખ્ય સમાચારસંસ્થાઓને તે મોકલી આપવું. જે વર્તમાનપત્રો અને સમાચારસંસ્થાઓ હિંદુસ્તાનના સવાલોમાં રસ લેતાં જણાય તેમની સાથે પત્રવ્યવહાર કરવાની સંપાદકને સૂચના આપવી.

દક્ષિણ આફ્રિકામાં અને અહીં મેં પોતે ચલાવેલાં પત્રોના અનુભવ પરથી હું એવો દૃઢ મત ધરાવતો થયો છું કે, કૉંગ્રેસનું કાર્ય જેટલા પ્રમાણમાં વધારે સંગીન થશે અને કૉંગ્રેસી સ્ત્રીપુરુષો જેટલા પ્રમાણમાં વધારે યાતનાઓ સહન કરશે, તેટલા પ્રમાણમાં ખાસ પ્રયત્ન કર્યા વિના આપણા કાર્યને વધારે પ્રસિદ્ધિ મળશે. यंग इन्डिया ના સંચાલન અંગે દુનિયાના બધા ભાગોમાંથી રોજરોજ જે પત્રો અને સમાચારોની આપલે થાય તે પરથી હું જોઉં છું કે, દુનિયાભરમાં હિંદુસ્તાનના મામલા વિષે આજે જેટલો રસ લેવામાં આવે છે તેટલો બધો રસ પહેલાં કદી લેવામાં આવ્યો નહોતો. એનો અર્થ એ થાય કે જેટલા પ્રમાણમાં આપણી યાતનાઓ વધશે તેટલા પ્રમાણમાં રસ પણ વધશે. એટલે કૉંગ્રેસના કાર્યને વધારે શુદ્ધ, વધારે વ્યવસ્થિત કરવામાં અને યાતનાઓ બરદાસ્ત કરવાની વધારે પ્રબળ ભાવના જગાડવામાં, રાજકીય પરિસ્થિતિ વિષેની સાચી માહિતી ફેલાવવાની સર્વોત્તમ પદ્ધતિ રહેલી છે. એને લીધે કુતૂહલમાં વધારો થાય છે એટલું જ નહીં પણ લોકો પરિસ્થિતિની આંતરિક બાજુ અને ખરેખરી વાસ્તવિકતા સમજવા વધારે ઉત્સુક બને છે.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૩–૧૯૨૨

# ૧૮૪. નોંધ

## ઉત્તમ પસંદગી

પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખપદે આગા મહમદ સફદરના અનુગામી તરીકે સરદાર ખડગસિંહની વરણી કરીને કૉંગ્રેસ સમિતિએ એક ઉત્તમ પસંદગી કરી છે. આના કરતાં વધારે સારી પસંદગી તે કરી શકી ન હોત. સરદારસાહેબનું સન્માન કરીને સમિતિએ પોતાનું જ સન્માન કર્યું છે. સરદાર ખડગસિંહની વરણી શીખોને તેમની બહાદુરી, તેમનો આપભોગ અને દેશભક્તિ માટે વિવેકભરી અંજલિ આપવા બરાબર છે. આજકાલ કોઈ કૉંગ્રેસ સમિતિ, કોઈ ખિલાફત સમિતિ અથવા કોઈ ગુરુદ્વારા સમિતિના પ્રમુખનો હોદ્દો બેઠાડુ હોદ્દો નથી. ઘણા પ્રાંતોમાં સરકારે લાદેલા સાધારણ કે અસાધારણ કાયદા હેઠળ, કોઈ ને કોઈ ગુના માટે કામ ચલાવવું એ તો સાધારણ વાત બની ગઈ છે. થોડા પ્રાંતો બાદ કરતાં જુદી જુદી સમિતિઓના હોદ્દેદારોએ નામ. શહેનશાહની હોટલોમાં પોતાને ભાગે આવતો હિસ્સો ભરી દીધો છે. તેથી દેશની કારકિર્દીના આ તોફાની સમયમાં હોદ્દાની જવાબદારી ઉપાડી લેવાની હિંમત માટે સરદાર ખડગસિંહને હું ધન્યવાદ આપું છું.

Gandhi Heritage Portal

## બંને પક્ષ માટે સંતોષકારક

આગેવાનોની ગિરફતારી સરકાર તેમ જ લોકો એમ બંનેને સંતોષ આપતી હોય એમ દેખાય છે. એ સરકારને સંતોષ આપે છે એ વાત સ્પષ્ટ છે, નહીં તો તેણે નેતાઓને પકડવાનું અળખામણું કાર્ય કર્યું ન હોત. એમ કરીને પોતે અસહકારના આંદોલનને કચડી નાખી શકશે એમ તે માને છે. જ્યાં જ્યાં ધરપકડો થાય છે ત્યાં ત્યાં આંદોલન આગેકૂચ કરતું હોઈ એ ધરપકડોથી લોકોને સંતોષ થાય એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે. છેલ્લામાં છેલ્લો દાખલો નેલોરથી મળે છે. જોકે આ પહેલાં ત્યાં સ્થિર કામ થઈ રહ્યું હતું છતાં આજે જે શક્તિથી તે સ્ફુરી રહ્યું છે તે શક્તિથી તે પહેલાં સ્ફુરતું નહોતું. એક માનવંતા કાર્યકર લખે છે :[1]

> . . . અહીં પણ આપણી લડતને વેગ આપવામાં સત્તાવાળાઓ લોકો સાથે સહકાર કરી રહ્યા છે. હજુ હમણાં જ, જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ, મંત્રી અને બીજા ત્રણ સભ્યોને એક વર્ષની સખત કેદની સજા કરીને તેણે આપણી અનન્ય સેવા બજાવી છે. આપ નેલોરમાં છેલ્લા પધાર્યા ત્યારે જેમને ત્યાં આપ ઊતર્યા હતા તે શ્રી રામ રેડ્ડી મંત્રી છે. તે, રેડ્ડી કોમના સૌથી વધારે લાગવગ ધરાવતા કુટુંબના છે અને એમના પર ચાલેલા કેસને પ્રતાપે, ખૂણાખાંચરાનાં જે સ્થળો સુધી બીજી રીતે આપણો મંત્ર પહોંચી શક્યો ન હોત ત્યાં આપણો મંત્ર પહોંચી ગયો છે. . . .

શ્રી રેડ્ડી પોતાના જિલ્લામાં સૌથી વધારે વર્ચસ્વ ધરાવતા નેતા હોવાથી સરકાર તેમનો કેસ આગળ નહીં ચલાવે એવો ભય બતાવી શ્રી વેંકટપૈય્યાએ મને હમણાં પેલે દિવસે જ લખ્યું હતું. મુકદ્દમો પડતો મુકાવાથી લોકોનો ઊભરાતો ઉત્સાહ મંદ પડી જાય એવો તેમને ડર લાગ્યો હતો. સરકારે શ્રી વેંકટપૈય્યાનો ભય દૂર કર્યો છે અને શ્રી રેડ્ડીના કારાવાસે જાણે નેલોરને પહેલાં કદી ન અનુભવેલી પ્રવૃત્તિથી ધબકતું કરી દીધું છે.

## પ્રમુખને માત્ર "છ મહિનાની સાદી કેદ"

મૌલાના અબુલ કલામ આઝાદને કરાયેલી સજા પૂરતી નથી એવી તેમનાં પત્ની બેગમસાહેબા અને ખુદ મૌલાના પોતે ફરિયાદ કરતાં હોય તો કૉંગ્રેસના પ્રમુખ[2] અને શ્રી સસમલને માત્ર ૬ જ મહિનાની સાદી કેદની સજા ફરમાવવામાં આવી તેથી પ્રમુખશ્રીને અને તેમનાં ધર્મપત્નીને કેટલું બધું લાગી આવ્યું હશે? આવી અનાકર્ષક સજા ફરમાવવામાં આવનાર હતી તો મુકદ્દમો આટલો બધો લાંબો સમય લંબાવવાની અને ચુકાદો મુલતવી રાખવાની શી જરૂર હતી તે તો માત્ર સરકાર જ કહી શકે. મૌલાના અને દેશબંધુ એમ બંનેને છોડી મૂકવા માટે સરકાર યોગ્ય તક શોધતી હતી એવી વિશ્વાસપાત્ર વાત મને મળી હતી. પ્રમાણભૂત ગણાતી છેલ્લામાં છેલ્લી વાત જાહેર કરવાની મારી હિંમત નથી. વાચકને જાણવા જેટલી પણ તે મહત્ત્વની નથી. પ્રમુખશ્રી સુધ્ધાં આપણા સૌને ભાગે જે કાંઈ આવે તેનો આપણે સ્વીકાર કરવો ઘટે. પત્રલેખકો તરફથી મારા પર, હું ભોળો, કઠણ હૈયાનો, પોચા હૈયાનો અને આવી અનેક નિર્બળતાઓવાળો છું એવું દોષારોપણ કરતા કરડા પત્રો આવે છે. કેટલાક પત્રલેખકો તો એમ પણ કહે છે કે મેં કેદીઓના હિતને વેચી ખાધું છે. બીજાઓ જણાવે છે કે

૧. અહીં માત્ર ઉતારા જ આપ્યા છે.
૨. ચિત્તરંજન દાસ, ચૂંટાયેલા પ્રમુખ.

Gandhi Heritage Portal

અસહકાર વિષેના મારા બધા વિચારો મેં ફગાવી દીધા છે અને કૉંગ્રેસ પ્રમુખને હું બેવફા નીવડયો છું. સદ્ભાગ્યે ઘણાં વર્ષોની સેવાને લીધે મારી ચામડી જાડી થઈ ગઈ છે અને આ બધાં તીર તેને ભેદી શકતાં નથી, પરંતુ આ બધા અધીરા ટીકાકારોને હું જરૂર ખાતરી આપું છું કે ઠરાવોથી અસહકારના સિદ્ધાંતના રજ જેટલા ભાગને પણ જતો કરવામાં આવ્યો નથી. તેથી ઊલટું, કુદરત તરફથી મળેલી ગંભીર ચેતવણી છતાં સામુદાયિક સવિનયભંગ પડતો મૂકવામાં ન આવ્યો હોત તો તે અસહકારના પાયાના સિદ્ધાંતને પડતો મૂકવા બરાબર થાત. કેદીઓની મુક્તિ રાષ્ટ્રીય ઇજ્જતનો સવાલ બન્યો એટલે મેં તે સવાલને હેતુપૂર્વક આગળ આણ્યો છે, કેમ કે, ત્રિવિધ ધ્યેયને તાત્કાલિક હાંસલ કરવાનો મુદ્દો બદલીને તેને સ્થાને ત્રિવિધ સ્વાતંત્ર્ય તાત્કાલિક હાંસલ કરવાનો મુદ્દો મૂકવાથી કેદીઓની મુક્તિ માટેની માગણી એક સ્વાભાવિક પરિણામ બની. પરંતુ ચૌરીચૌરાએ બીજો એક તાત્કાલિક મુદ્દો ઉપસ્થિત કર્યો છે. તે મુદ્દો ભીષણ તપશ્ચર્યા અને આત્મશુદ્ધિની ભયંકર પ્રક્રિયાને લગતો છે, અને આ પ્રાયશ્ચિત્તરૂપ આત્મશુદ્ધિ માટે કેદ કરાયેલા કાર્યકરોનો ભોગ આપવાની તથા દેશને પુન: ચેતનવંતો બનાવનાર આપણી અનેક પ્રવૃત્તિઓનો કામચલાઉ ભોગ આપવાની જરૂર છે. પરંતુ આવું તો બધાં યુદ્ધોમાં બને છે અને આપણે દાવો કર્યો છે તેવી આધ્યાત્મિક લડતોમાં તો ખાસ કરીને વારંવાર બને છે. આપણા ધ્યેયની સિદ્ધિ માટે શારીરિક બળ વાપરવાની મેં મક્કમપણે ના પાડી હોવાથી એ અર્થમાં હું તેને આધ્યાત્મિક કહું છું. આપણે આપણા નિશ્ચિત સ્થાનથી દૂર ઘસડાઈ જવાના જોખમમાં હતા એટલે આપણે માટે પાછા વળવું જરૂરી હતું અને આમ પાછા વળવાનો અર્થ માત્ર વધારે આત્મશુદ્ધિ કરવાનો, વધારે સમજશક્તિ કેળવવાનો અને તેથી વધારે તાકાત મેળવવાનો છે અને દેશની લડાઈ માટે અસહકારીઓએ કસાયેલા સૈનિકો બનવું હોય તો તેઓ બેશક થોભી જવાની અને તૈયારી કરવાની કિંમત સમજશે. તૈયારી માટે કે અન્ય કારણસર જે કોઈ થોભી જાય છે તે ખાઈમાં ત્રણ ફૂટ ઊંડે ઊભેલા સૈનિકના જેટલો જ ધ્યેયને આગળ ધપાવે છે. આધ્યાત્મિક કે શારીરિક યુદ્ધશાસ્ત્રનાં આ તત્ત્વો આપણે નહીં સમજીએ તો આપણી બધી યાતનાઓ નિરર્થક નીવડશે.

## મલબારની પુનર્રચના

હિંદ સેવક સમાજના શ્રી માધવરાવ અને બીજાઓએ તથા યંગમેન્સ ક્રિશ્ચિયન ઍસોસિયેશનના મંત્રીઓએ સાથે મળીને મલબારની પુનર્રચના અંગે સંખ્યાબંધ સવાલો બહાર પાડયા છે. આ સવાલો વિસ્તારથી તૈયાર કરવામાં આવ્યા છે અને તેમાં આર્થિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, નાગરિક અને સામાન્ય એમ સઘળા વિભાગોને આવરી લીધા છે. આમાંથી માત્ર એક જ સવાલની હું છણાવટ કરવા માગું છું. તે બીજા બધા સવાલોનો ઉકેલ લાવે છે એવો મારો અભિપ્રાય છે. મલબારના સંકટગ્રસ્ત લોકોના પુનર્વસવાટ અંગે લોન ઊભી કરવી અથવા બીજી વ્યવસ્થા કરવી એ કામ ખૂબ જ મુશ્કેલ જણાશે, છતાં જરૂરિયાતવાળા લોકોને રેંટિયા પૂરા પાડવામાં આવશે તો ઘણાખરા સવાલોનો આપમેળે ઉકેલ આવી જશે. આ વસ્તુ શકય એટલી ઓછામાં ઓછી મૂડીથી બની શકે, અને મલબારના લાકડાના ઉદ્યોગોમાં એથી એક કાયમી ઉમેરો થશે. લાકડું રેંટિયા માટે ખૂબ જરૂરી છે જ્યારે મલબાર માટે તેનું બહુ મહત્ત્વ નથી. વળી, વધારે ખર્ચ કર્યા વિના એથી બીજા પેટા-ઉદ્યોગોને પીઠબળ અને પ્રોત્સાહન પણ મળશે. એટલે પુનર્રચનાની યોજના સાથે સંબંધ ધરાવનારાઓને હું એક કેન્દ્રવર્તી હકીકત તરીકે આ એક જ દરખાસ્તની હૃદયપૂર્વક ભલામણ કરીશ. આ દરખાસ્તની આસપાસ બીજી બધી દરખાસ્તોને ગોઠવવી જોઈએ.

Gandhi Heritage Portal

આમ થતાં તેઓ જોશે કે જે કોઈ યોજનાનો આ પ્રમાણે અમલ કરવામાં આવશે તેનું પરિણામ કરકસર, કાર્યદક્ષતા અને ઓછામાં ઓછા બગાડમાં આવશે.

## આદર્શ પિતા-પુત્ર

થોડાં અઠવાડિયાં પહેલાં મેં માલવિયા કુટુંબના ત્રણ પુત્રોની ગિરફતારીની ચર્ચા કરી હતી, અને એ ચર્ચા દરમ્યાન, અંતઃકરણના અવાજને ખાળી નહીં શકવાથી, ગોવિંદ માલવિયાએ તેમના પૂજ્ય પિતાશ્રી પ્રત્યે કેવી નમ્રતાપૂર્વક અને કેવો આદર દર્શાવીને પંડિતજીની ઇચ્છા વિરુદ્ધ[1] જઈને કેદ વહોરી લીધી હતી તે દર્શાવ્યું હતું. પંડિતજીએ તેમના પર લખેલા એક પત્રની નકલ ગોવિંદ માલવિયાએ મને મોકલી હતી. તેનો નીચે પ્રમાણેનો અનુવાદ વાંચી લોકોને આનંદ થશે. અલબત્ત, મૂળ પત્ર હિંદીમાં છે.

ગોવિંદને આશીર્વાદ. દીર્ઘાયુ થાઓ.

તારો પત્ર મળ્યો. બીજા રોકાણને કારણે વહેલો જવાબ આપી ન શકયો તેથી દિલગીરી થાય છે. તારા પર હું નારાજ નથી થયો. એ બાબતમાં નિશ્ચિત રહેજે. મૉડર્ન હાઈસ્કૂલનું તું પિકેટિંગ કરે તે મને જરૂર ગમ્યું નહોતું. શાળા એ કંઈ પાપઘર નથી કે સમાજમાં વિષ ફેલાવતું ઘર નથી કે જેથી ત્યાં જતાં બાળકોને અટકાવવા માટેનું પિકેટિંગ વાજબી ઠરાવી શકાય. તું અને કૃષ્ણ જાહેર સભામાં ગયા અને શ્રોતાઓને કૉંગ્રેસનો સંદેશો આપ્યો એ તો તમે તદ્દન યોગ્ય જ કર્યું. સરકારે ગ્રહણ કરેલી નીતિ બિલકુલ અયોગ્ય છે. તે ફેરવવામાં આવશે એવી મને આશા છે. ખૂબ ખૂબ આનંદમાં રહેજે. તને જેલ મળી તે વિષે શ્રી ગાંધીને તેં લખેલો પત્ર તેમણે મારા પર મોકલી આપ્યો છે.

ઉપરનો પત્ર ૧૩મી જાન્યુઆરીનો છે.
પંડિતજીએ કૃષ્ણકાન્ત માલવિયા પર મોકલેલો નીચેનો પત્ર એ જ તારીખનો છે:

હું એટલો બધો કામમાં ગૂંથાયેલો રહ્યો છું કે આટલા બધા દિવસો સુધી તને કે ગોવિંદને પત્ર લખી શકયો નથી તેથી દિલગીરી થાય છે. અત્યારે રાતના ૧૧ વાગ્યે હું આ પત્ર લખી રહ્યો છું.

સભામાં તેં ભાષણ આપ્યું તે તદ્દન યોગ્ય જ કર્યું છે. તારું આ કાર્ય મને ગમ્યું નથી એમ માની મનમાં દુઃખ લાવતો નહીં. અમદાવાદમાં મળેલી અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ (અથવા વિષયવિચારિણી સમિતિ)માં મેં કહ્યું હતું કે કૉંગ્રેસના સ્વયંસેવકોને 'ગેરકાયદે મંડળીઓ' જાહેર કરતી નોટિસ સરકાર પાછી ખેંચી ન લે તો આવી નોટિસોની આ સ્વયંસેવકો અવગણના કરશે અને તે માટે જેલ જશે તો તે વાજબી ઠરશે.

બીજાઓ સાથે મળીને મેં બોલાવેલી પરિષદ કાલે મળવાની છે. આ સાથેનો પત્ર તને પરિષદનો હેતુ સમજાવશે. અહીં શ્રી ગાંધી છે, તે જ પ્રમાણે સર શંકરન નાયર, સર વિશ્વેશ્વરૈયા અને બીજાઓ પણ છે. આજે અમે ઘણો સમય પ્રાથમિક ચર્ચાવિચારણા કરી છે. એનું કંઈક સારું પરિણામ આવશે એવી હું આશા રાખું છું.

ખૂબ જ આનંદમાં રહેજે. તારી છ મહિનાની સખત સજાને સાદી કેદમાં ફેરવવામાં આવી છે તેમાં મારો કાંઈ હાથ હતો એવું તારી સાથેના કેદીઓ રખે માને. સજાની પાશવતાથી મને જરૂર દુઃખ થયેલું, છતાં તે માટે મેં કોઈને કંઈ પણ ફરિયાદ કરી ન હતી.

૧. જુઓ "નોંધ", ૧૨-૧-૧૯૨૨નું પેટામથાળું "માલવિયા કુટુંબ".

Gandhi Heritage Portal

અલ્લાહાબાદ પાછા ફર્યા પછી જેલમાં તમને બંનેને મળવાની મારી ઇચ્છા હતી. પરંતુ તમને હવે આગ્રા ખસેડવામાં આવ્યા હોવાથી થોડા સમય સુધી હું તમને મળી નહીં શકું. પરંતુ એ બહુ મહત્ત્વની બાબત નથી. આવતા થોડા માસ સુધી મારા માથા પર ઘણા ભારે કામનો બોજો રહેવાનો છે, એ વાતથી તારું મન સંતોષ પામશે. વધુ પછીના પત્રમાં.

પત્રની નકલ મારા પર મોકલતી વખતે ગોવિંદ જણાવે છે કે પરિષદ બોલાવવા અંગેનો પરિપત્ર કૃષ્ણકાંતને પહોંચાડવામાં આવ્યો ન હતો. પંડિતજીની આજ્ઞા વિના આ બે પત્રો પ્રગટ ન કરવાનું પણ તેણે મને જણાવ્યું છે. આ બંને પત્રો લોકોને રસ પડે એવા લાગવાથી મને તે પ્રગટ કરવાનું ઠીક લાગ્યું અને જરૂરી રજા મેળવીને મેં તે પત્રો લોકો સામે રજૂ કર્યા છે. મારે મન બંને પત્રો કીમતી છે. એ કૌટુંબિક જીવન કેવું હોવું જોઈએ તેનું ઉદાહરણ છે. એક જ કુટુંબના જુદા જુદા સભ્યો વચ્ચે અરસપરસ સહિષ્ણુતાની લાગણી જોવામાં આવે છે અને જુવાન વર્ગે સંપૂર્ણ સ્વતંત્રતા જાળવી રાખી છે તેમ જ તેને તે આપવામાં પણ આવી છે. એ ઉપરાંત, આ પત્રો પંડિતજીના ચારિત્ર્યનું ઉમદાપણું પ્રગટ કરે છે. આજે તેઓ જેલમાં નથી એનું કારણ એ નથી કે તેઓ જેલથી ડરે છે, પરંતુ હજુ તેમને એ તરફ જવાનો ચોખ્ખો માર્ગ દેખાયો નથી. તેમના ગાઢ સંપર્કમાં આવેલો કયો માણસ એ વાત જાણતો નથી કે તેઓ ચિંતાથી નંખાઈ ગયા છે અને કર્તવ્યના શાશ્વત સંઘર્ષની દ્વિધામાં પડ્યા છે? મને ઘણી વાર એવું લાગ્યું છે કે જો તેઓ જેલમાં ચાલ્યા જાય તો તેમના જેવા જાહેર જીવન સાથે જોડાયેલી એકધારી ચિંતા અને ફિકરમાંથી તેઓ ખરેખર મુક્તિ મેળવે.

અસહકારીઓ બધી રીતે સહિષ્ણુ બને એવી હિમાયત કરવા માટે મેં આ પત્રો પ્રગટ કર્યા છે. હું ઇચ્છું કે વાચકો મારી એ માન્યતામાં સહભાગી બને કે કોઈ પણ હયાત હિંદી સરસાઈ ન કરી શકે એવી જાહેર સેવાની કારકિર્દી પંડિતજી ધરાવતા હોવા છતાં, સ્વતંત્રો અને મૉડરેટોમાં એમના જેવા કેટલાક એવા લોકો જોવા મળે છે, જેઓ નબળા છે તે કારણે નહીં, પરંતુ કર્તવ્યની કપરી ભાવનાને કારણે, આપણાથી અલગ રાહ અપનાવી રહ્યા છે. જો આપણે આપણા વિરોધીઓ પ્રત્યે માત્ર નમ્રતા, ઉદારતા અને સહિષ્ણુતાની જરૂરી ભાવના કેળવીએ અને તેમનામાં અયોગ્ય હેતુનું આરોપણ ન કરીએ, તો આપણી અસહિષ્ણુતાને કારણે આપણી સામે ખડા થયેલા લોકોમાંથી ઘણાને આપણે આપણા પક્ષે જીતી લાવીએ એ હું જાણું છું. બહુમતી લોકો જ્યારે અસહિષ્ણુ બને છે ત્યારે તેમનો ડર લાગે છે, તેમના તરફ અવિશ્વાસ જાગે છે અને અંતે તેમના પ્રત્યે ઘૃણા દર્શાવવામાં આવે છે અને બહુ યોગ્ય રીતે જ એ પ્રમાણે થાય છે. અસહકારીઓ સાથે મોટો લોકસમૂહ હોય, અને હું માનું છું તેમ તે છે પણ ખરો, તો તેમને માટે પોતાના અભિપ્રાયને વધારેમાં વધારે મક્કમતાથી વળગી રહેતી લઘુમતી પ્રત્યે સહિષ્ણુ, માયાળુ અને વિવેકી બનવાનું જ શોભે. અસહિષ્ણુતા નિર્બળતા છે અને તે આપણી સામેના એ આક્ષેપને વાજબી ઠરાવે છે કે આ આંદોલન પાછળ તિરસ્કારનો આશય ન હોવા છતાં તે તિરસ્કાર ઉત્પન્ન કરે છે. હું આશા રાખું છું કે જે બે પત્રો મેં અહીં પ્રગટ કર્યા છે તે અસહકારીઓને સાવધ કરશે.

ગોરખપુરની કરુણ ઘટના માત્ર અસહિષ્ણુતાનું એક મજબૂત ઉદાહરણ જ હતી. આપણે ઘણી વાર ભૂલી જઈએ છીએ કે આપણી એક ફરજ પોલીસ અને સૈનિકોને પણ આપણા અભિપ્રાયના કરવામાં રહેલી છે. આપણે ત્રાસવાદથી તે કદી નહીં કરી શકીએ. પોલીસોમાં જે સારીસરખી

Gandhi Heritage Portal

ભ્રષ્ટતા વ્યાપેલી છે, તેમાં તેમના પ્રત્યેના ટોળાના અત્યાચારે ઉમેરો કર્યો છે અને હવે તેમાંથી આપણને આઘાત લાગે એવી વેરભાવે પગલાં લેવાની વૃત્તિ પ્રગટી છે. સરકાર અને પોલીસની ભ્રષ્ટતાને તાબે થનારી પ્રજામાં રહેલી ભ્રષ્ટતા જ, ભ્રષ્ટ સરકાર અને ભ્રષ્ટ પોલીસનું અસ્તિત્વ સૂચવે છે એ વાત આપણે યાદ રાખવી ઘટે. આખરે લોકોને તેમની લાયકાત પ્રમાણેની સરકાર મળે છે એ વિધાનમાં ઠીક ઠીક સત્ય રહેલું છે. પોલીસ અને લશ્કરના માણસો મોટા ભાગના આપણા જ દેશબંધુઓ છે. અને તેમને આપણે પ્રેમથી, સહિષ્ણુતાથી અને તેમની પાશવતાને પણ તાબે થઈને આપણી બાજુએ જીતી લેવાના છે એ વાત સમજવા માટે અહિંસાના સિદ્ધાંતમાં ધાર્મિક શ્રદ્ધા ધરાવવાની જરૂર નથી. મોટા ભાગના દાખલાઓમાં તો તેઓ શું કરી રહ્યા છે તેની તેમને ખબર નથી હોતી એ વાત નક્કી છે.

### સવિનયભંગનું રહસ્ય

સિમલાથી એક મિત્ર, જે એક કૉંગ્રેસ અધિકારી છે તે લખે છે[૧]:

> . . . સરકારે મનાઈ ફરમાવેલાં કેટલાંક નાટકો ભજવીને જુદાં જુદાં કૉંગ્રેસ મંડળોના કેટલાક સભ્યોએ કાનૂનભંગ કરવાની કેટલીક નવી રીત શોધી કાઢી છે. દાખલા તરીકે, થોડા સમય પહેલાં મુલતાનમાં અને હમણાં સિમલામાં ज़ख्म-ए-पंजाब નામનું નાટક ભજવવામાં આવ્યું જેને પરિણામે બંને પ્રસંગો પર ધરપકડ કરવામાં આવી હતી. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના ઠરાવમાં નક્કી કરેલી તારીખ એટલે ૧૫મી જાન્યુઆરી ૧૯૨૨ પહેલાં આવી જાતનો કાનૂનભંગ કરવા વિષે આપનો શો મત છે? એ ઉપરાંત, આ નાટક ભજવનારા નટોએ પડકારની ભાવનાથી સરકારને અગાઉથી ખબર આપી કે તેઓ પ્રતિબંધિત નાટક ભજવવાનું પગલું લઈ ગિરફતારી વહોરી લેનાર છે તે શું વાજબી ગણાય?
>
> એનાથી આગળ જઈને, દિલ્હી અને બીજાં સ્થળો ઉપરથી પ્રગટ કરવામાં આવતા ઉદ્દામ સાહિત્ય તરફ હું આપનું ધ્યાન દોરું છું. આ સાહિત્યમાંનું લખાણ અહિંસક અસહકારના સિદ્ધાંત સાથે દેખીતી રીતે જ અસંગત છે અને તે નાના છોકરાઓ અને કેટલાક બિનજવાબદાર સ્વયંસેવકો વાંચી સંભળાવતા હોય છે. આવી જાતનો પ્રચાર મદદરૂપ થવાને બદલે નુકસાનકારક પરિણામ નહીં લાવે?

૧૫મી જાન્યુઆરી પહેલાં આ નાટક ભજવવામાં આવ્યું હોય તો તે વાજબી નથી. પ્રાંતિક કૉંગ્રેસ સમિતિને પૂછ્યા વિના તે ભજવાયું હોય તો તે પણ વાજબી નથી. દરેક પ્રકારનો સવિનય-ભંગ સ્થાનિક કૉંગ્રેસ સમિતિની અગાઉથી મંજૂરી લઈને જ થઈ શકે. ખુદ નાટક ભજવવાનો હેતુ નાહક લોકોની લાગણી ઉશ્કેરવાનો અને તિરસ્કાર ઊભો કરવાનો હોય તોપણ તે ગેરવાજબી છે. ધારો કે મેં ગણાવેલી બધી જ શરતોનું પાલન કરવામાં આવ્યું હોય તો સંચાલકોએ સરકારને ગૌરવભરી રીતે અગાઉથી ખબર આપી તે બરાબર જ કર્યું હતું કેમ કે, સવિનયભંગનું રહસ્ય એ છે કે તે ખુલ્લો છે અને ગિરફતાર કરવામાં જેમને રસ છે તેમને ખાસ કરીને તે વિષે ખબર અપાઈ છે.

"ઉદ્દામ સાહિત્ય"ના પ્રશ્ન અંગે, આ લેખક જણાવે છે તેવી જાતનાં ચોપાનિયાં પ્રગટ કરવામાં આવે છે અને તેને મોટા પાયા પર ઉત્તેજન આપવામાં આવે છે એ દુઃખદ વાત છે. આ લેખકે

૧. અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કર્યા છે.



Gandhi Heritage Portal

આવાં બે ચોપાનિયાંનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ તેમનાં નામ હું પ્રગટ કરતો નથી. બીજા એક પત્રલેખકે મારી માહિતી અને સલાહ માટે આમાંની એક પુસ્તિકા મારા પર મોકલી આપી છે. તેનું નામ અને લખાણ વાંધાભર્યું છે અને તેમાં તિરસ્કાર સિવાય બીજું કંઈ જ નથી. પ્રત્યેક અન્યાય લોકોના ધ્યાન પર લાવવાનું આપણું કર્તવ્ય છે પરંતુ તેમ કરવાના અનેક માર્ગ હોય છે. ચીડ ચડે એ રીતે કોઈ પણ વસ્તુ રજૂ કરવાથી કંઈ અર્થ સરતો નથી. ખુદ હકીકતમાં જ ઉશ્કેરણીનું તત્ત્વ રહેલું હોય છે. આવી હકીકતોને મહત્ત્વ આપવાથી તેના દૂષણ પ્રત્યેથી ધ્યાન દૂર જતું રહે છે અને હાલમાં લોકોએ અહિંસાની પ્રતિજ્ઞા લીધી છે ત્યારે તો આવા સાહિત્યની પ્રસિદ્ધિ ખૂબ જ ઠપકાપાત્ર બને છે. તે રોષ ફેલાવે છે અને સવિનયભંગ કરવાના કાર્યને વધારે ને વધારે મુશ્કેલ બનાવે છે.

### મેં બધી આબરૂ ગુમાવી દીધી છે

લાહોરથી એક મિત્ર તેમનું નામ જણાવ્યા વિના નીચેની ધમકીભરી નોંધ મોકલે છે[1]:

તા. ૧૧ મી ને મંગળવારે મેં ટ્રિબ્યૂનમાં અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની તાકીદની બેઠકે પસાર કરેલા ઠરાવો વાંચ્યા. . . .

આપ ફરી બેઠા છો અને પોચા મનના બની ગયા છો એવું લોકો માને છે. તેઓ સરકાર સાથે જરાયે સંકોચ વિના સહકાર કરશે અને નામદાર પ્રિન્સ ઑફ વેલ્સના સ્વાગતમાં જોડાશે. . . .

કેટલાક વેપારીઓને એવો ખ્યાલ છે કે આપે બધી દારૂની દુકાનો પરનો અને વિદેશી કાપડ પરનો પ્રતિબંધ ખસેડી લીધો છે.

સાચું પુછાવો તો લાહોર શહેરમાં દરેક જણ સભાઓ ભરે છે. . . અને . . . અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના પગલાને વખોડી કાઢે છે.

હવે હું મારી પોતાની ખાતર આપને નીચેના સવાલો પૂછું છું :

૧. હવે આપ આ આંદોલનની આગેવાની છોડી દેશો? અને એમ કરો તો શા કારણે?

૨. બધી પ્રાંતિક સમિતિઓને આપે આ જાતની સૂચનાઓ શા માટે આપી છે તે મને જણાવવાની કૃપા કરશો? સમાધાન માટે ગોળમેજી પરિષદ માટે આપે પંડિત માલવિયાને તક આપી છે અથવા સરકાર તેનું વચન ન પાળે તો પંડિત માલવિયાએ આપના આંદોલનમાં સામેલ થવાનું સ્વીકાર્યું છે?

૩. ધારી લો કે સમાધાન થાય અને ખિલાફત અને પંજાબના અન્યાયનો નિવેડો લાવવામાં આવે અને સ્વરાજ અંગે સરકાર સુધારાને વિસ્તૃત કરે તો તેથી આપને સંતોષ થશે અથવા આપ સંપૂર્ણ સાંસ્થાનિક દરજ્જો મળે નહીં ત્યાં સુધી આપની પ્રવૃત્તિ ચાલુ રાખશો?

૪. ધારો કે કોઈ પણ નિર્ણય ન થયો તો શું પંડિત માલવિયા અને આ પરિષદ સાથે સંકળાયેલા બીજા બધા લોકો આપના પક્ષે આવી જશે અથવા તેમનું ભાવિ અત્યારની માફક જ લટકતું રહેશે?

૧. અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કર્યા છે.

Gandhi Heritage Portal

૫. માનો કે કોઈ પણ નિર્ણય ન થયો અને હિંસાનો ભય ઊભો થાય તો આપ સવિનયભંગનો વિચાર છોડી દેશો?

૬. આપનો હાલનો ઇરાદો અત્યારનાં સ્વયંસેવકદળોને વિખેરી નાખવાનો અને જેઓ કાંતવાનું જાણતા હોય અને હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી પહેરતા હોય તેમની ભરતી કરવાનો છે?

૭. આપનો સામુદાયિક સવિનયભંગ આપ શરૂ કરો ત્યારે હિંસા ફાટી નીકળે તો તે વખતે આપ શું કરશો? તે જ ક્ષણે શું આપ આપની પ્રવૃત્તિ બંધ કરી દેશો?"

મેં અહીં આપી છે તે કરતાં આ પત્રમાં ઘણી વધારે ટીકા છે. પત્રલેખક મને જણાવે છે કે લોકો એટલા બધા કંટાળી ગયા છે કે તેમણે સહકારવાદી બનવાની ધમકી આપવા માંડી છે અને તેઓ એવો અભિપ્રાય ધરાવે છે કે મેં લાલા લજપતરાય, દેશબંધુ ચિત્તરંજન દાસ, પંડિત મોતીલાલ નેહરુ, અલીભાઈઓ અને બીજાઓને વેચી માર્યા છે. અને પત્રલેખક મને કહે છે કે હું નેતાગીરી છોડી દઈશ તો એવા હજારો લોકો છે જેઓ આત્મહત્યા કરીને આ દુનિયાનો ત્યાગ કરશે. ખાસ કરીને લાહોરના નાગરિકોને અને સામાન્ય રીતે પંજાબીઓને હું ખાતરી આપી શકું કે તેમને વિષે જે કહેવામાં આવ્યું છે તે હું માનતો નથી. લશ્કરી કાયદાના દિવસો દરમ્યાન પણ સવિનયભંગ પડતો મૂકવાને લીધે મને આવા પત્રો મળતા હતા, પરંતુ બધા સમાચારનું મહત્ત્વ હું ઓછું જ આંકતો અને ઑક્ટોબરમાં[૧] પંજાબ પહોંચ્યો ત્યારે મેં જોયું કે પંજાબનું માનસ સમજવામાં હું સાચો હતો અને મારા પગલાની યોગ્યતાનો પડકાર કરે તેવું ત્યાં કોઈ પણ નહોતું. કારોબારી સમિતિના નિર્ણયની સચ્ચાઈ વિષે હું તેથીયે વધારે આત્મવિશ્વાસ ધરાવું છું પરંતુ દેશ મારા પગલાને ફગાવી દે છે એવું જોવામાં આવે તોપણ તેની હું ફિકર ન કરું. હું તો કેવળ મારું કર્તવ્ય જ બજાવી શકું. કોઈ પણ આગેવાન બધી જ જાતના મત ધરાવનારાઓથી વીંટળાયેલો હોય જ છે. પણ જો તે પોતાના અંતઃકરણના અવાજની વિરુદ્ધ વર્તે તો તે નકામો છે. પોતાને દૃઢ રાખવા અને દોરવા માટે તેની પાસે અંતરનો અવાજ ન હોય તો તે લંગર વિનાના વહાણની માફક ગમે ત્યાં ઘસડાઈ જશે. સૌથી મોટી વાત તો એ છે કે આખી દુનિયા મારો ઇનકાર કરે તે હું સહેલાઈથી નિભાવી શકું, પણ હું ઈશ્વરનો ઇનકાર કરું એ વાત મારે માટે કલ્પના બહારની છે. અને લડતના આ કટોકટીના કાળે મેં આપેલી સલાહ હું ન આપું તો હું ઈશ્વર અને સત્ય બંનેનો દ્રોહી નીવડું. મારા નિર્ણય માટે મારો આભાર માનતા દેશના બધા ભાગોમાંથી, અસહકારીઓ અને સહકારીઓ બંને તરફથી, મને જે તારો અને પત્રો મળી રહ્યા છે, તે મારી એ માન્યતાનું સમર્થન કરે છે કે દેશ આ નિર્ણય સમજે છે અને અગાઉની બધી ગણતરીને એકાએક ઊંધી પાડનારા બારડોલીના નિર્ણય બાદ બજારમાં અનિવાર્યપણે થતી ગરમાગરમ વાતોને લાહોરના પત્રલેખકે અયોગ્ય મહત્ત્વ આપ્યું છે. પ્રથમ આઘાતની અસર હું સમજી શકું છું, પરંતુ મને એ વિષે પણ ખાતરી છે કે લોકો જ્યારે અહિંસાના મહત્ત્વનું પૃથક્કરણ કરવા માંડશે ત્યારે તેઓ કારોબારી સમિતિએ કરેલા નિર્ણય ઉપર જ આવશે.

હવે પત્રલેખકના સવાલો વિષે:

૧. આ આંદોલનનું નેતૃત્વ હું છોડી દઉં એવું લોકો ઇચ્છે છે એવો સ્પષ્ટ ઇશારો મને ન જણાય ત્યાં સુધી હું તે છોડી દઉં એવો સંભવ નથી. કારોબારી સમિતિ કે મહાસમિતિનો મત મારી વિરુદ્ધમાં પડે એ આનો ઇશારો કરવાની એક રીત છે.

૧. ૧૯૧૯ના.

Gandhi Heritage Portal

૨. પ્રજાને હું ખાતરી આપું છું કે મારો નિર્ણય કરવામાં પંડિત માલવિયાજીનો બિલકુલ હાથ નહોતો. પંડિતજીને મેં ઘણી વાર નમતું આપ્યું છે અને મારાથી બને ત્યારે તેમને નમતું આપતાં મને ખુશી ઊપજી છે અને જેઓ જાહેર સેવાની આવી અજોડ કારકિર્દી ધરાવે છે અને આપભોગની મૂર્તિરૂપ છે તેમનાથી જુદો મત ધરાવતાં મને દુ:ખ થયું છે. પરંતુ મોકૂફીના નિર્ણયની વાત લઈએ તો ક્રૉનિકલમાં ચૌરીચૌરાની કરુણ ઘટનાનો વિગતવાર હેવાલ વાંચ્યા પછી જ હું એ નિર્ણય પર આવ્યો હતો. કારોબારી સમિતિની બેઠક બોલાવવાના તાર બારડોલીથી મોકલવામાં આવ્યા હતા અને બારડોલીથી જ મેં સવિનયભંગ પડતો મૂકવાની મારી ઇચ્છા વિષે સલાહ આપતો પત્ર[1] કારોબારીના સભ્યો પર મોકલ્યો હતો. ત્યાર પછી પંડિતજીની સૂચનાથી હું મુંબઈ ગયો. માલવિયા પરિષદના અન્ય મિત્રો સાથે બેશક તેઓ મને મોકૂફી માટે સમજાવવા ઇચ્છતા હતા અને મેં જ્યારે તેમને કહ્યું કે મને સંબંધ છે ત્યાં સુધી મેં મારા મનથી એ નિર્ણય કરી લીધો હતો, પરંતુ કારોબારી સમિતિના સભ્યો સાથે ઝીણવટથી આ મુદ્દાની હું ચર્ચા કરી શકું તેથી એ માટેનો અંતિમ નિર્ણય કર્યો નહોતો, ત્યારે તેમને સાનંદાશ્ચર્ય થયું હતું. મોકૂફીને ગોળમેજી પરિષદ અથવા કોઈ સમાધાન સાથે કશી જ નિસ્બત નથી. હું માનું છું કે ગોળમેજી પરિષદ નિષ્ફળ જ જવાની છે. દેશમાંની પરિસ્થિતિ સમજવા માટે તથા તેને સાચી રીતે રજૂ કરવા માટે લૉર્ડ રીડિંગ જેટલા બળવાન પુરવાર થયા છે તેના કરતાં ઘણા વધારે બળવાન વાઇસરૉયની હિંદને જરૂર છે. મને જરૂર એવું લાગે છે કે પંડિત માલવિયાજી ક્યારનાયે આંદોલનમાં આવી ગયા છે. કૉંગ્રેસથી અથવા જોખમથી દૂર રહેવું તેમને માટે શક્ય નથી, પરંતુ બારડોલીનો નિર્ણય તેના કેવળ ગુણદોષને આધારે કરવામાં આવ્યો હતો અને ચૌરીચૌરાની કરુણ ઘટના જે ઊંટ પરના બોજાના છેલ્લા તણખલા જેવી હતી તેનાથી હું હચમચી ન ગયો હોત તો મને મારા મૂળ હેતુમાંથી ડગાવી શકાયો ન હોત.

૩. સંપૂર્ણ સાંસ્થાનિક દરજ્જાથી કંઈ પણ ઓછું મને અંગત રીતે સંતોષ આપી શકશે નહીં અને ખિલાફત અને પંજાબના અન્યાયનો નિવેડો નહીં આવ્યો હોય તો સંપૂર્ણ વિચ્છેદથી કંઈ પણ ઓછું મને સંતોષી શકશે નહીં, પરંતુ તેના ચોક્કસ સ્વરૂપનો આધાર મારા પર રહેતો નથી. મારી પાસે કોઈ ચોક્કસ સ્વરૂપની યોજના નથી. તે તો લોકોના પ્રતિનિધિઓએ જ વિકસાવવાની રહે છે.

૪. આ ક્ષણે સમાધાન કરવાનો કોઈ સવાલ જ નથી. એટલે પંડિતજી અને બીજા બધા શું કરશે એ પ્રશ્ન અપ્રસ્તુત નહીં હોય તોપણ કવેળાનો તો છે જ. પરંતુ ધારી લો કે પંડિતજી કોઈ પરિષદ બોલાવે અને તેના ઠરાવોની સરકાર અવગણના કરે તો એવા સંજોગોમાં સ્વમાન ધરાવતા માણસો જે પ્રમાણે વર્તે તે જ પ્રમાણે પંડિતજી અને બીજાઓ વર્તશે.

૫. હિંસાનો ગમે તેવડો ભય હોય તોપણ હું સવિનયભંગનો વિચાર કદી છોડી નહીં શકું. પરંતુ જ્યાં સુધી હિંસાનો ચોક્કસ ભય હશે ત્યાં સુધી હું સામુદાયિક સવિનયભંગ શરૂ કરવાનો વિચાર જરૂર પડતો મૂકીશ. વ્યક્તિગત સવિનયભંગની વાત જુદી જ છે.

૬. કોઈ પણ સ્વયંસેવકદળને વિખેરી નાખવાનો સવાલ જ નથી, પરંતુ આપણે જો પ્રામાણિક રહેવું હોય તો કૉંગ્રેસની પ્રતિજ્ઞાને માન્ય ન કરનારાનાં નામ યાદીમાંથી જરૂર કાઢી નાખવાં જોઈએ.

૧. જુઓ "કારોબારી સમિતિના સભ્યોને પત્ર", ૮–૨–૧૯૨૨.

Gandhi Heritage Portal

૭. અહિંસાનાં આવશ્યક અંગોને આપણે સમજ્યા હોઈએ તો આપણે એક જ નિર્ણય ઉપર આવી શકીએ કે વ્યાપક હિંસા — અને આ સંજોગોમાં ચૌરીચૌરાની કરુણ ઘટનાને વ્યાપક હિંસા જ કહું છું — ફાટી નીકળવાનો કોઈ પણ બનાવ આપોઆપ જ સામુદાયિક સવિનયભંગ અટકાવી દે છે. દેશના બીજા ભાગોએ અહિંસાની ભાવનાનો સુંદર રીતે જવાબ વાળ્યો છે એ સારું છે પરંતુ જેવી રીતે એકાદ માણસ વિક્ષેપ પાડે કે હિંસા કરે તો ખૂબ જ શાંત સભામાં પણ ખલેલ પહોંચે છે તેવી રીતે સામુદાયિક સવિનયભંગ ચાલુ રાખવા માટે એટલું પૂરતું નથી. સામુદાયિક સવિનયભંગ સફળ થવા માટે આજુબાજુનું વાતાવરણ અહિંસક હોય એ આવશ્યક છે. તેને એકાદ નાનકડા વિસ્તારમાં મર્યાદિત બનાવવાનું કારણ બીજા વિસ્તારોમાં થતી હિંસા અટકાવવાનું છે. એટલે બીજા વિસ્તારો અહિંસક રહીને શાંતિપૂર્વક સહકાર આપે ત્યારે જ અમુક ચોક્કસ વિસ્તારમાં સામુદાયિક સવિનયભંગ કરવાનું શક્ય બને છે.

## વધુ હસ્તલિખિત છાપાં

શીખ મિત્રોએ आज़ाद अकाली ગુરુમુખી તેમ જ ઉર્દૂ એમ બંને લિપિમાં પ્રગટ કરવા માંડયું છે. થોડા સમય પહેલાં જ ગૌહત્તીના છાપાની મેં પ્રશંસા કરી હતી તેના કરતાં પણ આ પ્રયાસ વધુ સુવાચ્ય અને કલાત્મક છે. એકએક પાનું ઘણું જ સ્પષ્ટ છે. તેજપુરમાં आसाम कॉंग्रेस बुलेटिन નામનું સાપ્તાહિક છાપું હમણાં જ શરૂ કરવામાં આવ્યું છે. તે કેવળ અંગ્રેજીમાં જ નીકળે છે. તેના અક્ષરો आज़ाद अकाली જેવા ચોખ્ખા નથી. આ બધાં છાપાં જોઈ જવાનો મને સમય મળતો નથી, પરંતુ આવાં પત્રો લખવા માટે લોકો તૈયાર હશે અને હિંમતવાન હશે ત્યાં સુધી એના પર દુનિયાની કોઈ પણ સરકાર નિયંત્રણ નહીં કરી શકે. હું આશા રાખું છું કે સમાચારની પસંદગીમાં આ હસ્તલિખિત છાપાંના સંપાદકો ખાસ કાળજી લેતા હશે અને પૂરેપૂરી સાબિત ન થઈ શકે તેવી એક પણ હકીકત તેઓ રજૂ કરતા નહીં હોય અને સંપાદકો તિરસ્કારજનક ટીકાઓ કરવામાં રાચતા નહીં હોય. ભાષાની પસંદગી કરવામાં તેમણે ખાસ સંયમ જાળવવો જોઈએ. હસ્તલિખિત છાપાં શિસ્ત વિનાની ભાષા વાપરતાં હોય તો તે ભયંકર ગણાય. દેશે અહિંસાનો મંત્ર અપનાવ્યો હોય ત્યાં સુધી રોષ કે દ્વેષભાવથી લખાયેલો એકેએક શબ્દ આપણી પ્રગતિને રૂંધે છે.

## ખાદીની ટોપી પર પ્રતિબંધ

હાલ ફતેહગઢ જેલમાં કારાવાસ ભોગવી રહેલા લખનૌના મૌલવી ઝફરુલ્મુલ્ક અલવી તરફથી નીચેનો પત્ર મળતાં મને ખુશી થઈ છે. તદ્દન શરૂઆતમાં ઝડપાઈ જનારામાંના તેઓ એક હતા એ વાત વાચકને યાદ નહીં પણ હોય. તેમની અણધારી ધરપકડે સનસનાટી મચાવી હતી. તેઓ સાહિત્યિક રસ ધરાવે છે અને લગભગ નિવૃત્ત જીવન ગાળતા હતા. તેમના લખાણમાં નીડરતા અને સચ્ચાઈ દેખાઈ આવતાં હતાં. એટલે જ તેમને પકડવામાં આવ્યા. જેલમાં તેઓ કેવું અણિશુદ્ધ જીવન ગાળી રહ્યા છે તે તેમના પત્ર પરથી વાચક જોઈ શકશે. બીજા ઘણા અસહકારી કેદીઓની માફક જેલની શિસ્ત જાળવવામાં તેઓ સત્તાવાળાઓને સહાય કરી રહ્યા છે. ખુદ એમના પત્રને[૧] જ બોલવા દઈએ :

> આ ૧૫ મહિના અહીં ગાળ્યા તે દરમ્યાન જાણીજોઈને જ મેં આપને પત્ર લખ્યો ન હતો, કેમ કે મને મારા ભાગ્યથી પૂરેપૂરો સંતોષ હતો. . . .

૧. અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કર્યા છે.

Gandhi Heritage Portal

છતાં, અસહકારીઓના જેલજીવન અંગે કેટલાક મુદ્દા ઉપસ્થિત થયા છે તે હું આપના ધ્યાન પર લાવવા માગું છું. . . .

બીજો મુદ્દો કાંઈક ગંભીર છે. બે અસહકારી કેદીઓ જેમને પાછળથી સાદી સજાવાળા કેદીઓ બનાવવામાં આવ્યા હોવાથી પોતાનાં કપડાં પહેરવાની છૂટ હતી તેમને ગાંધી ટોપી પહેરવા દેવામાં આવતી નથી. . . .

નિસબત ધરાવતા અધિકારીને મેં વાત કરી તો તેમણે મને ખાતરી આપી કે અંગત રીતે તેમને ખાસ કોઈ વાંધો નથી. હકીકત એ છે કે તેમણે જિલ્લા મૅજિસ્ટ્રેટની ઇચ્છાનું જ માત્ર પાલન કર્યું હતું. . . .

જેલના નિયમો અનુસાર, બધા સાદી સજા ભોગવતા કેદીઓ પોતાનાં કપડાં પહેરે છે. . . . આ રીતે એટલું સ્પષ્ટ છે કે આ પ્રતિબંધ માત્ર હમણાં જ શરૂ કરવામાં આવ્યો છે અને તે તદ્દન ધૃણાસ્પદ અને અપમાનજનક છે.

યુક્ત પ્રાંતની જેલોના ઇન્સ્પેક્ટર જનરલ ખૂબ થોડા સમયમાં જ આ જેલની મુલાકાતે આવનાર છે અને આ બાબત તેમને પૂછવામાં આવશે. સ્વતંત્ર નિર્ણય કરવાના તેમના અધિકાર પર સ્થાનિક સરકારે હુકમ કાઢીને તરાપ નહીં મારી હોય તો તેઓ આ મુદ્દાનો સંતોષકારક નિવેડો લાવે તેવો સંભવ છે. તેમ ન થાય તો અલબત્ત, ગમે તે ભોગે એ હુકમનો અનાદર કરવાનું અમારું કર્તવ્ય થઈ પડશે.

કોઈ પણ રીતે ખાદીની ટોપીઓ અંગેની મુશ્કેલી સિદ્ધાંતની છે. તેના પર નમતું ન મૂકી શકાય. સાદી કેદ ભોગવતા કેદીઓને તેમનો પોતાનો પોશાક પહેરવાનો હક હોય છે. એટલે તેમની ટોપીઓ લઈ લેવી એ તેમનું અપમાન કરવા બરાબર છે. મૌલવી સાહેબની અપેક્ષા પ્રમાણે ઇન્સ્પેક્ટર જનરલે આ મુશ્કેલીનો નિવેડો આણ્યો હશે એવી હું આશા રાખું છું.

જેલોમાં સરકારની સામે લડવું પડે એમાં કોઈ મજા નથી. તેમને સઘળી દુશ્મનાવટો દફનાવી દેવા જેવા તટસ્થ વિસ્તારો ગણવા જોઈએ. મૃત્યુ અનેક વિવાદોને સમાપ્ત કરી દે છે. કારાવાસ એ નાગરિક તરીકેનું મૃત્યુ છે. રાજકીય દુશ્મનાવટોને જેલની દીવાલોની બહાર રહેવા દેવાનું શક્ય નથી? પરંતુ સભ્યતાના દંભ પર નભતી આ સરકાર પાસેથી જેલના સળિયા પાછળ પણ રમતગમતના નિયમોના પાલનની આશા રાખવી વધારેપડતી છે એ હું જાણું છું. આપણી પાસેથી એની જે કિંમત પડાવવામાં આવે છે તે જોતાં સ્વતંત્રતા વધારે મૂલ્યવાન બનશે.

આ કડવું લખાણ લખી રહ્યો છું ત્યારે મને મારો અંતરનો અવાજ હું સરકારને ન્યાય કરી રહ્યો છું કે નહીં એવું પૂછે છે. આગ્રા જેલમાં કેદીઓ બાદશાહી મોજ માણી રહ્યા છે તે હું નથી જાણતો? પરંતુ તરત જ જવાબ મળે છે કે બધી જેલો કંઈ આગ્રાની જેલ નથી. જે કંઈ આપવામાં આવે છે તે પડાવી લેવામાં આવે છે. જે કાંઈ આપવાની ના પાડી શકાય તેવું હોય તે દબાવી રાખવામાં આવે છે.

પંડિત મોતીલાલ મને કહેતા તે મને યાદ આવે છે: “મારી બાજુનો પડોશી જાણીતો બૅરિસ્ટર નથી એટલે માણસને સહજ મળી શકતી સગવડ પણ મેળવતો ન હોય તો મને મળતી સગવડની શી કિંમત છે!”

Gandhi Heritage Portal

### સિંધના કેદીઓ

મહાન સમાજસુધારક અને સક્કરના આત્મા જેવા શ્રી વીરૂમલ બેગરાજને સિંધથી કોઈ અજાણ્યા સ્થળે લઈ જવાતા હતા તે વખતે તે લખે છે[૧]:

કાર્યકરો જેટલી ઝડપથી ગિરફતાર થાય છે તેટલી જ ઝડપથી તેમનું સ્થાન લેનારા મળી આવે છે એ એક સૌથી ભારે રહસ્યભરી વાત છે. એ આ આંદોલનની જીવનશક્તિની સૌથી ચોક્કસમાં ચોક્કસ નિશાની છે.

### ડૉ. કિચલુ — નં. ૭૭૬

બીજે પ્રગટ કરવામાં આવેલો ડૉ. કિચલુનો પત્ર[૨] વાંચતાં ભેળસેળિયો સંતોષ થશે. તેમણે મેળવેલાં વજન અને સ્ફૂર્તિની આપણે ઈર્ષા કરી શકીએ પરંતુ રાજદ્વારી કેદીઓ પ્રત્યેના વર્તાવ માટે આપણે મુંબઈ સરકારને શાબાશી ન આપી શકીએ.

ડૉ. કિચલુ યોગ્ય રીતે જ એ હકીકત તરફ આપણું ધ્યાન દોરે છે કે પંજાબમાં તેમની સામે વધારે ગંભીર આરોપ હતો ત્યારે તેમના તરફ સભ્ય વર્તાવ રાખવામાં આવતો હતો, પણ હાલમાં આરોપ ખરેખર નજીવો હોવા છતાં તેમના અને તેમની સાથેના કેદીઓ તરફ સાધારણ ગુનેગારોના જેવો વર્તાવ રાખવામાં આવે છે. પરંતુ ડૉ. કિચલુએ પ્રગટ કરવા માટે મોકલેલા કર્નલ વેજવૂડના[૩] નિખાલસભાવે લખેલા પત્રમાં આખા પત્રવ્યવહારનો રસ કેન્દ્રિત થયેલો છે. કર્નલ વેજવૂડે જેનો "ગાંધીવાદ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે કેવળ સત્ય અને સાદાઈ તરફ પાછા વળવાની જ વાત છે. સત્ય હમેશાં સરળ હોવું જોઈએ. અને જે કાંઈ સરળ અને સાચું છે તેમાં હિંસાને સ્થાન નથી. "ગાંધીવાદ" એટલે પૂર્વ અને પશ્ચિમ બંનેમાં સમાન એવા જે સત્યના સિદ્ધાંતો છે તેનું પુનર્જીવન કરવું. અસહકાર "જીવો અને જીવવા દો"ની હિમાયત કરે છે. આધુનિક ધ્યાનમંત્ર તો હિંસા પર રચાયેલું ભયંકર એકલપેટાપણું છે. એમાં સમાનતા અને બંધુભાવ માત્ર પોપટિયા શબ્દો છે અને પરસ્પરનો વ્યવહાર એકબીજાના પ્રેમ પર નહીં પરંતુ એકબીજાના દ્વેષ પર અને તેમાંથી પરિણમતી હિંસા કરવાની તૈયારી પર આધાર રાખે છે. પરંતુ "ગાંધીવાદ" વિષે બોલવું હજુ ઘણું વહેલું છે. એના આદર્શ સુધી પહોંચતાં પહેલાં હિંદુસ્તાને અહિંસાની કસોટીએ ચડવાનું છે અને હિંસા પરની તેની સર્વોપરિતા સ્થાપિત કરવાની છે.

### એક સુધારો

૨જી ફેબ્રુઆરીના યંગ ઇન્ડિયાના અંકમાં પંડિત અર્જુનલાલ શેઠીના પુત્રનો પંડિત શેઠી પ્રત્યેના જેલમાંના વર્તાવ અંગેનો એક પત્ર પ્રગટ કરવામાં આવ્યો છે.[૪] મને હવે સમજાયું છે કે તેમના પુત્રને ખોટી માહિતી મળી હતી અને અર્જુનલાલજીને બ્રાન્ડી કે ઈંડાં આપવામાં આવ્યાં ન હતાં. એમને યોગ્ય ખોરાક અને કપડાં આપવામાં આવે છે. પત્રલેખકોએ સામાન્ય રીતે ઘણા જ ચોક્કસ હેવાલો મોકલ્યા છે તોપણ સમાચાર મોકલવામાં જેટલી કાળજી લેવાય

૧. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે તેમને અને બીજાઓને કેદની સજા ફરમાવવામાં આવી હતી ત્યારે તેમના "યુવાન મિત્રો" બધી જ રાષ્ટ્રીય પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતા.

૨. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી.

૩. ડિસેમ્બર ૧૯૨૦માં હિંદ આવેલા અને કૉંગ્રેસના નાગપુર અધિવેશનમાં હાજર રહેલા બ્રિટિશ મજૂર પક્ષના એક આગેવાન અને પાર્લમેન્ટના સભ્ય.

૪. જુઓ "નોંધ", ૨-૨-૧૯૨૨નું પેટામથાળું "ધર્મ ઉપર હાથ".

Gandhi Heritage Portal

તેટલી ઓછી છે. પત્રલેખકોએ હમેશાં અલ્પોક્તિની દિશામાં જ ભૂલ કરવી જોઈએ. અતિશયોક્તિ આપણને બદનામ કરે છે એટલું જ નહીં પરંતુ તેની વિરોધીઓ પર ઊલટી અસર થાય છે, જ્યારે વિધાનનું ચોક્કસપણું તો દોષિત માણસને, તે દોષ કબૂલ કરે કે ન કરે તોપણ, તેના દોષની ખાતરી કરાવી આપે છે. અન્યાયને સાચી રીતે ખુલ્લો પાડવામાં આવે તો હમેશાં તેનું કંઈક નિવારણ થતું હોય છે એમ મેં અચૂક રીતે જોયું છે. મેં એ પણ જોયું છે કે સાધારણ રીતે અતિશયોક્તિએ તેની તીવ્રતામાં વધારો કર્યો છે. સત્ય અસત્યવાદી માણસને પણ નરમ બનાવે છે. તે સત્યથી અપરિચિત હોવાથી અસત્ય તો તેને નઠોર જ બનાવી શકે.

## નિર્વ્યસની થવા કરતાં સ્વતંત્ર થવું સારું

આ નોંધ હું લખી રહ્યો છું તે જ સમયે બરાબર, મારા મદદનીશ મારા હાથમાં લીડર પત્રની એક કાપલી મૂકે છે. આ કાપલીમાં પંડિત ગોપીનાથ કુંઝરુનો પત્ર આપવામાં આવ્યો છે. એક દરદીને બહારથી ઘસવાની બ્રાંડી લેવા માટે તેઓ આગ્રાની દારૂની દુકાને ગયા ત્યારે તેમના અને તેમના મિત્ર પર જે વીતી તેનું તેમાં ખૂબ સ્વસ્થપણે વર્ણન કરવામાં આવ્યું છે. પંડિત કુંઝરુએ પોતાની વાતની સચ્ચાઈ અંગે અનેક રીતની ખાતરી આપવા છતાં સ્વયંસેવકો તેમને બ્રાંડી લેવા દેતા નહોતા. આ અહિંસા નથી એટલું જ નહીં પણ તે નિર્ભેળ હિંસા છે. શારીરિક હિંસા સિવાયનું ગમે તે પ્રકારનું દબાણ લાવી શકાય એવો શાંતિપૂર્ણ પિકેટિંગનો અર્થ નથી. સ્વયંસેવકો તેમની પ્રતિજ્ઞાને વફાદાર રહ્યા હોત તો તેમણે પંડિત ગોપીનાથ અને તેમના મિત્રોનો રસ્તો સલામત રાખ્યો હોત. પિકેટિંગ કરનારા સ્વયંસેવકોનું કર્તવ્ય વ્યસનીઓને દારૂના અનિષ્ટ સામે માત્ર ચેતવવાનું છે. જો તેઓ તેમની વાત ધ્યાન પર લેવા ખુશી ન હોય તો તેમની કનડગત કરવાનું કે તેમને અટકાવવાનું તેમનું કામ નથી. દારૂબંધી લોકોના ભલા માટે છે એમ માની આપણે જો તેને તેમના પર બળજબરીથી ઠોકી બેસાડીશું તો પછી અંગ્રેજ વહીવટકર્તાઓ અને તેમના હિંદી ટેકેદારો પણ એના જેવું જ કૃત્ય કરી રહ્યા છે. અત્યારનું તંત્ર આપણા ભલા માટે છે એમ માનીને તેઓ પણ એ તંત્ર આપણા પર બળજબરીથી લાદી રહ્યા છે. સ્વરાજના સ્વયંસેવકો જો પંડિત ગોપીનાથ કુંઝરુ સાથે બેશક લેવાઈ છે તેવી છૂટ લઈ શકે તો તેઓ તંત્રને નહીં પણ કેવળ માલિકોને જ બદલવા માગે છે એમ ગણાશે. નિર્વ્યસનીપણાની ખરીદી સ્વતંત્રતા વેચીને કરવી પડતી હોય તો હિંદુસ્તાન નિર્વ્યસની બને તેના કરતાં સ્વતંત્ર બને એમ હું ઇચ્છું.

## પરદેશી કાપડ

એક તરફથી ઉપર જણાવ્યા તેવા દાખલા દારૂના પિકેટિંગ અંગે પણ સાવચેત બનવાનું સૂચવે છે. બીજી તરફથી કારોબારી સમિતિએ પરદેશી કાપડની દુકાનોનું પિકેટિંગ બંધ કરાવ્યું તે અંગે બે જગ્યાએથી ફરિયાદ મળી છે. બધી જ મોકૂફીનો આધાર અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના નિર્ણય પર રહેલો છે. પરંતુ ભલે આપણે પરદેશી કાપડના વપરાશની સંપૂર્ણ બંધી થાય એમ ઇચ્છતા હોઈએ છતાં, પિકેટિંગમાં જરાયે બળજબરી થાય તો હું પોતે કદાચ એની તરફેણમાં મારો મત નહીં આપું. આપણે વિચાર, વાણી અને વર્તનમાં અહિંસા જાળવવા માગીએ છીએ કે ભેળસેળિયા પ્રવૃત્તિ રાખવા માગીએ છીએ એ દેશની સામેનો સૌથી સ્પષ્ટ મુદ્દો છે. પરંતુ આ નોંધ વાચકોના હાથમાં આવશે ત્યાં સુધીમાં તો ભાવિ નક્કી થઈ ગયું હશે એટલે મારે વધુ કલ્પના કરવાની જરૂર નથી.

Gandhi Heritage Portal

### ખૂબ દૂર સિલ્ચરથી

સિલ્ચર જેલ કે જેને બાબુ તરુણરામ ફૂકન હવે સાધના આશ્રમ કહે છે ત્યાંથી તેમણે મોકલેલો બીજો એક પત્ર[1] આ રહ્યો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३-२-१९२२

## ૧૮૫. મહાન નિવેદન

અદાલત સમક્ષ મૌલાના અબુલ કલામ આઝાદે કરેલું નિવેદન હમણાં જ મને મળ્યું. ખીચોખીચ ટાઈપ કરેલા તેત્રીસ ફૂલ્સકેપ કાગળો પર તે લખાયેલું છે. પણ તે વાંચવા જેવું છે. અસલ નિવેદન સ્વાભાવિક રીતે જ મૌલાનાની સુંદર ઉર્દૂ ભાષામાં છે. અંગ્રેજી તરજુમો ખરાબ નથી તોપણ તે વધારે સારો કરી શકાયો હોત એમ લાગે છે. નિવેદનમાં સાહિત્યિક સુંદરતા ઘણી છે. તે વિસ્તૃત અને છટાદાર છે. તે હિંમતભર્યું અને કશી બાંધછોડ વિનાનું છતાં સંયમવાળું છે. તેમાં એક છેડેથી બીજા છેડા સુધી કટાક્ષનો ભાવ જોવા મળે છે. ખિલાફત અને રાષ્ટ્રપ્રેમ વિષેના મૌલાનાના વિચારો દર્શાવતો એ છટાદાર નિબંધ છે. આ નિવેદનની છાપેલી નકલો મેળવી શકાશે એવી હું આશા રાખું છું. એ નિવેદન કાળજીપૂર્વક સુધારવા મૌલાનાના મંત્રીને મારી સલાહ છે.

આ નિવેદન મેં જોઈને બાજુએ મૂક્યું ત્યારે અદાલતોના બહિષ્કારની જરૂર મને પહેલાંના કરતાંયે વધારે સ્પષ્ટપણે સમજાઈ. એ બહિષ્કાર કર્યો ન હોત તો આપણને જે શૂરવીરની તાકાત મળી છે તે આપણે કદી વિકસાવી શકયા ન હોત. કૉંગ્રેસપ્રમુખ, લાલાજી અને પંડિતજીએ જે ઉમદા નિવેદનો કર્યાં છે તેને બદલે આપણને કદી રાષ્ટ્રને ઉન્નત ન કરી શકે તેવી નજીવી ભાષાચાતુરી જ મળી હોત. આ બહિષ્કાર વિના સુંદર રાજદ્વારી તાલીમ આપતું મૌલાનાનું નિવેદન પણ આપણે કદી મેળવી શકયા ન હોત.

૧૯૧૯ અને ૧૯૨૨ વચ્ચે કેટલો બધો ફરક! ૧૯૧૯માં સજા થવાનો ગભરાટભર્યો ભય અને ભાતભાતના બચાવ, ૧૯૨૨માં સજાની સદંતર અવગણના અને બચાવનું નામ સુધ્ધાં નહીં! ૧૯૧૯માં દેશ આ સિવાય બીજું કશું કરી શકયો ન હોત. ૧૯૨૨માં દેશ આનાથી કંઈ પણ ઓછું કરી શકયો હોત તો દુનિયાનો શાપ વહોરત. કેટલાક વકીલોએ થોડા વખત માટે વકીલાત બંધ રાખી તે પરથી બહિષ્કારની અસર માપી ન શકાય. ફક્ત બે વર્ષ પહેલાં અદાલતોનો જે પ્રભાવ હતો તે આજે જતો રહ્યો છે તેમાં જ એનું સાચું માપ જોવા મળે છે. શાહુકારો અને સટોડિયાઓના અડ્ડારૂપે તો હજુ પણ તે અસ્તિત્વ ધરાવે છે. તે હવે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનું કે વ્યક્તિગત સ્વાતંત્ર્યનું પણ આશ્રયસ્થાન રહી નથી. એ સ્વાતંત્ર્ય તો જે સુદૃઢ હૃદયોને રાષ્ટ્ર ઝડપથી વિકસાવી રહ્યું છે તેમાં જ જોવા મળવાનું.

૧. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. શ્રી ફૂકને આ પત્રમાં પોતાની દૃઢ થતી જતી એવી શ્રદ્ધા વ્યક્ત કરી કે સામો બદલો લેવાની ઇચ્છા વિના લોકો યાતનાઓ સહન નહીં કરે તો તેઓ પોતાની લડતમાં નિષ્ફળ નીવડશે.

Gandhi Heritage Portal

મૌલાનાનું નિવેદન અદાલતને સંબોધીને કરવામાં આવ્યું હોવા છતાં ભાગ્યે જ તેને માટે છે. એ જાહેર જનતા માટે છે. એ ખરેખર એક એવું વક્તવ્ય છે જેને માટે જન્મટીપની સજા મળી શકે. એક વર્ષની સખત સજા ફરમાવાતાં સાચે જ મૌલાના કદાચ થોડા શબ્દોમાં કહી નાખે કે, "હું જેની રાહ જોતો હતો તેના કરતાં તો આ ઘણું ઓછું છે."

નિવેદનમાંથી ચૂંટી કાઢેલા નીચેના ઉતારા[1] વાચકને પોતાનો નિર્ણય બાંધવામાં સહાયભૂત થશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२२

# ૧૮૯. મૌલાના અબુલ કલામ આઝાદ

બેગમ અબુલ કલામ આઝાદ ટપાલ દ્વારા મારા પર નીચેનો તાર-સંદેશો પાઠવે છે[2] :

મારા પતિ, અબુલ કલામ આઝાદ સામેના મુકદ્દમાનો આજે ચુકાદો આપવામાં આવ્યો છે. તેમને માત્ર એક જ વર્ષની સખત કેદની સજા થઈ છે. હું અપેક્ષા રાખતી હતી તેના કરતાં આ સજા નવાઈ પમાડે એટલી ઓછી છે. . . . બંગાળમાં રાષ્ટ્રીય કાર્યકરોની હરોળમાં તેમની ગેરહાજરીથી પડેલું ગાબડું પૂરવા માટે મારી નમ્ર સેવા આપવાનું આપને જણાવવાની હું હિંમત કરું છું. તેઓ જે જે પ્રવૃત્તિઓ ચલાવતા હતા તે હજુ પણ પહેલાંની માફક ચલાવાતી રહેશે. આ પહેલાં તેમની ચાર વર્ષની છેલ્લી અટકાયત દરમ્યાન હું પહેલી કસોટીમાંથી પાર ઊતરી છું, અને આ મારી બીજી કસોટીમાંથી પણ ખુદાની મહેરથી હું સફળ રીતે પાર ઊતરીશ એવો મને વિશ્વાસ છે. . . . આજથી હું મારા ભાઈની મદદથી બંગાળ પ્રાંતિક ખિલાફત સમિતિઓને લગતી બધી ફરજો બજાવીશ. મારા પતિએ આપને એમનાં સ્નેહવંદન પાઠવવા તથા નીચેનો સંદેશો મોકલવા મને જણાવ્યું છે : "આજને ટાંકણે સરકાર અને દેશ, એમ બંને પક્ષો કોઈ પણ જાતના સમાધાન માટે બિલકુલ તૈયાર નથી. આપણી સામેની એકમાત્ર ફરજ આપણે સૌએ પોતાની જાતને તૈયાર કરવામાં રહેલી છે. બંગાળે આજે જે આગેવાની મેળવી છે તે આવતા તબક્કામાં પણ તે જાળવી રાખશે. કૃપા કરીને બારડોલી તાલુકાના નામ સાથે બંગાળના નામને પણ જોડી દેશો. સમાધાન માટેનો સમય ગમે ત્યારે પણ આવી પહોંચે ત્યારે, દુર્ભાગ્યે અમારા છુટકારાને હાલમાં જે અગત્ય અપાઈ રહી છે તેવી અગત્ય આપશો નહીં. અમારી મુક્તિના સવાલની ફિકર કર્યા વિના આપણી રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાના એકમાત્ર ધ્યેયને નજર સમક્ષ રાખીને સમાધાનની શરતો નક્કી કરાવશો."

મને ખબર આપતા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે તાર અમદાવાદ અને બારડોલી એમ બંને સ્થળે મોકલ્યો છે છતાં તે હજુ સુધી મને મળ્યો નથી. બેગમસાહેબાની સૂચનાથી બંગાળ પ્રાંતિક ખિલાફત સમિતિના મંત્રીએ કૃપા કરીને તારની નકલ ટપાલ દ્વારા મારા પર મોકલી આપી છે એટલે તે હું જાહેર પ્રજાને આપી શક્યો છું. પુરુષ રાષ્ટ્રીય કાર્યકરો ચાલ્યા જતાં પડેલી ખોટ પૂરવા માટે જીવનમાં ઊંચું સ્થાન ધરાવતી મહિલાઓ આગળ આવી રહી

૧. આ ઉતારા અહીં આપ્યા નથી.

૨. અહીં માત્ર થોડા ઉતારા જ પ્રગટ કર્યા છે.

Gandhi Heritage Portal

છે એ નાનીસૂની આનંદની વાત નથી. જાહેર કાર્યમાં ભાગ લેવા માટે બહાર પડનારાં બેગમ અબુલ કલામ આઝાદને હું અભિનંદન આપું છું. વાચકો મૌલાનાના સંદેશા પર ગંભીર વિચાર કરશે. આજે સરકાર કે દેશ, બેમાંથી એકે કશા જ સમાધાન માટે તૈયાર નથી એ વાત પૂરેપૂરી સાચી છે. આપણે લાંબા સમય સુધી અને સારા પ્રમાણમાં સહન નહીં કરીએ ત્યાં સુધી સરકાર તૈયાર નહીં થાય. બંગાળે જરૂર આ દિશામાં આગેવાની લીધી છે. બારડોલીએ હજુ સુધી નહીં જેવું જ કર્યું છે. નિર્દય કુદરતે બે વાર તેનો અધિકાર છીનવી લીધો છે. પરંતુ રોજ વધુ ને વધુ સ્પષ્ટ થતું જાય છે તેમ જે તંત્ર ત્રાસવાદ ઉપર રચાયું હોય તેમાંથી આપણે મુક્ત ન થઈ શકીએ ત્યાં સુધી આગેવાની બંગાળની હોય કે બારડોલીની હોય, એ બહુ મહત્ત્વની વાત નથી. દેશનો અત્યારનો મિજાજ જોતાં, મૌલાનાને ભય છે તેમ અસહકારી કેદીઓને છોડાવવાના ક્ષણિક આનંદના બદલામાં મહત્ત્વનાં હિતોનો ભોગ અપાવાનો જરા પણ ભય નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२२

# ૧૮૭. હુંકાર[1]

બ્રિટિશ સિંહ આપણી સામે પોતાનો ખૂની પંજો ઉઠાવી ઘૂરકવાનું જ્યાં સુધી ચાલુ રાખે છે ત્યાં સુધી કશી સમાધાનીની અપેક્ષા કરી જ કેમ શકાય? લૉર્ડ બર્કનહેડ[2] પાર્લમેન્ટમાંથી સંભળાવે છે કે બ્રિટિશ પ્રજા હજુ જેવી ને તેવી ખડતલ છે અને તેનાં કાંડાંબાવડાં સાબૂત છે એ આપણે યાદ રાખવું. મિ. મૉન્ટેગ્યુ કશા આડપડદા વગર આપણને સંભળાવી રહ્યા છે કે બ્રિટિશ પ્રજા દુનિયાની સૌથી નિશ્ચયી પ્રજા છે; તેના હેતુમાં દખલ દેવાનું સાહસ કરનાર ખત્તા ખાશે. પાર્લમેન્ટમાં થયેલા તેમના ભાષણના જે તારો આવ્યા છે તેમાં મૉન્ટેગ્યુ સાહેબના મોઢાના શબ્દો આવા છે:

> અમારી સલ્તનતની હસ્તી સામે જો કોઈ ઊઠશે, જો હિંદને લગતો બોજો અદા કરવામાં બ્રિટિશ સરકારને કોઈ અટકાયત કરવા નીકળશે અને જાણે અમે હિંદમાંથી પડચે-બોલે ચાલી નીકળીશું એવી ભ્રમણામાં પડી જો કોઈ મનમાની માગણીઓ કરશે તો તેમ કરનારાઓ ખત્તા ખાશે. દુનિયાની આ નિશ્ચયીમાં નિશ્ચયી પ્રજાને પડકારીને તેઓ ખાટી નહીં જાય; અને તેવાઓને ઠેકાણે લાવવાને બ્રિટિશ જાતિ ફરી એક વાર પોતાનું બધું પુરુષાતન અને નિશ્ચયીપણું દેખાડી આપશે.

લૉર્ડ બર્કનહેડ અને મિ. મૉન્ટેગ્યુ બંનેને ભાન નથી કે દરિયાપારના દેશોથી જેટલા આણીને ઉતારી શકાય તેટલા બધા જ સાબૂત કાંડાંબાવડાંવાળાઓની ભેટ કરવા હિંદુસ્તાન આજે તૈયાર છે, અને પડકાર તો બ્રિટિશ પ્રજાને આજનો નહીં પણ ૧૯૨૦ની કલકત્તાની મહાસભાએ[3]

૧. જેને માટે ગાંધીજી પર ૧૯૨૨ના માર્ચમાં કામ ચલાવવામાં આવ્યું હતું. અને સજા ફરમાવવામાં આવી હતી એવા લેખોમાંનો આ એક લેખ છે.

૨. ૧૮૭૨–૧૯૩૦; બ્રિટિશ વકીલ, રાજદ્વારી આગેવાન અને વિદ્વાન; લૉર્ડ ચાન્સેલર અને પાછળથી હિંદી વજીર.

૩. કલકત્તામાં મળેલી કૉંગ્રેસના ખાસ અધિવેશન દરમ્યાન.

Gandhi Heritage Portal

ખિલાફત, પંજાબ અને સ્વરાજની ત્રિવિધ માગણી પાર ઉતાર્યા વિના ન જ જંપવાનો પ્રજાકીય નિશ્ચય જાહેર કર્યો તે દિવસથી જ અપાઈ ચૂક્યો છે. આમાં સલ્તનતની હસ્તીને જરૂર પડકાર છે અને બ્રિટિશ સલ્તનતના આજના હવાલદારો જો ભલીભલાઈએ એ સલ્તનતમાંથી સરખા હકવાળા ભાગીદાર મિત્રો મરજીમાં આવે ત્યારે ખાનદાનીની રીતે એકબીજાથી છૂટા થાય એવી જ રીતે છૂટા પડી જવાની મુખત્યારીવાળી સ્વતંત્ર પ્રજાઓનો એક પ્રજાસંઘ બનાવી દેવા તૈયાર નહીં થાય તો એ પણ નક્કી સમજવું કે, "દુનિયાની સૌથી નિશ્ચયી પ્રજાનું" એ બધું પુરુષાતન ને નિશ્ચયીપણું અને એ બધાં "સાબૂત કાંડાંબાવડાં" હિંદુસ્તાનના અજેય અભેદ્ય ટેકને છૂંદવાના અટ્ટહાસ પાછળ ગારદ કરવાં પડવાનાં છે. હિંદની ભાતખાઉ નબળી પ્રજાએ હવે વધુ વખત કોઈના જ વાલીપણા નીચે રહ્યા વગર તેમ શસ્ત્ર સુધ્ધાં હાથમાં લીધા વગર પોતાની સ્વતંત્રતા ઘેર કરવાનો નિશ્ચય કર્યો દેખાય છે. સ્વ. લોકમાન્યના શબ્દોમાં કહીએ તો એને તે પોતાનો "જન્મસિદ્ધ" હક સમજે છે અને ચાહે તેટલાં "સાબૂત કાંડાંબાવડાં" સામે તેને ઝૂઝવું પડે અને ચાહે તેવડા પુરુષાતન અને નિશ્ચયીપણાની સામે તેને ટક્કર દેવી પડે તોપણ એ જન્મસિદ્ધ હક્ક સાબિત કરી બતાવવાની તેની ટેક છે.

મિ. મૉન્ટેગ્યુ કે લૉર્ડ બર્કનહેડની ઉદ્ધતાઈનો જવાબ હિંદુસ્તાન સહેલાઈથી ન જ વાળે. પણ જો હિંદુસ્તાન પોતાની પ્રતિજ્ઞાને વફાદાર રહેશે તો આ બલાના પંજામાંથી છોડવવાની તેની પ્રાર્થના ઈશ્વરને ત્યાં કદાપિ સંભળાયા વગર રહેવાની નથી. સત્તાના કેફથી અને દુર્બળ પ્રજાઓને ચૂસીને મદાંધ બનેલી કોઈ સલ્તનત આજ સુધી દુનિયામાં લાંબો કાળ નભી નથી, અને જો દુનિયા ઉપર કોઈ ન્યાયી ઈશ્વર રાજ્ય કરી રહ્યો હોય તો આ "બ્રિટિશ સલ્તનત" — જે દુનિયાભરની શરીરબળમાં નબળી પ્રજાઓને વ્યવસ્થાસર ચૂસવાના અને સદાસર્વદા પશુબળના જ જોર પર બધે જ પોતાનો દોર ચલાવવાના સિદ્ધાંત ઉપર ખડી થયેલી છે — તેને ધૂળમાં મળ્યા વગર આરો નથી. બ્રિટિશ પ્રજાના આ કહેવાતા પ્રતિનિધિઓને ભાળ સરખી છે ખરી કે એમના એ "સાબૂત કાંડાંબાવડાં"વાળા બ્રિટિશોને પેટ ભરી ભરીને તૂટી મરવા સારુ હજુ આટલા ટૂંક વખતમાં પણ હિંદ પોતાના કેટલા સપૂતો આપી ચૂક્યું છે?

અને ચૌરીચૌરાના ગોઝારા બનાવે હિંદે આદરેલા એ એકધારા યજ્ઞમાં વિઘ્ન ન નાખ્યું હોત તો એ બ્રિટિશસિંહ પણ પેટ ભરીને દેખત કે તેની સામે હિંદ શુદ્ધમાં શુદ્ધ લસલસતા શિકારોના કેવડા ગંજ કરી શકે છે. પણ પ્રભુને ઘેર તે મંજૂર નહોતું.

પણ ડાઉનિંગ સ્ટ્રીટ અને વ્હાઈટ હૉલના બ્રિટિશ પ્રતિનિધિઓને આથી નાઉમેદ થવાનું જરાય પ્રયોજન નથી. તેઓને તેમનું પુરુષાતન પૂરેપૂરું અજમાવી છૂટવાના રસ્તા મોકળા છે. હું જાણું છું કે દરિયાપારથી આવેલી આ ઉદ્ધત ધમકીને વિષે હું આકરી ભાષા વાપરી રહ્યો છું, પણ બ્રિટિશ પ્રજાએ પણ એક વાર છેલવેલ્લું જાણી લેવું જરૂરી છે કે ૧૯૨૦થી આરંભેલી આ હિંદુસ્તાનની લડત હવે આખરની લડત છે, પછી તે મહિનો ચાલો કે વરસ ચાલો કે ઘણા મહિના ચાલો કે વરસોનાં વરસો ચાલો; અગર તો પછી જોઈએ તો બ્રિટનના પ્રતિનિધિઓ એમાં સત્તાવનના બળવા વેળાના બધા અકથનીય ખેલ ખેલો કે એને પણ ભુલાવે એવા બીજા સિતમો શોધીને ભજવો યા કશું ન કરો. હું તો અહોનિશ પ્રભુ પાસે એટલું જ માગ્યા કરું છું કે હે ઈશ્વર! આ હિંદુસ્તાનને આખર સુધી અનન્યભાવે અહિંસાપરાયણ અને નમ્ર બન્યા રહેવાનું બળ આપજે. બાકી પ્રસંગો જોઈ વખતોવખત દરિયાપારથી મોકલવામાં આવનારી આવી

Gandhi Heritage Portal

ઉદ્ધત ધમકીઓ આગળ બંદાગુલામ બની રહેવું એ તો હિંદુસ્તાનને સારુ હવે કેવળ અશક્ય વસ્તુ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२२

ભાષાંતર : नवजीवन, २६–२–१९२२

## ૧૮૮. મિલનું કાપડ

સૂતર, ઊન કે રેશમની હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી આજે સ્વાભાવિક બનવાની હોય તો રાષ્ટ્રના અર્થકારણમાં મિલના કાપડનું શું સ્થાન છે એ સવાલ વારંવાર પૂછવામાં આવે છે. લાખો ગ્રામજનો આજે રેંટિયાનો સંદેશો ઝીલે, સમજે અને અપનાવે, તો હું જાણું છું કે પરદેશી કે હિંદુસ્તાનના કોઈ પણ મિલના કાપડને આપણા આંતરિક અર્થકારણમાં સ્થાન નથી અને તે સદંતર અદૃશ્ય થઈ જાય તો તેથી દેશને ફાયદો થવાનો છે.

આ વિધાનને યંત્રો સાથે અથવા પરદેશી કાપડના બહિષ્કાર માટેના પ્રચાર સાથે કશી જ લેવાદેવા નથી. એ કેવળ હિંદુસ્તાનની આમજનતાની આર્થિક હાલતનો સવાલ છે.

પરંતુ ઈશ્વર વહારે ધાય નહીં અને નિરાધારના આધાર જેવા રેંટિયા તરફ લોકોને ચમત્કારિક રીતે અને તાત્કાલિક વાળે નહીં ત્યાં સુધી, કાંઈ નહીં તો આવતાં થોડાં વર્ષો સુધી હિંદુસ્તાનની મિલોએ ખાદીના ઉત્પાદનમાં પુરવણી કરવાનું કામ ચાલુ રાખવું જ રહ્યું. મોટા મિલમાલિકો મિલઉદ્યોગને રાષ્ટ્રની થાપણ ગણે અને તેનું યોગ્ય સ્થાન સમજે એવી સફળ અપીલ તેમને ધર્મબુદ્ધિથી કરી શકાય તો કેવું સારું! મિલમાલિકો આમવર્ગના ભોગે પૈસા કમાવાની ઇચ્છા ન રાખી શકે. એથી ઊલટું, તેમણે તેમનો ધંધો દેશની જરૂરિયાત સાથે મેળ બેસે એ રીતે ગોઠવવો જોઈએ અને બંગભંગના[1] આંદોલન વખતે તેમની સામે વાજબી રીતે મુકાયેલા આક્ષેપને તેમણે ભૂંસી નાખવો જોઈએ. માન્ચેસ્ટર કરતાં હિંદુસ્તાનની મિલોમાં તૈયાર થયેલાં ધોતિયાં ઊતરતા પ્રકારનાં હોવા છતાં, માન્ચેસ્ટરનાં ધોતિયાં કરતાં તેની વધારે કિંમત લેવામાં આવે છે એવી ફરિયાદો આજે પણ કલકત્તાથી અને બીજેથી આવ્યા કરે છે. આ માહિતી સાચી હોય તો એ વાત દેશહિતની ખૂબ જ વિરોધી છે અને પૈસા પડાવવાની આ નીતિ આપણા ધ્યેયને અને દેશને બંનેને હાનિકારક નીવડવાનો સંભવ છે. દેશ જે ક્ષણે નવા જન્મની પીડામાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે હદબહારની કિંમત લેવી અને એ રીતે લોકઆંદોલનથી માત્ર અલગ જ ન રહેવું પરંતુ ખરેખર તેના પ્રત્યે નઠોરપણે બેદરકાર રહેવું એ દુષ્ટતાભર્યું છે.

મિલમાલિકો જો પરિસ્થિતિને વિશાળ દૃષ્ટિએ જોશે તો સંભવ છે કે તેઓ પણ ખાદીના આંદોલનને સમજી શકે, તેની કદર કરી શકે અને તેને પોષી શકે. તેમ જ લોકોની જરૂરિયાતોનો અભ્યાસ કરીને તેમના ઉત્પાદનને દેશની નવી જરૂરિયાતોને અનુરૂપ બનાવી શકે.

પરંતુ તેઓ એમ કરે કે ન કરે, સ્વતંત્રતા તરફની દેશની આગેકૂચને કોઈ સંસ્થા કે માણસોના કોઈ જૂથને આશરે છોડી ન શકાય. આ તો જનસમૂહની શક્તિનું પ્રદર્શન છે.

૧. ૧૯૦૫માં.

Gandhi Heritage Portal

સામાન્ય વર્ગના લોકો ઝડપથી મુક્તિ તરફ આગેકૂચ કરી રહ્યા છે અને સંગઠિત મૂડીની સહાયથી કે તે વિના પણ તેમણે આગળ વધવું જ રહ્યું. તેથી આ આંદોલન મૂડીથી સ્વતંત્ર હોવું જોઈએ અને છતાં તેનું વિરોધી ન હોવું જોઈએ. પરંતુ મૂડી જો લોકોની મદદે આવી પહોંચી તો તે મૂડીદારોનું ગૌરવ વધારશે અને સ્વતંત્રતાનો પેલો શુભ દિવસ જલદી લાવશે.

પહેલાંના જમાનામાં આથી ઊલટું નહોતું. હિંદુસ્તાનનો ઈતિહાસ મૂડી અને મજૂરી વચ્ચેના અણબનાવનો ઈતિહાસ નથી. ચાર વર્ણોની કલ્પના જેટલી આર્થિક અને રાજકીય છે તેટલી જ ધાર્મિક પણ છે. અને ઈસ્લામી સંસ્કૃતિ મુખ્યત્વે ધાર્મિક હોવાથી અને તેથી ગરીબોને લાભકર્તા હોવાથી તેના સંમિશ્રણથી પરિસ્થિતિ વણસી નથી. ઈસ્લામ જેમ ખરેખર ભારે વ્યાજ લેવાની મનાઈ ફરમાવે છે તેમ તે મૂડી એકઠી કરવાની પણ મનાઈ ફરમાવે છે.

અને આજની ઘડીએ પણ મૂડીદારો અલગ રહ્યા છે એમ ન કહી શકાય. સામાન્ય મૂડીદારોએ જ ટિળક સ્વરાજ ફંડમાં ઉદારતાથી ફાળો આપ્યો છે. પરંતુ દુઃખ સાથે એટલું કબૂલ કરવું પડે છે કે મોટા ભાગના મિલમાલિકો દુર્ભાગ્યે અલગ જ રહ્યા હતા. કાપડનું ઉત્પાદન એ દેશનો મોટામાં મોટો ઉદ્યોગ છે. એને માટે પસંદગી કરવાનો સમય આવી પહોંચ્યો છે. તે તેને . . .[૧] કે પ્રવાહ સાથે ઘસડાયા કરશે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२२

## ૧૮૯. મારી દિલગીરીનો કોઈ અંત નથી

લોકમાન્યના પ્રતિનિધિ અને મોં. પૉલ રિશાર વચ્ચેની મુલાકાતનો નીચે પ્રમાણેનો એક હેવાલ તે પત્રના વ્યવસ્થાપકે મારા પર મોકલી આપ્યો છે. તેઓ તે પ્રગટ કરવા અને તે પર મારો અભિપ્રાય આપવા જણાવે છે. ખૂબ જ સંકોચ અને આનાકાની સાથે હું તેમ કરું છું પરંતુ ઘણી વાર જાહેર કાર્યકર માટે પસંદગી કરવાની રહેતી નથી. તેણે તેના સંકોચ તથા આનાકાનીની ઉપરવટ જવું પડે છે. શાંતિનિકેતન વિષેના મારા અભિપ્રાયની પ્રામાણિક પરંતુ બેહૂદી ગેરરજૂઆતને સુધારવાનું કામ મારે માટે દિલગીરીભર્યું થઈ પડયું હતું.[૨] દરેક માણસની કંઈ ને કંઈ એવી પવિત્ર બાબતો હોય છે જેની તે જાહેરમાં ચર્ચા કરવા ઇચ્છતો નથી. જે મુલાકાત પ્રગટ કરવાનું મને હમણાં જણાવવામાં આવ્યું છે તે મારાં અનેક દુઃખોમાં ઉમેરો કરે છે. તે આ રહી :

> પ્રશ્ન : બારડોલીમાં છેલ્લી વખતે સવિનયભંગ મોકૂફ રાખવામાં આવ્યો ત્યાર પછી મહાત્માનું માનસ નહીં સમજનારા અસહકારીઓની સંખ્યા વધતી જાય છે. આપ આ વિષે શું ધારો છો?
>
> જવાબ : લોકો માને છે તે મહાત્મા ગાંધીનો ખરો ઉદ્દેશ નહોતો, પરંતુ થોડા સમય અગાઉ તેમણે મને નીચે પ્રમાણેની વાત કહી હતી તે જો યાદ રાખવામાં આવે તો તેમનું

૧. મૂળ લખાણમાં અહીં કેટલાક શબ્દો મળી શકયા નથી.
૨. જુઓ "નોંધ", ૯–૨–૧૯૨૨નું પેટામથાળું "પ્રસિદ્ધ ન થઈ શકે એવું અત્યંત પવિત્ર".

Gandhi Heritage Portal

વલણ સહેલાઈથી પૂરેપૂરું સમજાય એમ છે: "હું હિંદુસ્તાનની સ્વતંત્રતા માટે નહીં પણ દુનિયામાં અહિંસાનો ફેલાવો કરવા માટે કામ કરું છું. અને મારી અને શ્રી ટિળકની વચ્ચે આ જ ભેદ છે. શ્રી ટિળક મને કહેતા હતા કે મારા દેશની સ્વતંત્રતા માટે હું સત્યનો પણ ભોગ આપું. પરંતુ હું તો સત્યને ખાતર સ્વતંત્રતાનો પણ ભોગ આપવા તૈયાર છું."

ઉપરના શબ્દો ધ્યાનમાં રાખતાં હિંદુસ્તાનમાં બધી જગ્યાએ હિંસાની ભાવનાની જડ હાલી ન જાય ત્યાં સુધી રાષ્ટ્રીય કાર્યક્રમ શા માટે મોકૂફ રાખવામાં આવ્યો તેનું કારણ તમે સમજી શકશો. એનો અર્થ તો કદાચ દુનિયાના અંત સુધી એ કાર્યક્રમ મોકૂફ રાખવો પડે એવો થાય.

જેવી રીતે "કોઈ પણ ભોગે કાયદો અને વ્યવસ્થા" એ મુદ્રાલેખમાં શ્રીમતી બેસંટ અને મૉડરેટ પક્ષનું માનસ વ્યક્ત કરી શકાય, તેવી રીતે "ગમે તે ભોગે અહિંસા" એ મુદ્રાલેખમાં મહાત્માજીનું માનસ વ્યક્ત કરી શકાય અને સરકારની ઇચ્છા પણ "કોઈ પણ ભોગે કાયદો અને વ્યવસ્થા" જાળવવાની જ છે. પરંતુ બધી વસ્તુની ઉપરવટ જઈને રાષ્ટ્રના આત્માનો સંકલ્પ તો "કોઈ પણ ભોગે નવો કાયદો અને નવી વ્યવસ્થા" છે.

હિંદુસ્તાન, એશિયા અને દુનિયાભરમાંની આ નવી ભાવનાનો સંકલ્પ જ માત્ર એક એવો સંકલ્પ છે જે કોઈ પણ રીતે વિજયી નીવડશે.

મોં. પૉલ રિશારને મળવાની મને અપૂર્વ તક મળી હતી. અમે ઘણા કલાકો આનંદમાં ગાળ્યા હતા. કેટલીક બાબતોમાં જીવન વિષેનાં અમારાં દૃષ્ટિબિંદુ તદ્દન ભિન્ન હતાં એમ હું તુરત જ જોઈ શક્યો પરંતુ તે વસ્તુ મારે માટે જરા પણ મહત્ત્વની નહોતી. અમે ઘણા વખતથી એકમેકથી પરિચિત હોઈએ એવી રીતે મળ્યા અને ઉત્તમ મિત્રો તરીકે છૂટા પડ્યા. અને જોકે મોં. પૉલ રિશારે જે કંઈ કહ્યું છે તેની ટીકા કરવાનું હવે મારા નસીબમાં આવ્યું છે છતાં, તેમની વિદ્વત્તા, તેમનો માનવપ્રેમ અને તેમની ફિલસૂફી વિષેનો મારો આદર જરાયે ઓછો થયો નથી. પરંતુ મારી અને તેમની વચ્ચે થયેલો પવિત્ર વાર્તાલાપ તેમણે પ્રગટ કર્યો અને તે પણ તેના મુખ્ય મુદ્દાને મોળો પાડીને, તેથી મને ખૂબ જ દિલગીરી થઈ છે એટલું જણાવ્યા વિના હું રહી શકતો નથી. તેમણે આ મુલાકાતનો હેવાલ હું દયાપાત્ર ઠરું એ રીતે આપ્યો છે. તેના સારાંશનો ઇનકાર કરી શકાય એમ નથી છતાં મૂળ સંદર્ભથી તે અલગ કરાયેલો અને મોં. પૉલ રિશારની ભાષામાં મુકાયેલો હોવાથી તે મને ખૂબ જ હાસ્યાસ્પદ ચીતરે છે. મહારાષ્ટ્ર પક્ષ અને હું એકબીજાને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. અમે રોજેરોજ વધારે નજીક આવતા જઈએ છીએ. એક મહાનમાં મહાન હિંદી કે જેમણે એ પક્ષનાં હૃદય, બીજા કોઈએ પણ અન્ય કોઈ પણ જૂથનાં હૃદય જીત્યાં હોય તે કરતાં વધારે પ્રમાણમાં જીત્યાં છે તેમની કારકિર્દી કે ચારિત્ર્ય વિષે હું કાંઈ પણ ટીકા કરું તે વિષે જો આ પક્ષ અણગમો બતાવે તો તે યોગ્ય જ ગણાશે. મોં. પૉલ રિશાર અને હું અત્યંત ધાર્મિક વાર્તાલાપ કરી રહ્યા હતા. હું તેમને મારા પોતાના ધર્મના પાયાના સિદ્ધાંતો સમજાવી રહ્યો હતો. અમારા બંને વચ્ચેના જે તીવ્ર મતભેદો અમે જોઈ શક્યા હતા તે વિષે હું દલીલ કરી રહ્યો હતો અને હું મારું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરી રહ્યો હતો ત્યારે લોકમાન્ય અને મારી વચ્ચેના વિચારભેદનો મેં આદરભાવપૂર્વક ઉલ્લેખ કર્યો. લોકમાન્ય સાથેની અનેક નિખાલસ ચર્ચાઓ બાદ હું એટલું જોઈ ગયો હતો કે કેટલીક મહત્ત્વની બાબતોમાં અમે કદી સંમત થઈ શકીએ એમ નહોતું. સંસ્કૃત જ્ઞાનના તેમના અખૂટ ભંડારમાંથી દૃષ્ટાંતો ટાંકીને તેઓ મારું જીવનનું અર્થઘટન પડકારતા અને નિખાલસતાથી અને ચોખ્ખેચોખ્ખું કહી દેતા કે સત્ય અને અસત્ય માત્ર સાપેક્ષ

Gandhi Heritage Portal

શબ્દો છે પરંતુ મૂળમાં તો જેમ જીવન અને મૃત્યુ જેવી કોઈ વસ્તુ નથી તેમ સત્ય અને અસત્ય જેવી પણ કોઈ વસ્તુ નથી. હું આ સૂક્ષ્મ વિવેચનનું ખંડન કરી શકતો નહોતો છતાં એ વાતનો વાસ્તવિક જીવનમાં અમલ કરવા અંગે મને ક્ષતિ દેખાઈ અને તે મેં સંપૂર્ણ આદર સાથે તેમની સમક્ષ મૂકી. મારા અભિપ્રાય મુજબ અમારી વચ્ચે કદી ગેરસમજ ઊભી થઈ નહોતી. સિંહગઢમાં અમે બંને આરામ લેવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે વધારે નજીક આવ્યા.[1] મેં જોઈ લીધું કે તેઓ તેમના વિચારો નીડરપણે અને નિખાલસતાથી દર્શાવતા અને તે વિચારો પ્રમાણે જીવવાનો પ્રયત્ન કરતા. પોતાના લાખો દેશબાંધવો પરના તેમના અદ્ભુત પ્રભાવનાં કારણો પણ હું શોધી શક્યો. મારે પોતાને માટે મેં કદી એમના કરતાં ચડિયાતા હોવાનો દાવો કર્યો નથી. હું માત્ર એટલું જાણું છું કે અમારા વિચારો ધરમૂળથી જુદા પડતા હતા પરંતુ તેમની સાથેનો સંપર્ક વધતાં તેમના વિષેનું મારું માન વધતું ગયું અને હું માનું છું કે વખત જતાં તેમનો મારા પ્રત્યેનો પ્રેમ પણ વધતો ગયો. એટલે હું વાચકને ખાતરી આપું છું કે મૉં. પૉલ રિશાર સમક્ષ મેં જે ઉલ્લેખ કર્યો હતો તે નામાંકિત સદ્ગત નેતાના ચારિત્ર્યની કોઈ નિંદા કરવા માટે નહોતો કર્યો અને મને આશા છે કે આ મુલાકાતમાં મતભેદની જે અલંકાર વિનાની રજૂઆત કરવામાં આવી હતી તે મહારાષ્ટ્રના મહાન પક્ષના સભ્યોના દિલમાં કોઈ કડવાશ નહીં જગાવે. રાષ્ટ્રીય લડતમાં મહારાષ્ટ્રના આ મહાન પક્ષના સહકારને હું ખૂબ જ મૂલ્યવાન લેખું છું અને તેના સભ્યોનાં દિલ જીતી લેવા માટે, મારા સિદ્ધાંતનો ભોગ આપવો પડતો ન હોય તો હું ગમે એટલી તકલીફ વેઠવા તૈયાર હોઉં છું.

અહિંસા વિષેના મારા વિચારોની મૉં. પૉલ રિશારે કરેલી રજૂઆત ખરેખર એક ઠઠ્ઠાચિત્ર છે. જે રીતે તેમણે મને રજૂ કર્યો છે તે રીતે જ તેઓ મને સમજે છે એ વિષે મને કોઈ શંકા નથી. હું મારા દેશ કરતાં મારા ધર્મને વધારે ચાહું છું અને એટલા માટે હું પ્રથમ હિંદુ છું અને ત્યાર પછી જ રાષ્ટ્રવાદી છું એવું વિધાન હું કરું છું ત્યારે બેશક તે એક અર્થમાં સાચું છે. પરંતુ તેથી કંઈ હું સારામાં સારા રાષ્ટ્રવાદીઓ કરતાં કોઈ રીતે ઊતરતો રાષ્ટ્રવાદી બની જતો નથી. એનો હું માત્ર એટલો જ અર્થ કરું છું કે મારે માટે મારા દેશનાં હિતો અને મારા ધર્મનાં હિતો જુદાં નથી. એ જ પ્રમાણે હું જ્યારે એમ કહું કે હું મારી પોતાની મુક્તિની કિંમત બીજી બધી વસ્તુઓ કરતાં અને હિંદુસ્તાનની મુક્તિ કરતાં પણ વધારે આંકું છું ત્યારે તેનો એવો અર્થ થતો નથી કે મારી પોતાની મુક્તિ માટે હિંદુસ્તાનની રાજદ્વારી કે બીજી જાતની મુક્તિનો ભોગ આપવાની જરૂર છે. પરંતુ એનો જરૂર એવો અર્થ થાય કે બંને પ્રકારની મુક્તિ એકમેકની વિરોધી નથી.. અને બરાબર એ જ અર્થમાં હું અહિંસાને ભોગે હિંદુસ્તાનની સ્વતંત્રતા મેળવવાનો ઇનકાર કરું. ત્યારે મારા કહેવાનો અર્થ એ થાય છે કે અહિંસા વિના અથવા હિંસા દ્વારા હિંદુસ્તાન કદી તેની સ્વતંત્રતા મેળવશે નહીં. આવું મંતવ્ય ધરાવવામાં હું તદ્દન ખોટો હોઉં એ જુદી વાત છે પરંતુ મારા વિચારો આવા છે અને તે રોજેરોજ દૃઢ થતા જાય છે. મેં અનેક વાર જણાવ્યું છે કે બીજા દેશો વિષે ગમે તે સાચું હોય પરંતુ હિંદુસ્તાનની મુક્તિ કેવળ અહિંસાને માર્ગે જ રહેલી છે. મૉં. પૉલ રિશાર મને બરાબર સમજ્યા હોત તો તેમના મુલાકાતીને તેમણે મારે વિષે એટલું કહીને શાંત કર્યા હોત કે હિંદુસ્તાન તેની મુક્તિ કેવળ અહિંસા દ્વારા જ ઝડપથી મેળવશે

૧. ૧૯૨૦ના મેની પહેલીએ ટિળકે ગાંધીજી સાથે સિંહગઢ પર ચર્ચા કરી હતી; જુઓ પુસ્તક ૧૭, પા. ૩૬૦.

Gandhi Heritage Portal

એવું હું માનું છું અને તેથી દેશ જ્યાં સુધી મારું માર્ગદર્શન સ્વીકારે છે ત્યાં સુધી તેણે મારી મર્યાદા સ્વીકારવી રહી અને તેથી આજે દેશ જે સંજોગોમાં છે તેમાં અહિંસા અને સત્ય સિવાય સ્વતંત્ર થવા માટે તેની પાસે બીજું કોઈ સાધન નથી, એવું તે માનતો હોય ત્યાં સુધી તેણે મને તેનું માર્ગદર્શન કરવા દેવું જોઈએ. હિંદુસ્તાનની સ્વતંત્રતાનો આધાર જો અહિંસા પર હશે તો તે તેને કદી મળવાની નથી એમ કહીને મોં. પૉલ રિશારે પરિસ્થિતિ વધારે બગાડી છે. સ્વતંત્રતાની દિશામાં દેશે સાધેલી અપૂર્વ પ્રગતિ તરફ ધ્યાન આપવાનું તેઓ ચૂકી કેવી રીતે ગયા તે સમજાય એવું નથી. ખરેખર, મારો દાવો તો એવો છે કે હિંદુસ્તાન આજે ઘણે અંશે સ્વતંત્ર છે, તેણે પોતાનો માર્ગ શોધી કાઢ્યો છે, અને તે તેનો દાવો આગ્રહપૂર્વક રજૂ કરી રહ્યું છે. તેનાં હજારો સંતાનો, સ્ત્રીઓ અને પુરુષો એવાં છે જેઓ વેર રાખ્યા વિના ભોગ આપવાનો ઉત્તમ સદ્‌ગુણ શીખ્યાં છે. અને મને જરૂર પ્રતીતિ થઈ છે કે કાર્યકરો જો કેવળ તેમની સામે મૂકવામાં આવેલા રચનાત્મક કાર્યક્રમનો ખંતથી અને પ્રામાણિકપણે અમલ કરશે તો મને મુદ્દલ શંકા નથી કે આપણે આપણાં ત્રણે ધ્યેયો ઝટ પ્રાપ્ત કરીશું. દેશમાં જે તોફાની તત્ત્વો અસ્તિત્વ ધરાવે છે તેમને કૉંગ્રેસ કાર્યકરો અંકુશમાં ન લાવી શકે એમ હું એક ક્ષણ માટે પણ માનતો નથી. અંકુશમાં લાવવા માટે ફક્ત આપણે ખરા દિલથી પ્રયત્ન કર્યો નથી.[૧]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२२

11600

## ૧૯૦. આપણી શિથિલતા

એક વિશ્વાસપાત્ર પત્રલેખક મને લખી જણાવે છે કે અલ્લાહાબાદ અને બનારસમાં સ્વયંસેવકોની લાયકાત વિષે બિલકુલ ધ્યાન આપ્યા વિના ભરતી કરવામાં આવી છે. હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી નખશિખ પહેરી હોય તેવા ભાગ્યે જ ૫૦ સ્વયંસેવકો મળી શક્યા છે. બીજા કેટલાક બહારનું કપડું ખાદીનું પહેરતા જોવામાં આવ્યા છે. તેમનાં બાકીનાં બધાં કપડાં પરદેશી હોય છે. એ જ પત્રલેખક કહે છે કે કેટલાક સ્વયંસેવકોને કોઈક વાર દારૂ પી લેવામાં વાંધો નથી, તેઓ અહિંસામાં માને છે કે નહીં તે અંગે તેમને ચકાસી જોવામાં આવ્યા નથી અને ઘણા દાખલાઓમાં તો સ્થાનિક કૉંગ્રેસી અધિકારીઓનો તેમના પર કાબૂ રહ્યો નથી. યુક્ત પ્રાંતમાં ૯૬,૦૦૦ સ્વયંસેવકો નોંધવામાં આવ્યા છે એમ સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું છે. પત્રક પર આટલી મોટી સંખ્યામાં સ્વયંસેવકો નોંધાયા છે અને તેમાંના મોટા ભાગના કૉંગ્રેસની શરતોનું પાલન કરતા નથી એ હકીકત સાચી હોય તો તેઓ તદ્દન નકામા છે. મેં ઉલ્લેખ કર્યો છે તે ફરિયાદો ભયંકર છે. છતાં હકીકતમાં મેં બધી જ ફરિયાદોની અહીં રજૂઆત કરી દીધી નથી. એ જ સમાચાર વિશ્વાસપાત્ર સાધન દ્વારા કલકત્તાથી પણ આવ્યા છે. મને માહિતી આપનાર જણાવે છે કે જેલ ગયેલા સેંકડો લોકો આ પ્રતિજ્ઞા વિષે કંઈ જ જાણતા નથી, તેઓ ખાદી પહેરતા નથી, હિંદુસ્તાનની મિલોનું કાપડ પણ પહેરતા નથી, પણ પરદેશી કાપડ પહેરીને જેલ ગયા છે અને તેમને અહિંસાની કંઈ જ તાલીમ મળી નથી. રોહતકથી એક

૧. આ લેખનો મોં. પૉલ રિશારનો જવાબ "તેમનું દુઃખ મારું દુઃખ છે" એ મથાળા હેઠળ, यंग इन्डिया, ૧૬–૩–૧૯૨૨ના અંકમાં પ્રગટ થયો હતો.



Gandhi Heritage Portal

પત્રલેખક કડવી ફરિયાદ સાથે લખી જણાવે છે કે એ જિલ્લાના ઘણા ભાગમાં સ્વયંસેવકો સૂચનાઓનું પાલન કરતા નથી અને કૉંગ્રેસ અધિકારીઓની પરિસ્થિતિ ઘણી જ મુશ્કેલ અને મૂંઝવણભરી કરી મૂકે છે.

આ ફરિયાદોનો દસમો ભાગ પણ સાચો હોય તો મને ડર છે કે આપણે અદ્ભુત જાગૃતિને પહોંચી વળી શકયા નથી અને કૉંગ્રેસ સંસ્થામાં જે નવા લોકો ઉમેરાયા છે તે સૌને આપણે અંકુશ હેઠળ લાવી શકયા નથી. આમ થયું એમાં કોઈનો પણ દોષ ન હોય એમ બને. આપણા પર જાહેર સભાઓ અને સ્વયંસેવકો અંગે ફરમાનો લાદીને સરકારે ઝડપથી કટોકટી ઊભી કરી છે. એ પડકાર ઝીલી લેવાનો હતો અને ઝીલી પણ લેવાયો છે. નવા અને બિન-અનુભવી લોકોને હોદ્દા ગ્રહણ કરવા પડયા અને તેમને એવી કટોકટીનો સામનો કરવો પડયો કે જેણે લોકોના માર્ગદર્શનમાંથી ખસેડી લેવાયેલા અનુભવી નેતાઓની શક્તિની પણ આકરી કસોટી કરી હોત.

આ દલીલની તરફેણમાં ઘણું કહેવાનું છે. એટલે કોઈનો પણ દોષ કાઢવાની જરૂર નથી, પણ હકીકત તરફ આપણે આંખમીંચામણાં ન કરવાં જોઈએ. તેથી ઊલટું, આપણે તેનો દૃઢતા અને હિંમતથી સામનો કરવો જોઈએ અને આપણી પોતાની સંસ્થાને વ્યવસ્થિત કરવી જોઈએ. જે લશ્કરના સૈનિકો અપેક્ષા મુજબની શિસ્ત ધરાવતા ન હોય તેવાં લશ્કરે દુનિયામાં એકે લડાઈ જીતી નથી. શાંતિની લડાઈના લશ્કર માટે તો એના સૈનિકો માટે ઠરાવેલા ગુણો પ્રદર્શિત કરવાનું વધારે જરૂરી છે. ઠરાવેલું ધોરણ વધારેપડતું ઊંચું છે એમ કહેવું ચાલે એમ નથી. ઠરાવેલા ધોરણ કરતાં કાચા રંગરૂટો લેનાર ભરતી અધિકારીએ જો જાણીજોઈને તેમ કર્યું હોય તો તે અપ્રામાણિકતા માટે દોષપાત્ર ઠરે છે. એણે તો નક્કી કરેલી શરતો મુજબ રંગરૂટો મળી શકતા નથી એટલું જ જણાવવાનું હોય, પણ શરતોનું ઉલ્લંઘન કરવામાં તે કોઈ પણ હિસાબે વાજબી ઠરશે નહીં.

ગયા ડિસેમ્બરમાં કૉંગ્રેસ મંડપમાં[૧] મેં સૌ શ્રોતાજનો સમક્ષ કૉંગ્રેસે નક્કી કરેલી શરતો વિગતવાર વાંચી સંભળાવી હતી. મહાસમિતિ અને કારોબારી સમિતિએ તેમની પૂરેપૂરી ચર્ચા કરી હતી અને પછી અવિધિસરની અનેક ચર્ચા દરમ્યાન મેં તેની જુદા જુદા પ્રાંતોના ડેલિગેટો તથા પ્રેક્ષકોને સમજૂતી આપી હતી. તેથી તેનું પાલન અશકય છે એવી દલીલનો સ્વીકાર થઈ શકે તેમ નથી. પોતે શું કરવા નીકળ્યા હતા તે ડેલિગેટો જાણતા હતા. તેઓ આશરે ૬,૦૦૦ જેટલા હતા. તેઓ પોતે પોતાના મતવિભાગોનું પ્રતિનિધિત્વ કરવા આવ્યા હતા એટલે શરતોનું પાલન કરવા બાબતમાં કોઈ મુશ્કેલી ઊભી થવી જોઈતી નહોતી.

આ શરતો પૂરેપૂરી સમજતા હોય અને તેનું પાલન કરતા હોય એવા ૩૦૦ સ્વયંસેવકોથી મને અંગત રીતે સંતોષ થવો જોઈએ, પરંતુ એ શરતો વિષે કશું પણ જાણતા ન હોય અને નહીં જેવી કાળજી રાખતા હોય એવા ૩૦,૦૦૦ સૈનિકોવાળી લડતને દોરવણી આપવાની પરવા મારે ન કરવી જોઈએ. એનું કારણ સ્પષ્ટ છે. પહેલી બાબતમાં તો મારી પાસે મને ટેકો આપે એવા ઓછામાં ઓછા ૩૦૦ અડીખમ માણસો છે, જ્યારે બીજીમાં સ્વયંસેવકો નહીં એવા મને ભારરૂપ થતા ૩૦,૦૦૦ માણસોનો બોજો મારે ઊંચકવો પડે એમ છે. ૩૦૦ મને સહાય કરશે, મારા હુકમોનું પાલન કરશે, પરંતુ ૩૦,૦૦૦ તો નક્કી મારી સૂચનાનું પાલન નહીં કરે અને

૧. જુઓ "અમદાવાદના કોંગ્રેસ અધિવેશનમાં ભાષણ-૧", ૨૮-૧૨-૧૯૨૧.

Gandhi Heritage Portal

કદાચ મને ગૂંગળાવી મારે. એટલે કૉંગ્રેસ કારોબારીએ પસાર કરેલા બધા ઠરાવોનું શબ્દશઃ પાલન થવું જોઈએ એવો આખરી નિરધાર આપણે કરી લેવો જોઈએ. એ ઠરાવો એક એવા ઝડપી અને વ્યવહારુ કાર્યક્રમનું અંગ છે જેને યોગ્ય રીતે પાર પાડવા પર હિંદુસ્તાનના ભાવિનો, ખિલાફત અને પંજાબના અન્યાયોના નિવારણનો અને સ્વરાજની સિદ્ધિનો આધાર રહેલો છે. જો તેમનો સંપૂર્ણ અમલ થવાનો ન હોય તો ઠરાવો તરીકે તેમનો કશો અર્થ નથી. પહેલાંના સમયમાં સરકારને ઉદ્દેશીને કરવામાં આવેલા આપણા ઠરાવોનું સરકાર પાલન કરતી નહોતી ત્યારે આપણે ફરિયાદ કરતા હતા. પરંતુ આપણે સ્વેચ્છાએ અને જાણીજોઈને પસાર કરેલા ઠરાવોનું આપણે પોતે જ પાલન ન કરતા હોઈએ ત્યારે ફરિયાદ કરનાર છે કોણ? એટલે કૉંગ્રેસ અને ખિલાફતની બધી સંસ્થાઓને મારી આગ્રહપૂર્વકની સલાહ છે કે પોતપોતાના કાર્યપ્રદેશમાં તેમનું કડકાઈથી પાલન થાય તે તરફ તેઓ ધ્યાન આપે. જો તેઓ આમ નહીં કરે તો બીજું કોઈ નહીં પણ તેઓ પોતે જ આ આંદોલનને ભયમાં મૂકી દેશે. ભાવિને સુધારવું કે બગાડવું આપણા જ હાથની વાત છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२२

## ૧૯૧. દિલ્હી જેલમાં કેદીઓ

એક અપ્રસ્તુત ફકરો કાઢી લઈ હું મને મળેલો આ પત્ર[1] એમાંનાં અત્યંત સુંદર છતાં નિરુપદ્રવી વિશેષણો સુધ્ધાં કાઢ્યા વિના જેમનો તેમ પ્રગટ કરું છું. કોઈ પણ તટસ્થ નિરીક્ષકને એ વાત સ્પષ્ટ રીતે દેખાવી જોઈએ કે હિત ધરાવતા પક્ષો ભલે ગમે તેવું ઊંચું સ્થાન ધરાવતા હોય તેમ છતાં તેમના તરફથી કરવામાં આવેલો કેવળ ઇનકાર બહાર આવેલી આ હકીકતોમાં રહેલી કડવાશ દૂર કરવા માટે પૂરતો નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया २३–२–१९२२

૧. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી. દિલ્હીની જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી હાદી હસન તરફથી મળેલા આ પત્રમાં દિલ્હી જેલમાં અસહકારી કેદીઓ પ્રત્યેના ગેરવર્તાવનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પત્ર દિલ્હીના ચીફ કમિશનરે આ વિષે પ્રગટ કરેલી યાદીના જવાબમાં લખવામાં આવ્યો છે.

Gandhi Heritage Portal

## ૧૯૨. સરકારી ઇનકાર

### ૧. બિહાર સરકાર વતી

નામ. વાઇસરૉયને સંબોધીને મેં બહાર પાડેલા જાહેરનામાના હિંદુસ્તાનની સરકારે આપેલા જવાબનો મેં એક રદિયો આપ્યો હતો. એ રદિયામાંના એક નિવેદનના પ્રત્યુત્તરરૂપે બિહારના પ્રકાશન અધિકારી મને નીચેનું લખાણ પ્રગટ કરવા માટે મોકલી આપે છે :

શ્રી ગાંધીએ બારડોલીથી ૧૭મી ફેબ્રુઆરીએ પ્રગટ કરેલા જાહેરનામામાં, તેમના અભિપ્રાય પ્રમાણે સવિનયભંગનો આશરો લેવા માટે વાજબી ઠરે તેવાં કેટલાંક સરકારે કરેલાં "ગેરકાનૂની દમન"નાં કૃત્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ દાખલાઓમાં નીચેની બાબત આવે છે : "કોઈની પાસેથી કશી જ પરવાનગી લીધા વિના એક અધિકારી અને તેની ટુકડીએ ગામડાં લૂંટયાં, એ વાત બિહાર સરકારે કબૂલ કરી છે." આ ઉલ્લેખ દેખીતી રીતે જ ધનાહા થાણાના બનાવ વિષે છે. અને આ નિવેદનનો ચોખ્ખો અર્થ એ થાય છે કે પોલીસ ટુકડીના ઉપરી અધિકારીના હુકમથી લૂંટ ચલાવવામાં આવી હતી અને એ હકીકત બિહારની સરકારે સ્વીકારી લીધી છે. દેખીતી રીતે જ શ્રી ગાંધી જેનો ઉલ્લેખ કરે છે તે મુખ્ય સચિવે ધારાસભામાં કરેલા નિવેદનનો સાર નીચે પ્રમાણે છે :

"કેટલાંક ગામ ખૂબ જ અશાંત પરિસ્થિતિમાં છે એવા સમાચાર ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૧મીએ વૈકુંઠપુર ફૅક્ટરીના મૅનેજર મિ. મૅકિનન તરફથી મળતાં લશ્કરી ઘોડેસવાર પોલીસોને પિપરિયા, બૈરટવા, ચંદરપુર અને સિહુલિયા ગામોમાંથી કૂચ કરાવવામાં આવી. પિપરિયા ગામમાં લૂંટ થવાના આક્ષેપો જિલ્લા મૅજિસ્ટ્રેટની તપાસમાં સાવ બિનપાયાદાર જણાયા હતા. પરંતુ બીજાં ત્રણ ગામોમાં જરૂર કંઈક લૂંટ ચાલી હતી. જિલ્લા મૅજિસ્ટ્રેટનો અભિપ્રાય એવો હતો કે લૂંટ જરાયે વ્યવસ્થિત નહોતી પણ છૂટીછવાઈ હતી, કેટલાક ઘોડેસવારો નાની ગલીઓમાં સરકી જઈને લોકોની પાસેથી તેમની વસ્તુઓ લઈ ગયા હતા. સિહુલિયા ગામના લોકોએ આવીને ફરિયાદ કરી ત્યાં સુધી ફરજ પરના ઇન્સ્પેક્ટરને તે વિષે કશી જ ખબર નહોતી. પછી તો ઇન્સ્પેક્ટરના હુકમ અનુસાર ત્યાં ને ત્યાં જ માલસામાન પાછો આપી દેવામાં આવ્યો હતો. જે સવારોની સામે લૂંટમાં ભાગ લીધાનો ચોક્કસ પુરાવો મળે તેની સામે શિસ્તભંગનાં પગલાં લેવાની ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસને વિનંતી કરવામાં આવી છે, અને તપાસ દરમ્યાન જો કોઈ ગુના બહાર આવે તો તે અંગે બેતિયાના સબ-ડિવિઝનલ ઑફિસર પગલાં લેવાના છે."

લૂંટ અંગે પ્રગટ થયેલા હેવાલો ઘણા જ અતિશયોક્તિભર્યા હતા અને જે કંઈ લૂંટફાટ થઈ હતી તે એકલદોકલ સવારોનું કૃત્ય હતું એ વાત સરકારી નિવેદનમાં સ્પષ્ટ થાય છે. આ પ્રસંગે સવારો જે શિસ્તભંગ કરવા માટે દોષિત ઠર્યા હતા તેવો કોઈ પણ શિસ્તભંગ સરકાર ચલાવી નહીં લે એમ પણ તે બતાવી આપે છે.

શ્રી ગાંધીનું નિવેદન બેશક આખા બનાવને તદ્દન જુદું સ્વરૂપ આપી દેવાનો પ્રયત્ન કરે છે.

ઉપરની નોંધ હું ખુશીથી પ્રગટ કરું છું. પરંતુ મારે કબૂલ કરવું જોઈએ કે એનાથી મને જરાયે સંતોષ થયો નથી. સરકારના મુખ્ય સચિવના નિવેદનનો સાર મેં વાંચેલા અને

Gandhi Heritage Portal

(૨૭–૧–૧૯૨૨)ના સર્વેન્ટમાં પ્રગટ થયેલા મૂળ નિવેદન કરતાં અડધોયે દોષ બતાવતું નથી. બિહારની ધારાસભામાં મુખ્ય સચિવને પ્રશ્નોની જે ઝડીમાંથી પસાર થવું પડયું હતું તે સામે પોતાના રક્ષણ માટે તેમને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. અમલદારે પોતે લૂંટમાં ભાગ નહોતો લીધો એ વાતનો મુખ્ય સચિવ ઇનકાર કરી શકે તેમ નથી. ચંપારણનાં આ ગામડાંથી હું સારી રીતે પરિચિત છું. તેમાં કોઈ ગલીકૂંચીઓ નથી. લૂંટેલી મિલકત પાછી સોંપવાથી લૂંટ કંઈ લૂંટ મટી જતી નથી. ધારાસભ્યોએ મુખ્ય સચિવ પાસે જે એકરાર કરાવ્યો છે તેમાં ઉપર ઉપરથી દેખાય છે તેના કરતાં ઘણું વધારે હશે એવી છાપ વાચકના મન ઉપર પડે છે. અને મૅજિસ્ટ્રેટ વિના ઘોડેસવાર પોલીસો કૂચકદમ કરે એ સામે મનાઈ હોવા છતાં અધિકારી અને સવારો એની વિરુદ્ધ વર્ત્યા એ વાત પણ અહીં ઉમેરવી રહી. અમલદાર તેના સવારો સાથે શા માટે નીકળી પડયો, અને જે શિસ્તભંગ સ્વીકારવા સરકારને મજબૂર થવું પડયું તેની સામે શાં પગલાં લેવામાં આવ્યાં તે વિષે હજુ સુધી કંઈ ચોખવટ કરવામાં આવી નથી. લૂંટ માટેની ચડાઈ કરવાનું વાજબી ઠરે એવું ગ્રામજનોએ કંઈ જ કર્યું નહોતું એ વાતની પણ નોંધ લેવી ઘટે. જે સાર આપવામાં આવ્યો છે તેમાં એટલું સ્વીકારાયું છે કે "કેટલાંક ગામડાં ખૂબ જ અશાંત પરિસ્થિતિમાં આવી પડયાં છે એવી વૈકુંઠપુર ફૅક્ટરીના મૅનેજર મિ. મૅકિનન તરફથી ખબર મળતાં લશ્કરી ઘોડેસવાર પોલીસ પિપરિયા વગેરેમાં થઈને નીકળી. ચંપારણનાં ગ્રામજનો માટે આ કૂચકદમોનો શો અર્થ થાય તે હું જાણું છું. જાહેર હેવાલોમાં વર્ણવેલી અને સરકારને થોડે અંશે કે પૂરેપૂરી રીતે નાછૂટકે સ્વીકારવાની ફરજ પડી છે એવી અધમ દશાએ અમલદાર-શાહી પહોંચી નથી એવી મને ખાતરી કરાવવામાં આવે એ માટે હું અત્યંત આતુર છું. પરંતુ મને દિલગીરી થાય છે કે આ દિશાના મારા બધા પ્રયત્નો નિષ્ફળ નીવડયા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२२

## ૧૯૩. દિલ્હીનો ઠરાવ

નીચેનો ઠરાવ મહાસમિતિએ દિલ્હીમાં ૨૫મી ફેબ્રુઆરીએ પસાર કર્યો છે :

બારડોલી ખાતે ૧૧મી અને ૧૨મી તારીખે મળેલી કારોબારી સમિતિએ પસાર કરેલા ઠરાવો પર કાળજીપૂર્વક વિચાર ચલાવીને મહાસમિતિ મજકૂર ઠરાવોને,[1] તેમાં નાબૂદ કરેલા ફેરફારો સહિત મંજૂર રાખે છે, તથા વધારામાં ઠરાવે છે કે વ્યક્તિગત સવિનયભંગ તીવ્ર અથવા રક્ષક-રૂપમાં ચોક્કસ જગ્યાઓએ અને ચોક્કસ કાયદાઓનો, તે તે પ્રાંતની પ્રાંતિક સમિતિ કહે ત્યારે અને તેની પરવાનગીથી શરૂ કરી શકાય; શરત એટલી કે જ્યાં સુધી મહાસભાએ કે મહાસમિતિએ કે કારોબારી સમિતિએ ઠરાવેલી બધી શરતોનું કડકપણે પાલન કરવામાં આવતું હોય.

દારૂની ચોકી જેટલી જરૂરી છે તેટલી જ પરદેશી કાપડ પર ચોકી કરવાની પણ જરૂર છે એવી ખબરો અનેક ઠેકાણેથી આવવાથી, મહાસમિતિ આવી ચોકી, ખાતરીની ચોકી હોય તેવી, બારડોલીના ઠરાવોમાં દારૂની ચોકી સંબંધી જે નિયમો જણાવેલા છે તે જ નિયમોએ કરવાની છૂટ આપે છે.

૧. જુઓ "બારડોલીના ઠરાવો", ૧૨–૨–૧૯૨૨ની પાદટીપ.

Gandhi Heritage Portal

મહાસમિતિ ખુલાસો કરવા ઇચ્છે છે કે કાર્યવાહક સમિતિના ઠરાવોનો અર્થ એ નથી કે મહાસભાનો અસહકારનો મૂળ કાર્યક્રમ છોડી દેવો કે સામુદાયિક સવિનયભંગનો કાયમનો ત્યાગ કરવો, પરંતુ મહાસમિતિ માને છે કે આવશ્યક એવી સામુદાયિક શાંતિ તો બારડોલીની કારોબારી સમિતિએ ઘડેલા રચનાત્મક કાર્યક્રમને સ્વયંસેવકોએ અમલમાં મૂકવાથી જ સ્થાપી શકાશે.

મહાસમિતિ માને છે કે જ્યારે જ્યારે રાજ્ય જાહેર થયેલા પ્રજાકીય નિશ્ચયનો વિરોધ કરે છે ત્યારે ત્યારે સવિનયભંગનો પ્રયોગ કરવો એ પ્રજાનો હક અને તેની ફરજ છે.

**નોંધ** — વ્યક્તિગત સવિનયભંગ એટલે એક વ્યક્તિ કે અગાઉથી નક્કી થયેલી વ્યક્તિઓની સંખ્યા કે મંડળ કાયદા કે હુકમોનો જે સવિનયભંગ કરે તે. તેથી, જે જાહેર સભામાં હાજર રહેનારાઓ ટિકિટો કાઢીને નક્કી થયેલા હોય અને જ્યાં રજા વગર કોઈને દાખલ કરવામાં ન આવતા હોય, તેવી જાહેર સભા છતી બંધીએ ભરવી એ વ્યક્તિગત સવિનયભંગનું દૃષ્ટાંત થયું; જે જાહેર સભામાં જાહેરને કોઈ પણ જાતના અંકુશ વગર દાખલ થવાની છૂટ હોય તેવી સભા છતી બંધીએ ભરવી એ સામુદાયિક સવિનયભંગનું દૃષ્ટાંત થયું. આવો સવિનયભંગ રક્ષણાત્મક ત્યારે કહેવાય જ્યારે મનાઈ થયેલી જાહેર સભા હમેશની પ્રવૃત્તિને અંગે ભરવામાં આવે, પછી ભલે પરિણામે પકડાપકડી થાય. તેવી જાહેર સભા હંમેશની પ્રવૃત્તિને અંગે ન હોય, પરંતુ પકડાવા અને કેદમાં જવાના ઉદ્દેશથી જ ફક્ત ભરવામાં આવી હોય તો તે તીવ્ર સવિનયભંગ કહેવાય.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–३–१९२२

ભાષાંતર : नवजीवन, ૫–૩–૧૯૨૨

## ૧૯૪. અમદાવાદ-સુરતની કસોટી

અમદાવાદ તથા સુરતના શહેરીઓની અને તેના ખરા શહેર-સુધારકોની[1] કસોટી હવે થવાની છે. આપણામાં જાહેર જીવન કેટલું ખીલ્યું છે, શહેરીઓ એકબીજાને કેટલે દરજ્જે કુટુંબી માને છે, શહેરીઓમાં દૃઢતા, એકવચનીપણું, સ્વાર્થત્યાગ, ઉદ્યોગ કેટલે સુધી છે એ બધાની પરીક્ષા હવે થઈ રહેશે.

જો ઉપરના બધા ગુણો શહેરીઓના બધા પ્રતિનિધિઓ બતાવશે તો પરિણામ એક જ આવવાનું, — સરકારે નીમેલી કમિટીને કામધંધા વિના નિરુદ્યમી થઈ બેસી રહેવું પડશે.

નવા સુધારામાં કેટલું પોકળ છે એની આ બે મોટી મ્યુનિસિપાલિટીઓને બંધ કરવા જેવી બીજી સારી સાબિતી ન મળી શકે. જો શહેરી પ્રતિનિધિઓ આપખુદ હોત તો તેઓની સત્તા છીનવી લેવી કદાચ વાજબી ગણાત; પણ અહીં તો સરકાર જાણે છે, સ્થાનિક સ્વરાજ ખાતાના હિંદી "પ્રધાન" પણ જાણે છે કે શહેરીઓ અને તેમના પ્રતિનિધિઓ બંને આ ઝઘડામાં એકમત થાય છે, બંને કેળવણીખાતું સ્વતંત્ર રાખવા ઇચ્છે છે. તેમ છતાં મ્યુનિસિપાલિટીને બંધ કરી છે, એટલે પ્રજામતની વિરુદ્ધ સરકાર અને "આપણા" પ્રધાન થયા છે! આમ નવા સુધારામાં કેવળ આપખુદી જ ભરેલી છે. અને તે સુધારામાંથી પ્રજાને લાભ ન જ મળે એવું સિદ્ધ થાય છે.

૧. જુઓ મારી "નોંધ", ૧૯–૨–૧૯૨૨નું પેટામથાળું "અમદાવાદ અને સુરતના શહેરીઓને".

Gandhi Heritage Portal

પણ સુધારાના લાભગેરલાભનો વિચાર કરવા કરતાં શહેરીઓનો લાભ શામાં છે એ જ આપણે તો વિચારવું આ સ્થળે યોગ્ય છે. શહેરીઓએ લીધેલી ટેક જાળવાવી જોઈએ. આવી સામાન્ય બાબતમાં જો શહેરીઓ હારી જાય તો તેઓ સ્થાનિક સ્વરાજ ભોગવવા લાયક નથી એમ જ હું તો કહું અને જગત પણ કહે. સ્વરાજની લાયકાત જેમ તે મેળવવાથી સિદ્ધ થાય છે તેમ જ તે સાચવવાની શક્તિથી પણ સિદ્ધ થાય છે. બહારથી થતા હુમલા છતાં ટકી શકાય તો જ આપણે શક્તિમાન કહેવાઈએ. બહારનાં જંતુઓ ચડાઈ કરે છતાં પણ આરોગ્યવાન રહી શકે તેનું જ શરીર સારું ગણાય. આ લડાઈનું મધ્યબિંદુ કેળવણી છે. બીજી બાબતોમાં શહેરીઓ પોતાના હક સાચવે યા ન સાચવે, પણ કેળવણીની બાબતમાં તો તેઓ હારે તો તદ્દન હાર્યા ગણાય; તો અવશ્ય એમ જ સાબિત થાય કે શહેરીઓ સ્વતંત્ર વિચાર કે કાર્ય કરતા નથી થયા. જો ટેક છોડે તો એમ સિદ્ધ થાય કે પ્રતિનિધિઓ કળાવાન હતા તેથી સરકારની સાથે લડી લેતા હતા; તેમાં શહેરીઓને રસ આવતો હતો, પણ જાતે કંઈ કરવાની કે વિચારવાની તસ્દી લેતા ન હતા.

તેથી બંને શહેરના શહેરીઓની પ્રથમ ફરજ એ છે કે પોતાનાં બાળકોની કેળવણીનો કબજો તો પોતે પૂરેપૂરો રાખવો, એટલું જ નહીં પણ તે કેળવણીને એવા સુંદર પાયા પર મૂકવી કે કોઈ સરકારની શાળામાં જવા લલચાય જ નહીં.

આ કામ કરતાં માલૂમ પડશે કે જેટલું કૃત્રિમ હશે તેટલું નભશે જ નહીં. શહેરીઓ ખરા અસહકારી હશે તો જ પોતાનાં છોકરાંને સરકારની શાળામાં નહીં મોકલે; તેઓને પોતાનાં બાળકોની કેળવણીની ગરજ હશે તો કેળવણીને સારા પાયા પર મૂકશે. અમદાવાદ-સુરતના શિક્ષિત લોકો કેળવણી આપવામાં મદદ દેશે, શહેરીઓ કેળવણી આપવા સારુ જગ્યા આપશે, અનેક પ્રકારની સગવડો જે જોઈએ તે કરી આપશે ને સરકારી કમિટીને બતાવી આપશે કે પોતાનાં બાળકોની કેળવણીને સારુ તેઓ અનેક આપભોગો આપવા તૈયાર છે.

આ કેળવણીના પૈસાનો સવાલ અગત્યનો આવી પડે છે. મારો તો ખાસ અભિપ્રાય છે કે કેળવણી ખાતે જે કર અપાતો હોય તે ન ભરવાનો હક તો શહેરીઓ જરૂર ધરાવે છે. પણ તેમ થાઓ યા ન થાઓ, અમદાવાદ અને સુરત જેવાં શહેરના વસનારાઓને તેટલા પૈસા એકઠા કરવા ભારે ન જ પડવા જોઈએ. જોઈતા પૈસા એકઠા કરી તેઓ પોતાની દૃઢતા ને એકતા પ્રગટ કરી શકશે. કેળવણીમાં આપેલો પૈસો કંઈ દાન નથી. એ પૈસો તો મૂડી રોકવાનું સારામાં સારું ક્ષેત્ર છે. તેમાંથી માબાપોને પૂરું વળતર મળે તેમ છે. આ બધી વ્યવસ્થા શહેરનિવાસી ગૃહસ્થો તુરત કરી લેશે એવી મારી ઉમેદ છે. જો અમદાવાદ અને સુરત આ કાર્ય સારી રીતે પાર પાડે તો તેઓ આખા ભારતવર્ષને સુંદર દાખલો બેસાડી આપશે એમાં તો કંઈ શક નથી. અને આવા દાખલાની અસર હિંદસ્વરાજ ઉપર પણ ઊંડી પડયા વિના રહેનાર નથી.

જરાયે દ્વેષ કે રોષ વધ્યા વિના, જરાયે શાંતિભંગ થયા વિના જો આટલું કાર્ય આ શહેરો કરી શકે તો શાંતિમય અસહકાર કેમ ચાલે એ આપણે સુંદર રીતે બતાવી શકીશું.

હું ઇચ્છું છું કે બીજાં અંગો વિષે પણ શહેરીઓ પોતાની સ્વતંત્રતા બતાવી આપે. પણ દરેક પગલું ધીમે ધીમે ને વિચારપૂર્વક ભરવા મારી નેતાઓને ખાસ ભલામણ છે.

મારે કાને એવો ભણકાર આવે છે કે બારડોલીનો સવિનયભંગ મુલતવી રહેવાથી અને મ્યુનિસિપાલિટીનો કબજો જવાથી શહેરીઓ નિરુત્સાહી બન્યા છે. આમ હોય તો શહેરીઓ નથી સમજ્યા અસહકાર કે નથી સમજ્યા પોતાની ખાસ લડત. અસહકારમાં બારડોલીમાં થયા એવા ઠરાવો તો થયા કરે છે. મહાભારત લડાઈમાં અનેક વ્યૂહ રચાય ને તોડાય. બધાનો હેતુ એક

Gandhi Heritage Portal

જ હોય છે. વ્યૂહ રચાયા જેટલી જ તેને તોડવાની પણ જરૂર હોય છે. સત્યાગ્રહના યુદ્ધમાં હારને અવકાશ નથી, પણ સામાન્ય યુદ્ધમાં તો હાર પણ થાય. તોયે લશ્કર નાસીપાસ ન થાય. આપણી સામે એવો આરોપ મુકાયેલો છે કે ભારતવાસીઓ હાર સાંખી શકતા નથી. એક હાર ખાધી એટલે તુરત તેઓ નાસભાગ કરવા માંડે છે. આ આરોપ હિંદુસ્તાન ખોટો પાડશે એવી હું જરૂર આશા રાખી બેઠો છું. બારડોલીના ઠરાવોને તો હું આપણી હારની નિશાની નથી ગણતો. એ તો આપણી સચ્ચાઈની ને આપણી હિંમતની નિશાની છે એમ જ હું ગણું છું.

વળી અમદાવાદ-સુરતની લડાઈ સ્થાનિક છે. તેની ઉપર બારડોલીના ઠરાવની અસર ન જ પડવી જોઈએ. અને મ્યુનિસિપાલિટી બંધ થઈ તેમાં તો નાઉમેદી હોય જ શાને? એ પરિણામ ઉપજાવવાનો તો પ્રયત્ન હતો. લડતનું રહસ્ય એ છે કે દરેક પગલે સરકાર પોતાને ખોટી સ્થિતિમાં મૂકે. સરકારનો સ્વેચ્છાચાર બતાવવાની આ લડત છે. સરકારે કમિટી નીમી એટલે સુરત-અમદાવાદની મ્યુનિસિપાલિટીઓ પૂરી અસહકારી થઈ. હવે તેના વેગને રોકનાર માત્ર શહેરીઓ જ રહ્યા. કેટલાંક મકાન વગેરેનો કબજો આપણા હાથમાંથી ગયો એ ખરું, પણ તેથી શું? શહેરી પ્રતિનિધિઓ આંબાના ઝાડ નીચે મળી શકે છે. પોતાનો કારભાર ચલાવવાને સારુ તેઓને પથ્થરના મકાનની જરૂર નથી. સુરત-અમદાવાદનાં પાયખાનાં નવી કમિટી પરાણે સાફ ન કરી શકે, બત્તી પરાણે ન કરી શકે. જેટલું શહેરીઓ કરવા દે તેટલું જ નવી કમિટી કરી શકશે, એટલું શહેરીઓ એક અઠવાડિયામાં સાબિત કરી આપી શકે છે. એટલે કોઈ પણ રીતે નાસીપાસી ઉત્પન્ન થવાનું કારણ હું તો જોતો જ નથી. નિરાશા એ આપણી અણસમજની જ નિશાની હોઈ શકે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૨–૧૯૨૨

## ૧૯૫. મારી નોંધ

### કલકત્તાની જેલમાં

કલકત્તાની પ્રેસિડન્સી જેલમાંથી હરિલાલ ગાંધી લખે છે[૧] :

કલકત્તાના જેલીઓની કેદ અરધી કરવાના જે ખબર છાપામાં છપાયા છે તે પાછળથી ઘણાને વિષે પાયા વિનાના ઠર્યા છે.

### ચોથ કેમ અપાય?

કરમસદના[૨] મોટા પાટીદારોએ વ્યક્તિગત સવિનયભંગ કરવામાં એટલી બધી હિંમત બતાવેલી કે તેઓ ખુવાર થવા તૈયાર થઈ ગયા હતા. હવે તેઓને બારડોલીના ઠરાવની રૂએ કર ભરી દેવાનો વખત આવ્યો તે તેઓને કડવું લાગે જ; તેમાં વળી સરકારી અમલદાર વેર વાળવા ખાતર તેઓની પાસેથી ચોથાઈ માગે તે કેમ આપી જાય?

૧. આ પત્ર અહીં આપ્યો નથી.

૨. અબ્બાસ તૈયબજીની આગેવાની હેઠળ સવિનયભંગ માટે તૈયાર થઈ રહેલા આણંદ તાલુકામાં આવેલું ગામ.

Gandhi Heritage Portal

પણ સરકારની પાસેથી વિવેકમર્યાદાની આપણે આશા ક્યાં રાખી છે? તેને લાગ ફાવે ત્યારે તે વેર વાળ્યા વિના કંઈ છોડે? આપણી સારમાણસાઈ સામો ગુસ્સો કર્યા વિના વેર વાળવા દેવામાં જ રહેલી છે. આપણે કંઈ તેની પાસે માફ કરાવવા પણ ન જઈએ.

એવા દંડ આપવા એ આપણા પ્રાયશ્ચિત્તનો ભાગ છે. જે ખુવાર થવા બેસે તેને ચોથાઈ આપવામાં ક્યાં બાધ આવે?

પણ આવા દંડો આપનાર એમ સમજે કે સ્વરાજ્ય મળે કે સમજૂતી થયે આવી બાબતોનું વળતર આપણે માગવા બેસીએ તો મળી શકે છે. તેથી જેની પાસેથી ચોથ માગવામાં આવે તે હિસાબ રાખી આપી દે એમ મારી ખાસ સલાહ છે.

સત્યાગ્રહનો પંથ ન્યારો છે; વિવેકનો છે, સહનશીલતાનો છે. આપણે એવો ખ્યાલ પણ ન કરીએ કે વખત આવ્યે આવા અમલદારો પર વેર લઈશું. આપણા ઉપર વેર લે પણ આપણે વેર ન લઈએ; એટલે વેરનો ખજાનો છેવટે ખૂટી જાય. જે ક્રિયાનો પ્રતિઘોષ ન થાય તે ક્રિયાનો છેવટે નાશ થાય જ એ અનિવાર્ય કાયદો છે. એ જાણે તે કદી વેર લેવાનો વિચાર જ ન કરે.

## ઝરિયામાં સવિનયભંગ

ઝરિયામાં તીવ્ર સવિનયભંગની જંજાળમાં લોકોએ ન પડવું એવી સલાહ મેં મહાસભા સપ્તાહમાં મળેલા પ્રતિનિધિઓને આપેલી ને તેની નોંધ હું *નવજીવન*માં લઈશ એમ મેં કહેલું, પણ વીસરી ગયો તેથી તે ભાઈઓની ક્ષમા માગું છું. ઝરિયાની સ્થિતિ અસાધારણ છે. ત્યાં હજારો મજૂરો વસે છે. તેમના પ્રસંગમાં રહેનારા જ ગુજરાતી, મારવાડી, બંગાળી, માલદાર તેમ બીજા વ્યાપારીવર્ગના માણસો રહે છે. ત્યાં તીવ્ર સવિનયભંગ કરવો એટલે મજૂરવર્ગને ડહોળવા જ રહ્યા. વ્યક્તિગત ભંગ કરતાં પણ મજૂરવર્ગ ઉશ્કેરાઈ જવાનો સંભવ છે. તેથી મેં એવી સલાહ આપી કે તીવ્ર સવિનયભંગ એવી જગ્યાએ હાલ તુરત ન જ કરી શકાય. મજૂર-વર્ગને તીવ્ર સવિનયભંગમાં દાખલ કરવા એટલે શાંતિભંગને વહોરી લેવા બરોબર થાય. તેથી આવા ભાગોમાં ખાદી, રેંટિયો, મદ્યપાનનિષેધ વગેરે કામોને ખૂબ વધારવાં; ને ઝરિયા જેમ કોલસાની ખાણ છે તેમ જ અને તેથી દ્રવ્યની ખાણ છે, તેથી ઝરિયાએ બિહારની બધી પ્રવૃત્તિ-ઓને સારુ જેટલું ધન જોઈએ તે એકઠું કરી આપવું એમ કહેલું. રામજસબાબુ ઈત્યાદિ ત્યાંના ધનિક ગૃહસ્થો આવાં કામોમાં પૂર્ણ મદદ દઈ શકે છે ને જો તેઓ બિહારની મહાસભા સમિતિની નાણાભીડ મટાડે તથા મજૂરોમાં ખાદીનો પ્રચાર કરાવે, પોતે કાંતે, મજૂરોને કાંતતાં-વણતાં શીખવે ને મજૂરોની પાસે દારૂ છોડાવે તથા તેઓને પોતાની ફરજનું ને પછી પોતાના હકોનું ભાન કરાવે તો તેમણે અસહકારની પૂરી સેવા કરી ગણું.

## એજન્સીમાં વકીલાત

એક મિત્ર લખે છે, "તમે એવી સલાહ આપી કહેવાય છે કે એજન્સીમાં તો વકીલાત હરકોઈ અસહકારી કરી શકે છે. શું આ વાત સાચી છે?" મેં આવી સલાહ કોઈને આપી નથી. પણ કાઠિયાવાડમાં હાલ રા. મનસુખલાલ મહેતા તથા રા. મણિલાલ કોઠારીના કેસ નીકળ્યા છે તેને અંગે મેં અવશ્ય કહ્યું છે કે તેઓ એજન્સીની કોરટમાં લડી શકે છે ને તેઓ વકીલને રોકી શકે છે. તેઓ બંને દેશી રાજ્યોની રૈયત છે, તથા બંને દેશી રાજ્યોમાં પોતાના ને બીજાના હકો જાળવવા પ્રયત્ન કરી રહ્યા છે. દેશી રાજ્યોની પરિસ્થિતિને અંગે ઊભા થતા મામલામાં તેઓ અસહકારી નથી, તેથી જો તેઓ અત્યારે દેશી રાજ્યોના વિષયમાં પડવા ઈચ્છતા હોય તો

Gandhi Heritage Portal

તેઓએ કોરટો ઇત્યાદિમાંથી પસાર થવું પડશે; નહીં તો તેઓ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થઈ જવાના ભયમાં આવી પડે.

પણ એનો અર્થ કંઈ એવો તો નથી જ કે અસહકારી વકીલ એજન્સીમાં વકીલાત કરવા જાય; એનો અર્થ એવો પણ નથી કે અસહકારીએ જાણીજોઈને એજન્સીમાં કોરટે ચડવું; એનો અર્થ એવો પણ નથી કે અસહકારી તરીકે તેણે કંઈ કામ એજન્સીમાં કર્યું હોય તો તે બાબતમાં પોતે વકીલ રાખી શકે; પણ તેનો અર્થ એવો છે ખરો કે અસહકારીના પૈસા લેણા દેશી રાજ્યોમાં હોય તો તેની બાબતમાં તે દેશી રાજ્યોની કોરટમાં લડી શકે છે ને ત્યાં વકીલને રોકી શકે છે. આપણો અસહકાર દેશી રાજ્યો કે તેમની કોરટની સાથે નથી, એટલે દેશી રાજ્યોની કોરટની સાથેનો સંબંધ સર્વથા ત્યાજ્ય નથી.

પણ આ બધાં કામોમાં ગૂંચવાડા રહેલા છે. તેથી અસહકારી એવી કફોડી સ્થિતિમાં પોતાને ન મૂકે. અને તેથી જ હું ઘણી વેળા કહી ગયો છું કે દેશી રાજ્યના અસહકારીઓએ દેશી રાજ્યોની ખટપટમાં બને ત્યાં લગી હાલ ન પડવું એ ઠીક છે; નહીં તો તે તેમાં જ ગૂંથાઈ જવાનો સંભવ છે. પણ જેને તેમ કરવામાં બાધ નથી અથવા તો જે અનાયાસે તેવા કોઈ ઝઘડામાં આવી પડે તેને કાયદેસર લડી લેવામાં અસહકારની આજની નીતિ પ્રમાણે હું બાધ નથી જોતો.

દેશી રાજ્યના પ્રશ્ન બાબત મજકૂર ભાઈઓ પકડાયા છે, દેશી રાજ્યોની રૈયતના હક ઉપર એજન્સી અમલદારે તરાપ મારી છે. તેમાં તેઓને રીતસર પગલાં ભરવામાં કશી અડચણ હોય એમ મેં નથી જોયું. તેઓ બંને બ્રિટિશ હિંદુસ્તાનમાં અસહકારી હોવા છતાં કાઠિયાવાડમાં પકડાય તો જામીન આપી છૂટી શકે છે, પોતાનો બચાવ કરી શકે છે.

એજન્સી પણ બ્રિટિશ સલ્તનતનું અંગ છે એવો પ્રશ્ન ઊઠી શકે છે. દેશી રાજ્યની કોરટ સુધી તો સમજાય, પણ એજન્સીની કોરટનું સમજાતું નથી, એમ કોઈ કહે. આમાં બે પક્ષ છે. એજન્સી જેમ બ્રિટિશ સલ્તનતનું અંગ છે તેમ જ દેશી રાજ્યનું અંગ છે. દેશી રાજ્યોની હસ્તીને લઈને એજન્સીની હસ્તી છે. તેથી દેશી રાજ્યોના પ્રશ્નોને અંગે એજન્સીની કોરટમાં જઈએ; પણ એજન્સીમાં અસહકારનો પ્રચાર કરવા ગયા તે બાબત પકડયા હોય તો તેમનાથી ન બચાવ થાય, ન જામીન આપી છુટાય. ને તેથી મેં મૂળથી જ સલાહ આપી છે કે દેશી રાજ્યોની હદમાં અસહકાર દાખલ ન કરવો; ત્યાં કેવળ સ્વદેશી ઇત્યાદિ પ્રવૃત્તિઓ, જેને વિષે કંઈ તકરારનું કારણ જ ઊભું ન થઈ શકે, તેને અને તે પણ આર્થિક અને નૈતિક દૃષ્ટિએ ખીલવવી; તેથી જ ત્યાં મહાસભાની સમિતિઓ વગેરે ન રાખવાં, પણ જેઓ મહાસભામાં જોડાવા ઇચ્છે તેઓએ બ્રિટિશ હદમાં આવેલી કોઈ સમિતિમાં જોડાઈ જવું.

આ બધાં ધર્મસંકટોમાં શુદ્ધ ઉકેલ કરવાની એક ચાવી છે, તેનો ઉપયોગ કરવાથી ભૂલ થાય જ નહીં. અમુક પગલું ભરવામાં આપણને પ્રેરનાર જો કોઈ પ્રકારનો ડર હોય કે સ્વાર્થ હોય, જેમ કે જેલ જવાની કાયરતા, તો તે કામ આપણે ન કરવું, અસહકારી નીડર ને નિઃસ્વાર્થ જોઈએ. સત્યપરાયણ, અહિંસક, નીડર ને નિઃસ્વાર્થ અસહકારી ભૂલ નહીં કરે. તે પોતાના અંતરાત્માને પૂછી સુખેથી આગળ ધપ્યે જાય.

### આથી ઊલટું

અસહકારથી વિરુદ્ધ વર્તણૂક ભાસે એવા દાખલા ઉપરની નોંધમાં વિચાર્યા. ઇંદોરથી એક ખબરપત્ર લખે છે તે એથી ઊલટો દાખલો છે. તે લખે છે કે ઇંદોરમાં ના. શાહજાદા આવવાના

Gandhi Heritage Portal

હતા ત્યારે ઇંદોરની છાવણીમાં રહેતા ત્રણ ગૃહસ્થો — પંડિત આર્યદત્ત, શેઠ છોટાલાલ તથા શેઠ બદરીનારાયણને છાવણી છોડી જવાનો હુકમ મળ્યો. આનો તેમણે અનાદર કર્યો. તેઓ પકડાયા. તેઓએ ન વકીલ રાખ્યા, ન બચાવ કર્યો. તેઓ એક માસની આસાન કેદ ભોગવી રહ્યા છે. આમ અહીં મહાસભાએ ઠરાવેલા અસહકારનું પગલું ભરતાં માણસો પકડાયા ને જેલમાં ગયા. એ જ ખબરપત્રી જણાવે છે કે બીજા ચૌદ સ્વયંસેવકોને પણ પકડી લીધા છે. એક રામનારાયણ કરીને પહેલવાન છે તેમને એક સોલ્જરે સખત માર માર્યો છતાં તેમણે શાંતિ જાળવી, જોકે તેમનામાં પેલા સોલ્જરને પૂરા પડવાની તાકાત પુષ્કળ હતી.

### "આભડછેટ અદકેરું અંગ"[૧]

એક "અંત્યજ" ભાઈ અમરેલીથી લખે છે :

> આપની જન્મભૂમિમાં અંત્યજો તરફ વધારે તિરસ્કાર છે. કાઠિયાવાડમાં આભડછેટની વાત જ શી કરવી! હું પોરબંદર સુધી જઈ આવ્યો છું. રાજકોટ, ભાવનગર, અમરેલીમાં બેચાર ટકા ઓછી છે, પણ એકંદરે ગુજરાત કરતાં કાઠિયાવાડમાં બહુ વધારે છે.

"મારી જન્મભૂમિ" એટલે શું? બાપના કૂવામાં ડૂબી મરવું એ પુત્રત્વનું લક્ષણ નથી. ઉપરનો કાગળ ઉતારીને હું "જન્મભૂમિ"થી શરમાઉં છું. જે કાઠિયાવાડમાં નરસિંહ મહેતા જેવો ભક્ત રહ્યો, જ્યાં સુદામાએ પોતાનું ચરિત્ર પ્રગટ કર્યું, જ્યાં સ્વામીનારાયણે[૨] વિહાર કર્યો, જ્યાં અર્જુનના સારથિએ સ્ત્રીપુરુષને પોતાની પાછળ ઘેલાં કરી મૂક્યાં તે કાઠિયાવાડમાં ત્યાંના ધીરા લોકો અધર્મને ધર્મ માને, આભડછેટને પુણ્ય માની મનુષ્યજાતિનો તિરસ્કાર કરે, એનું પરિણામ અધોગતિ સિવાય બીજું શું હોઈ શકે?

પણ હું કાઠિયાવાડની આશા છોડું તો મારે મારી પોતાની આશા છોડવી પડે. કાઠિયાવાડના યુવકોએ ખાદીનગરમાં પાયખાનાં સાફ કરવાની હામ ભીડી હતી એ હું ભૂલ્યો નથી.[૩] કાઠિયાવાડમાં ઘણા યુવકો અંત્યજોની સેવા કર્યા કરે છે. આવા કાર્યનો સરવાળો થવાને બદલે હવે ગુણાકાર થવાની જરૂર છે, ને જો એમ થાય તો કાઠિયાવાડની ઉપર જે આક્ષેપ આવે છે તે દૂર થાય. આ પ્રશ્નનો ઉકેલ યુવક વર્ગની ધીરજ, તેઓનાં વિવેક ને ધર્મપરાયણતા ઉપર આધાર રાખે છે. યુવકવર્ગ મર્યાદા છોડી વડીલોને વગોવે તો તેઓનો અસ્પૃશ્યતાને છોડવાનો ખ્યાલ પ્રસરી ન શકે. અસ્પૃશ્યતાને અધર્મ ગણી બીજા ધર્મોનું સૂક્ષ્મ રીતે પાલન કરી જ્યારે યુવકવર્ગ વર્તન કરે ત્યારે તેની છાપ સમાજ ઉપર પડ્યા વિના ન જ રહે.

### મોતીલાલ તેજાવત અને ભીલો

આ બાબતની તપાસ કરવા રા. મણિલાલ કોઠારી મારી સૂચનાથી શિરોહી વગેરે સ્થળે ગયા. અને તેમના તરફથી જે ખબર મળેલ છે તે ઉપરથી જણાય છે કે ભાઈ મોતીલાલ તેજાવતે મુખ્યત્વે મદ્યનિષેધનું, માંસાહાર છોડાવવાનું વગેરે કામ ભીલોમાં કરેલ છે. ભીલોમાં તેમની પ્રવૃત્તિથી જાગૃતિ આવી છે એમાં શક નથી. જો તે ભીલોનાં ટોળાંને લઈને ફરત નહીં અને

૧. ૧૭મી સદીના ગુજરાતના જ્ઞાની કવિ અખાના ભજનમાંથી.
૨. સ્વામી સહજાનંદ (૧૭૮૧–૧૮૩૦); સ્વામીનારાયણ નામના વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક.
૩. ૧૯૨૧ના ડિસેમ્બરમાં અમદાવાદમાં મળેલા કોંગ્રેસ અધિવેશનના સમયે.

Gandhi Heritage Portal

દરેક જગ્યાએ તેમને મળી શકાય તેમ તે રહેત તો કંઈ જ ટીકાનું કારણ ન રહેત. રા. મણિલાલની મારફતે તેમણે મને કાગળ મોકલ્યો છે તે નીચે આપું છું[1] :

આ કાગળમાં કેટલુંક અજ્ઞાન છે. અંગ્રેજનો તો કંઈ સંબંધ નથી અને રાજ્યો પાસે રીતસર વાત તો લાવવી જ જોઈએ. રા. મણિલાલ કહે છે કે તેમને પાલનપુરમાં, દાંતામાં ને શિરોહીમાં રાજ્યો તરફથી પૂરી મદદ મળેલી. મોતીલાલે તથા ભીલોએ પણ તેમનું સાંભળેલું છે ને તેઓ શાંતિથી જ કામ લેવા ઇચ્છે છે. મારી ઉમેદ છે કે રાજ્યો ભીલોની તકરાર સાંભળી તેમને ન્યાય આપશે તો ભીલો સુખી થશે. મોતીલાલનાથી કંઈ દોષ થયા હોય તોપણ તે દરગુજર કરી અને તેની ભીલો ઉપર પડેલી અસરનો સારો ઉપયોગ કરી ભીલોની સ્થિતિ સુધારવા તરફ રાજ્યો લક્ષ આપે તો રાજાપ્રજા બંનેનું ભલું થવાનો સંભવ છે.

## પરદેશી કાપડની ચોકી

ઝરિયાથી જે પત્ર મને સવિનયભંગની યાદ દેવડાવનારો આવ્યો તેમાં એક દુ:ખદ ખબર પણ છે. ત્યાંના વેપારીઓએ પરદેશી કાપડ નહીં મંગાવવાની પ્રતિજ્ઞા લીધેલી તે તોડી છે એમ ખબરપત્રી લખે છે. વેપારીની પ્રતિજ્ઞાની જેટલી પ્રાચીન કાળમાં કિંમત હતી તેટલી જ આ કાળમાં ઓછી થઈ ગઈ લાગે છે. આમ પ્રતિજ્ઞાભંગની ખબરો કલકત્તેથી પણ આવી છે. આવે સમયે જો પિકેટિંગ — ચોકી — ન કરે તો માણસ શું કરે એ પ્રશ્ન ખડો થાય છે. શાંત ચોકી કરવાનો આપણો હક છે એમાં તો મને જરા પણ શંકા નથી. શાંત ચોકી પણ હમેશાં શાંત નથી હોતી એમ હું જાણું છું, તેથી એ ચોકીની સામે થયા કરું છું. વળી પરદેશી કાપડનો અણગમો જ્યાં સુધી સામાન્ય ન થઈ ગયો હોય ત્યાં લગી ચોકી કરવી અયોગ્ય લાગ્યા કરે છે. જે રિવાજની સામે લોકમત પૂરો ન કેળવાયો હોય તે રિવાજ દૂર કરવાની ચોકીને લોકમત ન સહન કરે એવું પણ બને. આ એક પક્ષ.

બીજો પક્ષ એ રહ્યો કે જ્યાં પ્રતિજ્ઞાભંગ થાય ત્યાં ભંગ કરનારને શરમાવનારા અને ભંગ કરનારથી લોકોને સાવધાન કરનારા કંઈ ઇલાજ આપણી પાસે હોવા જોઈએ. તે ઇલાજો પૈકી બે વિવેકી ઇલાજો છે — એક ચોકી ને બીજો સંબંધત્યાગ. બંનેમાં ભાવ એક જ રહેલો છે. જે વેપારી પાકેલી હૂંડી પાછી વાળે તેની સાથે તો વ્યવહાર બંધ કરવાનો સમાજનો હક છે. આ સંબંધત્યાગમાં ન્યાતિબહિષ્કાર કે સેવાબહિષ્કાર નથી આવતો, પણ કેવળ વ્યાપારત્યાગ આવે છે. આવો ત્યાગ હમેશાં શક્ય નથી હોતો, તેથી ચોકી એ જ એક વ્યવહારુ ને સરળ રસ્તો રહે છે. મહાસમિતિની બેઠક પહેલાં હું આ નોંધ (મંગળવારે) લખી રહ્યો છું.[2] સમિતિ શો નિર્ણય કરે છે તે જોવાનું છે. પણ ઝરિયાના ગૃહસ્થોને તો હું એટલી જ સલાહ આપું કે જ્યાં ચોખ્ખો પ્રતિજ્ઞાભંગ થયો છે ત્યાં કેવળ શાંતિમય ચોકી કરવાનો તેઓને અધિકાર છે. તે અધિકારનો ઉપયોગ કરતાં પહેલાં તેઓ વચનભંગ કરેલા ગૃહસ્થોની પાસે જાય ને તેઓને વીનવે અને ચેતવે એ જરૂરનું છે. બધા પ્રતિબંધોને વિષે એટલું યાદ રાખવું જોઈએ કે પ્રતિબંધો શાંતિ જાળવવાને ખાતર મૂકવામાં આવે છે. જ્યાં શાંતિભંગ થવાનો લેશમાત્ર પણ ભય નથી ત્યાં

૧. આ કાગળ અહીં આપ્યો નથી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે તેજાવતે ભીલોમાં સત્યાગ્રહ દાખલ કર્યો હતો, આથી દેશી રાજ્યોના સત્તાધારીઓ નાખુશ હતા. તેમણે કે બ્રિટિશ સત્તાવાળાઓએ તેમની વિનંતીઓ તરફ ધ્યાન આપ્યું ન હતું.

૨. દિલ્હીમાં તા. ૨૪-૨-૧૯૨૨ને દિવસે મળેલી અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠક.

Gandhi Heritage Portal

ચોકીનો પ્રતિબંધ હોવા છતાં ચોકી કરાય. રામજસબાબુ જેવા પ્રતિષ્ઠિત ગૃહસ્થને કોઈ વચનભંગ કરેલા વેપારીની દુકાનની ચોકી કરતા કોણ રોકે? હા, એટલી શરત ખરી કે તેમનાથી પણ સાથે હજાર સ્વયંસેવકોની ટુકડી રાખીને ચોકી ન કરાય. જે ચોકીમાં હેતુ ભય ઉપજાવવાનો નહીં પણ શરમ ઉપજાવવાનો જ છે તેમાં ચોકીદારો અનેક ન હોય પણ બેચાર જ હોય; જાણીતા હોય ને ચારિત્ર્યવાન હોય.

પણ મારી તો વેપારીમાત્રને દીન વિનંતી છે કે તેઓ પ્રજાને કે મહાસભાના સેવકોને ચોકીની ઉપાધિમાં કે જવાબદારીમાં ન રોકે. પરદેશી કાપડનો ત્યાગ દેશમાં ખૂબ થઈ રહ્યો છે. દેશના લાખો રૂપિયા તેથી બચી ગયા છે; ગરીબોના ઘરમાં તેમાંના હજારો પેસી ગયા છે. આવી અર્થ અને ધર્મલાભની પ્રવૃત્તિને તેઓ પોતાના સ્વાર્થને ખાતર વચનભંગ કરીને કેમ રોકે? તેમની ચોકી કરવી પડે એ તેઓથી જ કેમ સહ્યું જાય? વેપારી અને પતિવ્રતા નાર એક સ્થિતિમાં હોવાં જોઈએ. બંનેએ પોતાની ચોકીથી લજ્જિત થવું જોઈએ. જેમ પતિવ્રતા નાર પોતાના શિયળનો ભંગ કરે ત્યારે પ્રજા ઉપર ભારે આઘાત પહોંચે છે તેમ જ વેપારી જ્યારે વચનભંગ કરે ત્યારે પ્રજા ઉપર ભારે પ્રહાર કરે છે. વેપારીઓ આ ધર્મયજ્ઞમાં શું પોતાનાં વચનો પાળવા જોગો પણ ભાગ નહીં લે?

## અમદાવાદની સ્વયંસેવિકાઓ

રતનપોળમાં ખાદીપ્રચારનું કામ કરનારી સ્વયંસેવિકાઓના કામની તવારીખ મારી પાસે પડી છે. સેવિકાઓએ કરેલો પરદેશી કાપડના વેપારીઓ સાથેનો સંવાદ તેમાં છે. કાપડ લેવા આવનારી બહેનોની સાથે થયેલી વાતચીતની નોંધ પણ તેમાં છે.

આ બહેનોએ પરદેશી કપડાં ખરીદવા જનાર બહેનોની સાથે વાત કરી તેનું પરિણામ એ આવ્યું કે ખરીદવાને બદલે તેઓ પાછી ગઈ ને પરદેશી કપડાં નહીં લે એમ કબૂલ કર્યું. વ્યાપારીઓને સમજાવતાં વેપારીઓ ન સમજ્યા. તેઓએ તો બહેનોને ઉડાવી — "આટલો માલ છે તે તો વેચ્યે જ છૂટકો, પછી પરદેશી કાપડ નહીં લઈએ." આનો અર્થ કંઈ જ ન થયો એમ સહુ કોઈ જાણે છે. જે માણસ ખીસામાં પડેલી બીડી કે બાટલીમાં પડેલો દારૂ પીધા પછી બીડી કે દારૂ છોડવાનો વિચાર કરે તે કદી છોડી શકે જ નહીં. પીનાર પોતાની પાસે રહેલાં બીડી કે દારૂ ફેંકી દે છે ત્યારે જ મુક્ત થાય છે. પડેલો માલ વેચનારનો ભંડાર કોઈ દહાડો ખૂટે જ નહીં એવું બને છે. વળી વેપારીએ કહ્યું, "અમે હમણાં ન વેચીએ તો અમને ખોટ જાય તે કોણ ભરે?" આમાં અવિવેક હતો. દેશને ખાતર એટલી સામાન્ય અગવડ પણ જે માણસ ન સહે તેની પાસેથી શી આશા રખાય? ઘરાકી ન હોય ત્યારે, બજાર મંદ પડે છે ત્યારે, લૂંટ થાય છે ત્યારે નુકસાની કોણ ભરે છે? દેશહિતને ખાતર જે ત્યાજ્ય વેપાર છે એમ આપણને ખબર પડે છે તેનો ત્યાગ કરવો એમાં શો આપભોગ છે એ જ હું તો નથી સમજતો.

પણ આવી સ્થિતિમાં બહેનોએ શું કરવું? બહેનોએ લોકોને વિનયપૂર્વક સમજાવવા; મહેણાં ન મારવાં, પણ ધીરજથી લાભાલાભની દલીલ કરવી; અને તેમ છતાં પણ ન માને તો શાંત થવું, પણ વધારે દલીલમાં ઊતરી વિખવાદ વહોરી ન લેવો. જેઓની પાસે જથ્થાબંધ પરદેશી માલ પડ્યો હોય તેઓની આશા રાખવી તેના કરતાં જેઓ થોડું પરદેશી કાપડ ખરીદવા આવે છે તેની સમજ પર, તેના દેશાભિમાન પર વધારે વિશ્વાસ રાખવો એ જ ઇષ્ટ છે.

Gandhi Heritage Portal

### નવજીવનનો બહિષ્કાર નથી

મેં ગયે અઠવાડિયે એક ખબરપત્રીએ આપેલી ખબર બહાર પાડી કે વેરાવળમાં નવજીવનનો બહિષ્કાર સત્તાધીશોએ કરેલો છે. બીજા ખબરપત્રી લખે છે કે આ ખબર પાયા વિનાની છે, તેઓ પોતે નવજીવન લોકોને આપે છે ને કોઈ રોકતું નથી.

### ખાદીનો ભરાવો

નવજીવનમાં વાંચનારે મહાસભાના ખાદીકાર્યાલયની "જાહેરખબરો" જોઈ હશે. નવજીવનમાં જાહેરખબર તો હોય જ નહીં. તેને અપવાદ કેમ શોભે એમ ધારી પાછું એની જાહેરખબર આપવાનું બંધ કર્યું છે. તેથી ખાદીકાર્યાલય પોકાર કરે છે. નવજીવને તે જાહેરખબરના પૈસા તો લીધા જ નથી એ મારે કહી નાખવું જોઈએ. બંને પક્ષ સાચા છે. નવજીવનની બધી જગા વાંચવાલાયક વસ્તુમાં જ રોકવાનો ઇરાદો હોવાથી મફત જાહેરખબરો લેવાનું પણ મુશ્કેલ કામ છે. કોનું લેવું ને કોનું ન લેવું? એમ છતાં ખાદીને ખાતર તો નવજીવન નભે છે એમ પણ કહેવાય, તેથી હું તેને જાહેરખબરરૂપે આપવા કરતાંયે વધારે મહત્ત્વ આ વેળા તો આપવા ઇચ્છું છું. ખાદી ગુજરાતમાં કોઈ જગાએ પડી ન જ રહેવી જોઈએ. જ્યાં લગી ગુજરાતમાં હજુ પરદેશી કાપડ પહેરનારા પડ્યા છે ત્યાં લગી ખાદી વાપરે છે એમ તો કહેવાય જ કેમ? તેથી મારી ઉમેદ છે કે જેટલી ખાદી કાર્યાલય પાસે પડી છે તે વેપારીઓ અને વાપરનારા લઈ તે કાર્યાલયને બીજી ખાદીનો ભંડાર ભરવાનો અવકાશ આપશે. કોટની ખાદીનો દર વારે અર્ધો રૂપિયો ને પહેરણની ખાદીનો દર વારે સાત આના રાખેલો છે. મહાસભા પ્રાંતિક સમિતિને લખી આટલો ભાર જે વાંચનાર ઓછો કરી શકે તે કરે એવી મારી સલાહ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૨–૧૯૨૨

## ૧૯૬. છાપાંના પ્રતિનિધિઓને મુલાકાત

દિલ્હી,

ફેબ્રુઆરી ૨૬, ૧૯૨૨

મહાત્મા ગાંધીએ છાપાંના પ્રતિનિધિઓની એક મુલાકાત દરમ્યાન નીચેનાં મહત્ત્વનાં વિધાનો કર્યાં હતાં:

તેમણે કહ્યું કે અખિલ હિંદ કોંગ્રેસ સમિતિની કાર્યવાહી ધ્યાનપૂર્વક અભ્યાસ કરવા જેવી હતી.

એ સમિતિમાં જે કંઈ બન્યું તે બધું જાહેર કરવાની સ્થિતિમાં હું નથી. એનું કારણ એ નથી કે તેમાં કશું છુપાવવા કે શરમાવા જેવું છે. એક વસ્તુ તદ્દન સ્પષ્ટ હતી કે બારડોલીના ઠરાવો[૧] વિષે ઊંડી નિરાશા અને ભારે રોષ સુધ્ધાં દર્શાવવામાં આવ્યાં હતાં. આ ઠરાવો સરકારની યાદીનો[૨] જવાબ[૩] આપવામાં આવ્યો ત્યાર પછી તરત જ કરવામાં આવ્યા હોઈ, વાઇસરૉય

૧. ફેબ્રુઆરી ૧૧મી અને ૧૨મીના.
૨. ફેબ્રુઆરી ૬ઠ્ઠીનો; જુઓ પરિશિષ્ટ ૨.
૩. ફેબ્રુઆરી ૭મીનો.

Gandhi Heritage Portal

પરના મારા પત્રમાં[૧] વિચારવામાં આવેલાં પગલાંમાંથી પીછેહઠ કરવાનાં કારણો સમજવાનું કે તેની કદર કરવાનું સભ્યો માટે મુશ્કેલ હતું. હું પંડિત માલવિયાજીની અસર હેઠળ કામ કરી રહ્યો હતો એવી એક આશંકા સાંભળવામાં નહોતી આવી પણ ખરેખર અનુભવી તો શકાતી જ હતી. મારો મત માલવિયાજીથી તદ્દન સ્વતંત્ર રીતે અને ચૌરીચૌરાની કરુણ ઘટના પછી હું તેમને મળ્યો તે પહેલાં મેં બાંધ્યો હતો એમ હું બતાવી શકયો હતો. પંડિતજીની સમજાવટને લીધે કોઈ મુદ્દામાં મેં નમતું આપ્યું હતું એવો એકરાર હું કરી શકું એના કરતાં બીજી કોઈ પણ વાતથી મને વ્યક્તિગત રીતે વધારે ખુશી ઊપજી ન હોત. અસહકાર અને સવિનયભંગની આ બાબત અંગે પંડિતજીથી જુદો મત ધરાવતાં મને હમેશ દુઃખ થયું છે. છતાં માત્ર લાગણીની તીવ્રતા દર્શાવવા માટે જ હું આ વાતનો નિર્દેશ કરું છું.

અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના સભ્યોએ કડવી નિરાશા અને રોષ છતાં પાછળથી અને પૂરી ચર્ચાવિચારણા બાદ બારડોલીના ઠરાવોને સંગીન રીતે મંજૂર કર્યા તે વસ્તુ કૉંગ્રેસ પ્રત્યેની તેમની નિષ્ઠા અને તેમણે દર્શાવેલી શિસ્તના અચૂક પુરાવારૂપે છે. મારે કબૂલ કરવું જોઈએ કે મને પોતાને સ્પષ્ટતા કરતા ઠરાવની ભાષા ગમતી નથી. તે નાહક વિવરણાત્મક થઈ ગયો છે. વ્યાખ્યાઓ, કૉંગ્રેસની નીતિ અને સવિનયભંગ વિષે ફરી ફરીને કરેલો આગ્રહ મને અસ્થાને લાગે છે. પરંતુ બાબત જ્યારે ક્ષુબ્ધ બનેલી લાગણીને શાંત કરવાની અને ગેરસમજ અને ખોટો અર્થ થતો ટાળવાની બની ગઈ ત્યારે મને લાગ્યું કે અસ્પષ્ટ અને દ્વિઅર્થી દેખાવા કરતાં, સ્પષ્ટતા કરતા ઠરાવમાં થયું છે તેમ એક જ અર્થના અનેક શબ્દો વપરાય અને શબ્દાડંબર થાય તે વધારે સારું છે.

સર વિલિયમ વિન્સન્ટે કરેલો બારડોલીના ઠરાવોનો અર્થ હું સામાન્ય રીતે એક વાર સ્વીકારી લઈ શકું. તેઓ જે એમ કહે છે કે બારડોલીના ઠરાવોનો અર્થ કોઈ પણ સ્વરૂપે નીતિપલટો અથવા કૉંગ્રેસના અસહકારના કાર્યક્રમમાં ફેરફાર એવો થતો નથી અને તેનો અર્થ માત્ર સામુદાયિક સવિનયભંગની મોકૂફી તેમ જ વધુ સૂચના મળે નહીં ત્યાં સુધી આક્રમણાત્મક પ્રકારની બીજી પ્રવૃત્તિની મોકૂફી થાય છે તે તદ્દન સાચું છે. તેનો આના સિવાય બીજો કોઈ અર્થ હોઈ જ ન શકે. બારડોલીના ઠરાવો લોકોને ઉદ્દેશીને કરવામાં આવ્યા હતા અને તેમનો હેતુ પ્રાયશ્ચિત્ત સ્વરૂપનો હતો તથા એ હેતુ લડત સાથે સહાનુભૂતિ ધરાવતા લોકોને હિંસામાં માનનારાઓ તરફની સહાનુભૂતિની જરૂર નથી એટલું જ નહીં પરંતુ એ સહાનુભૂતિ આપણા કાર્યને માટે હાનિકારક પણ છે એ હકીકત નિશ્ચિત સ્વરૂપે પુરવાર કરી આપવાનો પણ હતો.

છતાં મારે મારા ટીકાકારોને સાવધાન કરવા જોઈએ અને હું જાણું છું કે આમાંના કેટલાક ખૂબ માયાળુ હોવા છતાં છેલ્લે છેલ્લે ખૂબ જ લાગણીવશ બની ગયા છે. બે ખાસ બાબતો બાદ કરતાં સ્પષ્ટતા કરતા ઠરાવમાં બારડોલીના ઠરાવોની વિગતોમાં કોઈ મૂળભૂત ફેરફાર કરવામાં આવ્યો છે એવો અર્થ તારવવા સામે આવા ટીકાકારોને હું સાવધાન કરવા ઇચ્છું છું. આમાંનો એક ફેરફાર સ્થાનિક કૉંગ્રેસ સમિતિની સીધી દેખરેખ હેઠળ, સારી વર્તણૂક માટે જાણીતા કાર્યકરો દ્વારા પરદેશી કાપડના પ્રામાણિક પિકેટિંગની ફરીથી પરવાનગી આપવા અંગે છે. પરદેશી કાપડ વાપરનારાઓ સહિત સામાન્ય લોકોના એ કાપડ પ્રત્યેના અણગમા તરફ પરદેશી કાપડના વેપારીઓ બેપરવા બન્યા છે તેની સામે તથા હવે પછીથી પરદેશી કાપડ

૧. ફેબ્રુઆરી ૧લીનો.

Gandhi Heritage Portal

આયાત નહીં કરવાનાં તેમણે જ આપેલાં ગંભીર વચનનો તેમણે ભંગ કર્યો છે તેની સામે પણ કડવી ફરિયાદ કરવામાં આવી છે. આ દેશમાં હવે પછી પરદેશી કાપડની આયાત ન કરવાની લોકોની લાગણીની વેપારીઓએ કેવળ પૈસા બનાવવાની દાનતથી અવગણના કરી છે. આવા વેપારીઓના દેશદાઝવિહોણા અને સ્વાર્થી વલણનો લોકોએ વિરોધ કર્યો તે યોગ્ય જ થયું છે. પરદેશી કાપડ પ્રત્યેનો આ વિરોધ કોઈ પણ જાતના દ્વેષથી કરવામાં આવ્યો છે એમ માનવું ગંભીર ભૂલ ગણાશે. પરદેશી કાપડનો અણગમો રાષ્ટ્રીય જાગૃતિનો પુરાવો છે, એ સૌથી મહત્ત્વની આર્થિક સત્ય હકીકતનો પુરાવો છે અને હિંદુસ્તાનની મિલોમાં ઉત્પન્ન થયેલા કાપડના ઉપયોગ સામે વધી રહેલા અણગમાથી પણ આ વિધાનને વધારાનું સમર્થન મળી રહે છે. હિંદુસ્તાનના મિલઉદ્યોગમાં જેઓ રોકાયા છે તેમના પ્રત્યે દ્વેષભાવ હોવાનો કોઈ સવાલ જ ન હોઈ શકે. લોકોને જેમ હોટલમાં રાંધેલો ખોરાક ખરીદવો પાલવે નહીં તેમ મિલોમાં પેદા થયેલું કાપડ પણ ખરીદવાનું પાલવે નહીં એ વાત જ્યાં સુધી દેશને સમજાશે નહીં — તેને એ સમજાશે એવું હું તો માનું છું — ત્યાં સુધી પરદેશી કાપડની દુકાનોનું પિકેટિંગ કરવાની સર્વસંમત માગણીનો સામનો કરી શકાય તેમ નથી. હું તો માત્ર એટલી જ આશા રાખું કે જે વેપારને પરિણામે રોજ ને રોજ વધતી જતી લોકોની કંગાલિયત જન્મી છે તેમાં આટલાં બધાં વર્ષોથી રોકાયેલા વેપારીઓ સમયનાં એંધાણ વર્તીને જાગ્રત થઈ જશે અને જાપાનના અમીરોની પેઠે જ થોડો ભોગ આપવાની આવશ્યકતાનો સ્વીકાર કરશે. પરદેશી કાપડના વેપારના ત્યાગને હું કેવળ એટલા માટે નજીવો ગણું છું કે વેપારીઓ ખાદીના ઉત્પાદન અને વેપારની વ્યવસ્થાના કામમાં પોતાનું ધ્યાન ચોંટાડે તો તેમને માનભર્યો વ્યવસાય મળી રહે, અને એ રીતે શાંતિમય પિકેટિંગની પણ જરૂર ન પડે. તેઓ જો માત્ર સહકાર આપે તો હું દેશના ઉત્તમ સ્ત્રીપુરુષોની શક્તિને, પરદેશી કાપડની દુકાનો પરના પિકેટિંગ પરથી ઉઠાવીને, તેઓ બની શકે તેટલા જલદીથી નિષ્ણાત કાંતનાર, વણનાર અને પીંજનાર તેમ જ ખાદીઉત્પાદકો બની જાય તે તરફ ખુશીથી વાળું.

બીજો ફેરફાર એ છે કે સંરક્ષણાત્મક કે આક્રમણાત્મક પ્રકારનો વ્યક્તિગત સવિનયભંગ કરવાની સત્તા અખિલ હિંદ કોંગ્રેસ સમિતિએ પ્રાંતોને ફરીથી આપી છે. એનો અર્થ એવો નથી કે પ્રાંતોએ તુરતાતુરત વ્યક્તિગત સવિનયભંગ ચાલુ કરવાનો છે. પરંતુ સંજોગો જોતાં આવશ્યક હોય અને પ્રાંતમાં જરૂરી અહિંસક વાતાવરણ જામ્યું હોય, તો દરેક પ્રાંતને એ પ્રમાણે કરવાની તે પૂરી સત્તા આપે છે. પ્રાંતોને ગયા નવેમ્બરમાં દિલ્હીમાં[1] જે સ્વાયત્તતા આપવામાં આવી હતી તે તેમને ફરીથી સોંપવામાં આવી છે એ સાચું, છતાં તેઓ પૂરેપૂરી વિચારણા કર્યા વિના કે નકામી ઉતાવળ કરીને આ સત્તાનો ઉપયોગ ન કરે એવી મારી તેમને આગ્રહપૂર્વકની સલાહ છે. સંજોગો સવિનયભંગને અનિવાર્ય બનાવતા ન હોય તો તેમણે થોડો વિરામ લેવો અને જે સ્વયંસેવકો કોંગ્રેસની પ્રતિજ્ઞાની જરૂરિયાતોની પ્રત્યેક વિગતમાં માનતા ન હોય તેમનાં નામ સ્વયંસેવકોની યાદીમાંથી રદ કરવાં એવી પણ મારી તેમને સલાહ છે.

વ્યક્તિગત સવિનયભંગ ફરી શરૂ કરતાં પહેલાં પ્રાંતો પોતાનું કામકાજ સંપૂર્ણ રીતે વ્યવસ્થિત કરશે અને માત્ર વર્તનમાં જ નહીં પરંતુ વિચાર અને વાણીમાં પણ સંપૂર્ણ અહિંસાના પાલનની ખાતરી કરી લેશે તો ખરેખર લડતની શક્તિમાં વધારો થશે. એકંદરે દેશે અહિંસાની ભાવના કેળવવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે એ વાત સંપૂર્ણ રીતે સાચી હોવા છતાં, સુધારાને

૧. જુઓ પુસ્તક ૨૧, પા. ૩૬૯–૭.

Gandhi Heritage Portal

હજુ ઘણો અવકાશ છે અને આપણે કાયમને માટે અનિશ્ચિત દશામાં છીએ એનો ઇનકાર થઈ શકે તેમ નથી. વ્યક્તિગત કે સામુદાયિક સવિનયભંગ માટેનું આદર્શ વાતાવરણ બેશક સંપૂર્ણ શાંતિનું વાતાવરણ છે. સવિનયભંગમાં દેખાવોને સ્થાન ન હોવું જોઈએ. પકડાનાર દરેકે દેખાવ કરનારાઓના સરઘસ વિના જ જેલ જવાનું છે. હજુયે ટોળાંની ઇચ્છા તો અદાલતોમાં ઊભરાવાની અથવા તો સત્યાગ્રહીઓને જેલમાં લઈ જવાતા હોય ત્યારે તેમની પાછળ પાછળ સરઘસાકારે જવાની હોય છે.

બીજી અનેક બાબતો એવી છે જેનો હું નિર્દેશ કરી શકું અને જેના પર ધ્યાન દેવાની જરૂર છે. એટલે વ્યક્તિગત સવિનયભંગ માટે ઠરાવેલી શરતોનું પાલન કરવામાં આવતું હોય ત્યાં સુધી દરેક પ્રાંતને પોતાની ઇચ્છા મુજબ કરવાની સ્વતંત્રતા હોવા છતાં તેમણે ઉતાવળ ન કરવી એવી મારી સલાહ છે.

સવાલ : અમુક પ્રવૃત્તિઓ મોકૂફ રાખવામાં આવી અને અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ તેમને ફરી ચલાવવાની મંજૂરી આપી એટલા ટૂંકા ગાળામાં આવી મંજૂરી આપવી વાજબી ગણાય એટલા પ્રમાણમાં વાતાવરણ સાફ થયું છે એમ આપને લાગે છે?

જવાબ : આ મુદ્દા વિષે ખુદ ઠરાવ જ સંપૂર્ણ રીતે સ્પષ્ટ છે એવું મેં માન્યું હતું. બારડોલીના ઠરાવો જોશો તો તમને સામુદાયિક સવિનયભંગ માટે એક કડક શરત મુકાયેલી જણાશે. તમે જોશો કે ઠરાવમાં વ્યક્તિગત સવિનયભંગની જુદી જ રીતે છણાવટ કરવામાં આવી છે. એની મોકૂફી માત્ર વધુ સૂચના મળતાં સુધીની જ છે. એનો સ્પષ્ટ રીતે અર્થ એ થાય કે સામુદાયિક સવિનયભંગ મોકૂફ રાખવામાં આવતો હતો ત્યારે, કારોબારી સમિતિએ બીજી પ્રવૃત્તિઓ મોકૂફ રખાવવાનું, અને પોતે પરિસ્થિતિને સંપૂર્ણ રીતે સમજવાનું [અને] તેટલા ખાતર એ બાબત વિષે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિને પૂછવાનું જરૂરી માન્યું હતું. હવે તેમાં એક જ સુધારો કરવામાં આવ્યો છે કે વ્યક્તિગત સવિનયભંગ ફરી શરૂ કરવાનો સમય અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ પોતે નક્કી કરે તેને બદલે તેણે આ જવાબદારી પ્રાંતિક કૉંગ્રેસ સમિતિઓ પર નાખી છે. આ કૉંગ્રેસ સમિતિઓ શું કરશે તે હું જાણતો નથી. તમે જોશો કે મેં પોતે જ વ્યક્તિગત સવિનયભંગ તુરતાતુરત ફરી શરૂ ન કરવાની સલાહ આપી છે. પરંતુ કોઈ પ્રાંતને લાગે કે ચૌરીચૌરાની કરુણ ઘટનાની તેને કોઈ પણ સ્વરૂપે અસર થઈ નથી અને વધારામાં કોઈ પ્રાંતને લાગે કે કૉંગ્રેસ માગે છે તે બધી શરતોનું તે પાલન કરી શકે એમ છે, તો તે પ્રાંતને વ્યક્તિગત સવિનયભંગ ફરી શરૂ કરવાનો જરૂર અધિકાર રહેશે. એટલે વચગાળાનો સમય પૂરતો છે કે નહીં અથવા તો લાંબો વખત રાહ જોવી જોઈએ કે નહીં તે વિષે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ કોઈ ચુકાદો આપ્યો નથી. દરેક પ્રાંતને પોતાનો નિર્ણય પોતે જ કરી લેવાનું જણાવવામાં આવ્યું છે અને પ્રાંતો પોતપોતાના અધિકાર વિષે જાગ્રત હતા અને સવિનયભંગ બાબતમાં પોતાનો મામલો સંભાળવાની પોતાની શક્તિ વિષે કોઈ શંકા કરે તો રોષ પણ દર્શાવતા હતા, એટલે સંભવિત છે કે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ પ્રાંતિક સ્વાયત્તતા ફરી આપવાની માગણીનો વિરોધ કરી શકી નથી.

પરંતુ ઈશ્વર તરફથી ત્રીજી વાર ચેતવણી મળ્યા છતાં જેનો કંઈ નહીં તો યુક્ત પ્રાંતમાં યોગ્ય રીતે અમલ થયો નહોતો તે પ્રાંતિક સ્વાયત્તતા આપે આટલી વહેલી શા માટે આપી?

ત્રીજી ચેતવણી હવે મને સામુદાયિક સવિનયભંગ તુરતાતુરત શરૂ કરતાં રોકે છે, સામુદાયિક સવિનયભંગ શરૂ કરતાં પહેલાં હું ૫૦ વાર વિચાર કરીશ. પ્રાંતિક સ્વાયત્તતા માત્ર તાત્પૂરતી લઈ લેવામાં આવી હતી અને વિવિધ સંગઠનો પર નિયંત્રણ મેળવવા તથા પ્રાંતો તરફના



Gandhi Heritage Portal

અનુકૂળ જવાબનું માપ કાઢવા માટે તેમ કરવામાં આવ્યું હતું. અને જે ઉમદા રીતે પ્રાંતોએ જવાબ વાળ્યો છે તે જોતાં તેમણે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની આબરૂ જાળવી છે. સ્વાયત્તતા ફરી ન આપી હોત તો એ વાતનો પ્રાંતોએ જરૂર વિરોધ કર્યો હોત. એ જ રીતે એમ કહેવું પણ શક્ય નથી કે પ્રાંતિક સ્વાયત્તતા ન હોત તો ચૌરીચૌરાની કરુણ ઘટના બનવા પામી ન હોત. એક બાજુથી કૉંગ્રેસની દૃષ્ટિએ ટોળાંનાં કૃત્યોને વખોડી કાઢવાનું વધારેપડતું કડક ગણી શકાય, પરંતુ પ્રજાની દૃષ્ટિએ હું સલામત રીતે એટલું કહી શકું કે આ અંગેનો દોષ કૉંગ્રેસ સંસ્થાઓ અને સરકાર વચ્ચે કાંઈ નહીં તો સરખે ભાગે વહેંચી કાઢી શકાય. મારું કહેવું એ છે કે અહિંસામાં શ્રદ્ધા ધરાવવા માટે તથા કૉંગ્રેસના મામલાને પહોંચી વળવાની શક્તિ ધરાવવા માટે જાણીતા થયેલા નેતાઓને જાણીજોઈને ખસેડી લઈને સરકારે સામાન્ય ધોરણે વિચારતાં ખરેખર લોકો પર અયોગ્ય બોજો મૂકયો હતો. આવી ભયંકર કરુણ ઘટના બનવા પામે એ આશ્ચર્ય પામવા જેવી બાબત નથી, તેમ ટોળાનો રોષ કાંઈ ગોરખપુર જિલ્લામાંનો કે હિંદુસ્તાનમાંનો વિશિષ્ટ બનાવ છે એવું પણ નથી, કેમ કે દુનિયાના બધા ભાગોમાં ટોળાંએ આવો રોષ અગાઉ પ્રગટ કરેલો છે. તેથી કૉંગ્રેસે કરેલી નિંદા તેની અહિંસાની પ્રતિજ્ઞાને લીધે છે.

કૉંગ્રેસે નક્કી કરેલી શરતો અંગે થયેલી પ્રગતિનો વિચાર કરતાં સ્વરાજ મળતાં કેટલો સમય લાગશે એ આપ કહી શકો ?

અનેક ચીજો એવી છે જેની મદદથી હું અમુક દિવસ નક્કી કરી શકું અને બીજી અનેક ચીજો એવી પણ છે જે મને ચોક્કસ દિવસ નક્કી કરતાં અટકાવે છે. એટલે સમયની આગાહી કરવી મારે માટે બહુ મુશ્કેલ છે.

આપે સરમુખત્યારીની સત્તાનો કદી ઉપયોગ કર્યો છે ?

કદી નહીં. આવી સત્તાનો ઉપયોગ કરવા માટે કોઈ કાયદેસરનો પ્રસંગ પણ ઉપસ્થિત થયો નથી, કેમ કે સરકારના દમનથી કૉંગ્રેસ સંગઠન પાંગળું બની જાય ત્યારે જ એનો ઉપયોગ કરી શકાય.

માનો કે આપ ગિરફતાર થઈ ગયા તો આપના અનુગામી સરમુખત્યારની આપ નિમણૂક કરવાના છો ?

ના. મને આવી કોઈ નિમણૂક કરવાનો જરાયે અધિકાર નથી. કૉંગ્રેસ સંગઠન બહુ સારી રીતે કામ કરી રહ્યું હોવાથી આવી કોઈ સત્તા હજુ સુધી મને મળી નથી.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १–३–१९२२

Gandhi Heritage Portal

# ૧૯૭. નોંધ

## મહાસભાના અંધભક્ત ન થઈએ[1]

આપણે મહાસભાના અંધ ઉપાસક ન બનીએ. હરેક સ્ત્રીપુરુષ મહાસભાવાદી થાય અને તેના ઠરાવોને સમજપૂર્વક અને ખુશીથી અનુસરે એ વિચાર મને પસંદ છે. પણ મહાસભા એક જૂની કે મહાન સંસ્થા છે એટલા જ વિચારે કોઈ તેના સભાસદ બને અથવા પોતાને રુચે કે ન રુચે છતાં તેવા ઠરાવોને આધીન થાય એ વિચાર જરાયે પસંદ કરવાલાયક નથી. બહુમતીનો નિયમ અમુક હદ સુધી જ લાગુ પડે છે. નાની બાબતોમાં જ બહુમતીને આધીન થવાય. બહુમતીના ગમે તેવા ઠરાવને વશ થવું એ તો ગુલામી જ કહેવાય. જેમ કે જેને ધારાસભા થોડેઘણે અંશે પણ કલ્યાણદાયક સંસ્થા લાગતી હોય તેણે મહાસભાના ઠરાવને માન આપવા ખાતર જ તેમાંથી નીકળી જવું અથવા તેને માટે ઉમેદવારી ન કરવી એ હું તો ખોટું ગણું. તે જ પ્રમાણે માત્ર મહાસભા કહે છે તેથી જ પોતાની વકીલાત બંધ કરવી એ વકીલોને માટે ખોટું છે. લોકશાસન એટલે જેમાં લોકો ગાડરની માફક વરતે એવું રાજ્ય નહીં. લોકશાસનમાં વ્યક્તિગત વિચારની અને કાર્યની સ્વતંત્રતાનું સાવધાનીપૂર્વક રક્ષણ થવું જોઈએ. તેથી હું માનું છું કે મહાસભાને નામે કંઈ ન કરે ત્યાં સુધી લઘુમતીને પોતાના મત પ્રમાણે વર્તવાનો પૂરો હક છે. વકીલાત કરતો વકીલ મહાસભાનો સભ્ય બની શકે, તે અસહકારી ન ગણાય. તે મહાસમિતિનો સભ્ય ન થઈ શકે અને તેણે થવું પણ ન જોઈએ. તે જ રીતે જેણે શુદ્ધ ખાદી ધારણ ન કરી હોય, જેની પાસે ખિતાબ હોય અથવા જે ધારાસભાનો સભ્ય હોય તે મહાસભાના દફતરમાં નામ નોંધાવી શકે, પણ તે અસહકારી ન ગણાય.

મહાસભાનો સભાસદ, પોતાને માન્ય ન હોય તેવા તેના ઠરાવોથી બંધાઈ જતો નથી, એટલું જ નહીં પણ તેનાથી આગળ વધવાનો પણ તેને હક છે એમ હું માનું છું. આમાં માત્ર શરત એટલી કે તેનું કાર્ય મહાસભાના સિદ્ધાંતનું વિરોધી ન હોવું જોઈએ અને તે મહાસભાના નામે થતું ન હોવું જોઈએ. ધારો કે મહાસભાની શરતો અમુક પ્રાંતોને અનુકૂળ ન હોય, તે પ્રાંતે પોતાનો મત પણ તેની વિરુદ્ધ આપ્યો હોય, વળી તે પ્રાંતને એમ લાગતું હોય કે પોતે પોતાનું કામ ચલાવી શકે તેમ છે, તો આવા પ્રાંતને આગળ જવાનો અને તેમાં સફળતા મેળવી પોતાનું વિરોધી પગલું વાજબી હતું એમ બતાવી આપવાનો પૂરો હક છે. મહાસભાના ઠરાવો આખા દેશને સારુ દૃઢભાજકના જેવા હોઈ શકે. અમુક પ્રાંતની જરૂરિયાતો માટે તેમાં બહુ ઊણપ રહેતી હોય એ સમજી શકાય એવું છે. આવા પ્રાંતને જો પૂરતી શ્રદ્ધા હોય અને તેનું કાર્ય મહાસભાના હિતને હાનિકારક ન હોય તો પોતાની જવાબદારીએ, પોતાની ઢબ મુજબ તે બેશક આગળ ધપી શકે છે. આવા સાહસને મહાસભા વખોડે એવા પ્રસંગને સારુ તે પ્રાંતે તૈયાર રહેવું જોઈએ. મારા મત પ્રમાણે લોકશાસનનું રહસ્ય આમાં જ છે. જે મેં ઉપર બતાવ્યું છે તે કૌટુંબિક સવિનયભંગનું ઉદાહરણ છે. એવા વર્તનથી જ આપણે અંધભક્તિથી બચી શકીએ.

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર *નવજીવન*, ૧૨–૩–૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

## ખિલાફત સમિતિ માટે

સ્વયંસેવકો માટેની કૉંગ્રેસની પ્રતિજ્ઞાની શરતો ખિલાફતના સભ્યો માન્ય રાખતા નથી અને તેઓ ધાર્મિક વાંધાઓ ઉઠાવે છે એવી ફરિયાદ મને ઘણે ઠેકાણેથી મળી છે. કૉંગ્રેસ વખતે નામાંકિત ઉલેમાઓએ સઘળા ધાર્મિક વાંધાઓની વિચારણા કરી છે અને તેમની સાથે ચર્ચા-વિચારણા કરીને આ પ્રતિજ્ઞા તૈયાર કરવામાં આવી છે એટલું જણાવવાની હું હિંમત કરું છું. તેથી કૉંગ્રેસને પોતાનો પૂરો સહકાર આપવાનો હું ખિલાફત સમિતિઓને આગ્રહ કરું છું. ખિલાફત સમિતિના સભ્ય હોય એવા પ્રત્યેક મુસલમાને કૉંગ્રેસના સભ્ય બનવાની પોતાની ફરજ સમજવી જોઈએ. રાષ્ટ્રીય સંસ્થા એક જ હોઈ શકે. અને એ સંસ્થા કૉંગ્રેસ છે, અને હિંદુઓ જેટલી જ મુસલમાનોએ પણ તેને પોતાની સંસ્થા ગણવી જોઈએ. હિંદુમુસ્લિમ એકતા પ્રદર્શિત કરવા માટે ઓછામાં ઓછું આટલું તો કરવું જ જોઈએ.

## ખાદી અનિવાર્ય છે

જમિયત-ઉલ-ઉલેમાએ[1] સ્વયંસેવકો માટેની જે પ્રતિજ્ઞા કારોબારી સમિતિ પર મોકલી આપી છે તે ખૂબ જ અસંતોષકારક છે, એ જાણી મને દિલગીરી થાય છે. આ પ્રતિજ્ઞામાં અંગત ઉપયોગ માટે ખાદી વાપરવાનો આગ્રહ રાખવામાં આવ્યો નથી. દરેક શરત કૉંગ્રેસની પ્રતિજ્ઞાનો મહત્ત્વનો ભાગ છે અને તેને હું હિંદુમુસ્લિમ એકતા જેટલી જ મહત્ત્વની ગણું છું. આ એકતાને તોડી નાખો એટલે સ્વરાજ પણ તૂટી જશે. ખાદીનો ત્યાગ કરો એટલે તમે જોશો કે લોકોને આર્થિક અને નૈતિક અધોગતિમાંથી ઊંચે લાવવાનું અશક્ય થઈ જશે. જો તમે અહિંસાને વરેલા હો તો જુદી જુદી જાતિઓ વચ્ચેની એકતા અને હિંદુસ્તાનનાં છ કરોડ ઘરોમાં ફરી વારની રેંટિયાની સ્થાપના તમને સરકાર સામે લડવા માટેનું જરૂરી સામર્થ્ય આપશે. તમે એકતા વિના અને રેંટિયા વિના સરકાર સામે શસ્ત્રો વડે સહેલાઈથી લડી શકો એ વાત હું ખુશીથી સ્વીકારું છું. તેને પરિણામે સ્વરાજ નહીં આવે પરંતુ એક લુટારુ તેનાથી વધારે બળવાન લુટારુને પોતાનું સ્થાન આપશે અને આ બેની વચ્ચે લોકો વધારે કચડાશે. આવા ભાવિ સામે હિંદુસ્તાનને ચાહનાર હિંદુઓ અને મુસલમાનો બંનેને, મારું મરણપર્યંત લડવાનું આમંત્રણ છે. એટલે કારોબારી સમિતિની વિનંતીનો તાત્કાલિક અમલ કરવા મારી જમિયતને વિનંતી છે. એકંદરે તો ખિલાફત સમિતિઓ કૉંગ્રેસ સંગઠનોને વધારે બળ અને સહકાર આપી રહી છે. જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ આ સહકાર વધારે મજબૂત બનવો જોઈએ. આ બે સંસ્થાઓ વિરુદ્ધ દિશામાં કામ કર્યે જાય એવો ભય રહે છે. એક આંખને બીજી આંખના સંપૂર્ણ સહકારની જરૂર પડે છે તેમ એક સંસ્થાએ બીજી સંસ્થાને સહકાર આપવો જોઈએ.

આ બે સંસ્થાઓમાં કામની વિવિધતા હશે એમાં કોઈ શક નથી. પરંતુ મહત્ત્વની બાબત અંગે, એટલે અહિંસા, ખાદી અને બધી કોમોની એકતા બાબતમાં વિવિધતાને અથવા વત્તાઓછા પ્રમાણને કોઈ અવકાશ નથી. મારી સમજ એવી છે કે ખાદી હમેશાં મળતી નથી એવું જમિયતને કહેવામાં આવ્યું છે. અલબત્ત, કાર્યકરોએ જે થોડાં સ્થળો પર તેમને સોંપેલી ફરજ અદા કરી નથી ત્યાં તે મળી શકતી નથી. પરંતુ તેમણે જાણવું જોઈએ કે મુંબઈ અને અમદાવાદમાં અને

૧. મુસ્લિમોની એક ધાર્મિક સંસ્થા.

Gandhi Heritage Portal

બીજાં ઘણાં સ્થળો પર જોઈએ તેટલી ખાદી મળી શકે છે. નીચે જણાવેલા દરે અમદાવાદની ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ખાદી પૂરી પાડે છે :

કોટપાટલૂન માટેની ખાદી ૯ આને વાર

ખમીસ માટેની ખાદી ૭ આને વાર

### નકામો ગભરાટ

હું દિલગીર છું કે કેટલાક હિંદુઓ અને મુસલમાનોમાં હું એવો ગભરાટ ફેલાયેલો જોઉં છું કે હું તેમની શ્રદ્ધાને ડગમગાવી રહ્યો છું અને અહિંસાની મારી દૃઢ હિમાયતથી હિંદુસ્તાનને કદી ભરપાઈ ન થઈ શકે એવું નુકસાન પહોંચાડી રહ્યો છું. તેમની નીતિ હિંસા છે એવો ભાસ તેઓ લગભગ કરાવે છે. તેમની હાજરીમાં હું પરાકાષ્ઠાએ પહોંચતી અહિંસાની વાત કરું તો તેમના દિલને આઘાત પહોંચાડું છું. મહાભારત અને કુરાનમાંથી હિંસાની છૂટ આપતાં અથવા પ્રશંસા કરતાં વચનો ટાંકીને તેઓ મને ગૂંચવે છે. મહાભારત વિષે તો હું સંકોચ વિના લખી શકું, પરંતુ મને આશા છે કે ખૂબ જ ભક્તહૃદયના મુસલમાનો પેગંબર સાહેબના પેગામને સમજવાના મારા અધિકારનો ઇનકાર કરશે નહીં. કોઈ પણ ધર્મે હિંસાને નીતિ તરીકે સ્વીકારી નથી અને બધા જ ધર્મોમાં મોટે ભાગે અહિંસા ફરજરૂપે છે છતાં માત્ર કેટલાકમાં જ હિંસાની છૂટ અપાયેલી છે એવું કહેવાની હું ધૃષ્ટતા કરું છું. પરંતુ હિંદુસ્તાન સમક્ષ મેં અંતિમ સ્વરૂપની અહિંસા મૂકી નથી. કૉંગ્રેસના મંચો પરથી જે અહિંસાની મેં હિમાયત કરી છે તે નીતિ તરીકેની અહિંસા છે. પરંતુ નીતિનું પણ વિચાર, વાણી અને વર્તનમાં પાલન કરવાની જરૂર હોય છે. પ્રામાણિકપણું એ ઉચ્ચ નીતિ છે એમ હું માનતો હોઉં તો, હું એ પ્રમાણે માનતો હોઉં ત્યાં સુધી, મારે વિચાર, વાણી અને વર્તનમાં પ્રામાણિક રહેવું જોઈએ. નહીં તો હું ઠગારો જ બનું. અહિંસા નીતિ તરીકે હોય એનો અર્થ એ થાય કે તે નિષ્ફળ કે બિનઅસરકારક પુરવાર થાય ત્યારે યોગ્ય સમયની ચેતવણી આપીને તેને પડતી મૂકી શકાય. પરંતુ સરળ નીતિના પાલન માટે એ જરૂરી છે કે જ્યાં સુધી એક ચોકસ નીતિનું અનુસરણ કરવામાં આવતું હોય ત્યાં સુધી તેનું પૂરા દિલથી અનુસરણ કરવું જોઈએ. કોઈ એક નિશ્ચિત માર્ગ પર કૂચકદમ કરવામાં સરળ નીતિ રહેલી છે, પરંતુ જે સૈનિક એ માર્ગ પર ડગમગતા પગે ચાલતો હોય તે તુરત જ બરતરફ થવાને પાત્ર બને છે. તેથી લોકો જ્યારે મારી સાથે શ્રદ્ધા વિના અહિંસાની વાત કરે છે અથવા અહિંસા શબ્દનો ઉલ્લેખ થતાંની સાથે ગભરાટમાં પડી જાય છે ત્યારે હું શંકાશીલ બની જાઉં છું. એક યુક્તિ તરીકે તેમને અહિંસામાં શ્રદ્ધા ન હોય તો તેમણે તે ફગાવી દેવી જોઈએ. પરંતુ તેમનું હૃદય તેનો વિરોધ કરતું હોય ત્યારે તેમને એક યુક્તિ તરીકે તેમાં શ્રદ્ધા છે એવો દાવો તેમણે ન કરવો જોઈએ. એક યુક્તિ તરીકે પણ હિંસામાં શ્રદ્ધા ન ધરાવવા છતાં હું કોઈ હિંસામાં માનનાર પક્ષમાં જોડાઉં અને અસ્વસ્થ હૃદયે બંદૂક ઝાલું તો તે કેટલું ખતરનાક નીવડે! એક માખીને મારવાની શક્તિ મારામાં છે એમ હું કહું તો વાચક મારી એ વાતમાં વિશ્વાસ રાખશે. પરંતુ માખોને પણ મારવામાં હું માનતો નથી. હવે માની લો કે એક યુક્તિ તરીકે હું માખી મારવાની કોઈ ટુકડીમાં જોડાયો. આ ટુકડીમાં હું જોડાઉં તે પહેલાં શું મારી પાસે એવી અપેક્ષા નહીં રાખવામાં આવે કે માખી મારનારા લશ્કરમાં હું રહ્યો હોઉં ત્યાં સુધી મારે મળી શકે એવાં સંહાર કરવાનાં બધાં જ સાધનોનો ઉપયોગ કરવો જોઈએ? જેઓ કૉંગ્રેસ અને ખિલાફત સમિતિઓના સભ્યો છે તેઓ આ સાદું સત્ય સમજશે તો ખરેખર આપણે

Gandhi Heritage Portal

કાં તો આ લડતનો આ જ વર્ષમાં વિજયથી અંત લાવીશું અથવા અહિંસાથી એટલા તો કંટાળી ગયા હોઈશું કે તેનો ઢોંગ છોડી દઈને બીજા કોઈ કાર્યક્રમની યોજના તૈયાર કરવા લાગી ગયા હોઈશું.

સ્વામી શ્રદ્ધાનંદજી જે પ્રસ્તાવ રજૂ કરવા માગતા હતા તેને માટે તેમની નિરર્થક ટીકા કરવામાં આવી છે એમ હું માનું છું. તેમની દલીલ તદ્દન પ્રામાણિક છે. તેઓ માને છે કે એક સમૂહ તરીકે આપણે અહિંસામાં નીતિ તરીકે પણ ખરેખર શ્રદ્ધા ધરાવતા નથી. તેથી અહિંસાનો કાર્યક્રમ આપણે કદી પણ પાર પાડી શકીશું નહીં. તેથી તેઓ કહે છે કે આપણે ધારાસભાઓમાં જઈએ અને જે કંઈ ટુકડા મળે તે લઈએ. જે લોકો મોઢેથી તો અહિંસાની વાતો કરે છે પણ છેવટની મુક્તિ માટે હિંસાની રાહ જુએ છે તેમની સ્થિતિની અવાસ્તવિકતા બતાવવાનો તેઓ પ્રયત્ન કરી રહ્યા હતા. કૉંગ્રેસીઓ આ નીતિમાં પૂરી શ્રદ્ધા ધરાવતા ન હોય તો તેઓ તેને અનુસરવાનો દંભ કરીને દેશને નુકસાન કરી રહ્યા છે એમ હું ભારપૂર્વક કહું છું. ભવિષ્યની સરકારનો પાયો જો હિંસા પર રચાવાનો હોય તો ધારાસભ્યો સૌથી વધારે શાણા છે એમાં જરા પણ શક નથી. અત્યારના વહીવટકર્તાઓ જે યુક્તિઓ વાપરીને આપણા પર રાજ ચલાવે છે, તે જ યુક્તિઓ વડે ધારાસભાઓ દ્વારા, ધારાસભ્યો તેમના હાથમાંની સત્તા પડાવી લેવા માગે છે. જે લોકો પોતાના દિલમાં હિંસા સેવે છે તેમને અહિંસાની ખાલી મોઢાની હિમાયતથી લાભ નહીં મળે એ વિષે મને સહેજ પણ શંકા નથી. તેથી હું મારી બધી શક્તિથી ભારપૂર્વક કહું છું કે જેઓ અહિંસામાં ન માનતા હોય તેમણે કૉંગ્રેસ અને અસહકારમાંથી નીકળી જવું જોઈએ અને સંજોગો પ્રમાણે ચૂંટણી લડવાની અથવા કાયદાની અદાલતોમાં કે સરકારી કૉલેજોમાં ફરી દાખલ થવાની તૈયારી કરવી જોઈએ. અહિંસક સાધનો દ્વારા સ્થાપવામાં આવેલું સ્વરાજ, સશસ્ત્ર બળવાથી સ્થાપી શકાતાં સ્વરાજ કરતાં જુદા જ પ્રકારનું હશે એ વિષે કોઈ જાતની શંકા રાખવાની જરૂર નથી. આવા સ્વરાજ હેઠળ પણ પોલીસો અને સજાઓ તો રહેશે જ. પરંતુ આજે આપણે લોકો અને સરકાર તરફથી જે પાશવતા આચરવામાં આવતી જોઈએ છીએ તેવી પાશવતા માટે તેમાં કોઈ અવકાશ નહીં હોય. અને જેઓ અહિંસાની નીતિમાં સંપૂર્ણપણે માનતા ન હોય તેમણે, તેઓ હિંદુઓ હોય કે મુસલમાન હોય, અસહકાર અને અહિંસા બંનેનો ત્યાગ કરવો જોઈએ.

મારે વિષે કહું તો મારો એવો પાકો વિશ્વાસ છે કે હિંસાની જીતને કુરાન કે મહાભારતમાં કોઈ સમર્થન મળ્યું નથી કે મંજૂરી અપાઈ નથી. કુદરતમાં જોકે અપાકર્ષણ એટલે કે એક-મેકથી દૂર જવાનો ગુણ પૂરતા પ્રમાણમાં રહેલો છે, છતાં તેની હયાતી તો આકર્ષણ વડે જ છે. પરસ્પરના પ્રેમ વડે કુદરત ટકી રહી છે. માણસ વિનાશ કરીને જીવતો નથી. આત્મપ્રેમ બીજાઓ પ્રત્યે આદર બતાવવાની ફરજ પાડે છે. રાષ્ટ્રો સંગઠિત રહે છે કેમ કે તેના નાગરિકોમાં પરસ્પર આદર હોય છે. જેમ આપણે કૌટુંબિક કાનૂનનો વિસ્તાર કરી વિશાળ કુટુંબ જેવા રાષ્ટ્રનું નિર્માણ કર્યું છે તેમ કોક દિવસે આપણે રાષ્ટ્રપ્રેમનો વિસ્તાર કરી તેમાં સમસ્ત વિશ્વને આવરી લઈશું. હિંદુસ્તાન આવું આદર્શ રાષ્ટ્ર બને એવો ઈશ્વરનો આદેશ છે. કેમ કે, બુદ્ધિ વડે જાણી શકાય ત્યાં સુધી હિંદુસ્તાન સશસ્ત્ર બળવો કરીને પેઢીઓની પેઢીઓ સુધી સ્વતંત્ર થઈ શકે તેમ નથી. રાષ્ટ્રીય ધોરણે હિંસાનો ત્યાગ કરીને હિંદુસ્તાન સ્વતંત્ર બની શકે. હિંદુસ્તાન હવે હિંસા પર આધાર રાખતા રાજઅમલથી કંટાળી ગયું છે. મારે મન સપાટ મેદાનોવાળા પ્રદેશોનો આ સંદેશો જ છે. સપાટ મેદાનોમાં વસતા લોકો સશસ્ત્ર લડાઈ વ્યવસ્થિત રીતે કેમ લડવી તે જાણતા નથી. પરંતુ તેમને સ્વતંત્રતા જોઈએ છે એટલે તેમણે સ્વતંત્ર તો બનવું જ જોઈએ. હિંસાથી

Gandhi Heritage Portal

કબજે કરેલી સત્તાનું પરિણામ માત્ર તેમને વધારે જોસથી પીસવામાં આવશે એ વાત તેમને સમજાઈ ગઈ છે.

ગમે તેમ પણ અહિંસાના ધર્મને નહીં પણ નીતિને જન્મ આપનારી વિચારસરણી આ પ્રમાણેની રહી છે. અને જેમ હિંસામાં માનતો કોઈ એક મુસલમાન કે હિંદુ તેના પોતાના કુટુંબમાં અહિંસાની નીતિનું પાલન કરે છે તેમ તે બંનેને તેમના પરસ્પરના સંબંધોમાં અને અંગ્રેજી સહિત બીજી જાતિઓ અને વર્ગો સાથેના સંબંધોમાં નિર્વિવાદ રીતે અહિંસાની નીતિનું પાલન કરવાની હાકલ કરવામાં આવી છે. આ નીતિમાં જેઓ માનતા નથી અને સંપૂર્ણ રીતે તે મુજબ વર્તવા માગતા નથી તેઓ આ આંદોલનમાં રહીને તેની પ્રગતિને રોકી રહ્યા છે.

### પ્રાંતિક સમિતિઓને સલાહ

આ રીતે પ્રાંતિક સંસ્થાઓ પાસે હું શું કરાવવા માગું છું તે સ્પષ્ટ છે. બની શકે ત્યાં સુધી હાલમાં તેમણે સરકારી હુકમોનો અનાદર ન કરવો જોઈએ. તેમણે તેમનાં હૃદયની ખોજ કરતાં પહેલાં આગળ પગલું ન ભરતાં કેવળ શાંત વાતાવરણ ઊભું કરવું જોઈએ. રોષમાં આવીને નોતરેલા કારાવાસે આપણને કોઈ ફાયદો કર્યો નથી. જેલને ખાતર જેલ ન હોઈ શકે એવા મુસલમાનોના દૃષ્ટિબિંદુ સાથે હું સંમત છું. હિંદુઓનું પણ એ જ દૃષ્ટિબિંદુ છે. કારાવાસ માત્રને ઉપયોગી બનાવવો હોય તો તે ધર્મ કે દેશને ખાતર, અને દિલમાં રોષ કે હિંસાની ભાવના રાખ્યા વિના ખાદી પહેરેલાં સ્ત્રીપુરુષોએ વહોરવો જોઈએ. પ્રાંતોની પાસે આવાં સ્ત્રીપુરુષો ન હોય તો તેમણે સવિનયભંગ બિલકુલ શરૂ જ ન કરવો જોઈએ.

### રચનાત્મક કાર્યક્રમ

રચનાત્મક કાર્યક્રમ તેથી જ તૈયાર કરવામાં આવ્યો છે. તે આપણને સ્થિર અને શાંત બનાવશે, તે આપણામાં સંગઠનની ભાવના જગાડશે, તે આપણને ઉદ્યમી બનાવશે, તે આપણને સ્વરાજને લાયક બનાવશે, તે આપણા લોહીને ઠંડું કરશે. આપણા પર થૂંકવામાં આવશે, આપણી હાંસી ઉડાવાશે, આપણને ગાળો દેવામાં, આપણને લાત લગાવવામાં કે શાપ આપવામાં આવશે. આપણે અહિંસાની પ્રતિજ્ઞાથી બંધાયેલા હોવા છતાં હૃદયમાં રોષ રાખ્યો એટલે આ બધું આપણે સહન કરી લેવું જોઈએ. મારે નિખાલસભાવે કહેવું જોઈએ કે જ્યાં સુધી આપણે વિચારપૂર્વક આપણી ભૂલો સુધારીશું નહીં, અહિંસાની ભાવના કેળવીશું નહીં અને ખાદી પેદા કરીશું નહીં ત્યાં સુધી ખિલાફતને કોઈ અસરકારક સહાય કરી શકીશું નહીં, પંજાબના અન્યાયનું નિવારણ કરાવી શકીશું નહીં, તેમ જ સ્વરાજ હાંસલ કરી શકીશું નહીં. રચનાત્મક કાર્યક્રમનો જોરદાર ને તાત્કાલિક અમલ કરવાની આવશ્યકતા વિષે મારા સહકાર્યકરો અને જનતાને હું ખાતરી કરાવી ન શકું તો મારી આગેવાની પૂરેપૂરી નિરર્થક છે.

શાંતિપૂર્ણ એટલે અહિંસક અને વાજબી એટલે સત્યપૂર્ણ સાધનો દ્વારા સ્વરાજ મેળવવામાં માનતા હોય તેવા આપણે આખા હિંદુસ્તાનમાંથી એક કરોડ સ્ત્રીપુરુષો મેળવી શકીએ એમ છીએ કે નહીં તે આપણે જાણવું જોઈએ.

સ્વદેશીના કાર્યક્રમને આગળ ધપાવવા માટે આપણે પૈસા મેળવવા જોઈએ અને ટિળક સ્મારક સ્વરાજ ફાળા માટે ગયા વર્ષની દર સો રૂપિયાની આવકમાંથી એક રૂપિયો પ્રામાણિકપણે આપવા ખુશી હોય તેવા કેટલા માણસો હિંદુસ્તાનમાં છે તે આપણે જાણવું જોઈએ. સમિતિ આ ફાળો કોંગ્રેસીઓ અને સહાનુભૂતિ ધરાવનારાઓ પાસેથી મેળવવાની અપેક્ષા રાખે છે.

Gandhi Heritage Portal

ઘેરઘેર રેંટિયો દાખલ કરવા માટે અને જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં ત્યાં ખાદીનું ઉત્પાદન અને વહેંચણી કરવા માટે આપણે પાણીની જેમ પૈસા વાપરવા જોઈએ.

આપણે લાંબા સમયથી અસ્પૃશ્ય ભાઈની અવગણના કરી છે એ વિષે શંકા નથી. તેણે બહુ લાંબા સમયથી આપણી ગુલામી કરી છે. આપણે હવે તેની સેવા કરવી જોઈએ.

દારૂના આપણા પિકેટિંગે થોડો ફાયદો કર્યો છે પણ તે નક્કર ન ગણાય. દારૂ પીનારના ઘરમાં આપણે ન પ્રવેશીએ ત્યાં સુધી આપણે કોઈ સાચી પ્રગતિ કરીશું નહીં. તે શા માટે દારૂ પીએ છે, એની જગ્યાએ આપણે શું આપી શકીએ તે આપણે જાણવું જોઈએ. આપણે હિંદુસ્તાનના બધા જ દારૂ પીનારાઓની વસ્તીગણતરી કરવી જોઈએ.

સમાજસેવાના ખાતા પ્રત્યે અત્યંત તિરસ્કારની નજરે જોવામાં આવે છે. અસહકારના આંદોલનનો હેતુ દ્વેષપૂર્ણ ન હોય તો એ ખાતું અનિવાર્ય છે. સંકટ આવી પડયું હોય ત્યારે આપણે મિત્ર અને દુશ્મન બંનેની એકસરખી સેવા કરવા માગીએ છીએ. એમ કરીને આપણે આપણા રાજદ્વારી અતડાપણા છતાં સૌની સાથે મીઠા સંબંધો રાખી શકીએ છીએ.

### હાંસી ઉડાવવી

સમાજસેવા અને દારૂબંધીના સુધારાની સ્વરાજ માટેની લડતના અંગ તરીકે હાંસી ઉડાવવામાં આવી. સ્વરાજ માટેની અનિવાર્ય બાબતો વિષેના અજ્ઞાનનું એ દુઃખદાયક પ્રદર્શન હતું. મારો દાવો એવો છે કે માનવમન અથવા માનવસમાજ, સામાજિક, રાજકીય અને ધાર્મિક એવા સંકુચિત વાડામાં વહેંચાયેલો નથી. એ બધા એકમેક ઉપર આઘાત-પ્રત્યાઘાત પાડતા હોય છે. ઘણા મોટા ભાગના હિંદુઓ અને મુસલમાનો આ લડતને ધાર્મિક માનીને તેમાં જોડાયા છે. સામાન્ય જનતા ખિલાફત અને ગાયને બચાવવા માટે તેમાં સામેલ થઈ છે. ખિલાફતને સહાય કરવાની મુસલમાનની આશા ફોક કરો એટલે તે કોંગ્રેસથી દૂર ભાગશે. હિંદુને એમ કહો કે કોંગ્રેસમાં જોડાવાથી તે ગાયને બચાવી નહીં શકે તો એકેએક હિંદુ કોંગ્રેસ છોડી ચાલ્યો જશે. નૈતિક સુધારો અને સમાજસેવાની હાંસી ઉડાવવી, એ સ્વરાજ, ખિલાફત અને પંજાબની હાંસી ઉડાવવા બરાબર છે.

શાળાઓના સંગઠનની પણ ઠેકડી ઉડાવવામાં આવી એનો શો અર્થ થાય છે તે આપણે જોઈએ. સરકારી શાળાઓની પ્રતિષ્ઠા આપણે તોડી નાખી છે. ૧૯૨૦માં પિકેટિંગ કરવાનું અને છોકરાઓ તરફ ધ્યાન ન અપાય તેની ફિકર ન કરવાનું કદાચ જરૂરી હતું પરંતુ હવે પછી સરકારી શાળાઓનું પિકેટિંગ કરીએ અથવા રાષ્ટ્રીય સંસ્થાઓ તરફ બેદરકાર રહીએ તો તે ગુનો થયેલો જ ગણાય. અત્યારની રાષ્ટ્રીય શાળાઓને વધારે સારા પાયા પર મૂકીને આપણે માત્ર વધારે છોકરાછોકરીઓને આકર્ષી શકીએ. અહીં તેમને એવી સંસ્થાઓમાં રહેવાનો લાભ મળે છે જેમાં તેઓ મુક્ત વાતાવરણમાં હોય છે અને જ્યાં તેમના પર ચોકી કરવામાં આવતી નથી. પરંતુ એ ઉપરાંત એમાં પીંજણ, હાથકાંતણ અને હાથવણાટની શાસ્ત્રીય તાલીમ અને દેશની જરૂરિયાત પ્રમાણેની બૌદ્ધિક કેળવણી મેળવવાનો વધારાનો ફાયદો થાય છે. સફળ અખતરો કરીને આપણે રાષ્ટ્રીય શાળાઓ અને કૉલેજોમાં અપાતી તાલીમનું ચડિયાતાપણું બતાવી આપીશું.

પંચાયતોની પણ ઠેકડી ઉડાડવામાં આવી. હિંદુસ્તાનના ઘણા ભાગોમાં લોકોએ કાયદાની અદાલતોનો આશરો લેવાનું છોડી દીધું હતું એ વાતનો ટીકાકારોને કશો ખ્યાલ નહોતો.

Gandhi Heritage Portal

આપણે જો પ્રામાણિક પંચાયતોની રચના નહીં કરીએ તો તેઓ કાયદાની ચાલુ અદાલતો તરફ જરૂર પાછા વળશે.

## રાજકીય પરિણામો

એક પણ પગલું વ્યાપક રાજકીય પરિણામો વિનાનું નથી. પૂરતી ખાદી પેદા કરવામાં આવે અને તેનો સાર્વત્રિક ઉપયોગ થાય એનો અર્થ પરદેશી કાપડનો કાયમી બહિષ્કાર થાય અને ગરીબ લોકોમાં વર્ષે સાઠ કરોડ રૂપિયાની વહેંચણી આપમેળે થઈ જાય. દારૂ અને અફીણનું અનિષ્ટ હમેશને માટે અદૃશ્ય થાય તો તેને પરિણામે વર્ષેદિવસે લોકોને સત્તર કરોડની બચત થાય અને સરકારની એટલી આવક ઘટે. અસ્પૃશ્યો માટે રચનાત્મક પ્રયત્ન કરવો એટલે કે કૉંગ્રેસની હરોળમાં એવાં છ કરોડ સ્ત્રીપુરુષોનો ઉમેરો થાય જેઓ કૉંગ્રેસની સાથે હમેશને માટે જોડાયેલાં રહેશે. સમાજસેવાનો વિભાગ જો જીવંત બને તો આજે સહકારીઓ (હિંદી હોય કે અંગ્રેજો) અને અસહકારીઓ વચ્ચે તંગ બનેલા સંબંધો ફરી સુધરે. એટલે સંપૂર્ણ રચનાત્મક કાર્યક્રમનો અમલ કરવો એટલે આપણે જે કાંઈ જોઈએ છે તે બધું મેળવવું. એ કાર્યક્રમ પાર પાડવામાં નિષ્ફળતા મળે તો તે અસરકારક સવિનયભંગ કરવાની શકયતા અભરાઈએ ચડાવ્યા બરાબર થશે.

## ખિલાફત વિષે શું ?

કેટલાક મુસલમાન મિત્રોએ કહ્યું છે: “તમારો કાર્યક્રમ સ્વરાજ માટે સારો છે પણ તે એટલો બધો ધીમો છે કે તેથી ખિલાફતને બચાવી શકાય તેમ નથી. ખિલાફતના સવાલનો ફડચો થોડા જ મહિનામાં આવી જશે એટલે તે માટે જે કંઈ કરી શકાય એમ હોય તે હમણાં જ કરવું જોઈએ.” આ સવાલ આપણે તપાસીએ. ઈશ્વરનો આભાર માનો કે ખિલાફતનું હિત ગાઝી મુસ્તફા કમાલ પાશાના હાથમાં સલામત છે. એમણે ખિલાફતની ઈજ્જત અર્વાચીન સમયનો કોઈ પણ મુસલમાન બચાવી નથી શકયો એ રીતે બચાવી છે. હું માનું છું કે હિંદુસ્તાને પૈસા દ્વારા કંઈ બહુ મદદ કરી નથી, જોકે એની કંઈક અસર જરૂર પહોંચી છે, પરંતુ હિંદુમુસ્લિમ એકતા સાધીને, અને જો તુર્કીવિરોધી નીતિ માટે ઈંગ્લંડ આગ્રહ રાખશે અને તુર્કોની વિરુદ્ધ હિંદુસ્તાનનાં સાધનોનો ઉપયોગ કરશે તો હિંદુસ્તાનને આ સરકારની સાથે કશી પણ લેવાદેવા નહીં રહે અને તે સંપૂર્ણ સ્વરાજ જાહેર કરશે, એવું સરકારને સાફસાફ શબ્દોમાં જણાવી દઈને તેણે ખિલાફતને મદદ કરી છે. આ જાહેરાતમાં જેટલું વિશેષ બળ હશે તેટલી ઈસ્લામની ઈજ્જત વધશે અને તેટલી મુસ્તફા કમાલ પાશાની શક્તિ પણ વધશે. કેટલાક લોકો એવું માને છે કે લાયકાતવાળા કે લાયકાત વિનાના થોડા હજાર માણસો જેલ જતાં સરકારને જે કામચલાઉ મૂંઝવણ થશે તે સરકારને આપણી ઈચ્છા આગળ નમવાની ફરજ પાડશે. આપણે સરકારની શક્તિ ઓછી નહીં આંકીએ. સરકાર પાસે હજુ પણ હિંસાના જુસ્સાને કચડી નાખવાની શક્તિ છે એ વાતની મને ખાતરી છે અને કોઈ પણ રીતે જેલમાં બેસી જવું એ હિંસા સિવાય બીજું કંઈ જ નથી. તોફાની ટોળાની ડંફાશોની નહીં પણ પવિત્ર અને ઈશ્વરથી ડરનાર લોકોની યાતનાની અસર પડશે. હિંદુસ્તાન જેટલું વધારે પવિત્ર બનશે તેટલું તે વધારે શક્તિશાળી બનવાનું. શરીરે નિર્બળ હોય તેમને માટેનું એકમાત્ર હથિયાર પવિત્રતા છે. શરીરે બળવાન માણસ પોતાના ઘમંડમાં ઘણી વાર પોતાના “કઠોર તત્ત્વ”ને સંગઠિત કરી સર્વશક્તિમાન ઈશ્વરના કાર્યને જ પચાવી પાડવા માગે છે. પરંતુ તે “કઠોર તત્ત્વ” તેના પોતાના જેવા નહીં પરંતુ તદ્દન ઊલટા તત્ત્વના

Gandhi Heritage Portal

સંપર્કમાં આવે છે ત્યારે તેની પાસે સામનો કરવા જેવું કશું રહેતું નથી. એક નક્કર પદાર્થ માત્ર બીજા નક્કર પદાર્થ ઉપર અને તેની વિરુદ્ધમાં ગતિ કરી શકે. તમે હવામાં કિલ્લા નહીં બાંધી શકો. એટલે અધીરા બનેલા મુસલમાનોએ એ ખુલ્લું સત્ય સમજવું જોઈએ કે તોફાની ટોળાની એકમાત્ર અવ્યવસ્થિત ડંફાશ જો જેલ જવામાં કે મકાનોને આગ ચાંપવામાં કે શોરબકોરવાળા દેખાવો કરવામાં વ્યક્ત થતી હશે તો તે "દુનિયાની સૌથી નિશ્ચયી પ્રજા"નાં "કઠોર તત્ત્વ"ની તુમાખીને પહોંચી નહીં વળી શકે. આ ભીષણ તુમાખીનો સામનો પવિત્ર અને નમ્ર લોકોની પારાવાર નમ્રતા જ કરી શકે. પોતે કંઈ કરી શકે છે એવું માનનારને નહીં પણ નિરાધારને જ ઈશ્વર મદદ કરે છે. કુરાનનું એકેએક પાન મને બિનમુસ્લિમને આ સર્વોત્તમ બોધપાઠ આપે છે. કુરાનની એકેએક સૂરા બિસ્મિલ્લા-ઇર રહમાન ઇર-રહીમથી શરૂ થાય છે. એટલે શરીરે આપણે ભલે દુર્બળ હોઈએ છતાં આપણા આત્માને બળવાન બનાવીએ.

મુસલમાનો જો અહિંસાની નીતિને માનતા હોય તો તેમણે તેને યોગ્ય તક આપવી જ જોઈએ, પરંતુ તેમના દિલમાં ગુસ્સો હોય એટલે કે હિંસા હોય તો તેમણે તેને જરાયે તક આપી નથી એવું ગણાશે.

અત્યારની સ્થિતિમાં તો આપણી બડાશ, ધાકધમકી, બળનો દેખાવ, હિંસક પિકેટિંગ વગેરે દ્વારા આપણે બળજબરી કરીને વધારે લોકોનો સહકાર તો નહીં જ મેળવી શકીએ પણ તેમને આપણાથી અળગા કરી દઈશું. સરકાર સાથે બળજબરીથી સહકાર કરવાનો આપણે વિરોધ કર્યો હોય ત્યાં આપણે ફરજ પાડીને સહકાર મેળવવાની કેવી રીતે હિંમત કરી શકીએ? આપણે બીજાઓ પાસે જે નિયમ પળાવવાની અપેક્ષા રાખતા હોઈએ તે જ નિયમનું આપણે પાલન ન કરવું જોઈએ?

સેવર્સની[1] સંધિમાં આપણને સંતોષ થાય એવો ફેરફાર કરવામાં ન આવે તો તે પાર પડેલી ન ગણાય. પોતે કરેલી માગણીઓ કરતાં હિંદુસ્તાન ઓછાથી સંતોષ ન પામવાનો નિરધાર કરે તેમાં જ તેની શોભા રહેલી છે. આખરે, મુસ્તફા કમાલ જઝિરત-ઉલ-અરબનો[2] નિવેડો લાવવાનો આગ્રહ ન પણ કરે. મુસલમાનોને એ ફરીથી અખંડપણે સોંપી દેવામાં ન આવે ત્યાં સુધી આપણે આપણી લડત ચાલુ રાખવી જોઈએ. મુસલમાનો જો માનતા હોય કે હથિયારનો ઉપયોગ કરીને તેઓ પોતાનું ધ્યેય હાંસલ કરી શકે છે તો ભલે તેઓ અહિંસક સંગઠનથી ગમે તે ભોગે પણ છૂટા થાય. પરંતુ આમ કરવું સંભવિત નથી એવું તેમને સમજાતું હોય તો તેઓ અહિંસાનું વિચાર, વાણી અને વર્તનમાં પાલન કરે અને તેઓ જોશે કે તેમનું દુ:ખ ઓછું કરવાનો અને ખિલાફતના અન્યાયને મિટાવવાનો આના કરતાં બીજો વધારે ખાતરીલાયક અથવા ઝડપી ઉપાય એકે નથી.

### ઉત્તેજનાની જરૂર!

લડત ચાલુ રાખવા માટે લોકોને કંઈક ઉત્તેજનાની જરૂર છે એમ કેટલાક મિત્રો દલીલ કરે છે. કોઈ પણ વ્યક્તિ કે દેશને માત્ર ઉત્તેજના વડે જીવંત રાખી ન શકાય. છેલ્લા થોડા દિવસોથી આપણને આવી ઉત્તેજનાનો અતિરેક થઈ ગયો છે. એનું મારણ હવે શામક ઉપાય

૧. જેમાં તુર્ક-સામ્રાજ્યના ભાગલા કરવાની જોગવાઈ હતી.

૨. શબ્દાર્થે પ્રમાણે "અરબસ્તાનનો ટાપુ" થાય, જેમાં અધિકારી મુસ્લિમ ધર્મગુરુઓના જણાવ્યા પ્રમાણે સીરિયા, પૅલેસ્ટાઈન, મેસોપોટેમિયા તેમ જ અરબસ્તાનના દ્વીપકલ્પનો સમાવેશ થાય છે.

Gandhi Heritage Portal

કરવામાં જ રહેલું છે. એટલે જો બધી જ આક્રમણાત્મક પ્રવૃત્તિઓ બંધ પડી જતાં મંદી આવે અને લોકો આપણને છોડી દે તો તેથી આપણાં ધ્યેયમાં રુકાવટ તો નહીં જ આવે પરંતુ તેમાં મદદ થશે. તો પછી આપણે ચૌરીચૌરા જેવા બનાવની જવાબદારી માથે નહીં લેવી પડે. તો પછી પાછળ નજર કરવાના કોઈ પણ જોખમ વિના આપણે સ્થિર પગલે આગળ વધી શકીશું. પરંતુ આપણે મંદીમાંથી ઊગરી જઈએ અને લોકોને આપણી સાથે રાખી શકીએ તો લોકોએ અહિંસાનો સંદેશો ઝીલ્યો છે અને તેઓ ખંડનાત્મક કામ કરવાને જેટલા સમર્થ દેખાય છે તેટલા જ રચનાત્મક કામ કરવાને પણ સમર્થ છે એવી ચોખ્ખી સાબિતી આપણને મળશે. પરિણામ ગમે તે આવે પણ અત્યારની ઉત્તેજનાને કોઈ પણ ભોગે હળવી કર્યે જ છૂટકો છે.

## ગુલાંટ ખાધી?[1]

શ્રી કેળકરે પોતાના મરાઠા પત્રમાં બારડોલીના ઠરાવોની જે ચર્ચા કરી છે તે મેં ધ્યાનપૂર્વક વાંચી છે. મારે કબૂલ કરવું જોઈએ કે તેમણે ઘણા જ વિનય અને વિવેકભરી રીતે મારા પર ટીકા કરી છે. શ્રી કેળકરને અને તેમના જેવા વિચારવાળા બીજાઓને હું કઈ રીતે સમજાવું કે જેને તેઓ મેં ગુલાંટ ખાધી એમ કહે છે તે દરદી ઉપરની એક અનિવાર્ય શસ્ત્રક્રિયા સિવાય બીજું કંઈ જ નથી? ડગલું ભર્યું તે પર કાયમ રહેવું એ મોટો સદ્ગુણ છે, પણ જ્યારે ભરેલા ડગલા પર કાયમ રહેવા ખાતર ઉઘાડી વસ્તુસ્થિતિ સામે માણસ આંખ મીંચવા તૈયાર થાય ત્યારે તે હાસ્યાસ્પદ થઈ પડે છે.

મેં તો મોટા લશ્કરોના મોરચા સુધ્ધાં કલાકે કલાકે બદલાતા જોયા છે. ઝૂલુ બળવામાં એકવાર અમે બધા ઊંઘતા હતા. સવાર માટે અમને ચોક્કસ હુકમો મળી ચૂકયા હતા. પણ મધરાતને સુમારે અમને અચાનક જગાડવામાં આવ્યા અને અનાજની ગૂણોની થપ્પી પાછળ લપાવાનો અમને હુકમ મળ્યો, કારણ જે ટેકરી ઉપર અમે પડાવ નાખ્યો હતો તેની ઉપર દુશ્મન ઘૂંટણભર ચાલીને ચડી આવતો હતો એવા ખબર મળ્યા અને અનાજની ગૂણોની થપ્પી અમને દીવાલ તરીકે રક્ષણ આપે એમ હતી. બીજે જ કલાકે ખબર મળ્યા કે એ બધી જૂઠી બૂમ હતી. એટલે વળી પાછો અમને પોતપોતાના તંબૂમાં જઈ સૂઈ રહેવાનો હુકમ મળ્યો! આ બધી 'ગુલાંટો' જરૂરી ફેરફારો જ હતા. રોગના નિદાનમાં જેમ ફેરફાર જણાતા જાય તેમ તેના ઇલાજો પણ ફેરબદલ થતા જ જાય. વૈદને એક દિવસ શીતજ્વર લાગુ પડેલો દેખાય અને તે ક્વિનાઇન કે કરિયાતાનો કાઢો આપે; અને બીજે જ દિવસે કાળજ્વરનાં લક્ષણ માલૂમ પડે ને એ બધા ઉપચાર બંધ કરી દરદીને કેવળ આરામ અને લંઘન ઉપર રાખવાની એને સૂચના કરવી પડે. પાછળથી વળી એને ક્ષયનું આક્રમણ થતું જણાય તો વળી તે ઉપચારમાં ફેરફાર કરે અને પૌષ્ટિક ખોરાક આપવા કહે. આમાં વૈદને તોરીતરંગી કહેવો કે સાવધાન અને પ્રામાણિક કહેવો?

શ્રી કેળકરે એમ સૂચવ્યું છે કે મારે સવિનયભંગને અટકાવવો જ હતો તો મુંબઈની માલવિયા પરિષદ[2] વેળાએ તેમ કરવામાં શોભા હતી. અકારણ એમ કરવાથી તો હું ગમાર નહીં તોપણ ગાફેલ અને અસત્યાચરણી જ ઠરત. હિંદુસ્તાનનું વાતાવરણ મારી આંખને સ્વચ્છ જણાતાં છતાં અને તેવું જ રહેવાની આશા પણ આપતું હોવા છતાં માલવિયા પરિષદમાં સમાધાનીનો માર્ગ અડચણ વગરનો કરી આપવા માટે જેટલી હદ સુધી મેં મૉડરેટ ભાઈઓનું

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૫–૩–૧૯૨૨ના અંકમાંથી આપ્યું છે.
૨. ૧૯૨૨ના જાન્યુઆરીની ૧૪મી અને ૧૫મીએ મળેલી નેતા-પરિષદ.

Gandhi Heritage Portal

કહેવું કબૂલ રાખ્યું તેના કરતાં વધુ આગળ જવું એ અસત્યાચરણ ગણાત. મારું નિદાન અગર મારી ચિકિત્સા ભૂલભરેલી હતી એમ ભલે સિદ્ધ કરી આપી શકાય, પણ એ ચિકિત્સાના આધાર ઉપર મેં કરેલો નિર્ણય ખોટો હતો એમ નહીં જ કહી શકાય. તેમાંયે ખાસ કરીને ના. વાઇસરૉયે કલકત્તાના ભાષણમાં ખિલાફત અને પંજાબની બાબતમાં ચોખ્ખો નકાર અને સ્વરાજની બાબતમાં મળેલા "સુધારા"[1] તુરતને માટે બહુ છે એવું સ્પષ્ટ શબ્દોમાં સુણાવી દીધા પછી અસહકારીઓની માગણીઓને સંપૂર્ણતાએ રજૂ કર્યા સિવાય મારાથી રહી જ કેમ શકાય? એ માગણીઓ સ્પષ્ટમાં સ્પષ્ટ સ્વરૂપમાં અને તેની પાછળ રહેલી બધી ધગશ સાથે જો મેં રજૂ ન કરી હોત તો ના. વાઇસરૉય તેમ જ મૉડરેટ મિત્રો બંનેને મેં અન્યાય કર્યો ગણાત.

આમ તે વેળાએ સામુદાયિક સવિનયભંગની વાત માંડી વાળવાનું કશું જ કારણ નહોતું. તેમ કરવું એ ચોખ્ખી નિર્બળતા ગણાત. પણ ચૌરીચૌરાના બનાવે બધું વાતાવરણ ઘોર કરી મૂક્યું અને રોગીની ચિકિત્સામાં મને નવો જ વિકાર માલૂમ પડયો. અને આટલું થયા છતાં રોગીને તદ્દન નિરાળી જ ઢબે ઉપચાર કરવો જરૂરી છે એવું જો હું સ્પષ્ટમાં સ્પષ્ટ શબ્દોમાં જાહેર ન કરું તો હું ઊંટવૈદ જ ઠરું. ચૌરીચૌરાની ઘટના જાણ્યા પછી સામુદાયિક ભંગ ન થોભાવવો એના જેવી નબળાઈ બીજી એકે ગણાત નહીં. હું વાચકને ખાતરી આપું છું કે બારડોલીની તૈયારીમાં કચાશ હતી તેથી આવો નિર્ણય કરવામાં આવ્યો એ વાતને છાંટાભાર વજૂદ નથી. સામુદાયિક ભંગ મુલતવી રાખવાના નિર્ણયને અને બારડોલીની તૈયારીને કશો જ સંબંધ નથી. મારા અભિપ્રાય મુજબ બારડોલી સરકારને લડાઈ આપવાને તદ્દન તૈયાર હતું. નવજીવનમાં તેમ જ યંગ ઇન્ડિયામાં હું અનેકવેળા જણાવી ચૂક્યો છું કે બારડોલીને હું લડતને માટે પૂરેપૂરું તૈયાર માનું છું.

હકીકત એ છે કે સવિનયભંગની ચર્ચા કરતાં ટીકાકારો "સવિનય" પદનું મહત્ત્વ લક્ષમાં લેતા નથી. આ અર્થપૂર્ણ અને ભારે મહત્ત્વવાળા વિશેષણ તરફ તેઓ જાણ્યેઅજાણ્યે દુર્લક્ષ કરે છે.

બારડોલીના નિર્ણય ઉપર અને દિલ્હીની બેઠક દરમ્યાન ચાલેલા વાદવિવાદ અને વાતચીતો ઉપર જેમ જેમ હું વધુ વિચાર કરું છું તેમ તેમ એ નિર્ણયની યથાર્થતાને વિષે તેમ જ અત્યારે ઘડીભર આપણે નબળા ગણાઈને લોકો તરફથી પ્રશંસા અને ટેકો ખોઈ બેસીએ તેમ હોઈએ તો પણ બધા પ્રાંતોએ બધી તીવ્ર પ્રવૃત્તિઓ હાલ તુરતને માટે મુલતવી રાખવાની જરૂર વિષે મારી વધારે ને વધારે જ ખાતરી થતી જાય છે.

## પાપી મૂર્તિપૂજા

જોકે હું પોતે મૂર્તિપૂજક છું પરંતુ મારા ઘણા મિત્રો પોતાના કડવા અનુભવથી જાણે છે તેમ હું મૂર્તિપૂજાનો વિરોધી પણ છું. માણસના દિલમાં મૂર્તિપૂજા જડાઈ ગઈ છે અને આપણા શરીરની આપણે જેવી પૂજા કરીએ છીએ તેવી બીજા કશાની પણ કરતા નથી. પરંતુ આ નોંધમાં હું રૂઢ બની ગયેલી મૂર્તિપૂજાની વાત કરતો નથી, હું તો માત્ર દક્ષિણમાં કોઈક જગ્યાએ ધાર્મિક સરઘસો માટેના રથોમાં મારી છબી પધરાવવાનો પાપી રિવાજ શરૂ થયો દેખાય છે તે તરફ ધ્યાન દોરવા માટે આ નોંધ લખી રહ્યો છું. આવો રિવાજ પડી જશે તો પરિણામે તોફાનો જાગશે કેમ કે ધાર્મિક પર્વો દરમ્યાન કાઢવામાં આવતા રથોમાં ઐતિહાસિક કે જીવતી વ્યક્તિઓની

૧. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા.

Gandhi Heritage Portal

છબીઓ મૂકવામાં આવે એ વાત સૌ કોઈ સહન નહીં કરી લે એ હકીકત તરફ મિ. ઍન્ડ્રૂઝે તાર કરીને મારું ધ્યાન દોર્યું છે. અને સામાન્ય મૂર્તિઓને સ્થાને મારી છબી મૂકવામાં આવે તેને હું ગુનો ગણું છું. એનાથી આ અંધભક્તિ કરનારાઓને કોઈ લાભ થાય એમ નથી અને જે ભક્તો પોતાની મૂર્તિઓનું અપમાન થવાનો વિચાર કદાચ સહન કરી શકતા નથી તેમના પર જુલમ થાય છે. ખૂબ જ પ્રાચીન સમયના વીરપુરુષોની મૂર્તિની લોકો પૂજા કરે તેને દરગુજર કરવાને પૂરતાં કારણો છે, પણ મદ્રાસ ઈલાકામાં ક્યાંક બન્યું કહેવાય છે તે પ્રમાણે જીવતી વ્યક્તિઓ સામે પૂજાસામગ્રી ધરવાનું કહેવામાં આવે તો એથી માણસની શિષ્ટાચાર વિષેની સમજનું અપમાન જ થાય. આપણે જો લોકશાહીની ભાવનાને સાચી રીતે પ્રદર્શિત કરવાને માર્ગે જતા હોઈએ તો તેમાં આવી અંધ અથવા અતિરેકવાળી વીરપૂજા માટે કોઈ સ્થાન નથી, એટલે દરેક કૉંગ્રેસીને મારો આગ્રહ છે કે જ્યારે પણ તે આવી અંધપૂજા થતી જુએ ત્યારે તે તેનો વિરોધ કરે અને હરેક વાજબી સાધનથી લોકોને તેમાંથી વારે.

## પોકળ ધમકી

શ્રીમતી સરોજિની નાયડુને[1] કામ ચલાવવાની ધમકી આપવામાં આવી છે અથવા કંઈ નહીં તો તેમનાં નિવેદનો સામે વાંધા ઉઠાવવામાં આવ્યા છે એ તેમનું ખાસ સદ્ભાગ્ય છે એમ લાગે છે. લશ્કરી કાયદાના સમય દરમ્યાનનાં સરકારી નોકરોનાં અપકૃત્યો અંગેના તેમના આક્ષેપો-ને મિ. મૉન્ટેગ્યુએ નકાર્યા હતા એ વાત યાદ હશે. તેમણે આ પડકાર ઝીલી લીધો હતો અને કૉંગ્રેસની તપાસ સમિતિના હેવાલમાંથી અનેક અવતરણો આપ્યાં હતાં. આમાં તેમની ભૂલ થતી હોય તો તેમને કૉંગ્રેસની તપાસ સમિતિના સભ્યોએ જ ગેરરસ્તે દોર્યાં ગણાય. ઇન્ડિયા ઑફિસને આ હેવાલની વિગતોની પૂરી માહિતી નથી એ વાત તેઓ પુરવાર કરી શક્યાં હતાં.

આ વખતે મદ્રાસની સરકારે ખરેખર કામ ચલાવવાની ધમકી આપી છે. હું ઇચ્છું કે તે તેની ધમકીનો અમલ કરે. તેમ થતાં હિંદુસ્તાનની એક બચાવ નહીં કરનારી કવયિત્રીનું નિવેદન સાંભળવાની દેશને અજોડ તક મળશે. અસહકારી કવયિત્રીને સાંભળવા માટે અદાલતમાં એટલો બધો ધસારો થશે કે મુકદ્દમો કાં તો ખુલ્લા મેદાનમાં (જે ખરાબ બાબત નથી) અથવા જેલની દીવાલો પાછળ ચલાવવો પડશે. બ્રિટિશ પાંજરામાં પુરાયેલી બુલબુલની[2] ઝાંખી કરવા માટે ઉત્સુક મેદનીને સમાવી શકે તેવો હૉલ હિંદભરમાં ક્યાંય નથી.

પોતે કરેલા આક્ષેપોનું પુનરુચ્ચારણ કરવાની તક તેમણે ગુમાવી નથી. સ્ત્રીદાક્ષિણ્ય ધરાવતા કેશવ મેનન અને બીજા ઘણા લોકો તેમના નિવેદનને ટેકો આપવા માટે બહાર પડ્યા છે. શ્રી પ્રકાશમે જે છોકરાના હાથ નિર્દય રીતે કાપી નાખવામાં આવ્યા હતા તેની છબી પ્રગટ કરી છે. શ્રીમતી નાયડુએ સરકારને પોતાની સામે કામ ચલાવવા અથવા બિનશરતી માફી માગવા અથવા તે અગાઉ તેમણે કરેલા આક્ષેપોની તપાસ કરવા માટે બિનઅધિકારીઓનું એક નિષ્પક્ષ પંચ નીમવા આમંત્રણ આપ્યું છે. સ્ત્રીસન્માનની ભાવનાવાળી મદ્રાસ સરકાર તરફના જવાબની હિંદુસ્તાન રાહ જોઈ રહ્યું છે. મને આશ્ચર્ય થાય છે કે લૉર્ડ વિલિંગ્ડન, શ્રીમતી નાયડુને ખાનગી રીતે લખીને એટલું પુછાવવાનો વિનય પણ ચૂક્યા છે કે તેમણે કોઈ અસાવધ ક્ષણે આક્ષેપો કર્યા હતા ખરા, અથવા તેમણે અસાવધ ક્ષણે આક્ષેપો કર્યા ન હોય તો એ સાબિત કરવા તેઓ

૧. ૧૮૭૯–૧૯૪૯, કવયિત્રી, દેશભક્ત, કૉંગ્રેસ આગેવાન અને ગાંધીજીનાં એક સાથી.
૨. સરોજિની નાયડુ "હિંદનું બુલબુલ"ને નામે લોકોમાં પ્રસિદ્ધ હતાં.

Gandhi Heritage Portal

સરકારને સહાય કરશે ખરાં? શું અંગ્રેજ ઉમરાવો તેમના ક્રોધના આવેશમાં સ્ત્રીદાક્ષિણ્યની પોતાની પરંપરાને પણ વીસરી ગયા છે? હિંદુસ્તાનની એક સૌથી નામાંકિત પુત્રી લોકોનું કાર્ય ઉપાડી લેવાની ધૃષ્ટતા કરે તેથી શું તેમણે તેનું અપમાન કરવું જોઈએ? હું એવી અપેક્ષા રાખું છું કે લૉર્ડ વિલિંગ્ડન પોતના દોષની સુંદર રીતે ક્ષમા માગશે. હું તેમને ખાતરી આપું છું કે આવું માનભર્યું કૃત્ય કરીને તેઓ સરકારે ગુમાવેલી પ્રતિષ્ઠામાંથી થોડી પ્રતિષ્ઠા તો પાછી મેળવશે. એનાથી લડતને આમ કે તેમ કોઈ રીતની અસર થઈ શકશે નહીં. પરંતુ સરકારે કરેલું માનભર્યું કૃત્ય સૂકી ધરતી પર પડતા વરસાદના એકાદ ટીપા જેવું હશે.

## રજપૂતાનાના ભીલો

રજપૂતાનાના ભીલો સરળ અને બહાદુર લોકો છે. તેમને કેટલીક ફરિયાદો કરવાની છે. તેમને મોતીલાલ તેજાવત નામના એક મિત્ર અને સહાયક મળી ગયા છે. એવું કહેવામાં આવે છે કે તે તેમને દારૂ, જુગાર અને માંસભક્ષણ છોડવાનું કહે છે અને ઉદ્યમી જીવન જીવવા સમજાવે છે. તેમની ફરિયાદો અંગે પણ તે તેમને સલાહ આપે છે. તે અનુયાયીઓના મોટા સમુદાયને સાથે લઈને ફર્યા કરે છે એટલો એકમાત્ર દોષ મને તેમનામાં જણાયો છે. આને લીધે રજવાડાંમાં બેચેની ઊભી થઈ છે એમાં શક નથી. શ્રી મોતીલાલ સામે અનેક જાતની ફરિયાદો સાંભળવાથી મેં શ્રી મણિલાલ કોઠારીને તપાસ કરવા જણાવ્યું. જે તે રજવાડાંની પરવાનગી અને સહાયથી તેમણે આ તપાસ કરી છે અને કંઈ પણ તોફાન કરવાનો તેમનો ઈરાદો નથી એવી ભીલોએ પણ ખાતરી આપી છે. મોતીલાલને પણ તેઓ મળ્યા છે. શ્રી કોઠારીને તેમણે પોતાના સલાહસંપભર્યા ઈરાદા વિષે ખાતરી આપી છે. પરંતુ દુર્ભાગ્યે, આ દરમ્યાન ઈડર રાજ્યે ભીલો સામે પગલાં ભર્યાં અને ચાર જણને મારી નાખ્યા એમ જાણવા મળ્યું છે. હું પૂરી વિગતો જાણતો નથી અને આ કેમ બન્યું તેની પણ મને ખબર નથી. હું માત્ર એટલી આશા રાખું કે તેઓ લવાદીકોર્ટ મારફતે ભીલોની ફરિયાદોનો નિકાલ લાવશે અને શ્રી મોતીલાલ ડુંગરાઓમાંથી બહાર નીકળીને શરણે આવે તો તેને અભય વચન આપશે. રજવાડાં તથા સુધારકોએ લાંબા કાળથી ભીલોની અવગણના કરી છે. તેમની બાંય પકડવામાં આવે તો તેઓ હિંદુસ્તાનને અભિમાન લેવા જેવા બને. તેમને માત્ર તેમનાં ઘરોમાં રેંટિયાની અને તેમનાં બાળકોને સરળ શિક્ષણ મળે તેવી શાળાઓની જરૂર છે. જે વ્યાપક જાગૃતિ આવી છે તેમાં રજવાડાં અને સુધારકોની ગણતરીમાંથી કોઈ જાતિ બાકાત ન રહી જવી જોઈએ.

## આંધ્રનો ભોગ

એક પત્રલેખક તરફથી મળેલો પત્ર[1] આ રહ્યો :

વર્તાવના પ્રગટ થયેલા હેવાલથી મને આશ્ચર્ય થયું નથી. સત્તાવાળાઓને આ એક જીવનભરમાં ન મળે એવી તક મળી ગઈ છે. આંધ્રના લોકોના ગર્વભર્યા જુસ્સાને તોડવામાં અને તેને સદાને માટે નિર્દય રીતે કચડી નાખવામાં તેમને આનંદ થતો હશે. તેમની સામે ધરવા માટે હાલમાં મારી પાસે કોઈ બારડોલી નથી. પરંતુ મારો તેમને આગ્રહ છે કે તેઓ ધીરજ ધરે, રોષે ન ભરાય કે નાસીપાસ પણ ન થઈ જાય. અનિષ્ટ કરનારનું બૂરું ઈચ્છ્યા વિના તેઓ

૧. આ પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો નથી; તેમાં ના-કરની લડત મોકૂફ રાખવામાં આવી હોવા છતાં ગંતુર જિલ્લામાં થયેલી સ્વયંસેવકોની ધરપકડનું અને તેમને કરેલી મારપીટનું વર્ણન કરવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

બધી પાશવતાને બરદાસ્ત કરી લે. તે આપણી માલમિલકત અને શરીરનો કબજો લઈ શકે. આપણી સંકલ્પશક્તિ હરી લઈ ન શકે.

### આપદ્ગ્રસ્ત આસામ

યંગ ઇન્ડિયાનાં પાનાંમાં આસામના દમન વિષે ઘણી માહિતી પ્રગટ થઈ છે. હું એમ માનું છું કે કદાચ આસામે સૌથી વધારે યાતના સહન કરી છે. તેની પાસે સાચો નેતા કહી શકાય એવું કોઈ રહ્યું નથી. જેઓ બાકી રહ્યા છે તેઓ અસાધારણ મુશ્કેલીઓ વચ્ચે કામ કરી રહ્યા છે. નીચેના આબેહૂબ વર્ણનને[1] કશા પણ શણગારની જરૂર નથી.

વાચકે ઉપરના લખાણ સાથે ૧૬મી ફેબ્રુઆરીના યંગ ઇન્ડિયાનું ૧૦૫મું પાનું ફરીથી વાંચવું જોઈએ. બાકી રહેલા કાર્યકરોને મારી સલાહ છે કે તમે સઘળી આક્રમણાત્મક પ્રવૃત્તિઓને તાત્પૂરતી બંધ કરી દો. તમારી પૂરી શક્તિથી રચનાત્મક કાર્ય કરો. આપણી હરોળમાં સહેજ પણ હિંસાની ભાવના પેઠી હોય તો તેને દૂર કરો. આસમનાં સુંદર વૃક્ષો નીચે તમારી કૉંગ્રેસ કચેરીઓ ભરો. આપણે જો આપણી જાતને વફાદાર રહીશું તો આ વંટોળ એક ક્ષણમાં વીખરાઈ જશે.

### અજમેરની જોહુકમી

પંડિત ગૌરીશંકર ભાર્ગવ દિલ્હીથી નીચેનો તાર[2] મોકલી આપે છે. તે તદ્દન સ્પષ્ટ છે:

> સ્થાનિક સત્તાવાળાઓએ સ્થાનિક નેતાઓને નામે જતા કે આવતા બધા તાર પર પ્રતિબંધ મૂકીને અજમેરના ખબરોને સંપૂર્ણ રીતે દબાવી દીધા છે. . . . પ્રાંતિક સમિતિના હમેશ મુજબના જિલ્લાઓમાં જતા સામાન્ય તાર પર પણ કમિશનરે પ્રતિબંધ મૂકયો છે. સ્વાભાવિક રીતે જ શરૂઆતમાં જુસ્સો ઉગ્ર હતો પરંતુ મહાત્માજીના અહિંસક આંદોલનને લીધે અને સ્થાનિક નેતાઓએ કરેલા સારાસરખા પ્રયત્નને પરિણામે . . . શહેરમાંની સમસ્ત જનતાએ ભારેમાં ભારે ઉશ્કેરણી વચ્ચે પણ ખૂબ ધીરજ અને સંયમ દાખવ્યાં છે. તાજેતરમાં જ નિવૃત્ત થતા કમિશનર પૅટરસનના માનમાં અજમેરના નાગરિકોને નામે કેટલાક જોહુકમ[3] લોકો તરફથી એક ઉદ્યાનસમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ સમારંભ નાગરિકો તરફથી યોજવામાં આવ્યો નથી એવું મહેમાનોને સમજાવવા ગયેલા સ્વયંસેવકોને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે સોટીથી નિર્દય રીતે માર્યા હતા. પણ સૌ શાંત અને મૂગા રહ્યા હતા. ચૌરીચૌરા જેવા છૂટાછવાયા બનાવો બનતા હોય તો દેશભરમાં અહિંસાના બનાવોના પણ ઘણા દાખલા છે. સત્તાવાળાઓનું એટલું બધું અધ:પતન થયું છે કે ડગલે ને પગલે શાંતિ અને ન્યાયનો અભાવ જોવામાં આવે છે. ફતવા વહેંચવાને પરિણામે અજમેરના અનેક તેજસ્વી યુવકો જેલભેગા થયા છે; પરંતુ વીસ જેટલા શિસ્તબદ્ધ સ્વયંસેવકોએ એ જ ફતવો સવારોને અને પોલીસોને અદાલતમાં વહેંચ્યો છતાં તેમને પકડવામાં આવ્યા નથી. આ સામૂહિક સવિનયભંગ માટે પાંચસો સ્વયંસેવકોની ગોઠવણ કરવામાં આવી હતી. પરંતુ જે પહેલી જ ટુકડીના સ્વયંસેવકો સરઘસાકારે શહેરમાં ફર્યા અને તેમને પકડવા માટે ખાસ તૈયાર રાખવામાં આવેલા ખુદ પોલીસો અને ઘોડેસવારોને

૧. આ વર્ણન અહીં પ્રગટ કરવામાં આવ્યું નથી; તેમાં કૉંગ્રેસ કચેરીઓને આગ ચાંપવા વિષે, તેની લૂંટ ચલાવવા વિષે અને સ્વયંસેવકોને મનફાવતી સજા કરવા વિષેના સમાચાર આપવામાં આવ્યા છે.

૨. અહીં માત્ર ઉતારા જ પ્રગટ કર્યા છે.

૩. ગુલામી માનસવાળા લોકો.

Gandhi Heritage Portal

તેમણે ફતવો વહેંચ્યો હોવા છતાં તથા તેઓ પોતે ફતવો વહેંચી રહ્યા છે એવો પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને કમિશનરને ખુદ તેની અદાલતમાં વારંવાર પડકાર કર્યો હોવા છતાં તેમને પકડવામાં આવ્યા નથી. સરકારનો કાયદો અને ન્યાય આવાં છે. કુંવર ચાંદકરણ સારડાનો મુકદ્દમો જેલમાં નહીં પરંતુ ખુલ્લી અદાલતમાં ચાલે એવી વકીલોની માગણી હતી. પરંતુ પોતે ખુલ્લી અદાલતમાં કેસ ચલાવે તે પહેલાં કમિશનરે વકીલો પાસેથી, તેઓ પંડિત ગૌરીશંકર ભાર્ગવ પાસેથી સંપૂર્ણ શાંતિ અને વ્યવસ્થા જાળવવાની બાંયધરી લે એવી માગણી કરી હતી. વકીલો પંડિતજી પાસે ગયા ત્યારે તેમણે કમિશનરને કે સહકાર કરતા વકીલોને કોઈ પણ જાતની બાંયધરી આપવાની ના પાડી, પણ તેમને કહ્યું કે અમારી નીતિ જ અહિંસાની છે એટલે શાંતિનો ભંગ થાય તેવી સહેજ પણ શંકા લાવવાની જરૂર નથી. આ પછી જ કુંવર ચાંદકરણ સારડાનો મુકદ્દમો ખુલ્લી અદાલતમાં લઈ જવામાં આવ્યો.

કૃપા કરીને આ બધા સમાચારને સ્થાન આપશો કારણ કે સ્થાનિક સત્તાવાળાઓએ દાબી રાખેલા ઘણા અગત્યના સમાચારનો આ ટૂંક સાર જ છે. એ કારણે દિલ્હીની તાર ઑફિસ દ્વારા એ સમાચાર મોકલવામાં આવે છે. છેલ્લા સમાચાર ૧લી માર્ચે ભરાનારા ઉરસ અંગેના છે, જે વખતે અજમેરમાં અખિલ હિંદ ઉલેમા કૉન્ફરન્સ ભરાવાની છે. રાજદ્વારી કૉન્ફરન્સ પણ ભરાશે જેમાં સમિતિના બધા સભ્યોને અને મૉડરેટ મિત્રોને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે. શ્રીમતી સરોજિની નાયડુની પરિષદનાં અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે, જ્યારે પંડિત ગૌરીશંકર ભાર્ગવને સ્વાગત સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. પં. શેરસિંગ અને મૌલવી મોહીયુદ્દીન સમિતિના મુખ્ય મંત્રીઓ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–३–१९२२

## ૧૯૮. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ

અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિનું હમણાં જ મળી ગયેલું અધિવેશન[1] કેટલીક બાબતમાં કૉંગ્રેસ અધિવેશન કરતાં પણ વધારે સ્મરણીય હતું. હેતુપૂર્વકની કે અજાણતાં થયેલી હિંસાનો આંતરિક પ્રવાહ એટલો મોટો હતો કે હકીકતમાં હું ખરેખર ખતરનાક હાર માટે પ્રાર્થના કરી રહ્યો હતો. હું હમેશાં લઘુમતીમાં જ રહ્યો છું. વાચકને એ વાતની ખબર નહીં હોય કે દક્ષિણ આફ્રિકામાં મેં મારા કાર્યની શરૂઆત લગભગ સર્વાનુમતીથી કરી હતી અને તે પરથી હું ચોસઠ અને છેક સોળ સુધીની લઘુમતીમાં આવી ગયો હતો અને ફરી પાછો ભારે બહુમતીમાં આવ્યો હતો. સૌથી સારું અને ખૂબ જ નક્કર કાર્ય લઘુમતીની નિર્જન દશા દરમ્યાન થયું હતું.

આ બહુ મોટી બહુમતી પર હું કાબૂ ધરાવતો દેખાઉં છું તેથી સરકાર ડરે છે એ હું જાણું છું. પરંતુ તેના કરતાં તો હું પોતે એ બહુમતીથી વિશેષ ડરું છું એની તેને બિલકુલ ખબર નથી. અવિચારી ટોળાની પૂજાથી હું ખરેખર કંટાળી ગયો છું. તેઓ મારા પર થૂંકે તો મને મારા સાચા સ્થાન વિષે ખાતરી થાય. તો પછી હિમાલય જેવડી કે એવી બીજી ભૂલનો એકરાર કરવાની, પાછાં પગલાં ભરવાની કે નવેસરથી રચના કરવાની જરૂર ન પડે.

૧. ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૨૪મી અને ૨૫મીનું.

Gandhi Heritage Portal

પરંતુ ભાવિ જુદું જ હતું.

એક મિત્રે મને મારી “સરમુખત્યારી”નો હું લાભ ઉઠાવું તે સામે ચેતવણી આપી. કોઈ કાનૂની પ્રસંગ ઊભો થયો ન હોવાથી મેં તેનો એક વાર પણ ઉપયોગ કર્યો ન હતો તેની તેને ભાગ્યે જ ખબર હતી. સરકાર કૉંગ્રેસના સામાન્ય તંત્રને નાકામિયાબ બનાવી દે છે ત્યારે જ મને “સરમુખત્યારી” સાંપડે છે.

મારી “સરમુખત્યારી”નો હું જાણીજોઈને કે અજાણતાં ગેરલાભ ઉઠાવું એવો તો સંભવ જ નથી. ઊલટું અજાણતાં હું મારી જાતનો “ગેરલાભ ઉઠાવવા તો” નથી દેતો એ વાતનું મને આશ્ચર્ય થવા લાગ્યું છે. એ વિષે મને પહેલાં કદી નહોતો લાગતો તેવો ડર લાગવા માંડયો છે એ વાત હું કબૂલ કરું છું. મારી એકમાત્ર સલામતી મારી બેશરમીમાં રહેલી છે. સમિતિના મારા મિત્રોને મેં મારા અણનમપણા વિષે ચેતવ્યા છે. જ્યારે જ્યારે લોકો ભૂલો કરશે ત્યારે દરેક પ્રસંગે હું એ ભૂલોનો એકરાર કરવાનું ચાલુ રાખીશ. આ દુનિયામાં કોઈ પણ જુલમગારને હું તાબે થતો હોઉં તો તે અંતરમાં ઊઠતા “નાનકડા શાંત અવાજ”ને જ છે. અને આમ એકની જ લઘુમતીમાં હોવાની શક્યતાનો મારે સામનો કરવો પડતો હોય તોપણ મારામાં આવી નિરાશાજનક લઘુમતીમાં રહેવાની હિંમત છે એવું હું નમ્રપણે માનું છું. મારે માટે એ જ એક સાચી સ્થિતિ છે.

પરંતુ આજે હું વધારે ગમગીન અને મને આશા છે કે વધારે ડાહ્યો માણસ બન્યો છું. હું જોઉં છું કે આપણી અહિંસા ઉપરછલ્લી છે. આપણે રોષથી સળગી રહ્યા છીએ. સરકાર તેનાં અક્કલ વિનાનાં પગલાંથી તેમાં ઘી હોમી રહી છે. સરકાર લગભગ એવું જોવા ઇચ્છે છે કે આ ભૂમિ ખૂન, આગ અને લૂંટથી છવાઈ જાય, જેથી તે ફરીથી એક વાર એવો દાવો કરી શકે કે આ બધાંને દાબી દેવાની તે પોતે જ શક્તિ ધરાવે છે.

તેથી આ અહિંસા જાણે આપણી અસહાયતાને લઈને જ હોય એવું દેખાય છે. લગભગ એવું દેખાય છે કે આપણે તક મળતાંની સાથે આપણા અંતરમાં વેર લેવાની ઇચ્છા સેવી રહ્યા છીએ.

નિર્બળ માણસની આ દેખાવપૂરતી ફરજિયાત અહિંસામાંથી શું સાચી મરજિયાત અહિંસા પ્રગટી શકે? હું કરી રહ્યો છું તે મિથ્યા અખતરો નથી? ક્રોધ ભભૂકી ઊઠતાં એક પણ સ્ત્રી, બાળક કે પુરુષ સલામત નહીં હોય અને દરેક માણસનો હાથ તેના ભાઈ સામે ઉગામાયો હોય ત્યારે શી સ્થિતિ હશે? આવી આફત આવી પડે ત્યારે હું આમરણાંત ઉપવાસ કરું તેનાથી શો દહાડો વળે?

તો પછી બીજો કયો માર્ગ છે? જૂઠું બોલીને જેને હું ખરાબ માનતો હોઉં તેને સારું કહેવું? જૂઠા અને ફરજિયાત સહકારમાંથી સાચો અને મરજિયાત સહકાર પ્રગટશે એમ કહેવું એ અંધકારમાંથી પ્રકાશ ફેલાશે એમ કહેવા બરાબર થાય.

મોકૂફ રાખેલી હિંસાની તરફદારી કરવામાં જેટલી નિર્બળતા અને પાપ રહેલાં છે તેટલાં જ સરકાર સાથેના સહકારમાં રહેલાં છે.

મુશ્કેલી લગભગ હલ ન કરી શકાય એવી છે. આ અહિંસા કેવળ ઉપરછલ્લી છે એ હકીકતનું મને વધુ ને વધુ ભાન થતું હોવાથી, જેમ કેડી વિનાના જંગલમાંથી પસાર થનાર માણસે સતત થોભવું પડે, પાછાં પગલાં ભરવાં પડે, પડવુંઆખડવું પડે, ઈજા ખમવી પડે અને લોહીલોહાણ પણ થવું પડે તેમ મારે સતત ભૂલો કર્યા કરવી રહી અને પીછેહઠ પણ કરવી રહી.



Gandhi Heritage Portal

અમુક હદ સુધીની નાસીપાસી, નિરાશા અને રોષને માટે હું તૈયાર હતો પરંતુ મારે કબૂલ કરવું જોઈએ કે વિરોધના વંટોળ માટે હું જરાયે તૈયાર નહોતો. કાર્યકરો કોઈ ગંભીર રચનાનું કાર્ય કરવાના મિજાજના ન હતા તે વાત મને સાફ દેખાઈ. રચનાત્મક કાર્યક્રમ તરફ તેમને કોઈ આકર્ષણ નહોતું. તેમની પાસે કોઈ સમાજસુધારાનું મંડળ નહોતું. સુધારાના આવા તદ્દન મામૂલી કાર્ય દ્વારા સરકાર પાસેથી સત્તા ખૂંચવી ન શકાય. તેઓ તો "અહિંસક" ફટકા લગાવવા માગતા હતા! આ બધું ખૂબ જ અવાસ્તવિક લાગતું હતું. બાલિશ રોષનું પ્રદર્શન કરીને તેઓ સરકારને હટાવી શકે તોપણ ગંભીર અને જહેમતભર્યા સંગઠન અને રચનાકાર્ય વિના તેઓ એક દહાડો પણ દેશની સરકારનો વહીવટ ચલાવી ન શકે એ વાતનો વિચાર કરવા માટે પણ તેઓ થોભવા માગતા નહોતા.

મહમદઅલી કહેતા આવ્યા છે તેમ આપણે કોઈ "ખોટા મુદ્દા" પર જેલ ન જ જવું જોઈએ. ગમે તે કારાવાસ આપણને સ્વરાજ નહીં અપાવે. એકેએક કાનૂનભંગ આપણામાં આજ્ઞાધીનતા અને શિસ્તની ભાવના જાગ્રત નહીં કરે. રીઢા ગુનેગાર માટે જેલ કંઈ સ્વતંત્રતાનું પ્રવેશદ્વાર નથી. નિર્દોષતાની મૂર્તિ જેવા લોકો માટે જ તે સ્વતંત્રતાનું મંદિર છે. સૉક્રેટીસના મૃત્યુદંડે અમૃતત્વને આપણે માટે જીવંત સત્ય બનાવ્યું છે, અસંખ્ય ખૂનીઓના મૃત્યુદંડે એમ કર્યું નથી. દ્વેષ, વેર અને હિંસાથી ઊભરાતા દિલવાળા હજારો નામપૂરતા અહિંસક માણસોના જેલ જવાથી આપણે સ્વરાજ હાથ કરી શકીએ એમ ધારવું મિથ્યા છે.

આપણે સશસ્ત્ર યુદ્ધ લડતા હોત, ઘા કરતા અને ઝીલતા હોત તો વાત જુદી હતી. ધાકધમકી આપતાં, હલ્લો કરતાં અને ખૂન કરતાં પકડાયેલા લોકોને જેલમાં પૂરવાથી સરકાર જરૂર મૂંઝાશે અને તે થાકી જશે એટલે બીજે ઠેકાણે નમી જાય છે તેમ નમી જશે. પરંતુ આજે આપણી લડત આ જાતની નથી. આપણે સાચા બનીએ. "હિંસક શસ્ત્રો ઉગામીને" આપણે સ્વરાજ મેળવવા માગતા હોઈએ તો આપણે અહિંસાને પડતી મૂકીએ અને આપણાથી બની શકે તેવી હિંસા વડે સામનો કરીએ. એ મર્દાઈભર્યું, પ્રામાણિક અને ગંભીર વલણ ગણાશે, એ વલણ દુનિયા યુગોથી અખત્યાર કરતી આવી છે. એ પછી કોઈ આપણા પર ભયંકર દંભ કરવાનો આરોપ નહીં મૂકી શકે.

પરંતુ મોટા ભાગના લોકો મારી વાત સાંભળવાના નથી. જો તેઓ આપણું ધ્યેય હાંસલ કરવા માટે અહિંસાને અનિવાર્ય માનતા ન હોય તો મારા ઠરાવને ફગાવી દેવો એવી મારી બધી જ ચેતવણી અને આગ્રહભરી વિનંતી છતાં તેમણે તેનો એક પણ મહત્ત્વના ફેરફાર વિના સ્વીકાર કર્યો. એટલે તેમની જવાબદારી સમજવા હું તેમને વિનંતી કરવા માગું છું. હવે તેઓ સવિનયભંગને આગળ ધપાવવા માટે નહીં પણ શાંત રચનાત્મક કાર્યમાં ઠરીઠામ થઈને બેસવાને બંધાયેલા છે. તાત્કાલિક પગલાં ભરવા માટેના શોરબકોર પ્રત્યે ધ્યાન ન આપવા હું તેમને આગ્રહ કરું છું. તાત્કાલિક પગલાં કારાવાસ વહોરવામાં નહીં, વાણીસ્વાતંત્ર્ય, સંઘસ્વાતંત્ર્ય કે લેખનસ્વાતંત્ર્યમાં પણ નહીં, પરંતુ આત્મશુદ્ધિ, આંતરખોજ અને શાંત સંગઠનમાં જ રહેલાં છે. આપણા પગ નીચેનો આધાર ખસી ગયો છે. અને આપણે સાવચેત નહીં રહીએ તો જેના ઊંડાણ વિષે આપણને માહિતી નથી એવા પાણીમાં આપણે ડૂબી જઈએ એવો સંભવ છે.

કેદીઓ વિષે વિચાર કરવાનો કશો ઉપયોગ નથી. ચૌરીચૌરા વિષે મેં સાંભળ્યું ત્યારે જ મેં પ્રાયશ્ચિત્તના પ્રથમ કૃત્ય તરીકે તેમનું બલિદાન આપી દીધું. કેવળ લોકોની શક્તિથી જ છુટકારો મેળવવા માટે તેઓ જેલ ગયા છે. આશા તો ખરેખર એવી હતી કે સ્વરાજની પાર્લમેન્ટનું

Gandhi Heritage Portal

પહેલું કાર્ય કેદખાનાના દરવાજા ખોલી નાખવાનું હશે. પરંતુ ઈશ્વરની ઇચ્છા જુદી જ હતી. આપણે, જેઓ બહાર રહ્યા છીએ તેમણે પ્રયત્ન કર્યો છે અને નિષ્ફળ ગયા છીએ. હવે તો કેદીઓ માત્ર તેમના કારાવાસની પૂરી મુદત ભોગવીને જ ફાયદો મેળવી શકે. જેઓ કોઈ ખોટો ઢોંગ કરીને કે કોઈ ખોટા ખ્યાલથી કે લડતની ખોટી સમજથી જેલ ગયા હોય તેઓ માફી માગીને અને અરજ ગુજારીને બહાર આવી શકે. આવી સાફસૂફીને લઈને લડત વધારે મજબૂત બનશે. અણધારી રીતે વધારે ભારે યાતના સહન કરવાની તક મળતાં અડીખમ દિલવાળા લોકો ખુશ થશે. હજારો રશિયનો, વર્ષોનાં વર્ષો સુધી રશિયાની જેલોમાં "સબડચા" છતાં એ દુઃખી પ્રજા હજુ સ્વતંત્ર થઈ નથી. સ્વતંત્રતા તો એવી નખરાંબાજ સ્ત્રી છે જેનું સંવનન કરવું અને જેને ખુશ કરવી અત્યંત મુશ્કેલ વાત છે. આપણે કષ્ટસહનની શક્તિ તો દેખાડી આપી છે. પરંતુ આપણે પૂરતા પ્રમાણમાં સહન કર્યું નથી. એકંદર જનસમૂહ ક્રિયાશીલ ન બનતાં અહિંસક રહે અને માત્ર બહુ થોડા લોકો વિચાર, વાણી અને વર્તનમાં સક્રિય રીતે, પ્રામાણિકપણે અને સમજપૂર્વક અહિંસક બને તો આપણે, ઓછામાં ઓછી યાતનાથી વહેલામાં વહેલી તકે આપણું ધ્યેય પ્રાપ્ત કરી શકીએ. પરંતુ પોતાના દિલમાં હિંસાને પોષી રહેલા લોકોને જો આપણે જેલમાં મોકલીશું તો એ ધ્યેયસિદ્ધિ અનંતકાળ સુધી ઠેલાશે.

એટલે પોતપોતાના પ્રાંતોમાં મોટા ભાગના લોકોએ ઠપકાનો, અપમાનનો અને જરૂર પડચે હરોળમાં સંખ્યાબળના ઘટાડાનો સામનો કરવો પડશે અને છતાં એક તસુ પણ ડગ્યા વિના નિશ્ચયપૂર્વક પોતાના ધ્યેયને વળગી રહેવું પડશે. આપણી મોકૂફીને નબળાઈ ગણી લઈને સત્તાવાળાઓ હજુ પણ વધારે અત્યાચારનો આશરો લે એવો સંભવ છે. આપણે તેને તાબે થવું જોઈએ. આપણે સંરક્ષણાત્મક સવિનયભંગ પણ પડતો મૂકવો જોઈએ અને જે નીરસ છતાં સ્વાસ્થ્યદાયક છે એવા આર્થિક અને સામાજિક સુધારા પર આપણી બધી જ શક્તિ કેન્દ્રિત કરવી જોઈએ. ઘૂંટણિયે પડીને આપણે મૉડરેટોને એવી બાંયધરી આપવી જોઈએ કે આપણા તરફથી તેમણે હાનિ થવાનો ભય રાખવાનો નથી. જમીનદારોને આપણે એવી બાંયધરી આપવી જોઈએ કે આપણા દિલમાં તેમને વિષે દ્વેષ નથી.

સરેરાશ અંગ્રેજ તુંડમિજાજી છે, તે આપણી મનોદશા સમજતો નથી અને પોતાને સૌ કરતાં ચડિયાતો ગણે છે. પોતે આપણા પર રાજ કરવા સર્જાયો છે એવું એ માને છે. રક્ષણ માટે તે પોતાના કિલ્લા અને તોપબંદૂક પર આધાર રાખે છે. તે આપણને તિરસ્કારે છે. તે આપણને સહકાર કરવાની ફરજ પાડે છે એટલે ગુલામ બનાવે છે. તેને પણ આપણે ઘૂંટણિયે પડીને નહીં પરંતુ તેનાથી દૂર રહીને અને સાથે સાથે તેનો તિરસ્કાર કર્યા વિના કે તેને હાનિ પહોંચાડચા વિના જીતવાનો છે. તેની પજવણી કરવી એ કાયરતા છે. માત્ર આપણી જાતને તેના ગુલામ તરીકે ગણવાનું અને તેની કદમબોસી કરવાનું આપણે બંધ કરી દઈએ એટલે આપણું કર્તવ્ય પૂરું થયું ગણાય. ઉંદર બિલાડીથી કેવળ અળગો રહી શકે. તેના નહોર અને દાંત ખોસી દે તેટલી હદે તે બિલાડી સાથે પાનું ન પાડી શકે. સાથે સાથે જે થોડા અંગ્રેજો ખુદ પોતાનામાંથી અને પોતાની સાથેના બીજા અંગ્રેજોમાંથી જાતિઅભિમાનનો રોગ દૂર કરવા પ્રયત્ન કરી રહ્યા છે તેમના તરફ આપણે જરૂર પૂરેપૂરું ધ્યાન આપવું જોઈએ.

લઘુમતી જુદા આદર્શો ધરાવે છે. તે આ કાર્યક્રમમાં માનતી નથી. તે નવો પક્ષ અને નવી સંસ્થા સ્થાપે એ તેને માટે વાજબી અને દેશપ્રેમભર્યું નથી? ત્યારે જ તે દેશને સાચી રીતે

Gandhi Heritage Portal

કેળવી શકશે. જેઓ કૉંગ્રેસની નીતિમાં માનતા નથી તેમણે જરૂર તેમાંથી છૂટા થઈ જવું જોઈએ. રાષ્ટ્રીય સંસ્થાને પણ તેની નીતિ તો હોવી જ જોઈએ. દાખલા તરીકે સ્વરાજમાં ન માનતા હોય તેમને કૉંગ્રેસમાં કોઈ સ્થાન નથી. તેવી જ રીતે "શાંતિપૂર્ણ અને વાજબી સાધનો"માં ન માનતા હોય તેમને કૉંગ્રેસમાં સ્થાન નથી એવું હું કહું છું. કોઈ કૉંગ્રેસી અસહકારમાં ન માનતો હોય છતાં કૉંગ્રેસમાં રહી શકે પરંતુ તે હિંસા અને અસત્યમાં શ્રદ્ધા ધરાવતો હોય તો કૉંગ્રેસમાં ન રહી શકે. એટલે ઠરાવમાંની નીતિ અંગેની નોંધ સામે વિરોધ થતો મેં જોયો ત્યારે મને ઊંડું દુ:ખ થયું અને તેથી વિશેષ દુ:ખ તો મને, "શાંતિપૂર્ણ" અને "વાજબી" શબ્દોનો અર્થ મેં "અહિંસક" અને "સત્યમય"[1] કર્યો ત્યારે જે વિરોધ કરવામાં આવ્યો તેનાથી થયું. એ અર્થ કરવાનાં મારી પાસે કારણો હતાં. સ્વરાજ મેળવવા માટેના અનિવાર્ય ઉપાયો તરીકે અહિંસા અને સત્ય વિષે કૉંગ્રેસની નીતિમાં આગ્રહ રાખવામાં આવ્યો નથી એવું મને ગંભીરપણે કહેવામાં આવ્યું હતું. દુ:ખદાયક ચર્ચા નિવારવા માટે તે અર્થ કાઢી નાખવા હું સંમત થયો ખરો પરંતુ મને લાગ્યું કે સત્યને ખંજર ભોંકવામાં આવ્યું છે.

જેમણે વિરોધ કર્યો તેઓ હું જેટલો દેશપ્રેમી હોવાનો દાવો કરું છું તેટલા જ દેશપ્રેમી છે અને બીજા દરેક કૉંગ્રેસી જેટલા જ સ્વરાજ માટે ઇંતેજાર છે. પણ હું ભારપૂર્વક એટલું કહું છું કે દેશપ્રેમની ભાવના પાછળ એવી અપેક્ષા રહેલી છે કે તેમણે અહિંસા અને સત્યનું વફાદારીથી અને કડકાઈ-થી પાલન કરવું જોઈએ અને જો તેઓ તેમાં ન માનતા હોય તો તેમણે કૉંગ્રેસ સંસ્થામાંથી છૂટા થવું જોઈએ.

બધા જ આદર્શોની ઝીણવટભરી વ્યાખ્યા કરવામાં આવે અને સૌ કોઈ એકબીજાથી સ્વતંત્ર રીતે કામ કરે એમાં રાષ્ટ્રીય કરકસર નથી? પછી જે સૌથી વધારે લોકપ્રિય હશે તે મેદાન મારી જશે. જો આપણે લોકશાહીની સાચી ભાવના ખીલવવી હોય તો આપણે અડચણો નાખીને નહીં પણ અનાસક્ત રહીને તેમ કરી શકીશું.

મહાસમિતિનું અધિવેશન, સરકાર નહીં પરંતુ આપણે જ દેશની પ્રગતિ રૂંધી રહ્યા છીએ એ હકીકતનું બુલંદ પ્રદર્શન હતું. સરકારની દરેક ભૂલ મદદરૂપ બને છે. કર્તવ્યપાલન વિષેની આપણી દરેક બેદરકારી બાધારૂપ નીવડે છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨–૩–૧૯૨૨

૧. જુઓ "બારડોલીના ઠરાવો", ૧૨–૨–૧૯૨૨ની પાદટીપ ૩.

Gandhi Heritage Portal

# ૧૯૯. સરકારના રદિયા

## ૧. "જેલોમાં ફટકાબાજી"

સંપાદક, યંગ ઇન્ડિયા

પ્રિય સાહેબ,

"જેલોમાં ફટકાબાજી" એ મથાળા હેઠળના શ્રી મહાદેવ દેસાઈના પત્ર સ્વરૂપે ગયા જાન્યુઆરીની ૧૯મીના અંકમાં આપે પ્રગટ કરેલા એક લેખ પ્રત્યે હું ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૧૭મીના મારા ક્રમાંક ૪૦૨/ગ પત્રના અનુસંધાનમાં આપનું ધ્યાન દોરું છું. એ પત્રમાં ફટકાના ઓછામાં ઓછા છ કિસ્સાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને એ ઉપરથી એવું જણાય છે કે તેમાં રાજકીય કેદીઓ પણ સંડોવાયેલા હતા. બે દાખલામાં કેટલીક વ્યક્તિઓનાં નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને તે છે કૈલાસનાથ અને લછમીનારાયણ શર્મા. નૈનીની સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી તપાસ કરવામાં આવી છે. . . અને હવે હું સ્પષ્ટપણે કહી શકું તેમ છું કે, પત્રલેખકે દર્શાવેલામાંથી કૈલાસનાથને કે લછમીનારાયણ બંનેમાંથી એકેયને નૈની જેલમાં કદી પણ ફટકા મારવામાં આવ્યા નહોતા, અને નં. ૧૪૮૮, કૈલાસનાથ સિવાયના કોઈને સજા કરવામાં આવી નહોતી. કૈલાસનાથ સખત મજૂરીની સજા ભોગવી રહ્યા હતા ત્યારે કામ કરવાની ના પાડવા માટે તેમને "તાકીદ" કરવામાં આવી હતી. . . . આપને વિનંતી છે કે આપ આપના હવે પછીના અંકમાં આ રદિયાને મહત્ત્વનું સ્થાન આપશો.

આપનો વફાદાર
જે. ઈ. ગોંડગે
પબ્લિસિટી કમિશનર

લખનૌ,
૧૮–૨–૧૯૨૨

આ ભારપૂર્વકનો રદિયો[૧] સંપૂર્ણ રીતે અસ્વીકાર્ય છે. પૂરી તટસ્થ તપાસ કરવામાં ન આવે ત્યાં સુધી અણિશુદ્ધ ચારિત્ર્ય ધરાવતા જાહેર પુરુષોએ કરેલાં નિવેદનોના રદિયાને સ્વીકારી ન શકાય. અને ખાસ કરીને હિતસંબંધ ધરાવતાં મંડળો તરફથી એ આપવામાં આવ્યા હોય ત્યારે તો એ રદિયાને અવશ્ય સ્વીકારી ન શકાય. શ્રી લછમીનારાયણને ફટકાની સજા કરવામાં આવી એ હકીકતનો જેલના એક અધિકારીએ એક કૉંગ્રેસમૅન આગળ એકરાર કર્યો હતો એવું એક નિવેદન અલ્લાહાબાદથી પ્રગટ થતા ઇન્ડિપેન્ડન્ટમાં પ્રસિદ્ધ થયું હતું એ હકીકત તરફ હું ધ્યાન ખેંચું છું. "ફટકા"નો ઇનકાર કરતી વખતે જેલના અધિકારીઓ ગલ્લાંતલ્લાં કરતા હોય એવો સંભવ છે. યંગ ઇન્ડિયામાં પ્રગટ થયેલો પત્ર તરજુમો છે. અંગ્રેજીમાં જેને વ્હીપિંગ (ચાબુક મારવો), ફ્લૉગિંગ (ફટકો મારવો) અને કેનિંગ (સોટી મારવી) કહેવામાં આવે છે તે બધા શબ્દો માટે ગુજરાતીમાં એક જ શબ્દ છે. બિનસત્તાવાર શારીરિક સજાઓનો ઇનકાર કરવાની સત્તાવાળાઓની ટેવથી હું માહિતગાર છું. શારીરિક સજા કરવામાં આવ્યાની જેલના રજિસ્ટરમાં નોંધ ન થયેલી હોય તો તે કરવામાં જ આવી નથી એવું અનુમાન લોકોએ કરવું જોઈએ એવું સરકાર ઇચ્છતી

૧. ઉપર માત્ર ઉતારા જ આપ્યા છે.

Gandhi Heritage Portal

નહીં હોય એવી હું આશા રાખું છું. હું પ્રગટ કરી રહ્યો છું તે રદિયો પહેલાંના કરતાં મને જરૂર વધારે બેચેન બનાવે છે કેમ કે એનાથી આ નિર્દયતા ચાલુ રાખવાનો અને તેને વિષે નામુક્કર જઈ તેને દબાવી દેવાનો ઇરાદો ખુલ્લો થાય છે. આરોપીઓ તરફના સમર્થન કરાયા વિનાના રદિયા મોકલીને પબ્લિસિટી કમિશનર પોતાની ફરજનો દુરુપયોગ કરે છે.

## ૨. દહેરાદૂનનો બનાવ

સંપાદક, यंग इन्डिया,

પ્રિય સાહેબ,

. . . આપે હિંદુસ્તાન સરકારની યાદીના જવાબમાં "બિનકાનૂની દમન"ના ૭મા મુદ્દા તરીકે, "દહેરાદૂનમાં એક છોકરા પર ગોળીબાર અને તે જ સ્થળે જાહેર સભાને બળજબરીથી વિખેરી નાખવા વિષે" ઉલ્લેખ કર્યો છે તે હકીકત તરફ હું આપનું ખાસ ધ્યાન દોરવાની રજા લઉં છું. . . . દેખીતો આક્ષેપ એ છે કે સરકારી અધિકારીઓએ છોકરાને ગોળીથી મારી નાખ્યો હતો. એમ માની લેવામાં આવે છે કે આપ ૧૯૨૧ના ડિસેમ્બરની ૨૪મીના ગોળીબારના એક કિસ્સાનો ઉલ્લેખ કરો છો જેમાં મેડુન નામના એક યુરોપિયને એક મુસલમાન યુવાન પર ગોળી ચલાવી હતી. મેડુન એ કોઈ સરકારી નોકર નથી. . . . અંગત ઝઘડામાંથી આ બનાવ બન્યો હતો અને મેડુનને પકડવા માટે ત્વરિત પગલાં લેવામાં આવ્યાં હતાં. મૅજિસ્ટ્રેટની વિનંતીને માન આપીને ઈજા પામેલા છોકરાને જોવા માટે સરકારી સિવિલ સર્જન રાતે આવી પહોંચ્યા હતા. નાતાલની રજાઓ બાદ મેડુન પર કામ ચલાવવામાં આવ્યું હતું અને હિં. ફો. કાયદાની ૩૦૭, ૩૨૬ કલમો હેઠળના આરોપસર તેનો મુકદ્દમો સેશન્સ અદાલત પર મોકલવામાં આવ્યો હતો. . . . બીજું, જાહેર સભાને બળજબરીથી વિખેરી નાખવા અંગે પણ બેશક આપને ખોટી માહિતી આપવામાં આવી છે. ખરી હકીકતો નીચે પ્રમાણે છે :

૧. દહેરાદૂનમાં સ્વયંસેવકોનાં સરઘસો ખૂબ જ ત્રાસદાયક થઈ પડયાં હતાં અને કેટલાક પ્રસંગો પર તેમનો વર્તાવ ખૂબ જ ઉશ્કેરણીજનક હતો.

૨. જાહેર પ્રજામાંથી કેટલાક લોકોની લાગણી ઘણી તીવ્ર બની હોવાથી ખુદ અસહકારીઓના જ હિતમાં, મૅજિસ્ટ્રેટની સંમતિથી, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે કેટલાક વિસ્તારોમાં આ સરઘસોની મનાઈ કરી હતી.

૩. આ દેખાવ કરનારાઓનાં અજ્ઞાન અને મૂર્ખતાની, સ્થાનિક ઉદ્દામવાદી પત્ર ગઢવાલીએ ટીકા કરી હતી.

૪. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના હુકમોનો ભંગ કરવાનો સ્વયંસેવકોએ નિર્ણય કર્યો હતો.

૫. ખૂબ જ ઓછું બળ વાપરીને સભા વિખેરી નાખવામાં આવી હતી. કોઈને ઈજા થઈ ન હતી. . . .

લખનૌ,
૧૫મી ફેબ્રુઆરી

આપનો વિશ્વાસુ
જે. ઈ. ગોંડગે

ગોળીબારના બનાવ અંગે પબ્લિસિટિ કમિશનરે મને ખરેખર "પકડી પાડયો" છે.[1] મારે વધારે ચોક્કસ થવું જોઈતું હતું અને ગોળીબાર સરકારી નોકરે કર્યો ન હતો એવું જણાવવું

૧. ઉપર એમના પત્રમાંથી માત્ર ઉતારા જ આપ્યા છે.

Gandhi Heritage Portal

જોઈતું હતું. હવે હું જોઉં છું કે આ ઉલ્લેખ અપ્રસ્તુત હતો અને સરકારને અન્યાય કરનારો હતો. જે ગોળીબારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે કોઈ પણ રીતે ગેરકાનૂની દમનનો ભાગ હોઈ ન શકે. આ ક્ષતિ માટે હું ક્ષમા માગું છું અને સત્તાવાળાઓને ખાતરી આપું કે એની પાછળ કશો પણ ઈરાદો નહોતો.

બીજા રદિયાથી કોઈ પણ રીતે મને મુદ્દલ સંતોષ થતો નથી. પ્રથમ તો બળનો ઉપયોગ કરવાની જરૂરિયાત વિષે મને શંકા છે. બીજું, પત્રલેખકના વર્ણન પર આધાર રાખવામાં આવે તો જે બળ વાપરવામાં આવ્યું હતું તે જરૂરિયાતના પ્રમાણમાં ઘણું વધારે હતું. લોકો હિત ધરાવતા સરકારી રદિયાનો વિશ્વાસ નહીં કરે. હું આશા રાખું છું કે બળજબરીથી [સભા] વિખેરી નાખવાના હેવાલને ગેરવાજબી ઠરાવવા માટે કે તેની હકીકતની ઓછી કિંમત આંકવા માટે, ગોળીબાર અંગેની ભૂલનો ઉપયોગ કરવામાં નહીં આવે. સાચી હકીકતો અને તેમના પાછળથી થયેલા ઉપયોગ વચ્ચેના વિચારહીન ગોટાળાને લીધે ગોળીબાર અંગેની ભૂલ થવા પામી છે.

### ૩. મુંબઈની એક જેલમાં ડોકિયું

મુંબઈ સરકારના ડિરેક્ટર ઑફ પબ્લિસિટીના સૌજન્યથી.

જાન્યુઆરીની ૧૯મીના યંગ ઇન્ડિયાના અંકમાં હૈદરાબાદ સેન્ટ્રલ જેલના[1] માર્શલ લૉ હેઠળના એક પંજાબી કેદી રહમત રસૂલ પ્રત્યેના કહેવાતા ગેરવર્તાવ અંગેનો હિન્દુ પત્રમાંનો એક ઉતારો પ્રગટ કરવામાં આવ્યો છે. તપાસ કરતાં જણાયું છે કે મૂકવામાં આવેલા આક્ષેપો પાયા વિનાના છે. આ લેખમાં ૧૯૧૯ના એપ્રિલની ૧૧મીએ અમદાવાદમાં તારનાં દોરડાં કાપવા, તારઑફિસને આગ ચાંપવા તથા તોફાન કરવા માટે અમદાવાદના ખાસ ન્યાયપંચે હિંમત રસૂલ નામના જે ગુજરાતી કેદીને જન્મટીપની સજા કરી હતી તેનો ઉલ્લેખ કરવામાં આવેલો જણાય છે. મૂકવામાં આવેલા આરોપો અને તે અંગેની ખરેખરી હકીકતો નીચે પ્રમાણે છે :

"ગયા નવેમ્બરમાં આંદામાનથી તેઓ આ જેલમાં આવી પહોંચ્યા પછી ત્રણ દિવસે દાક્તરી અધિકારીએ તેમને તપાસ્યા અને ખાવાનો હુકમ કર્યો ત્યાં સુધી તેમને કંઈ જ ખોરાક આપવામાં આવ્યો નહોતો."

[ડિસેમ્બરની ૬ઠ્ઠીએ આવી પહોંચેલા] કેદીઓને દાક્તરી અધિકારી અને સુપરિન્ટેન્ડેન્ટ એમ બંને દરરોજ મળતા હતા પરંતુ તેમને ઘઉંનો ખોરાક જોઈતો હતો. એટલે તેમણે જુવારનો ખોરાક લેવાની ના પાડી હતી. આ ખોરાક તેમને ડિસેમ્બરની ૮મીએ આપવામાં આવ્યો.

"સુપરિન્ટેન્ડેન્ટ જ્યારે જ્યારે તેમની પાસે આવતા ત્યારે ત્યારે તેમને મુસલમાનો બંદગી વખતે હાથ ઊંચા કરે એ રીતે હાથ ઊંચા કરી 'સરકાર એક છે' એવું પોકારવું પડતું. ઈસ્લામના મૂળભૂત સિદ્ધાંતોમાં દખલગીરી કરતા આ અનૈતિક નિયમનું પાલન કરવાની રહમત રસૂલે ના પાડી. તેમણે સુપરિન્ટેન્ડેન્ટને સંભળાવી દીધું કે મારે માટે ખુદા જ એક છે અને હું તો કેવળ ખુદાની આગળ બંદગી કરતી વખતે જ હાથ ઊંચા કરું. આના જવાબમાં સુપરિન્ટેન્ડેન્ટે તોરમાં જણાવ્યું કે સરકારના પ્રતિનિધિ તરીકે જેલમાં હું જ તારો ખુદા છું."

૧. જુઓ "લશ્કરી કાયદા કરતાં પણ ખરાબ", ૧૯-૧-૧૯૨૨.

Gandhi Heritage Portal

આ કેવળ બનાવટ છે. સુપરિન્ટેન્ડેન્ટ કે કોઈ પણ અધિકારી કેદીઓ પાસે જાય છે ત્યારે કેદીઓ બંને બાજુએ રાખેલી કોણી આગળ કાટખૂણે હાથ રાખીને ખુલ્લી હથેળીએ ઊભા રહે છે. હાથોમાં હુમલો કરી શકાય તેવું કશું છુપાવેલું નથી એ દર્શાવવાનો આમાં આશય છે. એ તો સ્પષ્ટ છે કે કોઈ મુસ્લિમ બંદગી વખતે હાથ ઊંચા કરે છે એ આ રીત નથી. આ રીત તો બધી જેલોમાં સર્વસામાન્ય છે અને તેની સામે કદી કશો વાંધો લેવામાં આવ્યો નથી. સુપરિન્ટેન્ડેન્ટ જે શબ્દો બોલ્યા કહેવાય છે તે શબ્દો તે બોલ્યા હતા એ વાત તદ્દન જૂઠી છે.

"ધર્મના માર્ગથી ચલિત થવાનો કેદીએ ઇનકાર કર્યો તેને પરિણામે તેની ધર્મનિષ્ઠા માટે તેને ૩૦ ફટકા, છ માસની એકાંત કેદ, છ મહિના ગૂણપાટનાં કપડાં, છ મહિના આડાબેડી અને છ મહિનાની સળિયા બેડીની પંચ-વિધ સજા એનાયત કરવામાં આવી."

હકીકત એવી છે કે ડિસેમ્બરની ૧૩મીએ કેદીએ હુકમ પ્રમાણે ઊભા થવાની ના પાડી, તે ખૂબ જ ઉશ્કેરાઈ ગયો અને સુપરિન્ટેન્ડેન્ટ પ્રત્યે ખૂબ જ અવિનયી બન્યો. તેને ઉપર દર્શાવવામાં આવેલી સજા નહીં પણ એક મહિના માટે ગૂણપાટનાં કપડાંની અને ત્રણ મહિના સળિયા બેડીની સજા કરવામાં આવી. જેલમાં આ કેદી આવ્યો ત્યાર પછીથી તેને હુકમોનો અનાદર કરવા માટે અને કામ કરવાની સતત ના પાડવા માટે ૩૦ ફટકા અને દસ દિવસ માટે આડાબેડી સહિત બધી મળી અગિયાર વાર સજા કરવામાં આવી છે. કામ કરવાની અને હુકમો માનવાની ના પાડવા સારુ આંદામાનમાં કરવામાં આવેલી ત્રણ મહિનાની એકાંત કોટડીની સજા તે અત્યારે ભોગવી રહ્યો છે. તેના કેદી કાર્ડમાં તેનું "ભયંકર મિજાજના માણસ" તરીકે વર્ણન કરવામાં આવ્યું છે.

૨૦મી ફેબ્રુઆરી, ૧૯૨૨

આને હું પાશવી સજાનો નિર્લજ્જ બચાવ કહેવાની ધૃષ્ટતા કરું છું. સાફ શબ્દોમાં તે જાહેર જનતાને જણાવે છે કે "અમે એ કર્યું છે અને એ પ્રમાણે કરવાનું ચાલુ રાખવા માગીએ છીએ." સરકારને બોધ આપવા ખાતર કંઈ મેં આ કિસ્સો પ્રગટ કર્યો નહોતો, એટલે તેના બેશરમ એકરારની મારા પર કોઈ અસર થઈ નથી. વાચક મહેરબાની કરી નોંધી લે કે આ આખીય યાદીમાં એક પણ હકીકતનો ખાસ ઇનકાર કરવામાં આવ્યો નથી. કેદીનું નામ કે વર્ણન બરાબર આપવામાં આવ્યું છે કે નહીં એથી કોઈ ખાસ ફરક પડતો નથી. કેદીને ત્રણ દિવસ ભૂખ્યા રહેવું પડ્યું, તેને અપમાનભરી રીતે હાથ લંબાવવા પડ્યા, એક મહિના માટે તેને ગૂણપાટનાં કપડાં પહેરવાં પડ્યાં, ત્રણ મહિના સળિયાબેડી, ત્રીસ ફટકા અને હવે એકાંત કોટડીની સજા સહન કરવી પડે છે' એ હકીકતો હિન્દુ પત્રના આક્ષેપોનું પૂરતા પ્રમાણમાં સમર્થન કરે છે. સજા મેળવતો પ્રત્યેક કેદી સરકારની ભાષામાં "ભયંકર મિજાજનો માણસ" જ હોય છે એ વાતનો સ્વીકાર કરવા હું તૈયાર છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २-३-१९२२

Gandhi Heritage Portal

## ૨૦૦. જૂઠું પોસ્ટર

નીચેનું લખાણ મને દિલ્હીમાં આપવામાં આવ્યું હતું:

મહાત્મા ગાંધીનો અસહકારીઓને સંદેશો.

હડતાળો બંધ કરો.

અસહકારની બધી પ્રવૃત્તિ મુલતવી રાખો.

અરે દિલ્હીના લોકો!

સેંકડોની સંખ્યામાં આવો!!

હજારોની સંખ્યામાં આવો!!!

નામદાર પ્રિન્સ ઑફ વેલ્સનો સત્કાર કરો.

આ પરથી હું માત્ર એટલું જ તારવી શકું કે આ પોસ્ટર સરકારે પ્રગટ કર્યું હતુ અથવા તેના વતી પ્રગટ કરવામાં આવ્યું હતું. ખરેખર આવો સંદેશો હું મોકલી શક્યો હોત તો ઘણું સારું થાત. પરંતુ જે પરિસ્થિતિ હતી તેમાં કમનસીબે મારે એથી ઊલટો સંદેશો મોકલવો પડ્યો. બારડોલીના ઠરાવોમાં હડતાળોને ખાસ કરીને જારી રાખવામાં આવી છે. અસહકારની પ્રવૃત્તિઓ મોકૂફ રાખવામાં આવી નથી. આક્રમણાત્મક સવિનયભંગ અને તેની તૈયારી માટેની આક્રમણાત્મક પ્રવૃત્તિઓ પડતી મૂકવામાં આવી છે. આ પોસ્ટરોનાં જૂઠાણાં બાજુએ રાખીએ તોપણ તે બહાર પાડનારાઓ એટલું પણ જોઈ ન શક્યા કે આવાં જૂઠાણાં આંદોલનને મજબૂત જ બનાવી શકે. પરંતુ એક અસહકારી તરીકે હું સહકારીઓ પણ જૂઠાણાનો આશરો લે એમ ઇચ્છતો નથી. અસહકારીઓને પણ જૂઠું બોલતા જોવામાં આવ્યા છે એ વાત મને કહેવાની જરૂર નથી. આચારસંહિતાથી ચલિત થવાના સવાલ પર હું મિત્રો કે દુશ્મનો કોઈને પણ બાકી મૂકતો નથી એ તો હવે જાણીતી વાત છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–३–१९२२

Gandhi Heritage Portal

## ૨૦૧. એમ. આર. જયકરને પત્ર

[માર્ચ ૨, ૧૯૨૨][૧]

તમે એકાએક બીમાર પડી ગયા અને તમારે પાલઘર ઊતરી જવું પડ્યું તેથી મને ખૂબ જ દિલગીરી થઈ.

યંગ ઇન્ડિયાની એકેએક લીટી તમે કાળજીથી વાંચી જાઓ એમ હું ઇચ્છું છું. જે વિચારો સાથે મેં બારડોલી છોડ્યું તે વિચારોને અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની સભાએ સંપૂર્ણ રીતે મંજૂર રાખ્યા છે એ વાત તમને જણાવવા માટે હું આ લખી રહ્યો છું. મારી લાગવગ પહોંચે ત્યાં સુધી તો હું જુદા જુદા પ્રાંતોના લોકોને સંરક્ષણાત્મક સવિનયભંગ પણ ન કરવા સમજાવવાનો છું. હાલપૂરતું તો મેં તેમને રચનાત્મક કાર્યક્રમ પર ધ્યાન કેન્દ્રિત કરવા સમજાવ્યા છે પરંતુ આ બધાનો અર્થ એવો થતો નથી કે સરકાર તરફના મારા વલણમાં કોઈ પણ જાતનો ફરક પડ્યો છે. તેનો પ્રપંચ, તેનો દંભ, હિંસાની તેની નિર્લજ્જ પૂજા મારામાં ઘૃણા ઉત્પન્ન કરે છે અને એક સમય એવો પણ આવવા સંભવ છે કે સરકારથી જેમ હું દૂર ભાગું છું તેમ લોકોથી પણ ભાગું. જોકે તે જુદા કારણસર હશે. તમારો પૂરેપૂરો સહકાર મેળવવા માટે હું આતુર છું.

આ રચનાત્મક કાર્યક્રમ પાર પાડવામાં તમે પૂરા દિલથી સહકાર નહીં આપો? ગોળમેજી પરિષદ માટે હાલ તુરત પ્રયત્ન કરવો નિરર્થક હોવાથી તમે એ પ્રયત્નમાં પરોવાઈ ન જાઓ એમ હું ઇચ્છું છું. તમે કેદીઓનો વિચાર પણ ન કરતા. જેલોમાં આરામની સારવાર લેતા તેઓ ત્યાં સાજાતાજા જ રહેવાના. રચનાત્મક કાર્યક્રમના કોઈ ને કોઈ ભાગ પર તમે તમારું પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરો તો તે મને ખૂબ જ ગમે. તમારી તબિયત સારી હોય અને મને આશા છે કે તે સારી જ છે તો હું તમને અહીં આવીને મારી સાથે એકાદ દિવસ શાંતિમાં ગાળવાની તકલીફ આપવા ઇચ્છું છું. એ વખતે આપણે મેં સૂચવેલા માર્ગે કામ કરવાની શક્યતા વિષે વિચારણા કરીશું. બુધવાર સુધી હું અમદાવાદમાં હોઈશ. આવતો સોમવાર, તમે જાણો છો કે મારો મૌનવાર છે. આ પત્ર તમને શુક્રવારે મળશે. તમે શનિવાર, રવિવાર, મંગળવાર કે બુધવારે ગમે ત્યારે આવી શકો, વહેલા આવો તો વધારે સારું.

[મૂળ અંગ્રેજી]

ધ સ્ટોરી ઑફ માય લાઇફ, પુસ્તક ૧, પા. ૫૮૧-૨

૧. મૂળ લખાણ પરથી.

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૧

## સર શંકરન નાયરના પત્રમાંથી ઉતારા

સંપાદક, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા

સાહેબ,

વર્તમાનપત્રોમાં આ પહેલાં પ્રગટ થઈ ચૂકેલાં કેટલાંક નિવેદનોને ધ્યાનમાં લેતાં, આ પત્ર પ્રગટ કરાવવા માટે હું આપના સૌજન્યનો લાભ લઈ શકું?

સાથે મળી ચર્ચાવિચારણા કરવા અને કોઈ માનભર્યા સમાધાનનો ઉપાય યોજવા માટે અમને બોલાવવામાં આવ્યા હતા. બીજા ઘણાઓની સાથે હું પણ એવા નિર્ણય પર આવ્યો છું કે શ્રી ગાંધી અને તેમના અનુયાયીઓ સાથે હવે વધુ ચર્ચાવિચારણા કરવી વ્યર્થ છે અને જેને હું જરા પણ માનભર્યું સમાધાન કહું છું તેમાં તેઓ જોડાશે નહીં અથવા કોઈ પણ સમાધાનનો તેમના તરફથી નિષ્ઠાપૂર્વક અમલ કરવામાં આવશે નહીં.

મારે મારાં કારણો આપવાં જોઈએ એ તદ્દન યોગ્ય છે.

જાહેરનામા પર સહી કરનારાઓએ ગઈ કાલે પરિષદ સમક્ષ કેટલીક દરખાસ્તો રજૂ કરી હતી. શ્રી ગાંધીએ એ ઠરાવો ન સ્વીકાર્યા. પરિષદે નીમેલી સમિતિમાં તેમની જ વિનંતીથી તેમને કે તેમના કોઈ અનુયાયીઓને રાખવામાં આવ્યા નહોતા. આ માટેનાં કારણો પાછળથી સ્પષ્ટ થશે. એ સમિતિએ તેમની સાથે ચર્ચાવિચારણા કરીને, બની શકે ત્યાં સુધી તેમની ઇચ્છા સંતોષવા માટે કેટલાક ઠરાવો ઘડયા. આ ઠરાવો પણ તેમણે ન સ્વીકાર્યા. તેમણે કરેલાં બે લાંબાં ભાષણોમાં તેમણે વાઇસરૉય સાથેની કોઈ પણ પ્રકારની પરિષદ અંગે પોતાની પરિસ્થિતિની નીચે મુજબ ચોખવટ કરી:

સરકારે "પશ્ચાત્તાપ" કરવો જ જોઈએ. અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે સરકારે આ પહેલાં લીધેલાં પગલાં બિનશરતે પાછાં ખેંચવાં જ જોઈએ; કાયદાની કેટલીક જોગવાઈઓને વિસ્તારતી જાહેરાતોને માત્ર તેણે રદ કરવાની નથી; પકડવામાં આવેલા અને દોષપાત્ર ઠરેલા સઘળા કૉંગ્રેસી અને ખિલાફતના સ્વયંસેવકોને છોડી મૂકવા જોઈએ એટલું જ નહીં પરંતુ હું જેને પીનલ કોડ અને પ્રોસીજર કોડની સામાન્ય જોગવાઈઓ કહું છું તે હેઠળ તાજેતરમાં દોષપાત્ર ઠર્યા હોય તેવા બીજા બધાને પણ મુક્ત કરવા જોઈએ. આ પાછલી માગણીમાં પાછળથી એક વિગતમાં સુધારો કરવામાં આવ્યો. શ્રી ગાંધીએ કહ્યું કે આ કંઈ તેમના પ્રત્યે કોઈ સહાનુભૂતિ દર્શાવવા ખાતર કરવામાં આવ્યું નથી, પરંતુ કેવળ અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે અને સરકાર પક્ષે પશ્ચાત્તાપ દર્શાવવા માટે કરવામાં આવ્યું છે.

એ ઉપરાંત, બેશક સરકારને જ ઉદ્દેશીને તેમણે એવો મત પ્રદર્શિત કર્યો કે, "અમે ગમે તેટલી હદે જઈએ તોપણ તમે લશ્કરી કાયદો જાહેર કરવાની હિંમત ન કરી શકો." શ્રી ગાંધીના જે અનુયાયીઓએ કેટલીક બાબતોમાં હળવો મતભેદ દર્શાવ્યો હતો તેઓ પણ તેમણે લીધેલા વલણને ટેકો આપે છે.

શ્રી ગાંધીને પોતાની અશક્ય શરતો ન સંતોષાતી હોય એવી કોઈ પરિષદ કે સમાધાન જોઈતાં નથી. . . .

પંજાબ બાબતમાં તેમણે એ હકીકત વિષે આગ્રહ રાખ્યો કે કૉંગ્રેસની પેટાસમિતિના હેવાલમાં કરેલી દરખાસ્તોનો અમલ કરવામાં આવે એનાથી જરા પણ ઓછાથી કૉંગ્રેસ પક્ષ સંતોષ પામશે નહીં. તેમાં, નીચલી પાયરીના અધિકારીઓને માત્ર શિક્ષા કરવાની વાતનો જ નહીં પણ, સર માઈકલ ઓડવાયર, ડાયર વગેરેનાં પેન્શન ખૂંચવી લેવા જેવી લગભગ અશક્ય શરતનો પણ સમાવેશ થાય છે.

ખિલાફતના પ્રશ્ન અંગે શ્રી ગાંધીએ કહ્યું કે ફ્રેન્ચોએ સીરિયા છોડી જવું જોઈએ. અલબત્ત આ એક અશક્ય શરત છે. ઇંગ્લંડ પણ ઇજિપ્ત છોડીને ચાલ્યું જાય એવી તેમની માગણી છે. આ અંગે કોઈ ટીકા કરવી જરૂરી નથી.

Gandhi Heritage Portal

સ્વરાજના પ્રશ્નમાં તો તેઓ કેન્દ્ર અને પ્રાંતિક સરકારોમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ નક્કી કરે તેવું સાંસ્થાનિક સ્વરાજ તુરત જ માગે છે. પ્રતિનિધિઓની ચૂંટણી માટે મતાધિકાર વગેરે બાબતમાં કૉંગ્રેસ બંધારણનો સ્વીકાર થવો જોઈએ.

તેમણે વારંવાર ભારપૂર્વક જણાવ્યું કે આ ઓછામાં ઓછી શરતો છે અને તેમનો સરકાર અને ગોળમેજી પરિષદે સ્વીકાર કરવો જ રહ્યો. . . .

સ્વયંસેવકો જેવા કેટલાક સજા પામેલા લોકોની જેલમુક્તિ અને બીજાઓના કેસ તપાસવા એક ન્યાયપંચની નિમણૂકને પરિષદ ભરવા માટેની પૂર્વશરતો તરીકે મૂકવામાં આવી છે. સરકાર આ સૂચનાનો સ્વીકાર કરે તો ફેરતપાસ માટે ન્યાયપંચ નિમાય તે સામે મારે કોઈ વાંધો નથી; જોકે એના બધા ન્યાયમૂર્તિઓની નિમણૂક સરકારે કરવાની નથી. આ કથન અલીભાઈઓ અને તેમની કક્ષાના બીજાઓ [ફતવા કેદીઓ]ની મુક્તિને લાગુ પડતું નથી. એમની મુક્તિ તો કોઈ પણ પરિષદની તૈયારીના આવશ્યક કાર્ય તરીકે માગવામાં આવી છે.

આપણે પરિષદ ઇચ્છતા હોઈએ તો મને લાગે છે કે કેટલાક કેદીઓને મુક્ત કરવાની શરત આપણે પડતી મૂકવી જોઈએ. શ્રી ગાંધીના આંદોલનમાં કોઈ પણ જાતની હિંસાનો ભય ન હોય ત્યાં સુધી સરકારે એ આંદોલનમાં દરમ્યાનગીરી ન કરવી જોઈએ એ વાત સાથે હું સંમત થાઉં છું. . . .

સર્વશ્રી મહમદઅલી અને શૌકતઅલી તથા એ કક્ષામાં આવતા બીજાઓ અંગે સરકારી સ્થિતિ વધારે સંગીન છે. તેઓ અહિંસક આંદોલનના સિદ્ધાંતનો સ્વીકાર કરતા નથી એ વાત શ્રી ગાંધી અને આપણામાંના ઘણા લોકોની જાણમાં છે. અહિંસક આંદોલનની પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવે તો એક વર્ષમાં સ્વરાજ મેળવી આપવાના શ્રી ગાંધીના વચનને ધ્યાનમાં રાખીને તેમણે હિંસા માટે દબાણ કર્યું નથી. આ વર્ષ પસાર થઈ ગયું છે અને મુસલમાનોને લાગે છે કે શ્રી ગાંધી સાથેનો કરાર પૂરો થઈ ગયો છે. . . . મુસલમાનો શ્રી ગાંધીનાં, જાતે લાદેલાં બંધનોના નિયંત્રણ હેઠળ નથી. . . . તેઓ કેવળ સરકાર સામે જ નહીં પરંતુ તેમના આંદોલનમાં જેઓ નહીં જોડાય તેમની સામે પણ હિંસા કરતાં અચકાશે નહીં. તાજેતરના બનાવો પણ આ વાતનું સમર્થન કરે છે.

બધા સંજોગો પરથી એવું અનુમાન બંધાય છે કે તેઓ અને તેમના મિત્રો, તેમના છુટકારા પછી પણ આંદોલન ચાલુ રાખશે. તેથી તેમના બિનશરતી છુટકારા માટે આગ્રહ રાખવામાં આવે કે પરિષદ માટેની પૂર્વશરત તરીકે સરકાર સમક્ષ એ મૂકવામાં આવે તે મને યોગ્ય લાગતું નથી. મલબારમાં જે કંઈ બની રહ્યું છે તે ધ્યાનમાં રાખતાં, દેશના કાયદાઓની વિરુદ્ધ જઈને પણ ધર્મની આજ્ઞાનું પાલન કરવાની સર્વોપરી ફરજને ભેદભાવ માટેના એકમાત્ર કારણ તરીકે ગણાવવાની વાતને ફગાવી દેવી જોઈએ. બીજી બાજુથી બિનશરતી છુટકારા વિરુદ્ધની એ મજબૂત દલીલ છે. છૂટા થતાં તેઓ અદાલતોએ ગેરકાયદે જાહેર કર્યું હોય તેવું વર્તન દાખવશે અને તેનાં ભયંકર પરિણામો આવશે. શ્રી ગાંધી અને તેમના મિત્રો અને ખુદ આરોપીઓ ધરપકડ અને શિક્ષાને આવકારે છે એ હકીકત એક વધારાનું કારણ છે. એટલે તેમની મુક્તિની માગણી સરકાર માટે માનભંગ જેવી છે અથવા સૂચવ્યા પ્રમાણેની ગોળમેજી પરિષદને અગાઉથી અશક્ય કરવા જેવી છે એવું હું કહું તો મને અનુદાર ગણવામાં નહીં આવે એની મને ખાતરી છે. આ લોકોનો છુટકારો કરવાના ઇનકારનો, સવિનયભંગ એટલે કે ના-કર વગેરે માટેના બહાના તરીકે ઉપયોગ કરવામાં આવે એવો સંભવ છે. તેમ થતાં આ આંદોલનની બધી ગેરકાયદે વાતો અને ભયંકરતા ઉઘાડી પડી જશે. એક વર્ષમાં સ્વરાજ મેળવવાના ખોટા વચનમાંથી ઊપજેલી નીતિનો એ યોગ્ય પરિપાક છે. અજ્ઞાન જનસમુદાયને ગેરરસ્તે દોરવાના હેતુથી એક વર્ષમાં સ્વરાજ મેળવવાની વાત કરવામાં આવી હતી. એને ટેકો આપનારા સઘળા બુદ્ધિશાળી લોકોને ખબર હોવી જ જોઈએ કે એક વર્ષમાં સ્વરાજ મેળવવું અશક્ય છે. . . .

કોઈ પણ પરિષદની માગણી કરવામાં અથવા બીજી કોઈ બાબતમાં શ્રી ગાંધી અને તેમના અનુયાયીઓ સાથે હું ઉપર ગણાવ્યાં તેવાં કેટલાંક કારણોસર જોડાઈ શકું તેમ નથી એવું હું માનતો હોવાથી તથા આ મહત્ત્વના સવાલો પર પરિષદ શ્રી ગાંધી સાથે સંમત થઈ હોવાથી હું પરિષદથી જુદો મત ધરાવું છું તેથી, હું જે પરિષદનો પ્રમુખ હતો તે પરિષદ છોડી જવાનું મને ફરજરૂપ લાગ્યું છે. . . .

**સી. શંકરન નાયર**

[મૂળ અંગ્રેજી]

ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ૧૭-૧-૧૯૨૨

Gandhi Heritage Portal

## પરિશિષ્ટ ૨

# વાઇસરૉય પરના ગાંધીજીના પત્ર
# અંગે
# હિંદુસ્તાન સરકારની યાદી

દિલ્હી,
ફેબ્રુઆરી ૬, ૧૯૨૨

સામુદાયિક સવિનયભંગ શરૂ કરવાના નિરધારને વાજબી ઠરાવતી શ્રી ગાંધીએ બહાર પાડેલી ૪થી ફેબ્રુઆરીની જાહેરાતમાં અનેક ખોટાં વિધાનો કરવામાં આવ્યાં છે. આમાંનાં કેટલાંક વિધાનો એટલાં બધાં ધ્યાનપાત્ર છે કે હિંદુસ્તાન સરકાર તેને પડકાર્યા વિના જવા દઈ શકે નહીં. પ્રથમ તો પોતે ગેર-કાનૂની દમનની નીતિ શરૂ કરી છે એ કથનનો તે ભારપૂર્વક ઇનકાર કરે છે. ઉપરાંત એ સૂચનનો પણ તે ઇનકાર કરે છે કે સંઘસ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય અને અખબારીસ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારો પ્રાપ્ત કરવા માટે અત્યારની સવિનયભંગની લડત શરૂ કરવાની અસહકારીઓને ફરજ પડી છે.

પ્રારંભમાં જ હિંદુસ્તાન સરકાર એ હકીકત તરફ ધ્યાન દોરવા ઇચ્છે છે કે શ્રી ગાંધી ચોક્કસપણે જે રાજદ્રોહી સભાઓના કાયદાનો અથવા સુધારેલા ફોજદારી કાયદાનો નિર્દેશ કરે છે તે અંગે તાજેતરમાં બહાર પાડવામાં આવેલી જાહેરાતો પહેલાં ૪થી નવમ્બરે સવિનયભંગનો કાર્યક્રમ અપનાવવાનો છેવટનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જે લોકો પોતાને શ્રી ગાંધી તથા અસહકારના આંદોલનના અનુયાયી તરીકે મનાવતા હતા તેમના તરફથી ગંભીર કાનૂનવિરોધી કૃત્યો આચરવામાં આવ્યાં અને પરિણામે, શાંત નાગરિકોને તેમનો કાયદેસરનો વ્યવસાય ચલાવવા માટે રક્ષણ આપવા, કેવળ કાયદેસરનાં પગલાં લેવાની સરકારને ફરજ પડી. અસહકારનું આંદોલન શરૂ કરવામાં આવ્યું ત્યારથી, રાજકીય પ્રવૃત્તિ ઉદ્દામવાદી હોવા છતાં તેમાં ભારે ઉપદ્રવ ઊભો ન થાય તેવી ઇચ્છાને વશ થઈને હિંદુસ્તાન સરકારે તે અંગે, કાયદો અને વ્યવસ્થા તથા જાહેર શાંતિની જાળવણી માટે જરૂરી હોય તેવાં જ પગલાં લીધાં છે.

ગયે વર્ષે નવેમ્બર સુધી દિલ્હીને બાદ કરતાં, ક્યાંય સ્વયંસેવકદળો સામે કાંઈ પગલાં લેવામાં આવ્યાં નહોતાં. તેમ છતાં, નવેમ્બરમાં સરકાર સામે એક નવી અને જોખમભરેલી પરિસ્થિતિ ઊભી થઈ. ગયા વર્ષ દરમ્યાન સૈનિકો અને પોલીસની વફાદારી સાથે ચેડાં કરવાનો વ્યવસ્થિત પ્રયત્ન કરવામાં આવ્યો હતો અને અજ્ઞાન અને ઉશ્કેરાઈ જતી આમજનતામાં, અસહકાર પક્ષના સીધા પ્રચારને પરિણામે થયેલાં ગણાવી શકાય તેવાં ગંભીર ગેરવ્યવસ્થાનાં સંખ્યાબંધ કૃત્યો થયાં હતાં. આ કૃત્યોને પરિણામે અનેક જણે જાન ગુમાવ્યા, અવ્યવસ્થાની ભયંકર ભાવના જાગી અને કાયદેસરની સત્તા પ્રત્યેની અવગણના વધી. નવેમ્બરમાં, જેમાં ૫૩ લોકોએ જાન ગુમાવ્યા અને આશરે ૪૦૦ ઘાયલ થયા એવા મુંબઈના ગંભીર રમખાણમાં તેની પરાકાષ્ઠા આવી. એ જ દિવસે, બીજાં ઘણાં સ્થળોએ ભયંકર ગેરકાનૂની પ્રવૃત્તિનું પ્રદર્શન થયું, અને આ સમય દરમ્યાન સાફ જોવામાં આવ્યું કે ઘણાં સ્વયંસેવકદળોએ હિંસા, ધાકધમકી અને રુકાવટની વ્યવસ્થિત ઝુંબેશ શરૂ કરી અને તેનો સામનો કરવા માટે પીનલ કોડ અને ક્રિમિનલ પ્રોસીજર કોડ હેઠળ લીધેલાં પગલાં બિનઅસરકારક નીવડયાં.

આ સંજોગોમાં સરકારને નછૂટકે વધારે વ્યાપક અને કડક પગલાં લેવાની ફરજ પડી.

આમ છતાં જે થોડા જિલ્લાઓમાં શાંતિનો ગંભીર ભંગ થવાનો ભય ખાસ વધારે હતો ત્યાં જ રાજદ્રોહી સભાઓના કાયદાનો અમલ કરવામાં આવ્યો હતો તથા જે સંસ્થાઓના મોટા ભાગના સભ્યો નિયમિત રીતે હિંસા ને ધાકધમકી આચરતા હતા તેમના પૂરતો જ ૧૯૦૮નો સુધારેલો ફોજદારી ધારો લાગુ પાડવામાં આવ્યો હતો. જુદા જુદા પ્રાન્તોમાં આ પગલાં લેવાનું વાજબી બન્યું તેના વિગતવાર પુરાવા અહીં રજૂ કરવાનું અશક્ય છે. છતાં જુદી જુદી ધારાસભાઓની પ્રસિદ્ધ થયેલી કાર્યવાહી, તથા જુદી જુદી

Gandhi Heritage Portal

સ્થાનિક સરકારોની યાદીઓ અને પ્રાન્તોના વડાઓનાં નિવેદનોમાં તે માટેના પુષ્કળ પુરાવા મળી આવે છે. કાયદો અને વ્યવસ્થા પ્રત્યે આદર જાળવવાની ફરજ પાડવા તથા તાજના શાંત અને વફાદાર પ્રજાજનોની રક્ષા કરવા સરકાર તેના નિર્ણયમાં મક્કમ હતી છતાં, ઇચ્છવાજોગ હોય ત્યાં કારાવાસની પરિસ્થિતિ હળવી બનાવવા માટે અને વેરવૃત્તિભરી સખતાઈનું પ્રદર્શન થાય તેવા કોઈ પણ પગલાને ટાળવા માટે, સરકારે બની શકે તેટલી બધી કાળજી લીધી હતી. સ્થાનિક સરકારોએ કાઢેલા જુદા જુદા હુકમોમાં એનો પૂરતો પુરાવો જોવા મળશે. અનેક ગુનેગારોને છોડવામાં આવ્યા છે, સજા ઓછી કરવામાં આવી છે અને રાજદ્રોહી સભાઓના કાયદા અથવા સુધારેલા ફોજદારી કાયદા હેઠળના ગુનાઓ માટે દોષિત ઠરેલા લોકો અંગે ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. એટલે, તેની નીતિ અવિચારી અને બિનકાનૂની દમનની છે તેવો આરોપ જરા પણ વાજબી નથી.

અસહકારીઓ વાણી અને વર્તનમાં અહિંસક રહેશે ત્યાં સુધી સરકાર અસહકારની પ્રવૃત્તિમાં દરમ્યાનગીરી નહીં કરે એવી સંસ્કારી નીતિ અલીભાઈઓના માફીપત્ર વખતે નામદાર વાઇસરૉયે ઠરાવી હતી તેનું સરકારે પાલન કર્યું નથી એવું તેનાં તાજેતરનાં પગલાં પરથી જણાય છે એવો બીજો એક આરોપ શ્રી ગાંધીએ મૂકચો છે. ૩૦મી મેએ હિંદુસ્તાનની સરકારે પ્રગટ કરેલી યાદીમાંથી નીચેનું અવતરણ આ કથનને સંપૂર્ણપણે ખોટું ઠરાવે છે. સર્વશ્રી મહમદઅલી અને શૌકતઅલીએ સહી કરેલા નિવેદનમાં તેમણે આપેલી ગંભીર બાંયધરીને લક્ષમાં લઈને તેમની સામે ફોજદારી કાર્યવાહી ન કરવાનું ઠરાવ્યું છે એવી સ્પષ્ટતા કરીને હિંદુસ્તાનની સરકારે જણાવ્યું હતું કે : "હિંસાની ઉશ્કેરણી કરે તેવાં ભાષણો માટે કામ ચલાવવાના હિંદુસ્તાનની સરકારના મૂળ નિશ્ચય ઉપરથી એવું અનુમાન કરવું ન જોઈએ કે ઓછી હિંસાવાળી બેદિલી ફેલાવવાનું કૃત્ય ગેરકાયદે ઠરતું નથી. હિંદુસ્તાનની સરકાર સ્પષ્ટ કરવા માગે છે કે રાજ્ય વિરુદ્ધના ગુના કરનાર ગમે તે વ્યક્તિ સામે, સરકારને યોગ્ય લાગશે ત્યારે અને તે રીતે એ ગુનાઓને લગતા કાયદાનો તે અમલ કરશે."

મુંબઈમાં મળેલી પરિષદે રજૂ કરેલી અને કૉંગ્રેસની કારોબારીએ સ્વીકારેલી શરતો, "નામદારે કલકત્તાના તેમના ભાષણમાં સૂચવ્યા પ્રમાણે જરૂરિયાતોને અનુરૂપ" હતી છતાં તેઓ નામદારે તેનો એકદમ અસ્વીકાર કર્યો છે એ આક્ષેપનો હિંદુસ્તાનની સરકારે જવાબ આપવાનો બાકી રહે છે. વસ્તુસ્થિતિથી આ કેટલું વેગળું છે તે, નામદાર [વાઇસરૉય]ના ભાષણ સાથે પરિષદે રજૂ કરેલી શરતોની તુલના કરવાથી જણાઈ આવશે. પરિષદ કોઈ પણ સવાલની ચર્ચા કરે તેની પાયાની પૂર્વશરત તરીકે અસહકારીઓ પોતાની ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ કરી દે એ મૂળભૂત આવશ્યકતા પર એ ભાષણમાં તેઓ નામદારે ભાર મૂકચો હતો. પરિષદે રજૂ કરેલી દરખાસ્તોમાં આ મુદ્દા અંગે કોઈ ખાતરીનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો. તેથી ઊલટું, એક તરફ સુધારેલા ફોજદારી કાયદા અને રાજદ્રોહી સભાઓના કાયદા હેઠળની જાહેરાતો પાછી ખેંચી લેવાનો જ સમાવેશ થતો હોય તેવી જ નહીં પરંતુ લશ્કરની વફાદારીને અસર કરે તેવા ગુનાઓ માટે દોષિત થયા હોય તેમનો છુટકારો કરવાની અને દેશના સાધારણ કાયદા હેઠળ ગુનેગાર ઠરી હોય તેવી વ્યક્તિઓના કિસ્સા પંચ સમક્ષ રજૂ કરવાનો પણ સમાવેશ થતો હોય તેવી છૂટછાટ આપવાનું સરકારને કહેવામાં આવ્યું. જ્યારે બીજી તરફ, હડતાળો, પિકેટિંગ અને સવિનયભંગ સિવાયની અસહકારીઓની બીજી ગેરકાનૂની પ્રવૃત્તિઓ બંધ પડે તેવું કોઈ સૂચન કરવામાં આવ્યું ન હતું. વળી પરિષદમાં શ્રી ગાંધીએ કરેલાં નિવેદનો પરથી સ્પષ્ટ થતું હતું કે પ્રતિબંધિત મંડળોમાં સ્વયંસેવકોની ભરતી કરવાનો અને સવિનયભંગની તૈયારીઓ ચાલુ રાખવાનો તેમનો ઇરાદો છે. તદુપરાંત શ્રી ગાંધીએ સાફ સાફ જણાવ્યું હતું કે તેમની આજ્ઞાઓને મહોર મારવા માટે જ ગોળમેજી પરિષદ ભરવામાં આવશે. નામદાર (વાઇસરૉયે) રજૂ કરેલી મહત્ત્વની આવશ્યકતાઓને આવી જાતની શરતો કોઈ પણ રીતે સંતોષે છે એમ સૂચવવું અથવા એ શરતો તેમણે દર્શાવેલી લાગણીઓના જવાબમાં કરવામાં આવી છે એમ સમજદારીથી કહી બતાવવું વ્યર્થ છે.

છેવટે, હિંદુસ્તાનની સરકાર શ્રી ગાંધીના અત્યારના જાહેરનામાના છેલ્લા ફકરામાં રજૂ કરાયેલી માગણીઓ તરફ ધ્યાન દોરવા ઇચ્છે છે. એ તો કૉંગ્રેસની કારોબારીએ કરેલી માગણીઓને પણ વટાવી જાય છે. શ્રી ગાંધીની માગણીઓમાં હવે (૧) અહિંસક પ્રવૃત્તિ માટે ગિરફતાર કરવામાં આવ્યા હોય

Gandhi Heritage Portal

અથવા જેમની સામેનો મુકદ્દમો ઊભો હોય તે બધા કેદીઓનો છુટકારો તથા (૨) અસહકાર પક્ષની પ્રવૃત્તિઓ હિંદી ફોજદારી ધારા હેઠળ આવતી હોય તોપણ તેમાં સરકાર દખલગીરી ન કરે એવી ખાતરી અથવા બીજા શબ્દોમાં કહીએ તો, અસહકારીઓ અંગે દેશના સાધારણ અને લાંબા સમયથી સ્થાપિત થયા હોય તેવા કાયદાઓ મોકૂફ રાખવાની સરકાર તરફની બાંયધરીનો સમાવેશ થાય છે. આ બધી છૂટછાટના બદલામાં તેઓ સૂચવે છે કે અસહકાર પક્ષના ગેરકાનૂની અને રાજદ્રોહી પ્રચાર અને પ્રવૃત્તિઓ ચાલુ રાખવાનો તેઓ ઇરાદો રાખે છે અને અત્યારે જેઓ જેલમાં છે તેમને સમગ્ર પરિસ્થિતિની ફેરવિચારણા કરવાની તક ન મળે ત્યાં સુધી માત્ર આક્રમણાત્મક સવિનયભંગ જ મોકૂફ રાખવાની તેમણે ઑફર કરી છે. એ જ ફકરામાં તેઓ પોતાના પક્ષની માગણીઓ અફર છે એમ ફરીથી જણાવે છે.

હિંદુસ્તાનની સરકારને વિશ્વાસ છે કે સૌ વિચારવંત નાગરિકો સ્વીકારશે કે આ જાહેરનામામાં કલકત્તામાં નામદારે કરેલા ભાષણનો કોઈ પણ જાતનો પ્રત્યુત્તર વાળવાનો સમાવેશ થતો નથી અને તેમાં એવી માગણીઓ કરવામાં આવી છે કે જેનો કોઈ પણ સરકાર સ્વીકાર તો શું પણ ચર્ચા પણ ન કરી શકે. હિંદુસ્તાનના લોકો સામે હવે જે વિકલ્પો ઊભા છે તેને કોઈ વિતંડાવાદ છુપાવી કે ઢાંકી નહીં શકે. હવે મુદ્દો રાજકીય પ્રગતિના આ કે તે કાર્યક્રમ વચ્ચેનો રહ્યો નથી પરંતુ તે, એક બાજુ સઘળાં જોખમકારક પરિણામોવાળી ગેરકાનૂની પ્રવૃત્તિ અને બીજી બાજુ સઘળી સંસ્કારી સરકારોના પાયામાં રહેલા સિદ્ધાંતોની જાળવણી વચ્ચેનો છે. સામુદાયિક સવિનયભંગ રાજ્ય માટે એવાં જોખમો ઊભાં કરે છે કે જેનો દૃઢતા અને સખતાઈથી સામનો કરવો જોઈએ. તેને દાબી દેવા માટે જે કંઈ પગલાં લેવાં પડશે તેમાં નામદાર શહેનશાહના સૌ કાનૂન પાલન કરનારા અને વફાદાર નાગરિકોનો સાથ અને સહકાર મળી રહેશે એ વિષે સરકારને જરા પણ શંકા નથી.

[મૂળ અંગ્રેજી]

इन्डिया इन १९२१-२२, पा. ३२९-३१

Gandhi Heritage Portal

# આધારરૂપ સાહિત્ય


**अमृतबझार पत्रिका :** કલકત્તાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**आज :** બનારસથી પ્રસિદ્ધ થતું હિંદી દૈનિક.

**આંધ્ર સરકારનાં દફતર.**

**केटलाक जूना पत्रो :** જવાહરલાલ નેહરુ, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૬૨.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી :** ગાંધી સાહિત્ય તથા તે સંબંધી દસ્તાવેજોનું કેન્દ્રસ્થ સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**गुजराती :** મુંબઈથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક.

**जेल डायरी :** સી. રાજગોપાલાચારી, સ્વરાજ પ્રિન્ટિંગ ઍન્ડ પબ્લિશિંગ કંપની, મદ્રાસ, ૧૯૨૨.

**ध स्टोरी ऑफ माय लाइफ, पुस्तक १ (१८७३–१९२२) :** એમ. આર. જયકર, એશિયા પબ્લિશિંગ હાઉસ, ૧૯૫૮.

**नवजीवन :** ગાંધીજીના તંત્રીપદે અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક.

**નૅશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયા, નવી દિલ્હી.**

**बापुनी प्रसादी (गुजराती) :** મથુરાદાસ ત્રિકમજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૮.

**बॉम्बे क्रॉनिकल :** મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**माय डियर चाइल्ड :** ઍલિસ એમ. બાર્ન્ઝ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૬.

**यंग इन्डिया :** ગાંધીજીએ સંપાદિત કરેલું અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી સાપ્તાહિક.

**रिपोर्ट ऑफ ध थर्टी-सिक्स्थ इन्डियन नेशनल कॉंग्रेस.**

**लीडर :** અલ્લાહાબાદથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**સાબરમતી સંગ્રહાલય :** પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવ્યા છે. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**सेवन मन्थ्स विथ महात्मा गांधी :** કૃષ્ણદાસ, આર. બી. ગ્રેગે સંક્ષિપ્ત કરી એનું સંપાદન કર્યું, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૧.

**सेवन मन्थ्स विथ महात्मा गांधी, पुस्तक २ :** કૃષ્ણદાસ, પ્રકાશક રામવિનોદ સિંહા, ગાંધી કુટિર, દિઘવાડા (બિહાર), ૧૯૨૮.

**हिंदी नवजीवन :** ગાંધીજીના તંત્રીપદે અમદાવાદથી પ્રસિદ્ધ થતું હિંદી સાપ્તાહિક.

**हिन्दु :** મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.


Gandhi Heritage Portal

# તારીખવાર વૃત્તાંત

## (ડિસેમ્બર ૧૫, ૧૯૨૧ – માર્ચ ૩, ૧૯૨૨)

**ડિસેમ્બર ૧૫ :** "એ પઝલ ઍન્ડ ઇટ્સ સોલ્યુશન" (વાઇસરૉયની મૂંઝવણ અને તેનો ઉકેલ) એ મથાળાવાળા યંગ ઇન્ડિયાના લેખમાં ગાંધીજીએ જાહેર કર્યું કે "અસહકારીઓ સરકારની સામે યુદ્ધમાં ઊતર્યા છે."

ચિત્તરંજન દાસનાં પત્નીની ધરપકડ વિષે ટીકા કરતાં, તેમણે સરકારનો પડકાર ઝીલી લેવાની બહેનોને હાકલ કરી.

શ્રીપ્રકાશ પર તાર કરીને તેમના પિતાશ્રી બાબુ ભગવાનદાસની ગિરફતારી માટે અભિનંદન આપ્યાં.

**ડિસેમ્બર ૧૭ :** જવાહરલાલ નેહરુને સુધારેલા ફોજદારી કાયદા પ્રમાણે ૬ માસની સાદી કેદ અને ૧૦૦ રૂપિયાના દંડની સજા થઈ.

**ડિસેમ્બર ૧૯ :** માલવિયાને તાર કરીને ગાંધીજીએ જણાવ્યું કે, સરકાર પશ્ચાત્તાપ ન કરે અને તેમણે દર્શાવેલી શરતો પૂરી ન કરે તો ગોળમેજી પરિષદ નિષ્ફળ જશે.

ચિત્તરંજન દાસ અને અબુલ કલામ આઝાદને તાર કરીને સૂચિત હડતાળ નિવારવાની શરતો જણાવી.

૧૨૪–અ અને ૧૨૩–અ કલમો અનુસાર જામીનગીરી ન આપવા માટે એસ. ઈ. સ્ટોક્સને છ મહિનાની સાદી કેદની સજા થઈ.

લાલા શંકરલાલને સુધારેલા ફોજદારી કાયદા હેઠળ ૪ માસની સખત કેદની સજા ફરમાવવામાં આવી.

**ડિસેમ્બર ૨૦ :** સૂચિત ગોળમેજી પરિષદ અંગે અમદાવાદમાં ગાંધીજીએ ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત આપી.

અલ્લાહાબાદમાં ઇન્ડિપેન્ડન્ટની જામીનગીરી જપ્ત કરવામાં આવી.

અભ્યુદયના સંપાદક કૃષ્ણકાંત માલવિયા અને ગોવિંદ માલવિયાને પિકેટિંગ કરતાં પકડવામાં આવ્યા.

યુક્ત પ્રાંત કૉંગ્રેસ સમિતિના મંત્રી, જયરામ સકસેનાને ૧૮ માસની સખત કેદની સજા કરવામાં આવી.

સિંધ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી, જયરામદાસ દોલતરામને સિંધ, હૈદરાબાદમાં ફોજદારી કાયદાની ૧૨૪–અ કલમ હેઠળ પકડવામાં આવ્યા.

**ડિસેમ્બર ૨૦ કે તે પછી :** સૂચિત ગોળમેજી પરિષદ દરમ્યાન અસહકાર બંધ કરવાની બાંયધરી આપવા વિષે અશક્તિ દર્શાવતો તાર ગાંધીજીએ માલવિયાને કર્યો.



Gandhi Heritage Portal

**ડિસેમ્બર ૨૧ :** કલકત્તામાં માલવિયાની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ વાઈસરૉયને મળ્યું. પ્રતિનિધિમંડળને જવાબ આપતાં વાઈસરૉયે કહ્યું કે, પરિષદ દરમ્યાન "કાયદાનો ખુલ્લંખુલ્લા અને નિશ્ચિત અનાદર કરતું આંદોલન" ચાલુ રહે તો પરિષદ બોલાવવાનો વિચાર સુધ્ધાં ન થઈ શકે.

૧૪૪મી કલમ હેઠળના હુકમનો સવિનયભંગ કરવા માટે સી. રાજગોપાલાચારી અને અરણી સુબ્રહ્મણ્ય શાસ્ત્રીને ૩ માસની સખત કેદની સજા કરવામાં આવી.

સુધારેલા ફોજદારી કાયદાની રૂએ કૃષ્ણકાંત માલવિયા, ચંદ્રકાંત માલવિયા અને ગોવિંદ માલવિયા એ દરેકને ૧૦૦ રૂપિયા દંડ કરવામાં આવ્યો.

**ડિસેમ્બર ૨૨ :** ઇન્ડિપેન્ડન્ટનો પહેલો હસ્તલિખિત અંક પ્રગટ થયો.

**ડિસેમ્બર ૨૩ :** ગાંધીજી અમદાવાદમાં કારોબારી સમિતિની બેઠકમાં હાજર રહ્યા. આ બેઠકે વરાયેલા પ્રમુખ ચિત્તરંજન દાસની ગેરહાજરીમાં આગામી કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખપદ માટે હકીમ અજમલખાનની વરણી કરી.

**ડિસેમ્બર ૨૪ :** ઇન્ડિપેન્ડન્ટનો હસ્તલિખિત અંક પ્રગટ કરવા માટે મહાદેવ દેસાઈને એક વર્ષની સખત કેદની સજા કરવામાં આવી.

ડિસેમ્બર ૨૧મીના વાઈસરૉયના ભાષણ અંગે, અમદાવાદમાં, ઍસોસિયેટેડ પ્રેસને એક મુલાકાત આપતાં ગાંધીજીએ કહ્યું કે કાયદેસરના શિસ્તબદ્ધ અહિંસક આંદોલન સામેની આક્રમણાત્મક પ્રવૃત્તિ સરકારે બંધ કરવી જોઈએ, અને જાહેર સભાઓ ભરવા અને મંડળો રચવાના અધિકારમાં નમતું ન આપી શકાય.

**ડિસેમ્બર ૨૫ :** અમદાવાદની વિષયવિચારિણી સભામાં અધિવેશનનો મુખ્ય ઠરાવ રજૂ કરવામાં આવ્યો.

**ડિસેમ્બર ૨૭ :** વિષયવિચારિણી સભામાં બોલ્યા.

અમદાવાદમાં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનું ૩૬મું અધિવેશન શરૂ થયું. ગાંધીજી તેમાં હાજર રહ્યા. ગાંધીજીએ ખિલાફત પરિષદમાં હાજરી આપી.

**ડિસેમ્બર ૨૮ :** સૂચિત ગોળમેજી પરિષદ અંગે, સવારના, વિષયવિચારિણી સભામાં બોલ્યા. ખુલ્લા અધિવેશનમાં અહિંસક અસહકારનો ઠરાવ રજૂ કર્યો. તે ઉપરાંત સંપૂર્ણ સ્વતંત્રતા અંગેના હસરત મોહાનીના ઠરાવ પર બોલ્યા.

**ડિસેમ્બર ૨૯ :** કૉંગ્રેસના બંગાળના ડેલિગેટોને મુલાકાત આપી. યંગ ઇન્ડિયામાં જેલમાં અસહકારીઓની આચારસંહિતાની રૂપરેખા આપી.

**ડિસેમ્બર ૩૦ :** યુક્ત પ્રાંતના કૉંગ્રેસ ડેલિગેટોને મુલાકાત આપી. મુસ્લિમ લીગના અધિવેશનમાં હાજરી આપી.

**ડિસેમ્બર ૩૧ :** ગૂજરાત વિદ્યાપીઠમાં પૉલ રિશારના ભાષણમાં હાજર રહ્યા. તેમણે પણ ભાષણ આપ્યું.

## ૧૯૨૨

**જાન્યુઆરી ૪ :** અદાલતનો તિરસ્કાર કરવા બદલ સર્વન્ટના સંપાદક શ્યામસુંદર ચક્રવર્તીને ૩ માસની સાદી કેદની સજા થઈ.

Gandhi Heritage Portal

જાન્યુઆરી ૫ : યંગ ઇન્ડિયામાં લખતાં ગાંધીજીએ વાણીસ્વાતંત્ર્ય અને સંઘસ્વાતંત્ર્યને દેશ સામે પડેલા "તાત્કાલિક મુદ્દા" ગણ્યા.

જાન્યુઆરી ૭ : લજપતરાય અને સંતાનમને એક વર્ષની સખત કેદની સજા થઈ.

જાન્યુઆરી ૮ : નવજીવનમાં લખતાં ગાંધીજીએ ખિલાફત અને મુસ્લિમ લીગની પરિષદોની ચર્ચા કરી અને હિંદુમુસ્લિમ એકતાનાં પગલાં સૂચવ્યાં.

જાન્યુઆરી ૧૩ : પ્રિન્સ ઑફ વેલ્સના આગમન વખતે મદ્રાસમાં હડતાળ પડી.

જાન્યુઆરી ૧૪ પહેલાં : આગામી નેતા પરિષદમાં ભાગ લેવા અંગે મુંબઈમાં ગાંધીજીએ बॉम्बे क्रॉनिकलને મુલાકાત આપી.

જાન્યુઆરી ૧૪ : સર શંકરન નાયરના પ્રમુખપદે મુંબઈમાં નેતા પરિષદ શરૂ થઈ; તેમાં ગાંધીજીએ ભાષણ આપ્યું. ઠરાવ ઘડવા પરિષદે સમિતિ નીમી.

જાન્યુઆરી ૧૫ : પરિષદે નીમેલી સમિતિની બેઠક સવારમાં મળી; ગાંધીજીએ હાજરી આપી; સર શંકરન નાયરે સભાત્યાગ કર્યો. પરિષદ સાંજે ફરી મળી; સર એમ. વિશ્વેશ્વરૈયાને પ્રમુખ નીમ્યા. વાઇસરૉય સાથે વાટાઘાટો થાય ત્યાં સુધી ૧૯૨૨ના જાન્યુઆરીની ૩૧મી સુધી સવિનયભંગ મોકૂફ રાખવાનું ગાંધીજીએ સ્વીકાર્યું.

જાન્યુઆરી ૧૭ : મુંબઈમાં કૉંગ્રેસ કારોબારી સમિતિએ નેતા પરિષદની ભલામણોની ચર્ચાવિચારણા કરી અને જાન્યુઆરી ૩૧, ૧૯૨૨ સુધી આક્રમણાત્મક સવિનયભંગ મોકૂફ રાખવાનો ઠરાવ કર્યો.

નેતા પરિષદની ચર્ચા કરતો અને પોતાનું વલણ સમજાવતો સર શંકરન નાયરનો પત્ર टाइम्स ऑफ इन्डियाમાં પ્રગટ થયો.

टाइम्स ऑफ इन्डियाના સર શંકરન નાયરના પત્ર અંગે ગાંધીજીએ बॉम्बे क्रॉनिकलને મુલાકાત આપી.

જાન્યુઆરી ૧૯ : યંગ ઇન્ડિયામાં "લશ્કરી કાયદા કરતાં પણ ખરાબ" એ શીર્ષક હેઠળ લેખ લખતાં ગાંધીજીએ સરકારના "જંગલી દમન"ને વખોડી કાઢ્યું. "મદ્રાસમાં ગુંડાગીરી" એ શીર્ષક હેઠળ લખતાં જાન્યુઆરીની ૧૩મીની હડતાળ વખતે થયેલાં તોફાનોને ગાંધીજીએ વખોડી કાઢ્યાં.

બાબુ ભગવાનદાસને છોડી મૂકવામાં આવ્યા.

જાન્યુઆરી ૨૬ : અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમમાં એક સભામાં ગાંધીજી બોલ્યા.

જાન્યુઆરી ૨૯ : બારડોલીમાં બારડોલી તાલુકા પરિષદમાં ભાષણ આપ્યું. કારોબારી સમિતિ બીજો નિર્ણય ન લે અથવા ગોળમેજી પરિષદ મળે નહીં તો બારડોલી તાલુકાએ તુરત જ સવિનય-ભંગ કરવો એવો ઠરાવ પરિષદે પસાર કર્યો.

મધ્યસ્થ ધારાસભાની ચર્ચાની નવજીવનમાં ટીકા કરતાં ગાંધીજીએ જણાવ્યું કે અસહકારીઓ અને સરકાર વચ્ચેની પરિસ્થિતિ વચ્ચે "ઉત્તરદક્ષિણ ધ્રુવ જેટલું અંતર" છે.

જાન્યુઆરી ૩૦ : બારડોલીના પટેલો પરના પત્રમાં ગાંધીજીએ તેમને તેમની સરકારી નોકરીનાં રાજીનામાંના પત્રો, તેમનો પાછળથી ઉપયોગ કરવા માટે પોતાના પર મોકલી આપવા જણાવ્યું.

Gandhi Heritage Portal

**જાન્યુઆરી ૩૧ :** પરદેશમાં પ્રચાર ખૂબ જ આવશ્યક છે એવો ઠરાવ સુરતમાં મળેલી કારોબારીની બેઠકે પસાર કર્યો.

ગાંધીજી સુરતની જાહેર સભામાં બોલ્યા.

લજપતરાય, કે. સંતાનમ, મલિકખાન અને ડૉ. ગોપીચંદનો છુટકારો થયો; લજપતરાય ૧૯૦૮ના સુધારેલા ફોજદારી કાયદા હેઠળ ફરી પકડાયા.

**ફેબ્રુઆરી ૧ :** વાઇસરૉય ચોખ્ખેચોખ્ખા શબ્દોમાં અહિંસક પ્રવૃત્તિમાં દખલગીરી ન કરવાની જાહેરાત ન કરે, વર્તમાનપત્રોને સઘળા વહીવટી અંકુશોથી મુક્ત ન કરે અને બધા જ અહિંસક અસહકારી કેદીઓને મુક્ત ન કરે તો સામુદાયિક સવિનયભંગ શરૂ કરવાનો બારડોલીનો નિર્ણય ગાંધીજીએ વાઇસરૉયને પત્ર દ્વારા જણાવ્યો.

**ફેબ્રુઆરી ૪ :** ચૌરીચૌરામાં રમખાણ થયું; પોલીસ થાણા પર હુમલો થયો અને એકવીસ પોલીસો અને ચોકીદાર માર્યા ગયા.

**ફેબ્રુઆરી ૫ :** સવિનયભંગ વિષે બારડોલીની યોગ્યતા અંગે ગાંધીજીએ बॉम्बे क्रॉनिकलને મુલાકાત આપી.

બારડોલીના લોકોને સંબોધીને ગુજરાતીમાં, ચોપાનિયાની હારમાળાનું પહેલું ચોપાનિયું પ્રગટ કર્યું.

**ફેબ્રુઆરી ૬ :** વાઇસરૉય પરના ગાંધીજીના ફેબ્રુઆરી ૧લીના પત્રના જવાબમાં સરકારે યાદી પ્રગટ કરી.

**ફેબ્રુઆરી ૭ :** ગાંધીજીએ વર્તમાનપત્રોમાં સરકારની યાદીનો જવાબ આપ્યો.

**ફેબ્રુઆરી ૮ :** ગાંધીજીએ બારડોલીથી કારોબારીના સભ્યોને ફેબ્રુઆરીની ૧૧મીએ મળનાર કારોબારી સમિતિમાં વિચારવામાં આવનારા સવિનયભંગ મોકૂફ રાખવાના નિર્ણય વિષે અભિપ્રાય માગતો પરિપત્ર મોકલ્યો.

બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ હરદયાલ નાગને બિનશરતે છોડી મૂકયા.

**ફેબ્રુઆરી ૯ :** અમદાવાદની મ્યુનિસિપાલિટીને સસ્પેન્ડ કરવામાં આવી.

यंग इन्डियाમાં લખતાં ગાંધીજીએ સત્તાવાળાઓની કાનૂન વિરોધી પ્રવૃત્તિ વિષે ચર્ચા કરી અને “ગમે તે ભોગે સંરક્ષણાત્મક સવિનયભંગ ચાલુ રહેવો જોઈએ” એવી જાહેરાત કરી.

**ફેબ્રુઆરી ૧૦ :** બારડોલીની કૉંગ્રેસ કાર્યકારોની સભામાં ગાંધીજીએ, સવિનયભંગ તરત જ અટકાવી દેવાના નિર્ણયની જાહેરાત કરી.

**ફેબ્રુઆરી ૧૧ :** બારડોલીમાં કારોબારી સમિતિની સભા મળી.

**ફેબ્રુઆરી ૧૨ :** ચૌરીચૌરાના બનાવોના પ્રાયશ્ચિત્ત તરીકે ગાંધીજીએ પાંચ દિવસના ઉપવાસ શરૂ કર્યા.

ચૌરીચૌરાના બનાવોને કારણે કારોબારી સમિતિએ સવિનયભંગ પડતો મૂકવાનો ઠરાવ પસાર કર્યો.

નવજીવનમાં લખતાં ગાંધીજીએ ચૌરીચૌરાના બનાવ વિષે દુ:ખ વ્યક્ત કર્યું.

એક બીજા લેખમાં સ્વરાજ મેળવવા માટે લોકોએ પાળવાની શરતોનું પુનરુચ્ચારણ કર્યું.

Gandhi Heritage Portal

ફેબ્રુઆરી ૧૪ : પ્રિન્સ ઑફ વેલ્સ દિલ્હી આવ્યા.

ફેબ્રુઆરી ૧૫ : પોતાના ભાવિ કાર્યક્રમ અંગે ગાંધીજીએ બારડોલીમાં બૉમ્બે ક્રૉનિકલને મુલાકાત આપી.

સર ડેનિયલ હેમિલ્ટનના પત્રમાં ગાંધીજીએ હિંદુસ્તાન માટે રેંટિયાની અગત્ય પર ભાર મૂક્યો. ઈંગ્લંડમાં ઉમરાવસભાએ હિંદુસ્તાનની બાબતો અંગે ઉમરાવ અને આમની સભાઓની એક સંયુક્ત સ્થાયી સમિતિ રચવાનો ઠરાવ કર્યો.

ફેબ્રુઆરી ૧૬ : યંગ ઇન્ડિયામાં ગાંધીજીએ "ચૌરીચૌરાના ગુના" વિષે "ઘરનો ઘા" નામનો લેખ લખ્યો.

ફેબ્રુઆરી ૧૯ : જવાહરલાલ નેહરુને સવિનયભંગ પડતો મૂકતા કારોબારી સમિતિના ઠરાવની સમજૂતી આપતો પત્ર લખ્યો.

ફેબ્રુઆરી ૨૨ : હિંદુસ્તાનમાંની રાજકીય પરિસ્થિતિ વિષે સમાચાર આપવા માટે બહારના કોઈ પણ દેશમાં એજન્સી સ્થાપવાનું અત્યારે ઇચ્છવાજોગ નથી એમ ગાંધીજીએ અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના પ્રમુખને લખી જણાવ્યું.

ફેબ્રુઆરી ૨૩ : સર વિલિયમ વિન્સન્ટે અસહકારના આંદોલન અંગેની સરકારની નીતિ વિષે વડી ધારાસભામાં એક નિવેદન કર્યું.

ફેબ્રુઆરી ૨૪ : દિલ્હીમાં અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠક શરૂ થઈ.

દમનકારી કાયદાઓ પાછા ખેંચી લેતા ખરડાને વાઈસરૉયે બહાલી આપી.

ફેબ્રુઆરી ૨૫ : દિલ્હીમાં મળેલી અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠકે ૧૨મી ફેબ્રુઆરીએ કારોબારી સમિતિએ બારડોલીમાં પસાર કરેલા ઠરાવને થોડા સુધારાવધારા સાથે મંજૂર કર્યો.

ફેબ્રુઆરી ૨૬ : દિલ્હીમાં ગાંધીજીએ અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠક અને તેના ઠરાવો અંગે વર્તમાનપત્રોને મુલાકાત આપી.

માર્ચ ૩ : લખનૌ જેલમાંથી જવાહરલાલ નેહરુ અને બીજા છ જણને તેમની મુદત પૂરી થતાં પહેલાં છોડવામાં આવ્યા.

ગાંધી સ્મારક સંગ્રહ
અમદાવાદ
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

## સૂચિ


અકરામખાન, મૌલવી ૧
અકાલી ૦જૂથ ૮૦; ૦પક્ષ ૩૦૪
અકોલા ૬૮
અખબારી સ્વાતંત્ર્ય ૧૯૮, ૩૧૧, ૩૧૩
અખિલ ભારતવર્ષની ખ્રિસ્તીઓની સભા ૧૪૨
અખિલ ભારતવર્ષીય રાષ્ટ્રીય મહાસમિતિ ૧૧
અખિલ હિંદ ઉલેમા કૉન્ફરન્સ ૪૪૮
અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ ૩૫ પા. ટી., ૫૪ પા. ટી., ૯૩, ૯૫, ૧૩૯ પા. ટી., ૧૫૭, ૨૦૨, ૨૪૮, ૩૧૩, ૩૪૪ પા. ટી., ૩૪૬ પા. ટી., ૩૪૭, ૩૬૫, ૩૭૩, ૩૯૪ પા. ટી., ૩૯૫, ૩૯૯, ૪૦૧–૨, ૪૦૮, ૪૨૮ પા. ટી., ૪૩૦–૪, ૪૪૮, ૪૫૮
અખિલ હિંદ ખ્રિસ્તી પરિષદ ૧૫૯
અખિલ હિંદ પોલીસ પરિષદ ૨૩૧
અખિલ હિંદ મુસ્લિમ લીગ ૯૩
અખિલ હિંદ સંગીત પરિષદ ૧૨૮
અખો કવિ ૪૨૭ પા. ટી.
અજમેર ૬૮, ૪૪૭–૮
અદાલતો ૧૧, ૧૬, ૩૧, ૭૬, ૭૯, ૨૧૩, ૨૨૫, ૩૨૧, ૩૮૮–૯૦, ૪૦૯–૧૦, ૪૩૩, ૪૩૮, ૪૪૦, ૪૪૫, ૪૪૮; –નો બહિષ્કાર ૪૦૯
અધિકારીઓ (અમલદારો) ૨૪, ૩૨, ૬૪, ૭૫, ૧૦૭, ૧૬૪, ૨૦૧, ૨૦૮, ૨૧૯, ૨૨૬, ૨૩૨, ૨૬૦, ૨૬૪, ૩૦૪, ૩૧૪–૫, ૩૨૪, ૩૨૬–૭, ૩૩૫, ૩૪૯, ૪૨૫, ૪૫૩–૪
અનસારી, ડૉ. ૭૩, ૭૫, ૭૮, ૮૭–૮, ૩૦૨
અન્ના (શર્મા, હરિહર) ૩૮
અફઘાન ૨૬૪
અફઘાનિસ્તાન ૧૦૨, ૧૭૩, ૩૮૬
અબ્દુલ બારી, મૌલાના ૩૯, ૧૧૮, ૨૪૫ પા. ટી., ૩૨૬–૭, ૩૫૩
અબ્દુલ મજીદ ૭૬
અબ્રાહ્મણો ૨૩૭
अभ्युदय ૧૩૮ પા. ટી.
અમદાવાદ ૧૨, ૨૭ પા. ટી., ૩૨, ૪૦ પા. ટી., ૫૨ પા. ટી., ૫૪ પા. ટી., ૮૭, ૯૩, ૯૫–૬, ૯૮, ૧૦૨, ૧૦૪, ૧૦૮, ૧૧૨, ૧૧૫ પા. ટી., ૧૧૬, ૧૧૮ ૧૧૯ પા. ટી., ૧૨૦, ૧૩૪ પા. ટી., ૧૩૮, ૧૪૬, ૧૫૬, ૧૬૬ પા. ટી., ૧૬૮ પા. ટી., ૧૭૦–૧, ૧૭૩, ૧૭૪ પા. ટી., ૧૮૨, ૧૮૬ પા. ટી., ૧૯૪, ૨૦૯, ૨૧૮ પા. ટી., ૨૩૫, ૨૪૫ પા. ટી., ૨૪૯, ૨૫૫, ૨૯૩, ૩૩૪ પા. ટી., ૩૫૮, ૩૬૬–૭, ૩૭૪, ૩૮૩, ૩૮૫, ૩૮૮, ૩૯૯, ૪૧૦, ૪૧૮ પા. ટી., ૪૨૨–૪, ૪૨૭, ૪૨૯, ૪૩૬–૭, ૪૫૫, ૪૫૮; –ના મજૂરો ૩૦૩
અમદાવાદીઓ ૩૭૫
અમરેલી ૯૨, ૪૨૭
अमृतबझार पत्रिका ૨૯૩ પા. ટી.
અમૃતસર ૬, ૭, ૧૨, ૫૯, ૭૧, ૭૪, ૧૬૦, ૧૯૨, ૨૦૭, ૨૨૮, ૩૭૫, ૩૮૩
અમેરિકા ૭૪ પા. ટી., ૧૩૦, ૨૨૦–૧, ૩૩૨
અરબસ્તાન ૨૦૦, ૨૫૦, ૪૪૨ પા. ટી.
અરાજકતા ૩૧૮, ૩૩૬
અરાજકતાવાદીઓ ૨૩૦
અર્જુન ૨૪૯, ૨૬૬, ૪૨૭
અલવી, ઝફરુલ્મુલ્ક ૪૦૫
અલીગઢ ૬૯, ૭૦, ૧૨૬, ૧૬૫ ૨૦૭, ૩૧૪
અલીભાઈઓ (બંધુઓ, બિરાદરો) ૨૫, ૫૦, ૭૦, ૧૨૮, ૧૪૮, ૧૯૪, ૧૯૭–૮, ૨૧૫, ૩૦૪, ૩૧૬, ૩૨૩, ૩૨૫–૬, ૩૬૯, ૪૦૩
અલી હજરત ૧૦૩
અલ્લાહાબાદ ૧૫, ૨૫, ૩૯, ૫૫, ૫૭, ૬૨, ૬૩ પા. ટી., ૭૭, ૧૧૬–૭, ૧૨૫–૬, ૧૩૨, ૧૩૮, ૧૬૧, ૨૦૪, ૨૦૭, ૨૨૧–૨, ૩૧૩, ૩૨૧, ૩૬૫, ૩૯૨, ૪૦૦, ૪૧૭
અસત્ય ૪૧૫–૬
અસફઅલી, ડૉ. ૭૪, ૮૭, ૩૨૧
અસહકાર ૩, ૪, ૮, ૧૩–૪, ૧૮, ૩૧, ૪૯, ૫૫–૮, ૬૨, ૬૫–૬, ૭૫–૬, ૮૪ પા. ટી., ૯૦, ૯૪, ૯૮, ૧૦૩, ૧૧૦–૧, ૧૨૫, ૧૪૨, ૧૪૫, ૧૪૮, ૧૫૪–૫, ૧૬૬, ૧૭૦ પા. ટી., ૧૭૩, ૧૭૬, ૧૮૦–૧, ૧૯૦, ૧૯૩, ૧૯૮–૯, ૨૦૭, ૨૧૩–૪, ૨૧૬, ૨૧૭ પા. ટી., ૨૨૭, ૨૩૮–૯, ૨૪૨–૩, ૨૫૩, ૨૫૭, ૨૯૧, ૨૯૩, ૨૯૫, ૩૦૮–૯, ૩૧૩–૪, ૩૨૧, ૩૨૬–૭, ૩૨૯, ૩૩૭–૮, ૩૪૦, ૩૪૭, ૩૫૧–૨, ૩૫૮–૯, ૩૭૬, ૩૮૫, ૩૮૯,


Gandhi Heritage Portal

૩૯૨, ૩૯૭–૮, ૪૦૧, ૪૦૭, ૪૨૨–૩, ૪૨૫–૭, ૪૩૦–૧, ૪૩૮, ૪૪૦, ૪૫૨, ૪૫૭; ૦આત્મ-સાક્ષાત્કારની પ્રક્રિયા ૨૪૭; ૦સાર્વત્રિક સિદ્ધાંત ૨૪૭
અસહકારી(ઓ) ૧, ૨, ૪, ૮, ૧૦, ૧૯–૨૨, ૨૫–૬, ૩૧–૨, ૩૫–૬, ૪૨–૩, ૪૫–૬, ૫૫–૬, ૬૦, ૬૨, ૬૬–૭, ૭૧, ૮૩, ૮૫–૬, ૯૦, ૯૪, ૯૭, ૧૦૬–૭, ૧૦૯, ૧૧૩, ૧૨૧, ૧૨૬, ૧૩૨, ૧૩૪, ૧૩૭, ૧૪૦, ૧૫૩–૪, ૧૫૯, ૧૬૧–૨, ૧૬૯–૭૦, ૧૭૭, ૧૭૯, ૧૮૨–૩, ૧૮૫, ૧૯૦, ૧૯૬, ૨૦૦–૪, ૨૦૭, ૨૧૪–૫, ૨૧૭, ૨૨૦, ૨૨૪, ૨૩૬–૭, ૨૪૦, ૨૫૨, ૨૫૭–૮, ૨૯૦, ૨૯૧, ૨૯૩, ૨૯૪, ૩૦૬, ૩૧૧, ૩૧૪–૭, ૩૨૩, ૩૨૫–૭, ૩૨૯–૩૧, ૩૩૪ પા. ટી., ૩૩૭–૪૦, ૩૪૭–૫૩, ૩૫૭ પા. ટી., ૩૫૮, ૩૭૨–૩, ૩૭૬, ૩૭૮, ૩૮૦, ૩૮૪–૫, ૩૮૬ પા. ટી., ૩૮૯–૯૦, ૩૯૮, ૪૦૦, ૪૦૩, ૪૦૬, ૪૧૧, ૪૧૪, ૪૨૩, ૪૨૫, ૪૨૬, ૪૩૫, ૪૪૧, ૪૪૪–૫, ૪૫૪; ૦અંતિમવાદીઓ ૧૫૦; ૦કેદીઓ ૨૧૮; ૦પત્રો ૩૧૪; ૦મંડળો ૧૬૪, ૨૦૯ પા. ટી.; ૦વકીલો ૩૩૯
અસહિષ્ણુતા ૪૦૦
અસ્પૃશ્ય(શ્યો) ૧૦૫, ૧૧૩–૪, ૧૩૧, ૧૩૫, ૧૫૯, ૨૪૩, ૨૫૩, ૨૬૧, ૨૬૮, ૨૭૨, ૨૯૩, ૩૧૨, ૩૪૬, ૩૪૮, ૩૫૪, ૪૪૦–૧; ૦ગણાતી જ્ઞાતિ ૧૭૧; ૦વર્ગ ૨૫૧, ૨૬૧
અસ્પૃશ્યતા ૪૪, ૯૯, ૧૩૧, ૧૬૩, ૧૭૧, ૨૦૮, ૨૧૧ પા. ટી., ૨૧૬, ૨૫૧, ૨૫૯, ૨૬૧–૨, ૨૬૬–૯, ૩૦૪, ૩૨૯, ૩૩૯, ૩૪૮, ૩૫૭–૮, ૩૬૫, ૩૭૮, ૪૨૭; ૦નાશ ૨૧૯, ૩૪૫, ૩૮૯; ૦નિવારણ ૧૬, ૧૬૬, ૧૯૯, ૨૬૬, ૨૬૮; –નો ત્યાગ ૪૩, ૧૯૫; ૦રૂપી અશ્વત્થ ૨૧૪
અહિંસક ૦ક્રાંતિ ૧૫૪; ૦સાધનો ૧૫૪
અહિંસા ૩, ૧૦, ૧૩–૬, ૧૮, ૨૦, ૨૨, ૨૪, ૩૫, ૪૨, ૫૬, ૫૯–૬૧, ૬૬–૭, ૭૦, ૭૫–૭, ૮૦, ૯૦, ૯૩–૬, ૯૯, ૧૦૦, ૧૦૯–૧૨, ૧૨૯, ૧૩૨, ૧૩૫–૬, ૧૩૯, ૧૪૮, ૧૫૩–૪, ૧૬૪, ૧૭૬, ૧૭૮, ૧૯૫, ૧૯૭–૯, ૨૦૦, ૨૦૭, ૨૨૫, ૨૨૭, ૨૩૦, ૨૩૪, ૨૩૭, ૨૪૧–૨, ૨૪૮, ૨૫૯, ૨૬૪–૫, ૨૬૮, ૨૯૧, ૩૦૯, ૩૧૪, ૩૧૭, ૩૨૬, ૩૨૯, ૩૩૧, ૩૩૮–૪૧, ૩૪૩, ૩૪૫, ૩૪૮, ૩૫૯, ૩૬૫–૮, ૩૭૨, ૩૭૪–૮૦, ૩૮૫, ૩૯૨, ૪૦૧–૩, ૪૦૫, ૪૦૮, ૪૧૫–૭, ૪૩૨, ૪૩૪, ૪૩૬–૯, ૪૪૨–૩, ૪૪૮–૫૦; –ની પ્રતિજ્ઞા ૨૪૩–૪; ૦પરાયણ ૨૫, ૩૮૧; ૦વૃત્તિ ૩૮૦; ૦વ્રત ૨૫૨; ૦વ્રતી ૨૭૬
અહિંસામૃત ૩૪
અંગદવિષ્ટિ ૩૦૦
અંગ્રેજો ૩, ૨૨, ૨૮, ૪૮, ૧૦૩, ૧૩૪, ૧૫૩–૪, ૧૬૩, ૨૨૪, ૨૬૩, ૩૨૫, ૩૩૭–૮, ૩૪૭, ૩૫૨, ૩૬૧, ૪૨૮, ૪૪૧, ૪૫૧
અંતરાત્મા ૧૩૭, ૪૨૬; –નો અવાજ ૩૧, ૧૦૦, ૧૫૬, ૩૬૯, ૪૦૩, ૪૦૬, ૪૪૯
અંત્યજ(જો) ૨૬૨, ૨૬૬, ૩૦૫, ૩૫૭, ૩૮૦, ૪૨૭; ૦ઉન્નતિ ૨૫૪; ૦જ્ઞાતિઓ ૯૯; ૦બાળકો ૨૬૫, ૩૦૬
અંબાભવાની સીતા ૪૯
અંબાલા ૨૨૭

**આઇસ**, ડૉક્ટર ૩૨૦ પા. ટી.
આગા સફદર ૪, ૫, ૭, ૨૨, ૨૬, ૫૦, ૬૬, ૨૦૫, ૩૭૪
આગ્રા ૩૨૧, ૩૨૫, ૩૬૫, ૩૭૧, ૪૦૦, ૪૦૮; ૦જેલ ૨૧૦, ૨૧૭, ૨૩૩, ૪૦૭
આચારસંહિતા ૪૫૭
આજ ૧૦૩ પા. ટી.
આઝાદ અકાલી ૪૦૫
આઝાદ, અબુલ કલામ મૌલાના ૧, ૧૦, ૧૨, ૫૦, ૫૩, ૬૦, ૭૮, ૯૭, ૧૯૨, ૨૧૨, ૨૧૪, ૨૩૦, ૨૩૫, ૩૧૪, ૩૩૬, ૩૬૧, ૩૯૭, ૪૦૯–૧૧
આઝાદ, અબુલ કલામ બેગમ ૪૧૦–૧
આણંદ ૪૩, ૫૦, ૧૩૯, ૧૭૯–૮૦, ૨૦૮, ૨૧૩, ૨૨૦; ૦નિવાસીઓ ૧૭૯
આત્મ ૦બળ ૩૦૪; ૦ભોગ ૨૨૭; ૦યજ્ઞ ૨૪, ૩૦, ૪૨; ૦શુદ્ધિ ૧૪, ૪૩, ૧૫૨, ૧૮૦, ૧૯૦, ૧૯૫, ૨૧૪, ૨૭૨, ૩૨૯, ૩૪૦, ૩૮૧, ૩૯૮, ૪૫૦; ૦સંયમ અને આત્મશુદ્ધિ ૭૭; ૦સંરક્ષણ ૧૩૫; ૦હત્યા ૧૦૩
આદિ દ્રાવિડો ૨૩૭
આદિવાસીઓ ૩૫૩ પા. ટી.
આફ્રિકાવાસીઓ ૨૦૯
આભડછેટ ૪૨૭
આયર, રંગા ૧૨૫
આયર, શેશગિરિ ૧૭૦
આયરિશ ઍગ્રિકલ્ચરલ ઑર્ગેનાઇઝેશન સોસાયટી ૧૫૧

Gandhi Heritage Portal

આયરિશ પ્રજા ૧૯
આયર્લૅન્ડ ૨ પા. ટી., ૧૮-૯, ૧૪૮, ૧૫૧, ૨૧૦, ૨૯૧, ૩૦૮
આયંગર, કસ્તૂરી રંગા ૯૬, ૧૦૯
આયંગર, શ્રીનિવાસ ૧૭૦
આરબો ૨૪૩
આર્નોલ્ડ, એડવિન ૩૯૩
આર્યસમાજ ૨૨૬ પા. ટી.
આલમ, ડૉ. મહમદ ૭૦
આશાવાદ ૪૨, ૧૪૭
આશ્રમ (સત્યાગ્રહાશ્રમ) ૩૮, ૮૯, ૩૬૫
આસામ ૪, ૧૨, ૫૯, ૭૬, ૭૮, ૧૫૭, ૨૧૯, ૨૨૬, ૨૪૪ પા. ટી., ૨૬૩, ૪૪૭
આસામ કૉંગ્રેસ બુલેટિન ૪૦૫
આસામી સ્વયંસેવકો ૪૨
આંતરખોજ ૪૫૦
આંતરવિગ્રહ ૧૬૫
આંદામાન ૨૦૪, ૪૫૫-૬
આંધ્ર ૭૫, ૮૮, ૧૨૮, ૧૫૭, ૧૫૯, ૧૯૫, ૨૪૨-૪, ૨૪૮, ૨૫૮, ૩૨૯, ૩૩૪, ૩૭૩-૪, ૪૪૬; ૦વાસીઓ ૨૪૪, ૨૬૦-૧
આંધ્રકેસરી ૨૫૯ પા. ટી.
આંધ્રજાતીય કળાશાળા ૩૭૩ પા. ટી.

ઇજિપ્ત ૧૯૬-૭, ૩૦૮; ૦વાસીઓ ૧૯૭
इन्डिपेन्डन्ट ૫૨, ૭૭, ૮૧, ૯૧ પા. ટી., ૧૧૫-૬, ૧૧૯, ૧૨૩, ૧૨૫, ૧૬૭, ૨૨૧, ૨૩૩, ૩૦૧, ૩૨૬, ૩૫૩
ઇન્ડિપેન્ડન્ટો ૧૭૦, ૨૦૨
इन्डिया ૩૯૫ પા. ટી.
इन्डिया इन ૧૯૨૧-૨, ૮૪ પા. ટી., ૨૩૯ પા. ટી.
ઇન્ડિયા ઑફિસ ૩૧૧, ૪૪૫
ઇન્ડિયા હાઉસ -ના ક્રાંતિકારીઓ ૩૩૯
ઇરોડ ૭૫, ૧૮૪
ઇસ્લામ ૧૩, ૬૯, ૧૦૩, ૧૯૯, ૨૦૪, ૨૩૮, ૨૪૬, ૨૪૮, ૨૬૧, ૩૮૫, ૪૧૪, ૪૪૧, ૪૫૫; -ના ઉલેમાઓ ૧૦
ઇસ્લામી ૦જગત ૧૩૪; ૦સંસ્કૃતિ ૪૧૪
ઇંગ્લંડ ૧૯, ૧૩૦, ૧૩૫, ૧૪૯, ૧૫૨, ૧૮૯-૯૦, ૨૨૦, ૨૩૯, ૨૯૧-૨, ૩૦૮, ૩૩૩, ૩૮૫-૬, ૩૯૧, ૪૪૧
ઇંદોર ૧૫૪ પા. ટી., ૪૨૬-૭

ઈડર ૪૪૬
ઈશુ ખ્રિસ્ત ૧૭૩, ૧૯૩, ૨૨૬-૭, ૩૩૧
ઈશ્વર ૦મોટામાં મોટો ક્રાંતિકારી ૨૯૨
ઈશ્વરશરણ, શ્રી ૨૩૯ પા. ટી.
ઈસ્ટ ઇન્ડિયા કંપની ૨૬૩

ઉત્કલ ૧૧૭, ૧૫૭; ૦વાસીઓ ૧૧૭
ઉત્ક્રાંતિ ૨૯૨
ઉપનિષદ્-ધર્મ ૨૬૧
ઉપવાસ ૩૮૫; ૦અને પ્રાર્થના ૩૭૯
ઉમરાવસભા ૨૦૧
ઉલેમાઓ ૪૩૬

ઊજળા લોક ૩૦૪, ૩૮૩
ઊર્મિલાદેવી, શ્રીમતી ૬૯, ૭૦

એજન્સી ૪૨૫-૬
એડ્રિયાનોપલ ૨૦૦
ઍનેટોલિયા ૨૦૦
ઍન્ટલી ૩૧૪
ઍન્ડ્રૂઝ, સી. એફ. ૩૮. પા. ટી., ૧૫૦, ૧૫૪ પા. ટી., ૧૯૧, ૨૦૯, ૨૯૯, ૩૧૧ પા. ટી., ૩૧૨, ૪૪૫
એલિસબ્રિજ ૧૨૭, ૧૭૬
એશિયા ૪૧૫
એશિયાના કવિ (ટાગોર, રવીન્દ્રનાથ) ૩૩૨
ઍસોસિયેટેડ પ્રેસ ૫, ૮૩, પા. ટી., ૮૫ પા. ટી., ૨૫૯, ૩૩૯, ૩૬૦
ઍંગ્લો-ઇન્ડિયન ૨૮; ૦ઉદ્દામવાદીઓ ૬૧
ઍંગ્લો-જર્મન યુદ્ધ ૩૩૨

ઓગણીસસો આઠ (૧૯૦૮)નો સુધારેલો ફોજદારી કાયદો ૬ પા. ટી., ૬૨
ઓડવાયર, સર માઇકલ ૧૬૪ પા. ટી., ૨૦૦-૧, ૨૪૦, ૨૫૦, ૩૨૩
ઓડવાયરશાહી ૧૬૪
ઓરિસ્સા ૧૧૭ પા. ટી., ૧૪૯
ઑસ્ટ્રેલિયા ૧૫૪

કતિપાડા ૧૫૧
કનોજ ૩૯૨
કબાડી, શ્રી ૧૨૫
કબીર ૩૬૭
કમાલ પાશા, મુસ્તફા ગાઝી ૩૮૫, ૪૪૧-૨
કરમસદ ૬૮, ૪૨૪
કરાંચી ૯૭, ૩૧૫, ૩૨૩, ૩૨૫-૬, ૩૩૫, ૩૬૯; ૦વાળા ૫૩

Gandhi Heritage Portal

કર્ણાટક ૧૨, ૮૩, ૧૫૭, ૧૬૦
કર્ણાટકકેસરી ૧૨ પા. ટી.
કલકત્તા ૧, ૨, ૧૦, ૧૮, ૨૩–૪, ૩૦, ૩૭ પા. ટી., ૪૦ પા. ટી., ૪૧, ૫૨, ૫૪–૫, ૭૪, ૭૭–૯, ૮૩ પા. ટી., ૮૭–૯, ૯૬–૮, ૧૦૫–૬, ૧૧૧, ૧૩૨–૩, ૧૩૯, ૧૫૧–૨, ૧૫૬, ૧૬૦, ૧૯૭, ૨૦૩, ૨૦૭, ૨૨૩, ૨૩૦–૧, ૨૪૫ પા. ટી., ૨૫૭, ૩૧૪, ૩૧૬–૭, ૩૬૬, ૩૮૨, ૩૯૨, ૪૧૧, ૪૧૩, ૪૨૮, ૪૪૪; –ની પ્રેસિડેન્સી જેલ ૫૩ પા. ટી., ૪૨૪
કવિશ્રી, જુઓ ટાગોર, રવીન્દ્રનાથ
કસુર ૩૮૩; ૦વાળા ૩૭૫
કંબન ૨૯૬
કાઉન્સિલો ૧૯
કાઠિયાવાડ ૪૪, ૯૨–૩, ૨૧૯, ૩૫૩–૪, ૩૮૯, ૪૨૫, ૪૨૭
કાઠિયાવાડી ૯૨, ૨૧૯
કાબુલ ૩૮૬
કામદારો ૧૫
કાશી(જી) ૧૪૬, ૨૩૩
કાશી વિદ્યાપીઠ ૭૦ પા. ટી.
કાળીપરજ ૩૦૪–૫, ૩૮૭
કાંગડી ગુરુકુળ ૩૩૩
કાંતણકળા ૭૦
કિચલુ, ડૉ. ૧૭૦ પા. ટી., ૩૨૩, ૩૨૬, ૩૬૯, ૪૦૭
કુરાન ૧૦૩, ૪૩૭–૮, ૪૪૨
કુરેશી, શ્વેબ ૭૦
કુંઝરુ, ગોપીનાથ ૪૦૮
કુંઝરુ, હૃદયનાથ ૩૭, ૫૩, ૮૩, ૧૮૩–૪
કૃપાલાની, પ્રો. ૧૮, ૭૧, ૨૩૧, ૩૨૫, ૩૩૪
કૃષિ સંગઠન સમાજ ૧૫૧
કૃષ્ણ ૧૨૪ પા. ટી., ૨૧૪, ૨૧૮, ૨૪૯, ૨૬૩, ૨૬૬
કૃષ્ણદાસ (ગાંધીજીના સેક્રેટરી–ક્રિસ્ટોદાસ) ૩૬ પા. ટી., ૩૭ પા. ટી., ૧૧૯
કેમ્બ્રિજ (મેસેચ્યુસેટ્સ) ૨૦૯
કેરળ ૧૫૭
કેશવ (ભગવાન) ૩૪
કેસરી ૧૯૭
કેળકર, ડૉ. એમ. એસ. ૩૨૦, ૩૫૧ પા. ટી.
કેળકર, ન. ચિ. ૬૭–૯, ૧૯૦, ૩૩૪, ૪૪૩
કેળવણી ૩૨, ૪૧, ૧૭૪, ૨૫૪, ૨૭૨, ૩૫૪, ૪૨૩
કૈલાસનાથ (એક સ્વયંસેવક) ૧૮૦ પા. ટી., ૪૫૩
કોકોનાડા ૪૧, ૧૬૦
કોઠારી, મણિલાલ ૪૨૫, ૪૨૭–૮, ૪૪૬
કૉન્સ્ટેન્ટિનોપલ ૨૦૦
કૉમનવેલ્થ ૩૩૨
કોમોની એકતા ૪૩૬
કોરટબાજી ૭૭
કોરટો ૪૨૬
કોલાબા ૨૯૯
કોસાંબી, પ્રો. ૨૦૯, ૨૨૧
કૉંગ્રેસ ૧ પા. ટી., ૧૦, ૧૮ પા. ટી., ૨૦, ૨૩, ૩૬ પા. ટી., ૩૯ પા. ટી., ૪૦ પા. ટી., ૧૫૧, ૧૫૭, ૧૫૮–૬૦, ૧૬૨, ૧૬૫, ૧૬૮–૯, ૧૮૨, ૧૮૪, ૧૮૮ પા. ટી., ૧૯૪, ૧૯૭, ૧૯૯, ૨૦૦, ૨૩૯, ૨૪૨, ૨૪૪, ૨૬૮, ૨૯૩–૪, ૩૦૭, ૩૧૦, ૩૧૫, ૩૧૭, ૩૨૭–૯, ૩૩૬–૭, ૩૪૪, ૩૬૬–૭૦, ૩૭૩, ૩૯૨, ૩૯૫–૬, ૩૯૮–૯, ૪૦૧, ૪૦૪, ૪૧૭–૯, ૪૨૭ પા. ટી., ૪૩૩–૪, ૪૩૬–૮, ૪૪૦–૧, ૪૪૭–૯; ૦કાર્યકરો ૩૭ પા. ટી., ૨૩૫; –ની તપાસ સમિતિ ૪૪૫; –ની નીતિ ૧૦૪; –ની પ્રતિજ્ઞા ૪૩૨; –નો મતાધિકાર ૨૦૨; ૦બુલેટિન ૩૯૬; ૦સપ્તાહ ૧૨૬, ૧૫૦; ૦સમિતિ ૨૬, ૫૯, ૧૫૨, ૨૨૮, ૨૩૪, ૩૯૬; ૦સંગઠનો ૪૩૬
કૉંગ્રેસી(ઓ) ૧૫૨, ૨૦૦–૧, ૪૩૮–૯, ૪૪૫, ૪૫૨–૩; ૦અધિકારીઓ ૪૧૭
કૌજલગી, શ્રી ૩૦૨
કૌટુંબિક કાનૂન ૪૩૮
ક્રાંતિ ૨૮૯, ૨૯૨; ૦વાદી ૨૦
ક્રિસ્ટોદાસ ૮૧, ૧૧૯
ક્રુગર, પ્રેસિડન્ટ ૧૯, ૧૭૩
ક્રૉનિકલ ૩૦૮, ૪૦૪

ખડગસિંગ, સરદાર ૭, ૮૦, ૩૯૬
ખન્ના ૧૩૮
ખલિકુઝ્ઝમાન, મૌલવી ૬૩
ખંડનાત્મક કામ ૪૪૩
ખાદી ૬, ૧૦, ૧૫–૬, ૨૩, ૪૪, ૪૯, ૭૧, ૭૪, ૭૬–૮, ૮૦–૧, ૮૮, ૯૨–૩, ૯૯, ૧૧૪, ૧૧૭, ૧૨૭–૮, ૧૩૩, ૧૩૫, ૧૩૮–૯, ૧૪૨–૩, ૧૫૧–૨, ૧૬૦, ૧૬૨, ૧૭૧–૨, ૧૭૯–૮૦, ૧૯૦, ૧૯૫, ૨૦૮, ૨૧૧ પા. ટી., ૨૧૯, ૨૪૩, ૨૫૮, ૨૬૧–૨, ૨૬૫, ૨૬૭, ૨૬૯, ૨૭૨, ૨૮૯, ૨૯૧, ૨૯૩, ૨૯૫–૬, ૩૦૫, ૩૦૯, ૩૧૫, ૩૨૬, ૩૨૯, ૩૪૫–૬, ૩૪૮, ૩૫૦, ૩૫૬–૭, ૩૬૫, ૩૭૩, ૩૭૮, ૩૮૧, ૩૯૧, ૪૦૩, ૪૧૩, ૪૧૭, ૪૨૫, ૪૩૫–૭,

Gandhi Heritage Portal

૪૩૯–૪૧; ૦અને ગ્રામોદ્યોગો ૧૮ પા. ટી.; ૦ઉત્પાદકો ૪૩૨; ૦કાર્યાલય ૪૩૦; ૦ધારી પ્રતિનિધિઓ ૨૬૮; ૦નગર ૫૪, ૧૧૯, ૧૨૮, ૧૭૯, ૨૫૬, ૨૯૪, ૪૨૭; –ની કોથળીઓ ૧૨; –ની ટોપી ૧૬–૭, ૪૬, ૧૬૫, ૧૭૨, ૧૭૬, ૩૫૩–૪, ૪૦૫–૬; ૦પ્રચાર ૧૪૪, ૪૨૯; ૦વાદી ૪૬; ૦વેચાણ ફેરી ૬૯
ખાનદેશ જિલ્લા કૉંગ્રેસ સમિતિ ૨૯
ખાલસા ૬, ૮૦
ખિતાબ ૫૬; ૦ધારી ૫૬, ૩૨૯
ખિલાફત ૧–૩, ૧૨ પા. ટી., ૧૪–૫, ૨૪, ૩૯ પા. ટી., ૪૧, ૫૩–૪, ૫૬, ૫૯, ૬૨, ૬૫–૬, ૭૧, ૭૪ પા. ટી., ૭૫–૬, ૮૪, ૮૫ પા. ટી., ૯૬–૯, ૧૦૧, ૧૦૩, ૧૦૫, ૧૧૬, ૧૨૧, ૧૨૮–૯, ૧૩૪, ૧૩૬, ૧૪૦–૧, ૧૫૨, ૧૬૫, ૧૬૭–૮, ૧૭૧, ૧૮૪, ૧૯૪–૭, ૨૦૦–૧, ૨૧૫, ૨૨૮, ૨૩૦, ૨૩૯–૪૦, ૨૪૫ પા. ટી., ૨૪૮, ૨૫૦, ૨૬૨, ૨૬૭, ૨૯૨, ૨૯૯, ૩૦૦, ૩૧૦, ૩૧૫, ૩૧૭, ૩૨૭, ૩૩૬–૭, ૩૪૯, ૩૬૭–૮, ૩૭૩, ૩૭૮, ૩૮૧, ૩૮૫, ૩૯૬, ૪૦૨, ૪૦૪, ૪૦૯, ૪૧૨, ૪૧૯, ૪૩૬–૮, ૪૩૯–૪૨, ૪૪૪
ખુલના ૨૯૫; ૦રેંટિયો ૨૯૬
ખેડા ૧૭૮, ૩૦૩, ૩૮૮–૯; ૦સત્યાગ્રહ ૨૬૬, ૨૬૭ પા. ટી.
ખોજા(ઓ) ૨૯૫–૬; ૦ખાના ૨૯૬
ખ્રિસ્તી(ઓ) ૩, ૧૬, ૨૭, ૪૩, ૬૮, ૮૮, ૯૧, ૯૯, ૧૦૫, ·૧૨૮, ૧૩૫, ૧૩૮, ૧૪૧–૨, ૧૫૯–૬૦, ૧૭૬, ૧૭૯–૮૦, ૨૦૯, ૨૧૧ પા. ટી., ૨૧૩, ૨૪૩, ૨૪૬, ૨૬૩–૪, ૨૬૯, ૨૭૨, ૩૩૧, ૩૮૫; ૦ધર્મ ૨૨૬, ૨૬૧; ૦મંડળો ૩૩૦; ૦મિશનરીઓ ૨૮૯, ૨૯૦ પા. ટી.; ૦સંપ્રદાય ૨૭
ખ્વાજા, અબદુલ મજીદ ૪૭, ૬૯ પા. ટી., ૭૦, ૮૧
ખ્વાજા, ખુરશેદ બેગમ ૪૭, ૬૯, ૭૦

ગઝનવી, મહમદ દાઉદ ૨૨૮
ગઢવાલ ૪૫૪
ગરીબાઈ ૧૬૩
ગંગનાથ ભારતીય વિદ્યાલય ૩૮ પા. ટી.
ગંગા ૧૪૬
ગંતુર ૨૧૧ પા. ટી., ૨૪૮, ૨૫૮–૯, ૩૩૪ પા. ટી., ૩૪૩, ૪૪૬ પા. ટી.
ગાય ૮૮, ૪૪૦; –ની રક્ષા ૧૭૧, ૩૪૮
ગારદે, એલ. એન. ૨૩૦
ગાંધી, કસ્તૂરબા ૩૮૨
ગાંધી, કૃષ્ણદાસ ૨૯૮
ગાંધી, ખુશાલદાસ ૩૬૧ પા. ટી.
ગાંધી, દેવદાસ ૩૪, ૩૮, ૮૧, ૯૧, ૧૧૫, ૧૧૯, ૧૩૮, ૨૨૧, ૨૨૩, ૩૪૨, ૩૫૯, ૩૬૨, ૩૬૪, ૩૮૨, ૩૯૨, ૩૯૪
ગાંધી, મગનલાલ ૩૬૧, ૩૬૫
ગાંધી, મોહનદાસ કરમચંદ (ગાંધી, ગાંધીજી, ગાંધી મો. ક., બાપુ, મોહન, હું) ૮, ૧૦, ૧૫, ૧૭–૮, ૨૧–૨, ૨૭, ૩૦ પા. ટી., ૩૫, ૩૭, ૪૪, ૫૦, ૫૨, ૫૪, ૫૭, ૫૯, ૬૫–૬, ૬૮ પા. ટી., ૬૯–૭૧, ૭૩–૪, ૭૭–૯, ૮૧–૨, ૮૭–૯૮, ૧૦૧, ૧૦૩, ૧૦૪ પા. ટી., ૧૦૫, ૧૦૮, ૧૧૦–૫, ૧૧૭–૮, ૧૨૦–૨, ૧૨૪, ૧૩૪, ૧૩૭–૮, ૧૪૦, ૧૪૩, ૧૪૫, ૧૪૮–૫૦, ૧૫૨–૬, ૧૫૯, ૧૬૨, ૧૬૭–૭૦, ૧૭૫, ૧૭૮–૯, ૧૮૩, ૧૮૫ પા. ટી., ૧૮૬, ૧૮૮, ૧૯૨–૩, ૧૯૫–૭, ૧૯૯, ૨૦૧–૨, ૨૦૮–૯, ૨૧૧–૨, ૨૧૫, ૨૧૮–૯, ૨૨૧, ૨૨૩–૫, ૨૩૬–૭, ૨૩૯–૪૦, ૨૪૨, ૨૪૪, ૨૪૯ પા. ટી., ૨૫૦, ૨૫૯, ૨૬૨, ૨૬૫–૬, ૨૬૯–૭૦, ૨૭૧ પા. ટી., ૨૮૯–૯૩, ૨૯૭–૯, ૩૦૨, ૩૦૬–૮, ૩૧૦–૨૦, ૩૨૫–૬, ૩૨૮–૯, ૩૩૧–૩, ૩૪૦–૩, ૩૪૪ પા. ટી., ૩૪૯–૫૩, ૩૫૫, ૩૫૮, ૩૬૦–૮, ૩૭૧–૨, ૩૭૭–૮૨, ૩૮૯–૯૬, ૩૯૮–૪૦૦, ૪૦૨–૬, ૪૦૮, ૪૧૧, ૪૧૪, ૪૧૬, ૪૨૦, ૪૩૦–૧, ૪૩૩–૪, ૪૩૬–૮, ૪૪૩–૭, ૪૪૯–૫૦, ૪૫૨, ૪૫૪, ૪૫૭–૮; ૦ઈશ્વરમાં અને તેની શક્તિ તથા પ્રેમમાં મારી શ્રદ્ધા અવિચળ છે ૨૨૪; ૦કુંભારના હાથમાં માટી જેવો છું ૨૨૪; ૦ખાંડી મોઢાના ઉપદેશ કરતાં એક અધોળ વર્તન વધુ ફળદાયી છે ૨; ૦જ્યાં વિનય નથી ત્યાં વિવેક નથી અને જ્યાં વિવેક નથી ત્યાં કંઈ નથી એમ કહી શકાય ૪૫; ૦પ્રજાનો દાસ છું, એલચી, ગુમાસ્તો છું ૫૦; ૦મહાન કુંભકારના હાથમાં માટીના પિંડારૂપે છું ૨૫૭; ૦રક્ષણને માટે પિસ્તોલની નહીં પણ છાતીની જ જરૂર છે ૨૬૭; ૦શત્રુના પણ ગુણ જોવામાં લાભ છે ૨૫૨
ગાંધી, રામદાસ ૨૯૮, ૩૦૭
ગાંધી, હરિલાલ ૩૪, ૩૫૯, ૪૨૪
ગાંધીઆશ્રમ ૧૮
ગાંધીટોપી ૧૬–૭, ૪૦૬
ગાંધીરાજ ૨૨૦
ગાંધીવાદ ૪૦૭
ગિદવાણી, ડૉ. ચોઈથરામ ૨૭૧, ૩૦૨

Gandhi Heritage Portal

ગિરધારીલાલ, લાલા ૭, ૭૧, ૨૨૮
ગીતા ૨૪, ૧૩૩, ૨૨૪, ૨૪૯, ૨૬૫
ગુજરાત ૩, ૪, ૮ પા. ટી., ૩૪, ૪૩–૪, ૮૭, ૧૨૮, ૧૩૮–૪૦, ૧૪૬, ૧૪૯, ૧૫૭, ૧૭૬, ૧૭૮–૮૦, ૧૯૦–૧, ૨૧૨, ૨૧૯, ૨૫૨, ૨૫૪, ૨૭૧–૨, ૩૩૪, ૩૪૨, ૩૫૭, ૪૨૭, ૪૩૦
ગુજરાત પ્રાંતિક સમિતિ ૪૩, ૨૫૪, ૪૩૦
ગુજરાત મહાસભા ૪૪
ગુજરાતી(ઓ) ૪૩–૪, ૧૨૯, ૧૩૯–૪૦, ૧૭૬–૭, ૧૮૮, ૨૭૧, ૩૦૨, ૩૪૯, ૩૮૮
ગુજરાતી ૨૯૭ પા. ટી.
ગુનાહિત અનાદર ૧૩૭
ગુપ્તા, લાલા દોલતરામ ૨૩૪, ૨૩૬
ગુરુદ્વારા ૨૩૫; ૦આંદોલન ૧૯૦
ગુરુદ્વારા પ્રબંધક સમિતિ ૧૯૦, ૧૯૨, ૩૭૪, ૩૯૬
ગુલામ ૧૭૭, ૩૧૫, ૩૮૫, ૩૮૭
ગુલામી ૩૦, ૪૪, ૬૦, ૧૭૬, ૨૬૪, ૩૦૪, ૪૩૫; ૦ભર્યું અનુકરણ ૧૯
ગુંડાગીરી ૨૦૬, ૨૩૬
ગુંડાશાહી ૩૪૪
ગૂજરાત મહાવિદ્યાલય ૧૧૫ પા. ટી., ૩૩૨ પા. ટી.
ગૂજરાત વિદ્યાપીઠ ૩૫ પા. ટી., ૧૧૮
ગેરકાયદે મંડળો ૧૬૧
ગેરશિસ્ત ૨૩૫
ગોખલે, એન. વી. ૬૭, ૧૮૨, ૧૯૦
ગોખલે, શ્રીમતી ૧૯૧
ગોખલે –નાં બહેન ૧૯૧
ગોડબોલે, એમ. એસ. ૩૫
ગોધરા ૧૪૬
ગોરક્ષા ૨૧૩, ૩૦૫
ગોરખપુર ૩૧૮, ૩૪૨, ૩૪૪–૫, ૩૫૧–૨, ૩૬૨, ૩૬૪, ૩૬૮–૯, ૩૭૨, ૩૮૦, ૩૮૨, ૩૮૪, ૩૮૬–૭, ૩૯૨, ૩૯૪, ૪૦૦
ગોવિંદજી વસનજી ૧૪૪–૫, ૩૮૯–૯૦
ગોળમેજી પરિષદ ૫ પા. ટી., ૩૬ પા. ટી., ૫૪, ૮૩ પા. ટી., ૮૫ પા. ટી., ૮૬, ૯૬–૭, ૧૫૬, ૧૫૯, ૧૬૮–૯, ૧૮૨–૫, ૧૯૪–૮, ૨૦૦, ૨૩૯, ૨૪૨, ૨૪૮, ૩૧૬–૭, ૩૪૧, ૪૦૨, ૪૦૪, ૪૫૮
ગોળાઘાટ ૨૦૯ પા. ટી.
ગોંડગે, જે. ઈ. ૪૫૩–૪
ગૌહરસિંગ, સરદાર ૨૩૯
ગૌહત્તી ૪૦૫
ગ્રંથસાહેબ ૧૦૩
ગ્રામજીવન ૧૫૧, ૨૨૯
ગ્રામપંચાયતો ૩૮૦
ગ્રેટ બ્રિટન ૧૩૪, ૧૯૬

ઘોષ, અનંગ મોહન ૧૧૩
ઘોષ, જોસેફ જે. ૨૨૨–૩
ઘોષ, મોતીલાલ ૮૮, ૧૧૧

ચક્રવર્તી, શ્યામસુંદર ૪૦, ૫૮, ૯૭, ૧૬૦, ૩૩૬
ચતુર્વેદી, બનારસીદાસ ૧૫૪
ચરખા ૨૯૪ પા. ટી.
ચરખો ૭૪
ચર્ચિલ, સર ૩૧૧
ચંદરપુર ૨૦૪, ૪૨૦
ચંપારણ ૧૮ પા. ટી., ૨૬૩, ૩૦૩, ૪૨૧
ચાર આનાનો મતાધિકાર ૨૦૦
ચિકાકોલ ૧૨૭
ચિતોડ ૨૪૪ પા. ટી., ૨૪૯
ચિત્તાગોંગ ૬૧, ૭૯
ચીફ્સ કૉલેજ ૧૫૪ પા. ટી.
ચેટ્ટિયાર, આદિનારાયણ ૨૦૬
ચેટ્ટિયાર, શિંગારવેળુ ૩૩૮
ચેટ્ટી, સર ત્યાગરાજ ૨૦૭, ૨૧૬, ૩૩૭–૮
ચૈતન્ય ૩૬૭
ચોક ફરિદ ૭૧
ચોકી ૪૨૮–૯
ચોધરી, ગોપબંધુ ૧૧૭
ચોધરી, નવકૃષ્ણ ૧૧૭
ચોધરી, રામભજદત્ત ૭, ૫૯
ચોધરી, સરલાદેવી ૫૯
ચૌરીચૌરા ૩૪૨ પા. ટી., ૩૪૩ પા. ટી., ૩૪૪, ૩૫૯ પા. ટી., ૩૬૪ પા. ટી., ૩૬૮, ૩૭૨, ૩૭૬–૯, ૩૮૧, ૩૮૨ પા. ટી., ૩૮૩, ૩૯૨, ૩૯૮, ૪૦૪–૫, ૪૧૨, ૪૨૯, ૪૩૧, ૪૩૩–૪, ૪૪૩–૪, ૪૪૭, ૪૫૦

છપરા ૩૫
છોકરા, રામદાસ ૨૯૪
છોટાણી, મિયાં હાજી મહમદ જાનમહમદ ૧૮, ૩૦૨, ૩૪૭

જગતદ્રોહી ૨૧૩
જગતિયાણી, ચિમનદાસ ઈ. ૩૬૧
જઝિરત-ઉલ-અરબ ૪૪૨
જનક ૭૬

Gandhi Heritage Portal

જનકધારી, શ્રી ૩૫ પા. ટી.
જન્મભૂમિ ૧૯૫ પા. ટી., ૩૭૩ પા. ટી.
જફરઅલીખાન ૩૦૧
જબલપુર ૩૫ પા. ટી.
જમનાદાસ દ્વારકાદાસ ૩૭, ૫૮, ૮૩
જમનાલાલ, શ્રી ૩૯૨
જમિયત-ઉલ-ઉલેમા ૪૩૬
જમીનદારો ૨૪૩–૫, ૪૫૧
જયકર, એમ. આર. ૧૮૧, ૩૧૨, ૩૪૧ પા. ટી., ૩૬૪, ૪૫૮
જયઘોષ ૨૧૦
જયરામદાસ દોલતરામ ૭૨, ૨૧૮, ૨૪૫, ૩૩૫, ૩૭૦
જરથુષ્ટ્ર ૩૩૧
જર્મની ૧૮૯
જર્મનો ૨૨, ૧૫૪, ૧૬૩
જલગાંવ ૩૨૦
જલંધર ૩૧૫
જલિયાંવાલા બાગ ૪૨, ૧૮૯, ૨૦૫, ૨૪૦, ૨૭૧, ૩૧૫
જસ્ટિસ પક્ષ ૧૧૦ પા. ટી.
जख्म-ए-पंजाब ૪૦૧
જાગીરદારો ૩૮૯
જાપાન ૨૬૪, ૩૮૬, ૩૮૯; –ના અમીરો ૪૩૨; –ની મલમલ ૯૩
જાપાનીઓ ૧૨૨
જાહેર ૦મત ૩૪૬; ૦સભાઓ ૩૩૫, ૩૩૯, ૩૪૫, ૩૬૮, ૪૧૮, ૪૨૨, ૪૫૪; ૦સેવા ૩૨૩
જિલ્લા પોલીસ કાનૂનની ૫૧(બ) કલમ ૬૨
જિસસ ૩૬૭
જુગાર ૪૪૬
જેલ ૨, ૩, ૬–૮, ૧૧, ૧૪ પા. ટી., ૧૬, ૧૮, ૨૦, ૨૨–૫, ૩૦–૧, ૩૯ પા. ટી., ૪૩–૪, ૪૬–૭, ૫૦, ૬૦–૧, ૬૮–૯, ૭૨–૩, ૭૫, ૭૭–૮, ૮૦–૧, ૯૨, ૯૭, ૧૦૦, ૧૦૩, ૧૦૬–૯, ૧૧૨–૫, ૧૧૭, ૧૨૦–૨, ૧૩૮–૪૦, ૧૪૪–૭, ૧૪૯, ૧૫૨, ૧૫૫–૬, ૧૬૦, ૧૬૧ પા. ટી., ૧૬૬–૭, ૧૭૨, ૧૭૭, ૧૭૯, ૧૮૩, ૧૯૨, ૨૦૩–૫, ૨૦૮–૯, ૨૧૬–૯, ૨૨૫–૭, ૨૫૧, ૨૫૩, ૨૫૮, ૨૬૦, ૨૬૬, ૨૬૮, ૨૭૧, ૨૯૩, ૨૯૮, ૩૦૩, ૩૧૦, ૩૧૫, ૩૨૧, ૩૨૩–૬, ૩૨૯, ૩૩૪, ૩૩૯–૪૦, ૩૪૪, ૩૪૮–૯, ૩૫૫–૬, ૩૫૮–૯, ૩૬૧ પા. ટી., ૩૬૪, ૩૬૯, ૩૭૧–૨, ૩૮૬, ૩૮૮–૯૦, ૩૯૨–૩, ૩૯૯, ૪૦૦, ૪૦૫, ૪૦૭, ૪૧૭, ૪૨૬, ૪૩૩, ૪૩૯, ૪૪૧–૨, ૪૪૫, ૪૪૮, ૪૫૦, ૪૫૩, ૪૫૫–૬, ૪૫૮; ૦જીવન ૨૨૫, ૩૨૧, ૪૦૬; –માં ફટકાબાજી ૪૫૩; ૦મુક્તિ ૫૮ પા. ટી.; ૦યાત્રા ૧૪૬, ૧૭૦–૧; ૦રૂપી સ્વરાજ આશ્રમ ૨૧૯
જેલીઓ ૧૫, ૧૭૬, ૨૧૯, ૩૮૬, ૪૨૪
જેહાદ ૨૪૬
જૉનસન, કર્નલ ૧, ૬૦
જૉર્જટાઉન ૨૮૯
જોશી, શ્રી ૩૨૨
જોસેફ, જૉર્જ ૭૭, ૧૨૫, ૧૫૯, ૩૨૧
જોસેફ, મિસિસ ૫૨, ૧૧૫
જ્ઞાની, શેરસિંગ ૭
જ્ઞાનોદય ૩૩૧

ઝજ્જર ૨૩૪–૬, ૩૯૧
ઝમીનદાર ૧૨૫, ૩૯૧
ઝરિયા ૪૨૫, ૪૨૮
ઝિરકા (ફિરોઝપુર) ૨૩૪
ઝીણા, મહમદઅલી ૯૬, ૧૬૯, ૨૦૨, ૨૧૫

ટંડન, પુરુષોત્તમદાસ ૯૩
टाइम्स ૧૫૨, ૩૮૨
टाइम्स ऑफ इन्डिया ૨૦, ૧૯૬, ૩૭૦
ટાગોર, દેવેન્દ્રનાથ ૩૩૩
ટાગોર, દ્વિજેન્દ્રનાથ ૧૫૩ પા. ટી.
ટાગોર, રવીન્દ્રનાથ ૩૮ પા. ટી., ૫૯ પા. ટી., ૧૫૦, ૧૫૩ પા. ટી., ૧૯૧–૨, ૩૩૩ પા. ટી., ૩૫૭
ટિળક, બાળ ગંગાધર ૮૮–૯, ૧૬૭, ૧૯૦, ૨૩૪, ૩૯૦, ૪૧૨, ૪૧૫
ટિળક સ્વરાજ ફંડ ૨૯, ૯૨, ૨૦૯, ૩૪૭, ૩૮૮, ૪૧૪, ૪૩૯
ટોળાશાહી ૩૭૬
ટ્રાન્સવાલ ૧૯ પા. ટી., ૧૬૩ પા. ટી.
ટ્રિબ્યૂન ૬૦, ૨૯૩, ૪૦૨

ઠક્કર, અમૃતલાલ ૩૫૩

ડાકેનિંગ સ્ટ્રીટ ૩૧૦, ૪૧૨
ડાયર. જનરલ ૯૨, ૧૬૪ પા. ટી., ૧૬૯, ૨૦૦, ૨૪૦, ૨૫૦, ૨૭૧
ડાયરશાહી ૧૬૪, ૧૮૦
ડુંગળીચોર (પંડ્યા, મોહનલાલ) ૨૬૭
ડેનમાર્ક ૧૪૬ પા. ટી.



Gandhi Heritage Portal

ડૅનિયલ ૩૩૧
ડેમોક્રેટ ૧૬૭
ડૉક્ટર, મણિલાલ ૧૫૪–૫
ડોવર ૨૩૯

ઢસા ૩૮૯
ઢાકા ૩૧૪
ઢેડ ૬૮; ૦ભંગી ૮૮–૯, ૧૭૯–૮૦, ૨૧૩–૪, ૨૫૩, ૩૪૮, ૩૫૮

તલવાર ૧૮, ૨૦, ૩૦–૧, ૧૦૩, ૧૩૫, ૧૪૧, ૩૮૫
તંત્રી –ની જવાબદારી ૯૧–૨
તાંજોર ૩૩૦
તિલક (ટીલું) ૪૫, ૪૬
તુર્ક સામ્રાજ્ય ૪૪૨ પા. ટી.
તુર્કસ્તાની સ્નાનાગાર ૨૩૧
તુર્કી ૩ પા. ટી., ૨૧૨; ૦વિરોધી નીતિ ૪૪૧
તુર્કો ૨૦૦, ૩૮૫, ૪૪૧
તુલસીદાસ ૨૫૨, ૨૬૪
તેજપુર ૪૦૫
તેનવત, મોતીલાલ ૪૨૭–૮, ૪૪૬
તેજુમલ, શ્રી ૭૩
તૈયબજી, અબ્બાસ (અબ્બાસ સાહેબ) ૧૪૦, ૧૪૬, ૧૭૧–૩, ૧૭૯, ૧૮૮, ૨૧૨, ૨૨૬, ૨૬૯, ૩૮૮–૯, ૪૨૪ પા. ટી.
તૈયબજી, બદરુદ્દીન ૧૮૮
તૈયબજીકુટુંબ ૧૮૮
ત્રાસવાદ ૪૦૦, ૪૧૧
ત્રિવિધ સ્વાતંત્ર્ય ૩૯૮

થિયૉસૉફિકલ સોસાયટી ૭૧ પા. ટી.
થ્રેસ ૨૦૦

દક્ષિણ આફ્રિકા ૧૯, ૨૨, ૮૮–૯, ૧૩૫, ૧૪૭, ૧૬૩, ૧૭૮, ૧૮૦, ૨૨૫, ૩૦૩, ૩૦૮, ૩૧૧, ૩૬૬, ૩૯૨, ૩૯૬, ૪૪૮
દક્ષિણ આફ્રિકી સંઘ ૧૬૩ પા. ટી.
દક્ષિણ ગુજરાત ૨૬૫ પા. ટી.
દક્ષિણ ભારત ૩૯૨
દક્ષિણ હિંદ ૨૯૬ પા. ટી.
દક્ષિણ હિંદુસ્તાન ૧૧૫ પા. ટી.
દમન ૩૩૭, ૪૩૪; ૦નીતિ ૧૫, ૬૫–૬, ૯૮, ૧૦૧, ૧૩૮, ૧૪૨, ૩૦૦–૧, ૩૦૮, ૩૧૮, ૩૨૬, ૩૫૯, ૩૭૧–૨, ૩૭૭–૮; ૦રાજ, ૨૪૪; ૦સત્ર ૮
દયા ૨૧૩
દયાળજી, શ્રી ૩૦૨
દયાળસિંગ કૉલેજ ૭૮
દરબાર સાહેબ ૧૬૧
દરબારો ૩૮૯
દલિત વર્ગો ૨૧૦, ૨૬૦, ૩૫૩ પા. ટી.
દહેરાદૂન ૩૬૫, ૪૫૪
દાભાડે, શ્રી ૩૭૦
દારૂ ૩૮૭, ૪૪૦, ૪૪૬; ૦અને અફીણ ૪૪૧; –નાં પીઠાં ૬૭–૮, ૧૨૦, ૧૮૪, ૧૯૧, ૩૪૪; ૦નિષેધ ૯૦, ૧૪૨ ૩૮૮; –ની ચોકી ૪૨૧; –ની દુકાનો ૧૧૬, ૧૯૯, ૩૭૩, ૪૦૮; –ની બદી ૩૮૦; ૦બંધી ૬૮, ૭૫, ૭૭, ૧૫૯, ૨૯૩, ૩૬૫, ૪૦૮, ૪૪૦
દાસ, વાસંતીદેવી ૬૯, ૭૦, ૭૮, ૯૩, ૧૭૦
દાસ, સી. આર (ચિત્તરંજન) ૧, ૧૧, ૨૧, ૩૪, ૪૯, ૫૦–૧, ૫૩, ૫૮ પા. ટી., ૬૯ પા. ટી., ૭૦, ૭૯, ૮૩, ૯૦, ૯૩, ૯૭, ૧૦૯, ૧૨૭, ૧૪૦, ૧૪૮–૯, ૧૬૬, ૧૯૦, ૧૯૨, ૨૧૨, ૨૧૪, ૨૩૦, ૩૦૪, ૩૧૪, ૩૩૬, ૩૯૧, ૩૯૭ પા. ટી.
દાસગુપ્તા, સતીશચંદ્ર ૨૬૪ પા. ટી.
દાંતા ૪૨૮
દિલ્હી ૧૨, ૬૧, ૭૩–૪, ૭૮, ૮૬–૭, ૧૦૦, ૧૨૧, ૧૫૭, ૨૦૮, ૨૧૧, ૨૧૫, ૨૨૬ પા. ટી., ૨૩૨, ૨૩૪, ૨૩૭, ૨૪૮, ૩૧૩, ૩૨૧, ૩૪૪ પા. ટી., ૩૫૬, ૩૬૫, ૩૭૫, ૩૭૯ પા. ટી., ૩૮૨, ૩૯૪, ૪૦૧, ૪૧૯, ૪૨૧, ૪૨૮ પા. ટી., ૪૩૨, ૪૪૦, ૪૪૪, ૪૪૭–૮, ૪૫૭, ૪૬૧; –ની જેલ ૨૩૩
દીનબંધુ જુઓ ઍન્ડ્રૂઝ, સી. એફ.
દીપનંદન, શ્રી ૩૫ પા. ટી.
દીવાન માસ્તર ૮૯
દુર્યોધન ૩૯૦
દેવરૂખ ૧૬–૭
દેશ ૦દ્રોહ ૨૧૩; ૦પ્રેમ ૪૫૨; ૦સેવા ૨૮, ૪૩–૪, ૧૧૮ પા. ટી., ૧૭૬
દેશપાંડે, ગંગાધરરાવ ૧૨, ૫૦, ૧૬૦
દેશી રાજ્યો ૪૪, ૧૪૨, ૪૨૫–૬, ૪૨૮
દેસાઈ, ગોપાળદાસ (દરબાર સાહેબ) ૧૬૧, ૩૮૯
દેસાઈ, દુર્ગા ૫૨, ૮૨, ૯૧, ૧૨૩, ૩૯૪
દેસાઈ, મહાદેવભાઈ ૩૪, ૩૮, ૫૨, ૫૭, ૭૭, ૮૧–૨, ૯૧, ૧૧૯ પા. ટી., ૧૨૩–૫, ૧૬૧, ૧૮૦–૧, ૨૦૪, ૨૧૦, ૨૧૭, ૨૩૩, ૨૯૮, ૩૬૪–૫, ૩૬૯, ૪૫૩
દૈનિક, હસ્તલિખિત ૧૨૫–૬
દ્રવિડ ભૂમિ ૭૫

Gandhi Heritage Portal

દ્રાવિડ કઝગમ ૭૫ પા. ટી.
દ્રાવિડો ૭૫
દ્રૌપદી ૨૯૧

ધનાહા ૪૨૦
ધર્મ ૩, ૫૧, ૧૩૩, ૩૮૫, ૩૯૦, ૪૧૫, ૪૫૬; ૦ઝનૂન ૨૪૬; –ના પીઠબળ વિના રાજકારણ પોકળ ૩૬૬; ૦માર્ગ ૨, ૩; ૦યજ્ઞ ૧૩૯, ૪૨૯; ૦શાસ્ત્રો ૨૯૧
ધારવાડ ૩૨૨, ૩૭૦
ધારાસભા(ઓ) ૧૧, ૧૯, ૫૬, ૮૦, ૧૩૫, ૨૧૬, ૩૦૮–૯, ૩૨૭, ૩૩૬, ૩૪૯, ૩૭૧, ૪૨૧, ૪૩૫, ૪૩૮
ધારાસભ્યો ૩૨૯, ૩૩૬, ૪૨૧, ૪૩૮
ધોળી ટોપી ૧૬, ૪૯
ધ્રુવ, આનંદશંકર ૨૧૪
ધ્રુવ ઉત્તર–દક્ષિણ ૨૩૯

નટરાજન, શ્રી ૩૬૪
નડિયાદ ૩૨, ૪૩, ૧૪૬, ૧૭૧ પા. ટી., ૧૭૨–૩, ૧૭૬, ૨૧૨, ૨૩૫, ૨૫૫, ૩૦૩, ૩૬૭, ૩૭૪
નડિયાદીઓ ૩૭૫
નરસિંગપુર ૨૪૪ પા. ટી.
નરેનબાબુ ૨૩૦
નવજીવન ૧ પા. ટી., ૧૦ પા. ટી., ૧૩ પા. ટી., ૧૬ પા. ટી., ૧૮ પા. ટી., ૨૦ પા. ટી., ૨૩ પા. ટી., ૨૫ પા. ટી., ૫૧, ૬૫ પા. ટી., ૧૪૪, ૧૯૦, ૨૩૨ પા. ટી., ૨૪૮, ૨૫૪, ૨૬૯ પા. ટી., ૨૯૫, ૩૧૦, ૩૨૩, પા. ટી., ૩૩૧, ૩૩૩ પા. ટી., ૩૩૯–૪૦, ૩૫૩–૪, ૩૭૧ પા. ટી., ૩૮૨, ૪૨૫, ૪૩૦, ૪૩૫ પા. ટી., ૪૪૩ પા. ટી., ૪૪૪
નાઈકર, રામસ્વામી ૭૫, ૩૩૯
નાઈકર, શ્રીમતી ૭૫
નાઈકર –નાં બહેન ૭૫
ના-કર ૨૪૨–૪, ૨૪૯, ૨૫૯–૬૦, ૩૧૧; –ની લડત ૩૪૩ પા. ટી.
નાગ, બાબુ હરદયાળ ૨૩૦, ૩૩૬
નાગપુર ૩૮ પા. ટી., ૮૯, ૯૮, ૧૦૫, ૧૧૧, ૧૩૯, ૧૬૫, ૧૯૭, ૨૩૭, ૩૦૭–૮, ૪૦૭ પા. ટી.
નાગરિક રક્ષક દળ ૧૩૨, ૩૧૪
નાનક ૩૬૭
નાનકાના સાહેબ ૨૨૭
નાનાલાલ, કવિશ્રી ૩૫૭
નાયક, ઇંદુમતી ૧૯૧
નાયડુ, સરોજિની ૧૧૮, ૩૨૧, ૪૪૫, ૪૪૮
નાયર, સર શંકરન ૧૬૯, ૧૯૩, ૧૯૬, ૨૦૨, ૨૧૫, ૩૯૯
નારંગ, ડૉ. ગોકુળચંદ ૨૨૯, ૩૧૫
નિઝામુદ્દીન ૨૩૮
નિમાયત-ઉલ્લ-દીન, મૌલવી ૨૩૦
નિસાર અહમદ, મૌલવી ૩૨૩–૪
નુળકર, ડૉ. એ. કે. ૨૯, ૩૨૦
નેતા-પરિષદ ૧૮૧–૨, ૩૪૧ પા. ટી., ૪૪૩ પા. ટી.
નેલોર ૩૩૪ પા. ટી., ૩૯૭
નેશન (ન્યૂયૉર્ક) ૨૧૦, ૩૦૮
નેશનલ મુસ્લિમ યુનિવર્સિટી ૪૭
નેહરુ, જવાહરલાલ ૨૫, ૫૦, ૬૩, ૧૪૫, ૨૪૩, ૩૨૧, ૩૨૭, ૩૯૧, ૩૯૪
નેહરુ, મોતીલાલ ૧૨, ૨૧, ૨૫, ૩૦, ૩૪ પા. ટી., ૩૯ પા. ટી., ૫૦, ૬૩, ૭૫, ૭૭–૮, ૯૨, ૧૧૬, ૧૨૦, ૧૨૪, ૧૪૮–૯, ૧૭૦ પા. ટી., ૧૯૨, ૨૧૪, ૨૨૬, ૨૪૩, ૩૦૪, ૩૧૪, ૩૨૧, ૪૦૩, ૪૦૬, ૪૦૯
નેહરુ, સરૂપરાણી ૩૪, ૩૮, ૫૨, ૫૭ પા. ટી., ૭૭, ૮૧, ૩૯૪
નેહરુકુટુંબ ૧૧૯, ૧૫૫
નૈની –ની સેન્ટ્રલ જેલ ૧૨૬, ૨૩૩, ૪૫૩
નૈયર, પ્યારેલાલ ૩૪, ૩૮, ૩૬૫, ૩૯૩–૪
નોઆખાલી ૨૦૮
નોકરશાહી ૮૫, ૧૦૫, ૧૩૫, ૧૯૬, ૧૯૯, ૨૨૧, ૨૨૯, ૨૩૧, ૨૩૫, ૨૪૩
ન્યાતિબહિષ્કાર ૪૨૮
ન્યૂઝીલૅન્ડ ૧૫૪; –ની લૉ સોસાયટી ૧૫૫
ન્યૂયૉર્ક ૪૭

પછાત વર્ગો ૩૪૬
પટણા ૭૦, ૭૬, ૧૭૯
પટનાયક, નિરંજન ૧૧૭
પટેલ, વલ્લભભાઈ ૮, ૧૨૭, ૧૮૧ પા. ટી.
પટેલ, વિઠ્ઠલભાઈ ૧૮૧, ૨૬૫, ૨૬૮–૭૦, ૨૯૮, ૩૦૨, ૩૪૭, ૩૫૮
પત્રિકા ૨૩૦
પરદેશી ૦કપડાં ૪૪, ૪૬, ૯૨, ૧૧૪–૫, ૧૨૦ ૧૪૩, ૧૭૨, ૨૧૯, ૨૯૪; ૦કાપડ ૧૯૦, ૨૬૧, ૩૨૬, ૩૨૮, ૩૫૮, ૩૭૩, ૪૦૮, ૪૧૭, ૪૩૦; ૦કાપડના વેપારનો ત્યાગ ૪૩૯; ૦કાપડના વેપારીઓ ૪૨૯, ૪૩૧–૨; ૦કાપડની ચોકી ૪૨૮;

Gandhi Heritage Portal

૦કાપડનો ત્યાગ ૪૨૯; ૦કાપડનો બહિષ્કાર ૧૬, ૬૨, ૧૫૨, ૪૧૩, ૪૪૧; ૦કાપડનો વેપાર ૨૪; ૦કે મિલનું કપડું ૩૯૧; ૦ઢબછબ ૨૯૪

પરદેશોમાં પ્રચાર ૩૦૭, ૩૯૫

પરસરામ, શ્રી ૩૬૫

પરસ્પર સહકારી મંડળો ૩૬૩

પરાંજપે, શ્રી ૬૭

પશુબળ ૩૧, ૪૨, ૩૦૪, ૩૫૫, ૩૬૩, ૩૭૩, ૪૧૨

પશ્ચિમ –ના લોકો ૨૭; –નાં મિશનરી મંડળો ૨૭; –નો પહેરવેશ અને જીવનપદ્ધતિ ૨૮; –નો માર્ગ ૩૮૫

પંચમ કોમ ૧૩૧

પંચમો ૨૧૧ પા. ટી., ૨૩૭

પંચાયતો ૩૪૬–૭, ૪૪૦

પંજાબ ૩, ૫, ૧૪–૫, ૨૪–૫, ૪૩, ૫૩, ૫૬, ૬૫–૬, ૭૧–૨, ૭૮, ૮૫ પા. ટી., ૮૬, ૯૬–૯, ૧૦૧, ૧૦૩, ૧૦૫, ૧૧૬, ૧૨૧, ૧૩૬, ૧૩૮, ૧૫૭, ૧૫૯, ૧૬૪ પા. ટી., ૧૬૭–૮, ૧૭૬, ૧૭૯, ૧૮૪, ૧૯૦, ૧૯૪, ૨૦૦–૧, ૨૦૩–૪, ૨૧૫, ૨૨૬ પા. ટી., ૨૨૭–૮, ૨૩૧, ૨૩૩, ૨૩૯–૪૦, ૨૫૦, ૨૬૨, ૨૬૭, ૨૭૨, ૨૮૯–૯૦, ૨૯૨, ૨૯૯, ૩૦૦, ૩૧૪–૫, ૩૧૭, ૩૨૧–૨, ૩૨૭, ૩૬૭, ૩૭૩, ૩૮૧, ૩૮૫, ૩૯૧–૨, ૪૦૨–૪, ૪૦૭, ૪૧૨, ૪૩૯–૪૦, ૪૪૪

પંજાબ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૪ પા. ટી., ૫, ૨૨ પા. ટી., ૨૬

પંજાબીઓ ૫, ૭૨, ૧૭૬, ૩૦૯, ૪૦૩

પંડિત, આર્યદત્ત ૪૨૭

પંડિત, દીનાનાથ ૩૭૪

પંડિત, રણજિત ૩૯૪

પંડિત, વિજયાલક્ષ્મી ૩૯૪

પંડિત, શેરસિંગ ૪૪૮

પંડિત, શ્રીરામ ૨૩૪–૫

પંડયા, મોહનલાલ ૨૬૭

પાકિસ્તાન ૩૬ પા. ટી., ૧૬૯ પા. ટી.

પાયખાનાં ૮૯ પા. ટી.

પારસી(ઓ) ૩, ૧૬, ૨૮, ૪૩, ૪૭, ૬૮, ૮૮, ૯૯, ૧૦૩, ૧૦૫, ૧૨૮, ૧૩૫, ૧૩૮, ૧૪૧–૨, ૧૫૯, ૨૧૩, ૨૪૩, ૨૪૬, ૨૫૧, ૨૬૩–૪, ૨૬૯, ૨૭૨, ૩૪૯, ૩૮૫, ૩૯૦

પારીસ ૪૮, ૩૭૩

પાર્કિન, મિ. ૧૩૩

પાર્લમેન્ટ ૩૭ પા. ટી., ૮૪ પા. ટી., ૪૦૭, ૪૧૧

પાલઘર ૪૫૮

પાલનપુર ૪૨૮

પાંચમી જ્ઞાતિ ૧૩૧

પાંડવ ૨૩, ૩૯૦

પિકેટિંગ ૬ પા. ટી., ૫૭ પા. ટી., ૬૩, ૬૭–૮, ૭૫, ૧૧૫ પા. ટી., ૧૧૬, ૧૨૦, ૧૮૪, ૧૯૪, ૧૯૮–૯, ૨૨૨, ૩૩૪, ૩૩૯, ૩૪૧, ૩૭૩, ૩૯૯, ૪૦૮, ૪૨૮, ૪૩૧–૨, ૪૪૦, ૪૪૨

પિટરસન, એની મેરી ૧૧૫, ૧૪૬ પા. ટી.

પિટીટ, જે. બી. ૧૬૬, ૨૭૦

પિપરિયા ૪૨૦–૧

પિયર્સન, મિ. ૧૫૦–૧, ૧૯૧–૨, ૨૧૨, ૩૩૨

પિરોજપુર ૨૩૦

પીંજણો ૧૭૯

પુલિયાનથોપ ૨૩૭

પૂના ૬૭, ૧૮૪, ૧૯૦–૧, ૨૪૯ પા. ટી.

પૂના યુનિવર્સિટી ૧૮૧

પૂર્વ –નો માર્ગ ૩૮૫; ૦પશ્ચિમ ૩૮૫

પૂર્વ આફ્રિકા ૨૦૯, ૨૯૯, ૩૧૧, ૩૨૦

પેગંબર સાહેબ (મહમદ) ૨૩૮, ૪૩૭

પૅટરસન, મિ. ૪૪૭

પેદરન્દીપદુ ૨૫૮

પૅલેસ્ટાઈન ૨૦૦, ૨૪૩, ૪૪૨ પા. ટી.

પોપ ૨૯૬

પોરબંદર ૪૨૭

પોર્ટર, સર લ્યુડોવિક ૩૨૭

પોર્ટુગલ ૨૧૨

પૉર્ટોનોવો ૧૪૬ પા. ટી.

પોલીસ(સો) ૭, ૪૮–૯, ૫૧, ૫૯, ૬૨–૪, ૬૮–૯, ૭૪, ૧૧૧, ૧૨૯, ૧૩૨–૩, ૧૪૫, ૧૪૯, ૧૬૪–૫, ૧૬૭, ૨૧૬, ૨૨૮, ૨૩૦–૩, ૨૩૫, ૩૩૫ પા. ટી., ૩૩૮–૯, ૩૭૫–૬, ૩૮૦–૧, ૩૯૨, ૪૦૧, ૪૨૧

પોરટરો ૪૫૭

પ્રકાશમ, ટી. ૨૫૯, ૩૩૮, ૪૪૫

પ્રજા ૧–૩, ૧૩–૫, ૧૭, ૨૪, ૨૯–૩૧, ૪૨, ૪૬, ૪૮, ૫૦, ૬૫, ૧૦૧, ૧૦૭, ૧૩૩, ૧૭૪, ૧૮૯, ૧૯૫, ૨૦૩, ૨૧૪–૫, ૨૨૮, ૨૩૧, ૨૫૫–૬, ૨૮૯, ૩૧૪–૫, ૩૨૬, ૩૩૦, ૩૩૩, ૩૫૧, ૩૭૨, ૩૭૭, ૩૮૪–૫, ૩૮૭, ૩૮૯, ૪૦૪, ૪૧૦, ૪૨૯, ૪૩૪, ૪૫૪; ૦કેળવણી ૨૧૨; ૦જીવન ૧૪૩; –નું સ્વરાજ ૧૪૩; ૦પોકાર ૩૦૧; ૦મત ૩૧, ૬૬, ૧૬૭, ૨૧૫, ૩૦૧, ૩૭૪, ૪૨૨; ૦સત્તા ૧૪૨; ૦સંઘ ૪૧૨


Gandhi Heritage Portal

પ્રતાપ ૧૬૭, ૩૦૧
પ્રતાપસિંહ, શ્રી ૨૪૯–૫૦
પ્રતિજ્ઞા ૨૧, ૪૫, ૪૮, ૬૦, ૭૪, ૧૦૧, ૧૦૬, ૧૦૮–૯, ૧૧૧, ૧૨૨, ૧૨૯, ૧૩૬, ૧૩૯, ૧૪૪–૬, ૧૬૨, ૧૬૫, ૧૭૨, ૧૭૮–૯, ૨૨૪, ૨૫૨, ૨૬૨, ૨૯૪, ૨૯૬, ૩૦૩, ૩૨૩, ૩૨૬, ૩૪૫, ૩૫૩, ૩૭૩, ૩૭૯, ૩૮૬, ૩૯૦, ૩૯૨, ૪૦૮, ૪૧૨, ૪૧૭, ૪૩૬, ૪૩૯; ૦પત્ર ૬૩, ૯૯, ૧૦૦, ૧૭૦, ૨૧૯, ૩૧૪, ૩૭૨, ૩૭૮; ૦ભંગ ૪૨૮
પ્રદર્શન ૧૨૭
પ્રયાગ ૨૨૧, ૩૦૧
પ્રહ્‌લાદ ૨૬૧
પ્રાથમિક શાળાઓ ૩૫૪–૫
પ્રાંતિક ૦સરકારો ૩૭૧; ૦સ્વાયત્તતા ૨૪૨, ૪૩૩–૪
પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ(ઓ) ૧૨૯, ૧૪૬, ૧૬૨, ૩૫૫, ૪૦૧, ૪૩૯
પ્રિટોરિયા ૩૦૩
પ્રિન્સ ઑફ વેલ્સ ૧ પા. ટી., ૧૦ પા. ટી., ૬૩, ૭૮, ૮૪, ૨૦૬ પા. ટી., ૨૮૯, ૪૦૨, ૪૫૮
પ્રેસિડેન્સી કૉલેજ ૨૪૬ પા. ટી.
ફકીર હુસેન, મિ. ૭૧
ફટકાબાજી ૬૦
ફડકે, મામાસાહેબ ૮૭ પા. ટી.
ફડકે, યશોદાબાઈ ૧૯૧
ફતવા ૦કેદીઓ ૯૭, ૧૮૩, ૧૯૮, ૨૧૫, ૩૧૭; –ના મુકદ્દમાઓ ૧૯૭
ફતેહગઢ ૪૦૫
ફતેહમહમદ, મૌલવી ૭૩
ફરજિયાત ધર્મપરિવર્તન ૨૪૭
ફરીદપુર ૨૦૩, ૩૭૦
ફર્ગ્યુસન, મિ. ૬૩
ફિનિક્સ આશ્રમ ૩૬૧ પા. ટી.
ફિરોજપુર ૨૩૪, ૩૯૨
ફીજી ૧૫૪
ફૂકન, બાબુ તરુણકુમાર ૨૨૬, ૪૦૯
ફેડરલ કોર્ટ ઑફ ઇન્ડિયા ૧૮૧ પા. ટી.
ફેરિંગ, એસ્થર ૧૧૫ પા. ટી., ૧૪૬ પા. ટી., ૪૦૯
ફોજદારી ધારો ૩૬, ૬૩, ૭૫, ૩૨૭
ફ્રાંસ ૨૩૯, ૩૩૭
ફ્રેંચો ૨૨, ૧૯૬
બગીચામાલિકો ૩૧૫
બજાજ, જમનાલાલ ૧૬૨, ૩૪૭
બટલર, સર હારકોર્ટ ૭૫, ૧૧૬
બડોદાદા (ટાગોર દ્વિજેન્દ્રનાથ) ૧૫૩, ૩૩૩
બનારસ ૧૮, ૩૬, ૭૦, ૧૩૩, ૧૬૪, ૨૩૧, ૩૧૫, ૩૨૫, ૩૩૪
બનારસ હિંદુ યુનિવર્સિટી ૧૮ પા. ટી., ૩૬ પા. ટી.
બરટિલ્લો સ્ટ્રીટ ૩૭ પા. ટી.
બરા બજાર ૧૧૫
બરુઆ, શ્રી ૨૦૯
બરેલી ૩૧૯, ૩૯૨
બર્કનહેડ, લૉર્ડ ૪૧૧–૨
બર્મીઓ ૨૨૭
બલિયા ૩૪૨
બહિષ્કાર ૨૮, ૩૭, ૮૫, ૧૩૨, ૩૮૧
બહુમતી ૧૧, ૩૨, ૩૧૮, ૪૦૦, ૪૩૫, ૪૪૮
બંકર હિલ ૨૧૦
બંગભંગ ૪૧૩
બંગાળ ૧૦, ૧૫, ૨૩, ૩૪, ૪૩, ૫૪, ૫૪–૫, ૫૮ પા. ટી., ૬૧, ૭૦, ૭૫–૬, ૭૮–૮૦, ૮૪, ૮૬, ૯૪, ૧૦૮–૯, ૧૧૪–૫, ૧૧૯, ૧૩૮, ૧૫૭–૮, ૧૭૯, ૧૯૦, ૨૦૩, ૨૨૯–૩૧, ૨૩૩, ૨૬૩, ૨૯૩, ૨૯૫, ૩૦૮, ૩૧૪–૫, ૩૨૦, ૩૩૩, ૩૩૬–૭, ૩૬૧, ૩૬૨ પા. ટી., ૪૧૦–૧; –ના વિદ્યાર્થીઓ ૧૦
બંગાળ નેશનલ ચેમ્બર ઑફ કૉમર્સ ૩૦
બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૧, ૪૦ પા. ટી.
બંગાળ પ્રાંતિક ખિલાફત સમિતિ ૪૧૦
બંગાળી(ઓ) ૧૦, ૩૦૦; ૦ડેલિગેટો ૨૯૪; ૦બહેનો ૧૭૧; ૦હિંદુઓ ૧૦
બંધારણવાદીઓ ૧૦, ૧૪૮
બાજપેયી, પંડિત અંબિકાપ્રસાદ ૨૨૯
બાજીરાવ, શ્રી ૪૫
બારડોલી ૪૩, ૫૦, ૧૩૯, ૧૭૯–૮૦, ૨૦૮, ૨૧૧ પા. ટી., ૨૧૩, ૨૨૦, ૨૨૩, ૨૪૯, ૨૫૨–૩, ૨૬૨–૫, ૨૬૭–૭૧, ૨૯૬–૯, ૩૦૧–૭, ૩૦૯–૧૦, ૩૧૧ પા. ટી., ૩૧૨–૩, ૩૧૮–૯, ૩૪૨, ૩૪૪, ૩૫૧, ૩૫૭–૮, ૩૬૧–૨, ૩૬૪–૬, ૩૬૯, ૩૭૩ પા. ટી., ૩૭૬–૭, ૩૮૦, ૩૮૨–૪, ૩૮૬–૭, ૩૯૧, ૩૯૪–૫, ૪૦૩–૪, ૪૧૦–૧, ૪૧૪, ૪૨૦–૪, ૪૩૦–૩, ૪૪૩–૪, ૪૪૬, ૪૫૨ પા. ટી., ૪૫૮
બારડોલીનિવાસીઓ ૧૭૯, ૩૦૫, ૩૮૭–૮


Gandhi Heritage Portal

બારપેટા ૬૦
બારપેટા કૉંગ્રેસ સમિતિ ૫૯
બારીસાલ ૧૦૯, ૨૦૭, ૨૩૦, ૨૪૪ પા. ટી.
બારી સાહેબ જુઓ અબ્દુલ બારી મૌલાના
બાળકોનો શિક્ષણકાળ ૩૩
બિહાર ૧૩, ૫૯, ૭૬, ૭૮, ૧૩૩, ૧૪૯, ૧૫૭, ૧૬૯ પા. ટી., ૨૦૪, ૩૧૫, ૩૩૭, ૩૪૨, ૩૬૧ પા. ટી., ૩૬૨ પા. ટી., ૪૨૦–૧, ૪૨૫
બિહારીઓ ૭૬
બિસ્વાસ, બાબુ પૂર્ણચંદ્ર ૨૩૧
બી. અમ્મા ૧૨૮
બીટી, મિ. ૭૧
બુદ્ધિ ૨૨૬–૭, ૩૬૭
બુર્બોન રાજાઓ ૩૩૭
બુલંદશહર ૧૬૪
બેઇલહોંગલ ૬૨
બેકર, મિ. ૨૦૭
બેગરાજ, વીરુમલ ૪૦૭
બેતિયા ૪૨૦
બેનરજી, જિતેન્દ્રલાલ ૭૯
બેનરજી, સુરેન્દ્રનાથ ૧૧૦
બેલગામ ૧૨, ૬૨, ૧૬૦
બેલ્જિયમ ૧૬૩
બેલ્જિયમવાસીઓ ૧૬૩
બેલ્લારી ૧૪ પા. ટી.
બેસંટ, શ્રીમતી ૭૧, ૪૧૫
બેંગાલી ૯૪
બૈરટવા ૪૨૦
બોઅર ૧૯, ૧૬૩, ૧૭૩; ૦દિન ૧૯; ૦પ્રજા ૧૯; ૦પ્રદેશ ૧૯; ૦શહીદો ૧૯
બોથા, જનરલ ૧૬૩, ૧૭૮
બોમનજી, એસ. આર. ૧૭૦, ૩૬૪
બૉમ્બે ક્રૉનિકલ ૫૪ પા. ટી., ૮૩, ૧૬૮, ૧૬૯ પા. ટી., ૧૭૦, ૧૬૩, ૧૯૬, ૨૫૯, ૩૦૭, ૩૩૨, ૩૬૪ પા. ટી., ૩૬૫
બોસ્ટન ૨૧૦
બૌદ્ધ ધર્મ ૨૨૬
બ્રહ્મ ૨૪૯
બ્રહ્મચર્ય ૪૫, ૩૫૫–૬, ૩૮૩
બ્રહ્મચારી ૩૫૫–૬, ૩૮૩
બ્રહ્મદેશ ૧૫૭, ૨૨૭
બ્રહ્મીઓ ૨૨૬
બ્રાહ્મણ(ણો) ૨૧૧ પા. ટી., ૩૦૪–૫; ૦ધર્મ ૧૩૧
બ્રાહ્મણેતર ૧૩૧
બ્રિજકિશોર, શ્રી ૩૫ પા. ટી.
બ્રિટન ૧૩૪–૫, ૩૦૮, ૩૩૨
બ્રિટિશ(શો) ૧૪૧, ૨૨૬, ૨૫૦, ૪૧૨, ૪૪૫; ૦અદાલતો ૩૯૦; ૦જાતિ ૪૧૧; ૦તંત્ર ૨૯૨; ૦ન્યાય ૧૫૫; ૦પત્રો ૩૦૮; ૦પાર્લમેન્ટ ૨૦, ૯૬, ૧૩૫; ૦પ્રજા ૮૫, ૧૩૪, ૨૫૦, ૪૧૧–૨; ૦પ્રતિનિધિઓ ૪૧૨; ૦મતદારો ૨૦૧; ૦રાષ્ટ્ર ૧૩૨; ૦લોકો ૧૩૨, ૧૩૪, ૧૪૦; ૦વહીવટકર્તાઓ ૮૫; ૦સત્તાવાળાઓ ૪૨૮ પા. ટી.; ૦સરકાર ૧૩–૪, ૯૬, ૧૦૦, ૨૮૯–૯૦, ૩૨૭, ૪૧૧; ૦સલ્તનત ૧૯, ૧૦૪, ૨૫૦, ૪૧૨; ૦સંબંધ ૧૩૪; ૦સામ્રાજ્ય ૯૫–૬, ૧૫૪; ૦સિંહ ૪૧૧–૨; ૦સૈનિકો ૨૦૦; ૦સ્ટીલ ૨૦; ૦હદ ૨૧૯, ૪૨૬; ૦હિંદીઓ ૩૦૮; ૦હિંદુસ્તાન ૧૪૨, ૨૨૬, ૪૨૬
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન ૩૦
બ્રિટિશ કૉંગ્રેસ સમિતિ ૩૯૫ પા. ટી.
બ્રિટિશ મજૂર પક્ષ ૪૦૭ પા. ટી.
બ્રેડલો હૉલ ૬
બ્રેલ્વી, સૈં. અ. ૩૬૪

ભગત, જશવંતસિંહ ૧૬૧
ભગવદ્ગીતા ૧૪૪ પા. ટી., ૩૯૩
ભગવદ્ગીતા ૧૯૧ પા. ટી.
ભગવાનદાસ, બાબુ ૩૬ પા. ટી., ૭૦–૧, ૨૩૧
ભરતભૂમિ ૩૮૬
ભરતવા (એક ગામ) ૨૦૪
ભરતી અધિકારીઓ ૪૧૮
ભંગી ૮૯, ૧૩૮
ભાટિયા ૩૯૧
ભારત ૧૦૪ પા. ટી., ૧૨૪, ૨૭૨; ૦વર્ષ ૩૮૭, ૪૨૩; ૦વાસીઓ ૨૭૧, ૪૨૪; ૦વાસી ખ્રિસ્તીઓ ૨૮; ૦સરકાર ૮૬
ભારતમિત્ર ૨૩૦
ભારતીય શાસ્ત્રીય સંગીત ૧૨૮ પા. ટી.
ભાર્ગવ, ડૉ. ગોપીચંદ ૬, ૧૫૬, ૧૮૯, ૩૨૨
ભાર્ગવ, પંડિત ગૌરીશંકર ૪૪૭–૮
ભાવનગર ૪૨૭
ભાષણબંધીનો વહીવટી હુકમ ૧૬૬
ભિક્ષાવૃત્તિની નીતિ ૨૩૦
ભીલો ૪૨૮, ૪૪૬
ભૂખહડતાળ ૧૦૭
ભોપટકર, શ્રી ૬૭


Gandhi Heritage Portal

મક્કા ૧૩
મછલીપટ્ટમ ૩૭૩
મજલી, શ્રી ૧૯૦
મજુમદાર, ગંગાબહેન ૨૯૮
મજુમદાર, સુરેશચંદ્ર ૧૧૪
મજૂરવર્ગ ૪૨૫
મજૂરો ૧૧૨, ૪૨૫
મતદારો ૩૩, ૨૦૦
મતસ્વાતંત્ર્ય ૫૮, ૩૩૬
મતિયારી ૨૦૪
મથુરા ૧૬૧
મથુરાદાસ ત્રિકમજી ૫૪, ૩૧૨, ૩૬૦
મદુરા ૩૩૯
મદ્યનિષેધ ૧૧૩, ૨૧૯, ૩૪૬, ૪૨૫, ૪૨૭
મદ્યપાન ૩૪૪
મદ્રાસ ૪૧, ૭૫, ૮૦, ૯૬, ૧૦૯, ૧૧૦ પા. ટી., ૧૧૯, ૧૪૭, ૧૪૯, ૧૫૭, ૧૮૪, ૧૮૬, ૨૦૬–૭, ૨૧૬, ૨૨૫, ૨૩૬–૭, ૨૪૧, ૨૪૮, ૨૫૮, ૨૮૯–૯૨, ૩૨૦–૧, ૩૩૦, ૩૩૭–૯, ૩૭૬, ૩૮૪, ૩૯૨, ૪૪૫
મદ્રાસ રેવન્યુ રિકવરી ઍક્ટ ૨૫૯
મદ્રાસ શહેર કૉંગ્રેસ સમિતિ ૧૮૫ પા. ટી.
મધરલૅન્ડ ૨૦૪, ૩૦૧
મધ્ય આફ્રિકા ૨૦૯
મધ્ય પ્રદેશ ૧૫૭
મધ્ય પ્રાંત (મરાઠી) ૧૫૭
મધ્ય પ્રાંત (હિંદુસ્તાની) ૧૫૭
મનિયાનવાલા ૨૪
મનુષ્યતિરસ્કાર ૨૧૩
मराठा ४४३
મલબાર ૧૪ પા. ટી., ૨૪૫ પા. ટી., ૨૪૬, ૨૪૮, ૨૯૦, ૨૯૨; –ની હિંદુ કોમ ૧૮૭
મલબારી હિંદુઓ ૧૮૬
મલેક, લાલખાન ૬, ૧૫૬, ૧૮૯, ૩૨૨
મવાલી(ઓ) ૪૮, ૨૧૬
મશરૂવાળા, કિશોરલાલ ૧૧૫
મશરૂવાળા, ગોમતીબહેન ૩૮
મહમદ (પેગંબર) ૧૭૩, ૩૩૧, ૩૬૭
મહમદઅલી, મૌલાના ૧૨, ૬૯, ૨૫૮, ૩૨૩–૪, ૪૫૦
મહમદઅલી, બેગમ ૭૦
મહાપુરુષિયા સંપ્રદાય ૫૯
મહાભારત ૪૩૭–૮
મહારાષ્ટ્ર ૬૭ પા. ટી., ૬૮, ૮૩, ૧૫૭, ૩૨૦ પા. ટી., ૪૧૬; –ના યોદ્ધાઓ ૧૯૧; ૦પક્ષ ૪૧૫; ૦મંડળ ૯૪
મહાવીર ૩૩૧
મહાસભા ૧, ૮, ૧૨, ૧૫, ૫૭, ૮૭–૯, ૯૭–૧૦૦, ૧૩૮, ૧૪૦–૧, ૧૭૦, ૧૭૪, ૧૭૬–૭, ૧૭૯, ૧૮૬, ૧૮૮, ૧૯૨, ૨૧૪, ૨૫૪, ૨૯૯, ૩૦૫, ૩૪૪–૬, ૩૪૮, ૩૫૦, ૩૫૩–૪, ૩૫૬, ૩૭૯–૮૦, ૩૮૫, ૩૮૭–૮, ૪૨૨, ૪૨૫–૭, ૪૨૯–૩૦, ૪૩૫; –ના કાર્યકર્તાઓ ૧૦; –ના સેવકો ને નાયકો ૩૫૬; –નું બંધારણ ૩૭૮; ૦સપ્તાહ ૧૪૪, ૨૫૧, ૪૨૫; ૦વાદી ૨૫૪, ૪૩૫; ૦સમિતિ(ઓ) ૨, ૧૦
મહાસમિતિ ૧૧, ૪૦ પા. ટી., ૮૩, ૧૦૦–૧, ૧૨૭, ૧૨૯, ૧૩૯, ૩૪૪–૫, ૩૪૭–૮, ૩૭૯, ૪૦૩, ૪૦૮, ૪૨૧–૨, ૪૨૫, ૪૨૮, ૪૩૫, ૪૫૨
મહિલા પરિષદ ૧૨૮
મહિલાઓ ૨૩
મહેતા, જમનાદાસ ૫૩
મહેતા, ડૉ. પ્રાણજીવન ૧૫૪ પા. ટી.
મહેતા, નરસિંહ ૮૨, ૨૧૩ પા. ટી., ૪૨૭
મહેતા, મનસુખલાલ ૪૨૫
મહેમદાવાદ ૨૫૮
મંડળો રચવાનું સ્વાતંત્ર્ય ૨૨૧
મંદોદરી ૨૫૨
માતૃભૂમિ ૨૮, ૭૨, ૭૯, ૧૬૨, ૨૨૮, ૩૯૩
માદક પદાર્થો ૮૦
માધવરાવ, શ્રી ૩૯૮
માન્ચેસ્ટર ૪૧૩
માય ડિયર ચાઇલ્ડ ૧૪૬ પા. ટી.
માર્શલ લૉ ૪૫૫
માલવિયા, કૃષ્ણકાંત ૧૩૮, ૧૪૫, ૩૬૪, ૩૯૯, ૪૦૦
માલવિયા, ગોવિંદ ૧૧૫, ૧૧૯ પા. ટી., ૧૨૦, ૧૩૮, ૧૪૬, ૧૫૫–૬, ૩૬૪, ૩૯૯, ૪૦૦
માલવિયા, પંડિત મદનમોહન ૩૬, ૫૨–૩, ૫૭, ૮૩ પા. ટી., ૮૪, ૯૬, ૧૧૫ પા. ટી., ૧૧૯, ૧૩૮ પા. ટી., ૧૪૫, ૧૫૫, ૧૫૮, ૧૬૮–૯, ૧૮૧ ૧૯૪, ૨૧૪–૬, ૩૫૧, ૩૫૯–૬૦, ૩૬૪ ૩૮૬–૭, ૪૦૨, ૪૦૪, ૪૩૧
માલવિયાકુટુંબ ૧૫૫, ૩૯૯
માલવિયાપરિષદ ૧૯૪, ૧૯૮, ૨૪૨, ૩૧૦, ૩૧૭ ૩૩૭, ૪૦૪, ૪૪૩
માલેગાંવ ૨૯૨
માંડલે ૧૯૭

Gandhi Heritage Portal

માંસભક્ષણ ૪૪૬
માંસાહાર ૪૨૭
મિદનાપુર ૧૧૫
મિયાનવાલી ૧૨૧, ૨૨૮
મિલ(લો) ૧૧૨, ૩૪૮, ૩૬૩, ૪૧૩, ૪૩૨; ૦ઉદ્યોગ ૪૧૩, ૪૩૨; –નું કાપડ ૧૭૨, ૪૧૧, ૪૧૭; ૦માલિકો ૪૧૩–૪
મિશનરીઓ ૨૮, ૧૩૦; –નાં મંડળો ૧૫૩
મિશ્ર, ગોકરણનાથ ૧૭૦
મિશ્ર, પંડિત હરકરણનાથ ૬૩
મિસીર, હરિવંશ ૭૮
મીરાં શિક્ષણ સંસ્થાઓ (પૂના) ૨૪૯ પા. ટી.
મીરાંબાઈ ૧૨૪, ૩૮૪, ૩૮૯
મુકરજી, પ્રો. એસ. સી. ૧૫૯
મુજાહીદ, પીર ગુલામ ૩૨૩, ૩૨૬
મુઝફ્ફરપુર ૩૦૩
મુનશીરામ, મહાત્મા ૨૨૬ પા. ટી.
મુલતાન ૪૦૧
મુસલમાનો ૧, ૩, ૧૦, ૧૩–૪, ૧૬, ૨૭–૮, ૩૦, ૪૩, ૪૬–૮, ૭૦, ૭૬, ૮૮, ૯૯, ૧૦૨–૩, ૧૦૫, ૧૩૫, ૧૪૧, ૧૫૯–૬૦, ૧૭૬, ૧૮૬, ૧૯૬, ૧૯૯, ૨૦૧, ૨૩૮, ૨૪૩, ૨૪૫–૮, ૨૫૧–૨, ૨૬૩, ૨૬૬, ૨૬૯, ૨૮૯, ૨૯૫, ૩૧૦, ૩૨૬–૭, ૩૮૫, ૩૯૨, ૪૩૬–૪૨, ૪૫૫–૬
મુસા ૩૩૧
મુસ્લિમનગર ૮૭, ૧૨૮
મુસ્લિમ લીગ ૧૩૪, ૧૪૦–૧, ૧૮૬ પા. ટી.
મુંબઈ ૬ પા. ટી., ૧૦, ૧૨, ૧૪, ૧૮ પા. ટી., ૨૪, ૩૬ પા. ટી., ૪૫–૮, ૫૦, ૫૫, ૬૭–૮, ૮૮, ૯૩, ૯૮, ૧૧૮ પા. ટી., ૧૩૨, ૧૫૭, ૧૮૧ પા. ટી., ૧૮૨, ૧૮૯, ૧૯૪, ૧૯૬, ૨૦૪, ૨૦૭, ૨૩૫, ૨૩૭, ૨૪૧, ૨૫૮, ૨૭૧, ૨૯૦–૨, ૩૧૩–૪, ૩૧૬, ૩૨૦, ૩૩૮, ૩૪૧–૨, ૩૫૧, ૩૫૮–૯, ૩૬૬, ૩૭૦, ૩૭૬, ૩૮૩, ૩૮૬, ૩૮૯, ૪૦૪, ૪૦૭, ૪૩૬, ૪૪૩, ૪૫૫
મુંબઈ કૉંગ્રેસ સમિતિ ૫૪ પા. ટી.
મૂર્તિપૂજા ૪૪૪
મૅકફરલેઈન, જી. એ. ૨૯૦–૧
મૅકિનન, મિ. ૪૨૦–૧
મૅક્સમૂલર, શ્રી ૮૦
મેઘનાદ ૨૫૨
મેકૂન ૪૫૪
મેનન, એસ્થર ૩૦૭
મેનન, કેશવ ૨૪૫, ૪૪૫
મેવાડ ૧૨૪ પા. ટી., ૨૪૯ પા. ટી.
મૅસોપોટેમિયા ૨૦૦, ૪૪૨ પા. ટી.
મેહરોત્રા, પરસરામ ૩૧૩
મૈત્ર, ડૉ. ૨૦૩
મૈસૂર ૨૦૨ પા. ટી.
મોક્ષાર્થી ૩૮૩
મોગલ સત્તા ૨૪૯ પા. ટી.
મૉડરેટ(ટો) ૩૭, પા. ટી., ૯૪, ૧૦૯, ૧૧૧, ૧૧૯, ૧૨૧, ૧૨૬, ૧૩૧, ૧૪૮–૫૦, ૧૬૮–૭૦, ૧૮૩, ૨૦૨, ૨૩૭, ૩૧૦, ૩૩૬, ૩૬૯, ૩૭૩, ૪૦૦, ૪૧૫, ૪૪૩–૪, ૪૪૮, ૪૫૧
મૉડર્ન હાઈસ્કૂલ ૩૯૯
મોત ૦એ લાંબી નિદ્રા છે ૧૭૬
મૉન્ટેગ્યુ, મિ. ૧૯, ૩૧૧, ૩૭૩, ૪૧૧–૨, ૪૪૫
મૉન્ટેગ્યુ–ચેમ્સફર્ડ ૪૪૪ પા. ટી.
મૉન્ટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારા ૧૯ પા. ટી.
મોપલા(ઓ) ૧૪, ૨૫, ૧૨૧, ૧૪૯–૫૦, ૧૮૬–૭, ૧૯૧, ૨૪૫–૮
મોરિશિયસ ૧૫૪ પા. ટી.
મોહપાત્રો, ભાગીરથી ૧૧૭
મોહાની, હસરત ૯૩, ૯૫, ૧૦૪–૬, ૧૧૬, ૧૩૪, ૧૮૬, ૨૪૫–૬
મોહિઉદ્દીન, મૌલવી ૨૫, ૫૦, ૪૪૮
મ્યુનિસિપાલિટી(ઓ) ૩૨, ૧૭૩, ૨૩૫, ૨૫૫–૬, ૨૭૨, ૩૬૬–૭, ૩૮૮ પા. ટી., ૪૨૨–૪

યજ્ઞ ૪૨
યહૂદી(ઓ) ૩, ૧૬, ૪૩, ૮૮, ૯૯, ૧૦૫, ૧૩૮, ૧૪૧, ૨૧૩, ૨૪૩
યંગ ઇન્ડિયા ૨૦, ૨૭, ૨૯, ૩૮ પા. ટી., ૫૧, ૫૭ પા. ટી., ૭૭, ૮૧, ૧૦૦ પા. ટી., ૧૨૦, ૧૨૩, ૧૫૦, ૧૫૭, ૧૬૬ પા. ટી., ૧૬૮, ૧૯૨ પા. ટી., ૧૯૩, ૧૯૪ પા. ટી., ૨૦૩, ૨૦૫, ૨૧૮, ૨૨૭, ૨૩૨–૩, ૨૪૪ પા. ટી., ૨૪૫, ૨૫૭ પા. ટી., ૨૫૮, ૨૯૩–૪, ૩૦૬, ૩૧૦, ૩૧૧ પા. ટી., ૩૩૩, ૩૩૫ પા. ટી., ૩૩૯, ૩૪૪, ૩૪૫ પા. ટી., ૩૪૭ પા. ટી., ૩૬૪, ૩૭૨, ૩૭૮, ૩૮૨, ૪૦૭, ૪૧૭ પા. ટી., ૪૪૭, ૪૫૩–૫, ૪૫૮
યંગમૅન્સ ક્રિશ્ચિયન ઍસોસિયેશન ૩૯૮
યંત્રયુગ ૮૦
યાકુબ હસન ૩૩૦

Gandhi Heritage Portal

યાદવડકર, પટવર્ધન ૩૮ પા. ટી.
યુક્ત પ્રાંત ૫૨, ૭૫ પા. ટી., ૭૬, ૮૬, ૧૧૬, ૧૨૪, ૧૩૮, ૧૫૭–૮, ૧૬૭, ૨૦૪, ૩૧૪, ૩૨૦, ૩૨૭, ૩૩૭, ૪૦૬, ૪૩૩
યુક્ત પ્રાંત (યુ. પી.) પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૧૫, ૩૯ પા. ટી.
યુગાન્ડા ૨૦૯
યુધિષ્ઠિર ૩૯૦
યુદ્ધ ૦વિરામ ૫૮ પા. ટી; ૦શાસ્ત્ર ૩૯૮
યુનાઇટેડ કિંગ્ડમ ૮૦ પા. ટી.
યુનિયન જૅક ૪૧
યુરોપ ૨૨૬–૭, ૨૯૧, ૩૦૪, ૩૩૨, ૩૭૩
યુરોપિયન(નો) ૬, ૨૮, ૧૩૨, ૩૧૧ પા. ટી.; ૦જુવાનો ૧૯૫; ૦ઢબ ૬૯, ૩૩૯; ૦માનસ ૨૨૬; ૦મિશનરીઓ ૨૮
યુવકવર્ગ ૪૨૭
યુવકો ૧૦

રચનાત્મક કાર્યક્રમ ૩૧૯, ૩૫૬, ૩૬૫, ૩૬૮, ૩૭૩, ૩૮૮, ૪૧૭, ૪૨૨, ૪૩૯, ૪૪૧, ૪૪૩, ૪૪૭, ૪૫૦, ૪૫૮
રજપૂતાના ૪૪૬
રજવાડાં ૪૪૬
રશિયનો ૪૫૧
રશિયા ૪૫૧
રહમત રસૂલ (એક પંજાબી કેદી) ૨૦૪, ૪૫૫
રંગરૂટો ૪૧૮
રંગૂન ૨૩૮
રંગૂન ડેલી ન્યૂઝ ૨૩૮
રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ ૧૧૯, ૨૨૦, ૨૬૯
રાક્ષસનીતિ ૨૧૮
રાક્ષસી રાજ્ય ૧૩૯
રાજકર્મચારીઓ ૩૮૧
રાજકોટ ૯૨
રાજગોપાલન, શ્રી ૨૩૬–૭
રાજગોપાલાચારી, શ્રી ૪, ૩૬, ૭૫, ૧૪૭, ૧૪૯–૫૦, ૧૫૬, ૧૯૧, ૨૯૬, ૩૨૦–૧
રાજદ્રોહ ૩૨૭
રાજદ્રોહી સભાઓ ૬ પા. ટી.
રાજદ્રોહી સભાનો કાયદો (ધારો) ૮૪, ૧૬૯, ૧૮૩, ૩૧૪, ૩૩૭
રાજદ્વારી ૦અધઃપતન ૧૫૦; ૦કેદીઓ ૨૦૮, ૨૩૩, ૩૦૮, ૩૨૫; ૦કૉન્ફરન્સ ૪૪૮
રાજન, ડૉ. ૧૦૯, ૨૦૬–૭, ૨૩૬, ૩૩૭–૮, ૩૪૦
રાજપૂતાના ૧૫૭
રાજસભા ૨૩૯
રાજસ્થાન ૧૨૪ પા. ટી.
રાજેન્દ્રપ્રસાદ, શ્રી ૩૫
રાધાકિશન, શ્રી ૩૦૧
રામ ૧૭૫, ૨૫૨, ૩૦૦, ૩૮૩; ૦રાવણની લડાઈ ૨૫૨
રામજસ, બાબુ ૪૨૫, ૪૨૯
રામજીપ્રસાદ ૭૮
રામનારાયણ (પહેલવાન) ૪૨૭
રામરાજ્ય ૧૭૧, ૨૧૩, ૨૬૪
રામાયણ ૧૩૩, ૨૯૬
રાવણ ૪૯, ૧૩૯, ૨૫૨, ૩૦૦
રાવેલસિંગ, સરદાર ૨૨૮
રાષ્ટ્ર ૨૮, ૪૩૮; ૦ગીતો ૧૫, ૧૪૬; –ની થાપણ ૪૧૩; –નું અર્થકારણ ૪૧૩; ૦પ્રેમ ૪૦૯, ૪૩૮; ૦વાદ ૨૪૬; ૦વાદી(ઓ) ૨૮, ૧૯૬, ૨૪૬, ૪૧૬; ૦વાદી પત્રો ૭૭; ૦વાસીઓ ૨૫૫
રાષ્ટ્રસંઘ ૧૩૪
રાષ્ટ્રાભિમાન ૨૨૬
રાષ્ટ્રીય ૦અપ્રોગતિ ૩૩૯; ૦આપઘાત ૧૧૦; ૦આંદોલન ૧૫૮, ૨૦૯–૧૦, ૨૪૨, ૩૬૬; ૦ઇજ્જત ૩૯૮; ૦ઇતિહાસ ૧૦; ૦ઉદ્ધાર ૩૩૪; ૦કરકસર ૪૫૨; ૦કાર્ય ૧૦૮, ૧૬૨; ૦કાર્યકરો ૨૩૦, ૪૧૦; ૦કાર્યક્રમ ૪૧૫; ૦કેળવણી ૨૧૯; ૦કૉલેજો ૧૫૬; ૦ગુણો ૨૪૩; ૦જાગૃતિ ૮૫, ૧૫૯, ૧૬૨, ૨૪૧, ૨૫૭, ૪૩૨; ૦જીવન ૧૫૯, ૩૬૬; ૦ટોપી ૧૭; ૦તાકાત ૧૨૬; ૦પોશાક ૧૩૫; ૦પ્રતિજ્ઞા ૩૨૬, ૪૦૭ પા. ટી.; ૦બિલ્લા ૧૫; ૦મહત્ત્વાકાંક્ષા ૪૧૦; ૦મહાસભા ૧; ૦મ્યુનિસિપાલિટી ૩૭૫; ૦લડત ૪૧૬; ૦વર્તમાનપત્રો ૭૭; ૦વૃત્તિ ૨૪૬; ૦શાળા(ઓ) ૧૧૪–૫, ૧૧૭, ૧૩૩, ૧૭૦ પા. ટી., ૧૭૬, ૧૭૯, ૧૮૯, ૨૧૨, ૨૬૨, ૨૬૭–૮, ૩૦૬, ૩૪૬, ૩૫૪, ૩૮૦, ૩૮૭–૮; ૦શાળાઓ અને કૉલેજો ૪૪૦; ૦શિક્ષણ ૫૭ પા. ટી., ૩૫૪, ૩૭૫; ૦શિક્ષણસંસ્થાઓ ૧૦૦; ૦સભાઓ ૧૨૮, ૧૫૮; ૦સંસ્થા(ઓ) ૩૨, ૪૩૬, ૪૪૦, ૪૫૨; ૦સેવાકાર્ય ૧૧૧; ૦સ્વમાન અને ગૌરવ ૩૧૫; ૦સ્વયંસેવક દળ (રા. સ્વ. દ.) ૭૨, ૭૪–૫; ૦સ્વયંસેવક સૈન્ય ૯૯–૧૦૦; ૦સ્વયંસેવકો ૧૫, ૬૧; ૦સ્વરાજ ૨૫૫; ૦સ્વાતંત્ર્ય ૪૦૯; ૦હેડક્વાર્ટર ૧૧૬
રાષ્ટ્રીય મુસ્લિમ યુનિવર્સિટી ૬૯, ૧૨૬


Gandhi Heritage Portal

રાષ્ટ્રીયતા ૧૦૫
રાંચી ૧૦
રિપન કૉલેજ ૮૮–૯
રિશાર, મૉ. પૉલ ૧૧૫, ૧૧૮, ૧૯૨, ૨૧૨, ૪૧૪–૭
રીડિંગ, લૉર્ડ ૩૧, ૪૧, ૬૦, ૬૪, ૮૪, ૧૦૧, ૩૧૫, ૩૩૫, ૩૪૩ પા. ટી., ૪૦૪
રેઠી, શ્રીરામ ૩૯૭
રેંટિયો ૩, ૧૦, ૧૫, ૨૯, ૭૬, ૮૦–૧, ૮૮, ૯૩, ૧૩૫, ૧૪૧–૨, ૧૪૪, ૧૫૬, ૧૬૪, ૧૭૪, ૧૭૮–૯, ૨૦૯, ૨૪૩, ૨૬૩, ૨૬૯, ૨૭૨, ૨૮૯, ૨૯૫, ૩૦૫–૭, ૩૧૩, ૩૩૯, ૩૪૬, ૩૫૪, ૩૫૬, ૩૫૮, ૩૬૨–૩, ૩૬૫–૬, ૩૮૦, ૩૮૭, ૩૯૧, ૩૯૩, ૪૨૫, ૪૩૬, ૪૪૦, ૪૪૬; ૦આપણા યુગનો કર્મયોગ ૩૯૩; ૦કામધેનુ ૧૭૧; –ની માળા એ જ સાચી માળા ૨૬૫; –નો પુનરુદ્ધાર ૧૭૧; –નો સંદેશો ૧૧૭, ૪૧૩
રૈયતવર્ગ ૧૪૨, ૩૪૫
રોનાલ્ડશે, લૉર્ડ ૧, ૪૧, ૫૪, ૮૩–૫
રૉય(રાય) ડૉ. પ્રફુલ્લચંદ્ર ૮૬, ૨૯૪–૫, ૩૬૨
રૉય, શતકોડીપતિ ૧૩૨
રૉય(રાય) સુનામ માસ્તર ૨૨૮
રૉલેટ કાયદા (ઍક્ટ) ૭૦, ૩૦૦
રોહતક ૨૨૭, ૨૩૫, ૩૨૮, ૪૧૭
રોહતક જિલ્લા કૉંગ્રેસ સમિતિ ૨૩૪

લક્ષ્મી(લછમી)નારાયણ, શ્રી ૧૮૦–૧, ૪૫૩
લક્ષ્મીપુરા ૬૩
લખનૌ ૩૯ પા. ટી., ૬૩, ૯૨, ૧૧૯, ૧૨૪, ૨૨૬, ૩૨૫, ૩૯૪, ૪૦૫, ૪૫૩–૪
લઘુમતી(ઓ) ૨૮, ૨૨૫, ૨૩૬, ૨૪૭, ૪૦૦, ૪૩૫
લછમનસિંગ, સરદાર ૧૩૨, ૩૪૯
લજપતરાય, લાલા ૪ પા. ટી., ૫, ૭, ૧૧, ૨૫–૭, ૩૧, ૪૧, ૫૦, ૫૯, ૭૭, ૧૨૦, ૧૪૮–૯, ૧૫૬, ૧૬૭, ૧૭૦ પા. ટી., ૧૮૫, ૧૮૯–૯૦, ૧૯૨, ૨૧૨, ૨૧૪, ૩૦૧, ૩૦૪, ૩૦૯, ૩૧૪, ૩૨૧–૨, ૩૭૪, ૩૯૧, ૪૦૩, ૪૦૯
લવાટે, શ્રી ૧૮૪
લવાદી ૦કોર્ટ ૪૪૬; –નો સિદ્ધાંત ૧૯૮
લશ્કર ૨૧૬; –ના માણસો ૪૦૧
લશ્કરી ૦કાયદો ૬૦, ૧૩૪, ૧૬૭, ૧૬૯ પા. ટી., ૧૯૬, ૨૦૩–૫, ૪૦૩, ૪૪૫; ૦દળ ૭; ૦બળ ૧૬૭; ૦સેવા ૧૯૮
લંડન ૪૭, ૩૦૮, ૩૭૩, ૩૯૫ પા. ટી.
લાયલપુર ૨૯૪
લાલાજી જુઓ લજપતરાય, લાલા
લાહોર ૧ પા. ટી., ૧૬, ૪૨, ૪૯, ૫૯, ૬૦, ૭૨, ૭૪, ૭૬, ૧૨૫, ૧૪૨, ૧૬૭, ૨૦૭, ૨૦૯, ૨૨૮–૯, ૩૧૫, ૩૭૪, ૪૦૨–૩
લીડર ૯૪, ૪૦૮
લેખનસ્વાતંત્ર્ય ૪૫૦
લૅટિમર ૧૨૪
લૅંકેશાયર ૧૫૨–૩
લૉઈડ, જ્યૉર્જ ૫૦ પા. ટી.
લોક ૦જાગૃતિ ૧૫; ૦બળ ૩૨; ૦મત ૩૭, ૧૩૭, ૧૬૬, ૧૭૩, ૧૯૬–૭, ૨૦૨, ૨૦૬, ૨૩૮, ૩૦૧, ૩૧૦, ૩૧૮, ૩૨૨, ૩૭૫, ૪૨૮; ૦શાસન ૪૩૫; ૦શાહી ૯૪, ૨૦૨, ૨૩૮, ૪૪૫, ૪૫૨; ૦સંસ્થા ૧૩૦; ૦સેવા ૩૨૨
લોકમાન્ય જુઓ ટિળક, બાળ ગંગાધર
લોકમાન્ય ૧૧૪

વકીલ(લો) ૧૨, ૧૭, ૪૫, ૫૬, ૬૨, ૭૬, ૭૭, ૯૪, ૧૧૧–૨, ૧૧૩ પા. ટી., ૧૨૬, ૧૬૨, ૧૯૦, ૨૧૩, ૨૯૩–૪, ૩૨૧, ૩૨૯, ૩૪૯, ૩૯૦–૧, ૪૦૯, ૪૩૫, ૪૪૮; ૦વર્ગ ૬૬
વકીલાત ૧૨, ૧૭, ૪૫, ૫૬, ૭૦, ૭૭, ૧૧૧–૨, ૧૧૩ પા. ટી., ૧૫૪, ૧૬૨, ૨૯૩, ૩૨૧, ૩૪૯, ૪૦૯, ૪૨૫–૬, ૪૩૫
વડી ધારાસભા ૧૮૧ પા. ટી., ૨૧૫, ૨૩૯, ૨૫૦
વડોદરા ૩૮ પા. ટી.
વણકર(રો) ૨૯, ૩૦૫, ૩૫૪, ૩૮૭
વણાટ ૩૯૫
વરાડ ૧૫૭
વર્તમાનપત્રો ૧૬૪, ૧૯૮, ૩૦૬, ૩૦૮, ૩૨૦–૧, ૩૩૫; –નું સ્વાતંત્ર્ય ૧૬૮
વર્ધા ૮૮
વંદે માતરમ્ ૧૦૬–૭
વંદે માતરમ્ ૧૬૭, ૩૦૧
વાચાબંધી ૩૫૦
વાડિયા, જે. એ. ૧૭૦
વાડિયા, સર હોરમસજી ૨૩૦, ૩૧૪, ૩૩૭
વાણીસ્વાતંત્ર્ય ૧૨૧, ૧૩૬–૭, ૧૬૬, ૧૬૮, ૧૯૮, ૩૧૧, ૩૧૩, ૩૩૬, ૪૫૦
વારાણસી ૭૦ પા. ટી.
વાલ્મીકિ ૨૫૨
વાસવાણી, શ્રી ૨૪૯

Gandhi Heritage Portal

વાંકાનેર ૨૪૯, ૨૬૨
વિક્ટોરિયા, મહારાણી ૨૩૪
વિજયરાઘવાચારિયર, સી. ૪૦, ૫૨, ૯૬
વિદુર ૨૧૪
વિદેશી ૦કપડાં ૧૧૬; ૦કાપડનો બહિષ્કાર ૬
વિદ્યાર્થી(ઓ) ૧૭–૮, ૩૨, ૪૫, ૪૭, ૫૬, ૭૦, ૭૮–૯, ૧૧૭, ૨૧૨, ૨૨૯, ૩૨૫, ૩૪૬, ૩૫૪
વિદ્યાપીઠ ૨૫૪–૫
વિનય –ની કેળવણી ૪૬
વિનયી ભંગ ૨૦, ૨૧૬
વિનીત પક્ષ ૪૯
વિન્સન્ટ, સર વિલિયમ ૨૩૯ પા. ટી., ૩૨૭, ૩૭૧–૨, ૪૩૧
વિલાયત ૨૫૫
વિલિંગ્ડન, લૉર્ડ ૭૫, ૨૦૬, ૨૬૪, ૩૩૭, ૪૪૫–૬
વિશ્વયુદ્ધ ૩ પા. ટી.
વિશ્વાનંદ, સ્વામી ૧૩૨
વિશ્વામિત્ર ૪૫
વિશ્વેશ્વરૈયા, સર ૨૦૨, ૨૧૫, ૩૬૯
વિષ્ટિ ૩૦૧–૨; ૦પત્ર ૨૯૮, ૩૦૦–૧, ૩૭૬
વિષ્ણુ ૪૯
વીરમગામ ૩૦૫, ૩૮૩
વેજવૂડ, કર્નલ ૪૦૭
વેટ્ટિયનો ૨૧૧ પા. ટી.
વેરાવળ ૩૫૩–૪, ૪૩૦
વેલોર ૩૨૦–૧
વેસુમલ, તેજુમલ ૭૩
વેંકટપૈય્યા, કોંડા ૧૯૫, ૨૧૧, ૨૪૮, ૨૫૯, ૩૨૯, ૩૩૪, ૩૯૭
વૈકુંઠપુર ફેક્ટરી ૪૨૦–૧
વૈદ્ય, શ્રી ૧૭
વૉલંટિયરો ૧૫–૬, ૩૫, ૫૨
વ્યક્તિગત ભંગ ૧૪૬
વ્યક્તિસ્વાતંત્ર્ય ૧૪૨, ૩૩૩ પા. ટી., ૪૦૯
વ્હાઇટ હૉલ ૪૧૨
વ્હીલર, સર હેન્રી ૨૩૨, ૩૩૬–૭

**શફી**, શ્રી ૩૫ પા. ટી.
શરાબ ૦ખાનાં ૧૭૧; ૦ખોરી ૩૩૭; –ની દુકાનોની ચોકી (પહેરો) ૧૭૧, ૧૯૦; –નો સટ્ટો ૩૦૫
શરીર ૦બળ ૩૩૨, ૩૭૨, ૩૮૫–૬, ૪૧૨; ૦રક્ષા ૩૫૫
શર્મા, હરિહર ૩૮ પા. ટી.
શંકર હૉલ ૫૯
શંકરલાલ, લાલા ૧૨૧
શાસ્ત્રી, ડૉ. ૩૩૭
શાસ્ત્રી, વિષ્ણુ દિગંબર (પલુસકર) ૧૨૮
શાસ્ત્રી, સુબ્રહ્મણ્યમ ૭૫
શાહજાદા ૧, ૨, ૨૫, ૬૩, ૬૭, ૮૫, ૧૩૨–૩, ૧૩૬, ૧૪૯, ૨૦૬–૭, ૨૩૬ પા. ટી., ૨૩૭–૮, ૩૩૮, ૩૫૨, ૪૨૬
શાંતિ ૧૦, ૨૫, ૩૦, ૩૭, ૪૫, ૪૮, ૫૦, ૬૧, ૬૭, ૭૩–૪, ૧૦૨–૩, ૧૪૧, ૧૫૩, ૧૭૨ ૧૭૯, ૨૧૩–૪, ૨૨૦, ૨૨૭, ૨૬૬, ૩૦૪, ૩૪૮, ૩૫૧–૨, ૩૫૪, ૩૫૯, ૩૭૮, ૩૮૪–૬, ૪૩૩, ૪૪૮; –ની પ્રતિજ્ઞા ૨૫૧; ૦પાઠ ૨૧૬; ૦પૂર્ણ અને વાજબી સાધનો ૪૫૨; ૦ભંગ ૪૨૩, ૪૨૫; ૦મય સ્વયંસેવકોની સમિતિઓ ૬૭; ૦શાસ્ત્ર ૨૧૩
શાંતિનિકેતન ૧૨૮, ૧૫૦, ૧૫૪ પા. ટી., ૧૯૧, ૨૧૨, ૩૩૨ પા. ટી., ૩૩૩–૪, ૪૧૪
શિકાગો ૪૭
શિરોહી ૪૨૮
શિવ, સુબ્રહ્મણ્ય ૩૩૦
શિવદાસાની, એચ. બી. ૨૫૨
શિસ્ત ૧૦૭, ૨૦૩, ૨૧૦, ૩૨૮, ૩૩૩–૪, ૩૬૯
શીખ(ખો) ૩, ૫, ૬ પા. ટી., ૭, ૨૬–૭, ૪૩, ૮૦, ૯૯, ૧૦૨, ૧૦૫, ૧૫૮, ૧૬૧, ૧૭૯, ૨૨૭, ૩૭૪, ૪૦૫
શીખ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ ૮૦, ૧૯૦–૧
શીખ લીગ ૨૨૮
શીતલસહાય, બી. ૬૩
શૂદ્રો ૨૬૬
શેખ, ખલિકુઝ્ઝમાન ૧૨૪
શેઠ, બદરીનારાયણ ૪૨૭
શેઠી, પંડિત અર્જુનલાલ ૪૦૭
શેતાન ૧૨૧
શેરવાણી(ની) ટી. એ. કે. ૧૨૬, ૨૨૩, ૩૨૧
શૌકતઅલી, મૌલાના ૧૨ પા. ટી., ૯૩, ૧૦૩, ૧૫૬, ૧૭૦ પા. ટી., ૧૯૨, ૨૦૧, ૨૫૦, ૩૨૩–૪
શ્યામલાલ, લાલા ૨૨૭, ૨૩૪, ૩૨૮
શ્રદ્ધાનંદજી, સ્વામી ૩૨૬, ૪૩૮
શ્રીપ્રકાશ, બાબુ ૩૬

**સક્સેના**, જિયારામ ૧૫, ૩૯, ૮૩ પા. ટી.
સક્કર ૪૦૭
સત્તાવનનો બળવો ૪૧૨


Gandhi Heritage Portal

સત્ય ૭૯, ૧૨૯, ૧૫૪, ૧૭૯, ૧૮૧, ૨૦૦, ૨૨૧, ૨૨૩, ૨૪૫ પા. ટી., ૨૪૯, ૩૦૩, ૩૧૫, ૩૩૩, ૩૭૬–૭, ૩૭૯, ૩૮૩–૭, ૩૯૫, ૪૦૩, ૪૦૭–૮, ૪૧૫–૭; ૦એ બ્રહ્મ છે ૨૪૯; ૦ધર્મ ૩૫૯; ૦પરાયણ ૩૯૧

સત્યમૂર્તિ, શ્રી ૯૬, ૧૭૦

સત્યાગ્રહ ૬૧, ૭૦, ૧૩૫, ૧૩૭, ૧૪૨, ૧૪૭, ૩૦૭, ૩૦૯–૧૧, ૩૪૫, ૩૬૮, ૩૮૩–૭, ૩૮૯, ૪૨૪–૫, ૪૨૮

સત્યાગ્રહ આશ્રમ ૨૧૮ પા. ટી., ૨૪૯, ૩૩૨–૪

સત્યાગ્રહી(ઓ) ૧૮, ૨૧, ૧૨૧–૨, ૧૨૪, ૧૭૨, ૧૮૯, ૨૪૫ પા. ટી., ૨૬૧, ૩૫૫, ૩૬૭, ૩૯૦, ૪૩૩

સપ્રુ, ડૉ. ૨૩૯ પા. ટી.

સભાબંધી ૩૫૦, ૩૭૮

સભ્યતા ૪૫

સભ્યબળ ૨૧૯

સમાચાર સંસ્થાઓ ૩૯૬

સમાજ સુધારા મંડળ ૪૫૦

સમાજસેવા ૧૫૧, ૩૪૭, ૩૮૦, ૪૪૦–૧

સરકાર ૧–૫, ૭, ૮, ૧૦, ૧૫, ૨૦, ૨૩–૫, ૩૦–૩, ૩૫–૬, ૪૦–૧, ૪૩, ૪૭–૮, ૫૩, ૫૫–૬, ૫૮, ૬૦, ૬૨–૩, ૬૬–૮, ૭૧, ૭૩–૪, ૭૬–૭, ૮૦, ૯૫, ૯૭–૯૯, ૧૧૨, ૧૧૬–૭, ૧૩૦, ૧૩૨, ૧૩૬, ૧૩૮, ૧૪૨, ૧૪૮–૯, ૧૫૭, ૧૬૩, ૧૬૫–૯, ૧૭૧–૨, ૧૭૪, ૧૭૭–૮૦, ૧૮૨–૪, ૧૮૭, ૧૯૧, ૧૯૬–૮, ૨૦૦, ૨૦૩, ૨૦૫, ૨૧૫, ૨૧૮, ૨૨૬, ૨૨૮, ૨૩૧, ૨૩૫–૭, ૨૩૯–૪૦, ૨૪૨, ૨૪૪, ૨૪૫ પા. ટી., ૨૫૦, ૨૫૨–૩, ૨૫૫–૭, ૨૬૦, ૨૬૬–૭, ૨૭૧–૨, ૨૭૯, ૨૯૩, ૩૦૦–૧, ૩૦૩, ૩૦૬–૭, ૩૦૯–૧૦, ૩૧૩–૪, ૩૧૬, ૩૧૮, ૩૨૦–૨, ૩૨૬, ૩૨૯–૩૦, ૩૩૪, ૩૩૬–૭, ૩૩૯, ૩૪૩ પા. ટી., ૩૫૦–૧, ૩૫૪, ૩૫૬, ૩૫૮ પા. ટી., ૩૬૩ પા. ટી., ૩૬૯–૭૩, ૩૭૫, ૩૭૮, ૩૮૦, ૩૮૮, ૩૯૨, ૩૯૭, ૩૯૯, ૪૦૧, ૪૦૫–૬, ૪૧૦, ૪૧૫, ૪૧૯–૨૧, ૪૨૩, ૪૨૫, ૪૩૦, ૪૩૪, ૪૩૬, ૪૩૮, ૪૪૧, ૪૪૪–૬, ૪૪૮–૯, ૪૫૨–૩, ૪૫૬, ૪૫૮

સરકારી ૦કમિટી ૪૨૩; ૦કર્મચારીનાં રાજીનામાં ૧૨; ૦કોલેજો ૪૩૮; ૦દમન ૧૮૩; ૦દમનનીતિ ૧૦૧; ૦તંત્ર ૩૧૭; ૦નિશાળો (શાળાઓ) ૩૩, ૫૬, ૧૭૩, ૩૪૯, ૪૪૦; ૦નોકરો ૧૧૧

સરમુખત્યારી ૪૩૪, ૪૪૯

સરહદ પ્રદેશ ગુનાનિયમન ૭૬

સરહદ પ્રાંત ૧૫૭

સર્વન્ટ ૪૦ પા. ટી., ૧૧૭, ૧૩૩, ૧૬૦, ૨૪૫ પા. ટી., ૪૨૧

સર્વ ધર્મો પ્રત્યે મૈત્રીભાવના ૩

સલામતુલ્લા, મૌલવી ૩૯ પા. ટી., ૫૦

સવિનયભંગ ૧૫, ૨૧, ૩૬, ૩૭ પા. ટી., ૪૫, ૫૦, ૫૫–૬, ૫૮, ૬૭, ૭૩, ૭૬, ૯૩, ૯૬, ૧૦૦, ૧૦૭, ૧૦૯, ૧૧૪, ૧૧૬, ૧૨૦, ૧૩૨, ૧૩૭, ૧૪૦, ૧૪૫, ૧૪૭–૮, ૧૫૨, ૧૫૫, ૧૬૪–૫, ૧૬૮, ૧૭૯–૮૦, ૧૮૨–૪, ૧૯૪–૫, ૧૯૮, ૨૦૦, ૨૦૮, ૨૧૬, ૨૧૮, ૨૨૦, ૨૨૮–૩૦, ૨૪૦, ૨૪૨–૪, ૨૪૮–૫૪, ૨૫૯, ૨૬૨, ૨૬૬, ૨૬૮–૭૦, ૨૯૮, ૩૦૧–૨, ૩૧૧–૪, ૩૧૭, ૩૧૯, ૩૨૬, ૩૨૮–૩૦, ૩૩૪–૫, ૩૩૮–૯, ૩૪૧, ૩૪૩, ૩૪૫, ૩૫૧, ૩૫૪–૫, ૩૫૮–૯, ૩૬૪, ૩૬૬, ૩૬૮–૯, ૩૭૫–૬, ૩૭૮–૮૦, ૩૮૩–૪, ૩૮૬–૮, ૩૯૨, ૩૯૮, ૪૦૩–૫, ૪૧૪, ૪૨૧–૨, ૪૨૪–૫, ૪૨૮, ૪૩૦, ૪૩૩, ૪૩૯, ૪૪૩, ૪૪૭, ૪૫૦, ૪૫૮

સસમલ, શ્રી ૫૧, ૩૯૭

સહકાર ૨૫, ૪૯, ૬૫, ૧૫૪, ૨૧૪, ૨૨૪, ૨૬૪, ૪૪૨, ૪૪૯, ૪૫૧, ૪૫૮; ૦રાષ્ટ્રવ્યાપી ૧૫૧; ૦વાદી(ઓ) ૧૬૨, ૪૦૩

સહકારી(ઓ) ૩, ૩૨, ૪૫–૬, ૬૬–૭, ૧૦૯, ૧૧૨, ૧૭૯, ૨૦૮, ૨૧૩, ૨૪૦, ૨૯૩, ૩૦૮, ૩૧૬, ૩૫૧, ૩૫૩, ૪૦૩, ૪૪૧, ૪૫૭

સહજાનંદ, સ્વામી ૪૨૭ પા. ટી.

સહરાનપુર ૩૧૯, ૩૯૨

સહાની, પ્રો. રુચિરામ ૫૯

સંખ્યાબળ ૪૫૧

સંઘશક્તિ ૪૭; ૦સ્વાતંત્ર્ય ૧૩૭, ૧૬૭–૮, ૧૯૮, ૩૧૧, ૩૧૩, ૩૩૬, ૪૫૦

સંતાનમ, મિસિસ ૧૧૫

સંતાનમ, શ્રી ૬, ૧૫૬, ૧૮૯, ૩૨૨

સંપૂર્ણ સાંસ્થાનિક દરજ્જો ૪૦૨

સંપ્રદાયવાદ ૨૪૬

સંયુક્ત કુટુંબપ્રથા ૧૫૧

સંયુક્ત પ્રાંત ૧૫, ૪૩, ૧૭૯, ૨૩૩, ૩૨૫, ૩૪૨

સંસ્થાનો ૨૯૯

સાકરબાઈ ૧૪૪–૫

સાધના આશ્રમ ૪૦૯

સાધુઓ ૭, ૨૫૬–૭

સાધુતા ૨૫૭


Gandhi Heritage Portal

સાબરમતી ૩૭, ૫૩, ૧૧૫ પા. ટી., ૧૪૬, ૩૬૫
સાબરમતી આશ્રમ ૧૪૬ પા. ટી., ૩૬૧ પા. ટી.
સાબરમતી જેલ ૨૧૮, ૩૩૫, ૩૭૦
સામાજિક ૦આત્મબળ ૧૪૨; ૦બહિષ્કાર ૧૪૨, ૨૩૪–૫, ૨૪૪
સામ્રાજ્ય ૧૩૪, ૩૮૫–૬; ૦પ્રકૃતિ ૧૫૫; ૦વાદ ૩૦૮, ૩૩૨; ૦શાહી ૯૬
સારડા, કુંવર ચાંદકરણ ૬૮, ૪૪૮
સાર્વત્રિક અરાજકતા ૧૩૭
સાલેમ ૪૦, ૫૨, ૩૩૯
સિનફીન ૨૧૦
સિમલા ૪૦૧
સિયાલકોટ ૨૨, ૫૦, ૬૬, ૨૦૫, ૩૭૪
સિયાસત ૩૦૧
સિરાજદીન, શ્રી ૫૯
સિલોન ૧૫૪
સિલ્ચર (સીલચર) ૨૧૯, ૨૨૬, ૪૦૯
સિહુલિયા ૨૦૪, ૪૨૦
સિંગાપુર ૧૫૪
સિંગારવેલુ, એમ. ૧૮૫ પા. ટી.
સિંધ ૭૩, ૧૫૭, ૨૦૮, ૨૧૮, ૨૪૯ પા. ટી., ૨૭૧ પા. ટી., ૩૬૧, ૪૦૭
સિંધ ઑબ્ઝર્વર ૩૭૦
સિંધ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૨૦૪, ૨૭૧ પા. ટી.
સિંહગઢ ૪૧૬
સી. આઈ. ડી. ૧૧૧
સીતા ૪૯, ૭૬, ૧૩૯
સીતામઢી ૧૬૯ પા. ટી., ૨૦૪
સીતારામૈયા, પટ્ટાભી ૩૭૩
સીરિયા ૧૯૬, ૨૦૦, ૪૪૨ પા. ટી.
સુદામા ૨૧૪, ૪૨૭
સુધારા ૧૬૬
સુધારેલો ફોજદારી કાયદો ૮૪, ૯૧ પા. ટી., ૧૬૧, ૧૬૯, ૧૮૩, ૩૧૪, ૩૧૬, ૩૩૭, ૩૬૬
સુનીતિદેવી ૧૭૦
સુબ્રહ્મણ્યમ, ડૉ. બી. ૧૬૦
સુરત ૩૨, ૧૪૬, ૧૭૩, ૨૩૫, ૨૫૫, ૨૭૧–૨, ૨૯૯, ૩૦૨–૩, ૩૫૫–૬, ૩૬૬–૭, ૩૭૪, ૩૮૮, ૪૨૨–૪
સુરતીઓ ૩૭૫
સુલતાનપુર ૨૪૪ પા. ટી.
સુલોચના ૨૫૨
સુવર્ણમંદિર ૧૯૦–૧, ૧૯૨
સુંદરમ્, વી. એ. ૧૧૯, ૨૭૩, ૨૭૭, ૨૯૭
સુંદરસિંગ, સાધુ ૩૩૧–૨
સૂતર ૩, ૨૯, ૭૪, ૮૦, ૧૧૭, ૧૨૦, ૧૨૮, ૧૪૪, ૧૫૨, ૧૭૯, ૨૬૩, ૨૬૮–૯, ૨૯૫–૬, ૩૫૪, ૩૫૮
સેતુબંધ રામેશ્વર ૩૦૦
સેન, ઊર્મિલાદેવી ૧૭૦
સેન, ગુણદાચંદ્ર ૧૧૪
સેન, પ્રસન્નકુમાર ૬૧, ૨૨૫–૬
સેન્ટ્રલ ખિલાફત સમિતિ ૩૬૦ પા. ટી., ૩૬૧
સેન્ટ્રલ હિંદુ કૉલેજ ૭૧
સેવર્સની સંધિ ૪૪૨
સેવા ૪૭, ૭૨–૩; ૦ધર્મ ૩૦૪; ૦બહિષ્કાર ૪૨૮
સૈનિક, ૬૧, ૧૪૯
સૈયદ, મહમૂદ ૩૬૧
સૈયદ, મોહિઉદ્દીન ૧૩૮
સૉક્રેટીસ ૨૨૫, ૩૮૯, ૪૫૦
સોધબંસ, સરદાર પ્રેમસિંગ ૬, ૭
સોનપુર ૧૩૩, ૩૧૫
સોમનાથનું મંદિર ૧૦૨
સૉંગ સિલેશિયલ ૩૯૩
સ્કૉટલૅન્ડ ૨૯૧
સ્ટૉક્સ ૨૭, ૨૦૯
સ્ટોરી ઑફ માય લાઇફ ૩૪૧ પા. ટી.
સ્ત્રી(ઓ) ૪૭, ૧૭૪–૬, ૨૨૮ પા. ટી., ૨૨૯; ૦દાક્ષિણ્ય ૪૪૫–૬; ૦વર્ગ ૨૪
સ્મર્ના ૨૦૦
સ્મિથ, બૉઝવર્થ ૨૪
સ્લેટર, ડૉ. ૮૦
સ્વતંત્ર ૨૨૯
સ્વદેશાભિમાન ૨૮
સ્વદેશી ૧૬, ૧૮, ૨૪, ૫૭ પા. ટી., ૭૧, ૮૮, ૯૯, ૧૧૩–૪, ૧૧૬, ૧૨૦, ૧૩૯, ૧૪૧–૨, ૧૫૧–૨, ૧૫૭, ૧૫૯–૬૦, ૧૭૧, ૧૯૯, ૨૦૯, ૨૧૬, ૨૧૯, ૨૫૩–૫, ૨૬૨, ૨૬૭–૮, ૨૯૩–૬, ૩૦૪–૫, ૩૫૭, ૩૮૧, ૩૮૫, ૩૮૮–૯, ૩૬૧, ૪૨૬, ૪૩૯; ૦ગણવેશ ૭૪; ૦ધર્મ ૨૯૫; ૦પ્રીતિ ૪૪; ૦વ્રત ૯૨, ૧૬૬
સ્વયંસેવક(કો) ૧, ૨, ૭, ૧૦, ૧૮, ૪૩–૪, ૫૭–૮, ૬૧, ૬૭–૯, ૭૨–૪, ૭૬–૭, ૮૭–૯૦, ૯૯, ૧૦૧, ૧૦૮, ૧૧૨, ૧૧૪–૭, ૧૨૮–૩૦, ૧૩૩, ૧૩૮, ૧૪૪, ૧૬૨, ૧૬૫, ૧૮૦ પા. ટી., ૧૮૪,

Gandhi Heritage Portal

૧૯૪, ૧૯૯, ૨૧૫–૬, ૨૧૯, ૨૨૨, ૨૨૭ પા. ટી., ૨૨૯, ૨૩૩–૫, ૨૫૧–૨, ૨૫૪, ૨૫૬, ૨૫૮, ૨૭૩, ૨૯૩, ૩૦૫, ૩૧૫, ૩૧૯, ૩૨૧, ૩૨૮, ૩૩૪, ૩૩૮–૯, ૩૪૧, ૩૪૫–૮, ૩૫૧, ૩૫૫–૭, ૩૭૨–૩, ૩૭૬, ૩૭૮, ૩૮૧, ૩૯૨, ૩૯૯, ૪૦૧, ૪૦૮, ૪૧૭–૮, ૪૨૨, ૪૨૭, ૪૨૯, ૪૩૨, ૪૩૬, ૪૪૬ પા. ટી., ૪૪૭, ૪૫૪

સ્વયંસેવકદળો ૫, ૬ પા. ટી., ૩૫ પા. ટી., ૩૬, ૫૫–૬, ૫૯, ૬૧, ૭૭, ૯૩, ૯૭–૮, ૧૧૩, ૧૧૮ પા. ટી., ૧૨૦, ૧૩૬, ૧૪૭, ૧૭૦, ૩૧૭, ૩૩૦, ૩૩૫, ૩૪૫, ૪૦૩–૪

સ્વયંસેવક મંડળ ૬૩, ૧૪૪, ૨૯૪, ૩૪૯

સ્વયંસેવક સમિતિ ૯૯

સ્વયંસેવક સૈન્યો ૯૮

સ્વયંસેવિકા(ઓ) ૧૩૮, ૧૭૪, ૧૭૬, ૪૨૯

સ્વરાજ–જ્ય ૩, ૮, ૧૦, ૧૩–૪, ૧૬, ૧૯–૨૨, ૨૫, ૨૭, ૪૧, ૪૩, ૪૭–૫૦, ૫૩, ૫૬, ૬૦, ૬૫, ૭૧, ૭૩–૪, ૭૬, ૮૫ પા. ટી., ૮૭–૯, ૯૫–૬, ૯૮–૧૦૦, ૧૦૨–૪, ૧૦૬–૮, ૧૧૨, ૧૧૬, ૧૨૧, ૧૨૬, ૧૩૦, ૧૩૪–૬, ૧૩૮–૯, ૧૪૧–૩, ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૧૫૧–૨, ૧૬૦, ૧૬૩, ૧૬૭–૮, ૧૭૩, ૧૭૫, ૧૭૭–૯, ૧૮૭, ૧૯૪–૫, ૧૯૭–૮, ૨૦૦–૧, ૨૦૭–૮, ૨૧૨–૪, ૨૧૬–૭, ૨૨૦, ૨૨૬–૭, ૨૩૭, ૨૪૦, ૨૪૩, ૨૪૫ પા. ટી., ૨૪૯–૫૦, ૨૫૪–૮, ૨૬૦, ૨૬૨–૩, ૨૬૫, ૨૭૧–૨, ૨૮૯–૯૨, ૨૯૪, ૩૦૦, ૩૦૫–૬, ૩૦૯–૧૦, ૩૧૭, ૩૧૯–૨૦, ૩૨૯, ૩૩૭, ૩૩૯, ૩૪૬–૯, ૩૫૫, ૩૫૭–૯, ૩૬૩ પા. ટી., ૩૬૬–૯, ૩૭૦, ૩૭૧, ૩૭૩, ૩૭૬, ૩૭૮, ૩૮૦–૧, ૩૮૩, ૪૦૨, ૪૦૮, ૪૧૨, ૪૧૯, ૪૨૨–૩, ૪૨૫, ૪૩૪, ૪૩૬, ૪૩૮–૪૧, ૪૪૪, ૪૫૦, ૪૫૨; ૦આશ્રમ ૨૧૯, ૨૨૬; ૦તંત્ર ૨૯૮; ૦ધ્વજે ૫૯; –ની પાર્લમેન્ટ ૪૫૦; –ની પ્રાણપ્રતિષ્ઠા ૧૫; –ની યોજના ૨૦૧–૨; ૦યજ્ઞ ૯૨, ૧૪૬; ૦રૂપી પ્રાણવાયુ ૧૫; ૦વાદી ૮૭, ૧૭૫, ૧૭૮, ૩૪૯, ૩૭૬; ૦સંપૂર્ણ સાંસ્થાનિક ૧૮૪–૫, ૨૦૦; ૦સેના ૬૮; ૦હિંદુસ્તાનનો જન્મસિદ્ધ હક ૨૯૨

સ્વરાજ્ય ૬૩, ૧૧૭, ૧૨૦, ૨૨૧, ૨૫૯ પા. ટી., ૩૦૧, ૩૩૮, ૩૪૦

સ્વામીનારાયણ (સહજાનંદ સ્વામી) ૪૨૭

હક, મઝહરુલ ૩૦૧

હકીમ, અજમલખાન ૭૪, ૮૭, ૯૩, ૯૫–૬, ૯૮, ૧૨૭, ૧૪૦, ૩૦૨, ૩૪૫, ૩૯૨

હજારા ૭૬

હડતાળ ૧, ૨, ૨૫, ૩૯ પા. ટી., ૫૩–૫, ૫૯, ૭૮, ૯૭, ૧૦૬, ૧૩૨–૩, ૧૪૨, ૧૫૬, ૧૮૪, ૧૯૪, ૧૯૯, ૨૦૩, ૨૦૬–૭, ૨૧૬, ૨૨૦, ૨૩૧, ૨૩૭–૮, ૩૧૪, ૩૩૮, ૩૪૪

હનુમંતરાવ, કે. ૩૭૩–૪

હનુમંતરાવ, પી. વી. ૩૩૦

હબીબખાન ૭૬, ૩૦૧

हमदम ૩૨૭

હરકિશનલાલ, લાલા ૩૯૧

હરદોઈ ૨૦૭

હસન મહમદ, મૌલાના ૩૭૦

હસ્તલિખિત છાપાં ૪૦૫

હાથકાંતણ ૨૯, ૬૯, ૧૫૧, ૨૯૧, ૩૪૬, ૩૭૮; ૦અને હાથવણાટ ૧૫, ૮૦

હાથવણાટ ૩૪૬

હાથસાળ ૨૬૨, ૩૬૩, ૩૬૫, ૩૭૮

હાદી હસન ૪૧૯ પા. ટી.

હાવરા ૭૭

હિજરત ૨૬૪

હિમાલય ૧૧, ૫૦, ૨૨૫, ૩૭૫, ૪૪૮

હિસ્સાર ૩૨૮

હિંદ ૧૬, ૨૦, ૬૯, ૧૩૫, ૧૩૮, ૧૬૦, ૧૮૫, ૧૯૨, ૧૯૭, ૨૧૭, ૨૪૧, ૨૫૦, ૨૬૪, ૨૯૧–૨, ૩૧૫, ૩૨૨, ૩૬૨, ૩૯૧, ૩૯૬, ૪૦૪, ૪૦૭ પા. ટી., ૪૧૧–૨, ૪૪૫; –નો આધુનિક ઇતિહાસ ૧૮૯; ૦રૂપી મહાન મંદિર ૬૦; ૦સરકાર ૧૦૦, ૧૩૪

હિંદનું બુલબુલ ૪૪૫ પા. ટી.

હિંદમાતા ૨૮

હિંદ સેવક સમાજ ૩૭ પા. ટી., ૩૫૩ પા. ટી., ૩૯૮

હિંદી(ઓ) ૨૮, ૧૨૪, ૧૫૯, ૨૨૪, ૨૨૬, ૨૩૯, ૨૪૬, ૨૫૮, ૨૬૩, ૨૯૫, ૨૯૯, ૩૦૯, ૩૧૧, ૩૨૨–૫, ૩૨૭, ૩૩૭–૮, ૩૪૭, ૩૬૭, ૩૯૦, ૪૦૦, ૪૪૧; ૦ખ્રિસ્તીઓ ૨૭–૮; ૦પોલીસ અધિકારીઓ ૭૩; ૦પ્રજા ૪૧–૨, ૧૩૫, ૨૩૩; ૦પ્રધાન ૪૨૨; ૦રાષ્ટ્રવાદીઓ ૨૮; ૦વાતાવરણ ૪૨; ૦સૈનિક ૧૯૭

હિંદી ફોજદારી ધારો ૬, ૬૨, ૧૨૬, ૪૫૪

Gandhi Heritage Portal

હિંદી (ભાષા) ૩૩૨ પા. ટી.
હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસ (મહાસભા) ૧ પા. ટી., ૧૨ પા. ટી., ૩૬ પા. ટી., ૬૩ પા. ટી., ૭૧ પા. ટી., ૭૩ પા. ટી., ૭૪ પા. ટી., ૯૪, ૧૦૦ પા. ટી., ૧૦૨ પા. ટી., ૧૦૩ પા. ટી., ૧૦૪ પા. ટી., ૧૯૯ પા. ટી.
હિંદી સાહિત્ય સંમેલન ૬૩ પા. ટી.
હિંદુ(ઓ) ૩, ૧૦, ૧૪ પા. ટી., ૧૬, ૨૭–૮, ૪૩, ૯૯, ૧૦૨–૩, ૧૦૫, ૧૦૯, ૧૩૫, ૧૩૪–૫, ૧૫૦ પા. ટી., ૧૫૯–૬૦, ૧૭૬, ૧૭૯, ૧૮૬–૭, ૧૯૯, ૨૧૩, ૨૩૮, ૨૪૩, ૨૪૫–૮, ૨૫૧–૨, ૨૬૧, ૨૬૩, ૨૬૯, ૩૨૬, ૩૪૯, ૩૫૩, ૩૭૨, ૩૭૮, ૪૩૬–૪૦; ૦ધર્મ ૧૩૧, ૧૬૭, ૨૦૦, ૨૬૧, ૩૪૮; ૦મુસલમાન ૨૭, ૧૩૮, ૧૪૦–૨, ૧૭૨, ૧૭૯–૮૦, ૧૮૭, ૨૧૨, ૨૧૬, ૨૬૩, ૨૭૨, ૨૯૫, ૩૪૯, ૩૮૫; ૦એકતા ૮૮, ૧૦૪–૫, ૧૨૮, ૧૩૧, ૧૪૦, ૧૮૭, ૨૪૫ પા. ટી., ૨૪૬–૭, ૨૬૪, ૩૫૩, ૪૩૬, ૪૪૧; ૦મિત્રતા ૧૮૭, ૨૧૩, ૨૩૬, ૨૬૩, ૩૩૧
હિન્દુ ૧૯૫ પા. ટી., ૨૦૪, ૨૧૧ પા. ટી., ૩૩૨ પા. ટી., ૪૫૫–૬
હિંદુ–મુસ્લિમ–પારસી–ખ્રિસ્તી એકતા ૨૬૮, ૩૨૯
હિંદુ શાસ્ત્રો ૨૬૬
હિંદુસ્તાન ૧ પા. ટી., ૩, ૪, ૬ પા. ટી., ૮, ૧૩, ૧૫, ૧૭, ૨૨–૪, ૩૬ પા. ટી., ૪૨, ૪૬–૭, ૪૯–૫૧, ૫૪, ૬૦, ૬૨, ૬૩ પા. ટી., ૬૪, ૬૮, ૭૦, ૭૨, ૭૩ પા. ટી., ૭૪, ૭૬–૭, ૮૫–૯, ૯૨, ૯૪, ૯૬, ૯૯, ૧૦૧–૩, ૧૦૫–૬, ૧૦૯, ૧૧૭, ૧૨૦, ૧૨૭, ૧૨૯–૩૦, ૧૩૪–૫, ૧૩૮–૯, ૧૪૨–૩, ૧૪૫, ૧૪૬ પા. ટી., ૧૫૦–૩, ૧૫૫, ૧૬૦, ૧૬૪–૫, ૧૬૭–૮, ૨૧૨–૩, ૨૧૯, ૨૨૪, ૨૩૦, ૨૩૨, ૨૩૫, ૨૩૭, ૨૩૯, ૨૪૨–૩, ૨૪૯, ૨૫૩, ૨૫૫–૭, ૨૬૨–૯, ૨૭૧, ૨૮૯–૯૧, ૨૯૬, ૩૦૪–૬, ૩૦૮–૧૦, ૩૧૪, ૩૧૬–૯, ૩૨૫, ૩૨૭, ૩૨૯–૩૧, ૩૩૫–૭, ૩૪૦, ૩૪૩, ૩૫૨–૩, ૩૫૭–૯, ૩૬૧–૩, ૩૬૫–૮, ૩૭૫–૭, ૩૮૦, ૩૮૪–૭, ૩૯૧, ૩૯૫–૬, ૪૦૭–૮, ૪૧૧–૫, ૪૧૭, ૪૨૦, ૪૩૨, ૪૩૪, ૪૩૭–૪૩, ૪૪૫–૬, ૪૫૪; –નો ઇતિહાસ ૧૫૬, ૧૮૯
હિંદુસ્તાન ૨૪૧
હિંદુસ્તાનની બંધારણ સભા ૩૫ પા. ટી.
હિંદુસ્તાની ૧૭૭, ૩૪૯
હિંદુસ્તાની (ભાષા) ૯૮
હિંસક ૦બળો ૨૦૭; ૦યુદ્ધ ૨૪૧
હિંસા ૬ પા. ટી., ૧૮, ૫૬, ૬૦, ૬૪, ૬૬, ૬૮, ૭૧–૪, ૯૩, ૯૫–૭, ૧૦૬, ૧૧૨, ૧૧૬, ૧૩૫–૭, ૧૪૮, ૧૫૩, ૧૬૫–૬, ૧૬૬, પા. ટી., ૧૯૭, ૧૯૯, ૨૦૩, ૨૦૭–૮, ૨૩૪–૫, ૨૩૭–૮, ૨૪૦, ૨૪૨, ૨૬૦, ૨૯૧, ૩૧૦–૧, ૩૧૬, ૩૨૭, ૩૩૦, ૩૩૭–૪૦, ૩૬૬–૮, ૩૭૨, ૩૭૪, ૩૭૮, ૩૮૧, ૩૮૫, ૩૯૨, ૪૦૩–૫, ૪૦૭–૮, ૪૧૫–૬, ૪૩૧, ૪૩૭–૯, ૪૪૧–૨, ૪૪૭–૫૨, ૪૫૮
હૃષીકેશ ૨૨૫
હેટર, મિ. ૬૨
હૅન્ડબુક ૨૯૬ પા. ટી.
હેમિલ્ટન, સર ડૅનિયલ ૩૬૨
હૈદરાબાદ (સિંધ) ૩૯ પા. ટી., ૨૦૮, ૩૬૧
હૈદરાબાદ સેન્ટ્રલ જેલ ૨૦૪, ૪૫૫
હૉજ, મિ. ૩૬૨
હોમ રૂલ લીગ ૩૭ પા. ટી.
હોલ બજાર ૭૧
હ્યુમ, મિ. ૧૬૦

Gandhi Heritage Portal

# શુદ્ધિપત્ર

| પાન | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૭૭ | ૧૫ | શૂદ્રમાં શૂદ્ર | ક્ષુદ્રમાં ક્ષુદ્ર |
| ૪૪૮ | ૧૩ | માર્ગે | માર્ચે |

ગ્રંથાલય.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
૧૫૬-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal